કેળવણી

પુસ્તક ૧૦ મું

પ્રસિદ્ધકર્તા

મોહનલાલ નરભેરામ ભટ્ટ.

વડોદરા.

"શ્રીકૃષ્ણમુદ્રાલય"

સંવત્ ૧૯૫૮.

સને ૧૯૦૧–૦૨.

કિંમત રૂ. ૧) ટપાલખરચ જુદું.

D-2012

મુંબાઇના હાલના ગવર્નરે તેવા કૉન્ફરન્સો ભરવા ખાસ હુકમ કર્યો હતો, જેને પરિણામે ગયા વર્ષમાં તેવાં કૉન્ફરન્સો પ્રાંતિક જીલ્લાઓમાં ભરાયા હતા. ગુજરાતમાં એની પહેલ રેવાકાંઠામાંથી થઇ હતી, અને તે પછી પંચમહાલ વગેરે ઠેકાણે એવા મેહેતાજીઓના મેળાવડા ભરા હતા. આપણા રાજ્યમાં પણ કડી, નવસારી, વડોદરા, વગેરે ઠેકાણે એવા મેળાવડા થયા હતા, જેમાં કેળવણી ખાતાના વિદ્વાન અધિકારીઓએ અમુલ્ય મદદ કરી હતી. આ મેળાવડાઓમાં વિશેષ જાણવા જેવો પેટલાદનો ઓમબાજ હતો, જેના વિષે અમે ગયા વર્ષમાં કેટલીક હકીકત આપી છે. અમદાવાદનો મેળાવડો હમણાંજ પસાર થઇ ગયો છે.

પાશ્ચાત્ય વિદ્વાનોની અગ્રભાષણો પ્રમાણે નાનાં બાળકને રમત ગમ્મતની સાથે શિક્ષણ આપવા માટે ગયા વર્ષના કિંડરગાર્ટનની પદ્ધતિ દાખલ કરવામાં આવી છે, જેનાં સારાં ફળ આપણે આગળ ઉપર જોઇશું.

કેળવણીસંબંધે ગયા વર્ષના આ સુખદાયક બનાવોના સ્મરણની સાથે આ કેળવણી ચોપાનિયાના માજી પ્રસિદ્ધકર્તા શાસ્ત્રી નાગેશકર પૂજારાકરનું મરણ માત્ર દુઃખ ઉત્પન્ન કરે છે, પણ એ વિષે દિલગીર થવા સિવાય બીજો કાંઇ આપણો ઇલાજ નથી. તેમણે જેવા ઉત્સાહથી આ ચોપાનિયું પ્રસિદ્ધ કરવાનો આરંભ કર્યો હતો, તેવોજ ઉત્સાહ તેમની પાછળ અમો તેના મિત્રો રાખીને કેળવણી ચોપાનિયાને ખરેખરૂં ઉપયોગી કરીશું, તોજ મૂળ પ્રસિદ્ધકર્તાનો હેતુ સફળ થશે, એમ માની આ નવીન વર્ષથી કેળવણીના લેખને કાંઇ વિશેષ સ્વરૂપ આપવા અમારી ધારણા છે. સર્વ જાણે છે કે કેળવણી આપવાના કામમાં મુખ્ય ત્રણ બાબતોની આવશ્યકતા છે; એક તો શિક્ષણકળા અથવા શિક્ષણસંબંધી શાસ્ત્રીય જ્ઞાન, બીજું —શિક્ષણ ક્રિયા અથવા Practical Teaching, અને ત્રીજું—શીખવવાના વિષયોનું જ્ઞાન બનતાં સુધી આ ત્રણે વિષયોની વિભાગશઃ અમે આ નવા વર્ષમાં ચર્ચા કરીશું.

છેવટે અમારી જગન્નિયંતાને એજ પ્રાર્થના છે કે તે આ નવીન વર્ષમાં અમારા વાચકવર્ગને તન મન અને ધનથી આબાદ કરી સુખી રાખે. તથાસ્તુ

દર્શન.

અમદાવાદમાં મળેલું કેળવણી કૉન્ફરન્સ—કેળવણી ખાતાને લગતી જે કૉન્ફરન્સો ભરવાની સરકારે ગોઠવણ કરી છે તેવું એક કૉન્ફરન્સ ગયા બુધવારને દિવસે અમદાવાદમાં કેળવણી ખાતાના કામ ચલાઉ ડિરેક્ટર મી. લાઇબિસના પ્રમુખપણા હેઠળ મળ્યું હતું. કેળવણીખાતાના જોડે સંબંધ ધરાવનારા કેટલાક ગૃહસ્થો ઉપરાંત અમદાવાદના કેળવણીમાં ભાગ લેનારા ઘણાક સદસ્યો મળી ૭૦ આસામીઓ હાજર હતા. પ્રમુખે કામની શરૂઆત કૉન્ફરન્સનો હેતુ સમજાવીને કરતાં જણાવ્યું, કે કેળવણી ખાતાની બાહેરના સદસ્યો ખાતાનું કામ કેમ ચાલે છે, તે વિષે શું વિચાર ધરાવે છે, તે કેળવણી ખાતાએ જાણવું એ કૉન્ફરન્સનો મૂળ હેતુ છે તેણે જણાવ્યું કે, આ કૉન્ફરન્સો મળ્યા પછી કેળવણી ખાતાના ઇન્સપેક્ટરોનું એક કૉન્ફરન્સ મળશે અને પછી જો જરૂર જણાશે તો દરેક વિષ-

યોના ખાસ અભ્યાસીઓની કમિટિ કરવામાં આવશે. આનરેબલ મી. સેતલવાડે પ્રાથમિક કેળવણી બાબતનો પોતાનો વિષય વાંચ્યો હતો, જેમાં ગુજરાતી ધોરણો, ગુજરાતી વાંચનપાઠમાળા, ગુજરાતી જોડણી, પરીક્ષા લેવાની રીતિ તથા જુદા જુદા વિષયો શીખવવાની પદ્ધતિ, એ સર્વમાં ખામીઓ દેખાડી તે સુધારવા સૂચવ્યું હતું. આ વિષય ઉપર તકરાર ચાલતાં એવું બતાવવામાં આવ્યું કે જે ધોરણો હાલ છે તે વિચાર કરીને થોડાજ વરસ ઉપર સુધારવામાં આવ્યાં છે. ગુજરાતી વાંચન પાઠમાળા જો કોઇ ધણી કે મંડળી સુધારીને નવી છપાવે તો ખાતા તરફથી તેને ઉત્તેજન આપવામાં આવશે, એમ પ્રમુખે જણાવ્યું હતું. બાદ ડા. નીલકંઠરાય તથા બેનજામીનનો લખેલો નિબંધ વાંચી સંભળાવામાં આવ્યા. નિશાળમાં મકાનો અને તેમની સુખશાન્તિ વિષે તેઓએ તેમાં અચ્છું વિવેચન કર્યું હતું. ત્રીજો એક નિબંધ ભારૂચના મીશનરી રેવરંડ મી. બ્લેરે વાંચ્યો હતો, જેમાં તેણે શરૂઆતની નિશાળોમાં ખેતીવાડીની કેળવણી સાથે બાગબગ શીખવાડવાની જરૂરીઆત બતાવી હતી. પ્રમુખે આ બાબત તકરાર ચલાવવાની ના પાડી હતી. સુરતવાળા મોલવી અબદુલ કાદરે શરૂઆતની કેળવણી ઉપર વિવેચન કરતાં મુસલમાનોને ખાસ સવલતા આપવાની જરૂર બતાવી હતી. આ બાબત ચાલેલી તકરારનું છેવટ એવું આવ્યું કે કેળવણી ખાતું અને સરકાર તો બનતી સગવડ કરી આપે છે પણ મુસલમાનો પોતેજ તેનો લાભ લેતા નથી. રેવરંડ મી. ટેલરે ગણિત શીખવવાની પદ્ધતિ ઉપર નિબંધ વાંચ્યો હતો, સઘળાઓ તેમાં બતાવેલી ખામી બાબત એક મત થયા હતા.

દક્ષિણમાં શિક્ષકોનું કૉન્ફરન્સ—દક્ષિણમાં પણ કેળવણીનું એક કૉન્ફરન્સ ભરાવ્યું હતું. તેમાં મુંબાઇના નામદાર ગવર્નર સાન્ડ્હર્સ્ટ તથા મેહેરબાન ડાયરેકટર સાહેબ પ્રથમના બે દિવસ હાજર હતા. તે સિવાય પ્રો. મેકગિલન, પ્રો. શાર્પ, ડા. ટામસન, બીજા કેટલાક યુરોપિયન અને ચાર પાંચ મિશનરીઓ પણ હાજર હતા. સભાનું અધ્યક્ષસ્થાન નામદાર કર્કહામ સાહેબે શોભાવ્યું હતું. સભા ભરાયાનું કારણ જણાવતાં નામદાર લાડિયાએ એક અસરકારક ભાષણ કર્યું હતું. જેની અસર છેવટ પર્યંત રહી હતી. ડા. ભાંડારકર, પ્રો. ગોખલે, નામદાર તિલક વગેરેનાં ભાષણો પણ છટાદાર હતાં. પ્રાથમિક શિક્ષણ કેવું છે ને કેવું જોઇએ તે વિષે રા. રા. ધારપુરે, રા. રા. યત્તે, મિસ મેરી સોરાબજી અને પ્રો. વિ. ગં. ભાનુ, એમણે ભાષણ કર્યાં હતાં. રા. ગણેશ વ્યંકટેશ જોશી, એમણે પ્રાથમિક શાળાઓની સદ્યઃ સ્થિતિ વિષે, તથા દેશી શાળાઓનાં ધોરણો વિષે રા. વ્યંકટેશ આ. સોહની, એમણે ભાષણ કર્યાં હતાં. અને તેજ પ્રમાણે પ્રાથમિક શાળાઓનું ભૂગોળ શિક્ષણ, ધંધાનું શિક્ષણ, હસ્તકળા શિક્ષણ, અંગ્રેજી શાળાનાં ધોરણો, આરંભમાં અંગ્રેજી શિક્ષણ, શાળામાં ચાલનારાં પુસ્તકો, મુસલમાનનું શિક્ષણ, વગેરે વિષયોપર રા. બી. આર. માંજગાંવકર વગેરે જુદા જુદા ગૃહસ્થોએ ભાષણો આપ્યાં હતાં.

પરદેશ.

ગયા જુલાઇની તા. ૨૮ થી તા. ૩૦ મી સુધી લીવાર્ડનમાં હોલાંડના શિક્ષકોની કૉનગ્રેસ ભરાઇ હતી, તેમાં ત્યાંના સ્થાનિક શિક્ષકો સેંકડે ૯૮ હાજર હતા, અને બેલજી-

યમ, ઇંગ્લાંડ અને ડચ ઇન્ડીઝમાંથી પ્રતિનિધિઓ આવ્યા હતા તેમાં જે બાબતો ચરચવામાં આવી હતી, તેમાં એક એવી પણ હતી કે, નિશાળના છોકરા નિશાળની બહાર ગેરવર્તણુક ચલાવે, તો તે બાબતમાં પોલીસની મદદ લેવી કે કેમ? કૉન્ગ્રેસે તે બાબતમાં ઠરાવ કર્યો કે, એવી બાબતોમાં તપાસ કરવાને તથા છોકરાની ગેરવર્તણુકના બદલામાં તપાસ કરી શાસન કરવાને પોલિસ કરતાં શિક્ષકજ યોગ્ય છે, માટે તેવે પ્રસંગે તાબડતોબ શિક્ષકને ખબર આપવી.

શિક્ષકે છોકરાંને અંગશિક્ષા કરવાના સંબંધમાં પ્રશિયામાં નિયમ ઠરાવી એક ઓફિશિયલ ઠરાવ બહાર પાડવામાં આવ્યો છે. તેનો સાર એવો છે કે, પોતાના વર્ગના કે બીજાના વર્ગના નિશાળિયાને અંગશિક્ષા કરવાને શિક્ષકને અધિકાર આપવામાં આવે છે. નિશાળિયાની નિશાળની અંદરની તેમ નિશાળની બહારની વર્તણુક પણ તેની નીતિની કેળવણીને લગતી છે, માટે શિક્ષક જેમ નિશાળિયાને નિશાળમાં સજા કરી શકે તેમ નિશાળની બહાર પણ સજા કરી શકે. માત્ર તે સજાથી છોકરાની જીંદગીને જોખમ પહોંચવું જોઇએ નહિ

---

* શિક્ષકોને મળતા પગારના સંબંધમાં પ્રશિયાનું એક પત્ર એક અસરકારક દાખલો આપી જણાવે છે કે, પૂર્વ પ્રશિયાનો એક શિક્ષક ૨૬ વરસની ઉમ્મરનો છે શિક્ષકને લાયક થતાં પહેલાં તેને ૭ વર્ષ કાઢવાં પડ્યાં હતાં અને એટલા વખતમાં તેને ૭૫ પૌંડ ખરચ થયો હતો. એક બીજો પોસ્ટમેન ૧૯ વરસની ઉમ્મરનો છે તે પોતાની નોકરી મેળવતાં પહેલાં મજુરનું કામ કરતો હતો, અને એટલા વખતમાં તેણે કેટલાક પૈસા એકઠા કર્યા હતા. તે બન્નેને હમણાં દર મહિને ૪૫ માર્ક જેટલો (સરખો) પગાર મળે છે! આવાજ બનાવ સેંકડો બને છે, કેમકે ઘણુંખરા શિક્ષકોને દર વરસે ૨૭ થી ૨૨ પૌંડ સુધી સાલિયાણું મળે છે

થોડા પગારમાં સારીરીતે પોસાયેલા શિક્ષકો શી રીતે મળી શકે? એ સવાલનું નિરાકરણ બોહિમીયા પ્રાંતના એક ડિસ્ટ્રીક્ટ કાઉન્સીલરે આ રીતે કર્યું છે તે કહે છે કે "જેમનું પોષણ સારી રીતે ન થતું હોય તેવા તમામ શિક્ષકોને રજા આપી દેવી!" તેના પ્રાંતના એક શિક્ષકને એક પત્ર લખી તેણે જણાવ્યું કે "તે શિક્ષકનું પોષણ જોઇએ તેવી રીતે તેના કુટુંબ તરફથી થતું નથી, એવી વાત ગામ લોકો તરફથી તેના સાંભળવામાં આવી છે જો તે થોડા વખતમાં પોતાના કુટુંબ તરફથી પોતાનું સારી રીતે પોષણ થાય એવો બંદોબસ્ત કરી ખાતરી નહિ કરી આપે તો તેને ખાતામાંથી કમી કર્યા સિવાય બીજો ઇલાજ નથી." હવે એ વાત તો ખરી છે કે તેનું કુટુંબ બેરોણુ છે. પણ તેની સાથે તે સુખથી રહે છે તેનો પગાર ઘણો ટુંકો હોવાથી માથા દીઠ પોષણને માટે થોડા પૈસા કામ આવે, એ વાત પણ ખરી છે વળી તે માંદગીમાંથી થોડા વખતથીજ સાજો થયો છે, તેથી શરીરે કૃશ અને અશક્ત દેખાય છે. પણ લોકોને કમી ખો-

રાકી પોશાકીવાળો શિક્ષકો જોઇતા નથી. હવે એ કહેવાની અગત્ય .... પ્રશ્ન ઉઠાવનારના ને તેનું નિરાકરણ કરનારના ડાહપણથી તે શિક્ષક તો બિચારો ખરેખરી પીડામાંજ ફસાયો છે, અને તેણે કરેલી અરજીનો સંતોષકારક પ્રત્યુત્તર મળવાની તે રાહ જુએ છે.

जर्मननी केळवणी.

આપણા દેશમાં તેમ બીજા સુધરેલા દેશોમાં પણ આજ કાલ કેળવણી આપવાની પદ્ધતિ સ્થિર થએલી નથી. કેળવણીના સંબંધમાં જૂના વખતના વહેમો અને રિવાજો આપણે છોડી દેતા આવ્યાછીએ. ગોખણપટ્ટીનું કામ ઓછું કરવા લાગ્યાછીએ; અને તેને ઠેકાણે કેળવણી સંબંધી નવી નવી કલ્પનાઓ અને તર્ક આપણે કરવા લાગ્યા છીએ. ખરું જોતાં એ બાબતમાં આપણે પશ્ચિમના દેશોને અનુસરીએ છીએ. કેળવણી આપવાની કળામાં તે દેશમાં જે જે સુધારા થાયછે, અને જે જે પદ્ધતિઓ અજમાવી જોવામાં આવેછે, તેનો સારો અભ્યાસ કરીને આપણા દેશમાં પણ આપણે તે દાખલ કરવાનો યત્ન કરીએ છીએ. યૂરોપખંડમાં અને વિશેષે કરીને ઇંગ્લાંડ, ફ્રાન્સ, જર્મની, આસ્ટ્રિઆ વગેરે દેશોમાં કેળવણીની સ્થિતિમાં વીજળીના જેવી ગતિથી ફેરફાર થયા કરેછે, અને તેને પરિણામે નવી નવી પદ્ધતિઓ ઉત્પન્ન થાયછે.

એક મુસાફર જેણે જર્મની તથા આસ્ટ્રિયામાં મુસાફરી કરીને તે દેશની કેળવણીની સ્થિતિ જોઇછે, તે લખેછે કે આપણે કેળવણી આપવાની જૂની પદ્ધતિને આજ સુધી વિશ્વાસથી વળગી રહ્યા હતા, પણ હમણા આપણે તે વિષે વિચાર ચલાવીએ છીએ, અજમાશો કરીએ છીએ, અને કંઇ નવું અજવાળુ પાડવાનો શોધ કરીએ છીએ. આવે વખતે આપણે બીજા દેશોમાં મુસાફરી કરીને ત્યાંની કેળવણીની પદ્ધતિ જોવી જોઇએ, અને કેળવણીના કામમાં તેમને શી શી હરકતો આવેછે, તથા તેઓ શી રીતે દૂર કરેછે, તે જાણવું જોઇએ મારા મનમાં આવો વિચાર આવવાથી એપ્રિલ મહીનાની આખરમાં યૂરોપની નિશાળો જોવાના હેતુથી હું નીકળ્યો. એમ કરવામાં મારો હેતુ એ હતો કે તેમના ઉદ્દેશ અને હેતુ સમજવા. આ બાબતમાં સ્વાભાવિક રીતે જર્મની તરફ મારું લક્ષ પ્રથમ ખેંચાયું તેથી હું ગોટિંગનમાં ગયો. ત્યાં મુખ્યત્વે કરીને સ્ત્રી અભ્યાસીઓની પાઠશાળામાં કાંઇક વિશેષ જોવામાં આવ્યું. ત્યાંથી પછી હું આઇઝેનાક તરફ જવાને નિકળ્યો. કેમકે આ નાના કસ્બામાં હરબારશન પદ્ધતિથી કેળવણી આપવામાં આવતી હતી, અને ત્યાંની નિશાળો ડિરેક્ટર એકરમાનની દેખરેખ નીચે ચાલતી હતી.

હરબારશન પદ્ધતિ કેવી છે, તથા તેના મુખ્ય સિદ્ધાંત શા છે, એ વિષે આ જગોએ હું કંઈ કહેવા ઇચ્છતો નથી; માત્ર હરબારશન સિદ્ધાંતો માન્ય રાખીને જે નિશાળો ચલાવવામાં આવે છે, તેની કંઇ હકીકત હું કહેવા ઇચ્છું છું. આઇઝેનાકમાં મેં ત્રણ અઠવાડીઆં ગાળ્યાં હતાં, અને તેટલા અરસામાં એક સ્ત્રીશિક્ષણપદ્ધતિશાળા તથા એક શિક્ષણાનુભવશાળા મેં જોઈ હતી. આ બીજી શાળામાં હરબર્ટની પદ્ધતિથી

...છું. આ બન્ને શાળાઓના પ્રિન્સિપાલ ડિરેક્ટર એકરમાન હતા. એકરમાને ફરબેલના વિષે તથા તેની પદ્ધતિ વિષે કેટલાક પુસ્તકો લખ્યા છે. ૧૮૯૪ ના મે મહિનામાં તે નિશાળમાં ૨૪૧ છોકરા હતા અને શિક્ષયિત્રીશાળામાં ૩૧ વિદ્યાર્થિનીઓ હતી. આ શાળાના નવ વર્ગ કર્યા છે. નવમા વર્ગમા છથી સાત વર્ષની અને પહેલા વર્ગમા ૧૫ થી ૧૬ વર્ષની ઉમરની છોકરીઓ અભ્યાસ કરતી હતી. દરેક ક્લાસમાં ચાલતા વિષયો તથા તેના કલાક નીચે આપ્યા છે.—

વર્ગ	ધર્મ	ઇતિહાસ	જર્મનભાષા	ગણિત	ફ્રેંચ	સ્થળજ્ઞાન *	ભૂગોળ	સ્વાભાવિક ઇતિહાસ	પદાર્થવિજ્ઞાન	અંકગણિત	લખવું	ચિત્ર	ગાયન	સૂચીકર્મ	કસરત	દર અઠવાડિયે કુલ કલાક
૧	૨	૨	૪	૫	૪	૦	૧	૧	૨	૨	૦	૨	૨	૨	૦	૨૫
૨	૩	૨	૪	૪	૩	૦	૨	૨	૧	૨	૦	૨	૨	૨	૨	૩૧
૩	૨	૧	૪	૪	૩	૦	૨	૨	૦	૩	૦	૨	૨	૨	૨	૩૦
૪	૨	૨	૪	૪	૦	૦	૨	૨	૦	૩	૨	૨	૨	૨	૨	૨૯
૫	૨	૨	૪	૪	૦	૦	૨	૨	૦	૩	૨	૨	૨	૨	૨	૨૯
૬	૨	૨	૪	૪	૦	૦	૨	૨	૦	૩	૨	૨	૨	૨	૨	૨૯
૭	૨	૧	૬	૬	૦	૦	૨	૦	૦	૦	૪	૨	૦	૨	૨	૨૪
૮	૨	૨	૬	૦	૦	૨	૦	૦	૦	૪	૨	૦	૧	૨	૦	૨૧
૯	૦	૨	૫	૦	૦	૦	૦	૦	૦	૨	૩	૦	૧	૦	૦	૧૬

ઉપરના કોષ્ટકથી માલમ પડશે કે વર્ગના પ્રમાણમાં છોકરાની હાજરીના કલાક ઓછા વત્તા છે નીચલી ક્લાસની છોકરી ઉપલી ક્લાસના છોકરા કરતા નિશાળમાં થોડા કલાક કાઢે છે. નીચલા ત્રણ ક્લાસોમાં ફ્રેન્ચ, ભૂગોળ, સ્વાભાવિક ઇતિહાસ અને ચિત્રનું કામ ચાલતું નથી. અને સૌથી છેલ્લા ક્લાસમાં ધર્મનું તથા સૂચીકર્મનું શિક્ષણ અપાતું નથી આઠમા નવમા વર્ગમાં કસરત કરાવવામાં આવતી નથી, તેમ પહેલા ક્લાસની છોકરીઓને પણ તેમાંથી બાતલ કરવામાં આવી છે દરેક વર્ગમાં અને વિશેષે કરીને સાતમા આઠમા અને

* ૧૪ સ્થળજ્ઞાન એટલે બાળકો પોતાની આસપાસ જે જે સ્વાભાવિક વસ્તુઓ જુએ છે તેની માહિતી.

નવમા વર્ગમાં સ્વભાષા ઉપર સૌથી વધારે લક્ષ આપવામાં આવે છે અને તે કારણથી દરરોજ એક કલાક તે ખાતે ખરચાય છે. છઠ્ઠા વર્ગમાં આવતા સુધી ફ્રેન્ચ શીખવવામાં આવતું નથી અને ત્રીજા કલાસમાં આવતા સુધી અંગ્રેજી શીખવવામાં આવતું નથી. સાતમા આઠમા અને નવમા કલાસમાં ગણિત ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવે છે અને પહેલાં બીજા તથા ત્રીજા કલાસમાં લખવાનું બિલકુલ શીખવવામાંજ આવતું નથી. કેમકે ત્રીજા વર્ગથી માંડીને વિદ્યાર્થીઓને લખવામાં પ્રવીણ થએલા માનવામાં આવે છે.

થોડુંક થયાં ઈંગ્લાંડની નિશાળોએ પહેલા, બીજા અને ત્રીજા ધોરણમાં વસ્તુપાઠ આપવા શરૂ કર્યા છે. જર્મનીમાં જે બાળઅમ્મત ચલાવવામાં આવે છે, તેને અહીં દાખલ કરવાનો આ પ્રયત્ન છે, અને તે ઘણો સ્તુતિપાત્ર છે; પણ જો આપણે આપણા વસ્તુપાઠ ખરેખરા ઉપયોગી કરવા હોય તો તેના બદલામાં બીજા વિષયોના કલાક ઓછા કરવા જોઇએ. આપણે અહીંનાં પહેલા ધોરણનાં છોકરાંને લગભગ છઠ્ઠા ધોરણના છોકરાના જેટલા વિષયો શીખવાના હોય છે, અને નિશાળમાં પણ તેમના જેટલા કલાક હાજર રહેછે. આ બાબત વિચાર કરવા જેવી છે.

શિક્ષણાનુભવશાળામાં દૃષ્ટસૃષ્ટજ્ઞાનના બે ભાગ કરેલા છે.

अ ભૂગોળવિદ્યાને લગતું દૃષ્ટસૃષ્ટજ્ઞાન.

ब પ્રાણી વનસ્પતિ આદિને લગતું દૃષ્ટસૃષ્ટજ્ઞાન.

ભૂગોળવિદ્યાને લગતા દૃષ્ટસૃષ્ટજ્ઞાનના કેટલાક પાઠો જોઇને મને આનંદ થયો. કદાચ આ જગોએ નવમા, આઠમા અને સાતમા વર્ગમાં એક વર્ષમાં શું શું શીખવવામાં આવે છે, તેની નોંધ આપીશું તો નિરૂપયોગી નહિ થાય.

વર્ગ નવમો—વર્ગનો ઓરડો, નિશાળનો ઓરડો, નિશાળની પાસેની રમવાની જગો, કંપાસનાં અણીઆં, સૂર્ય, ચંદ્ર, દરરોજના હવાના ફેરફાર.

વર્ગ આઠમો—નિશાળનું મકાન, નિશાળની પાસેની રમવાની જગો, જે શેરીમાં નિશાળ હોય તે શેરી, ગામનો નકશો (મુખ્ય ઈમારત સહીત), ગામની આસપાસની જગાઓ, મુખ્ય ગ્રહોનાં સ્થાન.

વર્ગ સાતમો—ગામની આસપાસની ઘણે સુધીની જગાઓ, આસપાસની ટેકરીઓ, સાસ નદી, હાર્ઝ પર્વત, પર્વતની ઉંચાઇનો સરખાવો, ક્ષીતિજ, ખમધ્યબિંદુ, સવારે બપોરે ને સાંજે સૂર્યનું સ્થાન.

દૃષ્ટસૃષ્ટવિદ્યામાં જે સ્વાભાવિક ઇતિહાસ શીખવવામાં આવે છે, તેમાં જંગલમાંના છોડવા તથા જાનવરોના પાઠ હોય છે.

સાતમા વર્ગમાં દૃષ્ટસૃષ્ટજ્ઞાન બહુ મોહક રીતે આપવામાં આવતું હતું. તે વરસમાં નાની છોકરીઓ પોતાના શિક્ષકની સાથે બે વખત ફરવા ગઈ હતી અને શિક્ષકે તેમને અવલોકન કરાવ્યું હતું. તેઓ નદી ઉતરીને પેલેપાર ગયાં હતાં, સામે પાર ડુંગરીઓ હતી તે ઉપર ચઢયાં હતાં તથા ત્યાં આગળ ગાસનાં કારખાનાં, સીટ દળવાનો સંચો, નિશાળ, વર્ગનાં કેટલાંક છોકરાંનાં ઘર, નદી, ડુંગરાની હારો અને કેટલીક શેરીઓ જોઇ હતી.

નકશા પાડીઆની આ પ્રમાણે રચના કરી હતી:—



ઉપરની આકૃતિમાં પાડેલા આંકડા, અક્ષરો, ને ટપકાં મોટાં તથા લાલ રંગથી પાડેલાં હતાં. છોકરા પાસે નોટબુકો હતી, તેમાં પણ તેજ આંકડા, અક્ષરો ને ટપકાં હતાં. આસપાસની જગાઓ જોઈ આવ્યા પછી શિક્ષક પાટિયા ઉપર તેનો નકશો દોરતો અને તે પ્રમાણે છોકરાં પોતાની ચોપડીઓમાં ઉતારી લેતા. એવી રીતે ધીમે ધીમે ગામની આસપાસની બધી જગાઓનો નકશો કાઢી લેવામાં આવતો. દૃષ્ટાન્તમાં સ્વાભાવિક ઇતિહાસ પણ ગામની બહારજ શીખવવામાં આવતો. હું ઘણીવાર બપોરમાં જંગલમાં ફરવા જતો હતો, તે વારે નાની નાની છોકરીઓ તથા છોકરાના વર્ગ તેમના શિક્ષકની સાથે જંગલમાં ફરતા અને છોડવાનાં પાનાં, ફૂલ, ફળ, પક્ષીઓ, એ વિષયોના અભ્યાસ કરતા મારા જોવામાં આવ્યા હતા.

છઠ્ઠા વર્ગની ભૂગોળમાં—ર્હોન, ર્હાઈન, વાઝર ને ડાન્યુબ નદીઓ વિષે, પૃથ્વીના ગોળા વિષે, અને આકાશના કેટલાક તારા વિષે માહિતી આપવામાં આવે છે.

પાંચમા વર્ગમાં—રૂશિયા, ઇટલી, ફ્રાન્સ, જર્મની, અને ડેન્માર્કના ભૂગોળવિદ્યા શીખવવામાં આવે છે.

ચોથા વર્ગમાં—ઇંગ્લંડ, હંગરી, સ્પેન, ઓસ્ટ્રિયા, અને ઉત્તર આફ્રિકાનું ભૂગોળ શીખવવામાં આવે છે.

ત્રીજા વર્ગમાં—ગ્રીનલંડ મધ્ય અને દક્ષિણ અમેરિકા, દક્ષિણ આફ્રિકા, હિંદુસ્તાન, આસ્ટ્રેલિયા, અને પૃથ્વીના ગોળાના રૂપો શીખવવામાં આવે છે.

(અપૂર્ણ)

ઈબારત
અને
નીતિનું શિક્ષણ.

આ પાઠનો ઉપયોગ સફળ થાય માટે નીચેની સૂચનાઓ કામની છે:—

૧ મુખ્ય બાબત શિક્ષકે છોકરાઓના આગળ વાંચી સમજાવવી અથવા શિક્ષક પહેલેથી વાંચી જુએ અને પછી પોતાના શબ્દોમાં વર્ગના આગળ હકીકત કહે આવી રીતે

કહેતી વખતે કેટલીક નવી બાબતો કે નવાં દૃષ્ટાન્તો તે કહી શકશે અથવા છોડી દેવા જેવાં હશે તે છોડી દેશે.

૨ જે બાબત લખવા આપવી હોય તેની મુખ્ય મુખ્ય હકીકત પાટીઆપર લખવી. અથવા શિક્ષક તે વિષે છોકરાઓને સવાલ પૂછતો જાય ને લખતો જાય, એ વધારે સારો માર્ગ છે.

૩ નિબંધની નોટો સારી રખાવવી કે જેથી કેવી રીતે નિબંધ શીખવવામાં આવ્યા છે, તે પરીક્ષક અધિકારી જોઈ શકે.

પાઠ ૧ લો.

સંતત ઉદ્યોગ.

૧ જે માણસો પોતાની મેળે ઉદ્યોગ કરે છે, તેને પરમેશ્વર મદદ કરે છે. સારો હેતું અથવા ધારણા રાખવી એટલુંજ બસ નથી; પણ તે કામ પૂરું કરવાને બળવાન ઇચ્છા અને બળવાન યત્નની પણ જરૂર છે.

૨ માણસના અપૂર્ણ પ્રયત્નો જો એકઠા કરવામાં આવે તો કેટલો મોટો ઢગલો થાય! પોતાનું કામ આરંભીને તેને સંપૂર્ણ કરવા માટે જોઇતી બળવાન ઇચ્છાની અને નિરંતર મંડયા રહેવાના ગુણની ખામીને લીધે જેમનો કીમતી વખત નકામો ગયો ન હોય અને પૈસા પણ બગડયા ન હોય એવો માણસ ભાગ્યેજ મળી આવશે.

૩ સફળ થવાનો રસ્તો કોઇ ડુંગરપર છાતીભેર ચડવાના માર્ગ જેવો છે. તેમાં જે ..ો નડે છે તે ઉપરથીજ માલમ પડી આવે છે કે આપણામાં ઉત્તમ કોણ છે.

૪ હેન્રી ફૌસેટ જે કેમ્બ્રીજની યુનિવર્સિટિનો પ્રોફેસર થયો હતો, જે પાર્લામેન્ટમાં પ્રખ્યાત મેમ્બર હતો, અને જે પોસ્ટ માસ્તર જનરલ થયો હતો, તે જ્યારે નાનો હતો ત્યારે તેના બાપની બંદૂક અચાનક ફૂટી જવાથી તેની આંખ્યોની જોવાની શક્તિ નાશ પામી હતી. તેણે પોતાનાં ગભરાઈ ગયેલાં માબાપને આનંદથી કહ્યું કે 'બાપા, ચિંતા કરશો નહિ; મારી જીંદગીમાં મારે જે સફળતા મેળવવાની છે તેમાં અંધાપો આડે આવી શકશે નહિ.' વિઘ્નની સામે થવાનો ખરો રસ્તો આ છે.

૫ ઓલીવર ગોલ્ડસ્મિથ એક આઇરીશ છોકરો હતો. તેનું મોઢું શીતળાના ડાઘથી છુંદાઈ ગયું હતું અને તે એટલો ગરીબ હતો કે સૌ કોઇ તેની અવગણના કરતા હતા. તે શી રીતે ગુજરાન કરતો હતો? તે સાધારણ લાવણીઓ જોડીને શેરીઓમાં ગાનારા માણસોને આપતો હતો, અને એમ કરીને દરરોજ બે ત્રણ આના જેટલું કમાતો હતો. તેણે ફ્રાન્સમાં તથા ઇટાલીમાં પગે ચાલીને મુસાફરી કરી હતી, અને પોતાનો ખોરાક પેદા કરવાને ઘેર ઘેર સારંગી વગાડતો હતો. તેની ૨૮ વરસની ઉમર થઈ ત્યારે લંડન શહેરમાં તે રહેતો હતો. તેની પાસે કંઇ નહોતું તથા જેના ઘરમાં તે રહેતો હતો તે ઘરનું ભાડું વસુલ કરવાને ઘરની માલિક બાઇએ તેના ઉપર ફરીઆદી કરી અને તેને કેદમાં નંખાવ્યો હતો. તે વખતે તેની પાસેથી "વેકફિલ્ડનો પાદરી" એ નામનું એક લખેલું પુસ્તક મળી આવ્યું અને તેને વેચવાથી જે નાણું આવ્યાં તે ભાડા પેટે આપી તે કેદમાંથી છૂટયો હતો. 'ઉજડ થયેલું ગામડું" એ નામનું પુસ્તક પૂરું કરવામાં તેને ત્રણ વર્ષ લાગ્યાં હતાં, પણ છેવટે તેમાં તેને યશ મળ્યો હતો. તે મરી ગયા પછી વેસ્ટમિન્સ્ટર આબીમાં તેને માનસહિત દાટવામાં આવ્યો હતો.

૬ કોલમ્બસે જ્યારે વાત કરી કે આટલાન્ટિક મહાસાગરમાં થઈને હિંદુસ્તાનમાં જવાનો રસ્તો મળી આવશે, ત્યારે બધા લોકોએ તેને હસી કાઢ્યો હતો; પણ એ વાત એના મનમાં ખૂંચ્યાં કરતી હતી તે આશ્રય માગવા માટે યુરોપના જુદા જુદા રાજ્યોમાં ગયો ત્યારે તેઓએ તેને બેવકૂફ ઠરાવ્યો હતો, પણ આખરે તેને સ્પેનના રાજા રાણીએ આશ્રય આપ્યો અને ઘણી આપત્તિ વઠીન ઉપરે તેણે અમેરિકા ખંડ શોધી કાઢ્યો ત્યારેજ સૌ કોઈએ તેને માન આપ્યું.

૭ જે માણસોને પોતાનું કામ પાર પાડતાં મુશ્કેલીઓ નડી નથી, તેઓએ ઘણું મોટું કામ કર્યું હોય એવા દાખલા તો ઇતિહાસમાંથી થોડા મળી આવશે પણ જેમને વારંવાર વિઘ્નો નડયાં કર્યાં હોય તથાપિ પોતાની ધારણાને વળગી રહીને જેઓ પાર પડયા હોય એવા દાખલા પેઠા મળી આવશે રીચર્ડ આર્કરાઇટના જેવો મહેનત મંડયા રહેવાનો ગુણ ઘણી જગોએ ભાગ્યેજ જોવામાં આવે છે તે પોતાની જીંદગીની શરૂઆતમાં એક હજામને ઘેર ઉમેદવારી કરતો હતો પણ મરતી વખતે તેની પૂંજી પચ્ચીસ લાખની હતી

૮ બીજા બધા યશસ્વી માણસોની પેઠે આર્કરાઇટ પણ શરૂઆતમાં ધણો સુખેહ મંદ થયો નહોતો. એક ગરીબ માબાપનો તે તેરમો છોકરો હતો, અને તેને નહિ જેવી અક્ષરના ઘણીજ થોડી કેળવણી મળી હતી હજામના ધરની ગુમાસ્તીની મુદત જ્યારે પૂરી થઈ ત્યારે તે પોતાનો ધંધો શરૂ કરવાને બોલ્ટનમાં ગયો અને ત્યાં તેણે પોતાની દુકાન- પર એક મોટું પાટીયું લગાવી તે પર લખ્યું કે 'આવો, બે પૈસે હજામત!' આથી એને ઘેર ઘણા ઘરાક જવા લાગ્યા, તેથી બીજા હજામો તેના સામા થયા અને તેનો ધંધો તોડી પાડવાને તેઓએ પણ પોતાની હજામતનો દર ઘટાડી તેના જેટલો કર્યો. આર્કરાઇટ તેથી હારી ગયો નહિ અને પોતાના પાટીઆ પર લખ્યું કે 'સફાઇ બંધ હજામત! એક પૈસો!' હવે એના કરતાં દર ઘટાડવો પાલવે તેમ નહોતું. તો પણ આર્કરાઇટ તેટલામાંજ પોતાનો નિર્વાહ કરતો હતો અને તેમાંથી પણ નાણું બચાવતો હતો પછી આર્કરાઇટનું ધ્યાન યંત્ર કળા તરફ ગયું અને બીજી કેટલીક બાબતોની સાથે 'સતતગતિ'નો સિદ્ધાંત ઉપજાવવાને તેણે યત્ન કર્યો. પછી તેણે રૂ અને ઊન કાંતવાનો સંચો શોધી કાઢવાપર લક્ષ લગાડ્યું. આ કામમાં તે એવો ગુંથાઇ ગયો કે તેણે પોતાનો ધંધો રોજગાર બંધ પાડ્યું અને પોતાની પાસે જેટલાં નાણાં હતાં તે બધા ખરચી નાખ્યાં. તેની સ્ત્રીને એમ લાગ્યું કે આર્કરાઇટ આ લતમાં પડ્યો છે તેથી આપણે ભીખારી થઇ જઇશું અને ભૂખે પણ મરી જઈશું. તેથી તેણીએ એક દહાડો ગુસ્સે થઇને તેના બધા નમૂના ભાગી નાખ્યા

૮ આર્કરાઇટથી આ નુકશાન સહેવાયું નહિ તેથી તેણે તેને કાઢી મૂકી અને પોતે પ્રેસ્ટનની વ્યાકરણશાળામાં એક ખાલી ઓરડો હતો તેમાં જાતને કાંતવાના સંચા બનાવવાનો ઉદ્યોગ કરવા માંડ્યો.

૯ તેનો ઉદ્યોગ સફળ થશે એમ જણાવા લાગ્યું. આ કારણથી પ્રેસ્ટનના લોકોને ભય લાગ્યો કે રખેને કાંતવાનો સંચો નીકળે અને તેથી હાથે કાંતવાનો ધંધો કરનારા ભૂખે મરી જાય! આ પરથી લોકોએ તેને બીહીવરાવ્યો કે જો તે પ્રેસ્ટન શહેર છોડીને એકદમ ચાલ્યો નહિ જાય તો તેનો તથા તેના સંચાનો નાશ થશે.

૧૦ આર્કરાઇટે ત્યાંથી પોતાનો મુકામ ઉઠાવ્યો ને નોટિંગહામમાં ગયો; ત્યાં તેને થોડુંક ઉત્તેજન મળ્યું. એક શાહુકારને તેના કામમાં ફતેહ મળશે એવો વિશ્વાસ આવવાથી તેણે તેને નાણાં ધીરવાનું માથે રાખ્યું પણ આગળ જતાં તે શાહુકારને આ પ્રયોગ ઘણો ખરચાળ માલમ પડ્યો; કેમકે જેમાં કંઇ નફો મળવાની આશા દેખાય એવી મીલ ઉભી કરતા પેહેલાં ઘણાંક વરસ તો એમને એમ ખર્ચમાંજ વીતી ગયાં હતાં. જ્યારે તેમને સફળ થવા વારો આવ્યો ત્યારે બીજા કારખાનાવાળા સામા થયા અને આર્કરાઇટ પેટંટ મેળવે નહિ એટલા માટે તેમણે છૂટે હાથે પૈસા ખર્ચ્યા. આટલું કરીનેજ તેઓ બેસી રહ્યા નહિ, પણ ઘણા ગુસ્સે થએલા લોકોએ તેનું કારખાનું બાળી નાંખ્યું.

૧૧ આર્કરાઇટ આથી પણ નાહિંમત થયો નહિ; તેણે ફરી કારખાનું બાંધ્યું, અને ધીમે ધીમે સાંચાકામમાં તે સુધારો કરતો ગયો તેથી તથા સંચાનો માલ લોકોને પસંદ પડી ગયો તેથી તેને ફતેહ મળશે એમ નકકી થયું.

૧૨ આ બધાની સાથે આર્કરાઇટને એક મોટી મુશ્કેલીમાંથી પાર પાડવાનું હતું. તેનામાં કેળવણીની ખામી હતી; પણ ઉંઘમાંથી વખત બચાવીને તેણે અભ્યાસ કર્યો અને તે ખામી તેણે પૂરી કરી. ૫૦ વર્ષની ઉમ્મર પછી તે દરરોજ બે કલાક પોતાના અક્ષર સુધારવામાં, જોડણી શીખવામાં અને અંગ્રેજી વ્યાકરણનું જ્ઞાન મેળવવામાં કાઢતો હતો.

૧૩ એણે જે આ શ્રમ કર્યો તથા મોટો લાભકારક શોધ કર્યો અને દેશના વેપાર ઉદ્યોગને મોટો ફાયદો કર્યો, તેથી રાજી થઇને તે વખતના રાજા ત્રીજા જ્યોર્જે તેને નાઈટનો ખેતાબ આપ્યો. આ દિવસ તેની જીંદગીમાં તેને મોટામાં મોટો હતો.

૧૪ જે છોકરા અને છોડીઓ 'મારાથી નહિ થાય' એમ કહેતાં નથી, તેઓ આગળ ઉપર ઘણાં મોટાં ને સારાં કામ પાર પાડી શકનારાં થાય છે. જીંદગીમાં સારી આશા આપનારા અને લાભદાયક પ્રસંગો ઘણા આવે છે, પણ તે સફળ થવાનો આધાર આપણા પોતાના ઉપર છે. વિઘ્નોનો પરાજય કરીને જો આપણે આગળ વધ્યા જઇએ તો યશ નિશ્ચય મળે છે.

પાટીઆ પર લખવાની વિગતો.

૧ સંતત ઉદ્યોગ શા માટે જરૂરનો છે.
૨ મુશ્કેલીનો ઉપયોગ–પ્રોફેસર ફોસેટ.
૩ ઓલીવર ગોલ્ડસ્મિથનું વૃત્તાંત.
૪ કોલમ્બસનો સંતત ઉદ્યોગ.
૫ રીચર્ડ આર્કરાઇટનું જીવન વૃત્તાંત.
- अ. બાલ્યાવસ્થા.
- ब. હજામનો ધંધો.
- क. યાંત્રિક શોધમાં પહેલો પ્રયત્ન.
- ड. પ્રેસ્ટનમાં જવું.

ई. નોટીંગહામ જવુ.
फ. ત્યાં કેવોમ
ग. ઉત્પત્તિનો વધારો
ह નાઇટની પતી

वस्तुपाठ.

(ધોરણ ૨ જું.)

ચાક અને સ્લેટ પેનસીલ.

વસ્તુઓ અને ચિત્રો—ધોળા ચાકનો કકડો, સ્લેટ પેન, (બની શકે તો) ચાકની ખાણનું ચિત્ર તથા સ્લેટના પથ્થરની ખાણનું ચિત્ર, સાધારણ હૈડ્રોક્લોરીક આસિડ (એક શીશીમાં), બે કસોટીની નળીઓ, એક પાણીનો લોટો ને ગ્લાસ, એક દીવેટ, દીવાસળીની પેટી, પલાળેલા ચાકનું ડેપુ.

વિષય ને પદ્ધતિ—કાળા પાટીઆ ઉપર અને મોટી સ્લેટો ઉપર લખવાના કામમાં ચાક આવે છે, તે ઉપરથી ચાકનો ઉપયોગ છોકરા પાસે કહેવરાવવો શું થાય છે ? (એનાથી એક ધોળો લીટો પડે છે અને તે સ્પષ્ટ દેખાય છે). ચાક શી વસ્તુ છે ? (એક નરમ ખનીજ પદાર્થ) પાટીઆ ઉપર લખીને તે કપડાવતી લૂછી નાખવું ને છોકરાને બતાવી આપવું કે ચાક જલદીથી ભૂંસાઇ જાય છે, અને સહેલથી ભૂકો થઇ જાય છે તથા તે ક્યાંથી આવે છે તે શું ગણે છે? શી રીતે ગણે છે? ચાકની ટેકરીઓનાં શીખર ગોળ હોય છે પણ તે ઉપર ઝાડ ઘણું થોડાં હોય છે રેલવેના રસ્તા ખોદતાં જે દેશમાં ચાક હોય છે ત્યાં વારંવાર ચાકના ગચીઆં પડીને ભાગી જાય છે. ચાક કાઢનારા દારૂથી સુરંગ ફોડીને ચાકનાં ગચીઆ છૂટા પાડે છે તેને ગાડીઓમા ભરીને પાસેના રેલવેના સ્ટેશનપર લઇ જાય છે કે બંદરે લેઇ જાય છે ભાંગેલો ચાક પાણીમાં વલોવીને તળાવને તળીએ બેસે છે. ચાકમાં પાણી નાખીને તેના ગોળા કરીને સૂકવે છે અને તેને ધોળવાના કામમાં લે છે

પ્રયોગ—એક ચમચો અથવા ચાદીની રકાબી લેવી ચાકની ભૂકીમાંથી થોડીક લઇ લગાર પલાળી તેને ચમચા ઉપર કે રકાબી ઉપર નરમ કપડાવતી ઘસવી. તે વસ્તુઓ સ્વચ્છ થાય છે, અને તેના ઉપર ઉઝરડા પડતા નથી

પ્રયોગ—ચાકની ભૂકીમાંથી થોડોક ભૂકો કસોટીની નળીમા નાખવો અને તેના ઉપર થોડાંક ટીપાં હૈડ્રોક્લોરિક આસિડના નાંખવા. તેમાં ઉભરો આવશે કે પરપોટા થશે; કેમકે કાર્બોનિક આસિડ ગ્યાસ ચાકમાંથી બહાર નીકળી જવા માંડે છે એક દીવાસળી સળગાવો અને તેને નળીમા બોળો. બળતું હોલાઇ જશે

પ્રયોગ—કાચના ગ્લાસમાં ચાકના થોડાક કાંકરા નાખો અને તેના ઉપર થોડોક આસિડ રેડો. તેના ઉપર દીવાસળી સળગાવીને ધરો. ગ્લાસમા બળતું હોલાઇ જાય છે.

ચાક ભઠ્ઠીમાં બળેછે અને તેનો ઘર બાંધવાનો ચૂનો થાયછે. કાર્બોનિક આસિડ ગ્યાસ અને પાણી જતાં રહેછે અને કળીચૂનો રહેછે. રકાબીમાં થોડો કળીચૂનો મૂકો, અને લોટામાંથી થોડું પાણી લઈ તે ઉપર છાંટો. પાણીને તે એકદમ શોષી લે છે અને તેમાંથી જે ગરમી ઉત્પન્ન થાયછે તેથી રસાયની ક્રિયા થતી માલમ પડેછે. ચૂનો ફાટીને ભૂકો થઇ જાયછે તથા તેમાં કાંકરી મેળવીને કેલ કરવો હોય તો થઇ શકેછે. છોકરાં આ પ્રયોગમાં જોઇ શકશે કે ચૂનાના કાંકરા ઉપર પાણી છાંટવાથી તે ફાટેછે, અને તેનો ભૂકો થઈ જાયછે.

હવે સ્લેટ લો અને છોકરાંને પૂછો કે આના ઉપર તમે શાનાથી લખશો ? તેમને બતાવી શકાશે કે કેટલીક સ્લેટો બીજી કરતાં નરમ હોયછે. જ્યારે કોઇ છોકરાને સારી રીતે લખવું હોય ત્યારે તે શું કરેછે ? તે પોતાની પેનની શી રીતે અણી કાઢેછે ? પેનનો ભૂકો ઘણા કામમાં આવે છે.

जीभ अने तेनो उपयोग.

(સંપૂર્ણ નોંધ.)

ધોરણ ૧ લું.

૧. માણસની જીભ અને તેનો ઉપયોગ. — પ્રથમ જીભના આકાર અને તેના દેખાવ વિષે પ્રશ્ન કરવા. તે મૂળ આગળ પહોળી છે અને છેડા તરફ સાંકડી છે.

૨. તેનો આકાર ને દેખાવ. — જીભના ઉપરના ભાગમાં વચમાં એક લાંબો ખાડો છે તે ઉપર લક્ષ દોરવું, તથા જીભનું ટેરવું બધાંનું સરખું નથી હોતું તે બતાવવું. જીભ મોઢામાં કાંઇ કામ ન કરતાં પડી રહેલી હોયછે ત્યારે, તથા તેને કઢાય તેટલી બહાર કાઢવામાં આવેછે ત્યારે તેમાં શો ફેર પડેછે તે બતાવવું અને એ ઉપરથી સમજાવવું કે બીજા બધા સ્નાયુની પેઠે એનામાં પણ લાંબી ટુંકી થવાની સત્તા છે.

૩. તે બોલવામાં મદદ કરેછે. — છોકરાને જીભનો ઉપયોગ કર્યા વગર બોલવાનું કહો.

૪. તે ચાવવામાં મદદ કરેછે. — ખોરાક ચાવતી વખતે જીભ ખોરાકને ચવાઇ જવા માટે દાંતની વચ્ચે રાખેછે અને તેને થુંકની સાથે મેળવીને બીનો કરવા માટે મોંમાં બધે ફેરવેછે, તથા છેવટે તેનો ગોળો કરીને ગળામાં લેઇ જાયછે. ગળું તેને કોઠામાં ઉતારી દેછે.

એક છોકરાને જીભનું ટેરવું પ્રથમ મીઠામાં ને પછી ખાંડમાં બોળવાને કહેવું.

૫. તે સ્વાદ પારખવામાં મદદ કરેછે. — આ ઉપરથી આપણને માલમ પડેછે કે જીભ સ્વાદ પારખવામાં કામ આવેછે. સ્વાદ પારખવાની ખરેખરી શક્તિ જીભના ટેરવામાં હોયછે.

૯. સ્પર્શ પારખવાનું તે નાજુક સાધન છે

ઉંચકે. જીભ એ સ્પર્શ પારખવાનું નાજુક સાધન છે એમ બતાવી આપવું. એક જુદા છેડાની સમાણી લેઇને તેના છેડા ૧/૨ ઇંચ જેટલા છેટા રાખવા પછી તેને જીભ અડકાડી જોવી, તેથી તે બન્ને છેડા જીભને જુદા જુદા લાગશે, પણ તેજ છેડા કદાચ એક ઇંચ છેટે રાખીને માથા ઉપર અડકાડીશું તો તેઓ એકજ છેડા જેવા લાગશે.

अंकगणितना प्रश्नो.

આપણી નિશાળમા ગણિતનો વિષય જેટલો ઉપયોગી છે, તેટલો બીજો ભાગ્યેજ હશે. પરીક્ષા વખતે ઘણા છોકરા ગણિતમાંજ નીકળી જાયછે જે છોકરા ગણિતમા સારા હોયછે, તેઓ બીજા વિષયમા પણ બહુધા સારાજ હોયછે એટલા માટે આ વિષય ઉપર શિક્ષકોને પણ વધારે ધ્યાન આપવાની તથા વધારે વખત ગાળવાની જરૂર પડેછે ઘણાક શિક્ષકો અંકગણિતનાં પુસ્તકમાં અમુક રીતના જેટલા પ્રકારના દાખલા હોયછે તે ગણાવી જાયછે આમ કરવાથી ઘણીક વાર છોકરા યંત્રની પેઠે કામ કરેછે, પણ પોતાની બુદ્ધિથી ગણિતનાં કૃત્યો સિદ્ધ કરી શકતા નથી, અને ગણિત શીખવવાનો ખરો હેતુ તો એજ છે કે તેઓ પોતાની બુદ્ધિને એકાગ્ર કરી આપેલા દાખલાનો વ્યવહાર સમજી હિસાબ કરે

અંકગણિતમાંના પ્રશ્નોમા દાખલા બહુધા બે પ્રકારના હોયછે. એક જાતના દાખલા રીતના હોયછે, એટલે તેમા છોકરાઓ એક વાર રીત જાણે એટલે યંત્રની પેઠે તે પ્રમાણે કર્યા જાય. બીજી જાતના દાખલામા બુદ્ધિનો ઉપયોગ કરવો પડેછે, એટલે તેમાં દાખલામા કહેલો વ્યવહાર સૂક્ષ્મ રીતે સમજીને દાખલો છોડવવાનો હોયછે આ જાતના દાખલામા છોકરા ઘણે ભાગે ગુંચવાય છે, પરંતુ જો નીચલા ધોરણોમાંથીજ છોકરાઓને એવા દાખલા ગણવાની ટેવ પાડી હોય,—તેમની બુદ્ધિને તેવી રીતે કસવામા આવી હોય, તો ઉપલા ધોરણોમા તેઓ સહેલાઇથી કામ કરી શકે

શિક્ષકોને મદદ કરવાના હેતુથી આ વખતે અમે નીચલા ધોરણમા કાળા પાટીઆપર કરાવવાના કેટલાક દાખલા આપીએછીએ. આ દાખલા શિક્ષકે કાળા પાટીઆ પર લખવા અને તેમા કહેલો વ્યવહાર સમજવામા તથા તેની કૃતિ કરવામા છોકરાને સર્વ પ્રકારે સહેલાઇ કરી આપવી જરૂર.

આ દાખલા અમે ત્રીજા ધોરણના છોકરાઓ માટે ધાર્યા છે જો કે તેમાના ઘણાક દાખલા તો એવા પણ છે કે તે બીજા ધોરણના છોકરા પણ ગણી શકશે

દરેક દાખલો શિક્ષકે પાટીઆપર લખવો, અને વાંચી બતાવવો પછી છોકરા પાસે વાંચી બતાવવો તેઓ વિચાર કરે એટલામાટે શિક્ષકે દરેક જાતનો પ્રયત્ન કરવો અને દરેક દાખલો તેઓ ગણવા માંડે તે પહેલા તે તેમના મનમા સારી રીતે ઉતારવો.

દાખલા—ધોરણ ૩ જું.

૧. ૧૦૦૦ તથા ૫૭૪, એ સંખ્યાઓની બાદબાકી કરતાં, ૩૫૬ અને ૮૪૫ કેટકેટલા વધારે છે?

૨. ૫૪ ને ૧૬ના ગુણાકારમાંથી ૩૬ અને ૧૮નો ગુણાકાર બાદ કરો?

૩. હું ૬II પાઇ જગજીવનને આપું છું અને એક આનો ૮II પાઈ મંગળને આપું છું અને ૩ આના ૪ પાઇ બચુને આપું છું. ત્યારે એક રૂપીઆ કરતાં મેં કેટલું ઓછું આપી દીધું ?

૪. એક માણસે પહેલીવાર ૨૪૪ દાડમ આણ્યાં અને પછી ૫૪૦ આણ્યાં. જો તે ૧ રૂપીઆનાં ૮ લેખે વેચે તો તેને કેટલા રૂપીઆ મળે ?

૫. જો હું એક અઠવાડીઆમાં ૩૦ આના કમાતો હોઉં અને ૨ રૂપીઆ ૩ આના ૬ પાઇ ખરચતો હોઉં તો કેટલી છ પાઈઓ હું બચાવી શકીશ ?

૬. એક ગૃહસ્થના પાકીટમાં ૬ રૂપીઆ અને ૮II આના છે. તેમાંથી તે માણસ ૬ અર્ધા રૂપીઆ એક છોકરાને આપે છે ને છોકરાને આપ્યું તેનું અર્ધું બીજાને આપે છે, તો તેની પાસે બાકી શું રહેશે ?

૭. એક ઘોડો, ગાય અને ટટ્ટુ મળીને ૪૦ રૂપીઆમાં વેચતાં આણ્યાં. ટટ્ટુની કીમત રૂા. ૭–૮ આના પડી અનેક ગાયની કીમત ટટ્ટુના જેટલી પડી, ત્યારે ઘોડાની કીમત શી પડી હશે ?

૮. ૭ રબારીઓમાંના દરેકને ઘેર ૪૮ ગાયો છે તો તે બધી ગાયોના પગ કેટલા થશે ?

૯. એક બાઇડી દરરોજ ૩ આના ને ૪ પાઇ કમાય છે. એવી રીતે અઠવાડીઆમાં ૭ દહાડા કમાય છે. હવે જો તે બાઇ એક અઠવાડીઆમાં ૧૫ આના ખરચે તો રૂા. ૨–૮ આના બચાવવાને તેને કેટલા દિવસ લાગશે ?

૧૦. અની પાસે ત્રણ ગીની છે અને વની પાસે પૌંડ ૨–૧૦ શિલિંગ છે. હવે જો અ, વ ને અર્ધો ક્રાઉન આપે તો પછી અની પાસે વના કરતાં કેટલા શિલિંગ વધારે રહેશે ?

૧૧. એક માણસની પાસે ૬૪૦ અંજીર છે. તેણે તેમાંથી ચોથા ભાગનાં વેચી નાખ્યાં. બાકીનાં તેણે ટોપલીઓમાં મૂક્યાં. દરેક ટોપલીમાં ૬૦ અંજીર માય છે. ત્યારે કેટલી ટોપલીઓની તેને જરૂર પડશે ?

૧૨. પહેલા અને બીજા ધોરણમાં મળીને ૮૬ છોકરાં છે; પણ બીજા ધોરણ કરતાં પહેલા ધોરણમાં ૧૦ છોકરા વધારે છે. ત્યારે દરેક ધોરણમાં કેટકેટલા છોકરા હશે ?

૧૩. એક માણસ દરરોજ ૩ આના બચાવે છે, ત્યારે તેને રૂા. ૧૧–૧૦ આના બચાવવાને માટે કેટલા દહાડા લાગશે ?

૧૪. એક માણસે ૬ ટોપીઓ અને ૨ શેર પહુંઆ લીધા અને તેના રૂા. ૧–૧૨ આના આપ્યા. પહુંઆની કીમત એક શેરના ૮ પૈસા પડ્યા, ત્યારે દરેક ટોપીની શી કીમત પડી !

૧૫. એક ગૃહસ્થે ભિક્ષુકોને આઠ પાવલીઓ આપી અને તેનાથી અર્ધું બીજા લોકોને આપ્યું, ત્યારે રૂા. ૫ કરતાં તેણે કેટલું ઓછું આપી દીધું !

इबारतने माटे वात.

એક આંધળા માણસ પાસે પાચસેં રૂપીઆ હતા, તે તેણે પોતાના ખેતરને એક ખૂણે દાટયા હતા. દાટતી વખતે તેના ખેતરના પાડોશીએ તેને જોયો અને આંધળાના ગયા પછી લાગ જોઇને છાનોમાનો તે રૂપીઆ કાઢી ગયો. બીજે દિવસે આંધળાએ જઇને જોયું તો તે ઠેકાણે રૂપીઆ દીઠા નહિ, તેથી તેના મનમાં એવો વહેમ આવ્યો કે એ રૂપીઆ જરૂર મારો ખેતરનો પાડોશી કાઢી ગયો હશે તે ઉપરથી તે આંધળો માણસ પેલા પાડોશી પાસે ગયો અને તેને આ પ્રમાણે કહ્યું.—મારી પાસે પાચસે રૂપીઆ છે તે મેં મારા ખેતરને ખૂણે દાટેલા છે, અને બીજા હજાર રૂપીઆ છે તે પણ હુ તેજ જગોએ દાટવાનો છુ, કેમકે ત્યાંથી કોઇ કાઢી જાય નહિ એ બાબતમા તારી સલાહ શી છે? પાડોશીએ આ સાભળીને ધાર્યું કે આ આંધળો માણસ હજાર રૂપીઆ દાટશે અને તે પણ હું છાનોમાનો કાઢી જઇશ. પણ પહેલા દાટેલા પાચસે રૂપીઆવાળી જગો તે ખાલી દેખશે તો આ હજાર રૂપીઆ ત્યા દાટશે નહિ, માટે મેં કાઢી લીધેલા હજાર રૂપીઆ પાછા દાટી આવવા અને પછી જ્યારે તે હજાર રૂપીઆ દાટી જાય ત્યારે હજાર અને પાચસેં મળીને થયેલા પંદરસે રૂપીઆ મારે કાઢી જવા એજ ઠીક છે એવુ વિચારીને તેણે આંધળાને સલાહ આપી કે "તમારો વિચાર બરાબર છે. એમજ કરો." પછી પેલો પાડોશી આંધળાના ખેતરમા જઇને પાચસે રૂપીઆ અસલની જગોએ દાટી આવ્યો આંધળાએ તે રૂપીઆ કાઢી લીધા અને ફરીથી રૂપીઆ ચોરી જવાનો લાગ પાડોશીને આપ્યો નહિ

शाळाओने लगतो सामान.

બાળકોની તન્દુરસ્તી માટે ઉપયોગી નિયમો.

હવે કેળવણીનો પ્રચાર વધ્યો છે, તેવડે સંગીન ફાયદા મળવા તરફ વિદ્વાનોનું સંપૂર્ણ ધ્યાન ખેંચાયુ છે ઘણાક ભાગમા નવા નવા અખતરા કરીને કેળવણીમા ફેરફાર કરવાનું ધોરણ મુકરર કરવામા આવે છે કેળવણી ખાતાના ઉપરાણા અમલદારો ' કઇક નવુ કરવુ ' એવા વિચારની સરણીમાં પડેલા છે શિક્ષક સમાજો મળે છે, કેળવણીના સુધારા સબધે ચરચા ઉઠાવે છે, અને પૂરતી રીતે સુધારો થવા ખાતાના અગ્રેસરોને વિનવે છે

કેળવણીની હીલચાલને માટે અત્યાર સુધીમાં થતા પ્રયત્ન એકજ વિષય ઉપર બન્ધુઆ
૧ છે ઉંચા પ્રકારની કેળવણી મળવા જેટલુ જરૂરનુ ધારવામાં આવે છે, તેટલુજ બલકે

તેથી વધારે અગત્યનું તો એ છે કે, બાળકોની તન્દુરસ્તી જળવાય તે તરફ ધ્યાન આપવું. શાળાને લગતો સામાન પૂરો પાડવામાં શિક્ષક અને વિદ્યાર્થીઓની તન્દુરસ્તીમાં કયી રીતે વધારો થઇ શકે એ બાબત ઉપર સામાન પસંદ કરનાર અમલદારોએ લક્ષ આપવું જોઇએ.

કેટલેક સ્થળે બાળકોની બેઠક માટે બેન્ચો આપવા માંડેલા છે, કેટલેક ઠેકાણે ડ્રોઇંગ દાખલ કરવાથી ડેસ્ક આપવામાં આવેલા છે. ઇત્યાદિ સાધનોમાં રહેલી ખામી સુધરે અને વિદ્યાર્થીઓની સઘળી અનુકૂળતા સચવાય એમ ધારી એ વિષય સંબંધે વાંચવામાં આવેલા બે બોલ અત્રે ટાંકવામાં આવે છે.

નિશાળનો સામન એટલે શિક્ષકો અને બાળકોની સગવડ માટે શાળાના મકાનોની અંદર રાખેલી વસ્તુઓ સમજવી. તેમાં છોકરાઓ માટેના બાંકડા, તથા ડેસ્કો, શિક્ષકોની ટેસ્ક, ટેબલો, કબાટ, પડદા, વગેરે તરેહવાર ચીજો હોય છે. અને તેનો ઘણો-ખરો ભાગ સાધારણ દેશી શાળાઓમાં નહિ, પણ અંગ્રેજી શાળાઓમાં અને મોટી પાઠશાળાઓમાં હોય છે. એટલે એ દરેક વિષય સંબંધે લંબાણ નહિ કરતાં જે સાહિ-ત્યા આપણી દેશી શાળાઓમાં છે અથવા મળવાનો સંભવ છે અને જે વસ્તુઓ સાથે આખો દિવસ નિશાળીઆઓને કામ છે, એવી વસ્તુઓ માટે તથા બીજા સરસામાન માટે સાધારણ સૂચના કરી હોય તો તે નિરૂપયોગી ગણાશે નહિ.

જેમ આપણે ઘરને માટે જોઇતા સરસામાન પસંદ કરતાં ધ્યાન આપીએ છીએ તેમ શાળાઓને માટે સામાન પસંદ કરતાં પસંદ કરનારે ત્રણ બાબતો ઉપર ધ્યાન આ-પવું જોઇએઃ—

૧ ઉપયોગીપણું, ૨ શોભા, ૩ કરકસર.

સામાન ઉપયોગી ક્યારે કહેવાય? વાપરનારની સગવડ તથા સુખ સચવાતાં હોય ત્યારે. લગભગ તેટલીજ અગત્યની બાબત સામાનની શોભાને લગતી છે. બાંકડા, ટેબલો અને ખુરશીઓ વગેરે દેખાવમાં બેડાળ નહિ હોય, તેનો રંગ અને રચના સારાં હોય, તો તેથી શિક્ષક અને વિશેષે કરીને બાળકોના મન ઉપર સારી અસર થાય છે; કેમકે તેમના મનપર કેળવણી સંબંધી સારી અસર કરનારાં આસપાસનાં સાધનો જેવાં તે થઇ પડે છે. લંડનની નિશાળનો એક અનુભવી અમલદાર જણાવે છે કે,—

નિશાળનું રાચ રચીલું દેખાવમાં શોભિતું, ઉંચા પદાર્થનું અને બનાવટમાં ઉંચા પ્રકારનું હોવું જોઇએ. આસપાસની વસ્તુઓની અસર બાળકનાં મનપર વિશેષ થાય છે. સોથી સાદી તથા સાધારણ ચીજોના આકાર અથવા રંગની સુંદરતા સાથે દરરોજ પરો-ટાતા રહેવાથી તેમના મનમાં ઉંચા પ્રકારના શોખનાં બી રોપાય છે અને તે ખીલવા માંડે છે.

યુરોપ તથા અમેરિકામાં તેમજ આ દેશમાં લખવાની ડેસ્કની સાથે જોડેલા બાંકો વાપરવાનો ચાલ સાધારણ થઈ પડ્યો છે, તોપણ આપણા દેશમાં ઘણે ઠેકાણે એકલા છૂટા બાંકો પણ વપરાય છે, તેથી એ વિષે કેટલીક સૂચના કરવી અવશ્યની છે

છથી આઠ ફીટ કરતાં વધારે લાંબાં તે રાખવાં નહિ લંબાઈમાં મોટા બાંક હોવાથી વખતો વખત ફેરવવા વાળવા ભારેલા થઈ પડે છે વળી એકથી વધારે બાંકો જોડી લેવા હોય, અને વર્ગની જગા સાંકડી હોય તો વર્ગની અનુકૂળતા સચવાતી નથી.

બાળશાળાની અંદરના બાંકોની ઉંચાઈ સાધારણતાથી તેર ઇંચની હોવી જોઈએ વધારે મોટી ઉમરના છોકરાને માટે દસથી ચૌદ ઇંચ સુધી હોય તો ઠીક, પરંતુ તે બધાએ ચૌદ ઇંચ ઉંચાઈવાળા નહિ પણ થોડાક દસના, થોડાક બારના એમ ચડતા ક્રમના રહેવાં જોઈએ, એટલે બેઠકમાં હરકત આવે નહિ

બેસવાના પાટિયાની પહોળાઈ આઠથી નવ ઇંચની હોય તો તે પૂરતી છે.

બાળકને અઢેલવામાટે બાંક સાથે લગતી પીઠવાળા ટેકા એટલે ઢોસા રાખવાની જરૂર છે અને એ વાત ઉપર શિક્ષકોએ વિશેષ ધ્યાન આપવું જોઈએ, કારણ બાળકોની તનદુરસ્તીની જાળવણી સાથે ગાઢો સંબંધ ધરાવનારી એ બાબત છે

ઘણા ઉંચા બાકડા હોવાથી બાળકોને ઉપર બેસતાં તથા ઉઠીને ચાલતાં ઘણું અગવડભરેલું થઈ પડે છે તેમના પગ આખો દિવસ લટકતા રાખવાથી પગે લોહી ઉતરે છે અને તેમાંથી કેટલીક તરેહના વ્યાધિ ઉત્પન્ન થવાનો ભય રહે છે

વળી બાંક હાલતા ન રહે તે સારૂ કેટલેક ઠેકાણે તે જડી લેવામાં આવે છે, પરંતુ તે સમજ ભર્યું નહિ હોવાથી તેના (બાંકના) પગ પહોળા રાખવા અને ભોંય પર મજબુત બેસે એવું કરવાની ગોઠવણ રાખવી વધારે પસંદ કરવા જોગ છે

ડેસ્ક અથવા લખવાની ઢળતી ટેબલ,—સઘળા દેશોમાં આગળ જતાં નિશાળના સરસામાનની અંદર એ વસ્તુ મોટી વધારે અગત્યની ગણાતી જાય છે અને તે વિષે વિશેષ વિવેચનની જરૂર છે. યુરોપ અને અમેરિકામાં ડેસ્કની બનાવટ તથા રચના વિષે તરેહવાર યોજનાઓ થવા લાગી છે અને તે સંબંધી અભ્યાસ અને અનુભવ ડેસ્ક સંબંધી જે જરૂરીઆત બાળકોની ઉપરથી મેળવ્યો છે તે એ કે કેવા નમૂનાની અને કેવા પ્રકારની ડેસ્કોથી શાળાનું કામ સમજણભર્યું થઈ પડશે? આ સવાલોનો નિર્ણય કરતાં યુરોપ અને અમેરિકાનો સમાજ નીચેનાં સાધારણ અનુમાનો ઉપર આવેલો છે

૧ ડેસ્કનું પહેલું કામ એ છે કે લખવા માટેની સગવડ કરી આપવી તેનું મથાળું બરાબર માફક રહેવું જોઈએ. તેની ઉંચાઈ, પહોળાઈ તથા ઢોળાવ ઘટતાં હોવાં જોઈએ અને કલમ તથા શાહી રાખવાની ગોઠવણો તેમાં પૂરતી હોવી જોઈએ.

ડેરક સાથે સુખદાયક બેઠક છોકરાંના કદ પ્રમાણે ઘટતી ઉંચાઇ તથા પહોળાઇની હોવી જોઇએ અને અઢેલવા માટે તેને પાછળથી ઘટતો ટેકો હોવો જોઇએ. ડેરક અને બાંકની વચ્ચેનો તફાવત એટલો રહેવો જોઇએ કે આંખ તથા આખું શરીર સહેલાઇથી ફેરવી શકાય તથા સુખાકારીને અનુસરતી ઢબમાં રહી શકાય.

૩ બીજી લક્ષ આપવાની બાબતો પગ મૂકવાના કઠેરા, ફાલતું ચોપડીઓ તથા સ્લેટ મૂકવાની સગવડ, અને છોકરાંને ઉભું રહેવા માટે જોઇતી જગો હોવા સંબંધી છે.

સારી ડેરકના સંબંધમાં ઉપલી ત્રણ જરૂરિયાતો શી રીતે પૂરી પાડવી તે સંબંધે એક અનુભવી કહે છે કે—

ડેરકનું ઢળતું મથાળું પહોળાઇમાં બાર ઇંચથી ઓછું હોવું જોઇએ નહિ, અને તેનો ઢોળાવ બે ઇંચ જેટલો રાખવો. શાહી કલમ વગેરે માટે રાખેલો ઉપલો સપાટી કકડો ત્રણથી સાડાત્રણ ઇંચ પહોળો હોય તો ઘણો છે. ડેરકની ઉંચાઇના સંબંધમાં એવું માપ રાખવું કે છોકરૂં બાંક ઉપર બેસતી વેળા પોતાનો હાથ વગર અડચણે ડેરક ઉપર ...ી શકે. આ પ્રમાણે લેતાં ઉતરતા વર્ગોના બાલકોમાટે ડેરકની ઉંચાઇ વીસ ઇંચની ... ઉપલા વર્ગોમાટે તે બાવીસ, ચોવીસ કે છત્રીસ ઇંચ સુધીની હોય તો બસ છે.

ડેરક સાથે છૂટા અથવા જડી રાખેલા બેસવાના બાંકની ઉંચાઇનું માપ પણ ...વીજ સહેલી રીતે લઇ શકાશે. યાદ રાખવું કે પગના ઘૂંટણથી એડી સુધીની લંબાઇ ...ટલો ઉંચો બાંક હોવો જોઇએ અને તે વાત જર્મનીની નિશાળોની અંદર લાંબા વખત સુધી મેળવેલી અજમાયશ ઉપરથી સિદ્ધ થઈ છે. બાંકની પહોળાઈ આઠ, સાડાઆઠ અને દસ ઇંચની વચ્ચે ચઢતા ક્રમે રહેવી જરૂરની છે. લખતી વેળાએ છોકરૂં આગલા ભાગ તરફ ઘણું વાંકું વળે છે તેનો ઉપાય કરવામાટે બાંકનાં પાટિયાંને પછવાડેથી થોડુંક ઢળતું રાખવાની ભલામણ કરવામાં આવે છે, અને તે પસંદ કરવા જોગ છે. ડેરકના બાંકના સંબંધમાં બીજી અગત્યની બાબત પાછળથી અઢેલીને બેસવાના ટેકાની છે. આ જરૂરિયાત પૂરી પાડવાને સૌથી સરસ રસ્તો એ છે કે બેઠક પાસેથી સાતથી દસ ઇંચની ઉંચાઈએ એક સારો કઠેરો જડી લેવો, જેથી શરીરના જે ભાગને ટેકો મળવાની સૌથી વધારે જરૂર છે એવો જે બરડાનો નીચલો ભાગ છે તેને અઢેલવાનું મળશે તથા હાથને સંપૂર્ણ છૂટથી ફેરવી શકાશે.

ડેરક તથા બાંકની વચ્ચે કેટલું છેટું રહેવું જોઇએ એ અગત્યનો સવાલ છે. અને તે સંબંધી કેટલીક મુશ્કેલી રહેલી છે. લખવામાટે જેટલું છેટું રહેવું જોઇએ તે કરતાં ઉભા રહેવામાટે વધારે છેટું રહેવાની જરૂર હોવાથી બંને જરૂરીયાતો એકજ ડેરક તથા બાંકના સંબંધમાં પૂરી પાડવાનું વિચારવા જોગ થઇ પડે છે. ડેરકનો ઉપયોગ લખવામાટે કરવો હોય ત્યારે બાંક અને ડેરકની વચ્ચે લગભગ કશું છેટું રહેવું જોઇતું નથી. અર્થાત્ છેટું એવું હોવું જોઇએ કે ડેરકના ઢળતા પાટિયાની મહેલી કોર આગળથી એક દોરી ઉભી

નાખી હોય તો તે બાંકની માહેલી બાજુની કોર ઉપર બરાબર આવી પડે. પણ ડેસ્કમાં ઉભા રહેવા માટે આ ઉભી દોરી અને બેઠકની કોર વચ્ચે પાંચ ઇંચની જગો રહેવી જોઇએ. આ બે જાતના છેટાં જુદી જુદી વખતે રાખવા માટે યુરોપ અને અમેરિકાના લોકોએ તરેહવાર યુક્તિઓ રચી છે તેમાં મુખ્ય તો એ છે કે બાંકના પાટિયાને તેના પગ ઉપર મજાગરાથી જડવામાં આવે છે, જેથી ઉભા રહેતી વખતે છોકરૂ તેને ઉચકીને બાજુએ ઉભું કરી શકે છે બીજી યુક્તિ એવી છે કે ડેસ્કના ઢળતા ભાગને મથાળાના સપાટ ભાગ સાથે મજાગરાથી જોડેલા રાખે છે અને તેને માટેય મજાગરાપર ફરતા ત્રિકોણાકાર પાટિયાના ટુકડાથી ટેકાવેલો હોય છે તે ટુકડો આગળ પાછળ ફરતો રહી ડેસ્કના ઢળતા ભાગને ઉચકેલો રાખે છે અથવા પાડી નાખે છે. અને ઉભું થતી વખતે છોકરૂ તેને પાડી-નાખી મોકળી જગો મેળવી શકે છે

પગ ટેકવવાનો આડો કઠેરો એવા આકારનો રાખવો કે પગની એડી તે ઉપર)જબૂત ગોઠવાય

ડેસ્ક ત્રણ જાતની છે (અ) નાની—જેનો ઉપયોગ ફક્ત એકજ છોકરો કરી શકે (બ) બે છોકરાઓને લાયક કરેલી (ક) એથી વધારે છોકરાઓની સગવડવાળી.

યુરોપ અને અમેરિકાની કેટલીક શાળાઓમા એક છોકરાને ઉપયોગમા આવે એવી ડેસ્ક વધારે પસંદ કરવામા આવે છે તેથી એ લાભ થાય છે કે પ્રત્યેક બાળક અલગ અલગ બેસીને નિરાંતે કામ કરી શકે છે પણ તેથી જગા ઘણી રોકાઇ જતી હોવાથી તે જાતની ડેસ્ક બધે સ્થળે અનુકૂળ થઇ પડતી નથી બેવડી અથવા બે છોકરાઓ માટેની ડેસ્કો સાડા-ત્રણ ફુટ લાંબી બનાવવામા આવે છે અને વર્ગમા તેની પાયદાર કરી છોકરાઓને બેસાડવા-માં આવે છે, ઇંગ્લાંડ અને જર્મનીની શાળાઓમા એ ગોઠવણથી કામ લેવાય છે

ડેસ્કમાં શાહી પૂરવા માટે કેવી ગોઠવણ કરવી જોઇએ—એ કામ કોઇ જવાબદાર વિદ્યાર્થીને સોંપવામા આવે તો ઠીક ડેસ્કની અંદર શાહીનો ખાનો જમણા હાથ તરફ રાખવો જોઇએ, ડેસ્કના સપાટ ભાગમા શાહીનો ખડિઓ એવી રીતે બેસાડવો કે તેની ઉપલી કોર બાકડાની બાહાર નીકળી આવે નહિ શાહીને ધુળથી બચાવવા માટે તે પર કોઇવાર મજાગરા સાથેનું લાકડાનું ઢાંકણું કરવામા આવે છે અને ઘણા ભાગે તો ફરતા સાધારણ ખુચવાળા રાખવામા આવે છે 'હાયકરીન' નામે ડેસ્કની અંદર લોખંડ-નો એક પટો એવી રીતે ગોઠવેલો હોય છે કે તેને આગળ પાછળ ફેરવવાથી કલમ બો-ળવાનાં છિદ્રો ઉઘડે છે તથા ઢંકાય છે

નિયમસર શાહી પૂરાતી રહે તે માટે તે કામ એક વડા નિશાળિયાને સોંપવું. તેના હવાલામાં શાહીની શીશી, શાહી રહેવાની કાચની ગરણી, કૂચો, છાંટા લુછવાને ફલાનલનો કકડો, એ સઘળું સોંપી દેવું

સરસામાનપર શાહીના ડાઘ પડે તે દૂર કરવા સારૂ મિશ્રકે રસાયનિક મેળવણી તૈ-યાર રાખવી એક પાઇન્ટ પાણીની અંદર ના ઔંસ સાઇટ્રિક આસિડ, ના ઔંસ તાર્ટરિક

આસિડ, અને ૦।।। ઔંસ ઓક્ઝાળીક આસિડ પીગલાવવો. આ મેળાવણી ઝેરી છે માટે તે પોતાને કબજે હોય એવા તાળાકુચીમાં રાખવી જોઇએ.

હવે બાળકોની તન્દુરસ્તી માટે કંઇક કહેવાનું છે. તે એ કે,—

છોકરાં આખો દિવસ ડેસ્ક આગળ બેશી કામ કરતાં હોય તો વારંવાર તેમને ઉભા રહેવાની તક આપવી.

સરસામાનની સફાઇની સંભાળ કરતાં બાળકોપર ધ્યાન આપવાની બે દરકારી કરવી. નહિ. તેમનું શરીર સીધું રહે, અને સહેલાઇથી ટેકી શકાય એમ કરવાની હમેશા સંભાળ લેવી.

લખતી વેળાએ કેટલાક છોકરાઓને કઢંગી રીતે વાંકા વળવાની ટેવ હોય છે, તે દૂર કરવાની જરૂર છે; કારણ કે તેથી આંખને નુકસાન થાય છે, તથા ફેફસાનું કામ છૂટથી થતું નથી.

દરેક નિશાળ સાથે બાળકોને રમવાનો મોટા ખુલ્લો ચોક રાખવો, અને તેમાં શરીર કસવાનાં સાધનો પૂરાં પાડવાં જોઇએ. જેથી બાળકો ગમત તથા સુખાકારી સાથે જ્ઞાન મેળવી શકે.

ચીનાલોકોની સભ્યતા.

(સ્કૂલ ન્યૂસપેપર ઉપરથી.)

દરેક પ્રજામાં બોલવા ચાલવાની સભ્યતા ભરેલી રીત હોય છે. પણ જ્યારે તેવી સભ્યતા હદ બહાર થઇ જાય છે, ત્યારે તેમાં વિનોદ માત્ર ભાસે છે. ચીના લોકોમાં તેવી વાતચીતની સભ્યતા બહુવાર જોવામાં આવે છે, પણ તેનો એક તાજો દાખલો ઘણો ગમ્મત આપે તેવો છે. આ ઉપરથી તેમની કેટલીક રીતભાત પણ માલમ પડી આવશે. ચીના લોકોની એક શાળામાં એક ગૃહસ્થ ઘણા વખતથી મુખ્ય શિક્ષકનું કામ કરતો હતો. તેની શાળામાં એક બીજો ચીનો ગૃહસ્થ પોતાના છોકરાને ભણવા મૂકવા આવ્યો. શાળાના મુખ્ય શિક્ષક સાથે તેને જે વાતચીત થઇ, તેનો સાર નીચે આપ્યો છે:—

ચીનો ગૃહસ્થ નિશાળમાં આવ્યો એટલે તેને મુલાકાત કરવાના ઓરડામાં શાળાના નોકરે બેસાડ્યો. થોડીવારમાં શિક્ષક ત્યાં આવી પહોચ્યો. એટલે ચીના ગૃહસ્થે ઉભા થઇ તેના હાથ ઝાલ્યા અને બન્નેએ એકબીજાના હાથ હલાવ્યા, અને એક બીજાને ઘણું નીચા નમીને સલામ કરી. પછી શિક્ષકે પૂછ્યું:

" આપનું માનવંતુ નામ શું છે ! "

" મારું હલકું, અપ્રખ્યાત નામ વંગ છે. "

શિક્ષકે ચહા અને પાણીનો મંગુ લાવવા આજ્ઞા કરી. તે તત્કાળ લાવવામાં આવ્યાં, એટલે શિક્ષકે કહ્યું, " કૃપા કરી ચહાનો ઉપયોગ કરો " ચીના ગૃહસ્થે આશરે પા કલાક સુધી ચહાના ઘૂંટડા ભર્યા, ત્યાં સુધી તે કાંઈ બોલ્યો નહિ તે પડી રહ્યા પછી તે બોલ્યો:

" આપનું પ્રતિષ્ઠિત નામ શું છે ? "

" મારું ક્ષુદ્ર, અપ્રખ્યાત નામ પીટર છે

" આપનું પ્રતિષ્ઠિત રાજ્ય કયું છે ? " (તમારું વતન કયું ?)

" જ્યાંથી હું અહીં આવ્યો છું તે નાનું અને નિર્માલ્ય વગરનું પગરખું અમેરિકાનું યુનાઈટેડ સ્ટેટ્સ કહેવાય છે " આમ કહેતાં તે શિક્ષકને નમાર મુશ્કેલ તો પડ્યું, પણ ચીના લોકોની સભ્યતાની ખાતર એમ કહેવું જ જોઈએ

" કેટલી નાની ડાળખીઓ આપે ઉછેરી છે ? " (મતલબ કે તમને કેટલાં વરસ થયાં છે ?)

" મેં ત્રીસ વર્ષ નિરર્થક ગાળ્યાં છે "

" શ્રદ્ધેય કુટુંબના માનવંતા અને મુખ્ય પુરુષ ક્ષેમકુશળ છે ? " (શિક્ષકના બાપની ખબર પૂછે છે).

" તે વૃદ્ધ માણસ સારા છે "

" તમારે કેટલા મૂલ્યવાન નાના રત્નો છે ? " (શિક્ષકના પોતાનાં છોકરાં વિષે પૂછે છે)

" મારે બે નાનાં કુરકુરિયાં છે "

" આપની પ્રખ્યાત પાઠશાળામાં કેટલા અભ્યાસીઓ છે ? "

" મારે એક સો નાના ભાઈઓ છે. "

આટલી વાતચિત થયા પછી તે ચીનો ગૃહસ્થ જે કામે આવ્યો હતો તેનો આરંભ કરવા માંડે છે. તે બોલ્યો " માનવંતા માસ્તર સાહેબ, હું મારી સાથે મારા નાના કુરકુરિયાને લાવ્યો છું અને પૂજ્ય આપથી તેને હું આપની સેવામાં સોંપું છું "

અત્યાર સુધી તે નાનો છોકરો એક ખૂણામાં ઉભો થઈ રહ્યો હતો, તે હવે પાસે આવ્યો અને ગાભરના આગળ ઘૂંટણીએ પડી બે હાથ જમીન પર મૂક્યા તથા પોતાના કપાળને જમીનસાથે અડકાડવા લાગ્યો. શિક્ષકે તેને ઉઠાડ્યો અને નિશાળમાં મોકલ્યો, તથા તેટલા અરસામાં તેની સુવાની જગોની તથા બીજી વ્યવસ્થા કરી છેવટે તે ચીનો ગૃહસ્થ ઉભો થયો અને રજા માગવા લાગ્યો તે બોલ્યો

" આજ મેં તમને બહુ જ દુઃખ દીધું છે ! "

" અરે નારે ! મેં તમારું અપમાન કર્યું છે ! "

પછી તે બારણા તરફ જતાં જતાં બોલ્યા કરવા લાગ્યો કે " હું ગયો છું. હું ગયો છું. " અને સભ્યતાને લીધે તે શિક્ષકને પણ તે સાંભળી શકે એટલે દૂર જતા સુધી બોલ્યા કરવું પડ્યું કે " ધીમેથી જજો, ધીમેથી જજો "

નિશાળની સારી વ્યવસ્થા.

સારી વ્યવસ્થાની જરૂર. કોઇ પણ નિશાળ સારી રીતે ચલાવવી તથા તેમાં અભ્યાસ વગેરેની સારી વ્યવસ્થા કરવી, એ શિવાય બીજી કોઇ પણ વાત વધારે જરૂરીઆતની નથી. સારી રીતે શીખવનાર, અથવા વિદ્યાર્થીઓ તેમજ માસ્તરો ઉપર વધારે વજન પાડનાર માસ્તર જેવી રીતે નિશાળને ઉપયોગી છે તેવીજ રીતે નિશાળની સારી વ્યવસ્થા થવી એ પણ અગત્યનું છે. ખરી રીતે જોતાં તો વ્યવસ્થા ન હોય અને બીજી રીતભાતો સારી હોય તો પણ તે તો નહિ જેવું કેમકે માસ્તર હોશિયાર હોય અને તે વિદ્યાર્થીઓ તેમજ ઉપશિક્ષકોપર દાબ રાખી શકે એમ હોય પણ એકંદર કામની ગોઠવણ બરોબર ન હોય તો ઉપરની બે વસ્તુઓનો કંઇ પણ ઉપયોગ થતો નથી. કેમકે વ્યવસ્થા ન હોવાથી માસ્તરની હોશિયારી દેખાઇ આવે એવો પ્રસંગ ભાગ્યેજ આવે છે નાનાં છોકરાંઓની નિશાળ તેમજ પ્રથમથી શીખવવાની નિશાળને માટે એવું છે કે, નિશાળ સારી વ્યવસ્થામાં હોય તોજ તે આગળ ચાલી શકે દરેક નિશાળમાં બધા વિદ્યાર્થીઓને લેખન વાચન, ગણિત એ વિષયો શિખવવાના હોય છે; તેવીજ રીતે આ નિશાળોમાં, નાનાં છોકરાંઓએ વખતો વખત કામ કરવુ, દરેક વાતપર બરોબર લક્ષ આપવું, અભ્યાસ કરવાની ટેવ પાડવી, અને જે કંઇ કરવાનું હોય તે પર મન રાખીને કરવું, વિગેરે બાબતો શીખવવાની હોય છે: વળી છોકરાઓએ જગતમાં કોની સાથે કેમ વર્તવું, એ પણ તેમને શીખવવાનું હોય છે. છોકરાની નિરીક્ષણ શકિત, ચોકસપણું અને વિચારશકિત જેણે કરીને વધે એવી તજવીજ પણ કરવાની હોય છે અર્થાત્ નાનાં છોકરાંને પોતાના આગલા આયુષ્યક્રમમાં ઉપયોગી થાય એવી જે જે બાબતો હોય છે તે સઘળીનો પાયો નાખવાનો એજ વખત છે આ સઘળી બાબતો લેખન, વાચન, અને ગણિતની પેઠેજ ઉપયોગી છે. ટૂંકામાં આ વિષયો આરંભમાં ન આવડતા હોય તો આગળ ઉપર ગમે ત્યારે આવડે, પરંતુ ઉપરની સઘળી બાબતોની જો એક વાર નાનપણમાં ટેવ પડે નહિ, તો પછીથી ટેવ પડવાની આશાજ નથી.

ઉપરની સઘળી બાબતો સાધ્ય થવામાં મોટી અડચણ એ છે કે, પ્રાથમિક શાળાઓમાં શરૂઆતમાં જે છોકરાં આવે છે તેમનાં વય અને યોગ્યતા જુદી જુદી હોય છે. આથી કરીને તે તફાવતના પ્રમાણમાં પ્રત્યેક વયના અને યોગ્યતાના છોકરાને જુદા જુદા પ્રકારનું શિક્ષણ આપવું પડે છે. આ સઘળાં છોકરાંનું ધોરણનાં પ્રમાણમાં લેખન, વાંચન, ગણિત, વિગેરે સરખુંજ હોય છે. પણ તે પ્રમાણમાં, તેમને રીતભાત શીખવવાનું ધોરણ એક સરખું હોતું નથી. નાની ઉમરનાં છોકરાંની સમજણમાં અંતર ઘણો હોય છે. મોટપણે એક પંદર વર્ષનો અને બીજો સત્તર વર્ષનો છોકરો હોય તો તેમની ધારણા શકિત અને સમજણમાં વિશેષ તફાવત હોતો નથી; પણ જો પાંચ ને સાત વર્ષનાં નાનાં છોકરાં લઇએ તો તેમનામાં આ તફાવત ઘણો મોટો હોય છે. આ તરફ શિક્ષકની સ્થિતિ જોઇએ તો આવાં ભિન્ન વયનાં અનેક છોકરાંને શિખવવાનું છતાં તથા તેમના વર્તન તરફ લક્ષ આપવાનું છતાં તેમાં તે એકલોજ હોય છે (અપૂર્ણ.)

हिंदुस्तानना इतिहासनी पूर्ण नोंध.

અંગ્રેજી-ગુજરાતી તથા ગુજરાતીની [illegible] ઉંચા ધોરણો તેમજ સર્વ પરીક્ષા માટે અતિ ઉપયોગી પુસ્તક. પૃ. [illegible] ૨૩૨. ડેમી મોગલ સમયના મુખ્ય બનાવો, નકશાઓ, વંશાવળી ૧૦૦૦ સવાલ જવાબ, [illegible] પરીક્ષા [illegible] વિષય, સંજ્ઞા, મુસલમાન, મરાઠા [illegible] હકીકત, [illegible] પરચુરણ ઉપયોગી વિગેરે [illegible] કીંમત ક્ષા આના ૨ ની પાંચ. [illegible] ત્રીજી આવૃત્તિ

શિવાજી મહારાજનું ચરિત્ર • હિંદુધર્મ સંરક્ષક ને રાજ્યસ્થાપક. [illegible] પ્રતિપાદક [illegible] ની ત્રીજી આવૃત્તિ. જેમાં [illegible] પૃષ્ઠ ૨૮૮ [illegible] કિંમત રૂપીઓ એક. [illegible] તથા વિદ્યાર્થીઓને બાર આના. પોસ્ટેજ બે આના.

મણિલાલ એન. નાણાવટી
સો. હિ. [illegible] બુક [illegible]—ભરૂચ.

પુસ્તકોની પહોંચ.

વિચારદર્પણ—આ માસિકના કર્તા તરફથી તેનો ૧ લો તથા ૨ જો અંક અમને મળ્યા છે. [illegible] ૧૮૯૬ ના સપ્ટેંબરથી આ માસિક [illegible] વિષયો ઉપર [illegible] અને [illegible] નિર્ણય [illegible] છે. અંગ્રેજી [illegible] તે તે વિદ્વાન [illegible] આ માસિક [illegible] પસંદ કરવાનો કર્તાના હેતુ [illegible] છે. જેવા બે અંકો પ્રગટ થયા છે, તેવાને તેવાજ બીજા પણ પ્રગટ થશે તો ગુજરાતી ભાષામાં એ એક ઉપયોગી માસિક થઈ પડશે, એમ [illegible] છે. [illegible] ટપાલ સાથે રૂ. ૧॥ છે

સુદામા ચરિત્ર-(પંચાંકી નાટક)—કર્તા કવિ ભવાનીશંકર નર્મદાશંકર તરફથી અમને એક નકલ મળી છે ને ઉપકાર સાથે સ્વીકારીએ છીએ. નાટકો [illegible] કે [illegible] તેનો [illegible] નથી [illegible] કરી [illegible] ઓછી [illegible] બનાવવું કે તેનું [illegible] નાટક [illegible] છે. એમ [illegible] સુદામાચરિત્ર નાટક [illegible] ભવાનીશંકરે ઠીક લખ્યું છે [illegible] છે. [illegible], અને પરચુરણ [illegible] છે પૃષ્ઠ ૧૬૦ નાં. કિંમત રૂ. ૧) છે.

પ્રસિદ્ધિપત્ર.

ખાસ કરીને વડોદરા કેળવણીખાતાને ઉપયોગી થાય એ હેતુથી આ ચોપાનિયું પ્રગટ કરવામાં આવ્યું છે તોપણ દરેક રાજ્યમાં શિક્ષકનું કામ કરનાર તેમજ અન્ય લોકોને પણ સામાન્ય રીતે તે કામનું થઈ પડે એવી ગોઠવણ કરી છે.

ચોપાનિયું હિંદુ માસની શરૂઆતમાં પ્રગટ થશે. એનો દર પોસ્ટેજ સુદ્ધાં ૩ રૂ. રાખવામાં આવ્યો છે તથા કેળવણી ખાતામાંના અને બીજા રૂ. ૨૦ પગારના નોકરોને તથા ગામડી નિશાળના માસ્તરોને તથા ટ્રેનિંગ કૉલેજના સ્કૉલરોને તેનો લાભ મળે એટલા માટે જેમને રૂપિયા દશ અને તેની અંદર પગાર મળતો હશે તેઓ તે બાબતની ખાત્રી કરી આપ્યેથી કીમત તરીકે ફક્ત આઠ આના અગાઉથી મોકલશે તો આ ચોપાનિયું મોકલવામાં આવશે. બહાર ગામના ગ્રાહકોએ ત્રણ આના પોસ્ટેજના વધારે મોકલવા. છૂટક નકલ ૧ ના ચાર આના લેવામાં આવશે.

છાપવા મોકલેલું લખાણ ચોખ્ખે અક્ષરે કાગળની એકજ બાજુએ લખવું. તે અમુક માસમાં છાપવા અગર નાપસંદ પડેલું લખાણ પાછું મોકલવા બંધાતા નથી. તેમ જો જરૂર હોય તો મોકલનારે પોતાને ખર્ચે મંગાવી લેવા તજવીજ કરવી. આ ચોપાનિયાને અનુકૂળ એવા ખાસ વિષયો મોકલનારને તેમની ઇચ્છા હશે તો તે યોગ્ય જણાશે પૈસા આપવામાં આવશે, માટે તેમણે એ બાબત રિપ્લાઈકાર્ડથી ખુલાસો મેળવવો. છાપવા લાયક નિબંધો, પ્રશ્નો વગેરે કેળવણીને લગતા વિષયો ઉપર પ્રથમ ધ્યાન આપવામાં આવશે.

જાહેરખબરો છાપવાના ભાવ.

રૂ.		લીટી
૦॥	...	૨
૧	...	૪
૧॥	...	૭
૨	...	૧૧
૨॥	...	૧૫
૩	...	૨૦

બાર માસ લગી લાગલાગટ હશે તો પ્રથમ પૂરો ચાર્જ અને તે પછીના અગિયાર મહિના લગી પા ભાગ ચાર્જ પડશે. બાર મહિનાથી ઓછી મુદત હશે તો પહેલે મહિને પૂરો ચાર્જ અને પછીને દર મહિને અર્ધો ચાર્જ લેવાશે.

એ ઉપરાંતનો ભાવ ઉપર પ્રમાણેજ.

હેંડબીલો વહેંચવાના દર.

પા તોલા સુધીના હશે તો	રૂ ૬-૮-૦
અર્ધા તોલા સુધીના હશે તો.	રૂ ૮-૦-૦
૧ તોલા સુધીના હશે તો...	રૂ ૧૦-૦-૦

એ ઉપરાંતને માટે પત્રવ્યવહારથી ખુલાસો મેળવવો.

મનિઆર્ડરથી લવાજમ મોકલનારે કુપન ઉપર પોતાનું નામ, ગામ અને શી બાબતના પૈસા છે તે ચોખ્ખે અક્ષરે લખવું. પોસ્ટ સિવાય બીજી ટિકીટો લેવાશે નહી.

પત્રવ્યવહાર નીચેને સરનામે કરવો. નોટપેડ કાગળ લેવામાં આવશે નહિ.

'કેળવણી' ઑફિસ.
વડોદરા-વાડી, રંગમહેલ

છોટાલાલ નરભેરામ ભટ્ટ.

श्री.

संवत् १९५३. पौष

[illegible]

पुस्तक १८ मुं. अंक ३ जो

અધિપતિ

છોટાલાલ નરભેરામ ભટ્ટ.

[illegible]

[illegible] માં છાપ્યું.

[illegible]

अनुक्रमणिका.

વિષયો	પૃષ્ઠ
૧. દોષ દર્શન	૪૭
૨ દર્શન	૪૯
૩ નિશાળની મારી વ્યવસ્થા.	૫૧
૪ નિબંધ શીખવવાનો ક્રમ	૫૫
૫ વસ્તુપાઠ	૫૯
૬ કિન્ડરગાર્ટન પદ્ધતિના મૂળતત્વો	૬૩
૭ ગાયકવાડ સરકારનું દેશી કેળવણી ખાતું (અસલપુરવણી) ...	૭

વિજ્ઞાપના.

કેળવણીનો અંક મોડામાં મોડો પુનમ સુધીમાં ન મળે તેમણે જે તે માસ પૂરો થતા અગાઉ પરભાર્યું અમારા તરફ લખી જણાવવા તસ્દી લેવી, એટલે યોગ્ય ખુલાસો વખતોવખત આપવામાં આવશે પૂનમ પછી લખનારને અંક સિલકે હશે તો જ મળી શકશે

જોઇ જોઇને ચીતરવાના નકશા.

ગુજરાત પ્રાંતનો ગાયકવાડી રાજ્યના ભાગ સાથે		રૂ ૧) ના ૧૦૦	નંગ
હિંદુસ્તાનનો	કીમત	રૂ ૧) ના ૧૦૦	,,
મુંબઇ ઇલાકાનો	કીમત	રૂ ૧) ના ૧૦૦	,,
વડોદરા પ્રાંતનો	કીમત	રૂ ૧) ના ૧૦૦	,,
કડી પ્રાંતનો	કીમત	રૂ ૧) ના ૧૦૦	,,
નવસારી પ્રાંતનો	કીમત	રૂ ૧) ના ૧૦૦	,,
ગાયકવાડી રાજ્યનો ચારે પ્રાંત સાથે મોટો.		રૂ ૧) ના ૨૦	,,

ઠેકાણું.
વડોદરા—કોલાખાડી નિશાળ | મગનલાલ દ્વારકાદાસ માસ્તર.

કેળવણી.

दोधक.

अर्थ मळे वळी धर्म सधाये, ज्ञान वधे मनमान वधाये;
प्रीति वधे पसरे जश सारो, ए शिशुशिक्षण धर्म अमारो. १

પુસ્તક ૧૦ મું. પોષ. સંવત્ ૧૯૫૩. અંક ૩ જો.

दोषदर्शन.

મહીદીપ છંદ.

દોષ દોષ શું કહે તું દોષ હું બતાવું,
દોષ કેમ તજિ શકે રોષથી સતાવું,
કાળવારિ વેગથી વહે ન તે તું જાણે,
હાથ પાય જોડિ બેસિ તું રહે અજાણે. ૧
વાતમાં રસીક બન્યો ગામગપ્પ કે'વા,
કાજ શું સુધાર્યું ? શી કરી હરીનિ સેવા ?
ગજુંવિના વાતનું વધારિને કરે છે,
લક્ષ ન દે તોય બોલતા ન તું ડરે છે. ૨
જ્યાં મળે ન પાઈ ત્યાં લડાઈ તું લડે છે,

પૂછતું ન કોઈ ત્યહાં તું જઈ અડે છે;
કરિ શકે ન મદદ ત્યહાં રોદણાં રડે છે,
કામ વિના અન્યતણે ઘેર આથડે છે. ૩
સાચું તોય કડવું વચન વૈરબીજ રોપે,
ગુણિ તથાપિ માનહાનિ દેખિ દેખિ કોપે;
સત્ય બોલ, મધુર બોલ, નીતિ એમ કે'છે,
તોય ગર્વ રાખિને તું કટુ વચન બકે છે. ૪
ફરતું ચક્ર કાળનું તથા દશાતણું છે,
અન્યનું બજાવ્યું હીત તેજ આપણું છે;
એમ તું મુખે કહે તથાપિ નિત્ય ભૂલે,
મદથિ અન્યનું બગાડ્યું બુદ્ધિ પડી ચૂલે. ૫
અન્યનું તું જાણિ જોઈ ભૂંડું નિત્ય બોલે,
વાયરે ચઢ્યો તું કદિક આપ એબ ખોલે;
પિશુનતા તજી શક્યો ન સ્વાર્થ સબળ થાવા,
દીન થઈ ખુશામતથી અન્યને રિઝાવા. ૬
ફરજ આપની પિછાણી પણ ન તેં બજાવી!
સાચવ્યો ન તેં સ્વધર્મ જાત તેં લજાવી;
ધૈર્ય તું ધરી શક્યો ન હિંમતથી ટક્યો ના,
લોભ વેગ ક્રોધ વેગ તુજથકિ અટક્યો ના. ૭
મનતણા વિકારને તું ઝટ્ટ થયો તાબે,
દેહનાવ તેથિ તારું ચઢિ ગયું ખરાબે;
શાસ્ત્ર કહે બુદ્ધિ કહે તોય તે ન માને,
ક્ષણિક મનનિ તૃપ્તિ માટ ભૂલિ જાય ભાને. ૮
તું વૃથા વિલાસમાંહિ સમય સકળ ભરતો,
બાલબાલિકાનિ નથિ સુધારણા તું કરતો;
તત્વજાણતણું તું વચન સત્ય કહિ વખાણે,
શ્રદ્ધા નવ તોય રહી રાખતાં પરાણે. ૯
દોષકોષ શા બતાવું દુષિત રખે થાઉં,
કે હું કડવું વચન બોલનારમાં ગણાઉં;
રોષપાત્ર હું રખે જણાઉં લોક દગમાં,
સત્ય મનોહારિ વચન દુર્લભ છે જગમાં. ૧૦

દર્શન.

પ્રોફેસર ગોખલેએ પોતાના વ્યાખ્યાનમાં આપણા દેશમાં અને અંગ્રેજ સરકારના તાબા તળેના બીજા દેશોમાં કરનું ઉત્પન્ન કેટલું છે અને તેમાંથી પ્રાથમિક શિક્ષણનો ખર્ચ કેટલો થાય છે, તે સમજાવવા માટે નીચેના આંકડા આપ્યા છે —

દેશ.	કરનું ઉત્પન્ન.	શિક્ષણનો ખર્ચ	સેંકડે ખર્ચ
વિલાયત	૭૮ ૭ દશલક્ષ પૌંડ	૯ ૫ ૬ લ પૌં	૧૨ ૫
ફ્રાન્સ	૨૭૯ ૯ દશ લક્ષ ફ્રાંક	૨૯ ૫ ૬ લ ફ્રા	૧૦ ૭
ન્યૂસાઉથવેલ્સ	૪ ૭ દશ લક્ષ પૌંડ	૫૧ ૬ લ પૌંડ	૧૨ ૫
ન્યૂઝિલાંડ	૨ ૩ " "	૪૪ "	૧૯
વિક્ટોરિયા.	૨ ૫ " "	૬૪ "	૨૫ ૭
લંકા	૧૦ ૮૫ દશ લક્ષ રુપિયા	૧૦૪ ૬ લ રૂ	૫ ૫
હિંદુસ્તાન.	૫૨૫ ૨ " "	૯ ૭૩ "	૧ ૭

આ આંકડા જોતાં આપણા દેશમાંના શિક્ષણ તરફ બીજા દેશના પ્રમાણમાં ઘણુંજ થોડા પૈસા ખર્ચ થાય છે, એમ માનવું પડે છે. હિંદુસ્તાનની વસ્તી પ્રમાણે લંકા એટલે સુધી પ્રમાણમાં સેંકડે આપણા કરતાં સુમારે ચાર ગણા પૈસા શિક્ષણમાં ખર્ચ થાય છે. બીજી વાત એ જોવાની એમ છે કે, ઉપર જે દેશ ગણાવ્યા છે, તેમાંના બધા દેશોમાં શિક્ષણનો ખર્ચ ૧૦ દશ વર્ષમાં વધારે થતો ગયો છે, પણ આપણા દેશમાં શિક્ષણનો ખર્ચ તેટલા વર્ષમાં તેટલો વધ્યો નથી. દેશનું ઉત્પન્ન જોતાં તે વધ્યું છે અને બીજાં ખાતાંનો ખર્ચ પણ અસાધારણ વધતો જાય છે, પરંતુ શિક્ષણનો ખર્ચ વધવાને બદલે તેમનો તેમ છે. કહેવાનું એટલું છે કે આ બાબતનો વિચાર આપણી સરકારે અવશ્ય કરવો જોઈએ. લોકોની આબાદી થવાની બીજી સર્વ બાબતો કરતાં શિક્ષણની ઘણીજ આવશ્યકતા છે, માટે તેમાં યોગ્ય ખર્ચ કરવો એ સરકારનું પહેલું કર્તવ્ય છે.

એક કલમ શિક્ષકે પોતાના ઉપરીને પૂછ્યું કે નિશાળમાં દર મહિને પરીક્ષા શું કરવા કરવી જોઈએ? મહિને મહિને નિશાળ તપાસવાના કામમાં પડવાથી છોકરાંઓમાં બરાબર શિક્ષણ આપી શકાતું નથી. એટલે શિક્ષણ આપવાનું બંધ કરી પરીક્ષાના કામમાં પડવા જોઈએ પછી શું શીખવવું અને કેમ શીખવવું, એ નક્કી કરતાં પહેલાં ઘણો વખત જાય છે. ઉપરીએ તેને જવાબ આપ્યો કે તેમ હોય તો બબ્બે દોઢ મહિને પરીક્ષા લેવા જવું. પરીક્ષાની કસોટી વિના શિક્ષણનો અભ્યાસ નીકળતો નથી.

નિયમિત પરીક્ષા કરનારને સૂચના—ઇંગ્લાંડના એક શાળાખાતાના ઇન્સ્પેક્ટરે મુખ્ય શિક્ષકોને સૂચના કરી છે કે, તમે નિયમિત પરીક્ષા કરો, ત્યારે તે સંપૂર્ણ કરજો, કાગળો બરાબર તપાસજો, અને બરાબર જાણવી હોય તેવોજ રિપોર્ટ તમારા હાથ નીચેના શિક્ષકોના કામ ઉપર કરજો. અમારા જોવામાં એક શિક્ષક એવો આવ્યો છે કે

તે પોતાના તાબાના શિક્ષકો કામ કરવામાં વધારે મેહેનત લે, તે માટે એક ઉંચા ધોરણની પરીક્ષા કરતાં વાસ્તવિક કરતાં વધારે સખ્તાઇ કરીને તેનું પરિણામ ખોટું બતાવતો હતો. આ કાર્ય ઘણું અસભ્ય તો છેજ, પણ તે સાથે તે મુખ્ય શિક્ષકની નિર્ણય કરવાની શક્તિ પણ નબળી માલમ પડે છે. કોઇ કોઇ જગોએ શિક્ષકોની અભ્યાસવૃદ્ધિની ચોપડીમાં " અતિ ઉત્તમ " એવા શેરા પણ મુખ્ય શિક્ષકે કરેલા અમારા જોવામાં આવ્યા છે. તે વિષે અમારૂં કહેવું એમ છે કે મુખ્ય શિક્ષકે પોતાના શેરાની કીમત એમ હાથે કરીને છેક હલકી કરી નાખવી પણ ઘટતી નથી. જે ખરેખરૂં 'સારૂં' નથી, તેને ' સારૂં ' કહેવાથી તેની કીમત કાંઇ રહેતી નથી. મતલબ કે તમારે અતિશય સખત પણ ન થવું તેમ અતિશય નરમ પણ ન થવું. પરીક્ષા વખતે યંત્રની પેઠે શીખેલી બાબતનો બાળકો જવાબ દે અને સેંકડે ૭૫ ટોકડા મેળવે, તેમ કરવા કદી લોભાવું નહિ; છોકરાંની બુદ્ધિ જેમાં કેળવાય એવું શિક્ષણ આપવાનું શિક્ષકોને ઉત્તેજન આપવું.

સમયરક્ષકપણાની જરૂર—એક ઇન્સ્પેક્ટર લખે છે કે બહુધા અમે જે શાળાની મુલાકાત લેઇએ છીએ, તે શાળાનું કામ શરૂ થતી વખતેજ હોય છે; કેમકે તેમ કરવાથી નિશાળનું કામ કેવી રીતે શરૂ થાય છે, તે બરાબર જોઇ શકાય છે. કેટલીક વાર શિક્ષકો મોડા આવે છે, છોકરાં મોડાં આવે છે, વેહેલાં આવેલાં છોકરાં નિશાળની પાસે તોફાન મચાવી રહ્યાં હોય છે, નિશાળ વાળેલી નથી હોતી, આવતા વેત તરતજ શાળાનું કામ શરૂ કરી શકાય એમ હોતું નથી, અને એવીજ બીજી કેટલીક ઝીણી ઝીણી બાબતો જે બીજી વખતે જોવામા નથી આવતી, તે તે વખતે જોઇ શકાય છે. ખરૂં પૂછો તો આ જમાનો સમયરક્ષક (નિયમિત સમયે નિયમિત કામ કરનાર)નો છે. જેઓ સમયરક્ષક થતા નથી, તે આ જમાનામાં વખણાતા પણ નથી. શિક્ષકોએ અવશ્ય કરીને સમયરક્ષક થવું જોઇએ.

શિક્ષકોએ અભ્યાસની વ્યવસ્થા કેવી કરવી.—પદ્ધતિસર કરેલું કામ થોડા વખતમાં પૂરૂં થાય છે અને તે સારૂં પણ થાય છે. કામ પૂરૂં કરવાની લલચમાં જેઓ પદ્ધતિ છોડીને શીખવવા માંડે છે, તેમનું કામ મોડું પૂરૂં થાય છે અને તે પણ નહિ જેવું. ઈંગ્લાંડના સારા શિક્ષકો મુખ્ય શિક્ષકે કરી આપેલા ત્રિમાસિક અભ્યાસપત્રક ઉપરથી દર અઠવાડિયાનો અભ્યાસ મુકરર કરે છે અને તે ઉપરથી દરરોજ શીખવવાના કામનો પ્રોગ્રામ કરી મૂકે છે, એટલે કયે વખતે કયી બાબત કેટલી શીખવવી છે, તે વિષે શંકા રહેતી નથી. આવી રીતે કરવાથી વિભાગશઃ શીખવવાની બાબત તેમને એટલી થોડી લાગે છે કે તેથી તેમના મન પર નિરંતર આખા વરસના શિક્ષણનો બોજો રહેતો નથી, અને તેથી તેઓ પોતાને દરરોજ પોતાના કર્ત્તવ્યથી ફારક થયેલા માની સાંજરે સંતોષથી અને આનંદથી ઘેર જાયછે. આપણે અહીં પણ શિક્ષકો આ પદ્ધતિને અનુસરે તો તેમને શીખવવાના કામમાં ઘણી સગવડ થશે.

પદ્ધતિસર ઉત્તર આપવાની અગત્ય.—પરીક્ષા વખતે ઘણા છોકરા પરીક્ષકે પૂછેલા પ્રશ્નોના એવા જવાબ આપેછે કે તેથી વારંવાર પ્રશ્ન પરંપરા ઉત્પન્ન થઇને પરીક્ષકનો કાળ નકામો જાયછે તથા છોકરાનું શિક્ષણ કાચું માલમ પડે છે, માટે દરેક શિ-

શકે હરકોઈ પ્રશ્નનો ઉત્તર સંપૂર્ણ શબ્દો બોલીને, અને પૂછેલી બાબતનેજ અનુસરીને આપવાની ટેવ છોકરાને પાડવી જોઇએ જેમ કે, પ્રશ્ન–પાંચ પૈસાનું ૧૫ શેર ત્યારે એક પૈસાનું કેટલું? જવાબ–"ત્રણ" અહીં "ત્રણ શેર" કહેવું જોઇએ પ્રશ્ન–"સરોવર એટલે શું?" જવાબ–"ચારેપાસ જમીનથી વીંટાયલા પાણીના મોટા ભાગને સરોવર અને નાના ભાગને તળાવ કહે છે" આ ઉત્તરમાં "નાના ભાગને તળાવ કહે છે" એ કહેવાની કાંઈ જરૂર નથી. આવીજ તરેહની અનેક પ્રકારની ભૂલો કરે છે, તે ઉપર શિક્ષકે સદૈવ લક્ષ આપવાની જરૂર છે

નિશાળની સારી વ્યવસ્થા.

(પાછલા અંકથી ચાલુ)

વર્ગ કેવી રીતે થઇ શકે.—વર્ગ કેવી રીતે બાંધાય શકે એના અનેક પ્રકાર છે, તથાપિ આપણી નિશાળોમાં તો ધોરણો મુકર્રર થયેલા છે અને તે શીખવવાનો કાળ મુકરર થએલો છે, એટલે અમુક કાળમાં છોકરાએ અમુક અભ્યાસ કરવો, એવો સંકેત પ્રથમથીજ કરેલો હોય છે આ કારણથી, જો કે નાખનારાઓના હિતને અર્થે અનેક પ્રકારે વર્ગ બાંધી શકાય, એમ છતાં પણ, ધોરણને અનુસરીને વર્ગ બાંધવા પડે છે, એટલે પછી ધોરણ અને વર્ગ એમાં ઝાઝો તફાવત રહેતો નથી આ રીતે વર્ગ બાંધવાથી નુકશાન એ થાયછે કે કાયો વિષય પણ મુકરર કરેલી મુદતમાં પૂરો કરાવવો પડે છે અને મંદબુદ્ધિના છોકરાને પણ વર્ષમાં ધોરણ પુરૂં કરાવવું પડે છે અર્થાત્ છોકરાનું વય, તેમની બુદ્ધિ, અને તેમની આવડત, એ ઉપર લક્ષ આપ્યા સિવાય માત્ર ધોરણને અને પરીક્ષાના સમયને અનુસરીને વર્ગ બાંધવા પડે છે

હવે બીજી રીતે જોઇએ તો છોકરાનો અભ્યાસ જે જગોએ ઉત્તમ રીતે ચાલતો હોય, તે જગોએ તેને બેસાડવો જોઇએ એમ થવા માટે પાછલા અંકમાં કહ્યું છે તેમ, તેમના અભ્યાસની યોગ્યતા પ્રમાણે તેમના વર્ગ બાંધવા જોઇએ, પણ નાની નિશાળો, કે જ્યાં શિક્ષકો પૂરતા હોતા નથી ત્યાં એમ કરવું પાલવતું નથી એકજ ધોરણમાં ત્રણ નહિ તો નિદાન બે ટુકડી પણ ઉત્તમ અને કનિષ્ઠ છોકરાઓની થવાની. ટુકડીઓ નાની હોય તોપણ તેમને શીખવવાને એકજ શિક્ષક ખરી રીતે શીખવતાં પહોંચી શકે નહિ, માટે જો એ પ્રકાર પસંદ કરવામાં આવે તો તેનો લાભ માત્ર મોટી શાળાઓવાળાજ લેઇ શકે એમ છે. નાની શાળાઓમાં કોઇ બીજે પ્રકારે વર્ગ બાંધવાને જોઇએ. કેટલાક કહે છે કે વિષયવાર વર્ગ રાખવા આ યુક્તિ અમારે મતે કેવળ કલ્પનામાત્ર સારી છે વાચનનો એક વર્ગ, લેખનનો એક વર્ગ, એમ કરતાં તો અનેક વર્ગો થઇ જાય, અને કાંઈ નિયમ રહી શકે નહિ જ્યાંસુધી વાર્ષિક પરીક્ષામાં પાસ કરાવવાના હેતુથી વર્ગ બાંધવામાં આવે છે, ત્યાં સુધી ધોરણ પ્રમાણે વર્ગ રાખ્યા વગર તથા ઉત્તમ બુદ્ધિવાળા છોકરાઓ સાથે મંદ બુદ્ધિવાળા છોકરાઓને ઘસડ્યા વગર અથવા મંદબુદ્ધિસાથે ઉત્તમ બુદ્ધિવાળાને ધીમેધીમે ચલાવ્યા વગર બીજો ઉપાયજ નથી

વર્ગ કેવડો જોઈએ—એટલે વર્ગમાં છોકરાં કેટલાં જોઇએ, એનો આધાર બહુધા શિક્ષણના વિષયપર હોય છે. જેમકે, ગણિત, લેખન, શ્રુતલેખન, એ વિષયોમાં એકજ શિક્ષક ઘણા છોકરાને સંભાળી શકે. શિક્ષકે વાંચીને કે મોઢેથી કાંઈ કહેવાનું હોય, પાટિયા ઉપર કાંઇ સમજાવવાનું હોય, અથવા કથિતપાઠ આપવાનો હોય, તે વખતે ઘણા છોકરાનો એક વર્ગ હોય તો પણ ચાલે; કેમકે આ કામ માટે થોડા થોડા છોકરાને કે દરેક છોકરાને એક પછી એક બોલાવીને સમજાવવા જેવું હોતું નથી. કદાચ આવા વિષયમાં પણ કેટલાક છોકરા કાચા માલમ પડે, તો તેમને પોતાની અનુકૂળતાનુસાર જુદા બોલાવી સમજાવી શકાય; પરંતુ વાચન, વ્યાકરણ, કવિતા, વગેરે વિષયોમાં, જ્યાં પ્રત્યેક છોકરાને સમજાયું છે કે નહિ તે બરાબર જાણી લેવાને પ્રત્યેક છોકરાને જુદું જુદું પૂછવાની જરૂર પડે છે, ત્યાં ઘણા છોકરાનો વર્ગ નભી શકે નહિ. આટલા માટે વર્ગમાં ઘણામાં ઘણી છોકરાની સંખ્યા પચીશ અને ઓછામાં ઓછી પંદર જોઇએ. છેકજ થોડા છોકરાનો વર્ગ એક જગોએ બેસાડીને શીખવવાથી શીખનારામાં અને શીખવનારામાં જોઇએ તેવો ઉત્સાહ ચાલુ રહેતો નથી.

જ્યાં પૂરતા શિક્ષકો હોયછે એવી મોટી શાળાઓની એ વાત થઇ; પણ નાની શાળાઓ કે જેમાં ધોરણ છ ચાલતાં હોય અને છોકરા થોડા હોવાથી શિક્ષક ત્રણ કે ચાર હોય, ત્યાં શું કરવું ? આવી શાળાઓમાં ધોરણવાર વર્ગ તો બાંધવાજ પડવાના; કેમકે એ તો એક જાણે હાલનો સ્થાપિત નિયમજ થઇ ગયો છે કે ધોરણ પ્રમાણે વર્ગ. પરંતુ તેવી શાળાઓનાં વખત પત્રકો એવી યુક્તિથી ગોઠવવાં જોઇએ કે જેથી લેખન ગેરે વિષયોમાં છોકરાઓને એકઠા કરી એક વર્ગ તરિકે શીખવી શકાય. ખરું પૂછો તો આપણી શાળાઓમાં શિક્ષકની સંખ્યા, ધોરણ, અને છોકરાંને બેસવાની જગાની વિશાળતા, ઇત્યાદિ બાબતો ઉપર લક્ષ રાખીને વર્ગ બાંધવાની આવશ્યકતા છે.

વર્ગ કેવી રીતે બેસાડવો.—આ વાત મુખ્ય ધ્યાનમાં રાખવા જેવી છે કે પ્રત્યેક છોકરા તરફ શિક્ષકની નજર પૂરતી રીતે રહી શકે એવી રીતે વર્ગ બેસાડવો જોઇએ. તેમજ, જો છોકરાંને માટે નકશો ટાંગવામાં આવે તો તે શિક્ષક તથા છોકરા પોતાની જગોએ રહીને જોઇ શકે અથવા પાટિયા પર લખેલું વાંચી શકે એમ પણ થવું જોઇએ. કેટલીક શાળાઓમાં બેસવાની સોઇ ન હોવાને લીધે આ વ્યવસ્થા બની શકતી ન હોય તો છોકરાને એવી રીતે બેસાડવા કે જેથી કાંઈક અંશે સગવડ થઈ શકે. જેમકે, છોકરાઓ નીચે બેસવાના હોય ત્યારે તેમને ગમે તો અર્ધવર્તુલાકૃતિમાં, બે કાટખૂણા બની શકે એવી આકૃતિમાં કે પછી સમાંતર સીધી લીટીઓમાં બેસાડવા. જો બાંકો ઉપર બેસવાનું હોય તો છેવટની બે આકૃતિમાં કે શિક્ષકની સામે ત્રણ કે ચાર ખૂણા થાય એવી રીતે બાંકો ગોઠવીને બેસાડવા. દરેક વર્ગને માટે જુદા જુદા ઓરડા હોય તે તો ઉત્તમજ વ્યવસ્થા; પણ એકજ ઓરડામાં બે વર્ગ કે ત્રણ વર્ગ જોડે બેસવાના હોય ત્યારે શીખવનારને વધારે ત્રાસ થાયછે; પણ જો એકજ મોટા દિવાનખાનામાં નીચલા ધોરણના ચાર કે પાંચ વર્ગ એકઠા બેસવાના હોય, ત્યારે તો શીખવવું એ સર્વેથી કંટાળા ભરેલું કઠિણ કામ થઇ પડે છે.

પાઠ લેવો અને પાઠ શીખવવો—આપણે અહીં છોકરાને શીખવવાની પદ્ધતિ

ઘણે ભાગે મુકરર થઇ ગઇ હોય તેવી છે, ને એવી રીતે કે હરકોઇ વિષયનો પાઠ આગલે દિવસે છોકરાને નીમી આપવો અને બીજે દિવસે તે સાંભળી લેવો. કેટલાક પાઠ તો અક્ષરશઃ બોલાવી જવામાં આવે છે અને કેટલાક પાઠો ઉપર પ્રશ્ન પૂછીને તે આવડ્યા ન આવડ્યાની ચોકશી કરવામાં આવે છે. વ્યાકરણ સરખો વિષય, જે છોકરાને સારી રીતે લક્ષપૂર્વક મેહેનત લેઇને સમજાવવો જોઇએ, તેનું પણ એમજ થાય છે. વ્યાકરણના કેટલાક નિયમો આગલે દિવસે મોંહે કરી લાવવા આપ્યા હોય તે બીજે દિવસે બોલાવી જોવામાં આવે છે. ઇતિહાસ અને ભૂગોળની પણ એજ દશા થાય છે. નાનાં છોકરાને ઇતિહાસ અને ભૂગોળ જે રૂપમાં ધોરણોમાં શીખવવાના કહ્યા છે, તેનો મૂળથીજ તેમને કંટાળો હોય છે, અને વળી અધરામાં પૂરું તે શીખવવાની પદ્ધતિ ઉપર કહી તેવી હોય છે, એટલે તેથી એ વિષયો તેમને એવા પ્રકારે પડી જાય છે કે તે તેમને છેવના સુધી સારા લાગતા નથી. ગદ્યમય વાચન અને પદ્યમય કવિતાની પણ આવીજ સ્થિતિ છે. જે પુસ્તકો નિશાળમાં શીખવવાના હોયછે તેના અર્થના અને અન્વયના પુસ્તકો પણ થયેલા છે તે લેઇને છોકરા આગલે દિવસે ગોખી રાખે, એટલે શિક્ષક બીજે દિવસે બરાબર ગોખ્યા સબંધી ખાત્રી કરી લે। માત્ર ગણિતમાં તેમ થઇ શકતું નથી, કેમકે તે વિષય જો છોકરાને સમજાયો ન હોય તો તેના નવા દાખલા છોકરાંથી ગણી શકાય નહિ. આવી રીતે બહુધા બધાજ વિષયો ગોખી મૂકવાથી તે વિષયનું જ્ઞાન છોકરાને કેવું થાય, તેની કલ્પના હરકોઇ કરી શકશે.

શિક્ષણ આપવાની રીતમાં ગોખવા સિવાય બીજો પ્રકાર પ્રશ્ન પૂછવાનો ચાલે છે. છોકરાને પેહેલેથી જે તૈયાર કરી લાવવાનું કહ્યું હોય તે સબંધી પ્રશ્નો પૂછવામાં આવે છે. આ પ્રશ્નો સુવ્યવસ્થિત શિક્ષણપદ્ધતિને અનુસરીને જાણીતી બાબત ઉપરથી અજાણી બાબત પર જવા માટે હોય તો તેમની તર્કશક્તિને ખીલવવાનું સાધન થઇ પડવાથી તેને ખરી શિક્ષણપદ્ધતિનો એક ભાગ આપણે કહેત. પણ તેમ હોતું નથી. તેઓ જે ગોખી લાવ્યા હોય તે તેમની પાસેથી નીકળી શકે એવા આ પ્રશ્નો હોય છે. એ રીતે આવા પ્રશ્નો શિક્ષકને બદલે હરકોઇ નિશાળિયો પણ પૂછી શકે. આવી રીતથી છોકરાંને ગોખવાનો અભ્યાસ માત્ર થાય છે પણ તેમની બુદ્ધિનો કાંઇ વિકાસ થતો નથી. વિષય સમજ્યા સિવાય પાઠ કરવાથી તેમને કંટાળો માત્ર આવે છે, અને કોઇ પણ વિષયનો તેને કંટાળોજ રહે છે; માટે પાઠ ગોખાવવાની તથા ગોખેલું બરાબર છે કે નહિ તે જાણવા માટે પ્રશ્ન કરવાની પદ્ધતિ દૂરી થવી ઘટે છે. કોઇ કહેશે કે, શું ત્યારે છોકરાને ગોખવાનું કાંઇ આપવુંજ નહિ? અને કહીએ છીએ આપવું, પણ તે એટલું થોડું જોઇએ અને સમજણ સાથે જોઇએ કે તેથી તેમની બુદ્ધિની બીજી શક્તિઓનો વિકાસ થતો અટકે નહિ. નાના છોકરાને મહેલી મહેલી કવિતા અને ગમત આપે એવા બાળજ્ઞ કે સંવાદ મોંહે કરાવીએ તો તેમાં કાંઇ ખોટું કહેવાશે નહિ. પણ હમણા તો બહુધા સર્વત્ર એવોજ પ્રકાર જોવામાં આવે છે કે શિક્ષક પાઠ કરી લાવવાનું કહે, છોકરાં ગોખી લાવે અને શિક્ષક તે બોલાવી જુએ કે પૂછી જુએ. ટ્રેનિંગ કોલેજોમાં શીખેલા શિક્ષકો પણ જાતે દહાડે ખરી શિક્ષણપદ્ધતિને કોરે મૂકીને આ ચાલતા આવેલા રિવાજને વળગી પડે છે. આમ થવાનું ખરૂં કારણ શું હશે તે વિચારવા જેવું છે. કેમકે

કારણ ખસેડ્યા વગર કાર્ય બનતું અટકાવવાનો યત્ન નિષ્ફળ છે.

માર્ક અને નંબર—છોકરાંના મનમાં શીખવાની સ્પર્ધા અને ઉત્સાહ ઉત્પન્ન કરવા માટે પ્રત્યેક વિષયમાં માર્ક અથવા નંબર આપવામાં આવે છે. પાછળ જે ગોખી લાવવાની અને પ્રશ્નો પૂછવાની પદ્ધતિ કહી છે, તેની સાથે આ માર્ક અને નંબરનો નિકટનો સંબંધ છે. જે છોકરો બરાબર ગોખી લાવ્યો હોય અથવા જે પૂછવામાં આવે તેના બિનચૂક ઉત્તર આપતો હોય તેનો નંબર ઉપર આવે અથવા તેને માર્ક વધારે મળે, એવો બહુધા નિયમ હોય છે. આથી કરીને ગોખણને વિશેષ ઉત્તેજન મળવા સરખું થાય છે. નંબર ઉપર લાવવો, એજ નિશાળમાં જવાનું સાર્થક છે એમ છોકરાંના સમજવામાં હોય છે; અને તેથી શીખવાનું તે કોરે મૂકીને કોઈ કોઈ વાર તો નંબર ઉપર લાવવા માટે છોકરા અંદર અંદર દગલબાજી અને કજીયા કરતા પણ જોવામાં આવે છે. ઉપર નંબર મેળવવા માટે એક બીજાની ચાડી કરે છે તથા એવીજ બીજી ક્ષુલ્લક ઉપાધિઓ કરે છે કે કોઇવાર તો શિક્ષકને શીખવવાનું બાજુપર મૂકી તેવા નજીવા કજિયા ચૂકાવવામાં રોકાવું પડે છે. નંબર કે માર્કવડે ઉત્પન્ન કરેલી સ્પર્દ્ધાથી કાર્ય સારૂં થાય છે એ વાત તો ખરી છે; પણ જે વખતે છોકરાંને પ્રત્યેક વિષયમાં પ્રવેશ કરાવવાનો છે તથા તે વિષયની મધુરતા તેમને લગાડવાની છે તે વખતે આવી સ્પર્ધાથી કાંઈ પણ ફાયદો થવાનો નથી; કેમકે નંબર મેળવવાની લહાયમાં કોઇવાર તો છોકરાં શિક્ષકના શિક્ષણ પર ધ્યાન આપતાં નથી, એવું જોવામાં આવ્યું છે. નંબર આપવાની પદ્ધતિથી એક તો ગોખણને ઉત્તેજન મળે છે, છોકરાંમાં સ્પર્ધાથી ઉત્પન્ન થતા અદેખાઈ, ચાડિયાપણું, વગેરે દુર્ગુણો પેસે છે, અને સિવાય કોઈ બુદ્ધિમાન્ છોકરો જે પોતાની હોશિયારીથી નંબર ઉપર ને ઉપર રાખતો હોય તેને ગર્વ થવા માંડવાથી તેને લગતા બીજા દુર્ગુણો પણ તેનામાં પેસે છે તથા પરિણામે તે આળસુ અને ખટપટી થઇ જાય છે. જે છોકરાનો છેલ્લો નંબર રહેતો હોય, તેનામાં નિરુત્સાહ પ્રવેશ કરે છે તથા તે ઉત્તરોત્તર સુસ્ત અને બેદરકાર થતો જાય છે. આ બન્ને બાબતોનું દુષ્પરિણામ છોકરાંનાં કુમળાં મન પર થવા દેવું એ ઠીક નથી. વાસ્તવિક જોતાં નાનાં છોકરાંની નિશાળમાં તો નંબર કે માર્ક, એમાંનું કાંઇજ જોઇએ નહિ; કોઈ તો એમ સુદ્ધાં કહે છે કે પરીક્ષા કરવા માટે આવેલા સરકારી અધિકારી પણ માર્ક ન આપે તો સારૂં. શિક્ષકે આખા વર્ષમાં પોતાનું કામ કેવું કર્યું છે તે જોવામાટે વાર્ષિક પરીક્ષામાં પ્રત્યેક છોકરાને પ્રત્યેક વિષયમાં માર્કજ આપવા જોઇએ એમ કાંઈ નથી; અનુભવી અધિકારી એ વાત બીજી રીતે સહજ જાણી શકે એમ છે.

શાળાની વ્યવસ્થા સારી રાખવાના સંબંધમાં કેટલીક બાબતોનો વિચાર આ નિબંધમાં કર્યો છે. વખતપત્રક અને છોકરાંનું આરોગ્ય એ પણ શાળાની સારી વ્યવસ્થાનો એક ભાગ છે, તથાપિ આ વિષયો વિશેષ મહત્વના હોવાથી તે વિષે પ્રસંગાનુસાર જુદાંજ રૂપમાં ચર્ચા કરીશું. નિશાળનું કામ કરતાં શિક્ષકોને શી શી અડચણો આવે છે, તે વિષે શિક્ષકોએ ખુલ્લા મનથી બોલવું જોઇએ; કેમકે તેમની ખરી અડચણ જેવી તેઓ જાણે તેવી પરીક્ષક અધિકારી સ્વબુદ્ધિપ્રભાવથી તર્ક કરી કરીને જાણી શકે નહિ; અને અડચણ જ્યાં સુધી બતાવવામાં આવે નહિ, ત્યાં સુધી તે ખસેડવામાં પણ શી રીતે આવે ?

निबंध शीखववानो क्रम.

અનુભવથી જોવામાં આવ્યું છે કે ઘણા ધોરણ સુધી શીખેલા છોકરાઓ પણ નિબંધ લખતાં અનેક પ્રકારની વાક્યરચનાની ભૂલો કરે છે. આજકાલ ઘણા ધોરણમાં શાળાના છોકરા ઘણા નાના હોય છે અને તથા સ્વતંત્ર તર્ક કરીને વિષયને વિસ્તારી નિબંધ લખી શકે એવી તેમની બુદ્ધિ હોતી નથી. બીજું, તેમનું વાચન પણ વિશાળ હોતું નથી. નિશાળના અભ્યાસમાં તથા રમતમાં ઘણો વખત રોકાયલા હોવાથી તેમને ઘેર સુગમ પુસ્તકો વાચવાનો અવકાશ પણ ભાગ્યેજ મળતો હશે. પોતાનું લીધેલું કામ કર્યા બાદ સમય મળે તે રમતના કે ભાઈબંધ દોસ્તારોની સાથે ગેલગમ્મત કરવામાં ન ગાળતાં અનેક પ્રકારનાં પુસ્તકો મેળવવાને તે વાચવાનો શોખ ક્વચિતજ હોય છે. આ કારણથી નિશાળની ચોપડીઓમાં જે વંચાવવામાં આવે તે ઉપરાંત તેઓ વધારે થોડુંજ જાણતા હોય છે એમ છતાં તેમને નિબંધના વિષય શીખવવાનો હોય છે અને તે શિક્ષણમાં મદદ આપવા માટે પંડિત [illegible]કૃત નિબંધરીતિનું પુસ્તક ઉપયોગમાં લેવાની ભલામણ કરવામાં આવે છે. વસ્તુઓનું વિવિધ જ્ઞાન ન હોવાથી તથા અમુક વસ્તુઓ વગેરેના ઉદ્ધૃતપાઠ આપવાની રીતિ જેટલી જોઈએ તેવી પ્રચલિત ન હોવાથી આ પુસ્તકનો જોઈએ ઉપયોગ થઈ શકતો નથી. કોઈ કહેશે " નિબંધરીતિમાંથી આટલી કસોટી કરી જાણજો " એમ કહેતાં તે માનતા છે અને, અર્થ કશો નથી. હાલ જે ઘણા ધોરણના છોકરાઓને નિબંધ શીખવવામાં આવે છે જોઈએ તો તે વાક્ય રચના પૂરતોજ હોવો જોઈએ અને જે છોકરો વાક્ય [illegible] નથી શકે, [illegible] તેની યોજના કરી શકે, ખાસ તો વિરામચિહ્ન [illegible] શુદ્ધ અર્થને અનુસરીને મૂકી શકે અને કદાચ તેના શીખેલા વિવિધ પ્રમાણમાં આવેલા કે વાંચેલા વિષય શુદ્ધ ભાષામાં લખી શકે, તો તે સારો નિબંધ લખનારો માનવો. જોકે એ ઘણા ધોરણમાં નિબંધનો વિષય રાખવા કરનારાઓનો હેતુ એ ઉપરાંત નહિ હોય એમ અમારું માનવું છે

૧. આવું શીખવવાને પણ શિક્ષક છોકરાને વ્યાકરણમાંથી પ્રથમ વાક્યરચનાના નિયમો અને પછી વિરામચિહ્ન મૂકવાનું જ્ઞાન શીખવવું જોઈએ પણ અગાડી તો વાક્યરચનાનો ભાગ બીજા વર્ગ માટે રાખેલો છે, એટલે તે ઉપર શિક્ષકો લક્ષ આપીજ શું કરવા ! તોપણ એમ કહીએ છીએ કે વાક્યરચનાના નિયમો સમજવા પૂરતો વ્યાકરણનો ભાગ એકવાર છોકરા સમજી જાય તો તે નિયમોને આધારે તેમને વાક્યો લખાવવા ઉપયોગી પડશે. એ વિના એક બીજી પણ સાદી રીત વાક્યરચના શીખવવાની છે. તે એવી કે છોકરાને એકાદ શબ્દ આપીને તે ઉપર થોડાંક વાક્યો રચવાને કહેવું જેમ,—

(૧) " પાણી " શબ્દ જેમાં આવે તેવા બે શબ્દવાળા પાંચ વાક્યો લખો ? ત્રણ શબ્દવાળાં વાક્યો લખો ? ચાર શબ્દવાળાં વાક્યો લખો ? પાંચ શબ્દવાળાં વાક્યો લખો ? છ શબ્દવાળાં વાક્યો લખો ?

(૨) " ચંદ્ર " શબ્દ જેમાં આવે એવાં વાક્યો લખો (તે વાક્યો મોટાં

કરાવવાને પહેલા પ્રશ્નની પેઠે આમાં પણ ક્રમે કરીને શબ્દો વધારતા જવું, અને ઘણામાં ઘણા જેટલા શબ્દનું વાક્ય તેઓ રચી શકે તેટલા શબ્દનું વાક્ય રચાવવું. તેમનાં રચેલાં વાક્યોમાં પ્રસંગ આવે તો કર્ત્તા, કર્મ, વિશેષણ, ક્રિયા વિશેષણ, વગેરેનો વાક્યમાં કેવો સંબંધ છે, તે પણ બતાવતાં જવું.)

(૩) " શંકા " શબ્દ આવે એવાં વાક્યો રચો !

(૪) " કન્યાકુમારી " આવે એવાં વાક્યો રચો !.

(૫) " શિવાજી " શબ્દ આવે એવાં વાક્યો રચો?

(૬) " અકબર " શબ્દ આવે એવાં વાક્યો રચો ?

(વાક્યોમાં તેઓ ભલતીજ બાબત ગોઠવે તે કરતાં જે ગોઠવે તે ખરી અથવા સંભવિત હોય, તેમ થવાને કાળજી રાખવી.)

(૭) " પ્રતિનિધિ " શબ્દ જેમાં આવે એવાં વાક્યો રચો !

(૮) " પરોપકાર " શબ્દવાળાં વાક્યો રચો !

(૯) " કસાઈ " શબ્દવાળાં વાક્યો રચો ?

(ઘણાં વાક્યો એકજ શબ્દ ઉપર રચાવવામાં આવે, તેમાંની હકીકત તેની તેજ ન આવવા દેવી જોઇએ.)

(૧૦) " વસંતતિલકા " શબ્દ આવે એવાં વાક્યો રચો ?

અને એજ પ્રમાણે જુદા જુદા વિષયને લગતા શબ્દો આપીને અનેક વાક્યો રચાવવાં. વાક્યો લખી લાવે તેમાં શુદ્ધજ લખે (જોડણીની ભૂલો ન કરે), તથા વાક્યને અંતે પૂર્ણ વિરામ કે પ્રશ્નચિન્હ કે ઉદ્‌ગારચિન્હ વગેરે મૂકે નહિ, તો તે પણ લખવાની ભૂલ ગણી છોકરાંને બતાવવી.

૨. આવી રીતે વાક્યો છોકરાઓને લખતાં આવડયા પછી પ્રશ્નો પૂછી સંપૂર્ણ બોલાવવાં તથા લખાવવાં. જેમ,

(૧) સાચું બોલવું એ શામાટે સદ્‌ગુણ છે ?

(૨) શિવાજીએ અફઝુલખાનને શી રીતે માર્યો ?

(૩) સરવાળામાં દશે એક વદી શા માટે લેવામાં આવે છે ?

(૪) બીજાઓ કરતાં અંગ્રેજ લોકો શા કારણથી ઘણા ધનવાન્ છે ?

(૫) કલાઈવે અમીચંદને શી રીતે ઠગ્યો ?

(૬) અકબર અને ઔરંગઝેબના ગુણોનો મુકાબલો કરી બતાવો ?

(૭) પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે તે આપણે શા ઉપરથી જાણીએ ?

(૮) મૂરખ રાજાની કવિતા છઠ્ઠી ચોપડીમાં છે, તેની વાત કહો !

(૯) નામદાર વાઇસરૉય વડોદરામાં આવ્યા ત્યારે તમારા જોવામાં શું શું આવ્યું તે કહો ?

(૧૦) સેરડીમાંથી સાકર શી રીતે બનાવે છે તે કહો ?

આ પ્રશ્નોના ઉત્તરો વિસ્તારથી અને પૂરેપૂરા આપે નહિ ત્યાં સુધી શિક્ષકે સંતોષ માનવો નહિ. છોકરાંને એવી ટેવ હોય છે કે જેટલું તેઓ ધારે છે તેટલું બધું શબ્દોથી ન કહેતાં જેમ બને તેમ થોડા શબ્દોમાં પતાવી દે છે. ઘણીવાર કર્ત્તા, કર્મ, કે ક્રિયાપદ

તો પણ અધ્યાહાર કરી દે છે પણ આપણે તો કયાંનો અધ્યાહાર ન કરાવતાં આખું વાક્ય પૂરું બોલી બતાવે તેનોજ ઉત્તર ખરો માનવો. કદાચ કોઈ ઉત્તર દે-તાં વચમાં શબ્દો પડતા મૂકે તો કયા શબ્દો પડતા રહ્યા છે તે વિષે વર્ગમાં પ્રશ્ન કરી આખું વાક્ય સુધારવું. બોલે બરાબર ઉત્તર આપી શકતા થાય ત્યારે તેવા પ્રશ્નો આપી જવાબ લખી મગાવવા.

ઉપરના નમૂનાના પ્રશ્નો છે તેનું શરૂઆતમાં એકાદ બે સાદા વાક્યથીજ જેનો જવાબ આપી શકાય એવા પ્રશ્ન પૂછવા, પછી મિશ્ર વાક્યથી કે સંયુક્ત વાક્યથી જવાબ આપી શકાય એવા પૂછવા અને છેવટે વધારે વાક્યોથી જવાબ મળે તેવા પ્રશ્નો પૂછવા.

પ્રશ્નો પૂછતાં એ યાદ રાખવું કે પ્રશ્નમાં પૂછેલી બાબતની છોકરાંને સારી માહિતી છે કે નહિ? માહિતી ન હોય તો પ્રથમ અગાઉથી પ્રસંગ સમજાવીને પછી તે વિષે પ્રશ્ન કરવો. જવાબ લખી મંગાવવામાં આવે ત્યારે તે જવાબ દરેક જણનો બરાબર તપાસી જોવો તથા તેની જોડણીના સંબંધમાં, વાક્યરચનામાં કે વિરામચિહ્ન મૂકવામાં જે જે ભૂલો કરી હોય તે આખા વર્ગને પૂછી પૂછીને સુધારવી.

ઉપરના કામમાં મદદ મળવા માટે પ્રસંગોપાત તેમને વાક્યરચનાના નિયમ કહેતા જવું, તેમ વિરામચિહ્નો મૂકવાના નિયમો પણ કહેતા જવું પણ એ યાદ રાખવું કે તેમ કરતાં તે પાઠ વ્યાકરણનોજ ન થઈ જાય. ગમે તો એકાદ વખત વાક્યરચના વિષે કે કોઈ વાર વિરામચિહ્ન વિષે સ્વતંત્ર પાઠ આપવો યોગ્ય લાગે તો તે આપવો. નિશાળમાં ચાલતા બીજા અભ્યાસ વખતે પણ છોકરાંને જે કાંઈ લખાવવામાં આવે તે તેઓ શુદ્ધ લખે છે કે કેમ તે જોતાં રહેવું. ઇતિહાસ, નીતિ અને શારીરિકધર્મ, ભૂગોળ, વગેરેના પ્રશ્નો આપી જવાબ લખી મગાવવામાં આવે ત્યારે પણ વાક્યશુદ્ધિ તરફ સંપૂર્ણ લક્ષ આ-પવું. વાક્યરચના માટે જે પ્રશ્નો કરવામાં આવે તેમાં એટલું સંભાળવું કે પ્રશ્નોના ઉત્તરો બાળકોએ ગોખી રાખેલા ન હોય. અલબત્ત તેમના જાણવામાં હોય, પણ ગોખ-વામાં ન હોય તેવાજ પ્રશ્નો વાક્યરચના માટે આપવા.

૩. પ્રશ્નોના ઉત્તરો બીનચૂક લખતાં આવડે એટલે આગળ ચાલવું. એક એક પેરેગ્રાફ (વાક્યખંડ) થાય એવા પ્રશ્નો તેમને પૂછી તે લખાવી મગાવવા. ઉપર જે પ્રશ્નો આપેલા છે તેમાંથી પાંચમો, છઠ્ઠો, આઠમો, નવમો, અને દશમો, એ પ્રશ્નો એવા છે. બીજા પ્રશ્નોઃ—

(૧) શીયાળાના ઋતુનું વર્ણન કરો?
(૨) દીવાળીના તેહેવારનું વર્ણન કરો?
(૩) શરીર સ્વચ્છ શી શી રીતે રાખી શકાય તે કહો?
(૪) ધનવાન લોકોના કયા કયા ધર્મ છે તે કહો?
(૫) કેરોસીનના દીવા અને દીવેલના દીવાનો મુકાબલો કરો!
(૬) બાગમાં શું શું હોય છે તે લખો?
(૭) ચકલીનો આકાર, અવયવ, ઉપયોગ, માળા, અને બચ્ચાનું પોષણ, એટલાં વાનાં એક પેરેગ્રાફમાં લખો!
(૮) રોટલી શી રીતે કરે છે તે લખો?

(૯) નિશાળેથી છૂટ્યા પછી ઘેર જઈ સુતા સુધી તમે શું શું કરશો તે લખો !

(૧૦) ગંજીફો, વાઘબકરી, (અથવા છોકરા જાણતા હોય તેવી હરકોઈ રમત) રમવાની રીત લખો ?

આ પ્રશ્નોના ઉત્તરો એકજ પેરેગ્રાફમાં જોઇએ. ઘણું લખી મગાવવા કરતાં થોડું પણ શુદ્ધ વાક્યરચનાથી લખી મંગાવવું તે સારૂં. ઉપરના જેવાજ બીજા પ્રશ્નો ઉત્પન્ન કરી તેના જવાબ છોકરાં પાસે નિશાળમાં તેમની પરચુરણ નોટમાં કે કાગળ ઉપર પેન્સીલથી લખાવી મગાવવા અને શિક્ષકે જોઇને ભૂલો વિષે ચર્ચા કરવી તથા તે ભૂલો સુધારવી. પછી તે સુધારેલો વાક્યખંડ તેમને સારા અક્ષરથી એક ચોપડીમાં લખી લાવવાને કહેવું. બીજે દિવસે બધાએ બરાબર લખ્યું છે કે કેમ તે જોઇને શિક્ષકે તેમાં પોતાનું નિશાન કરવું. આ નિબંધની નોટોમાં એજ પ્રમાણે આગળ ઉપર નિબંધનો ઉમેરો થયે જશે. અને વર્ષ આખરે પરીક્ષા વખતે પરીક્ષકને જોવી હશે તો તે નોટો બતાવવાને કામ લાગશે.

૪. આ પ્રમાણે ટુંકા વાક્યખંડ છોકરા વાક્યદોષ કર્યા સિવાય, અશુદ્ધ જોડણી લખ્યા સિવાય, અને વિરામચિન્હ ચૂક્યા સિવાય લખી શકે ત્યારે તેને શિક્ષકે ટુંકી ટુંકી એકાદ ચમત્કારિક વાત કહીને તે લખી મગાવવી. લખતી વખતે છોકરા વાતમાં કહેલી કેટલીક બાબત પડતી મૂકશે તથા કાંઈ નવા શબ્દો પણ લખશે; તથાપિ વાતનો મુખ્ય મુદ્દો કોઇએ છોડી દીધો નથી, એ ધ્યાનમાં રાખવાનું છે. એમાં પણ વાક્યરચના (ઇબારત) ઉપરજ ધ્યાન આપવાનું છે. નમુના માટે એવી થોડીક વાતો અહીં લખી છેઃ—

(૧.) ઘણી વાર એવું બનેછે કે લુચ્ચા માણસો પ્રમાણિક માણસોને ઠગે છે. પણ કોઈ કોઈ વાર એવું બને છે કે પ્રમાણિક માણસોની યુક્તિઓ આગળ લુચ્ચાઓ ફસાઈ પડે છે. થોડાંક વરસ ઉપર કલકત્તાના એક મોટા વેપારીની દુકાનમાં ચોર પેઠા. તેમણે દુકાનમાંના બીજા માલ તરફ નજર ન કરતાં જે પેટીમાં તે રોકડ નાણાં રાખતો હતો, તે ઉપાડી જવાનો વિચાર કર્યો. થોડીક વારમાં આમ તેમ જોઇને એક સારી પેટી તેમણે શોધી કાઢી, પણ તેમાં ઘણો ભાર હોવાથી તેમનાથી ઉપડી નહિ; પણ તે બધા ચોરો મળીને ઘણી મેહેનતથી આખરે ઉપાડી ગયા. બીજે દિવસે દુકાનના માલિકે દુકાનનાં બારણાં ઉઘાડાં જોઈ ચોરી થયેલી જાણી પોલીસને ખબર આપી. પોલીસે તપાસ કરી ત્યારે ગામથી થોડેક દૂર એક ખાડામાં તે પેટી ઉઘાડી પડી હતી, તથા તેમાંનો માલ એમને એમ અનામત રહ્યો હતો ! કેમકે ચોર લોકોએ આખી રાત મહેનત કર્યા પછી ઘણી લાલચથી જ્યારે તે પેટી ઉઘાડી ત્યારે તેમાંથી સીસાના ગઠ્ઠા નીકળ્યાં ! ચોર લોકો સમજ્યા કે આ વેપારી આપણા માથાનો મળ્યો ! અને એમ સમજીને તેઓ પેટી પડી મૂકીને ચાલ્યા ગયા હતા.

(અપૂર્ણ.)

वस्तुपाठ.

ઊન.

સાહિત્ય—ઊન, સૂક્ષ્મદર્શક યંત્ર, ઊનની દોરી, જાડા ફ્લાનલનો કકડો, ગરમ પાણીના બે પ્યાલા, એક ઢોરનો કકડો

ઊનનાં કપડાં આજ કાલ ઘણાં વપરાય છે, માટે આજનો પાઠ આપણે ઊન વિષે આપીએ છીએ

આપણે શાલિયો, કામળા, ફ્લાનેલ બોરા, બનૂસ, અને એવા બીજા ઘણા પદાર્થો ઊનના વાપરીએ છીએ. એમાંના કેટલાક ટાઢથી આપણા શરીરનો બચાવ કરવા માટે આપણે વાપરીએ છીએ અને કેટલાક જમીનપર પાથરવાના કામમાં વાપરીએ છીએ શિયાળાના દહાડામાં ઘણા છોકરા ઊનના કોટ (ડગલા) પહેરી લાવે છે શામાટે? એમને ટાઢ ન વાય માટે જુઓ, આ પરશોત્તમનો કોટ અને મોજાં બન્ને ઊનનાં છે ઊનનો (ડગલો) થયો તે પહેલાં તે ઊન ઘેટાના શરીર ઉપર ઉગેલું હતું અને શિયાળાની ટાઢમાં તેના શરીરનું ડગલાની પેઠે રક્ષણ કરતું હતું ઘેટાના શરીર પરનો ઊનનો ડગલો ઉતારીને આપણું શરીરે પેહેરવાનો ડગલો બનાવતા પહેલાં તે ઊન ઉપર ઘણા સંસ્કાર થાય છે ઘેટાના શરીર પરનો ડગલો શી રીતે બદલાઈને તમારે પેહેરવાનો ડગલો થઈ ગયો, એ વાત તમે જાણશો ત્યારે તમને બહુ નવાઈ લાગશે આપણે તે અનુક્રમે જોઈએ

પેહેલ વહેલું તો ઘેટાના શરીર પરનું ઊન કાતરી લેવામાં આવે છે તમને એમ લાગશે કે જે લોકો માણસને ટાઢથી બચાવવા માટે ઘેટાના શરીર પરથી ઊનના ડગલા કાતરી લે છે અને તેને ટાઢે મરવા દે છે, તેમને ખરેખર આપણે નિર્દય કહેવા જોઈએ પણ એમ નથી જ્યારે ઉનાળો આવે છે ત્યારેજ તે ઊન કાતરી લેવામાં આવે છે તે વખતે ઘેટાં પણ પોતાનો ડગલો કોઈ ઉતારી લે તે માટે ખુશી હોય છે ઘેટાં તે વખતે પોતાના શરીર પરનો ઊનનો ડગલો પાતળો કરવા માટે પોતાનાં શરીર કાંટાવાળાં ઝાડવાંમાં કે વાડમાં ઘસે છે એ વખતે ઘેટાં પાળનારા ભરવાડ મોટી લાંબી લાંબી કાતરો લઈને ઘેટાના શરીર પરથી ઊન કાતરી લેવા માંડે છે, અને તેથી ઘેટાં ખુશી થાય છે

ટાઢના દહાડામાં ઘેટાના શરીર પર ઊન વધવા માંડે છે, અને તેના શરીર પર ખૂબ જાડો ઊનનો ડગલો હોય તેવું થઈ જાય છે એ ડગલો તેઓ આપણી માફક ડગલાની પેઠે જુદો કાઢીને ખીંટીએ મૂકતાં નથી, તેઓને રાત દહાડો પેહેરી રાખવો પડે છે. તેથી તેમાં ઘણી ધૂળ ભરાય છે ઉનાળામાં એ ઊન કાતરી લેવા પહેલાં એક વાર તેને ધોઈને તેમાંની બધી ધૂળ કાઢી નાખવી પડે છે એક વખતે ચૈત્ર મહિનામાં એવી રીતે ઘેટાંના ઊનના ડગલાને ધોતાં મેં જોયાં હતાં, તે વાત હું તમને કહું છું—

ભરવાડ લોકોએ ઘણાં મોટાં ઘેટાં પોતાની લાંબી લાકડી ઉંચી કરીને હાંકીને એક ખેતરમાં આણ્યાં. તે ખેતરમાં એક નાનું પાણીનું ઝરણું વહેતું હતું અને ખેતરના એક છેડા પર ઊંડો ખાડો હતો તેમાં તે પાણી ભરાવાથી એક તળાવ બની રહ્યું હતું ભરવાડ બધાં ઘેટાંને તે તળાવને કાંઠે લઈ ગયા ત્યાં જઈ થોડાં પાણીમાં ઘેટાં અને ક્રમ-

રપૂર પાણીમાં જઇને ઉભા રહ્યા. બાકીના ભરવાડો કાંઠા ઉપર ઉભા રહ્યા અને તેમાંથી એક જણે પાંચ ૭ ઘેટાંને પકડીને પાણીમાં ધકેલ્યાં. ઘેટાંને પાણીમાં નહાવાની મરજી થઈ નહિ. તમારામાંનાં પણ કેટલાંક અણસમજુ છોકરાંને નહાવાની મરજી નહિ થતી હોય ત્યારે તેમની માતાઓ તેમને જેમ બળાત્કારે પકડીને નહવરાવે છે, તેવી રીતે આ ઘેટાં પાણીમાંથી પાછાં નાશી આવતાં અને ભરવાડો પાછા તેમને પકડી પકડીને અંદર ધકેલતા. એવી રીતે થતાં થતાં ઘેટાંના શરીરપરનું થોડું ઘણું ઉન પલળી જતું, પણ તેને પૂરેપૂરૂં પલાળવાને કમર પૂર પાણીમાં ઉભેલો એક ભરવાડ તેમને બે ત્રણ વાર પાણીમાં ઝબોળતો અને પછી બીજા ભરવાડને આપતો. તે તેને ચોળી મસળીને નહવરાવતો અને ત્રીજાને આપતો. પેલા ત્રીજાને એમ માલમ પડતું કે હવે એના શરીરપર મેલ રહ્યો નથી અને ઊન બધું સાફ ધોવાઈ ગયું છે, ત્યારે તે ઘેટાને કીનારા તરફ જવા દેતો. ભરવાડના હાથમાંથી ઘેટું છૂટ્યું કે જીવ લેઇને નાસતું અને ખેતરમાં ઉગેલું ઘાસ ચરવા માંડતું. કેમકે તેમના ઉપર અત્યાર સુધી જે ભયંકર ગજબ ગુજારવામાં આવ્યો તે બીજા કશાથી ભૂલાય એમ નહોતો.

હવે ઘેટાંનું ઊન ભીનું થયું તે સૂકવવાનું કામ સૂર્યને માટે રહેવા દીધું. સૂર્યનાં કિરણોનો તાપ તેમની પીઠ ઉપર પડવાથી ધીમે ધીમે તે ઊન સૂકાઇને કોરૂં થઈ રહ્યું.

સૂકાયા પછી થોડે દહાડે ઊન કાતરવાનું કામ શરૂ થાય છે. આ કાતરેલા ઊનને કાચું ઊન કહે છે. ભરવાડ લોકો તે ઉનને કાતરીને તેનાં કપડાં બનાવતા નથી. તેઓ તો કોઈ વેપારીને તે ઊન વેચાતું આપે છે. અને વેપારીઓ તેની મોટી મોટી ગાંસડીઓ બાંધીને ઊનના કારખાનાવાળાને ત્યાં વેચે છે. તે કારખાનાવાળા તેની તરેહ તરેહની ચીજો બનાવે છે.

ઊનના કારખાનામાં જુદી જુદી જાતની કારીગરી તેના ઉપર કરવામાં આવે છે. પણ તે તમને કહેતા પહેલાં આ કાતરેલા કાચા ઊનનો નમુનો હું તમને બતાવું છું. જુઓ, આ થોડું ઊન હું જૂદું કાઢું છું. જૂદું કરતાં તેના ઝીણા ઝીણા રેસા જેવા વાળ દેખાય છે. એ રેસામાંના કેટલાક એવા ઝીણા છે કે તે નરી આંખે દેખાતા નથી. તેમને આ હું સૂક્ષ્મદર્શકમાં મૂકું છું. જુઓ, હવે તે લાંબી દોરડીઓ જેવા દેખાય છે તથા તેના પર કરવતના જેવા દાંતા દેખાય છે. ઘણા ઝીણા રેસા એક બીજા સાથે વળગવાથી તે એવા દેખાય છે. સૂક્ષ્મદર્શકમાં તે તમને લાંબી લાંબી દોરડીઓ જેવા દેખાય છે, પણ ખરૂં જોતાં તે ઘણા બારીક છે, અને સાત કે આઠ ઈંચ કરતાં વધારે લાંબા નથી. જો તેમને જોડાજોડ મૂકીને પાથર્યા હોય તો એક ઈંચ જગોમાં હજારો એવા રેસા પથરાઈ રહે.

રેસા ઉપર જે દાંતા દેખાય છે તે ઘણા ઉપયોગના છે. આ કાચા ઊન તરફ ફરીને નજર કરો. જુઓ, એના વાળ એક બીજા સાથે ગુંચાઈ ગયેલા છે અને એક બીજાને વળગી રહેલા છે. કેટલાક રેસાને બીજા કરતાં વધારે દાંતા છે. જે ઊનના રેસા વધારે દાંતાવાળા હોય તે વધારે ગુંથાઈ રહે છે. ઘણા દાંતાવાળા ઊનના રેસામાંથી ઊનનાં જાડાં કપડાં વગેરે બનાવવામાં આવે છે; પણ ઓછા દાંતાવાળા રેસાના દોરા કાંતીને તેનાં કપડાં અને બીજી જણસો બનાવે છે. ઉપર કહેલા બે પ્રકારના ઊનના જુદા જુદા

વિભાગ પાડીને પછી તેમને ઉકળતા પાણીમાં ખૂબ સાબુ તથા સોડાનામે ખાર નાખીને, સારી રીતે ધુએછે, એટલે તે ઘણું સુંદર, સફેદ અને સ્વચ્છ થાયછે. એવું ઊન કપડાં વણવાના કામમાં આવેછે.

એ ઊનના શી રીતે કપડાં વણેછે, એ વાત તમારા ધ્યાનમાં આવવા માટે તમે ફલાલનનો કટકો લઈને તપાસો જુઓ, એમાં આડા અને ઉભા દોરા માલમ પડેછે અને તેથી તેને ગુંથી લીધું હોય એમ જણાય છે એ રીતે ગુંથવા ઉપરથી વણાટ કહેછે પણ એ રીતે વણવાને ઊન લાયક થતાં પહેલાં તેના લાંબા અને મજબૂત દોરા કરવા પડેછે. એવા દોરા કરવાને, ગુંચવાઈ ગએલા ઊનને જુદું જુદું કરવાને તેને પીંજે છે ઘણાં વરસ ઉપર ઊનને છૂટું કરવાને હાથવતી પીંજતા હતા અને એ કામ માટે લાંબા લાંબા કાંસકા જેવા ઓજાર રાખતા હતા પણ હમણાં તો એ કામ માટે સાંચો હોય છે તેમાં ઊન જાંપડીથી છૂટું છૂટું થઈ જાય છે એ સાંચો એક મોટી પડઘમ જેવા આકારનો હોય છે. તેના ઉપર કાંસકીના દાંતા જેવા દાંતા હોયછે, એ સાંચો ફરેછે તે વડે ઊન બરાબર છૂટું છૂટું થઈને તેના રેસા નરમ અને સીધા થાયછે આ રેસાઓને પછી રેંટિયા ઉપર કાંતીને તેના દોરા કરેછે એ દોરા કપડું વણવાના કામમાં આવે છે

ઊનનાં કપડાં વણવાના સંચા ઇંગ્લાંડમાં યાર્કશાયરમાં ઘણા છે. આપણે અહીં કપડાં વણવાના સંચા કેટલાક શહેરોમાં છે, તેના જેવાજ તે પણ હોય છે એક મોટા લાંબા ઓરડામાં કપડાં વણવાની સાળો હારબંધ ગોઠવેલી હોય છે, અને દરેક સાળ આગળ એક માણસ ઊભો હોયછે તે ઓરડામાં મેડાની છત આગળ એક લાકડાનો લાંબો થાંભલો આડો નાખેલો હોયછે તે વરાળ યંત્રના જોરથી ફરેછે તેના ઉપર મજબૂત ચામડાના પટા નાખીને સાળને મથાળે એક ચક્ર ઉપર તે પટા ચઢાવેલા હોયછે તેથી સાળમાંનું સઘળું કામ ચાલુ થાયછે કપડું વણવા માટે જેટલા જોઈએ તેટલા ઉભા દોરા અગાઉથી તૈયાર કરી પાથરી રાખ્યા હોયછે તેમાં એક દોરાનું કોકડું આ બાજુથી તે બાજુ જાયછે અને આવેછે તમે કોઈક કપડાં વણવાના સંચામાં જઈને આ જુઓ તો તમને તે જોઈને ઘણું આશ્ચર્ય લાગશે

આ સંચામાંથી કપડું ઉતર્યા પછી તેને ચળકતું અને સાફ કરવામાટે તેના ઉપર કેટલીક કારીગરી કરવામાં આવેછે

જેટલાં કપડાં તમે ઊનનાં જુઓછો તે બધાં ઘેટાંના ઊનનાં બનાવેલાં નથી હોતાં; સૌથી સરસ ઊનનાં કપડાં કાશ્મીરના બકરાંના વાળનાં થાયછે કાશ્મીરી શાલો શામાટે વખણાયછે તે તમે આજ જાણ્યું હશે

આલપાકો અને એવીજ બીજી કેટલીક જાતનાં કપડાં અંગોરા જાતનાં બકરાંના વાળમાંથી બનાવવામાં આવેછે એના વાળ એવા નરમ હોયછે કે તેનું ઝીણામાં ઝીણું અને રેશમના જેવું સુંવાળું તથા ચળકતું કપડું થઇ શકેછે

હવે ઊનનાં કપડામાં શો ગુણ રહેલો છે તે હું તમને બતાવું છું કેટલાક પદાર્થો એવા છે કે તે પોતાની આરપાર ગરમીને જવા દેતા નથી. એવા પદાર્થોને ઉષ્ણતા રોધક કહીએ છીએ ઉષ્ણતા એટલે ગરમી અને રોધક એટલે અટકાવનાર આપણે

એક સાદો પ્રયોગ કરીને એ વાત સાબીત કરીએ. એક ઉકળતી પાણીની તપેલીમાંથી આ બે ગરમ પાણીના પ્યાલા ભરેલા છે. બન્ને પ્યાલામાં પાણી સરખું ગરમ છે. હવે એક પ્યાલા ઉપર હું આ ફ્લાનેલનો કકડો ઢાંકુછું અને બીજા પ્યાલાપર આ છીંટનો કકડો ઢાંકુછું. થોડીક વાર પછી આપણે બન્ને પ્યાલાનાં પાણીમાં આંગળી બોળી જોઇશું, એટલે તમારી ખાત્રી થશે કે છીંટવાળા પ્યાલા કરતાં ફ્લાનેલવાળા પ્યાલાનું પાણી વધારે ગરમ છે. આ ઉપરથી સાબીત થાય છે કે ફ્લાનેલના કકડાએ પ્યાલામાંથી નીકળી જતી ગરમી રોકી રાખી અને છીંટથી તે રોકી શકાઈ નહિ. આ કારણથી ઉનના કપડાને ઉષ્ણતારોધક કહેવામાં આવે છે.

હવે એક બીજો પ્રયોગ કરીએ. આ ટેબલ ઉપર બે જગોએ થોડું થોડું પાણી ઢોળુંછું. એક જગોએ તે પાણી ઉપર આ છીંટનું કપડું નાખું છું અને બીજી જગોએ ફ્લાનેલ નાખું છું. જુઓ છીંટ પલળી ગઈ અને હવે બીજું વધારે પાણી તેમાં માંઇ શકે એમ જણાતું નથી. આ ફ્લાનેલ વધારે પાણી ચૂસી લેછે બન્ને કપડાં પાણીમાં તરબોળ થવા દેઇએ છીએ. લ્યો હવે નીચોવો. આ પ્યાલામાં છીંટમાંનું પાણી પડવા દો, અને આ બીજા પ્યાલામાં ફ્લાનેલનું પાણી પડવા દો. જુઓ, ફ્લાનેલનું પાણી વધારે છે. આ ઉપરથી એમ સમજાય છે કે સુતરના કપડા કરતાં ઊનના કપડામાં પાણી વધારે રહી શકે છે. આ ગુણને શોષકપણું કહે છે.

આ બે ગુણોને લીધે શરીરની ત્વચા ઉપર લાગી શકે એવી રીતે પહેરવાને ઊનનું કપડું વધારે ઉપયોગી છે એમ જણાય છે. તે ઉષ્ણતારોધક હોવાથી શરીરમાંની ગરમીને જવા દેતું નથી. અને શોષક હોવાથી શરીરમાંના પરસેવાને નીકળતાં વાંતજ ચૂશી લેછે.

ઊનના રેસામાં જે કરવત જેવા દાંતા હોય છે, તેથી કરીને પણ ઊનનાં કપડાં શરીરની ચામડીને અડકાડીને પહેરવામાં વધારે ઉપયોગી થાય છે. ઊનના રેસાના કરવત જેવા દાંતા ત્વચાને ઘસાય છે અને તેથી કરીને પરસેવાની નળીઓમાંથી જે મેલ જેવો પદાર્થ નીકળીને તેનાં છિદ્રો ઉપર ઠરે છે તે લોહવાઇ જાયછે. એ રીતે પરસેવાનાં છિદ્રો ખુલ્લાં રહેવાથી શરીરની સુખાકારી બગડતી નથી.

શરીરને છેક લગતાં કપડાંની જગોએ પેહેરવાને જેમ ઊનનાં કપડાં ઉપયોગી છે તેમ બહારનાં કપડાં માટે પણ તે ઉપયોગી છે. કેમકે તે ગરમ છે, ટકાઉ છે, અને બીજાં કપડાં સાથે સરખાવતાં તેની કીમત પણ એટલી બધી ભારે નથી.

સંક્ષેપ.

૧ ઊન ઘેટાંના શરીરપરથી મળે છે.

૨ ઘેટાંને તળાવમાં નહવરાવે છે અને તેમનાં શરીર સૂકાયા પછી થોડે દહાડે ઊન કાતરી લેવામાં આવે છે.

૩ તે ઊન વેપારીઓ ખરીદી લે છે અને તેઓ કારખાનાંવાળાને ત્યાં જથાબંધ વેચેછે.

૪ કારખાનાંમાં તેના પર નીચેના સંસ્કાર કરવામાં આવેછેઃ—

(અ) વિભાગ કરે છે. (આ) ધૂએ છે. (ઇ) પીંજે છે. (ઈ) કાંતેછે. (ઉ) વણેછે.

શિશુશિક્ષણ નામે પુસ્તક પણ વાંચવાની અમે ભલામણ કરીએ છીએ.

૨૧. મોગીલાલે આ પુસ્તકનું નામ "**કિન્ડરગાર્ટનપદ્ધતિનાં મૂળતત્વો**" એવું રાખેલું છે, અને તે યોગ્યજ છે. મૂળતત્વો કરતાં વિશેષ એમાં નથી. શરૂઆતમાં મૂળતત્વોનાં પુસ્તકજ આપણે વાંચવાની જરૂર છે. રસાયન વિદ્યાનાં મૂળતત્વોની નાની ચોપડી વાંચીને સમજ્યા સિવાય કોઇ રસાયન વિદ્યાના મોટા ગ્રંથોમાં એકદમ પ્રવેશ કરવા જાય તો તે ભાગ્યેજ સફળ થઇ શકશે. ન ડૂબાય એવા થોડા પાણીમાં તરતાં તરતાંજ માણસ દરિયામાં અરધો મૈલ તરવાને શક્તિમાન થાય છે.

આરંભમાં ગ્રંથકાર કિન્ડરગાર્ટન પદ્ધતિની શી જરૂર છે, તે સ્પષ્ટપણે સમજાવે છે. ગ્રંથકાર એ વિષે લખેછે કે, "**બાળકને જે પદ્ધતિ તેના કોમળ અવયવોને અને ઇંદ્રિયોને કુદરતદ્વારા અનુકૂળ પડે, તેજ આ પદ્ધતિ છે.** આ પદ્ધતિનો શો ઉદ્દેશ છે અને એ પદ્ધતિમાં કયાં કયાં સાધનોવડે બાળકોને પ્રવેશ કરાવી શકાય તથા તેમને કેવી રીતે ગમ્મત સાથે જ્ઞાન આપી શકીએ (માત્ર તેમને ભણાવવાને નહિ પણ કેળવવાને માટે) એ સઘળાનું આ નાનકડા પુસ્તકમાં દિગ્દર્શન કરેલું છે." આ ઉપરથી આ પુસ્તકનું શું પ્રયોજન છે, તે સ્પષ્ટપણે લક્ષમાં આવે છે. બાળકોનું સ્વાભાવિક વલણ જોઇને તે માર્ગે તેમની બુદ્ધિ કેળવવાની કલ્પના ફ્રોબેલ નામે વિદ્વાનને થઈ આવી અને તેને પરિણામે આ પદ્ધતિ ઉત્પન્ન થઇ છે; વગેરે જાણવા જેવી વાત, **કિન્ડરગાર્ટનપદ્ધતિની અગત્ય** એ મથાળા નીચે ગ્રંથકારે આપી છે. પુસ્તકના આઠ ભાગમાંનો એ પહેલો ભાગ છે. બીજા ભાગમાં કિન્ડરગાર્ટનનાં સાધનો વગેરેની વાત કહેલી છે. ત્રીજા ભાગમાં આ પદ્ધતિનો સંબંધ ગણિત, રંગ, ગીત, કથિતપાઠ, ઔદ્યોગિક શિક્ષણ, વાર્તા, ઇતિહાસ, અને ભૂગોળ સાથે શી રીતે છે તે બતાવ્યું છે. આ ત્રણ ભાગ વાંચતાં સુધી વાંચનારને કિન્ડરગાર્ટન પદ્ધતિ તે શું, તે હજી સ્પષ્ટપણે સમજાતું નથી. અથવા બીજી રીતે કહીએ તો કિન્ડરગાર્ટન પદ્ધતિમાં જે કામ કરવાનું છે, તે બધાના ઉપોદ્ઘાત રૂપજ આ ત્રણ ભાગ છે. ચોથા ભાગમાં ફ્રોબેલે મુકરર કરેલી વીશ બક્ષીસોનાં નામ તથા તે વિષે સમજ આપેલી છે. કિન્ડરગાર્ટન પદ્ધતિમાં શું કરવાનું છે તે આથી કાંઇક ધ્યાનમાં આવે છે, પણ શી રીતે કરવું તે સમજવાને આગળ વાંચવું જોઇએ. "બક્ષીસ" એવું નામ જે અહીં રાખવામાં આવ્યું છે, તે ઉપરથી કોઇ અમુક તરેહની વસ્તુરૂપ બક્ષિસ સમજવાની નથી, પણ ખરૂં જોતાં તો બાળકોને આનંદ સાથે કેળવણી રૂપ અદશ્ય બક્ષિસ આપવાની છે. શામાટે ફ્રોબેલે બક્ષિસ એવું નામ રાખ્યું છે, તે વિષે ગ્રંથકારે એક જગોએ સહજ ઇસારો કર્યો છે. લગાર વિસ્તારથી લખ્યું હોત તો અજાણ્યા વાંચનારને તે વધારે સ્પષ્ટ થાત.

પાંચમા ભાગમાં કિન્ડરગાર્ટનનાં સાધનોનો સામટો ઉપયોગ કહીને પછી છઠ્ઠા ભાગથી તેનો ઉપયોગ કરવાની પદ્ધતિ કહેવા માંડે છે, એક પોચા દડાનો કેટલે પ્રકારે ઉપયોગ કરી શકાય તે આકૃતિઓ સહિત બતાવવામાં આવ્યું છે; તેમ બાળકની શક્તિઓ કેળવવાને કેવા કેવા પ્રશ્નો પૂછવા તે પણ વિસ્તારથી બતાવ્યું છે. કોઇ જગોએ નાનાં છોકરાં બોલે એવી કવિતાની એકાદ કડી કે ગીત પણ મૂકી બતાવ્યાં છે.

અપૂર્ણ.

देशीकेळवणी खातुं.

વટહુકમ ૭.

ક. ૫] અને તેની અંદરની શાળાનું કરીક્યુલમ પગાર એસ્ટાબ્લીશમેંટમાં દાખલ કરી લેવા બદલ આ તરફથી વટહુકમ નં. ૧૭૬ તા. ૧૮-૬-૯૫નો આજ્ઞાપત્રિકા પાન ૨૧૪૯ ના ૨૦-૬-૯૫ ઉપર તથા કેળવણી ચોપાનીઆના પુસ્તક ૭ ના અંક ૧૧માં સરક્યુલર નં. ૨૭૭ તા. ૧૦-૭-૯૫નો તેમજ મે. રા. બા. એકાઉન્ટન્ટ જનરલ સાહેબનો વટહુકમ નં. ૨૮ તા. ૧૬-૬-૯૫નો આજ્ઞાપત્રિકા પાન ૨૨૫૫ ના ૧૬-૭-૯૫ ઉપર પ્રસિદ્ધ થયા છતાં ઘણા મેહેતાજીઓ તરફથી સદર હુકમો ઉપર દુર્લક્ષ થઈ પગારપત્રકો હિસાબમાંથી નાખી લેવાનો વહીવટ જારી છે, એમ સને ૧૮૯૫-૯૬ની સાલની તપાસણીમાં જણાઈ આવ્યાથી ફરી એકવાર તાકીદહુકમ આપવામાં આવે છે કે આ વટહુકમ વિરુદ્ધ જેમની કસુર માલુમ પડશે તેમને માટે યોગ્ય તજવીજ કરવામાં આવશે. તારીખ ૧૫ માહે ડિસેમ્બર સને ૧૮૯૬.

J. A DALAL
વિદ્યાધિકારી

વટહુકમ નં. ૮.

જાગુ તનવમાન ગોધરાગામમાં દાનાળ ખાતે ખર્ચ લખી રકમના તૈયાર થયેલા બીલો, મંજુર થઈ નાણાં મળ્યે તે ખાતેવાર જમા થાય છે, પરંતુ સદર બાબત એન ખર્ચે કેટલો પડ્યો તેનો જમાખર્ચ મોટા રોજમેળમાં લખાતો નથી તે બદલની સૂચના રા. રા. ... પ્રાંતના એસ્ટ. ઇન્સ્પેક્ટર સાહેબે આણંદ પેટલાદ વિભાગના ડેપ્યુટી એસ્ટ. ઇન્સ્પેક્ટરની દફતરની સને ૧૮૯૩-૯૪માં તપાસણી ઉપરથી કરેલી તે કડી પ્રાંતના ઇન્સ્પેક્ટર સાહેબ તરફથી આવ્યું છે તે ઉપરથી ઠરાવવામાં આવે છે કે ઇનામ બીલમાં પુસ્તકો અને કપડાં આવ્યાં એ બાબત હોય છે પુસ્તકોના હિસાબ રોજમેળમાં અને કપડાંના હિસાબ જાગુ રોજમેળમાં રહે છે વળી મંજુર થતા બીલની સ્થળ પ્રત દફતરે હોય છે તેથી આવા જુદા ખર્ચના એન ખાસ બાબત જમા ખર્ચ લખી કામનો વધારો કરવાની જરૂર અમોને દેખાતી નથી, માટે આવ કે એકસદા અમલ થવા જોઈએ. તા. ૨૮ માહે ડિસેમ્બર સને ૧૮૯૬

મ. મુ.

J A DALAL
વિદ્યાધિકારી

સરક્યુલર નં. ૭.

કેટલાક નોકરો કેજ્યુઅલ રજા જે તારીખથી જોઈતી હોય, તેની મંજુરી મળવા જેટલો વખતે અવકાશ ન રાખતા ઠેઠ તજુક તારીખે રિપોર્ટ કરી તેની મંજુરીની દરકાર રાખ્યા વગર રજાપર ચાલ્યા જાય છે તેમ કેટલાક તો વળી અમુક મુદતની રજા લીધા પછી પાછા વધારે રજા માગતા રિપોર્ટ કરી રજા પર રહી જાય છે એ રીત બીલકુલ પસંદ કરવા જેવી નથી સબબ લખવાનું કે જેમને રજાની જરૂર પડે તેમણે તે મંજુર થઈ પોતાને મળે એટલો અવકાશ વચ્ચે રાખી રિપોર્ટ કરવા ને તે મંજુર થઈ મળે ત્યારે રજાપર જવું. કદાપિ કોઈ રજા મંજુર થયા વગર રજાપર ચાલ્યા જશે તો પછી તેમની કેજ્યુઅલ રજા મંજુર નહીં થતાં બીન પગાર ગણાશે યોગ્ય જણાશે તે પ્રમાણે કરવામાં આવશે.

નિયમ ૨ ની ક. ૩માં જણાવેલા પ્રસંગે રજાપર જવાની જરૂર પડે તો તેનું કારણ જણાવી રિપોર્ટ કરી રજાપર જવું. પણ તેમાં જણાવેલું કારણ

જો ખરૂ નહીં જણાય તો પછી તેમની રજા મજુર થશે નહીં શિક્ષકોએ તો એવે પ્રસગે એ કલમમા જણાવ્યા પ્રમાણે અમલ કરવો તા ૧૭ નવેમ્બર ૧૮૮૬ મુ વડોદરા
દલસુખ ગોવિદલાલ J A DALAL
વિદ્યાધિકારી

સરક્યુલર ન ૮ સન ૧૮૮૬–૮૭

કન્યાશાળાના ફરજીઆતો તેમનો ટાઇમટેબલમા જેટલો વખત ગણ્યો હોય તેટલો વખત કામ લેવાની બાબતમા સરક્યુલર ન ૧૩ તા ૪ ૧૦ ૮૬નો કરવામા આવેલો છે, તે પ્રમાણે અંતગિદાક માટે થવા એક આજમ ડ ઓ ઈ તરફથી પ્રશ્ન આવવાથી તે ગદન પ્રાતના રા રા એ ત્યુ ઈન્સ્પેક્ટર સાહેબોના અભિપ્રાય મગાવતા તે પ્રમાણે થવા તેમના અભિપ્રાય થવાથી લખવાનુ કે, જે કન્યાશાળામા ભરત શિક્ષક ૯ ૫ તેમને ટાઇમટેબલમા વખત રાખ્યા પ્રમાણે રોકના તેમનુ કામ થઈ રહે તમને જવાની પરવાનગી આપવી કદાપિ તેમનુ કામ અધરૂ હોય તે વખતે અગર પરીક્ષાનો વખત નજીક આવેલો હોય તે વખતે તેમનુ ખામકામ પૂરૂ કરાવવાને વધારે વખત રાખવાની જરૂર જણાય તો તેમને વધારે વખત રોકના હરકત નથી જરૂર વગર વધારે વખત રાકના નહીં, તેમ તે શિક્ષકોએ વખત પૂરો થયે માસ્તરની રજા લઈ જવુ તા ૨૭ માહે ડિસેમ્બર સન ૧૮૮૬ મુ વડોદરા
દલસુખ ગોવિદલાલ J A DALAL
વિદ્યાધિકારી

સરક્યુલર નંબર ૯.

દેશી કેળવણી ખાતાના નિબધ ભાગ ૨ મા આપેલા નમુના ન ૩૭ મુજબ જે જાતવારીનુ વાર્ષિક પત્રક આ તરફ આવતુ હતુ તેમા નવીન ખાને સુમારીને અનુસરીને કેટલો ફેરફાર કરી સરક્યુલર ન ૨૧ તા ૧–૧૧–૮૫ સાથે પત્રક છાપવામા આવેલુ તેમા હિદની પેટા જાતોમા આસન ૧૧ મા "ઇતર" જાત જણાવવામા આવેલી છે તે જાતના ત્રણ પેટા વર્ગ પાડવાની જરૂર જણાયાથી મજકુર થયેલો સરક્યુલર ન ૨૧ તા ૧–૧૧–૮૫ નો રદ કરી આથી જણાવવામા આવે છે કે સાથેના નમુના પ્રમાણે દરમાન જાતવારીનુ પત્રક તૈયાર કરી મોકલવુ ચાલુ સાલનુ પત્રક પણ એજ નમુના પ્રમાણે આવવુ જોઈએ ક્યા ક્યા વર્ગમા કઈ કઈ જાતો દાખલ કરવી તેની સમજ નીચે પ્રમાણે છે, તે પ્રમાણે રજીસ્ટર વગેરેમા જાતવારીનો દાખલો રાખવો

હિદુની પેટા જાતોમા કઈ કઈ જાતોનો સમાવેશ થાય છે તે નીચે મુજબ –

- બ્રાહ્મણ—પુરુબિયા, ગુજરાતી તથા દક્ષિણી બ્રાહ્મણ
- ક્ષત્રી—કાઠી વાઘેલ, રજપુત, ક્ષત્રી હિંદુસ્તાની ભરેયા, ભાટ, શીખ (હિદુ) વાઘેર, મેર
- વાણીઆ—વાણીઆ સર્વે જાતના
- કણબી—કણબી સર્વ જાતના
- કારીગર—ગવરે ગોધળી, ધાઢી, મીર, ભરથરી તોલાર, તર ગાળા નટ, બરૈયા, ભાડ તુરી, રાવળીઆ, સોની, હજામ, લુહાર, પાયબળશી, સુતાર, ખગદી, લુખ વાગ મ્ચિઆ ગુજરાતી, ગવડી દક્ષિણી, કોળાગી નનાર, ચિતારા, કમારા, ઢ્ગ્ગ, બાળુમાન, કહાર, તબોળી,

ભાવી, રંગરેજ, માળી, ભાવસાર (છીપા), ગળી-
આરા, પટવા, બધારા, દાણગર, કારકુન દરજી,
ધોબી, પીંજારા, પખાલી, ઘાંચી, તેલી, (તેલી હિંદુ-
સ્તાની), કંસારા, કુંભાર, સોનારી (સુનાર),
ખારવા, માછી, હજામ, બજાણી, મોચી ઝવેરી, હાલ-
ગર ઝીનગર, ખાલપા, ચમાર, ગોલા, ભોઇ, શીક-
લગર વાસફોડા, બુરૂડ કંસારા, ટીમલિયા, બહુરૂપી
બજાણિયા, પોમલા, ભંગ, વાદી

કાળીપરજ—રાઠવા, ધોડિયા, તલાવિયા, દેવાળા, કાથોડી, ભીલ,
ધાનુકા, નાયકડા, ચૌધરા વારલી, વાવલી, ગામીત,
માનતવા, કાથોડી, કોકણા, માવચી, ખાટ, નીમરિયા,
આદિ તથા ઇતર એ જાતના.

અંત્યજ—ગરોડા ઢેડના સાધુ, તુરી નાગ, ધેડ, મહાર, મીનવા,
ભંગિયા, મેઘવાર

ઇતર—

પેટા વર્ગ ૧ લો અગ્નિહોત્રી, પ્રભુકાયસ્થ, મેળુપાતાના, કાયસ્થ,
હિંદુ અનાગરી ક્ષત્રિ, લીંગાયત પંચાળશાળી,
લીંગાયત જંગમ, લીંગાયત એ સિવાયના,
બુટિયા, સમર્થ સતાપણ, બાબાસાહી,

પેટા વર્ગ ૨ જો અતીત, ગોસાઇ, બાવા વૈરાગી, જોગી,
નાનકપંથી જંગમ સાધુ, સન્યાસી, બ્રહ્મચારી,
કાપડી કાનફટા, મારગી, નાથ સિદ્ધી, ડીંગબર,
બાવા, તપોધન, અઘોરી, સેવક, ગરૂડ, ભાટ
બારોટ, ચારણ ગોવક

પેટા વર્ગ ૩ જો નાયક (ભવાઇ) લોધ, કાછિયા, પમાર,
માળી, સલાટ મગરિયા, ખટીક, ચામડ,
ઝારી, આહિર, ગવળી દરજી, ભાટ (ધાડી-
નાર), કુમાવત, ઠીગરા, પાંજનારા, બરવાડ,
ધનગર [illegible] બાનિ, ખવાસ, પખાલી ગમોરા,
પરવારી, વાંસી, વાઘરી, પારધી, મરાઠી, આર્ય,
કુબેરના, ગડીયા, બામરી, પાતર, ભાવયા,
ગવૈયા, નટી, પનાર, એ સિવાય બીજા કર-
નારાને મજુરી કરનારા તથા હલકો ધંધો કરનારા

સને ૧૮૯૮–૯૯ની સાલના જાતવાર પત્રકો આ તરફ આવી ગયા
છે. પણ ઉપર પ્રમાણે ઇતર જાતની પેટા ત્રણ જાતના આંકડાની જરૂર છે,
માટે તે જુદા જુદા આંકડા દરેક શાળાના મેહેતાજીએ પોતાના તાલુકાની શાળા
તરફ મોકલી દેવા તાલુકા નાજરે તે ઉપરથી એકંદર પત્રક તૈયાર કરી આ-
વેલા પત્રકો સાથે રાખી આ તરફ મોકલી દેવું

દરેક વિભાગના આસિસ્ટન્ટ ડેપ્યુટી એજ્યુ કેશનલ ઇન્સ્પેક્ટરે આવેલ આંકડા
આંકડા ઉપર મુજબ પેટાવર્ગવાર બનાવવા જોઇએ તા. ૧૨ માહે ડિસેમ્બર
સને ૧૮૯૯ મુ. વડોદરા
[illegible]

J. A. DALAL
વિદ્યાધિકારી

મોજે   તાલુકે   પ્રાંત   ની સરકારી   નિશાળમાં માહે જુલાઈ સને ૧૮૯ આખરે

બાકી રહેલા છોકરાઓની જાતવારીનું તથા બાર માહી રોજની સરાસરી હાજરીનું પત્રક.

અનુક્રમ નંબર.	શાળાનું નામ.	વર્ગ ૧ લો. હિંદુ. બ્રાહ્મણ.	વર્ગ ૧ લો. હિંદુ. ક્ષત્રી.	વર્ગ ૧ લો. હિંદુ. વાણીઆ.	વર્ગ ૧ લો. હિંદુ. ભાટીઆ.	વર્ગ ૧ લો. હિંદુ. કણબી.	વર્ગ ૧ લો. હિંદુ. કારીગર.	વર્ગ ૧ લો. હિંદુ. [illegible]	વર્ગ ૧ લો. હિંદુ. અંત્યજ.	વર્ગ ૧ લો. હિંદુ. ઇતર. પેટાવર્ગ ૧.	વર્ગ ૧ લો. હિંદુ. ઇતર. પેટાવર્ગ ૨.	વર્ગ ૧ લો. હિંદુ. ઇતર. પેટાવર્ગ ૩.	વર્ગ ૨ જો. મુસલમાન.	વર્ગ ૩ જો. જૈન.	વર્ગ ૪ થો. પારસી.	વર્ગ ૫ મો. ક્રિશ્ચન.	વર્ગ ૬ ઠો. શીખ.	વર્ગ ૭ મો. જ્યુ.	વર્ગ ૮ મો. આર્યસમાજી.	વર્ગ ૯ મો. બુધ્ધ.	વર્ગ ૧૦ મો. ઇતર (ઉપર ન આવેલી જાતો.)	કુલ.	રજીસ્ટર નંબરની બાર માહી સરાસરી.	રોજની બાર માહી સરાસરી હાજરી.	શેરો.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬

વટહુકમ નંબર ૧૦

નિબંધ ભાગ બીજાની કલમ ૭૫ માં " ગામ લોકો સાથે શિક્ષકોએ હળી-મળી ચાલવું, સરકારી નોકરોની ટોળી કરી તેમનાથી અળગા રહેવા કરતાં પોતે તેમના શુભેચ્છક ને આનુભાવવાળા થવાથી તેઓ જરૂર લોકપ્રિય થઇ કીર્તિ મેળવશે ગામમાં ટોળીઓ હોય તો તેમાંથી કોઇપણ ટોળીમાં તેમણે સામીલ ન થતાં બધા પક્ષના લોકો સાથે સરખી રીતે વર્તવું " સદરહુ પ્રમાણે જણાવેલું છતાં કેટલાક શિક્ષકો એ પ્રમાણે ન વર્તતાં પક્ષાપક્ષીની ટોળીઓમાં ભાગ લે છે એમ જણાવવામાં આવવાથી આ વટહુકમથી આ ખાતાના સર્વે શિક્ષકોને તાકીદ સાથે જણાવવામાં આવે છે કે આવી રીતે પક્ષાપક્ષી ટોળીઓમાં ભળવાથી નિશાળની આબાદી તથા શિક્ષણના કામને ભારે નુકશાન લાગે છે, માટે હવેથી કોઇપણ ઉપશિક્ષક તથા મુખ્ય શિક્ષકે પક્ષાપક્ષીનો ભાગ લેવો નહીં

જે શિક્ષક ઉપર પ્રમાણે ભાગ લીધાનું જણાઇ આવે તે ઇસમ જે અધિકારીના અધિકારનો હોય તેમણે તેમની તુરત તે ગામેથી બીજે ગામે બદલી કરવી તારીખ ૯ નવેમ્બર ૧૮૯૬

J A DALAL
વિદ્યાધિકારી.

હરસુખ ગોવિંદલાલ

સૂચના મ જા નં. ૧૧.

શિક્ષકોના સારા કામ બદલ બક્ષીસ આપવાના સંબંધના કેટલાક ઠરાવો મંજુર કરી જેમને તેમને ત્યાં મુલતવી રખાવવામાં આવ્યા છે. તેના સંબંધમાં જણાવવાનું કે આ સૂચનાને આધારે જેમને ત્યાં મુલતવી રાખેલા હોય તેમણે તે ઉપરથી એક માસની અંદર બીલ બનાવી ચાલતા તુમાર સાથે હિસાબી દફતરે મોકલવું એટલે થએલા ઠરાવને અનુસરી હિસાબી દફતરેથી બીલ મંજુર કરી જેમના તેમના તરફ મોકલવામાં આવશે પૈસા જે ઇસમને મળવાના હોય તે ઇસમની જો તે ઠેકાણેથી બદલી થઇ ગઇ હોય તો તે જે ઠેકાણે હોય તે ઠેકાણે તેમના તરફ બીલ બનાવી મોકલવા જણાવવું કે જેથી પૈસા મોકલવાની હરકત પાછળથી પડે નહીં. તારીખ ૨૮ માહે ડિસેમ્બર ૧૮૯૬ મું અમરેલી

J. A. DALAL
વિદ્યાધિકારી

હરસુખ ગોવિંદલાલ

સરક્યુલર ખા. નં. ૧૨

કેટલીક પાઠશાળાઓના મેહેતાજીઓને ઘણી મુદતથી પગાર મળતો નથી એમ જાણવામાં આવ્યું છે, માટે આસિસ્ટંટ ડેપ્યુટી ઇન્સ્પેક્ટરે પોતાના વિભાગની જે જે પાઠશાળાના મેહેતાજીઓને બબે મહીના અગર તે ઉપરાંતની મુદતથી પગાર ન મળ્યો હોય તે બાબતનું નિચે જણાવેલી હકીકતનું પત્રક તાકીદે બનાવી મોકલાવી દેવું

મેહેતાજીનું નામ, કઈ શાળામાં છે, ક્યા માસથી પગાર મળતો

સિદ્ધિપત્ર.

ખાસ કરીને વડોદરા કેળવણીખાતાને ઉપયોગી થાય એ હેતુથી આ ચોપાનિયું પ્રગટ કરવામાં આવ્યું છે, તોપણ હરેકોઈ રાજ્યમાં શિક્ષકનું કામ કરનાર તેમજ અન્ય લોકોને પણ સામાન્ય રીતે તે કામનું થઈ પડે એવી ગોઠવણ કરી છે

ચોપાનિયું હિંદુ માસની શરૂઆતમાં પ્રગટ થશે એનો દર પોસ્ટેજ સુદ્ધાં રૂ ૨) રાખવામાં આવ્યો છે તથા કેળવણી ખાતાના અને બીજા ટુંક પગારના નોકરોને તથા ગામડાં નિશાળના માસ્તરોને તેમજ ટ્રેનિંગસ્કૂલના સ્કૉલરોને તેનો લાભ મળે એટલા માટે જેમને રૂપિયા દશ અને તેની અંદર પગાર મળતો હશે તેમને તે બાબતની ખાત્રી કરી આપ્યેથી કીમત તરીકે ફક્ત આઠ આના અગાઉથી મોકલશે તો આ ચોપાનિયું મોકલવામાં આવશે. બહાર ગામના ગ્રાહકોએ ત્રણ આના પોસ્ટેજના વધારે મોકલવા. છૂટક નકલ ૧ ના ચાર આના લેવામાં આવશે.

છાપવા મોકલેલું લખાણ ચોખ્ખે અક્ષરે કાગળની એકજ બાજુએ લખવું. તે અમુક માસમાં છાપવા અગર નાપસંદ પડેલું લખાણ પાછું મોકલવા બંધાતા નથી તેમ છતાં જરૂર હોય તો મોકલનારે પોતને ખર્ચે મંગાવી લેવા તજવીજ કરવી આ ચોપાનિયાને અનુકૂળ એવા ખાસ વિષયો મોકલનારને તેમની ઇચ્છા હશે તો તે યોગ્ય જણાએ પૈસા આપવામાં આવશે, માટે તેમણે એ બાબત રિપ્લાઇકાર્ડથી ખુલાસો મેળવવો છાપવા લાયક નિબંધો, પ્રશ્નો વગેરે કેળવણીને લગતા વિષયો, ઉપર પ્રથમ ધ્યાન આપવામાં આવશે

જાહેરખબરો છાપવાના ભાવ.

રૂ.	લીટી
૦॥	૨
૧	૪
૧॥	૭
૨	૧૧
૨॥	૧૫
૩	૨૦

બાર માસ લગી લાગલાગટ હશે તો પ્રથમ પૂરો ચાર્જ અને તે પછીના અગિયાર મહિના લગી પા ગણો ચાર્જ પડશે બાર મહિનાથી ઓછી મુદત હશે તો પહેલે મહિને પૂરો ચાર્જ અને પછીને દર મહિને અડધો ચાર્જ લેવાશે

એ ઉપરાંતનો ભાવ ઉપર પ્રમાણેજ

હૅંડબીલો વહેંચવાના દર:

પા તોલા સુધીના હશે તો	રૂ ૬-૮-૦
અર્ધા તોલા સુધીના હશે તો	રૂ ૮-૦-૦
૧ તોલા સુધીના હશે તો	રૂ ૧૦-૦-૦

એ ઉપરાંતને માટે પત્રવ્યવહારથી ખુલાસો મેળવવો

મનિઆર્ડરથી લવાજમ મોકલનારે કુપન ઉપર પોતાનું નામ ઠામ અને શી બાબતના પૈસા છે તે ચોખ્ખે અક્ષરે લખવું. પોસ્ટ સિવાય બીજી ટિકીટો લેવાશે નહીં

વ્યવહાર નીચેને સરનામે કરવો નોટપેડ કાગળ લેવામાં આવશે નહિ

[illegible]” ઓફિસ.
મન વાડી, રંગમહેલ
[illegible]

છોટાલાલ નરભેરામ ભટ્ટ.

श्री.

संवत् १९५३. माघ.

કેળવણી

पुस्तक १० मुं. अंक ४ थो.

પ્રસિદ્ધકર્તા

છોટાલાલ નરભેરામ ભટ્ટ.

[illegible]

[illegible] મુદ્રાલયમાં છાપ્યું.

ઈ. સ. ૧૮૯૭.

अनुक्रमणिका.

	વિષય	પૃષ્ઠ
૧	નવ નાના છોકરા	૬૫
૨	દૃષ્ટાન્ત	૬૭
૩	આરંભશિક્ષકસમાજ	૬૮
૪.	સિદ્ધપુરનો સ્ત્રીસમાજ	૭૦
૫	દક્ષિણ આફ્રિકાની હીરાની ખાણો	૭૧
૬	આકૃતિ સંબંધી પાઠ	૭૪
૭	નિબંધ શીખવવાનો ક્રમ	૭૬
૮	અભ્યાસ	૭૭
૯	વિદ્યાર્થીઓને બક્ષીસ નં. ૧	૭૮
૧૦	કિન્ડરગાર્ટન પદ્ધતિનાં મૂળતત્વો	૭૯
૧૧	ગાયકવાડ સરકારનું દેશી કેળવણી ખાતું (ઇનામ પત્રકો)	૮૧
૧૨	ગાયકવાડ સરકારનું દેશી કેળવણી ખાતું (સરક્યુલરો)	૧૩

विज्ञापना.

કેળવણીનો અંક ગ્રાહકોમાં જેઓને પૂનમ સુધીમાં ન મળે તેમણે જે તે માસ પૂરો થતાં અગાઉ પરબારું અમારા તરફ લખી જણાવવા તસ્દી લેવી, એઓને યોગ્ય ખુલાસો વખતોવખત આપવામાં આવશે. પૂનમ પછી લખનારને અંક શિલકે હશે તોજ મળી શકશે.

જોઈ જોઈને ચીતરવાના નકશા.

ગુજરાત પ્રાંતનો ગાયકવાડી રાજ્યના ભાગ સાથે		રૂ ૧) ના ૧૦૦	નંગ
હિંદુસ્તાનનો	કીમત	રૂ ૧) ના ૧૦૦	,,
મુંબઈ ઇલાકાનો	કીમત	રૂ ૧) ના ૧૦૦	,,
વડોદરા પ્રાંતનો	કીમત	રૂ ૧) ના ૧૦૦	,,
કડી પ્રાંતનો	કીમત	રૂ ૧) ના ૧૦૦	,
નવસારી પ્રાંતનો	કીમત	રૂ ૧) ના ૧૦૦	,
ગાયકવાડી રાજ્યનો ચારે પ્રાંત સાથે મોટો.		રૂ ૧) ના ૨૦	,,

ઠેકાણું.
વડોદરા—કોઠાખાડી રતનપોળ

મગનલાલ દ્વારકાદાસ માસ્તર.

[illegible]णी.

बोधक.

अर्थ मळे बळे धर्म सजावे, ज्ञान मळे सनमान बनावे;
प्रीति वधे पसरे जग मागे, ए शिशुशिक्षण धर्म अमारो. १

પુસ્તક ૧૦ મું. માહ. સંવત ૧૯૫૩. અંક ૪ થો.

નવ નાના છોકરા.

કુનિરા છંદના તાલનું ગાયન.

બાળક નાના નવ જણાં'તા,
દારે ચાલી દરખાના'તા,
ગજવાંથી એનાં ખાતાં'તા,
હાથ: કમળ દેખાતાં'તા;
તેમાંથી ખોવ્યો એક,
નાચ્યો છે છેડી નેક,
હું તો નહિ આવું છેક;
આઠે આઠે જણ બનાં'તા,
દારે ચાલી દરખાના'તા. દારે૦ ૧

અગણિત આઠે દોડે છે,
ગાડી ગામાની દોડે છે,
આઠે તેને ડર લોટે છે,
દેની બીજાની તોડે છે;
નાઠીને નાઠો જાય,
દોડે પણ ના પકડાય,
આથી ઓછો થાય,
બ ડી સાતે જણ બનાં'તા દારે૦ ૨

બેફિકરા સાતે ચાલે છે,
મરજી પરમાણે મા'લે છે
ઊંચે ઊંચે તે ભાળે છે,
ખાડો રસ્તે વચ ગાળે છે;
પડિયો તેમાં જઇ પાય,
મોહું ને નાક છુંદાય,
શો હાવે થાય ઉપાય?
બાકી છોએ જણ જાતા'તા. હારે૦. ૩

ચોરંટા છોએ ચાલે છે,
જાણે કે જાય નિશાળે છે,
બોરાંની ઢગલી ભાળેછે,
ચોરે છે તેને ઝાલે છે;
ચોરે તે માર્યો જાય,
આખર પૂરો પસ્તાય,
કોઇયે સંગી ના થાય;
બાકી પાંચે જણ જાતા'તા. હારે૦. ૪

ગરબડિયા પાંચે ભૂંકે છે,
શીખામણ ગુરુની ચૂકે છે,
બૂમો પાડી પગ મૂકે છે,
વાંદરની પેઠ હૂકે છે;
આવ્યો ત્યાં એક સિપાઇ,
ચારે જણ ગયા છુપાઇ,
પણ એક ગયો પકડાઇ;
બાકીના ચારે જાતા'તા. હારે૦. ૫

રમવાવાળા ચારે ચાલ્યા,
ભણવું છોડી ચૌટે મા'લ્યા,
ત્યાં એકતણા બાપે ભાળ્યા,
નાઠા પણ આગળ જઇ ખાળ્યા;
પકડાયો મોતીલાલ,
શા તેના થયા હવાલ,
તેનો કંઇ કરજો ખ્યાલ,
બાકી ત્રેણે જણ જાતા'તા. હારે૦. ૬

નિર્દય ત્રેણે જણ નાસે છે,
દીઠું કુરકુરિયું પાસે છે,
પગ ઝાલી પકડયું ત્રાસે છે,
બચકું ભરવાનું તકાસે છે;
એવે આવ્યો છે લાગ,
હો હો કરિ કરડયું નાક,
નિકળ્યું લોહી નવટાંક.
બાકીના બે જણ જાતા'તા, હારે૦. ૭

આળસુ બન્ને જણ ભટકે છે,
દફતરની દોરી લટકે છે,
નીશાળ દેખિને અટકે છે,
શિક્ષકને દેખી સટકે છે;
એવે સોટી પડિ એક,
આવ્યો તે છોડી ટેક,
શીખ્યો તે બધો વિવેક;
બાકી એકજ જણ જાતો'તો. ૮

શેખી કરિ એકજ ચાલે છે,
મનમાં રાજી થઇ મા'લે છે,
પોતાને ડાહ્યો ધારે છે,
એવે શિક્ષક ઉચ્ચારે છે.
લે છાનોમાનો ચાલ,
મોડો કયમ આવ્યો હાલ?
આ કુટેવ તારી ટાળ,
શિક્ષક શીખામણ દેતા'તા. ૯

दर्शन.

એક ઇન્સ્પેક્ટર જણાવે છે કે હેડમાસ્તરે પોતાની પાસે એક નોટબુક રાખવી જોઇએ, અને જે વર્ગમાં જે વિષય કાચો માલમ પડે તેની વખતો વખત નોંધ લેવી જોઇએ. આરંભથી અંત એ વર્ગમાં જઇને દરેક મિનિટ સુધી તેજ વિષય શીખવી બતાવી બાળકોને રીતે ક્રમે ક્રમે શિક્ષકની ભૂલ સુધારવી. પરીક્ષા વખતે તેની શી અસર થઇ છે તે જોવું. આથી મુખ્ય શિક્ષકોને ખામીના કારણો જડી આવશે. તે સુધારવાના ઉપાય શોધવાની જરૂર જણાઇ આવશે અને તે ઉપાય કેવી રીતે પકડવા તે પર વિચાર કરવાની ફરજ પડશે.

વળી તેજ ઇન્સ્પેક્ટર લખે છે કે જ્યાં હેડમાસ્તર પાસે વર્ગ હોતો નથી ત્યાં તેને બીજા વર્ગોની ખામી સુધારવાને પુરતો અવકાશ મળી શકે છે. તો પણ એવે એવા ઘણા હેડમાસ્તરો મળે છે કે ઉપલા વર્ગમાં શું કામ કરે છે તેની પણ તેમને ખબર હોતી નથી. તેઓ મને કહે છે કે 'અમે અમારો વર્ગ છૂટો મૂકી શકતા નથી.' એ ખરું, પણ જે વર્ગ નાના હોય તે વર્ગની મુલાકાત વખતો વખત તેમણે લેવી જોઇએ. એટલે વખત આ ત શિક્ષકોને કે કોઇ બીજી રીતે પોતાના વર્ગનો બંદોબસ્ત કરવાના આવે તો તેમણે પોતાના વર્ગને ખરેખર પઢાવવાનો સબબ એકાદ છે એવી રીતે પરસ્પર વાતચીતથી મુલાકાતથી કાચા રહેલા વિષય માલમ થવાની ખાત્રી થઇ હોય તો તે વિષયોની તપાસણી મુખ્ય પરીક્ષાઓમાં લેવાની ઘણી વાર જરૂર પડે નહિ. તોપણ હું ધારું છું કે ખાલી વખત પરીક્ષાઓ લેવા કરતાં ઘણી વખત એવા વર્ગોની મુલાકાત લઇ ખામીઓ સુધારવી એ મુખ્ય શિક્ષકની મોટી ફરજ છે.

ગયા સપ્ટેમ્બરની ૧૯ મીથી [illegible] મી સુધી બર્લિનમાં સ્ત્રીઓની મોટી કોન્ફરન્સ ભરાઇ હતી. એ પ્રસંગે ઘણીખરી યુરોપિયન અને અમેરિકન સ્ત્રીઓ હાજર હતી. એ સભામાં જુદી જુદી જાતની સ્ત્રીઓની સ્થિતિ વિષે ચર્ચા ચાલી હતી, તે ઉપરાંત નાનાં બાળકોની સંભાળ રાખવી તથા કિન્ડરગાર્ટન સંબંધી પણ ચર્ચા કરવામાં આવી હતી. વિદ્વાનની એક ૭૦ વર્ષની સ્ત્રીએ કેળવણીના કામ સંબંધી વ્યાખ્યાન આપ્યું હતું. આ કોન્ફરન્સમાં—એક ઓરડીયામાં ૯૬ બાળકો રહ્યાં હતાં, જેમાં 'બાળકોની જીંદગીનો અનુભવ' એ વિષય ઉપર ભણતાં હતાં. કહેવાય છે કે ચાર હજાર સ્ત્રીઓની હાજરી હતી એ સાંભળવાને નવરો વખત ભરાતી હતી.

મી. ચેલ્ક્ ગીલ્બર્ટ સને ૧૮૩૦ માં અમેરિકાનો એક ઝવેરી હતો. એક દિવસ કોઇ અકસ્માતથી તેણે પોતાના એક સોનાના હથિયારને હાથ પાડી અને તેણ-

લાભાર્થ એક નિબિટ-મહોરાપર સહી કરવાની હતી, અને તરત પોતાની ક્વીલ પેન નહિ મળી આવવાથી તેણે પેના ચીરાયલા હથિયારથી સહી કરી આપી આ બનાવ બહુ સારો બન્યો, કેમકે તે ઉપરથી ધાતુની પેન બનાવવાનો વિચાર ઉભો થયો એ કામ પહેલા તો છુપી રીતે પણ ઘણી ઝડપથી કરવામા આવ્યુ અને સ્ટીલની પેન પ્રખ્યાત થઈ કેળવણીના અને વેપાર ધંધાના કામમા જેવી છાપવાની કળા જરૂરની થઈ પડે છે તેવીજ ધાતુની પેન જરૂરની થઈ પડી છે ધાતુની પેન બનાવવાના એટલા બધા કારખાના છે અને એટલો બધો જથો તેઓ હમેશાં બનાવે છે કે અનંત કોટિ ઉપર તેનો હિસાબ થયો છે।

ગટાપર્ચા—આ ઉપયોગી વસ્તુનુ નામ શી રીતે પડ્યુ ? એવુ જણાય છે કે તે એક મલાઈ શબ્દ છે અને તેનો અર્થ આ રીતે થાય છે —ગુએટા = ગુન્દ, પર્ચા = કપડુ આ વસ્તુ પ્રથમ સન ૧૮૪૨ મા ડાક્ટર મોન્ટગોમેરીએ દાખલ કરી હતી લંડન ખાતે તેના પહેલા નમુના સીંગાપોરથી આવ્યા હતા B

ग्राम्यशिक्षकसमाज.

કેળવણી જનસુધારણાનો મુખ્ય આધાર છે અને તે દ્વારા દેશની સંપત્તિ અને અભ્યુદયમા વધારો થાય છે, એ વાત સર્વમાન્ય હોવાથી અને પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થયેલી હોવાથી તેનો બહોળો ફેલાવો થાય અને પોતાની સમગ્ર પ્રજા કેળવણીનો લાભ લે એવા ઉદ્દેશથી શ્રી મહારાજા સાહેબે પોતાના વિસ્તીર્ણ રાજ્યમા ગ્રામ્યશાળાઓ ઉઘાડેલી છે અમરેલી વગેરે કેટલાક તાલુકાઓમા અજમાયશ તરીકે કેળવણી ફરજિયાત તરીકે પણ આપવામા આવે છે અને તેનુ પરિણામ સંતોષકારક નીવડતુ જણાય છે ગ્રામ્યશાળાઓથી ગામડાના લોકોને કેળવણી આપવાનુ દ્વાર ઉઘાડુ થયુ છે અને જે થોડા વરસ થયા એ પદ્ધતિ નીકળેલી છે તે ઉપર અનુભવથી જોતા માલમ પડે છે કે એટલી થોડી મુદ્દતમા ઘણા માણસો-છોકરાઓ અને કન્યાઓને પણ લખતા વાચતા અને સમજવાનુ જ્ઞાન પેદા થયુ છે દિનપ્રતિદિન કેળવણી ફેલાતી જાય છે અને થોડા વરસ પછી ગાયકવાડી પ્રાન્તનુ કોઈ પણ માણસ અભણ નહિ રહે। આ કેળવણી તે એવી કે વાચતુ લખતુ અને ગણતુ આવડતુ પણ હાલના જમાનામા સામાન્ય દૃષ્ટિએ જોતા થોડુ ઉપયોગનુ છે એમ નથી ગ્રામ્યશાળાના શિક્ષકો એટલુ પણ સારી રીતે શીખવી શકે તો બસ છે એ શિક્ષકો પૈકી ઘણાખરા ગુજરાતી છઠ્ઠા ધોરણમા પાસ થએલા હોય છે અને બાકીનાઓએ તો ધોરણ પણ પૂરુ કરેલુ હોતુ નથી તેઓ ઉપરની [illegible] દીપાવી શકતા નથી, અને શ્રીમંત મહારાજા સાહેબનો ઉદ્દેશ જોઈએ તેવો પાર પડી શકતો નથી એટલા માટે વડોદરા વિભાગના મે ડેપ્યુટિ એજ્યુ ઇન્સ્પેક્ટર રા રા [illegible] પ્રભાકર

ભાગના મનમાં પોતાના વિભાગની ગ્રામ્યશાળાઓના શિક્ષકોને અમુક ઠેકાણે ભેગા કરી તેમની અડચણો સાંભળવાની અને તેમના જ્ઞાનમાં દિન પ્રતિદિન વધારો થાય એવી યોજના [illegible] એ ઉપરથી તેઓ સાહેબે સને [illegible] તા. ૩-૧-૦૭ ને રવિવારે [illegible] મુકામે [illegible] ગામના ગ્રામ્ય શિક્ષકોનો સમાજ ભર્યો હતો અને તેમાં શિક્ષકોએ પણ ઘણી હોંશથી અને ઉત્કટથી ભાગ લીધો હતો. એ સમાજમાં બનતા સુધી ૬૦-૭૦ માણસો ભેગા થયેલા [illegible] વિભાગની કેટલીક સરકારી નિશાળોના હેડમાસ્તરો અને મહેતાજીઓ તથા ગામના મુખી પટેલો અને અન્ય ગૃહસ્થો હાજર હતા. ગ્રામ્ય શિક્ષકોએ એકેકી રીતનું [illegible] મે. ડે. ઇ. સાહેબે [illegible] અને [illegible] રીતે કરી બતાવ્યું હતું. એ ઉપરાંત શાળાઓની હાજરી સારી શી રીતે રહે તથા ભણવા આવનાર છોકરાઓ અને કન્યાઓની સંખ્યામાં વધારો શી રીતે થાય [illegible] સારી રીતે વિવેચન કર્યું હતું. સમાજનું કામ એકથી ચાર વાગતા સુધી ચાલ્યા પછી સમાજ બરખાસ્ત કરવામાં આવ્યો હતો.

[illegible] ભાગની ગ્રામ્યશાળાઓના શિક્ષકોનો [illegible] ને [illegible] રવિવારે [illegible] એક [illegible] ના આવ્યા હતા. એ પ્રસંગે [illegible] કેટલીક સરકારી શાળાઓના તથા [illegible] ગામના આગેવાન ગૃહસ્થો, અને [illegible] સમાજના [illegible] અને [illegible] કેટલીક [illegible] શી રીતે [illegible] અને [illegible] શિક્ષકો તરફથી કેટલુંક વિવેચન થયું હતું [illegible] સમાજના [illegible] કે તેમની [illegible] ઉપર [illegible] પછી ચાર વાગતા સમાજ બરખાસ્ત કરવામાં આવ્યો હતો.

આ બન્ને સમાજોથી ગ્રામ્યશાળાઓના શિક્ષકોને ઘણો [illegible] અને તે ઉપરથી [illegible] અને [illegible] ગ્રામ્યશિક્ષકોએ [illegible] એક [illegible] સમાજ સ્થાપવાનો ઠરાવ [illegible] એ [illegible] સમાજનું નામ ગ્રામ્યશિક્ષકસમાજ [illegible] છે, અને તે [illegible] ઉપર પ્રમાણે [illegible] કરી [illegible] ઉપર [illegible] આ રીતે [illegible] સમાજ [illegible] શિક્ષકોનું [illegible] જ્ઞાનના [illegible] થાય. [illegible]

શકે અસ્તુ મે. અબાસ તરભાઈએ આવા સમાજને ઉપાડી તે દ્વારા પોતાના વિભાગ-ના શિક્ષકોનું જ્ઞાન વધારવાની આખા રાજ્યમાં જે પહેલ કરી છે તે ખરેખર અનુ-કરણીય અને સ્તુત્ય ધારી અમે તેઓ સાહેબને અભિનંદન આપીએ છીએ B

सिद्धपुरनो स्त्रीसमाज.

ગાયકવાડી રાજ્યમાં કેળવણીની સ્થિતિ દિનપ્રતિદિન ઉચ્ચતર થાય છે તેમાં સ્ત્રીકેળવણીને માટે પણ સારા ઉપાયો લેવાવા માંડ્યા છે તેમાંનો બે વર્ષથી ચાલુ થયેલો સ્ત્રીસમાજ ભરવાનો રિવાજ તે એક છે

તેવો સમાજ તા. ૧-૧૨-૯૮ને રોજ સિદ્ધપુરમાં થયો હતો, ત્યાંની કન્યાશાળાની પરીક્ષા મે. વીસનગર વિભાગના ડેપ્યુટી એજ્યુ. ઈન્સ્પેક્ટર સાહેબ ગોવર્ધનદાસભાઈએ લીધા પછી સમાજની યોગ્ય તૈયારી કરી હતી

બ્રાહ્મણોની વાડીની વિશાળ જગામાં માટીનું એક મોટું વર્તુલ કરી તે પર કળી-ચૂનો પૂરી તે પર વિવિધ રંગની રંગોળી પૂરી હતી તેમજ જુદી જુદી જાતના ચિત્રો મૂક્યા હતા તેની આસપાસ કુંડાળાના વાંસડા ધારી તે પર નીતિવાક્યો લખેલા પાટિયા ભરાવ્યા હતા તેમજ સભામંડપને દરેક થાંભલે सत्यमेव जयति, अतो धर्म-नो जय छे, सद्गुण सर्व ठेकाणे पूजाय छे એવા વાક્યોના પાટિયા ભરાવી દીધા હતા. ચકરમાં બસે વાંસની વચ્ચે એક ખી માટલી મૂકી હતી જે કન્યાઓ ગાતી વખત ફેરવતી હતી વળી આસપાસ કિન્ડરગાર્ટનની આકૃતિઓ તથા કસુંબા ગોઠવીને નીતિવાક્યો, ગુણાકાર ભાગાકાર, તેમજ બીજી આકૃતિઓ બનાવી હતી તેમજ વચ્ચે વચ્ચે ભરત ગૂંથણના નમુના ભરાવી દીધા હતા

સમાજ ચાર વાગે ભરવાનો હોવાથી કન્યાશાળામાંથી કન્યાઓને વાગતે ગાજતે શહેરના વસ્તીવાળા રસ્તાઓમાં થઈને સભામંડપમાં આણવામાં આવી હતી પ્રથમથી આમંત્રણ કરેલા હોવાથી સ્ત્રીઓના ટોળેટોળાં સભામાં આવવા લાગ્યા

સભાનું કામ શરૂ કર્યું તે વખતે લગભગ ૨૦૦૦ સ્ત્રીઓ સભામંડપમાં હતી. ત્યાં પ્રજાપ્રિય વહિવટદાર સા૦ ના પત્ની જેઓ સુશિક્ષિત છે તેમને પ્રમુખસ્થાન આપી સભાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું શરૂઆતમાં કન્યાઓએ ગોળ ફરીને –માટલી ફેરવીને–ઝવેગ મહિન માથે માટલી મૂકીને થોડું ચાલ્યા વગર ગાઈ ટેકથી ફરીને ગાતા નીતિ વિષયના તથા ભણવાથી ફાયદાના ગરબા ગાયા હતા, પછી કન્યાશાળાના હેડમિસ્ટ્રેસ તરફથી શાળાનો રિપોર્ટ વાંચવામાં આવ્યો તેમાં શાળાની સ્થિતિ જણાવી હતી કે, ૧૩૧ કન્યાઓમાંથી ૧૧૩ હાજર ને ૮૫ સંખ્યા પાસ થઈ, વગેરે થયા પછી તેમણે સ્ત્રીસમાજનો હેતુ–શ્રીમંત સરકારનો કેળવણી માટે પ્રયત્ન–ભણેલી સ્ત્રીનું સંસાર–ભણવામાં વહેમ–પરણ્યા પછીના કેળવણીની જરૂર–ભણવાથી લાભ–ભ-

ખાતર કે સત્કાર્ય આપુરૂં મકનું નહિ—માતાઓએ કેળવણી કેવી રીતે આપવી, એ મુદ્દાઓપર રસિક વ્યાખ્યાન આપ્યું હતું.

વળી વીરમગામ કન્યાશાળાના હેડમિસ્ટ્રેસ આ સમાજ જાણીને ખાસ પોતાની સ્ત્રીભગિનીઓને શિખામણ આપવા અર્થે આ વખતે અત્રે આવ્યા હતાં તેમણે સ્ત્રી કેળવણીના સંબંધે પ્રાચીન કાળની સ્થિતિ, મધ્ય કાળની મંદતા, અને વર્તમાન કાળમાં પ્રાપ્ત કરવાની જરૂર સંબંધે દાખલા દલીલ સહિત લગભગ અર્ધા કલાક સુધી વ્યાખ્યાન આપ્યું હતું, જેણે ઘણી સારી અસર સ્ત્રીઓના મન પર કરી હતી. પછી ઇનામ વહેંચી પ્રમુખનો તથા શ્રીમન્ત મહારાજા સાહેબનો ઉપકાર માની સમારંભ ૬ વાગે વિસર્જન થયો હતો. એકંદર સમાજની વ્યવસ્થા સારી રહી કામ ઉત્તમ પ્રકારે ચાલ્યું હતું. આવા સમાજ સ્ત્રીકેળવણીનો વધારો કરવાને ઘણા ઉપયોગી છે. આથી ઘણી અજ્ઞાન સ્ત્રીઓને પોતાની કન્યાઓને શાળામાં મોકલવાનો ઉત્સાહ પ્રાપ્ત થાય છે. હજુ આપણી સ્ત્રીઓનો ઘણો ભાગ અજ્ઞાન હોવાથી તેમને સુધારવાનો આ સારો રસ્તો છે. આ બાબતમાં શ્રીમાન મહારાજા સાહેબે સારૂં પગલું ભર્યું છે. બીજા રજવાડા તથા બ્રિટિશ સરકાર તરફથી તેવા પગલાં ભરાયાથી ગુજરાતની સ્થિતિ સુધરશે.

નારાયણ ગૌરીશંકર ઠાકર સિદ્ધપુર.

દક્ષિણ આફ્રિકાની હીરાની ખાણો.

(અમેટ ઉપરથી)

દક્ષિણ આફ્રિકાના રણના મધ્યભાગમાં કિમ્બર્લી કરીને એક ગામ છે. આ ગામનાં ઘર જુદા રંગની માટીનાં બાંધેલાં છે. ગામની બહાર બહુ કોઇ જગોએ થોડાક સુંદર બગીચા બાંધેલા છે તેથીજ માત્ર તે જગો રમણિક લાગે છે. એ ગામના અંદરની જગો કેમ્પઓીનીઓમાં ઘણી વિગત છે. પણ તે બંદરની આસપાસ લોખંડના બાંધેલી ઇમારતો છે જેથી દૂરથી જોનારને જગો ઉજ્જડ નગર જેવી લાગે છે. કિમ્બર્લીમાં બીજું કાંઇ નીપજતું નથી, ફક્ત જ્યાં ત્યાં હીરાજ હીરા માલમ પડે છે. એ હીરા કાઢવા માટે યુરોપિયન લોકોની અનેક કંપનીઓ ત્યાં આવી છે, અને હીરાની પેદાશ નિયમિત રીતે થવા માટે તે બધી કંપનીઓએ એકઠા થઇને કેટલાક નિયમો ઘડ્યા છે. તે પ્રમાણે ત્યાં વર્તવામાં આવે છે. કિમ્બર્લીમાં વસનારા ઘણા શ્રીમંત અને સુખિયા લોકો છે. જેનાથી બની શકે તેમણે એ સ્થાનની એક વાર મુલાકાત લેવી યોગ્ય છે.

વાલ અને ઓરેંજ નદીઓની વચ્ચેના પ્રદેશમાં એક વખત એક જુવાન હબસી પોતાના ખેતરમાં કામ કરતો હતો, તે વખતે તેના હાથમાં એક ચળકતો પીળો નાનો પથરો આવ્યો, તે પથરો તે ઘેર લઇ ગયો અને એક વખત ત્યાં થઇને કોઇ મુસાફર જતો હતો તેને તેણે બતાવ્યો. તે મુસાફરે તેને થોડાક પૈસા આપીને તે પથરો ખરીદ

કર્યો તથા પોતે તેને ૫૦૦ પૌંડની કીમતે વેચી દીધો. કીમ્બરલીમાંથી મળી આવેલો પહેલો હીરો એ હતો. થોડા વખતમાં એ વાત ચારે પાસે પસરી ગઇ અને યુરોપીઅનોનાં ટોળાં ને ટોળાં વાલ નદીની આસપાસ શોધ કરવાને ઉતરી પડ્યાં. તેમણે શોધ કરી અને તેમને મળી પણ આવ્યા. છેલ્લાં ત્રેવીશ વર્ષમાં કીમ્બરલીમાંથી જે હીરા મળી આવ્યા તેની અડસટ્ટે માત્ર જે કીમત અંકાય છે તે ૩૫,૦૦,૦૦,૦૦૦ પૌંડ જેટલી છે.

"જોન બુલ અને કંપની" નો એક માણસ લખે છે કે દક્ષિણ આફ્રિકાની હીરાની કંપનીઓના જનરલ મેનેજરની નિગેહબાની નીચે હું તેની જમીનમાંની ખાણો જોવા ગયો હતો. ખાણના ખાડા આગળ આવતાં મેં નીચે નજર કરી તો મને તે ઘણો ઉંડો જણાયો. આ ખાડો ત્રણસેં ફીટ ઊંડો છે અને તે વીશ એકર જેટલી જમીનમાં ખોદેલો છે. એ ખાડામાં કાળી કીડીઓનાં ટોળાં હોય તેવા હબસી લોકો ખોદાખોદ કરી રહ્યા હતા અને તેમના હાથમાં જે ચળકતો પથરો આવતો તે તેઓ ત્યાં તૈયાર રાખેલી હાથથી ખેંચવાની ગાડીઓમાં નાંખતા હતા. તે ગાડીઓને ટ્બ્બીલ કહે છે. એ ટ્બ્બીલ ભરાતાં ત્યારે તેને ખાડામાં એક બાજુ ઉભા કરેલા સંચા પાસે લેઇ જતા હતા અને ત્યાં તેને ખાલી કરી લેતા હતા. સંચામાં તે પથરાઓ ઉપરની રેતી વગેરે કાઢી નાંખીને તેને સાફ કરવામાં આવતા અને પછી તેને કારખાનામાં મોકલી દેતા હતા. આ કારખાનાં એટલે હારબંધ બાંધેલી છાપરીઓ હતી. તેમાં કેટલાક ઘણાજ તીક્ષ્ણ દૃષ્ટિના તપાસણીદાર બેઠા હતા તથા તેમના હાથ નીચે કામ કરનારાઓ તરફ બારીક નજર રાખતા હતા. તેમના આગળ ટેબલો ગોઠવેલાં હતાં. તે ટેબલપર હીરાના પથરા મૂકીને દાતરડા જેવા દાંતવાળા એક હથિઆરથી તેને સાફ કરી હીરા શોધતા હતા. હીરો માલમ પડ્યો કે તેને એક બંધ કરેલી લોઢાની પેટીમાં નાખતા હતા. આ પેટીઓને કંપનીની ઓફીસમાં મોકલવામાં આવતી હતી, અને ત્યાં હીરાના પરીક્ષકો તેના કદ, રંગ અને સ્વચ્છતાના પ્રમાણમાં તેના જુદા જુદા વર્ગ કરતા હતા. આ વર્ગ કરેલા હીરાઓને પછી એક ટેબલમા જરકશી કપડું પાથરીને તેમાં ગોઠવી મૂકવામાં આવતા હતા. એવા એક ટેબલમાં ૨,૦૦,૦૦૦ પૌંડની કીમતના હીરા મારા જોવામાં આવ્યા હતા; અને એટલા હીરા આગલા ચાર દહાડામાં જડી આવ્યા હતા. એમાં કેટલાક હીરા ધોળા, કેટલાક પીળા, કેટલાક બદામી રંગના, કેટલાક લગાર ધોળાશ પડતા રાતા રંગના, કેટલાક નારંગિયા રંગના અને કેટલા આસમાની ભૂરા રંગના હતા.

કીમ્બરલીની હીરાની ખાણોમાં દક્ષિણ આફ્રિકાની બધી જાતોના લોકો કામ કરતા હતા. તેઓ જે રીતે પોતાની જીંદગી ગાળે છે તે તરફ સૌના કરતા કરતાં મારૂં વધારે ધ્યાન ખેંચાયું હતું. જે હબસી કંપનીની ખાણમાં કામ કરવાનું કબુલ કરે છે, તેને કંપની સાથે કેટલાક કરાર કરવા પડે છે; અને એ કરાર એવા હોય છે કે જેથી તે બિચારો જ્યાં સુધી ખાણમાં કામ કરે છે ત્યાં સુધી એક કેદી જેવી જીંદગી તેને ગાળવી પડેછે. પણ તે ભલા હબસીઓ પોતાના નસીબથી સંતુષ્ટ હોય છે. તેને ખુલ્લી હવા મળે છે, સારો ખોરાક મળે છે, અને રમતગમ્મતનાં સાધનો પણ તેમને માટે હોય છે; જો તે માંદો થાય છે તો તેની સારી રીતે સારવાર કરવામાં આવે છે. જ્યારે તે નોકરી છોડીને જાયછે ત્યારે તેના ચામડાના પટામાં (તે પટો એવો કરેલો હોયછે કે તેમાં તે પોતાની

મુઠી સંભાળીને રાખી શકે છે) આથી તે એટલી સુધી પીઠ પડેલા હોય છે એ પીંડ વડે તે જગાએ ખરીદી શકે છે અને તે બજારોના બદલામાં તેમને બાબડી મળે છે. આ બાબડી તેને મોટે કામકાજ કરે છે અને તેનું બાકીનું આયુષ્ય તે વડે સુખમાં ગુજારે છે

આ ખાણ ખોદનારાઓને એક મોટા કંપાઉન્ડમાં બરાબર બાંધીને તેમાં રાખવામાં આવે છે અને તે કંપાઉન્ડનામાં ફક્ત બાપામાં જ્યાંનોજ રસ્તો હોય છે આ કંપાઉન્ડની ચારે બાજુએ મજબુત લોઢાના સળિયાની વાડ હોય છે, અને તેની અંદર તેઓ બે ત્રણ મહિના રહે છે. તેઓ જે કે ખાતા હોય તેને તેમ જ ભુંગા તેમને રાખવામાં આવે છે કંપાઉન્ડના મધ્ય ભાગમાં કેટલાક એકરમાં છુટું મેદાન રાખવામાં આવે છે તેમાં તેઓ હવાડે ફરે છે અને રમતગમ્મત કરે છે કંપાઉન્ડની બહારના કોઈ પણ માણસ સાથે તેમને કાંઈ પણ પ્રકારનો સંબંધ થવા દેતા નથી એટલુંજ નહિ, પણ તેઓ છાપરા પર ચડીને હીરા બહાર ન ફેંકી દે, એટલા માટે આખા કંપાઉન્ડ ઉપર લોઢાના બારીક તારની ઝીણી જાળી પાથરી દીધેલી હોય છે

આવી રીતે કીમ્બરલીમાં બે કંપાઉન્ડ છે અને તેમાં સર્વત્ર શાંતિ અને વ્યવસ્થા જાળવવામાં આવે છે તેમનામાં કોઈ કોઈ વાર તકરાર થાય છે, પણ તે તેમની અંદર અંદરની જુદી જુદી જાતોના સંબંધમાં હોય છે એ તકરાર કંપાઉન્ડના ઉપરીઓ સહેલથી મટાડી શકે છે ખાણ ખોદનારાઓ જ્યારે કામ પર નથી હોતા ત્યારે તેઓને પોતાની મરજીમાં આવે તેમ કરવાની છુટ હોય છે તેઓ રમે છે કુદે છે, નાચે છે, ગાય છે, ખાના ખેલે છે, રસોઈ કરે છે અને દરેક પ્રકારની ગમ્મતમાં પોતાનો કાળ નિર્ગમન કરે છે ટુંકામાં, પાછળ કહ્યું છે તેમ, તેઓ ઘણા સુખચેનમાં રહે છે

એ કારખાનાઓમાં માત્ર એક જાતની જ નિર્દયતા જોવામાં આવે છે જ્યારે કોઈ માણસ કંપનીમાં નોકર રહેવા આવે છે ત્યારે પ્રથમથીજ તેને ચેતાવવામાં આવે છે કે ત્યારે કંપનીઓના અમુક અમુક જાતના કરેલા હુકમોને તાબે થવું પડશે અને કંપનીના તે ધારાઓની રૂએ તેની નોકરીના છેક આખરી દિવસોમાં તેને આ જુલમ સહન કરવો પડે છે તે નોકરી છોડવાનો હોય તે પહેલા એક અઠવાડિયાથી તેને છેકજ નાગો કરીને એકાંત કેદમાં પૂરવામાં આવે છે કંપાઉન્ડના કોઈ પણ તેના ઓળખીતા સાથે તેને વાતચિત સુદ્ધા કરવા દેવામાં આવતી નથી તેને હાથે ઘણા મોટા અને પહોળાં આંગળાં વગરના ચામડાના મોજા પહેરાવવામાં આવે છે કે જેથી તે પોતાના હાથનો ઉપયોગ કરી શકે નહિ અને તેથી તેને તેટલી મુદત પશુની પેઠે માત્ર મોઢેથી ખાવું તથા પીવું પડે છે તેની માલમત્તા વગેરે જે કાંઈ તેનું હોય તે લેઈ લેવામાં આવે છે અને તેનાં અંગ બારીકાઈથી તપાસવામાં આવે છે કે રખેને એકાદ હીરો તેમાં સંતાડીને તે ન લેઈ જતો હોય તેના અંગ ઢાંકવા માટે કંપની તરફથી એક ધાબળી આપવામાં આવે છે અને તેને છોડતી વખતે તે પાછી લેઈ લે છે તેમના શરીરની આવી રીતે શોધ ખોળ કરે છે અને તેમના દાંત સુદ્ધા તપાસે છે આ અઠવાડિયું પૂરું થયા પછી તે મજુરીને કંપનીમાંથી રજા આપવામાં આવે છે અને જતી વખતે તેની વસ્તુઓ તેને પાછી આપે છે

आकृति संबंधी पाठ.

આકૃતિ એટલે શું?

ગોળાકાર.

જે શિક્ષકોને વસ્તુઓ સંબંધી કથિતપાઠ આપવાનો પરિચય હશે, તેમના જાણવા આવ્યું હશે કે પદાર્થોના આકારનો વિચાર છોકરાંના મનમાં સૌથી પ્રથમ ઉત્પન્ન થાય છે. પણ નાના બાળકોના મનમાં તે વિચાર સ્પષ્ટ નથી હોતો, માટે આકાર સંબંધી તેમના મનમાં સ્પષ્ટ વિચાર આણવાની જરૂર સૌથી પહેલીછે. આ કામ માટે શિક્ષકે છોકરાંના આગળ જુદા જુદા આકારની ઘણીક વસ્તુઓ લાવીને મૂકવી. તે વસ્તુઓનો કોઈ ચોકસ આકાર હોવો જોઇએ. કેટલીક વસ્તુઓ ગોળાકાર, કેટલીક નલાઆકાર, કેટલીક ખૂણાવાળી, કેટલીક ચોરસ, લંબચોરસ, ત્રિકોણાકાર, વગેરે, વગેરે; અને તેમાંથી એકાદ વસ્તુ (જેવી કે ગોળો) હાથમાં લેઇને પછી છોકરાંને તેના જેવા આકારની એક વસ્તુ શોધી કાઢવાને કહેવું.

છોકરાં તેવી એક શોધી કાઢે એટલે શિક્ષકે નીચે પ્રમાણે પ્રશ્ન કરવાઃ—

શિક્ષક—આવી બધી વસ્તુઓઓનો આકાર ગોળ છે; મેં શું કહ્યું?

છોકરાં—આવી બધી વસ્તુઓનો આકાર ગોળ છે.

શિક્ષક—આ બીજી વસ્તુઓ તરફ જુઓ; તેમનો આકાર ગોળ છે?

છોકરાં—ના

શિક્ષક—ત્યારે આ વસ્તુઓના આકારને આપણે કેવો કહેવો જોઇએ?

છોકરાં—આ વસ્તુઓનો આકાર ગોળ નથી.

શિક્ષક—આ વસ્તુઓ સિવાય બીજી કોઇ ગોળ વસ્તુનાં નામ તમને આવડે છે.

છોકરાં કેટલીક વસ્તુનાં નામ દેશે. શિક્ષકે છોકરાંને હવે પછી તેમના જોવામાં જે જે વસ્તુઓ આવે, તેમનો આકાર ધ્યાનમાં રાખવાને કહેવું. અને જો તેમાંની કોઇ ગોળ વસ્તુ માલમ પડે, તો તેનું નામ પૂછી લાવવાને કહેવું; અને જો બની શકે તો બીજે દહાડે તેવી કોઇ વસ્તુ નિશાળે લેતા આવવાને કહેવું. જ્યારે છોકરાંના મનમાં ગોળ આકારના વિચારની બરાબર છાપ પડે ત્યારે શિક્ષકે તે શબ્દ પાટિયાપર લખવો; અને જે છોકરાં લખી શકતાં હોય તેમને તે શબ્દ લખી લેવા કહેવું અને ન લખી જાણતાં હોય તેમને જોડણી કરાવી બોલાવવો. પછી તે શબ્દની નીચે ગોળાકાર વસ્તુઓનાં નામ છોકરાંને પૂછી પૂછીને શિક્ષકે લખવાં.

નલાકાર.

શિક્ષકે પોતાના હાથમાં એક નલાકાર વસ્તુ લઇને છોકરાંને નીચે પ્રમાણે પૂછવુંઃ—

શિક્ષક—આ વસ્તુઓમાંથી મારા હાથમાં છે તેના જેવા આકારની એક વસ્તુ શોધી કાઢો. છોકરાં તે પ્રમાણે કરશે. (જો છોકરાં તેવી વસ્તુ શોધી કાઢતાં ભૂલ કરે, તો શિક્ષકે તેમને ખરી વસ્તુ શોધી આપવી નહિ, પણ પોતાના હાથમાંની વસ્તુ બતાવ્યા કરવી અને તેમની ભૂલ સુધારવી.)

શિક્ષક—આ દરેક વસ્તુનો આકાર નળાકાર કહેવાય છે તે શું કહ્યું?

છોકરાં—આ દરેક વસ્તુનો આકાર નળાકાર કહેવાય છે.

શિક્ષક—આ બીજી વસ્તુઓ તરફ જુઓ. એ વસ્તુઓનો આકાર નળાકાર છે?

છોકરાં—એ વસ્તુઓનો આકાર નળાકાર નથી.

શિક્ષક—આ બધી વસ્તુઓમાંથી બીજી કોઈ વસ્તુઓનો આકાર તમે ઓળખી શકો છો?

છોકરાં—હા. ગોળાકાર વસ્તુઓને ઓળખી શકીએ છીએ.

શિક્ષક—બતાવો જોઈએ.

શિક્ષક—આ અહીં આગળ છે તે સિવાય કોઈ નળાકાર બીજી વસ્તુઓ તમે જોઈ છે?

છોકરાં કેટલીક વસ્તુઓનાં નામ દે છે. જો ન દે, તો શિક્ષકે તેમને કહેવું કે હવે પછી તમારા જોવામાં જે જે વસ્તુઓ આવે તેના આકાર તરફ ધ્યાન રાખજો અને કોઈ નળાકાર વસ્તુ જુઓ તો તેનું નામ યાદ રાખજો. તથા જો બની શકે તો બીજે દહાડે તમે નિશાળે આવો ત્યારે તમારી સાથે તેવી આણજો.

શિક્ષકે પછી નળાકાર શબ્દ પાટિયા પર લખવો. છોકરાં પાસે તેની જોડણી કરાવી, બોલાવવો, તથા લખાવવો અને નળાકાર વસ્તુઓનાં નામ કહેવાને પૂછી પૂછીને તે નીચે લખવાં. આ શબ્દોની પણ જોડણી કરાવવી, વંચાવવા, અને લખાવવા.

એજ પ્રમાણે પોતાની પાસેની વસ્તુઓમાંથી એક બીજો આકાર પસંદ કરવો. અથવા જે આકાર વિષે જાણવાની છોકરાંને ઈચ્છા હોય તે આકારની વસ્તુ તેમને પસંદ કરવા દેવી. પછી શિક્ષકે ઉપરના બે નમૂનામાં બતાવ્યા પ્રમાણે સવાલ પૂછીને તે આકાર વિષે સમજ આપવી. આ પાઠ આપવાનો ક્રમ નીચે પ્રમાણે છે—

૧ શિક્ષક એકાદ આકારવાળી વસ્તુ હાથમાં લઈને છોકરાંને બતાવશે.

૨ છોકરાંઓ તેવા આકારની વસ્તુઓ બીજી વસ્તુઓમાંથી શોધી કાઢશે.

૩ શિક્ષકે છોકરાંને તે આકારનું નામ કહેવું.

૪ છોકરાં બીજા કોઈ આકાર જાણતાં હોય, તે આકારની વસ્તુઓ શોધી કાઢી બતાવે.

૫ છોકરાં સારૂ આકારની બીજી વસ્તુઓનાં નામ દે.

૬ એક આકારનું નામ શિક્ષક પાટિયા પર લખવું.

૭ એ આકારની વસ્તુઓનાં નામ તે નીચે લખવાં. તેની જોડણી કરાવવી, વંચાવવું, અને લખાવવું.

ઘણીક વસ્તુઓ એકજ આકાર આકારની હોતી નથી, પણ ઘણા આકાર મિશ્ર થઇને થયેલી હોય છે એને પ્રસંગે છોકરા પાસે કહેવરાવવું કે વસ્તુનો કયો ભાગ કેવા આકારનો છે આ રીતે છોકરા ઘણાક આકારથી માહિત થાય ત્યારે જુદા જુદા આકારવાળી વસ્તુઓનો વર્ગ પ્રમાણે જથો છોકરા પાસે કરાવવો

નિબંધ શીખવવાનો ક્રમ.

(પાછલા અંકથી ચાલુ)

૨ ફ્રાન્સમાં રોહોન નદી ઉપર એક મોટો અને ભારે લાકડાનો પુલ બાંધવામાં આવ્યો હતો જ્યોર્જ સ્ટીવન્સને આ પુલ ઉપરથી જતા તેની રચના નિહાળી એ ઉપરથી અનુમાન કરતા તેને સંતોષ થયેલો જણાયો નહિ અને વધારે બારીકીથી જોવા જરા આગળ ચાલ્યો આખરે તે બોલી ઉઠ્યો—“ આ પુલ ટકી શકવો બહુ મુશ્કેલ છે જરૂરિયાત ભાર ખમી શકશે કે કેમ તેને માટે મને શક છે ધારો કે એક મોટી પલટણ એ પર થઇને જાય તો તે એટલો બધો બોજો ખમે કે તેનું પરિણામ ભયંકર નીવડ્યા વિના રહેનાર નથી ” તેણે આ હકીકત ત્યાંના સત્તાધીશને જાહેર કરી અને વધારે મજબૂત કરવાને માટે સૂચના આપી ચાર વરસ સુધી પુલમાં કાંઇ પણ સુધારો કરવામાં આવ્યો નહિ પરિણામ એ થયું કે એક વખત એક લશ્કરી પલટણ એ ઉપર થઇને કુચ કરતી હતી એટલામાં સ્ટીવન્સનના ધારવા પ્રમાણેજ પુલની લાકડો તૂટી, માણસો નદીમાં પડ્યા અને તેમાંના ઘણાખરા મૃત્યુને વશ થયા વાહ સ્ટીવન્સન તારી તર્કને '' B

૩ એક ગરીબ માણસ એક કોર્ટમાં જઇ એક પૈસાદાર પર ફરિયાદ કરી કે તે વગર કાયદે મારૂ ઘર બથાવી પડ્યો છે ગરીબ માણસ પાસે, એ ઘર પોતાનીજ માલકીનું છે તે બતાવવાને નાના નાના ખત હતા અને પૈસાદારે પોતાના પક્ષમાં કેટલાક સાક્ષીઓ ઉભા કર્યા હતા મુકદ્દમો ચાલે તે પહેલાં પૈસાદાર માણસે ન્યાયાધીશની મહેરબાની મેળવવા માટે પાંચસે રૂપિયા મોકલી દીધા મુદતનો દિવસ આવ્યો અને ગરીબ માણસે પ્રમાણિકપણાથી વિવેકથી પોતાની તમામ હકીકત જાહેર કરી, તથા પેલા પૈસાદારે પોતાનો પક્ષ સ્વીકારવા ન્યાયાધીશને વિનતિ કરી ચતુર અને પ્રમાણિક ન્યાયાધીશ એ બધું સાંભળ્યા પછી પોતાની ખુરસી નીચેથી એક કોથળી ઉપાડીને બોલ્યો, ‘ તમે મારી રીતભાત વિષે ભૂલાવામાં પડ્યા છો, હું લાંચ લેતો નથી અને આ પાંચસે રૂપિયા તમારી સાક્ષી પૂરી શકતા નથી પછી ન્યાયાધીશે એ કોથળી પૈસાદાર તરફ ફેંકી અને ગરીબને કહ્યું કે તું સાચા દાવાવાળો છું અને એ ઘર તારૂંજ છે B

૪ એક ગૃહસ્થ મરણ પથારીએ પડ્યો હતો, તે વખતે તેણે પોતાના ત્રણ છોકરાઓને પાસે બોલાવી દરેકને એક પ્રશ્ન પૂછ્યો તેણે પૂછ્યું કે—‘ જો તમને

એક પક્ષી થવાની કોઈ ફરજ પડે તો તમે કયું પક્ષી થાઓ ?"

મોટાએ જવાબ દીધો—"બાજપક્ષી થાઉં, કારણ કે તે એક ઉમદા પક્ષી છે અને હમેશાં બીજાં પક્ષીઓ સાથે લડાઈ મચાવે છે.

બીજાએ કહ્યું—"હું સ્ટાર્લિંગ નામનું પક્ષી થાઉં અને મધમાખીની કિસમ શાંતિમાં ગુજારું, કારણ કે સ્ટાર્લિંગ પક્ષી હોશિયાર છે."

ત્રીજો બોલ્યો—"હું શાહમૃગ થવાને ઇચ્છું છું. સાખી ગરદન મને બહુ ગમે છે, કારણ કે જે કંઈ માલ અંતઃકરણમાં હોય તે મોઢા પાસે આવે તે પહેલાં તે બાબત કેટલોક વખત વિચાર કરવાની મને જરૂર છે."

પ્રત્યેક છોકરાનું આ પ્રમાણે સાંભળ્યા બાદ એ ગૃહસ્થે મોટા છોકરાને કહ્યું—'તને લડાઈ ગમે છે તો હું મારી ઘરવાડની તમામ મિલકત તને સોંપું છું. કારણ કે ઘરવાડ એ એવી ચીજ છે કે જે કંઈ કારણ સિવાય તું લડાઈમાં જઈ શકું જ નહિ.'

પછી તેણે બીજા છોકરાને કહ્યું કે—તને બધાંદ શાંતિ ગમે છે તો હું મારી આયર્લૅન્ડની તમામ તને મિલકત સોંપું છું. કારણ કે આયર્લૅન્ડ એવો વગડોઓ અને ઘટનાઓ દેશ છે કે તું શાંતિને શાન નાખી શકીશ.'

પછી તેણે ત્રીજા તરફ ફરીને કહ્યું—'તું આવો ડાહ્યો માણસ છું ત્યારે હું તને કંઈ પણ આપીશ નહિ. કારણ કે તને સ્પષ્ટ ખાતરી થાય છે કે તું મારા મરણ પછી તારી પોતાની મારી રીતે ગુજરાન ચલાવવા શક્તિમાન થશે.' B

૫ એક પાદરીના ઘરમાં તેની નજરકેદગીમાં તેના બે દીકરા એકજ વખતે મરણ પામ્યા. એ પાદરીનું નામ મસીમન હતું. તે ઘેર આવ્યો ત્યાં સુધીમાં આ આફતની તેને ખબર નહોતી. તેની બાયડી વગેરા આગળથી આવતા તેના સામી આવી ગઈ. એ સ્ત્રીએ ઘણી શાંતિથી અને મોટી ગંભીરતાથી પોતાના ધણીને પૂછ્યું કે, એક વખત અને એક મોટા મગદૂર બે ઘણાં કિંમતી જવાહિર નાખી આવ્યા અને મને કહ્યું કે જ્યાંસુધી તે પાછાં માગવામાં ન આવે ત્યાં સુધી મારે તે રાખવાં. પણ તમારી ગેરહાજરીમાં તેના તે જવાહિર પાછાં મગાવ્યાં છે અને મેં કાંઈ પણ બીક કે આનાકાની વિના તે પાછાં આપ્યાં છે તે માટે શું કહેશો ?" ધણીએ જવાબ દીધો, 'બરાબર છે.' તું શું કહી તેથી ઉલટું કરવા માગતી હતી ?

આટલામાં પહેલાં ધણીને પેલા બાઈના ઓરડામાં જ્યાં તેમના દીકરા મરી અને લાશો સુવાડ્યા પડ્યા હતાં ત્યાં તેને લઈ ગઈ અને બોલી, 'આપણા પાસે મળેલાં જવાહિર તે આ છે. તે મોટા મગદૂરે પાછાં લીધાં છે. ઈશ્વર આપે આપણું કાંઈ પણ નકામું કર્યું નહિ, કારણ કે તે તેનાં જ છે જેણે આપ્યાં અને તેનું હવે પછીનું આધીન.'' B

किन्डरगार्टन पद्धतिनां मूळतत्वो.

(પાછલા અંકથી ચાલુ)

એજ પ્રમાણે લાકડાનો ગોળો, નળાકૃતિ, ઘન અને તેના જુદા જુદા ભાગ, આકાર, ચીપો, સળિયો, કાગળની પટીઓ, વગેરે કેટલીક બક્ષીસો વિસ્તારથી વર્ણવી છે નાનાં છોકરાંને શી રીતે કેળવવા અને એ બક્ષિસોથી તેમને આનંદ કેમ ઉત્પન્ન કરવો, તેમનામાં ચાલાકી, વ્યવસ્થા, સભ્યતા, આજ્ઞાંકિતપણું, ભૂતદયા, પ્રીતિ, નિયમિતપણું, કાળજી, દૃઢતા, ઉત્સુકતા, ઉદ્યોગીપણું વગેરે ગુણો શી રીતે આણવા તે ટુંકામા પણ સ્પષ્ટપણે બતાવ્યુ છે સાતમા ભાગમા "**બક્ષિસોનો પદ્ધતિસર ઉપયોગ**" એ મથાળા નીચે કિંડરગાર્ટનના બે વર્ગનો એક વર્ષનો અભ્યાસ બતાવ્યો છે તથા કિંડરગાર્ટન શાળામા શીખતા બાળકોનુ દરરોજનુ ટાઇમટેબલ આપ્યુ છે.

છેવટે આઠમા ભાગમા ફ્રોબેલના મતનુ રહસ્ય ઘણી છટાદાર ભાષાથી ગ્રંથકારે વર્ણ્યું છે આ ભાગ ધ્યાનપૂર્વક વાચવાની અમારી ભલામણ છે એજ ભાગના છઠ્ઠા પેરામા ગ્રંથકાર લખે છે કે "**બાળકોને ઉછેરવાની ઓરડીજ જ્યારે શિશુશાળાનુ રૂપ પકડે ત્યારેજ તેઓ સુધરે અને માબાપને તેમ સમાજને પણ ફાયદો થાય.**" આ કહેવુ અક્ષરશ ખરૂ છે કિન્ડરગાર્ટનથી જો બાળકોના મનમા ઇશ્વરસંબંધી પ્રેમનુ બીજ રોપાય તો તેના જેવુ ઉત્તમ અમે કાંઇ પણ સમજતા નથી ગ્રંથકાર એજ ભાગમા એક જગોએ લખે છે કે "**બધાં બાળકોએ સમજવુ જોઇએ કે અમારૂં અંતઃકરણ એ ઈશ્વરનુ મંદિર છે; અને માણસમાત્ર, સત્ય, સુંદરતા અને પવિત્રતાનો જૉસ્સો ઇશ્વરના જુદા જુદા અંશ રૂપે તેમાં વસે છે. અમે છીએ, કારણ કે ઇશ્વર છે; અમે જાણીએ છીએ કે ઇશ્વર છે, કારણ કે અમે છીએ.**" ઇત્યાદિ બાળકોના મનમા આની ભાવના ઉત્પન્ન થાય, અને ગહન તત્વજ્ઞાનના સિદ્ધાંતો તેમના મનમા બીજ રૂપે સ્થાપિત થાય એ કોને આનંદ નહિ પમાડે !

આ સિવાય આ નાના પુસ્તકમા જાણવા જેવુ ઘણુ છે દરેક શિક્ષકને અમારી ભલામણ છે કે તેમણે આ પુસ્તક મન દેઇને એકથી વધારે વાર વાચવુ ઇતર લોકોને પણ આ વાચવાની આવશ્યકતા છે પ્રત્યેક શાળામા આવા પુસ્તકોની નકલો હોવી જોઇએ છેવટે આ ગ્રંથના લખનાર રા ભોગીલાલને અમે અભિનંદન આપીને કહિયે છિયે કે તમે આવુ પુસ્તક લખીને પોતાના શિક્ષક બંધુઓ ઉપર ઉપકારજ કર્યો છે પુસ્તકની ભાષાશૈલી અને રચના પણ સારા છે આના કરતા લગાર વધારે વિસ્તારથી અને ક્રમ ફેરવીને લખ્યુ હોત તો એની ઉપયુક્તતા તેટલી વધારે થઇ હોત બીજી આવૃત્તિમા બની શકે તો તેવો સુધારો કરવા અમારી ગ્રંથકર્તાને ભલામણ છે

अभ्यास.

વિદ્યાભ્યાસ કરવાની મતલબ આનંદ, માનસિક શૃંગાર અને શક્તિ પ્રાપ્ત કરવા.

માટે છે એ આનંદ મેળવવાનો મુખ્ય ઉપયોગ ખાનગી અને એકાંત વાસમાં થાય છે એ શણગારનો ઉપયોગ વાદ વિવાદમાં વર્ગે છે સામાન્ય મનાય, અને મોટા મસાલાના નિકાલ વિદ્યાવિશારદ પાસેથી મળે છે. અભ્યાસમાં ઘણો વખત રોકવો એ આળસ છે. અભ્યાસને શૃંગાર માટે વિશેષ વાપરવો એમાં ગુમાન છે નિરંતર અભ્યાસની રીતવડે કામકાજનો નિર્ણય કરવો એ વિદ્યાર્થીનો ખરો શોખ છે અભ્યાસ આપણી ખામીઓને નષ્ટ કરે છે અને અભ્યાસને પૂર્ણતા મળે છે, કેમકે કુદરતી યોગ્યતા એ કુદરતી છોડને મળતી છે. અભ્યાસથી કુદરતી ઘણી વધે છે અને તેની દઢ અનુભવથી બાંધી રાખવાની જરૂર પડે છે લુચ્ચા માણસો અભ્યાસનો તિરસ્કાર કરે છે, ભોળાં માણસો તેની સ્તુતિ કરે છે, ડાહ્યા માણસો તેનો ઉપયોગ કરે છે, કેમકે અભ્યાસ પોતાનોજ ઉપયોગ પોતે શીખવતો નથી તમે વાંચ્યા કરો તો તે કોઇની વાતોને ઉતારવાને કે ગમ્મત માટે નહિ, તેમજ દરેક ચીજ એકદમ માની લેવાને નહિ, અથવા તો માત્ર વાતચિતનો મસાલો કરવાને નહિ, પણ દરેક ચીજનું તોલ કરવા અને તે ધ્યાનમાં ઉતારવાને માટે વાંચવું જોઇએ કેટલીએક ચોપડીઓનો ઉપર ઉપરથી સ્વાદ લેવો જોઇએ, કેટલીએકને ચાખી ને ચાખી ગળી જવી જોઇએ, થોડીને ચાવી હજમ કરવી જોઇએ અથવા બીજી રીતે બોલીએ તો કેટલીક ચોપડીઓના ફક્ત કંઇ ભાગ વાંચવા, બીજી કેટલીક પુરેપુરી વાંચવી અને ઘણી કાળજીથી નહિ, અને બીજી થોડી સંપૂર્ણ રીત તથા ઉદ્યોગ અને ધ્યાનથી વાંચવી જોઇએ. વળી કેટલીક ચોપડીઓ બીજા પાસે પણ વંચાવવી જોઇએ ગાળી કરેલી ચોપડીઓ ગાળેલા પાણીની માફક બેસ્વાદ હોય છે વાંચવાનો અભ્યાસ રાખવાથી એક માણસ પૂરો બની રહે, વાતચિતના અભ્યાસથી એક માણસ કામકાજને માટે લાયક બને છે, અને લખવાના અભ્યાસથી એક માણસ ખરા સ્વભાવનો થાય છે. જો એક માણસ થોડું લખે તો બીજી તરફ તે બુદ્ધિમાં તત્પર હોવો જો એ જો તે થોડી વાતચિત કરતો હોય તો તેની સ્મરણશક્તિ સારી રહેવી જોઇએ, અને જો તે થોડું વાંચતો હોય તો જે ચીજ તે જાણતો નહિ હોય તે જાણે જાણતો હોય એવી તેનાં ચતુરાઇ બતાવવી જોઇએ

B

વિદ્યાર્થીઓને બક્ષીસ નં ૧.

મહેરબાન "કેળવણી" ના અધિપતિ સાહેબ

આપણા ગામના વિદ્યાર્થીઓની લેખનશક્તિ વધારવાને માટે અમોએ એક આ પ્રબંધ ખોળી કહાડયો છે. જેથી તેને આપ પણ રોજ આશ્રય આપશો એમ આશા છે

આપણને ઘણીવાર એવું જણાય છે કે—આપણા વિદ્યાર્થીઓ પાંચમા અને છઠ્ઠા જેવા ઉંચા ધોરણોમાં આવેલા હોવા છતાં, લેખન વિષયમાં બિલકુલ પછાત હોયછે,-યા તો- ખરૂં કહેવરાવો તો સારૂં લખી શકતાજ નથી કોઇમા વિષય લખાવવાની તો કોઇમા સ્પષ્ટતા લાવવાની, કોઇમા યોજના લાવવાની તો કોઇમા પૂર્ણતા લાવવાની, અને ઘણામા વિરામ ચિન્હની, તેમજ વિભાગવાર લખવાના સબંધમાં ભૂલો હોય છે, એ વગેરે જોઇ અમને એમ વિચાર થયો છે કે જેમ બને તેમ તેઓ પાસે વધારે લેખો (નિબંધો) લખાવવા, અને તે બદલ શરૂઆતમા કાંઇક ઇનામ પણ આપવું, તેમજ બની શકે તો તે નિબંધો છપાવવા પણ ખરા આ વગેરે કારણોથી અમે આ પ્રથમ પ્રસંગે "હિંદુઓમાં ચાલતા ખરાબ રીવાજો." આ વિષય સબંધી નિબંધો લખી મોકલવાની દરેક વિદ્યાર્થી પાસે માગણી કરીએ છીએ અને આશા રાખીએ છીએ કે અમારા શિક્ષક બંધુઓ પણ પોતાના વહાલા વિદ્યાર્થીઓને અમારી આ માગણી સંપૂર્ણ રીતે સમજાવી અમારા ઉદ્દેશને લક્ષ્ય કરશેજ.

ઉપર જણાવેલો નિબંધ લખનાર વિદ્યાર્થીએ અમારી નીચે પ્રમાણેની શરતો ધ્યાનમા રાખવી જોઇએ —

૧ દરેક નિબંધ ઓછામા ઓછો ૧૦૦ સો લીટી હોવો જોઇએ

૨ કોઇ પણ પુસ્તક યા નિબંધના ઊતારારૂપ નહીંના માત્ર આત્મશક્તિથી લખેલો હોવો જોઇએ

૩ લખનાર વિદ્યાર્થી અમુક શાળાનો અમુક ધોરણમા અભ્યાસ કરેછે એવી ખાત્રીની ચીઠી તે શાળાના મે૦ હેડમાસ્તર સાહેબની સહીવાળી નિબંધ સાથે અમને મળવી જોઇએ

૪, લખનાર વિદ્યાર્થી ગાયકવાડી રાજ્યની ગુજરાતી શાળામા અભ્યાસ કરતો હોવો જોઇએ.

૫ સદરહુ નિબંધ અમને એપ્રીલની તા ૧ લી સુધીમા મળવો જોઇએ.

(ખરો આધાર વિદ્યાર્થીઓની પ્રમાણિકતા ઉપરજ છે)

ઉપર પ્રમાણે અમને મળેલો નિબંધ ઠરાવેલી કમેટી તપાસશે, અને તેમા જે (૨) બે વિદ્યાર્થીઓ ઉંચે નબરે આવશે તેમાના પહેલાને રૂ ૩-૦-૦ અને બીજાને રૂ ૨-૦-૦ એ પ્રમાણે મળી કુલ રૂ. ૫-૦-૦ કિંમતનાં પુસ્તકો ઇનામ તરીકે આપવામા આવશે નિબંધો અમને મળ્યા પછી બનતા સુધી એક માસની અંદર તપાસરાવી, જેના ઇનામો આવતા દરે તેમને ખબર આપવામા આવશે, એટલે તેઓએ મગાવી લેવા. એજ વિનંતિ તા ૨૩-૧-૯૭

(નિબંધો મોકલવાનુ ઠેકાણુ)
જીવનલાલ અમરશી મહેતા
મુ ચલાળા. પોષ્ટ-કુંડલા
(કાઠીઆવાડ)

લી સેવકો
દેવચંદ રામજી
અને
જીવનલાલ અમરશી મહેતા.

गायकवाड सरकारनुं देशी केळवणीखातुं.

ઈનામપત્રક.

જુલાઈ ૧૮૯૬

૧ પાટણ સ. ઉર્દુસ્કુલ ૩૦-૭-૯૬ મુનશી ગ્યાસુદ્દીન તથા લાડુમીયાં વગેરે એ ખુશીથી ૨-૦-૦ શિ. છોકરાઓને પુસ્તકો તથા પતાસા વહેંચ્યા ૨ પીલોદર મ શુ શાળા ગામના કેટલાક સદ્‌ગૃહસ્થોએ ખુશીથી ૬-૮-૦ શિ છોકરાઓને પાણી પીવા માટે ૩ સિદ્ધપુર મ શુ કન્યાશાળા. ૧૦-૭-૯૬ મહેરબાન રોનપીલાસના ડાક્ટર સાહેબે ૦-૮-૦ શિ કન્યાઓને પતાસા વહેંચ્યા ૪ સિદ્ધપુર મ ઉર્દુ કન્યા શાળા. ૨૩-૭-૯૬ મો ! રાયચંદ દેવચંદ પાસે ખુશીથી ૨-૦-૦ શિ કન્યાઓને ચોપડીઓ વહેંચી ૫ ડભાસ મુ. શાળા શા મુળચંદ ધરમચંદે ખુશીથી ૫-૦-૦ શિ છોકરાઓને ઇનામ તરીકે ૬ ડભોઇ „ ૬-૭-૯૬ રહેમાનખા અલ્લાદખાએ ખુશીથી ૧-૦-૦ શિ છોકરાઓને સાકર વહેંચી ૭ બુજરા , ૨-૭-૯૬ છગન જેઠાભાઈએ ખુશીથી ૦-૮-૦ શિ છોકરાઓને ગોળ વહેંચ્યો ૮ વિનનગર „ ૮-૭-૯૬ બુધના નાગજીભાઈ એમણે ૭-૦-૦ ક છોકરાઓને પતાસા વહેંચ્યા ૯ કંપ „ ૧૫-૭-૯૬ સાહુ જોઇતા પરસોતમ તથા ભગાભાઈ કુમેરામ એ- મણે ખુશીથી ૮-૮-૦ શિ ૭-૦-૦ ક છોકરાઓને ચોપડીઓ તથા પતાસા વહેંચ્યા ૧૦ ચણાસ „ શેઠ મોતીચંદ હરીચંદ તથા દેવ નાગજીભાઈ એમણે ૨-૦-૦ સીકાઈ છોકરાઓને પતાસા વહેંચ્યા ૧૧ વાવ ૨૭-૭-૯૬ કમાલીમ દલપતે ખુશીથી ૦-૮-૦ કલદાર છોકરાઓને સાકર વહેંચી. ૧૨ વીઝર ૧-૭-૯૬ પટેલ ઉમેદ ભાગરાભાઈએ ખુશીથી ૦-૮-૦ ક છોકરાઓને પતાસા વહેંચ્યા ૧૩ મહેસાણા મ. ઉર્દુસ્કુલ ૨૭-૭-૯૬ મેરચંદ હેમચંદ તથા મોહન મૂળ અમદુએ ખુશીથી ૩-૦-૦ શિ. છોકરાઓને પુસ્તકો વહેંચ્યા ૧૪ દેવગઢ બારીઆ ૨૭-૭-૯૬ પરશરામ છગનભાઈએ ખુશીથી ૦-૮-૦ શિ છોકરાઓને પતાસા વહેંચ્યા ૧૫ નેસગામ „ ૨૨-૭-૯૬ જીનાભાઈ પીતાંબર એમણે ખુશીથી ૦-૮-૦ શિ સદર ૧૬ ભાલજેર „ ૧-૭-૯૬ માણેકલાલ મોતીલાલે ખુશીથી ૬-૦-૦ શિ સદર ૧૭ જાખાન „ ૭-૭-૯૬ વૈદ્ય માધવજી પુરુષોત્તમે ખુશીથી ૧-૦-૦ ક છોક- રાઓને સાકર વહેંચી ૧૮ ધારીખેડા , ૧-૭-૯૬ દેસાઈ કાકાભાઈ માણેકચંદે ખુશીથી ૦-૮-૦ ક સદર ૧૯ વામજ્યાગોળ , ૩-૭-૯૬ આત્મારામ નીલજી તથા માણેક- ચંદ હરગોવીંદે ખુશીથી ૨-૮-૦ ક. છોકરાઓને પતાસા વહેંચ્યા ૨૦ દાભીલ્યા „ ૨૦-૭-૯૬ શા માણેકચંદ ખુશાલભાઈએ ખુશીથી ૦-૮-૦ ક સદર ૨૧ વડોદરા ગા. મ. કન્યાશાળા ૮-૭-૯૬ રા. બાપુરાવ તરફથી ખુશીથી ૧-૮-૦ બા કન્યાઓને પતાસા વહેંચ્યા ૨૨ વડોદરા સ અર્વાચીન સ્કુલ ૧૮-૭-૯૬ સ્ટોરકીપર પટેલ ધીમતરાવ પુનમભાઈ ભીમ એમણે ખુશીથી ૯-૦-૦ ક છોકરાઓને પુસ્તકો વહેંચ્યા. ૨૩ વડોદરા સ બાગીવાડ સ્કુલ ૧૦-૭-૯૬ રાવસાહેબ પોતાના છોકરાનું લગ્ન થયાથી ૦-૮-૦ બા છોકરાઓને પતાસા વહેંચ્યા ૨૪ નવસારી સ ઉર્દુસ્કુલ ૧૪-૭-૯૬ નનું હાજી તથા હાજી નીઝામુદીન એમણે ખુશીથી ૯-૮-૦ છોકરાઓને પુસ્તકો તથા પતાસા વહેંચ્યા ૨૫ મરોલી મ શુ શાળા ૧-૭-૯૬ બાપુભાને

દાજીભાઇ તથા કેટલાક ગ્રહસ્થોએ ખુશીથી ૩-૪-૦ ક. છોકરાઓને સાકર વહેંચી ૨૬ તવડી „ ૪-૭-૯૬ એદલજી રૂસ્તમજી બીકાજી એમણે ખુશીથી ૯-૧૦-૦ ક. છોકરાઓને પતાસાં વહેચ્યાં. ૨૭ પરજણુ „ ડાલાભાઇ મોટાભાઇ તથા ગુલાબભાઇએ ખુશીથી ૦-૧૨-૦ ક. સદર. ૨૮ દેલવાડા „ ૭-૭-૯૬ સ્કુલ કમેટીના મેમ્બરો એ ખુશીથી ૧-૦-૦ ક. છોકરાઓને ખાંડ વહેંચી. ભાદ્રા „ ૧૭-૭-૯૬ સદર ૨-૪-૦ છોકરાઓને સાકર વહેંચી. માંગરોળ „ ૨૭-૭-૯૬ સ્કુલ કમેટીના મેમ્બર ગૃહસ્થોએ ખુશીથી ૧-૭-૦ સદર. ૩૧ કઠોર સ ગુ. કન્યાશાળા. ૨૧-૭-૯૬ ભીમભાઇ હીમતરામે ખુશીથી ૧-૦-૦ ક. કન્યાઓને સાકર વહેંચી. કઠોર સ. ઉર્દુ-સ્કુલ ૨-૭-૯૬ શેઠ કાલુભાઇ ફકીરાભાઇએ ખુશીથી ૪-૦-૦ છોકરાઓને સાકર વહેંચી. ૩૩ વરીયાવ. સ. ગુ. કન્યાશાળા. ૨૦-૭-૯૬ હરીવલવ લક્ષ્મીરામે ખુશીથી ૦-૮-૦ ક. કન્યાઓને પતાસાં વહેંચ્યાં. ૩૪ ગણદેવી „ ૬-૭-૯૬ ઇનામ મેળાવડા વખતે કેટલીક સ્ત્રીઓએ ૭-૯-૦ ક. સદર. ૩૫ બીલીમોરા સ. ઉર્દુસ્કુલ. ૪-૭-૯૬ સ્કુલ કમેટીના મેમ્બરોએ. ૩-૦-૦ ક. છોકરાઓને ચોપડીઓ વહેંચી. ૩૬ પલસાણા. મ. ગુ. શાળા. ૮-૭-૯૬ ગૃહસ્થોએ ઇનામ મેળાવડા વખતે ૬-૦-૦ ક. છોકરાઓને ખાંડ વહેંચી. ૩૭ ખલેશ્વર. „ ૧૬-૭-૯૬ કેવળદાસ પરસોતમ તથા મેમ્બરોએ ખુશીથી ૨-૮-૦ ક. સદર. ૩૮ અમરેલી સ. ઉર્દુસ્કુલ. ૮-૭-૯૬ આસિ. ફેઝ્નઅલી રજાભીયાંએ ખુશીથી ૦-૮-૦ ક. છોકરાઓને પતાસાં વહેંચ્યાં. ૩૯ મોટા આંકડીઆ સ. ગુ. શાળા ૨૮-૭-૯૬ વાલા ગોદડને ઘેર પુત્રનો જન્મ થવાથી ૦-૮-૦ ક. છોકરાઓને સાકર વહેંચી. ૪૦ વાંકીયા „ ૨૨-૭-૯૬ ત્રીકમજી નરસિંહ તથા ગામ લોકોએ ખુશીથી ૨-૦-૦ ક. સદર. ૪૧ ઢોલરવા „ ઠક્કર મૂળજી ગોવિંદે ખુશીથી ૧-૦-૦ ક. સદર. ૪૨ ધારી સ. ગુ. કન્યાશાળા ૨૮-૭-૯૬ રૂપશંકર મોરારજી તથા મહાજન તરફથી ખુશીથી ૫-૦-૦ બા. કન્યાઓને સ્લેટો તથા પતસાં વહેચ્યાં. ૪૩ ભાડેર સ.ગુ. શાળા. ગામના પંચો તથા પટેલોએ ખુશીથી ૦-૮-૦ ક. છોકરાઓને સાકર વહેંચી. ૪૪ કોડીનાર „ ૨૧-૭-૯૬ મિયા શીવંબર શાલીગ્રામે ખુશીથી ૦-૮-૦ ક. સદર. ૪૫ દ્વારકાં „ ૨૨-૭-૯૬ ઠક્કર જેરામ રાઘવજીએ ખુશીથી ૧-૦-૦ ક. સદર. ૪૬ વરવાળા „ ૨૦-૭-૯૬ ઠક્કર ઘેલા વેલજીએ છોકરાને શાળામાં બેસાડીને ૧-૮-૦ ક. સદર. ૪૭ આરંભડા „ ૨૧-૭-૯૬ નાયક ગણપતરાવજી કાનોજીએ ખુશીથી ૦-૮-૦ ક. સદર. ૪૮ સતીપરા સ. ગુ. ક. શાળા. ૨૯-૭-૯૬ કણબી માયા જીવાએ ખુશીથી ૧-૦-૦ ક. છોકરાઓને પતાસાં વહેંચ્યાં. ૪૯ ચોરાપાની. „ વોરા હરગોવિંદ વાલજીએ ખુશીથી ૧-૦-૦ ક. સદર. ૫૦ વીઠ્ઠલપુર. „ ૧૦-૭-૯૬ ભજનાનંદજી સ્વામીએ ખુશીથી ૧-૪-૦ ક. છોકરાઓને સાકર વહેંચી. ૫૧ લાલાવદર સ. ગુ. ક. શાળા. ૧૫-૭-૯૬ માસ્તર છગનલાલ પીતાંબરે ખુશીથી ૦-૮-૦ ક. છોકરાઓને સાકર વહેંચી. ૫૨ પેટલાદ સ. ગુ. કન્યાશાળા. ૪-૭-૯૬ આસિ. મોહન અંબાઇદાસે ખુશીથી ૩-૦-૦ બા. કન્યાઓને ડબડીઓ તથા પતાસાં વહેંચ્યાં.

(અપૂર્ણ.)

देशी केळवणी खातुं.

વટહુકમ નં. ૧૧

કોઈ પણ સરકારી અમલદાર સરકારી કામ સારૂ જેટલું ત્રાંબા નાણું માગે તેટલું રૂપા નાણું મોબદલામાં આપવા બદલ મેહેરબાન સર બા. મહાલાનિહાય સરસુબા સાહેબનો સરક્યુલર નંબર ૮૯ તા. ૨૭-૨-૮૩ નો હિસાબીખાતાના સરક્યુલર બુક પાન ૨૪૩ ઉપર પ્રસિદ્ધ થયો છે તે પ્રમાણે અમલ કરવાનો છતાં તે વિરૂદ્ધ અહીંના વટહુકમ નંબર ૨૮૮ સન ૧૮૯૩-૯૪ નો આધાર બતાવી કેટલીક સ્કો-રીમ તથા તાલુકા સ્કુલના અમલદારે કર્યાની હકીકત જાહેર થઇ છે પરંતુ સદર વટહુકમ ફક્ત ગામઠી શાળાઓ માટે લાગુ છે એમ તેનું મનન કરવાથી જણાય છે. માટે આવતેથી સરક્યુલર નંબર ૮૯ તા. ૨૭-૨-૮૩ પ્રમાણે એક સરખો અમલ થવો જોઇએ. તારીખ ૨૬ માહે ડીસેંબર સને ૧૮૯૬

મ. મુ. J A Dalal
વિદ્યાધિકારી

વટહુકમ નં. ૧૨

ગામઠી શાળાના મહેતાજીઓને ફીન્ડમાં ત્રાંબા નાણાંની જરૂર પડે, અને માલના ખજાનામાંથી મેળવવાની સગવડ ન હોય તેવા પ્રસંગે રૂપાનાણું વટાવી છુટા પૈસા મળવા માટે લેવા વટહુકમ નંબર ૨૮૮ સન ૧૮૯૩-૯૪ તા. ૮-૭-૯૪નો કેળવણી ચોપાનીઆ પાન ૨૦૪માં પ્રસિદ્ધ કર્યો છે તેના વટાવના પૈસા વટાવ ખાતે ફીન્ડ રોજમેળમાં જમા કરવા ઠરાવ્યું છે. તેથી તેવા પૈસા ડીરેક્ટર ઉત્પન્નના સમજી મહાલ ખજાનામાં ભરણું કરવાનો એકસરખો અમલ થવો જોઇએ. તા ૨૬ માહે ડીસેંબર સને ૧૮૯૬

મ. મુ. J. A. Dalal.
વિદ્યાધિકારી

સરક્યુલર નં. ૧૪.

આ ખાતાના અધિકારીઓની રૂબરૂ ચાલુ સાલે ભરવામાં આવી હતી તે પરથી તા. ૧ અકટોબર સને ૧૮૯૬-ને રોજે શાળામાં પાઠ-

સરક્યુલર નં. ૧૭.

ઉર્દુ શાળાઓમાં લાયબ્રેરીનાં પુસ્તકો તથા ડેડસ્ટોક સામાન પૈકી જે કમી કરવા જેવો થયો હોય તે કમી કરવા તથા હરરાજ કરવા લાયક થએલું દફતર હરરાજ કરવાની કોણે મંજુરી આપવી તે બાબત આજમ ઉર્દુ એગ્ઝામિનર તરફથી પ્રશ્ન ઉત્પન્ન થવાથી જણાવવાનું કે હવે લાયબ્રેરીનાં પુસ્તકો તથા કમી કરવા જેવો થયેલો ડેડસ્ટોક સામાન કમી કરવાનો તથા હરરાજ કરવા લાયક થએલું દફતર હરરાજ કરવાની મંજુરી આપવાનો અધિકાર આજમ ડેપ્યુટીઓને તથા ઇન્સપેક્ટર સાહેબોને મળેલો છે અને આજમ ઉર્દુ એગ્ઝામિનરને નથી. માટે જણાવવાનું કે ઉર્દુશાળાનું દફતર જેમના તરફથી તપાસવામાં આવે તેમણે ઉર્દુ શાળામાં કમી કરવા લાયક થએલાં લાયબ્રેરીનાં પુસ્તક નકશા કમી કરી નિબંધમાં ઠર્યા પ્રમાણે હરરાજ કરવા લાયક થએલું દફતર પણ તેમણેજ હરરાજ કરવું ને કમી કરવાની પરવાનગી આપવી.

સદરહુ સરક્યુલર પ્રમાણે જેમણે તેમણે ચાલુ સાલથી અમલ કરવો. તા. ૪ જાનેવારી સને ૧૮૯૭ અમરેલી.

દલસુખ ગોવિંદલાલ. J. A. Dalal.
વિદ્યાધિકારી.

સરક્યુલર નંબર ૧૮.

અગીઆર દિવસની નોકરીએ એક દિવસ હકની રજા ગણવા નિયમ થએલો છે. પરંતુ નોકરીના દિવસોને અગીઆરે ભાગતાં જે શેષ વધે તેનો બીજી વખતે હક ગણવામાં ઉપયોગ થઇ શકે કે નહીં, તે બદલ એક પ્રાંતના રા. સા. એજ્યુ. ઇન્સ્પેક્ટર સાહેબ તરફથી ખુલાસો પૂછાવાથી મે. રા. બા. માહાલાનીહાય સરસુબા સાહેબ તરફ નંબર ૨૧૭ થી તા. ૯-૧૨-૯૬ થી લખતાં તેમના તરફથી તે લગત નં. ૮૨૮ તા. ૨૧-૧૨-૯૬ થી ખુલાસો થઇ આવ્યો કે,—"રજાનો હક ગણતાં જે શેષ દિવસ રહે તે દિવસો આગળ થએલી નોકરી ઉપરથી હક ગણવામાં આવે ત્યારે એ શેષ રહેલા દિવસો અને આગળની થએલી નોકરીના દિવસો એકત્ર કરીને હક ગણવામાં આવે છે." એ પ્રમાણે ખુલાસો આવ્યાથી જણાવવાનું કે મે. રા. બા. મા. સરસુબા સાહેબ તરફથી થયેલા ખુલાસા પ્રમાણે અમલ કરવો. તા. ૪ જાનેવારી સને ૧૮૯૭. અમરેલી.

દલસુખ ગોવિંદલાલ. J. A. Dalal.
વિદ્યાધિકારી.

સરક્યુલર નંબર ૧૯.

મરાઠી છઠ્ઠા ધોરણમાં મરાઠી છઠ્ઠી ચોપડી વાચન તરીકે ચાલે છે અને તે પુસ્તકમાંથી કયા કયા પાઠો ચલાવવા તે નક્કી થએલું અને તે પ્રમાણે ચાલે છે પરંતુ મુંબાઇ પ્રેસીડન્સીના મેહેરબાન ડિરેક્ટર ઑફ પબ્લીક ઇન્સ્ટ્રક્શનના હુકમથી સદરહુ પુસ્તકમાં કેટલાક સુધારા વધારા થઇ નવી આવૃત્તિ છપાઇ બાહાર પડી છે તો તે પુસ્તકમાંથી હવે કયા કયા પાઠો ચલાવવા તે નક્કી ન થએલું હોવાથી એક માસ્તર તરફથી આ તરફ પ્રશ્ન થવાથી પ્રાંતના ઇન્સ્પેક્ટર સાહેબોનો અભિપ્રાય મગાવતા નીચેના પાઠો ચલાવવા અભિપ્રાય આવ્યો છે પાઠ ૧-૨-૩-૪-૧૦-૧૧-૧૪-૧૭-૧૮-૧ -૨૦-૨૯-૩૧-૩૨-૩૩-૩૫-૪૧-૪૪-૪૫-૪૯-૫૦-૫૮-૬૧-૬૩-[illegible]-૬૭ એવી રીતે એકંદર છત્રીસ ચલાવવા અને કવિતા હાલમાં જે ચાલે છે તેજ ચલાવવી આ પ્રમાણે અભિપ્રાય આવ્યાથી ઠરાવ કરવામાં આવે છે કે સદરહુ છત્રીસ પાઠો વાચન તરીકે મરાઠી છઠ્ઠી ચોપડીની નવી આવૃત્તિમાંથી ચલાવવા અને કવિતા હાલમાં જે પ્રમાણે ચાલે છે તેજ પ્રમાણે ચલાવવી માટે સદરહુ સરક્યુલર પ્રમાણે સર્વ ખાતાની વાર્ષિક પરીક્ષા ૯૮ ના વર્ષ બાદ અમલ કરવો. તા ૪ જાનેવારી સને ૧૮૯૭ ઇસ્વી.

હરસુખ ગોવિંદલાલ

J. A. Dalal.
વિદ્યાધિકારી.

સરક્યુલર નં. ૨૦

મરાઠી શાળાઓમાં [illegible] ના બીજા વર્ગમાં કવિતાના વિષયમાં નવનીતમાંથી દ્રૌપદીવસ્ત્રહરણ ચાલે છે. પરંતુ સન ૧૮૯૫ની સાલમાં સદર નવનીત પુસ્તકની પ્રગટ થએલી ચોથી આવૃત્તિમાંથી દ્રૌપદી વસ્ત્રહરણની કવિતા કાઢી નાખેલી છે તેથી તેના બદલામાં ઉત્તર ગોગ્રહણ અને સુભદ્રાહરણ ભાગી ૧૩૫ આર્યા [illegible] એક માસ્તર તરફથી લખાઇ આવ્યાથી તે બદલ પ્રાંતના ના. ઇન્સ્પેક્ટર સાહેબનો અભિપ્રાય મગાવતા તે પ્રમાણે ચલાવવા અભિપ્રાય આપે છે, તેથી એવી પરવાનગી આપવી યોગ્ય લાગે છે [illegible] આવે છે કે દ્રૌપદીવસ્ત્રહરણને બદલે ઉત્તર ગોગ્રહણ અને સુભદ્રાહરણની ભાગી ૧૩૫ આર્યા છઠ્ઠા ધોરણના બીજા વર્ગના કવિતાના વિષયમાં ચલાવવી. તા ૪ જાનેવારી સન ૧૮૯૭.

હરસુખ ગોવિંદલાલ

J. A. Dalal.
વિદ્યાધિકાર

પ્રસિદ્ધિપત્ર.

ખાસ કરીને વડોદરા કેળવણી ખાતાને ઉપયોગી થાય એ હેતુથી આ ચોપાનિયું પ્રગટ કરવામાં આવ્યું છે, તોપણ દરેક રાજ્યમાં શિક્ષણનું કામ કરનાર તેમજ અન્ય લોકોને પણ સામાન્ય રીતે તે ઉપયોગી થઈ પડે એવી ગોઠવણ કરી છે.

ચોપાનિયું હિંદુ માસની શરૂઆતમાં પ્રગટ થશે. એનો દર પોસ્ટેજ સુદ્ધાં રૂ ૧) રાખવામાં આવ્યો છે તથા કેળવણી ખાતામાંના અને બીજા દરેક પગારના નોકરોને તથા ગામડી નિશાળના માસ્તરો તેમજ ટ્રેનિંગ કૉલેજના સ્કૉલરોને તેનો લાભ મળે એટલા માટે જેમને રૂપિયા ... તેઓ જો દર પગાર મળતો હશે તેમને તે બાબતની ખાતરી ... આપેથી માગતા તરીકે રૂ ... આના આગાઉથી મોકલશે તો આ ચોપાનિયું મોકલવામાં આવશે. બહાર ગામના ગ્રાહકોએ ... આના પોસ્ટેજના વધારે મોકલવા. છૂટક નકલ ૧ નો ... આના લેવામાં આવશે.

છાપવા માટેનું લખાણ ચોખ્ખે અક્ષરે કાગળની એકજ બાજુએ લખવું. તે અમુક મુદતમાં છાપવા અગર નાપસંદ પડેલું લખાણ પાછું મોકલવા બંધાતા નથી તેમ છતાં જરૂર હશે તો મોકલનારે પોતાનો ખર્ચે મંગાવી લેવા તજવીજ કરવી. આ ચોપાનિયાને અનુકૂળ એવા ખાસ વિષયો મોકલનારને તેમની ઇચ્છા હશે તો તે યોગ્ય જણાયે છપાવવામાં આવશે. માટે તેમણે એ બાબત શિવાય કાંઈથી ખુલાસો મેળવવા. છાપવા લાયક નિબંધો, પ્રશ્નો વગેરે કેળવણીને લગતા વિષયો ઉપર પ્રથમ ધ્યાન આપવામાં આવશે.

જાહેરખબરો છાપવાના ભાવ.

૨.	..	લીટી	બાર માસ લગી લાગલાગટ હશે તો પ્રથમ પૂરો ચાર્જ અને તે પછીના અગિયાર મહિના લગી પા ગણો ચાર્જ પડશે બાર મહિનાથી ઓછી મુદત હશે તો પહેલે મહિને પૂરો ચાર્જ અને પછીને દર મહિને અડધો ચાર્જ લેવાશે
૦॥	..	૨	
૧	..	૪	
૧॥		૭	
૨	..	૧૧	
૨॥	..	૧૫	
૩	...	૨૦	

એ ઉપરાંતનો ભાવ ઉપર પ્રમાણેજ.

હેંડબીલો વહેંચવાના દર

પા તોલા સુધીના હશે તો	રૂ ૬-૮-૦
અર્ધા તોલા સુધીના હશે તો	રૂ ૮-૦-૦
૧ તોલા સુધીના હશે તો	રૂ ૧૦-૦-૦

એ ઉપરાંતને માટે પત્રવ્યવહારથી ખુલાસો મેળવો.

મનિઆર્ડરથી લવાજમ મોકલનારે કુપન ઉપર પોતાનું નામ, ઠામ અને શી બાબતના પૈસા છે તે ચોખ્ખે અક્ષરે લખવું. પોસ્ટ શિવાય બીજી ટિકિટો લેવાશે નહિ.

પત્રવ્યવહાર નીચેને નામે કરવો. નોટપેડ કાગળ લેવામાં આવશે નહિ.

"કેળવણી" ઑફિસ
વડોદરા—વાડી, ...

છોટાલાલ નરભેરામ ભટ્ટ.

श्री.

संवत् १९६३. फाल्गुन

केळवणी

पुस्तक १० मुं अंक ५ मो

પ્રસિદ્ધકર્તા

મણિલાલ છબીરામ ભટ્ટ.

વડોદરા

"શ્રી-સયાજીવિજય" મા છાપ્યું.

ઈ. સ. ૧૯૦૭.

अनुक्रमणिका.

વિષય	પૃષ્ઠ.
૧ આનંદનું ગાયન.	૮૩
૨ દર્શન	૮૫
૩ શિક્ષણની યુક્તિઓ	૮૭
૪. શિક્ષકને સામાન્ય સૂચના	૮૮
૫ અનિયમિત હાજરી	૯૩
૬ બુદ્ધિવર્ધક પ્રશ્નો	૯૬
૭. ગાયકવાડ સરકારનું દેશી કેળવણી ખાતું (ઇનામ પત્રક) ...	૯૯
૮. ગાયકવાડ સરકારનું દેશી કેળવણી ખાતું (સરક્યુલરો). ...	૧૫

विज्ञापना.

કેટલાકોનો અંક મોડામાં મોડો પૂનમ સુધીમાં ન મળે તેમણે જે તે માસ પૂરો થતા સુધી પરબારું અમારા તરફ લખી જણાવવા તસ્દી લેવી, એટલે યોગ્ય ખુલાસો અથવા બનતાં આપવામાં આવશે. પૂનમ પછી લખનારને અંક સિલક હશે તોજ મળી શકશે.

જેમના ગામમાં ટપાલ ન આવતી હોય તેમના અંક ક્યી શાળાની કે પોસ્ટની મારફતે મોકલવાથી તેમને જલદી મળશે તે પણ જણાવવું. શાળા ટ્રાન્સફર થાય કે તરતજ ખબર આપવી.

મેનેજર.

हिंदुस्तानना इतिहासनी पूर्ण नोट.

અંગ્રેજી-ગુજરાતી તથા ગુજરાતી સ્કૂલોના ઉપયોગી તેમજ સર્વ પરીક્ષા માટે અતિ ઉપયોગી પ્રકરણ ૪૯. પૃષ્ઠ ૧૩૬. દરેક રાજ્ય વખતના મુખ્ય બનાવો, વંશાવળી, લડાઈઓ, ૧૦૦૦ સાલવાર બનાવો, રાજ્યની પડતીના કારણો, વિગ્રહ, સંધિઓ, મહાન પુરુષોના વૃત્તાંત, અંગ્રેજના મુલકો, ઉપયોગી, વિગેરે કિં. રૂા. ૪॥ આના ૨ ની પાસ. જથ્થો મરે ૪૦ ટકા બીજી આવૃત્તિ.

શિવાજી મહારાજનું વીરચરિત્ર, હિંદુધર્મ સંરક્ષક ને રાજ્યસ્થાપક ... પ્રથમ છત્રપતિની વીરરસ ... બીજી આવૃત્તિ. ... પૃષ્ઠ ૨૮૮. ... કિંમત રૂપીઓ એક. ... વિદ્યાર્થીઓને બાર આના. પોસ્ટેજ બે આના.

મણિલાલ ... .

ઠે. ... .

दोहरो

अर्थ मळे वळी धर्म सधाये, ज्ञान मळे मनमान पमाये;
प्रीति वधे पसरे जश मागे, ए शिशुशिक्षण धर्म अमारो. १

પુસ્તક ૧૦ મું. ફાગણ. સંવત ૧૯૫૨. અંક ૫ મો.

बाळकोनुं गायन

(ગરબીનો ઢાળ)

ચરણાકુળ છંદ.

બધા છોકરા—આવો આવો આપણ રમિયે,
રમતા પહેલાં પ્રભુને નમિયે;
નમતાં નમતાં વાતો કરિયે,
વાતો કરતાં પણ કંઈ ભણિયે.
૧ છોકરો—જે ન ભણે તે કેવો હોયે?
બધા—જ્ઞાન વિનાના ઢોરા જેવો. ૧
૧ લો છો૦—આડો આડો ફરતો ફોડે,
૨ જો છો૦—નાખે શિર પોતાનું ફોડે,
૩ જો છો૦—ચાલે જેમ ચડ્યો છે ઘોડે,

૪ થો છો૦—બીજાને જઈ ધપ્પડ ચોડે,
૫ મો છો૦—બોલો બાળક તે છે કેવો ?
અધા૦—જ્ઞાન વિનાના ઘેલા જેવો. ૨

૧ લો છો૦—નિત્ય નિશાળે મોડો આવે,
૨ જો છો૦—ગજવામાં ખાવાનું લાવે,
૩ જો છો૦—સૌની વચ્ચે બેશી ચાવે,
૪ થો છો૦—વાતો કરિને શોર મચાવે,
૫ મો છો૦—બોલો બાળક તે છે કેવો ?
અધા૦—જ્ઞાન વિનાના ઘેલા જેવો. ૩

૧ લો છો૦—પાટી ફોડે ચોપડિ ફાડે,
૨ જો છો૦—મારામારી કરિને ત્રાડે,
૩ જો છો૦—અમથો અમથો ચીસો પાડે,
૪ થો છો૦—વાછરડાની પેઠ બરાડે,
૫ મો છો૦—બોલો બાળક તે છે કેવો ?
અધા૦—જ્ઞાન વિનાના ઘેલા જેવો. ૪

૧ લો છો૦—લખતાં લખતાં વાર લગાડે,
૨ જો છો૦—સ્લેટ ચોપડી હાથ બગાડે;
૩ જો છો૦—વાંકી ચૂકી લીટી કાડે,
૪ થો છો૦—લક્ષ ન દે, શિક્ષક દેખાડે,
૫ મો છો૦—બોલો બાળક તે છે કેવો ?
અધા૦—જ્ઞાન વિનાના ઘેલા જેવો. ૫

૧ લો છો૦—લખવામાટે પેન જડે નહિ,
૨ જો છો૦—વાંચે શું ચોપડી મળે નહિ,
૩ જો છો૦—પૂછે તો ઉત્તર આપે નહિ,
૪ થો છો૦—છેલ્લેથી ઉપર આવે નહિ,
૫ મો છો૦—બોલો બાળક તે છે કેવો ?
અધા૦—જ્ઞાન વિનાના ઘેલા જેવો. ૬

૧ લો છો૦—મોડો ઊઠે નિત્ય સવારે,
૨ જો છો૦—દાતણ પાણી ના સંભારે,

૩ જો છો૦—ખાવું પીવું ગમે ન ક્યારે,
૪ થો છો૦—આળસ મારે જ્યારે ત્યારે,
૫ મો છો૦—એવો બાળક તે છે કેવો?
બધા૦—જ્ઞાન વિનાના ઘેલા જેવો. ૭

૧ લો છો૦—એવા બાળકને શું કરિયે?
બધા૦—એથી સહુ તેની પરહરિયે,
૨ જો છો૦—શું એવાની સાથે ફરિયે?
બધા૦—નાના એનાથી તો ડરિયે.
૩ જો છો૦—મોટો બાળક એ છે કેવો?
બધા૦—જ્ઞાન વિનાના ઘેલા જેવો ૮

દર્શન.

ઇંગ્લાંડની સરકારી નિશાળોના એક ઇન્સ્પેક્ટર લખે છે કે, ઇંગ્લાંડની પ્રાથમિક શાળાઓ હમણાં તેની હાલની સ્થિતિમાં છે છોકરાના અભ્યાસનું માપ ગજથી કે બરતરફી કરવાનો વખત હવે આવ્યો છે કે નહિ તે જોવા માંડ્યો છે. નિશાળો સંબંધી હાલની ઇન્સ્પેક્શનના અનુભવ ઉપરથી આ બાબત ઉપર વિચાર કરતાં મારા મનમાં એમ આવે છે કે ઇન્સ્પેક્ટરનું કામ કોઇ કોઇ વાર સૂચના આપવી એટલુંજ બસ છે અર્થાત્ જે નિશાળોમાં શિક્ષણ સારૂં અપાય છે તે તરફ ધ્યાન આપવાનું કારણ નથી કેટલાકનું મત એવું છે કે ગમે તેવી સારી નિશાળ હોય તોપણ ઇન્સ્પેક્ટરે તે નિશાળમાં જઇને કોઇ કોઇ વાર શિક્ષણ આપવાની અગત્ય છે, પણ બીજા કેટલાકનું મત એમ છે કે સારી નિશાળમાં ઇન્સ્પેક્ટર જેટલો ભાગ થોડો લે તેટલું સારૂં છે હું પણ આ છેલ્લા મત સાથે મળતો થાઉં છું.

તેજ ઇન્સ્પેક્ટર લખે છે કે,—પરીક્ષાની રીત કાઢી નાખીને તપાસણીની રીત દાખલ કરવામાં આવી છે. આ બુદ્ધિમાન અને વિચારશાળી શિક્ષકો હોવાની જરૂર છે. જૂના શિક્ષકોને હું એવી શીખામણ આપું છું કે જેમાં વિચારશક્તિનો ઘણો ઉપયોગ કરવો પડે એવી શિક્ષણપદ્ધતિ તમારે રાખવી. હું જોઇને આશ્ચર્ય પામું છું કે, હજી પણ ઘણા શિક્ષકો અમુક પદ્ધતિને આધારે શિક્ષણ આપ્યા કરે છે, પણ છોકરાની વિચારશક્તિ કેળવાય તેમ શીખવતા નથી. કોઇ પણ ધંધામાં જ્યાં સુધી પૂરેપૂરૂં મન લગાડીને નિરંતર સુધારો કરવાનું યત્ન કરવામાં ન આવે ત્યાં સુધી તે ધંધો સફળ થાય નહિ. શિક્ષણના ધંધામાં તો અજ્ઞાન વિશેષ હાનિ પહોંચ

મી. પિકાર્ડ જણાવે છે કે,—થોડાક દહાડા ઉપર હું સવારના પહોરમાં ઇગ્લાંન્ડની એક નિશાળમાં જઈ ચડ્યો તે વખતે બે શિક્ષકો વાચન પાઠ આપતા હતા. એકનો પાઠ 'ગ્રેટબ્રિટનના પર્વતો' વિષે હતો અને બીજાનો પાઠ 'શૌર્ય' વિષે હતો. તમે જાણીને અજાયબ થશો કે પેહેલા શિક્ષકના ક્લાસમાં યુરોપને બદલે આફ્રિકાનો નકશો ટાંગેલો હતો, અને તેમાંથી તે પર્વતો બતાવતો હતો! બીજા શિક્ષકે આખા પાઠની સમજણ આપતાં એટલુંજ માત્ર કહ્યું કે 'ડાહપણ એ શૌર્યનો સૌથી સારો ભાગ છે.' અને એટલું કહ્યા પછી બીજું કાંઇ વિવરણ તેણે કર્યું નહિ. છોકરા પાઠ વાંચ્યે ગયા અને શિક્ષક તે સાંભળ્યે ગયો. અને આ રીતે અરધોક કલાક ગરબડ ચાલ્યા પછી પાઠ પૂરો થયો.

વાચન વિષે મી. ક્રને હર્બર્ટની સૂચના—મી. ક્રને હર્બર્ટ વાચન વિષે એમ કહે છે કે (૧) વાચનમાં એકનું એક પુસ્તક પ્રતિવર્ષ ચલાવવા કરતાં જુદી જુદી જાતનાં પુસ્તકો વખતો વખત વાંચવા માટે લેવાં જોઇએ. (૨) છોકરાં નવો પાઠ વાંચે અને જે ભાગ વાંચ્યો હોય તે પોતાની ભાષામાં કહી બતાવે. (૩) તેમાં કઠણ શબ્દો કે વાક્યો આવે તેનો ખુલાસો શિક્ષકે કરવો અને વધારે ધ્યાન આપવા જેવું હોય તે કાળા પાટિયા પર લખવું. (૪) પાઠ પૂરો થયા પછી તેમાંની મુખ્ય મુખ્ય બાબતોના શિક્ષકે છૂટા છૂટા પ્રશ્નો ત્વરાથી પૂછવા અને જે પાઠની કોઇ બાબતો વિશેષ ધ્યાનમાં રાખવા જેવી હોય તો તે કાળા પાટિયા પર લખવી.

વાચન વિષે મી. કુરેની સૂચના—મી. કુરેની વાચન વિષેની સૂચના કીંમતી છે. તે કહે છે કે વાચનનો વિષય ભાષાશિક્ષણ અને વિષયશિક્ષણ માટે હોવો જોઇએ. તેમાં પણ વિષય શિક્ષણ મુખ્ય અને ભાષા શિક્ષણ ગૌણ હોવું જોઇએ. જેમ કે કોઇ વનસ્પતિ કે પ્રાણી કે વસ્તુ વિષે પાઠ હોય, ત્યારે તે વનસ્પતિ વગેરેના સંબંધમાં જે જ્ઞાન તે પાઠદ્વારા મેળવવાનું હોય તે મેળવવું જોઇએ. અને તે જ્ઞાન મળવા પૂરતું ભાષાજ્ઞાન છોકરાંને થાય, એટલુંજ ભાષા સંબંધી તેમાં શીખવવું જોઇએ; પરંતુ વાચન, મુખપાઠ, લેખન, જોડણી, શબ્દરચના, વાક્યરચના (ઇબારત) અને વ્યાકરણ, એવી બાબતો તેમાં બળાત્કારે ઘોચી ઘાલવી નહિ. વિષય સમજવાના અને યાદ રાખવાના હેતુથી પાઠ વાંચવાથી જેવાં બાળકો સ્વતઃ ઉદ્યોગ કરતાં શીખે છે, તેવાં પ્રત્યક્ષ મુખપાઠ આપવાથી બનતાં નથી, એ યાદ રાખવું જોઇએ.

મુખ્ય શિક્ષકે વર્ગોમાં તપાસણી કરવી—વારંવાર સંપૂર્ણ પરીક્ષાઓ કરવાથી સમયની હાનિ થાય છે અને શિક્ષણને કાંઇ લાભ થતો નથી, એ વાત હવે ઘણે અંશે સાબિત થઇ ચૂકી છે. માટે મુખ્ય શિક્ષકે માસિક કે ત્રિમાસિક પરિક્ષાને બદલે વખતો વખત કોઈ કોઈ વર્ગમાં જઈ ગમે તે એક વિષય તપાસવો, અને તેમાં ખામી માલમ પડે તો તેની નોંધ કરી લેઈ તે સુધારવાના ઉપાય સૂચવવા અને તે સુધારો અમુક મુદતે થશે, એમ અનુમાન કરી ફરીથી જોવું કે સૂચનાનો અમલ થયો છે કે કેમ? સામયિક પરીક્ષાઓ કરતાં આવી તપાસણી વધારે ઉપયોગી થવાનો સંભવ છે.

શિક્ષણની યુક્તિઓ.

ગણિત.

નવા ખાકિન પેપર ઉપર એક કાગળના આંકનું કોઠક કરીને ચોડવું. તે કોઠકમાં ૨૦ સુધી આંક ઉભા અને આડા લખાય એવા ખાના પાડવા. નમુના માટે અમે આ નીચે એક નાનું કોઠક આપીએ છીએ—

૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	શૂન્ય
૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	એક
૦	૨	૪	૬	૮	૧૦	૧૨	૧૪	૧૬	૧૮	૨૦	૨૨	૨૪	૨૬	૨૮	બે
૦	૩	૬	૯	૧૨	૧૫	૧૮	૨૧	૨૪	૨૭	૩૦	૩૩	૩૬	૩૯	૪૨	ત્રણ
૦	૪	૮	૧૨	૧૬	૨૦	૨૪	૨૮	૩૨	૩૬	૪૦	૪૪	૪૮	૫૨	૫૬	ચાર
૦	૫	૧૦	૧૫	૨૦	૨૫	૩૦	૩૫	૪૦	૪૫	૫૦	૫૫	૬૦	૬૫	૭૦	પાંચ
૦	૬	૧૨	૧૮	૨૪	૩૦	૩૬	૪૨	૪૮	૫૪	૬૦	૬૬	૭૨	૭૮	૮૪	છ
૦	૭	૧૪	૨૧	૨૮	૩૫	૪૨	૪૯	૫૬	૬૩	૭૦	૭૭	૮૪	૯૧	૯૮	સાત
૦	૮	૧૬	૨૪	૩૨	૪૦	૪૮	૫૬	૬૪	૭૨	૮૦	૮૮	૯૬	૧૦૪	૧૧૨	આઠ
૦	૯	૧૮	૨૭	૩૬	૪૫	૫૪	૬૩	૭૨	૮૧	૯૦	૯૯	૧૦૮	૧૧૭	૧૨૬	નવ
૦	૧૦	૨૦	૩૦	૪૦	૫૦	૬૦	૭૦	૮૦	૯૦	૧૦૦	૧૧૦	૧૨૦	૧૩૦	૧૪૦	દશ
૦	૧૧	૨૨	૩૩	૪૪	૫૫	૬૬	૭૭	૮૮	૯૯	૧૧૦	૧૨૧	૧૩૨	૧૪૩	૧૫૪	અગીઆર
૦	૧૨	૨૪	૩૬	૪૮	૬૦	૭૨	૮૪	૯૬	૧૦૮	૧૨૦	૧૩૨	૧૪૪	૧૫૬	૧૬૮	બાર
૦	૧૩	૨૬	૩૯	૫૨	૬૫	૭૮	૯૧	૧૦૪	૧૧૭	૧૩૦	૧૪૩	૧૫૬	૧૬૯	૧૮૨	તેર
૦	૧૪	૨૮	૪૨	૫૬	૭૦	૮૪	૯૮	૧૧૨	૧૨૬	૧૪૦	૧૫૪	૧૬૮	૧૮૨	૧૯૬	ચૌદ

ઉપરનું કોષ્ટક અહીં ચૌદ અંક સુધીનું કાઢેલું છે, પણ ગમે તેટલું નાનું મોટું રાખી શકાય.

ધોરણ બહારના અને પેહેલા ધોરણના છોકરાઓને તેમના આંક એ ઉપરથી બતાવી શકાય. ચાર તરી બાર, પાંચ તરી પંદર, ૭ તરી અઢાર, વગેરે.

બીજા ધોરણવાળા છોકરાઓને શૂન્યથી ચૌદ સુધીના ગુણાકાર અને ભાગાકાર શીખવાડી શકાય. ૪ વાર ત્રણ એટલે કેટલા? ૭ વાર આઠ એટલે કેટલા? ત્રેસઠમાં નવ કેટલી વાર રહેલા છે? છપનમાં સાત કેટલીવાર રહેલા છે? ૭ વાર શૂન્ય લઇએ તો કેટલા થાય? ૭વાર એક લેઇએ તો કેટલા થાય? નેવુંમાંથી દશ કેટલા વાર કાઢી શકાય? પાંત્રીશમાંથી કેટલા સાત બાદ થઇ શકે? ત્રીજા ધોરણને એ કોષ્ટક પરથી ધાતો શીખવી શકાય. બે આનાની પાઇ કેટલી? ૭ માણીના મણ કેટલા? આઠ શેરના અચ્છેરા કેટલા? ચૌદ રૂ. ની પાવલીઓ કેટલી? આઠ વાલની રતી કેટલી? તેત્રીશ ફૂટના વાર કેટલા? ચોરાશી પાઇમાંથી કેટલા આના નીકળી શકે?

જો ઉપરનું કોષ્ટક વીશ સુધી વધાર્યું હોય તો કળશી અને ખાંડીની ધાતો પણ બતાવી શકાય.

ચોથા ધોરણમાં પણ એનો ઉપયોગ કરી શકાય. બાર એ એકસો આઠનો કેટલામો ભાગ છે? ત્રેશઠ નવમાંશમાંથી કેટલા પૂર્ણાંક નીકળે?

નીચલા ધોરણમાં પ્રસંગોપાત્ત આવાં કોષ્ટકો તેમની સ્લેટમાં તૈયાર કરી લાવવાને કહેવું. અથવા એવાં કોષ્ટક કાળા પાટિયાપર કાઢીને બાજુનો તથા ઉપરનો અંક આપણે પૂરીને મધ્યનો અંક તેમની પાસે ખરી જગાએ પૂરાવવો; અથવા આપણે મધ્યનો એકાદ અંક લખીને બાજુના અંકો તેમની પાસે લખાવવા. કોષ્ટકમાંની સૌથી ઉપલી હાર રાતી શાહીથી લખવી. જમણી બાજુપર જે આંકડા અક્ષરથી લખેલા છે તે ભાગાકાર બતાવનારા છે.

આવાં કોષ્ટકો દરેક નીચલા ક્લાસોમાં ભીંતે ટાંગી મૂક્યાં હોય તો તેનો સારો ઉપયોગ થવાનો સંભવ છે.

शिक्षकने सामान्य सूचना.

૧ કોઇ પણ નવો ઉમેદવાર શાળામાંથી પાસ થઇને તુર્ત શિક્ષક તરીકે કામ કરવા માંડે છે, તે વખતે તેને પોતાના કામ સંબંધી વાસ્તવિક અનુભવ ન હોવાથી તેને ઘણી અડચણો પડે છે; અને તેથી શરૂઆતમાં જેવું વજન શાળામાં તેનું પડવું જોઇએ, તેવું ન પડવાથી શિક્ષક તરીકે તે ફતેહમંદ નિવડતો નથી. એવા ઘણા દાખલા જોવામાં આવેછે કે તે શિક્ષક વિદ્યાર્થી અવસ્થામાં ઘણો હોંશિયાર તથા આગળ પડતો હોયછે, પરંતુ જ્યારે તેને પોતાને તે કામ બજાવવાનું આવેછે ત્યારે

૪ લાંબી પ્રસ્તાવના કરવામાં વખત ગુમાવશો નહિ; દરેક પાઠમાં શિક્ષણ પદ્ધતિના ત્રણે ભાગનું અમુક પ્રમાણ રાખવું.

૫ તમારા શિક્ષણમાં સહાયકારી વિવિધ સવાલ લાવવા ચૂકશો નહિ, જેથી વર્ગમાં એકાગ્રતા રહે અને દરેક વિદ્યાર્થીનું લક્ષ તમારા શિક્ષણ ઉપર દોરાય.

૬ સારો શિક્ષક એ હમેશાં પોતાના કામનો ટીકાકાર છે, એટલે કે પોતાના શિક્ષણની કેવી અસર શિષ્ય વર્ગ ઉપર થાય છે, તે તે હમેશાં જોતો રહે છે.

૭ વર્ગમાં એકાગ્રતા—એકલક્ષપણું, રસ રીતભાત અને કાર્યથી પ્રાપ્ત કરવું જોઈએ; સત્તાના જોરથી નહિ.

૮ લગભગ બધા વિષયના શિક્ષણમાં કાળું પાટીયું (બ્લેકબોર્ડ) ઘણુંજ મદદગાર છે, એ યાદ રાખો.

૯ છોકરાં તમારી સાથે વાત્સલ્યપ્રેમથી તમને જુએછે કે નહિ, તે વર્ગના દેખાવ ઉપરથી જાણતાં શીખો.

૧૦ શિક્ષણની બધી પદ્ધતિનો ઉપયોગ કરો. એકજ પદ્ધતિને વળગી રહેશો નહિ.

૧૧ વર્ગની તમારા પ્રત્યે લાગણી અને માન મેળવવાને પાત્ર થવા હમેશાં યત્ન કરો એટલે—છોકરાઓની સાથે મળી જાઓ. અને તેઓ તમારી સાથે મળી જાય તેમ કરો.

૩

કથિતપાઠ.

૧ પાઠ આપવાનો ઉદ્દેશ હમેશાં દૃષ્ટિગોચરજ રાખો. આવા પાઠનો ઉદ્દેશ ખાસ કરીને કાંઇ નવું શીખવવાનો હોવો જોઇએ.

૨ અગત્યની અને નકામી બાબતોનો તફાવત લક્ષપૂર્વક ઓળખો. તમે જે માહિતી આપો તેમાંથી બનતા સુધી થોડા પણ સત્ય સિદ્ધાંત નીકળે તેવી રીતે આપો. જેમકે પાણી વિષે કથિતપાઠ આપતાં, જેની જરૂર વધારે તે ઇશ્વરે વધારે આપ્યું છે, તે સિદ્ધાંત વગેરે.

૩ બને ત્યાં ગોળગોળ શિખવી જવાને અને કહી જવાને બદલે છોકરાઓ પાસેથી પ્રશ્નના ઉત્તર રૂપે પાઠના વિષય સંબંધી માહિતી કઢાવો અને તેને જ્યા પ્રમાણે ગોઠવો.

૪ જરૂર કરતાં વધારે વિસ્તાર કરી તમારો પાઠ બહુ બાબતો રૂપે બોજારૂપ ન કરશો. પાઠ આપવાના હેતુ ઉપર લક્ષ આપો અને વિષયની બહાર ન જવાની કાળજી રાખો.

૫ પાઠના વિષયને બને તો સચિત્ર સમજાવવો. એક સરખા પદાર્થોને સરખાવીને તેના સમ વિષમ ગુણોને જુદા પડાવવાની પદ્ધતિ એ પણ આવા વિષયના ઉત્તમ શિક્ષણની એક પદ્ધતિ છે.

૪

નીતિ.

૧ નીતિનો પાઠ શિખવવો એ એકંદર કઠિન છે; તેથી તેને માટે પ્રથમથી તૈયાર

રી હોવી જોઈએ યાદ રાખો કે ઇતિહાસના પાઠ જેવું શિક્ષણ ન નીવડે

૨ છોકરાઓને અમુક નીતિના વિષયનું જ્ઞાન આપવા કરતાં તેમાંથી તેમને અનુસરવા યોગ્ય બોધ મળે એ ઉદ્દેશથી તે પાઠ શિખવો.

૩ અમુક ઉદ્દેશને ધારો અને તેને અનુસરીને તે પાઠના વિભાગ પાડો તથા તે પ્રમાણે શીખવો.

૪ વિશેષમાં બને તો ઉપરના ઉદ્દેશને અનુસરતું એક ચમત્કારક દૃષ્ટાંત આપો

૫

વાચન.

૧ છોકરાઓને બરાબર ગોઠવીને વાંચનાર બધા છોકરાઓને જોઈ શકાય તેવી રીતે એક છેડે પણ મધ્યમાં ઉભા રહે

૨ બહુ ઉતાવળ કરવી નહિ યાદ રાખો કે વાચન સાંભળ્યું તો વાચન શીખવ્યું ન કહેવાય

૩ આખા વર્ગને એક સાથે વંચાવતી વખતે તમારા (શિક્ષકના) જેવોજ બરોબર ઉચ્ચાર જુઓ તથા રાગ કાઢીને વાંચવાનો અટકાવ કરવા સંભાળ રાખો

૪ એકની ભૂલ બીજા છોકરા પાસે સુધારાવો અને અઘરા શબ્દોની ભૂલ સુધારવાનાં કાળા પાટીઆનો ઉપયોગ કરો

૫ સમજુતી ટુંકામાં પણ પુરતી હોવી જોઈએ વાચનપાઠ મોઢે ન કરાવવો જોઈએ.

૬ પાઠની મતલબ સમજાવી તેની જ પ્રમાણે વિરામ ચિન્હો ઉપર લક્ષ આપી વાચતા શિખવો

૬

લેખન (કાપીબુક)

૧ શીખવો, ફક્ત તપાસો નહિ ભૂલો સુધારવા કાળા પાટીઆનો વારંવાર ઉપયોગ કરો

૨ લખતી વખતે બેસવાની ઢબ સંબંધી સૂચના આપી તે પ્રમાણે અમલ કરાવતા ચૂકવું નહિ

૩ દરેક છોકરા થોડી લીટીઓ લખીને તમને બતાવે અને તેની ભૂલો તમે સમાધાનપૂર્વક સુધારો, એમ કરો

૪ અયોગ્ય જગા રાખવી, અક્ષરો જોડવામાં ભૂલો કરવી, નાના મોટા અક્ષર લખવા, અને અશુદ્ધ મરોડથી લખવાની ટેવો, સુધારવા ઉપર ખાસ લક્ષ આપો.

૭

ડિક્ટેશન (શ્રુતલેખન).

૧ જોડણી વગેરે શીખવવું જોઈએ, ફક્ત પરીક્ષા રૂપે ડિક્ટેશન લખાવવું બસ નથી. શબ્દ બનાવતા શીખવવું જોઈએ.

૨ ઓછામાં ઓછો અર્ધો વખત ભૂલો શોધી કાઢી તેને સુધારવા માટે રાખવો

જોઇએ.

૩ જોડણીની ભૂલો મોઢે બોલીને નહિ પણ લખાવીને સુધરાવો, કારણ કે કાને સાંભળેલી કરતાં આંખે જોયેલી વસ્તુ વધારે યાદ રહેછે.

૪ ભૂલો સુધારવામાં ખાસ કાળજી રાખો કે તમારા અશુદ્ધ લેખનની ખોટી છાપ વિદ્યાર્થી ઉપર બેસી ન જાય.

૫ બીજામાંથી જોઇને લખવાની (કૉપી કરવાની) ટેવ અટકાવવા ખાસ નજર રાખો.

૮

અંકગણિત.

૧ આ વિષય શરૂ કરતા પહેલાં દરેક છોકરા પાસે જરૂરી સાધનો છે કે નહિ તેની ખાત્રી કરો.

૨ વર્ગ એવી રીતે ગોઠવો કે કાચા છોકરા આગળ બેસે. કાળાપાટીઆ ઉપર હિસાબ ગણવા વગેરેનું કામ આવા છોકરા પાસેથી વધારે લો.

૩ ચાલી ગયેલો વિષય અને વિષય ઉપરથી નવી રીત કે નિયમ શીખવવાનો હોય તેમાં તફાવત જોતા રહો.

૪ વ્યવસ્થા માટે ખાસ સાવધ અને ચાલાક રહેજો, જેથી કૉપી કરવાની લાલચ ન થાય. બને તો પાસે બેઠેલા છોકરાઓને જુદી જુદી રકમોના હિસાબ લખાવ્યા હોય તો વધારે સારા, જેથી કૉપીનો સંભવ ઓછો થાય.

૫ હિસાબ સમજાવતી વખતે કાળા પાટીઆનો ઉપયોગ કરવા ચૂકશો નહિ; પણ વર્ગમાં હિસાબ ગણવા આપવો તે તો મોઢેથીજ લખાવવો.

૯

વ્યાકરણ.

૧ યાદ રાખો કે આ વિષય છોકરાઓને બહુ કઠિણ ને તેથી નિરસ લાગે છે. અને તેટલા માટે શિક્ષકે પોતાનાનુ શિક્ષણ જેમ બને તેમ સાદું, સ્પષ્ટ અને રસિક કરવું જોઇએ

૨ જાણેલા ઉપરથી અજાણ્યા ઉપર જવું. શબ્દ વિચારનો વિષય શીખવતાં પહેલાં અમુક એક શબ્દ, પછી તેના વર્ગનું નામ અને છેવટે વ્યાખ્યા આપવી.

૩ છોકરાઓ પાસેથી અમુક શબ્દને અમુક વર્ગમાં ગણવાનું કારણ વ્યાખ્યામાંથી કઢાવવું.

૪ નિયમો બરોબર શીખવો અને તે છોકરાઓના મનમાં બરોબર ઠસવા દો અને ત્યાર પછી (તે નિયમોના) અપવાદો શીખવો.

૧૦

ઈતિહાસ.

૧ અગત્યના અને નજીવા બનાવો સંભાળપૂર્વક જૂદા પાડો.

૨ બનાવોને કાળજીપૂર્વક સાંધો કારણ કે કેટલાક ઇતિહાસો [જુદા જુદા] પુસ્તકોમાંથી ભેગાં કરેલાં અસંબદ્ધ વાક્યો રૂપેજ હોયછે.

૩ દરેક હકીકત ટુંકમાં ક્રમિક વ્યાખ્યાનથી શીખવો અને દરેક વ્યાખ્યાનને અને પ્રશ્નોથી મુદ્દા કઢાવો અને છેવટે બધા મુદ્દા એકઠા કરાવો.

ભૂગોળ.

૧ હાલમાં આ વિષયના શિક્ષણમાં સૌથી મોટી અને સામાન્ય ખામી એ છે કે— આ વિષય સબંધી વિદ્યાર્થીઓને બન્ને શબ્દોજ ગોખાવાય છે, માટે ભૂગોળ સબંધી જ્ઞાન આપો, ફક્ત નામ નહિ.

૨ કાળા પાટીઆ ઉપર સારી નકશો કાઢીને આ વિષયનું શિક્ષણ આપવું અને પછી નવા આવેલા વખતેજ છાપેલા નકશો વાપરવો, એ વધારે સારૂ છે

૩ કોઈ પણ જગા સબંધી વર્ણન વધારે રસિક થાય તેમ કરો પણ તેમાં અતિશયોક્તિ ન આવવી જોઈએ જરૂરી મુદ્દાઓ કઢાવી તેનું એકીકરણ કરવું

G. V. P.

अनियमित हाजरी.

નિશાળોમાં દરરોજ હાજરી રહે અને તે પણ વખતસર રહે એ બન્ને બાબતો શાળાની સુધારણા અને વ્યવસ્થામાં ઘણી અગત્યની છે કારણ કે એ ઉપર શિક્ષકને સફળતા મેળવવાનો આધાર રહેલો છે અનિયમિત હાજરીથી દરરોજના અભ્યાસના પાઠના સામાન્ય ઉપયોગીપણાને હરકત પહોંચે છે જે છોકરાઓ હમેશા હાજર રહેતા નથી અથવા બીજી રીતે કહીએ તો જેઓ રમતા વખત ગેરહાજર રહી નિયમિત પાઠનું ધ્યાન આપી શકતા નથી તેઓ એ પાઠનું કાંઈ પણ સમજતા નથી ચાલતા પાઠનો સબંધ પાછલા પાઠ સાથે ન સમજવાથી તેઓ સબંધપૂર્વક આખો પાઠ પોતાના મગજમાં ઉતારી શકતા નથી અને તેનું પરિણામ એ થાય છે કે એ પાઠ તેમને રસિક લાગતો નથી અને રસિકતાથી તેમાં પ્રવેશ કરી શકતા નથી આવા છોકરાઓ આખા વર્ગને અને શિક્ષકને અને પીડારૂપ થઈ પડે છે, કારણ કે એથી શિક્ષકનું શિક્ષણ મંદ પડી જાય છે વિદ્યાર્થીઓ ધ્યાન આપતા નથી તેમનો અભ્યાસ પણ થઈ શકતો નથી અને શીખવવાની અસર ઓછી થઈ જાય છે. એટલુંજ નહિ પણ તેથી નિશાળિયાની વિચાર કરવાની, મુકાબલો કરવાની, અને તાત્પર્ય ખોળી કાઢવાની શક્તિઓ શિક્ષકથી કેળવી શકાતી નથી આખરે એનું રૂપ શિક્ષકના કામને ઘણું ભયંકર થઈ પડે છે બાળકોને વાસ્તવિક કેળવણી આપી શકાતી નથી શિક્ષક ગમે તેવો હોંશિયાર હોય પણ વિદ્યાર્થીઓ હાજર ન રહેતા હોય તો તેની હોંશિયારી નકામીજ છે શિક્ષક ગમે તેવો શાન્ત પ્રકૃતિનો હોય, તથાપિ અનિયમિત ગેરહાજરીથી કંટાળે છે. કારણ કે પૂરતી રીતે જણાવવા છતાં પણ જણાવ્યાની અસર વર્ગના ઘણાખરા બાળકો પર થતી નથી ખરેખર હાજરી કરતાં અનિયમિત હાજરી વધારે નુકસાનકારક છે, જે છોકરાઓ ઘણા દિવસ ગેરહાજર રહે છે તેઓ જાતેજ નુકસાન ખમે છે, પરંતુ જેઓ અનિયમિતપણે શાળામાં હાજર રહે છે તેઓ આખા વર્ગને હરકત પહોંચાડે છે. ઘણા છોકરાઓ મોડા આવે તો ચાલતા કામને અતિશય ધક્કો પહોંચે એ દેખીતું છે. વખતસર જે રસ આવ્યો હોય તે મંદ પડી જાય અને એકાએક ગરબડ થઈ જવાથી નિયમિત હાજર રહેતા છોકરાઓનું ધ્યાન પણ ભટકાઈ જાય.

આ સિવાય બીજા ઘણા અનર્થ નીપજે છે એટલા માટે શાળાની હાજરી સુધારવી અને તેને નિયમિત કરવી એ શિક્ષકનું એક મોટું કર્તવ્ય કર્મ છે. વાસ્તવિક જોતાં ખરાબ અને અનિયમિત હાજરી શિક્ષકની માત્ર નબળાઇ દેખાડી આપે છે. શિક્ષકે પોતાની હોશિયારી પ્રથમ હાજરીમાં રોકવાની છે. શિક્ષક ધારે તો એ કામ બહુ મુશ્કેલ નથી. આપણે જાણીએ છીએ કે બાળક એ એક અનુકરણ કરનારૂં પ્રાણી છે. શિક્ષક જો વખતસર હાજર રહેતો હોય તો તેના વર્ગનાં બાળકો વખતસર આવતાં શીખે એ ઉઘાડું છે. પ્રથમ શિક્ષકે વખતસર હાજર રહેવું અને બાળકોને વખતસર હાજર રહેતા કરવા. વળી શિક્ષકની શિક્ષણપદ્ધતિ પણ હાજરી સારી અગર નરતી રહેવાનું કારણ છે. નિશાળના કામમાં છોકરાંનું મન લાગે એવું શીખવવામાં આવે તો કદી ખાસ કારણ સિવાય છોકરાઓ ગેરહાજર રહે એમ બને નહિ. બાળકોનું ધ્યાન ખેંચવું એ તેમને શીખવવાના કામમાં જેટલું અગત્યનું છે તેટલુંજ હાજરીની બાબતમાં પણ છે. આકર્ષક વિષયો કે બાબતોમાં તેમનું ધ્યાન લગાડી પોતાના તરફ બાળકોનો પ્રેમ ખેંચવો. સમજણ પડે એવી રીતે તથા ધમકપૂર્વક શીખવવાથી તથા નવા નવા મનોરંજક પદાર્થો બતાવી નવી નવી બાબતો કહી તેમને સંતોષ પમાડવાથી, દઢતા અને ડહાપણ વાપર્યાથી, અનુભવની સાથે ભણાવવાનું કામ ચલાવવાથી, અને બાળલાગણીનો જાતે અનુભવ કરવાથી શિક્ષક વિદ્યાર્થીઓનો પ્રેમ મેળવશે, નવું નવું જાણીએ છીએ એવી તેમની ખાત્રી થશે અને એ પણ એક ગમ્મત છે, એવું જાણવામા આવશે એટલે દોડ્યા દોડ્યા તેઓ નિશાળે આવશે. આથી તમારા શીખવવાના માલ વિષેની લોકોને પણ ખાત્રી થશે. નિશાળમાં ભણાવવાનું કામ જેવું ચાલે અથવા છોકરાઓ ઘર આગળ જેવી વાતો કરે તે ઉપરથી લોકો નિશાળની પરીક્ષા કરે છે. શાળામાં શિક્ષણ સારૂં ચાલતું હોય, અને છોકરાઓ હોંસે હોંસે ભણતાં હોય, અથવા નિશાળ ઉપર પ્રીતિ બતાવતાં હોય તો લોકો ખુશીથી પોતાનાં છોકરાંને નિશાળે મોકલે છે. નિશાળમાં જે કાંઇ કામ ચાલે છે તે છોકરાંને આગળ ઉપર જે ધંધો કરવાનો તેમાં કામ લાગે એવું છે એમ જો તેના માબાપના જાણવામાં કે જોવામાં આવે, તો તેમના ધારવામાં આવે કે આગળ જતાં તેને જે ખપમાં આવશે તે ખોવડાવવું એ નઠારૂં છે. ઇંગ્લાંડની એક ગામડાની શાળાના શિક્ષકે નીચેની જે યોજનાથી પોતાની શાળાની સારી હાજરી રાખવામાં ફતેહમંદી મેળવી છે તે ઉપયોગી ધારી નમુના તરીકે નીચે આપીએ છીએ. એમ કહે છે કે,–

"અમે અજમાયશ તરીકે એક પડઘમ અને કેટલાંક વાજાં માગી આણ્યાં અને હાજર રહેનાર છોકરાઓની ટોળીઓ બાંધી. વર્ષની શરૂઆતમાં અમે છોકરાઓને તાકીદ આપી કે અમુક મુદત સુધી જેઓ નિયમિતપણે હાજર રહેશે તેઓ એ ટોળીમાં જગો મેળવવા લાયક ગણાશે. નિશાળના વર્તુલાકાર કમ્પાઉન્ડમાં જે સૌથી વધારે દિવસ હાજર હોય તેવા છોકરાના હાથમાં પડઘમ આપવામાં આવતી. ગાયનના તાલ સાથે એ પડઘમ વગાડવાનું શીખવવામાં આવ્યું હતું. એ શિક્ષણનો અભ્યાસ દરરોજ શાળાનો ટાઇમ થતા અગાઉ અડધા કલાક સુધી કરાવવામાં આવતો હતો. પડઘમવાળા છોકરાને આગળ કરી તેની આગેવાનીમાં બીજા તમામ નિયમિત હા-

ન્હાનાંના છોકરાઓને ફેરવામાં આવતા હતા. આરોગ્ય પ્રથમ વધાર્યો અને તેના લાલ સુધ સાથે રોગીના છોકરાઓ નાગના ગાળા એ બહુ હસિયાળા અને મનોહર જણાતું. એ જોઈને આજુબાજુના છોકરાઓને તેમા ભાગ લેવાનું મન થતું અને તેથી [illegible] વખતમાં શાળાના બાજુના છોકરાઓની સંખ્યામાં પણ મોટો વધારો થયો "

" બાળકોની સાથે કસરત કરવાનું આવતું હતું તેથી તેમના અંગ કસાતા અને તેમના શરીર આનંદમય જણાતા. [illegible] વખતના આમને એક કરવા વાંચકે પ્રશ્નોની અને વાંચવા વાતોની જરૂર જણાય તેને [illegible] અને ગાયન [illegible] નવી સમજાવી ઉપયોગ કર્યું. અનુભવો અને શુદ્ધિઓમાં એ બાબતમાં અમને બહુ મદદ કરી. એ ઉપરાંતમાં જે બનાવ બનું તેઓ [illegible] ભાગ [illegible], [illegible] એ ચિત્રો ખરીદ કરવામાં રોકી [illegible] એ [illegible] બનાવાનો [illegible] એમ કરી બનાવનાર છોકરાઓને ઈનામ તરીકે આપવાનો ઠરાવ કર્યો. ગાયનના બાબતમાં એટલું જણાવવું પડશે કે મોટી મુશ્કેલીથી તેઓ [illegible] ગાયન કૃતિ સાથે ગાતા શીખ્યા અને હવે ગાયન સાથે કૃતિ કરતા [illegible] [illegible] પ્રસંગે અન્ય લોકો હોશના હસમુખા ચહેરાથી [illegible] કૃતિ પ્રશ્નોત્તર શાળા છોકરાઓ પોતાની તરફ આનંદ [illegible] મસ્ત કરતા "

" મારી આગેવાન [illegible] નવીન [illegible] નથી હું પોતે છાપી પાડવાનું કામ જાણું છું, તેથી [illegible] પોતાની ડાયરી સારી રીતે રાખવા મેટ્રનને નહિ પણ તેઓ કામ [illegible] કરી [illegible] તેઓની વચ્ચે વખત હું બની જાઉં તેનો [illegible] દરેક વર્ગના સારા અને નિયમિત છોકરાઓની [illegible] આપવામાં આવતા [illegible] દર મહિને અમુક દિવસની પરીક્ષા લેવામાં આવતી અને એમ કરતાં છ મહિનાની પરીક્ષાઓના પરિણામ [illegible] કરી [illegible] રસોઇ-કારક [illegible] તેમને ભેટ આપવામાં આવતી, અને [illegible] નું જો કોઈ પ્ર[illegible] દેખાડવામાં આવતું તેમા [illegible] નામ ને છોકરાનું નામ, નિશાન અને તારીખ લખવામાં આવતી [illegible] ઘણા લોકો [illegible] ઘણાં ઘરોમાં પણ એવી [illegible] થતું "

" ત્યારથી આવા પ્રયત્નો કરવા [illegible] ત્યારથી અમારી ડાયરીમાં આજ પણ તેવો સુધારો થઈ ગયો છે, [illegible] સુધી ડાયરી રહે છે "

ડાયરીને માટે આ ઉપરાંત સામાન્ય નિયમો ઘણા લખી શકે પરંતુ જ્યાં સુધી [illegible] રહે ત્યાં સુધી તે સમજવા જાણી શકે. કારણ કે તેને માટે ઘણી યુક્તિઓ માગી શકાય છે. એ યુક્તિઓ યોજવા છતાં પણ [illegible] કામ [illegible] કરતા પહેલાં પોતાના વર્ગમાં કયા કયા છોકરાઓ [illegible] થી ઘેર રહે છે તેની તથા [illegible] છોકરાઓ ફરી આવતે દિવસે કોણ કોણ ગેરહાજર હતા તેની તપાસ કરી અને તેમના કારણો જાણ્યાં છે કે કેમ તે [illegible]. વિદ્યાર્થીઓને હાજર રહેવામાં તેનાં માબાપ તરફથી અડચણ થતો હોય તો તેમ-

ને બોલાવી યોગ્ય સમજુત કરી બાળકોને થતા નુકશાનની વાત તેમના અંતઃકરણમાં ઠસાવવી; જમવા, ખાવા વગેરે બહાનાથી જે વિદ્યાર્થીઓ આખો દિવસ ગેરહાજર રહેતા હોય તેમને સમજુત અને યોગ્ય છૂટ આપી થોડા વખત આવી જવાની ટેવ પાડવી; કેટલીક વખત છોકરાઓ નિશાળનું નામ દઈ રખડતા ફરે છે માટે કોઇ છોકરો લાગટ બે ત્રણ દિવસ ગેરહાજર રહ્યો હોય તો તેનાં માબાપને ખબર આપવી, વગેરે બાબતની શિક્ષકે ચોકસાઈ રાખવી.

B.

बुद्धिवर्द्धक प्रश्नो.

[પૃષ્ઠ ૪૦ થી ચાલુ.]

ગુણાકાર

(૧) એક છોકરો ઘેરથી નીકળીને દર મીનીટે ૨૮ યાર્ડ ચાલે છે. ૧૭ મિનિટ ચાલ્યા પછી તેની નિશાળ બીજા ૨૪ યાર્ડ દૂર રહે છે. તો તેના ઘરથી નિશાળ કેટલી દૂર?

(૨) બે સંખ્યાનો સરવાળો ૭૫૫ છે, તેમાંની મોટી રકમ ૪૧૮ છે; તો તે બે રકમોનો ગુણાકાર શો?

(૩) બે રકમનો સરવાળો ૧૨૦૯ છે, તેમની બાદબાકી ૩૨૩ છે, તો તે બે રકમનો ગુણાકાર શો?

(૪) બે રકમનો સરવાળો ૨૦૦૦ છે, તેમની બાદબાકી તેમના સરવાળા કરતાં ૧૩૭૮ ઓછી છે. તો તે બે રકમનો ગુણાકાર શો?

(૫) બે રકમની બાદબાકી ૨૯ છે, તેમની બાદબાકીથી તેમનો સરવાળો ૧૫ ગણો છે, તો તે બે રકમનો ગુણાકાર શો ?

(૬) બે સંખ્યાનો સરવાળો ૨૦ છે, તેમાંની એક સંખ્યા ૭ છે. તો તે બે સંખ્યાનો ગુણાકાર શો ?

(૭) अ એ દર બળદના રૂ ૧૭ પ્રમાણે ૧૯૬૪ બળદ વેચાતા રાખ્યા. ब એ દરઘોડે રૂ ૨૩ આપીને ૧૨૬૩ ઘોડા વેચાતા રાખ્યા; તો કોણે વધારે ખર્ચ કર્યું? અને તે કેટલું?

(૮) એક માણસે રૂ. ૪૫ ના એક લેખે ૨૮૯ ઘોડા ખરીદ્યા અને તે દર ઘોડે રૂ૬૩ લેખે વેચી નાખ્યા; તો તેને કેટલો નફો થયો!

(૯) એક માણસ દર ઘેટાના રૂ. ૪ લેખે ૧૨ ઘેટાં અને દર ઘેટાના રૂ ૬) લેખે ૨૪ ઘેટાં ખરીદે છે; અને બધાં ઘેટાં દર ઘેટે રૂ. ૫ પ્રમાણે વેચી નાખે છે. આથી તેને ફાયદો અથવા ખોટ કેટલી?

(૧૦) એક માણસે દર ઘોડાના રૂ. ૬૪ લેખે ૨૯ ઘોડા ખરીદ્યા, અને દર ઘોડાના રૂ. ૫૯ લેખે બીજા ૩૧ ઘોડા ખરીદ્યા; તેમના ખાધા ખર્ચમાં રૂ ૧૭૨ ખરચ્યા પછી ૩ ઘોડા મરી ગયા અને બાકીના ઘોડા દર ઘોડે રૂ ૭૦ લેખે વેચી નાંખ્યા તો તેને એકંદર ફાયદો અગર ખોટ કેટલી?

ભાગાકાર

(૧) ૪૫૬૪ નો ૭ મો ભાગ શું ?
(૨) કેટલા દશકા લઈએ તો ૩૧૦૦ થાય ?
(૩) કયી સંખ્યાને ૨૧ એ ગુણીએ તો ૪૦૭ થાય ?
(૪) એક વાંસ ૬૦ ફુટ લાંબો છે અને દરરોજના ૩ ફુટ પ્રમાણે એક ગોકળ-ગાય તેના ઉપર ચઢે છે, તો ટોચે પહોંચતાં તેને કેટલા દિવસ લાગશે ?
(૫) એક ગાડીના મોટા પૈડાનો ઘેરાવો ૯ ફુટ છે અને નાનાનો ૪ ફુટ છે, તો ૪૩૨ ફુટ ચાલવામાં નાનું પૈડું મોટા કરતાં કેટલા આંટા વધારે ફરશે ?
(૬) ૨૧ સિવાય બીજી કયી સંખ્યાથી ૭૭ ને (બાકી ન વધે તેમ) ભગાય ?
(૭) કેટલી વાર ૯ લઈએ તો ૧૦૮ થાય ?
(૮) ૭૨ માંથી ૯ કેટલી વાર બાદ થઈ શકશે ?
(૯) ૬૪ માં કયી નાનામાં નાની સંખ્યા ઉમેરીએ તો ૮થી પૂરેપૂરા ભગાય ?
(૧૦) ૬૩માંથી ઓછામાં ઓછા કેટલા લઈએ તો તેને ૫થી પૂરેપૂરા ભગાય ?
(૧૧) કયી સંખ્યાને ૯ એ ગુણીએ તો ગુણાકાર ૭૨ આવે ?
(૧૨) ૧૧ થી કઈ સંખ્યાને ગુણીએ તો જવાબ ૧૩૨ આવે ?
(૧૩) કયી રકમને ૩ એ ગુણીએ તો ૮૪નો ગુણાકાર આવે ?
(૧૪) ૩૫ અને ૨૮નો સરવાળો તેમની બાદબાકી કરતાં કેટલા ગણો છે ?
(૧૫) બે વાર ૩ કેટલી વાર લઈએ તો ૪ વાર ૯ થાય ?
(૧૬) ૧૬ના સરખા ચાર ભાગ કરો. ૨૪ના સરખા ૮ ભાગ કરો.
(૧૭) ૧૦નો પાંચમો ભાગ, ૮નો ચોથો ભાગ ૪નો અર્ધો, ૬નો ત્રીજો ભાગ શો ?
(૧૮) ૩ વાર ૪ અને ૪૮ના અર્ધા, ૫ વાર ૬+૧૩નો ત્રીજો ભાગ, ૬ વાર ૭+૪૮ નો ચોથો ભાગ, એટલે કેટલા ?
(૧૯) ૩૬ના છઠ્ઠા ભાગમાં ૩ કેટલી વાર સમાયેલા છે ?
(૨૦) કેટલી વાર ૨ લઈએ તો ૨૭નો ત્રીજો ભાગ થાય ?
(૨૧) ૨૭નો ત્રીજો ભાગ ૩થી કેટલા ગણો છે ?
(૨૨) ૯ વાર ૪માં ૧૮નો ત્રીજો ભાગ કેટલીવાર સમાયેલો છે
(૨૩) જો એક ઘોડો દર કલાકે ૭ માઈલ ચાલે તો ૪૨ માઈલ ચાલવાને તેને કેટલા કલાક લાગશે ?
(૨૪) ૨૨૫૬૮માં ૨૧૭ કેટલી વાર સમાએલા છે ?
(૨૫) ૪૩૦૪૭૮ એ ૧૫૪૨ થી કેટલા ગણા છે
(૨૬) ૪૬૭૨૫૮ ને ૧૫૯ ભાગીએ તો બાકી કેટલા રહે ?
(૨૭) ૨૯ સિવાય બીજી કયી રકમથી ૧૫૩૭ બરોબર રીતે ભગાને ?
(૨૮) ૧૫૫૮૮૮૯ માંથી ૨૧૩ કેટલી વાર બાદ થઈ શકશે ?

(૨૯) મારી પાસે ૨૦ લખોટા છે. તેમાંથી ૨૧ નો ત્રીજો ભાગ હું આપી દઉં તો મારી પાસે બાકી કેટલા રહે?

(૩૦) ૩૯૦૦૧૨૩ એમાં ૨૨૩૧૭ ઊત્તરોત્તર બાદ કરવામાં આવે તો છેવટે કેટલા બાકી રહેશે?

(૩૧) ૩૭૯ માં તેની તે રકમ કેટલી વાર ઊમેરીએ તો ૬૪૪૩ થાય?

(૩૨) ૩૦૦૪ માં ૩૧૯ કેટલી વાર ઊમેરીએ તો કુલ સરવાળો ૧૯૫૯૨ થાય?

(૩૩) ૮૭૬૨૪૭૯૨ એમાં ઓછામાં ઓછી કયી રકમ ઊમેરીએ તો સરવાળાને કંઇ પણ વધ્યા વગર ભાગી શકાય?

(૩૪) ૧૯૦૦૫૬ માંથી ઓછામાં ઓછી કયી સખ્યા બાદ કરીએ તો બાકી રહેલી સખ્યાને ૫૧ થી બરોબર રીતે ભાગી શકાય.

(૩૫) ૪ પાઇની એક કેરી એવી ૧૨ કેરીઓને બદલે ૮ પાઇની એક એવી કેટલી કેરીઓ આવશે?

(૩૬) એક માણસે રૂ ૨૭ એ ૯ ચપ્પુ વેચ્યાં; આથી તેને દર ચપ્પુએ એક રૂપીઓ ફાયદો થયો તો દરએક ચપ્પુની મૂળ કિમ્મત શી?

(૩૭) ૩૦૦૨૦ ની નજીકની કયી રકમને બરોબર રીતે ૨૮૫ થી ભાગી શકાય?

(૩૮) પાંચ આંકડાની મોટામાં મોટી કયી રકમને બરોબર રીતે ૨૮૭ થી ભાગી શકાય?

(૩૯) ૫૭ વાર ૫૨ અને ૩૯ વાર ૨૦૭ ની બાદબાકીનો ૧૩ મો ભાગ શું?

(૪૦) એક વર્ગમાં ૧૩ છોકરા છે; તેમાંનો પહેલો છોકરો ૧૦૦ કેરીઓ લાવ્યો અને તે તેણે પોતાના વર્ગમાં સરખી રીતે વહેંચી; પછી જે બાકી રહી તે તેણે પોતાના શિક્ષકને આપી અને પોતે એક કેરી લીધી નહિ, તો શિક્ષકને કેટલી કેરીઓ મળી?

(૪૧) ભાજક ૮ છે, બાકી વધ્યો ૫ છે, અને ભાગાકાર ૭ છે, તો ભાજ્ય કેટલો?

(૪૨) ભાગાકાર ૧૧ છે, બાકી વધ્યા ૮ છે, ભાજક ૯ છે, તો ભાજ્ય કેટલો?

(૪૩) ભાજ્ય ૭૮ છે, ભાજક ૧૧ છે, તો ભાગાકાર અને બાકી વધ્યા કેટલા.

(૪૪) ભાજક ૯ અને ૧૦૨ ભાજ્ય હોય તો શેષ કરતાં ભાગાકાર કેટલો વધારે?

(૪૫) ભાજ્ય ૯૫ છે, શેષ ૧૧ છે, ભાગાકાર ૭ છે, તો ભાજક કેટલા?

(૪૬) ભાગાકાર ૧૨ છે, શેષ ૯ છે, અને ભાજ્ય, ભાગાકાર તથા શેષના સરવાળાથી ૫ ગણો છે, તો ભાજ્ય શો?

(૪૭) ૨૮૬ને ૨૨ એ ભાગવાથી જે ભાગાકાર આવે તેટલો ભાગાકાર કયી રકમને ૨૩ એ ભાગીએ તો આવે?

(૪૮) બે સખ્યાનો ગુણાકાર ૨૧૧૮ કરતાં ૩૨૪ વધારે છે અને તેમાંની એક સખ્યા ૬૬ છે, તો બીજી સખ્યા કેટલી?

(અપૂર્ણ.)

જ્યાં બની શકે ત્યાં આ ઉપયોગી સામાન વટહુકમ નંબર ૩૦૨ તારી ૧૧-૭-૯૫ ને અનુસરી આપવો જોઇએ; અને તે મેળવવાના માટે લાગતાવળગતાએ યોગ્ય ગોઠવણ કરવી જોઇએ. જ્યાં તે પ્રમાણે કરવું બની શકે એમ ન હોય ત્યાં કપડાં અને પુસ્તકો આપવા હરકત જેવું નથી. તા. ૨૦ માહે ફેબ્રુઆરી સને ૧૮૯૭.

મુ. વડોદરા. J. A. DALAL.
વિદ્યાધિકારી.

સરક્યુલર જા. નં. ૨૬.

નોકરોને જે પગાર આપવામાં આવે છે તે સારું કામ કરવા બદલ આપવામાં આવે છે. છતાં કેટલાક મુખ્ય માસ્તરો તથા ઉપશિક્ષકો, મારા વર્ગનું પરિણામ સારું આવ્યું છે, સંખ્યા વધારી, વગેરે જણાવી પ્રમોશન મળવા રિપોર્ટ કરે છે. આથી નાહક કામનો વધારો થાય છે. કેમકે જે પ્રમોશન આપવાનું તે કંઇ તેમના રિપોર્ટ ઉપરથી આપવાનું નથી. પ્રસંગ આવે લાયકી ને હક પ્રમાણે વગર માગે મળશે. માટે જણાવવાનું કે કોઇએ પ્રમોશન મળવા રિપોર્ટ કરવો નહીં. સરક્યુલર વિરૂદ્ધ કરશે તો તેને માટે ઘટિત થશે. કદાપિ કંઈ કારણથી બદલી કરાવવી હોય તોજ કારણો જણાવી રિપોર્ટ કરવો. તારીખ ૨૨ ફેબ્રુઆરી સને ૧૮૯૭.

દલસુખ ગોવિંદલાલ. J. A. DALAL.
વિદ્યાધિકારી.

હિ. વ. હુ. જા. નંબર ૧૬

સૂચના.

વટહુકમ નં. ૧૬ તા. ૨૬-૫-૯૬ ને અનુસરી આંટના બીલના કોષ્ટક ૪ માં સરાસરી સંખ્યા અને દરજ્જો લખવાનો છતાં રજીસ્ટરની સંખ્યા અને દરજ્જો કેટલીક જગોથી લખાઇ આવ્યાનું તપાસણીમાં જણાઇ આવ્યું છે.

ઉપર પ્રમાણે થવાથી નાહક લખાપડી વધી નાણાં જેનાં તેને આદા થવા ઢીલ થાય છે તે બરાબર નહીં. માટે આયંદેથી વટહુકમને અનુસરી બીલના કોષ્ટક ૪ માં સરાસરી સંખ્યા અને દરજ્જો લખાઇ આવવો જોઇએ. તે વિરૂદ્ધ જેમના તરફથી લખાઇ આવશે તેમણે ટપાલ ખર્ચનું નુકસાન સોસવું પડશે એ ઉઘડ છે. તારીખ ૧૦ માહે ફેબ્રુઆરી સને ૧૮૯૭.

J. A. DALAL.
વિદ્યાધિકારી.

પુસ્તકોની પહોંચ.

નીચેનાં પુસ્તકો તેમના કર્તા તરફથી અમને મળ્યાં છે:—

૧ વિદ્યાર્થીને અર્થે ધર્મ બોધ—કર્તા છગનલાલ લલ્લુભાઈ શાહ. કીમત [illegible] આના. પૃષ્ઠ [illegible] [illegible] કર્યો છે. [illegible] ને નાનાં મોટાં સર્વેને અગત્યનો છે.

૨ [illegible] પૃષ્ઠ [illegible] કીમત ચાર આના છે. આ પુસ્તકના [illegible] તથા તેમનું [illegible] ઉપદેશ [illegible] છે અને તે [illegible] ને પણ [illegible] આશા [illegible] સુખ આપે છે [illegible] દોહરાઓમાં [illegible] પ્રતિપાદન કરેલ છે. [illegible] કહે છે કે,—

आशाया ये दासास्ते दासा सर्व लोकानाम्
आशा येषां दासी तेषां दासायते विश्वम् ॥

[illegible] આ દોહરાઓમાં [illegible] છે કે —

जबलग आशा अंगमें तबलग भवको दास,
सबै दास सब होतहैं, जब मन होत उदास.

વળી,

भये चाहके दास सब, तब लघुता बहि दास;
भये दास नहि कोय, जब दासी भइ आश.

આ બે દોહરાની ઉપર એક સુંદર દોહરો [illegible] છે કે:—

जब कौडीकी चाह भइ तब कौडीके होय;
जब कौडीकी चाह गइ तब कोडीध्वज होय.

[illegible] દોહરામાં કહે છે —

सब पाये पायो नहीं, कछुहै बिन संतोष;
बिन पाये पायो सबै, जो पायो मन तोष.

[illegible] દોહરા [illegible] ઉપદેશ [illegible] છે [illegible] આ દોહરાઓનો [illegible] દોહરા [illegible] ને [illegible] છે, તે [illegible] અને તેનો [illegible]

———:o:———

૭. ગાયકવાડી રાજ્યનો સળંગ ઇતિહાસ—છપાવી પ્રસિદ્ધ કરનાર છોટાલાલ જેઠાભાઈ પટેલ તથા વાઘજીભાઈ ત્રીકમભાઈ પટેલ પૃષ્ઠ ૪૦ કીંમત આના ૮. ગાયકવાડી ઇતિહાસની સંક્ષિપ્ત નોંધ જેવું આ પુસ્તક છે. ગાયકવાડી ઇતિહાસના મુખ્ય મુખ્ય બનાવો એમાં વિભાગવાર એવી ભાષામાં નોંધેલા છે કે જેથી છોકરા વાંચીને સમજી શકે. જેવા કે ગાયકવાડી રાજાઓની વંશાવળી, ઇતિહાસમાં આવેલી લડાઇઓ, મુલકગીરી અને જાણવા લાયક પુરુષોની હકીકત આપેલી છે. એ ઉપરથી શીખનાર શીખવનારને પુસ્તક ઉપયોગી કરવા માટે યત્ન કર્યો છે.

૮ શાળોપયોગી દેશીનામું—ખાનગી વેપારને લગતા નામા સાથે સુધારેલ છે. માટે ઉમેદવારોએ મંગાવવા તજવીજ કરશો.

છગનલાલ લલ્લુભાઈ શાહ.

श्री.

संवत् १९६३. चैत्र.

केळवणी

पुस्तक ९ मुं. अंक ६ ठो.

પ્રસિદ્ધકર્તા

છોટાલાલ નરભેરામ ભટ્ટ.

વડોદરા

“ વીરક્ષેત્રમુદ્રાલય ” માં છાપ્યું.

ઈ.સ. ૧૯૦૭.

अनुक्रमणिका.

વિષયો	પૃષ્ઠ.
૧ ઘુમો ઘુમોને રમિયા ઘેરૈયા !	૧૦૩
૨. હોરી ખેલે કે શોક હજાર હિંદુસ્તાનમાં !	૧૦૪
૩ દર્શન	૧૦૫
૪ આકૃતિ વિષે પાઠ	૧૦૭
૫ સુશિક્ષક	૧૦૮
૬ મરકી તથા ચેપી રોગો ચાલતા હોય ત્યારે નકામે પોતાનાં ન્હેણાં કરવી કેવી રાખવી?	૧૧૪
૭. બાળ કેળવણી	૧૧૮
૮ ગાયકવાડ સરકારનું દેશી કેળવણી ખાતું (રીમાર્ક પત્રકો)	૧૨૧

विज्ञापना.

કેળવણીનો અંક મોડામાં મોડો પૂનમ સુધીમાં ન મળે તેમણે જે તે માસ પૂરો થતા અમાસ પરમાર્થે અમારા તરફ લખી જણાવવા તસ્દી લેવી, એટલે તે યોગ્ય ખુલાસા વખતોવખત આપવામાં આવશે પૂનમ પછી લખનારને બ કંઇ ન કે કશે તેમજ મળી શકશે

જેમના ગામમાં ટપાલ ન આવતી હોય તેમના અંકો ત્યાંની શાળા કે પોસ્ટની મારફતે મોકલવાથી તેમને જલદી મળશે તે પણ જણાવવું શાળા ટ્રાન્સફર થાય કે તરતજ ખબર આપવી

મેનેજર.

हिंदुस्तानना इतिहासनी पूर्ण नोट.

અંગ્રેજી-ગુજરાતી તથા ગુજરાતી સ્કૂલોના ઉપલા ધોરણો તેમજ સર્વ પરીક્ષા માટે અતિ ઉપયોગી પ્રકરણ ૪૯. પૃષ્ઠ ૧૩૮ દરેક મોટા નાના મુખ્ય બનાવો, વંશાવળી, લડાઇઓ, ૧૦૦૦ સાલવાર બનાવો, રાજ્યોની પડતીના કારણ, વિગ્રહ, ઍક્ટો, સુધારણા મહાન પુરૂષોના વૃત્તાંત, અંગ્રેજનાં મુલકો પરચુરણ ઉપયોગી, વિગેરે વિ. કીમત ૪॥ આના રૂ. ની પાચ. વધુ માટે ૪૦ ટકા ત્રીજી આવૃત્તિ

શિવાજી મહારાષ્ટ્ર પીઓષ્ઠ, હિંદુધર્મ સંરક્ષક ને રાજ્યસ્થાપક ગૌબ્રાહ્મણ પ્રતિપાલક શૂર પ્રથમ છત્રપતિની વીરરસ રસીક નૉવેલની બીજી આવૃત્તિ ક્રેમી આઠ પેજી પૃષ્ઠ ૨૮૮ બોઇંનું પૂંઠું કિંમત રૂપીઓ એક. માસ્તરો તથા વિદ્યાર્થીઓને બાર આના. પોસ્ટેજ બે આના.

માણેકલાલ એન નાણાવટી
સો. હિં સભાની અંગ્રેજી સ્કૂલ—ભરૂચ

केळवणी.

दोधक.

भाई भणे रूडो धर्म जगावे, शीश भणे ज्ञानसान पमावे;
प्रीति रचे दवरे जश मागे, ए शिशुशिक्षण धर्म अमारो. १

पुस्तक ९ मुं. चैत्र संवत् १९५३. अंक १ लो

घूमो घूमोने रसिया घेरैया !

હોરી.

ઘૂમો ઘૂમોને રસિયા, ઘેરૈયા—ઘૂમો ઘૂમો.
રસિયા ઘેરૈયા ઘૂમે રંગ રમવા,
લાયક બની લડૈયા,
હાંરે ઘૂમો લાયક બની લડૈયા,
ઉલટ થકી જય ઘોષ ઉઠાવો,
અરિવર પડીને અવૈયા—ઘૂમો. ૧
વિદ્વર દૂર કરીને વખોને,
કુસંપ કુવિદ્યા હવૈયા;
હિંદ જગતમાં ગગડાટ થયોને,
શુભ ગીત ગાઓ ગવૈયા—ઘૂમો. ૨

પુરૂષ બતાવે બહુ પુરૂષાતન,
સાંભળી રાગ સવૈયા,
હાંરે શૂરા સાંભળી રાગ સવૈયા;
ઝડપ બતાવી ધસો ઝૂઝવાને,
ભડવીર હોય જે હૈયા.—ઘૂમો. ૩
રાંડની સાથ હોરી ખેલી રીઝે તે,
પુરૂષ ન એ તો પવૈયા,
હાંરે પેખો પુરૂષ ન એ તો પવૈયા;
ભાન તજી બકે ભુંડું ભવાની,
ભાંડ કે ઢાં તો ભવૈયા.—ઘૂમો. ૪

होरी खेले छे लोक हजार, हिन्दुस्तानमां !

હોરી

હોરિ ખેલે છે લોક હજાર, હિન્દુસ્તાનમાં, હોરિ૦ ટેક.
વણિક ખેલે છે વેપાર વણજમાં, કલમ ખોશી નિજ કાન,
સાળવી મોચી સૂતારની સાથે, સોની રમે હોરિ સાનમાં.—હોરિ૦ ૧
રાંડો રમે કરીને કૂત કાળાં પાતર ચાવીને પાન;
ફાગ ફટાણાં બકે ગુણ રાટયાં, જઈને જૂઓ તમે જાનમાં—હોરિ૦ ૨
રંગ કસુંબાના આપીને રીઝે, ગોરીનણાં સુણે ગાન;
હોકા રૂપી સળગાવીને હોરી, ટંટા રમે હોરિ તાનમાં.—હોરિ૦ ૩
ભોગી રમે હોરિ ભોગવવા ભોગ, ભૂલી જઈ ભગવાન;
જોગી જતી રમે જાપ જપીને, ધ્યાની રમે હોરિ ધ્યાનમાં—હોરિ૦ ૪
લોભી રમે જનને લલચાવા, દાની દઈને દાન;
ઠોળી રમે હોરિ રોજ કજીઆમાં, રાંક લુંટીને રાનમાં—હોરિ૦ ૫
ફાગણના ફગવા લ્હાય ફાંટે, વિધ વિધ ગાઈ વખાણ;
ભાવે રમે છે હોરિ ભવાની, ગોવિંદના ગુણ ગાનમાં.—હોરિ૦ ૬

ગાયન (પુરૂષોને)	,, ૨૦
ગાયન (સ્ત્રીઓને)	,, ૩૦

સૃષ્ટિવિદ્યામાં ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓને કૃષિવિદ્યા તથા ઉદ્યાનવિદ્યા શીખવવામાં આવે છે.

પરદેશમાં શિક્ષકોના પગાર--થોડાક વખત ઉપર પ્રશિયાની પ્રાથમિક શાળાઓની સ્ત્રીશિક્ષકોએ અરજી કરી પોતાને મળતા શરૂઆતના પગારમાં સુધારો કરવાની માગણી કરી હતી. પ્રશિયા દેશમાં ૧૦૦૦૦ સ્ત્રીશિક્ષકો છે. તેઓ વાજબી રીતે માગણી કરે છે કે અમારો પગાર શરૂઆતમાં વરસના ૩૫ પૌંડ પ્રમાણે હોવો જોઇએ અને દશ વર્ષમાં ૩૮ પૌંડ સુધી વધારી આપવો જોઇએ. ઇંગ્લાંડનું એક પત્ર લખે છે કે, આ તેમની માગણી કેવળ યોગ્ય છે; કેમકે તેમની ઉમરનાં સારામાં સારાં વર્ષ એ કામમાંજ ખર્ચાય છે.

ડેન્માર્કની શાળાઓના વિદ્યાર્થીઓનો એક મોટો મેળાવડો — ગઈ સાલ ડેન્માર્કનાં શહેરોની શાળાના લગભગ ૧૩૦૦૦ વિદ્યાર્થીઓને પ્રગણાનાં ગામડાંમાં લઇ જવામાં આવ્યા હતા. ત્યાં તેમણે કદી નહિ જોયેલાં એવાં નદી, નાળાં, ખેતર, વાડીઓ, ઝાડ, ળીડ, વગેરે જોયાં હતાં તથા ગામડાની તાજી હવાથી અને જંગલના રમણીક દેખાવથી તેમનાં મન ઘણાં ખુશ થયાં હતાં. તેઓ ત્યાંથી વિદાય થયા તે વખતે કોપનહેગનના ગાયાળુ વિદ્યાર્થીઓએ ગામડાંનાં છોકરાંને એક વખત વળતી મુલાકાત આપવાની વિનંતિ કરી હતી અને તેમની પરોણાગત કરવાની પોતાને તક મળે એવી ઇચ્છા દેખાડી હતી. તે ઉપરથી ચાલુ સાલમાં થોડાક વખત પર લગભગ ગામડાના ૨૦૦૦ છોકરા તથા છોડીઓ તથા તેમના શિક્ષકો વગેરે કોપનહેગનમાં ગયાં હતાં. છોકરીઓને કસરતશાળાના હોલમાં ઉતારવામાં આવી હતી અને છોકરાઓને સ્ટેશન પાસે ઉતારવામાં આવ્યા હતા. નગરના લોકોમાંથી આશરે ત્રણસેં જણા તો એકેક બબ્બે છોકરાંને પરોણાગતને માટે પોતાને ઘેર તેડી ગયા હતા. ગામડાનાં છોકરાંની પરોણાગત ઉપર પ્રમાણે કરવામાં આવી હતી એટલુંજ નહિ, પણ તેમને આનંદ આપવાને નાનાપ્રકારની તજવીજો કરવામાં આવી હતી. તમામ છોકરાઓ સવારમાં સ્ટેશનની પાસેના મોટા બાગમાં એકઠા થયા હતા. ત્યાં તેમને રોટલી, કાફી, દૂધ, ચા વગેરે આપીને નાસ્તો કરાવવામાં આવતો હતો. શહેરના વાડીઆરાઓ તેમને માટે મફત રોટલી મોકલતા હતા, અને બીજા કેટલાએક કાફી, દૂધ, સોડાવૉટર વગેરે પણ મફત મોકલતા હતા. નાસ્તો કર્યા પછી તે નાના લશ્કરની જુદી જુદી ટોળીઓ બંધાતી હતી, અને શહેરમાં જે જોવા જેવું હતું ત્યાં જોવા જતી હતી. પ્રાણીઓના સંગ્રહસ્થાનમાંનો સિંહ જોઇને તે છોકરાઓને ઘણું આશ્ચર્ય લાગ્યું હતું. રેલવે કંપનીઓએ મેળાવડામાંના બાળકોને મફત પાસ આપ્યા હતા, તથા આગબોટ અને ટ્રામવેવાળાઓએ તેમને માટે પોતાના દર ઘટાડ્યા હતા, શિક્ષકોની પરોણાગત હોટલોમાં મફત કરવામાં આવતી હતી. ગામડાંમાંનાં ઘણાંક છોકરાંએ તથા કેટલાક શિક્ષકોએ પણ કોપનહેગન કદી જોયું નહોતું અને કદાચ કેટલાંક તો રેલવેમાં કદી મુસાફરી પણ કરી નહોતી. વીજળીની રોશની

તથા રસ્તા ઉપરની ફરસબંધી જોઈને ઘણુંજ અચંબો પામતા હતા. તેમને મન આ બધો દેખાવ કોઈ કલ્પિત વાર્તામાં વર્ણવેલા વર્ણન જેવો લાગતો હતો. આવા મેળાવડા કરવા જેવો ઉત્સાહ, ઐક્યતા, સભ્યતા. અને સુધારો આપણામાં છે કે નહિ!

મહિસુરમાં સ્ત્રી કેળવણી—ઇંડિયન એજ્યુકેશનલ રીવ્યુ લખે છે કે મહિસુરમાં સ્ત્રીકેળવણી પણ ખંતેથી ફેલાય છે. ત્યાં બાળવિધવાઓનો વર્ગ ઉઘાડવામાં આવ્યો છે અને તેમનો શિક્ષણ આપનારી કેળવણી આપવામાં આવે છે. ત્યાંના વિદ્વાનો એમ ધારે છે કે વિધવાઓ બીજા ધંધાઓ કરતાં શિક્ષણ આપવાનો ધંધો કરે તો તેમની જીંદગી સુખમાં પસાર થઇ શકે. હમણાં ત્યાં કેટલીક વિધવાઓ છે, તેમને દેશી ભાષામાં કેળવણી આપવામાં આવે છે અને કેટલીક મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં પાસ પણ થાય છે તથા શિક્ષણ આપવાનો પ્રાયોગિક અભ્યાસ કરે છે. વિશેષ ખુશી થવા જેવું તો એ છે કે તેની શાળાઓમાં અભ્યાસ કરનારી વિદ્યાર્થિનીઓમાં બ્રાહ્મણ વિદ્યાર્થિનીઓની સંખ્યા સારી છે. મદ્રાસમાં જો કે કેળવણીનો ઘણો પ્રચાર થયો છે, તોપણ ત્યાંની કેળવણી લેનારી એક કે બે જ બ્રાહ્મણની છોકરીઓ છે બાકીની જે છે, તેઓ ક્રીશ્ચાનની કેળવણી માત્ર લે છે, પણ મહિસુરમાં કેળવણી લેનારી સર્વ છોકરીઓ છે અને તે પણ ઉંચી જાતના બ્રાહ્મણોની છે. આ વર્તણુંક ઘણી સંતોષ કારક છે કેમકે નીચી કોમના લોકો હંમેશાં ઉંચી કોમના લોકોનું અનુકરણ કરે છે

आकृति विषे पाठ.

વસ્તુઓની લંબાઈ, પહોળાઈ, અને ઉંચાઈનો વિચાર છોકરાંના મનમાં શી રીતે આણવો ?

શિક્ષક—આ બે વસ્તુઓમાંથી જે વધારે જગા રોકે છે, તે વસ્તુ કેવી કહેવી ?

છોકરાં—મોટી કહેવી

શિક્ષક—તમે એ બેમાંથી કઈ વસ્તુને (કેવી હોય તેને) મોટી કહો છો?

છોકરાં—જે બેમાંથી લાંબી હોય તેને

શિક્ષક—(એક લાંબો દોરો હાથમાં લઈને) મારા હાથમાં આ દોરો છે અને આ ચોપડી છે, એ બેમાંથી કઈ વસ્તુ વધારે જગા રોકે છે? દોરો કે ચોપડી?

છોકરાં—ચોપડી.

શિક્ષક—જુઓ, આ ચોપડી અને દોરો જોડે જોડે મૂકું છું. ચોપડી આટલે સુધી આવે છે અને દોરો આટલે જાય છે હવે કહો. કઈ વસ્તુ વધારે જગા રોકે છે?

છોકરાં—દોરો વધારે જગા રોકે છે

શિક્ષક—ચોપડી પણ વધારે જગો રોકે છે ને દોરો પણ વધારે જગો રોકે ત્યારે એ બેમાં ફેર શો છે ?

છોકરાં—ચોપડી પહોળી છે અને દોરો લાંબો છે.

શિક્ષક—ચોપડી શા માટે વધારે જગો રોકે છે ?

છોકરાં—ચોપડી પહોળી છે માટે વધારે જગો રોકે છે.

શિક્ષક—અને દોરો શામાટે વધારે જગો રોકે છે ?

છોકરાં—દોરો લાંબો છે માટે વધારે જગો રોકે છે.

શિક્ષક—(એક કાગળનો તાવ હાથમાં લેઈને) હવે આ કાગળ, ચોપડી, અને દોરો, એ ત્રણમાંથી કયી વસ્તુ વધારે જગો રોકે છે? શી રીતે, તે કહેજો

છોકરાં—દોરો લંબાઇમાં વધારે જગો રોકે છે; કાગળ પહોળાઇમાં જગો રોકે છે, અને ચોપડી જાડાઇમાં વધારે જગો રોકે છે.

શિક્ષક—જો મારે આ એક કાગળની આના જેવડી ચોપડી કરવી હોય તો થાય કે ?

છોકરાં—ના; ત્યારે તો તમારે ઘણા કાગળ જોઇએ.

શિક્ષક—આ એક કાગળ કરતાં એ ઘણા કાગળ વધારે જગો રોકે કે થોડી જગો રોકે ?

છોકરા—વધારે જગો રોકે.

શિક્ષક—ત્યારે હવે હું તમને ફરીને પૂછું છું કે, આ ત્રણ વસ્તુઓમાંથી કયી વસ્તુ વધારે જગો રોકશે ? દોરો, કાગળ, કે ચોપડી ?

છોકરાં—ચોપડી.

શિક્ષક—ત્યારે હવે આપણે એમ જાણવું હોય કે, બે વસ્તુઓમાંથી કયી વસ્તુ વધારે જગો રોકશે, તો આપણે શો વિચાર કરવો પડે ?

છોકરાં—એ વસ્તુ લાંબી છે, પહોળી છે, કે જાડી છે, તેનો વિચાર કરવો પડે.

શિક્ષક—આ ટુંકા દોરા કરતાં આ લાંબા દોરામાં શું વધારે છે એમ કહેવાય ?

છોકરાં—લંબાઇ.

શિક્ષક—અને પહોળા કાગળમાં!

છોકરાં—પહોળાઇ.

શિક્ષક—અને જાડી ચોપડીમાં?

છોકરાં—જાડાઇ.

શિક્ષક—વારૂ, આ મારી પાસે પાણી ભરેલું પવાલું છે, અને આ પાણી ભરેલો લોટો છે; એ બેમાં કઇ વસ્તુ વધારે જગો રોકશે?

છોકરાં—લોટો વધારે જગા રોકશે.

શિક્ષક—કેમ વારૂ?

છોકરાં—કેમ કે લોટો પવાલા કરતાં મોટો છે.

શિક્ષક—મોટો છે, એટલે એનામાં પવાલા કરતાં વધારે શું છે?

છોકરાં—એ પવાલા કરતાં ઉંચો છે, પહોળો છે, અને ઉંડો છે.

અહીં આગળ શિક્ષક છોકરાંને બતાવી શકશે કે વસ્તુ જે જગોએ મૂકી હોય, તે જગોથી ઉંચેની બાજુ તરફ ઊંચાઇ માપી શકાય છે, વસ્તુના મથાળાથી તે જે જગોપર તે વસ્તુ મૂકી છે ત્યાં સુધી તેની ઊંચાઇ માપી શકાય છે, અને જેટલી જગોમાં તે વસ્તુ જમીનપર પથરાયલી છે, તેમાંથી આજુબાજુ લંબાઇ તથા પહોળાઇ માપી શકાય છે.

શિક્ષક—વારુ, ત્યારે હવે કોઇ વસ્તુ કેટલી જગો રોકે તેનું નામ તમે શું કહેશો?

છોકરાં—લંબાઇ, પહોળાઇ અને ઊંચાઇ.

વખત હોય તો શિક્ષકે કેટલાક પદાર્થોની લંબાઇ, પહોળાઇ, અને ઊંચાઇના મુકાબલા કરી બતાવવા.

सुशिक्षक.

પ્રકરણ ૧ લું.

પ્રથમ દર્શન—પ્રથમ અનુભવ અને પ્રથમ વિચાર.

અનુભવપુર એ શ્રીમંત ગાયકવાડ સરકારના પચમહાલ પ્રાંતમાંનું પરગણીથી આશરે દશેક માઇલને અંતરે આવેલું એક ગામ છે. આ ગામના વારેક વર્ષ ઉપર સરકારે એક બાંધેલી શાળા બંધાવી આપી હતી. શાળાનું મકાન ગામને એક છેડે પશ્ચિમ તરફ હતું; અને તેનાથી બહુ છેટે નહીં પણ થોડે—એક દૂર ફરમાં "મેહેતાજીની ઓરડી" હતી. એ ઓરડી તો ગામના એક શેઠની હતી પણ આજ પર્યંત સુધીમાં આવેલા બધા મેહેતાજીઓ તેમાંજ રહેલા, જેથી તેનું નામ "મેહેતાજીની ઓરડી" એવું રૂઢ થઇ ગયું હતું.

આજરોજ આ ઓરડીમાં અત્યારે રાત્રિના આઠ વાગ્યાના સુમારે નવા આવેલા મેહેતાજી પ્રભુશંકર કંઇક પત્ર લખવા બેઠા હોય એમ જણાતા હતા. કાગળ અને કલમ હાથ-માં હતાં, પણ ઘાસતેલના બત્તીના ... ઉપર જેના માત્ર બે ત્રણેક લીટીઓ લખી હોય તેમ જણાતું હતું. મેહેતાજી પોતે આ વખતે વિચાર વમળમાં ગોથાં ખાતા હતા, એમ તેની મુખમુદ્રા, હોઠ પરની આ ... ઉપરથી, તેમજ ખડીઆમાં વાર વાર બોળાતી જતી કંપતી ... ન લખતી કલમ, તથા આડો આવેલો ધનો હાથ આ બધું કહી આપતા હતાં. થોડીએક વાર આમ નિશ્ચેષ્ટ સ્થિતિ રહ્યા બાદ એકદમ અગ્નિનો જુસ્સો આવ્યો હોય તેમ હાથ ઉછળ્યો, ઝપાટાબંધ ખડીઆમાં કલમ બોળી કાગળ ઉપર આવી લાગ્યો; નેત્ર સ્ફુટ—પુષ્પ વિકસિત થઇ ગયાં; અને આખું અંગ પણ નવું સામર્થ્ય આવ્યું હોય તેમ સ્ફુરાયમાન થયું. હાથ એકદમ કાગળ પર ફરવા લાગ્યો, અને કાગળ તથા કલમ "કચ કચ" કરતા સ્વરસંગીત ગાવા લાગ્યાં. કલાકેક ભર લખ્યા પછી પાછો સ્તંભ્યો, કલમ મૂકી દીધી, પત્ર (તો લખવાનું) મૂકી દીધું, અને જરા સ્વરથી—બેઠાં નિઃશંક મ્હોંએ પત્ર વાંચવા માંડ્યો —

પ્રેમી મિત્ર,

હું અહીંઆં કાલેજ પહોંચી જાત, પણ ટ્રેનમાં જરા ફેરફાર થવાથી આજ સવારના સાત વાગે પહોંચી શકયો છું. છું તો કુશળજ-વખતના વ્યય સિવાય બીજું કશું નુકસાન થયું નથી.

આવીને તુર્તજ શાળામાં ગયો હતો પણ ત્યાં તો વિચિત્રતાએ વિચિત્ર વાતો બતાવા માંડી!-શાળાનો નમૂનો કોઇ ઓરજ જોયો.

શાળાની પાસેના-એક મેદાન જેવા ભાગમાં વીશ પચીશ છોકરાઓ બહાર આથડતા અને ફરતા હતા; તે પરથી મને લાગ્યું કે શાળાનું મકાન આટલામાંજ હશે. સામેના ભાગમાં મકાન તો હતાંજ, પણ શાળાના મકાનના જેવાંજ બીજાં બે મકાનો પાસે હતાં જેથી નિર્ણય થઈ શકયો નહિ. એટલે એક છોકરો કે જેણે મારી સામું જોયું હતું તેને પૂછ્યું: "શાળાનું મકાન કયું?" છોકરાઓ ગમે તેમ આથડતા હતા; મસ્તી અને તોફાન કરતા હતા; નિર્દોષ નહિ પણ સદોષ રમતો રમતા હતા; અને વચ્ચે વચ્ચે અપશબ્દોનો પણ વ્યવહાર થતો હતો. મને જોતાં અને મારો સવાલ સાંભળતાંજ બેચાર છોકરાઓ મારા ભણી વળ્યા, અને પ્રથમનો છોકરો બોલી ઊઠયોઃ "શું કામ છે તમારે?" "મહેતાજી નથી."

"શું કામ છે?" એ ઉત્તર સાંભળતાંજ હું અચંબામાં પડયો, અને છોકરાઓને સભ્યતાનું શિક્ષણ કેવું મળે છે તેનો કંઇક તોલ મને મનમાં કરી લીધો. "આ છોકરાઓ નવા મહેતાજીને પણ નહિ ઓળખતા હોય!" "શું તેઓને ખબર નહિ હોય કે નવા મહેતાજી આવવાના છે?" આમ વિચારમાં હું પડી ગયો.. પણ નિશ્ચય કરવા જેટલો વખત હતો નહિ. છોકરાને ફરી કહ્યું: "હું મહેતાજીનું પૂછતોજ નથી. નિશાળના મકાનનું પૂછું છું. છોકરે મકાન સામી આંગળી કરી. સભ્યતાને ફરી ત્રાજવામાં નાખી અને હું નિશાળ ભણી વળ્યો. મન મનમાં બોલવા લાગ્યું. "આ શું કહેવાય? છોકરાને કશી દરકાર નહિ! અને મારે—તેના શિક્ષકને પણ આવું અસભ્ય જોયા છતાં ચાલ્યુંજ જવું? એનો-છોકરાઓનો ચાર્જ કયારે લઇશ.? છોકરાઓ તપાસતાં પહેલાં સામાન સુમન અને કાગળનાં ચીથરાં તપાસવાં! બેશક, એવો નિયમ છે અને પ્રથમ નિરીક્ષણમાં તો તેવાંને પણ એક વખત જોઈ લેવાની જરુરજ છે. પણ—આપણે તો એકલા છોકરાઓનેજ સુધારવાનું-કેળવવાનું કામ હોય અને આ બધી ગરબડ તપાસવાનું અને સંભાળવાનું-સાચવવાનું બીજા કોઇને હોય તો કેવું સારૂં હશે, પણ હાલ તો જે માથે આવ્યું તે ઊઠાવી લેવું." કરી માથું ઊંચું કર્યું તો શાળાનો કમ્પાઉન્ડ આવ્યો જણાયો. દૃષ્ટિ શાળા ભણી વળી અને કમ્પાઉન્ડમાં પડેલો કચરો, આસપાસ દેખાઇ આવતી અસ્વચ્છતા અને અવ્યવસ્થા; વગેરે શાળાની સ્થિતિ કહેતો અને મકાનની બહાર શાળાસૂચક પાટીઉં પણ નથી!" આમ શંકા કરતો હું મકાનનાં પગથીયાં ચઢવા લાગ્યો. ચઢતાં ચઢતાં અંદર ચાલતી ધમ્માધમીથી તેમજ દોડતા છોકરાઓના પગના ધબકારાથી કાન ભરાવા લાગ્યા. હું અંદર ગયો તો મકાન વચ્ચોવચ ત્રણ ચાર-

જણા એક મેજની આસપાસ ખુરશી નાખીને બેઠા હતા અને શામ ગભરાટ ઢાંકતા હતા. તેના પોશાક અને ગીનજાન ઉપરથી તો નહિ પણ તેની બેઠક-ખુરશી ઉપરની બેઠકથી તે આસિસ્ટંટ છે, એમ મને લાગ્યું. આસિસ્ટંટો મને જોતાંજ જાણી ગયા કે આ નવા મહેતાજી હશે. સત્કાર બતાવવા ખાતર તેઓ ધીમે ધીમે ઉઠવા લાગ્યા, અને તેટલામાંજ 'મહેતાજી સાહેબ ક્યાં છે?' એવા મારા પ્રશ્નથી તેના મનમાં આ નવા મહેતાજીજ છે, એમ પૂર્ણ ખાત્રી થવાથી પૂર્ણ રીતે ઊભા થયા, અને મને બેસવા સૂચવ્યું. મહેતાજી સાહેબ હજુ પધાર્યાજ નહોતા. જેથી મને શું જવાબ આપવો એમ આસિસ્ટંટો વિચારતા હતા; પણ તેટલી વારમાં હું—માગી આપો અને મન મારે પાસે લેવા લાગ્યા હતા શાળાની ભીંતો, તખ્તો, બાંકડા, કબાટો, પેટીઓ, વગેરે સામેજ દેખાતા હતા; અને તે બધા જૂના મહેતાજીનું અંદર બતાવી આપતા હતા. આ બધા ઉપર બહોળ દૃષ્ટિ ફેરવી લીધી ત્યાં તો એક આસિસ્ટંટે છોકરાને દોડાવ્યો અને મને "હમણાંજ આવશે" કહી બેસાડ્યો. મેં વધારે પૂછપરછ કરી નહિ, કેમકે મારું મન મારા પ્રિયતમ બાળકો તપાસવામાં પડ્યું હતું. બાળકો એક પછી એક મકાનમાં ભરાતાં જાતા હતા, અને અમે ત્યાં બેઠા જોતા બેઠા હતા તેની બેસવાની હળ, તેના નિર્દોષ નિર્મળ મુખો, તેઓ બેસવાની જગાઓ, જગાની પાસેનો ભાગ, નિશાળોના ખૂણાઓ વગેરે બેઠા બેઠા જોઈ ગયાવ તેટલું બધું હું સૂક્ષ્મ દૃષ્ટિથી નિહાળવા લાગ્યો. પણ આસિસ્ટંટોએ મને અટકાવ્યો. તેઓ મારા સમાચાર, આવવાનું મોડું થવાનું કારણ, આ પહેલાની સ્થિતિ, ત્યાંના સુખ દુઃખો વગેરે પૂછવા મંડ્યા, અને મને ગમ્મત શાખા તરફ એટલે કે મારી ખુશામત કરવા મંડી પડ્યા. તેટલામાં પહેલા આસિસ્ટંટ કે જે નિશાળે ગયા હતા તે આવી પહોંચ્યા; તેમજ તેડવા ગયેલા છોકરાની સાથે મહેતાજી સાહેબ પણ પધાર્યા.

મહેતાજી આવ્યા, એટલે પ્રથમ મેં મહેતાજી તરફ દૃષ્ટિ નહિ કરતાં ચુપકીથી છોકરા તરફ દૃષ્ટિ કરી લીધી, અને મહેતાજીના પધારવાથી તેમના મન પર કંઈ અસર થઈ છે કે નહિ તે જોઈ લેવાનું કર્યું; પણ આ તો તેનું તેજ હતું. છોકરાઓના મનને ખબર પણ નહોતી કે મહેતાજી સાહેબ પધાર્યા છે. મેં બારીથી મહેતાજી સાહેબ ભણી નજર કરી, અને નજરે નજર મળતાં ઊભા થઈ માન આપ્યું—બન્યા. હુકમ બતાવ્યો અને મારું મોઢું દેખાવાનું કર્યું.

બાપુ મહેતાજી તકાદુનામ હમેશાં આઠ વાગે નિશાળે આવતા હતા, અને આજ સાત વાગે આવવાનું પત્ર વાંચીને ખુશ થયા હતા. હમેશાં તેઓ સાત વાગે ઊઠતા હતા અને ત્યાર બાદ તેઓ હાથમાં એક બજર (તમાકુ)ની ડાબલી અને દાતણ લઈને પોતાની ઓરડીની પાસેના મકાનના વિભાગ ઓટલા પર બેસી, આસપાસના પાડોશીઓને ભેગું કરી તડાકા મારતા હતા. આજરોજ તડાકા મારવા જવાની તૈયારી હતી, તેટલામાંજ છોકરો તેડવા આવ્યો, એટલે બાપુ સાહેબને બીજાના બીજાં આવવું પડ્યું હતું. આ બીના મને પેટલીક વખત પહેલવાન મારી ઓરડીની પાસે રહેનારે મીઠ ગપ્પ કરી ગયો હતો.

ચાર્જ સોંપી દેવાનું કહેતાંજ તડાકૂરામ બોલી ઊઠ્યાઃ "આ રહ્યું—સંભાળી લ્યો.ને. ચાર્જ ચાર્જ શું કરો છો? બેસો તો ખરા—ચાર્જ તો છેજ ના નશિબમાં." બાપા સાહેબનું મન રાખવા અને મારૂં કામ કરવા મેં નિશાળની પૂર્વ અને હાલની સ્થિતિ, આસિસ્ટંટોની રીતભાત અને ગામ લોકોનો નિશાળપ્રત્યે રહેતો ભાવ વગેરે પૂછવા માંડ્યું; પણ એ તડાકાના સદવાળી મહેતાજીને ગમ્યું નહિ. જેવા તેવા ટૂંકા જવાબ આપી દેઇ મને પોતાના તડાકા તરફ વાળવા લાગ્યા અને તડાકા ખેંચાવા લાગ્યા. મેં તેમાં થોડુંજ ધ્યાન આપ્યું અને ચાર્જને માટે ઉતાવળ કરવા માંડી. તડાકૂરામ ખીજ્યા અને ચાર્જના ચોપડાનો ગાંસડો સોંપી ઊઠ્યા. સાથેજ એક સિવાયના બધા આસિસ્ટંટો પણ દોડી ગયા.

મહેતાજી સાહેબના મને લાગતા નીરસ તડાકા વખતે, અને તેમના ગયા પછી હું વારંવાર છોકરાઓ તરફ દૃષ્ટિ ફેરવતો હતો; અને તેઓમાં જે વાતચિત થતી હતી તે પણ બીજે કાને અથવા બન્ને કાને ધ્યાન દઇ સાંભળતો હતો. છોકરાઓને ખાત્રી થઇ કે આવેલા માણસ તે નવા મહેતાજીજ છે, એટલે તેઓ મારી પાસે સ્વાભાવિક જીજ્ઞાસાથીજ ઊભરાવા લાગ્યા. ગડબડ કંઇક શાંત પડવા માંડી, એટલે છોકરાઓ જે મારા સ્વભાવ તરફ, મારા ચહેરા તરફ મારી બેઠક અને વર્તણુક તરફ જોઈ રહ્યા હતા, અને તેજ સંબંધે ગુપચુપ વાતો કરતા હતા, તે હળવાં હું જરા જરા સાંભળવા લાગ્યો. વચ્ચે વચ્ચે જીજ્ઞાસામાં આવી હળવા નૂતન વાતો કરતા—પણ તડાકૂરામ મહેતાજીના તડાકાની પ્રસાદી અને પ્રમાદની સમાધિમાં હમેશાં નિમગ્ન રહેતા વિદ્યાર્થીઓ પૂર્વ સ્થિતિનો પણ કંઇક ભાગ દર્શાવી આપતા હતા. જોવાનો ઉમંગ હતો તો પણ તેને વ્યવસ્થા સર અને સુગમથી બેસતાં નહોતું આવડતું; એ તેના પુરાવારૂપે થતું હતું: આ બધું જોઇ મારૂં મન વ્યગ્ર થતું હતું અને 'ક્યારે આ છોકરાઓને હું સુધારી લઉં ?' એ પ્રશ્નનો ઉત્તર આપવામાં પડતું હતું—પડયું હતું તેટલામાં તો મહેતાજી સાહેબ આવી પહોંચ્યા અને ચોપડાઓ મારા મો આગળ ધર્યા.

મન વિચારગ્રસ્ત હતું તોપણ આ ગરબડ શમ્યા પછી શાંત રીતે તેજ વિચાર કરી શકાશે ધારી, ચોપડા તરફ વળ્યું. ચોપડાઓ ઉપર ચિઠ્ઠી તો હતીજ નહી; એટલે મેહેતાજી સાહેબજ મને નામ દેઇ ચોપડા આપતા ગયા અને હું જોવા મંડ્યો. ઉપર ઉપરથી જોતાંજ અંદરની ડાઘાડુઘી, થયેલી ચેરભુંસ, અને અસ્વચ્છતા—અવ્યવસ્થા વગેરે આંખ આગળ તરવા માંડ્યાં. હું કંઇક કહેવા લાગ્યો ત્યાં તો મેહેતાજી સાહેબ "એનાં કશું જોવાનું નથી, આ મહત્તનો છે," કરી બીજો ચોપડો આપવા લાગ્યા મેં ધાર્યું કે સમગ્ર અભિપ્રાય છેવટજ આપીશું; હાલ તો બધું તપાસી લેવું. પણ બધે તેમજ દીઠું: કેટલા-એકનું કામ અપૂર્ણ હતું; કંટીજંટ પગાર વગેરેના હિસાબના ચોપડા પણ મહિનો મહિનો ચડી ગયાં છતાં લખ્યા નહોતા; મેં પૂરેપૂરા લખેલા માગ્યા અને તે સાંભળી આસિસ્ટંટો મનમાંજ બબડવા લાગ્યા: 'આ નવા આવ્યા વળી' 'તેને તો બરાબર જોઇએ' 'બે દીવસ ટકટકાટ કરશે—પછી તો કંઇ નહિ.' વગેરે ઉદ્‌ગારો નીકળવા લાગ્યા અને તે મારા સૂક્ષ્મગ્રાહી મને તેમના મુખ પરથી જાણી લીધા.

આજે ગોપાળ પૂરી થતા અને ફાઇલેગી, કન્ટ્રોલ વગેરે તપાસતાં હું જોઉં તો ત્યાં પણ તેનું એવું ઉપયોગ તો કરેલ મેળ ગોઠવ્યું; પુસ્તકો તો ઓછાં થાય તેમ નહોતાં, પણ તેમાં ઉપર વર્ણવ્યા મુજબ પુસ્તકો નવાં અને સારાં હોવા છતાં ખાસ ગયાં હતાં. કેટલાંકનું પણ એમજ હતું: કાગળો ફાટેલાં અને ઘણાં ખરાં ઘસાઈ ગયાં હતાં, પરંતુ તેનો કોઈએ વપરાશ ઉપયોગ થયો હોય એમ જણાતું નહતું. ઉપર સંગ્રહસ્થાન ઉપર ગયા, તો ત્યાં પણ તેમજ કેટલાક સામાન હતા. સંગ્રહસ્થાનના ખાનાંઓમાં વસ્તુઓ ... રાખવું હતું તેમ જણાતું હતું. પતરાંના ડબ્બાના પડદાં કેટલીક દીવાસળીની ખાલી પેટી (ખોખાં)— એમાં ભરી રાખ્યા હતા. અને કેટલાક પેટીઓ તો ખાલી નામ લખીને ગોઠવી મૂકી હતી. આ પ્રમાણે મેં જ્યારે સંગ્રહસ્થાનની એકેક ચીજ સંભાળી લીધી; અને 'આવા સંગ્રહસ્થાન કરતાં સંગ્રહસ્થાનનું નામ ન હોય તો શું ખોટું?' એવું એવું વિચારતો હું આગળ ચાલવા લાગ્યો. આખરે છોકરાઓની હાજરી તપાસી. મેં આસિસ્ટંટને ત્યાંથી બે ત્રણ છોકરા બોલાવ્યા અને ઓરડામાં બેઠેલા છોકરાઓને ગણી બતાવ્યા. રજીસ્ટરમાં સંખ્યા ૧૫૦ હતી, પણ હાજરી ૧૦૦ ટકા નોંધેલી હું જોતો ત્યારે તો આ હાજરી તેમ મને જણાતું નહતું. પણ કંઈક મન નહિ માન્યું, સ્વાભાવિક રીતે કેટલાક છોકરાઓ ગેરહાજર આવ્યા હશે પણ હું બોલ્યો નહિ, તો પણ હાજરી પ્રમાણે આ હકીકત ઓછી છે, એવું કંઈક વિચાર મારા મનમાં આસિસ્ટંટોને બતાવી દીધું.

આ પ્રમાણે આજે તપાસણી સમાપ્ત થતાં મારો ઉપરનો અભિપ્રાય અંગ્રેજીમાં લખી આપ્યો. ... પણ તેના મુખ ઉપર થીજ જણાતું હતું કે તેને મારા અભિપ્રાયની કંઈ પરવા કરે નથી. એટલે ગ અભિપ્રાય મનમાંજ રાખ્યો; અને આ વર્ષે બીજી વસ્તુસ્થિતિ તરીકે ઉપરી અધિકારીને અને મારા મનના ઉપરી અધિકારીને જણાવવા વિચાર કર્યો. મનના અધિકારીને તો અત્યારેજ જણાવું છું. પણ ઉપરી અધિકારીને તો ચાર કલાક પાછળ જણાય છે. કેવળ પ્રિય ભાષા, આજે તો મને પણ હજુ નિશાળે ભણી છે છોકરાં અને આસિસ્ટંટો કે જે મારું ખાસ કામ છે, તો ન બનવાનું નથી. મારે તો તેમનાજ સ્વભાવ અને સમજણનો આજે ખ્યાલ હતો. બહુ સહેલાઈ પામેલી તે બધાનો અનુભવ આવ્યો હતો; પણ તે ધારણા પાર પડી નથી. હશે, હવે હું આત્મપ્રશંસાથીજ તે બધું રહેવા દઉં છું.

મારો ઉત્સાહ અને આનંદ બન્ને મારે છે. તેને માટે જો કે હજુ હું કશું કરી શકતો નથી; પણ હું ચાલુ કરી શકીશ, એમ મને પૂર્ણ શ્રદ્ધા છે. મારો એ મારી શ્રદ્ધાનેજ ટકાવવા જેવું બળ ભગવાન તેજ આપે. મારી શિક્ષક તરીકેની સ્થિતિમાં—ચિંતા ઓછી થઈ એમ હું માનું છું.

પણ તારો પત્ર હું વિસરી ગયો નથી. મને તે હમેશાં યાદ છે અને રહેશે હું. વારે વારે વાંચી લઉં છું તેમજ મન સાથે નિરાકરણ કરું છું પરંતુ મને તો મારો મતજ ખરો લાગે છે.

હાલ તો એજ. પછીના પત્રમાં વધારે વિગત અને યોગ્ય કર્તવ્ય લખી શકીશ.

લિ. ત્હારા પ્રેમી અંતઃકરણપર દ્રવતો—પ્રવીણ.

કુસુમ. (અપૂર્ણ.)

मरकी तथा चेपी रोगो चालता होय त्यारे लोकोए पोतानी रहेणी करणी केवी राखवी.

(લખનાર—કરૂણાશંકર જયશંકર પાઠક.)

વિષયનું વર્ણન કરતાં મારે કહેવું જોઇએ કે ચેપી અથવા સાંસર્ગિક રોગોમાં મરકી એ મુખ્ય છે. એ સિવાય પત, શીતળા, અછબડા, ખસ, દાદર, વિસ્ફોટક, એવા બીજા કેટલાક ચેપી રોગો છે. પણ તેમાંના ઘણા ખરા મરકી પેઠે અમુક વખતમાંજ ખાસ વિસ્તાર પામે એમ ઘણું કરીને હોતું નથી. તેમજ એમાંના કેટલાક મરકીના જેવા ભયંકર નુકશાન કરતા નથી. તો પણ તેઓ ચેપી રોગો તો છેજ; અને થોડું ઘણું પણ નુકશાન કર્યા વગર રહેતા નથી. અને કેટલાક તો વધારે પણ નુકશાન કરે છે. માટે મરકી એ પ્રધાન વિષય લઇ બાકીના ઉપર જણાવેલા ચેપી રોગોના સંબંધમાં સાથે સાથેજ જ્યાં જ્યાં જરૂર લાગશે ત્યાં કહેતો જઇશ અને મુખ્યત્વે કરીને મરકીના સંબંધમાં મારે વધારે કહેવાની જરૂર પડશે.

મરકી થવાનાં કારણો જાણ્યા સિવાય તેના ઉપાયો કહેવા એ ગુનોહ જાણ્યા સિવાય તેની શિક્ષા કરવા જેવું છે અને એમ પણ બરોબર નથી, માટે તેનાં કારણોનો આપણે પ્રથમ વિચાર કરીએ.

મરકી થવાનાં કારણો—મરકી એ ઝેરી રોગ છે એ વાત નિઃસંદેહ છે; પરંતુ એનું વિષ ક્યાંથી ઉત્પન્ન થાય છે, અને એ રોગ થવાનું શું કારણો છે, તે હજુ સુધી નિશ્ચયાત્મકપણે સમજી શકાયું નથી. તો પણ ઘણાખરા વિદ્વાન લોકો ઘણું કરીને તેનાં આ પ્રમાણે કારણો ધારે છે:—

૧ મરકી જેને થયેલી હોય એવા રોગીનો સંસર્ગ વગેરે ૨ દૂષિત હવા, ૩ દૂષિત પાણી, ૪ દૂષિત ખોરાક, ૫ અસ્વચ્છતા, અને બીજાં કેટલાંક સામાન્ય કારણો.

હવે આ દરેક કારણોના સંબંધમાં આવા વખતમાં (મરકી ચાલતી હોય ત્યારે) લોકોએ પોતાની રહેણી કરણી કેવી રાખવી એ ફાયદાકારક છે, તેનો આપણે અનુક્રમે વિચાર કરીએ.

૧ સંસર્ગ—મરકી તથા ચેપી રોગો જેને થયા હોય તેનો સંસર્ગ જેમ બને તેમ ઓછો રાખવો એ આવા વખતમાં બહુ ફાયદાકારક છે જો બિલકુલ ભાગે અને દૃઢ મનનો માણસ હોય તે પણ એવા રોગીની સાથે ઘણો સંસર્ગ રાખવાથી તેમાં સપડાઈ જાય છે એવા ઘણા દાખલા છે, તેમાંના એક બે પ્રસિદ્ધ દાખલા હું અહીં આપું છું.—

ખ્રીસ્તીસન ૧૮૧૪માં ઈજીપ્તમાં મરકી થઈ હતી તે વખતે એક સુલતાનગા નામે મુસ્લીમ હતો, તે મુસલમાન કોમના મુડદાને ધર્મની ક્રિયા કરાવતો હતો. એક દિવસમાં એ રોગથી મુએલા તમામ પંદર વીસ માણસોનો તેણે સંસર્ગ કર્યો અને તેથી તેનું પરિણામ એવું આવ્યું કે ઉપલે તેજ દિવસે સાંજરે તે મુસલમાન પણ તે રોગમાં સપડાયા અને બીજું સવાર થતા સુધીમાં તો તેઓ મૃત્યુનો ભોગ થઈ પડ્યા.

બીજો એક ડૉક્ટર વ્હાઈટનો દાખલો તેવોજ ધ્યાન ખેંચનારો છે ઇ. સ. ૧૮૦૩માં ઈજીપ્તમાં મરકી ચાલી હતી, ત્યારે વ્હાઈટ નામે ડૉક્ટર રોગીની સારવાર કરવાને ખાસ રોકાયા હતા એઓ જાતે ડૉક્ટર હતા અને પોતે જાણતા હતા કે આ રોગનો સંક્રમ ચેપથી લાગે છે તેથી પોતાને એ રોગ લાગુ પડે તે માટે ખાસ સાવચેત રહેતા. તોપણ તેમને પોતાના ધંધાને લીધે એ રોગીઓમાંના ઘણાનો સંસર્ગ કરવો પડ્યો, અને તેથી તેમને પણ એ રોગ લાગુ પડ્યો. તેઓ પોતે ડૉક્ટર હતા અને ઘણી ઘણી સાવચેતી રાખતા હતા તેથી જો કે તેઓ મૃત્યુના મુખમાંથી આ વખતે મહામહેનતે બચી શક્યા તોપણ તેમના દાખલાઓથી એમ તો ખાત્રી થઈ કે મરકી એ ચેપી રોગ છે, અને રોગી માણસોના સંબંધ થવાથી બીજાને પણ એ રોગ લાગુ પડે છે.

પ્રસ્તુત વિષયની સાબીતીને માટે ઉપરના બે દાખલાઓ બસ છે. તો પણ વિશેષ ખાત્રીને માટે, હાલમાં મુંબઈમાં મરકી બહુજ જોરથી ફાટી નિકળી છે તેમાં એકના સંસર્ગથી બીજાને રોગ લાગુ પડવાના ઘણાંજ દાખલા દેખાતા છે અને આ પ્રમાણે રોગનો ફેલાવો થતો અટકે માટે એવા રોગીઓને જુદાંજ દવાખાનામાં રાખવા સરકારે હુકમ કર્યો હતો. પરંતુ ત્યાં (દવાખાનામાં) આવી વખતે ધર્મની ક્રિયા કરવાની પુરી અનુકૂળતા ન હોવાથી મરણક્રિયા સાચવી શકાતી નહિ અને તેથી લોકોની ધર્મ સંબંધી લાગણી દુખાવાથી સરકારને એ

રસ્તો પાછળથી મૂકી દેવો પડ્યો હતો. તોપણ એ તો નક્કી છે કે એ રોગનો થતો ફેલાવો અટકાવવાને માટે એવા રોગીઓને જેમ બને તેમ જુદા રાખવાની ઘણીજ જરૂર છે. તેની સાથે જેમ બને તેમ ઘણાજ થોડા માણસોએ સંસર્ગ રાખવો. સારવાર કરવા એકાદ જણને ખાસ તેની પાસે રહેવું પડે તો તેણે બહુ સંભાળ રાખવી. તેના ખાવા પીવાનાં વાસણો તથા તેને વાપરવાની ચીજો જુદીજ. રાખવી. તેનાં વાપરેલાં પહેરવા ઓઢવાનાં વસ્ત્ર પણ જુદાંજ રાખવાં. તેનો બીજાએ ઉપયોગ કરવો નહિ. ને રોગીનું મૃત્યુ થાય તો એ કપડાં વગેરે હલકી ચીજો તેની સાથેજ બાળી દેવી કે તેની તેનું ઝેરી તત્વ હવામાં ફેલાતું અટકે. અને જો એ રોગી સારો થાય તો એનાં વાપરેલાં કપડાં તથા વાસણો દશ પંદર દિવસ સુધી કોઇએ ઉપયોગમાં લેવાં નહિ. પછીથી તેને તડકે સૂકવીને સાફ કરી કે ઝાટકી જરૂર પડે તો ઉપયોગ કરવા.

પત, શીતળા, બળીયા એ પણ ચેપી રોગો છે અને મરકીની પેઠે એ પણ સંસર્ગથી બીજાને લાગુ પડે છે. આપણા લોકોમાં જે છોકરાંને શીતળા અગર બળીયા નીકળ્યા હોય તે છોકરાની મા ઘણું કરીને બીજાનાં છોકરાંને તેડતી નથી અથવા પોતાનાં છોકરાંને તેની પાસે જવા દેતી નથી, એવો સામાન્યતઃ રિવાજ છે, તે ઘણો સારો છે. અને તે આવાજ કારણથી પડેલો હશે. સમજુ માતાઓએ એ પ્રમાણે સાચવવું ઘણુંજ સારૂં છે.

જે ગામ કે શહેરમાં મરકી વગેરે ચેપી રોગો ચાલતા હોય તે ગામ કે શહેરમાં ઘણા લોકો સમજીનેજ બીજે ઠેકાણેથી આ વખતમાં ત્યાં જતા નથી અને તેમ થાય તે સારૂં છે, તેથી આ વિષે તો વધારે કહેવાની જરૂર નથી; પણ જ્યાં એવા રોગ ચાલતા હોય ત્યાંના લોકો એ રોગથી બચવાને ત્યાંથી ગામ પરગામ પોતાના સગાંવહાલાં કે ઇષ્ટ મિત્રોને ત્યાં જતાં રહે છે. આવા નાશભાગના વખતમાં કોઇ એકાદ રોગી એક સારા ગામમાં દાખલ થઇ જાય તો ત્યાં પણ એ રોગ લાગુ પડે છે. ઇસવીસન ૧૮૭૫ ની સાલમાં પંઢરપુરની જાત્રામાં મરકી ચાલી હતી અને ત્યાંના જાત્રાળુ લોકો પૈકી જે જે રોગ લાગેલો માણસ આસપાસના ગામમાં દાખલ થયો ત્યાં ત્યાં એ રોગ લાગુ પડ્યો હતો. માટે આવા વખતમાં લોકોને આવવાનાં દ્વાર જેવાં કે સ્ટેશન, બંદર વગેરે ઠેકાણે સરકાર તરફથી ખાસ ડૉકટરો રાખી ઉતારૂઓની તપાસ કરવી જોઇએ. અને તેમાં કોઇ રોગી માલૂમ પડે તો તેને બધા જનસમૂહમાં દાખલ થવા ન દેતાં જુદાજ દવાખાનામાં અગર તેને એક અનુકૂળ પડતા જુદા મકાનમાં રાખવાની તજવીજ કરવી જોઇએ. સરકાર એ રૈયતના પિતા તુલ્ય છે માટે તેણે પોતાની ઔરસ સંતતિની માફક તેની સંભાળ રાખી તેને ખાવાપીવાને માટે તથા દવા વગેરેને માટે તજવીજ રાખવી જોઈએ. આમ કરવામાં સરકારને થોડું ખર્ચ કરવું પડશે, પણ રૈયતના ખરા સુખને માટે એમ ખર્ચ કરવુ પડે તો તેમાં સરકારે પાછા હઠવું ન જોઇએ. હાલમાં મુંબઇમાં

મરકી ચાલે છે તેથી સરકારે આ પ્રમાણે તજવીજ અને બંદોબસ્ત જારી કર્યો છે, એ ઘણું પ્રશંસનીય છે વડોદરા, અમદાવાદ વગેરે શહેરમાં ઉપર ઉતારુઓની પુરતી તજવીજ થાય છે. અને તેને માટે જોઈતી સાવચેતી રાખવામાં આવે છે તેથી જ મુંબઈનો રોગ આપણા મુલકમાં દાખલ થવા પામ્યો નથી, એમ કહેવાને હરકત નથી. શરૂઆતમાં મુંબઈથી જનમાં ઘણા લોકો કરાંચીમાં જતા રહ્યા અને ત્યાં પુરતી તજવીજ આ પ્રમાણે ન રખાવાથી ત્યાં પણ એ રોગ પુર જોસમાં દાખલ થયો હતો, એ આપણા જાણવામાં જ છે માટે આ પ્રમાણે તપાસ અને બંદોબસ્ત રાખવાની પણ જરૂર છે.

હવે કોઈ એમ એમ શંકા કરે કે મરકી, તાવ, શીતળા, ઓરિયા વગેરે રોગો સાંસર્ગિક અથવા ચેપી છે તો જ્યાં એ રોગો લાગુ થાય ત્યાંના બધાજ માણસો કેમ મરી જતા નથી? આ શંકાનું નિવારણ કરવાને આપણે એક સાધારણ દાખલાનો વિચાર કરીએ શીતળા એ ચેપી રોગ છે એમાં તો હવે જરાએ શંકા રહી નથી કેમકે આપણે નજરે નજર જોઈએ છીએ કે નાના છોકરાં એકનો ચેપ લઈ બીજા છોકરાને શીતળા થાય છે અને તેથી જ ચાર દિવસે ત્યાં કોઈના ઉપસી આવે છે. અને તેમ થયા પછી તે છોકરાને પણ ફરીથી શીતળા નીકળતાં નથી હવે એટલું જાણવા કે એના સાંસર્ગિકપણા માટે જરાએ શંકા નથી તો એક છોકરાને નીકળ્યા એટલે તે ઘરના બધા માણસોને નીકળતા નથી કદાચ નીકળે તો બીજાં છોકરાંને નીકળે છે પણ મોટાંને નીકળવાનો સંભવ ઓછો છે. આનું કારણ શું આપણે એમ ધારીએ કે એક જણને શીતળા નીકળ્યા છે તેની સારવાર કરવાને ત્રણ માણસો છે એક એવો કે જેને શીતળા નીકળી ગયા છે. બીજો એવો કે જેને શીતળા ટંકાવેલા છે ત્રીજો એવો છે કે જેને શીતળા ટંકાવેલા નથી, અને નીકળ્યા એ નથી આ ત્રણે માણસો એ રોગીના સરખો રીતે સમાગમ કરે છે તો આ ત્રણમાંથી શીતળા નીકળવાનો વધારે સંભવ એ શંકાને લીધે કોને છે? તો આપણે કહી શકીશું કે ત્રીજા માણસને કે જેને શીતળા ટંકાવેલા નથી, તેમ નીકળેલા પણ નથી એને નીકળવાનો વધારે સંભવ છે, કેમકે આ ત્રણેમાં એની રોગગ્રાહક પ્રકૃતિ અથવા જેને અંગ્રેજીમાં "પ્રીડિસ્પોઝીશન ઑફ [illegible]" કહે છે તે વધારે છે આ પ્રમાણે જેની રોગગ્રાહક અથવા વિકૃત પ્રકૃતિ વધારે હોય છે તેને એવા ચેપી રોગો પ્રથમ લાગુ પડવાનો સંભવ છે. ગરીબ લોકો કે જે કાચું કોરૂં અથવા ગમે એવું ખાય છે તો પણ તેને કશું થતું નથી, પણ સુકુમાર માણસોના એકાદ વખતજ કાંઈ આડું ખાવામાં આવવાથી ઝટ ચુંક પેટમાં આવે છે આનું કારણ પણ આજ છે અને આવા વિકૃત પ્રકૃતિના માણસોને ઝટકીક વખત ઘણું સેવવું પડે છે, એ મેં પ્રત્યક્ષ જોયેલું છે. માટે એવા વિકૃત પ્રકૃતિના માણસોએ ચેપી રોગોનો બિલકુલ સંસર્ગ રાખવો નહિ. તેમ બીજા માણસોએ પણ આગળ કહ્યા પ્રમાણે આવા ચેપી રોગો ચાલતા હોય ત્યારે સમાગમના સંબંધમાં સાવચેતી રાખવી જોઈએ કે જેથી રોગનો ફેલાવ થતો અટકે (અપૂર્ણ)

* वाल केलवणी.

(લખનાર—ચંદ્રિકાગૌરી વિઘ્નહરરામ મેહેતા.)

શ્રીસરસ્વતીસ્તુતિ.

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

માતા મુજ સરસ્વતી મતિ મને આપો રૂડી નિર્મળ;
તે સાથેજ વધારજો અમતણું નિત્યે સુબુદ્ધિ બળ.
એ આશા પરિપૂર્ણ સુંઆ કર તું આપી દયા માત રે;
જોડી હાથ સ્તુતિ કરૂં ભગવતી દેવી તું સાક્ષાત રે.

બહેનો—

શ્રીમંત સરકાર ગાયકવાડ સયાજીરાવ મહારાજા સાહેબે વડોદરા રાજ્યની પ્રજા પર કૃપાવંત થઇ આ સ્ત્રી સમાજની સ્થાપના કરી છે. માટે તેમનો તથા આપણાં મહારાણી ચિમનાબાઇનો અંતઃકરણથી ઉપકાર માની આજનું મારૂં "છોકરાં પ્રત્યે માતાની કેલવણી" નામનું ભાષણ શરૂ કરૂં છું.

આ દુનિયામાં સ્ત્રીનું શું કર્તવ્ય છે એ વાત હાલ સ્થળે સ્થળે ચરચાય છે. જે જે કામ પુરૂષ કરી શકેછે. તે તે કામ કરવા સ્ત્રી શક્તિમાન છે કે નહિ, અને હમણાં શકિતમાન ન હોય તો યોગ્ય ઉપાયથી ભવિષ્યમાં થાય કે નહિ, એ વિષયપર ભારે તકરાર ચાલેછે. આ બધી ચરચાનું કારણ હાલની કેલવણીથી થયલા નવા વિચારો છે. કેટલાએક લોકો કહેછે કે જે હકક પુરૂષ ભોગવેછે, તે બધા સ્ત્રીને આપવા જોઇએ. ઇશ્વરને ત્યાંથી કંઇ સ્ત્રી અને પુરૂષમાં ભેદ થયો નથી. પુરૂષોએ ઇર્ષાથી સ્ત્રીને બાતલ કરી દીધી છે, અને પોતે આગળ પડયા છે. મારા ધારવા પ્રમાણે આ તકરાર વ્યાજબી નથી. સ્ત્રી અને પુરૂષ વચ્ચેનો ભેદ ઇશ્વરને ત્યાંથીજ સરજાયો છે. શરીર સંબંધી રચના જોતાં સ્ત્રીના અને પુરૂષના મગજમાં તફાવત છે. આ સ્વાભાવિક રીતે સ્ત્રીઓમાં દયા, હેત, ભક્તિ, ક્ષમા, લજ્જા અને જે બીજા ગુણો છે, તેને જે કામ કર્યાથી પોષણ મળે એવાં કામ કરવાનો સ્ત્રીનો અધિકાર છે. તે કામ કયાં?

ગીતિ.

સજ્જ થઇ સંગ્રામે, નથી કરવા ક્રૂર ખડ્ગના ઘાવ;
નથી ખોળવા દેશો, નથી રચવાં ઘર મહેલ ને નાવ.

* પાટણ સ્ત્રીસમાજમાં આ ભાષણ ચંદ્રિકાગૌરી બેને વાંચ્યું હતું. આ વિષે ગયા વર્ષના ફાગણ માસના અંકમાં અમે વિસ્તૃત હકીકત આપી છે. તે સમાજમાં થયેલાં બીજાં ભાષણો પણ અમે અનુકૂળતા પ્રમાણે બનતા સુધી પ્રસિદ્ધ કરીશું— એડીટર.

નથી રચના મહાવંશે, નથી વ્યાપારે મેળવવું વિત્ત.
ક્ષત્રિય કાર્ય શુદ્ધિમાન, નથી ધરવું નર ધંધામાં ચિત્ત
ઘરકે ફિરવો સ્ત્રીનો, ઘર અંગણાનું સઘળું મહારાજ;
ઘરકે રાજ્ય યુવતીનું, ઘરગૃહિણીનું પ્રતાપિ દિવ્યાજ.

સ્ત્રી ઘરની સ્વતંત્ર રાણી છે. અને ઘરની ઉત્તમ પ્રકારે તેની વ્યવસ્થા રાખવી, એ તેની મોટી ફરજ છે, પણ એ વિષય સાથે આજના ભાષણને સંબંધ નથી માટે સ્ત્રીનો બીજો મુખ્ય ધર્મ પોતાના છોકરાની કેળવણી છે, તે ઉપર હવે હું બોલું છું.

બાળક જન્મે ત્યારથી તે મોટું થતાં સુધી ઘણું ખરું તે માતા પાસે રહે છે તેનું પોષણ કેળવણી તથા નીતિ, એ એ બાબતનો ઘણીખરી તેનાપર આધાર રાખે છે ઉમરે મોટું થાય તેમ બાળકને જોઈતી કસરત આપવી, શિક્ષણ આપવું, સીધે રસ્તે ચઢાવવું, કુટેવ, કુચાલ, અને કુલક્ષણ ન શીખે એવી સંભાળ રાખવી, એ સર્વ માતાએજ કરવાનું છે ટુંકામાં મનુષ્યની આખી જીંદગીનું બંધારણ બાલ્યાવસ્થામાં થાય છે અને તેનો મુખ્ય આધાર માતા પર રહેલો છે માર્કંડેય-પુરાણમાં મદાલસા અને ઋતુધ્વજનું આખ્યાન છે, તેમાં મદાલસા સ્ત્રીએ તેના ત્રણ છોકરાને છેક બાલ્યાવસ્થામાંથીજ બ્રહ્મજ્ઞાનનો બોધ આપ્યો હતો અને તેથીજ તે રાજકુંવરો આ સંસારનો ત્યાગ કરી મોટા યોગેશ્વર થયા હતા. અને અલર્ક નામના ચોથા છોકરાને સંસારમાં કેવી રીતે ચાલવું અને સદ્ગુણો કેવી રીતે કેળવવા, તેનો બોધ આપ્યો હતો, અને તેથી તે મોટો રાજા થયો હતો. તાત્પર્ય એ કે બાલ્યાવસ્થામાં સારી અથવા નઠારી કેળવણીથી બાળકના મનપર માતા જે છાપ પાડે છે, તે છાપ ધીરે ધીરે વધતી જાય છે જેમ નાના છોડ સારી અથવા નઠારી માવજતથી મોટા વૃક્ષ થઇ સારાં અથવા નઠારાં ફળ આપે છે, તે પ્રમાણે બાલ્યાવસ્થામાં જેવી કેળવણી માતા તરફથી મળે છે, તેવા મોટપણે છોકરાં થાય છે સ્વાભાવિક રીતે માતાની નીતિ, વાણી, ટેવ, સોબત વગેરે બાબતનું બાળક અનુકરણ કરે છે માતાનો સ્વભાવ નમ્ર હોય છે. તો બાળક પણ મોટપણે નમ્ર થાય છે. માતા જો વિદ્વાન હોય તો તેના સંબંધથી બાળક આગળ જતાં મહાકવિ અને મહાવિદ્વાન થાય છે તેનામાં આગાડી જતાં સત્યતા, બળવમન આગ્રહ, પ્રમાણિકપણું, ઇશ્વરભક્તિ, નિષ્કપટતા, પરોપકાર, દયા, ક્ષમા, વગેરે ગુણો આવે, એ માટે પ્રથમજ તેનો પાયો શાંત મનથી ચણવો જોઈએ બાળક સાથે ઘાટો પાડીને ન બોલવા, જે કાંઈ કહેવાનું હોય, તે ધીમેથી કહેવું, કારણ કે ધીમે કહેવાથી જેટલી અસર થાય છે, તેટલી ઘાટો પાડવાથી થતી નથી આપણી આજ્ઞાને આધીન થવાની ટેવ પાડવી. દરેક વાતની મર્યાદા રાખવી અને તેને ખોટી ટેવ પડે, એવાં લાડ ન કરવાં સાચું બોલવાની નાનપણથીજ ટેવ પાડવી. જો તે બરાબર પાળશે, તો કેટલાએક સ્વાભાવિક ગુણો એની મેળેજ પ્રાપ્ત થશે બાળકના દેખતાં અપશબ્દો બોલવા

નહિ, તેમજ સોગન પણ ખાવા નહિ; તથા તેને બીક લાગે, તેવી વાતો કરવી નહિ. આપણા લોકમાં લાડમાં એવું બોલવાનો રીવાજ છે કે સાધારણ રીતે છોકરીને "રાંડ, મોઇ," વગેરે કહેવામાં આવે છે, તેથી તેને મોટપણે એવું બોલવાની કુટેવ પડે છે. વૈદકશાસ્ત્રના નિયમ પ્રમાણે પહેલાં સાત વર્ષ પર્યંત મનની તેમજ તનની કેળવણી પર વધારે લક્ષ આપવાનું છે. છોકરીઓને માટે એ નિયમ પળાય છે; પણ છોકરાને માટે એ થોડોજ પાળવામાં આવે છે. પોતાનો છોકરો ભણીગણીને વહેલો કૅાલેજમાં પાસ થાય અને સારૂં કમાઇ લાવે, એ વિષે વધારે લક્ષ આપવામાં આવે છે. તેનું પરિણામ એ થાયછે કે છોકરાંનાં શરીર નિર્બળ થઇ જાય છે. શાળાઓમાં કેળવણી આપવાની શરૂ કરતા પહેલાં ઘરમાં માતા તરફથી તે સારી આપી શકાય છે; કારણ કે માતા હજારો શિક્ષકો કરતાં વધારે છે. પહેલી ચોપડીના પહેલા પાઠને મથાળે જે ચિત્ર છે, તે આ વાતની સાબીતી પૂરે છે. વળી એથી કરીને બાળકને નિશાળનો ત્રાસ ઓછો થાય છે. આંક તથા મૂળાક્ષર ઘણાજ થોડા વખતમાં શીખવી શકાય છે. છોકરીઓને આ કેળવણી ઉપરાંત ઘરમાં વાશીદું વાળવું, ચોટલો વાળવો, સાથીઆ પૂરવા, રાંધવું, ભરવું, શીવવું, નીતિના પુસ્તકો વાંચવાં, વગેરે બાબતો શિખવવાની અગત્ય છે. પોતાનાં છોકરાં ધર્મ પર શ્રદ્ધા રાખે, ને નાસ્તિક ન બને, તે વિષે ઘણુંજ લક્ષ રાખવું. આપણા સ્વધર્મ પર આસ્થાવાળાં થાય અને હમેશાં પોતાના રિવાજ પ્રમાણે નિત્યકર્મ કરે, એવી ટેવ પાડવી જોઇએ. હાલમાં ધર્મપર વિશેષ લક્ષ અપાતું નથી, તેથી આ સર્વ માતાઓનેજ કરવાનું છે. પુરૂષથી એ ન થાય, એમ નથી, પણ માતાનો પ્યાર અને પ્રીતિ તેમજ તેના નિરંતર સહવાસ માટે એ તક માતાને વધારે મળે છે, માટે માતા ભણેલી હોવી જોઈએ, એ અવશ્યનું છે; કારણ તે વિના આમાંનું કાંઈ વ્યવસ્થિત બની શકે નહિ. બોધના ચોપાનિયામાં લખ્યું છે કેઃ—

દોહરો.

કે' નેપોલિઅન દેશને, કરવા આબાદાન;
સરસ રીત તો એજ છે, દો માતાને જ્ઞાન.

માટે સ્ત્રીઓને સારૂં શિક્ષણ હોવાથીજ હાલની તથા આવતી પ્રજા તેમજ આપણો દેશ સારી સ્થિતિમાં આવશે, એવી આશા રાખવામાં આવે છે.

गायकवाड सरकारनुं देशी केळवणी खातुं.

ઇનામ પત્રકો.

કડીવિભાગ—નંબર ૧૮૯૬

૧ કડોલી તા. દેહેગામ ૨-૧૧-૯૬ મજકુર ગામશાળાના મેહેતાજી ડાહ્યાભાઇ ગુલાબચંદે પોતાની ખુશીથી ૧-૦-૦ રૂ. છોકરાઓને બરફી વેહેંચી ૨ મગોડી તા. દેહેગામ ૧-૧૧-૯૬ શેઠ બાપુરામ કૃષ્ણરામે શાળાની પરીક્ષા લઇને પોતાની ખુશીથી ૧૦-૦-૦ રૂ. શાળાના તમામ છોકરાઓને ઇનામ આપી.

Jivanlal M. Gandhi,

પુંજાલાલ મેહેતર ડે. એ. ઇ. વિભાગ કડી.

વડોદરાવિભાગ—નંબર ૧૮૯૬

૧ દાવેલ્સર ૧૧-૧૧-૯૬ પટેલ નાથા રાઘજી ૦-૮-૦ આ. પટેલ દુલા રાયજી ૦-૮-૦ આ. પટેલ બેહેચર ભાણજી ૦-૮-૦ આ. ઘાંચી વસ્તા કરશન ૦-૮-૦ આ. ગામલોકો તરફથી ૦-૩-૦ આ. છોકરાઓને પુસ્તકો વહેંચ્યાં ૨ કોઠીઆ ૧૨-૧૨-૯૬ હીરાભાઇ રેવુદાસ ૦-૪-૦ આ. કાછીઆ નીકમ ગરબડ ૦-૮-૦ આ. રૂપા આબેદીન ૦-૪-૦ આ. નાથાભાઇ મીરા ૦-૪-૦ આ. બહેચર અમરસીંગ ૦-૪-૦ આ. બાપુ અમથાભાઇ ૦-૪-૦ આ. કરીમ અમરા ૦-૪-૦ આ. ગામલોકો તરફથી ૦-૨-૦ આ. છોકરાઓને પુસ્તકો વહેંચ્યાં.

અંબારાકર પ્રભાકર

કા. છગનલાલ દલપત. ડેપુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર વ. વિભાગ.

ડીનંબર ૧૮૯૬

૧ કોસંબી ૮-૧૨-૯૬ વેણીભાઇ નગીનભાઇ ૦-૮-૦ આ. મનોર વસનજીભાઇ ૦-૮-૦ આ. ગરબડ નરસી ૦-૪-૦ આ. રણછોડ અંબાઇદાસ ૦-૪-૦ આ. રણછોડ મુકુન્દ ૦-૨-૦ આ. ગામ ઉઘરાણીની પાકશી સીલીકમાંથી ૦-૧૧-૯ આ. છોકરાઓને પુસ્તકો વેહેંચ્યાં ૨ ખખાપુર ૯-૧૨-૯૬ ગામલોકો તરફથી ૧-૩-૦ આ. મજર. ૩ કેશવપુર ૧૧-૧૧-૯૬ નાનજી કાશીદાસ ૦-૮-૦ આ. મનસુખ દલપતભાઇ ૦-૮-૦ આ. મરઘુ દલપતભાઇ ૦-૫-૦ આ. સદર ૪ અનાવલપુરા ૧૧-૧૨-૯૬ સુધી નોરભાઇ નાનુભાઇ ૧-૦-૦ આ. સદર ૫ કાંગી ૧૫-૧૨-૯૬

૨-૯-૯૬ છીપા જીવા અલેજી ભગતે ખુશીથી ૦-૮-૦ ક. છોકરાઓને રેવડીઓ વેહેંચી. ૩૨ અમરેલી અત્યંજ બોર્ડિંગ સ્કુલ મેમણ અબદલાગનીવાસા વડવાળાએ ખુશીથી ૦-૮-૦ ક. છોકરાઓને પતાસાં વેહેંચ્યાં. ૩૩ દેવળીયા સ. ગુ. શાળા ૨૮-૯-૯૬ શેઠ ઓધવજી કમળશીએ ખુશીથી ૧-૦-૦ ક. છોકરાઓને સાકર વેહેંચી. ૩૪ વાંકીયા „ ૫-૯-૯૬ વકીલ સવજીભાઇ રાજનભાઇએ ખુશીથી ૧-૦-૦ ક. છોકરાઓને પતાસાં વેહેંચ્યાં. ૩૫ બાબાપુર „ ૨૭-૯-૯૬ પટેલ જેરામ નારણે ખુશીથી ૧-૪-૦ ક. છોકરાઓને સાકર વેહેંચી. ૩૬ ટોલરવા „ મેહેરબાન અમરેલી મહાલના વહીવટદાર સાહેબે ૦-૮-૦ ક. સદર. ૩૭ ધારંગણી „ ૩૦-૯-૯૬ ભુરા જુમાએ ખુશીથી ૦-૪-૦ ક. સદર. ૩૮ કોડીનાર „ ૨૪-૯-૯૬ મેહેરબાન રા. બા. અમરેલી પ્રાંત ન્યાયાધીશ સાહેબ એમણે ખુશીથી ૨-૮-૦ ક. સદર. ૩૯ કોડીનાર સ. ગુ. કન્યાશાળા. ૨૪-૨-૯૬ સદર ૧-૦-૦ ક કન્યાઓને સાકર વેહેંચી. ૪૦ કોડીનાર સ. ઉર્દુ સ્કુલ ૨૫-૯-૯૬ ડાહ્યાભાઈ જેઠારામ તથા કરીમ કાસમે ખુશીથી ૨-૦-૦ ક. છોકરાઓને સાકર વેહેંચી. ૪૧ ધાંટવડ સ. ગુ. શાળા. ૧૫-૯-૯૬ ગોર નારાયણ આત્મારામે ખુશીથી ૦-૪-૦ ક. સદર. ૪૨ દાઢાં „ ૨૧ ૯-૯૬ હરિભાઇ વેલાભાઇએ ખુશીથી. ૦-૧૦-૦ ક. સદર. ૪૩ ધારંગણી. „ ૧૪-૯-૯૬ ઠક્કર ગીરધરદાસ જેઠાએ ખુશીથી ૯-૦-૬ ક. છોકરાઓને ચોપડીઓ સ્લેટો ને પતાસા વેહેંચ્યાં. ૪૪ બ્રાહ્મણવેલ „ ૧૬-૯-૯૬ શેઠ ગીરધરદાસ જેઠાભાઇએ ખુશીથી ૯-૮-૬ ક. છોકરાઓને ચોપડીઓ, છીંટ તથા પતાસાં વેહેંચ્યાં. ૪૫ સતીપરા સ. ગુ. ક. શાળા. ૨૪-૯-૯૬ માસ્તર સરફુદીન નુરૂદીનને ત્યાં પુત્રનો જન્મ થવાથી ૧-૦-૦ ક. છોકરાઓને પતાસાં વેહેંચ્યાં. ૪૬ ચોરાપા સ. ગુ ક. કન્યાશાળા. આસિ. કલ્યાણજી શામજીએ ખુશીથી ૧-૮-૦ ક કન્યાઓને પતાસાં વેહેંચ્યાં. ૪૭ નાનાભંડારીયા સ. ગુ. ક. શાળા. ૮-૯-૯૬ પાંચા મુળા તથા શેઠ નરસી ભવાને ખુશીથી. ૧-૦-૦ ક. છોકરાઓને સાકર વેહેંચી. ૪૮ ચકરગઢ સ. ગુ. ક. કન્યાશાળા ડાહ્યા દેવશીએ ખુશીથી ૦-૮-૦ ક. કન્યાઓને સાકર વેહેંચી ૪૯ કેરીયાનાગ સ. „ ૧૨-૯-૯૬ ગામ લોકોએ ખુશીથી ૦-૪-૦ ક. કન્યાઓને સાકર વેહેંચી. ૫૦ સોજીત્રા સ. ગુ. કન્યાશાળા ૧૦-૯-૯૬ આજમ ફોજદાર સાહેબનાં વહુએ ખુશીથી ૧-૮-૦ બા. કન્યાઓને પતાસા વેહેંચ્યાં. ૫૧ સદરને લગતો ઝનાના વર્ગ ૧૦-૯-૯૬ સદર ૦-૮-૦ બા. સદર. ૫૨ નાર સ. ગુ. શાળા. ૨૦-૯-૯૬ પટેલ દાસનાથાભાઇએ ખુશીથી. ૨-૦-૦ બા. છોકરાઓને પતાસાં વેહેંચ્યાં. ૫૩ નાર સ. ગુ. કન્યાશાળા ૧૮-૯-૯૬ સદર ૧-૦-૦ બા. કન્યાઓને પતાસાં વેહેંચ્યાં. ૫૪ ભાદરણ સ. ગુ. કન્યાશાળા ૯-૯-૯૬ નરસિંહભાઇ જેઠાભાઇએ ૦-૧૨-૦ બા. કન્યાઓને પતાસાં વેહેંચ્યાં. ૫૫ કાસર સ. ગુ. શાળા. ૨-૯-૯૬ બાઈલાલ ગલા તથા મનોર ઇચ્છારામે ખુશીથી ૫-૦-૦ બા. છોકરાઓને પતાસાં વેહેંચ્યાં. ૫૬ આંગા સ. ગુ. કન્યાશાળા ૨૮-૯-૯૬ ગામલોકો તરફથી ૩-૦-૦ બા. કન્યાઓને સ્લેટો આપી. ૫૭ ડભોઉ સ. ગુ. શાળા ૨-૯-૯૬ બાપુજી આશારામ તથા વેહરીશાહએ ખુશીથી ૦-૧૨-૦ બા. છોકરાઓને પતાસાં વેહેંચ્યાં. ૫૮ મેહેલાવ

પ્રસિદ્ધિપત્ર.

ખાસ કરીને નર્મદા કેળવણીખાતાને ઉપયોગી થઇ પડે તેવું આ ચોપાનીયું પ્રગટ કરવામાં આવે છે તોપણ દરેક ગામના શિક્ષક, કામ કરનાર તેમજ અન્ય લોકોને પણ સામાન્ય રીતે કામનું થઇ પડે એવી ગોઠવણ કરી છે.

ચોપાનીયું હિંદુ માસનાં શરૂઆતમાં પ્રગટ થશે એનો દર મહિને સુદ્ધા ૩ ૭) ના ખપામાં આવ્યો છે તથા ૧૭ ના ભાવ ... ગીતા ... નાકરોને તથ માઝદી નિશાળના માસ્તરોને તે ... ના ... ને તેના લાભ મળે એટલા માટે કોઇપણ કપીતા કરી ... ને તેઓ ... પગાર ... ને ખાનગીના ખાતા ... ખાપેલા કીંમત વાર્ષિક ફક્ત આઠ આના ... થી ... તો આ ચોપાનીયું મોકલવામાં આવશે બહાર ગામ ... ના ... ૨ ... ના ... ૧ ના ... ગામના ...

છાપવા મોકલવું ... યોગ્ય ... ની એકજ બાજુએ લખવું ને ... માસમાં છાપવા ... ના ... પાછું મોકલવામાં આવતાં નથી તો ... જરૂર હોય તો ... ને ... ચોપાનીયું ... એવા ખાસ ... તેમને ... તેમ કરવા પૈસા આપવામાં આવશે માટે તેમણે એ બાબત ... મોકલવા ... ધ્યાન આપવાના આવશે.

જાહેરખબરો છાપવાના ભાવ.

રૂ	લીટી	
૦॥	૨	... ને પ્રથમ પૃષ્ઠ ... અને તે પછી
૧	૪	... મહિના લગી ...
૧॥	૭	... પડશે ... મહિનાથી ...
૨	૧૧	... ત ... તો ... મહિને ...
૨॥	૧૫	... અને ...
૩	૨૦	... લખાશે

... ઉપર પ્રમાણેજ

હેન્ડબીલો મોકલવાના દર

પા તોલા સુધીના હશે તો	૩ ...
અરધા તોલા સુધીના હશે તો	...
૧ તોલા સુધીના હશે તો	... ૧૦ ...

આ ઉપરાંતને માટે પત્રવ્યવહારથી ખુલાસો મેળવવા

મનિઓર્ડરથી લવાજમ મોકલનાર કુપન ઉપર પોતાનું નામ ઠામ અને શી બાબતના પૈસા છે તે ચોખ્ખે અક્ષરે લખવું. પોસ્ટ શિવાય બીજો રસ્તો સ્વીકારશે નહિ.

પત્રવ્યવહાર નીચેને સરનામે કરવો. નોટપેડ માગણી લેવામાં આવશે નહિ.

"...ણી" ઓફીસ

श्रीः

संवत् १९६२. वैशाख:

કેળવણી

पुस्तक २ जुं. अंक ७ मो.

પ્રસિદ્ધકર્તા

છોટાલાલ નરભેરામ ભટ્ટ.

વડોદરા

"લોહાણામિત્ર" પ્રેસમાં છાપ્યું.

ઈ. સ. ૧૯૦૬.

अनुक्रमणिका.

વિષય.	પૃષ્ઠ.
૧. મનને શીખામણ.	૧૨૭
૨. સુવર્ણકાર	૧૨૯
૩. સ્પર્ધા.	૧૩૩
૪. સુશિક્ષક.	૧૩૪
૫. મરકી તથા ચેપી રોગો ચાલતા હોય ત્યારે લોકોએ પોતાની તંદુરસ્તી કેવી રીતે રાખવી?	૧૩૬
૬. વિદ્યાર્થીઓને બક્ષીસ નં. ૧	૧૩૯
૭. ગાયકવાડ સરકારનું કેળવણીખાતું.	૨૩

विज्ञापना.

કેળવણીનો એક મોડામાં મોડો પુરાવો સુધીમાં ન મળે તેમણે જે તે માસ પૂરો થતાં અમુક પહેલાં અમારા તરફ લખી જણાવવા તસ્દી લેવી, એટલે યોગ્ય પુરાવો બખતોબખત આપવામાં આવશે. પૂનમ પછી લખનારને અંક મોકલવાનું ઘણે ભાગે બની શકશે.

જેમના ગામમાં ટપાલ ન આવતી હોય તેમનાં અંકો કઈ શાળાની કે મોસ્તરની મારફતે મોકલવાથી તેમને જલદી મળશે તે પણ જણાવવું. શાળા ટ્રાન્સફર થાય કે તરતજ ખબર આપવી.

મેનેજર.

हिंदुस्तानना इतिहासनी पूर्ण नोट.

અંગ્રેજી-ગુજરાતી તથા ગુજરાતી સ્કૂલોના ઉપલા ધોરણો તેમજ સર્વ પરીક્ષા માટે અતિ ઉપયોગી પ્રકરણ ૪૫. પૃષ્ઠ ૨૩૨. દરેક મોટા રાજ્યના મુખ્ય બનાવો, વંશાવળી, લડાઇઓ, ૧૬૦૦ સાલવાર બનાવો, રાજ્યોની પડતીનાં કારણ, વિગ્રહ, ઓરંગ, મુકાબલા, મહાન પુરુષોના વૃત્તાંત, અંગ્રેજના મુલકો, પરચુરણ ઉપયોગી, વિગેરે કિંમત ૪॥ આના. રૂ. ની પાંચ. વધુ માટે ૪ ટકા ત્રીજી આવૃત્તિ.

શિવાજી મહારાજના શૌર્ય, હિંદુધર્મ સંરક્ષક ગોબ્રાહ્મણ પ્રતિપાલક શૂરા પ્રથમ છત્રપતિની વીરરસ દર્શક નોવેલની બીજી આવૃત્તિ. ડેમી આઠ પેજી પૃ. ૨૮૮. બોર્ડનું પૂઠું. કિંમત રૂપીઓ એક. માસ્તરો તથા વિદ્યાર્થીઓને બાર આના. પોસ્ટેજ બે આના.

માણેકલાલ એન. નાણાવટી.
સો. હિ. સભાની અંગ્રેજી સ્કૂલ—ભરૂચ.

કેળવણી.

दोहरा

अर्थ पढे वढो धर्म न रहे, ज्ञान पढे मनशान वधावे;
प्रीति वधे पर्वो जग मागे, ए शिशुशिक्षण धर्म अमारो. १

પુસ્તક ૯ મું. વૈશાખ સંવત ૧૯૫૩ અંક ૭ મો.

મનને શીખામણ.

—

સોરઠા.

ગહન ચપળ તું મન, કોઈ ઠામ[1] ઠરું નહીં,
ભાગે તેથી મન નવનીતગત અતી. ૧
તુજથી મોટું કોણ ગણ્યા તે તેને વળી,
હવે બહુ શું વાયું તુજને કે બની શકે. ૨
કરવું મેરૂ તુચ્છ પળમાં રજ વળી કરે,
મન તું તો મહાભૂત, કોઈ હિ કરવું કોઈનો. ૩
અહા નહિ રહે રમ. સિરે મન તું ધરજે;
થતું ઘડે મન ભગ, શાન્ત પારે વધુશી હશે. ૪

[1] ઠામ

છોડ આળપંપાળ, ઉમ્મર કાઢી અવનિમાં;
ભરે ધુમ્રની[2] બાથ, કારજ કાંઇ સરે નહીં. ૫
આ દુનિયામાં એમ, ઉનમત્ત થઇ ફૂલી ગયો;
પણ નભશે તે કેમ, શાણપણે સમજ્યો નહીં. ૬
કરશે હાલબેહાલ, વૃદ્ધપણે જાતાં વળી;
ચપળ આવશે કાલ શુદ્ધ નહિ રહે શરીરની. ૭
પાપી કાળ વિકાળ, જોતામાં ઝટ ઝાલશે;
ન ગણે યુવાન[3] બાળ, પલક એકમાં પકડશે. ૮
ન ગઇ ભૂમી સાથ, માંધાતા જેવા ગયા;
ન ભરે મન તું બાથ, અરે જવું છે સર્વને. ૯
માટેજ મન વિચાર, મનુષાદેહી આમીને;
કર તું સફળ અવતાર, સમજી લઇને સારમાં. ૧૦
દુનિયામાં પણ દુઃખ, કારણ બંધન મોક્ષનું;
મનથી છે દુઃખ સુખ, વિકાર નહિ છે જેહને. ૧૧
કામ ક્રોધ ને લોભ, વિકાર સૌ છે મનતણા;
મોહમત્સરનો થોભ, દુઃખદાઇ દેખાય છે. ૧૨
મન માયાની માંહ, ડુબ્યા તે નીકળ્યા નહિ;
જળના ડુબ્યા જ્યાંહ, હજુ નીકળે કોઇ દી. ૧૩
રાગ દ્વેષની ઝાળ, હું મારૂં મનથી કર્યું;
માથે લેછે આળ, કર્ત્તા નાથ કૃપા ધણી. ૧૪
કરતાં કોડ ઉપાય, ધાર્યું ઇશનું નીપજે;
ભાવી તે તો થાય, ન બનવાનું બને નહીં. ૧૫
તજ શિરથી અભિમાન, સદા નમ્ર થઇને રહે;
જગમાં પામી માન, પ્યાર સકળનો મેળવી. ૧૬
કીધું સુકૃત શુંય, આ જગમાં તેં જનમીને;
મન વિચારતો હુંય, જનમીને જાતો રહ્યો. ૧૭
એમ જ મન તું આણ, મૂઢ રહીને માનવું;
પૃથ્વીમાં જમ પાણ, કુખ લજાવી માતની. ૧૮
ભરે ભૂમિમાં ભાર, ઉપયોગે આવ્યો નહિ;
ડૂબ્યો કરિ વ્યવહાર, જગતતણાં બહુ જાતના. ૧૯
મૂરખ મમતે મૂઢ, જર જોરૂમાં જઇ પડ્યો;
નવ સમજ્યો કંઇ ગૂઢ, ભટક્યો પેઠે ભૂતની. ૨૦

૧ દુનિયાની અનેક પ્રકારની ઉપાધિ. ૨ ધુમાડો ૩ જુવાન.

૫. વાચનથી માણસમાં પરિપૂર્ણતા આવેછે
૬ કોઇ જાતનો એક હુનર પરિપૂર્ણ શીખવો.
૭. પૂરું કરમાય, ભર્યું ઢળાય, ચઢેલું પડે.
૮. ઢોંગ કે આડંબર કર્યા વગર ભક્તિ કરવી.
૯. જ્યાં સુધી જાણવાનું બાકી રહે ત્યાં સુધી અભ્યાસ કરવો.
૧૦. ડહાપણ અને સદ્ગુણ એ અખંડ પૈસા છે.
૧૧. પ્રમાણિકપણાનો ધોકો, ને કરતાં મરવું બાકું પહોંચે.
૧૨. ઉદ્યોગ સારા નશીબની માતા છે.
૧૩. આજની કીમત બેકાલ જેટલી ગણીને હકાવો.
૧૪. તનની તથા મનની શક્તિ મહેનત વગર સુધરતી નથી.
૧૫. દુઃખને સુખ મનાવ એ ગોઠાવરો બાજી કુદરત છે.
૧૬. સંતોષ વગર એજ શોખને માટે તો દુનિયાની દોલત પૂરતી નથી.
૧૭. તમે તમારાથી ઉતરતા આદમીપર દયા કરશો તો તમારા ઉપરી તમારા ઉપર દયા કરશે.
૧૮. એજ માણસ કે જેના શુભ વિચાર બીજાને કામ લાગે.
૧૯. દાન શક્ત પ્રમાણે નહિ આપવું તે પણ કરજ છે.
૨૦. વ્યાપારે વધતી લક્ષ્મી.
૨૧. સખાવત વગરની દોલત કોડી જેટલી કીમતની નથી,
૨૨. નિમકહલાલ એ સુવર્ણમાં પણ અધિક છે.
૨૩. જ્યા પ્યાર છે ત્યાં પ્રમાણિકપણું છે .
૨૪. સ્ત્રી, રોગ અને નગાપણ દુઃખ વખતે માલુમ જણાય.
૨૫ ખુશામતખોરોનો વિશ્વાસ કરશો નહિ.
૨૬. સ્વતંત્રતાનો રસ્તો સાંકડો છે, પણ આગળ જતાં સાફ છે.
૨૭. સુરતનો નાશ થાય, પણ કીર્તિ અમર રહે છે
૨૮. કોઇનું ભલું જાણવાનો છેક સાખોશ નહિ.
૨૯. સુખ દુઃખનો આધાર મગજ પર રાખો ને તે કર્મશીલ થાય છે.
૩૦. સંતોષ સમાન સુખ નથી ને ઈચ્છા સમાન દુઃખ નથી; ઇચ્છાની શાંતિ, એજ મોક્ષ.
૩૧. જ્યાંમાં અનેક પરપોટા થાય છે, ફુટે છે ને વળી થાય છે, એમ સંસાર છે.
૩૨. મોજમજાહનું મૂળ તનદુરસ્તી છે, તે વિષયમાં પડી મુળથી નાખશો ના.
૩૩. કસરત અને મિતાહારને પેટેજ તનદુરસ્તીએ જન્મ લીધો છે
૩૪. અભિમાન આંખોને આંધળી બનાવી દેઇ દૂર દેખે કરાવે છે.
૩૫. દિલગીરી આગળથી આવે છે; ખુશાલી કંઇ કરતાં સાથે લાવે છે.
૩૬. સંકટ આપોઆપ આવે છે ને મોજમજા પૈસાથી લાવવી પડે છે.
૩૭. મગરૂરી છોટી ગરીબાઈ પકડ.
૩૮. આતિથી સોબ પાપનું મૂળ; જાદુ પૈસો, જાદુ પીરસ.

૩૯. કર્મનો ઉપભોગ કરાવવાથી ઇશ્વર કે [illegible] દોષ થાય નહિ
૪૦. જીંદગી એ મુસાફરી છે મોત આપણું ઘેર પહોંચવાનું છે
૪૧. એક પલક વારનો સુખ તે એક મહીના [illegible]
૪૨. પડતી દશા આવે ત્યારે [illegible] [illegible]
૪૩. જ્ઞાનમાં કહેલું એકવાર સમજે તો માનવામાં આવે છે
૪૪. જે જલદી ખાઈ જાય [illegible] હજમ કરતાં વાર લાગે
૪૫. નવીન [illegible] આવે છે, પણ ઉદ્યોગ [illegible] આપે છે
૪૬. બહુ [illegible] ન [illegible]
૪૭. જે ઘર મજાથી [illegible] થાય છે
૪૮. ક્ષમા કરી નિરભિમાન થવું [illegible] કરી [illegible]
૪૯. દયા વિનાનો આ દેહ [illegible] નથી
૫૦. નિરંતર ઉત્તમ ચિંતન [illegible], મનથી [illegible] સિદ્ધિ પ્રાપ્ત થાય છે.
૫૧. મનને મારે [illegible] છે.
૫૨. સંસાર [illegible] દુઃખ ?
૫૩. [illegible] નથી
૫૪. ગુરૂકૃપા વગર આત્મજ્ઞાન મળતું નથી
૫૫. આત્મજ્ઞાનથી દેહાભિમાન ટળે છે, બીજો ઉપાય નથી
૫૬. વિચારવડે હું આત્મજ્ઞાન છું, એવું જ્ઞાન [illegible]
૫૭. ગુરૂ તથા શાસ્ત્રનો [illegible] એજ [illegible] સાધન છે
૫૮. સુખ દુઃખ [illegible] કરતાં [illegible], તો ઉત્તમ છે
૫૯. [illegible] એ દેહના ધર્મ છે, આત્માના નથી
૬૦. દુઃખ વગર આનંદ આવે છે, [illegible] સુખ પણ આવે છે
૬૧. [illegible] થાય છે [illegible]
૬૨. ક્ષમાથી ક્રોધનો નાશ થાય છે
૬૩. શાંતિથી કામનો નાશ થાય છે
૬૪. વૈરાગ્યથી મોહનો નાશ થાય છે
૬૫. સત્ત્વ ગુણનો ઉદય થવો, એજ સ્વર્ગ સુખ.
૬૬. તમો ગુણનો ઉદય થવો, એજ નર્ક
૬૭. આત્મજ્ઞાન આપનાર ગુરૂ, એજ પ્રભુ.
૬૮. [illegible] દેહ, એજ [illegible]
૬૯. જ્ઞાનરૂપી ધનવાળો, એજ ધનવાન
૭૦. [illegible], એજ, નિર્ધન
૭૧. ઇંદ્રિયોને જીતી નથી, એજ ગુલામ.
૭૨. વિષયાદિકમાં આસક્ત, એજ પતંગ.
૭૩. પરમભક્તિ, એજ મોટો લાભ.
૭૪. સર્વ વિદ્યામાં આત્મવિદ્યા ઉત્તમ છે

અસુધરેલા દેશોમાંજ હોયછે એમ કાંઈ નથી; સુધરેલા દેશોમાં પણ તેનું પરિબળ જોવામાં આવેછે, તેથી ત્યાં સ્પર્ધા ઘટેછે.

વળી જ્યાં એકજ મનુષ્ય કોઇ કાર્ય કરનાર હોય, તેને કોઇની સાથે સ્પર્ધા કરવાની નહિ હોવાથી, ત્યાં સ્પર્ધા થતી મુદ્દલે જોવામાં આવતી નથી. દૃષ્ટાંત તરીકે, અંગ્રેજ સરકારના હાથમાં અફીણ ને મીઠાનો વહેવાર છે; તો તેનો ભાવ ઠરાવવામાં કોણ સ્પર્ધા કરી શકે? અથવા તો—એકજ વિદ્યાર્થીને એકજ માસ્તર કોઇ ઠેકાણે શિક્ષણ આપવાનું કામ કરતો હોય તો તે ઠેકાણે ને વિદ્યાર્થી અથવા તો માસ્તરને કોની સાથે સ્પર્ધા કરવી? વળી ઉપરના વિચારમાં તો "બીજાનું સારૂં જોઇ તેવા અગર તે કરતાં ચઢતા થવાનો મનનો જે જુસ્સો તે સ્પર્ધા" એવી વ્યાખ્યાને બાધ આવેછે; જેથી સ્પર્ધા કરનાર એકલો હોય ત્યાં સ્પર્ધાનો અવકાશજ નથી.

સ્પર્ધાની વ્યાખ્યા ઉપરથી એટલું તો સ્પષ્ટ સમજાય છે કે હાલની સ્થિતિ કરતાં ચઢતી સ્થિતિ કરવનાર આ ગુણ છે. મનુષ્યની બધી—શક્તિઓ તેથી જાગૃત થાયછે. આ જગતમાં જે ઉત્તમ વસ્તુઓ ઉત્પન્ન થઇછે. ને મહાન્ મનુષ્યો થઇ ગયાંછે, તે આ મહત્વાકાંક્ષાના ગુણને લીધેજ. વહેપારરોજગાર, સંસારવ્યવહાર, વિદ્યાવિનોદ કશું સ્પર્ધાવિના ઉત્તમ થતું નથી. વહેપારમાં તેથી થોડે ખર્ચે સારી વસ્તુઓ પ્રાપ્ત કરી શકાયછે, સંસારમાં તેના વડે ઉત્તમ ગુણો પ્રકાશેછે, ને વિદ્યાકળામાં નવા નવા શોધો પણ તેનાથીજ હાથ લાગેછે, એટલુંજ નહિ, પણ ખરી ને સત્ય હકીકત શોધી કાઢવામાં સ્પર્ધા ઘણી મદદ આપેછે. કોઇ પણ માણસ કંઇ પણ વસ્તુની કિંમત ગમે તેમ કહેતો હોય, તો તેની સાથે બીજો હરીફાઇમાં ઉતરે તો તેની ખરી કિંમત જણાઇ આવે. ને એટલા ઉપરથીજ "જ્યાં સ્પર્ધા છે ત્યા બે ભાવ રહી શકે નહીં" એ નિયમ સ્થાપિત થાયછે. (અપૂર્ણ.)

રિ. મ. પટેલ.

સુશિક્ષક.

(પૃષ્ઠ ૧૧૪ થી ચાલુ.)

પગ વંચાઇ રહ્યા ત્યારા—આજનો જોયેલો વિચિત્ર ખેલ દૃષ્ટિ આગળ ખડો થયો ગયો; અને છેવટના વિભાગે મિત્રે ભાતામાં આપેલા વિચારો પણ યાદ કરી દીધા. પત્ર પડતો મુક્યો અને ગાદીની પાછળ પડેલા તકીયા ઉપર અઢીંગી વિચારલીન થવા લાગ્યો. પગ પહોળા કરી દીધા અને પચ્ખાબેર થઇ, ડાબા હાથની કોણી તકીયાના પૃષ્ઠ ઉપર મુકી, હથેળી ઉપર માથું મુકતો બોલવા લાગ્યોઃ " મારો મિત્ર આમ કેમ

કહે છે? તે વિચારો અનુભવમાંજ આવશે છે, શાળા જોઈ તપાસીજ નથી અને શાળાનો સ્વાદ ચાખ્યોજ નથી. શાસ્ત્ર શીખેલા તો તેને મન વેદિયા છે, પણ તેનું કહેવું શું ઉંડુંજ એવું છે? હા—હા—યોગ્ય તો નથીજ." આમ કહેતો કહેતો વિચારમાં પડી સ્તબ્ધ થવા લાગ્યો. મિત્રે જતાં જતાં આપેલો પત્ર ફરી ફરી વાંચવા લાગ્યો. વાંચતાં વાંચતાંજ કંઈક નેત્રો ચડાવવા લાગ્યો, સ્મિત કરવા લાગ્યો, વિચારમાં પડવા લાગ્યો, નિશ્ચય કરવા લાગ્યો, અને વળી વળી પત્ર નિહાળવા લાગ્યો. પણ પત્રમાં એવું શું હતું? શાથી એ ફરી ફરી વાંચતો હતો? કયો વિચાર તેને મુંઝવતો હતો? વિચાર અને પત્ર તો આજ હતો—

"વ્યવહારના શીન અનુભવી મિત્ર, આજ દિવસ સુધી તો આપણે બન્ને સાથે હતા, અને તારા તરંગી વિચારો સાથે સંગ્રામ મચાવવા મારા વિચારો સમર્થ હતા; પણ હવે આપણે છૂટા થઈએ છીએ, જેથી તને કેટલાએક એવા વિચારો આપું છું કે જેની સાથે તારા મનને તું હમેશાં લડાવજે અને અનુભવમાં લેજે."

"તેં શિક્ષણપદ્ધતિશાળામાં રહી એટલું ઉત્તમ પંડિતનું જ્ઞાન મેળવ્યું છે પણ તે શાસ્ત્રીય જ્ઞાન છે; અનુભવી નહીં. આપણા લોકોને—શિક્ષકોને થયેલો અને થતો વ્યાવહારિક અનુભવ તને બીલકુલ નથી; તેમજ સંસારથી પણ તું છેકજ બહાર રહ્યો છે. સંસાર તો તારે મન સ્હેલ છે અને તેની દુર્ઘટ ઘટમાળ તે તારે મન પુષ્પમાળ છે, પણ મારા ભાઈ. તેમ નહીં બની શકે. સંસારના વિચિત્ર રંગો અનુભવવાના તો હજી તારે બાકી છે."

"તારા શાસ્ત્રીય વિચારો તે શાસ્ત્રમાં શોભે—નિશાળોમાં નહીં. નિશાળોમાં તો અનુભવનું કામ છે. શાસ્ત્રી મોટી મોટી વાતો કરી પાંડિત્ય બતાવી શકે—છોકરાઓને ઉપયોગી પાઠો શીખવી શકે નહીં. શીખવવું એ તો અનુભવીનુંજ કામ. જેમ જેમ અનુભવ વધતો જાય, તેમ તેમ સારું શીખવી શકાય. શીખવવામાં અનુભવથી સિદ્ધ કરેલી પદ્ધતિઓનું કામ છે; ફીલસુફીનું નહીં. તમે તો બધા ફીલસુફી વ્હોરાવનારા નાની વાતોને મોટી કરી દેનારા—કે જે વિચારો બાળકો સ્વપ્ને પણ સમજી શકે નહીં. તમારી આગળ કઈ નિશ્ચિત પદ્ધતિ છે? તમે બધા કામ આગળ વિચાર કરવા માંડો 'આનું શું થશે?' 'આ કેમ શીખવાશે!' કરી દિવસ આખો ફોગટ કરો. અનુભવીનું દૃઢ ને દક્ષ—અપારખ્ય—પદ્ધતિઓ તો આમ ફડાકે—એક રહે; એટલે કરી વારજ નહીં."

"અને ફાંકડાને પણ લક્ષમાં રાખજે—ફાંકડાનો સમય તપાસજે; ફાંકડા તો જે વધારે ઠાઠ બનાવી શકે—ભભકો મારી શકે—ઢંગ કરી શકે—વાક્ચાતુર્ય વાપરી લોકોને અને જોનારાઓને આડુંઅવળું પણ પાંસરું કરી સમજાવી શકે—જોવા આવનારાઓની પદ્ધતિઓ જાણી લેઈ ને પદ્ધતિઓને અનુસરી શકે—અને તેને રાજી કરી શકે; તે એવી રીતના બધા અનુભવમાં જે પ્રવીણ હોય તે વિજય પામે."

"તું ફાંકડાને તો નકામો ગણે છે, ઢંગને પાપ માને છે, અને માત્ર

શાસ્ત્રીય સિદ્ધાન્તોથી બાળકોને કેળવવા મથે છે; પણ અનુભવ વગરના ભાઈ, તારાં શાસ્ત્રો ત્યાં કામનાં નથી."

"તારા જેવા બધા જેઓ શાસ્ત્ર ભણે છે, તેઓ પહેલાં તો એમજ માનતા હોયછે કે એકદમ જડને સુધારો કરી દઉં, નિશાળ આખી ફેરવી નાખું, પદ્ધતિ ફેરવી નાખું, અને બાળકોના મનમાં શાસ્ત્રીય જ્ઞાન ભરી દઉં; વગેરે વિચારો આકાશ જેવડા કરતા હોય છે; પણ એવા કેટલાએ તેમ કરી બતાવ્યું તે તો જો. બધાને અનુભવ ન હતો ત્યાં સુધી બકતા હતા. અનુભવ થયો એટલે કર્તવ્ય સૂઝી ગયું. આ રહ્યા એ બધાય તડાકા મારનારા—તારી નજર આગળજ છે; પણ જોયું? તેઓ શું કરે છે? શું એ તારા જેવાંજ શાસ્ત્ર નહોતા શીખ્યા; ? પણ શાસ્ત્રમાં દમ હોય તો ના—દમ તો અનુભવમાં છે પ્રત્યેક શિક્ષણપદ્ધતિશાળામાં જઈ આવે-છે, પણ અનુભવશાળામાં આવતાં શિક્ષણપદ્ધતિ પછવાડે મૂકે છે અને અનુભવ પદ્ધતિ પકડે છે."

"ધીરજ રાખ; તારું પણ તેમજ થશે. તું પણ બધાની પેઠે બે એક દિવસ-શાસ્ત્રીય અંકુરો રહેશે ત્યાં સુધી—તડાકા મારીશ; પણ આખર શાસ્ત્ર તે "શીખવા માટે" અને અનુભવ "અનુભવવા માટે" છે એ નક્કી કરી શકીશ."

લી.

"તારો ઠરેલો પણ ખરું લાગે તે કહેનો
એક અનુભવી મિત્ર."

કુસુમ. (અપૂર્ણ).

मरकी तथा चेपी रोगो चालता होय त्यारे लोकोए पोतानी रहेणीकरणी केवी राखवी ?

૨. દૂષિત હવા.

મરકી થવાનું બીજું મુખ્ય કારણ દૂષિત હવા છે; અને તેથી કરીને આપણા લોકોમાં જ્યાં મરકી ચાલતી હોય ત્યાં "હવા બગડી છે" એમ સાધારણ રીતે કહેવાનો રિવાજ છે. મરકીનો રોગ જેને થયો હોય તેના ઝુલાબમાં અને વાંતિમાં એ રોગના વિષનાં તત્વો હોય છે અને એ ઝુલાબ અને વાંતિ હવામાં ખુલ્લાં રહેવાથી એ ઝેરી તત્વો હવામાં ફેલાય છે અને તેથી હવા બગડેછે. એવી બગડેલી હવા શ્વાસોશ્વાસને લીધે માણસના પેટમાં જઈ રોગ લાગુ પડેછે; માટે આવી રીતે હવા બગડે નહિ એટલા માટે એ રોગની વાંતિ અને ઝુલાબને હવામાં ખુલ્લાં રાખવાં નહિ. તેને ઉંડો ખાડો ખોદી આગે મજબુત રીતે દાટી દેવાં; અથવા તેમ ન બને તો તેના ઉપર સારી રીતે ચૂનો નાખી હવામાં તેનો ફેલાવો થતો અટકાવવો. હવે એ ઉપરથી જ્યાંની હવા બગડેલી છે

ત્યાં રહેવું નહિ, પરંતુ આમાં અડચણ એ છે કે હવા સારી છે કે બગડેલી તે જાણવાને આપણી પાસે પૂરતા સાધન નથી. શો ફેરફાર થવાથી હવા બગડેલી છે, એમ સમજવું, એ બરોબર રીતે કહી શકાતું નથી. તોપણ હવામાં મુખ્ય ભાગ ઑક્સિજન વાયુ અથવા જેને આપણા પ્રાચીન લોકો પ્રાણવાયુ કહેતા તેનો છે અને એ વાયુ માણસોના જીવનને આરોગ્યને માટે જરૂરનો છે જ્યાંની હવામાં એ વાયુ થોડા પ્રમાણમાં હોય ત્યાંની હવા બગડેલી છે એમ સમજવું અને એ બગડેલી હવા શ્વાસવાટે માણસના પેટમાં જવાથી તેની આરોગ્યતા બગડવાનો સંભવ છે. ઑક્સિજન વાયુનું ઓઝોન નામનું તત્વ શરીરને હિત-કારક છે, અને જ્યાંની હવા બગડેલી હોય ત્યાં એ તત્વ ઘણું ઓછા પ્રમાણમાં જોવામાં આવેછે એ ઓઝોન તત્વ હવામાં છે કે નહિ તે "ઓઝોન ટેસ્ટ પેપર" નો રંગ બદલાયા ઉપરથી સમજી શકાય છે. દાખલા તરીકે-ડૉક્ટર ક્રૂકનું નામ તો આપણા સર્વના જાણવામાં હશે તેઓ હમેશાં પેનની રોગીના તાબકામાં એ "ઓઝોન ટેસ્ટ પેપર" રાખતા તેઓ કુટુંબ સાથે અહમદનગરમાં રહેતા હતા તેમનું એક ઠેકાણે સ્થળ હતું, તેઓ એક વખત કંઈ કામ માટે અહમદનગરથી જવા માટે નીકળ્યા તે વખતે એ પેપરનો રંગ ફીટેલો જોઈ બદલાયેલો તેમને જણાયો કે તેમના ત્યાંની હવા બગડવાનો તુરતજ ભય પડેલ અને તાબડતોબ પોતાના કુટુંબ વગેરેને અહમદનગર છોડી બીજે ઠેકાણે રહેવાનો બંદોબસ્ત કર્યો અને ધાર્યા પ્રમાણે પછીથી બે ચાર દિવસમાં એ ગામમાં ભયંકર મરકી ફાટી નીકળી આ વિદ્વાન ડૉક્ટરનો અનુભવ ધ્યાનમાં લઈ આ પ્રમાણે કે બીજા હરકોઈ ઉપાયથી હવા બગડવાનો આપણને શક પડે કે તુરતજ તે સ્થળ છોડી હવાફેર માટે પોતાની આરોગ્યતા સાચવવા તથા રોગથી બચવા બીજે ઠેકાણે રહેવા જવું કેમકે રોગનો ઉપદ્રવ લાગુ થયા પછી નાસભાગ કરવી પડે છે તે કરતાં અગાઉથી સાવચેત રહેવું એ ઘણું ફાયદા-કારક થઈ પડે છે

હવા ઘણી ગરમ હોય ત્યાં આ રોગ થાય છે, એમ કેટલાકનું કહેવું છે, જો કે એ ઘણે દરજ્જે વાસ્તવિક છે, તોપણ કેટલીક વખત બિલકુલ ઠંડા દિવસોમાં પણ આ રોગ થવાના દાખલા છે તેથી ઉષ્ણ હવાથીજ આ રોગ થાયછે એમ ખાત્રી થતી નથી; તોપણ જ્યાં સખત ઉનાળો હોય ત્યાંથી બની શકે તો ઠંડા પ્રદેશમાં હવા ખાવા જવું સારૂં છે. આવા વખતમાં સારી અને તાજી હવા લેવાની ઘણી જરૂર છે. રાજાઓ તથા શ્રીમંતોએ આવા વખતમાં સિમલા નૈનીતાલ વિગેરે ઠંડા પ્રદેશમાં હવા ખાવા જવું જોઈએ સાધારણ લોકોએ આ વખતે જો બની શકે તો પોતાના ગામડાંઓમાં (જો હોય તો) કે વાડીઓમાં ખુલ્લી તાજી હવામાં ગામ બહાર રહેવું અથવા તેમ પણ બની ન શકે તો નિદાન સવારના સાંજના વખતમાં કલાક અર્ધો કલાક ગામ બહારની ખુલ્લી તાજી હવામાં કે બાગમાં ફરવા તો જવુંજ.

જ્યાં આગળ એ રોગ ચાલતો હોય ત્યાંની ઝેરી હવા જે દિશા તરફ

વહેતી હોય તેથી બીલકુલ વિરૂદ્ધ દિશામાં રહેવા જવું સારૂં છે. જેમકે પવન પૂર્વ પશ્ચિમ ચાલતો હોય તો બિલકુલ ઉત્તર દક્ષિણમાં રહેવાનું પસંદ કરવાનું કરવું. લશ્કરનો સેનેટરિ નિયમ પણ એવોજ છે કે આ પ્રમાણે રોગી પવનની વિરૂદ્ધ દિશાએ કુચ કરવી. પોતાના ગામમાંજ રોગ હોય તો જે તરફના ભાગમાં એ રોગ હોય તે તરફનાં બારીબારણાં બંધ રાખવાં અને ખુલ્લી હવા આવજા થવાને એથી વિરૂદ્ધ દિશાનાં બારીબારણા ખુલ્લાં રાખવા હરકત નથી.

હવા નહિ બગડવા દેવાના ઉપાયઃ—રોગ ચાળાના વખતમાં સામાન્ય રીતે રંગારા, ખાટકી, ચમાર વગેરેનાં કારખાનાં કે જેઓ હવામાં બિગાડ કરેછે તેમને ગામની બહાર એવી જગાએ રાખવાં કે જ્યાંથી હવા ગામમાં ન આવતી હોય પણ બીજી બાજુએ વહી જતી હોય. તેજ પ્રમાણે ગામમાં રોગ લાગુ પડ્યો હોય તો મુડદાં બાળવા કે દાટવાનાં સ્મશાન પણ એવેજ ઠેકાણે ગામથી દૂર રાખવાં જોઇએ. આવા વખતમાં મુડદાં દાટવાનાં કરતાં બાળવાં વધારે ઠીક છે; કેમકે એથી રસાયનિક ફેરફાર થઇ જઇ હવામાં બિગાડ થતો અટકે છે. મુસલમાન વિગેરે કોમમાં અથવા શાસ્ત્રનિયમ પ્રમાણે હિંદુ કોમમાં નાનાં બાળકને દાટવાની જરૂર પડે તો લગભગ માથાપૂર ઉંડો ખાડો કરી; આસપાસ પૂરતી કરણ માટી અને ચૂનો નાખી મજબૂતાઇથી ખાડો પૂરવો કે જેથી અંદરની હવા બહાર નીકળી શકે નહિ.

ગામમાં કે એકજ ઘરમાં ઘણાં માણસોએ એકઠાં થવું નહિ. જાત્રા, મેળા વગેરેમાં ઘણા માણસોને એકઠા થવા દેવા નહિ. એકજ ઘરમાં ઘણાં માણસોએ રહેવું નહિ; કેમકે એમ થવાથી બધાને પૂરતી તાજી હવા મળી શકતી નથી. વળી માણસો પોતાના ઉચ્છ્વાસમાં કાર્બોનિક એસિડ (પ્રાણઘ્ન વાયુ) બહાર કાઢેછે અને તે ઘણી ઝેરી હવા છે. સારા વખતમાં પણ આ હવાનો સંસર્ગ થવાથી નુકશાન છે તો આવા રોગચાળાના વખતમાં ઘણાં માણસો એકઠાં થઇ હવામાં કાર્બોનિક એસિડનો વધારો કરે એ વિશેષ નુકસાનકારક છે. વળી ગીર્દી થવાથી માણસને જરૂરનો પ્રાણવાયુ (ઑક્સિજન) બધાને વહેચાતો એટલે કે થોડો થોડો મળે છે. એ પણ નુકસાનકારક છે; માટે આવા રોગ ચાળાના વખતમાં જાત્રા ભરવાનું, મેળા ભરવાનું, નાત મેળા કરવાનું એકજ ગામમાં કે ઘરમાં ઘણાં માણસોએ એકઠા થવાનું અને એકજ ઘરમાં ઘણાં માણસોએ રહેવાનું બિલકુલ બંધ કરવું જોઇએ.

હવા સુધારવાને આવા વખતમાં ગંધક વિગેરેની ઠેકાણે ઠેકાણે ધુણી કરવી જોઇએ. આપણા પ્રાચીન લોકો ગરકી એ માતાના કોપથી થાયછે એમ માની તેને શાંત કરવાને હોમ હવન કરે છે તે ઘણું સારૂં છે; કેમકે હવનમાં ઘી વગેરે કેટલાક એવા પદાર્થ હોમવામાં આવેછે કે જેથી હવા સુધરે છે; અને લોકોનો વહેમ મટે છે; માટે પ્રાચીનોએ જે જે કંઇ રિવાજો આવા કર્યા છે તે ઘણાજ ડહાપણથી કરેલા હોય એમ લાગે છે અને તે પ્રમાણે અનુસરવું ઘણી વખત ફાયદાકરતા પણ પડે છે.

(અપૂર્ણ)

ક. જે. પાઠક.

" विद्यार्थीओने बक्षिस नं. १. "

મેહેરબાન " કેળવણી " ના અધિપતિ સાહેબ,

વિ. વિનતિ —

લખતાને દિલગીર છીએ કે, અમે પ્રથમ વખત " વિદ્યાર્થીઓને બક્ષીસ નં ૧ " નામનો પત્ર લખી, આ વખતે પણ તેનો તેજ લખી શકીએ છીએ અમારા જેવા કમનસીબનાં એવા ભાગ્ય ક્યાંથીજ હોય કે, " વિદ્યાર્થીઓને બક્ષીસ નં ૨ " લખી શકાય! આ વખતે અમને આશા હતી કે, આપેલી બક્ષીસ નં. ૧ નો હેવાલ આપી, બક્ષીસ નં ૨ લખીશું પણ આશા તે આશાજ રહેલી, ને નિષ્ફળ થાય એમાં શું ?

આપ જાણો છો કે, અમે આપના ' કેળવણી માં ' બક્ષીસ નં. ૧ ' લખી ગાયકવાડી રાજ્યના ઉંચા ધોરણના વિદ્યાર્થીઓ પાસે ' હિંદુઓમાં ચાલતા ખરાબ રીવાજો ' વિષે નિબંધ મગાવ્યા હતા, પણ આજે અમારી મુદત ઉપરાંત પાંચ દિવસ થયા, તોપણ નિબંધો આખા આઠજ આવ્યા છે. ગાયકવાડી રાજ્યની ઉંચા ધોરણોવાળી ઓછામાં ઓછી લગભગ ૨૦૦ શાળાઓ પૈકી નિબંધો આખા આઠજ તેમાં વળી ૭ તો અહીંના ગામ ચલાળાનાજ, એક તવડી તાલુકે નવસારીની શાળાનો, અને એક તો શાળાથી બહાર છતાં ગણેશ કડુ તાલુકે કડીના રહીશ વિદ્યાર્થીનો, એટલે કે બહાર ગામની શાળાના વિદ્યાર્થીઓનો લખેલો એક તો આખો એકજ અમારે અહીંના મુખ્ય માસ્તર રા. રા. હરગોવિંદ રામજી અને તરકીના મુખ્ય માસ્તર રા. રા. પ્રાણજીવન કલ્યાણજીનો આ બાબત ઉપકાર માનવો ઘટે છે કારણ કે આખા રાજ્યમાં ફક્ત તેમનીજ આ કામમાં લાગણી અમને પ્રતીત થઇ છે અમે માનતા હતા કે ઓછામાં ઓછા ૧૦૦ નિબંધો તો અવશ્ય બહાર ગામથી આવશેજ, પણ તેને બદલે ઉપરની બે સંખ્યાજ આવી ગઈ!! શું એમાં અમે અમારી ઇચ્છા પૂરી પાડીએ? શું એમાં અમારી કમીટી પરીક્ષકોને તપાસવાને આપે! અને શું એમાં ઇનામ આપે! દિલગીર!

અમને વિચાર થાય છે કે આમ થવાનું શું કારણ? શું વિદ્યાર્થીઓને વિષય અઘરો પડ્યો? પણ બેશક અઘરો તો નથીજ; કારણ કે વિદ્યાર્થીઓને ચાલી ગએલાં વાંચન પુસ્તકોમાં પણ એનું એટલું બધું વિવેચન છે કે જેમાંથી ગો લીટી સહેજેજ યાદ આવે ત્યારે શું વિદ્યાર્થીઓમાં લખવાની શક્તિ નથી? પરંતુ તે એકાદ બેના સંબંધમાં બને, આખા રાજ્યના સંબંધમાં તો નજ બને ત્યારે શું તેઓમાં મોકલવાની હિંમત ન હોય તો તેઓને હિંમત આપવાને અમારા શિક્ષક બંધુઓ દરેક સ્થળે હાજરજ હતા ત્યારે ખબર નહિ હોય? અમારા બંધુઓએ તેમને ખબર નહિ કરી હોય? ખબર કરી હશે તો જે

રીતે કરવી જોઇએ તેવી રીતે નહિ કરી હોય? વિદ્યાર્થીઓને એ ખાતર ઉત્સાહિત નહિ કર્યા હોય? પણ તેમ કરતાં અમારા બંધુઓને કંઇ હરકત તો નહોતી, અને નથીજ, ત્યારે શું થયું? કોણ જાણે શું થયું!!

કોઈ પણ કાર્યને જ્યાં સુધી ઉત્તેજન આપનાર મળતા નથી; ત્યાં સુધી તો તે કાર્ય ઉન્નતિ થઇ શકતું નથીજ; પણ જ્યારે ઉત્તેજન આપનાર મળેછે ત્યારે તો અવશ્ય ઉન્નતિએ ચઢવા માંડે છે; પરંતુ અમારા કાર્યમાં તો ઉલટું અવળું થયું. ઉત્તેજન વગર વસ્તુ પડી રહે એ દેખીતું છે; પણ ઉત્તેજન મળતાં છતાં ઉત્તેજન યોગ્ય વસ્તુ બહાર ન આવે એ તો ખાસ વિચિત્રતાજ છે.

હજુ અમે અમારા બંધુઓને અને વિદ્યાર્થીઓને ફરી વિનંતિ કરીએ છીએ; અને વધારે ઉત્તેજનની ખાતર હજુ વધારે બે માસની એટલે ૧ લી જુન સુધીની મુદત વધારી આપીએ છીએ. આશા છે કે તેટલા વધારે મળેલા વખતનો અમારા બંધુઓ લાભ લઈ પોતાના વિદ્યાર્થીઓને ફરી સૂચના કરવાની પણ તસ્દી લેશે અને આ વખતે પણ અમે પ્રથમની પેઠે પાછા નહિ પડીએ. જો એમજ થશે તો અમારે પરાણે પરાણે પણ પાછું અમારૂં કામ સમાપ્ત કરવું પડશે.

છેવટ પણ આપને અમે એટલી વિનંતિ કરીએ છીએ કે, જ્યારે રાજ્યમાં અમે આવું ઉત્તેજનનું કામ શરૂ કરીએ છીએ; ત્યારે અમને ઉત્તેજન આપવાની ખાતર પણ આપે અમારા-આપણા શિક્ષક બંધુઓને સૂચના કરવી જોઇએ અને તેઓને જણાવવું જોઈએ કે આ વખતની વધારેલી મુદતમાં પોતાના વિદ્યાર્થીઓ પાસે પ્રથમ જણાવેલી બક્ષીસનો અવશ્ય લાભ લેવરાવવો યોગ્ય લાગે તો તેમ કરશો. એજ વિનંતિ તા. ૫ એપ્રિલ સન ૧૮૯૭.

મુ. ચલાળા	લી.
પોષ્ટ કુંડલા,	હર્ષિત થવાને ઉછાળા મારતા પણ આખરે દિલગીરીમાં પડેલા સેવકો.
કાઠિયાવાડ.	દેવચંદ રામજી અને જીવણલાલ અમરસી મહેતા.

*** બક્ષિસ આપવાને ઉત્સુક ગૃહસ્થોએ, બક્ષિસની દરકાર વિદ્યાર્થીઓએ કરી નહિ, એમ માની શરૂઆતમાંજ પોતાના સ્તુતિપાત્ર કાર્યમાં ના ઉમેદ થવું જોઇતું નથી. અમારા ધારવા પ્રમાણે ધણાખરા શિક્ષકોએજ આ વાતની દરકાર ન રાખીને તે વાતને પોતાના વિદ્યાર્થીઓ આગળ જોઇએ તેવા રૂપમા પ્રગટ નહિ કરી હોય. આશા છે કે બક્ષિસ આપનાર ગૃહસ્થોની ઉત્સુકતા ઉપર તથા વિદ્યાર્થીઓને નિબંધ લખવાની હોંસ વધે તે ઉપર ધ્યાન આપી તેને શિક્ષકો પોતાના વિદ્યાર્થીઓને માધ માસના કેળવણીમાંથી આ બાબતની સમજ આપશે.—એડીટર.

गायकवाड सरकारनुं केळवणीखातुं.

હજુરહુકમ સ. ન. નં. ૨૭.

વિદ્યાર્થીની સંખ્યા કમી થવાથી શાળાનો એક ઉતરે તો કસુરવાર શિક્ષકોને શિક્ષા થવાની બાબતમાં ચાલુ સાલની અધિકારીઓની કમિટીમાં વિચાર થઇ ઠરાવ જે કર્યું તે ઉપરથી જણાવવામાં આવે છે કે—આવા પ્રસંગે જે શિક્ષકો કસુરદાર જણાય તેમને કસુરના પ્રમાણમાં યોગ્ય શિક્ષા પ્રાંતના સ. સ. એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબે પોતાના અધિકારમાં કરવી જોઇએ. પોતાના અધિકાર ઉપરાંત શિક્ષા કરવાની જરૂર જણાય તો તેના કારણો સાથે તેની ભલામણ આ તરફ તેમણે કરવી જોઇએ. શાળાનો એક કમી થવાથી જે શિક્ષકો તે શાળામાંથી કમી થવાના તેમનો નવે નિયમ મુજબ કરવા જોગ તેની તજવીજ કરવી જોઇએ. તા. ૪ માર્ચ સને ૧૮૯૦ મુ. વડોદરા.

J. A. DALAL.
વિદ્યાધિકારી.

દસ્તુર મે વિ. દફતર.

હજુરહુકમ નં. ૨૮.

પાઠશાળાના મહેતાજીઓના પગાર છોકરાઓની સંખ્યા ઉપર ઠરાવવામાં આવે છે તેને બદલે હાજરી ઉપર ઠરાવવાની બાબતમાં ચાલુ સાલની અધિકારીઓની કમિટીમાં ચર્ચા થતાં એમ જણાવવામાં આવ્યું કે—પાઠશાળાના કેટલાક મહેતાજીઓ એમ સમજે છે કે એક વર્ષમાં ૧૩૦ દિવસ શાળા ભરી બાકીના દિવસોમાં શાળા બંધ રહે તો હરકત જેવું નથી આ સમજણ બરાબર ન હોવાથી નિચે મુજબ ઠરાવવામાં આવ્યું છે—

અ પાઠશાળાઓ એક વર્ષમાં ૧૩૦ દિવસ ભરવી એમ નથી જેટલા દહાડા શાળા ભરી શકાય તેટલા દહાડા ભરવી.

બ પાઠશાળામાં એક વર્ષમાં નિચે પ્રમાણે રજાઓ આપી શકાય—

૧ દર પૂનેમ તથા અમાસ.

૨. તેહેવાર વગેરે વિભાગના આઝમ ડેપ્યુટી ઇન્સ્પેક્ટર મેમો નં. ૧૧૫ તા. ૧૭-૧૨-૯૫ ના આધારે મંજુર કરે તે દિવસો.

૩ દર વર્ષમાં ૪૦ (ચાળીસ) દિવસ મેહેતાજીને ખાતે પગારે રજા મળી શકે આ રજા એકી વખતે દશ દહાડા કરતાં વધારે આપવી નહી. આ રજા ઉપર જતાં મેહેતાજીએ શાળા ચલાવનારનો બરાબર બંદોબસ્ત કરવો

૪. દશ દહાડા સુધીની રજા ઉપરની પેટા કલમ-૩ મુજબ ગામના મુખી તથા ગ્રામ્ય પંચો આપી શકે, પરંતુ તે બાબતનો લેખી દાખલો મેહેતાજીએ તુરત પોતાના ડેપ્યુટી ઇન્સ્પેક્ટર તરફ મોકલવો.

૫. આ ઉપરાંત વધારે રજા ભર પગાર કપાતે મળશે, ને તે વિભાગના આજમ ડેપ્યુટી ઇન્સ્પેક્ટર આપશે.

ક. પોતાની શાળાની હાજરી સરસ રાખવા દરેક મેહેતાજીએ યત્ન કરવો જોઇએ.

ઉપર પ્રમાણે ઠરાવ્યું છે. તે બાબતનો અમલ લાગતાવળગતાઓએ કરવો. તા. ૪ માર્ચ સને ૧૮૯૭. મુ. વડોદરા.

J. A. DALAL.
વિદ્યાધિકારી.

વટહુકમ નં. ૨૯.

જે ગામે એકલી ઉર્દું સ્કુલ હોય ત્યાં હિંદુના છોકરા ભણવા આવે તો તેમને માત્ર ગુજરાતી શીખવવાની બાબતમાં ચાલુ સાલની અધિકારીઓની કમિટીમાં વિચાર થઇ છેવટ નિચે મુજબ ઠરાવવામાં આવ્યું છેઃ—

૧ જે ગામે એકલી ઉર્દું સ્કુલ હોય ને તેમાં હિંદુના છોકરા ભણવા આવે તો તેમને ઉર્દું ધોરણને અનુસરી માત્ર ગુજરાતી શીખવવું, એટલે ઉર્દું વિષયોમાંથી તેમને મુક્ત કરવા.

૨ પરીક્ષક અધિકારીઓએ પણ તેમની પરીક્ષા માત્ર ગુજરાતીમાં લેવી, ને નિયમ મુજબ તેને પાસ કે નાપાસ ગણવા.

૩ આવા હિંદુ છોકરાઓની ફીની બાબતમાં નિયમ મુજબ તજવીજ કરવી જોઇએ.

ઉપર પ્રમાણે લાગતાવળગતાઓએ અમલ કરવો. તા. ૪ માર્ચ સન ૧૮૯૭ મુ. વડોદરા.

J. A. DALAL.
વિદ્યાધિકારી.

વટહુકમ નં. ૩૦.

શાળાઓમાં જે સંગ્રહસ્થાન રાખવામાં આવે છે તે સંબંધમાં ચાલુ સાલની અધિકારીઓની કમિટીમાં વિચાર થઇ તે સંબંધમાં નિચે મુજબ જણાવવામાં આવે છે કેઃ—

૧ ગણિતમાં વપરાતા પારિભાષિક શબ્દોનું જ્ઞાન થવાને માટે

ગણિતમા વપરાતા તોલ માપ જેવાકે—નવટાંકી, અધોળી, ગજ, ફુટ, વગેરેના નમુના ફેંરીજ્જટમાથી ખરીદ કરી સંગ્રહસ્થાનમા રાખવા નિયમને અનુસરી મહેતાજીઓએ તજવીજ કરવી

૨ સંગ્રહસ્થાનમા કેટલીક નજીવી તથા હલકી ચીજો રાખવામા આવે છે, તે રાખવી ન જોઇએ આવી ચીજો પરીક્ષક અધિકારીઓએ પરીક્ષા તથા ભેટ વખતે કમી કરવી જોઇએ

ઉપર પ્રમાણે અમલ થવો જોઈએ તા ૪ માહે માર્ચ સને ૧૮૯૭ મુ વડોદરા

J A DALAL
વિદ્યાધિકારી.

હવસુખ ગોવિંદ

પરઠ્ઠકમ ન. ૩૧.

કન્યાશાળાઓમા કપડા વેતરાવવા માટે તેના નમુના રાખવા બાબત ચાલુ સાલની અધિકારીઓની કમિટીમા વિચાર થયેલો તે સબધમા જણાવવાનું કે—કન્યાશાળાના દરેક ધોરણમા જે જે કપડા તૈયાર કરાવવામાં આવે છે, તે દરેક કપડાંના નમુના જેવા કે—બેબી, કાપડુ, ચોળી, અંગરખું, વગેરેના નમુના ધોરણવાર શાળાના દરજી પાસે હેડમીસ્ટ્રેસ કે હેડમાસ્તરે તૈયાર રખાવવા આવા નમુનાવડે કન્યાઓને વેતરવા વગેરેનુ કામ શિખવવા સુલભ પડશે તા ૪ માર્ચ સ ૧૮૯૭ મુ વડોદરા

J A DALAL
વિદ્યાધિકારી.

હસમુખ ગોવિંદ

પરઠ્ઠકમ ન. ૩૨

મિશ્રશાળાઓમાં કન્યાઓનો અભ્યાસ વગર અને પહેલા ધોરણમા કન્યાશાળાના ધોરણ મુજબ ચલાવવાની બાબતમા સરક્યુલર નં. ૨૬ તા. ૨૭-૧૦-૯૩ નો થયેલો, તેમા ફેરફાર કરવા બાબત ચાલુ સાલની અધિકારીઓની કમિટીમા વિચાર થઈ ઠરાવ એવુ ઠરાવવામા આવ્યુ છે કે—મિશ્રશાળાઓમા કન્યાઓનો અભ્યાસ છોકરાની નિશાળના ધોરણ પ્રમાણે તમામ ધોરણોમા સરખો રાખવો. આનો અમલ ચાલુ સાલની પરીક્ષા થઇ ગયા બાદ કરવો તા. ૪ માર્ચ સને ૧૮૯૭ મુ. વડોદરા

J. A. DALAL
વિદ્યાધિકારી

હસમુખ ગોવિંદ

વરહુકમ નં. ૩૩.

અન્ટ્રેન્ડ શિક્ષકોને પ્રમોશન નહીં આપવા તથા ટ્રેનિંગની પરીક્ષા પસાર ન કરે તેવાને કમી કરવા વગેરે બદલ નિયમ થવા ચાલુ સાલની અધિકારીઓની કમિટીમાં વિચાર ચાલી તે સંબંધમાં છેવટ નિચે મુજબ કરવાનું ઠરાવ્યું છેઃ—

૧ આ ખાતાના રૂ. ૧૦) દશ અને તેની અંદરના પગારના શિક્ષકોને ટ્રેનિંગસ્કુલના પહેલા વર્ષની પરીક્ષામાં પસાર થયા સિવાય પ્રમોશન આપવામાં આવશે નહીં.

૨ આ નિયમ તા. ૧–૮–૯૩ પછી નોકરીમાં દાખલ થયેલા શિક્ષકોને લાગુ કરવામાં આવ્યો છે.

૩ આવી જગાઓને માટે ઉપર બીજી કલમને વિચાર રાખીને ટ્રેન્ડ થયેલા ઇસમો મળે તો તેવાઓને એ જગાઓ આપવા પહેલી પસંદગી આપવી.

ઉપર પ્રમાણે લાગતા વળગતાઓએ અમલ કરવો. તા. ૪ માર્ચ સને ૧૮૯૭ મુ. વડોદરા.

J. A. DALAL.
દલસુખ ગોવિંદ. વિદ્યાધિકારી.

વરહુકમ નં. ૩૪.

રાત્રીશાળાના શિક્ષકોની સર્વિસબૂકો ભરવી કે કેમ એ સંબંધમાં ચાલુ સાલની અધિકારીઓની કમિટીમાં વિચાર થઈ છેવટ એવું ઠરાવવામાં આવ્યું છે કે—રાત્રીશાળામાં જે શિક્ષકો ખાસ તે શાળાનીજ નિમનોકના હોય તો તેમની સાર્વિસબૂકો ભરવી જોઇએ; પરંતુ જે શિક્ષકો દિવસની શાળામાં નોકર હોય ને રાત્રીશાળામાં નોકરી કરતા હોય તેવાઓની સર્વિસબૂકો ભરવાની નથી.

ઉપર પ્રમાણે નિયમને અનુસરી જેણે તેણે અમલ કરવો. તા. ૪ મા સને ૧૮૯૭ મુ. વડોદરા.

J. A. DALAL.
દલસુખ ગોવિંદ. વિદ્યાધિકારી.

વરહુકમ નં. ૩૫.

ગ્રામ્યશાળાના ત્રીજા ધોરણમાં ગાયકવાડી ભૂગોળ ચલાવવાની બાબતમાં વરહુકમ નં. ૩ તા. ૨૫–૮–૯૬ નો થયેલો છે; પરંતુ પરીક્ષાપત્રકમાં તેના કેટલા દોકડા રાખવા તે ઠરાવવામાં આવ્યું નથી,

સમજ જણાવવાનું કે—સદર ત્રીજા ધોરણમાં ભૂગોળની બાબતનો ત્રીજો વિષય ગણવો ને તેના ૫૦ (પચાસ) ટોકા રાખવા તા. ૪ માર્ચ સને ૧૮૯૭ મુ. વડોદરા.

J A DALAL.
વિદ્યાધિકારી.

દલસુખ ગોવિંદ

પરક્રમ નંબર ૩૬

શાળાઓમાં વિદ્યાર્થીઓના અક્ષર લખાવવાનું કામ સારા અક્ષરવાળા શિક્ષકને સોંપવા બાબત ચાલુ સાલની અધિકારીઓની કમિટીમાં વિચાર થઈ ઠરાવ નીચે મુજબ કરવામાં આવે છે:—

૧ જે શાળાઓમાં ચિત્રશિક્ષક હોય અગર હવે પછી નિમાય તે શાળાઓમાં અક્ષર લખાવવાનું કામ તેમણે કરવું ચિત્રશિક્ષકોએ રોજ પાંચ કલાક શાળામાં કામ કરવાનું છે, તેમાં આ કામનો પણ સમાસ કરવો વિદ્યાર્થીઓના અક્ષર સુધરે ને સારા લખે એવી તેમણે તજવીજ કરવી

૨ આવે ઠેકાણે સારા અક્ષરને માટે પરીક્ષા વખતે બે ત્રણ ઈનામ પરીક્ષકે આપવા, પરંતુ તેથી ઇનામની એકંદર રકમ નિયમ કરતા વધવી ન જોઈએ

૩ જયાં ચિત્રશિક્ષક ન હોય ત્યાં નિબંધ ૨ ની કલમ ૫૭ મુજબ તજવીજ થવા પૂરતી કાળજી રહેવી જોઈએ

ઉપર પ્રમાણે લાગતાવળગતાઓએ અમલ કરવો જોઈએ તા. ૪ માર્ચ સને ૧૮૯૭. મુ. વડોદરા

J. A. DALAL
વિદ્યાધિકારી.

દલસુખ ગોવિંદ

પરક્રમ નં. ૩૭.

આ રાજ્યની કેટલીક મોટી કન્યાશાળાઓમાં અનુભવ સિદ્ધ રસોઈનું કામ ચલાવવામાં આવે છે, પરંતુ તમામ શાળાઓમાં તે પ્રમાણે થવાની સવડ ન હોવાથી પાકશાસ્ત્રની પરીક્ષા પ્રત્યક્ષ રસોઈ કરાવી લેવા તથા તે બાબતનો ખર્ચ તે શાળાના કન્ટીજંટમાંથી કરાવવા વગેરે બાબત ચાલુ સાલની અધિકારીઓની કમિટીમાં વિચાર થઈ ઠરાવ નીચે પ્રમાણે કરેલ છે—

૧ કન્યાશાળાના જે ધોરણમાં પાકશાસ્ત્રનો વિષય છે, તે ધોર-

ક્ષુમાં પ્રત્યક્ષ રસોઇ કરી પરીક્ષા આપવા જે ઠેકાણે કન્યાઓ રાજી હોય, ને તેવી કમીમાં કમી દશ કન્યાઓ પરીક્ષા આપવા હાજર હોય તો, ને તે કન્યાઓ પોતપોતાને ઘેર રસોઇનું કામ શીખેલી હોય તો તેવે ઠેકાણે અનુભવસિદ્ધ રસોઈની પરીક્ષા લેવા પરીક્ષક અધિકારીને હરકત નથી.

૨ પાકશાસ્ત્રના વિષયમાં જે દોકડા આપવાના તે તો હાલ ચાલતા નિયમને અનુસરી આપવા. પ્રત્યક્ષ રસોઇ કરાવી જોઈ તે ઉપરથી તે દોકડા આપવાના નથી. પ્રત્યક્ષ રસોઇ કરાવવાની બાબત ઐચ્છિક સમજવાની છે.

૩ આ પ્રમાણે રસોઇ કરાવવા માટે જે સીધું સામાન જોઇએ તેનો ખર્ચ તે શાળાના કંટીજંટમાંથી કરવો, ને તે બદલની મંજુરી યોગ્ય અધિકારીની મહેતાજીએ મેળવવી જોઈએ.

૪ રસોઇ કરવા માટે વાસણ, ચૂલા વગેરે જોઇએ તેનો સમાસ ઉપરની કલમ ૩ માં થતો નથી. એ બાબતની તજવીજ જેની તેણે કરી લેવી જોઇએ.

૫ આ બાબત બે ત્રણ ઇનામ પરીક્ષક અધિકારી આપી શકે, પરંતુ તે શાળાખાતે નિયમ પ્રમાણે ઇનામની જે રકમ મુકરર થાય તેમાંજ એનો સમાસ કરી લેવો. નિયમ મુજબ ઇનામની જે રકમ થાય તે ઉપરાંત વધારે ખર્ચ કોઇ રીતે થવો ન જોઇએ.

ઉપર પ્રમાણે ઠરાવ્યું છે, તેનો અમલ લાગતાવળગતાઓએ કરવો. તા: ૪ માર્ચ સને ૧૮૯૭ મુ. વડોદરા.

J. A. DALAL.

દલસુખ ગોવિંદ. વિદ્યાધિકારી.

વરઠુકમ નં. ૩૮.

વાર્ષિકપરીક્ષા વખતે શાળાઓનાં છોકરાંની કેટલા દિવસની હાજરી જોઇએ તેની મુદત ઠરાવવા બાબત ચાલુ સાલની અધિકારીઓની કમિટીમાં વિચાર થઇ છેવટ નિચે પ્રમાણે ઠરેલું છેઃ—

અ સરકારી શાળાઓમાં પાંચમા અને તે ઉપરાંતના ધોરણોમાં પરીક્ષા આપવા બેસનાર વિદ્યાર્થી તે શાળામાં કમીમાં કમી ત્રણ માસ અગાઉ દાખલ થયેલો હોવો જોઇએ. આવા વિદ્યાર્થી પરીક્ષા આપવા બેસવા માટે પાત્ર થાય છે. એ બાબતમાં નિયમ થયેલો છે, પરંતુ તેમની હાજરી

બાબત કંઈ નિયમ નથી એ બાબત એવું ઠરાવવામાં આવે છે કે—પાંચમા અને તે ઉપરાંતના ધોરણોમાં કોઇ પણ વિદ્યાર્થી જેની મુદત ત્રણ માસ કરતા કમી હોય તેવાને અને જેની હાજરી કમીમાં કમી (ચાલીસ) દિવસની ન હોય, તેવાને મેહેતાજીએ પરીક્ષામાં બેસારવા નહીં

ख ચોથા અને તેથી ઉતરતા ધોરણોમા જે વિદ્યાર્થી પરીક્ષા વખતે એક માસ કરતા કમી મુદતનો શાળામાં દાખલ થયેલો હોય તથા જેની હાજરી ૧૫ (પંદર) દિવસ કરતા કમી હોય, તેવાને પરીક્ષામા બેસારવા નહીં, એટલે તેવાને ગેરહાજર ગણવો.

ग પરંતુ આ રાજ્યની કોઇ પણ શાળાનો વિદ્યાર્થી પોતાના બાપ કે વાલી વારસ અગર જેમની પાસે રહી ભણતો હોય તેવા સરકારી નોકરની તે શાળાની તે સાલની વાર્ષિક પરીક્ષા થવા અગાઉ બદલી થવાના કારણથી બીજી શાળામાં દાખલ થવા જાય તો તેને આ સાથેના નમુના પ્રમાણે મહેતાજીએ દાખલો આપવો. તે દાખલા આધારે તે ધોરણમા તે છોકરાને દાખલ કરવો ને પહેલાની નિશાળના હાજર દિવસ શેરાના આસનમાં પરીક્ષાપત્રકમા જણાવવા આવા પ્રસંગે ઉપરની કલમ अ, ख મુજબ વાંધો ન લેતા તેને અનુસરી હાજરી વગેરે હોય તો પરીક્ષક પરીક્ષા લેવી એકજ સાલમા બે ઠેકાણે કોઇ વિદ્યાર્થી વાર્ષિક પરીક્ષા ન આપે એ ખાસ જોવું જોઇએ આ દાખલો ખાસ સરકારી નોકરની બદલી થવાના કારણથી તથા કોઇ શાળામાંથી વર્ષની અધવચમાં પાંચમું અને તે ઉપરાતના ધોરણ પૈકી એકાદ ધોરણ કમી થવાના સબબથી વિદ્યાર્થીને બીજે ગામ જવુ પડે ત્યારે આપવાનો છે

ઉપર મુજબ ઠરાવવામા આવ્યુ છે, તેનો અમલ આવતી સાલથી કરવો તા. ૪ માર્ચ સને ૧૮૯૭ મુ. વડોદરા.

J. A. DALAL
વિદ્યાધિકારી.

હંસમુખ ગોવિંદ.

વટહુકમ નં. ૩૮ તા. ૪-૩-૯૭ ની કલમ ક માં જણાવેલો નમુનો.

મોજે   તાલુકે   પ્રાંત   ની સરકારી   શાળામાંથી આપવામાં આવેલો દાખલો. વટહુકમ નં   તા.   અનુસરીને.

વિદ્યાર્થીનું નામ.	જાત.	જન્મ તારીખ, માસ ને સન.	ચાલુ વર્ષમાં હાજર દિવસ. (આંકડે લખવા.)	કીયા ધોરણમાં છે તે (આંકડે લખવું.)	ચાલુ સાલમાં કોઈ રીતે વાર્ષિક પરીક્ષા આપી છે કે નહીં.	દાખલો આપવાનું કારણ. (ખુલાસેથી લખવું.)	કઈ શાળામાં દાખલ થવા દાખલો આપ્યો તે.

હું નીચે સહી કરનાર જણાવું છું કે—આ દાખલો ખાત્રી કરી   શાળામાં દાખલ થવા માટે તે વિદ્યાર્થીના માગવાથી વગર ફીએ આપવામાં આવ્યો છે. તા.   માહે   સન

(સહી)

શાળાના મહેતાજી.

સમજુતઃ—ચાલુ વર્ષમાં હાજર દિવસ લખવાના તે ગઈ વાર્ષિક પરીક્ષા થઇ ગયા બાદની મુદતના ગણવાનું સમજવું.

J. A. DALAL.
વિદ્યાધિકારી.

દલસુખ ગોવિંદ.

સરક્યુલર નં. ૩૯

એક તાલુકાની મુખ્યશાળાની બેઠ લેવામાં આવી તેમાં છઠ્ઠા ધોરણના છોકરા પણ વ્યાકરણ, ભૂગોળ, વાંચન વિગેરે બધી બાબતમાં પણ સાધારણ જવાબ આપી શક્યા નહીં તેથી એવું માનવાને કારણ ઉત્પન્ન થાય છે કે પરીક્ષાઓ જોઇએ એવી રીતે સખત લેવાતી નથી. કેમકે નરમાશથી લેવાય તેથી શિક્ષકોને જોઇએ તેવું સારૂં શિક્ષણ આપવાની કાળજી રહેતી નથી સબબ પરીક્ષા લેવાની રીતમાં સુધારો થવો જોઇએ.

વર્ગ ચઢાવવામાં પણ જે નિયમો થયેલા છે તેનો મજબુત અમલ થવો જોઇએ છોકરાઓ ઉઠી જશે અગર બીજી ખાનગી શાળાઓમાં જતા રહેશે એવો વિચાર મનમાં લેવાનો નથી. અધૂરા જ્ઞાનવાળા છોકરાઓને ઉપલા વર્ગમાં ચઢાવવાથી પાછલો અભ્યાસ બરોબર ન થયેલો હોવાથી ઉપલા વર્ગનો પણ અભ્યાસ કાચો રહે છે તેથી છોકરાઓનો સ્વાર્થ બગડે છે જો સારી રીતે મૂળતત્વ ઠસાવી શિક્ષણ આપવામાં આવશે તો પછી અભ્યાસ સારો થઇ વર્ગ ચઢાવવામાં પણ હરકત આવશે નહીં ને જે ધાસ્તી રાખવાની તે રહેશે નહીં, પણ સારૂં શિક્ષણ મળશે ને ઉત્તમ છોકરાઓ વધશે. માટે શિક્ષકોએ એ વાત લક્ષમાં રાખવી. તા. ૧૦ માર્ચ સને ૧૮૯૭ ઈ. સિદ્ધપુર

J A. DALAL.

દસ્તુખ ગોવિંદ. વિદ્યાધિકારી

સરક્યુલર નં. ૯૨.

મોજે કણજટ તાલુકે પાદરાની સરકારી ગુ. શાળાના માજી મહેતાજી ત્રીભોવનદાસ કલ્યાણદાસ કે જેઓ મોજે ડભાસા તાલુકે પાદરાના રહીશ છે તેમણે મોજે કારેલી તાલુકે જંબુસરની સ. ગુ. શાળાના મહેતાજીની સહીનું છઠ્ઠા ધોરણમાં પાસ થયા બાબતનું સરટીફીકેટ આણજમ ચોરંદા વિભાગના ડેપ્યુટી એજ્યુ. ઇન્સ્પેક્ટરને રજુ કરી નોકરી પ્રથમ ગ્રામ્યશાળામાં મેળવેલી ને તે પછી તેઓ સરકારી શાળાના મહેતાજી થયા બાદ તે સરટીફીકેટ ખોટું છે એમ રા. રા. વડોદરા પ્રાંતના એજ્યુ. ઇન્સ્પેક્ટર સાહેબના જાણવામાં આવ્યાથી તેમણે કારેલી શાળાના મહેતાજીથી તપાસ કરતાં તે છઠ્ઠા ધોરણમાં પાસ થયેલા નથી; ને જે સરટીફીકેટ છઠ્ઠા ધોરણમાં પાસ થવાનું રજુ કરેલું તે ખોટું છે એમ જવાબ

આવ્યું. તે પ્રકરણ મજકુર ઇન્સ્પેકટર સાહેબ તરફથી શેરા નં. ૩૫૭ તા. ૨૨-૧-૯૭ થી આ તરફ આવ્યા ઉપરથી જણાવવાનું કે, આ પ્રકરણ આવતાં પહેલાં તેણે પોતાની જગાનું રાજીનામું આપી દીધેલું તે મંજુર થઇ ગયેલું છે તેથી હવે એના સંબંધે બીજું કંઇ કરવાનું રહેતું નથી, પરંતુ હવેથી તેમને આ ખાતામાં કોઇએ જંગા આપવી નહીં. તા. ૧૫ માર્ચ સને ૧૮૯૭. મુ. પાટણ.

J. A. DALAL.
વિદ્યાધિકારી

સરક્યુલર નં. ૪૧.

ચાલુ માસમાં એક ગુજરાતી શાળાની વિઝિટ કરવામાં આવી તે વખતે ત્યાં એક મુસલમાન ઉપશિક્ષક જોવામાં આવ્યો. એ રીતે કેટલીક ગુજરાતી શાળામાં મુસલમાન ઉપશિક્ષક છે ને ઉરદુશાળામાં ગુજરાતી ઉપશિક્ષકો છે. તેના કરતાં મુસલમાનોને ઉર્દુશાળાઓમાં ને ગુજરાતીઓને ગુજરાતી શાળામાં જો ઉપશિક્ષકોની જગોએ નેમવામાં આવે તો કામ સારી રીતે ચાલે સબબ જે ગુજરાતી શાળાઓમાં મુસલમાન ઉપશિક્ષક હોય તેમને ઉરદુશાળાઓમાં જે તે અધિકારીએ પોતાના અધિકારમાં નિમવા અને એ પ્રમાણે મુસલમાન ઉપશિક્ષકો જોગ મળતા જાય તેમ તેમ તેમને ઉરદુશાળાઓમાં નિમી ત્યાંથી ગુજરાતી ઉપશિક્ષકને ગુજરાતી શાળામાં નિમવા જોઇએ. તા. ૨૫ માર્ચ સને ૧૮૯૭. મુ. કલોલ.

J. A. DALAL.
વિદ્યાધિકારી.

વટહુકમ નં. ૪૨.

દરસાલ દરેક મહેતાજીએ અંગ્રેજી શાળામાં કેટલા છોકરા મોકલ્યા તેનું નામનીશવાર કયા ધોરણના તે જણાવી પત્રક પ્રાંતના ઇન્સપેકટર સાહેબ તરફ વર્ષ આખરે મોકલવા બદલનો સરક્યુલર નં. ૨૫ તારીખ ૨-૧-૯૫ નો થયો છે. સદરહુ સરક્યુલરનો હેતુ જે ગામે અંગ્રેજી શાળા હોય તે ગામના ગુજરાતી શાળાના માસ્તરેજ પત્રક મોકલવાનો છે; પરંતુ હાલમાં એક પ્રાંતના ઇન્સપેકટર સાહેબના લખાણથી જણાઈ આવ્યું છે કે જે ગામે અંગ્રેજીશાળા નથી તે ગામના મહેતાજીઓ પણ ફક્ત શૂન્ય ભરી પત્રકો મોકલેછે. માટે જણાવવાનું કે જે ગામે

અધિકશાળા હોય તેજ ગામના શ્રી શાળાના મહેતાજીએજ ફક્ત સરક્યુ-પત્રક મોકલવાનો વહિવટ રાખવો તા. ૨૬ માર્ચ સને ૧૮૯૭ મુ. કલોલ

J A. DALAL.

હસમુખ ગોવિંદલાલ.   વિદ્યાધિકારી.

પરિપત્રક નં. ૪૩ સન ૧૮૯૬-૯૭

વડોદરા દેશી કેળવણી ખાતા સંબંધે સુધારો વધારો કરતા નીમાયલી મંડળીની ભલામણ હોવાથી કસરતનું કામ કરવા બદલ દર માસે રૂ. ૨ બે આજ્ઞાપત્ર પ્રમાણે પગાર આપવા સન ૧૮૯૬-૯૭ ની સાલના બજેટમાં કેટલીક શાળાઓમાં જગાઓ રાખવામાં આવી છે તેમ હવે પછી રાખવામાં આવે તે શાળાના મુખ્ય માસ્તરે નીચે પ્રમાણે હકીકત જણાવી પ્રાંતના રા રા મે ઇ સાહેબ તરફ લખવું જોઈએ એટલે તેઓ પોતાનો અભિપ્રાય આ તરફ જણાવશે તે ઉપરથી યોગ્ય તે થશે

૧ પે. મા. કસરતનું કામ કરાવી શકે તેમ હોય તો તેને માટે અગર જો તે ન કરાવી શકે તેમ હોય કે તેમની ખુશી ન હોય તો પછી બીજો જે કોઇ શિક્ષક કસરતનું કામ કરાવી શકે એમ હોય તેમને માટે પૂરતા કારણો સાથે ભલામણ કરવી

૨ જેમને માટે ભલામણ કરવામાં આવે તે ટ્રેન્ડ છે કે કેમ તથા શાળાના કામ બદલ આસિસ્ટંટ તરીકે કેટલો પગાર મળે છે તે તથા તેમનો હોદ્દો લખવો.

૩ ચાલુ સાલે જે શાળાઓમાં તેવી જગાઓ રાખવામાં આવી છે તે જગાઓ પૂરવાને માટે આ તરફથી જનરલ ફેરબારી થઇ ગયા પછીથી ઉપર પ્રમાણે હકીકત લખી ભલામણ કરવી એટલે પ્રાંતના મે ઇ સાહેબ તે ઉપરથી પ્રાંતનું પત્રક બનાવી કાગળો સાથે આ તરફ મોકલશે તે ઉપરથી યોગ્ય તે થશે દર વર્ષે પત્રક કરવાનું નથી

૪ પરીક્ષા વખતે કસરતનું કામ કેવું ચાલે છે તે તથા જે શિક્ષક શીખવે છે તે કાયમ જોઇએ તેવો કુશળ છે કે કેમ તે હકીકત વાર્ષિકપરીક્ષાના રીપોર્ટમાં જણાવવાનો વહિવટ રાખવો તા ૩૦ મી માહે માર્ચ સન ૧૮૯૭ મુ કલોલ

J. A. DALAL.

હસમુખ ગોવિંદલાલ   વિદ્યાધિકારી

પરિપત્રક નં. ૪૪ સન ૧૮૯૬-૯૭

નવસારી અને અમરેલી એ બે પ્રાંત ખાતે એક એ ક્સ્પે-

કટર સાહેબની નીમણુંક છે તેને બદલે એ બે પ્રાંત ખાત્તે જુદા જુદા ઇન્સ્પેક્ટર સાહેબોની નીમણુંકો કરવાથી તે પ્રાંતો ખાતે બબે ડેપ્યુટીઓની જગાઓ છે તેને બદલે પ્રાંતવાર એક એક જગો રાખવામાં આવ્યાથી હવે નીચે પ્રમાણે તે પ્રાંતોને માટે હોદા રાખવામાં આવ્યા છે તો તા. ૧-૪-૯૭ થી લાગતાવળગતાએ એ હોદ્દે રીતસર લખાણ કરવાનો વહિવટ રાખવો.

નંબર.	પ્રાંત.	હોદો.	હાલ સદર સ્ટેશન.
૧	નવસારી.	ઇન્સ્પેક્ટર.	નવસારી.
૨	,,	ડેપ્યુટી.	,,
૩	અમરેલી.	ઇન્સ્પેક્ટર.	અમરેલી.
૪	,,	ડેપ્યુટી.	,,

વડોદરા પ્રાંત માટે એકસ્ટ્રા ડેપ્યુટીની નવી ઓફીસ તા. ૧-૪-૯૭ની ઉઘડવાની છે, ને તેમનું સદર સ્ટેશન વડોદરા રાખવામાં આવ્યું છે, તેમને ફક્ત પરીક્ષાનું કામ કરવાનું છે તો તે સંબંધે લખાણ કરવાની જરૂર પડે તો એ હોદ્દે લખવું. નીમણુંક વગેરે સંબંધી લખવું પડે તો વિભાગના ડેપ્યુટી તરફ લખવું. અભિપ્રાયને માટે લખાણ તેમણે પરીક્ષા લીધી હોય તો તેમની મારફત મોકલવાને હરકત નથી. તા. ૨૭ મી માહે માર્ચ સન. ૧૮૯૭ મુ. કલોલ.

J. A. DALAL.

દલસુખ ગોવિંદલાલ. વિદ્યાધિકારી.

વટહુકમ નં. ૪૫ ૧૮૯૬-૯૭.

સલામ દીગર લખવાનું કે એક શાળામાં એક કરતાં વધારે શિક્ષકો સાથે રજા ઉપર રહે છે એમ જાણવામાં આવ્યું છે. એક ઠેકાણે તો પહેલો અને બીજો આસિસ્ટંટ એ રીતે બંને જણ રજા ઉપર હતા. આ પ્રમાણે થવાથી શાળાના કામને અડચણ આવે એ સ્વાભાવિક છે, માટે એ પ્રમાણે થાય એ ઠીક નહીં. સબબ જણાવવાનું કે કંઈ આકસ્મિત બનાવ કે કંઇ જરૂરના કારણ સિવાય એક શાળાના એક કરતાં વધારે શિક્ષકોને સાથે ભર પગાર કપાતે રજા સિવાય બીજા કોઇ પણ પ્રકારની રજા ન આપવા લાગતાવળગતાઓએ વહીવટ હવે પછીથી રાખવો જોઇએ.

મુખ્ય માસ્તરે રજાની માગણીના રીપોર્ટમાં શાળાનો બોજો ગિ-
રાક રજા ઉપર છે કે કેમ તે હકીકત જણાવ્યા સિવાય રજાની માગણી
કરવી નહીં તેમ આસિસ્ટંટની કેઝ્યુઅલ રજા પોતાના અધિકારમાં છે
મંજુર કરવાની તેને માટે ઉપર પ્રમાણે અમલ કરવો. તા ૨૭ મી
માહે માર્ચ સન ૧૮૯૭ મુ કડોદ.

J. A. DALAL,
હરસુખ ગોવિંદલાલ. વિદ્યાધિકારી.

પરિક્રમ નં. ૪૭૮

ગ્રામ્યશાળાના ઘણા મહેતાજીઓ "કેળવણી" ચોપાનીયું ખરીદ કરતા નથી. સમજ ને લેવાની તેમને ફરજ પાડવાની બાબતમાં આવું સાલની અધિકારીઓની કમિટીમાં વિચાર થઈ ઠરાવ કરાવવામાં આવે છે કે—"કેળવણી" ચોપાનીઆમાં કેળવણી સંબંધી બાબતો હોવાથી આ ખાતાના શિક્ષકોને એ અગત્યનું છે, માટે દરેક ગ્રામ્યશાળાના મહેતાજીએ પોતાના ફંડમાંથી સદર ચોપાનીયું ખરીદ કરવું જોઈએ.

૨ આ પ્રમાણે ખરીદ કરેલા ચોપાનીયા સરકારી મીલકત ગણાશે, એટલે મહેતાજી નોકરી છોડી જાય અગર બદલી થાય ત્યારે આ ચોપાનીયા પોતાની ખાનગી મિલ્કત સાથે લઈ જઈ શકશે નહીં

૩ સદર ચોપાનીઆનું લવાજમ વગેરે વર્ષની શરૂઆતમાં એટલે કે દર ફાગણ સુદ ૧૦ સુધીમાં, જે સરકારી શાળાના મહેતાજી મારફત પોતાનું લવાજમ જવું આવતું હોય, તેના તરફ ગ્રામ્યશાળાના મહેતાજીએ મોકલી આપવી લેવી

૪ ઉપર પ્રમાણે સરકારી શાળાના મહેતાજી તરફ પૈસા આવે તે તેમણે ભુકી કરાવી તેના મેનેજર તરફ મોકલાવવા તજવીજ કરવી.

૫ જે સરકારીશાળા સાથે લવાજમ આપવા જવાનો સંબંધ હોય તેની મારફત ગ્રામ્યશાળાના મહેતાજીઓને ચોપાનીઆ પહોંચાડવા તેના મેનેજરે તજવીજ કરવી.

૬ ચોપાનીઆની માગણી વગેરેની કલમ ૬ ની હકીકત મેનેજરને જણાવવી જોઈએ

૭ ઉપર પ્રમાણે આ બાબતમાં લાગતાવળગતાઓ તરફથી અમલ થવો જોઈએ. તા ૩૧ માર્ચ સને ૧૮૯૭ મુ. કડોદ.

J. A. DALAL.
હરસુખ ગોવિંદલાલ. વિદ્યાધિકારી.

અહીંના નિબંધમાં દાખલ કરવાની જરૂર રહેશે નહીં. તા. ૨૨ માર્ચ સને ૧૮૯૭ મુ. વડોદરા

J. A. DALAL.
દલસુખ ગોવિંદલાલ.　　　　　　વિદ્યાધિકારી.

સરક્યુલર નં. ૫૩.

કારેલા સ. ગુ. શાળાના આસિસ્ટંટ આશાભાઇ પરશુદાસે તે શાળાના મહેતાજીની વિરૂદ્ધમાં મેમ્બરોના નામની અરજીઓ લખી તે શાળામાં ભણનાર વિદ્યાર્થીઓ પાસેથી મેમ્બરોના નામની સહીઓ કરાવી તેમજ શ્રીમંત મહારાજા સાહેબના સંબંધે અઘટિત શબ્દોવાળી મહેતાજીના નામવાળી તે શાળાના વિદ્યાર્થી હાથીભાઇ મુળજીભાઇએ અરજી કરી તેમાં પણ આસિ. આશાભાઇની ઉશ્કેરણી હોવાનું જણાઇ આવ્યું છે. તે ઉપરથી આસિસ્ટંટ આશાભાઇ પરશુદાસને આ ખાતામાંથી કમી કરવા તથા બીજી કોઇપણ જગાએ આ ખાતામાં દાખલ નહીં કરવા તથા અરજી લખનાર વિદ્યાર્થી હાથીભાઇ મુળજીભાઇને શાળામાંથી કાઢી મુકવા તથા ફરી કોઇ શાળામાં દાખલ નહી કરવા ઠરાવ કરવા આવ્યો છે માટે તે તે પ્રમાણે જેમણે તેમણે અમલ કરવો. તા. ૩૧ માર્ચ સને ૧૮૯૭ મુ. કલોલ.

J. A. DALAL.
દલસુખ ગોવિંદલાલ.　　　　　　વિદ્યાધિકારી.

સરક્યુલર નં. ૫૪

સર્વિસ બુકો ભરવા સબંધે સરક્યુલર નં. ૨૦ તા. ૧૯-૧૧-૯૧ નો કરવામાં આવેલો છે. તે બદલના કેટલાક પ્રશ્નો રા. રા. નવસારી અને અમરેલી પ્રાંતના એજ્યુ. ઇન્સ્પેકટર સાહેબ તરફ પુછાવેલા તે સબંધ મે. રા. બા. આકાઉન્ટન્ટ જનરલ સાહેબ તરફથી નં. ૯૯૮ થી ૧૬-૫-૯૨ ખુલાસા થયેલા છે અને તે પ્રમાણે અમલ થવા સારૂં પ્રાંતના રા. રા. એજ્યુ. ઇન્સ્પેકટર સાહેબો તરફ તે પ્રકરણ મોકલવામાં આવ્યું હતું, પરંતુ તે પ્રમાણે અમલ થતો જણાતો નથી. માટે બધે એક સરખો વહીવટ રહેવા સારૂ નીચે પ્રમાણે જણાવવામાં આવે છે.

૧ સર્વિસ બુકના આરંભે જે તપસીલ આપેલી છે તેની કલમ ૫ માં જે વય દાખલ કરવાની છે તે, સર્વિસ બુક જે તારીખે ભરવામાં આવે તે તારીખ સુધીની દાખલ કરવી અને જન્મ તારીખથી કઈ તારીખ સુધીની તે વય છે એ કોઠામાં લખવું.

૨ કલમ ૫ માં ફક્ત જન્મ તારીખ લખેલી હશે તો ચાલશે

નહી, પણ તેની સાથે માસ અને સન લખવાનો રીવાજ રાખવો.

૩ હાથે લખેલી અને આંકોને તૈયાર કરેલી સર્વિસ બુક ઉપયોગમાં આવશે નહીં સરકારમાંથી જે છાપેલી મળે છે તેમજ હકીકત ભરી તે પર સહીઓ થશે જેથી છાપેલી બુકો તમામ મહાલોમાંથી વેચાતી મળશે.

૪ આસિસ્ટંટોની સર્વિસ બુકના કોષ્ટક ૮ મા વર્ણુક બદલ જે શેરો લખવાનો છે તે હેડમાસ્તરે લખવો અને તે બદલની સહી પણ તેજ આમનમા તેમણે કરવી નોકરની બદલી થાય તે વખતે એવો શેરો લખવાનો હેડ માસ્તરે રીવાજ રાખવો.

કોષ્ટક ૯ મા જે સહી થવાની છે તે વર્ણુક બદલની નથી પણ નોકરી શરૂ થવા બદલની છે માટે તે કોણે વરિષ્ઠ અધિકારીની સહી કરવાનો જેમને અધિકાર છે તેમણે નોકરી શરૂ થતી વખતે સહી કરવી

૫ મહેતાજીની સર્વિસ બુકના કોષ્ટક ૮ મા જે વર્ણુંક બદલ શેરો કરવાનો છે તે તેમની એક ગામેથી બીજે ગામે બદલી થાય ત્યારે અગર નોકરીમા કાંઇ પણ ફેરફાર થાય તે વખતે જે તે પ્રાંતના ગ રા એજ્યુ ઇન્સ્પેકટર સાહેબે કરવો તથા આસન ૧૨મા સહી પણ તેમણેજ કરવી.

કોષ્ટક ૯મા જે સહી થવાની તે કલમ ૪મા બતાવ્યા પ્રમાણે જે તે અધિકારીએ સહી કરવી

સદરહુ સરક્યુલર આ ખાતાના તમામ નોકરોને લાગુ છે સબબ ઉપર પ્રમાણે અમલ જેમણે તેમણે કરવો તા. ૧ માહે એપ્રિલ સને ૧૮૯૫ મુ. કલોલ

J A DALAL
હસમુખ ગોવિંદલાલ. વિદ્યાધિકારી.

વટહુકમ નંબર ૫૫

નિબંધ ભાગ ૨ જાની કલમ ૩૭૪ મુજબ કોઇ પણ નોકરને બે કલાક સુધીની રજાનો લાભ એક માસમા કેટલા દિવસ આપવો તે નક્કી કરવાની બાબતમા ગાતુ સાલની અધિકારીઓની કમિટીમા વિચાર થઇ એવું ઠરાવવામા આવ્યુ છે કે—કોઇ પણ નોકર ઉપરની કલમ ૩૭૪ મુજબ એક માસમા બે દહાડે બે કલાક સુધીની રજા લે તો તે બે દિવસ તેને હાજર ગણવો, પરંતુ એક માસમાં બે દિવસ કરતાં વધારે દહાડા આ પ્રમાણે બે કલાક સુધીની રજા લે તો તે નોકરને હાજર ન ગણતા તે

સાલની અધિકારીઓની કમિટીમાં વિચાર ચાલેલો, તે વખતે એમ જણાયેલું કે—છોકરાંઓને વર્ગ ચઢાવવાની સત્તા મુખ્ય મહેતાજીને હોવાથી ગમે તેવા છોકરાને વર્ગ ચઢાવવાના દાખલા કેટલેક ઠેકાણે બને છે. ઘણા કાચા છોકરાને વર્ગ ચઢાવવાથી પરિણામને નુકશાન પોહોંચે છે, સબબ તે સંબંધમાં નિચે મુજબ ઠરાવવામાં આવ્યું છેઃ—

અ છઠ્ઠા ધોરણના બીજા વર્ષમાં કોઇ પણ નાપાસ થયેલા વિદ્યાર્થીને પરીક્ષક અધિકારીની લેખી પરવાનગી સિવાય લેવો નહી.

બ વગર ધોરણ અને પહેલા ધોરણ સિવાય બાકીના તમામ ધોરણોમાં કોઈ પણ બે વિષયમાં (હેડમાં) પસાર થયેલા વિદ્યાર્થીને ઉપલા ધોરણમાં ચઢાવવા.

ક જે શાળાઓમાં સંસ્કૃત વિષય ચાલતો હોય તે શાળાઓમાં તે વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થી કોઇ પણ બે વિષય (હેડ) માં પસાર હોય તો ઉપલા વર્ગમાં લેવો.

ડ ઉપરની કલમો વિરૂદ્ધ કોઇ વિદ્યાર્થીને વર્ગ ચઢાવવો હોય તો પરીક્ષક અધિકારીની લેખી મંઝુરી લેવી

ઉપર પ્રમાણે ઠરાવ્યું છે, સબબ તે પ્રમાણે મુખ્ય મેહેતાજીઓએ હવેથી અમલ કરવો. તા. ૨૨ માર્ચ સને ૧૮૯૭ મુ. વડોદરા.

J. A. DALAL.

દલસુખ ગોવિંદલાલ. ——— વિદ્યાધિકારી.

વટહુકમ નં. ૬૦.

મુખ્ય શિક્ષકે શાળાના દરેક કલાસની વિઝીટ કરવી જોઈએ, તેમાં કેટલો વખત ગાળવો અને તેની કેવી વ્યવસ્થા કરવી તે વિશે આ તરફથી સરક્યુલર નં. ૩૨ તા. ૨૮–૧૧–૯૫ નો થયેલો છે. તે પ્રમાણે એક તાલુકા સ્કૂલની ભેટ લેતાં બરાબર અમલ થયેલો છે એમ જણાયું; પરંતુ તેવી બીજી શાળામાં એવી સૂચનાની નોંધો વગેરે બીલકુલ રખાયું નથી, અને હેડમાસ્તરનું તેના ઉપર લક્ષ ગયું હોય તેમ પણ જણાતું નથી, અને તે બાબત ઉપર પરીક્ષક અધિકારીઓનું ધ્યાન ખેંચાયું હોય તેમ તપાસ કરતાં જણાયું નથી. માટે આ ફરીથી વટહુકમ કરવામાં આવે છે કે—ઉપર જણાવેલા સરક્યુલરમાં બતાવ્યા પ્રમાણે જેમણે તેમણે બરાબર અમલ કરવો અને તે પ્રમાણે અમલ થાય છે કે નહીં તે બાબત પરીક્ષક અધિકારીઓએ ખાસ કાળજી રાખી તપાસ કરતાં રહેવું. તા. ૮ એપ્રીલ ૧૮૯૭ મુ. વિશનગર.

J. A. DALAL.

દલસુખ ગોવિંદલાલ. ——— વિદ્યાધિકારી.

સરક્યુલર નં. ૬૧ ૧૮૯૬-૯૭.

ડિસ્ટ્રિક્ટમાં ફરતાં કેટલીક કન્યાશાળાઓની ભેટ લેવામાં આવી તેમાં એમ જણાઇ આવ્યું છે કે—કન્યાશાળાઓમાં કન્યાઓની સંખ્યા વધારવા લોકોને કન્યાઓને કેળવણીથી થતા ફાયદા સમજાવી બોધ આપવાનો પ્રયત્ન શિક્ષકો તરફથી જોઇએ તેવો થતો નથી સબબ જણાવવાનું કે—તે પ્રમાણે બોધ કરી સંખ્યા વધારવા શિક્ષકોએ પ્રયત્ન કરવો જોઇએ.

સંબંધ વધારવાને જે શિક્ષકો મહેનત કરે તે બદલ યોગ્ય જણાય તો તેમને ઈનામ, કમીશન વગેરે આપવા પરીક્ષક અધિકારીએ વાર્ષિક પરીક્ષાના રિપોર્ટમાં ભલામણ કરવી.

જે કન્યાશાળામાં પુરૂષ શિક્ષક હોય તે શાળામાં ૧૨ વર્ષ સુધીની કન્યાઓને રાખવા નિયમ ભાગ ૨ જાની કલમ ૯૭ ની પેટા કલમ ક મા જણાવેલ છે પણ બને કેટલેક ઠેકાણે જોવામાં એમ આવ્યું કે હવે કેળવણીનો પ્રસાર થવાથી કન્યાઓના માબાપ જે શાળામાં ભરોસાવાળો પુરૂષ શિક્ષક હોય ત્યાં તેવી મોટી ઉમરની કન્યાઓને પણ ખુશીથી મોકલે છે આ પ્રમાણે થવું ઘણું ફાયદાકારક છે, વળી એજ્યુકેશન ઓફિસરના કહેવા એમ હતું કે "ફરજીયાત નિયમ કરતા વધારે ઉમરની કન્યાને રાખવા કરવી એ ઠરાવ વિરૂદ્ધ છે માટે એનો અમલ કન્યાને બહાલ તજવીજ કરવામાં આવશે " પણ એમ કરવાની કંઇ જરૂર નથી જ્યાં સુધી મોટી ઉમરની છોકરીઓ આવે તો હાલના નિયમનો બાધ ન લેતાં આવવા દેવી જોઈએ કે જેથી તેમને કેળવણી લેવાને હરકત થાય નહિ પણ શિક્ષકના વર્તણુક વગેરે ઉપર અધિકારીઓએ વખતો વખત વિચાર લક્ષ આપતા રહેવું

કન્યાશાળાના ઉપલા ધોરણોમાં મોટા મોટા વિષય શીખવવામાં આવે છે (જેમકે મોટી ઉપલા ધોરણમાં નફાનું ગણિત નામના હુંડી) તે કળા નામનો કે કેમ વ્યાવહારિક જ્ઞાન છોકરીઓથી નરદમ બધું શીખી શકાતું નથી એવી બે ત્રણ મોટી કન્યાશાળાઓના શિક્ષકની અરજી આવી છે જ આ વિશે નીચે ધોરણ આગળ ચાલતા નથી ફેરફાર કરવામાં આવશે પણ તે દરમ્યાન ઇન્સ્પેક્ટરોને બાબતથી લાગે તેવા ફેરફાર અમુક શાળાઓને માટે અમારી મંજુરી લઈને કરવા હરકત નથી. મોટા ગણિતમાંથી 'ઇજારાના વહીવટ' એવું ગણિત નામનું શીખવવા કરતાં હુંડીઓ, નફા, ભરતગુંથણ, અને ઉત્તમ પ્રકારનું શિવણ ઉપલા ધોરણોમાં દાખલ થાય અને તેના માટે ટાઈમ ટેબલમાં વધારે વખત રોકવામાં આવે. અને તેવું શીખવી શકે એવા શિક્ષકો દાખલ કરવામાં આવે તો વધારે ફાયદો છે. માટે દરેક એજ્યુ. ઈન્સ્પેક્ટર સાહેબોએ એ ઉપર લક્ષ આપવું તા. ૮ એપ્રીલ સન ૧૯૦૭ મુ. વિસનગર.

J. A. DALAL
વિદ્યાધિકારી.

હસમુખ ગોવિંદલાલ

હુકમ નં. ૬૨.

શાળાનો પગાર લેઈ ટ્રેનિંગ સ્કુલમાં શિખવા ગયેલા આસિસ્ટંટો પૈકી જેઓ પહેલા વર્ષમાં પાસ થઈ બીજા વર્ષમાં અભ્યાસ કરતા રહે તો તેમનું રાજીનામું લેવું કે નહિ આપવી ને નક્કી થવા માટે આવું ખાતાના અધિકારીઓની કમીટીમાં વિચાર થઈ તે સંબંધમાં ઉપર નીચે મુજબ ઠરાવવામાં આવ્યું છે—

૧ આવું નિયમ મુજબ આવા શિક્ષકોને શાળાનો પગાર લેઈ એક વર્ષ સુધી ટ્રેનિંગ સ્કુલમાં ભણવા મોકલી શકાય

૨ ઉપર પ્રમાણે મોકલેલા આસિસ્ટંટો પૈકી જેઓ પહેલા વર્ષમાં પાસ થઈ બીજા વર્ષમાં અભ્યાસ કરવા ટ્રેનિંગ સ્કુલમાં જારી રહે તો તેમને એક વર્ષની બારપગાર પગાર કપાતે રજા

યોગ્ય અધિકારીએ તેમની માગણી ઉપરથી શાળાની જગ્યા ઉપરથી આપવી.

૩ આવે પ્રસંગે પહેલા વર્ગની પરીક્ષા પૂરી થાય કે તરત તેવા આસિસ્ટંટોએ વડોદરા કલાભવનના મેહેરબાન પ્રિન્સિપાલ સાહેબની સહીનો દાખલો મેળવી પોતાની નોકરી ઉપર હાજર થવુ; અને ટ્રેનિંગ સ્કૂલની પરીક્ષાનુ પરિણામ જણાયે પસાર થયેલા હોય તેઓએ ઉપરની કલમ ૨ મુજબ રજા લેવા તજવીજ કરવી.

૪ ઉપર કરતાં વધારે રજા તેમને મળશે નહી

ઉપર મુજબ લાગતાવળગતાઓ તરફથી અમલ થવો જોઇએ.

તા ૨૨ માર્ચ સન ૧૮૯૭ મુ વડોદરા J. A. DALAL.
વિદ્યાધિકારી

દેશીકેળવણીખાતું. પ. નં. ૩૯૪.

મોજે વરણામા તાલુકે વડોદરા ગામના લોકોએ ગામ ઉઘરાણું કરી વિદ્યાને ઉત્તેજન આપવા સારૂ રૂ ૧૦૦) અંકે સો બાબાસાઇની રકમ એકઠી કરી તે રકમ મજકુરના રહીશ મા. હાળીદાસ ઇંદરભાઈની દુકાનના વહીવટ કરનાર પટેલ છોટાભાઇ શામળભાઇની દુકાને ૬૨ વરસે રૂ ૭) સાત બાબાશાઇના વ્યાજે મૂક્યા છે અને તે ફક્ત વ્યાજના આઠ રૂપિઆ દરસાલ વાર્ષિક પરિક્ષા વખતે સદરની સરકારી સાળામા પાસ થયેલા વિદ્યાર્થીઓને ઉત્તેજન તરીકે ઇનામ આપવાના કામમા વાપરવા એમ ઠરાવ્યુ છે આવી રીતે વિદ્યાને ઉત્તેજન આપવાના કામમા ગામ લોકોએ ઉત્સાહ બતાવ્યો છે એ ઘણી સંતોષની વાત છે. અને આવો દાખલો લઇ બીજા ગામના લોકો વિદ્યાને ઉત્તેજન આપવામાં મદદ કરશે એવી આશા રાખવામા આવે છે. તા. ૨૬ માર્ચ સન ૧૮૯૭ મુ કલોલ. J. A. DALAL.

દલસુખ ગોવિંદલાલ. વિદ્યાધિકારી.

વરહુકમ નં. ૬૩.

આ રાજ્યની દીવાની, કે બીજી કોઇ કોર્ટમાં શાળાના કોઇ દફતર સાથે હાજર થવા મુખ્ય મેહેતાજી ઉપર સમન્સ આવવાથી તે પ્રમાણે ગયા હોય અને અસલ દફતર તે કોર્ટ માગે તો આપવું કે શી રીતે, તે બાબત ચાલુ સાલની અધિકારીઓની કમિટીમા વિચાર ચાલ્યો હતો આ બાબતમાં શાળા ખાતાના અધિકારીઓ તથા મુખ્ય મેહેતાજીઓને જણાવવાનુ કે—ઉપર જણાવેલી કોર્ટો તરફથી સમન્સ આવે તેમા જણાવ્યા મુજબ દફતર કે કાગળ લેઇ જેને હાજર થવા લખ્યુ હોય તેણે તે કોર્ટમા તે સાથે જવુ જોઇએ. કોર્ટના અધિકારી તરફથી તે અસલ દફતર કે કાગળની માગણી કામમા સામેલ રહેવા માટે થાય તો તેવે વખતે તેની નકલ પોતાની સહી સાથે આપવાનું જરૂર કરવું; તેમ છતા પણ કોર્ટને અસલ કાગળ કે દફતરની જરૂર લાગે તો તે આપવા હરકત નથી. અસલ કાગળ કે દફતર જે કોર્ટમા આપવામાં આવે તે બાબતનો તરત લેખી રીપોર્ટ આ તરફ કરવો જોઇએ. અસલ દફતર કે કાગળો આપવામા આવે તેની પહોંચ રીતસર લેવી જોઇએ. તા. ૨૨ માર્ચ સને ૧૮૯૭ મુ. વડોદરા.

J. A. DALAL
વિદ્યાધિકારી.

દલસુખ ગોવિંદલાલ.

પ્રસિદ્ધિપત્ર.

ખાસ કરીને વડોદરા કેળવણીખાતાને ઉપયોગી થાય એ હેતુથી આ ચોપાન્યું પ્રસિદ્ધ કરવામાં આવે છે. તોપણ હરકોઈ રાજ્યમાં શિક્ષકનું કામ કરનાર તેમજ અન્ય લોકોને પણ સામાન્યરીતે તે કામનું થઈ પડે એવા ઉપયોગી કરી છે.

ચોપાન્યું હિંદુ માસની શરૂઆતમાં પ્રગટ થશે અને દર પોસ્ટેજ [illegible] રૂ. [illegible] લેવામાં આવ્યો છે; તથા કેળવણી ખાતામાં અને બીજા [illegible] ખાતાના નોકરોને તથા ગામઠી નિશાળના માસ્તરોને તેમજ ટ્રેનિંગકૉલેજના સ્કૉલરોને તેનો લાભ મળે એટલા માટે તેમને રૂપિયા દશ અને તેની અંદર પગાર મળતો હશે તેમને તે બાબતની ખાત્રી કરી આપેથી [illegible] વરિકે ફક્ત આઠ આના અગાઉથી મોકલશે તો આ ચોપાન્યું મોકલવામાં આવશે. બહાર ગામના ગ્રાહકોએ મનીઑર્ડરથી [illegible] મોકલવા. છુટક નકલ [illegible] ના [illegible] આના લેવામાં આવશે.

છાપવા મોકલેલું લખાણ એક બાજુએ કાગળની એકજ બાજુએ લખવું. જે લખાણ માસમાં છાપવા લાયક ન હોય તે પાછું મોકલવા બંધાતા નથી. જેથી જરૂર હોય તો મોકલનારે પોતાને ખરચે મંગાવી લેવા તજવીજ કરવી. આ ચોપાન્યામાં [illegible] લેખ ખાસ વિષયો મોકલનારને તેમની ઇચ્છા હશે તો તે યોગ્ય બદલે પૈસા આપવામાં આવશે માટે તેમણે એ બાબત વિશેષ કાંઈ ખુલાસો મેળવવો. છાપવા લાયક નિબંધો પ્રશ્નો વગેરે કેળવણીને લગતા વિષયો ઉપર પ્રથમ ધ્યાન આપવામાં આવશે.

જાહેરખબરો છાપવાના ભાવ.

રૂ.	લીટી
૦॥	૨
૧	૪
૧॥	૭
૨	૧૧
૨॥	૧૫
૩	૨૦

[illegible] ખાસ લાગટ [illegible] [illegible] પ્રથમ [illegible] ચાર્જ અને તે પછી ના અગિયાર મહિના સુધી [illegible] ચાર્જ પડશે બાર મહિના પછી જોઈતી [illegible] હશે તો પહેલે મહિને [illegible] ચાર્જ અને પછીને દર મહિને [illegible] ચાર્જ લેવાશે.

એ ઉપરાંતની લાઈન દરેક પ્રમાણેસર.

ટપાલથી લેખો લેવાના દર.

[illegible] તોલા સુધીના હશે તો	રૂ. [illegible]
[illegible] તોલા સુધીના હશે તો	[illegible]
[illegible] તોલા સુધીના હશે તો	રૂ. [illegible]

એ વિષયોને માટે [illegible] મળી શકશે.

[illegible] ત્રિમાસિકમાં [illegible] [illegible] નામ, ઠામ [illegible] આપવાનું [illegible] તે [illegible] [illegible] [illegible] નહિ.

[illegible] નવીને [illegible] [illegible] કરવામાં આવશે નહિ.

[illegible] [illegible] નર્મદાશંકર [illegible] ભટ્ટ.

[illegible]

श्री.

संवत १९५३. जेष्ठ.

केळवणी

पुस्तक ९ मुं अंक–८ मो.

પ્રસિદ્ધકર્તા

છોટાલાલ નર્ભેરામ ભટ્ટ.

વડોદરા

“ વિજયપ્રકાશ ” માં છાપ્યું.

ઈ. સ. ૧૮૯૭

अनुक्रमणिका.

વિષયો	પૃષ્ઠ
૧. વિદ્યા	૧૪૧
૨. શાળામાં વિદ્યાર્થીઓની હાજરી...	૧૪૩
૩ પૃથ્વીનું વજન.	૧૪૪
૪. દોલતાબાદનો કિલ્લો...	૧૪૬
૫ સ્ત્રી વર્ગ ઉપર પડતા સંકટોમાં રોયે અને વિપત્તિમાં ધૈર્ય રાખવા વિષે	૧૪૮
૬. સ્પર્ધા	૧૫૨
૭. લશ્કરી કવાયત	૧૫૪
૮. સુશિક્ષક.	૧૫૫
૯ ઈનામ પત્રાકો.	૧૫૧
• દેની કેળવણી ખાતું	૪૪

विज्ञापना.

કેળવણીનો અંક મોડામાં મોડો પૂનમ સુધીમાં ન મળે તેમણે જે તે માસ પૂરો થતા અગાઉ પરબાર્યું અમારા તરફ લખી જણાવવા તસદી લેવી, એટલે યોગ્ય ખુલાસો વખતોવખત આપવામાં આવશે. પૂનમ પછી લખનારને અંક સિલક હશે તોજ મળી શકશે

જેમના ગામમાં ટપાલ ન આવતી હોય તેમના અંકો કયી શાળાની કે પોસ્ટની મારફતે મોકલવાથી તેમને જલદી મળશે તે પણ જણાવવું. શાળા ટ્રાન્સફર થાય કે તરતજ ખબર આપવી

મેનેજર.

हिंदुस्तानना इतिहासनी पूर्ण नोट.

અંગ્રેજી-ગુજરાતી તથા ગુજરાતી સ્કૂલોના ઉપલા ધોરણો તેમજ અર્વ પરીક્ષા માટે અતિ ઉપયોગી પ્રકરણ ૪૫. પૃ૦ ૧૩૬ દરેક મોટા રાજ્યના મુખ્ય બનાવો, વંશાવળી, લડાઈઓ, ૧૦૦૦ સાલવાર બનાવો, રાજ્યાની પડતીના કારણ, વિગ્રહ, ઑર્ડર, મુકામથા મહાન પુરૂષોના વૃત્તાંત, અંગ્રેજના મુલકો, પરસ્પરણ ઉપયોગી, વિગેરે વિ. કીંમત ૪॥ આના. રૂ. ની પાંચ. વધુ માટે ૪૦ ટકા ત્રીજી આવૃત્તિ.

શિવાજી મહારાષ્ટ્રના વીરશ્રેષ્ઠ, હિંદુધર્મ સંરક્ષક ને રાજ્યસ્થાપક ગૌબ્રાહ્મણ પ્રતિપાલક થયા પ્રથમ છત્રપતિની વીરરસ રસીક નોવેલની બીજી આવૃત્તિ. ડેમી આઠ પેજી પૃષ્ઠ ૨૮૮ બોર્ડનું પૂંઠું. કિંમત રૂપીઓ એક. માસ્તરો તથા વિદ્યાર્થીઓને બાર આના. પોસ્ટેજ બે આના

માણેકલાલ એન. નાણાવટી
મો. હિ. સભાની અંગ્રેજી સ્કુલ—ભરૂચ.

केळवणी.

दोहरो

अर्थ मळे मळे धर्म मनाय, ज्ञान मळे सनमान पमाये;
प्रीति वधे प्रसरे जश मारो, ए शिशुशिक्षण धर्म अमारो.

પુસ્તક ૬ મું. જેઠ સંવત ૧૯૫૩. અંક ૮ મો.

विद्या.

દોહરો

કેળવજો મન માનથી, મહિ કેળવણી સાર,
આ "કેળવણી" હર ઘડી, જાણતનો ક્યે પાર. ૧.

ઉધાર છંદ

વિદ્યાભણું જન ધરિ પ્રીતિ, જગમા મેળવે સત્કીર્તિ,
ટળશે દુઃખની સહુ ભીતિ, ભણશે ન્યાય નીતિ રીતિ. ૧

વિદ્યાથી કરે જન શોધ, મળશે જ્ઞાનનો સદ્બોધ,
વિદ્યાથી મળે અનોખ. વિદ્યાની ઝળકે પ્રદીપ ૨

વિદ્યા મેળવે અતિમાન, રિદ્ધી સિદ્ધિ ફળ ને પાન;
જેણે નવ ગ્રહ્યું એ દાન, જન તે જાણવો નાદાન. ૩

ગ્રહગણુ સૂર્ય ચંદ્ર અપાર, તેનો પામિયા સહુ પાર;
કીધી ગણતિ અન્ય અમાપ, તે સૌ જ્ઞાનનોજ પ્રતાપ. ૪

વિદ્યા નવ ભણ્યો જન જેહ, પશુ સમ ફરે ભૂપર તેહ;
વિદ્દદ્ગણમાં ન મનાય, જન તે મૂર્ખમાંજ ગણાય. ૫

વિદ્યારૂપી જળનો કૂપ, જેણે પાન કીધું અનૂપ;
(જો) તે કદી રંક બનશે ભૂપ, મિલશે પ્રૌઢ તેનું રૂપ. ૬

વિદ્યાથી મળે ઉર શાન્તિ, વિદ્યાથી ટળે સૈ ભ્રાન્તિ;
વિદ્યા દૂર કરશે ક્રોધ, જ્હાળે દુખતણો અવરોધ. ૭

નિર્ધન હોય જો વિદ્વાન, તોપણ પામશે જગમાન;
નૃપતિ જો કદી અજ્ઞાન, પામે લેશ નહિ સંન્માન. ૮

નૃપ નિજ દેશ મધ્ય પુજાય, જ્ઞાની સર્વ દેશ પૂજાય;
વિદ્યાનોજ એ મહિમાય, મુખથી વર્ણવ્યો નવ જાય. ૯

સાધન મંત્ર તંત્રો પ્રકાશ, જંત્રો આદિ ઇંદરજાળ;
પ્રાણાયામ આદિક યોગ, જાણવા અન્ય સર્વ પ્રયોગ. ૧૦

ટેલીફોન ટેલિગ્રામ, અગ્નિરથતણો આયામ;
નિરખો બલુનનું અતિમાન, જાણે ઇંદ્રનું વૈમાન. ૧૧

ધારેલે સ્થળે લઇ જાય, પળમાં ઘણો મેલ પળાય;
લાખ્ખો અન્ય એવા ખેલ, જ્ઞાનીતણે મન સૈ સ્હેલ. ૧૨

શાસ્ત્રો વેદ ને પુરાણ, બાઇબલ પાઠ ને કૂરાન;
ભારત સ્મૃતી શ્રુતિનું જ્ઞાન, વિદ્યા બળે લ્યો અતિ લ્હાણ. ૧૩

વિદ્યા જે ભણે નર નાર, તેનો સુધરે સંસાર;
તેનું દુઃખ દૂર પળાય, અંતે મોક્ષ તેનો થાય. ૧૪

ગીતિ

આવે 'અણુગે' વિઘ્ન, ભવસાગર પાર ઊતરી જાશે
કરશે સ્મરણ હરીનું, નિશ્ચય તમ તેનું હર સહુ થાશે ૧૫

શિવલાલ નરભેરામ ભ.

શાળામાં વિદ્યાર્થીઓની હાજરી.

નિશાળમાં વિદ્યાર્થીઓની હાજરી નિયમિત રાખવાની ઘણી જરૂર છે. કેમકે હાજરી ઉપર લગભગ બધો શિક્ષણનો આધાર છે. શિક્ષક શીખવવામાં ગમે તેવો હોશિયાર હોય પણ હાજરી સારી ન રહેતા શિક્ષકનો શ્રમ નકામો લાગે છે અને શાળા [illegible] જાય છે પણ જો હાજરી સારી રહેતી હોય તો શિક્ષક શીખવવામાં ઉત્સાહી અને આનંદી રહે છે અને તેથી શાળા આબાદ થાય છે.

હાજરીના પ્રકાર-હાજરી બે પ્રકારની છે (૧) વખતસર હાજર રહેવું અને (૨) હમેશાં હાજર રહેવું આ બેઉ જાતની હાજરી ઉપર શિક્ષકોએ ધ્યાન આપવાનું છે. પ્રથમ આપણે પહેલી બાબત ઉપર દૃષ્ટિ કરીએ.

હમેશાં ન આવે તેના કરતાં વખતસર ન આવે એવા વિદ્યાર્થીઓથી શાળાને વધારે નુકસાન થાય છે એમ હું ધારું છું, કેમકે આખા દિવસ ન આવનાર છોકરો પોતે એકલો નુકસાન ખમે છે પણ વખતસર ન આવનાર [illegible] તો બીજાને નુકસાન આપે છે. એ ઉપરાંત મોડા હાજર રહેનાર [illegible] પણ [illegible] કેમકે પાઠ ચાલતા વચ્ચે એ મોડો આવે તેથી શિક્ષકનું [illegible] શીખવવામાં વિઘ્ન પડે અને તે બધા છોકરાઓને ભોગવવું પડે. માટે [illegible] આ પ્રમાણે [illegible] શિક્ષક [illegible] દિવસે તેના [illegible] વિદ્યાર્થીઓ વખતસર હાજર રહે એમ કરવાની ઘણી જરૂર છે. તેમ શા રીતે થઈ શકે તેના ઉપાયો સામાન્ય નિયમો તરીકે [illegible] આપ્યા છે. તે ઉપર વિચાર કરી હાજરી સારી રાખવા પ્રયત્ન કરી શકાય.

૧. શિક્ષકે જાતે પ્રથમ વખતસર હાજર રહેવું.
૨. પહેલો પાઠ રસિક, અગત્યનો અને છોકરાઓ જેને [illegible] હોય તેવો હોવો જોઈએ.
૩. દરેક કામ વખતસર કરવાની ટેવ પાડવી જોઈએ.
૪. નિશાળમાં [illegible] વખત મુકરર [illegible] મોડા આવે તો

ડુંગરી ટેકરી ઉપર પીતળની એક તોપ મૂકેલી છે. એ તોપ સલામીની અથવા ઉજાન કરવાની છે. એ તોપ ત્યાં ગોઠવવાનું કામ ઘણું કઠણ હતું; તે કોઇથી બનશે નહિ, એમ સહુને લાગતું હતું. પરંતુ કોઈ એક મોટા કારીગર ઉપર કાંઈ આરોપ આવેલો હોવાથી તેને ત્યાં કેદમાં રાખ્યો હતો તેને છોડી મૂકવાનું અભય વચન આપીને તેની પાસે એ કામ કરાવ્યું હતું.

દોલતાબાદનો કિલ્લો એક વખત હાથ લાગ્યો એટલે કયો માણસ કેટલો પ્રબળ થશે એનો નિશ્ચય નથી, એમ બાદશાહને લાગતું, તેથી કરીને તેની ઉપર ઘણો બંદોબસ્ત રાખવો પડતો. તે એવો કે જેને દોલતાબાદની સુબેદારી આપવામાં આવતી તેની પાસેથી પહેલો આ કરાર કરાવી લેતા કે તેણે પોતાના કુટુંબનાં સઘળાં માણસને હૈદ્રાબાદમાં ઓળના માણસો તરીકે રાખવાં જોઇએ અને એવા સુબેદારના વર્તવામાં જરા કાંઈ તફાવત માલમ પડયો કે તે માણસોના જીવનું આવી બન્યુંજ, એવો ભય રહેતો. અકબર અને જહાંગીર એમની કારકિર્દીમાં આ દોલતાબાદમાં ત્રણ વર્ષ કરતાં વધારે વખત કોઈ સુબેદારને રહેવા દેતા નહિ.

स्त्रीवर्ग उपर पडतां संकटोमां शौर्य अने विपत्तिमां धैर्य राखवा विषे.

(લખનાર—બેનજી હરિગર, પાટણ સ. ગુ. ક.શા. હેડમિસ્ટ્રેસ.)

પ્રિય બહેનો! આજનો દિવસ મંગળકારી છે; કારણ આપણ સર્વને જે સદ્ગુણો પૈસા ખરચતાં પણ મળવા દુર્લભ છે તેવા સદ્ગુણો તથા એક બીજાના વિચારો ભાષણદ્વારા જણાવી એક બીજાને ઉપયોગી થઇ પડવાનો આવો સુખદાયક સમય કૃપાધીશ મહારાજાધિરાજ સયાજીરાવે આપ્યો છે કે જે ખરેખર આપણી આ ભારતભૂમિની ચડતી અને સુખનું મુખ્ય કારણ છે. તો મારી પ્રિય બહેનો, આ ક્ષણે આપણે ખરેખર શ્રીમંત કૃપાળુ મહારાજાનો ખરા મનથી જેટલો આભાર માનીએ તેટલો થોડો જ છે; માટે મારી સદ્ગુણી બહેનો, આપણી સઘળી બેહેનોએ એક મોટે અવાજે ગર્જના કરવી કે "મહારાજા શ્રીસયાજીરાવનો જય થાઓ, જય થાઓ." મારી સુજ્ઞ બેહેનો મારું શરીર માંદગીને લીધે ઘણુંજ અશક્ત છે તે આપ સઘળી બેહેનો જુઓછોજ અને આમાંની ઘણીખરી બેહેનોને મારા શરીરને માટે ખેદ પણ થાયછે. તોપણ સેવા બજાવવી એમ ધારી હું આજ "સ્ત્રીઓએ સંકટ વખતે શૌર્ય એટલે હિંમત—બહાદુરી—હોશિઆરી રાખવી, અને વિપત્તિમાં એટલે નિર્ધન અવસ્થામાં ધીરજ રાખવી એ વિષે બે બોલ બોલવા રજા માગુંછું; તો સભાસદ પ્રિય બેહેનો, આ મારા બે શબ્દોમાં મારી અલ્પ મતિથી થયેલી ભૂલચૂકને માટે માફી આપશો એવી આશા રાખું છું.

સુજ્ઞ બેહેનો ! આ સંસારમાં સ્ત્રીઓ ઉપર જેવા સંકટો આવી પડેછે, તેવા પુરૂષો ઉપર આવવાનો સંભવ થોડોજ હોયછે વળી સ્ત્રીઓના ઉપર પડતા સંકટો એવા હોયછે કે જો તેવી વખતમાં હિંમત ના રાખે તો જરૂર તેને આત્મહત્યા કરવી પડે તે જો આત્મહત્યા કરી પોતાના જીવનો નાશ કરેછે તો પછી પરમ કૃપાળુ ઇશ્વરને ત્યાં પણ ક્યાથી મુક્તિ મળે વારૂ ? નજ મળે અને કહ્યુંછે કે ' આત્મઘાતી મહાપાપી " આત્મહત્યા કરનારને મુક્તિ ન મળે એટલુંજ નહિ, પણ તે નરકનું અધિકારી થાય માટે મારી પ્રિય બેહેનો ! આપણી સ્ત્રીજાતિ ઉપર જે જે સંકટોને વિપત્તિ આવી પડે તે તે સર્વે ઇશ્વર ઉપર આધાર રાખી સહન કરે જવુ, આવી મારી વિનતિ આ બિરાજેલી બેહેનો પ્રત્યેછે; નહિતો બેહેનો ! આપણે ઘણીખરી વખત જોઇએ છીએ ને સાંભળીએ છીએ કે ઘણીખરી સ્ત્રીઓને તેમના ઘરમાં સાસુ, નણંદ, દેરાણી, જેઠાણી, કે પોતાના સ્વામી સાથે તકરાર થાય તો લાગલી કુવામાં પડવા કે ઝેર ખાવા તૈયાર થઇ જાયછે, ને કેટલીક તો તેમ કરીને પોતાનો જીવ ખોઇ આત્મહત્યા કરેછે એને માટે જો દાખલો જાણવો હોય તો હાલ થોડાક મહિના ઉપર આપણા આનંદકુવાના ટોકરા કુબેરભાઇની સ્ત્રી ઘરમાં સાસુવહુને બોલવું થવાથી કુવામાં પડવા ગયેલા, ત્યાંથી સમજાવી લાવેલાં. એવીજ રીતે કોઈ એક બ્રાહ્મણી બાઇ દામોદર નામના કુવામાં પડી મૃત્યુ પામી. માટે મારી પ્રિય બેહેનો ! એમ નહિ કરતા આપણે માથે જે જે સંકટો ને વિપત્તિ પડે તો ઇશ્વર ઉપર આધાર રાખી સહન કરે જવુ એ વિષે કવિતામાં કહ્યુંછે કે "મહાકષ્ટ કાળે ઘણુ ધૈર્ય ધારો" માટે પ્રિય બેહેનો ! આપણી સ્ત્રીજાતિ ઉપર જે જે સંકટો ને વિપત્તિ પડે તો તે ઇશ્વર ઉપર આધાર રાખી સહન કરવા અને એવા પડતાં સંકટો વખતે ધૈર્ય રાખી શૌર્ય બતાવવું. અને એમ કરીએ ત્યારેજ આ દુનિઆમાં જન્મ લીધો ખરો કહેવાય

સ્ત્રીએ શૌર્ય બતાવેલું તેને માટે પણ તાજોજ અને હમણા બનેલો દાખલો માલમ્યો છે, અને તેની અત્રે પધારેલ બેહેનો પૈકી કોઇકને ખબર પણ પડી હશે, તોપણ તે દાખલાથી હું ધારૂં છું કે ઘણીખરી બેહેનો અજાણ હશેજ તો તે દાખલો એ છે કે:– કોઇ એક સ્ત્રી હમણા થોડાક મહિના ઉપર એના બાપને ઘેરથી આગગાડીમાં બેસી પોતાના એકના એક બાળક પુત્ર સાથે પોતાના પતિને ઘેર જવા નીકળી હતી પછી કોઇ એક સ્ટેશન આગળ એને ટીકીટ બદલાવવાની હોવાથી તે સ્ટેશને ઉતરી ટીકીટ બદલાવવા જતા ટીકીટમાસ્તરની નજરે પડી. એ બાઇ પાસે આસરે હજારેકના દાગીના હતા તેથી પેલા તારમાસ્તર તથા ટીકીટમાસ્તર વગેરે બધાએ સંપ કરી ટીકીટ આપવા વિલંબ કર્યો જેથી ગાડી ઉપડી ગઈ ત્યાર પછી પેલા દુષ્ટોએ તે બાઇને ઓરડીમાં બોલાવી દાગીના ઉતારવા કહ્યુ એટલે તે સ્ત્રીએ ના પાડી હવે આવી વખતે એ બાઇએ કેવી રીતે શૌર્ય બતાવ્યું તે સાંભળો – પેલા લોકોને તે બાઇએ એવી ધમકી આપી કે "બાઇ મારે જરા એકી જવું છે અને એમ કરતાં જો તમને પ્રતીત ન આવતી હોય તો આ બાળક પણ તમારી પાસે મકુંછું: પછી તો નહિ જ- ની રહું !" એમ કહેવાથીને સ્ત્રીને બહાર અટ- દીધી બહાર નીકળતા વત તે બાઇએ એકદમ તે ઓરડીના બારણા બા'રથી સાંકળ વાસી દીધી પેલા દુષ્ટ-

એ તેને ધમકી ઘણી બતાવી પણ તે બાઇએ ધમકીની દરકાર ન કરવાથી તે દુષ્ટોએ કહ્યું, બારણું ઉઘાડ, નહિતો આ તારા બાળકના ચૂરેચૂરા કરી નાખીશું. તોપણ તે બાઇએ જાણે કે પોતાના એકના એક છોકરાનો મરણ કાળ આવ્યો જાણ્યો છતાં દુષ્ટોને ખરી રીતે ખરો હાથ બતાવવો એમ ધારી બારણું ન ઉઘાડ્યું.

છેવટ તે લોકોએ છોકરાના ચૂરેચૂરા કરી જાળીમાંથી બતાવ્યા તો કહો બેહેનો! આ વખતે તે બાઇએ કેવી ધીરજ અને હિમ્મત રાખી હશે! છેવટ એ દુષ્ટોને ફાંસીનાં લાકડાં જોવાં પડ્યાં. વળી એવીજ રીતે આગળના વખતમાં ઘણી સ્ત્રીઓએ પોતાના ઉપર પડતાં સંકટોમાં શૌર્ય અને વિપત્તિમાં ધૈર્ય રાખેલું છે. જેમ કે સીતાને જે વખતે રાવણ ઉંચકી લઇ ગયો અને એમને અશોક વાડીમાં રાખ્યાં હતાં ને વખતે ત્યાં એમની ચોકી કરવાને જે રાક્ષસીઓ રાખી હતી ને રાક્ષસીઓએ એ સીતા માતાને શું થોડાં સંકટ પાડ્યાં હતાં? તોપણ પોતે હિંમત નહિ હારતાં પોતાના શૌર્ય; વડે રામચંદ્રજીના આવતાં સુધી કેવાં ટકી રહ્યાં હતાં! એવીજ રીતે લીલાવતી. જુઓ એક વખત તેનો સ્વામી લીલાવતી સુઇ રહી હતી તે વખતે તેનું બધું ઘરાણું ગાંઠું લઈ ગુણકાને ઘેર જતો રહ્યો. હવે ગુણકાના પાશમાંથી તેને પોતાના શૌર્યવડે કેવી રીતે છોડાવ્યો છે! પોતે મહિયારી થઇ દૂધ વેચવા જાય વગેરે કેટલાં સંકટો એના ઉપર પડેલાં! તોપણ પડતાં સંકટમાં કેવું શૌર્ય બતાવી પોતાના સ્વામીને ગુણકાને ત્યાંથી પોતાને ઘેર લાવી! એવીજ રીતે સોન રાણીને માથે પણ થોડાં સંકટો પડ્યાં છે? તોપણ સંકટ સમે કેવી હિંમત રાખી હતી ને જુઓઃ તેના ઉપર સંકટ નાંખનાર પાદશાહ હતો તેના સામી પોતે હિંમત રાખી ગઇ ને ત્યાં ગાયન વગેરેથી બહાદુરી વાપરી પોતાના પતિને ફાંશીમાંથી બચાવી શત્રુઓનાં મોં કેવાં કાળાં કર્યાં! તેવીજ રીતે વનરાજની માતા રૂપસુંદરી જુઓઃ જ્યારે રાજા ભુવડ અને જયશિખર વચ્ચે લડાઇ ચાલતી હતી તે વખત રૂપસુંદરી એઓજીવવાળી હતી છતાં વનમાં જવું પડ્યું હતું! તો શું એ રાજાની રાણીને આવી વખત થોડું સંકટ હશે? તોપણ રૂપસુંદરીએ હિંમતથી વનમાં રહી વનરાજને જન્મ આપ્યો એટલુંજ નહિ પણ વનરાજ જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ પોતાના શૌર્યવડે પોતાના બાળકને શૌર્યવાન બનાવતી જતી હતી. તેમજ મીનળદેવી સિદ્ધરાજની માતા જુઓઃ તેમજ પાંડવોની સ્ત્રી દ્રૌપદિ જુઓઃ કૌરવોએ સભા વચ્ચે તેનાં ચીર તાણવા માંડ્યાં તોપણ પોતે કેવી ધીરતા રાખી છે! તેમજ એક વહાણવટીની સ્ત્રી જ્યારે તેના ધણીનો ધમધોકારે વેપાર ચાલતો હતો ત્યારે તે સ્ત્રી પૈસે ટકે સુખી હતી; પણ દૈવયોગે કરી વહાણ ડુબી ગયાં, વેપારમાં ખોટ ગઇ, ઘેર ચોરી થઇ, ને લેણદારોએ તાકીદ કરી, જેથી વહાણવટી પોતે ઘણો ગભરાઇ ફાંસો ખાવા તૈયાર થયો તે વખતે તેની ધીરજવાન સ્ત્રીએ પોતાના પતિને કેવી હિંમત તથા દીલાસો આપી મરતો અટકાવ્યો છે! પછી પોતે પોતાના બાપને ઘેર ગઇ ને કહ્યુંઃ " પિતાશ્રી અમારે માથે આવી આવી વિપત્તિ પડી છે તો આપ આ વખતમાં મારા સ્વામીને પૈસાની થોડી ઘણી મદદ કરો તો આ આપની રાંક પુત્રી ઉપર આપનો મોટો આભાર થશે, માટે કોઇ પણ પ્રકારની મદદ આપો." પણ સાંભળનાર બહેનો!

જુઓ પૈસાદાર બાપ! પોતાની છોકરીને મદદ નજ કરી' તોપણ તે બહાદુર બાઈએ પોતાનું ધૈર્ય ન છોડતાં પોતાની મેહેનત મજુરી કરી પોતાના કુટુંબનું ભરણપોષણ કરેલું છે. એ તો કહ્યું છે કે, "સંપતમાં તો નગર થાય, વિપત પડે સૌ અળગાં જાય" માટે મારી પ્રિય બેહેનો! આપણુ સ્ત્રીઓ ઉપર પડતાં સંકટોમાં ધૈર્ય ને વિપત્તિમાં ધીરજ રાખવી એજ આપણું ભૂષણ છે વળી પ્રિય બેહેનો! આ વિશાળ સંસારમાં સધવા સ્ત્રી કરતાં વિધવા સ્ત્રી ઉપર ઘણાં સંકટો ને વિપત્તિ આવી પડેછે કારણ કે વિધવા બિચારી કાંઈ તેટલા નિયમ ધ્યાન કરતી હોય, ઇશ્વરથી તેમજ દુનિયાથી બીહીને ચાલતી હોય, પોતાની ખરી ફરજ બજાવતી હોય, તોપણ સધવા કરતાં બિચારી વિધવાને સંકટ વધારે એમ કહીએ તો ચાલે

જેહેરમાં મેહેતાપોળમાં એક મોટો પૈસાદાર વાણીઓ રહેતો તે વાણીઓ પોતાની સ્ત્રીને મુકી મુગરી ગયો. જેથી પછી વિધવા બાઈને તેના ભત્રીજા વગેરે પૈસા માટે ઘણુ સતાવવા લાગ્યા. પણ પેલી બાઈ કહે, હું જીવતી છું ત્યાં સુધી તમારૂ શું ચાલે વળી? વગેરે બાબતોથી પોતાના ઉપર પડતાં સંકટોમાં હિમત રાખેલી છે. આ બે ટુંકામાં બે બોલ લખ્યા છે. પુરેપુરી હકીકત લખવા બેસીએ તો પાર પણ ન આવે પણ મારી સધવા તેમજ વિધવા બેહેનોને આ મારી ખાસ વિનંતિ છે કે આ વખતે માથે હાથે તેવી આફત આવે તોપણ હિમત હારવી નહિ કદાચને કોઈ એમ પુછે કે સધવા કરતાં વિધવા ઉપર સંકટો વધારે કેમ? તો સાંભળો કે વિધવા ઉપર કેવાં સંકટોને વિપત્તિ આવે છે— કોઈ વિધવા બાઈ પોતે ઇશ્વર ઉપર આસ્થા રાખી ધરમ ધ્યાન કરી તથા સારી નેકચાલથી પોતાની ખરી ફરજ બજાવતી હોય ને તેથી કદાચિત્ થોડાંમાં તેનું સારૂ કહેવાનું હોય પણ એવી રીતે તેનાં વખાણ થતાં સાંભળી કોઈ સ્વચ્છંદી અને દુષ્ટ માણસ બીજાનું સારૂ નહિ દેખી ખમવાથી તે ગરીબ બિચારી નિર્દોષીને માથે એવો તો એવી મતુનો પથરો ફેંકે કે જેથી તે બિચારીને કાંઈ બાકી રહે નહિ. તોપણ તે વખતે તે શું કરે? ફક્ત ઇશ્વર ઉપરજ આધાર રાખી હિમત અને ધૈર્ય રાખે તોજ તે તરે કારણ આખરે સત્ય તેજ તરે છે ને સત્યને કાંઈ આંચ આવતી નથી. પણ તે ક્યારે? હિમત અને ધીરજ રાખે તોજ

આપણને મનુષ્ય દેહ મળ્યો છે અને તે આપનાર ઇશ્વરજ છે તથા આપણે સારાં નરસાંનો જવાબ પણ તેનેજ આપવાનો છે માટે મારી વહાલી બેહેનો, હું ખરૂ કહું છું કે આપણે સઘળાએ ઇશ્વર ઉપરજ આધાર રાખી પડતાં સંકટોમાં ધૈર્ય ને વિપત્તિમાં ધૈર્ય રાખવા; નહિતો દુનિયા કેવી રંગરંગી છે તે સાંભળો —"રંગીને કહે નારંગી, આવતીને કહે નાવ, ને બેઠીને કહે ખારી' આમાં મારી કેટલીએક બેહેનોને સમજણ પડી નહિ હોય, તો બેહેનો' સાંભળો, નારંગી નામનું ફળ જે ઇશ્વરે કેવું રમણીય કર્યું છે! એનો રંગ કેવો કેસરી છે! જેના આપણને કેવો પ્રિય લાગેછે! ને કેવું રળિયામણું દેખાય છે! છતાં પણ લોકો તેને નારંગી કહેછે, હોડી દરિયામાં ચાલતી હોય છે અને માણસોને એક કાંઠેથી બીજે લઈ આવે પણ લોકો તેને "નાવ" એટલે નથી આવતી એમ કહેછે, વળી એવીજ રીતે પુરૂષો ગપગ પીએછે તે તે પીતી વખત નાનું સરખું શીશું હાથમાં રાખેછે તે એવું તો ગોખાતું હોય છે કે તે આપણને

અથવા હરકોઇને ગંદુ લાગ્યા વિના રહે નહિ. છતાં પણ લોકો એને "સાફી" એટલે સાફ કહેછે. માટે બ્હેનો, દુનિઆ તો આવી છે. ખરાનું ખોટું ને ખોટાનું ખરૂં કરવા જ્યારે ચૂકે નહિ ત્યારે શું કરવું? સ્વસ્થ આશાએ "हरि रैविल तैसे रहावे" નિરાંતે જેમ ઇશ્વર રાખે તેમ રહેવું. કહ્યું છે "પ્રભુને ગમે તે સમે સર્વ સહેવું, સદા રાજી રાજી રૂદેમાં રહેવું." માટે અમારી બિરાજેલી સઘળી બ્હેનો પ્રત્યે અમારી બંને હાથ જોડી નમ્રતાપૂર્વક વિનંતિ છે કે આપણા આ સ્ત્રીવર્ગ ઉપર આવી પડતાં સંકટોમાં શૌર્ય અને વિપત્તિમાં ધૈર્ય રાખવા કદી પણ પાછાં પગલાં ભરશો નહિ, એવી હું ખરા અંતઃકરણથી આશા રાખુંછું; અને એમ પણ ધારૂંછું કે આપ સર્વે સકળગુણ સંપન્ન બ્હેનો આ મહાસાગર રૂપી સંસારમાં વિપત્તિરૂપી વમળ પોતાનાં વિવિધ રૂપ ફેરવી નાનાં મોટાં સર્વને નડેછે, માટે એમાંથી તરવાને એટલે તે વમળ રૂપી સંકટની સામે થવાને હિંમત, ધૈર્ય, અને શૌર્ય આપ સર્વે રાખશોજ. પોતે તેવાં થશો એટલુંજ નહિ પણ તમારાં સગાંવહાલાં તથા પાડાપાડોશી વગેરે સર્વેને પણ સંકટ વખતે શૌર્ય અને વિપત્તિ વખતે ધૈર્ય રાખતાં શીખવશો એવી મારી આ દુનિઆને દીપાવનાર અને મનુષ્યરૂપી અમૂલ્ય રત્નની ઉત્પત્તિના સ્થાનરૂપ માયાળુ માતાઓ તથા પ્રિય બ્હેનો પ્રત્યે ખરા અંતઃકરણની વિનંતિછે.

સ્પર્ધા.

(સાંધણ પૃષ્ટ ૧૩૪ થી.)

સ્પર્ધાના સદ્દગુણને લીધે વહેપારી, કારીગર, શિક્ષક, વિદ્યાર્થી, લેખક, વક્તા વગેરે વ્હેલું કે મોડું ઇષ્ટ પરિણામ મેળવેછે, પરંતુ સઘળે પ્રસંગે ને સર્વ સ્થળે તેનું ઇષ્ટજ પરિણામ થતું જોવામાં આવતું નથી; વખતે અનિષ્ટ પરિણામ પણ દૃષ્ટિ ગોચર થાયછે. તો તેનું શું કારણ હશે? તે તપાસવાની ખાસ અગત્ય છે.

હમણાં આપણને માલુમ પડશે કે જે ઠેકાણે અનિષ્ટ પરિણામ ઉત્પન્ન થાય છે, તે ઠેકાણે તે સ્પર્ધા નથી; પણ તેનાથી વિરૂદ્ધ ફળ આપનાર કોઇ જૂદોજ ગુણ છે. બીજાના જેવા તથા તેથી ચઢતા થવાના બે માર્ગ હોઇ શકે એક રસ્તો તેના જેવો શ્રમ કરી જઈ તેને મળવું, ને બીજો સામાને મળાય નહિ તો જ્યાં આપણે હોઇએ ત્યાં કે તેથી પણ નીચે સામાને ઘસડી પાડવો. પહેલો માર્ગ નીતિનો છે: બીજો અનીતિનો છે. પહેલામાં સામાને પૂજ્યભાવથી કે મિત્રભાવથી જોવાય છે ને બીજામાં તેને દુશ્મનભાવે જોવાય છે. પહેલા ગુણના અનુભવમાં આનંદ, ઉત્તમતા ને ધર્મ રહેલોછે, ને બીજામાં ક્લેશ; નીચતા ને પાપ છે; ને તેથીજ એકનું પરિણામ ઇષ્ટ છે, ને

બીજાનું અનિષ્ટ છે તે એવી રીતે કે આગળ બતાવ્યા પ્રમાણે પહેલાથી મહાન મનુષ્યોને ઉત્તમ વસ્તુઓ પ્રાપ્ત થાયછે, પરંતુ બીજાથી તો નીતિની અધોગતિ થાયછે, તેનું ફળ હમેશાં ભોગવ્યા કરેછે, ને લાભ કાંઇ થતો નથી એ બીજાનું નામ અદેખાઈ વગેરે ઉત્પન્ન કરનાર હરીફાઇ. બન્ને ગુણનો હેતુ એક હોવાથી, ને જુદું જુદું ફળ આપનાર છતાં આપણે ભૂલાવો ખાઈએ છીએ

ઉપર પ્રમાણે ભૂલાવો ખાઇ શિક્ષકો અનિષ્ટ પરિણામના ભોક્તા ન થાય તેને માટે તેમને શિક્ષકોની પોતપોતાની સ્પર્ધામાંજ કાળજી રાખવાની છે, એમ સમજવું નહિ; તેમણે તો વિશેષ કરીને વિદ્યાર્થીઓની સ્પર્ધામાં પણ વિશેષ કાળજી રાખવી જોઇએ. કેમકે શિક્ષકને વિદ્યાર્થીનો સંબંધ નિકટનો છે તેમના લાભાલાભ એક બીજા ઉપર આધાર રાખેછે, માટે શિક્ષક જો વિદ્યાર્થીની સ્પર્ધામાં દુર્લક્ષ રાખે, તો તેજ સ્પર્ધા ઉપર બતાવ્યા પ્રમાણે બીજું સ્વરૂપ ધારણ કરી ટુંકી મુદતમાં નાશ પામશે અથવા તો લાભને બદલે ગેરલાભ કરશે માટે શિક્ષકોએ લાભ મેળવવાના હેતુએ સ્પર્ધાને વ્યવસ્થિત કરવા સારૂ વિદ્યાર્થીના મગજમાં એવી છાપ પાડવી જોઇએ કે પોતાના સહાધ્યાયીને હરાવવામાં મોટી આબરૂ છે ને હાર ખાવામાં મોટામાં મોટી ગેરઆબરૂ છે, પરંતુ યાદ રાખવું કે તેવી છાપ સહેજમાંજમાં પડી શકતી નથી તેમ થવાને માટે તો હરાવનાર વિદ્યાર્થીને આબરૂ મળે તેમ જાહેરમાં પ્રશંસાપાત્ર નામ આપવાની તજવીજ શિક્ષકે કરવી જોઇએ, અને હારનાર વિદ્યાર્થીને પોતાની ગેરઆબરૂ થઇ તેવી ખાત્રી કોઇ પણ ઉપાયથી થવી જોઇએ એટલે કે નિશાળમાં ને નિશાળની બહાર પણ તેવી માનની જગાને લાયક ને ખ્યાતિ પામેલો વિદ્યાર્થીજ હોવો જોઇએ

આ ઠેકાણે હારનાર ને હરાવનાર વિદ્યાર્થીની પરીક્ષામાં ભૂલાવું ન જોઇએ કેમકે આપણે પહેલા જોયું કે અનીતિને માર્ગે પણ બીજાને હરાવી શકાય છે છોકરાઓ એક બીજાને હરાવવામાં ચોરી કરે છે, જૂઠું બોલે છે, લાંચ આપે છે અથવા તો જેને હરાવવાનો છે તેને જેમ હિપોમિનિસે એટેલેંટા વચ્ચે રસ્તામાં ફળો નાખી શરતમાં હરાવી તે પ્રમાણે વચ્ચે વિઘ્નો નાખી હરાવવા પ્રયત્ન કરેછે તે વિઘ્નો એવા હોયછે કે-જેની સાથે તે હરીફાઇ કરેછે તેની આગળ ચલાવવાની ગતિ કોઇપણ પ્રકારે પાછી હઠે અગર તો અટકી પડે તેમ ન થવા દેવા માટે સ્પર્ધા થવા દેવામાં બહુ સાવચેતી રાખવી કે-જેની સાથે સ્પર્ધા કરવાની તેની લાયકી નથી તેની સાથે સ્પર્ધા કરતા તેની નિર્લજ્જતાને લીધે તે સ્પર્ધા સ્પર્ધાજ રહેશે નહિ પણ હરીફાઇ થશે વળી હદ વગરની સ્પર્ધાથી સદ્ભાવ નાશ પામેછે એ પણ ધ્યાનમાં ખાસ રાખવા જેવું છે

શિક્ષકોની પોતપોતાનીજ સ્પર્ધામાં જો તેઓજ અનીતિનો ઉપયોગ કરે કે-જોડીદાર શિક્ષક રજા ઉપર હોય તો, તેના ક્લાસને શીખવવુંજ શું છે! જોડીદારના ક્લાસનો વિદ્યાર્થી કાંઇ શીખવા કે સમજવા આવે તો બતાવવુંજ નહિ! અગર તો પરિણામ નહી બની વખતે બીજાની હરીફાઇમાં ચડતા થવા વિદ્યાર્થી ચોરી વગેરે અનીતિને માર્ગે આચરતા હોય, તો તેમાં અભાવ કરવા, અગર તેમ કરવામાં તેમને ઉત્તેજન આપવું," તેવા શિક્ષકો વિદ્યાર્થીઓનું ભલું શી રીતે કરી શકે? ને પોતાના

આચરણથીજ વિદ્યાર્થીને પોતાના જેવી સ્પર્ધા કરતાં શીખવશે; કારણ આચરણ સુધર્યા વગર મોંએથી આપેલી શીખામણ વિદ્યાર્થીને અસર કરી શકે નહિ.

માટે સ્પર્ધાને ઉત્તેજન આપતાં કયી કયી રીતે સ્પર્ધા થઇ શકે, વિદ્યાર્થીને કયી રીતે માન અપમાન આપી શકાય, (એ બધી રીતોનું વિવેચન કરતાં વિષયનું લંબાણ ઘણું થાય તેમજ તે રીતો સર્વ સ્થળે એક સરખી હોતી નથી જેથી) તે રીતો શિક્ષકે અભ્યાસ, અનુભવ ને વિચારથી નક્કી કરી અમલમાં લાવવી જોઇએ. એ પ્રમાણે સ્પર્ધાને ઉશ્કેરતાં જે સારી રીતે જાણેછે, તેના હાથમાં શિક્ષણનું પરમ સમર્થ સાધન આવ્યું છે એમ જાણવું. અને જો તે સાધનની કદર કરી તેનો ડહાપણથી સારી રીતે ઉપયોગ કરવામાં આવે, અને વિદ્યાર્થીના વર્તનને અંકુશમાં રાખવા, તેને યોગ્ય ન્યાય આપવા, તથા કરેલા નિયમો પળાવવા શિક્ષક કાળજી રાખે, તો ખરેખર તેનું સારૂં ફળ મેળવ્યા સિવાય ને રહેશે નહિ.

શિવાભાઈ મથુરભાઈ પટેલ.

લશ્કરી કવાયત.

સાર્વજનિક શાળાઓમાં લશ્કરી ક્વાયત કરાવવી કે કેમ ? એવો પ્રશ્ન કેટલાક વખતથી ઉભો થયોછે. તેનો જવાબ હારવર્ડ કોલેજના દાક્તર સાર્જંટે બોસ્ટન જરનલ-ઓફ્ એજ્યુકેશન નામના પત્રમાં આપ્યોછે તે જાણવા લાયક જાણી અહીં ઉતારીએ છીએ. તે લખેછે કે, નિશાળોમાં છોકરાઓને લશ્કરી કવાયત શીખવવાથી છોકરાઓનાં શરીર સુધરવાની સાથે તેમની નીતિનો સુધારો થતો હોય એમ નથી. લશ્કરી કવાયતમાં એક સરખો પોશાક કરવામાં આવેછે. કવાયતમાં સરસ નીકળનારને ઇનામ આપવામાં આવે છે. જાહેર જગોમાં ભપકાથી કવાયત કરાવવામાં આવેછે. પીતળનાં વાજાં વગાડવામાં આવેછે. એ સઘળું જો છોડી દેવામાં આવે તો લશ્કરી કવાયત છોકરાંને નીરસ અને કંટાળા ભરેલી લાગશે. કવાયત કરતી વખતે છાતી આગળ કબજાનાં બટન સજડ કરી લેવામાં આવેછે, અને તેથી કરીને સ્વાભાવિક શ્વાસોચ્છ્વાસને હરકત થાયછે. શરીરના સ્નાયુઓને વારાફરતી વિશ્રામ આપવામાં આવતો નથી, પણ એક સરખી સ્થિતિમાં રાખવામાં આવેછે. આથી કરીને મગજને, તથા જ્ઞાનતંતુને એકે વખતે વધારે જોર પડેછે. ખરૂં પૂછો તો કવાયતને વખતે એ બંનેને વિશ્રામ મળવો જોઇએ. દુનિયાના સઘળા લશ્કરી લોકો જાણેછે કે માણસના મન તથા તનની ખીલવણીને માટે ધંધાઓની અમુક શાખાઓ બસ નથી અને તેથી કરીને લશ્કરીખાતાના કાયદામાં લશ્કરી સિપાઇઓએ કસરત કરવી કે જેથી કરીને તેમની સારી સ્થિતિ રહે એવો નિયમ કરેલો હોયછે. છોક-

ગની શારીરિક સ્થિતિ સુધારવી હોય તો લશ્કરી કવાયત કરતાં કસરત વધારે ઉપયોગી છે. ખરૂં પૂછો તો નિશાળોમાં લશ્કરી કવાયત શીખવવાથી છોકરા અભિમાની, ખટરાગી, બોર અને અમર્યાદ થશે કેમકે તેઓ નિશાળમાં યત્કિંચિત્ લશ્કરી કવાયત શીખ્યા હશે તોપણ અમે બધું લશ્કરી કામ જાણીએ છીએ, એવો તેમના મનમાં ફાંકો આવશે. આપણે અહીંની શાળાઓમાં તો લશ્કરી કવાયત કરાવવી તેમાં એક મહેનત કરતાં ફાયદો વિશેષ નથી.

सुशिक्षक.

(પૃષ્ઠ ૧૨૬ થી)

શાસ્ત્ર અને અનુભવ વચ્ચે દુનિયામાં અનાદિથી તકરારો થયા કરેછે. શાસ્ત્રવાળાઓ કહેછે કે—"અમેજ વધારે જાણીએ છીએ" અને અનુભવીઓ કહેછે કે—"અમે ઘરડિયા છીએ" બન્ને પક્ષ ન્યાય તપાસતા નથી, અને માત્ર સ્વાભિમાને લડયા કરે છે. પણ શાસ્ત્ર તે શું છે? શાસ્ત્ર એ જુદા જુદા વિદ્વાનોના સૂક્ષ્મદ્રષ્ટિથી કરેલા અવલોકનમાં જણાયેલા તત્વોનો સંગ્રહ છે, અને અનુભવ એ એકજ માણસે કરેલો સંગ્રહ છે. "એક માણસનો સંગ્રહ તે એક માણસને માટે બસ નથીજ." પહેલાના વિદ્વાનો અને બુદ્ધિમાનોએ કરેલા અવલોકન—અર્થાત્ શાસ્ત્રોના તત્વો—એટલે કે શાસ્ત્રો—જાણવાની સંપૂર્ણ રીતે આવશ્યકતા છે. પણ તે બધાનું અભિમાન વ્યર્થ છે. શાસ્ત્ર અને અનુભવ બન્ને વસ્તુઓ શીખતાં તેમાંથી ભણતા તત્વો એ પાત્રના પ્રમાણમાં મળેછે. શાસ્ત્રમાંજ જો અમુક તત્વો આપવાનો પ્રભાવ હોય, તો તે સામાટે શાસ્ત્રના દરેક અભ્યાસીને નથી આવતું? અનુભવમાં પણ તેમજ છે. જે અનુભવ સૂક્ષ્મ બુદ્ધિથી—સૂક્ષ્મતત્વોને નિરીક્ષણ કરતો થાયછે તે ખરોછે; અને જે અનુભવ કે જેને આપણે "વડીલવાદ" કહીએ છીએ તે જૂઠો છે તેમજ શાસ્ત્રને પણ પોપટની પેઠે ભણી જાય તે શું શીખે? કશું નહીં. બન્નેમાંથી બુદ્ધિમાનજ યોગ્ય અને સાચું ગ્રહણ કરી શકે છે. ચકચકિત અને રમણીય "અવલોકન-અનુભવમણકાઓમાંથી તત્વરત્નો બુદ્ધિ ઝવેરીજ ઓળખી લે છે. બીજાઓને મન તો તે મણકાજ રહેછે. ત્યારે શાસ્ત્ર જાણનાર અને અનુભવ કરનાર બન્ને સરખા? નહીં. પહેલો ઘણું વધારે જાણેછે, અને ખરા શાણા વિદ્વાનોએ શાસ્ત્રબાગમાં ગુંથેલા મતકુસુમો શાસ્ત્રબાગના અભ્યાસીને પોતાનો મધુર આમોદ આપેછે, તેના અંતઃકરણને મતરત્નભોગી કરેછે. અને એવી રીતે વિદ્વાનોમાં રહેલી અદ્ભુત શક્તિ તેના વિચારોદ્રેક કહેક માણસનું વિચાર કરનાર શાસ્ત્રના અભ્યાસીના હૃદયમાં જાયછે, તેને વધારે વધારે જિજ્ઞાસુ બનાવેછે, અને બુદ્ધિને તીવ્ર અને સતેજ કરી મૂકેછે. આખર તે પોતેજ પોતાની પાસે આવતા મતમતાંતરને વિચારી શકતો—સમજી શકતો થાયછે અને એમ કરતાં અગમ્ય વિચારો પણ સમજી શકેછે. અનુભવીને તેવું કશું મળતું નથી. તે બિચારો થોડામાંજ રમ્યા કરેછે. "અનુભવના વીસ વર્ષ કરતાં શાસ્ત્રાભ્યાસના એક વર્ષમાં વધારે

શીખાયછે; અને શાસ્ત્રને માર્ગે ભય નથી; પણ અનુભવને માર્ગે તો ડાહ્યા કરતાં દુ:ખી વધારે થવાયછે. " આ રૅાજર ઍસ્કુમનું " કહેવું યથાર્થછે. પણ બેશક, શાસ્ત્રવાળાઓને હજુ જાણવાનું રહેછે; શાસ્ત્રથીજ સમાપ્તિ થતી નથી. તેનાં તત્વો વિચારાઈ ગયાં હોય--સમજાઇ ગયાં હોય તેટલાથીજ પૂરતા નથી, પણ તેને ઉપયોગમાં લેવાનું અને અવલોક નથી પૂર્ણ કરવાનું મહદ્કાર્ય હજુ બાકીછે. અને તે કામ જેવું ધારીએ તેવું સહેલું નથી. પ્રથમથી એકદમ અવલોકન વગર મુશ્કેલ વાતને સહેલ માની લઇએ, પણ તેટલી સહેલી હોતી નથી. એ તો ધીર, વીર, અને ઉત્સાહી શિક્ષકજ એ બધું સાધી શકેછે.

આપણા પ્રવીણશંકર મહેતાજી આ બધા વિચાર જ્યારે તેના અનુભવી મિત્ર સાથે અનુભવ અને શાસ્ત્ર વચ્ચેનો વિવાદ થતો ત્યારે ત્યારે વિવાદના અંત ભાગમાં એકલા પડતા ત્યારે કરતા, તે આજે પાછા સાંભરી આવ્યા. ઉપરાઉપરી જુસ્સો આવવા લાગ્યો અને હાથમાંનો પત્ર પડતો મૂકી દીધો—હૃદયમાં ઉભરાયલા અત્યંત ઉત્સાહ અને આગ્રહના વેગે મૂકાવીજ દીધો; ઉદ્દગારો નીકળવા લાગ્યા. " શા માટે " અનુભવીઓ તેમજ શાસ્ત્રીઓ ગુમાન રાખતા હશે? ગુમાન રાખવું એ તો મૂર્ખતાજ " છે. બેશક શાસ્ત્રજ્ઞ તે અનુભવી કરતાં—માત્ર અનુભવી કરતાં ઘણું વધારે જાણેછે. " અને જે કંઇ અનુભવની વાત ઓછી જાણેછે, તે તે થોડીજ મુદતમાં શીખી " શકેછે."

ઘડીક શાંત થયો પણ વળી પત્રનો એક ભાગ સાંભરી આવ્યો " શાસ્ત્ર શીખેલા " એ બધું કેમ ભૂલી જતા હશે ? શા માટે તેને અનુભવમાં સંયુક્ત નહીં કરતા હોય? " શું એમ કરતાં દુઃખ થાય છે? મારે પણ તેમ થશે શું? બીલકુલ નહીં થવા દઉં. " શું હું એનાથી ડરી જઇશ? ત્યારે તો હું? બાયલો-મૂર્ખ, અને શઠજ. પણ એ " બધા શા લોભે કરેછે? એ તો એવાજ. થોડામાં ડરી જનારા. શિક્ષકો શિક્ષણ પદ્ધતિ " અને શિક્ષણશાસ્ત્ર શીખ્યા, પણ કંઇ ઉત્સાહ અને શિક્ષકની સ્વાભાવિક શક્તિ શી- " ખ્યા છે? પણ એ કંઇ શીખવાય એમ પણ છે? ભલે નથી; તોપણ આગ્રહી મનુષ્ય " ધારેતો થોડી ઘણી પણ મેળવી શકે. ત્યારે શું તેઓ પ્રયત્ન નહીં કરતા હોય? એ- " મજ હશે. આળસુ થઇ જાય. અભ્યાસના શ્રમથી કંટાળેલા તે આ વખત નિવૃત્તિ- " નો મજો માને. મારી સાથે પણ તેવા ક્યાં નહોતા? પણ શું શીક્ષણનો " ઇતિહાસ–"

પ્રિયતમ પુસ્તક સાંભરી આવ્યું અને સમર્થ લેખકના સમર્થ વિચારો હૃદય મંદિરમાં પેસવા લાગ્યા. પુસ્તક પાસેજ હતું, અને ઉત્સાહિત અંતઃકરણની આજ્ઞા માનવાને તત્પર થએલા ઉત્સાહિત હાથે તરતજ ઉપાડી લીધું. નેત્ર અને મન વાંચવા તૈયાર થઇ ગયાં; અને સ્વાભાવિક રીતે નીકળી ગએલો ધર્માત્મા લુથરનો ભાગ વાંચવા માંડ્યો. " જે ઉદ્યોગી અને ધાર્મિક શિક્ષક છોકરાંને ખરા મનથી શીખવેછે, તેને બદલો કેનાથી આપી શકાય તેમ છે ?" " મારે ધર્માચાર્યનું કામ છોડી દેવું પડે તો હું તો શિક્ષક સિવાય બીજો ધંધો પસંદ કરૂં નહીં." વગેરે વાક્યો નેત્ર દ્વારા મનમાં પેસવા લાગ્યાં; અને ઉત્સાહી મન મારો ઉત્સાહ ક્યારે પૂરો થશે, એમ તનમનાટ કરવા લાગ્યું.

(અપૂર્ણ.) કુસુમ.

પારવતીએ ખુશીથી ૦-૧૫ ૦ છોકરાઓને ખાંડ વહેચી. ૬૨ પોંસરા. ,, ૨૨-૧૦-૯૬ માસ્તર નથુરામ કૃષ્ણારામે ખુશીથી ૧-૦-૦ ક. છોકરાઓને પતાસાં વહેંચ્યાં. ૬૩ ધામણ. ,, ૨૭-૧૦-૯૬ બાવાજી લાલદાસગુરૂ પરભુદાસ એમણે ખુશીથી ૦-૮-૦ છોકરાઓને ખાંડ વેહેચી. ૬૪ પરથાણ. ,, ૨૬-૧૦-૯૬ ગામ લોકોએ ખુશીથી ૦-૮-૦ ક. છોકરાઓને પતાસાં વહેચ્યાં. ૬૫ હથુરાણ ઉર્દૂ ઉર્દૂ સ્કુલ. ૩૦-૧૦-૯૬ મુનશી તુરેબાજખાં ફતેહખાંયે ખુશીથી ૦-૨-૦ ક. છોકરાઓને છીબડા વહેચ્યાં. ૬૬ ક્રોસંબા સ. ગુ. શાળા ૩૧-૧૦-૯૬ કુવરજી ફકીરભાઇએ ખુશીથી ૦-૪૦ ક. છોકરાઓને પતાસાં વહેચ્યાં. ૬૭ કામરેજ. ,, ૧૫-૧૦-૯૬ સદાશીવ વીષ્ણુએ ખુશીથી ૦-૮-૦ ક. છોકરાઓને સાકર વહેચી. ૬૮ ક્રોસમાડા. ,, ૧૭-૧૦-૯૬ મે. કામરેજ મહાલના ફોજદાર મમરેજખાંએ વીઝીટ કરીને ૧-૦-૦ છોકરાઓને પતાસાં વહેચ્યાં. ૬૯ ઓરાણા. ,, ૨૨-૧૦-૯૬ પટેલ મોરાર પ્રભુએ ખુશીથી ૦-૮-૦ ક. છોકરાઓને મીઠાઇ વહેચી. કંડોર. ,, ૧૫-૧૦-૯૬ શાહ. હરજીવન ધરમચંદ તથા હરીલાલે ખુશીથી ૧-૬-૦ ક. છોકરાઓને પતાસાં વહેચ્યાં. ૭૧ ડોલવાણ. ,, શેઠ. બરજોરજી કુંવરજીએ ખુશીથી ૧-૦-૦ ક. છોકરાઓને બરફી વહેંચી. ૭૨ નવસારી. રાટાકન્યાશાળા શેઠ. એદલજી માણેકજી દામલા તથા શેઠ. માણેકશાહ એદલજીએ ખુશીથી ૧-૦-૦ ક. કન્યાઓને મીઠાઈ ખવડાવી. ૭૩ ભીમકટા. સ. ગુ. શાળા ૨૯-૧૦-૯૬ રાયચંદ નરભેરામે ખુશીથી ૧-૩-૦ ક. છોકરાઓને સાકર વહેચી. ૭૪ વાંકીયા. ,, ૯-૧૦-૯૬ પટેલ દેવરાવજ જીવાએ ખુશીથી ૧-૦-૦ ક. સદર. ૭૫ નવાગામ. ,, ૨૧-૧૦-૯૬ રાજગર કાળા હરજીવને ખુશીથી ૦-૮-૦ સદર. ૭૬ રતનપુર. ,, ૨૯-૧૦-૯૬ મેહેરબાન દામનગર મહાલના વહીવટદાર સાહેબે ૧-૦-૦ સદર. ૭૭ પાડરસીંગા. ,, વૈદ્ય રૂપજી મકનજી એમણે ખુશીથી ૨-૦-૦ ક. સદર. ૭૮ ચળાલા. સ. ગુ. કન્યાશાલા ૨૨-૧૦-૯૬ કામાકણબાઇ ઉમૈયાજોશીએ ખુશીથી ૦-૮-૦ ક. કન્યાઓને પતાસાં વહેચ્યાં. ૭૯ સરસીયા સ. ગુ. શાળા ૧૫-૧૦-૯૬ ગોવિંદ ગંગાધર એમણે ખુશીથી ૧-૦-૦ ક. છોકરાઓને સાંકર વેહેચી. ૮૦ ડાભેર. ,, ૧૯-૧૦-૯૬ શેઠ. કાળા લાધાએ ખુશીથી ૦-૮-૦ ક. સદર. ૮૧ કોડીનાર સ. ગુ. કન્યાશાળા ૨૦-૧૦-૯૬ દરજી. વેલજી મૂળજીએ ખુશીથી ૦-૮-૦ ક. કન્યાઓને સાકર વહેચી. ૮૨ ધાંટવડ. સ. ગુ. શાળા ૧૬-૧૦-૯૬ મહેતાજી. વખતરામભુલેશ્વર એમણે ખુશીથી ૧-૧૨-૦ સદર ૮૩ ડોલાસા. ,, ૨૧-૧૦-૯૬ મદન નાનજી તથા ઠકર નારણદાસ તથા ઠકર કેમવલાલ દ્વારકાંદાસે ખુશીથી ૮૫ વરવાળા. ,, ૧૫-૧૦-૯૬ સોની લાલજી લક્ષ્મણ તથા ઠકર પુરૂષોતમ આણંદજી એમણે ખુશીથી ૩-૪-૦ સદર. ૮૬ ધીણકી. ,, ૧૦-૧૦-૯૬ ગોસાઇબાવા નથુએ ખુશીથી ૦-૪-૦ ક. સદર. ૮૮ દ્વાસણવેલ સ. ગુ. શાળા ૧-૧૦-૯૬ નરસીંહભાઈ મથુરાંએ ખુશીથી ૨-૦-૦ છોકરાઓને ગોળ વહેંચ્યો. ૮૮ બેટ સ. ગુ. કન્યાશાળા ૧૭-૧૦ ૯૬ સોની દેવજી ઠાકરસીંહ તથા માવજી શંકરે ખુશીથી ૦-૧૨-૦ ક. કન્યાઓને સાકર વેહેચી. ૮૯ બેટ સ. ગુ. શાળા. ૧૯-૧૦-૯૬ આસિ માવજી શંકરે ખુશીથી ૧-૮-૦ છોકરાઓને સાકર વેહેચી. ૯૦ કણબીપરા સ. ગુ. ક. શાળા ૧-૧૦-૯૬ વરજીવન લાલજીએ ખુશીથી ૦-૬-૦ છોકરાઓને પતાસાં વહેચ્યાં.

(અપૂર્ણ.)

દેશીકેળવણીખાતું.

દેશીકેળવણીખાતાની શાળાલાયબ્રેરીઓમાં રાખવાસારૂ નીચે જણાવેલા ગુજરાતી પુસ્તકો મંજુર કરવામાં આવેછે તેના વાદી.

સૂચના—● આવી નિશાનીવાળાં પુસ્તકો ફક્ત કન્યાશાળામાં રાખવાનાંછે

રેકરબુક સિવાયના બીજા પુસ્તકો

અ.નં	પુસ્તકનું નામ.	કર્તા અથવા પ્રકટ કર્તા	કિંમત રૂ	આ	પૈ
૧૨૬	વિદ્યાર્થીરંજન	ભોગીલાલ ભાઈભાઈ ગાંધી	૦	૮	૦
૧૨૭	દેશદર્પણ અંક ૧૦	વાસુદેવ નરહર ઉપાધ્યે	૦	૦	૬
૧૨૮●	રાસેગીનું પુસ્તક.	મોતીલાલ નેમચંદ	૨	૦	૦
૧૨૯	અનેક વિદ્યાના મૂળતત્ત્વ	ગુજરાતવર્નાક્યુલર સોસાઇટી	૧	૦	૦
૧૩૦	કુળવંતી.	દીનશા માણેકજી ઘડીઆળી	૦	૮	૦
૧૩૧	જ્યોતિષવિદ્યા	કૃષ્ણરાવ ભરજીવનજી દેસાઇ	૬	૦	૦
૧૩૨	સંગીતાદિત્ય.	લક્ષ્મીરામ આંદાતરામ.	૨	૮	૦
૧૩૩	સોરઠી તવારીખ	ભાણજી ગોકુળ	૧	૮	૦
૧૩૪	નાટકકથારસ ભા. ૧	સુવિચારદર્શક મંડળી	૦	૧૨	૦
૧૩૫	નીતિજ્ઞાનપ્રભા	બાજીરાવ બેરામ બાગે	૦	૧૨	૦
૧૩૬	માઉન્ટ રેઢુઅંડ એંટીનરઝન	ગુજરાતવર્નાક્યુલર સોસાઇટી	૦	૧૨	૦
૧૩૭	રણજીતસિંહ	"	૦	૧૨	૦
૧૩૮	કળકાઈ જતો પ્રેમ.	એન, એમ, એંન્ડ કો	૦	૬	૦
૧૩૯	ગાયકવાડી જુલ્મોનો ટુંકો હેવાલ	ગોવિંદ બાપુજી આઠવલે.	૦	૦	૬
૧૪૦	પ્રેમ પંચોતરી.	જીવરામ અજરામર ગોર	૦	૪	૦
૧૪૧	ભાવનગરના મહારાજા વિક માહિત	કૃષ્ણલાલ ગોવિંદલાલ દેવાશ્રયી	૦	૩	૦
૧૪૨	ભાગ્યદીનું સુરાદ	એન. એમ એન્ડ કો	૦	૪	૦
૧૪૩	આકલ વેચનારેની દુકાન	ગણપતરામ સુખરામ- વાસ	૦	૮	૦
૧૪૪	વાડી અને અર્થ	દયાશંકર જેરાકર ઘીપડિયા.	૦	૪	૦
૧૪૫	મનોરંજક આખ્યાયિકા	નથુરામ ઉદયશંકર.	૦	૧૦	૦
૧૪૬●	બાળ મરમાવળી. [ભાગ૨)	ભગવનરામ લક્ષ્મીરામ.	૦	૨	૦
૧૪૭	સંસ્કૃત પાઠમાર્ગદર્શક	રાજારામ દેવશંકર.	૧	૦	૦
૧૪૮	બાળકનો આનંદ ભાગ ૧	ઇચ્છારામ સૂર્યરામ દેસાઇ	૦	૧૨	૦
૧૪૯	" ભાગ ૨	"	૦	૧૨	૦
૧૫૦	ટીપુ સુલતાન.	"	૧	૪	૦
૧૫૧	ગુજરાતી શબ્દાર્થસિંધુ.	વિઠલ રાજારામ દલાલ.	૩	૦	૦
૧૫૨	દીર્ઘપુષ્પ.	પરજીવન દામોદરદાસ મરચન્ટ	૦	૮	૦
૧૫૩	મનોરંજક પ્રતાપ કાવ્ય	ખાનરા કરીમભાઈદાસ.	૦	૮	૦
૧૫૪	શિક્ષકનો બેનિતો.	જાદવજી માવજી માધી.	૦	૩	૦
૧૫૫	સત્ નાનાભાઇ.	લલ્લુભાઇ કાળીદાસ.	૦	૬	૦
૧૫૬	સુંદરજી.	પુરુષોત્તમ મહાનંદ ભટ્ટ	૦	૬	૦
૧૫૭	ગૃહવ્યવસ્થાને આરોગ્યવિદ્યા	ગુજરાતવર્નાક્યુલર સોસાઇટી	૦	૮	૦
૧૫૮	શ્રીરત્નપત્ર.	બાપાદેવરામ કૃષ્ણરામ.	૪	૦	૦
૧૫૯	ગુજરાતી વ્યાકરણનો ટુંક	છોટાલાલ સારસ્વત.	૦	૬	૬

	સાર.				
૧૬૦	મૃત્યુશોક નિવારણ.	વનમાળી લાધા મોદી.	૦	૩	૦
૧૬૧	નિબંધ તથા રિપોર્ટ સંગ્રહ.	મોરારજી વલ્લભભાઇ.	૦	૮	૦
૧૬૨	યુકલીડ ભુમિતિના મનોયતનનો ખુલાસો.	પીતાંબરદાસ ત્રીભોવનદાસ.	૦	૧૨	૦
૧૬૩	સુબોધ સંગ્રહ.	છોટાલાલ મોહનલાલ.	૧	૮	૦
૧૬૪	ભગવદ્‌ગીતાનું ભાષાંતર.	મુળજી મેઘજી મુખીઆજી.	૨	૮	૦
૧૭૦	ગાયકવાડી રાજ્યનો ઇતિહાસ.	છોટાલાલ જેઠાભાઈ અને વાઘજીભાઇ ત્રીકમભાઇ.	૦	૩	૦
૧૭૧	શાળોપયોગી વ્યાકરણ.	જહાંગીરજી નસરવાનજી.	૦	૪	૦
૧૭૨	મહારાણી વિકટોરીઆનું જીવનચરિત્ર. [મોટે)	મગનલાલ નરોતમદાસ.	૦	૨	૦
૧૭૩	સંસ્કૃતકથાસપ્તતિ (સં.શા.	મંડીકલ રામશાસ્ત્રી.	૦	૫	૦
૧૭૪	સદ્‌બોધ વચનાવળી.	જગજીવન કાશીરામ પંડ્યા.	૦	૪	૦
૧૭૫	ગુલાતીનુસ્સલાતીન. (હિંદી)	ખાનગીમાંથી.	૨	૧૩	૦
૧૭૬	આયુષ્યવર્ધક વૈદકશાસ્ત્ર.	કલ્યાણજી મુળજી.	૧	૦	૦
૧૭૭	લેખા ભા. ૧	ગંગાધર રણછોડજી.	૦	૧	૦
	ભા. ૨	,,	૦	૧	૩
	ભા. ૩	,,	૦	૧	૬
	ભા. ૪	,,	૦	૧	૯
	ભા. ૩	,,	૦	૨	૩
૧૭૮	ગુંથણકળા.	ખરશેદબાઇ પેસ્તનજી.	૧	૧૨	૦
૧૭૯	લોર્ડવિલીયમ બેન્ટીક.	ઈચ્છારામ સૂર્યરામ.	૧	૪	૦
૧૮૦	નીતિ મણિમાલિકા.	મણિશંકર પ્રભુરામ.	૦	૪	૦
૧૮૧	નીતિશતપત્ર.	શંભુપ્રસાદ ગૌરીનાથ.	૦	૨	૦
૧૮૨	ભામિની ભુષણ અલંકાર.	દલીચંદાસ ઈચ્છારામ.	૧	૦	૦
૧૮૩	પ્રખ્યાત સ્ત્રીઓના ગુણ કીર્તન.	ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી.	૦	૪	૦
૧૮૪	લેડી લોરેન્સ.	ઇચ્છારામ સૂર્યરામ.	૧	૪	૦
૧૮૫	નીતિસુવાતરંગીણી.	સવિતા નારાયણ ગણપતી. ૯૦ ઇચ્છારામ સૂર્યરામ.	૧	૦	૦
૧૮૬	ગુજરાતી વ્યાકરણનાં મુ ત.	કરસનદાસ નારણદાસ.	૦	૮	૦
૧૮૭	ગ્લેડસ્ટનનું જીવનચરિત્ર.	ભગવાનલાલ રણછોડલાલ.	૩	૦	૦
૧૮૮	વિદ્યાઅભ્યાસ કરવા સંબંધી સૂચના.	મગનલાલ દલસુખરામ.	૦	૦	૯
૧૮૯	હિંદુસ્તાનના ઇતિહાસની પુર્ણ નોટ ભાગ ૧.	માણેકલાલ નરોતમદાસ.	૦	૪	૬
૧૯૦	સંસાર ચરિત્ર કાદંબરી.	મગનલાલ નરોતમદાસ.	૧	૮	૦
૧૯૧	ભાલદડાનો ખેલ.	ખાનગીખાતા તરફથી.			
૧૯૨	કમાન દડાનો ખેલ.	,,			
૧૯૩	શ્રમ અને વિશ્રાંતિ.	બાપુ સખારામ આઠવલે.	૦	૨	૦
૧૯૪	દરિયાપારના દેશોની વાતો.	ગણપતરામ અનુપરામ.	૨	૦	૦
૧૯૫	ભરતખંડનો ઇતિહાસ.	કરસનદાસ નારણદાસ.	૦	૧૦	૦
૧૯૬	લોનટેનીસ.	ખાનગીખાતા તરફથી.			

૧૯૭	પ્રાચીન ભરતખંડનો મહિમા	ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી	૦	૮	૦
૧૯૮	જગડુ ચરિત (ગુ અને સં.)	મગનલાલ દલપતરામ	૧	૦	૦
૧૯૯	દુનિયાની બાલ્યાવસ્થા.	ગુજરાતવર્નાક્યુલર સોસાઇટી.	૦	૩	૦
૨૦૦	બોધક ચરિત્ર.	”	૦	૪	૦
૨૦૧	શ્રીઅભિજ્ઞાન શકુન્તલા નાટક	ઝવેરીલાલ ઉમીયાશંકર.	૧	૧૨	૦
૨૦૨	હેલ્થ ટુ ઇંગ્લીશગુજરાતીસલેશન	R. D Prioi	૧	૪	૦
૨૦૩	નિબંધ કરણમાળા ભા. ૨ જો	કરીમઅલી રહીમઅલી	૦	૧૦	૦
૨૦૪	હિંદુસ્તાનમાં પ્રવાસ ભા ૧	”	૦	૮	૦
૨૦૫	કોવિદકરણકૌતુકરજુમોભા ૧	”	૧	૨	૦
૨૦૬	સદર ભા. ૨	”	૧	૨	૦
૨૦૭	સદર ભા. ૩	”	૧	૨	૦
૨૦૮	કરણઘેલો	નંદશંકર તુળજાશંકર.	૧	૮	૦
૨૦૯	ભોજ અને કાળીદાસ.	હરજીવન ગોકળદાસ	૧	૦	૦
૨૧૦	યુવતિસૌભાગ્યરત્ન	શાસ્ત્રી અંબાશંકર કલ્યાણજી.	૦	૮	૦
૨૧૧	નિકૂમોર્વશીય	જગજીવન ભવાનીશંકર	૦	૨	૬
૨૧૨	માલવિકાગ્નિમિત્ર	”	૦	૨	૦
૨૧૩	અભિજ્ઞાન શકુન્તલા	”	૦	૩	૬
૨૧૪	કન્યાવિક્રયકુરીતી	કૃપાશંકર જીવાભાઇ	૦	૬	૦
૨૧૫	સતીનાટક	ધીવાભાઇ મોતીલાલની કંપની	૧	૦	૦
૨૧૬	સંસ્કૃત ગુજરાતીશબ્દાર્થ કોષ	હરજીવનદાસ ગોકળદાસ.	૪	૦	૦
૨૧૭	જાપાનદેશ સજવા થોડા ઉપયુક્ત માહિતી	વિનાયક ભાસ્કર આપટે	૦	૩	૦
૨૧૮	હિંદુસ્તાનના ઇતિહાસ ભા ૧	પરશુરામ નાગરદાસ	૦	૨	૬
૨૧૯	હિંદુસ્તાનના ઇતિહાસ ભા ૨-૩	પરશુરામ નાગરદાસ	૦	૩	૬
૨૨૦	સદર્શન અંક ૧થી ૮ (ભાગ)	વાસુદેવ નરહર ઉપાધ્યે	૦	૩	૦
૨૨૧	સદગુણ સમૃ. (ત્રિકરાનીશા	છબીરાજ જુઠાભાઇ.	૦	૧૦	૦
૨૨૨	બાળસુખબોધમાળા	બાળસુખરામ હરજીવનદાસ	૦	૫	૦
૨૨૩	ગુજરાતનો મુગલાઇનો પટ	પુસ્તક પ્રસારક મંડળી	૦	૮	૦
૨૨૪	હિંદુસ્તાનની ભૂગોળવિદ્યા	તુલસીદાસ આનંદજીભાખાણી.	૦	૩	૩
૨૨૫	ભૂતનું અસ્તિત્વ છે કે નહી	નાગપ્પાગુરૂ બાબાજી	૦	૧	૦
૨૨૬	વડોદરારાજ્યનો સરળ ઇતિહાસ	લીલાચંદ હેમચંદ	૦	૩	૦
૨૨૭	એકાવાળી સુબોધશતક	બાળકૃષ્ણ પંડ્યા.	૦	૨	૦
૨૨૮	જ્ઞાતિહાનિપરેશ.	મગનલાલ ગણપતરામ ભટ.	૦	૨	૦
૨૨૯	વિદ્યાર્થીની ફરજ	નરોત્તમજી ગજ્જી ભુપાનજી ગજ્જી	૦	૩	૦
૨૩૦	શરીર આરોગ્ય.	વિઠ્ઠલરાવ ભગવંત દેસાઇ	૦	૬	૦
૨૩૧	હિંદુસ્તાનનોઇતિહાસ	બાળસુખરામ હરગોવિંદદાસ	૦	૫	૦
૨૩૨	ઇસપકૃત કલ્પિત વાતો.	રણછોડદાસ નારણજી.	૦	૧૨	૦
૨૩૩	બાળબોધિની.	મોરેશ્વર રામચંદ્ર ખરડે.	૦	૨	૦
૨૩૪	કિન્ડરગાર્ડન પદ્ધતિનામૂળતત્વો	લલ્લુભાઇ સલ્લુભાઇ.	૦	૮	૦

હસમુખ ગોવિંદલાલ J. A. DALAL
વિદ્યાધિકારી.

સરક્યુલરો.

સરક્યુલર જા. નં. ૬૪.

વિઝીટ લેતાં ઘણુંખરૂં બધે ઠેકાણે એવું જોવામાં આવ્યુંછે કે બધા ધોરણોમાં પાઠ વંચાવીને તેની સમજણ પૂછવામાં આવેછે ત્યારે છોકરાઓ ફકત જે શબ્દો અને વાકયો પોતે વાંચી ગયા હોય તેજ શબ્દો અને વાકયો અતિશ્રમ અને તરેહવાર ફાંફાં મારીને પાછાં બોલી જવાનો યત્ન કરેછે. અને શિક્ષકો પણ એવીજ આશા રાખતા જણાયછે. શબ્દોના અર્થોનું જ્ઞાન ભાગ્યેજ આપવામાં કે પૂછવામાં આવેછે. પરીક્ષક અધિકારીઓ પણ "સમજણમાં" ફક્ત એનેજ સંતોષકારક માનતા હશે, પણ એમ થવું બરોબર નથી. આમ થવાથી જે વાંચ્યું તેની ખરી મતલબ અને શબ્દોના અર્થ સમજવા રહી જાયછે એટલુંજ નહીં પણ ત્રાસદાયક બોજો છોકરાઓની મનશકિત ઉપર પડેછે. માટે પરીક્ષક અધિકારીઓએ આવી રીતે છોકરાઓ બોલી જાય તેના ગુણ નહીં આપતાં જે વાકયો વાંચ્યાં હોયતેની સમજણ બરાબર પડીછે કે નહીં તે ઉપર આધાર રાખીને ગુણ આપવા.

આશા છે કે આવતા વર્ષની વિઝીટમાં આ બાબત વિશે સારો ફેરફાર થયેલો જોવામાં આવશે. તા. ૨૩ એપ્રીલ ૧૮૯૭ મુકામ પીજ.

J. A. DALAL.
વિદ્યાધિકારી.

સરક્યુલર જા. નં. ૬૫.

ચાલુ સાલે કેટલીક શાળાઓની ભેટ લેતાં એક બે ઠેકાણેથી એવું જોવામાં આવ્યું છે કે જૂના વખતના કેટલાક નાલાયક શિક્ષકોને જેમ તેમ કરી નભાવવામાં આવેછે અને તેવા છોકરાની શાળામાટે લાયક ન હોય તો પછી તેને કન્યાશાળામાં દાખલ કરી દેવામાં આવેછે. એ પ્રમાણે કરવું એ વ્યાજબી નથી. સબબ જે તે અધિકારીએ પોતાના અધિકારના એવા નાલાયક શિક્ષકો માલુમ પડે તેમને માટે રૂલ પ્રમાણે યોગ્ય તે બંદોબસ્ત તુરત કરવો જોઇએ તા. ૧૦ સને ૧૮૯૭ મુ. પેટલાદ—

J. A. DALAL.
વિદ્યાધિકારી.

વટહુકમ નં ૬૬.

શાળાઓની વાર્ષિક પરીક્ષા, છોકરાઓને ઉતાવળથી પાસ કરીને કામ આરોપી ન નાખવાના કારણે બરોબર સખત રીતે લેવા વિશે સરક્યુલર નં. ૩૯ તા ૧૦ માર્ચ સ ૧૮૯૭નો થયેલોછે. તેમજ પરીક્ષામાં પાસ થાય કે ન થાય તોપણ આખા વર્ગોને ઉપલા વર્ગોમાં ચઢાવી દેવાનો રિવાજ પડી ગયેલો છે તેમ ન થવા બાબત વટહુકમ નં ૫૦ તા ૨૯ માર્ચ સ. ૧૮૯૭ નો થઇ ગયેલો છે તે પ્રમાણે જેમના તેમના તરફથી તજવીજ રહેશે, તોપણ એ વિશે ફરીથી જણાવવામાં આવેછે કે,

હાલમાં તપાસણી માટે એક શાળામાં અમારૂં જવું થયું હતું તે વખતે ખાત્રીપૂર્વક એવું જોવામાં આવ્યું કે ચાલુ રિવાજથી છોકરાઓને અભ્યાસમાં ગેરલાભ થાયછે એટલુંજ નહી પણ મોટા મોટા ઉંચા વર્ગો ને ધોરણે ઉઘાડવાથી મોટા પગારના આસિસ્ટંટનો શિક્ષક સંખ્યામાં વધારો થઇ તેનો ખરચ સરકારને માથે પડેછે જો બરોબર રીતે સખત પરીક્ષા લેવાઇ લાયક છોકરાઓનેજ વર્ગ ચઢાવવામાં આવ્યા હોત તો તેવા વર્ગ ઉઘડત નહી અને સરકારને માથે નકામો ખરચ પડત નહી માટે આ જરૂરી બાબત ઉપર ફરીથી પરીક્ષક અધિકારીઓનું ધ્યાન ખેંચવામાં આવેછે કે—હવે પછીની વિઝિટો વખતે આવી રીતનો રિવાજ ચાલુ રહેલો જોવામાં આવશે તો તે બદલ પરીક્ષક અધિકારીઓને જવાબદાર ગણવામાં આવશે. તા ૧૦ મે. સ ૧૮૯૭ મુ પેટલાદ

J A DALAL.
વિદ્યાધિકારી.

૬ ગો.

સરક્યુલર નં. નં. ૬૭

પેટલાદ ઉરદુ શાળાની ભેટ તા ૮-૫-૯૭ને રોજે લેવામાં આવી તેમાં ગઈ સાલ નિચે પ્રમાણે ફેરફારી થયલી જોવામાં આવી —

૧ પહેલા આસિસ્ટંટની ચાર વખત.
૨ બીજા આસિસ્ટંટની ત્રણ વખત
૩ ત્રીજા આસિસ્ટંટની ચાર વખત
૪ ચોથા આસિસ્ટંટની ત્રણ વખત
૬ છઠ્ઠા આસિસ્ટંટની બે વખત

ઉપર પ્રમાણે ફેરફારીઓ થયેલીછે તે સબંધે જણાવવાનું કે આ પ્રમાણે ઘણી ફેરફારીઓ થાય તેથી શિક્ષણના કામને ખલેલ પોહોચી શાળાને ધોકો લાગેછે સબબ આપદે કોઇ પણ આસિસ્ટંટની જગા ઉપર

વર્ષમા એથી વધારે વાર ફેરફાર ન થવો જોઇએ અને અવશ્ય કારણસર ત્રીજી વખત ફેરફાર કરવો પડે તો અહીંની મન્જુરી લેવી જોઇએ.

ઉપર પ્રમાણે જેમણે તેમણે તજવીજ રાખવી તા ૧૦ મે સ ૧૮૮૭ મુ પેટલાદ

J A DALAL.
વિદ્યાધિકારી

હિ વ હુ જા નં ૧૭
મરકયુલર જા ન ૬૮

આ ખાતાના નિબધ ૧ ની કલમ ૩ મા શાળાના ૭ ગ્રેડ ઠરાવેલા છે તેમા પહેલો ગ્રેડ-જે શાળામા ચારસે અને તે ઉપરાત વિદ્યાર્થીઓની સખ્યા હોય તેને ગણવામા આવેલો છે પરતુ ચારસે ઉપરાત તે કયા સુધી એ હદ ઠરાવેલી ન હોવાથી પાચસે અને તે ઉપરાત અને છસે ને ઉપરાતની સખ્યા માટે બે નવા ગ્રેડ ટીપણ ન ૬૬ તા ૨૩-૨-૮૭ લગત હુજુર હુકમ ન ૫૦ તા ૧૪-૪-૮૭ થી મન્જુર કરાવવામા આવ્યા છે તેથી પ્રથમ ૭ ગ્રેડ હતા તેને બદલે હવે આઠ ગ્રેડ થયા તે બે નવા ગ્રેડમા ત્રણ અને ચાર વધારેના ઉપશિક્ષકો આપવાની મન્જુરી થઇ છે એટલે હેડમાસ્તર સુદ્ધા પહેલા ગ્રેડમા ૨૦, બીજામા ૧૭ ત્રીજામા ૧૩, ચોથામા ૧૦, પાચમામા ૮, છઠ્ઠામા ૬, સાતમામા ૪, ને આઠમામા ૨, એ પ્રમાણે શિક્ષકોની સખ્યા ઠરીછે તા ૧૦ મી માહે મે અને ૧૮૮૭ મુ પેટલાદ

J A DALAL
વિદ્યાધિકારી

વટહુકમ

પગારપત્રકના રિમાર્કમાં ફીગ્મળ રજા (તાત્કાળિક) દાખલ થઇ આવેછે, તે લખવાની જરૂર નથી, એવો મેહેરબાન રા બા એકાઉન્ટન્ટ જનરલ સાહેબ તરફથી તુમારે શેરો ન $\frac{૨૪૩૧}{૧૯૫૩}$ તા ૮-૧-૮૭ નો આવ્યોછે, માટે તે પ્રમાણે આયદેથી સર્વે ઠેકાણે અમલ થવો જોઇએ તારીખ ૧૩ માહે મે અને ૧૮૮૭

J A DALAL,
વિદ્યાધિકારી

देशी केळवणीखातुं.

મોરબી પ્રાંતના તા. ટંકારાના રહીશ શેઠ સુંદરજી ડોસાએ ઉનાળાની ઋતુમાં સડક ઉપરની સ. મુ. નિશાળના છોકરાઓને પાણી પાવા માટે પોતાના ખર્ચથી એક માણસ રાખી પાણી પાવાનું કામ તા. ૧-૪-૯૭ થી શરૂ થયું છે. તે આગળ ચાલતાં જ્યાં સુધી, એટલે વરસાદ એક સારો થઈને આવે ત્યાં સુધી રાખવા ઇચ્છા જણાવી છે તે બહુ સારા કામમાટે આભારે [illegible] થઈ આ તરફ જણાવ્યું છે. આવા પરોપકાર કામ માટે શેઠ સુંદરજી ડોસાને ધન્યવાદ ઘટે છે. તા. ૨૦ એપ્રિલ સને ૧૮૯૭ મોર.

J. A. DALAL.

મો. વિદ્યાધિકારી.

પુસ્તકની પહોંચ

સંગીત શ્રાવણમાસી નાટક, રચનાર રા. રા. દુર્ગાનાથ ગૌરીનાથ દવે, એમના તરફથી મળ્યું છે. પુસ્તક બાર પેજી ૧૭૮ પૃષ્ઠનું છે. કીંમત રૂ. ૧ છે. એકંદર ગ્રંથ ઉપયોગી છે. નવાસ નાટકોને ઉત્તેજન મળે તે હેતુ આવા પુસ્તકોને આશ્રય આપવાની જરૂર છે. આ પુસ્તકનું વિશેષ વિવેચન આવતા અંકમાં આપવામાં આવશે.

બુદ્ધિપ્રકાશ—એક કવિતામય માસિક, રચનાર બાપુ પટેલ. નાના પૃષ્ઠ ૬૦ કીંમત આના બે. વિવેચન હવે પછી.

રૂપ અને મદનરેખા—રચનાર કવિ કાશીરામ મૂળશંકર કીંમત ૦-૩-૦ વિવેચન હવે પછી

अनुक्रमणिका.

વિષયો.	પૃષ્ઠ.
૧. કાતર વિષે...	૧૫૯
૨. સોય વિષે...	૧૬૦
૩. ટપાલના કાગળ વિષે પાઠ.	૧૬૧
૪. નીતિ અને બુદ્ધિ વચ્ચેનો સંબંધ	૧૬૩
૫. ગામડાની સ્ત્રીકેળવણીની વ્યવસ્થા.	૧૬૫
૬. મરકી તથા ચેપી રોગો ચાલતા હોય ત્યારે લોકોએ પોતાની રહેણી કરણી કેવી રાખવી.	૧૬૭
૭. સુશિક્ષક.	૧૬૯
૮. ઈમારતમારે વાત.	૧૭૧
૯. ગૃહકેળવણી.	૧૭૨
૧૦. ઈનામ પત્રક	૧૭૫
૧૧. દેશી કેળવણી ખાતું	[illegible]

विज्ञापना.

કેળવણીનો અંક મોડામાં મોડો પુનમ સુધીમાં ન મળે તેમણે જે તે માસ પુરો થતા અગાઉ પરબારું અમારા તરફ લખી જણાવવા તસ્દી લેવી, એટલે યોગ્ય ખુલાસો વખતોવખત આપવામાં આવશે. પુનમ પછી લખનારને અંક સિલકે હશે તોજ મળી શકશે.

જેમના ગામમાં ટપાલ ન આવતી હોય તેમના અંકો કયી શાળાની કે પોસ્ટની મારફતે મોકલવાથી તેમને જલદી મળશે તે પણ જણાવવું. શાળા ટ્રાન્સફર થાય તો તરતજ ખબર આપવી.

મેનેજર.

केळवणी.

दोधक.

अर्थ मळे वळी धर्म सधाये, ज्ञान मळे मनमान पमाये;
प्रीति वधे पसरे जश मारो, ए शिशुशिक्षण धर्व अपारो

પુસ્તક ૯ મું. આષાઢ સંવત ૧૯૫૯. અંક ૯ મો.

કાતર વેષ

(ગરબી.)

કાતર નારી કુટેવ કહું કાતર નારી,
તજ ટેવ એ તતખેવ રે, કહું કાતર નારી. (ટેક)
કાતર રાખી ફરે બન કાગ,
ચાતુર પુરૂષતણું ન ચાહીં;
મનુષ્યને નાખે ... રે કહું૦ ૧

મારર ઘરર ફરતી ... ,
કાતર કપડાં ઉપર ... ,
કાળજે રાખી ... રે કહું૦ ૨

કઠણ હૃદય કરી કપડાંનું કાપે,
મન તારૂં કુટિલ મપાય ન માપે;
હૈયાફૂટી હત્યારી રે. કહું૦ ૪

તાન આણીને તું કાપતી તંતુ,
છળ કરી કપડાંને પાડતી છહું;
શઠની લઈ સરદારી રે. કહું૦ ૫

તરત જુદા કરે ફાડીને તાકા,
સંપ તજાવી જુદી કરે શાખા;
ભલાની કીમતી થાન ભારી રે. કહું૦ ૬

સોય વિષે.

(ગરબી.)

સોય તને શાબાશ રે, સહુ દે છે શાબાશી. (ટેક)
સંપ કરાવીને તંતુ તું સાંધે,
બખેવડે કપડાં શીવી બાંધે;
ખુબી તારી એવી ખાસી રે. સહુ દે છે૦ ૧

જુદા જુદા હોય તેને તું જોડે,
કુસંપ તજાવતી સોય તું કોડે;
અજબ ગતિ તારી આ શી રે. સહુ દે છે૦ ૨

કાતરે કીધા નકામા જે કકડા,
જતન કરીને તેં સંપથી જકડયા;
ઉરમાં હતા જે ઉદાશી રે. સહુ દે છે૦ ૩

નાખી દીધેલાં જે કપડાં નકામાં,
જરકશી હીરના ફાટેલ જામા;
તેં સાંધી લીધા તપાસી રે. સહુ દે છે૦ ૪

નમણી નાની થી તું ગોશ ન માની;
જનને જરૂરની તાથ જણાણી,
બતાની બજુક જારી બામી રે. સહુ દેહો ૫

ટપાલના કાગળ વિષે પાઠ.

આ પાઠ ચોથા ધોરણના છોકરાઓને આપી શકાય. કાગળ કેમ લખવા, એ શીખવવાની આ સરસ યુક્તિ છે. આમાં કાગળ પાટિયું વગેરે હમેશના સામાન ઉપરાંત એક નોટપેપર, પરબીડિયું, અને અરધા આનાની એક ટીકિટની જરૂર છે.

પહેલો આરંભ જે ટપાલી (પોસ્ટમેન) મકાનમાં કાગળવાળાનું નામ મોટેથી બોલતો બોલતો ઘર આગળ આવીને આપણને કે મોને નાનું મહાદાર જોયેલાનું પરબીડિયું આપે છે, ત્યાંથી કરો. આ પરબીડિયું ઘણી આતુરતાથી ફોડવામાં આવે છે અને તેમાંની હકીકત વંચાય છે. આ પરબીડિયાને શું કહેવાય છે? કાગળ. છોકરા લક્ષ આપીને સાંભળે અને પાઠમાં બરાબર ધ્યાન આપશે તેને એક ખરેખરો કાગળ મળશે. આ કાગળ જેવોજ એક કાગળ આપણે આજ લખવાના છીએ. અહીંઆ શિક્ષક કાગળ બતાવે છે. આ બહારનો ભાગ પરબીડિયું કહેવાય છે. હવે જુઓ, હું એમાંથી કાગળ કાઢું છું. એની ઉપર કેટલાક શબ્દો લખેલા છે. શબ્દો કેવી રીતે ગોઠવ્યા છે તે જુઓ. આ પહેલું પાનું છે. એને મથાળે જમણી બાજુ ઉપર (બતાવો પૂછી હકીકત કઢાવવી) કાગળનું મથાળું લખેલું છે. કાગળ ક્યાંથી આવ્યો તે એ ઉપરથી સમજાય છે. આ ડાબી લીટીમાં 'પ્રિય મિત્ર' એવા શબ્દો લખેલા છે, તે લખનાર મને કેવી રીતે લખે છે તે જણાવે છે. કાગળનો બાકીનો ભાગ આ બે ત્રણ પૃષ્ઠમાં સમાવ્યો છે તેમાં હકીકત લખેલી છે અને આ છેવટની લીટી, કાગળ કોના તરફથી આવ્યો છે, તે મને જણાવે છે. (આ બધું નમૂનાના કાગળથી બતાવી આપવું) હવે આપણે આ નમુના પ્રમાણે કાગળ લખવાનો છે. માટે પહેલાં તો કાગળ ક્યાંથી આવ્યો તે લખવું જોઇએ. કાગળને મથાળે લખનાર જ્યાં રહેતો હોય તે ઠેકાણું લખવામાં આવે છે. આપણા કાગળ ઉપર આપણી નિશાળનું નામ લખીશું. કારણ કે ત્યાંથીજ કાગળ રવાના થવાનો છે. (અહીંઆ શિક્ષક સમજાવવું કે કાગળને ડાબે કાંઠે પાટિયું છે) મથાળું લખે છે. આ કાગળ કોને લખવો તેની મને ખબર નથી, કારણ કે પાઠ ઉપર વધારે ધ્યાન કોણ આપશે તે આગળથી હું કહી શકતો નથી. માટે 'પ્રિય મિત્ર—' એટલું લખીને જે છોકરાનું નામ લખવાનું છે તે છેવટ સુધી ખાલી રાખવામાં આવશે. પછી શિક્ષક કોઈ છોકરાને સારો કાગળ લખે છે અને છોકરાને રસ પડવા માટે તેમાં જે લખેલું હોય તેને બંધબેસતા આવે એવા શબ્દો વચમાં વચમાં

પૂછતો જાય છે. કાગળનું એક પૃષ્ટ ભરાય તેટલું લખાય તો બસ છે. હવે કાગળને છેડે શું લખવું ? હું એક છોકરાને કાગળ લખું છું એમ ધાર્યું છે. મારે માટે શો શબ્દ વાપરવો ? **ગુરૂ—માસ્તર.** હા, તે બરોબર છે ! પણ મારા ધારવામાં તેનાથી એક સારો શબ્દ છે. હું તમને હમેશાં કહું છું કે હું તમારો મિત્ર છું. ખરેખર તમારાં માતાપિતા પછીનો તમારા ઉપર હેત રાખનાર હું તમારો ખરેખર મિત્ર છું. (હેત રાખનારનો અર્થ સમજાવવો.) આ મેં મારૂં નામ લખ્યું. હવે પાટિયા ઉપર લખેલો કાગળ આ કાગળમાં ઉતારૂં છું. તે લખતી વખતે તમારે એક એક શબ્દ તેમાંથી વાંચવો. શિક્ષક લખેછે અને છોકરાં નીચે પ્રમાણે વાંચે છેઃ—

વડોદરા, મેહેતાપોળ, ગુ. શાળા. નં. ૨.
તા. ૮મી જુન સન ૧૮૯૭.

પ્રિયમિત્ર.——

તમે તમારી હમેશની રીત પ્રમાણે નાહીધોઇને સવારમાં વેહેલા નિશાળે આવ્યા તેથી હું ખુશી થયો છું. મારી ખાત્રી છે કે તમને નિશાળે આવવું ગમે છે ; કારણકે તમારા પાઠ ઉપર તમે હમેશાં બરાબર ધ્યાન આપો છો અને તમારો શિક્ષક જે કરવાનું કહે તે બધું કરવાનો યત્ન કરો છો. જો બધા છોકરા અને છોકરીઓ આ પ્રમાણે કરે તો ખરેખર નિશાળ એક સુખદાયક જગા થઇ પડે. તમે જ્યારે મોટા થાઓ ત્યારે, મને આશા છે કે તમને જે શીખવવામાં આવ્યું છે તે બરાબર યાદ રાખશો. અને સૌથી સારી વાત એ છે કે તમે માયાળુ અને સાચા બોલા થશો.

લી. તમારા ઉપર પ્રીતિ રાખનાર મિત્ર
મૂળજી ગોવરધન.

કાગળ લખી રહ્યા પછી છોકરાઓને બતાવવો. અને શિક્ષકે પાઠ હજી ચાલું રાખવો. હવે બીજું કામ કરતા પહેલાં જે છોકરો આ કાગળને માટે લાયક છે તેને ચુંટી કાઢવો જોઇએ. (છોકરાઓને પૂછીને અથવા શિક્ષકે પંડે છોકરાની પસંદગી કરવી). જે છોકરો કાગળમાં લખેલી હકીકત પ્રમાણે બરોબર વર્તતો હોય તેનેજ પસંદ કરવો જોઇએ. અને એ રીતે સદગુણનો એક પાઠ શીખવ્યો કહેવાશે. છોકરો પસંદ કરીને તેનું નામ લખવું. કાગળની સફાઇ બંધ ગડી વાળીને તેને પરબીડામાં મૂકવો. પછી સરનામું લખીને તે વર્ગમાં બતાવવું અને ટિકેટ ચોડવી. હવે રવાના કરવાને માટે કાગળ તૈયાર થયો. અહીંઆં કાગળ મોકલવાની અને વેહેંચવાની સમજણ પાડવી. કાગળ કેવી રીતે પોસ્ટ ઓફીસમાં લેઇ જવામાં આવે છે, કેવી રીતે પેટીમાં નંખાય છે, પોસ્ટમેન કેવી રીતે તે બધા એકઠા કરે છે અને શહેરની મુખ્ય ઓફીસમાં લેઇ જાય છે, કેવી રીતે કાગળોના જથા પાડવામાં આવે છે, અને છેવટે પરબીડા ઉપર લખેલે ઠેકાણે શી રીતે પહોચાડવામાં આવે છે, તે સઘળું સમજાવવું. એક છોકરાને કાગળ ટપાલમાં નાંખવા માટે અને

બીજા છોકરાને કામ બરાબર થાય છે કે નહિ તે જોવા જવાને માટે પસંદ કરવો જે છોકરાના નામથી કાગળ લખ્યો હોય તેને તે અમુક વખતે મળશે એમ કહેવું. વળી તેને સૂચના કરવી કે, તે વાચવો અને નિશાળે આવતી વખતે સાથે લેતા આવવો કે જેથી વર્ગના બીજા છોકરાઓના જોવામાં આવે.

" નીતિ અને બુદ્ધિ વચ્ચેનો સંબંધ ".

શિક્ષકોનું કર્તવ્ય " નીતિ અને બુદ્ધિની કેળવણી " આપવાનું છે નીતિ એટલે શું અને બુદ્ધિ એટલે શું, તે ઘણા શિક્ષકો સારી પેઠે સમજે છે, તેથી તેની વ્યાખ્યા આપવા મારો વિચાર નથી, પરંતુ ' નીતિ અને બુદ્ધિનો ' કેવો સંબંધ છે તે તપાસવાનું છે જો યોગ્ય રીતે તપાસવામાં આવે તો શિક્ષકને કંઈ પણ લાભકારક છે એમ મારા સમજવામાં છે. કારણ કે જે કામ કરવું ઘટે છે તે સારી રીતે કરવું ઘટે છે અને સારી રીતે કરવા માટે સારા વિચારો પણ આવશ્યક છે, અને જ્યારે સારા વિચારોથી સારૂં કામ કરી શકવાની શક્તિ પ્રાપ્ત થાય છે ને તેથી ફાયદો છે તો સારા વિચારો કરવાથી પણ ફાયદો છે. નીતિ અને બુદ્ધિની કેળવણી આવશ્યક છે તો તે સંબંધે વિચાર કરવા પણ આવશ્યક છે.

નીતિ અને બુદ્ધિ વચ્ચેનો સંબંધ જાણવા માટે ' સંબંધ ' એટલે શું ? તે આ સ્થળે સ્પષ્ટ કરવાની જરૂર છે અને સ્પષ્ટ કર્યા વગર આગળ ચાલતાં જતાં આગળ જતાં ઠોકર ખાવા સરખું બનવાનો સંભવ છે. માટે સંબંધના ભેદ વિચારીએ.

સંબંધ ઘણી જાતના છે, તે માંહેથી કયો સંબંધ બુદ્ધિ અને નીતિ વચ્ચે છે તે આ પ્રસંગે શોધી કાઢવાનું છે

સંબંધનો એક પ્રકાર એવો છે કે સંબંધ તૂટે તોપણ દરેક પોતાનું કાર્ય કરી શકે એટલે કે પિતા અને પુત્ર એમનો જે સંબંધ છે તે આપણે જાણીએ અને એવો નિકટ સંબંધ બીજો થોડોજ છે છતાં પિતા પુત્ર એક બીજાથી જૂદા પડી શકે, એટલે કે બન્નેને વિરોધ થાય તોપણ તેમનો વ્યવહાર અટકી પડવાનો ઓછો સંભવ છે

બીજો પ્રકાર એવો છે કે બન્નેમાંથી એક છૂટું થાય તો તે બેમાંના એકનો નાશ થાય પાણીને માછલાનો સંબંધ એવા પ્રકારનો છે, સંબંધ તોડવામાં આવે તો માછલું મરી જાય.

ત્રીજો પ્રકાર એવો છે કે બન્નેને જુદાં પાડવામાં આવે તો બન્ને નષ્ટ થાય. દેહ અને આત્માનો સંબંધ એવા પ્રકારનો છે. (આત્મા નષ્ટ થાય એમાં એટલુંજ જાણવાનું છે કે તે જે ક્રિયા કરે છે તે બંધ પડે છે.) અગર વધારે સ્પષ્ટતા માટે એમ પણ કહી શકાય કે એક વગર બીજું નિરૂપયોગી છે. યંત્રોમાં વપરાયેલા વિભાગો કે જેને એક બીજાથી છૂટા કરવા આવે તો શક્તિ બંધ થાય.

વગેરે સંબંધોના ઘણા પ્રકાર છે અને તપાસવા માંડીએ તો ઘણા નીકળી શકે, પણ આપણને ઉપયોગી હકીકત એટલામાંથીજ મળી શકે તેમ છે.

હવે જે સંબંધો જોડવાથી જોડી શકાય અને તોડવાથી તોડી શકાય તેને સંબંધ છે એવું નામ આપવું. એ એવું છે કે, કોઇ પણ પ્રાણીને મારીએ તો મરી જાય અને જીવાડીએ તો જીવી શકે, તે પ્રાણી અમર છે એવું નામ આપવાની ભૂલ જેવું છે. ત્યારે ખરો સંબંધ કયો? ખરો સંબંધ તો તેજ કે "જ્યાં સુધી એક રહે ત્યાં સુધી બીજું તેની સાથેજ રહે." તેનું નામ સંબંધ.

હવે બુદ્ધિ અને નીતિને કેવો સંબંધ છે? તપાસ કરીએ. તપાસ કરવા માટે તેમની રહેઠાણો તપાસવી જોઇએ. રહેઠાણો ક્યાં છે! માણસોમાં. તપાસવાનું એટલું છે કે બુદ્ધિ હોય છે ત્યાં નીતિ હોય છે કે કેમ? અને નીતિ હોય છે ત્યાં બુદ્ધિ હોય છે કે કેમ? જોવાનું એટલું છે કે બુદ્ધિવાન માણસ નીતિવાન થઇ શકે કે કેમ? અને નીતિવાન માણસ બુદ્ધિમાન માણસ થઇ શકે કે કેમ? જાણવાનું એટલું છે કે બુદ્ધિની કેળવણીથી નીતિ આવે છે કે કેમ? અને નીતિની કેળવણીથી બુદ્ધિ આવે છે કે કેમ?

ઉદાહરણથી સ્પષ્ટતા જોઇએ તેટલી થશે માટે તે તપાસીએ. ખરા ચોર, ધુતારા, લાંચ લેનારા, પ્રપંચી, ખોટા લેખ અને શીક્કા બનાવનાર, એને આપણે ઓછી બુદ્ધિના છે એમ કહી શકીશું? કદી નહીં. હવે ઔરંગઝેબ, અલાઉદ્દીનખુની, મહમદ, પહેલો વિલિયમ, રાણી મેરિ, ઇલિઝાબેથ ઇત્યાદિ ઓછી બુદ્ધિનાં હતાં? માણસો પડતા મૂકો-જીવ જંતુઓને અવલોકો. કરોળીઓ પોતાની જાળ બનાવવામાં, મધમાખી મધ બનાવવામાં, બિલાડી ઉંદરને પકડવામાં, કીડીઓ ભવિષ્યને માટે ખોરાક સંઘરવામાં, ગાય પોતાના વાછરડાને પારખી કાઢવામાં, શિકારી પશુઓ શિકારને પકડવા, પોતાની કેટલી બુદ્ધિ વાપરે છે? ઇંગ્રેજી ભણેલા અને ભણનાર કરતાં નાનું બાળક ઓછી બુદ્ધિનું છે? કે જેને કોઇપણ ભાષાનું જ્ઞાન નથી હોતું તેવે વખતે (બોલવા શીખવવાની શરૂઆતમાં) પોતે વગર સાધને ભાષા શીખે છે? વગેરે ઘણા દાખલા મળી આવે. પણ આ બધામાં નીતિનો એક અંશ પણ છે? નથી.

આ ઉપરથી એ સ્પષ્ટ થયું કે "બુદ્ધિ નીતિ વગર રહી શકે છે." હવે નીતિ એ બુદ્ધિ વગર રહી શકે છે કે કેમ, તે તપાસીએ.

નીતિવાન થવાને બુદ્ધિનો ખપ પડે છે. જો ખરા ખોટાની સમજણ ન હોય તો અનીતિ શું ? અને નીતિ શું ? તે સમજી શકાય નહીં. ચોરી એટલે શું ? જૂઠું એટલે શું ? પાપ એટલે શું ? એની જેને ખબર ન હોય તે શી રીતે નીતિવાન થઇ શકે ? એવો એક પણ દાખલો નથી કે જે નીતિવાન છતાં બુદ્ધિને માટે શૂન્ય હોય. અર્થાત્ જે નીતિવાન છે તે બુદ્ધિવાળા પણ છે, અને એવાં ઉદાહરણો સર્વેને વિદિતજ છે

આ ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે બુદ્ધિ નીતિ સાથે સબંધ રાખતી નથી પણ નીતિ બુદ્ધિ સાથે સંબંધ રાખે છે દાખલો એવો છે કે આ સ્થળે કોઇને આશ્ચર્ય થાય એટલે કોઇ એમ કહે કે મારે ચુનીલાલ સાથે સંબંધ નથી પણ ચુનીલાલને મારી સાથે સંબંધ છે જોતાં જરા શું ચવણું જેવુંજ છે પણ જરા વધારે જોઇશું તો ઉપરનો દાખલોજ સત્ય ઠરશે. જીવ કહે છે કે દેહ મારો છે, પણ હું દેહનો નથી મને છોડીને શરીરથી નહીં જવાય પણ હું તો જઇ શકું.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે સબંધના જે ત્રણ પ્રકારોજ માત્ર આપણે તપાસ્યા તેમાંના બીજા પ્રકારનો સબંધ બુદ્ધિ અને નીતિ વચ્ચે છે પાણી માછલાં વગર એટલે કે બુદ્ધિ નીતિ વગર રહી શકે, પણ માછલું પાણી વગર એટલે નીતિ બુદ્ધિ વગર રહી શકે નહીં. એવા દાખલા ઘણા છે દીવા બત્તી વગેરે વગર રહી શકે નહીં પણ બત્તી વગેરે દીવા વગર રહી શકે પ્રાણીઓ ખોરાક વગર રહી શકે નહીં પણ ખોરાક પ્રાણીઓ વગર રહી શકે. ઝાડો જમીન વગર રહી શકે નહીં પણ જમીન ઝાડો વગર રહી શકે. વહાણને દરીઆ વગર ચાલી શકે નહીં પણ દરીઆને વહાણ વગર ચાલી શકે ઇત્યાદિ ઇત્યાદિ.

ત્યારે એટલું નક્કી થયું કે બુદ્ધિ નીતિ વગર રહી શકે, પણ નીતિને બુદ્ધિની આવશ્યકતા છે. પહેલી બુદ્ધિની કેળવણી અને પછી નીતિની કેળવણી આપવી એજ ન્યાયપુરઃસર છે.

દ. હી. બારોટ

ગામડાની સ્ત્રીકેળવણીની વ્યવસ્થા.

સ્ત્રી કેળવણીની કેટલી જરૂર છે, તે સર્વ જાણે છે, માટે એ વિષે ન લખતાં એ કેળવણીનો હેતુ કયી વ્યવસ્થાથી પાર પડે, તે તરફ જોવું ઉચિત છે.

દરેક ગામે કન્યાશાળા થવી મુશ્કેલ છે. હાલ દરેક ગામે છોકરાની શાળા જોવામાં આવે છે, તેમાં આપણી વ્યવસ્થા સહજ થાય એવું છે.

ધોરણ પેહેલામાં પાંચથી સાત વરસની ઉમરનાં છોકરાં હોય છે અને તેઓને હાલ ત્રણ કલાક કેળવણી અપાય છે. અને વચ્ચે ત્રણ કલાક રમવા, ફરવાની રજા આપવામાં આવે છે. તેથી રમવાની છૂટ મળે છે ખરી, પણ પૂરતી * સ્વતંત્રતાવાળી નથી. માટે એઓને માત્ર એક વેળા બોલાવામાં આવે, તો કોઇ પણ જાતની અડચણ ન પડતાં છોકરાઓ ખુશીથી બેસશે અને કેટલીક વેહેવારી ચીજોનું અવલોકન કરશે. એ બંને બાબતો ઘણી અગત્યની છે, તે હાલના બાળકો ગુમાવે છે. તેઓના અભ્યાસ ક્રમમાં ફેરફાર કરવાની ઝાઝી જરૂર રહેતી નથી. માત્ર શાળામાં આવવાના વખતની વ્યવસ્થા દરરોજ ત્રણ કલાક મુજબનાં થશે. એટલે બસ.

આમ થવાથી સાંજના ત્રણ અવરમાં ઉપર કહેલા વર્ગના શિક્ષકફુરસદવાળા થયા. હવે આપણે ગામડાની સ્ત્રીઓ તરફ જોઇશું, તો તેઓ બે વાગતા સુધી ઘરવ્યવહારમાં ગુંથાયલી હોય છે. અને તે વ્યવહાર છોકરીઓને તેઓની મા તરફથી સમજાયલો હોવો જોઇએ.

અને તે સમજુતી હાલ અપાય છે અને અપાશે. પરંતુ બપોર પછી તમામ છોકરીઓ ફુરસદવાળી હોયછે, અને એ વખત તેમને શિક્ષણ આપવાને અનુકુળ પડે એવો છે. માટે સાંજની વખતે તમામ છોકરીઓ ભણવા આવે. એમને બેસવાની વ્યવસ્થા જુદી થાય એ મુજબ કરવાને આપણે શક્તિમાન છીએ. કારણ કે પાછળ કહ્યું તેમ થાય તો શિક્ષકો તે વખતે ફુરસદ વાળા હોય છે. આ વ્યવસ્થાથી બાર વરસ સુધીની કન્યા દરેક ગામે દાખલ થઈ શકશે, એટલે સ્ત્રી કેળવણીની અડચણ દૂર થશે. એઓનો અભ્યાસક્રમ દરરોજના ત્રણ કલાક મુજબ ચાર વર્ગ પાડી વહેંચાય, તો વ્યવહાર પૂરતી કેળવણી આપવાને અડચણ આવે નહિ. અને એ મુજબ એટલાજ વખતમાં અભ્યાસની ગોઠવણ થશે, એમાં ઝાઝી અડચણ નથી. માટે ગોઠવણ લાભકારી થઇ પડે ખરી.

નારાયણજી ગોપાળજી.—

---

* જે જાતની કેળવણી શિક્ષકની દેખરેખ નીચે છોકરાને રમાડીને તેમને આપવાનો હેતુ છે, તે હેતુ છોકરાં પર આગળ એકલાં રમે તેથી સિધ્ધ થવાનો સંભવ નથી, એ વાત લેખકે સ્મૃતિમાં આણવી જોઇતી હતી.

અધીપર.

मरकी तथा चेपी रोगो चालता होय त्यारे लोकोए पोतानी रेहेणीकरणी केवी राखवी.

(પૃ ૧૧૮ થી.)

૩ દૂષિત પાણી

મરકી થવાનું ત્રીજું મુખ્ય કારણ દૂષિત પાણી છે, માટે જ્યારે મરકી વગેરે રોગો ચાલતા હોય તે વખતે પાણી સ્વચ્છ અને શુદ્ધ પીવું; એટલુંજ નહિ પણ નહાવા ધોવામાં કોગળા કરવામાં અને વાપરવામાં પણ સ્વચ્છ પાણીનો ઉપયોગ કરવો જોઈએ. રોગીનો મળ સ્પર્શ લાગેલું કે બીજી રીતે દૂષિત થએલું પાણી પીવાના કે વાપરવાના ઉપયોગમાં લેવું નહિ એક બીજાનું એઠું (બોટેલું) પાણી પીવું નહિ.

અસ્વચ્છ પાણી પીવાથી કેવું નુકસાન થાયછે તેનો એક અસરકારક દાખલો હું નીચે આપું છું.

પંજાબ દેશમાં એક ખેડૂત એક વખત કાંઇ કામે પરગામ ગયો હતો ત્યાંથી આવતાં રસ્તામાં તેને મરકી લાગુ પડી. ઘેર આવ્યા પછી શૌચકૂપમાં ઝાડે જવા ગયો. મે પ્રથમ કહેલુંજ છે કે મરકીના વિષનાં તત્વો રોગીની લાળી અને ઝાડામાં હોય છે હવે આ શૌચકૂપ સાથે પીવાના પાણીના નળની ટાંકી હતી તે ભોમભેગ ફુટેલી હોવાથી શૌચકૂપમાંથી એ વિષ ફૂટેલે રસ્તેથી પાણીમાં દાખલ થયું અને એ પાણી ઘરના બધાં માણસોના પીવામાં આવતું હતું, તેથી એ ઘરમાં લગભગ ૧૦-૧૨ માણસો રહેતા હતાં તે બધાંજ એ રોગથી ટુંક ટુંક મુદતમાં મરી ગયાં, અને ઘર બિલકુલ ઉજડ થઇ પડયું. આ પાણીના નળનો આસપાસના જે લોકો ઉપયોગ કરતા હતા તે બધાને લગભગ આ રોગ લાગુ થયો. પણ એના નજદિકમાંજ એક ઘરવાળો હતો, તે કાંઇક કારણથી એ પાણીનો ઉપયોગ પહેલેથીજ કરતો નહોતો, તેથી તે ઘરમાં કોઇનેજ એ રોગ લાગુ થયો નહિ. આ ઘરની પાસે એક માણસ રહેતો હતો તેની મા બીજા કોઇ મહોલ્લામાં રહેતી પણ તેને આ નળનું પાણી પસંદ હોવાથી તેનો છોકરો તેને અહીંથી પાણી મોકલતો હતો. અહીં આ પ્રમાણે પાણીમાં વિકાર થયા પછીનું પાણી ત્યાં ગયું અને તે પીધું તેને બીજે દિવસે તે ડોસીને પણ એ રોગ લાગુ પડયો. એ ડોસીને ત્યાં તેની બેન મળવા આવી હતી તેના પીવામાં એ પાણી આવ્યું તેથી તેની પણ એજ દશા થઇ આ પ્રમાણેની હકીકતનો તપાસ કરી ડાક્ટરે પાડ્યાથી એ મહોલ્લામાં મરકી

થવાનું કારણ એ પાણીજ હતું એમ ઘણા પ્રયાસથી શોધી કાઢયું અને એ પાણી ઉપયોગમાં લેવાતું બંધ કરવાથી એ રોગ શાંત થયો. હવે જો આ વખતે એ પાણીનો ઉપયોગ થયો ન હોત તો આવો અનર્થ ગુજરત નહિ. એ વાત નિઃસંદેહ છે, માટે આ અનર્થનું કારણ દૂષિત પાણીજ હતું. આપણા ગુજરાત દેશમાં ઘણાં ઘરોમાં ટાંકાનાં પાણી પીવાનો રિવાજ છે, અને તે ઘણું કરીને સેજખાનાના નજીકમાં હોય છે., કર્મ સંજોગે ટાંકુ જરાતરા ફાટેલું હોય તો ઘણો અનર્થ થવાનો સંભવ છે. સખ્ત રોગ (મરકી) ચાલતો હોય ત્યારે આવા શંશય યુક્ત ટાંકાના પાણીનો ઉપયોગ બિલકુલ કરવો નહિ. આવા વખતમાં તળાવ કરતાં કૂવાનું, અને કૂવા કરતાં નદીનું પાણી પીવાના ઉપયોગમાં લેવું સારૂં છે. નદીમાં પણ ધરો (નદીની અંદર ખાડો કે જયાં આગળ પાણીનો પ્રવાહ ન ચાલતાં તે ઘેરાઇ રહેતું હોય તેવી જગા) હોય તે ભાગના કરતાં વહેતું હોય તે ભાગનું પાણી પીવાના ઉપયોગમાં લેવું જોઇએ. કૂવાનું પાણી પીવામાં લેવાતું હોય તો કૂવાની આસપાસ ગંદકી થવા દેવી નહિ. કૂવા બહાર ઢોળાતું પાણી મેલું થઇ પાછું અંદર ન જાય તેને માટે ઢાળબંધ ચૂનાનો ચોતરો કૂવાની આસપાસ કરવો. તળાવનું પાણી ઉપયોગમાં લેવાતું હોય તો આવા વખતમાં તેમાં નહાવાધોવાનું બંધ કરવું જોઇએ. ઢોરને એ તળાવમાં પાણી પાવાને ઉતારવાં નહિ. જેમાં ક્ષારનો ભાગ વધારે હોય એવું પાણી પીવામાં લેવું નહિ કૂવા કે તળાવનું પાણી પીવાનું હોય તો તે આવા વખતમાં ફિલ્ટરથી ગાળીને પીવામાં લેવું જોઇએ. ફિલ્ટરથી ગાળવાથી પાણીમાંનો દોષ નહિ સરખો થાય છે પાણીને ઉકાળી ઠંડું પાડી પછીથી ગાળીને પીવામાં ઉપયોગ કરવો એ સારૂં છે. આવા વખતમાં કોઇ પણ પાણી ગાળ્યા સિવાય પીવાના ઉપયોગમાં લેવું નહિ. વાશી પાણી બીજે દિવસે ઘણું કરીને પીવાના ઉપયોગમાં લેવું નહિ; પણ તેનો વાપરવામાં ઉપયોગ કરવો. કદાચ પીવામાં લેવાનો જરૂર પડે તો ફરીથી ગાળીને ઉપયોગ કરવો. નદીનું પાણી પીવામાં આવતું હોય તો એ નદીમાં મુડદાં નાંખવાં નહિ. સંન્યાસીને જલસમાધિ કરાવવાનો આપણામાં રીવાજ છે. તે પ્રમાણે મોટી નદીના મુખ આગળ કે ભર દરિયામાં થાય તો બહુ હરકત સરખું નથી, કેમકે તેમાં મોટા મગર મચ્છ વગેરે પ્રાણીઓ હોવાથી તેઓ મુડદાંને ખાઇ જઇ ઝાઝો બિગાડ થવો અટકાવે છે; પણ નાની નદીઓમાં એમ થવું ઘણું નુકસાન કારક છે. જયાં નદી નથી હોતી ત્યાં આવો પ્રસંગ આવે તો જેમ બીજો રસ્તો શોધવો પડે છે, તેમજ આવા વખતમાં નાની નદી કાંઠેના ગામોવાળાએ પણ પોતાના ગામની પાસે નદી નથીજ એમ સમજીને બીજો રસ્તો કરવો. કદાચ જલસમાધિજ કરવાની જરૂર હોયતો નદીના મુખ આગળ મુડદાંને લઇ જવું.

જે ગામો નદી કિનારે હોય તેમણે વિશેષ સાવચેતી રાખવાની કે, નદીનો પ્રવાહ જે દિશાએથી આવતો હોય તે તરફના એટલે ઉપરના ભાગમાં નદીના કિનારા ઉપરના કોઇ ગામમાં મરકી ચાલતી હોય તો તે બંધ થાય તેટલી મુદત નદી કિનારાના નીચેના ભાગના લોકોએ એ નદીનું પાણી ઉપયોગમાં લેવું નહિ. કેમકે ઉપરના ભાગના લોકો વિષનાં તત્વો પાણીમાં જાણેઅજાણે નાખે. અને તે પ્રવાહ મારફતે નીચેના ભાગમાં

આવી તે પાણીનો ઉપયોગ કરવાથી ત્યાં પણ એ રોગ લાગુ પડવાનો સંભવ છે માટે તે ઉપરના ગામમાં રોગ ચાલુ થતાં સુધી એ નદીના પાણીનો ઉપયોગ ન કરવો.

सुशिक्षक.

(પૃષ્ઠ ૧૫૬ થી)

"બસ આજ બરોબર છે મારે બદલાની કે લાભની દરકારની અપેક્ષા નથી. "મારૂં કામ બીજાઓ જુએ, અને તેની બુઝ જાણે, તેટલા માટે મારે કરવું, કે કરવા "યોગ્ય છે માટે કરવું ? નહીં, યોગ્ય છે માટેજ કરવું. યોગ્યની યોગ્યતા એની મેળેજ "પ્રકાશશે; અને પ્રકાશે તોપણ શું ? મારે રટર્મની પેઠે ભાગ્યશાળી થવુંજ નથી. મારે "તો મહાત્મા પેસ્ટેલોઝીની અને ફ્રેબલ જેવા શિક્ષણવીરની પ્રણાલી અનુસરવી છે."

શિક્ષણ વીરના નામ લેતાંજ શિક્ષણુતાર્થે આવવા માંડયું, અને તેજ મહા ભાગ-મહાત્મા પેસ્ટેલોઝીનો પોતાનો વૃત્તાંત વાંચવા માંડયો. પેસ્ટેલોઝીના પોતાના વિચારો—તેના નીતિશિક્ષણના સિદ્ધાંતો—બાળકોની વૃત્તિઓને અનુસરી તેને પરિવર્તન કરી દેનાર સિદ્ધાંતો—અને તત્સંગ તેના બધા વિચારો યથાશક્તિ વિચારવા લાગ્યો—મન-માંજ અનુભવવા લાગ્યો. મહાત્માને પડેલાં અનહદ દુઃખો સ્મરણમાં આવ્યાં "અહાહા! "આવા મહાત્મા અને બીજાને માટે પ્રાણ સમર્પણ કરનારને આવાં દુઃખ! પણ તે દુઃખ "તેને મન દુઃખરૂપ હતાંજ ક્યાં ? બરાબર એમજ જોઇએ."

વળી ખોલવા લાગ્યો અને આખર પેસ્ટેલોઝીના બાલસ્વભાવને અનુકૂળ વિચારોને યોગ્ય શાસ્ત્રીય રીતિમાં ગોઠવનાર પ્રખ્યાત શિક્ષક ફ્રેબલને વાંચવા લાગ્યો. તેનો ઉન્માદ-તેનું સામર્થ્ય અને તેની અદ્ભુત શિક્ષણશક્તિ આ બધામાંથી કંઇક કંઇક લેવા માંડયો, આખર મસ્તિષ્ક ભરાઇ આવ્યું હોય તેમ, પુસ્તક મૂકી દઇ "બસ-બસ-શિક્ષકને તે વળી બીજું શું જોઇએ ?" કરતો એકદમ ઉભો થઇ ગયો. નિશ્ચય-થી આવી જતું મન પણ સાથેજ ખડું થઇ ગયું, અને ઉભા ઉભા—પણ ધીમે ધીમે ફરતા શરીરની સાથે ફરવા માંડયું—સિદ્ધાંતો ગોઠવવા માંડયા "ત્યારે કરવું શું ? "શરૂઆત શી કરવી ? કામેજ અનુભવ કરવાનો છે. પ્રથમ તો વસ્તુ સ્થિતિ જોઇ લેવી "ઉપર ઉપરથી તો જોયું છે— છે તો બધું ઠીકઠીક. શિક્ષકો, વિદ્યાર્થીઓ કરવાનું ઠેકાણું "નથી. ત્યારે ! ત્યારે સંચો ફેરવવો. પણ શું એકદમ ફેરવી ? એકદમ તો નહીંજ. ફેરે "ધામધૂમ કરવા જઇશું તો બધાય ફરી જશે. શિક્ષકો જાણશે કે 'અમે કર્યું તે બધું "ખોટું' અને આ આઇ કરે તે સારું' એમ કરવાનો આમનો ઉદ્દેશ છે અને તેથી "તેઓ મારા વિચારને સંમત નહીં થતાં વિમુખ થશે. તો આનંદકે શું કરવું ? તોપણ "તો કરી પણ ધાંધળ વગર અને જૂની વ્યવસ્થાની ઇમારતનો નાશ કર્યા વગર તેના "જૂના જૂના દરેક ભાગોને દુરસ્ત-મજબુત અને ઉપયોગી કરીશ અને એવી રીતે નવીન "ઇમારત બનાવતાં છતાં ઇમારત નવી થાય છે, અને જૂની નષ્ટ થાય છે એવી કોઇને "પણ ખબર પડવા દીધી નહીં. કશી આડંબર કે ઉતાવળ ગભરાટ વગર ખરાબ "વસ્તુને સ્થળે સારી મૂકી દીધી, મારે પણ તેમજ કરવું જોઇએ, એકદમ

" શિક્ષકોને કહીએ કે તમારા વિચાર અને તમારી પદ્ધતિ ખોટી છે.
" તો તેઓ વિરૂદ્ધજ થાય, આપણી પદ્ધતિ યોગ્ય હોય તો પણ સ્વિકારે નહીં;
" ત્યારે-શું કરવું ? પ્રથમ તેનો સ્વભાવ-તેનું વર્તન ગુપ્ત રીતે જોઈ લેવું; તેની
" પદ્ધતિઓ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે નીરખી લેવી; તેનો ઉત્સાહ તેને શિક્ષણ સમયમાં
" જોઇ લેવો ; તેના વિચારો અને આપણા વિચારો મેળવવા; પ્રથમ તેને મળતા હોઇએ
" તેમજ દેખાવું; પણ પછીથી તેની જરા ભૂલ દેખાડી તેનાં પરિણામ બતાવી આપવાં;
" આપણું બતાવવું. આપણા જ્ઞાનનો વિસ્તાર વિસ્તારવાની ખાત્તર નહીં; પણ માત્ર
" તેના પરના પ્રેમ અને તેને વિરૂદ્ધ રસ્તે જતા અટકાવવાની ખાતરજ છે,
" એમ પણ બતાવી આપવું; વળી તે આપણને મારા શિક્ષક થઇને બતાવેછે એમ ન ધારે,
" પણ મિત્ર અને હિતેચ્છુ થઇને બતાવે છે; જે બતાવે છે તે ગોગ્યજ બતાવે છે,-
" બતાવવુંજ એમ ધારીને નહીં, એમ પણ સમજાવી આપવું; અને તે બધું તેના પર પુષ્ક-
" ળ પ્રેમ રાખીને, તેને મારા બંધુ-મિત્ર જેવા ગણીને બધાએાે પ્રત્યે એમ કરવું. તેઓ
" કંઇ છેક અધમ તો નહીંજ હોય? માણસ છે, માણસ માણસપર પ્રેમ રાખે તો વશ કેમ
" ન થાય ? શું મનુષ્યને વશ કરવાના તે વળી મંતર મંતર જોઇતા હશે ? દુનિયામાં એવાં
" ઘણાં થાય છે; પણ તેથી શું વશ થતાં હશે? અને તેમાં પણ ભોળી બાઇડીઓ તો
" શાસ્ત્રી પુરાણી ઢોંગી બાવાઓ આગળ વશીકરણ વિદ્યાજ શીખ્યા કરે છે. શું તેઓને
" પ્રેમ રાખતાં ઈશ્વરે નહીં શીખવ્યું હોય? પ્રેમ હોય તો એવું શા માટે જોઇએ ? ફોગટ.?
" એનુંજ નામ વૃથા ફાંફાં. "

એની મેળેજ હાથ તરછોડાઇ ગયો. અને મુખ પર સ્મિત તરી આવ્યું. પણ વિચાર બંધ થયા નહીં. " અરે હું ત્યાં કયાં ગયો ? મારે તો શિક્ષકો અને બાળકોજ વશ કરવાં
" છે શિક્ષકો તો વશ થવા સહેલ છે; પણ બાળકોજ નથી. નહીં, નહીં; ભૂલ્યો. બાળકો
" વશ થવાં સહેલ છે; શિક્ષકો નથી. બાળકોનું કોમળ-પ્રેમાળ-નિર્દોષ-આનંદી-હૃદય,
" નવું નવું જાણવાની સ્વાભાવિક જિજ્ઞાસા: એ એમને વશ કરી લેવાને ઉત્તમ સાધન
" છે. તેજ શિક્ષકોને પણ છે. પણ શિક્ષકાતો ઘડાઈ ઘડાઇ કઠણ થએલા-તેનાં હૃદય કોમ-
" ળ નહીં તો ! પરંતુ તેથી શું ? કંઇ લડાઇ કરવાને તો તૈયાર હોયજ નહીં? ત્યારે-એમની
" સામે પ્રેમ ન કરે એવું કોણ છે ? વળી શિક્ષકોને તો લાલચ હોય છે. આપણી પાસેથી
" કંઇક તેઓને લાભ પણ ખરો તો-પોતાની નોકરી રાખવાનો-પગાર વધારવાનો અને
" એવો એવો. પણ બાળકોને શું ? તેને એવું તો કંઇ નહીં. એનું તો નિર્દોષ હૃદય અને
" નિર્મળ જિજ્ઞાસા એજ આપણને વશ કરવાને માટે બસ છે. ત્યારે-શરૂઆતમાં બાળકો
" ની સાથે કેવો વ્યવહાર કરવો ? "

આ પ્રશ્ન થતાંજ જે ગુરૂદેવના પ્રથમ મુલાકાતમાં ધ્યાનમાં રાખવા યોગ્ય વિચારો સાંભરી આવ્યા. ગાદી ઉપર પાછો બેઠો; અને બેસતાં બેસતાંજ-પુસ્તક ઉઘાડી-વાંચવા માંડયું. " પહેલાં તો તમારે અલ્પ ભણાવણીની પદ્ધતિ રાખવી. પછી બધી બાતનું અવ-
" લોકન કરવા માંડવું; અને દરેક છોકરાની વિશેષ પ્રકૃતિ અને આખા વર્ગની સામાન્ય
" વૃત્તિઓની પરીક્ષા કરવી. પણ એટલું યાદ રાખવું કે : તમારૂં પણ ભેળું અવલોકન

" ખરૂં છે કે બોલવાની અને આજ્ઞા આપવાની તમારી રીત, તમારો અવાજ, અને તમારી " એકંદરે તમારૂં વર્તન અને તેના ગુણ રોફ ભરેલ ... છે. અને ઘણા વિદ્યાર્થીઓ તે " સ્મરણમાં રાખે છે. પણ તમારે ફરી કદી એમ કરવું નહીં; સભર થવું નહીં; સરળતા અને સભ્યતા રાખવી. " વગેરે ઉપદેશક વાક્યો ઉપદેશ આપવા લાગ્યા. અને આ બધું તેને પોતાને કેટલું લાગુ પડે છે તે મન વિચારતાં જુદું પડવા લાગ્યું.

ઘડીઆળે ટકોરો દીધો. જ્યારે રાત્રીના બારનો વખત થવા આવ્યો હતો, એટલે નિદ્રાએ પણ અમલ ચલાવવા માંડ્યો. આંખો ઘેરાવા લાગી, અને વિચારગ્રસ્ત મન નિદ્રાવશ થવા લાગ્યું. રાત્રી અને નિદ્રા વધારે વધારે જોર પર આવતા ગયા, અને આખર સર્વ શાન્ત થઈ ગયું.

લી. એક ખરતું કુસુમ.

ઇમારતમાટે વાત.

અમેરિકામાં જ્યારે સ્વતંત્રતા મેળવવા માટે લડાઈ થઈ ત્યારે તેનો મુખ્ય સેનાપતિ જોર્જ વાશિંગ્ટન હતો. એક વખતે એક મોટો કિલ્લો દુરસ્ત કરવાનો હતો અને તેના ઉપર એક ભારે પાટડો ચઢાવવાનો હતો. આ કામ માટે એક નાયકને કેટલાક સિપાઈઓની ટોળી સાથે નીમવામાં આવ્યો હતો. કામના પ્રમાણમાં માણસો થોડા હતા તો પણ તે નાયક પોતાના હોદ્દાના રોફમાં તેમને જરા પણ મદદ ન કરતાં ભમ્મરો ચઢાવીને ઉભો ઉભો "આમ કરો, તેમ કરો," એવા હુકમો આપ્યા કરતો હતો. એટલામાં એક સરદાર સાદા પોશાકમાં ઘોડા ઉપર બેસીને ત્યાંથી જતો હતો તેણે તે જોયું. કશી મદદ ન આપતાં ઉભા થઈ રહેલા નાયકને તેણે પૂછ્યું કે પાટડો ચઢાવવાના કામમાં તમે સિપાઈઓને મદદ કેમ આપતા નથી? નાયકે જવાબ દીધો, " તમે નથી જાણતા કે હું નાયક છું! " તે સરદાર ઘોડેથી ઉતર્યો અને સિપાઈઓની ભેગો જતાં બોલ્યો " એમ કે! તેની મને ખબર નહોતી. " એમ કહી પોતાના કપાળ ઉપર પરસેવો વળતાં સુધી તેણે સિપાઈઓની સાથે કામ કર્યું. પાટડો ચઢાવીને તેણે નાયક તરફ ફરીને તેને સલામ કરી અને કહ્યું " નાયક સાહેબ, સલામ. હવેથી આવા કામ માટે જ્યારે તમારી પાસે થોડા માણસો હોય ત્યારે સેનાપતિને બોલાવવા મોકલજો વખતે હાજર થઈ મદદ કરવાને હું ખુશીથી આવીશ. તે સરદાર વાશિંગ્ટન પોતે જ હતો!

ગૃહકેળવણી.

(બેન ઉમધા નારણજીએ પાટણ સ્ત્રીસમાજમાં આપેલું ભાષણ.)

પવિત્ર તથા પૂજ્ય બ્હેનો, આપણે આ વખતે ભેગાં મળી જે વાત કરીશું તે જોવાને મારો આ પાટણમાં બીજો વખત છે. અને તેથી આજ હું પોતાને મોટી નશીબદાર માનું છું. કારણ કે ગમે તેવો રૂડો વખત હોય તો પણ આજે આપણે જેટલાં ભેગાં મળ્યાં છીએ તેટલાં ભાગ્યેજ મળત, એટલુંજ નહિ, પરંતુ હર્ષ પણ ભાગ્યેજ હોત. જાણવા પ્રમાણે હાલના આપણા શ્રીમંત મહારાજા સાહેબ પોતાની રઇયતને--પછી તે સ્ત્રી પુરૂષ, વાણિયા, બ્રાહ્મણ, ક્ષત્રી, શુદ્ર વગેરે કોઇ પણ જાતનો હોય તોપણ તેનો ભેદ ન ગણતાં ઉલટું કોળી, ભીલ, વાઘરી, અને ઢેડ વગેરે કેળવણીની બાબતમાં પાછળ પડેલી જાતને–સુધારવા અતિશે ખંતી છે. તેમાં પણ સ્ત્રીજાતિને સુધારવા તરફ અતિશે ખંતી છે. તેનાં દેખાતાં ઝાડ જેવાં કે કન્યાશાળા, ફિમેલ ટ્રેનિંગ કોલેજ, વગેરે છે. તે તથા છેવટે તેનું ફળ હજુ જોઇએ તેવું તો પાકટ નહિજ પણ જે કંઇ મરવા રૂપે આજ આપણે ભેગાં મળ્યાં છીએ તે શ્રીમંત મહારાજાની ઉદાર પ્રીતિની પ્રસાદી છે, માટે આપણે આપણો વિષય શરૂ કરતાં તે મહારાજાની જય વાંચીશું. દુનિયામાં કેળવણી ત્રણ જાતની છેઃ (૧) તનની, (૨) મનની, અને (૩) નીતિની. ગૃહ કેળવણી એ ત્રણેનો પેટા ભાગ છે.

ઘઉંના લોટને પાણીથી બાંધીને હાથવડે મસળી થોડી વાર પલાળી વળી તેને મસળવો પડે છે; તેમાં થોડું થોડું પાણી લેતાં જઇએ છીએ, તથા રોટલી થાય એવો કેળવીને તૈયાર કરીએ છીએ, તે ઘઉંના લોટને કેળવ્યો કહેવાય છે.

આપણામાં બૈરાં કહેછે કે ઘઉંના લોટનું જે કરીએ તે થાય; માત્ર તે તૈયાર કરવાની રીત તથા તેમાટે જોઇતો સામાન જુદાં છે. અને તેથીજ તેની જુદી જુદી ચીજો થઇ શકે છે. ત્યારે આપણે શરૂઆતમાં એક લોટ રૂપ છીએ; અને લોટનું જેમ ઘેબર લાડુ, લાપશી, શિરો, જલેબી વગેરે થઈ શકે છે, તેમ આપણને આપણાં માબાપ જેમ કેળવે તેમ આપણે પણ ગૃહ એટલે ઘરને કેળવીશું. આપણો સારાં નરસાં નીવડવાનો તમામ આધાર આપણાં માબાપ ઉપર હતો તેમ આપણાં છોકરાં છૈયાંનો આધાર આપણા ઉપર જાણવો.

ગમે તે જાતનો ધંધો હોય અને તે શીખવામાં સહેલો કે અઘરો હોય તોપણ બીજા પાસે જોયા વગર અથવા શીખ્યા વગર થઇ શકેજ નહિ. કહેવાનું એટલુંજ કે કાંઇ

કામ કરતાં ઘરેમાં તે શીખવું પડે છે; તે વિના તે સારું આવડેજ નહિ આ પરથી જણાય છે કે કોઇ પણ હલકું કામ જ્યારે પોતાની મેળે સારું થઇ શકે નહિ ત્યારે ગૃહ-કેળવણી કે જે ઉપર આખી દુનિયાનો મુખ્ય આધાર છે, તે તો શીખ્યા વગર આવડે-જ નહિ એ ઉઘાડું છે. પણ આ કેળવણી કોઈ નિશાળમાં શીખવવામાં આવતી નથી. પરંતુ જેવું માબાપ ઘર તે પ્રમાણે તે ઘરના માણસમાં ઘર કેળવણી સંબંધી ઓછું વત્તુ જ્ઞાન હોય છે. ઉપર લખવામાં આવ્યું છે કે કેળવણી ત્રણ જાતની છે તેમાં પહેલી જાતની એટલે શરીરની કેળવણી છે શરીર સારું રહ્યું તો પછી મનની કેળવણી સારૂ થઇ શકે છે અને પછી નીતિની કેળવણી બન્નેની મદદને દરેકમાં દાખલ થાય છે હવે જે ત્રણ જાતની કેળવણી કહેવામાં આવી, તે દરેક બાબે લખીએ તો ઘણું લંબાણ થાય પરંતુ આપણે ગૃહ કેળવણી બાબેજ બે શબ્દ વધારે બોલીશું આપણામાંથી જે બાઇ અને બહે-નોને પારસી અથવા અંગ્રેજ લોકો સાથે સમાગમ થયો હશે બહેનોની ખાત્રી થઇ હશે કે આપણા હિંદુ કરતાં તે લોકો ગૃહ કેળવણીમાં ઘણું આગળ છે. ગૃહકેળવણી એ લોકોની ઉંચી જાતની ગણવામાં આવે છે મારા બોલવાનો એ વાત કબુલ કરે છે એ લોકો જે વાત ઉપર મુખ્ય ધ્યાન આપે છે તે વાત થોડામાંજ હું કહું છું તે એ કે છોકરાઓને તનની કેળવણી શી રીતેથી તેઓ ઉંચી જાતની આપે છે, છોકરા કેવી રીતે સુખી રહેશે, દરેક ઋતુમાં અમુક વખતે કેવા ખોરાકથી તેમના શરીર સુધરશે, એની કાળજી તેમના માબાપને અત્યંત હોય છે એટલુંજ નહીં પણ છેક નાની ઉમરના હોય વર્ષો બાર માસનો અને બે વરસનો થાય ત્યારે શી રીતે ખોરાક ખવરાવવો અને આપવો તેના વિચારમાં તેઓ બહુજ વખત ગાળે છે કે જેથી શરીર જરા ગરમ થાય અથવા તેમને કંઇક બગડ્યું દેખાય, તો તેજ વખતે તેના ઉપચાર કરાવે છે અને [illegible] ઘણખરું ઓસડ કરીને મટાડે છે પણ જ્યારે એમનું ન ચાલે ત્યારે ઘર ખરચનો વૈદ બોલા-વે છે પણ ખરા રોગ [illegible] કરવામાં બહુજ હોશિયાર હોય છે તેનો દાખલોજ એક આપીએ છે કે, હાલના [illegible] પહેલાના [illegible] પેસ્તનજીના વખતમાં હીરાબાઇ [illegible] એ કામમાં બહુજ હોશિયાર હતા, એટલુંજ નહિ, પણ તેમના ઘરમાં જે બાળ ગામે છોકરા માટે પાળ રાખી છે, તે તો પણજ હોશિયાર હતી તે કેટલાક બાળકો માટે પણ એવી સારી જાતની દવા [illegible] જાણતી કે જેને વૈદના ઓસડથી પણ ન મટે તેને તેની દવાથી તરતજ સારું થતું. ખાસ મોટા અને ન્હાના [illegible] બહાર સીવવા એ લોક આપે છે. બાકી પણ ભરવું ગુંથવું તથા બાળકોને પહેરવા લુગડાંના તો હાથેજ સીવવાનો તેમ-નામાં ચાલ છે ઉપર કહ્યું તે કરતાં આગળથી આપણે હિંદુ જેવા [illegible] આપણાં છોકરાને શું થયું છે તેની ખબર માત પણ આપણને ખબર પડતી નથી. તેમ તેને ગમતાં આવડતું પણ નથી. તેમને તેવી [illegible] પણ હોતી નથી કેટલાક વૈદ સારા હોશિયાર હોય છે પણ તે બહુજ [illegible] અને હલકા મનના હોય છે, જેથી તેમને આવડેલું બીજાના મનમાં [illegible] નથી તેઓ છોકરાને [illegible] ઉછેરી જાણતા પણ નથી. [illegible] છોકરાનું [illegible] હશે તો તેને માટે દરરોજ [illegible] વગર ચાલશે [illegible] વખતે નથી તો પણ પાછળ દશ વીસ વરસ કરતાં હાલમાં આપણા દેશના [illegible]

સુધરતાં જાય છે. એ વાત ખરી છે કે પારસી જાત કરતાં આપણાં હિંદુ બૈરાંને નાત જાતના રીતિ રિવાજ વગેરે વચ્ચે નડે છે. પણ ઘરનાં છોકરાં ઉછેરવાં અને ઘરનું કામ કરવું એમાં તેવી કશી નડતર છેજ નહિ. એ બધી વાતો તો જાણે થોડી ઘણી સૌ કોઇ પણ કરી શકે છે અથવા બીજા પાસેથી પૈસા આપી કરાવી શકે છે, પણ જે છેક બહુ જરૂરની છે, તેનો તો આપણા દેશમાં ઘડોજ થતો નથી. પારસી લોકો નાનપણથીજ કદી અંદર અંદર બેરાંને કે ભાયડાને તુંકારાથી બોલે ચાલે નહિ, પણ નોકર ચાકર સાથે પણ તેવીજ માનભરી રીતે બોલે ચાલે છે. અને તેમજ આપણી હિંદુ જાતમાં જે સૌથી ઉંચી જાત નાગરની ગણાય છે તેમાં પણ તે ભાગ્યેજ જોવામાં આવે છે. પરસ્પર તુંકારાથી બોલવાં ચાલવાની રીત બીજા કરતાં બહુ હલકી કહેવાય પણ તે ઉપર આપણે ધ્યાન આપતાં નથી. નાનું બાળક સહેજ સાજ બોલતાં શીખે ત્યારથી બધાની સાથે માન ભરી રીતથી બોલે ચાલે, ચોખ્ખાઇ શીખે, ભલી રીતે ચાલે, ચોરી કરે નહિ, જુઠું બોલે નહિ, એમ કરવાને તેઓ ઘણીજ સંભાળ રાખે છે. તેમ જુઠું ન બોલવા માટે તથા ચોખ્ખાઇ માટે તો તેઓ બહુજ કાળજી રાખે છે; તે કરતાં પાંચ વરસનું છોકરૂં-તો છોડી કે છોકરો ગમે તે હોય તો પણ તેને ભણાવવા તરફ તેઓ અતિશય ધ્યાન આપે છે. આપણે તેમાં જરા પણ સમજી શકતાં નથી તેમ આપણા મનમાં પણ તેવા વિચાર આવતા નથી. એથી આપણા હિંદુઓ બીજાના કરતાં વધારે કંગાલ છે. નાના છોકરાને બાળપણમાં વધારે સુઘડ કરીને કેળવીશું તો મોટપણે બધી રીતે સારે રસ્તે ચાલશે એટલે એનાં ફળ બધી રીતે સારાંજ થવાનાં. આપણાં બૈરાંમાં ઘણું ભાગે પાણીઆરૂં ધોઇ સાફ રાખવાનું અને પાણીઆરામાં વાસણ કાચ જેવાં સાફ રાખવાનું, કદી થોડું ઘણું આવડે છે, પણ જાતે ચોખ્ખાં રહેતાં નથી. વખતે માથું છૂટેલું, વાળ વિખરાએલા, ઘરમાં લુગડાં લત્તાં ગમે તેમ રખડતાં, ઘણી વખત નજરે જોઈએ છીએ. એથી આપણા ઘરમાં જોવા આવનારને આપણા માટે બહુ હલકો વિચાર થાય છે, એટલુંજ નહિ, પણ જેમ બિલાડીના પેટમાં ખીર ટકે નહિ, તેમ બીજાના ઘરની વાત સાંભળી કે જોઇ તો આપણાં બૈરાં તરતજ પાડોશીને કે બીજા કોઇને કહે ત્યારેજ ટાઢક વળે. એથી પગ તળે રેલો ને પારકી વાત કરવા જેવું થાય છે. આપણે આપણા ઘરમાં કંઇ પણ સુધારો કરી શકતાં નથી અને બીજાના ઘરમાં તેવું જોઇ ચૂગલી કરી છીએ એ આપણી રીત બહુજ નઠારી છે. સારા ઘરનાં બૈરાં આ રીવાજને સારો ગણતાં નથી. ઘરમાં ધોઇ વાળી ઝાડી લીપી ગુંપી સારૂં રાખવું, વાસણ માંજી ધોઇ સાફ રાખવાં, ઘરનો દરેક સામાન-તેમાં જે ચીજની જ્યાં જરૂર હોય તે ચીજ ત્યાં ગોઠવવી, પછી તે આપણા ભાયડાની, છોકરાની કે છોડીઓની ગમે તે માણસની હોય. એમ કર્યા પછી ઘરમાં નવી આવેલી ચીજો તરતજ જે જગો ઉપર ગોઠવવાની હોય ત્યાં ગોઠવી દેવી એટલે પાણીઆરનું વાસણ પાણીઆરે, સીધા સામાનની જણશ ઓરડામાં, ઘરેણાં ગાદાં ને લુગડાં લત્તાંની નવી ચીજ પેટી પટારામાં, ભીનાં ધોએલાં લુગડાં સુકવવાને ઠેકાણે અને રસોડાની ચીજ રસોડામાં ગોઠવી દેવાનો રિવાજ રાખવો, એ એક જાતની ઘર કેળવણી છે.

(અપૂર્ણ.)

इनामपत्रको.

(પાછલા અંકથી ચાલુ.)

૫૧ નાના ભંડારીયા. સ. ગુ ૬ શાળા ૪-૧૦-૯૬ વાલજી કાનજી તથા મોગજીએ ખુશી-થી ૧-૦-૦ રૂ. છોકરાઓને સાકર વહેંચી ૫૨ લાલાવદર. ,, ૨૦-૧૦-૯૬ ભાભર રૂપા મેઘાને ઘેર પુત્રનો જન્મ થવાથી ૧-૪-૦ રૂ. સદર ૫૩ નાના ભંડારીયા સદર અંત્યજ શાળા ૩૦-૧૦-૯૬ મહેતાજી અમલા વહાલા એમણે ખુશીથી ૦-૮-૦ રૂ સદર. કુલ ૧૦૭-૪-૦ બા. ૧૬-૧૪-૦ સિ ૫૨-૧૩-૦૬

J A DALAL

તૈયારકનાર.	(નસુખ ગોવિંદ	વિદ્યાધિકારી.
ભાઈલાલ નાથાભાઈ પટેલ		સ્ટેટ વડોદરા.

પ. નંબર. ૩૬૧

વડોદરા રાજ્યની દેશી કેળવણી ખાતાની શાળાઓમાં માહે નવે-બર સન ૧૮૯૬ ના માસમાં પરચુરણ વહેંચાયેલાં ઇનામનું પત્રક.

૧ હારીજ સ શુ શાળા ૨૧-૧૧-૯૬ ઠક્કર નાગર લક્ષ્મીરામે મેળાવડા વખતે ૧ સિ છોકરાઓને સાકર વહેંચી ૨ આધાર,, ૨-૧૧-૯૬ મહારાજ જગાપુરી તથા ગામ લોકોએ ખુશીથી. ૮-૪-૦ રૂ. શાળામા બડીવાળ તથા છોકરાઓને સાકર વહેંચી ૩ ચાબુસ્મા. ,, ૧૧-૧૧-૯૬ તારાચંદ કુંવેરચંદે છોકરાને શાળામા બેસાડીને ૧-૦-૦ સિ. છોકરાઓને પતાસા વહેંચ્યાં ૪ ચાબુસ્મા સ. શુ કન્યાશાળા. ૨૬-૧૧-૯૬ મોહન-લાલ મગનલાલે ખુશીથી ૦-૪-૦ સિ કન્યાઓને પતાસાં વહેંચ્યા. ૫ ધીણોજ. સ. શુ શાળા. ૧૭-૧૧-૯૬ કરજી ભાઈચંદ ભવાનચંદ ને ઘેર પુત્રનો જન્મ થવાથી ૨-૦-૦ સિ છોકરાઓને પતાસા વહેંચ્યાં. ૬ ખેરાળુ સ શુ કન્યાશાળા ૧૯-૧૧-૯૬ બાઈ સુરજ રતનજીએ ખુશીથી.૦-૮-૦ સિ. કન્યાઓને પતાસા વહેંચ્યાં. ૭ ડભોડા સ શુ શાળા ૧૪-૧૧-૯૬ રેહેમાનખાં અલીદાદખાએ ખુશીથી. ૧-૦-૦ સિ. છોકરાઓને પતાસાં વહેંચ્યાં ,, ૮ કાંસા ૧૫-૧૧-૯૬ મેમ્બર લોકોએ ઇનામ મેળાવડા વખતે. ૦-૮-૦ સિ. છોકરાઓને ખાંડ વહેંચી. ૯ ગોઝારીયા. સ. શુ. કન્યાશાળા ૨૪-૧૧-૯૬ અમીન. કકુભાઇ ઉમીઆભાઈએ ખુશીથી. ૦-૮-૦રૂ. કન્યાઓને ચાલા વહેંચ્યા.૧૦ મેરીતા. સ. શુ શાળા ૧૧-૧૧-૯૬ લક્ષ્મીદાસ ચકા ભાઈએ ખુશીથી ૦-૮-૦ રૂ. છોકરા-ઓને પતાસાં વહેંચ્યાં ૧૧ નાગદીપુર ૨૨-૧૧-૯૬ રાવળ. હરીલાલ ઉમીયાશંકર તથા ભટ. બાબાજી પ્રાણશંકર ખુશીથી ૧૮-૮-૦ છોકરાઓને પુસ્તકો વહેંચ્યા

નારદીપુર. સ. ગુ. શા. ૨૧-૧૧-૯૬ સદર. ૭-૮-૦ ક. કન્યાઓને પુસ્તકો વહેંચ્યાં. ૧૩ સેરથા. સ. ગુ. શાળા. ૨૮-૧૧-૯૬ મણીલાલ અમૃતલાલ તથા. માસ્તર. મનસુખરામ મથુરાંદાસે ખુશીથી. ૦-૧૧-૦ ક. છોકરાઓને પુસ્તકો વહેંચ્યાં ૧૪ ઉનાઉ. ,, ૨૭-૧૧-૯૬ બાબુરાવ રાજારામ એમણે ખુશીથી- ૨-૦-૦ ક. છોકરાઓને સાકર વહેંચી. ૧૫ રાંધેજા. ,, ૩૦-૧૧-૯૬ ઠાકોર. ગંભીરસંગ. તથા સ્કુલકમેટીના મેમ્બરોએ ખુશીથી. ૧-૦-૦ છોકરાઓને પતાસાં વહેચ્યાં. ૧૬ છત્રાલ. ,, ૩૦-૧૧-૯૬ સોની. ત્રીભોવનદાસ નથુભાઇએ ખુશીથી. ૧-૦-૦ સદર. ૧૭ કોલવાડા. ,, ૨૮-૧૧-૯૬ મહેરબાન. કલોલ અને કડી વિભાગના દરોગા સાહેબે. ૧-૦-૦ ક. સદર. ૧૮ બદીયલ. ,, ૨-૧૧-૯૬ બાથાભાઈ ગોબરભાઇ તથા. બકોરભાઇએ ખુશીથી. ૧-૪-૦ સદર. ૧૯ નાંદોલ. ,, ૧૪-૧૧-૯૬ પટેલ. ભગવાનદાસ જેસીંગદાસે ખુશીથી. ૧-૦-૦ ક. સદર. ૨૦ નાંદોલ સ. ગુ. કન્યાશાળા. ૧૪-૧૧-૯૬ સદર. ૦-૪-૦ ક. કન્યાઓને પતાસાં વહેચ્યાં. ૨૧ આતરસુંબા સ. ગુ. શાળા. લવાર. જેઠાભાઇ ઝવેર ખુશીથી. ૧-૮-૦ ક. છોકરાઓને પતાસાં વહેચ્યાં. ૨૨ દેવકરણના મુવાડા ૧૭-૧૧-૯૬ નાગર વાણીયાની નાતના પંચ તરફથી. ૯-૮-૦ ક. શાળામાં ઘડીયાળ આપ્યું. ૨૩ ધારીસણા. ,, ૯-૧૧-૯૬ શા. મગનલાલ વરધમાને ખુશીથી. ૦-૪-૦ છોકરાઓને પતાસાં વહેચ્યાં ૨૪ પ્રસતપુર મોટા. ,, ગામ લોકોએ ખુશીથી. ૧૩-૮-૦ ક. શાળામાં ઘડીયા આપ્યું. ૨૫ વડોદરા. સ. મ. શા. નં. ૧. ૭-૧૧-૯૬ મે. કાશીનાથ વિઠલરાવ એમણે ખુશીથી. ૧-૧૫-૦ ક. છોકરાઓને પુસ્તકો વહેચ્યાં. ૨૬ વડોદરા. સ. ગુ. કન્યાશા. નં.૨ મેહેરબાન રા. બા. નેપાળના ડિરેક્ટરસાહેબે વિઝીટ કરીને ૧-૦-૦ ક. કન્યાઓને પતાસાં વહેચ્ય ૨૭ વેસ્મા. સ. ગુ. કન્યાશાળા. ૨૬-૧૧-૯૬ અત્રેની સ. ગુ. શાળાના મહેતાજીએ ખુશીથી ૦-૪-૦ ક. કન્યાઓને સાકર વહેંચી. ૨૮ મરોલી. સ. ગુ શાળા. ૧૮-૧૧-૯૬ અંબાલાલ વસનજી એમણે ખુશીથી. ૧-૦-૦ ક. કન્યાઓને દાબડીઓ વહેંચી. ૨૯ નડોદ. ,, ૨૨-૧૧-૯૬ શા. ડાહ્યા વજાજી તથા. ભાવસાર જોગી દેવાએ ખુશીથી ૦-૮-૦ ક. છોકરાંને ખાંડ વહેચી. ૩૦ હથુરણ. સ. ઉર્દુસ્કુલ. ૨૪-૧૧-૯૬ મુનશી. તુરેબાજખાં ફતેહખાંએ ખુશીથી. ૦-૨-૦ ક. છોકરાઓને જામફળ વહેંચ્યા. ૩૧ વરીયાવ. સ. ગુ. કન્યાશાળા. ૨૭-૧૧-૯૬ મેમ્બર. ભીમભાઇ ગોવિંદજી એમણે ખુશીથી. ૦-૮-૦ ક. કન્યાઓને પતાસાં વહેચ્યાં. ૩૩ ગણદેવી. ,, ૧૭-૧૧-૯૬ હેડમીસ્ટ્રેસ. ઉજમ પ્રેમશંકરે ખુશીથી. ૧-૦-૦ ક. કન્યાઓને પુસ્તકો વહેચ્યાં. ૩૨ બગુમરા. સ. ગુ. શાળા. ૧-૧૧-૯૬ કણબી નથુભાઇ ત્રીકમે ખુશીથી. ૦-૨-૦ક. છોકરાઓને ચણા વહેચ્યા. ૩૪ નીચોળ. ,, ૩૦-૧૧-૯૬ દુલભભાઇ નારણભાઇ તથા. સ્કુલ કમેટીના મેમ્બરોએ ખુશીથી. ૫-૪-૦ છોકરાઓને મીઠાઈ વહેંચી. ૩૫ સોનગઢ. સ. ગુ. કન્યાશાળ. ૨૮-૧૧-૯૬ મહેરબાન રા. સા. વ્યારા અને સોનગઢના ન્યાયાધીસ સાહેબે. ૦-૮-૦ ક. કન્યાઓને પતાસાં વહેચ્યાં. ૩૬ વાંકીયા. સ. ગુ. શાળાં ૨૪-૧૧-૯૬ પટેલ. જેરામ પુંજાએ ખુશીથી. ૦-૮-૦ ક. છોકરાઓને સાકર વહેચી. ૩૭ બાબાપુર. ,, ૩૦-૧૧-૯૬ સદર. ૦-૪-૦ સદર. ૩૮ મોટામાંડવડા. ૪-૧૧-૯૬ લાખા સુથારાએ ખુશીથી. ૧-૦-૦ ક. સદર. ૩૯ જાળીયા. ,, ૫-૧૧-૯૬

પટેલ રામા જેસંગે ખુશીથી. ૦-૪-૦ ક. સદર. ૪૦ રાજકોટ. ,, ૧૦-૧૧-૯૬ વાઘજી-
ભાઈ મથુરભાઈ તથા શા ભાવા ભાવજીએ ખુશીથી ૦-૧૧-૦ સદર ૪૧ રતનપુર ,,
૨૪-૧૧-૯૬ રામચંદ્ર સીતારામે ખુશીથી. ૦-૮-૦ સદર ૪૨ ધારી ,, ૧૮-૧૧-૯૬
માધવજી, લવજી તથા. કલ્યાણજી. મેઘજી તથા કહાનજી પુરસોતમે ખુશીથી ૨-૦-૦ ક
છોકરાઓને પતાસા વહેંચ્યા. ૪૩ ચલાળા ,, ૧૯-૧૧-૯૬ વહોરા ઇસબ અલીભાઈ તથા
વાલા ભગવાનજીએ ખુશીથી ૩-૦-૦ ક સદર ૪૪ ચલાળા સ. ગુ કન્યાશાળા ૨-૧૧-૯૬
સદર. ૧-૮-૦ કન્યાઓને પતાસાં વહેંચ્યા ૪૫ કોડીનાર. સ ગુ શાળા શેઠ નાહા દેવચંદે
ખુશીથી ૧-૪-૦ છોકરાઓને સાકર વહેંચી ૪૬ હારેજ ,, ઉપાધ્યા કાનજી નારણે પોતાના
છોકરાને શાળામા બેસાડીને ૩-૦-૦ ક છોકરાઓને પતાસા વહેંચ્યા. ૪૭ વરવાળા "
૨૮-૧૧-૯૬ આમ લોકોએ ઇનામ મેળાવડા વખતે. ૮-૮-૦ ક છોકરાઓને ઇનામ
પુસ્તકો તથા સાકર વહેંચી ૪૮ આરંભડા ,, ૨૭-૧૧-૯૬ મહેરબાન. રાણા સાહેબ
સીમાજી ભાઈ તરફથી ખુશીથી ૬-૦-૦ ક. સદર ૪૯ બેટ સ ગુ કન્યાશાળા.
૨૧-૧૧-૯૬ શેઠ વલ્લભદાસ જેરામ એમણે ઇનામ મેળાવડા વખતે ૪-૮-૦ ક
કન્યાઓને કપડાં ને પતાસા વહેંચ્યા ૫૦ સનીપરા સ ગુ ક. શાળા ૨૫-૧૧-૯૬
ભગત ભાવજી મીઠાએ ખુશીથી ૧-૦-૦ છોકરાઓને પતાસા વહેંચ્યા ૫૧ ક્યુણીપરા
૧-૧૧-૯૬ આસિ હરી શંકર મોહનજીએ ખુશીથી ૦-૮-૦ સદ. ૫૨ બોરાપા
સ ક ગુ કન્યાશાળા ૧૧-૧૧-૯૬ ઠાકર ગોવીંદજી અમરશીને ઘેર પુત્રનો જન્મ
થવાથી ૧-૦-૦ કન્યાઓને પતાસા વહેંચ્યા ૫૩ ગીરીયા સ ગુ ક શાળા
૨૭-૧૧-૯૬ મેહેરબાન રાવબાહેદુર નાયબ સુબા સાહેબે વિઝીટ કરીને ૦-૮-૦ ક.
છોકરાઓને સાકર વહેંચી ૫૪ સોજીત્રા સ ગુ શાળા ૧-૧૧-૯૬ આસિ કુબેરભાઈ
સવદાસે ખુશીથી. ૧-૮-૦ આ છોકરાઓને પતાસા વહેંચ્યા ૫૫ સોજીત્રા સ કન્યા
શાળા. ૧૭-૧૧-૯૬ મહીજી વીસગાએ ખુશીથી. ૦-૯-૦ આ સદર ૫૬ નાર
સ. ગુ. શાળા. ૯-૧૧-૯૬ ચીમનભાઈ નથુભાઈએ ખુશીથી. ૧-૮-૦ આ સદર
૫૭ નાર સ ગુ કન્યાશાળા ૨-૧૧-૯૬ શા છગનલાલ પુરસોતમે ખુશીથી. ૧-૦-૦
આ. કન્યાઓને સુખડી વહેંચ્યા ૫૮ આદરજ સ ગુ. શાળા ૧૦-૧૧-૯૬ ગોપાળરાવ
અમૃતરાવે ખુશીથી. ૩-૦-૦ છોકરાઓને પતાસા વહેંચ્યા ૫૯ કાસોર સ. ગુ
શાળા ૧-૧૧-૯૬ બાબર છગન તથા કાભાઈ જોઇતાએ ખુશીથી ૫-૦-૦ આ. છોકરા
ઓને પતાસા વહેંચ્યા. ૬૦ સીરવા સ ગુ. કન્યાશાળા ૨૩-૧૧-૯૬ પે આસિ લલ્લુભાઈ
છબરદાસે ખુશીથી. ૦-૪-૦ આ કન્યાઓને કોપરૂં વહેંચ્યું. ૬૧ વસો સ ગુ શાળા.
૩ ૧૧-૯૬ અમીન. ભાઈલાલ નરસી તથા શા મુળજીએ ખુશીથી. ૫-૦-૦ આ છોકરા
ઓને પતાસા વહેંચ્યાં. ૬૨ પાડગોળ ,, ૧૭-૧૧-૯૬ પટેલ છોટુભાઈ રવાભાઈએ
ખુશીથી. ૧-૦-૦ આ સદર ૬૩ રૂદેલ ,, ૨-૧૧-૯૬ પટેલ બાબરભાઈ ખુશાલ
તથા મથુરભાઈએ ખુશીથી ૨-૮-૦ આ સદર. ૬૪ રેલુજ ,, ૧૦-૧૧-૯૬ શા
ચતુરભાઈ તથા ગીરધર તથા મથુરભાઈએ ખુશીથી ૨-૮-૦ આ. સદર ૬૫ વડુ ,,
૨૩-૧૧-૯૬ શા. દેવચંદ લાલચંદ તથા ઈશ્વરભાઈ હરીભાઈએ ખુશીથી ૨-૦-૦ આ.

૩. કારીગર વર્ગ પૈકી સવાર, સુતાર, દરજી, તથા મજુર વર્ગ પૈકી મશાલચી, ધોબી, ભંગી, ભીસ્તી, પાણુકા અને નગાર ખાનાના નોકરો હલકીવાળા, સીગાડીઆ, ડાડાવાળા, વગેરે તથા આવી પ્રકારના નોકર પૈકી જેમની કચેરીના વખત જેટલા વખતમાં પુરેપુર વખત દરરોજ નોકરી ઉપર હાજર રહી નોકરી કરવી પડતી નથી એવા નોકર લોકોને.

૪. જે નોકરોને પગાર રૂ. ૧૦) બા. ના અંદર છે પરંતુ તેમને બીજા કામ બદલ પગાર અગર પગારમાં વધારો મળતો હશે તે સુદ્ધાંતા પગારની રકમ રૂ. ૧૦)થી જાસ્તી થતી હશે તો તેમને મોંઘાઇની રકમ મળવાની નથી. ઉદાહરણ શાળાખાતા પૈકી કેટલાએક માસ્તરને મૂળ પગાર રૂ. ૧૦)ની અંદર છતાં નાઇટ સ્કુલ બદલ તેમને બીજી રકમ મળતી હશે અને તેવા રકમ સાથે તેનો પગાર રૂ. ૧૦)થી વધારે થતો હોય તો તેવા નોકર લોકોને.

ઉપર પ્રમાણે ફરમાન થયેલું છે તે વિરૂદ્ધ જે લોકોને પ્રથમના વરહુકમ નં. ૩૮૦. ૨૬-૮-૯૭ના આધારે મોંઘાઇ એલાઉન્સની રકમ આકારી અદા કરી હશે તે પરત વસુલ કરી તીજોરીમાં ભરી દેવી અને આયંદે આકારી નહીં આપવા તજવીજ કરવી. તારીખ. ૨ માહે જુન. સન ૧૮૯૭.

J. A. DALA..

અંબાશંકર પ્રભાશંકર. વિદ્યાધિકારી..

વરહુકમ નં. ૭૦

ગુજરાતી તથા મરાઠી છોકરાઓની શાળાઓ માટે જે ધોરણો ઠરાવેલાં છે તેમાં છેલા મોટામાં મોટા ધોરણને છઠ્ઠા ધોરણનું બીજું વર્ષ એમ ગણવામાં આવેલું છે તે પ્રમાણે હવેથી ન ગણતાં તેને સાતમું ધોરણ ગણવું.

૨. સદરહુ સાતમું ધોરણ કોઇ શાળામાં કાઢવાની જરૂર પડે તો પ્રાંતના રા. રા. ડેપ્યુ. ઇન્સ્પેક્ટર સાહેબની મારફતે અહીંની મંજુરી મેળવી કાઢવું.

૩. સાતમા ધોરણમાં સાત કરતાં વધારે વિદ્યાર્થી થાય અને તે આખર પરીક્ષા સુધી જારી રહેશે એમ ખાત્રી થાય તોજ તે વર્ગ કાઢવાની મંજુરી માગવી. સાત ઉપરાંત સુધીનો વર્ગ કાઢવાને કોઇએ મંજુરી માગવી નહીં.

કોઇ શાળામાં હાલ સાતમું ધોરણ ચાલતું હોય ને તેમાં સાત અગર તે કરતા કમી વિદ્યાર્થી હોય ને તે વર્ગ ઉઘડે છમાસ થયા હોય ને તે જારી રાખવાની જરૂર જણાય તો તેનાં કારણો જણાવી રા. રા. ઇન્સ્પેક્ટર સાહેબની મારફતે મંજુરી માગવી ને રા. રા. ઇન્સ્પેક્ટર સાહેબે કારણો ઉપરથી યોગ્ય તે અભિપ્રાય આપવો. એ વર્ગ ઉઘડે કદાપિ છમાસ થયા ન હોય ને વિદ્યાર્થીની સંખ્યા સાત કરતા વધારે ન હોય તો તે વર્ગ એકદમ આસ્તારે બંધ કરવો. આખું સાલની વાર્ષિક પરીક્ષા થવાને મહીનો કે બે મહીના બાકી હોય તો એ વર્ગ બંધ ન કરતા જારી રાખવો. તે માટે મંજુરી માગવાની જરૂર નથી.
તા. ૨ જુન સન ૧૮૯૭ મુ. નવસારી

J A DALAL
વિદ્યાધિકારી.

કલદુમ મોવિદ

હિ. ન હુ. ના. નં. ૪૦

દેશી કેળવણી ખાતું

હુકમ

અહીંનું હિસાબીખાતું કમી કરવા સંબંધમાં શ્રીમંત સરકાર મહારાજા સાહેબનો ખાસ હુ. હુ. નંબર ૩૪. ૭૫. ૧-૫ વાળો હુકમ થયો છે તે સંબંધમાં નીચે પ્રમાણે તા. ૧ ૯ મીથી અમલ થવો જોઇએ.

૧ અજ્ઞાનામાં ખર્ચ પડેલા પૈસાની રકમ મેત્ર શાખાનિક કામનો સહ આ તરફ મોકલવાનું બંધ કરવું.

૨ સરકાર નામું જેના તેને અવલ કર્યાની ખતાવણી ખાતીઓ મોકલવાનું બંધ કરવું

૩. શાળા વ. તાળાની ઓફીસોના માસિક પગારોની કબુલત તથા તેની હરિફાઇનું પત્રક વિગેરે મોકલવાનું બંધ કરવું

ઉપર પ્રમાણે થવાથી કેટલુંક કામ કમી થશે અને તે ઉપરાંત કામ કમી કરવાના સંબંધમાં તજવીજ ચાલીએ. તેનો નિકાલ થયે ફરતી

કામનો બોજો કમી થવાથી શિક્ષણનું કામ સારી રીતે થવાની આશા રાખવામાં આવેછે. તારીખ. ૨ માહે જુન સને ૧૮૯૭ નવસારી.

J. A. DALAL.
અંબાશંકર પ્રભાશંકર. વિદ્યાધિકારી.

શ્રી.

૫-જા ન. ૪૭૧

જાહેરાત.

મોજે સંખેડા તાલુકે મજકુરના ગામમાં અગ્નિ થવાથી કેટલાક ગરીબ લોકોનાં ઘર બળી જઇ નિરાધારી થઇ ગયા. તેઓ પોતાના છોકરાંઓને શાળામાં ભણવા મોકલે પણ તેમની પાસે સ્લેટ ચોપડીઓ તથા માસિક ફીનું સાધન નહીં હોવાથી કેટલાક ઉદાર ગૃહસ્થોએ નીચે જણાવ્યા પ્રમાણે વિદ્યાને ઉત્તેજન ખાતર મદદ કરી તેઃ—

૮—૦—૦ કલદાર મે. રા. બા. જયસિંગરાવ આંગ્રે સાહેબ.

૧૫—૦—૦ બાબાશાઇ શેઠ. મનસુખરામ પીતાંબરદાસ.

૭—૦—૦ બાબાશાઇ મહાજન તરફથી આગેવાન દેસાઇ બાપુ ભાઇ હરિલાલ.

૩૦—૦—૦

ઉપર મુજબ સદ્‌ગૃહસ્થો તરફથી થયેલી ઉદારતા બદલ તેમને માટે ખાતા તરફથી સંતોષ જાહેર કરવામાં આવે છે. તા. ૧૯ માહે મે. સન ૧૮૯૭ મુ. ડભોઇ.

J. A. DALAL.
વિદ્યાધિકારી.

अनुक्रमणिका.

વિષયો	પૃષ્ઠ
૧ ઉઠો આપણી ભાષાઓ!	૧૭૫
૨. સુશિક્ષક	૧૮૧
૩ ઇતિહાસશિક્ષણ	૧૮૪
૪ શાળોપયોગી પત્રો	૧૮૭
૫ ગૃહકેળવણી	૧૯૦
૬. સંગીત કાદમ્બરી નાટકનું અવલોકન	૧૯૨
૭ ગાયકવાડ સરકારનું કેળવણી ખાતું (ઇનામ પત્રકો ૧૦)	૧૯૫
૮ ગાયકવાડ સરકારનું કેળવણી ખાતું (અગ્રપુનરો)	૫૫

વિજ્ઞાપના.

કેળવણીનો અંક મોડામાં મોડો પૂનમ સુધીમાં ન મળે તેમણે જો તે માસ પૂરો થતા અગાઉ પરભાર્યું અમારા તરફ લખી જણાવવા તસ્દી લેવી, એટલે યોગ્ય ખુલાસો વખતોવખત આપવામાં આવશે. પૂનમ પછી લખનારને અંક સિલક હશે તોજ મળી શકશે

જેમના ગામમાં ટપાલ ન આવતી હોય તેમના અંકો કયી શાળાની કે પોસ્ટની મારફતે મોકલવાથી તેમને જલદી મળશે તે પણ જણાવવું. શાળા ટ્રાન્સફર થાય કે તરતજ ખબર આપવી

મેનેજર.

જાહેરખબર

કવ્રાયનનું પુસ્તક કિંમત બે આના ઘણુંજ ઉત્તમ ઓગષ્ટ આખર સુધી અગાઉ ગ્રાહક થનારને રૂ ૧) ની દશ પ્રત. ટપાલ ખર્ચ માફ કિંમત અગાઉ ટીકીટ બીડશો તો ચાલશે

મુ ડભોઇ તા ૧-૭-૯૭

ગોપાળ બાપુજી આઠવલે.

केळवणी.

दोधक

अर्थ मळे वळी धर्म सधावे, ज्ञान मळे मनमान वधावे;
प्रीति वधे वधरे जश गाजे, ए शिशुशिक्षण धर्म अमारो.

પુસ્તક ૯ મું. શ્રાવણ. સંવત્ ૧૯૫૩. અંક ૯ મો.

ઉડી જા પંખી આકાશે !

(મરાઠી લાવણી.)

ઉડી જા પંખી આકાશે, પણે પારધી ઊભો પાસે,
જીવ નહિ તો તારો જાશે, ઉડી જા પંખી આકાશે. (ટેક)
ક્રૂરે પારધી નાખી ફાંસો;
જીવના પડશે ત્રાસો;
નભમાંહિ ઉડીને નાસો !
દૂર દેખી વડની ડાળ, બેસિયાં બાળ,
મનોહર માળ, ઉગરવા આશે. ઉડી જા૦ , ૧

ગીત ગમત કરી શીદ ગાતું;
ખુશીથી ફળ મીઠાં ખાતું;
જલદી ઉડી દૂર જાતું;
તજી દેતું તનનું તાન, ન બન નાદાન,
સમજ તું સાન, જીવ તુજ જાશે. ઉડી જા૦ ૨

પારધી પંખિને પૂરી;
આવરદા કરે અધુરી;
ઝટ મરશે ઝૂરી ઝૂરી;
તું ટોળી કર તૈયાર, વધુ નવ વાર–
લગાડ લગાર, વૈરી છે વાંસે. ઉડી જા૦ ૩

ચેતાવ પંખીની ટોળી;
ભલી જાત તમારી ભોળી;
ખુશીથી મારગ લે ખોળી;
નહિ તો પકડી નાદાન, પલકમાં પ્રાણ,
જરૂર લે જાણ, ઉદય રેહે સારો. ઉડી જા૦ ૪

વણ મૂલથી પછી વેચાશો;
ખુશીથી ફળ ફુલ કયાં ખાશો ?
જમ હાથ પંખીડાં જાશો;
વનનો તજી દે તું વાસ, ઊડ આકાશ.
ભયંકર ભાસ, ભવાની ભાસે. ઉડી જા૦ ૫

સુશિક્ષક.

પ્રકરણ ૨ જું.

વિચારનું સ્વાતંત્ર્ય.

સૂર્યનારાયણને શાન્ત સ્વભાવ થતાં વખત આવ્યો, પ્રભુ ભજન થવા માંડ્યા; આ વખતે આપણા પ્રવીણ શંકર મહેતાજી સપરાણે જાગી ઉઠ્યા. રાત્રિના ચાર પ્રહર હતા. નિદ્રા માત્ર સારી સ્વાભાવિક થઈ હતી, તોપણ તેઓ સલામત હતા. નિદ્રા વધારે જોર કરે તો પણ હાલે તેમ ન હોતું કારણ કે "રાત થોડી અને વેશ ઘણા" કરવાના હતા એ આપના મહેતાજીનું પ્રવીણ મન જાણતું હતું. મને મનનું કામ કરવા માંડ્યું—ઉઠતાં વેંત પવિત્ર વિચારો પ્રભાત ઊભરાવા માંડ્યા, 'નવો દિવસ આવ્યો—આજ શું કરવું ? રાત્રિએ પૂરું વિચાર રહી ગયો ! નિદ્રા ! તું પણ ગજબ જ ખાઉં કરે છે હા ! મારું ખાઉં કરવામાં મદદગાર નથી થાય ! રાત્રે તો ન થઈ પણ અત્યારે તો થા" સ્વસ્થ થયેલ માથી ઉપર દબાણ મેલી અને વિચાર માળા પકડી. "જ્ઞાન સાગર પહેલા નિશ્ચયે જવું. આમંત્રણ તો વખતે વિદ્યાર્થીઓ આવ્યા જ હશે. નહીં આવ્યા હોય તો ? પ્રથમ દિવસમાં તેમ કરેલ નથી. કદાચ મોડા આવે પણ તેમ હશે તો બોલાવી લઈશું—સમજાવીશું—જ્ઞાન થકી જ્ઞાન કરીશું. પણ વિદ્યાર્થીઓ ! વિદ્યાર્થીઓ તો આજ જ હશે નવા નવા ને જાણવાની સ્વાભાવિક ઉત્કંઠાથી દોડી આવ્યા હશે, આજ તો તેમ થશે, પણ કાલ હમેશાં થશે ? હમેશાં થાય માટે શું કરવું ? તેના ચિત્ત મારી તરફ ખેંચી મેળ કેમ કરી લેવું ? તેની સ્વાભાવિક રુચિને ઉશ્કેરી-ને શિક્ષા વૃત્તિ જાગૃતી કેમ ? જોવાય—પ્રેમ મ પડાય. પ્રેમથી તેને ખેંચાય, પ્રેમથી તેની ઉત્પત્તિ જાગૃતી થશે, પણ એમ કરતા તેઓ ઉપર થઈ જાય તો ?—પ્રેમનો અયોગ્ય લાભ લેવો ! ના—ના એમ શું થાય ' એવી નકામી બાળકોની પ્રીતિ વધે; આપણને પોતાના હિતેચ્છુ તરીકે માને પણ ત્યારે 'ભય વગર પ્રીતિ નથી" એ શું કહે છે ! અ-નુભવીઓ; ભય કરીએ, ધાક બતાવીએ તો પ્રીતિ થાય, એમ '—ના—ના—એનો અર્થ પણ આપણા આગેવો સમજે છે. વાસ્તવિક તો "પ્રીતિ વગર ભય નથી." છોકરાઓ-પર પૂર્ણ પ્રીતિ રાખવી, તેને અંત:કરણથી ચહાવા, પણ તે બધુ તેના હમેશના ભલાની ખાતર—તેને કેળવવાની ખાતર. તેઓ જરા પણ ખોટા રસ્તે જતા માલમ પડે તો બેશક ભય તે શિક્ષા પણ કરવી. જો ગુન્હા થયા છતાં પણ શિક્ષા ન કરીએ, દયા રાખીએ અને એવે વખતે પણ પ્રીતિની ખાતર માફ કરીએ તો તે કદાપિ સુધરવાના નહીં. એવે વખતે આપણી રાખેલ પ્રીતિ ઊલટું નુકસાન કરે. પ્રીતિ તેને સુધારવાની ખાતર—અમે તેમ વર્તવા દેવાની ખાતર નહી. વર્તનમાં જરા પણ ભૂલ કરે તો બેશક સજા કરવી અને સજા કરતાં પણ તેને જણાવું જોઈએ કે 'મહેતાજી સજા કરે છે તે તેના પોતાના લાભ પણ અર્થની ખાતર નહીં, પણ આપણને ગુન્હાઓ મટાડવાની ખાતર. જ્યારે આપને ગુન્હાઓ નહીં કરીએ ત્યારે આપણું તેનું પ્રતિબિંબ પરમ પાવન થઈ પડશું' પણ આવી સમજ ના-

ઉપર ઉપરથી જોતાં કદાચ થોડો લાગે, પરંતુ એક માણસ પ્રથમ ઘણોજ અવ્યવસ્થિત રીતે કામ કરતો હોય અને પછી જ્યારે વ્યવસ્થાપર આવે, ત્યારે તેને તેના વધારે અને ખરા લાભની કદર થાય છે. છોકરાઓ-શિક્ષકો-મનુષ્યો દરેકના ઉપર એની કેટલી બધી અસર! દરેકના મનમાંથી બધા ગરબડગોટા કહાડી નાખી એક નિયમિતપણાની છાપ મારનાર! માટે તેનેજ પ્રથમ અમલમાં લાવવી. તે પ્રમાણે થતાં બધું વ્યવસ્થિત થઇ જશે." (અપૂર્ણ)-કુસુમ.

इतिहास शिक्षण.

(મથુરલાલ કાળીદાસ, હેડમાસ્તર—કોડીનાર.)

ઇતિહાસ = *ઇતિ+હ+આસ=ઇતિ એટલે એવે-એ પ્રમાણે +હ એટલે કિલ-નિશ્ચય+ આસમાં આમ્ ધાતુ ઉપવેશન (રહેવું-હોવું) ના અર્થમાં છે; તે પરથી ઇતિહ, એટલે એ પ્રમાણે પરંપરાથી ચાલતો આવેલો ઉપદેશ-પરંપરાથી થતા આવેલા બનાવો, અને એ ઉપદેશ-બનાવોની હકીકત જેમાં છે તે ઇતિહાસ. મતલબ કે ઇતિહાસનો અર્થ બનેલા બનાવની હકિકતો જે પ્રમાણે બની હોય તેજ પ્રમાણે આપવી એવો થાય છે.

ઇતિહાસ ફક્ત રાજ્યકીય બનાવોની હકીકત સંબંધીજ હોઇ શકે એમ માની લેવાનું નથી. કારણ કે બનાવો સમાજ, વ્યવહાર અને કુદરતમાં નિરંતર ઘણી જાતના બન્યા કરે છે, માટે તે બનાવોની હકીકતવાળા ઇતિહાસો પણ ઘણી જાતના હોઇ શકે; ઉદાહરણ તરીકે વ્યાપાર, કૃષિ, ભાષા, જન સમાજ, રીતભાત, જમીનનાપર થયેલા ફેરફાર, ગૃહોનો શોધ, મનુષ્યોનો સુધારો, ધર્મ અને શિક્ષણ અને એવા ઘણા વિષયોપર તે લખી શકાય છે.

પ્રાથમિક શાળાઓમાં આપણા દેશમાં વિદ્યાર્થિઓને ઇતિહાસ શિક્ષણ આપવાનો હેતુ બરાબર સમજવામાં ભાગ્યેજ આવે છે અને હેતુ નહિ સમજવાથી તેનો ઉપયોગ બહુ કઢંગી રીતે થતાં એ વિષય વિદ્યાર્થિઓ અને શિક્ષકો સુદ્ધાંને ઘણીવાર ત્રાસદાયક થઇ પડે છે.૧ હરકોઇ કામ કરતાં પહેલાં તેનો હેતુ સમજવો જોઇએ; હેતુ સમજવાથી તેનું સ્વરૂપ કેવું હોવું જોઇએ તે સમજાય છે. અને સ્વરૂપ સમજવાથી તેનો કેવી રીતે ઉપયોગ કરવાથી તે ફળીભૂત થશે તે સમજાય છે. આ પ્રમાણે ઇતિહાસ શિક્ષણ ફળીભૂત કરી શકવા માટે આપણે ઇતિહાસ શિક્ષણનો હેતુ શો છે તે સંબંધી વિચાર કરીએ.

ઇતિહાસ શિક્ષણ આપવાનો હેતુ વિદ્યાર્થિઓની કુતૂહલ લાગણીઓને શાંત કરવાને

---

* જુઓ તા. ૪ એપ્રીલ સન ૧૯૦૭ ના 'ગુજરાતી' ન્યૂસમાં થયેલી ચર્ચા.

૧ એરિસ્ટોટલનો કારણ ચતુષ્ક્ય વિચાર.

કે માત્ર ટુંકી ટુંકી નીરસ હકિકતોનું જ્ઞાન આપવાનો નથી; પણ દેશની વિદ્યા, હુન્નરકળા, વ્યાપાર, રાજ્યનીતિરીતિ, આબાદીને પડતી, પ્રજાના સુખ દુઃખ, તેમના રીતિ રીવાજો, તેમનું આગળ વધવું કે પાછળ પડવું અને તેમના જય પરાજય વગેરે હકિકત જે પ્રમાણે બની હોય તે પ્રમાણે સમજી—વિચારી તેપરથી ઉપયોગી કારણો શોધતા કરવાનો છે. દુનિયાના ભૂતના બનાવોજ માત્ર જાણવાથી કશો લાભ નથી, પણ એ બનાવો સાથે સંબંધ રાખતા વિચારો—તેથી બીજી બાબતો પર થયેલી અસર અને તેનાં યોગ્યાયોગ્ય કારણો, તે ઉપરથી ગ્રહણ ધારણ કરવા યોગ્ય આચરણ, સામાજિક, વ્યવહારિક અને પારમાર્થિક જ્ઞાન વિચાર, દેશની અને સમાજ વ્યવહારની દરેક બાબતની ચડતી પડતીના કારણો, બંધારણનું સ્વરૂપ અને તેનાં કારણો, તેની યોજનાઓ અને તેપરથી નજર રાખવા યોગ્ય દૃષ્ટાંતો વગેરે હકિકત મેળવવી, એ ઇતિહાસશિક્ષણનો હેતુ છે

ઇતિહાસશિક્ષણથી ભૂત કાળમાં કઈ પ્રજા આગળ પડતી થઇ ગઈ અને કઈ હાલના સમયમાં પણ આગળ પડતી છે કયા સુધારામાં આગળ વધેલી છે અને કઈ કુધારામાં ગરક થઇ ગઈ છે, વગેરે હકિકત તેના કારણો સાથે સમજાય છે મહાત્મા અને દેશ ભક્ત દેશહિતૈષિઓનાં જીવનચરિત્ર જાણવાથી તેમના કાર્યથી થયેલા પરિણામ અંતઃકરણમાં ઉલ્લાસ આપે છે. આપણાં કર્તવ્યો બજાવવાને સારો અને સરળ રસ્તો બતાવે છે. તે પ્રમાણે કાર્યો કરી સમાજમાં કીર્તિ મૂકી જવાની ઇચ્છા થઇ આવે છે. અને આ પ્રમાણે થવાથી આળસુ મનુષ્યો પણ ઉદ્યોગી થતા પોતાના જીવનને દિવ્ય બનાવી પોતાને અને સમાજને લાભ આપી શકે છે વળી એથી વિકટ બનાવો અને ત્યારે કેવી રીતે ધૈર્યતા રાખી રસ્તો ખોળવો, શી રીતે તે હરકત દૂર કરવી કયા વિશેષ કારણો પર આધાર રાખીને આચરણ કરવું, કેવી રીતે સંતોષ મેળવવો, કઈ બાબતની તૃષ્ણા રાખવી અને કેવી રીતે સંતુષ્ટ કરવી વગેરે વિચાર સમજાય છે, ઉત્સાહ અને આગ્રહ સાથે પોતાનું કર્તવ્ય બજાવવાને નવું સામર્થ્ય, ઉચ્ચતર ભાવનાઓ અને સદ્ગુણો દાખલ થાય છે

ઇતિહાસ એ * ભૂત કાળના બનાવોની હકિકતો, મનુષ્યાચરણ, તેમની રીત ભાત અને ગુણ દોષ, સમાજ બંધારણ અને કાર્યના સારા નરસા, લાભાલાભ અને તેથી થતા— થયેલા પરિણામના પ્રદર્શન રૂપ છે, કારણકે એથી ભૂતકાળના મનુષ્યો, તેમની સ્થિતિ, આચરણ, વિચાર અને તમામ બનેલા બનાવો સાથે પરિચય થાય છે સાર ગ્રહણ કરવાથી તેમાંથી ઘણો બોધ અને શીખવાનું મળી શકે છે, જ્ઞાન આપવાની સાથે બુદ્ધિને કેવળ કેળવે છે કેટલીક વાર સમાજ વ્યવહારમાં કેટલાક નાના મોટા મનુષ્યો નાના નાના બનાવો જોઈને કે તેવી હકિકતો સાંભળીને, નાના નાના પરોપકારી કામો કરીને, અને નાની નાની ફતેહમંદીઓ મેળવીને આત્મપ્રશંસામાં પડી જાય છે, મોટા મોટા સુખ—વૈભવના પદાર્થોનો સ્વાદ ચાખતા— અનુભવ લેતા પોતાને આખી દુનિયાના ભૂત અને વર્તમાન જનસમૂહ કરતા વધારે સુખી ધારી મગરૂર થઇ જાય છે, નાના

* ઇતિહાસમાં વર્તમાન સમયના હોય તોપણ બનેલા બનાવો દાખલ કરવામાં આવે છે માટે ભૂત કાળના બનાવ કહ્યા છે.

સરખા બનાવો સાંભળતાં કે અનુભવતાં તેમાં * આખી દુનિયાના તમામ બનાવોનો સમાવેશ કરી દેછે;પણ ઈતિહાસ શિક્ષણથી આ અજ્ઞાન રુપી અંધકારનો નાશ થઈ તેને સ્થળે તેજસ્વી વિચાર રુપી પ્રકાશ દાખલ થાય છે. એથી મનુષ્યો અને વિદ્યાર્થીઓ પોતાના ગુણ દોષની પરીક્ષા કરી શકે છે; પોતે કયે સ્થળે ઉભો રહેલો છે અને કયે સ્થળે ઉભો રહેવાને લાયક છે તેની પરીક્ષા કરી શકવાને શક્તિમાન થાય છે. નાંના સરખા બનાવો, હકિકતો, હરકતો, સુખ દુઃખોને સમજે છે, જેથી પરિણામે સુખમાં અહંપદી–મગરૂર ન થતાં સંતોષ રાખી આગળ વધવા અપેક્ષા રાખે છે અને દુઃખથી ગભરાઇ જતો નથી, પણ + બીજાં દુઃખો જાણીને પોતાનું દુઃખ કશા લેખામાં નથી એમ વિચારીને ધૈર્યતાથી તેનો નાશ કરી સુખ મેળવે છે. શું, કેવી રીતે અને શા માટે કરવું તે સમજે છે. અમુક વખતે કેવું રુપ ધારણ કરવું અને કયો રસ્તો પકડવો કે જેથી પરિણામે ધારેલી ધારણા ફળીભૂત થાય તે સમજાય છે. જૂદા જૂદા સમયોની રીતભાત, ધર્મઅસર, વ્યવહાર અને આચરણ વગેરે સમજી સારા નરસાનો વિચાર કરવાને શક્તિમાન થવાય છે. જ્યારે મનુષ્યો બીજી હકિકતોની પરીક્ષા કરી ગુણ દોષ શોધે છે ત્યારે થોડા આત્મપ્રયાસથી પણ પોતાની રીતભાતના સારાસારની પરીક્ષા કરી શકે છે, અને મુકાબલો કરતાં સત્ય રસ્તો હાથ લાગે છે. એકંદર વિચાર પરથી સમજાય છે કે ઈતિહાસ શિક્ષણ એ આનંદ સાથે બુદ્ધિશક્તિ કેળવવાને અને હૃદય પર સારી અસર કરવામાટે બહુ સારો અને ઉપયોગી વિષય છે; અને એવી રીતે ફળીભૂત થાય એજ ઇતિહાસ શિક્ષણનો મુખ્ય હેતુ છે.

આ પ્રમાણે આપણે ઈતિહાસશિક્ષણનો હેતુ પ્રદર્શિત કર્યો. હવે એ હેતુ ફળીભૂત કરી શકવા માટે તેનું સ્વરૂપ કેવું હોવું જોઇએ તે સંબંધી વિચાર કરીએ.

(અપૂર્ણ.)

---

* હાલના મુંબઇમાં ચાલતા મરકીના રોગ (બ્યુબોનિકપ્લેગ) થી કેટલાક લોકો જાહેરમાં જ્યાં ત્યાં બોલ્યા કરે છે કે " હવે દુનિયા નાશ પામવાની છે; ઇશ્વરનો કોપ થયોછે; ખોદા સારી આલમનો નાશ કરવા તૈયાર થયેલા છે; + + + +." પણ જુઓ તેઓ આવી એક નહીં પણ અનેક વાર દુનિયા પર બનેલા બનાવોની હકિકત ઈતિહાસમાંથી વાંચે તો તેમને સમજાય કે "આવીજ ભયંકર અને બલ્કે આથી પણ વિશેષ ! એકવાર નહીં પણ અનેક વાર દુનિયા પર આફતો આવી પડેલી છે, તોપણ દુનિયામાં વસ્તી તો ઉત્તરોત્તર પ્રમાણમાં વધેલીજ જણાય છે."

+ યુધિષ્ઠિર રાજા નળ રાજાનું દુઃખ સાંભળી—જાણી પોતાનું દુઃખ દૂર કરી શકેલા—સંતોષ મેળવી શકેલા એ સર્વ વિદિત છે. જુઓ મે. ટૃ. નળાખ્યાન.

શાળોપયોગી પત્રો.

વ્હાલા શિક્ષક બંધુઓ,

આપણા ધંધાનો એટલો બધો પ્રદેશ વિસ્તીર્ણ છે કે,—તે સંબંધનું સારૂં જ્ઞાન થવાને ઘણી ચર્ચાની જરૂર છે હાલ કાંઇ જે ચર્ચા થાય છે તે "પાશેરામાં પહેલી પુણી" ની બરાબર છે. યુરોપ જેવા સુધરેલા—કેળવણીમાં આગળ વધેલા દેશમાં પણ હજુ શિક્ષણના પ્રદેશ સંબંધી ઘણી ચર્ચાની આવશ્યકતા પાશ્ચિમાત્ય વિદ્વાનો બતાવે છે ત્યારે તે પ્રમાણમાં અરણ્યવત્ આપણા દેશમાં શિક્ષણના વિષયો—પ્રદેશ—સંબંધે ચર્ચા થવાની કેટલી આવશ્યકતા છે? દેશોન્નતિનો પણ મહોટો આધાર શિક્ષક બંધુઓની અને તેના કાર્યની ઉન્નતિ ઉપર છે એટલા માટે પણ શિક્ષણ સંબંધીના અનેક લેખો—વિષયો—લખાવા જોઇએ, જુદા જુદા વિષયોની જુદા જુદા અનેક પ્રકારે ઘણી ચર્ચા થવી જોઇએ, અને શિક્ષણ શાસ્ત્રના સંપૂર્ણ પ્રદેશને જાણવાની આપણ દરેકને જરૂર છે.

ઉપરના અનેક હેતુથી " શાળોપયોગી પત્રો " આ વિષય લખવો શરૂ કર્યો છે. કોઇ પણ અમુક વિષય ઉપર જેવી રીતે બે મિત્રો પત્રદ્વારા ચર્ચા કરે, તેવી રીતે આ વિષય લખવાનો ઉદ્દેશ રાખેલો છે વખતે આમાંના વિચારો કોઇકના વિચારને મળતા હશે; કોઇના વિચારથી વિરૂદ્ધ હશે, કારણ કે હું જે તત્વને સાચું ગણુતો હોઉં—જે સત્ય મને માન્ય હોય, તેજ તત્વ—સત્ય—બીજાને અગ્રાહ્ય—અમાન્ય હોય છે, અને વળી બીજાને તેનો કેટલોક ભાગ ગ્રાહ્ય અને કેટલોક અગ્રાહ્ય પણ હોય છે આમ થાય છે એટલે એ બધામાંથી સત્ય—માન્યતત્ત્વ શોધવું એ કાર્ય મોટું ને કીમતી થઇ પડે છે, માટે જો કોઇ સાહેબોને—શિક્ષક બંધુઓને—આ વિષયમાં વિચારની વિરૂદ્ધતા લાગે—અયોગ્ય માન્યતા લાગે તે જણાવી આભારી કરશોજી. તા. ૩૧-૩-૯૭

શ્રી સુરતના પુરૂ પર પડેલા એક
" જીવન "
ના પ્રણામ.

પત્ર ૧ લો.

નવીન શિક્ષકને સૂચના.

" રાજ્યનગર—સોમવાર "
(સવારના ૧૦ વાગે)

પ્રેમી મિત્ર " મોહનલાલ, "

" તમે અહીંથી નીકળ્યા આજે આઠ દિવસ થયા, પણ હજુ પત્ર આવ્યો નથી. ધાર્યું કે આજ કાલ આવશે, પણ તે પહેલાં કેટલુંક લખવાનો વિચાર થતાં લખવાનું કે —

તમે અહીં એ વર્ષ અભ્યાસ કરી, છેવટની પરીક્ષા આપી, શિક્ષકના ધંધાનો અનુભવ મેળવવા; બે પૈસા કમાવા; સંસાર સાગરના અનેક ખેલો જોવા; એકાદ વર્ગનો અધિકાર લેવા; અને આગળ ઉપર આખી નિશાળનો સ્વતંત્ર અધિકાર લેવા; આ અને એના જેવી અનેક બાબતો જોવા, વિચારવા, અને અનુભવવા શક્તિમાન થયા છો-પાત્ર થયા છો. આ તમારો પ્રથમ પ્રસંગ છે-પ્રથમ દિવસ છે; તેથી તમારા મનમાં ઉત્સાહ, આનંદ, અને નવીન સ્થળ ઉપર—અજાણ્યા સ્થળમાં સુવશ પ્રાપ્ત કરવાની અભિરૂચિ છે, હવે તમે અભ્યાસક્રમની માથાફોડથી મુક્ત થયા છો; તેથી તમને તમારા અભ્યાસનાં પુસ્તકો યાદ આવતાં નહીં હોય. હવે વિશ્રાંતિના દિવસ આવ્યા એમ માનતા હશો; કારણ કે મેં એવા અનેક દાખલાઓ જોયા છે. પણ એ બાબતમાં-વિશ્રાંતિના દિવસ આવ્યા ગણવામાં મોટી ભૂલ કરોછો; એ મારે સૂચવ્યા શિવાય ચાલતું નથી. એ તમારી ધારેલી વિશ્રાંતિ ક્યાં સુધીની છે ? એક કે બે દિવસ, પંદર કે વીશ દિવસ, મહિનો કે બે મહિના, છ મહિના, કે વર્ષ; પણ એ વિશ્રાંતિ સદૈવ ટકી રહેવાની નથી. તમે સારી રીતે જાણોછો કે, તમે સ્વીકારેલો ધંધો-શિક્ષકનો ધંધો એટલો બધો વિસ્તીર્ણ છે કે, તે સંબંધે આખી જીંદગી સુધી અભ્યાસક્રમ ચાલુ રાખો તોપણ તે ધંધામાં પૂર્ણ થવાય તેમ નથી. હજુ તમે વિદ્યાવાડીના દરવાજા પાસે આવ્યાછો. વિદ્યાવાડીમાં જોવા-જાણવાનું શું શું છે, તે તમે સાંભળ્યું છે, તે જોવા-જાણવાની તમારી ઉત્કંઠા છે, તેથીજ દરવાજા પાસે આવી ઉભા છો; પણ હજુ દરવાજાની અંદર પેઠા નથી. દરવાજો બંધ છે, પણ કુંચીઓ તમારા હાથમાં છે. દરવાજો ઉઘાડી અંદર પ્રવેશ કરશો, ત્યારે અનેક પ્રકારની નવીનતા-આજ સુધીની જીંદગીમાં ન જોએલી-પણ સાંભળેલી-નવીનતા તમે નજરે જોશો. જોતાંજ તે પ્રાપ્ત કરી લેવા પ્રબળ વેગથી તમારી મનોવૃત્તિ તે તરફ દોડશે; કારણ કે દરેક મનુષ્ય ઉત્તરોત્તર પોતાની અભિવૃદ્ધિ જોવાને આકાંક્ષા ધરતા હોય છે. તમને વિચાર આવશે કે, એ અભિવૃદ્ધિ કયે રસ્તે કરી શકાતી હશે,' વિચારાંતે જણાશે કે, 'આપણું મુખ્ય કર્તવ્ય સમજી તે પ્રમાણે વર્તન કરવાથી.' વળી પ્રશ્ન ઉઠશે કે 'મારૂં મુખ્ય કર્તવ્ય શું ?' "મોજ મજા ભોગવવી." "પૈસા ઉપાર્જિત કરી વૈભવ શોખ ભોગવવો." "દિકરા દીકરી પરણાવી, નાત વરા કરી, આબરૂ મેળવવી-સંસારનો લ્હાવો લેવો." આવા અનેક વિચારોને જો કે તમે યોગ્ય-તમારા કર્તવ્યમાંના ગણશો, પણ એ બધામાં પ્રાધાન્ય પદ **"શિક્ષણશાસ્ત્ર શું છે તેનો કેટલો વિસ્તાર છે; શિક્ષક-મારી પાસે આવતી વસ્તુ-બાળકોના સંબંધે મારે શું શું કરવાનું છે; મારો મારા દેશ પ્રત્યે-દુનિયા પ્રત્યે કયા પ્રકારનો ધર્મ છે, વગેરે બાબતો જાણવી; જાણીને વર્તનમાં અનુભવવી"** એનેજ આપશો.

પ્રિય ભાઇ, આપણે જાણીએ છીએ કે, ફક્ત અભ્યાસ ક્રમની ચોપડીઓ વાંચેથીજ આપણા-શિક્ષકના કર્તવ્ય સંબંધી પૂરતું જ્ઞાન મળી શકતું નથી. અભ્યાક્રમનાં પુસ્તકો માર્ગદર્શક છે. જેમ કોઇ અજાણ્યા પ્રવાસીને એક સ્થળેથી બીજે સ્થળે જવા માટે માર્ગ જાણનાર ભોમિયાની મદદ લેવી પડે છે; તેમ અભ્યાસક્રમનાં પુસ્તકો એ અગમ્ય વિચાર-

માર્ગદર્શક બને છે પૂર્વેના વિદ્વાનો આપણને આપણા સર્વોત્કૃષ્ટ થવા સંબંધી માર્ગ બતાવવા હાજર નથી, એટલા આપણા કમ ભાગ્ય તો ખરાજ; પણ " નથી નથી " કરી તેને માટે શોચ કરવો એ યોગ્ય નથી. સારા ભાગ્યે હાલ કાળે તેમના વિચારો-અત્યુત્તમ વિચારો પુસ્તકદ્વારા આપણને મળી શકે તેમ છે માટે તે જાણવાની ખાતર અનેક પુસ્તકો—શિક્ષણશાસ્ત્ર સબંધનાં પુસ્તકો વાંચવાં—અવલોકવાં. ક્યા ક્યા વિદ્વાને શું શું તત્વ સ્વીકાર્યું છે, એમાં શું યોગ્ય છે, ક્યાની પદ્ધતિમાં કેટલો અને ક્યા પ્રકારનો તફાવત છે, તેમાં કઈ યોગ્ય–ગ્રાહ્ય છે, વગેરે જાણી, વિચારી, અને ગ્રાહ્ય લાગે તેજ ગ્રહણ કરવી.

ભાઈ, આપણે બજારમાં જઈએ છીએ તો કોઈ એક વેપારી લમણે હાથ દઈને વેપારમાં આગળ શી રીતે પડવું? ફલાણાનું કપાસનું સારું છે તેનું શું કરવું? અમુક વેપારમાં ખોટ જાય છે તેનો બદલો ક્યે રસ્તે વાળવો? આવા અનેક વિચારમાં ગરક થઈ બેઠેલો નજરે પડે છે. સામે પીઠપર બોજો ઉંચકી એક માણસ અમુક ધારેલે સ્થળે જલદી જવા અને પાછો બીજી વખત જલદી ચૌટામાં આવવા, કેવો ત્વરાથી ચાલતો આવતો જણાય છે? તો વળી કોઈ જૂના ચોપડાના પાના ઉથલાવવામાંજ ગરક થઈ એક ચોપડાને ફેંકતો, બીજાને લેતો, ત્રીજાને ફેંકી ચોથાને લેતો, એમ પાના ફેરવતો બેઠો છે. કારીગર વર્ગ તરફ દૃષ્ટિ કરતા તે પોતાના કાર્યમાં એટલો બધો લીન થયેલો જણાય છે કે, તેને આપણે આવ્યાની ખબર સુદ્ધાં નથી. તેમજ એક ચિતારાને ચિત્ર ચિતરવામાં એટલો મશગુલ થયેલો જોઈએ છીએ કે, તેની પછવાડેથી એક મોટું સૈન્ય ચાલ્યું જાય તોપણ તેને કાને તેનો જરા રવ પણ જતો નથી. અહાહા! નિર્જીવ પદાર્થો પર કામ કરનારા પણ તન-મન-અને ધનથી કેવી અનહદ મહેનત કરે છે! ત્યારે સજીવ ઉપર કામ કરનારાઓ-એ તો કેટલી બધી મહેનત કરવી જોઈએ? આ બાબતનો વિચાર કરવાનું હું તમનેજ સોપું છું.

કેટલાક શિક્ષકની પદવી મળી એટલે આળસુ થઈ પડે છે અને વિદ્યા–જ્ઞાન મેળવવા તરફ હમેશા બેદરકાર રહે છે. તે એટલે સુધી કે પોતે પ્રથમ મેળવેલું જ્ઞાન પણ હતું નહતું થઈ જાય છે, પરંતુ આળસના સામ્રાજ્યમાં તેની તેને ખબર સુદ્ધાં પડતી નથી. તમે તેવા થશો એમ હું માનતો નથી; પણ સાધારણ શિક્ષકો તેવા હશે—વખતે હોય પણ ખરા, એટલા માટે સૂચવું છું કે તમે આ બાબતમાં કોઈ પણ વખતે ભૂલ ખાશો નહી.

વળી કેટલાક એવા પણ હોય છે કે આળસુ થતા નથી પણ આગળ વધવા-ના ચિંતનમાંજ મશગુલ રહે છે આ વિચાર એટલો બધો પ્રબળ થઈ પડે છે કે, પોતાનું-મારું કર્તવ્ય શું છે, મારે ક્યે રસ્તે જવું છે, હું પ્રથમથી ક્યે સ્થળે જવાના રસ્તે ચાલ્યો છું " એ પણ ભૂલી જાય છે; આ યત્ન હિતકારક નથી. અમુક ધારેલે રસ્તેથીજ ધારેલાં સ્થળે જવાના વિચાર કરવા ને તેનો સતત યત્ન કરવો એ હિત કારક છે.

મિત્ર આ બાબત ઘણી અગત્યની છે, માટે આજે આ મુખ્ય સૂચનાઓજ કરી. વળી બીજા કોઈ પ્રસંગે "શિક્ષકના ગુણ" "શિક્ષકનું કર્તવ્ય" એ વિષયમાં સવિસ્તર કહેવા-

ના વિચારથી બંધ કરું છું. પ્રત્યુત્તર તુર્ત લખશો–હમેશાં લખતા રેહશો. મિત્ર મંડળ કુશળ છે; તમારી કુશળતા જાણવાને અતિ આતુર છે.

લી.
તમારા શુભેચ્છક
"પ્રાણુ લાલ" ના પ્રેમાલિંગન
જીવન. (અપૂર્ણ.)

ગૃહકેળવણી.

ભાયડાની કમાણી પાંચ પંદર કે પચીસ રૂપીઆની હોય તે ઉપર વિચાર કરી ખાધાખરચ, લુગડાંલત્તાંનું ખરચ, અને આખતી પાખતીનું પરચુરણ કંઇ ખરચ આવે તો કાઢતાં પણ જરૂરજ કાંઇ બચાવ થાય એમ તજવીજ કરવી, એ બૈરાંના હાથમાં હોય છે. આપણામાં કહેવત છે કે ભાયડો કમાઇ જાણે અને બૈરાં કેળવી જાણે. ઘરની ખરી શોભા બૈરાં છે, એમ જો આપણે માનીએ તો ભાયડાની કમાણી જોઇને ખરચ કરવો અને તેમાંથી પણ કંઇ બચાવ થઇ પડયું રહે એમ કરવું, એ આપણું કર્તવ્ય છે. આ કામમાં આપણાં બૈરાંની ચતુરાઈ બહુજ કામમાં આવે છે નાનપણમાં છોકરાંને ઉછેરતાં અને સારે રસ્તે દોરવાનું કામ જેમ બૈરાંનુ છે, તથા ઘરની નાનામાં નાની ચીજની સારી નરસી કેળવણી કરવી એ બૈરાંના હાથમાં છે, તેમ ઘર બહારની બધી જોખમદારી ભાયડાના માથા ઉપર છે. ઘરમાંનાં છોકરાં છૈયાં ભલી ભૂંડી ચાલનાં નીવડે તો ઘરનાં મુખ્ય બૈરાંનો લોકો દોષ કાઢે છે; તેમ બહારના કામમાં વટ વહેવારમાં ભાયડો રીતસર ચાલે તો તેનો દોષ કઢાય છે. એથી પરમેશ્વરે બૈરાંને ઘરના કામકાજની અને આબરૂ ગેરઆબરૂની ફીકર મૂકી છે ને ભાયડાને બહારના કામનીજ ફીકર છે. એ બેમાં જેની હુંશીઆરી ઓછી, કેળવણી ઓછી, તે તેટલું ફજેત થાય છે–તેનું ઘર ફજેત થાય છે, અને બધી રીતે દુનિયામાં હલકાં ગણાય છે, માટે બૈરાંએ સમજવું જોઇએ કે ભાયડાની આબરૂ તે મારી, અને મારી આબરૂ તે ભાયડાની, તથા ભાયડાની તે આખા ઘરની. માની કેળવણીથી ઘરમાં છોડી સારી નીવડી અને તે સાસરે ગઇ અને ત્યાં બધી રીતે વખાણ પામે એવી રીતે ચાલી, તો તેથી તેની માને માટે લોકો સારૂં બોલશે, તેથી ઘરનાં ને ઘરનાં બધાં માણસની આબરૂ સારી ગણાશે, નાત જાતમાં પંકાશે, તથા બધું સારૂં થશે. છોકરાંને ખવરાવી પીવરાવી મોટાં કર્યાં એટલેથી બધું સારૂં થયું માનવાનું નથી; પણ તેમાં તેઓને સારી સારી શીખામણો આપીને સારે રસ્તે ચઢાવવાથી, સારૂં સારૂં ભણતાં શીખવવાથી, દુનિયાના, નાત જાતનાં, પાડોશીના અને મહેલ્લાના લોકો સાથે શી રીતે ચાલવું, બોલવું, બેસવું, અને વહેવાર રાખવો, એ પણ શીખવવું. સારા દાખલા આપી શીખવવું કે આ રસ્તે

ચાલવાથી દુનિયામાં સારું કહેવાય, એ રસ્તે ચાલવાથી આબરૂ વધે, આ રસ્તો સહેલો અને વખણાય એવો છે, બધા સારા માણસ એવે સારે રસ્તે જાય છે તેથી એમનું સારું થાય છે, માટે એ રસ્તે ચાલવું છોકરીઓને પીયરમાં ચાલવાના અને સાસરામાં ચાલવાના દરેક રસ્તાથી માહીત કરવી જોઇએ છોકરી જ્યારથી બોલતાં શીખે ત્યારથી કેટલાક ઘરોમાં ટીંગલા ટીંગલીની ખરાબ રમતોથી તેનું મન, રીતરીવાજ, અને ચાલ ચલગત બગડે છે, પરંતુ એવી ખરાબ રમતો મૂળથીજ રમવા ન દેવી. જે રમત રમે તે એવી જોઇએ કે નાના છોકરાં એથી બગડે નહિ, અને એની રમતથી બીજાઓને કંઇ પણ શીખામણ લેવાનું બની શકે. છોકરાં બેના રમવાની તો કદી રજા આપવીજ નહિ જેમ જેમ મોટી ઉમર થતી જાય તેમ તેમ ઘરમાંનું જે કામ મોટાં બૈરાં કરે છે, તેનું તમામ કામ ધીમે ધીમે શીખવવું તથા પીયરમાં મા, બહેન, ભાઇ, બાપ, ભોજાઇ, વગેરેની સાથે શી રીતે ચાલવું, પડોશી અને દરેક મહોલ્લાના માણસો સાથે કેમ બોલવું, કેમ ચાલવું, તે શીખવવું સાસરામાં સાસુ સસરા નણંદ એમની સાથે શી રીતે ચાલવું એ બધું શીખવવું એમ કરેથી આપણું ઘર સારું દેખાય છે અને આપણું આબરૂ દુખી થતું નથી છોકરાની જાતને બહારના કામમાં કેમ વરતવું તે શીખવવું આ ઉપરથી બૈરાંને માથે બાળકાં કરતાં કેટલું વધારે ઘરનું જોખમ છે, તે અહીં બેઠેલાં સુજાણ તમામ બહેનો, સુલક્ષણીઓ, અને પૂજ્ય માવડીઓ સારી રીતે સમજી શકશે જો આપણે ખરું સમજશું તો બૈરાંના ઉપર બધા ઘરનો આધાર અને આબરૂ છે પણ તેમાં આપણેજ કંઇ જોઇએ તેવું સમજતાં નથી, તો છોકરાંને ક્યાંથી સમજાવી શકીએ કહેવામાં હોય તો અજાયબ આવે ? સુનીતિની ચોપડી આપણાં દરેક ભણેલાં બૈરાંને વાંચવાની અને જેઓ નથી ભણેલાં તેઓને કોઇની પાસે સાંભળવાની મારી ભલામણ છે. એ ચોપડી પરથી જણાય છે કે આપણો હિંદુસ્તાન મુલક દુનિયામાં બહુજ વખણાયો તેમાં બૈરાં એવાં એવાં તો ભણેલાં થઇ ગયેલાં છે કે જેમની વાતો આપણે સાંભળી રાજી થઇએ. હાલમાં ધીમે ધીમે તેવો વખત આવતો જાય છે આપણે બૈરાં મળ્યાં છીએ એજ એવો વખત આવવાના મોટી નીશાની છે માટે દરેક બહેનોએ દર રવીવારે આજના પેઠે ભેગા મળવું તથા તેમાં આપણાં બૈરાંને સુધારવાની વાતો કરી આપણે રાજી થવું આપણાં બૈરાં સુધરે તો આપણો સંસાર સુધર્યો જણાય. જેનો બબરે સારી નથી. તે રૂપવાન હોય કે ધનવાન હોય, જાતવાન હોય કે ગુણવાન હોય તો પણ તેનું જીવતર નકામું છે, માટે આપણાં ઘરનો, વરની અને સંસારની આબરૂ વધારવી હોય તો ધનને મૂળથી કેળવો તથા તે શી રીતે કેળવાય તે શીખો પછી આપણાં છોકરાં છોકરીઓને કેળવો. પેદાશ પ્રમાણે ખરચ કરો પેદાશમાંથી કરકસર કરીને જેટલો બચાવ થાય તેટલો કરો ઉડાઉ ખરચ ન કરો નકામા ઘરેણાંગાંઠાં માટે ધણીને નકામું દુઃખ ન દો. ઘરનાં બધાં કામની આવડ શીખો અને શીખવાડો આપણામાંથી જે બૈરાં ધર્મની વાત જાણતાં હોય તેમના પાસે બે ઘડી બેસીને સારો સારો બોધ લો અને જ્ઞાનના બોલ શીખો; સારી વાતો કરો, નકામા ટંટા અને બાવાફકીરોની કુથલીઓ મૂકી દો ઝીણાં અને ઝાઝાં ઝુમકાળાં તથા જેમાંથી આપણું શરીર દેખાય એવાં લુગડાં ન પહેરો તથા આપણાં છોકરાં છોકરીઓને તેવા પહેરવા ન શીખવો, પહેરે તો તેને તે વાતની ખુશ બતાવી પહેરતાં અટકાવો

संगीत कादम्बरी नाटकनुं अवलोकन.

(પૃષ્ટ ૧૭૪ કીમત રૂ. ૧)

આ સમાંકી નાટક બાણકૃત સંસ્કૃત કાદંબરી પરથી મરાઠી ભાષામાં લખાયલું છે, તેનું અનુકરણ છે. સામાન્ય પુસ્તકોનાં અનુકરણ કરવાં અને ગદ્યપદ્યાત્મક નાટકનાં અનુકરણાં કરવાં એમાં મહદંતર છે. આવાં પુસ્તકોનાં ભાષાંતર જેમણે ભાષાપર કાબુ મેળવ્યો હોય છે તથા કવિતા કરવાનો સારો અભ્યાસ હોય છે તેજ સારાં કરી શકે છે. વાંચનાર એક દિવસમાં આવું પુસ્તક વાંચી જાય, પણ તેનું સુરસ પુસ્તક લખવામાં કેવો પરિશ્રમ છે તે તો તેનો લખનારજ જાણે છે.

આ નાટક કેવું છે તથા તેમાં શી વાત છે, ને વાંચનારને જણાવવા માટે સંક્ષેપમાં વસ્તુ તથા તેની સંકલના બતાવીએ છીએઃ—

આ નાટકનો પ્રારંભ કરતાં રીતસર એક ગાયનથી નાન્દી કરીને પછી નટી સૂત્રધારનો પ્રવેશ કરાવ્યો છે. બાણ કવિને મૂળ ગ્રંથના કર્ત્તા માની તેનાં નામ ગોત્રાદિ કથન કરી કાદંબરી નાટકની પ્રશંસા કરી કાવ્યશાસ્ત્રાનુસાર એકાદ ઋતુનું વર્ણન કરતાં અહીં વસંત ઋતુનું વર્ણન કર્યું છે. આ વર્ણનમાં પણ આ ગ્રંથમાં જે પ્રધાન રસ છે, તેનું સૂચન કર્યું છે. જેમ,—

ખમાચની ઠુમરી.

સંયોગીને સુખકર દુઃખકર વિરહીને આ રમ્ય વસંત. ધ્રુવ.
વિવિધ વિચારો કાન્તણી કાન્તા, કરતી આ કાલેજ અનંત. સં० १
અભિનવ પત્રે પુષ્પે પ્રફુલિત, આ મધુમાસ વધૂ વિલસંત. સં० २
લલિત લિલા, લલના અવલોકી, ચલિત થાય પણ સાધુ સંત. સં० ३
સદય હૃદય પ્રણયી દયિતાનાં, સ્મરસખ સુભગ કરેજ સચંત. સં० ४

પછી કાવ્યશાસ્ત્રોક્ત યુક્તિથી પાત્ર પ્રવેશ કરાવી પ્રસ્તાવના પૂર્ણ કરી છે.

પછી પહેલો અંક શરૂ થાય છે અને મહાશ્વેતા, તથા તેની સખીઓ મંજુઘોષા અને તરલિકા પ્રવેશ કરે છે. આ જગોએ સ્ત્રી પાત્રની ભાષા વધારે પ્રૌઢ જણાય છે. કદાચ દિવ્ય પાત્રો માની નાટકકર્ત્તાએ તેમ કર્યું હશે. અહીં વનશ્રીનું ઉત્તમ વર્ણન છે. મહાશ્વેતા આ જગોએ પુંડરીક નામે મુનિકુમારને જોઇને લોભાય છે. પુંડરીકને પણ વનશ્રીથી કાંઇક ચમત્કારીક અસર થાય છે. પુંડરીક વનશ્રી જોઇને કહે છે કે—

તાલ દાદરાની.

મધુમત્ત મધુકર સમૂહ ભ્રમણ અહિં કરે,
ગુંજે મન મુદિત થઇ મંજુલ સ્વરે, મધુમત્ત० ધ્રુવ.

પરિતુષ્ટ દિસતિ પરભૃતા આમ્રીત ચિતમાં,
સ્વર પંચમથી મગ્ન રહે મધુર ગીતમાં,
વળિ મંદ મંદ મરૂત વહન થતું દિગન્તામાં,
કુસુમ સુરભિ સરસ સકળ સ્થાન વિસ્તરે મધુમત્ત. ૧

ઇત્યાદિ. બીજો અંક અહીં પૂરો થાય છે

પુંડરીક મહાશ્વેતાને જોઇ કામુક થાય છે. તે જોઇ તેનો મિત્ર કપિંજલ તેને ઉપદેશ કરેછે કે—

ઉપજાતિ વૃત્ત.

મોહાન્ધ ! કામાન્ધ ! વિચારશૂન્ય ! પ્રભૂત તારૂં પરવાર્યું પુન્ય !
રે મૂઢ ! ચોક્ક મતિ દુષ્ટ કાજે, ગત ભ્રષ્ટ ! તારો કરૂં ત્યાગ આજે !!

આ પ્રમાણે નાયક નાયિકાના રતિ બીજનું ઉદ્‌ઘાટન કરી એકજ પ્રવેશમાં પ્રથમ અંક પૂરો કર્યો છે

બીજા અંકમાં પ્રથમ પ્રવેશ પુંડરીકના મિત્ર કપિંજલનો છે. મહાશ્વેતાના મોહમાં સપડાઇ ગયેલા પોતાના મિત્રનો તિરસ્કાર કરી એક વાર તે જતો રહેલ પણ મિત્ર પ્રેમથી પાછો તે તેને શોધવા લાગે છે અને કામ નામના વિકારને દોષ આપે છે. પોતાના મિત્રની કામવિકળાવસ્થા જોઇને તે વિલાપ કરતાં જે વચનો બોલે છે તે ખરેખર બોધકારક છે. તે કહેછે કે—

હરિગીત–ભૈરવીની ગઝલ

પ્રતિક્ષણ વિચક્ષણ સમજિ શિક્ષણ, આપ્યું ગુરૂએ તેજ આ !
વદ મિત્ર કે શું, ધર્મશાસ્ત્ર વિષે શિખ્યો શું સર્વ આ !
શું ધર્મનિષ્ઠ શુભ પ્રાપ્તિનો કંઇ શ્રેષ્ઠ આજ ઉપાય છે ?
છે શુભ વ્રત કે તપ શું આ કે ! સ્વર્ગ આથી સધાય છે !
છે મુક્તિ માર્ગનિ યુક્તિ કે છે નિયમ અન્ય પ્રકારનો !
આચાર છે, કે સાર છે, સો તપનશા અંગારનો !
છે નિંદ્ય પણ નહિ વંદ્ય પદ આ સાધુ જનને સર્વથા,
પછિ કેમ શુકિને ચિંતિને કરતો આરંભ તું અન્યથા !

સવૈયાએકત્રીશા—ખમાચની ઠુમરી.

પરિણામે પીડાકારક ને તારક છે નહિ જે તલભાર;
એવો કુપથ વિષય સુખ કેરો, આદરમે જે હોય ગમાર;
નિર્લજ્જનું એ નીચ કૃત્ય છે, તપનિધિથી જે નિંદ્ય ગણાય;
અહિમંડળમાં વિશ્વી ભોગી, તૃણવત્ તુચ્છ હમેશ મનાય
ધર્મ માર્ગે સમજીને સૌએ વીસરવા પણ આણી સ્નેહ,

ખડ્ગ લતાને આલિંગે છે, અરવિન્દાવલિ ગણીને તેહ.
કૃષ્ણ સર્પને આલિંગે છે, ગણિને કૃષ્ણાગરુનો ધૂમ;
ઉપહાસાસ્પદ થાય સર્વ સ્થળ, જે સમયે તે પાડે બૂમ.
મૃણાલની ભ્રાંતીથી ખેંચે, દુષ્ટ ગજોના દંત અપાર;
રત્ન રમ્ય સમજીને લેછે, પામર જન કરમાં અંગાર. ઇત્યાદિ.

બીજો પ્રવેશ મહાશ્વેતા તથા તેની સખીઓનો છે. પોતાના મિત્રને સદુપદેશની હદથી બહાર ગયેલો જોઇને કપિંજલ કહે છે કેઃ—

મરાઠી સાખી.

ઇંદ્રિયદમને દક્ષ જ્યાં સુધી, ત્યાં સુધી સઉ ઉપદેશ;
સ્મરશરવિદ્ધ મનુષ્ય થયા પછી, તો આશા નહિ લેશ;
જાયે ઝટ ગળિ તે, જળ જ્યમ ભગ્ન ઘટેથી રે. ૧.

બીજા અંકના આરંભમાં અચ્છોદ સરોવરપર મહાશ્વેતાના ધ્યાનમાં બેઠેલા પુંડરીકને મળવા મહાશ્વેતા જાય છે. ચંદ્રકિરણથી પીડિત થયેલો પુંડરીક ચંદ્રને શાપ દે છે કે તું મૃત્યુ લોકમાં જન્મીશ અને વિયોગમાં મૃત્યુ પામીશ. ચંદ્ર તેને પણ એવોજ શાપ દે છે. કપિંજલ મહાશ્વેતાને વિનતિ કરી તેડી લાવવા ગયો હતો, તે એવે આવે છે અને પોતાના મિત્રને મરેલો જોઇ શોક પામે છે. મહાશ્વેતા પણ દુઃખિત થઈ પ્રાણ તજવાનો વિચાર કરે છે. એવે આકાશ વાણી થાય છે કે એવું સાહસ ના કરીશ; તારો સ્વામી તને ફરી મળશે. ત્રીજો અંક પૂરો થાય છે

ચોથા અંકના આરંભમાં ધર્મસિંધુ અને જ્ઞાનસિંધુ નામે બે મુનિ શિષ્યોના પ્રવેશક દ્વારા ચંદ્ર ચંદ્રાપીડ થઇને અને પુંડરીક વૈશંપાયન થઇને અવતરે છે, તે કથા કહી દીધીછે. બીજા પ્રવેશમાં ચંદ્રાપીડ અચ્છોદ નામના સરોવરે આવી પહોંચે છે. અહીં કવિએ સરોવર વગેરેનું વર્ણન ઉત્તમ કરેલું છે. એ જગોએ એક શિવદેવળમાં મહાશ્વેતાને તપસ્વિનીના રૂપમાં તે જોઇ ચકિત થાય છે. ચંદ્રાપીડ તેને એમ કરવાનું કારણ પૂછે છે અને તે પોતાનો પાછલો ઇતિહાસ કહે છે. આ ઇતિહાસ લાંબો હોવાથી કવિએ માત્ર સ્થલ બદલવાને ત્રીજો પ્રવેશ એજ પાત્રાને કરાવ્યો છે, જે આધુનિક નાટ્ય રીતિ પ્રમાણે યથાયોગ્ય નહિ ગણાય. અહિંયાં પુંડરીકના પ્રેમપાશમાં પડેલી મહાશ્વેતા જ્યારે એમ કહે છે કે આમ સ્વામીના પુનર્મેલનને વિશ્વાસે બેસી રહેવા કરતાં તો સહગમન કર્યું હોત તો પણ સારું થાત! જેના ઉત્તરમાં ચંદ્રાપીડ કહે છે કે—

ગજલ તાલ દાદરાની.

સહગમનથિ મૃતપતિ શું સજીવ થાય છે?
એમ કર્યે સૌખ્ય કાંઇ તેને થાય છે? સહગમન. ધ્રુવ.
ઉત્તમ પદ, પ્રાપ્ત થાય, શું એ બળિ મરે?

કે પતિ લે, બેઠ દયા,—આણિ આ તરે ;
નીચ મતિ, નિવારની, છે શુ યુક્તિ તે !
જો વિચારિ, શોધિ જરા, હે સુચિત્તે ! સહગમન ૧

ઇત્યાદિ સહગમન ન કરવા વિષે ગદ્યપદ્યમા સારો બોધ કર્યો છે અને બહુધા તેમા મૂળ સંસ્કૃત ગ્રંથમાનાજ વાક્યખંડ જણાઈ આવે છે

(અપૂર્ણ)

गायकवाड सरकारनुं केळवणीखातुं.

ઇનામ પત્રિકા.

(પાછલા અંકથી ચાલુ)

૯ સુંદીયા સ. શુ શાળા ૩૦-૧૨-૯૬ દાગાભાઇ મથુરભાઇ તથા હરીભાઇ વખતાભાઇએ ખુશીથી ૧-૮-૦ કિ. છોકરાઓને સાકર વહેંચી ૧૦ જારેલા , ૧૯-૧૨-૯૬ શાહ મોહન આધરે ખુશીથી ૦-૮-૦ છોકરાઓને ગોળ વેંહેચ્યો ૧૧ વાલમ , ભાવસાર માધુ હીરાચંદે. ૫-૦-૦ બા ભોજન આપી ૧૨ કડી સ શુ કન્યાશાળા ૫-૧૨-૯૬ માધવલાલ કેવળરામે ખુશીથી ૧-૦-૦ કે કન્યાઓને સાકર વહેંચી ૧૩ વડુ. સ શુ શાળા ૨૬-૧૨-૯૬ મેહેરબાન નાયબ સુબાસાહેબે વિઝિટ કરીને ૦-૮-૦ કે છોકરાઓને સાકર વહેંચી ૧૪ મેડાઆદરજ ,, ૧-૧૨-૯૬ પટેલ અમથા પુંજા તથા પટેલ જેઠા વેલદાસ તથા પટેલ ધાના મોરાર એઓએ ખુશીથી ૪-૬-૦ કે છોકરાઓને પતાસા વહેંચ્યા ૧૫ થોળ. ,, ૩૦-૧૨-૯૬ પટેલ પ્રહ્લાદ અવરદાસે ખુશીથી ૦-૪-૦ કે છોકરાઓને સાકર વહેંચી ૧૬ કલોલ. ,, ૧૨-૧૨-૯૬ ટોટાનાથ અમુખે ખુશીથી ૧-૪-૦ કે છોકરાઓને પતાસા વહેંચ્યા. ૧૭ મેરથા ,, ૧૩ ૧૨ ૯૬ ગામલોકો તથા પટેલ કાશીરામે શાળા નવા મકાનમા જવાથી. ૧૪ ૪-૦ કે છોકરાઓને વહેંચ્યા ૧૮ સતેજ ,, ૨૫-૧૦-૯૬ ત્રિકમરામ વિશ્વનાથ તથા છોટાલાલ એમણે ખુશીથી ૨-૦-૦ બા ૫-૦-૦ કે ઇનામ તરીકે આપ્યા મહેતાજીને ૧૯ ઇસંડ ,, પટેલ મોતીરામ દાજીદાસે ખુશીથી ૧-૦-૦ કે છોકરાઓને સાકર વહેંચી. ૨૦ અલીંદ્રા , ૧૪-૧૨-૯૬ ખોબર મગનભાઇ મોતીભાઇએ ખુશીથી. ૧-૦-૦ બા. છોકરાઓને. પતાસા વહેંચ્યા ૨૧ આંતરસુંબા. ,, ૧૩-૧૨-૯૬ ભાવસાર પ્રભુદાસ ગુલાબજીએ ખુશીથી ૧-૦-૦ બા. સદર ૨૨ ધારીસણા ,, ૫-૧૨-૯૬ સ્કુલકમેટીના મેમ્બર તથા અમૃતલાલે ખુશીથી ૧-૦-૦ કે સદર ૨૩ પરાંતીયા ,, ૯-૧૨-૯૬ નારાયણ રાવ તથા બુધાભાઇ એમણે ખુશીથી ૧-૧૨-૦ બા. સદર ૨૪ ઉમારીયા ,, ૨૮-૧૨-૯૬ શેઠ બાલચંદ નાથાએ ખુશીથી ૦-૮-૦ કે સદર ૨૫ હાથીજણ , ૨૫-૧૨-૯૬ જોઈતાભાઇ હરીભાઇ એમણે ખુશીથી ૦-૧૨-૦ કે સદર ૨૬ વડોદરા સ. શુ કન્યાશાળા નં. ૩. ૧૧-૧૨-૯૬ મુ બાઇની આઇ જશોદાબાઇ નાગોજીએ ખુશીથી. ૦-૮-૦ બા. કન્યાઓઓને પતાસાં વહેંચ્યાં ૨૭ વડોદરા સ. શુ કન્યાશાળા નં ૨

ઇચ્છા દેવશંકરે ખુશીથી. ૧-૦-૦ બા. કન્યાઓને પેંડા વહેચ્યા. ૨૮ અમરેલી. સ. ઉર્દુસ્કુલ. ૭—૧૨—૯૬ અસગરઅલી હુસેનઅલીએ ખુશીથી ૧-૦-૦ ક. છોકરાઓને પતાસાં વહેંચ્યાં. ૨૯ અમરેલી. સ. અંત્યજ બોર્ડિંગ ૩૧-૧૨-૯૬ અબદુલ ગફૂરખાંએ ખુશીથી.. ૦-૮-૦ ક. છોકરાઓને સાકર વહેંચી. ૩૦ મોટાઆંકડીયા સ. ગુ. શાળા. ૧૭-૧૨-૯૬ મુરતેજામીયાં તથા રામજી મના તથા ગોવનજીએ ખુશીથી ૩-૦-૦ ક. સદર. ૩૧ ભીમકટા. ૨૮-૧૨-૯૬ લાલજી પુરસોતમ તથા માસ્તર હરગોવિંદ એમણે ખુશીથી ૧-૬-૦ સદર. ૩૨ દેવળીયા. ,, ૧૧-૧૨-૯૬ ઓધવજી નરસિંહદાસે ખુશીથી. ૦-૧૨-૦ ક. સદર. ૩૩ દામનગર. સ. ગુ. કન્યાશાળા. ૧૪-૧૨-૯૬ મહેરબાન. રા. બા. અમરેલી પ્રાંતના સુબાસાહેબે. ૧-૦-૦ ક. કન્યાઓને પતાસાં વહેચ્યાં. ૩૪ સાખપુર. સ ગુ. શાળા. ૩૧-૧૨-૯૬. મહેરબાન દામનગર મહાલના વહિવટદાર સાહેબે. ૧-૦-૦ ક. છોકરાઓને સાકર વહેંચી. ૩૫ પાડરસીંગા. ૧-૧૨-૯૬ રૂપજી મકનજી તથા ડાહ્યા દામજીએ ખુશીથી. ૨-૮-૦ ક. સદર. ૩૬ કોડીનાર. સ ઉર્દુસ્કુલ. મહમદઅલી વલનમીયાંએ ખુશીથી ૨-૦-૦ ક. સદર. ૩૭ દ્વારકાં સ. ગુ શાળા (કન્યા.) ૧૯-૧૨-૯૬ ઠક્કર. વીઠ્ઠલદાસ સીલાધર એમણે ખુશીથી ૬-૦-૦ ક. કન્યાઓને કાપડ વહેચ્યું. ૩૮ ઇશ્વરીયા. સ. ગુ. શાળા ફેરબદલાત. ૧૯-૧૨-૯૬ મહેરબાન. ખા. બા. વિદ્યાધિકારી સાહેબે વીઝીટ કરી ત્યારે ૦-૪-૦ છોકરાઓને પતાસાં વહેચ્યાં. ૩૯ ભુતીયા. ,, ૧૮-૧૨-૯૬ સદર ૦-૪-૦ સદર ૪૦ ગાવડકા. ,, ૨૮-૧૨-૯૬ સદર. ૦-૪-૦ સદર. ૪૧ ફતેહપુરા. ,, ૩૧-૧૨-૯૬ ભગત રામજી અરજણે ૦-૮-૦ સદર. ૪૨ વિઠ્ઠલપુર. ,, ૩૧-૧૨-૯૬ ગામ પંચ લોકોએ. ૨-૦-૦ છોકરાઓને પુસ્તકો વહેચ્યાં. ૪૩ સણોસરા. ,, ૨૭-૧૨-૯૬ સદર. ૧-૮-૦ સદર. ૪૪ ચકગઢ. ,, ૨૧-૧૨-૯૬ પટેલ. હરદાસ તથા. મોજારામ બાલાએ ખુશીથી ૩-૪-૦ સદર. ૪૫ ચકગઢ સ. ગુ. ક. કન્યાશાળા. ૨૧-૧૨-૯૬ પટેલ. હરદાસ રાજારામ એમણે ખુશીથી ૧-૮-૦ કન્યાઓને પુસ્તકો વહેચ્યાં. ૪૬ ચાંપાથળ. સ. ગુ. ક. શાળા. ૩૧-૧૨-૯૬ ગામ પંચ લોકોએ. ૧-૦-૦ છોકરાઓને પતાસાં વહેચ્યાં. ૪૭ કેરીયાનાગસ સ. ગુ. ક. શાળા. ૧૯-૧૨-૯૬ મહેરબાન ખા. બા. વિદ્યાધિકારી સાહેબે વીઝીટ કરીને. ૦-૮-૦ કન્યાઓને સાકર વહેચી. ૪૮ પોંસરા. સ. ગુ શાળા. કલ્યાણજી હરીભાઇએ ખુશીથી. ૮-૧૪-૦ ક. છોકરાઓને ચોપડીઓ ને મીઠાઈ વહેચી. ૪૯ પરવાણુ. ,, ૩૮-૧૨-૯૬ પટેલ. ગાંડા ભાઈ પ્રાગજીએ ૧-૦-૦ ક. છોકરાઓને સાકર વહેંચી. ૫૦ કામરેજ. ,, ૨૫-૧૨ ૯૬ ગામના સદ્ગૃહસ્થોએ ઇનામ મેળાવડા વખતે ૪-૦-૦ છોકરાઓને પતાસાં વહેંચ્યાં. ૫૧ વાત. ,, ૭-૧૨-૯૬ સદર. ૩-૨-૦ સદર. ૫૨ કોસમડા. ,, ૬-૧૨-૯૬ સદર. ૬-૮-૦ ક. છોકરાઓને પુસ્તકોને પતાસાં વહેચ્યાં. ૫૩ ઓરણા. ,, ૧૫-૧૨-૯૬ સદર. ૧-૧૨-૦ ક. છોકરાઓને પતાસાં વહેચ્યાં. ૫૪ ધળાં. ,, ૧૭-૧૨-૯૬ દલપત ભીખા તથા સોની ઉત્તમ ખુસાલે ખુશીથી. ૧-૦-૦ સદર. ૫૫ વરીયાવ ,, ૨૬-૧૨-૯૬ ગામના સદ્ગૃહસ્થોએ ઇનામ મેળાવડા વખતે. ૨-૮-૦ સદર.

(અપૂર્ણ.)

હો. વ. હુ. ખા. નં ૨૩

૫૬ હુકમ.

મે. રા. બા. એકાઉન્ટન્ટ જનરલ સા ની યાદી નં ૧૬૫૬ / ૫-૫-૯૭ મા નીચે પ્રમાણે આદેશથી બંદોબસ્ત થવા લખી આવ્યું છે.

૧ બદલી થયેલા ઇસમને છેવટ અદાનો દાખલો નગદી હિસાબી નમુનાની બુક પાન ૨૮ ઉપર નમુનો છે તે (નમુના) પ્રમાણે આપવો.

૨ બદલી થયા પ્રસંગે નવીન જગોનો ચાર્જ જે વખતે લેવામા આવે તે વખતે પગારપત્રકના શેરાના કોષ્ટકમા ચાર્જ કયારે કઇ વખતે લીધો વ સદરહુ ઇસમને તૈયારીની રજા વિગેરે આપી હોય તો કેના હુકમથી કઇની આપી તે પણ માહીતી આપવી.

૩ પગારપત્રકના શેરાના કોષ્ટકમા લખી હકિકત બાબત પગારપત્રક સામેલ જે પત્રકો હોય તે ઉપરથી માહીતી મળી શકે છે છતા શેરાના કોષ્ટકમા પણ હકિકત લખી આવે છે તેની હવે જરૂર નથી ઉપર પ્રમાણે એકસદા અમલ થવો જોઇએ તા ૧૫ જુન ૧૮૯૭.

J A DALAL

મ મુ. વિદ્યાધિકારી.

સરક્યુલર નં. ૭૩ સને ૧૮૯૬–૯૭.

જે ગામે ગ્રામ્યશાળા હોય તે ગામે સરકારી શાળા થવાથી અગર બીજા કારણથી ગ્રામ્યશાળા બંધ થાય તો તે શાળા ખાતે સામાન પુસ્તકો મળેલા હોય તે સામાન પુસ્તકો બીજી કોઇ જે ગ્રામ્યશાળામા સામાન પુસ્તક મળેલા ન હોય તે શાળામા કે બીજી નવી ઉઘડતી ગ્રામ્યશાળામા આપવા બદલ મેમો. નં. ૩૩૦ તા ૧૪-૫-૯૩ નો થયો છે અને ત્યાર બાદ જે ગ્રામ્યશાળાની સરકારી શાળા થાય તેનો સામાન તથા પુસ્તકો બીજી ગ્રામ્ય શાળામા ન આપતા તેજ સરકારી શાળામા રાખી રજીસ્ટરમા દાખલ કરવા મેમો નં ૯૧ તા. ૧૬-૧૨-૯૩ નો થયો છે પરંતુ ગામ ઉઘરાણામાંથી પુસ્તક સામાન અપાવ્યો હોય અગર ઉઘરાણાની રોકડ સિલીક હોય તે સંબંધે શું કરવું તેનો સ્પષ્ટ ખુલાસો ન હોવાથી ફરી આ સરક્યુલર કરવામા આવે છે કે— જે ગ્રામ્યશાળા બીનકુલ બંધ થાય તેના સામાન પુસ્તક સબંધે નિચે પ્રમાણે આઝમ ડેપ્યુટી ઇન્સ્પેક્ટરે તજવીજ કરવી.

मराठी शाळाओनी लायब्रेरीमां राखवा लायक पुस्तकोनुं लिष्ट.

अनुक्रम नंबर.	पुस्तकाचें नांव.	ग्रंथकर्त्याचें नांव.	किंमत.			रिमार्क
			रु.	आ.	पै.	
१	सृष्टिशास्त्राची मूलतत्वें.	बाळाजी प्रभाकर मोडक.	२	८	०	
२	मोक्ष मूलरकत धर्म विषयक व्याख्यानें.	गोविंद वासुदेव कानिटकर.	५	०	०	
३	वायुचक्रशास्त्र.					
४	स्त्री धर्म नीति.	रमाबाई.	१	४	०	
५	रसायनशास्त्र पूर्वार्ध.	बाळाजी प्रभाकर मोडक.	२	८	०	
६	रसायणशास्त्र उत्तरार्ध.	,,	२	०	०	
७	अबला संजीवन.	भालचंद्र कृष्ण भाटवडेकर.	१	०	०	
८	शारीरशास्त्र.	भिकाजी अमृत चोभे.	०	५	०	
९	राजगुरु दादोजी कोंडदेव आणि छत्रपति शिवाजी महाराज.	नागेशराव विनायक बापट.	१	०	०	
१०	छत्रपति संभाजी महराज	,,	१	४	०	
११	सद्गुणी स्त्री.	आत्माराम कान्होबा.	०	५	०	
१२	बाजीराव बल्लाळ.	नागेशराव वि. बापट.	०	८	०	
१३	शिक्षण मीमांसा.	वासुदेव गणेश सहस्रबुद्धे.	१	८	०	

१४	शिक्षण विद्यार्थ्यांचा मित्र	महादेव विठ्ठल राहाळकर.	०	१२	०
१५	ग्रंथ विमोचन.	गो. ना. क्षीरसागर.	०	८	०
१६	सार्वजनिक आरोग्य.	भालचंद्र कृष्ण भाटवडेकर.	०	१२	०
१७	मुलांस उत्तम बक्षीस.	विनायक कोंडदेव ओक.	०	८	०
१८	मुलास उपदेश.	यशवंत श्रीधर पंडित			
१९	नवनीत.	रावजी शास्त्री गोडबोले	१	०	०
२०	मुक्तामाला.	लक्ष्मण मोरेश्वर शास्त्री हळबे			
२१	मंजुघोषा.	नारो सदाशिव रिसबूड.	१	६	०
२२	सुशिक्षितस्त्री.	वासुदेव मोरेश्वर पोतदार	०	१२	०
२३	निबंधमाला.	विष्णु कृष्णशास्त्री चिपळूणकर.	३	०	०
२४	इंग्रजीव्याख्यानमाला	आर्यभूषण छापखाना	५	०	०
२५	मराठी व्याकरण नवीन.	कृष्णशास्त्री गोडबोले	१	१२	०
२६	वाक्यमीमांसा.	गोपाळ गणेश आगरकर	०	९	०
२७	वेचावलीसटिक.	दादोबा पांडुरंग.	१	०	०
२८	अनेकविद्यामूलतत्त्वसंग्रह.	कृष्णशास्त्री चिपळूणकर.	१	०	०
२९	बाळमित्र भाग १ ला.	सदाशिव काशिनाथ छत्रे			
३०	बाळमित्र भाग २ रा.	"			
३१	इसापकृत कल्पितगोष्टी.	"	०	४	०
३२	संसारचोपडी.	रावजी श्रीधर गोंधळेकर.	०	४	६
३३	गणित भाग १ ते ६.	दादा छापखाने कृत.			

३४	कृषीकर्मविद्या.	रामचंद्र सखाराम गुले.	३	८	०
३५	हिंदुस्थानकथारस.	विनायक कोंडदेव ओक.	०	१०	०
३६	शिवछत्रपति म. यांचें चरित्र.	मल्हारराम चिटनीस.	०	८	०
३७	नानाफडणीसाचें चरित्र.	वासुदेव वामनशास्त्री खरे.	१	१२	०
३८	लार्डक्लाइव्हचें चरित्र.	विनायक नारायण भागवत.	०	११	०
३९	आल्फ्रेदधिग्रेत् याचें चरित्र.	विनायक कोंडदेव ओक.			
४०	नेलसनचें चरित्र.	रंगराव नारायण मोहोळकर.			
४१	वारनूहेस्तिंग याचें चरित्र.	विनायक कोंडदेव ओक.			
४२	विष्णुशास्त्री चिपळूनकरांचें चरित्र.	खंडेराव भिकाजी बेलसरे.	१	०	०
४३	जार्ज वाशिंगटनचें चरित्र.	विष्णु परशराम रानडे.	०	६	०
४४	बाळसंगोपन विषयावर व्याख्यान.	कृष्णशास्त्री गोडबोले.			
४५	पद्य रत्नावली.	कृष्णशास्त्री चिपळूणकर.	०	८	०
४६	हरि आणि त्रिंबक.	गोविंद शंकर शास्त्री बापट.			
४७	नेपोलियन बोनापार्टचें चरित्र.	,,	१	०	०
४८	नीति मंदिर.	,,	०	१०	०
४९	पंच तंत्र सार.	,,	०	८	०
५०	उत्तम राम चरित्र नाटक.	परशुरामपंत गोडबोले.			
५१	वेणी संहार नाटक.	,,			
५२	मृच्छकटिक नाटक.	,,			

જાહેરખબર.

રા. બા. હરગોવિંદદાસ કાંટાવાળાનાં રચેલાં પુસ્તકોની નવી આવૃત્તિઓ —

પ્રવીણ	૦-૪-૦
દેશી કારીગરીને ઉત્તેજન ભા. ૧.	૦-૬-૦
દેશી કારીગરીને ઉત્તેજન ભા. ૨	૦-૬-૦
અંધેરી નગરીનો ગંધર્વસેન	૦-૧૨-૦
ગંડુરાજ ની મુસાફરી.	૦-૪-૬
બે બહેનો	૦-૮-૦
[illegible]	૦-૪-૦
* [illegible]	૦-૧-૩
* [illegible]	૦-૧૨-૦
* [illegible]	૧-૫-૦
* [illegible]	૦-૭-૦
નીતિ અને [illegible]	૦-૨-૩

* નિશાનવાળાં પુસ્તકો [illegible] અને લાઈબ્રેરીઓ [illegible] કે [illegible] મળશે. [illegible] ઓછી કીમતે મળશે.

નવીન અને અત્યુપયોગી પુસ્તકો.

(દેશી કેળવણી ખાતા તરફથી મંજુર થયેલાં)

પુસ્તકનું નામ	પ્રસિદ્ધ કર્તા	કીમત.	
[illegible]	[illegible] લલ્લુભાઈ	૦-૮-૦	
	હેડમાસ્તર [illegible]		
[illegible] ભા. ૧	મા. [illegible]	૦-૫-૦	અસલ કિ. ૦-૮-૦ હતી તે ઘટાડી છે.
	[illegible]		
વિચારપુંજ	મોતીલાલ ભીખાભાઈ ગાંધી	૦-૮-૦	
	હેડમાસ્તર [illegible]		

ઉપરના પુસ્તક લાઈબ્રેરી અને ઈનામ માટે મંજુર થયેલાં છે તો [illegible] અને [illegible] એવી આશા છે. [illegible] નહિ

પાટણ તા. ૧૦-૬-૯૭

મોતીલાલ ભીખાભાઈ ગાંધી

છપાઈને બહાર પડ્યું છે.

[illegible] નાટક— [illegible] (૬૦૦) [illegible] [illegible] છે [illegible] [illegible] ગામ.

अनुक्रमणिका.

વિષયો	પૃષ્ઠ
૧. બાળગીત	૧૯૭
૨ હવાનો આગમો	૧૯
૩ સંભાષણ (રાણુ અને હજામ)	૨૦૧
૪. અંકગણિતના અજાયબ દાખલા.	૨૦૩
૫ સુખ મૃત્યુ	૨૦૪
૬ પરોપકારી	૨૦૫
૭. ભલાં માણસ અને પાણીની તુલના	૨૦૬
૮ શબ્દોના અર્થ	૨૦૬
૯ શ્રી કેળવણી	૨૦૭
૧૦. નિબંધમાલિકા	૨૦૯
૧૧. કાદંબરીનું અવલોકન	૨૧૧
૧૨ ગાયકવાડ સરકારનું કેળવણી ખાતું (ઇનામ પત્રકો)	૨૧૩
૧૩ ગાયકવાડ સરકારનું કેળવણી ખાતું (નગ્ગુનગે ઇ૦)	૧

विज्ञापना.

કેળવણીનો અંક મોડામાં મોડો પૂનમ સુધીમાં ન મળે તેમણે જે તે માસ પૂરો થતાં અમારી પરબાર્યું અમારા તરફ લખી જણાવવા તસ્દી લેવી, એટલે યોગ્ય ખુલાસો બંદોબસ્ત આપવામાં આવશે. પૂનમ પછી લખનારને અંક કિંમતે ફરી તેજ મળી શકશે.

જેમના ગામમાં ટપાલ ન આવતી હોય તેમના અંકો કયી શાળાની કે પોસ્ટની મારફતે મોકલવાથી તેમને જલદી મળશે તે પણ જણાવવું. શાળા ટ્રાન્સફર થાય કે તરતજ ખબર આપવી.

મેનેજર.

જાહેરખબર.

કવાયતનું પુસ્તક કિંમત બે આના ઘણું જ ઉત્તમ ઑગસ્ટ આખર સુધી અમારા મદદગારને રૂ. ૧) ની દશ પ્રત. ટપાલ ખર્ચ માફ. કિંમત અગાઉથી લીધા વિના મોકલાશે.

મુ. ડભોઈ તા ૧-૭-૯૩

ગોપાળ બાપુજી આઠવલે.

केळवणी.

अर्थ मळे वळी धर्म सधाये, ज्ञान मळे सनमान पमाये;
प्रीति वधे पसरे जश सारो, ए शिशुशिक्षण धर्म अमारो.

પુસ્તક ૯ મું. ભાદ્રપદ. સંવત્ ૧૯૫૩. અંક ૧૧ મો.

बाळगीत.

બિલાડી.

બિલ્લી વાઘ તણી માશી, જોઈને ઉંદર જાય નાશી. ટેક
ચામડી ઉપર ચટાપટા ને, પુંછડી પટપટ થાય,
ખૂણા વચ્ચેથી ખોળી ખોળીને, ઉંદર ઝટપટ સહાય બિલ્લી० ૧
ભૂરી આંખે તો બહુ સૂઝે ને, હોય અંધારૂં ઘોર,
એકજ ઘરમાં ગોઠે નહિ તે, આખા ગામની ચોર. બિલ્લી० ૨
જીભ વતી એ પાણી પીએ ને, આંખો મીંચીને ખાય;
કૂતરો એનો કાળ છે માટે, દેખીને નાશી જાય. બિલ્લી० ૩

(બોધ અને સુધારો)જીવન

(આ ઉપરથી બિલાડીનું અને વાઘનું શરીર બન્ને દેખાવમાં મળતાં હોયછે, બિલાડી ઉંદરને મારેછે, તેની આંખો ભૂરી હોયછે, અંધારામાં પણ બિલાડી જોઇ શકેછે, બિલાડીનો સ્વભાવ. ખાતી વખતે આંખ મીંચી રાખેછે. પાણી ચેટે લેતી નથી

પણ છાશવતી પાણી પીએછે, કૂતરો એને મારેછે માટે કૂતરાથી બહુ બીએછે, વગેરે બિલાડીના સંબંધનું ઘણું જ્ઞાન એક સરસ કથિત પાઠની પેઠે શિક્ષક બાળકોને આપી શકે).

हवानो आरसो.

જૂના ચિત્રકારો પોતાનાં ચિત્રોમાં ઘણી વાર કાલ્પનિક દેખાવો ચીતરે છે, તે સૌ કોઇ જાણે છે. તેઓ બે મોંઢાવાળું હરણ ચીતરે છે, આઠ હાથોને લેઇને ઉડી જતુ પક્ષી ચીતરે છે, સુંડવાળો સિંહ ચીતરે છે, અને એવાંજ બીજાં કાલ્પનિક ચિત્રો ચીતરે છે. જંગલનો દેખાવ ચીતરી તેમાં સિંહ ચીતરે છે, નદીનો પ્રવાહ ચીતરી તેમાં જલઘોડો, જલહાથી કે વેંતીયાં માણસ ચીતરે છે, અને દરિયાનો દેખાવ ચીતરી તેમાં દરિયાઇ અજાયબ જેવાં પ્રાણીઓ અને રાક્ષસો ચીતરે છે

આવાં ચિત્રો જોઇને ભોળા લોકો તે તે પ્રાણી પદાર્થોનું અસ્તિત્વ માની લે છે; કેટલાક તેવાં પ્રાણી વગેરે જોવાના ગપ્પાં ઠોકે છે; બીજા તે વાતને ખરી તરીકે વધારીને ફેલાવે છે; અને એવી રીતે અનેક અદ્ભુત વાતો જન્મ પામે છે.

દરિયામાં મુસાફરી કરનારને બહુ વખત એવા દેખાવ નજરે પડે છે કે જે જોઇને તેઓ આશ્ચર્ય પામે અને ભયભીત થાય. ઉપર ક્હી તેવી કાલ્પનિક વાતો સાંભળીને તેમના વહેમી થયેલાં મનમાં એવા દેખાવો કોઇ દૈવી પ્રાણીની માયા છે એમ લસે છે, અને તેથી તેઓ ભયભીત થાય છે. વિદ્યાનો પ્રસાર થવાથી કેટલાક ચમત્કારિક દેખાવો સંબંધે ખુલાસા થઇ ગયા છે, તથાપિ હજી ઘણાક એવા છે, કે વિદ્વાનો પણ તે વિષે કાંઇ નિર્ણય પર આવી શકયા નથી.

જે ખલાસીઓ ઉત્તર તરફના દરિયામાં મુસાફરી કરે છે, તેમના જોવામાં ઉત્તર અરૂણુ પ્રકાશ આવે છે. એ પ્રકાશ કયાંથી આવે છે, તેનો યથાર્થ ખુલાસો હજી થયો નથી. તેઓ કોઇ વાર પાણીના ઉડતા ફુવારાઓથી ઘેરાઇ જાય છે; હજી તેનું કારણ જાણવામાં આવ્યું નથી. કોઇ વાર એકાએક ૩૦ થી તે ૬૦ ફીટ ઉંચાં મોજાં ઉછળતાં આવીને તેમનાં વહાણોને તરણાંની માફક હીંદોળે ચઢાવી દે છે, આ મોજાં ભૂકંપથી થાય છે, એમ કેટલાક કહે છે. કોઇક વાર વહાણના ડોલને મથાળે પ્રકાશિત બળતાં આવીને નાચે છે; વહાણવાળા તેને સેન્ટ એલ્મોનો અગ્નિ કહે છે. કોઇ વાર તેઓ ગોળા જેવી કે પાથરેલી મોટી ચાદર જેવી અથવા વિચિત્ર આકારવાળી વીજળી જુએ છે. કોઇ વાર તેઓ ફૉસ્ફરસવાળી હવામાંથી થઇને વહાણ હંકારી જાય છે, તે વખતે તેમના જોવામાં અનેક ચમત્કાર આવે છે. વળી તેઓ અકસ્માત તોફાનને આધીન થાય છે. ધુમ્મસ તેમની દૃષ્ટિને નકામી કરી મેલે છે; અને ચંદ્ર પ્રકાશ તેમને વિચિત્ર ભ્રમ ઉત્પન્ન કરે છે.

ટુંકામાં, મહાસાગર એ ચમત્કારિક દેખાવોની કોઇ સૃષ્ટિ હોય તેવો છે. તેમાં

અને તેમાં દેખાતાં પ્રતિબિંબ તમારા ચાલવાની સાથે આગળ આગળ ચાલતા હોય તેમ દેખાયછે, તેમજ, મૃગજળમાં પડેલાં પ્રતિબિંબ પણ તમે જેમ જેમ આગળ જતા જાઓ તેમ તેમ આગળ જતાં જાય છે. વહાણના સંબંધમાં એમ થાયછે કે, પેલો હવા રૂપી આરસો તમારા ઉપર આકાશમાં દેખાયછે, અને જે વહાણ તમારી નજરે ન પડે એવી રીતે દૂર ક્ષિતિજ પર હોયછે તેનું પ્રતિબિંબ તેમાં પડેછે. વાતાવરણની જુદી જુદી અવસ્થાઓમાં તેમાં જે જે વિચિત્ર રંગનાં અને વિચિત્ર આકૃતિનાં પ્રતિબિંબ પડેછે, અથવા આભાસ દેખાયછે, તે સર્વના ખુલાસા કરવાનું પાંડિત્ય હું કરતો નથી. ખરૂં પૂછો તો એ કઠણ કામ છે અને વિદ્યાલયની પ્રયોગશાળામાંજ તે બરાબર સમજાવી શકાય.

"સમુદ્રપરીઓ" નો દેખાવ પણ હવા તથા કિરણોનુંજ કોઇ રૂપાંતર થવાથી દેખાય છે. એ દેખાવ ઇટાલીના પગનો નીચલો પંજો અને સીસીલી બેટની વચ્ચે જે સામુદ્રધુની છે તે ઉપર દેખાય છે. જ્યારે સૂર્ય તેની યથાયોગ્ય દિશામાં આવે છે અને પાણી તથા હવા તેનાં કિરણોને મદદ કરેછે, તે વખતે સામા કિનારા પર અનેક પદાર્થોના અજાયબ જેવા આકારો નજરે આવે છે. એ આકારો પ્રસંગોપાત્ત નાના મોટા થાય છે તથા તેમની પછવાડે વિચિત્ર રંગના ધૂમસનું પડ દેખાય છે.

એમ કહેછે કે ઉનાળાના કોરા દહાડામાં જ્યારે સૂર્ય માથે હોય ત્યારે એકાદ સીધા રસ્તાની સપાટીની લગોલગ આંખ રાખીને જોવાથી મૃગજળ દેખાય છે; પણ મેં તે કદી અજમાવી જોયું નથી.

ઉપર કહ્યા તે અને બીજા દેખાવો જોઇને તેના ખુલાસા સમજાયા ન હોય ત્યાં સુધી બીજા અજાણ્યા મુસાફરો અને અભણ ખલાસીઓ તેમના વિષે તરેહવાર તર્ક કરે તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

संभाषण.

શણ અને હજારી.

આ સંભાષણમાં એક ઉંચો અને એક નીચો છોકરો જોઇએ. તેમણે આ બે છોડવાને અનુસરતો પોશાક કર્યો હોય તો ઠીક. શણનું નામ ધારણ કરીને જે છોકરો ઉભો રહે તે બીજા ઉપર પોતાનો રૂવાબ બતાવી શકે એવો બોલનારો જોઇએ: અને બીજો ઘણો નમ્ર અને ગરીબ દેખાવ કરનારો જોઇએ.

શણ—અરે, આ દુનિયાંમાં તું શી રીતે આવ્યો ?

હજારી—એ વાત મારા જાણવા બહાર છે.

શણ—અને તું આટલો બધો મારી અડોઅડ આવીને ઉભો છે, તે શરમાતો નથી?

કુમારી—અશકે નહિ.
રાજા—હું કેટલો ખપીલ રૂપાળો છું તે તું દેખતી નથી?
કુમારી—ઘણો રૂપાળો.
રાજા—અને ઘણો સુંદર.
કુમારી—ખરી વાત.
રાજા—તને મારી બીક નથી લાગતી?
કુમારી—જરાએ નહિ.
રાજા—હું કેવો હિંમતી છું?
કુમારી—ઘણો.
રાજા—અને કેવો વિશાળ વખરનો!
કુમારી—એમજ.
રાજા—અને શાણો!
કુમારી—એ વાત ખોટી છે.
રાજા—કેમ તારા જેવી બીજી કર નહિ જુએ
કુમારી—નજ જુએ.
રાજા—કોઈ પેટરમાં હજુને ખબર છે તેજ તારા સારૂ જોતા નથી.
કુમારી—ખરી વાત?
રાજા—તેમનાથી મારા તારૂ જોવા વગર નથી રહેવાતું
કુમારી—ના ના, મને ખાતરીજ છે કે તેમનાથી નથી રહેવાતું!
રાજા—(ગુસ્સાથી રાતોપીળો થઈ જઈને) તેઓ વખતે છે ને તું જાણેજ છે
કુમારી—મને ખબરી છે કે તું જાણતો નથી
રાજા—તું ખરેખરો અક્કલજ છે
કુમારી—નિશ્ચય મૂર્ખ છે
રાજા—અરે, એ મારી મશ્કરી તું કરતી તો હું આખું પેટર ભાંગી દઉં!
કુમારી—મારી ખાતર એવી નથી
રાજા—પણ તારે શિરે વિચાર કેવું છે?
કુમારી—અનહદ ખીલેલો
રાજા—હું ખરૂં છું કે મશ્કરીથી હવે પેટરમાં રાખવા આવશે ખરા.
કુમારી—હું પણ ધારૂં છું
રાજા—તું શું કરવા એમ ધારે છે?
કુમારી—કેમ હું ધારે છે ખાતેજ
રાજા—હા હા. તું મારી વફાદારી ધારે છે ત્યારે મનમાં એમ કે તેઓ તારી
ખબરી જુએ.
કુમારી—નહિ, ખરેખર મારી ઇચ્છા એવી નથી.
રાજા—પણ તેઓ ન્યાયમાં તેથી ખરેખર કેદખાન નથી.

હજારી—હું એવી આશાજ રાખતો નથી.
શણ—બસ, હવે હું તારા ભણી પીઠ ફેરવીને ઉભો રહીશ.
હજારી—ભલે!
શણ—તેથી તને ઘણું ખોટું નથી લાગતું ?
હજારી—બિલકુલ નહિ.
શણ—હું તને હલકો ગણું છું.
હજારી—ખરી વાત ?
શણ—તારા ભણી જોતાં મને લાજ લાગે છે.
હજારી—ત્યારે તમે મારા ભણી ન જુઓ તેમાં ડહાપણ કહેવાય.
શણ—તારી તાકાદ નથી કે તું મારા સામે પીઠ ફેરવે (મોઢું અવળું ફેરવે છે.)
હજારી—ના રે, હું બિચારો એક નાનો સરખો છોડવો છું. (શણ તેના સામે ફરે છે.)
હજારી—કેમ પાછું મારા સામે જોયું ?
શણ—ઓ બાપ રે!
હજારી—કેમ શું છે ?
શણ—કાપનારા આવે છે!
હજારી—તમારે તે જોઇતા નથી ?
શણ—હાય હાય! મને બીક લાગે છે કે તે મને કાપી નાખશે! તેમણે અમારા બધા ભાઇબંધોને કાપી નાખ્યા છે!
હજારી—આહા! તમે એટલા બધા ઉંચા છો ને!
શણ—હાય! હાય!
હજારી—પણ આટલા બધા સુંદર છતાં?
શણ—હરે! હરે!
હજારી—જરૂર તેઓ તમારા ભણી નિહાળીને જોશે!
શણ—અરે નહિ; હું તારા જેવો ઠીંગણો હોત તો કેવું સારૂં!
હજારી—હું તો ઘણો ઠીંગણો છું.
શણ—તેથી તો તેઓ તને દેખશે નહિ.
હજારી—ના, મારા સામે કોઇ જોતું નથી.
શણ—રામ રામ, હજારી, મેલા પાસે આવ્યા છે; તેઓ મને કાપી નાંખશે!
હજારી—રામ રામ!
શણ—મેં તારી સાથે બહુ જંગલીપણું કર્યું છે; તું મને માફ કરીશ?
હજારી—એવું કાંઈ બોલશો નહિ.
શણ—તું મારે માટે દિલગીર થાય છે?
હજારી—હા, મારા ખરા મનથી.
શણ—તું ખરેખર એક નાની, વાહાલી ને માયાળુ ચીજ છે!
હજારી—ઘણા પ્રેમથી તમારો આભાર માનું છું.

શાણુ—તેં કોઇ દહાડો પોતાની વડાઇ પોતાને મોઢે કરી નથી

હજારી—મારે તેમ કરવાનો વખતજ ન હોતો.

હજારી—ગરીબ શાણુ! હવે તે ફરી બોલી શકનો નથી! રાતે ઊંઘવા માટે હું આંખ મીંચતો હતો એવામાં તો દાતરડું એની પાસે આવી પહોંચ્યું હતું, અને સવારમાં જાગીને હું જોઉં છું તો તે મારા આગળ આખો થઇને પડેલો છે! હું તેના કમનસીબ ઉપર વિચાર કરૂં છું એટલામાં એક ગાડાનું પૈડું મારા ઉપર ફરી વળ્યું, અને હું ભોંય ભેગો પડી ગયો. મને લાગ્યું કે હવે હું ફરીને પાછો ઉઠનાર નથી પણ થોડી વારે મારામાં પાછું જોર આવ્યું અને હું પાછો ઉભો થઇને હમેશના જેવો આનંદમાં રહેવા લાગ્યો. આ ઉપરથી વળી મારી વધારે ખાત્રી થઇ કે ઊંચા થવા કરતાં નીચા રહેવું એ સારૂં અને ભભકાદાર થવા કરતાં સાદા રહેવું એ સારૂં, વળી મને એમ પણ લાગ્યું કે આખા ખેતરને શોભાવનારા સુંદર તથા ઊંચા શણના છોડ થવા કરતાં નાના અને ગરીબ હજારીના છોડ થવું એ સારૂં છે.

---

* अंकगणितना अजायब दाखला.

(૧) એક માણસ એકી વખતે બે સરખી રકમો અનુક્રમે ૫ ટકા અને ૪ ટકાને દરે વ્યાજે લેછે. તેને માલમ પડે છે કે, જો હું વ્યાજ સાથે બીજી રકમ આપું, તે પહેલા ૬ મહિના અગાઉ પહેલી રકમ વ્યાજ સાથે આપું તો મને રકમોને બદલે એક સરખી રકમ એટલે અગીઆરસે રૂપિયા આપવા પડશે ત્યારે તે શી રકમ વ્યાજે લે છે, અને કેટલી મુદતનું વ્યાજ તે આપે છે?

(૨) બે વાંદરા એક બાગમાંથી કેટલાક જામફળ અને તેનાથી વધુ ગણા કેળાં ચોરીને ખાવા બેઠા. એટલામાં રખવાળને લાકડી લઇ આવતા દીઠો. રખવાળ ૨½ મીનીટમાં તે વાંદરાની પાસે જઇ પહોંચે તેમ હતું. તેથી એક વાંદરો ૧ મી મા ૧૦ લેખે $\frac{૨}{૪}$ વખતમાં તે જામફળ ખાઇ ગયો અને બીજા સાથે કેળાં ખાવા લાગ્યો. રખવાળ આવી પહોંચ્યો કે બન્ને મળી બધાં ફળ ખાઇ ગયા હવે પહેલો વાંદરો જામફળ કરતાં કેળાં ત્રણગણી ઝડપથી ખાઇ શકે છે તો પહેલો બીજો વાંદરો કેળાં દરમિનિટે કેટલાં ખાતો હશે?

---

* આ દાખલાઓ સંબંધી દરકાઇ ખુલાસો જોઇતો હોય તેણે નીચે લખેલા શખ્સને અરધા આનાની ટીકીટ મોકલી મંગાવવો.

ઝવેરભાઇ ઉમેદભાઇ.
યુનિયન પ્રેસ—અમદાવાદ
ઠે. [illegible]

(૩) બે વરસ પછી લેહેણી થવાની એક રકમની તુર્ત કિંમત રૂ. ૫૦૦. થાય છે, અને તેજ રકમ ૪ વરસ પછી લેહેણી થવાની હોય તો તેની તુર્ત કિંમત રૂ. ૪૫૦ થાય છે. ત્યારે તે રકમ અને વ્યાજનો દર શોધી કાઢો?

(૪) રુપીઆના ૧૨ શેર ચોખા મળતા હતા ત્યારે એક કહુંબનો એકંદર-માસિક ખર્ચ રૂ. ૫૦ થતો હતો; અને જ્યારે રૂપીઆના ૧૪ શેરના ચોખા થયા ત્યારે દર મહિને રૂ. ૪૮ ખર્ચ થવા લાગ્યો. (બીજો બધો ખર્ચ તેનો તેજ રહ્યો) તો જ્યારે રૂપીઆના ૧૬ શેરના ચોખા મળવા લાગ્યા ત્યારે તે કુંટુંબનો માસિક ખર્ચ કેટલો થશે?

(૫) ૮ અને ૯ વાગ્યા વચ્ચે હું ઘેરથી નીકળ્યો. જ્યારે હું ઘેર પાછો આવ્યો અને ઘડીઆળમાં જોયું ત્યારે ૧૧ અને ૧૨ વાગ્યા વચ્ચેનો વખત થયો હતો; અને તે ઘડીઆળ ના બને કાંટાની જગ્યા બરાબર અદલ બદલ થયેલી દીઠી એટલે ઘેરથી નીકળતી વખતે જે જગ્યાએ કલાક કાંટો હતો તેજ જગ્યાએ (આવ્યો તે વખતે) મિનિટ કાંટો હતો અને મિનિટ કાંટાની જગ્યાએ કલાક કાંટો હતો. ત્યારે હું બરાબર કેટલા વાગે ઘેરથી નીકળ્યો હોઇશ!

सुखमृत्यु.

૧ જીવવાની બીકે મરવાના કરતાં મરવાની બીકે જીવવું બહેતર છે. રખે હું નહિ જીવું એના કરતાં રખે હું નહિ મરું, એ બીક ભલી. લાંબો કાળ નહિ જીવાયું એવી નિરાશાના કરતાં વખતસર મરી જવાયું, એ આશા ભલી છે.

૨ મરવાનું તો છેજ. કયારે, તેની કોઇને ખબર નથી. કદાચ આવતી કાલમાં, કદાચ આવતી પળમાંજ. માટે મરવાની વકી તો રાખવીજ જોઇએ. જે વકી રાખે છે, તે તૈયાર રહે છે અને જે તૈયાર રહે છે, તે સુખે મરે છે.

૩ દુખે જીવવાના કરતાં સુખે મરવાનું ભલું. સુખમાં જીવવું સારૂં તો છે પણ સુખમાં મરવું વધારે સારૂં છે. મરતી વખતે સુખી તે આખી જીંદગી દુઃખમાં ગુજરતા છતાં ખરો સુખી.

૪ દુઃખે કોણ મરે છે? જેને મરવાની બીક હોય તે—જે મરવાને તૈયાર નથી તે.

૫ સુખે કોણ મરે છે? જેને મરવાની બીક નથી; જે મરવાની વકી અને આશા રાખતો હોય; જે મરવાની વકીને લીધે મરવાને તૈયાર રહેતો હોય; જેને પોતાનું કામ પૂરૂં કરવાનો સંતોષ હોય; જેને બચ્ચાંનું સુખ હોય; તે સુખથી મરે છે.

૬ સુખથી મરવા માટે ખામુખા સુખથી જીવવાની જરૂર નથી. સુખથી મરનારને

સુખથી છુટવાનો ભરોસો નથી. સુખથી મરનારને દુઃખથી છુટવાની બીક નથી. સુખથી મરનારને દુખી જીંદગીમાં દુઃખ નથી. સુખથી મરનાર ગમે તેટલાં દુઃખની જીંદગીમાં સુખી છે અને મોતમાં પણ સુખીજ છે

B

परोपकारी.

૧ સખી તે સુખી છે. સુખી માણસ સખી નથી, પણ સખી માણસ સુખી છે.

૨ સખીનું સુખ સંતોષમાં છે. ખીલનું દુખ અસંતોષમાં છે. સંતોષ ફરજ બજાવ્યાનો છે, અસંતોષ ફરજ નહિ બજાવવાનો છે.

૩ ફરજ એટલીજ કે પારકાનું ભલું કરવું. પોતાનું ભલું કરવું એ ખાસ ફરજના વર્ગમાં નથી. પારકાનું ભલું કરવું એજ ફરજના વર્ગમાં આવે છે.

૪ પારકાનું ભલું પૈસાથી થાય છે તેમ પૈસા વગર પણ થાય છે. જાત મહેનતથી, માણસના બળથી, લાગવગથી પારકાનું ભલું કરી શકાય છે.

૫ બીજા ગુણોથી ભલું કરનાર પૈસાથી ભલું કરનારના જેટલોજ સખી છે. પૈસાદાર સખી પૈસા હોય તોજ ભલું કરી શકે છે, બીજા ગુણોથી ભલું કરનાર પૈસા વગર પણ સખી થઈ શકે છે.

૬ પોતાનું ભલું કરવું બહુ મુશ્કેલ છે, પારકાનું ભલું કરવું બહુ સહેલું છે; પોતાનું ભલું કરવાથી સંતોષ કદી પ્રાપ્ત થતો નથી, પારકાનું ભલું કરવાથી જલદી સંતોષ મળે છે.

૭ પોતાનું ભલું કરવા માટે ઘણું જોઈએ છીએ. પોતાનું ભલું કરનાર પોતાને રાજી કરી શકતો નથી. તેને વધારે ને વધારે જોઈએ છીએ અને જેમ વધારે મળે છે તેમ વધારે માગે છે એટલે તેને સંતોષ મળતોજ નથી.

૮ પારકાનું ભલું કરવા માટે ઘણું જોઈતું નથી—જે થોડું ઘણું હોય તેટલું બસ છે માટે પારકાનું ભલું કરનાર પોતાને અને પારકાને સહેજમાં રાજી રાખી શકે છે અને તેથી તેને જેટલો જોઈએ તેટલો સંતોષ મળી શકે છે

B.

भलां माणस अने पाणीनी तुलना.

૧ ભલા માણસો પાણીને મળતા આવેછે. તેઓ પાણી જેવા નરમ સાફ-ચોખ્ખા, દુનિયાનો મેલ ધોનારા અને બીજાની ખાતર પોતાનો ભોગ આપનારા છે. તેઓ પાણીની માફક નીચી સપાટી શોધેછે પણ પોતાની સમ સપાટીએ પાછા આવેછે. તેઓ પોતાની અસલ સપાટી પાછી મેળવે નહિ ત્યાં સુધી દૂર પડીને રહેતા નથી. પોતાની સપાટીએ તેઓ સ્થિર અને શાંત રહેછે. ગમે તેવા પાતાળમાં ઉંડા વહેછે પણ સપાટી ઉપર સ્વસ્થ રહેછે.

૨ તેઓ પાણીની પેઠે સર્વ જગોએ પ્રસરે છે, સર્વ ખુણામાં ફરી વળેછે, પણ જ્યાં ફરી વળેછે ત્યાં ચોખ્ખાઇ, ઠંડક અને શાંતિ ફેલાવે છે. તેઓ પથ્થરને ઘસીને સુંવાળા બનાવે છે, પહાડોને ફોડી નાખે છે, ખડકોને કોરી કાઢેછે, અને મુલકોને ધોઇ કાઢેછે.

૩ તેઓ પાણીની પેઠે બળતી આગ હોલવી નાખેછે, નાપાકી ટાળેછે. રોગ મારે છે, અને ગલીચીનો નાશ કરેછે.

૪ ભલા માણસો દરિયા જેટલા પહોળા, નદી જેટલા લાંબા, કૂવા જેટલા ઉંડા અને ઝરા જેટલા ઝીણા અને પાતળા હોય છે.

૫ તેઓ પાણીની પેઠે વાસણમાં બંધ પણ રહી શકે છે. અથવા છૂટા મૂકે તો જ્યાં ગમે ત્યાં ફેલાઈ પણ શકે છે. કબજામાં પણ શાંત અને બંધનમાં પણ શાંત રહે છે નરમાશથી ઢોળાઈ જાય છે, અને ગુપચુપ રૈસો પણ ઉતરી જાય છે. ઉંચેથી નીચે ઉતરે છે અને નીચેથી ઉંચે પણ ઉડે છે.

शब्दोना अर्थ.

પાઠને મથાળે આપેલા શબ્દોના અર્થ કરવાની પદ્ધતિ પ્રત્યેક શાળામાં- પણ અર્થ કરવાનો હેતુ શું છે? તે લક્ષમાં રાખ્યા વગર અર્થ કરાવવાથી અર્થ કરવામાં શિક્ષકથીજ અનર્થ કરાય છે. એટલે કે અર્થ કરાવવાનો હેતુ લક્ષમાં ન હોવાથી અર્થ કરવા જેવા શબ્દોના પણ ખરા ખોટા અર્થ કરી આપી છોકરાંને ગોખાવવા માંડે છે, તે ખરી રીતે કંઇ ફાયદો ન થતાં ઉલટું નુકશાન થાય છે. દાખલા તરિકે જોઇએ,—બોલીએ ઉચ્ચાર કરીએ. અક્ષરે=હરફે. ચોપડીઓ=પોથીઓ. મન=ચિત્ત. વગેરે, વગેરે.

વાસ્તવિક રીતે જોઇએ તો અર્થ કરાવવા એટલે અઘરા શબ્દને બદલે સહેલો શબ્દ કરી આપવો, કે જે છોકરાના મન પર સારી રીતે ઠસે અર્થાત્ પાઠની મતલબ સારી રીતે સમજાય માટે તેમાંના અપરિચિત શબ્દોને બદલે પરિચિત શબ્દો આપવા. આમ ન કરતાં પ્રત્યેક શબ્દનો અર્થ કરવો, આવો દુરાગ્રહ કરવામાં આવે તો ઉપર બતાવ્યા પ્રમાણે સહેલા શબ્દોના બદલામાં અઘરા શબ્દો આપવાથી છોકરાના મન પર કેવો ગુંચવાડો થશે.

તાત્પર્ય એ છે કે ચોપડીને મથાળે આપેલા પ્રત્યેક શબ્દોના અર્થ કરાવવા જેવા નથી હોતા. તેમાંના કેટલાક પરિચિત હોઇ છોકરાઓ સહજ સમજી શકે તેવા હોય છે તેવા શબ્દોના બદલામાં તેનાથી સ્હેલા શબ્દો ન મળે તો તેનો અર્થ નજ કરાવવો એ ઠીક છે. અને જે શબ્દો અઘરા છે તે મથાળામાં કે પાઠમાં ગમે ત્યાં હોય તોપણ તેના બદલામાં છોકરા સમજી શકે તેવા શબ્દ આપવા એજ શ્રેયસ્કર છે.

આ લખનારની સમજ આવી છે તેથી વિરૂદ્ધ કોઇનું મત હશે ને તે આ પત્રદ્વારા ખરી સમજ આપશે તો તેનો આભાર થશે.

ઇચ્છાગુ

स्त्रीकेळवणी.

(સાંધણ પુસ્તક ૯ ના પૃષ્ઠ ૨૦૦ થી)

આ વિષયનો શરૂઆતનો ભાગ વાચવાથી સમજાશે કે મારો વિચાર આ વિષયને વિશેષે કરીને માત્ર એજ બાબત ઉપર વિવેચન કરવાનો છે તેમાંની પહેલી બાબત સ્ત્રી કેળવણીની જરૂર છે કે નહિ એ વિષે તો હું કહી ચૂક્યો છું. હવે બીજી બાબત કેટલાક લોકો સ્ત્રી કેળવણી સામે વાંધા લે છે તે ખરા છે કે કેમ? એ બાબતને ઉદ્દેશીને કહેવાનું છે.

સ્ત્રી કેળવણીથી વિરૂદ્ધ વિચારના લોકો એ કેળવણી સામે બે મુખ્ય તકરારો લાવે છે તે એ કે ૧. કેળવણી લઇને સ્ત્રીઓને કાંઇ કમાવા જવું નથી. ૨ સ્ત્રીઓને કેળવણી આપવાથી અનીતિ વધશે. આ બે સિવાય બીજા કદાચ નાના વાંધા હશે, તોપણ તે એ વિશેષ મહત્વતાવાળા નથી. માટે આ બે મુખ્ય પૂર્વપક્ષ લઇને તેમાં તેમનું સમજવું કેટલે દરજ્જે ખરૂં છે તેનો આપણે અનુક્રમે વિચાર કરીએ.

૧ કેટલાક લોકો કહે છે કે કેળવણી લઇને સ્ત્રીઓને કાંઇ કમાવા જવું નથી. "સ્ત્રીઓને કમાવા જવું નથી" એ તેમનું કહેવું ખરૂં છે; પણ કેળવણી લેવી તે ફક્ત કમાવાને માટેજ છે એ તેમની સમજ ભૂલ ભરેલી છે. શિક્ષાપદ્ધતિના ઉપોદ્ઘાતની શરૂઆતમાં તથા શિક્ષણશાસ્ત્રના બીજા પ્રસિદ્ધ પુસ્તકોમાં કેળવણીની વ્યાખ્યાજ એવી મતલબની છે કે "બાળકોને કેળવણી આપવી એટલે આ સંસારમાંનાં પોતપોતાનાં કર્તવ્યો કરવાને લાયક કરવાં." આ વ્યાખ્યા ઉપર વિચાર કરવાથી સમજાશે કે કેળવણી એ ફક્ત કમાવાને માટેજ નથી, પણ તેમાં તે સિવાય બીજી બાબતોનો પણ સમાવેશ થાય છે. એટલે પુરૂષ અને સ્ત્રીઓ પોતપોતાનાં કર્તવ્યો આ દુનિયામાં યથાર્થરીતે બજાવી શકે એમ કરવું એનું નામજ કેળવણી આપવી. આ પ્રમાણે થવાની જરૂર છે. એમાં તો કોઇ પણ આનાકાની કરશે નહિ. ભણાવવું એ એક કેળવણી આપવાનું સાધન છે. ભણવાથી પુસ્તકોમાં રહેલું જ્ઞાન તે લઇ શકે છે અને તેથી તેનાં જ્ઞાનચક્ષુ ઉઘડે છે. તોપણ અભણ સ્ત્રીઓને બિલકુલ કેળવણી મળતી નથી એમ કહેવું અર્થ વગરનું છે. અભણ સ્ત્રીઓને પણ અનુભવ, વડીલોનો ઉપદેશ વગેરે બીજા સાધનોથી થોડી ઘણી કેળવણી તો મળે છે. માત્ર એટલું તો ખરૂં છે કે અભણ સ્ત્રીઓ કરતાં ભણેલી સ્ત્રીઓને કેળવણી લેવાની જોગવાઇ વધારે મળે છે. તેથી તેઓ વધારે સારી રીતે કેળવાય છે. સ્ત્રીઓને કેવી રીતે અને કેવી કેળવણી આપવી એ વિષે મતભેદ છે; તોપણ સ્ત્રીઓને ગૃહકાર્ય, ગૃહવ્યવસ્થા, બાળશિક્ષણ, આરોગ્યરક્ષણ, સ્ત્રીના ધર્મ અને નીતિ વગેરે વિષયો શીખવવા જરૂરના છે. સ્ત્રી અને પુરૂષનાં કર્તવ્યો જૂદાં છે માટે તેમને કેળવણી પણ જુદી જાતની મળવી જોઇએ. સ્ત્રીઓને પોતાની ફરજ બજાવવામાં ઉપયોગી થઇ પડે, માટે, તથા તેમને ઘરરાજ્ય સંભાળવાને તથા પતિવ્રત પાળવું વગેરે સુગુણોને પાત્ર કરવાને કેળવણી આપવી જોઇએ. આ હેતુ પાર પાડવાને આપણા હાલના બંધારણમાં થોડો સુધારો કરવો પડે એમ છે. કાળે કરીને તેમાં સુધારો થતો જાય છે અને જેમ જેમ અનુકુળતા આવતી જશે તેમ તેમ આગળ ઉપર પણ થશે એમ લાગે છે. કેમકે આપણા રાજ્યના વિદ્યા ખાતાના અમલદારોના લક્ષમાં આ વાત છેજ અને એ હેતુ સફળ થવાને દર વર્ષે સ્ત્રી ઉપયોગી પુસ્તકો ખાતા મારફત પ્રસિદ્ધ થાય છે તથા મારા જાણવા પ્રમાણે સ્ત્રી ઉપયોગી નવી વાચનમાળા પણ તૈયાર થાય છે. આ પ્રમાણે કેળવણી મળવાથી સ્ત્રીઓ પોતાનાં કર્તવ્યો ઘણી સારી રીતે ફતેહમંદીથી કરી શકશે, એજ તેનું સાર્થક છે. કમાવા જવાને માટેજ કાંઇ કેળવણી આપવાની નથી.

૨ કેટલાક લોકોની એવી સમજ છે કે સ્ત્રીઓને કેળવણી મળવાથી તેઓ સ્વતંત્ર અને અમર્યાદ થશે, અને અનીતિ વધશે. આ દલીલ પાયા વગરની છે. કેળવણી તો દુર્ગુણને દૂર કરે છે. અને તેમ થાય ત્યારેજ તેણે કેળવણી લીધી એમ માનવું. સ્ત્રીઓ કદાચ અનીતિને રસ્તે જાય તેમાં કેળવણી કે વિદ્યાનો દોષ નથી. વિદ્યા તો સદા પવિત્ર છે; અને પોતાના અનુયાયીઓને પવિત્ર કરે છે. પણ જે સ્ત્રીને ધર્મની કેળવણી નથી મળતી તેજ ખરાબ સોબતમાં પડી અનીતિમાન્ થાય છે. વ્યતિ... ...તાં ખરી કેળવણી પામેલી

સ્ત્રી એ તો પ્રત્યાતે પણ નીતિ છોડતી નથી. દુરાચારને અજ્ઞાન સાથે શો સબંધ છે? શું અભણ સ્ત્રીઓ દુરાચારી નથી નીવડતી! સુપાત્રને પ્રાપ્ત થયેલી વિદ્યા સારા ફળને આપનારી છે અને કુપાત્રમાં એથી ઉલટુ બને છે વળી સેંકડોસાજ લખતા વાચતાં આવડ્યું એ કાંઈ ખરી કેળવણી લીધી એમ કહેવાય નહિ. આવા કુપાત્રો પોતાને મળેલા સાધનોનો દુરૂપયોગ કરે તો તેમાં વિદ્યાનો દોષ ન ઠેરાં "અધૂરો ઘડો છલકાય" એ પ્રમાણે પુરી કેળવણી મળી નથી એમ સમજવુ. સ્ત્રીઓનું મન પુરૂષના મન કરતાં કોમળ હોવાથી તેને નાનપણથી સારી સોબત હોય અને ધર્મ નીતિની કેળવણીની છાપ તેના હૃદયમાં ઠરેલ રીતે પાડવામાં આવી હોય તો પછી તેની અસર જીંદગી પર્યંત તેમનામાંથી જતી નથી. વળી સતિ સ્ત્રીઓના ચરિત્ર તથા તેના સત્વને લીધે દુનિયામાં તેમના વધેલા નામયશ તેમને બરોબર રીતે ભાન કરાવવું જોઈએ. આ પ્રમાણે આપેલી કેળવણી અનીતિ વધારશે નહિ પણ શ્રેષ્ઠ ફળને આપનારી થશે તથાસ્તુ. K

निबंधमालिका.

ભાગ ૧ લો.

વિષય ૧ લો. ધીરજ અને ખંતથી પર્વતો પણ ઓળંગી શકાય છે

પ્રવેશક વ્યાખ્યા જેમ પર્વતો પાણીના ખંત અને ધીરજથી કેટલીક મુદત વીતતા પણ ઓળંગી શકાય છે, તેમ ગમે તેવી મુશ્કેલી હોય તોપણ તે દૂર કરી શકાય છે.

૧ અધીરો માણસ પોતાની આગળ સઘળી હરકતોને એક જથામાં જુએ છે, અને એકદમ તેને ખસેડવા માગે છે. પણ ખંતીલો અને ધૈર્યવાન માણસ ઘણી બારિકાઈથી સપૂર્ણ જૂએ છે અને ધીમે ધીમે તેને ખસેડવા ઇચ્છે છે

૨. અધીરો માણસ પર્વતના પહેલી મોટા દેખાવથી હબકી જઈ એ શી રીતે પાર ઉતરાશે એવા નિરાશાના શબ્દો બોલેછે, અને તેની શક્તિઓ મંદ પડી જાયછે. ધીરજવાળો માણસ તેને ઝીણા રજકણોનો એક સમૂહ ધારે છે અને તે રજકણોને થોડે થોડે જુદા પાડી દૂર કરવાનો યત્ન કરવાથી પોતાના કામમાં ફતેહ જુએ છે અને નવી આશા રાખે છે

૩ અધીરો માણસ પોતાની શક્તિ ઉપરાંત મુશ્કેલીની સામો થાય છે અને તેથી પરિણામ એ થાય છે, કે તેનો સ્વભાવ ચીડીઓ થાય છે અને મિથ્યા યત્નોમાં તેનો વખત જાય છે; પણ ધીરજવાળા માણસને ચીડાવાની અને સામે થવાની કાંઇ જરૂર હોતી નથી કારણ કે તે પોતાનાથી થઈ શકે છે, એટલુંજ કામ આદરે છે અને તે પાર પાડવા યત્ન કરેછે વળી તે પોતાના કામનો ધીમે ધીમે વધારો કેમ થાય છે તેની વાટ જુએ છે.

પછિ નિષ્ફળ, ઘન ગગન તળે ગર્જના કરે;
પછિ નિરુપયોગી, અવનિતલે, ઉપવનો ઠરે;
પછિ ધવલ,—ચંદ્રિકાનું રહ્યું કામ શું અરે?
પછિ મલય મરુત, વ્યર્થ મહી–મંડલે ફરે.
મહીમંડલે ફરે, નહીં આશ તો સરે. : પછી મદન૦ ૨

આમ કરતાં મહાશ્વેતા પર વૈશંપાયન (પુંડરીક) અનુરક્ત થાય છે, પણ મહાશ્વેતા તેને ઓળખતી ન હોવાથી તેને તજીને જતી રહે છે.

બીજા પ્રવેશમાં વૈશંપાયનને શોધવા આવેલા અનુચરો અકસ્માત્ ચંદ્રાપીડને મળી જાય છે અને વૈશંપાયન ખોવાયાની વાત કરે છે. ચંદ્રાપીડ તેની પાસે જવા નીકળે છે એટલામાં મહાશ્વેતા વૈશંપાયનને શાપથી બાળી મૂકી પોપટ બનાવી દે છે. ચંદ્રાપીડ તે જાણી દુઃખી થાય છે. સાતમા અંકમાં પરસ્પર શાપવિમોચન અને પરસ્પર ઓળખાણ થઇ મહાશ્વેતા પુંડરીકને મળે છે અને કાદંબરી ચંદ્રાપીડને મળે છે. સંક્ષેપમાં નાટકનું વસ્તુ તથા સંકલના ઉપર પ્રમાણે છે.

કાદંબરીની કથાજ મૂળમાં તો સુરસિક છે,તથાપિ તેમાંથી દોહન કરીને યથાયોગ્ય નાટક જેણે મરાઠીમાં લખ્યું છે તેને ઓછો ધન્યવાદ ઘટતો નથી. અને તેમાંનો રસ જાળવી રાખી ગુજરાતી ભાષામાં આવું સુરસ ભાષાંતર જેણે કર્યું તે દુર્ગાનાથને પણ ઓછો ધન્યવાદ ઘટતો નથી. હમણા ખરૂં પૂછો તો નાટકોના નામથી બહુધા પંડિતોને કંટાળો આવે છે. તેવા સમયમાં આ એક અનુત્તમ નાટકનું ઉત્તમ ભાષાંતર કરવામાં રા. દુર્ગાનાથે પોતાનું ઉત્તમ નૈપુણ્ય દર્શાવ્યું છે. નાટક શાકુંતલાદિ સંસ્કૃત નાટકોની પદ્ધતિ પર લખાયલું છે. તેમાં નવીન નાટક ભજવનારાઓને સુગમ પડે એવાં ગાયનો મૂકયાં છે. ગાયનોના રાગ પસંદ કરવામાં રા. દુર્ગાનાથે સારી રસજ્ઞતા બતાવી છે. આ નાટક જો ભજવવામાં આવે તો તેમાં કોઇ પ્રકારનો ફેરફાર કરવો પડે એમ અમને લાગતું નથી. રસિક વિદ્વાનો તો તેને જોઇને જરૂર પ્રસન્ન થશે; કેમકે પ્રધાન રસ શૃંગાર અને અંગી રસ કરુણ તથા અદ્ભુત યથાયોગ્ય જમાવવામાં આવ્યા છે. તે સિવાય પવિત્ર અવ્યભિચારી પ્રેમ અથવા રતિ સ્થાયીભાવ, દૃઢ મિત્ર પ્રીતિ અથવા મિત્રવિષયા રતિ નામનો ભાવ, સૃષ્ટિનું સૌંદર્ય અથવા વિવિધ રસોના ઉદ્દીપન વિભાવ, ઇત્યાદિ અનેક ઉત્તમ નાટકને લગતી બાબતો યથાયોગ્ય વર્ણાઇ છે. પતિ મરતાં સહગમન કરવાથી કાંઇ ફળ થતું નથી પણ મહાશ્વેતાની પેઠે મનુષ્યે આપત્તિમાં ધૈર્ય રાખી ધીરજથી કાળક્રમણ કરવું. ધીરજનાં ફળ મીઠાં છે. રાજપુત્રોએ પરદેશ ફરીને પૃથ્વી જોવાથી વિવિધ રત્નોની તેને પ્રાપ્તિ થાય છે, ઇત્યાદિક ઉપદેશ એ આ નાટકનું ફળ છે.

આ નાટકમાં જો કોઇ કાંઇ વાંધો કાઢે તો તે પાત્રોની ભાષા પરત્વે છે. એમ છતાં પણ એમાંનાં બધાંજ પાત્ર ઉત્તમ છે. કેટલાંક દિવ્ય છે અને કેટલાંક દિવ્યાદિવ્ય છે, તેથી નાટયશાસ્ત્રના નિયમ પ્રમાણે તેમની ભાષા સંસ્કૃતપ્રાય હોય, તો તેથી કાંઇ વિદ્વાનો તેમાં દોષ જોઇ શકશેનહિ. તથાપિ જો એ નાટક રંગભૂમિ પર લાવવું હોય અને સામાન્ય

પ્રેક્ષકોને પણ તેનો રસ ચખાડવો હોય, તો આપણા કાંઇક સહેલી થવાની જરૂર છે ખરી એના કરતાં એમાં વધારે વખાણવા જેવું લાગે છે તે એનાં ગાયનો છે ભલે તે ભાષાન્તર હો, તથાપિ એ ગાયનો જોઇને અમે કહી શકીએ છીએ કે રા. દુર્ગાનાથ એક સારા કવિ છે કવિ વિના કવિતાનું ભાષાંતર કવિતામાં કોઇ કરે તો તેમા આના જેવો પ્રસાદ અને માધુર્ય ભાગ્યેજ આવી શકે.

નાટકની રચનામાં ચોથા અંકમાનો બીજો પ્રવેશ થઇ રહ્યા પછી માત્ર સ્થલાંતર કરવાની ખાતર પ્રવેશ બદલ્યો છે કદાચ મૂળ કથાને અનુસરવા માટે તેમ નહિ કર્યું હોય તો એકનો એક પ્રવેશ બહુ લાંબો થઇ જવાથી તેમ કર્યું હશે. પરંતુ હમણાની નાટકભૂમિ ઉપર દેખાવ બનાવવું હોય તો તે ભાગ્યેજ યથાયોગ્ય લાગશે કેમકે એકના એક પાત્ર રંગભૂમિ ઉપરથી ગયા પછી તરત તેઓ પાછા બીજા પડદામાં પ્રવેશ કરીને આવેલા પ્રેક્ષકો દેખશે. પણ એ વાત સાથે ભાષાન્તરકારને લાગતું વળગતું નથી. ભાષાન્તર કર્તાએ તો પોતાનો શ્રમ કરવામાં બાકી નથી રાખી એ સિદ્ધજ છે. સુરસિક વાચક વર્ગ તરફથી રા. દુર્ગાનાથને સારૂં ઉત્તેજન મળેલું જોવાને અમે ઇચ્છીએ છીએ

આ કાદંબરીનું મરાઠી નાટક રચનારને શ્રીમંત હોલકર મહારાજાએ રૂ. ૯૦૦) નું ઈનામ આપ્યું હતું એમ કહેવાય છે કાવ્યની કીમત જાણનાર મહારાજાને એ યોગ્યજ છે. આ પુસ્તક લખનારે પણ મરાઠી પુસ્તકનો આશ્રય લેઇને આ નાટક રચવામાં ઓછો શ્રમ નથી કર્યો. તેની કદર પણ રસજ્ઞ આશ્રયદાતાઓ જાણશેજ શૃંગારરસપ્રધાન નાટક છતાં સ્ત્રીઓના હાથમાં નિર્ભયપણે મૂકી શકાય, એવું પુસ્તક હોવું દુર્લભ છે. તથાપિ આ નાટકમાં એટલે સુધી તો નીતિના નિયમ જાળવવા પર લક્ષ આપેલ છે અને એટલે સુધી તો લખાણમાં મર્યાદા સાચવવામાં આવી છે કે નીતિને ચાહનારા માણસો ખુશીથી આ નાટકને સ્ત્રીઓના હાથમાં મૂકી શકે. આટલી સાવધાની રાખી છે એ પણ રચનારને ભૂષણરૂપ છે.

ગાયકવાડ સરકારનું કેળવણીખાતું.

ઇનામ પત્રકો.

(ગયા અંકથી ચાલુ)

૩૩. કારસ સ ગુ કન્યાશાળા ૧૫-૧૨-૯૬ દફ્તર નિકુંજરામ શીતાંબર એમને ખુશીથી આ ૧૦-૦ કન્યાઓને ઇનામ વહેંચ્યું ઇન્ચાર્જ સ શુ શાળા ૧૨-૯૬ ૧૫ ૧૨.૯૬. મહેરબાન બા બા વિદ્યાધિકારી સાહેબે તજવીજ કરી ત્યારે બા ૦૪૦

૩

७७	अंकगणित भाग २ रा.	,,	०	९	६
७८	सन्मार्ग दीपिका.	नारायण भास्कर पंडित	०	२	६
७९	तोंडचे हिशेब.	,,	०	१	६
८०	शब्द व्युत्पत्ति प्रदीप.	गोविंद शंकर बापट.	०	२	६
८१	महाराष्ट्र देशाचा इतिहास.	रावजी सदासिव गोडबोले.	०	२	०
८२	मोडी पहिलें पुस्तक.	सिताराम विश्वनाथ पटवर्धन.	०	२	६
८३	उजळणीचें पुस्तक.	,,	०	१	०
८४	मराठी व्याकरण.	दादोबा पांडुरंग.	१	८	०
८५	वृत्तदर्पण.	परशुराम बल्लाळ गोडबोले.	०	२	०
८६	मुंबई इलाख्याचा भूगोळ.	सिताराम वि० पटवर्धन.	०	१	०
८७	हिंदुस्थानचा भूगोळ.	,,	०	१	०
८८	मोडी दुसरें पुस्तक.	,,	०	३	०
८९	मराठी बीजगणित.	जमशेदजी अरदेसर.	१	४	०
९०	चारी खंडांचा भूगोळ.	सिताराम वि० पटवर्धन.	०	१	९
९१	तोंडचे हिशेब भा १।२	नारायण भास्कर पंडित	०	१	०
			०	१	६
९२	भूमीतिचीं पहिलीं ६ पुस्तकें.	रावजी मोरेश्वर देवकुळे.	०	११	०
९३	लघुव्याकरण.	दादोबा पांडुरंग.	०	१	०
९४	सासुरवास चंद्रिका.	विनायकराव गोविंद लिमये.			
९५	वाक्यमीमांसा.	गोपाळ गणेश आगरकर.	०	९	०
९६	अश्वघाटी प्रबोधिका.	सिताराम बाबाजी गुर्जर.	०	२	६
९७	भास्करराव दामोदर पाळंदे यांचे.	भास्कर बल्लाळ निमकर.	०	६	०

J. A. DALAL.
विद्याधिकारी.

श्री.

गायकवाड सरकारनुं केळवणी खातुं.

સરક્યુલરો, વટહુકમો,

ઇત્યાદિ.

સને ૧૮૯૭-૯૮

વડોદરા

શ્રી.

સરક્યુલર જા. ન. ૧

કેટલીક ગામડી રજીસ્ટર થએલી શાળાઓના મહેતાજીઓ નિચલા ધોરણો આબાદ કરવા કે તેમા સારૂ શિક્ષણ આપી સારૂં પરિણામ લાવવા કાળજી ન રાખતા બહારની બીજી શાળાઓમાં ઉપલા ધોરણોમા શીખેલા છોકરાઓને પોતાની શાળામાં વધારે આટ મળવાની લાલચે દાખલ કરવાનો પ્રયત્ન કરી દાખલ કરે છે એવા છોકરાની મુદત જો કે નિયમ પ્રમાણે હોય તોપણ એવા રીતથી વધારે આટ મેળવે એ ચલાવા લાયક નથી માટે પરીક્ષક અધિકારીઓને જણાવવામા આવે છે કે, એવી હકીકત જે ગામડી રજીસ્ટર થએલી શાળામાં બનેલી જણાય તે ગામડી શાળાના મહેતાજીને આટ આપવાની રકમ કેટલી થાય છે તે જણાવી પૂર્ણ હકીકત ખુલાસાવાર આ તરફ અભિપ્રાય સહ જણાવવી ને ઉપરથી જે પ્રમાણે યોગ્ય ઠરાવ આ તરફથી આપવામા આવે તે પ્રમાણે આટની રકમ આપવા સંબંધે તજવીજ કરી જોઈએ. તા. ૧૨ અગષ્ટ સન ૧૮૯૭

J. A. DALAL.

દલસુખ ગોવિંદલાલ — વિદ્યાધિકારી

સરક્યુલર જા. ન. ૨.

આ રાજ્યના જમા ખર્ચની હેડવારી (સદરવારી) મા શાળાખાતાનુ હેડ ૨૧ મુ હતુ પણ હેડવારી (સદરવારી) મા ફેરફાર તા. ૧ અગષ્ટ સને ૧૮૯૭ થી કરી નવી હેડવારી તા ૨૫–૨–૯૭ ની આજ્ઞાપત્રિકાના ભાગ ૨ મા મે. રા. બા. આકાઉંટંટ જનરલ સાહેબ તરફથી પ્રસિદ્ધ થયેલી છે. તેમા શાળાખાતાનો હેડનો ન. ૨૨ ઠરાવેલો છે ને પેટા હેડ જે હતા તેજ કાયમ રાખેલા છે માટે આ ખાતાના અધિકારીઓ, સ્પેશિયલ ઇન્સ્પેક્ટર્સ વગેરે તથા શાળાના માસ્તરોએ તા ૧ અગષ્ટ સને ૧૮૯૭ થી એ પ્રમાણે અમલ કરવો. તા. ૧૫ અગષ્ટ સને ૧૮૯૭

દલસુખ ગોવિંદલાલ — J. A. DALAL.

વિદ્યાધિકારી.

જાહેરખબર.

વડોદરાकलाभवननी प्रवेशकपरीक्षा.

કલાભવનની ચિત્ર, શિલ્પ, યંત્ર, રંગ, કૃષિ, અને શિક્ષણપદ્ધતિ શાળામાં દાખલ થવાની ઇચ્છા રાખનારા વિદ્યાર્થીઓની પ્રવેશક પરીક્ષા સોમવાર, તા. ૨૭ મી સપ્ટેંબર સને ૧૮૯૭ ને રોજ સવારના અગીઆર વાગતાથી ભવનના મકાનમાં શરૂ થશે.

૧. પરીક્ષા દેશી કેળવણી ખાતાના છઠ્ઠા ધોરણના વિષયોમાં લેવામાં આવશે. ઉમેદવારો ગુજરાતી અથવા મરાઠી ભાષામાં પરીક્ષા આપી શકશે.

૨. શિક્ષણપદ્ધતિશાળામાં દાખલ થવા ઇચ્છનાર વિદ્યાર્થીની વય ઓછામાં ઓછી સત્તર વર્ષની હોવી જોઇએ; અને એ સિવાય ઇતર શાળામાં દાખલ થવા ઇચ્છનારની ઓછામાં ઓછી તેર વર્ષની જોઇએ.

૩. શિક્ષણપદ્ધતિશાળા સિવાય બીજી શાળાઓમાં કારીગર વર્ગમાંના લગભગ બધા ઉમેદવારોને દાખલ કરવામાં આવશે. જો તેમાંના કોઇને વાંચતાં લખતાં નહીં આવડતું હોય તો કલાની સાથે તે પણ શિક્ષણાનુભવશાળામાં શીખવવામાં આવશે.

૪. પ્રવેશક પરીક્ષામાં ઉપલે નંબરે પાસ થનારા વિદ્યાર્થીઓને, અને કારીગર વર્ગના યોગ્ય ઉમેદવારોને શિષ્યવૃત્તિઓ (સ્કોલર શીપો) આપવામા આવશે.

૫. બધી શાળાઓના કારીગર વર્ગ સિવાયના બધા ઉમેદવારોએ છઠ્ઠા ધોરણમાં પાસ થવાનાં અથવા અંગ્રેજી ત્રીજા ધોરણ સુધીના અભ્યાસનાં પ્રમાણપત્રો (સર્ટીફિકેટો) બતાવવાં પડશે.

૬. પરીક્ષામાં બેસવા માટેનાં વિજ્ઞપ્તિપત્રો તા. ૧૫ મી સપ્ટેંબર સુધીમાં આ તરફ રવાના કરવાં. વિજ્ઞાપ્તિપત્રનાં છાપેલાં ફાર્મો આ ઓફિસમાંથી મળી શકશે.

૭ શિક્ષણપધ્ધતિશાળામા દાખલ થવા ઇચ્છનારે પોતે વડોદરા રાજ્યના વતની છે એમ સાબીત કરવાને સર્ટીફિકેટ મોકલી આપવાં.

કલાભવન
વડોદરા, તા. ૯મી અગષ્ટ
સને ૧૮૯૭.

RAOJIBHAI PATEL
પ્રિન્સિપાલ–કલાભવન.

જાહેરખબર.

રા. રા. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાનાં રચેલાં પુસ્તકોની નવી આવૃત્તિઓ:—

પ્રવીણ	૦– ૪–૦
દેશી કારીગરીને ઉત્તેજન ભા. ૧.	૦– ૪–૦
દેશી કારીગરીને ઉત્તેજન ભા. ૨	૦– ૬–૦
અંધેરી નગરીનો ગંધ્રવસેન	૦–૧૨–૦
ગંગાસુતની મુસાફરી.	૦– ૪–૦
બે બહેનો	૦– ૮–૦
ગાંડી ઈચ્છાવરી	૦– ૪–૦
* લઘુ વ્યાકરણ, ...	૦– ૩–૩
* નવું વ્યાકરણ	૦–૧૨–૦
* નવું અંકગણિત.	૧– ૪–૦
* ભૂગોળવિદ્યા.	૦–૧૩–૦
નીતિ અને લૌકિક ધર્મ.	૦– ૨–૬

* ચિન્હવાળાં પુસ્તક વડોદરા ગવર્નમેન્ટ [illegible] તરફથી અને બાકીનાં [illegible] છાપખાના- નામાંથી કે કર્તાને ત્યાંથી મળશે. [illegible] નવું વ્યાકરણ અને અંકગણિત [illegible] કમી કીમતે મળશે.

નવીન અને અત્યુપયોગી પુસ્તકો

(દેશી કેળવણીખાતા તરફથી મંજુર થયેલાં)

પુસ્તકનું નામ	પ્રસિદ્ધકર્તા	કીમત	
હિન્દુસ્તાનના નકશાનો ખુલાસો	લલ્લુભાઈ કરસનભાઈ હેડમાસ્તર મ. ગુ. શા. નં. ૧ વડોદરા	૦-૮-૦	
ભાવ ચૈતન્યની દુકાન ભા. ૧ લો.	મનસુખરામ સુરજરામ માસ્તર કારકુન, વિદ્યાધિકારી ઓફીસ, વડોદરા	૦–૫–૦	અસલ કિ. ૦–૮–૦ હતી તે ઘટાડી છે.
વિચારસુગંધ	ભોગીલાલ ભીખાભાઈ ગાંધી હેડમાસ્તર પીજ.	૦–૮–૦	

ઉપરનાં પુસ્તકો લાઈબ્રેરી અને ઈનામ માટે મંજુર થયેલાં છે તો જે જે શિક્ષક અને સદ્ગૃહસ્થોને લેવાની ઇચ્છા હોય તેમણે કર્તા તરફથી પોસ્ટમાસ્તરને મનીઓર્ડરથી મંગાવી લેવા તજવીજ કરવી એવી આશા છે. વી. પી. થી મોકલવામાં આવશે નહિ.

તા. ૧૦–૬–૯૭

ભોગીલાલ ભીખાભાઈ ગાંધી

છપાઈ બહાર પડ્યું છે.

સંગીત રામ રાવણ નાટક—[illegible] સંગીત રાગનાં (૧૦૦) ગાયનો [illegible] સાથે [illegible] મુજબ છપાયું છે. કીમત [illegible] દરબાર [illegible] નામ.

श्री

संवत् १९३३. आश्विन.

केळवणी

पुस्तक १ लु. अंक १२ मो.

[illegible]

છોટાલાલ નરભેરામ ભટ્ટ

[illegible]

" [illegible] " માં છાપ્યું.

ઈ. સ. ૧૮૭૭

અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ઠ.
અભ્યાસ....	૭૮
અનિયમિત હાજરી....	૯૩
આકૃતિ સબંધિ પાઠ.	૯૪, ૧૦૭
ઇમારત અને રીતિનું શિક્ષણ ...	૯
ઇમારત માટે વાત. ...	૧૭, ૧૭૧
ઇનામ પત્રકો.૪૩,	૮૧, ૧૨૧, ૫૯, ૧૪૧, ૧૭૧, ૧૯૬, ૨૧૩.
ઇતિહાસ શિક્ષણ....	૧૮૫
ઉડી જા પંખી આકાશે.	૧૭૯
અંકગણિતનાં ઉપયોગ.	૧૫
અંકગણિતના અજાયબ દાખલા.	૨૦૩
કાતર.	૧૫૯
કિન્ડરગાર્ટન પદ્ધતિનાં મૂળતત્વો	૬૩
ગત વર્ષ.......	૨
ગામડાની સ્ત્રી કેલવણીની વ્યવસ્થા ...	૧૬૫
ગૃહ કેલવણી.	૧૭૨–૧૯૦
ગ્રામ્ય શિક્ષક સમાજ	૬૮
ઘુમો ઘુમોને જર્સિયા ઘેરૈયા.	૨૦
ચર્ચાપત્ર.	૩૬
ચીના લોકોની સભ્યતા. ...	૨૨
જર્મનની કેલવણી.	૬–૩૨
જીભ અને તેનો ઉપયોગ.	૧૪
ટપાલના કાગળ વિષે પાઠ.	૧૬૧

દક્ષિણ આફ્રિકાની હીરાની ખાણો ૭૧
દર્શન ૩-૧૭-૪૮, ૬૭, ૧૦૪, ૯૫-
દોલતાબાદનો કિલ્લો ... ... : ... ૧૪૬
દેવદર્શન. ૪૭
નવ નાના છોકરા. ૬૪
નીબંધ શીખવવાનો ક્રમ ૪૪-૭૬
નિબંધ માળિકા. ૨૦૯
નિશાળની સારી વ્યવસ્થા. ... ૨૪-૨૫-૪૧
નીતિ અને બુદ્ધિ વચ્ચેનો સંબંધ ૧૬૩
પરોપકારી. ૨૦૫
પૃથ્વીનું વર્ણન... ... . ૧૪૭
પ્રસ્તાવ ૧
ફળ વેચવાની સભા . .. ૨૪
બાળકોનું ગાયન ૮૩
બાળ કેળવણી. ૧૧૮
બાળ ગીત ૧૯૭
બુદ્ધિવર્ધક પ્રશ્નો ૩૭-૪૬
ભલા માણસો અને પક્ષીની સૂચના .. ૨૦૬
મનને શિખામણ ૧૨૭
મરકી તથા બીજો રોગ ચાલતો હોય ત્યારે લોકોએ પોતાની રક્ષણ કરણી કેવી રાખવી. ૧૩૫, ૧૩૬, ૧૩૭.
લશ્કરી કવાયત ૧૪૪
વસ્તુપાઠ. -. .. ૧૩, ૧૯
વિદ્યાર્થીઓને ઉપદેશ ૭, ૧૮૯
વિચાર. ૧૪૦
શબ્દોના અર્થ ૨૦૬
શાળાઓને લગતો સામાન ૧૭
શાળાની મુલાકાત .. . . -૪
શાળામાં વિદ્યાર્થીઓની હાજરી ૧૪૩
શાળોપયોગી પત્રો ૧૮૭
શિક્ષક અને વિદ્યાર્થી. ૪૧
શિક્ષણની યુક્તિઓ ૮૭
શિક્ષકને સામાન્ય સૂચના ૮૮

અનુક્રમણિકા.

વિષય	પૃષ્ઠ.
અજવાસ....	૭૮
અનિયમિત હાજરી....	૯૩
આકૃતિ સબંધિ પાઠ.	૮૪, ૧૦૭
ઇમારત અને નીતિનું શિક્ષણ....	૯
ઇમારત માટે થાન.	૧૭, ૧૭૨
ઇનામ પત્રો.૪૩,	૮૧, ૧૨૧, ૯૯, ૧૪૧, ૧૭૧, ૧૯૬, ૨૧૬.
ઇતિહાસ શિક્ષણ....	૧૮૪
ઉદ્યોગ ને ધંધાની આગત્ય.	૧૭૫
કિંડરગાર્ટનનાં ઉપયોગ.	૧૪
કિંડરગાર્ટનના આવશ્યક સાધનો.	૨૦૩
કસરત.	૧૫૯
કિંડરગાર્ટન પદ્ધતિનાં મૂળતત્વો	૬૩
ગત વર્ષ......	૨
ગામડાની સ્ત્રી કેળવણીની વ્યવસ્થા.... ...	૧૬૪
ગુજ. કેળવણી	૧૭૬-૧૮૦
ગ્રામ શિક્ષક સભા	[illegible]

केळवणी.

अर्थ मळे वळी धर्म वधारे, ज्ञान मळे सनमान वधारे;
प्रीति वधे वधारे जग सारो, ए निशदिन धर्म अमारो.

પુસ્તક ૯મું. આશ્વિન. સંવત્ ૧૯૫૩ અંક ૧૨ મો.

पण वीर उठो उठो नमे, करवा देश उद्धार !

[દોહરા.]

સજ્જો સન્નીતિ આભૂષણ, તજ્જો વિનીતિ ગર્વ;
ગજવો કીર્તિ પૃથ્વી પર, લજવો દુશ્મન સર્વ. ૧
હારી હામ નવ આપશો, ધારી ધૈર્ય અપાર;
ભારી ભાવ વધારશો, સારી સર્વે સાર. ૨
સદા સભ્યતા શીખજો, કદા રહે ન કુટેવ,
જદા સુશિક્ષ તરુ રોપશો, તદા સુફળ સુખદેવ. ૩
ધરતાં ધીરજ દાખજો, કરતાં નિજ સત્કર્મ,
ડરતાં અપનાં ઓપથી, હરતાં મનના મર્મ. ૪
વિનય માર્ગ દર્શાવજો, વિશેષ વધુ ધરિ વ્હાલ,

ચાકપુધરે
સંગીન શ
સંભાળ.
સિદ્ધપુરનો
સુશિક્ષક
સુધારક
લખમલુ.
લેખ વિષે.
સ્ત્રી વર્ગ
અને વિષ
સ્ત્રી કેળવ
રચ્યાં
દયાનો આ
હારી એક

ક્ષમા ક્ષેમકર સૂચવજો, કાઢી ચાલ [illegible]
વસાવજો વક્તૃત્વપણું, રસાવજો રસ [illegible]
ફસાવજો ફટ ફેલને, હસાવજો [illegible]
ક્રોધ રોધ થાવા કરો, બોધ ભલો [illegible]
શોધ સુધારાનો થવા, ચઢાવશો [illegible]
તૃપ્તિ તરસ સમે મળે, જળ સુખ પીતાં [illegible]
સંતોષી સૌ વાતથી, કરો સકળ [illegible]
નળ નૃપ સમ નિરખાવશો, સત્ય વચનને [illegible]
હરિશ્ચંદ્રના હારદે, નભાવશો [illegible]
કચરામાંથી કનક કર, ઉપાડવું [illegible]
એ પણ શીખ બહુ કામની, જેનાં અધિક [illegible]
જળ તરુ વિણ કો નવ કરે, પરમ અરે [illegible]
સહનશીલ સવિતા શશી, એ પણ [illegible]
જગત જ ગત જન્મી થયા, સ્મરણ ન જેનું [illegible]
પણ વીર ઉઠો ઉઠો તમે, કરવા [illegible]

પંડિત જટાશં[illegible]

केळवणी.

अर्थ मळे बर्ह्यो धर्म गमावे, ज्ञान मळे मनमान वमावे;
प्रीति वधे वगरे जग मारो, ए शिशुशिक्षण धर्म अमारो.

પુસ્તક ૬ઠ્ઠું. આશ્વિન. સંવત્ ૧૯૫૩ અંક ૧૨ મો.

पण वीर उठो उठो तमे, करवा वंश उद्धार !

[સંવાદ.]

મગન—અરે ધનજી ...
મને મળ્યા છે ને તે પૈસા મારા મહેનતાણાના છે

હરિ—હા, આજ તો તું અને ધનજી બન્ને બહુ નશીબદાર નીવડ્યા છો. ધનજી એક કામ કરવા જવાનો છે તેનો એને પા રૂપિયો મળવાનો છે ને તું તો તારા કામના પૈસા લેઈને આવ્યો છે

ધનજી—તને કેટલા પૈસા મળ્યા છે ને તું શું કામ કરવા ગયો હતો?

મગન—દયાળદાસને તેની વાડીમાં છોડવાને પાણી પાવાના મને ચાર આના આપ્યા.

ધનજી—દયાળદાસ!

હરિ—ધનજી! ધનજી!

ક્ષમા ક્ષેમકર સૂચવજો, કાઢી ચાલ કુચાલ.
વસાવજો વક્તૃત્વપણું, રસાવજો રસ રંગ; ૫
ફસાવજો ફટ ફેલને, ઠસાવજો ઠીક નેમ.
ક્રોધ રોધ થાવા કરો, બોધ ભલો ભરપૂર; ૬
શોધ સુધારાનો થવા, ચઢાવશો ઉર શૂર.
તૃપ્તિ તરસ સમે મળે, જળ સુખ પીતાં જેમ; ૭
સંતોષી સૌ વાતથી, કરો સકળ શિશુ તેમ.
નળ નૃપ સમ નિરખાવશો, સત્ય વચનનો ટેક; ૮
હરિશ્ચંદ્રના હારદે, નભાવરાવો નેક.
કચરામાંથી કનક કર, ઉપાડવું નિર્વાણ; ૯
એ પણ શીખ બહુ કામની, જેનાં અધિક પ્રમાણ.
જળ તરુ વિણ કો નવ કરે, પરમ અરે પરમાર્થ; ૧૦
સહનશીલ સવિતા શશી, એ પણ સદૈવ સાર્થ.
જગત જ ગત જન્મી થયા, સ્મરણ ન જેનું લેશ; ૧૧
પણ વીર ઉઠો ઉઠો તમે, કરવા બેશ ઉજેશ ! ૧૨

પંડિત જટાશંકર રવિશંકર.

જગુ—આજ બપોર પછી મને એક પાવલી મળવાની છે. અને તે મારી પોતાનીજ કહેવાશે ને મારી મરજીમાં આવશે તેમ હું વાપરીશ.

હરિ—તે તને ક્યાંથી મળશે ?

જગુ—તે હું કમાઇ લાવવાનો છું.

હરિ—પણ કેમ કરીને ?

જગુ—કામાડી બાગ આગળ પેલા દયાળદાસ પોતાની વાડીમાં રહે છે તેમને તું ઓળખે છે ?

હરિ—હા, હા. પણ તેનું શું ?

જગુ—તેણે મને ગઇ કાલે કહ્યું હતું કે, જો હું તેની વાડીમાં ફૂલના છોડ છે તેને

टाम्म वार्ड.

ટામ્મ વાર્ડ નામે એક નિશાળિયો લંડન શેહેરની એક શાળામાં ભણતો હતો. તેણે જુબીલી વખતે સૌથી વધારે પ્રખ્યાતિ મેળવી હતી. કેટલાક વર્ષોથી તેની તેજ શાળામાં તે અભ્યાસ કરતો હતો. એટલા વખતમાં ૪૨૫૨ વખત શાળા ભરવામાં આવી હતી. પરંતુ તેટલા વખતમાં એ કદી દહાડો જરા પણ મોડો કે ગેરહાજર થયો નહોતો. લંડનની એ શાળામાં સૌથી સારી હાજરી રાખનારને દર વર્ષ એક ચાંદ આપવામાં આવે છે તેવા નવ ચાંદ તેણે મેળવ્યા હતા. અને તે બધા આ વખતે તેણે પહેર્યા હતા. આ વખતે પણ તેની હાજરી સારી હોવાને લીધે તે દશમો ચાંદ મેળવવાને લાયક થયો હતો, પરંતુ લંડનની મુશ્કેલીએ ૯૭ સિક્કા તૈયાર કરાવ્યા નહોતા એ સ્કુલ બોર્ડ તરફથી ચાંદ કરાવવાની પરવાનગી નહિ મળે તો તેને બદલે તે છોકરાને આ પ્રસંગે એક સુંદર ચોકઠામાં જડેલી તસવીર આપવામાં આવશે, અને તેવી તસવીર તે છોકરાને વધારે પસંદ પણ છે. ઉપલા જણ ઘરમથી તો તે નિશાળથી અરધા કલાકના રસ્તા જેટલે દુર રહે છે. લંડનમાં આટલી સરસ હાજરી માટે જેની નોંધ લેવામાં આવી હોય એવો એટલો એજ છોકરો છે, અને તે નોંધ પણ સામાન્ય નથી-એક જુબીલી જ છે કેમકે તારીખ ૨૧ મી જુન ૧૮૮૭ (જુબીલીનું વર્ષ) થી તે તા. ૩૧ મી મે ૧૮૯૭ સુધી તે છોકરાની હાજરી નોંધવામાં આવી છે. તા. ૨૩મી જુનને રોજ જ્યારે નામદાર મહારાણી સાહેબનો વરઘોડો નીકળ્યો ત્યારે તે છોકરો પોતાના નવ ચાંદ પહેરીને નામદાર મહારાણીને માન આપવાને નિશાળ આગળ ઉભો હતો તથા તે વખતે દશમો ચાંદ પણ તેણે ધર્યો હતો. એ છોકરો તેજ વર્ષમાં સાતમા ધોરણમાં પસાર થયો હતો.

— —

मशिहक.

મગન—અરે... મને મળ્યા છે ને તે પૈસા મારા ગજવામાંજ છે

હરિ—વાહ, આજ તો તું અને જગુ બન્ને જણ નશીબદાર નીવડ્યા છો. જગુ એક કામ કરવા જવાનો છે તેનો એને બા રૂપિયો મળવાનો છે અને તું તો તારા કામના પૈસા લેઈનેજ આવ્યો છે

જગુ—તને કેટલા પૈસા મળ્યા છે ને તું ક્યાં કામ કરવા ગયો હતો?

મગન—ખોજાદાસે તેની વાડીમાં ઝાડવાને પાણી પાવાના મને ચાર આના આપ્યા

જગુ—ખોજાદાસે!

હરિ—જગુ! જગુ!

મગન—અરે શું છે? શું છે? દયાળદાસ કહેતા'તા કે એક બીજો છોકરો એ કામ કરવા આવાનો હતો; પણ તે ના આવ્યો ત્યારે તેણે એ કામ મને સોંપ્યું.

જગુ—એ તો બહુજ ખોટું થયું—પાવલી ગઇ, દડી ગઇ, ને ચપ્પુએ ગયો.

મગન—કેમ, ત્યારે ત્યાં ના આવ્યો તે છોકરો તુંજ છે કે?

જગુ—હા ભાઇ હા. મેં જાણ્યું કે ઉતાવળ કરવાની શી જરૂર છે? તે કોઇ બીજાને કામ સોંપી દેશે એમ મેં ધાર્યું નહોતું.

હરિ—અને તેથીજ તેં શેખસલ્લીની પેઠે પૈસા મળ્યા પહેલાં મેહેલ બાંધવા માંડ્યા હતા.

જગુ—હવે કોઇ પણ કામ કરવાનું હશે તે તરતજ કરીશ.

" अनसूया. "

શિનોર તાલુકામાં નર્મદાની ઉત્તર તટે-કાંઠા નજીક આ મહાદેવીનું દેવાલય છે. નજીકમાં પૂર્વ બાજુ ઝાંઝડ કરીને એક નાનું ગામ છે, ને પશ્ચિમમાં અંબાલી નામનું ઇનામી ગામ છે. (અંબાલી નામ કાશી રાજાની પુત્રીના નામ ઉપરથી પડ્યાનું કહેવાય છે) ઘણું કરી એ બન્નેની મધ્યે આ રમણિક સ્થળ આવેલું છે. ત્યાં વૃક્ષોની ઘટા વગેરે ઠીક છે, તેમ એ ધર્મશાળા બંધાવેલી છે જેથી અઠવાડીઆમા જ્યારે મંગળ, ગુરૂ ને રવિવારે આસપાસના પાંચ પાંચ કોસના લોકો દર્શનેચ્છાએ ત્યાં આવે છે, ત્યારે તેમને વિશ્રામ લેવાને—અન્ન ભોજન કરાવવાને ઘણું સુગમ પડે છે. કેટલાક ભાવિક ભક્ત જનો તેના દર્શન સિવાય અન્ન પાણી અગ્રાહ્ય માને છે, ને કેટલાક અહર્નિશ ત્યાં હમેશાં જાય છે.

પહેલાં માતાજીની રમણીય મૂર્ત્તિ ગુલેરના વૃક્ષ નજીકમાં હતી. તે પ્રસંગે ઉપર બતાવેલા પાસેના ઝાંઝડ ગામમાં " રામશંકર " નામના વિદ્વાન શાસ્ત્રી હતા, તેમણે શ્રીમંત " " ગોવિંદરાવ " મહારાજના આગળ માજીની પ્રશંસા કરવાથી તેમણે એક નાનું દેરૂં બંધાવી આપ્યું. ત્યાર પછી ફત્તેસિંહરાવ મહારાજે મોટું દેવાલય બનાવરાવ્યું, ને ખંડેરાવ મહારાજે તેના પાછળના બાગમાં કેટલોક સુધારો વધારો કરાવી હાલનું રમણીય દેવળ બનાવ્યું. આ પ્રમાણે શ્રીમંત સરકાર નામદાર ગાયકવાડ મહારાજ તરફથી અદ્યાપિ પર્યંત

મહાદેવમાં લખ્યું છે, (દેવળ ક્યારે બંધાવ્યું, વગેરે હકીકત સિવાય લેખ નથી, તેથી ખરેખરી જાણવી નથી—તોપણ બહુ પુરાતની નથી એમ જણાય છે)—અને પૂજન વગેરેનો વહિવટ કરેલ એ-રાજકર્તાઓના વંશજો પોતાનું કર્તવ્ય સમજે છે.

અહીંઆં હમેશાં એક નૈવેદ્યનો થાળ માતાને ધરાવવામાં આવે છે, અને ઘીનો અખંડ દીવો બળે છે, તથા દરેક યાત્રાળુને કાચું સીધું ને ફકીર-બાવાઓને પાકું સીધું આપવામાં આવે છે. આ સઘળો ખર્ચ નામદાર ગાયકવાડ સરકાર તરફથી થાય છે તેમજ ચૈત્રી ને કાર્તકી પૂનમ તથા નવરાત્રમાંના દિવસે—જ્યારે મોટો મેળો ભરાય છે ત્યારે—એ સઘળું કરવામાં આવે છે, ને શ્રીમંત મહારાજા તરફથી મળ્યાનું જણાય છે. પ્રથમ એ કારભાર ત્યાંના સ્ત્રીનો હતો, પણ તેમાંના ... મેળ ન પડવાથી હાલ સરકારમાં ફેરફારી ઓફીસરના કબજામાં રહે છે ને ઉપરના પૈસા એમને ત્યાં ભરવામાં આવે છે અને પંચો તે પાછા મગાવી લે છે. આ પ્રમાણે દાનમાં કેટલીક મુદતથી દરમેશ આવે છે એ અટકળ આસરે વીશ હજાર રૂપીઆનો ખર્ચ થતો જોતાં માલુમ પડે છે.

પૂજારીને દરસાલ રૂ. ૧૮૦ આપવામાં આવે છે, તેમાંથી થાળ વગેરેનો ખર્ચ કરી બાકીનું તેનું વેતન ગણાય છે, અને પાટણ તાલુકાના અમુક ગામની ઉપજ પણ આના ખર્ચમાં વપરાય છે, એટલે તેમાંથી સદાવ્રત તથા યાત્રીઆ મહેમાનોને માટે ધર્મશાળા દવાખાનાનો ખર્ચ થાય છે. પ્રથમ આ ગામ જ્યારે દવાખાનું નહોતું ત્યારે સરકાર તરફથી દેખરેખ થતી હતી, પણ હાલ તેનો વહીવટ સરકાર તરફથી થાય છે તેમજ માતાના દેવળને જીર્ણોદ્ધાર ઉપરાંત થતી ને રાજકારભાર શાસ્ત્રીઓના વચનોને વંચાવી લેવા, પણ તેઓની મનોભાવની તકરાર ન થવા દેવા—તેની વ્યવસ્થા કરી આપવા માટે—સરકાર તરફથી એક કારકુન મૂકવામાં આવ્યો છે, ને તેમને હિસાબ મુજબ પગાર આપે છે.

આ પૂર્વાભિમુખી દેવાલય નાનું કેવળ ઉભું છે, તોપણ તે દેવળની અગાડીથી શાન્ત પરાળીઆ ઉપર થઈ નેત્ર કરીને ... માટે જણાય છે દેવળ સામે બારી છે, તેનું નામ એરકી ભવન છે ત્યાં સ્નાન કરવા જતાં મનાઈ કરી મનાઈ ક્રિમ પગથીઆનાં બે બારણાં એકસરખાં બાંધેલાં છે. આ બારીમાં મહિમા ઘણો કહેવાય છે તે એવી રીતે કે, નજીકમાં ઘણાંકનિષ્ઠ બ્રાહ્મણના ગામમાં વૈષ્ણવના કુળમાં ઉત્પન્ન થયેલા કામ ગોવિંદ નામનો એક ઠાકર બાળપણ રહેતો હતો. તે એક સમયે વનમાંથી કાષ્ઠભારક ભરી લાવ્યો ને વરસાદની અંદર રડી તે કાષ્ઠ માટે નાંખવાં તેણે અનેક જાતના વિતાનના આજની હજા કરી, ને તેથી ગાડીને હિંદ ને તે સાથ તે સ્નેહે તેના મધ્યભાગમાં "કૃમિ" દેખાતાં ઊગ્યા પણ એક દિવસે તેના મુખ તથા હિંદ મૂર્ખના કેટલાક ભાગમાં તે બને હવામાં જ્યારે કૃમિ ન દેખાયા ત્યારે, "હવા પોતે કરી છે, ને પોતાના અંગમાં કૃમિ દેખાય છે" એ બાબતોથી અજ્ઞાન સ્વામીને તે બીજે પ્રશ્નો કરી ને ન દેખાવાનું કારણ—"એર ભવન મહાત્મ્ય" જાણ્યું તેથી બીજે દિને તેણે તે બારીમાં સ્નાન કરી ભવાની તિર્થિમાં પૂજા કરતાં—અથવા આગમાંથી કૃમિનું દેખાતું બંધ થયું હાલમાં પણ ત્યાં

મગન—અરે શું છે ? શું છે? દયાળદાસ કહેતા'તા કે એક બીજો છોકરો એ કામ કરવા આવાનો હતો; પણ તે ના આવ્યો ત્યારે તેણે એ કામ મને સોંપ્યું.

જગુ—એ તો બહુજ ખોટું થયું—પાવલી ગઇ, દહી ગયું, ને ચપ્પુએ ગયો.

મગન—કેમ, ત્યારે ત્યાં ના આવ્યો તે છોકરો તુંજ છે કે ?

જગુ—હા ભાઇ હા. મેં જાણ્યું કે ઉતાવળ કરવાની શી જરૂર છે ? તે કોઇ બીજાને કામ સોંપી દેશે એમ મેં ધાર્યું નહોતું.

હરિ—અને તેથીજ તેં શેખસલ્લીની પેઠે પૈસા મળ્યા પેહેલાં મેહેલ બાંધવા માંડયા હતા.

જગુ—હવે કોઇ પણ કામ કરવાનું હશે તે તરતજ કરીશ.

" अनसूया. "

સિનોર તાલુકામાં નર્મદાની ઉત્તર તટે-કાંઠા નજીક આ મહાદેવીનું દેવાલય છે. નજીકમાં પૂર્વ બાજુ ઝાંઝડ કરીને એક નાનું ગામ છે, ને પશ્ચિમમાં અંબાલી નામનું ઈનામી ગામ છે. (અંબાલી નામ કાશી રાજાની પુત્રીના નામ ઉપરથી પડયાનું કહેવાય છે) ઘણું કરી એ બન્નેની મધ્યે આ રમણિક સ્થળ આવેલું છે. ત્યાં વૃક્ષોની ઘટા વગેરે ઠીક છે, તેમ બે ધર્મશાળા બંધાવેલી છે જેથી અડવાડીઆમાં જ્યારે મંગળ, શુક્ર ને રવિવારે આસપાસના પાંચ પાંચ કોસના લોકો દર્શનેચ્છાએ ત્યાં આવે છે, ત્યારે તેમને વિશ્રામ લેવાને—અને ભોજન કરાવવાને ઘણું સુગમ પડે છે. કેટલાક ભાવિક ભક્ત જનો તેના દર્શન સિવાય અન્ન પાણી અગ્રાહ્ય માને છે, ને કેટલાક અહર્નિશ ત્યાં હમેશાં જાય છે.

પહેલાં માતાજીની રમણીય મૂર્તિ ગુફાના જેવા નજીકમાં હતી. ને પ્રસંગે ઉપર બતાવેલા પાસેના ઝાંઝડ ગામમાં " રામશંકર " નામના વિદ્વાન શાસ્ત્રી હતા, તેમણે શ્રીમંત " " ગોવિંદરાવ " મહારાજના આગળ માજીની પ્રશંસા કરવાથી તેમણે એક નાનું દેરું બંધાવી આપ્યું. ત્યાર પછી ફતેસિંહરાવ મહારાજે મોટું દેવાલય બનાવરાવ્યું, ને ખંડેરાવ મહારાજે તેના પાછળના બાગમાં કેટલોક સુધારો વધારો કરાવી ઘણું રમણીય દેવળ બનાવ્યું. આ પ્રમાણે શ્રીમંત સરકાર નામદાર ગાયકવાડ મહારાજા તરફથી અદ્યાપિ પવિત્ર

ગાયકવાડ સરકારનું કેળવણી ખાતું.

વરદુકમ જા. નં. ૩.

મોંઘવારીને સબબે મોંઘવારી એલાવન્સ માટે ઓગષ્ટ સન ૧૮૯૭ આખર સુધી આપવા બાબત ખ જા વરદુકમ નં ૩૮૦ તા ૨૬-૭ ૯૭ નો છાપવામાં આવેલો છે. મોંઘવારીનું માન નિયમિત રીતનું જણાથી રૂ ૧૦) અને તેથી ઓછી પગારના નોકરોને મોંઘવારી એલાવન્સ દરમાહા રૂ ૧) પ્રમાણે માટે ઓક્ટોબર મે ૧૮૯૭ સુધી પગારપત્રકમાં આકાની રીતસર અદા કરવા બાબત મે. રા. બા. એકાઉન્ટન્ટ જનરલ સાહેબ તરફથી વરદુકમ નં. ૩ તા. ૪-૬-૯૭ ના ૯-૯ ૯૭ ની આજ્ઞાપત્રિકા પાન ૧૧૨-૧૧૩ ઉપર પ્રસિદ્ધ થએલો છે તે આધારે આ ખાતાના નિશાળોના માસ્તરો તથા પરીક્ષક અધિકારીઓ વગેરેને આ વરદુકમથી જણાવવામાં આવે છે કે—

મજકુર નં. ૨૧ તા. ૨૬-૭ ના જણાવેલા નોકરો સિવાયના બીજા પોતાના તાબાના રૂ ૧૦) અને તેથી નીચેના પગારના નોકરોને ઓક્ટોબર આખર સુધી મોંઘવારી એલાવન્સ દરમાહા રૂ ૧) પ્રમાણ આ ખાતામાં આપવી અદા કરવા માટે રીતસર તજવીજ કરી માગણીના પગારપત્રકે દાખલ થઈ આવે ખાતાના અધિકારીઓ રીતસર આ રકમની તજવીજ કરવા સારૂ મે. રા. બા. એકાઉન્ટન્ટ જનરલ સાહેબ તરફથી તજવીજ થઈ ગએલી છે તા. ૧૩-૮-૯૭

હસમુખ ગોવિંદરાવ. J. A. Dalal
વિદ્યાધિકારી

૨૨૩	લેખાં પો. ૨	સદર	૦	૧	૩
૨૨૪	,, ૩	સદર	૦	૧	૬
૨૨૫	,, ૪	સદર	૦	૧	૯
૨૨૬	,, ૫	સદર	૦	૨	૩
૨૨૭	ગુંથણકળા	ખુરસેદબાઈ પેસ્તનજી	૧	૧૨	૦
૨૨૮	લાર્ડ વિલીઅમ બેન્ટીંક	ઇચ્છારામ સૂર્યરામ	૧	૪	૦
૨૨૯	નીતિમણિમાલિકા	મણિશંકર પ્રભુરામ	૦	૪	૦
૨૩૦	નીતિ શતપત્ર	શંભુપ્રસાદ ગૌરીનાથ	૦	૨	૦
૨૩૧	ભામિની ભૂષણ અં. ૪	રસીકદાસ ઇચ્છારામ	૧	૦	૦
૨૩૨	પ્રખ્યાત સ્ત્રીઓના ગુણ દર્શન	ગુ. વ. સોસાઇટી	૦	૪	૦
૨૩૩	વિક્રમની વીસમી સદી	મોતીલાલ ત્રીભોવનદાસ	૨	૦	૦
૨૩૪	શિવાજી	માણેકલાલ નરોતમદાસ	૧	૦	૦
૨૩૫	લોર્ડ લૉરેન્સ	ઇચ્છારામ સૂર્યરામ	૧	૪	૦
૨૩૬	નીતિ સુધા તરંગિણી	સચ્ચિદાનારાયણ અણુવર્તી	૧	૦	૦
૨૩૭	ગુજરાતી વ્યાકરણનાં મૂળતત્વ	કરસનદાસ નારાયણદાસ ગુકમદાર	૦	૮	૦
૨૩૮	સ્વાદરટનનું જ્ઞાન અને વિદ્યા	ભગવાનલાલ રણછોડલાલ	૩	૦	૦
૨૩૯	બાળોપદેશ	મહારાજ રઘુનાથજી	૦	૮	૦
૨૪૦	હિંદુસ્થાનના ઇતિહાસની પૂર્ણ નોટ	માણેકલાલ નરોત્તમદાસ	૦	૪	૬
૨૪૧	સંસારચિત્ર કાદંબરી	મગનલાલ નરોત્તમદાસ	૧	૮	૦
૨૪૨	શ્રમ અને વિશ્રાન્તિ	બાપુ સખારામ	૦	૨	૦
૨૪૩	દરીઆ ખરના કેદીની વાતો	ગણપતરામ અનુપરામ	૦	૦	૦

૨૪૪	દીપક ચરિત	ગુ. વ. સોસાઈટી	૦	૪	૦	
૨૪૫	અભિજ્ઞાન શાકુન્તલ નાટક	ઝવેરીલાલ ઉમીયાશંકર	૧	૧૨	૦	
૨૪૬	ટ્રેન્ચ કુ ઇગ્લીશ ટ્રાન્સલેશન	આર. ડી. [illegible]	૧	૪	૦	
૨૪૭	નિબંધ રત્નમાળા ભા. ૨	કરીમઅલી રહીમઅલી	૦	૧૦	૦	
૨૪૮	હિંદુસ્તાનમાં પ્રવાસ ભા. ૧	સદર	૦	૮	૦	
૨૪૯	ક્વેન્ટીન ડર્વર્ડનો તરજુમો ભા. ૧-૨-૩	સદર	૧	૦	૦	([illegible])
૨૫૦	કરણ ઘેલો	નંદશંકર તુળજાશંકર	૧	૮	૦	
૨૫૧	ભોજ અને કાળીદાસ	દલપતરામ [illegible]	૧	૦	૦	
૨૫૨	યુવતી [illegible]	[illegible]	૦	૮	૦	
૨૫૩	વિક્રમોર્વશીય	[illegible]	૦	૨	૬	
૨૫૪	માલવિકાગ્નિમિત્ર	સદર	૦	૨	૦	
૨૫૫	અભિજ્ઞાન શાકુન્તલ	સદર	૦	૩	૬	
૨૫૬	રામાયણ સાર ભા. ૧	[illegible]	૦	૧૨	૦	
૨૫૭	[illegible]	[illegible]	૦	૬	૦	
૨૫૮	[illegible]	[illegible]	૧	૦	૦	
૨૫૯	[illegible]	[illegible]	૧	૦	૦	
૨૬૦	સંસ્કૃત ગુજરાતી શબ્દ કોષ	[illegible]	૪	૦	૦	
૨૬૧	[illegible]	[illegible]	૦	૧૦	૦	[illegible]
૨૬૨	[illegible]	[illegible]	૦	૧	૦	
૨૬૩	[illegible]	[illegible]	૦	૧	૦	
૨૬૪	દેશી રમતો	[illegible]	૦	૮	૦	
૨૬૫	[illegible]	[illegible]	૦	૩	૦	
૨૬૬	[illegible]	[illegible]	૦	૨	૦	
૨૬૭	[illegible]	[illegible]	૦	[illegible]	૦	

૨૬૮	વિદ્યાર્થીની ફરજ	તખ્તસિંહજી ખુમાનસીહજી	૦	૩	૦	
૨૬૯	શરીર આરોગ્ય	વિઠ્ઠલરાય બળવંત દેશપાંડે	૦	૬	૦	
૨૭૦	ઇસપકૃત કલ્પિત વાતો	રણછોડદાસ નારણજી	૦	૧૨	૦	
૨૭૧	કિન્ડરગાર્ટન પદ્ધતિનાં મૂળતત્વો	લખાભાઇ લલ્લુભાઇ	૦	૮	૦	
૨૭૨	ચરિત્ર ચંદ્રિકા	કેશવજી વિશ્વનાથ ત્રિવેદી	૨	૮	૦	
૨૭૩	સ્ત્રીબોધ	રેવાશંકર પીતાંબર વ્યાસ	૦	૦	૯	કન્યાશાળા માટે ખાસ
૨૭૪	વિદુર નીતિસાર	સદર	૦	૦	૯	
૨૭૫	મનોરંજક સુબોધ	હરિશંકર દયારામ વ્યાસ	૦	૮	૦	
૨૭૬	સોક્રેટીસનુ જીવનચરિત્ર અને પ્લેટોના પ્રશ્નોતર આવૃત્તિ ૨	અલાદીન શરીફ શાલેમહમદ	૦	૪	૦	
૨૭૭	બાળવાચન ભા.૧	પુસ્તક પ્રસારક મંડળી	૦	૧	૦	
૨૭૮	પાંડવાશ્વમેધ	મણિશંકર ગોવીંદજી શાસ્ત્રી	૨	૦	૦	
૨૭૯	ચેસ્ટરફીલ્ડનો પુત્ર પ્રતિ ઉપદેશ	હરિલાલ વિહારીદાસ તથા મણિલાલ નભુભાઈ	૦	૧૨	૦	
૨૮૦	જાપાન દેશ સંબધી થોડી ઉપયુક્ત માહિતી	વિનાયકભાસ્કર આપટે	૦	૩	૦	
૨૮૧	દેશ દર્પણમાળા અં.૧-૮	વાસુદેવ નરહર ઉપાધ્યે	૦	૩	૦	
૨૮૨	બાળબોધિની	મોરેશ્વર રામચંદ્ર ફાટક	૦	૨	૦	

દેશી કેળવણી ખાતા તરફથી તૈયાર થયેલાં પુસ્તકો.

			૦	૨	૦	
૬	ક્રિકેટ અથવા દડીમારની ર.	છગનલાલ ઠાકોરદાસ	૦	૧૦	૦	કન્યાશાળામાં
૭	પાકશાસ્ત્ર ભા.૨	સદર	૦	૩	૦	
૮	ગેડી દડા	સદર	૧	૩	૦	
૯	બિલ્લિકની રમત	સદર	૦	૩	૦	
૧૦	ભોજ પ્રબંધ	મણિલાલ નભુભાઇ	૧	૦	૦	
૧૧	નીતિ વાક્યામૃત	રામકૃષ્ણ હર્ષજીશાસ્ત્રી	૦	૧૦	૦	
૧૨	સભાપી શતક	મણિલાલ નભુભાઇ	૦	૪	૦	
૧૩	કમાન દડાનો ખેલ	છગનલાલ ઠાકોરદાસ	૦	૪	૦	
૧૪	જાળ દડાનો ખેલ.	સદર	૦	૧	૬	
૧૫	રાજધર્મ	સદર	૦	૧૦	૦	

J. A. Dalal.
વિદ્યાધિકારી

देशी केळवणी खाताना मराठी शाळाओमां इनाममां आपवाने सारुं नीचे जणावेलां पुस्तको मंजूर करवामां आवे छे.

अनुक्रम नंबर	पुस्तकनुं नाम	कर्ता अथवा प्रकट कर्ता	किंमत रु	किंमत आ	किंमत पै	विशेष हकीकत
१५०	आत्मिक उद्योग	मल्हार रामचंद्र मुळे	०	६	०	
१५१	गोष्टी व मनोरंजक गोष्टी	वि. वा. नाइक	०	१	६	
१५२	विविध विषय संग्रह	गोपाळ गणेश आगरकर	०	१४	०	
१५३	हिंदुस्थानातील सांपत्तिक [illegible] भा. १	मल्हार रामचंद्र मुळे	३	०	०	
१५४	मधुरकृष्ण हरीरस	वासुदेव अनंत गोकुळकर	२	०	०	
१५५	मधुरकुंज भाग भा. १ २ ३	सदर				
१५६	[illegible] चार दादा	विनायक वामन भीडे	०	८	०	
१५७	सिक्खलोकांचे चरित्र.	काशीनाथ नारायण	०	१०	०	
१५८	पदार्थ[illegible]माला	[illegible] नारायण मजुमदार	०	१२	०	
१५९	पाकदर्पण	सौ. [illegible]	०	८	०	कन्याशाळा माटे
१६०	रत्नमंजरी	भास्कर रामचंद्र [illegible]	०	६	०	
१६१	महाराष्ट्र देशाच्या गोष्टी व [illegible] इतिहास	विनायक गोविंद लिमये	०	१	०	
१६२	[illegible] नाटक	[illegible] वामन शास्त्री	०	८	०	
१६३	निबंध [illegible] भा. १ २ ३	[illegible] कुलकर्णी	१	०	०	(दरेकना)
१६४	[illegible]	[illegible]	१	४	०	छोकरीओनी शाळामाटे
१६५	[illegible]	विनायक गोविंद लिमये	०	१२	०	
१६६	हिंदुस्थानचा इतिहास	जनार्दन सखाराम [illegible]	०	६	०	
१६७	बालबोध पहिले पुस्तक	महादेव कृष्ण	०	३	०	
१६८	आर्य [illegible]	विनायक गोविंद लिमये	०	२	०	
१६९	प्राचीन [illegible] समीक्षा	वासुदेव नरहर उपाध्ये	०	८	०	
१७०	गोष्टी [illegible]	महादेव नारायण जोशी	०	१	६	
१७१	तुकाराम चरित्र	कृष्णाजी [illegible]	१	४	०	
१७२	[illegible]	[illegible] मोदी	०	२	०	
१७३	[illegible] चरित्र	विनायक गोविंद लिमये	०	६	०	
१७४	[illegible]	सदर	०	४	०	
१७५	विदुरनीति भा. १	[illegible] दामोदर	०	०	६	
१७६	सदर भा. २–३	सदर.	०	१	०	(दरेकना)
१७७	सदर भा. ४	सदर	०	२	०	
१७८	[illegible]	[illegible]	०	११	०	
१७९	[illegible] अहल्याबाई होळकर यांचे चरित्र	[illegible]	०	१२	०	
१८०	[illegible] होळकर यांचे चरित्र	[illegible]	१	०	०	

१८१	वाजाची पेटी वाजवीण्याचें पुस्तक	शिवराव सदाशिव मनोहर	०	१२	०
१८२	मार्डी वित्ता	महादेव नारायण जोशी	०	०	३
१८३	श्रीशिवछत्रपति	शिवराम गोविंद	१	८	०
१८४	इन्ग्लंडांतील गायन शाळां कर्रिता प्रथम पुस्तक	सदाशीव गोविंद	१	०	०
१८५	ज्योर्ज वॉशिंगटनचें चरित्र	मोरो विठ्ठल वाळवेकर	०	१०	०
१८६	आया काय	रायोबा गोपाळ	०	३	०
१८७	मुंबई इलाख्याचें वर्णन	पुनाचित्र शाळा प्रेस	०	१	०
१८८	विचार शिक्षा	जनार्दन (जोशी केशवजी नाईक चीखल)	०	१	०
१८९	मनुष्य आणि त्याचीं कर्तव्यकर्में भा १	कृष्णाजी गणेश	०	४	०
१९०	औरंगजेब बादशाहचें चरित्र	चिन्तामण गंगाधर गोगटे	१	८	०
१९१	डा बेन्जामिन फ्रेंकलीनचें चरित्र	रा गोविंद गोपाळ टीपणीस	१	८	०
१९२	निबंधमालादर्श भा १	रघुनाथ बळवंत	०	१	६
१९३	मराठी विद्या	नारायण हरीपनकी	०	८	०

खानगी खात्यातर्फे छापलेलीं पुस्तकें.

७	अथक	गोविंद गंगाराम सरदेसाई	०	०	९
८	घोंगावणें	शिमियन बेंजामिन	१	१२	०
९	फ्रान्सचा जुना इतिहास	कृष्णाजी केळुसकर	१	१२	०
१०	नीति वाक्यामृत	नारायण धोंडदेव साळकर	०	१०	०
११	इराण	शंकर विष्णु पुराणिक बी ए	१	१२	०
१२	स्वामीदास मुरलीव	रामकृष्ण भगवाराम आठवले एम ए	१	१२	०
१३	सूपशास्त्र अं १ भा १	यशवंत रामचंद्र मराठे	२	८	०
१४	सदर अं ३ भा २	सदर	२	०	०

J A. Dalal
दिप्यार्थिकारी

ગ્રામ્યશાળાના શિક્ષકોને અગત્યની સૂચના.

કેટલીક મુદત પર મહેરબાન આ. આ. વિદ્યાધિકારી સાહેબ એવું ફરમાન થયું છે કે પ્રત્યેક ગ્રામ્યશાળાના મેહેતાજીએ કેળવણી ચોપાનિયું રાખવું. આ ઉપરથી ઘણાક ગ્રામ્યશાળાના મેહેતાજીઓ આ તરફ તેનું વાર્ષિક લવાજમ તથા તે શી રીતે મોકલવું વગેરે પૂછે છે તેમના ખુલાસા માટે નીચે હકીકત આપી છે, ને ઉપર તેઓ ધ્યાન આપશે એવી આશા છે.

સામાન્ય વાર્ષિક લવાજમ.	રૂ. ૨-૦-૦	પોસ્ટેજ રૂ ૦-૩-૦.
રૂ ૧૦) થી ઓછા પગારના મેહેતાજીઓ તથા વિદ્યાર્થીઓ માટે વાર્ષિક લવાજમ.	૦-૧૨-૦	પોસ્ટેજ માફ.
છુટક એક અંકની કીમત.	રૂ. ૦-૪-૦	પોસ્ટેજ માફ.

સંવત ૧૯૪૪ની સાલથી નવા થનાર ગ્રાહકોએ ચાલુ વર્ષના આસો સુદી ૧૫ સુધીમાં આવતાં વરસના કેળવણીના લવાજમના પૈસા ઉપર લખ્યા પ્રમાણે મોકલી આપવા કે જેથી તે હિસાબે માર્ગશીર્ષ માસથી ચોપાનિયાં રવાના કરવામાં આવે. એ મુદત વીત્યા પછી ગ્રાહકને અંકો વીપીકે કરી તેજ મોકલી શકાશે

જુના ગ્રાહકો પૈકી જેમના લવાજમના નાણાં ૧૯૪૪ કારતક વદી ૧૦ સુધીમાં અમને નહિ પહોંચે, તો તેમનાં ચોપાનિયાં બંધ કરવામાં આવશે, અને તેમના નામ ગ્રાહકના રજીસ્ટરમાંથી કમી કરવામાં આવશે.

કોઇ મેહેતાજી વર્ગની અગવડ પડે ત્યારે છુટક પાને અધુરા અંકો મગાવી તેના પ્રમાણમાં લવાજમ આપવા ઇચ્છતા હશે, તો તેમ કરવામાં નહિ આવે.

ચોપાનિયાં કોઇની મારફતે અથવા કહી પોસ્ટમાં પડેલે મોકલવાથી જલદી મળશે, એ વાત સ્પષ્ટ જણાવ્યા સિવાય ચોપાનિયું મોકલવામાં નહિ આવે

જો આપનું ચોપાનિયું તે માસની પુનમ સુધીમાં ન મળે તો તે માસ પૂરો થતાં અગાઉ અમને ખબર આપવી જોઇએ. માસ વીત્યા પછી ખબર આપનારે પોતે તે અંક ખોઇ નાખ્યો છે એમ માની તેની પાસેથી ઉપર લખેલા છુટક અંકની કીમત લેવામાં આવશે. તા. ૧૫-૮-૮૭

મેનેજર.

अनुक्रमणिका.

વિષય.	પૃષ્ઠ.
૧. ઇશ્વરપ્રાર્થના. ...	૧
૨. નત વર્ષ. ...	૩
૩. સુશિક્ષક. ...	૪
૪. નિબંધમાલિકા. ...	૭
૫. બાળગીત. ...	૯
૬. દૂષિત ખોરાક. ...	૧૦
૭. ઇમારતને માટે વાત. ...	૧૧
૮. નોકરીમાં સાવચેતી. ...	૧૨
૯. ચર્ચાપત્રો. ...	૧૩
૧૦. નવીન અનુભવ. ...	૧૫
૧૧. પુસ્તકોની પહોંચ. ...	૧૭
૧૨. ગાયકવાડ સરકારનું કેળવણીખાતું. (ઇનામ પત્રકો.) ...	૧૭

જાહેરખબરો.

ગાયકવાડ સરકારના દેશી કેળવણી ખાતાની શાળાઓમાં ઇનામ તથા લાઈબ્રેરીમાટે મંજુર થએલું ઝાંસી સંસ્થાનનાં મહારાણી લક્ષ્મીબાઇ સાહેબનું ચરિત્ર–ભાષાંતરકર્તા કૃષ્ણસિંગ રામસિંગ સાખરપેકર. કીંમત રૂ. ૨). મળવાના ઠેકાણાં—ચોકસી મોતીલાલ બાપચંદ ઉર્ફે અનુભની લહેરી—કચી પોળને ઝાંપે, રાધા કૃષ્ણની પોળમાં, વડોદરા. અથવા શિયાપરામાં, દામોદર સોનીના નવા ડેલામાં ગ્રંથકર્તા પાસેથી વડોદરા. વેલ્યુપેએબલથી મળી શકશે.

ઘરમાં રમવાની રમતો—કર્તા ગોવિંદભાઇ હાથીભાઈ દેસાઇ. કીંમત રૂ ૦ ૪-૦. મળવાના ઠેકાણાં—કર્તા પાસેથી; તથા મેસર્સ દોલતરામ મગનલાલ એન્ડ કંપની, લેહેરીપુરા, વડોદરા, મેસર્સ એન. એમ. એન્ડ કંપની, કાલબાદેવી રોડ, મુંબાઇ.

શાળોપયોગી દેશીનામું.—છપાઇ બહાર પડયું છે એમાં પાંચમા છઠ્ઠા ધોરણનો વિષય સમાવેશે છે. પાંચમા ધોરણ મ ૨ ૧ થી ૫ મનોયાન છે અને પ્રસ્તાવનામાં તે શીખવવાને સૂચના આપેલી છે. માટે ખાનગી રીતે નહિ મગાતાં સ. કિતાબખાના (ડેપો)–માંથી મંગાવી સેવા મે૦ કરવી. છ૦ લ૦ શાહ.

છપાઇ બહાર પડયું છે.

સંગીત રામ રાવણ નાટક—અષ્ટાંગી જુદા જુદા મેં કરો રાગનાં (૬૦૦) ગાયનોથી ભરપુર. એક રમુજી પ્રહસન સાથે. જેની મેં કરો નકલો ટુંક મુદતમાં ખપી છે કીંમત ફક્ત આઠ આના. કર્તા પરવતસિંહ દગીરસિંહ ઝપીર—પોષ્ટ સમાર ગામ.

केळवणी.

अर्थ पळे वळी धर्म मधाये, ज्ञान मळे सनमान वधावे;
प्रीति वधे पसरे जश भारे, ए शिशुशिक्षण धर्म अमारो.

પુસ્તક ૧૦ મું. કાર્તિક સંવત્ ૧૯૫૪. અંક ૧ લો

ઈશ્વરપ્રાર્થના.

દોહરો.

ત્રેપનનું ત્રાસે ગયું વિક્રમ કેરૂં વર્ષ,
પણ ચોપનમાં પ્રભુ હવે, કરો અધિક ઉત્કર્ષ.

મહીદીપ છંદની ચાલનું ગાયન.

વરસ ગયું નરસ મહા ત્રેપનનું ત્રાસ ભર્યું,
મરકિ મરકિ દેશ વિષે દેશ તણું હીર હર્યું;
કાળ પડ્યો કોટિ મનુષ્ય ભૂખ મરો પામિ મર્યું,
ધરતી ધ્રુજી કંઈક ઠામ સુખ સહુ વિનાશ કર્યું;
માનવી નિરાશ કર્યું,
કોઈ નથી સ્થીર રહ્યું,
તેં ન કશું ધ્યાન ધર્યું. પરમ૦ 1

તું દયાળ જગતપાળ ભક્તિ તારિ સકળ કરે,
યોગિ ભોગિ બુદ્ધિનિધી સર્વ ધ્યાન તારૂ ધરે;
સૂર્ય ચંદ્ર વાયુ વન્હિ દેવ તાહરાથી ડરે,
નિયમ ધારિ નિત્ય કામ આપ આપકેરૂં કરે;
ભાવ રાખિ સકળ સ્મરે,
કોપ દેખિ સકળ ડરે,
તારિ કૃપા પામિ ઠરે. તું દયાળ૦ ૨

કંઈક કરી કુટિલ કરમ પાપ પંક માંહિ પડે,
દુઃખ પડે, વ્યાધિ નડે, તોય પાપથી ન ખડે;
ચોરી કરે, જૂઠ વદે, સુજનનોય ઘાટ ઘડે,
સ્વાર્થ થવા મોહમંદ પાપશ્રેણિ ઉપર ચડે;
તેમને ન કા તુ નડે,
સકળ પ્રજા શાથિ છડે,
આશરો હવે ન જડે. કંઈક૦ ૩

અજ્ઞ અમો હે પરજ્ઞ! જાણિયે ન તારિ કૃતિ,
તું અપાર જ્ઞાનનિધી, મંદ છે અમારિ મતિ;
સર્વ વ્યાપિ વિશ્વમાં તું, ક્યાં ત્યહા અમારિ ગતિ,
વિશ્વનો પતી તુ, અમે નિજ શરીરનાય નથી;
આપ હવે બુદ્ધિ છતી,
હામ ટકે જેથી જતી,
સાંભળી બધી વિનતી. અજ્ઞ અમો૦ ૪

જગત જાળ આ વિશાળ તારિ બધી ખેલવણી,
મમત માન માનવિનું તારી બધી ટેલવણી;
આપ તું દયાળુ દેવ! કોક કૃપા રૂપિ મણિ,
નીતિજ્ઞાન કેરિ મળે જેથિ કંઈક "કેળવણી;"
ભક્તિકે [illegible] ણી,
મુક્તિ [illegible]
એજ દે [illegible]

ગત વર્ષ.

જગન્નિયંતા પરમેશ્વરની કૃપાથી આજ આ ચોપાનિયાનું દશમું વર્ષ શરૂ થાય છે ગયાં નવ વર્ષમાં આ ચોપાનિયે પોતાના નામ પ્રમાણે કામ બજાવ્યું છે. અને હવે પછી પણ તેજ પ્રમાણે તે પોતાનું કામ કર્યે જશે, એવી આશા છે. આ ચોપાનિયું શાળા ખાતાના શિક્ષકોને ઉપયોગી થવા વખતોવખત બનતો પ્રયત્ન કરવામાં આવ્યો છે, અને તેથી તે વાચકવર્ગની પ્રીતિનું પાત્ર થઈ પડ્યું છે, એ એક હર્ષની વાત છે. ગયા વર્ષમાં ઘણાક શિક્ષકોએ શિક્ષણ સંબંધી વિષયો આ ચોપાનિયામાં પ્રકટ થવાને મોકલ્યા છે, જેમાંના કેટલાકને વખતોવખત જગા આપી પ્રકટ પણ કર્યા છે. શિક્ષણ સંબંધી લેખ લખનારાઓમાં શિક્ષકો આગળ પડતો ભાગ લે છે તથા વિચાર કરે છે. એ આ ચોપાનિયાના સંબંધમાં પણ અતિ આનંદની વાત છે. આ માસિકને વિશેષ ઉપયોગી કરવાને ગત વર્ષમાં શાળાના ખાતાના કેટલાક વિદ્વાન અધિકારીઓએ શિક્ષકોને ઘટતી સૂચનાઓ અને બીજા લેખ આ ચોપાનિયામાં પ્રસિદ્ધ કર્યા હતા, તેમનો હું આ પ્રસંગે ઉપકાર માનું છું. કેટલાક મિત્રોએ શિક્ષણના સંબંધમાં ઉપયોગી બાબતો લખી મોકલી હતી તેમનો પણ ઉપકાર માનું છું અને આશા રાખું છું કે નવા વર્ષમાં પણ શિક્ષણકળાના સંબંધમાં શિક્ષકો પોતપોતાનો અનુભવ આ પત્રદ્વારા પ્રકટ કરી શિક્ષકબંધુઓ ઉપર ઉપકાર કરતા રહેશે.

શાળાખાતાના મહેરબાન નિરીક્ષક સાહેબોને વર્ષમાં ઘણી શાળાઓની મુલાકાત લેવાનો પ્રસંગ આવે છે અને તે તે વખતે ત્યાં ચાલતી સામાન્ય ખામીઓ કે સુધારણા તેમની નજરે પડે છે તેઓ સાહેબને અમારી પ્રાર્થના છે કે હવે પછી પ્રસંગ મળતાં તેવી તેવી ખામીઓ કે સુધારણાની પોતે નોંધ લીધી હોય તે અથવા શિક્ષણ કે શિક્ષકોના સંબંધમાં જે સૂચનાઓ આપવાની હોય તે આ પત્રમાં પ્રકટ કરવા મોકલશે.

ગયા વર્ષમાં નમૂનાના શિક્ષણ કેટલાક અનુવાદ, કવિતપાઠ, બાળગીતો, ભૂગોળ અને ગણિત વગેરેના બુદ્ધિવર્ધક પ્રશ્નો, સમાચાર અને કવિતાઓ દાખલ કરી છે. આ વિષયો અમારા શિક્ષકબંધુઓને ઘણા પસંદ પડ્યા છે, એમ કેટલાક મિત્રોના કહેવાથી જણાય છે અને તેથી બનતા પ્રયત્ને આ વર્ષમાં પણ તેવાજ નવીન વિષયો દાખલ કરી અમારા વાચકવર્ગને પ્રસન્ન કરવા અમે યત્ન કરીશું.

પ્રસંગવશાત્ આ માસિકમાં પોતાના લેખ પ્રકટ થવા મોકલનાર મિત્રોને વિનંતિ કરવામાં આવે છે કે તેમણે બહુધા શિક્ષણના અનુભવથી ભરેલા નિબંધો કરતાં શિક્ષણકળા વિષે લખવા ઉપર વધારે ધ્યાન આપવું. દરેક શિક્ષક પોતપોતાના અનુભવની નોંધ કરે અને તે સર્વોપયોગી હોય તો તેને અમે આ પત્રમાં પ્રથમ પદ આપીશું. કલ્પના કરતાં અનુભવ શ્રેષ્ઠ છે એ સર્વ કોઈ જાણે છે, માટે અનુભવ દર્શાવનારા લેખ વિશેષ ઉપયોગી થવાનો સંભવ છે.

ગત વર્ષમાં આ દેશમાં અનેક દૈવકૃત ઉપદ્રવો થવાથી પ્રજા હેરાન થઈ હતી. આ વર્ષમાં તેમ ન બને અને સર્વ કોઇ સુખશાંતિમાં રહે એવી પરમેશ્વરની પ્રાર્થના કરી અમે અમારા વાચકવર્ગની આબાદી ઇચ્છીએ છીએ.

સુશિક્ષક.

(પુ. ૯ માના પૃષ્ટ ૨૨૦ થી શરૂ.)

એ જરૂર પણ હવે પૂરી પડી હતી. હાલમાં શાળામાં પાંચ આસિસ્ટંટો થયા હતા. પહેલો આસિસ્ટંટ **નરભેરામ,** ત્રીજો આસિસ્ટંટ **વિદ્યાશંકર,** ચોથો આસિસ્ટંટ **શાંતિરામ** અને પાંચમો આસિસ્ટંટ **બાળકરામ** એ ચારે **અનુભવપુરનાજ** રહીશ હતા. માત્ર બીજો આસિસ્ટંટ **સેવકરામ,** બહાર ગામથી હમણા એક વરસ થયાં શિક્ષણપદ્ધતિ શાળાના પ્રથમ વર્ષમાં નાપાસ થઈ આવ્યો હતો. કાલ રોજ નવા આવેલા મહેતાજીને સારી રીતે ઓળખવા—તેની પ્રકૃતિને જાણી લેવા, અને તેના મળતીઆ થઇ જવા બધા આસિસ્ટંટો આતુર હતા. હમેશાં જેઓ સાત સાત અને આઠ આઠ વાગે મરજી પડે ત્યારે આવતા તેઓ આજે સાડા છ થયા તેટલામાં તો આવી હાજર થઇ ગયા હતા. અને ભેળા મળી નવા મેહેતાજીને માટે જૂદાં જૂદાં અનુમાનો કરતા હતા. કાલ રોજે દફતર તપાસતાં તેમણે આગેલાં તૈયાર કામથી તેઓ જાણી ગયા હતા કે એમને અપૂર્ણ કે ગરબડવાળું કામ ગમતું નથી. તેથી આજરોજ તેવું કોઇનું ન દેખાય, તેને માટે તેઓ સાવચેત હતા. કારણ તે બાબતમાં પ્રમાદ થશે તો કદાચ મેહેતાજી સાહેબની અપ્રીતિ થઈ જશે એમ તેમને પૂર્ણ ધારતી હતી.

જ્યારે જ્યારે બે એક બીજાને માટે છેક્જ અજ્ઞાન મનુષ્યો એકજ કાર્યમાં યોજાવાને માટે મળે છે; ત્યારે ત્યારે પ્રથમ તેઓ પરસ્પર સામાન્ય પ્રેમની દૃષ્ટિથી જુએ છે; અને પરસ્પર પ્રીતિ મેળવવાને માટે એક બીજા—દરેકના તરફથી ખાસ પ્રયત્ન થાય છે. જેમ બને તેમ સામાની પ્રીતિનું પાત્ર હું થઇ પડું તેમ દરેકને પોતાના અંતઃકરણપૂર્વક વિચાર હોય છે. પરંતુ જ્યારે તેઓ વધારે સહવાસમાં આવતાં જાય છે, એક બીજાને એક બીજાનો અનુભવ વધતો જાય છે, દરેકની સ્વાભાવિક ચેષ્ટા અને યથેચ્છ આચરણો થતા જાય છે; ત્યારે તેમાં વધારો અથવા ઘટાડો થવા માંડે છે. જો બન્નેનાં શુદ્ધ અને સ્વાભાવિક આચરણો પરસ્પર યોગ્ય અને લાભ કરનારાં લાગે, તો તે બંન્ને પુષ્કળ પ્રેમથી હમેશાં રહેવા માંડે છે; અને ધીરેધીરે તેનો પ્રેમસંબંધ વિશેષ ગાઢ થતો જાય છે; પરંતુ જો ઉભયનાં આચરણો એક બીજાને અયોગ્ય અને હાનિકર લાગે, તો પ્રથમ સંમિલનમાં ઉદ્ભવેલો જે સામાન્ય પ્રેમ તે પણ નષ્ટ થવા માંડે છે; એક બીજાનાં દૂષણો જાણીજાણીને જોવાય

છે; આમાનાં કરેલા સત્કાર્યોમા પણ દોષ દર્શિત થાય છે, અને એ પ્રમાણે અપ્રીતિના કારણો સહેજે સહેજે મળતા જાય છે—વધતા જાય છે.

આનો સુપ્રસિદ્ધ અને હમેના પ્રત્યક્ષ આવતો દાખલો જોવો હોય તો આપણો ગૃહસ્થ સાર છે. આપણા લગ્નની રૂઢી એવી છે કે જેમા એકજ કાર્યને માટે—એકજ ગૃહકર્મ ચલાવવાને માટે દરેકને માટે છેકજ અજ્ઞાન એવા બે મનુષ્યો જોડાય છે આવી રીતે મળેલા દરેકના સ્વભાવ, ચેષ્ટા વગેરેથી અજ્ઞાન સ્ત્રી પુરુષો પ્રથમ પ્રસંગમાં તો પરસ્પર સામાન્ય પ્રેમથી જોડે છે, અને પછીથી પરસ્પર પ્રેમ વૃદ્ધિ કરવા મથે છે. જો તે બન્નેના સ્વભાવ અને વર્તન આગળ ઉપર પણ મળતાજ રહેછે, તો પછી તેઓ વિશુદ્ધ અને ગાઢ પ્રેમથી બંધાય છે, અને જો બન્નેના સ્વભાવ અને વર્તનો ભિન્ન અને વિરૂદ્ધ જણાય તો તેઓ પ્રેમશૂન્ય થઇને માત્ર ગૃહવ્યવસ્થા ચલાવે છે

પરંતુ જ્યારે એકજ કાર્યમા જોડાતા બે મનુષ્યો દરેકને પ્રથમથીજ જાણતા હોય, ત્યારે પરિણામ જૂદુંજ આવે છે જો તેઓ બન્ને પ્રથમથી દરેકને શુદ્ધ—નિર્મળ સ્વભાવના, સદ્ગુણી અને એકદરે પોતાના કામને માટે યોગ્ય માનતા હોય તો તેઓ વધારે સજ્જડ પ્રેમથી જોડાય છે, અને તેમના તે પ્રેમ દિનપ્રતિદિન વિશેષ વૃદ્ધિંગત થતો જાયછે તેમજ તેમને સુયત્ન થયેલું—તેમનું મન વગેરે પણ દિનપ્રતિદિન ઉન્નતિમાં ઉત્તરોત્તર વધારે થાય છે. આનો બરોબર તો નહી પણ જેવો તેવો દાખલો જોઇતો હોય, તો આપણા પશ્ચિમાત્ય ભાઈઓનો ગૃહસંસાર છે તેમાના ઘણાખરા સ્ત્રી પુરૂષો પ્રથમથીજ પોતાને જેની સાથે જોડાવાનું હોય, તેને તપાસે છે, તેમના સ્વભાવ અને વર્તનો જાણે છે, અને એવી રીતે જાણ્યા પછીથીજ પોતાને યોગ્ય લાગે તો જોડાય છે આથી તેઓ વિશુદ્ધ અને ગાઢ પ્રેમથી બંધાઇ, આપણા ઘણાખરા લોકોને દુખમય લાગતા ગૃહસંસારને સુખમય સ્વર્ગ જેવો કરી રહી શકે છે.

પણ જો કોઇ વખતે બાહ્યસ્થાન એવું બને, કે જેમા પરસ્પર એક બીજાને પોતાના ઇચ્છિત કામને માટે નાલાયક સમજાતા મનુષ્યો એકજ કાર્યમા જોડાય, તો તેમા પરિણામ પણ વિષમ આવે છે કહેવું પડે છે કે આવા દાખલાઓ કેટલેક દરજ્જે આપણી નોકરીઓમા બને છે કારણ કે આપણે આપણા ઘણાખરા શિક્ષક બંધુઓને થોડાઘણા પણ ઓળખતા હોઇએ છીએ જેઓને તો પોતાનેજ પણ ઘણુંખરૂંને સારી પેઠે ઓળખતા હોઇએ છીએ અને એવી ઓળખાણમા આપણે ઘણુંખરાને માટે સારા અથવા નરસા અનુમાનો આપણા મનમા દૃઢ કરી લીધા હોય છે જ્યારે એક બીજાને માટે જેના સારા અનુમાનો હોય તેવા માણસો એકજ શાળામા મળે, ત્યારે તો શિક્ષક પરસ્પર પૂર્ણ પ્રેમ અને શાળાની ઉન્નતિ થાય પણ જ્યારે એક બીજાને માટે જેના નરસા અનુમાનો હોય, તેવા માણસો એક શાળામાં મળે ત્યારે પૂરી કમનસીબી. શાળાની અધોગતિ અને શિક્ષકોમા સદાઇ ટંટા: આવા દાખલાઓ પણ બને છે,—નથી બનતા એમ નથી.

પણ આપણા મ્યુનીસીપાલીટી કરને માટે તેમ બને તેમ નહોતું આસિસ્ટંટ મ્યુનીસિપાલ શંકરના સ્વભાવ અને વર્તનથી અજ્ઞાન હતા મ્યુનીસીપાલીટીકરે માત્ર એટલું જણાવ્યું હતું કે આસિસ્ટંટ કામ કરવામા આળસુ થઇ ગયા છે પણ તેનો દોષ તેણે તડાકગામ પર મુક્યો

ગત વર્ષમાં આ દેશમાં અનેક દૈવકૃત ઉપદ્રવો થવાથી પ્રજા હેરાન થઈ હતી. આ વર્ષમાં તેમ ન બને અને સર્વ કોઇ સુખશાંતિમાં રહે એવી પરમેશ્વરની પ્રાર્થના કરી અમે અમારા વાચકવર્ગની આબાદી ઇચ્છીએ છીએ.

सुशिक्षक·

(પુ. ૭ માના પૃષ્ટ ૨૨૦ થી શરૂ.)

એ જરૂર પણ હવે પૂરી પડી હતી. હાલમાં શાળામાં પાંચ આસિસ્ટંટો થયા હતા. પહેલો આસિસ્ટંટ **નરભેરામ**, ત્રીજો આસિસ્ટંટ **વિદ્યાશંકર**, ચોથો આસિસ્ટંટ **શાંતિરામ** અને પાંચમો આસિસ્ટંટ **બાળકરામ** એ ચારે **અનુભવપુરનાજ** રહીશ હતા. માત્ર બીજો આસિસ્ટંટ **સેવકરામ**, બહાર ગામથી હમણા એક વરસ થયાં શિક્ષણપદ્ધતિ શાળાના પ્રથમ વર્ષમાં નાપાસ થઈ આવ્યો હતો. કાલ રોજ નવા આવેલા મહેતાજીને સારી રીતે ઓળખવા—તેની પ્રકૃતિને જાણી લેવા, અને તેના મળતીઆ થઇ જવા બધા આસિસ્ટંટો આતુર હતા. હમેશાં જેઓ સાત સાત અને આઠ આઠ વાગે મરજી પડે ત્યારે આવતા તેઓ આજે સાડા છ થયા તેટલામાં તો આવી હાજર થઇ ગયા હતા. અને ભેળા મળી નવા મેહેતાજીને માટે જૂદાં જૂદાં અનુમાનો કરતા હતા. કાલ રોજે દફતર તપાસતાં તેમણે માગેલાં તૈયાર કામથી તેઓ જાણી ગયા હતા કે એમને અપૂર્ણું કે ગરબડવાળું કામ ગમતું નથી. તેથી આજરોજ તેવું કોઇનું ન દેખાય, તેને માટે તેઓ સાવચેત હતા. કારણ ને બાબતમાં પ્રમાદ થશે તો કદાચ મેહેતાજી સાહેબની અપ્રીતિ થઈ જશે એમ તેમને પૂર્ણું ધારતી હતી.

જ્યારે જ્યારે બે એક બીજાને માટે છેકજ અજ્ઞાન મનુષ્યો એકજ કાર્યમાં યોજાવાને માટે મળે છે; ત્યારે ત્યારે પ્રથમ તેઓ પરસ્પર સામાન્ય પ્રેમની દૃષ્ટિથી જુએ છે; અને પરસ્પર પ્રીતિ મેળવવાને માટે એક બીજા—દરેકના તરફથી ખાસ પ્રયત્ન થાય છે. જેમ બને તેમ સામાની પ્રીતિનું પાત્ર હું થઇ પડું તેમ દરેકને પોતાના અંતઃકરણપૂર્વક વિચાર હોય છે. પરંતુ જ્યારે તેઓ વધારે સહવાસમાં આવતાં જાય છે, એક બીજાને એક બીજાનો અનુભવ વધતો જાય છે, દરેકની સ્વાભાવિક ચેષ્ટા અને યથેચ્છ આચરણો થતાં જાય છે; ત્યારે તેમાં વધારો અથવા ઘટાડો થવા માંડે છે. જો બન્નેનાં શુદ્ધ અને સ્વાભાવિક આચરણો પરસ્પર યોગ્ય અને લાભ કરનારાં લાગે, તો તે બંન્ને પુષ્કળ પ્રેમથી હમેશાં રહેવા માંડે છે; અને ધીરેધીરે તેનો પ્રેમસંબંધ વિશેષ ગાઢ થતો જાય છે; પરંતુ જો ઉભયનાં આચરણો એક બીજાને અયોગ્ય અને હાનિકર લાગે, તો પ્રથમ સંમિલનમાં ઉદ્દભવેલો જે સામાન્ય પ્રેમ તે પણ નષ્ટ થવા માંડે છે; એક બીજાનાં દૂષણો જાણીજાણીને જોવાય

છે, સામાન્ય કરેલાં સત્કાર્યોમાં પણ દોષ દર્શિત થાય છે; અને એ પ્રમાણે અપ્રીતિનાં કારણે સહેજે સહેજે મળતાં જાયછે—વધતાં જાય છે.

આનો સુપ્રસિદ્ધ અને હમેશાં પ્રત્યક્ષ આવતો દાખલો જોવો હોય તો આપણો હિંદુ ગૃહસંસાર છે. આપણા લગ્નની રૂઢી એવી છે કે જેમાં એકજ કાર્યને માટે—એકજ ગૃહતંત્ર ચલાવવાને માટે દરેકને માટે છેકજ અજ્ઞાન એવાં બે મનુષ્યો યોજાય છે. આવી રીતે જોડેલાં દરેકના સ્વભાવ, ચેષ્ટા વગેરેથી અજ્ઞાન સ્ત્રી પુરુષો પ્રથમ પ્રસંગમાં તો પરસ્પર સામાન્ય પ્રેમથી જોડે છે, અને પછીથી પરસ્પર પ્રેમ વૃદ્ધિ કરવા મથે છે. જો તે બન્નેના સ્વભાવ અને વર્તન આગળ ઉપર પણ મળતાંજ રહેછે, તો પછી તેઓ વિશુદ્ધ અને ગાઢ પ્રેમથી બંધાય છે, અને જો બન્નેના સ્વભાવ અને વર્તનો ભિન્ન અને વિરુદ્ધ જણાય તો તેઓ પ્રેમશૂન્ય થઈને માત્ર ગૃહતંત્રમાં ગાબડે છે.

પરંતુ જ્યારે એકજ કાર્યમાં જોડાવાનાં બેઉ મનુષ્યો દરેકને પ્રથમથીજ જાણતાં હોય, ત્યારે પરિણામ જૂદુંજ આવે છે. જો તેઓ બન્ને પ્રથમથી દરેકને શુદ્ધ—નિર્મળ હૃદયનાં, સદ્ગુણી અને એકંદરે પોતાના કામને માટે યોગ્ય માનતાં હોય તો તેઓ વધારે સહજ પ્રેમથી જોડાય છે, અને તેમનો તે પ્રેમ દિનપ્રતિદિન વિશેષ વૃદ્ધિ મત પામતો જાય છે. તેમજ તેમને સુખરૂપ પરેલું—તેમનું ગૃહ ... પણ વિશેષ ઉન્નતિએ જઈ ફતેહમંદ થાય છે. આનો ખરેખર તો નહી પણ જેવા તેવા દાખલો જોઈતો હોય, તો આપણા પશ્ચિમાત્ય ભાઈઓનો ઘરસંસાર છે. તેમાંના ઘણાખરા એક સ્ત્રી પુરુષો પ્રથમથીજ પોતાને જેની સાથે જોડાવાનું હોય, તેને તપાસે છે, તેમના સ્વભાવ અને વર્તનો જાણે છે, અને એવી રીતે જાણ્યા પછીથીજ પોતાને યોગ્ય લાગે તો જોડાય છે. આથી તેઓ વિશુદ્ધ અને ગાઢ પ્રેમથી બંધાઈ, આપણા ઘણાખરા લોકોને દુઃખમય લાગતા ગૃહસંસારને સુખમય સ્વર્ગ જેવો કરી રહી શકે છે.

પણ જો કોઈ વખતે ભાગ્યયોગે એવું બને, કે જેમાં પરસ્પર એક બીજાને પોતાના ઇચ્છિત કામને માટે નાલાયક ગણાતા મનુષ્યો એકજ કાર્યમાં જોડાય, તો તેમાં પરિણામ ઘણું વિષમ આવે છે. કહેવું પડેછે કે આવા દાખલાઓ કેટલેક ઠેકાણે આપણી નોકરીઓમાં બને છે. કારણ કે આપણે આપણા ઘણાખરા ઉપરી અમલદારોને કેટલાક સંબંધે પણ ઓળખતા હોઈએ છીએ, એટલું નહિ પણ પોતાનાજ પણ ઘણાખરાને સામાન્યપણે ઓળખતા હોઈએ છીએ અને એવી ઓળખાણમાં આપણે ઘણાખરાને માટે સારા અથવા નરસા અનુમાનો આપણા મનમાં દૃઢ કરી લીધાં હોય છે. જ્યારે એક બીજાને માટે જેના સારા અનુમાનો હોય તેવા માણસો એકજ શાખામાં મળે, ત્યારે તો એકંદર પરસ્પર પૂર્ણ પ્રેમ અને શાખાની ઉન્નતિ થાય. પણ જ્યારે એક બીજાને માટે જેના નરસા અનુમાનો હોય, તેવા માણસો એક શાખામાં મળે ત્યારે પૂરી કમનશીબી. શાખાની અવનતિ અને વિરોધોમાં લડાઈ ટંટા આવા દાખલાઓ પણ બને છે,—નથી બનતા એમ નથી.

પણ આપણા પ્રવીણશંકરને માટે તેમ બને તેમ નહોતું. આનિરુદ્ધરાય પ્રવીણશંકરના સ્વભાવ અને વર્તનથી અજાણ હતા. પ્રવીણશંકરે માત્ર એટલું જાણ્યું હતું કે આનિરુદ્ધરાય કામ કરવામાં આળસુ થઈ ગયા છે પણ તેનો દોષ તેણે તકદીર પર મૂક્યો

હતો. તડાકરામેજ તેમને આળસુ બનાવી દીધા છે, એમ તેણે વિચારી લીધું હતું. જેથી ઉભય પરસ્પરના સ્વભાવ અને સામાન્ય વર્તનથી અજ્ઞાન હતા. અને તેમ હોવાથીજ આસિસ્ટંટો અત્યારે મહેતાજીને સામાન્ય પ્રેમથી મળવા આતુર થઇ રાહ જોઈ રહ્યા હતા. પ્રવીણશંકર પોતે પણ સામાન્ય રીતે અનુરક્ત છેજ એ આપણે પ્રથમ જાણી ગયા છીએ.

આ તરફ પ્રવીણશંકર નિશાળમાં આવવા ઓરડીથી નીકળી ચૂક્યો હતો. અત્યારે તેનું મગજ સ્વચ્છ થયું હતું, વિચારનો ગોટો નીકળી ગયો હતો અને શાંત ચિત્તથી પ્રસન્ન મને ચાલ્યો આવતો હતો. વચ્ચે વચ્ચે નવા ગામની નવી દેખાતી રચના નિહાળતો હતો. અને ગામલોકનો દયાળુ અને પ્રેમહૃદયના પ્રણામ સલામના રૂપમાં સ્વીકારતો હતો. ઓરડી નિશાળથી વધારે દૂર ન હતી. જેથી થોડીવારમાંજ આવી પહોચાયું. ઘડીઆળમાં જોતાં પોણા સાત થયા જણાયા. "બરોબર વખતસર પહોંચાયું છે" કરી કંપાઉન્ડમાં દૃષ્ટિ કરી તો છોકરાઓ તેમાં આથડતા હતા. આડા અવળા ગમે ત્યાં ફરતા હતા. નવા મહેતાજીને આવતા જોઇ છોકરાઓ ચૂપ થઇ ગયા. અને ફરતા બંધ રહી ચારે તરફ ટોળું વળી ઉભા. પણ મહેતાજીને તે ગમ્યું નહીં. આસિસ્ટંટો પણ મહેતાજીને આવવાના ખબર–સાંભળી બહાર આવી ઉભા હતા, અને શબ્દ પડતાંજ તેની ઇચ્છાને અનુસરવા તૈયાર હતા. મહેતાજીએ તુર્તજ છોકરાઓના વિભાગ પાડવા માંડ્યા- ધોરણવાર છોકરાઓને જૂદા જૂદા બોલાવીને હારબંધ ઉભા રાખવા માંડ્યા, તોપણ તેઓ આડા અવળા અને વાંકાચૂકા ઉભા. તેમને અસંસ્કારી ગણી, સીધા અને ટટાર ઉભા રહેતાં સૂચવ્યું--શીખવ્યું અને એક પળવારમાં રખડતા અને ટોળું મળી ઉભા રહેના છોકરાઓને સફાઇબંધ સીધા અને ટટાર ઉભા રહેલા કરી દીધા.

આમ કરતાં પાંચ મિનિટ થઈ ગઇ—પહેલો ઘંટ કરવાનો વખત થયો. પણ આસિસ્ટંટોને એની મેળે ઘંટ કરવાની સરત ન રહી કારણ કે તેમ કરવાની હમેશાંની ટેવ ન હતી. જો કે તેઓ જાણુતા હતા કે હમેશાં ટાઈમ પહેલાં દશ મિનિટે પહેલો ઘંટ કરવો જોઇએ; પરંતુ તે હમેશની ટેવ શિવાય ભુલી ગયા. ને અત્યારે તો નવા મહેતાજીનો નવો ખેલ જોતાં ભૂલી જાય એ સહજ હતું.

મેહેતાજીએ સંભારી આપ્યો કે તુર્તજ પહેલો ઘંટ કરવામાં આવ્યો. આ તરફ છોકરાઓ પાસે મહેતાજીએ કવિતા બોલાવવા શરૂ કરી. સાદી ઇશ્વરસ્તુતિ વાંચન પાઠોમાંજ આવેલી એવી પોતે બોલતા ગયા અને છોકરાઓ પાસે બોલાવતા ગયા. આથી બધા છોકરાઓ કંઇ ઇશ્વરનું સ્તવન સમજતા હતા અને શાંત રહેતા હતા એમ નહીં; પણ તાલબંધ ગવાતું અને ક્રમબંધ ઉભા રહેવાનું હોવાથી સ્વાભાવિક રીતેજ તેમાં તેને રસ પડયો; જેથી તેઓ શાંત રહ્યા. મેહેતાજીની આજ્ઞાને અનુસરવા માંડ્યા અને મેહેતાજીને પ્રેમની દૃષ્ટિથી નિહાળવા લાગ્યા મહેતાજીએ આ પ્રેમાર્દ્ર દૃષ્ટિ જોઇ લીધી—જાણી લીધી અને તેનો લાભ લેવા માંડયો—તેની રસીક વૃત્તિને વધારે ઉશ્કેરવા માંડી:—

"છોકરાઓ, તમારે હમેશાં હમણાં ઘંટ થયો તેવો ઘંટ થતાં સુધી બહાર રમ્યા કરવું. પણ ઘંટ થાય કે તુર્તજ કંપાઉન્ડમાં આવી ધોરણવાર હારબંધ--હમણાં ઉભા

છો તેમ—ઊભા રહેવું. પછી તમારા શિક્ષક આવી તમને કવિતા ગવરાવશે—કવાયત કરાવશે વગેરે કરશે આમ થતાં થતાં જ્યારે બીજો ઘંટ થાય ત્યારે તરતજ તમારે નિશાળમાં હારબંધ-જુદા જુદા થઈને નહીં પણ આવીજ હારોથી એક પછી એક દાખલ થઈ જવું ''

આ પ્રમાણે છોકરાઓને કહી શિક્ષકો તરફ જોયું:—

" સમજ્યા કે નહીં માસ્તર. તમારે પણ પ્રથમ ઘંટ થાય એટલે બહાર રોકવાના છોકરાઓ તરફ ધ્યાન આપવું તેને મહાઠેબંધ ઉભા. રાખવા કવિતા ગવરાવવી—કવાયત કરાવવી વગેરે કરી ત્યાર પછી બીજો ઘંટ થાય એટલે હારબંધ શાળામાં લાવવા કેમ એ ઠીક પડશે કે નહીં ? એથી ગરબડ બીલકુલ નહીં થાય—છોકરાઓને ગમ્મત પડશે અને બધું કામ શાંતિથી થશે "

શિક્ષકો કબુલ થયા મ્હેતા પ્રમાણે વિદ્યાર્થીઓને શાળામાં દાખલ કર્યા અને હવે અભ્યાસની શરૂઆતનો વખત આવ્યો

લિ

ઉન્હાળાના તાપથી કરમાતું,

કુસુમ.

निबंधमालिका.

વિષય ૩ જો—એકી વખતે એકજ કામ.

(જે બે સસલાનો સાથે શિકાર કરવા જાય છે ને એક છોડી દે છે અને બીજું ખુએ છે.)

પ્રવેશવ્યાખ્યા—જ્યારે બે સસલા બે જુદી જુદી અને કદાચ વિરૂધ્ધ દિશાઓમાં દોડે છે ત્યારે કોઈ પણ શિકારીને બન્નેની પાછળ પડવું એ બહુ અશક્ય થઈ પડે છે. અને તેની પેઠે કોઈ પણ માણસ બે કામ એક વખતે સારાં કરી શકે નહીં

૧ જ્યારે આપણું ધ્યાન બે અથવા વધારે વસ્તુઓ તરફ એકી વખતેજ ખેંચાય છે ત્યારે આપણા વિચાર ભેદાય છે અને શક્તિઓ વહેંચાય છે, તેથી જે કામ આપણે હાથમાં લીધાં હોય, તે લીધેલા એકજ કામના જેવું સારૂં થતું નથી

૨. જ્યારે બે કામ એકજ વખતે લેવામાં આવે ત્યારે એક કામથી બીજા કામ તરફ જવાને ઘણો વખત જાય છે.

૩ કોઈ પણ કામ સારૂં કરવાને મગજને તેમાં રસ પડવો જોઈએ પણ વખતો વખત ધ્યાન એકથી બીજા તરફ બદલાઈ જવાથી એ રસને ઉત્તેજન મળતું નથી. અથવા બને કે થાય છે તો પણ તે તરત ભંગ થાય છે

યામાં એક ભાગેલા વાહાણ ઉપર કામ કરતાં એક ડૂબકી મારનારો ઘણી મુશ્કેલીથી બચ્યો હતો. એ વાહાણ એક મોટી આગબોટ હતી કે જે ખરાબા સાથે અથડાઇને દરિયાને તળીએ ગઈ હતી એની ઉપર કેટલોક કીમતી સામાન અને ત્રણ ચાર કાગળની થેલીઓ હતી. આ થેલીઓમાંના કેટલાક કાગળોની તે વખતે ઘણીજ જરૂર હતી, અને તેથી એક ડૂબકી મારનારને તે લેવા મોકલ્યો. તેણે પોતાનો પોશાક પેહેર્યો હતો અને દરિયાને તળીએ ભાગેલા વાહાણની ઓરડીમાં કાગળો શોધતો હતો. એકાએક પાછું ફરીને જોતાં પોતાની પાસે એક શાર્ક માછલીને તેણે જોઇ. શું કરવું તેની એને સૂઝ પડી નહીં. તે ઓરડીના એક ખુણા પાસે ઉભો હતો અને તેની અને બારણાની વચ્ચે ભયંકર શાર્ક હતી. તે માણસ તદન શાંતતાથી ઉભો રહ્યો અને શાર્ક પણ રહી રહીને પોતાની પાંખો થોડી થોડી હલાવતી. તે ડુબકી મારનારાએ પોતાના છરાનું મ્યાન ઢીલું કર્યું અને શાર્ક હુમલો કરે કે તરતજ તેની સાથે હડથી લડવાનો નિશ્ચય કર્યો. તે શાર્કની સામે તાકીને જોઇ રહ્યો અને તે પણ લગાર બીનેલી જણાઈ. કદાચ એને ડુબકી મારનારના હસામણા ટોપથી બીક લાગી હશે. આખરે શાર્કે બારણા નજીક તરીને જવા માંડયું. પછી તે માણસે પણ ખસવા માંડયું. શાર્કે જેવો તેને ખસતો જોયો કે તરત જેટલી બની તેટલી ઝડપથી તે નાશી ગઇ. થોડા વખતમા તે ડુબકી મારનારો પણ ગયાળે આવ્યો.

नोकरीमां सावचेती.

(મળેલું.)

સરકાર અગર કોઇ ખાનગી ગૃહસ્થ જે પ્રકારની જેવી નોકરી ઉપર આપણને જયાં મોકલે, ત્યાં આ વિષય ઘણો ધ્યાનમાં રાખવા યોગ્ય અને અતિ ઊપયોગી છે. પોતાને જે કામ કરવાનું હોય, તે નિયમસર અને વખતસર કરવું. નોકરીના કામમાં આળસ રાખવું નહિ, તેમ બેફિકરા કે ગાફેલ રેહેવું નહિ, પોતાનું કામ સાફસુફ અને ચોખવટવાળું રાખવું. રોજનું કામ રોજ કરવું. કામ ચઢી જવા દેવું નહિ; જ્યારે જોઇએ ત્યારે પોતાનું જેટલું કામ જોઇએ તેટલું તૈયાર હોવું જોઈએ. આપણા હાથમાં નાણાં સંબંધી હિસાબ હોય તો તેમાં બરોબર પ્રમાણિકપણું રાખવું. એમાં ગફલત થવાથી પોતાનું કામ બગડે છે, અને પોતાની નોકરી તથા આબરૂને ધોકો લાગે છે, માટે એ વાત બહુ ધ્યાનમાં રાખવી, અને પોતાની હાથ નીચેના માણસ પણ એવી ગરબડ ન કરે એવી સાવચેતી રાખવી.

તાબાના નોકર પાસેથી વખતસર કામ લેતા જવું. કામ આગળ પાછળ કે બે દિવસ પછી કરી આપવાની તેમને લહણ પાડવી નહિ. એક બે દિવસ તેમ થયું તો પછી તેમની પાસે કામનો ભરાવો થઇ જવાનો અને તેમાં પરિણામે આપણનેજ પોતાનેજ નુકસાન, માટે કામની સાવચેતી જેવી આપણે રાખવાની, તેવીજ તાબાના માણસ પાસે રખાવવી.

તાબાના માણસો સાથે હદથી જાદે હળી જવું નહિ તેમના ઉપર હદથી જાદે ચાહના કે ઈતરાજી રાખવા નહિ આપણી વર્તણુંક એવી ન જોઇએ કે, જેથી બીજાઓને માઠી અસર થાય આપણી સારી વર્તણુંકથી એમને સારૂં પરિણામ બતાવી આપવું કે જેથી તેઓ પણ સારે માર્ગે ચાલે, તાબાના માણસો સારા કે ખોટા હશે, તેવી આપણી કીર્તિ સારી કે ખોટી થશે, માટે નઠારા માણસને સુધારી સારો કરી લેવા આપણાથી બનતો પ્રયાસ કરવો. તેમ છતાં ન સુધરે તો તેને વેગળો કરવો ઉત્તમ છે

અજાણ્યા લોકોમાં આપણી નોકરી હોય તો તે લોકોના સ્વભાવ, રીતભાત, અને આચરણથી બરાબર વાકેફ થયા વિના તેમની સાથે પરિચય રાખવો નહિ. અને ખરી ખાત્રી સિવાય કોઇનો ભરૂસો રાખવો નહિ તેમ એવે ઠેકાણે પોતે સાહસ કરી કોઇની સાથે અદાવત કે કજીઓ કરી બેસવો નહિ. તેમજ કોઈના ઉપર મિજાજ ચલાવવો નહિ; સર્વના ઉપર સમાન દૃષ્ટિ રાખવી અને સૌ સાથે હળી મળીને ચાલવું પાછળથી પોતાના વખાણ થાય એવી વર્તણુક ચલાવવી પોતાને માથે શત્રુના ઘરા દેરી નહિ શત્રુને વશ થવું નહિ. પણ શત્રુને વશ કરવા, બીજાના ઉપકાર તળે આવવું નહિ, પણ બીજાને ઉપકાર નીચે લેવા

તાબાના નોકરોને સત્તામાં રાખવા અને પોતે પોતાના ઉપરીની સત્તામાં રહેવું પોતાના ઉપરી પ્રત્યે આમન્યા તાબેદારીના ધર્મ પ્રમાણે ચાલવું, પોતાને સોંપેલી નોકરી બરોબર એકનિષ્ઠાથી કરવી પોતાની નોકરી અને પગારમાં સંતોષ માનવો પોતાનું કામ ભૂલ વગરનું અને જોઇએ તેવું હમેશા તૈયાર રાખવું, " પોતાના કામનો જવાબ ઉપરી જ્યારે માગે ત્યારે પૂરેપૂરો આપી શકાય, એમ સાવચેત રહેવું "

(અપૂર્ણ)

ચર્ચાપત્રો.

૧

મેહેરબાન કેળવણીના અધિપતિ સાહેબ.

સલામ સિવાય વિનતિ જે—આપના તરફથી પ્રસિધ્ધ થતા કેળવણી ચોપાનીઆના પુસ્તક ૯ અંક ૧૧ ભાદરવાના પૃષ્ઠ ૨૦૩ ઉપર "અંકગણિતના અભ્યાસ દાખલા" એ હેડ નીચે જે ૫ દાખલા આપેલા છે તે ગણતા નીચે પ્રમાણે જવાબ આવે છે તો તે આપના ચોપાનીઆમા પ્રસિદ્ધ કરવા મેહેરબાની કરશોજી

દાખલાનો નંબર. જવાબ

૧—પાંચ ટકાવાળી રકમ રૂ ૧૦૦૦ ની લીધેલી તે બે વરસે વ્યાજ સાથે રૂ ૧૧૦૦ આપવી પડશે.

ચાર ટકાવાળી રકમ પણ રૂ. ૧૦૦૦ ની લીધેલી તે અઢી વરસે વ્યાજ સાથે રૂ. ૧૧૦૦ આપવી પડશી.

ટીપ—જો બન્ને મળીને રૂ. ૧૧૦૦ આપવા પડ્યા હોય તો દરેક રકમ રૂ. ૫૦૦ ની વ્યાજે લે છે અને રૂ ૫૫૦ દરેકને બદલે આપેછે.

૨—ત્રીજો વાંદરો દરમિનિટે $૧૩\frac{૧}{૩}$ કેળાં ખાય.

૩—વ્યાજનો દર ૬૫ ટકા. અને લેણું થવાની રકમ રૂ. ૫૬ ૨૮—૦

૪—રૂ. ૪૬—૮—૦

૫—૮ ઉપર $૫૮\frac{૧૦૬}{૧૪૩}$ મિનિટ.

ઉપરના જવાબ પ્રસિદ્ધ થવા મે. થશે.

લી. તા.

કુબેરભાઇ શવદાસ.

૨

ભૂમિતિ.

યુકિલડ ભૂમિતિ સ્કંધ ૧ લાના સિદ્ધાંત ૨ જાનો પ્રશ્ન ૧.

૧. એક આપેલા બિંદુમાંથી એક આપેલી અમર્યાદ સીધી લીટીને મળે, એવી એક આપેલી લંબાઇની લીટી દોરો ?

નિચેના પ્રશ્નો પહેલા સ્કંધના ગમે તે સિદ્ધાંતની સહાયતાથી સિદ્ધ કરો.

૨. કોઇ પણ ત્રિકોણની બે બાજુઓને દ્વિભાગી, તો દ્વિભાગનારી લીટી પાયાને સમાન્તર થશે, અને તેનાથી અર્ધી થશે.

૩. એક ત્રિકોણના પાયાને સમાન્તર એવી એક લીટી દોરો, કે તે દોરેલી લીટી, તથા પાયા વચ્ચેની ત્રિકોણની બાજુઓનો સર્વાળો દોરેલી લીટીની બરાબર થાય.

ઉપરના પ્રશ્નો વિષે નીચેની સરતો વાંચોઃ—

૧. દરેક પ્રશ્નનો ઉત્તર છઠ્ઠા ધોરણના વિદ્યાર્થી પાસેથીજ મળવો જોઇએ !

૨. પ્રશ્નોના ખુલાસા મને તા. ૨૦-૧૧-૯૭ ના અંદરજ મળવા જોઇએ !

૩. ઉપરની બન્ને કલમોનો અમલ થયો હશે, તેમનેજ નિચે લખેલાં ઇનામનો લાભ મળી શકશે.

		રૂ.આ.પા.
પ્રશ્ન ૧ લાનો ખુલાસો કરનારને ઇનામનું પુસ્તક.		૦—૬—૦
,, ૨	સદર	૦—૬—૦
,, ૩	સદર	૦—૭—૦

ઉપર પ્રમાણે જેમને તેમને (યોગ્ય ખુલાસો હશે તોજ) ઇનામ આપવામાં આવશે.
બન્ને પ્રશ્નોના ખુલાસા કરનારને રૂ ૧ા ની કિમ્મતના પુસ્તકો આપવામાં આવશે.
(આ રાજ્યના તેમજ પરરાજ્યના ધોરણ ૬ ઠ્ઠા વાળાનો પણ હક છે)
દરેક ખુલાસા નીચેને શીરનામે મોકલવા

ટ્રેનિંગ કૉલેજ સ્કોલર.
રાજ્ય વડોદરા.

રણછોડલાલ કુંવરજી ભટ્ટ
મુ॰ ચાવંડ
પોસ્ટ લાઠી.
(કાઠિયાવાડ)

नवीन अनुभव.

મિત્રો! હું આ નીચે જે જણાવીશ—લખીશ તે ' કલ્પિત નથી, પણ સત્ય છે' એમ સાબિત કરવાનો નહિ, પણ વસ્તુત આપણ સર્વને નિરુપયોગી નહિ થાય, તેવો આનો—આ લેખનો આશય છે જો કે એક મનુષ્યનો અનુભવ એક માણસને માટે પૂરતો નથી, તોપણ આ—યત્કિંચિત્ નવીન દર્શનનો નવીન અનુભવ નિશાળના ધંધામાં મદદનીશ હોવાથી—લાગવાથી સઘળા વાચક વર્ગમાંથી કોઈકના કાંઇ વૃદ્ધિ કરશે, તો કોઈકને વિસ્મૃત થએલા સત્યોનું ભાન કરાવશે, તો કોઈકને કાંઈક ને કાંઇક આનંદ આપી તેની વિચાર શક્તિને ઉત્તેજન આપશે—વિકસિત કરશે, વગેરે

એક સમયે હું ને મારો પ્રિયમિત્ર ટ્રેનમાં જૂદા જૂદા વિષયો ઉપર વાર્તા વિનોદ કરતાં કરતાં મુસાફરી કરતા હતા વિશેષ, અમે બન્ને એકજ માર્ગી હોવાથી અમારા માર્ગને અનુસરતા હતા, ને તેથીજ અમારા બન્નેમાંથી એકને તેમાં લગારે અરસિકતા નહોતી, પરંતુ તે રસ અમો વધુ વખત લઇ શક્યા નહિ કેમકે—અમારા વિયોગ થવાનું સ્થાન જે સ્ટેશન તે આવ્યું ને ટ્રેન ઉભી રહીતાજ—તેમાંથી કેટલાક ઉતરી સ્વસ્થળ ભણી—પગ રસ્તે મુસાફરી કરવા જવા સારૂ નકામો વખત ન જાય, તેટલા માટે— અધિરા થઇ પાછી ટીકીટ તપાસી લેનાર માસ્તરની રાહ જોતા ઉભા, કેટલાક બીજી આવનાર ટ્રેનમાં—બીજી તરફ સફર કરનારમાંના કોઇક મનની અસ્વસ્થતાને લીધે—અગર બીજા વિચારથી આગળની ટીકીટ લેવા ગયા, ને કેટલાક નવી આવનાર ટ્રેનની રાહ જોતા બેઠા તેમાં મારો મિત્ર પણ જઈ બેઠો હું તો તેની તેજ ટ્રેનમાં—જે મારી માફે અગર માગથી પણ આગળ ઉતરનાર હતા, તેમની સોબતમાં મારા મિત્ર તરફ દૃષ્ટિ રાખી બેઠો હું, તેમાં મારા મિત્રને બેસી જવાની—તેને લઈ જનારી ટ્રેન આવી તેમાં તે વગર વિલંબે તે વિરહ પડતાંજ ચઢી બેઠો ત્યાર પછી હું જે ટ્રેનમાં બેઠો હતો, તે ટ્રેન-ઉપડવાની સૂચના—સીટી થતાં તેની દૃષ્ટિ પણ મારા તરફ થઈ મારી તો તેના તરફજ હતી આ સમય અમે બન્ને શબ્દ ન સાંભળી શકાય તેટલા દૂર હોવા છતાં કાંઇક બોલી નેત્ર કર પલ્લવી કરી—જૂદા પડવાનો વિવેક સાચવી લીધો, અને દૃષ્ટિ તો અમે બન્ને એક બીજાને અગોચર થતા સુધી તેમની તેમજ

પ. જા. નં. ૯૫.

વડનગરની શાળાઓમાં ઇનામ આપવા માટે એક ફંડ ઉભું થયેલું, તેમાં સોના શેઠ નથુભાઇ સાયકંડવાળાએ રૂ. ૧૦૧) શિકકાઈ આપ્યા છે તેથી તેમને ધન્યવાદ ઘટે છે તા. ૮ અકટોબર સન ૧૮૯૭.

J. A. Dalal.
અં. ૫. વિદ્યાધિકારી.

इनाम पत्रको.

(પાછલા અંકથી ચાલુ.)

૬૭ સીમરડા. ,, ૨૬-૧૨-૯૬ ગામ લોકોએ ખુશીથી ૧-૦-૦ બા. છોકરાઓને ખારેકો વેહેંચી. ૬૮ પીપળી ,, ૧૯-૧૨-૯૬ ભટ્ટ વિશ્વનાથ પ્રાણશંકરે ખુશીથી ૦-૪-૦ બા. છોકરાંઓને પતાસાં વેહેંચ્યા. ૬૯ દંતાલી. ,, ૪-૧૨-૯૬ પટેલ ગોવિંદભાઇ ત્રીકમભાઇએ ખુશીથી. ૦-૮-૦બા. સદર. ૭૦ ઉમોલ. ,, ૨૦-૧૨-૯૬ ગામ લોકોએ ખુશીથી. ૧-૮-૦બા. સદર. ૭૧ કલાલી. ,, ૨૧-૧૨-૯૬ પટેલ લલ્લુભાઈ દેશાઈભાઇ તથા રણછોડ ઇશ્વર તથા નર્મદાશંકર રેવાશંકર માસ્તર એમણે ખુશીથી ૮-૮-૦ બા.છોકરાઓને જમાડયા. ૭૨ કરચીયા ,, ૨૫-૧૨-૯૬ ગામ લોકોએ ઇનામ મેળાવડા વખતે. ૫-૧૨-૦ બા. છોકરાઓને ચોપડીઓ વહેચી. ૭૩ કમોઇ. ,, ૨૪-૧૨-૯૬ ગામના સદ્ગૃહસ્થોએ ઇનામ મેળાવડા વખતે. ૧૦-૦-૦બા સદર. ૭૪ શીનોર. ,, ૧૪-૧૨-૯૬ માણેકલાલ છોટાલાલે ખુશીથી ૨-૦-૦ બા.છોકરાઓને પતાસાં વહેંચ્યાં. ૭૫ કેફ્ળીયા. ,, ૧૧-૧૨-૯૬ છગનલાલ નાગરજીએ ખુશીથી. ૧-૦-૦બા.સદર. ૭૬ કોલીયાદ.,, ૩-૧૨-૯૬ કાશી બહેચરને ઘેર પુત્રનો જન્મ થવાથી. ૧-૮-૦ બા.સદર. ૭૭ ચાંગા. ,, ૧૦-૧૨-૯૬ પટેલ ઝવેરભાઈ હાજીભાઈએ ખુશીથી. ૦-૮-૦ બા.સદર. ૭૮ રદેલ. ,, ૧૪-૧૨-૯૬ મોતીલાલ ઝવેરભાઇએ ખુશીથી. ૦-૮-૦ બા. છોકરાઓને સાકર વહેચી. ૭૯ પીપળી. ,, ૪-૧૨-૯૬ વિશ્વનાથ પ્રાણશંકરે ખુશીથી. ૦-૪-૦ બા.સદર. ૮૦ ડાલી. ,, ૨૬-૧૨-૯૬ પટેલ ઉમેદભાઈ તુલશીભાઇએ ખુશીથી. ૦-૮-૦ બા. છોકરાઓને પતાસાં વહેચ્યાં.

તૈયાર કરનાર કા. કુલ. બા. ૭૯-૧૨-૦ શિ. ૭-૬-૦ ક. ૯૬-૦-૦.
માણેકલાલ નાથાભાઇ પા.
૧૬-૪-૯૭.

J. A. DALAL.
વિદ્યાધિકારી.

પેટલાદ વિભાગની ગ્રામ્યશાળાઓમાં વેહેંચાયલું ઇનામ.
માહે એપ્રોલ સન ૧૮૯૫.

૧ કાંસીંદરા તાલુકે પેટલાદ. છબાઇ મથુરભાઇ કરમસદના. ૨ બા. છોકરાંને પતાસાં.

માહે મે સન ૧૮૯૫.

૧ પનોલ તાલુકે પેટલાદ પ્રભુદાસ ત્રિકમભાઇ વગેરે બાહેરખુના ૩ બા છોકરાને ચોપડીઓ ૨ બોરીઆ તાલુકે પેટલાદ પા૦ હીરાભાઇ વગેરે પીપળાવના ૩ બા છોકરાને મીઠાઇ ૩ ધીણોજ તાલુકે પેટલાદ તા ૧૫-૫-૯૫ ચતુરભાઇ ગગાભાઇ ૧ બા છોકરાને પતાસાં. ૪ ભીમેસરા તાલુકે માતરી તા ૧૫-૫-૯૫ પા૦ મથુરભાઇ જેઠાભાઇ સુણાવના ૨-૪-૦ ક ૧-૮-૦ બા છોકરાને પતાસા તથા ચોપડીઓ ૫ કાસોદરા તાલુકે પેટલાદ તા ૨૯-૫-૯૫ પા૦ મથુરભાઇ જેઠાભાઇ ૧ બા છોકરાને પતાસા એકુણ ૨-૪-૦ ક ૯-૮-૦ બા.

માહે જુન સન ૧૮૯૫.

બાકરોલ તાલુકે પેટલાદ કન્યા૦ ૧૮-૬-૯૫ બાકરોલના ગામ લોકો ૦-૮-૦ રૂ. ૦-૮-૦ બા. કન્યાને પુસ્તકો તથા પતાસા ૨ લાલપુરા તાલુકે પેટલાદ ૧૭-૬-૯૫ પા૦ કાશીભાઇ ખુશાલભાઇ ૧-૦-૦ બા છોકરાને પતાસા એકુણ ૦-૮-૦ ક ૧-૮-૦ બા.

માહે આગષ્ટ સન ૧૮૯૫.

ધીણોજ તાલુકે પેટલાદ તા ૧-૮-૯૫ બાવા નરસી મહારાજ રામદાસ ૧-૦-૦ બા. છોકરાને પતાસા.

માહે સપ્ટેમ્બર સન ૧૮૯૫.

આરડી તાલુકે પેટલાદ તા ૨૨-૯-૯૫ બાવા ભગવાન ૧-૦-૦ બા છોકરાને પતાસાં.

માહે નવેમ્બર સન ૧૮૯૫.

નવાગામ તાલુકે પેટલાદ તા ૩૦-૧૧-૯૫ ગણપત ભુલાભાઇ ૧-૦-૦ બા. છોકરાને ચોપડીઓ તથા પતાસા.

માહે ડીસેમ્બર સન ૧૮૯૫

લાલપુરા તાલુકે પેટલાદ ૧૮-૧૨-૯૫ કાશીભાઇ ખુશાલભાઇ ૧-૦-૦ બા. છોકરાને ચોપડીઓ ૨ દેવા વાડો તાલુકે પેટલાદ ૧૫-૧૨-૯૫ ગામ લોકો ૧-૦-૦ બા છોકરાને પતાસા કુલ ૨-૦-૦ બા

માહે જાન્યુઆરી સન ૧૮૯૬.

૧ બોરીઆ તાલુકે પેટલાદ ૧૪-૧-૯૬ મોહન પટેલ ૩-૦-૦ ક ૧-૦-૦ બા. છોકરાને ચોપડીઓ તથા પતાસાં. કુલ ૩-૦-૦ ક ૧-૦ ૦ બા

માહે ફેબ્રુઆરી સન ૧૮૯૬.

૧ સમવાવા તાલુકે પેટલાદ ૬-૨-૯૬ ધોડાસરના કારભારી છગનલાલ વિગેરે. ૨-૦-૦ બા રૂ. ૧) છોકરાને પતાસા તથા રૂ ૧) મેહેતાજીને પાઘડીનો.

માહે માર્ચ સન ૧૮૯૬.

૧ પીપળાવ તાલુકે પેટલાદ ૧૨-૩-૯૬ જુકેસના મેહેતાજી વિગેરે ૧-૦-૦ બા.

બા. ,, લક્ષ્મણ જગરૂપ ૦-૪-૦ બા. ,, નરસી જેઠા ૦-૮-૦ બા. ,, દાદા ઉકા ૦-૪-૦ બા. ,, કુલ. ૯-૧-૦ બા.

અંબાશંકર પ્રભાશંકર.
ડે. એ. ઈન્સ્પેક્ટર વ. વિ.

વડોદરા દેશી રાજ્યની કેળવણી ખાતાની શાળાઓમાં પરચુરણ વેહેંચાયેલાં ઈનામ.

જાન્યુઆરી સન ૧૮૯૭.

૧ પેટલાદ સ. ગુ. શાળા મુક્તપ્રસાદ નંદાભાઇ તથા મેહેરબાન પેટલાદ મહાલના વહીવટદાર સાહેબ તથા ડાક્તર સેવકલાલ માણેકલાલ એમણે મેળાવડા વખતે છોકરાઓને ૫-૦-૦ બા. પતાસા વેહેંચ્યાં. ૨ પેટલાદ સ. સંસ્કૃતશાળા મેહેરબાન ડાક્ટર સાહેબ તથા રા. રા. હીરાલાલભાઇ તરફથી ૮-૦-૦બા. છોકરાઓને ચોપડીઓ તથા પતાસાં વેહેંચ્યાં. ૩ સોજીત્રા સ. એન્ગ્લોવરનાક્યુલર શાળા ૧૫-૧-૯૭ પટેલ ત્રુથાભાઈ તળશીભાઇએ ખુશીથી ૧-૦-૦ છોકરાઓને પતાસાં વેહેંચ્યાં. ૪ ભાદરણ સ. ગુ. કન્યાશાળા ૨—૧—૯૭ ભાદરણ નેટીવ જનરલ લાયબ્રેરી ખાતેથી ૧-૦-૦ બા. કન્યાઓને પતાસાં વેહેંચ્યાં. ૫ કાસર સ. ગુ. શાળા ૧-૧-૯૭ પટેલ જીવાભાઈ દાદાભાઇએ ૨-૦-૦ બા. છોકરાઓને પતાસાં વેહેંચ્યાં. બામણગામ સ. ગુ. શાળા ૨૦-૧-૯૭ ગામ મંજુસરના મહાજન તરફથી ૧-૮-૦ બા. સદર. ૭ સીસ્વા સ. ગુ. શાળા ૨૦-૧-૯૭ ઝવેરભાઇ બકોરભાઇએ ખુશીથી ૦-૮-૦ બા. સદર. સીસ્વા સ. ગુ. કન્યાશાળા ૨૦—૧—૯૭ સદર ૧-૦-૦બા. કન્યાઓને પતાસાં ૯ પીઝ સ. અંત્યજશાળા ૨૫-૧-૯૭ પીરમહમદ અબદુલામીયાંએ ખુશીથી. બા. છોકરાઓને પતાસાં વહેંચ્યાં. ૧૦ ડભાસા. સ. ગુ. શાળા. ૫-૧-૯૭ ભાજી કેસુરે ખુશીથી. ૦-૮-૦ બા. સદર. ૧૧ સાંધી. ,, ૨૦-૧-૯૭ પટેલ મથુરભાઇ કાળીદાસે તથા પરશુદાસ એમણે ખુશીથી. ૦-૮-૦બા. સદર. ૧૨. ધાવજ. ,, ૧-૧-૯૭ નર્મદાશંકર રેવાશંકર એમણે ખુશીથી. ૨-૦-૦બા. સદર. ૧૩. કણઝટ. ,, ૭-૧-૯૭ પા. જેસંગ બાવસંગે ખુશીથી. ૦-૮-૦ બા. છોકરાઓને સાકર વહેંચી. ૧૪ છાણી. ,, ૨૫-૧-૯૭ કાછીયા. પ્રાગજી રાયજીએ ખુશીથી. ૦-૮-૦બા. છોકરાઓને પતાસાં વહેંચ્યાં. ૧૫. વરણામા. ,, ૧૫-૧-૯૭. પટેલ જેઠાભાઇ ગીરધરભાઇએ ખુશીથી. ૨-૦-૦ બા. સદર. ૧૬. તરસાલી. ,, ૨૦-૧-૯૭ પટેલ પ્રભુદાસ વરજભાઇએ ખુશીથી. ૧-૦-૦ બા. સદર. ૧૭. સેવાસી. ,, ૭-૧-૯૭ પટેલ કાનદાસ તથા પટેલ ગીરધર નરોતમે ખુશીથી. ૦-૮-૦ બા. છોકરાઓને સાકર વહેંચી. ૧૮. ડભોઇ સ. ઉર્દુસ્કુલ. ૭-૧-૯૭ પરી. પ્રેમાનંદ નાથાભાઇએ ખુશીથી. ૧-૦-૦ બા. છોકરાઓને પતાસાં વહેંચ્યાં. ૧૯. મંડાળા. સ. ગુ. શાળા. મેહેરબાન ડભોઇ મહાલના વહીવટદાર સાહેબે. ૧-૦-૦ બા. સદર. ૨૦ બાધરપુર સ. ગુ. શાળા. આસિ. હરિશંકર મૂળજીએ ખુશીથી. ૦-૪-૦ બા. છોકરાઓને સાકરીયાચણા વહેંચ્યા. ૨૧ વાસણા ,, ૩૧-૧-૯૭ સ્કુલ કમેટીના મેમ્બરોએ ઇનામ મેળાવડા વખતે ૩-૦-૦ બા છોકરાઓને પુસ્તકો તથા સાકર વેહેંચી. ૨૨. કોશીંદ્રા. ,, ૩૦-૧-૯૭ ગામલોકો તરફથી. ૪-૧-૦ બા. ૨-૧૪-૦ક. સદર. ૨૩. શીનોર ,, ૧-૧-૯૭ દેશાઇવિનાયકરાવ

રેખુજીરાવ એમણે ખુશીથી ૧-૮-૦ આ. સદર. ૨૪ નેનગામ. ,, ૨૧-૧-૯૭ પટેલ લલ્લુ વિઠુએ ખુશીથી. ૧-૦ ૦ આ સદર. ૨૫. માલસર ,, ૨૩-૧-૯૭ હરીલાલભાઇ ગુલાબભાઇએ ખુશીથી ૧-૦-૦ સદર ૨૬ વાજ. ,, ૨૭-૧-૯૬ મોજમુદાર મગનલાલ નનાભાઇએ ખુશીથી. ૧-૦ ૦ આ છોકરાઓને સાકર વહેંચી. ૨૭ સાવલી. ,, ૧૯-૧-૯૭ છોકરાઓને પતાસા વહેંચ્યા ત્રીકમનાથ પ્રેમાનંદ મુનશી એમણે ખુશીથી ૨૬-૦-૦ ક છોકરાઓને પુસ્તકો વહેંચ્યા ૨૮ સાવલી મ. શુ કન્યાશાળા ૧૧-૧ ૯૭ ત્રીકમનાથ પ્રેમાનંદ એમણે ખુશીથી ૧૧-૮-૦ ક કન્યાઓને પુસ્તકો વહેંચ્યા. ૨૯ સાવલી સ. ઉર્દુસ્કુલ ૨૭-૧-૯૭ સદર. ૪-૦-૦ ક છોકરાઓને પુસ્તકો વહેંચ્યા ૩૦ બાધીમણ્ડ સ. શુ શાળા. ૭ ૧ ૯૭ મહેરબાન દાજીભાઈ હરગોવન એમણે ૨-૦-૦ શિ ૧૨-૧૨-૦ ક. છોકરાઓને પુસ્તકો તથા પતાસા વહેંચ્યા ૩૧ વાગડોદ ,, ગામના મહાજન તથા છગનભાઇ મથા તથા ગા. લલ્લુચંદ એમણે ખુશીથી ૧-૮-૦ ક છોકરાઓને સાકર વહેંચી ૩૨ સરીસોદ ,, ૧૩-૧-૯૭ સ્કુલકમેટીના મેમ્બરોએ મેળાવડા વખતે ૨-૦-૦ શિ છોકરાઓને મીઠાઇ વહેંચી ૩૩ કુબેરેર ,, ૧૬-૧-૯૭ મનાભાઇ અમરામે ખુશીથી. ૧-૦-૦ શિ. છોકરાઓને પતાસા વહેંચ્યા. ૩૪ જગરાન . ૧૦-૧-૯૭ ગામના સદ્‌ગૃહસ્થોએ ઇનામ મેળાવડા વખતે. ૧૦-૨-૬ ક છોકરાઓને ચોપડીને પતાસા વહેંચ્યાં ૩૫ પેરાજી. મ. ઉર્દુસ્કુલ. ૫-૧-૯૭ મન્નુભા જેદભાએ ખુશીથી ૦-૮-૦ આ છોકરાઓને પતાસાં વહેંચ્યાં ૩૬ સીપોર મ શુ શાળા ૧૮-૧-૯૭ શેઠ મોહમચંદ ગાદર તરફથી ૧-૦-૦ શિ. સદર. ૩૭ કરબડીયા ,, ૨૬-૧-૯૭ શેઠ અમથાભાઇ અમીચંદે ખુશીથી ૨-૪-૦ શિ. સદર. ૩૮ ચાણસ ,, ૨૦-૧-૯૭ ગામ લોકો તરફથી ઇનામ મેળાવડા વખતે. ૩-૮-૦ શિ. સદર. ૩૯ વિશનગર ,, મહેરબાન રા. બા એસીસ્ટંટ જનરલ સાહેબે. ૨-૦-૦ બા સદર ૪૦ વાલમ. ,, ૧૨-૧-૯૭ ત્રીભોવન તથા કેશવદાસ તથા બેચરલાલ તથા વીઠા નેમીદાસ એમણે ૧૦-૦-૦ શિ. છોકરાઓને લાડુ વહેંચ્યા મગજના. ૪૧ વિજાપુર ,, ૨૩-૧-૯૭ મોની આમળભાઇએ પોતાને ઘેર પુત્રનો જન્મ થવાથી ૧-૮-૦ બા. છોકરાઓને પતાસા વહેંચ્યા ૪૨ વિજાપુર મ શુ કન્યાશાળા ૨૩-૧-૯૭ સદર. ૧-૧૨-૦ બા કન્યાઓને પતાસા વહેંચ્યા ૪૩ વિજાપુર સ ઉર્દુસ્કુલ ૨૩-૧-૯૭ સદર. ૧-૪-૦ શિ. છોકરાઓને પતાસા વહેંચ્યા. ૪૪ ગોઝારીયા સ શુ. કન્યાશાળા. ૨૬-૧-૯૭ કેટલાએક સદ્‌ગૃહસ્થોએ ખુશીથી ૨-૪-૦ શિ. ૧-૦-૦ ક સદર. ૪૫ આજોલ સ શુ શાળા. ૧૪-૧-૯૭ ચકુલાલ તથા મોગીલાલ તથા મણીલાલ એમણે ખુશીથી. ૩-૦-૦ ક સદર ૪૬ કડી ,, સદ્‌ગૃહસ્થોએ મેળાવડા વખતે ૫-૨-૦ બા. ૧-૮-૦ ક. સદર. ૪૭ વીડજ. , ૨૫-૧-૯૭ નવું ભણવાને છોકરાને શાળામાં બેસાડીને. ૧-૦-૦ ક છોકરાઓને મીઠાઇ વહેંચી. ૪૮ સુરેજ ,, ૨૫-૧-૯૭ વીસાજી ભગુજીએ ખુશીથી. ૧-૦-૦ બા છોકરાઓને સાકર વહેંચી. ૪૯ મહેસાણા ,, ૨૫-૧-૯૭ દેસાઇ ગૃહસ્થે ખુશીથી ૧-૦-૦ બા. છોકરાઓને પતાસાં વહેંચ્યાં ૫૦ કલોલ. ,, ૨૧-૧-૯૭ મોહનલાલ જેઠાલાલે ખુશીથી. ૩-૪-૦ ક. સદર. ૫૧ દેદ્રેગામ. ,, ૧૫-૧-૯૭ જીવાભાઇ મીઠાભાઇએ ખુશીથી. ૧-૮-૦ ક. સદર ૫૨ બદીપર. ,, ગામ લોકોએ ઇનામ મેળાવડા વખતે. ૧૨-૦-૦ બા છોકરાઓને ઝુમરાં તથા ચોપડીઓ

વહેચી. ૫૩ આતરસુંબા. ,, ૩૧-૧-૯૭ ચુનીલાલ સાંકળચંદે ખુશીથી. ૧-૮-૦ બા. છોકરાઓને પતાસાં વહેચ્યાં. ૫૪ હાથીજણ. ,, ૧૬-૧-૯૭ પટેલ કેવળ દલાસાએ ખુશીથી છોકરાઓને જમાડ્યા. ૫૫ નવસારી ,, ૨૨-૧-૯૭ ગામના સદ્‌ગૃહસ્થોએ ખુશીથી. ૩૬-૮-૦ ક. છોકરાઓને પુસ્તકો તથા પતાસાં વહેચ્યાં. ૫૬ નવસારી. સ. ગુ. કન્યાશાળા ૮-૧-૯૭ શા. નિજવલભ મગનલાલ તથા ઘેલાભાઇ એમણે ખુશીથી ૩-૦-૦બા. કન્યાઓને મીઠાઇ વહેચી. ૫૭ નવસારી ઝનાના વર્ગ. મે. ઇજનેર સાહેબના પત્ની તથા બાઇ દોલતગવરી તથા સીતાગવરી એમણે ૭-૦-૦ ક. કન્યાઓને પુસ્તકો પતાસાં વહેચ્યાં. ૫૮ મરોલી. સ. ગુ. શાળા. ૫-૧-૯૭ બારોટ ખુશાલ ગોવિંદે ખુશીથી ૧-૦-૦ ક. છોકરાઓને ખાંડ વહેચી. ૫૯ તવડી. ,, ૧૦-૧-૯૭ કેટલાક પારસી ગૃહસ્થોએ ખુશીથી ૮-૦-૦ ક. છોકરાઓને મીઠાઇ વહેચી. ૬૦ પરચાણ. ,, ૯-૧-૯૭ મહેરબાન નવસારી મહાલના વહીવટદાર સાહેબે વીઝીટ કરીને ૧-૦-૦ક. છોકરાઓને પતાસાં વહેચ્યાં. ૬૧ વેળાંછા ,, ૧૩-૧-૯૭ ગામ લોકો તરફથી ઇનામ મેળવડા વખતે ૪-૩-૦ ક. સદરે. ૬૨ કોસંબા. ,, ૭-૧-૯૭ સદર. ૧-૪-૦ ક. સદર. ૬૩ માંગરોળ. ,, ૧૮-૧ ૯૭ સદર. ૪-૦-૦ ક. છોકરાઓને પુસ્તકો મીઠાઇ વહેંચી. ૬૪ કંટવા. ,, ૨૦-૧-૯૭ સદર. ૪-૦-૦ ક. સદર, ૬૫ ગણદેવી. ,, ૨૭-૧-૯૭ માસતર રામચંદ્ર આશારામ એમણે ખુશીથી. ૩-૧૫-૦ ક. છોકરાઓને પતાસાં વહેચ્યાં. ૬૬ ગણદેવી. સ. ગુ. કન્યાશાળા. ૨૪-૧-૯૭ પોષ્ટમાસતર ભાનુભાઇ એમણે ખુશીથી. ૧-૦-૦ ક. કન્યાઓને પતાસાં વહેચ્યાં. ૬૭ બીલીમોરા સ. ગુ શાળા. ૧૮-૧-૯૭ સ્કુલકમેટીના મેમ્બર સોરાબજી એમણે ખુશીથી ૪-૧૪-૦ ક. છોકરાઓને પતાસાં વહેચ્યાં. બીલીમોરા. સ. ગુ. કન્યાશાળા. ૧૮-૧-૯૭ સદર. ૪-૧૪-૦ક. કન્યાઓને પતાસાં વહેચ્યાં. ૬૯ સોનગઢ સ. ધાયુકા બોર્ડિંગ. ૧૬-૧-૯૭ ટોકરવાના રહીશ ઉમરીવા ખાલપાએ ખુશીથી ૩-૦-૦ ક. છોકરાઓને પતાસાં વહેચ્યાં. ૭૦ પાડરસીંગા સ. ગુ. શાળા ભાવનગરના વસુલાત અધિકારી લલ્લુભાઇ સાહેબે. ૫-૦-૦ ક. છોકરાઓને મીઠાઇ વહેંચી. ૭૧ ધારી ,, મુનસફ સાહેબ રૂપશંકર મોરારજી એમણે ખુશીથી. ૧-૦-૦ ક. છોકરાઓને પતાસાં વહેચ્યાં. ૭૨ ચલાલા. ,, ૧૧-૧-૯૭ ગામના સદ્‌ગૃહસ્થોએ ખુશીથી. ૫-૪-૦ ક. સદર. ૭૩ કોડીનાર. ,, ૧૫-૧-૯૭ સદર. ૫-૮-૦ ક. સદર. ૭૪ દ્વારકા. ,, ૧૪-૧-૯૭ લીલાધર દાગજીએ ખુશીથી. ૨-૪-૦ ક. છોકરાઓને સાકર વહેચી. ૭૫ ગોરીયાળી. ,, ૧૧-૧-૯૭ શેઠ કાનજી હીરજીએ ખુશીથી. ૧-૧૩-૦ ક. સદર. ૭૬ ચોરાંપા સ. ગુ. ક. કન્યાશાળા. ૫-૧-૯૭ શાળાના તમામ આસિસ્ટંટોએ મળીને. ૧-૮-૦ ક. કન્યાઓને પતાસાં વહેચ્યાં. ૭૭ નાનાભંડારીયા સ. ગુ. ક. શાળા. ૧-૧-૯૭ શાળાના માસ્તર તથા સદ્‌ગૃહસ્થોએ ૩-૯-૦ ક. છોકરાઓને સાકર વહેચી. ૭૮ ગીરોયા ,, ૧૫-૧-૯૭ ગામ લોકોએ ખુશીથી. ૧-૪-૦ ક. સદર. ૭૯ નાનામાંચીયાલા. ,, ૭-૧-૯૭ સદર. ૧-૦-૦ ક. સદર. ૮૦ લાઠીદાર. ,, ૧૪-૧-૯૭ મહેરબાન આ. બા. વિદ્યાધિકારી સાહેબ તથા સદ્‌ગૃહસ્થોએ. ૨-૧૦-૦ ક. સદર. ૮૧ વડોદરા શહેર ઉર્દુસ્કૂલ. ૧-૧-૯૭ આસિ. હીમતલાલ ભોગીલાલે ખુશીથી. ૧-૦-૦ બા. છોકરાઓને મીઠાઈ વહેચી.

૬૫-૧-૦ બા. ૨૦-૮-૦ શિ. ૨૦૦-૫-૬ ક.

J. A. Dalal,
વિદ્યાધિકારી.

જાહેરખબર.

[illegible]

[illegible]	...	...	૦-૧-૦
[illegible] ભા. ૧	...	...	૦-૪-૦
[illegible]	...	...	૦-૧-૦
[illegible]	...	...	૦-૧૧-૦
[illegible]	...	...	૦-૪-૦
[illegible]		...	૦-૮-૦
[illegible]	...	...	૦-૪-૦
[illegible]	...	...	૦-૧-૩
[illegible]	...	...	૦-૧૧-૦
[illegible]	...	...	૧-૪-૦
[illegible]	...		૦-૭-૦
[illegible]	...		૦-૨-૩

[illegible]

[illegible] મળી છે!!

[illegible]

[illegible]

[illegible] } મગનલાલ મોહનલાલ પટેલ.

[illegible] } [illegible]

ગ્રામ્યશાળાના શિક્ષકોને અગત્યની સૂચના.

કેટલીક મુદત પર મહેરબાન ખાતાના વિદ્યાધિકારી સાહેબ તરફનું ફરમાન થયું છે કે પ્રત્યેક ગ્રામ્યશાળાના મેહેતાજીએ કેળવણી ચોપાનિયું રાખવું આ ઉપરથી ઘણા ગ્રામ્યશાળાના મેહેતાજીઓ આ તરફ તેનું વાર્ષિક લવાજમ તથા તે શી રીતે મોકલવું, વગેરે પૂછાવે છે તેમના ખુલાસા માટે નીચે હકીકત આપી છે, તે ઉપર તેઓ બરાબર ધ્યાન આપશે એવી આશા છે

સામાન્ય વાર્ષિક લવાજમ	રૂ. ૧-૦-૦	પોસ્ટેજ રૂ. ૦-૩-૦
રૂ ૧૦) થી ઓછા પગારના મેહેતાજીઓ તથા વિદ્યાર્થીઓ માટે વાર્ષિક લવાજમ.	૦-૧૧-૦	પોસ્ટેજ માફ.
છુટક એક અંકની કીમત.	રૂ. ૦-૪-૦	પોસ્ટેજ માફ.

સંવત ૧૯૫૪ ની સાલના નવા થનારા ગ્રાહકોએ આવતા વૈશાખ સુદી ૧૫ સુધીમાં આવતી સાલના કેળવણીના લવાજમના પૈસા ઉપર લખ્યા પ્રમાણે મોકલી આપવા કે જેથી તે હિસાબે પ્રતિ મંગાવવા ચોપાનિયાં છપાવવામાં આવે એ મુદત વીત્યા પછી ગ્રાહકને અંકો સીલકે હશે તો મોકલી શકાશે

જૂના ગ્રાહકો તરફથી જેમનાં લવાજમનાં નાણાં ૧૯૫૪ કારતક વદી ૧૦ સુધીમાં અમને નહિ પહોંચે તો તેમના ચોપાનિયાં બંધ કરવામાં આવશે, અને તેમના નામ ગ્રાહકના લીસ્ટમાંથી કમી કરવામાં આવશે

કોઇ મેહેતાજી વર્ષની અધવચમાં ગમે ત્યારે ગ્રાહક થઇને અધૂરા અંકો મંગાવી તેના પ્રમાણમાં લવાજમ આપવા ઇચ્છતા હશે, તો તેમ કરવામાં નહિ આવે

ચોપાનિયાં કોની મારફતે અથવા કયી પોસ્ટમાં થઇને મોકલવાથી જલદી મળશે, એ બરાબર જણાવ્યા સિવાય ચોપાનિયું મોકલવામાં નહિ આવે.

જે માસનું ચોપાનિયું તે માસની પુનમ સુધીમાં ન મળે તો તે માસ પૂરો થતા અગાઉ અમને ખબર આપવી જોઇએ માસ વીત્યા પછી ખબર આપનારે પોતે તે અંક ખોઇ નાખ્યો છે એમ માનીને તેની પાસેથી ઉપર લખેલા છુટક અંકની કીમત લેવામાં આવશે તા ૧૫-૮-૯૭

મેનેજર—કેળવણી.

श्री

संवत् १९५३. मागशर.

કેળવણી

पुस्तक १० मुं. अंक २ जो

પ્રસિદ્ધકર્તા

છોટાલાલ નર્ભેરામ ભટ્ટ.

વડોદરા

"શ્રી-સયાજીવિજય" મા છાપ્યું.

ઈ. સ. ૧૮૯૭

अनुक्रमणिका

વિષય	પૃષ્ઠ
૧ સંડાસો નહિ	૨૫
૨. અભ્યાસીઓની સૂચના	૨૬
૩ ગુરુનાર ભેટ	૨૮
૪ નોકરીમાં સાવચેતી	૨૯
૫ નિબંધમાળિકા	૩૧
૬ ગઝલ.	૩૩
૭ બાગગીત	૩૪
૮ સુશિક્ષણ	૩૬
૯ વિદ્યાર્થીઓને ... નં ૧ નું પરિણામ ...	૪૦
૧૦ પુસ્તકોની પરીક્ષા અને અવલોકન. .	૪૧
૧૧. ગાયકવાડ સરકારનું કેળવણીખાતું (ઇનામ પત્રો)	૪૪
૧૨ ગાયકવાડ સરકારનું કેળવણીખાતું (મંજુર થયેલાં પુસ્તકો)	૫૧

જાહેરખબરો.

ગાયકવાડ સરકારના દેશી કેળવણી ખાતાની શાળાઓમાં ઇનામ તથા લાઈબ્રેરીમાટે મંજુર થયેલું ઝાંસી સંસ્થાનનાં મહારાણી લક્ષ્મીબાઇ સાહેબનું ચરિત્ર-ભાષાંતરકર્તા કૃષ્ણસિંગ રામસિંગ આપ્ટેકર કીંમત ૩ રૂ. મળવાનું ઠેકાણું—ચોકશી મોતીલાલ ખાપચંદ ઉર્ફે અનુભવી લેહેરી—ઉચી પોળને ઝાંપે ગધા કૃષ્ણજીની પોળમાં, વડોદરા અથવા શિયાપરામાં, દામોદર મોતીના નવા ડેલામાં ગ્રંથકર્તા પાસેથી વડોદરા વેચાણ વેહેંચનારી મળી શકશે.

ઘરમાં રમવાની રમતો—કર્તા ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ કીંમત ૦-૮-૦ મળવાનું ઠેકાણું—કર્તા પાસેથી તથા મેસર્સ દેવનરામ ગરનતાવ ઍન્ડ કંપની, સેહેરીપુરા, વડોદરા મેસર્સ એન એમ એન્ડ કંપની, ઠાકુરદ્વાર રોડ, મુંબાઈ.

શાળોપયોગી દેશીનામું.—છપાઇ બહાર પડ્યું છે એમાં પાનાં ભટ્ટ લોકોના હિસાબ મગાવેલા ક પાઠમાં ધોરણ મ ટ ૧ થી ૫ માંહ્ય ન કે અને નસ્તાનનામા ને ની ખનવાને સુગમ આપેલી છે માટે ખાનગી રીતે નહિ મગ ાતા સ કિતાબખાના (કેમ્પ)-માંથી મંગાવી લેવા મહેરબાની કરશો.

છ૦ લ૦ શાહ.

નવીન મંજુર થયેલાં અતિ ઉપયોગી પુસ્તકો. મંગાવો અને ખાતરી કરો.

કિન્ડરગાર્ટનપદ્ધતિના મૂળતત્વો લખનાર ... પદ્મ રે મા શુ ... ૦-૮-૦ આસ વેચનાર ... ભાગ ૧ લો ... નુગટ ... બનાવ ...

વિદ્યાધિકારી ઑફિસ ...	૦-૫-૦
કાવ્ય બાળનિધિ " "	૦-૪-૦
... ૨૩ ... બીજું ... ધી ... નર ...	૦-૮-૦

केळवणी.

अर्थ मळे वळी धर्म सधाये, ज्ञान मळे सनमान पमाये;
प्रीति वधे पसरे जश मारो, ए शिशुशिक्षण धर्म अमारो.

પુસ્તક ૧૦ મું   માર્ગશીર્ષ   સંવત ૧૯૫૪   અંક ૨ જો.

मंकडाशो नहि.

વૈકુંઠધામા છંદ.

સંકડાશો નહી, સંકડાશો નહી, ભૂમિ મોટી ઘણી, સંકડાશો નહી,
દેશ દીસે બહુ, માળ મેદાન છે, બાગ ને છે બગીચા મુઝાશો નહી;
પર્વતો પેખતાં પાર આવે નહી, દૂર જાતા જરા થાક પામશો નહીં,
ઝાડની ઝાડીમા કૈં કશા કુંજ છે, વાઘ તેમા વસે, જોઈ નાસો નહી. ૧

સંકડાશો નહીં, સંકડાશો નહી, પાણિ પેખી તમે સંકડાશો નહીં,
પાણી ઓઘું વહે વાહિનીમા જુઓ, હોડી તેમા તરે દુખિ થાશો નહી,
છે તળાવો ભરેલાં સમુદ્રો સમા, નાવ તેમા જઈને ગભરાશો નહી,
છે સમુદ્રો મહાસિંધુ શા, છે મહાસિંધુ આકાશ જેવા, તણાશો નહીં. ૨

સંકડાશો નહીં, સંકડાશો નહી, જોઈ આકાશને ગભરાશો નહીં;
વાયુ તેમાં વહે, મેઘ તેમાં રહે, પક્ષિ ઉંચે ચડે દેખિ ધસો નહી,

વીજળી નીસરે, ગર્જના થાય છે, સુસવાટા સુણી કાંઇ ત્રાસો નહીં,
એ ચમત્કાર છે સૃષ્ટિસૃષ્ટાતણા દિવ્ય, ભોળા થઇ ભૂલ ખાશો નહીં. ૩

સંકડાશો નહીં, સંકડાશો નહીં, ઉંચું ભાળો હવે સંકડાશો નહીં,
સૂર જો દૂર કોટિક ગાઉ ભમે સાંજ સુધી, હજી સ્થિર થાશો નહીં;
ચંદ્ર આકાશમાં દેખ ઉંચો તથા પૂર્ણ કેવો પ્રકાશેલ, ભાસ્યો નહીં?
તારકા કોટિ સંખ્યા થકી છે ઘણા, દેખિ બ્રહ્માંડ નાખો નિસાસો નહીં. ૪
સંકડાશો નહીં, સંકડાશો નહીં, સૃષ્ટિ જોતાં જરી સંકડાશો નહીં,
તેથી મોટું હજી માનસેંદ્રિય છે, પાસ તેને તમે કાં તપાસો નહીં?
છૂટથી ત્યાં વિચારો ગમે તે સમે ને ગમે તેટલું કાંઇ થાસો નહીં,
વાદ વિદ્યાતણા, ભેદ ભૂમિતિના, શીખિ ભોળા સમા છેક ભાસો નહીં. ૫
સંકડાશો નહીં, સંકડાશો નહીં, ઇશને શોધતાં સંકડાશો નહીં,
પાર તેનો ન પામે કદી માનસેંદ્રિય, મૂકો તમે કૈં નિશાસો નહીં;
પ્રેમ જ્યાં ત્યાં પ્રભુ, એમ કે છે ખરા લોક, તોયે તમે ભૂલ ખાશો નહીં,
અંતરાત્મા વિષે રાખિ એકાગ્રતા શોધતાં તે જડે સંકડાશો નહીં. ૬

अभ्यासीओने सूचना.

જે અભ્યાસીઓ પોતાની મેળે અથવા કોલેજમાં અભ્યાસ કરી પરીક્ષા આપવાનો ઇરાદો રાખતા હશે તેમને તેમજ નિશાળોમાં ભણતા વિદ્યાર્થીઓને પણ આ સૂચનાઓ કામની છે.

૧ દરેક અઠવાડીઆમાં અભ્યાસ કરવાના કલાકો મુકરર કરવા તથા કયો અભ્યાસ કયી વખતે કરવો તે પણ મુકરર કરવું. જેમ આપણે હમેશા નિયમિત રીતે ખાઇએ છીએ એટલે સવાર સાંજ ખાવાનો સમય આપણે ચૂકતા નથી, તેમ અભ્યાસનો સમય પણ ચૂકવો નહિ. આ કામ પ્રથમ તો લગાર મુશ્કેલ માલમ પડશે. પણ પછી મહાવરો પડી જવાથી એ ટેવ એવી તો સજ્જડ થઇ જશે કે તેને તમે છોડશો તોય છૂટશે નહિ.

૨. બે ચાર જણે ભેગા મળીને અથવા જ્યાં વાતો ચાલતી હોય ત્યાં અભ્યાસ કરવો નહિ. એવા થોડાજ અભ્યાસીઓ હોય છે કે જેઓ આસપાસ શું બને છે તે તરફ લક્ષ ન જવા દેતાં એકાગ્રતાથી પોતાનો અભ્યાસ કર્યા કરે. આસપાસ છાનીછાની વાતો થતી હોય અથવા વાતો ન કરતાં પણ બીજું કોઇ પાસે બેઠું હોય તે વખતે અભ્યાસમાં ખલેલ પહોંચવાનો સંભવ ઘણો છે.

૩. આરામ ખુરશી ઉપર બેસીને કે નીચા ટેબલ ઉપર અભ્યાસ કરવાનો મહાવરો રાખવો નહિ; કારણો ખુલ્લાજ છે.

૪. વાંચતી કે શીખતી વખતે ટટ્ટાર બેસવું અથવા તેમ ન બને તો તે કામ ચાલતા ચાલતા કરવું.

૫ થોડું તો થોડું પણ જેટલું વાંચવું તેટલું સારી રીતે સમજીને વાંચવું. ઉપર ઉપરથી જોઈ જવાની ઘણાની ટેવ હોય છે, પણ તેથી તેમનો કીમતી વખત નકામો જાય છે, એ તેમણે જાણવું જોઈએ.

૬ દરેક અઠવાડીઆની આખરે તે અઠવાડિયાનો અભ્યાસ ફરીને તપાસી જવો જોઈએ. આ ઉપરથી કયો અભ્યાસ કાચો છે અથવા શું રહી ગયું છે તે માલુમ પડશે.

૭ અઠવાડિઆમાં મુકરર કરેલા મનાપત્નો મળી જવા, લખવાનું તે લખી નાખવું અને મુકરર કરેલો અભ્યાસ પૂરો કરવો. પાછળ પડી જવું નહિ. જો કદાચ માંદગીથી કે બીજા કોઈ અગત્યના કારણથી પાછળ રહી જવાય તો ઉદ્યમથી અને યુક્તિથી વધારે અભ્યાસ કરવાની ગોઠવણ કરી ઠરાવેલા અભ્યાસ ક્રમને આવી મળવું.

૮. એક જાતના અભ્યાસથી મન થાકે એટલે તેને વિસામો આપવાને બીજી જાતનો અભ્યાસ કરવા માંડવો, પણ બિલકુલ અભ્યાસ બંધ કરવો નહિ. અભ્યાસની જાત બિલકુલ બદલી નાખવાથી મનને પાછો નવો જુસ્સો પેદા થાય છે, એ ખરેખર આશ્ચર્યકારક છે.

૯ કેટલાક અભ્યાસ કરતી વખતે શું વાંચે છે તે પણ જાણતા હોતા નથી, અને કેટલાક કાંઈ બીજોજ વિચાર કરતા હોય છે, આ બન્ને વાતો અભ્યાસને હાનિકારક છે. અભ્યાસીએ પ્રતિક્ષણે પોતે શું કરે છે તે સમજવું જોઈએ, અને પોતાનું ભટકતું મન પાછું વાળી આધીન સ્થિર કરવું જોઈએ. જો વાંચતી વખતે મન ભટકવા લાગે તો યૂક્લિડનો એકાદ સિદ્ધાન્ત સિદ્ધ કરવા માંડવો કે ગણિતનો એકાદ દાખલો ગણવા માંડવો.

૧૦ જ્યારે કામ કરતા મન થાકી જાય ત્યારે કામ બંધ કરવું. પણ કામ બંધ કરતા પહેલાં વિચારવું કે મન અભ્યાસના અતિ શ્રમથી થાક્યું છે કે અભ્યાસ કરવામાં મન ફાવતું ન હોવાથી કંટાળેલું છે.

૧૧. બની શકે તેટલું વધારે ચાલવું. દરરોજ ઓછામાં ઓછો એક કલાક કસરત કરવી. દરેક વિદ્યાર્થીને જેથી પોતાના મનને ગમ્મત થાય એવું કાંઈને કાંઈ પણ હોવું જોઈએ. અનિયમિત વખતે કસરત કરવી જોઈએ નહિ. કસરત આટલી અને આ વખતે કરવી એવો નિયમ હોવો જોઈએ. આ બાબત બહુ ધ્યાન આપવા જેવી છે, કેમકે કુદરતના ઉતાવળમાં મહેનત કરવાથી જે શક્તિ આપણે મેળવવા ચાહતા હોઈએ તે ન મળતાં ઉલટું નુકસાન થાય છે.

૧૨. તમારો ખોરાક સાદો અને નિયમિત જોઈએ. શારીરિક મહેનત કરનારાઓ જોગ મજુરી કરીને પોતાનો ખોરાક પચાવી શકે છે, તેવો પ્રસંગ વિદ્યાર્થીઓને હોતો નથી, માટે તેમણે અપચો થવા દેવો નહિ.

૧૩. અભ્યાસ કરતી વખતે પોતાનું મન જેટલું તેમાં રોકી શકાય તેટલું રોકવું; અભ્યાસ ન કરતા હોઇએ તે વખતે તે વિષે વિચાર પણ ન કરવો.

૧૪. દરેક વિષયને માટે નોટ બૂક તૈયાર કરવી; તમામ અભ્યાસનાં પુસ્તકો જોઈતાં હોય ત્યારે હાથ લાગે એવી રીતે રાખવાં.

(અપૂર્ણ).

गुरुवार बेट.

પૂનામાં જેમ શુક્રવાર પેઠ, શનવાર પેઠ, વગેરે વારનાં નામ ઉપરથી સ્થળનાં નામ પાડેલાં છે, તેમ આસ્ટ્રેલિયામાં પણ એક ગુરવાર નામનો બેટ છે. એ બેટ આસ્ટ્રેલિયાની ઉત્તરે નાના દ્વીપસમૂહમાં છે તેમાં ઘણા અંગ્રેજો વસ્તી કરીને રહેલા છે. અઠવાડીયાના બીજા દિવસોને ભુલી જવામાં આવ્યા નથી; કેમકે ત્યાં શુક્રવાર બેટ, શનિવાર બેટ, અને એજ રીતે અઠવાડિયાના બધા વારના નામના નાના નાના બેટ પાસે પાસે છે. આગબોટમાં બેશીને તે દ્વીપ સમૂહમાં જતાં આવતાં અમે તેમાના બહુધા ઘણાખરા બેટ જોયા હતા, પણ અમારૂં વહાણુ અમે ગુરવાર બેટના બંદરમાં લગર વાર કર્યું.

આ નાના બેટમાંથી કયો માલ દેશાવર ખાતે ચઢાવવામાં આવતો હશે ? સોનું, રૂપું, કલઇ, ત્રાંબુ, એવું કાઇ એ બેટમાંથી પરદેશ ખાતે મોકલવામાં આવતું નથી. ત્યાં શું હશે ? હું કહુછું; દરિયાઇ છીવડા અને કાળુ માછલીની સીપો.

એક જાતની લાળી માછલી થાય છે, તેને આ દેશમાં બૂમલાં કહે છે. એને દરિઆ-માંથી કાઢી સૂકવે છે અને પછી તેની ગાંસડીઓ બાંધી પરદેશ ખાતે ચઢાવે છે. ગુરવાર બેટમાંથી ઘણામાં ઘણો જે માલ પરદેશ ચઢે છે તે આ છે.

આ બેટની નજીકના દરિઆમાંથી મોતી નીકળે છે. તેથી ત્યાંના લોકોનો મુખ્ય ધંધો મોતીની સીપો કાઢવાનો છે. મોટા મોટા વેપારીઓની લગભગ ત્રણસે હોડીઓ મો-તીની સીપો કાઢવાના કામમાં હમેશ રોકાયલી હોય છે. અને તેમના માલિકોને આમાંથી ઘણો સારો નફો મળે છે. મોતીની સીપોની હમેશા ખપત થયા કરે છે એટલુંજ નહિં, પણ ઘણીવાર તેમાંથી એવાં મોતી પણ નીકળી આવે છે કે જેના એક દાણાની કીમત ૨૦૦ થી તે ૬૦૦ પોંડ સુધી ઉપજે છે. આથી કરીને એ બેટમાં આવો ધંધો કરનારને એકદમ શ્રી-મંત થઇ જવાનો ઘણો સંભવ છે.

અમારા વહાણમાં બીજા માલની સાથે ૭૦ ટન જેટલી મોતીની સીપોજ ભરેલી હતી અને તે બધી બરમીંગહામ અને શેફિલ્ડ ખાતે મોકલવાની હતી. ત્યાં તેના ચપ્પુના હાથા, બટન, અને એવી બીજી જણસો બનાવવામાં આવે છે,

મોતી કાઢનારાઓનો પહેરવેશ ઘણો વિચિત્ર તથા અજાયબ ભરેલો હોય છે, એમ મારા જોવામાં આવ્યું, કેમકે મોતીની છીપો દરિયાને તળિયે ઘણા ઊંડાણમાં હોય છે અને તેથી ડુબકી મારનારને પાણીના દબાણથી બચાવવાને માટે ખાસ ઉનનાં કપડાં પહેરાવવામાં આવે છે વળી તેના જોડાના તળિયા સીસાનાં હોય છે અને તે દરેકનો ભાર દશ શેર હોય છે. તેના માથાનો ટોપ એ લોખંડ જેટલો એટલે લગભગ અધમણ કરતાં પણ વધારે હોય છે

જે માણસો પોતાને ધન દાન કરવાને ઇચ્છતા હોય તેમને આ શુરવાર એક સારું સ્થળ છે. હમણાં ત્યાં થોડી ઘણી દુકાનો અને તેની પાછળ ખોરાક સુંદર બગીચા છે તથા એક દવાખાનું છે આ શહેરમાં એક નાનું બંદરસ્થાન છે તથા ખોરાક પુસ્તકોની લાઇબ્રેરી છે; પરંતુ આગળ જતાં એ મથાળાં જેવું મુખ્ય શહેર થવાનો સંભવ છે પૃથ્વીના જુદા જુદા ભાગોમાંથી આવનારાઓને માટે નાનું બંદર પણ અનુકૂળ છે.

નોકરીમાં સાવચેતી.

(પાછળ પૃષ્ઠ ૧૩ થી)

હમેશાં ચીવટ રાખવી કે, ' હમણાં ઉપરી આવશે, અને આપણું કામ માગશે; ઓચિંતા, હમણાં અધિકારી આવીને આપણી વિઝિટ કરશે એ ચિંતા આપણી બદલી થશે, અને મારે છોડવા પડશે ઓચિંતા એકદમ રજા ઉપર જવું પડશે ' એમ સમજીને હમેશાં નિયમિત અને ચોખ્ખું કામ રાખવું કે તેને પ્રસંગે હરકત આવે નહિ. પણ ધારવું, 'ઘણો વખત છે, કોણ જોવાનું છે? કોણ આવનાર છે? હમણાં કાંઈ ફીકર નથી,' એમ આળસ રાખ્યું તો કામ અને ગુમાસ્તાના એવા હાલ થવાના કે, ઉપર લખેલા પ્રસંગે જરૂર ગભરાવાના અને દુઃખી થવાના. માટે નોકરીમાં હમેશાં સાવચેતી રાખવી.

સાવચેતી રાખવાના ફાયદા અને ન રાખવાનાં ગેરફાયદા ઉપર આ દૃષ્ટાંત જુઓ.

વડોદરા શહેર જેવા એક મોટા ગામ નગરમાં એક ધનાઢ્ય ગૃહસ્થ રહેતો હતો. તે સ્ત્રી, સંતતિ અને સમૃદ્ધિ, વગેરેથી પરમ સુખી હતો. પોતાના શહેરમાં અને શહેરોમાં તેની ચાર દુકાનો ચાલતી હતી તેની પાસે બે ઉમેદવારો મગનલાલ અને છગનલાલ નોકરી માટે હતા. શેઠે આ બંનેને વ્યાપાર કામમાં નિપુણ જોઈને એકને મુંબાઈ અને બીજાને કરાંચીની પેઢી ઉપર મોકલ્યા, પણ જતી વખતે શેઠે બંનેને કહ્યું કે, જુઓ ભાઈ "હું મારી મરજીમાં આવશે, ત્યારે તમને તમારા કામ ઉપરથી અહીં પાછા બોલાવીશ, અને મારી ઇચ્છા થશે, ત્યારે તમારા કામનો હિસાબ માગીશ" "બહુ સારૂં" કહી બંને જણા પોતપોતાની નોકરી ઉપર ગયા.

મગનલાલના મનમાં આવી ગયું કે, કોણ જાણે કયે વખતે અને કેટલી મુદ્દતે મને શેઠ પાછો બોલાવશે, અને તે વખતે મારે તેના હુકમ પ્રમાણે મારું કામ આટોપી તેની પાસે જવું પડશે, માટે અત્યારથીજ મારે સઘળી વાતે સાવધ રહેવું જોઈએ. એમ વિચારી તેણે જુના કારભારીના હાથમાંથી સઘળો વહીવટ તપાસી લીધો, અને ચોપડા ઉપરથી પેઢીનું દેવું લહેણું સમજી લઈ રોકડ સીલક, માલમત્તા, બરાબર તપાસી લઇ, પોતાના શેઠને જણાવી દઈ, પોતે નવેસરથી પેઢીનો વહીવટ કરવા લાગ્યો.

પોતાના હાથ નીચેના માણસોને તાકીદ કરી ઉઘરાણી ચોંપથી કરવા માંડી. લેણદારોને થોડીઘણી નાણાંની રકમો અને વળી પડતો માલ આપી, તેમનો વ્યવહાર સાચવ્યો; પોતાને ત્યાં નહીં ખપે એવો માલ, શેઠની બીજી પેઢીઓથી ખબર મગાવી, જ્યાં જરૂર હોય ત્યાં મોકલી દીધો અને પછી સુખેથી નવા માલની ખરીદી, વેચાણ, સાટાં, વગેરે ઉત્તમ પ્રકારનો વ્યવહાર ચલાવી, અસલ કરતાં પેઢીની સાખ સારી વધારી.

તે રોજનો હિસાબ રોજ બંધ કરતો; દેશાવરના આવેલા કાગળના ઉત્તર તુરત લખતો, અને પોતાને ત્યાંથી લખવાના પત્ર પણ વખતસર લખતો. વરસ આખરે આખા વરસનો હિસાબ શેઠના માગતા પહેલાં તુરત મોકલતો. એ પ્રમાણે બે ત્રણ વરસમાં શેઠને સારો નફો કરી આપ્યો. આ ઉપરથી શેઠે તેને સારો શિરપાવ મોકલી આપ્યો.

પછી એક વખત મગનલાલે વિશ્રાંતિને માટે પોતાને વતન આવવા શેઠની રજા માગી. શેઠે તેનાં વખાણ કરી તેના પગારમાં વધારો કરી આપી, લખી જણાવ્યું કે— તમોએ અમારી પેઢી ઉપર બેશીને અમારી પ્રતિષ્ઠામાં અને અમારા દ્રવ્યમાં બહુ વૃદ્ધિ કરી છે, માટે અમે તમને હાલ છોડવા ચાહતા નથી અને હાલ અમારી પાસે તમારા જેવો માણસ પણ નથી; તમે વિશ્રાંતિને માટે રજા માગો છો, તો તમારા હાથ નીચે અમારા પગારથી એક માણસ વધારે રાખજો. પણ અમારી ઇચ્છા છે કે હજુ કેટલીક મુદત અમારું કહેવું માની રહેવું, અને અમારી પેઢીની પ્રતિષ્ઠા વધારવી. આ ઉપરથી મગનલાલે રજા લેવી મુલતવી રાખી પોતાનું કામ સાવધપણે ચલાવવા માંડ્યું.

છગનલાલે નોકરી ઉપર જતાં, જૂના કારભારી પાસેથી ચાર્જ સંભાળી લીધો. જૂનો કારભારી બહુ સાવધ હતો, અને તેણે કામનો વહીવટ સારો પાડ્યો હતો, તેથી કેટલાક મહીના સુધી તો ઠીકઠીક ચાલ્યું; પણ હવે છગનલાલ પ્રમાદી અને અસાવધ હતો. તેના મનમાં હતું કે હમણાં શી ઉતાવળ છે? હમણાં ને હમણાં કોને હિસાબ આપવાનો છે? ફલાણું કામ થાય છે, કરીએ છીએ, શું વહી જાય છે? એમ કરી એક ઉપર એક કામ મુલતવી રાખવા માંડ્યાં. એવું દેખીને તેના હાથ નીચેના માણસો પણ ઢીલા પડી ગયા. તેઓ વખતો વખત ઉઘરાણી કે નાણું ગણતરી રાખતા; જ્યારે પોતે એકાએક તાકીદ કરે, ત્યારે ઓહો. હવે એક બે દિવસમાં કરી આપીએ છીએ, એમ કહી હાથ નીચેના માણસો હિસાબ અને નાણું ચોખ્ખું કરવા મંડી જતા. ઉતાવળમાં ભૂલો આવતી અને તેથી વરસ આખરનો પણ હિસાબ મેળવતાં બહુ મેહનત પડતી.

દેશાવરના કાગળોમાં આજ કાલ ઢીલ થવાથી, તથા દેશાવરમાં માલ રવાને કરવામાં ઢીલ થવાથી, અને પાછળથી ભાવ મંદ પડવાથી ઘણુંક નુકસાન ખમવું પડ્યું હતું.

વખતસર ઉઘરાણી ન કરવાથી, સામી આસામી નબળી પડયાનું જાણ્યા છતાં નાણાં કાઢી લેવાની ઢીલથી અગર નાણાં બદલે માલ લઈને પણ નીકાલ કરવાની યુક્તિ નહિ વાપરવાથી દર સાલ ઘણી ખોટ જવા લાગી, અને ચોતરફ અવ્યવસ્થા થવા લાગી. વરસ આખરે શેઠને હિસાબ મોકલી શકતો નહિ, અને મોકલે તો તે સંતોષકારક નહિ. આસપાસના સમાચાર ઉપરથી શેઠે વિચાર કર્યો કે આ માણસને અગર દિવસ રાખવામાં આવશે મોટા નુકશાનમાં આવી જઈશું, માટે ત્યાં મોકલવા બીજું માણસ શોધી કાઢો. છગનલાલને પાછું આવવા હુકમ લખ્યો, *શેઠનો હુકમ આવતાંજ છગનલાલનું કાળજું છળી ગયું, તેને એકે દિશા સુઝી* નહિ. હાય, હવે શું કરવું? શેઠને હવે શો જવાબ આપીશ! શેઠે તો મને અણચિંતવ્યો તેડાવ્યો. મને એક વરસની મુદત આપી હોત તો હું સઘળું તૈયાર કરી ચોખ્ખું કરત, પણ અરે દૈવ! હવે આ વાત કોને કહું! (અપૂર્ણ)

निवधमालिका.

(પૃષ્ઠ ૯ થી ચાલુ.)

વિષય ૫ મો:—પહેલી શરૂઆત થયેલા અડધા કામની બરોબર છે

પ્રસ્તાવિક વ્યાખ્યા—લડાઈમાં ફતેહ મળશે કે નહિ તે પહેલા હુમલામાં વપરાયલા ડહાપણ અને જોસ્સા ઉપરથી જણાય છે તેવીજ રીતે કોઈ પણ કામની ડહાપણ ભરેલી શરૂઆત પરિણામ કહી આપે છે.

૧ દરેક કામની પહેલી સરૂઆત ઘણી અઘરી હોય છે અને તે અઘરો ભાગ બહાદુરીથી અને ખંતથી ઓળંગાયો એ કામમાં અંતે ફતેહમંદ થવાશે એવો તર્ક સહેજ બંધાય છે.

૨ જેમ જેમ કામ થતું જાય છે, તેમ તેમ તાજો ઉત્સાહ ઉત્પન્ન થતો જાય છે. તાજા ઉત્સાહથી શક્તિ, આનંદ, દૃઢ નિશ્ચયને ઉત્તેજન મળે છે.

દૃષ્ટાંત અને રૂપક—આગગાડીને ગતિમાં રાખવી તેના કરતા તેને ગતિમાં આણવી તે મુશ્કેલ છે. એક વખત ગતિમાં આણી એટલે ચલાવનારને મહેનત નથી પડતી

ય—જો વૈદ્ય નાડ તપાસી અને વ્યાધિ ઓળખી કાઢી દવા આપી અને રોગીને ખવડાવી તો અડધો રોગ ઘટ્યો એમ કહેવાય

ક—ફળદ્રુપ જમીનમાં ઉગી નીકળેલા ઝાડના મૂળ કે પાંદડા ઉપરથી—આગળ જતા સારા ફળની આશા રાખવી

ડ—પુત્રનાં લક્ષણ પારણામાંથીજ જણાય.

ઇ—ઘરનો પાયો જો મજબુત કર્યો હોય તો આગળ ઈમારતને પડવાની દહેશત ન

રહે. એને પાયો જો મજબુત ન કર્યો તો ઉપરથી ઇમારત ચણવામાં ગમે તેટલી મહેનત કરી હોય તોપણ તે ફોગટ છે.

फ. દેવતા સળગાવવામાં પણ લાકડાં બરાબર ગોઠવ્યાં હોય તો ઝટ સળગી ઉઠે છે. પરંતુ બરાબર ન ગોઠવ્યાં હોય તો ફુંકી ફુંકીને મરી જઇએ તોપણ વારંવાર ઓલાઇ જાય છે. જરાક સળગ્યું એટલે તમામ સળગ્યું.

ग એક લખોટાને ગતિમાં મૂકવા એક ટકોરો મારવો જોઇએ. અને યોગ્ય દિશામાં ટકોરો માર્યો કે તે તેજ માર્ગે ચાલ્યો જશે.

ह જો આ ખરાબ થઇ હશે તો તેમાં તમે ગમે તેટલી ખાંડ નાખશો પણ તેનો ખરો સ્વાદ કદી મળશે નહીં.

ઐતિહાસિક દષ્ટાંત—હેનીબાલ કહેતો કે તેણે તેની સઘળી જીત શરૂઆતના જોસ્સાદાર હુકમથીજ મેળવી છે.

च કેસીની લડાઇનું પરિણામ તેમાં થયેલા પહેલાજ હુકમથી નક્કી થયું હતું.

આંથક દષ્ટાંત—જો ડાળી નમે તો ઝાડ નમે.

च છોકરાને કેળવો અને પછી જુઓ.

સમાપ્તિ—માટે.................................

વિષય ૬ ઠ્ઠો—બહારના દેખાવથી મોહી જતા નહિં.

પ્રસ્તાવિક વ્યાખ્યા—કેટલીક વસ્તુઓ બહારથી સારી દેખાય છે પણ અંદર જોઇએ તો ખરાબ હોય છે. તેવી રીતે સાધારણ રીતે બહારના દેખાવથી બહુ લોકો ઠગાય છે.

૧. અકસ્માત, બહારના દેખાવમાં વારંવાર ફેરફાર કરી નાખે છે; જેમકે ન્યુકાસલના ખાણુ ખોદનારાઓનો રંગ તેમના આકસ્મિક ધંધાથી નિગ્રો જેવો કાળો થઇ જાય છે.

૨. પૃથ્વીની સપાટીની અંદર શું શું છે તેની કોઇને ખબર નથી. બહાર ઉકરડા પડયા હોય એવી જમીનની અંદર જોઇએ તો કદાચ કીમતી હીરા અને માણેક આદિ રત્નો નીકળે છે.

૩. આંખ કેટલીક વખત ભૂલાવો ખાય છે અને કંઇને બદલે કંઇ જુએ છે. ઝાંઝવાનાં પાણી હરણ પીવા આવે છે અને પાછળથી પસ્તાય છે.

૪. અજ્ઞાનતા પણ કેટલીક વખતે તર્ક—કલ્પનામાં ગોથું ખવડાવે છે. જેમકે—પ્રકાશના (પરાવર્તનના) નિયમો ન જાણતો હોય એવો માણુસ વહેળા કે નદીની ખરેખરી ઉંડાઇના સંબંધમાં કેટલીક વાર ઠગાય છે.

૫. ઘણી ખરી બાબતોમાં સારા અને માઠાની એટલી બધી મેળવણી થઇ ગઇ છે કે સારૂં શું અને માઠું શું તે બરોબર ઓળખી શકાતું નથી; અને જે જાણે છે કે સારામાં માઠું અને માઠામાં સારૂં સમાતું નથી તેમને ભૂલ થવાનો વિશેષ સંભવ છે.

દૃષ્ટાંત અને રૂપક—માછી લોકો જાળ નાખે છે તેમાં લોટના મોહથી માછલી પકડાઈ જાય છે અને ઉપર પસ્તાય છે.

अ. રોટલા કે દૂધથી ઠગાયલો ઉંદર કોળવાળામાં પકડાય જાય છે

ब કેટલાંક ઝાડને પાંદડાં બહુ હોય છે, પણ ફળ બિલકુલ આવતાં નથી.

ड ભેળવાળો રૂપિયો અથવા પારો ચઢાવેલો રૂપિયો

इ ખોટો રૂપિયો ચળકે ઘણું

फ. હાથ ચાલાકીના ખેલ.

ग ઉંદરવારણાનું ફળ.

ह ભસતા કુતરા કરડે નહિ. ગાજ્યા મેઘ વરસે નહિ.

ऐ વાઘ અને બિલાડી પોતાના ભોગને ઠગવા માટે સંકોચાય છે. અને જાણે ઉંઘતા હોય એમ દેખાય છે

ઐતિહાસિક દૃષ્ટાંત—ઘણા માણસો વિશ્વાસે માર્યા જાય છે.

अ ઘણા માણસો ઠગાઇને પકડાઇ જાય છે

ब ઘણા માણસો પોતે ન ઓળખાય એવા હેતુથી ભેખ બદલી નાખે છે.

આધિક દૃષ્ટાંત—હાથમાં માળા અને હૈયામાં લાળા.

अ મોઢે મીઠું બોલે અને પેટમાં કાતી રાખે.

ब મોઢે સાકર અને મનમાં ઝેર

क ઉજળું એટલું દૂધ નહિ.

ड જેટલા રંગથી ગળા ફુલે છે તેટલા બધા શિકારી હોતા નથી.

फ ઘણા હસમુખા ચહેરાવાળા માણસો નાકમેદીવાળા અને ગોકાતુરે હોય છે

સમાપ્તિ—માણસો અને વસ્તુઓની પરીક્ષા કરવામાં બહુ ઉતાવળા થતા નહિ.

मझल.

ते कयदा कायम् रह्या जे बेवफाई करी गया;
मरि गया आखर् न कोईथी आमनाई करी गया.
उमर परपोटा मिसाले ते उपर उन्माद आ;
मोतथी तेओ न छूट्या जे गुदाई करी गया.
आपनामां जाय निजनी जोईने आणी गरूर;

૬.
મેવો.

બોર રાતું ને જાંબુ કાળું છે;
આ લીંબુ તે કેવું રૂપાળું છે.
દાડમ જુઓ દેખાય છે ગોળ કેવું,
સ્વાદે બીજું નથી કોઇ તે જેવું.
નારંગીની વાત આજ નહીં આવે;
જામફળ બાળકને બહુ ભાવે.
જુઓ સીતાફળો જોયાં જેવાં;
કેળાં લાંબાં લાંબાં ને છે કેવાં.
ગળપણમાં કેરી બહુ સારી;
શેરડીની પૂળી પણ ભારી.
દ્રાક્ષ, ચારોળી, ને બદામ સાથે;
ખાઓ પિસ્તાં અંજીરને લઇ હાથે.
એ બધી મેવાની જાત મીઠી,
એ અમે બધાએ છે દીઠી.

(હ. શા૦)

(આ ઉપરથી જુદા જુદા મેવાની જાતો, તેમની હકીકત—સ્વાદ, વગેરે શીખવવાની સાથે તેની ઉપયુક્તતા શીખવી શકાય.)

सुशिक्षक.

પ્રકરણ ૩ જું.

નવા શિક્ષકની નવી વ્યવસ્થા.

વિદ્યાર્થી વગર ગરબડે—શાંતતાથી જે સ્થળે તેમના શિક્ષકો હમેશ બેસારતા હતા, ત્યાં બેશી ગયા; અને શિક્ષકો પણ આ નવી યુક્તિનો લાભ વિચારતા સ્વસ્થાને બે-

થવા માંડ્યા. શિક્ષકો—આસિસ્ટંટો વિચારતા હતા કે 'નવા મહેતાજી આપણી સાથે કંઈ વાત કરશે કે નહી ! ધાર્યું કરીને હમણાંજ આપણને નિશાળ સબંધી કંઈક પૂછશે, એટલે તેને આપણે વાતોમાં નાખશું, નવીન નવીન વાતો કહી આપણી પટુતા, નિશાળ ચલાવવાની હોંશિયારી, તેમજ તેમાં જોઈતી નિપુણતા જણાવી આપશું. અને તેઓ પોતે પણ તે કામમાં પ્રવીણ છે, અમર યશ વગેરે વગેરે કહી, તેમના વખાણ કરીને પણ તેમને હમણાંજ ખુશ કરી લેઈશું, મોઢમાં નાખ્યા રાખીશું; અને એમ કોઈ પણ વાતે તેના પ્રીતિનાં પાત્ર હમણાંજ થવા માંડશું ' આમ અનેક કલ્પના તરંગો આપણા ઉપશિક્ષકોના મનમાંથી ઉછળતા હતા; અને તે બધાનો ચિતાર તેમના હર્ષમિશ્રિત, આતુર અને ખાસ મહેતાજી તરફજ વિકસી રહેતા નેત્રો કહી આપતા હતા પણ પ્રવીણશંકરને તે જોઈતું ન હોતું: તેને તો તેનું કામ જોઈતું હતું બધા ઉપશિક્ષકો ઠેકાણે બેઠી ગયા, એટલે પ્રવીણે પણ પોતાનુ ઠેકાણું સભાળવા માડ્યુ ઠેકાણે બેસી હવે અભ્યાસનું કામ ચલાવાશે–ઘણા દિવસથી જેને માટે વાટ જોઇ રહ્યો હતો તે આગેકૂચ પામે જવાશે–એમ ધાર્યું, પણ બેસતા પહેલા ચોપાસ દૃષ્ટિ કરી, તો શિક્ષકો વિદ્યાર્થીઓ અને પોતે આ બધાની બેઠકોમાં વિચિત્રતા લાગી.

શાળાનુ મકાન ૨૦૦ વિદ્યાર્થીઓ માય શકે, તેટલા પૂરતું હતું, તોપણ તેની વ્યવસ્થા જોઈએ તેવી બીલકુલ નહોતી એક મોટો ઓરડો આશરે...૫૮ લાંબો અને.. ૫૮ પહોળો એવો સમગ્ર મકાનના મધ્ય ભાગે પશ્ચિમાભિમુખ આવેલો હતો. " કે જેને આપણે હવે પછી ન. ૧ ન નામથી ઓળખીશુ " અને તે ઓરડાની બન્ને પડખે પશ્ચિમ બાજુએ તેના બે વિશાળ પાંખ હોય તેમ, બે ઓરડાઓ દરેક આશરે.. ૫૮ લાંબો અને...૫૮ પહોળો એવા આવી રહ્યા હતા. " કે જેને હવે પછી આપણે અનુક્રમે ન. ૨ અને ન. ૩ ના નામથી ઓળખીશું " આ આમ આવી રહેતા ઓરડાના બન્ને બાર એક બીજાની સામે ઉત્તર અને દક્ષિણ અભિમુખ હતા, અને મધ્ય ઓરડાના મધ્ય ભાગમા ઊભા રહેતાં, આ બન્ને ઓરડામા દૃષ્ટિ પડી શકે તેમ મૂકેલા હતા મધ્ય ઓરડાના પણ મધ્યે એક ભીંતવતી બે સરખા વિભાગ કરવામા આવ્યા હતા અને તે દરેક વિભાગને એકેક વિશાળ બાર પશ્ચિમાભિમુખ મૂકેલુ હતુ. તેમજ તેની સામેની ભીંતમા પણ તેવાજ જેવાં અને બરોબર તેનીજ સામે આવે તેમ, બે વિશાળ બાર પૂર્વાભિમુખ મૂકેલા હતા. મધ્ય ઓરડાની મધ્યે આવેલી ભીંતમા પણ એક વિશાળ દરવાજો મૂકેલો હતો કે જે દરવાજામાંથીજ બધા ઓરડામા દૃષ્ટિ પડી શકતી " મધ્ય ઓરડાની પૂર્વ તરફ એક નાની એવી ઓશરી ઓરડાને લગોલગ રાખવામા આવી હતી, અને ઓશરીના બન્ને છેડાએ બે નાની ઓરડીઓ પણ રાખી હતી, ઓશરીની પછીના ભાગમા થોડુ એક છૂટ મેદાન હતુ, તેમજ મધ્ય ઓરડાના પાંખ તરીકે રહેલા ઓરડાઓની વચ્ચે પણ થોડી એક જમા હતી આખર આ બધાની આસપાસ ફરતો કમ્પાઉન્ડ પણ કરી આપેલ હતો.

આ રીતે મકાન જો કે મોટુંઆરું હતુ; તોપણ બેઠક બહુજ વિચિત્ર હતી ન. ૩ વાળા ઓરડાના છેક ખૂણા ભાગમા જૂના મહેતાજી તડાકારામ પોતે એક પાછળ પડતી બારી આગળ, પાછળ આવી રહેલા ઝાડમાંથી આવતો ઠંડો પવન લેતા; તેમજ આગાડી

થઇને જતા આવતા લોકોના તમાસા જોવાને માટે, ચોથા ધોરણનો વર્ગ લઇને બેસતા હતા. ત્યાર પછી તેનેજ લગભગ અડીને તે વખતના દોઢ મેહેતાજી **નરભેરામ** તડાકરામની સાથેજ ખુરશી નાખીને, તેની સહેજ સાજ વાતોમાં પણ ભાગ લઇ શકાય અને ચુપકીથી પણ વાતો કરી શકાય એવી રીતે, છઠ્ઠા ધોરણનો વર્ગ લઇ બેસતા; અને એવી રીતે નં. ૩ વાળો ઓરડો પૂરાઈ જતો.

ત્યાર પછી નં. ૧ તરફ દ્રષ્ટિ કરીએ, તો તેના એક જમણી તરફના ભાગમાં બીજા આસિસ્ટંટ **સેવકરામ** ધોરણ પાંચમું તથા પહેલું એમ બે વર્ગ લઇ બેસતા હતા. સેવકરામ કંઇક "ટ્રેન્ડ" થયો હતો, એટલે તે વધારે કામ કરવા શક્તિમાન્ છે ધારી, તેની પાસેથી ખાસ વધારે કામ લેવાને માટેજ **નરભેરામ**ભાઇના હુકમથી તડાકુરામ ભાઇએ તેને બે વર્ગ આપ્યા હતા; કારણ કે તેમ થાય તોજ "ટ્રેન્ડ" માણસો નરમ પડી શકે; એમ **નરભેરામ**નું માનવું હતું. નં. ૧ ના ડાબી તરફના ભાગમાં આસિ. **બાળકરામ** વગર ધોરણનો વર્ગ સાચવી બેસતા હતા. અને નં. ૨ વાળા ઓરડામાં આસિ. **શાંતિરામ** તથા આસિ. **વિદ્યાશંકર** બન્ને જણા અનુક્રમે ધો. ૩ જું તથા ૨ જું લઇ બેસતા હતા.

આ રીતે વર્ગની વેહેંચણ તેમજ બેઠક ચાલી આવતી હતી; તે પ્રમાણે આજ પણ છોકરાએ અને શિક્ષકો બેસી ગયા. પણ મેહેતાજી ચારે તરફ જોઇ રહ્યા "આશું? મેહેતાજીની અહીં બેઠક? જેનું કામ ચોપાસ દ્રષ્ટિ રાખવાનું તે એક ખુણામાં? શું મારે આળસુ થઇને અહીં સુઇ રહેવું છે—અથવા તો જતા આવતા લોકોના તમાસા જોવા છે કે, અહીં બેસવું? બેશક નહીં."

તુર્તજ નક્કી કર્યું અને **નરભેરામ**ને બોલાવ્યો:

"નરભેરામ, આ બેઠક મને નથી પસંદ."

નરભેરામને સાથે લઇ ત્રણે નંબર ફરી વળ્યા, અને બધાની બેઠક તથા વર્ગ જોઈ લીધા. "ઠીક છે. હું હમણાં ગોઠવણ કરી આપું છું." કહી આ પ્રમાણે ગોઠવણ કરી:—

પ્રવીણશંકરને પોતાને મધ્યભાગના એટલે નં. ૧ ના મધ્યભાગે જે દરવાજો છે તે દરવાજા વચ્ચોજ આસન રાખીને, નં. ૧ ની ડાબી તરફ વર્ગ બેસારીને બેસવું કે જે આસન પરથી નં. ૧ ના બન્ને ભાગો તથા નં. ૨ અને નં. ૩ ના મુખ્ય ભાગો તરફ બેઠાં બેઠાંજ દ્રષ્ટિ રાખી શકાય; તેમજ પૂર્વ તરફની ઓશરી અને પશ્ચિમ તરફના કંપાઉન્ડમાં પણ થતી બીના તેનાથી અજાણી ન રહે. આ પ્રમાણે શાળાના સૂત્રધારની શાળાના મુખ્ય ભાગો તરફ દ્રષ્ટિ રહે એમ ગોઠવણ કર્યા પછી તેને પડખેજ ધો. ૨ જું લઇ **વિદ્યાશંકર**ને બેસવા નિશ્ચય કર્યો; અને એ પ્રમાણે નં. ૧ નો ડાબી તરફનો ભાગ પૂરો થયો. જમણી તરફ **સેવકરામ**નેજ રહેવા દીધો. નં. ૨ માં બાળકરામને મોકલ્યો, અને **નરભેરામ**ને પણ મૂળ જગાએ રહેવા દઈ જૂના મેહેતાજીની જગોએ **શાંતિરામ**ને મોકલ્યો.

આ પ્રમાણે બેઠકની સવડ કરી લીધા પછી હવે અભ્યાસ તપાસવાનો વખત આવ્યો. તેમની પાસે ધો. ૪ થું હતું, કે જે ઉંચું પણ નહીં તેમજ નીચું પણ નહીં ધોરણની આ ગોઠવણ પણ શું બરાબર હતી?

દરેક નિશાળમાં એક મુખ્ય શિક્ષક અને બાકીના ઉપશિક્ષક એ પ્રમાણે આખા રાજ્યની શાળાઓમાં શિક્ષકો વહેંચાએલા છે. અને દરેક નિશાળમાં છેક નીચા ધોરણથી એટલે કે વગર ધોરણથી છેક ઉંચા ધોરણ સુધી વર્ગ રાખેલા હોય છે; પરન્તુ તેમાં મુખ્ય શિક્ષકે કયો વર્ગ રાખવો ? મધ્ય વર્ગ રાખવા એ તો કંઇ સવાલજ નથી કારણ કે સૌથી ઉંચા વર્ગમાં અને સૌથી નીચા વર્ગમાં જેટલી મુશ્કેલીઓ છે, તેટલી ઘણું કરીને મધ્યમ વર્ગમાં નથી. માટે સૌથી ઉંચો વર્ગ રાખવો કે સૌથી નીચો રાખવો ? આ એક સવાલ છે અને તે વિચારવા જેવો છે.

બેશક આ નિરાકરણમાં પ્રથમ એ જાણવાની આવશ્યકતા છે કે મુખ્ય શિક્ષકની યોગ્યતા કેટલી છે ? જો મુખ્ય શિક્ષકમાં એવા મહત્વના ધોરણો શીખવવાની યોગ્યતાજ ન હોય તો અલબત તેને તે ધોરણો નહીં જ આપવા, પણ એ પ્રમાણે હોવું અજુગતું છે, અથવા તો ધારવું એ માનસૂચક છે જે મુખ્ય શિક્ષક તરીકે નિમાએલા છે, તેમાં તેટલી યોગ્યતા છે અથવા હશેજ, એમ આપણે માની લેવું જોઇએ. મેહેતાજી લલ્લુરામ જેવા હોય તો તો અલબત તેને મહત્વનું ધોરણ નહીં આપવું જોઇએ, પણ આપણે તો બધા મુખ્ય મેહેતાજી પ્રવીણશંકર જેવા છે એમ માનવું જોઇએ.

ત્યારે હવે આપણે આપણા મૂળ વિચાર ઉપર આવીએ. પ્રથમ એમ જણાય છે કે, ઉંચાં ધોરણોમાં જે વિષયો શીખવવાના છે તે જરા વધારે વિસ્તીર્ણ જ્ઞાનવાળો, અને વધારે બુદ્ધિવાળો હોય, તેજ સારી રીતે વિદ્યાર્થીઓને સમજાવી શકે. કારણ કે તેવા ધોરણોમાં જે વિષયો રાખવામાં આવેલા છે, તે નાના ધોરણોની પેઠે વાચનજ્ઞાન થવાને અથવા માત્ર સામાન્યજ્ઞાન થવાનેજ નહીં, પણ બુદ્ધિ વગેરે શક્તિઓના ફરફોટનની ખાતર. મહત્વનું જ્ઞાન આપવાની ખાતર ઉંચા ધોરણોમાંથી નીકળેલા વિદ્યાર્થીઓની સાથે પ્રથમની પેઠે હવે પછી શિક્ષકથી રહેવાય તેમ નથી તેટલા માટે તેમણે તેનામાં એવી કોઇક શક્તિઓ મૂકવી જોઇએ કે જેના વડે આગળ તેઓ પોતાના કોઈ પણ કાર્યનો માર્ગ શોધી શકે, અને કાર્યને સરળ કરી શકે આ પ્રમાણે ઉંચા ધોરણોમાં કરવાનું કામ તે સાધારણ માણસ-શિક્ષક-થી બની શકે તેમ નથીજ, માટે તેને માટે તો મુખ્ય શિક્ષકની જરૂરજ છે

જો ઉંચું ધોરણ મુખ્ય શિક્ષકોની પાસે રહે એમ ઠરાવ કરીએ, તો પછી નીચાં ધોરણો કોને સોંપવા ? નીચા ધોરણમાં આવતા વિદ્યાર્થીઓ નિશાળના કામની પ્રથમજ શરૂઆત કરે છે. નિશાળમાં નવાજ આવે છે જેથી તેમની શરીર વૃત્તિને જાણી લઇ તેમને નિશાળમાં બેસવા-નિશાળમાં આનંદ અને ઉત્સાહથી આવે તેમ કરવું, નિશાળના કામમાં તેઓ તેની મેળે લાગે અને સતત મચ્યા રહે, તેમ કરવું: અને એવી રીતે તેમને પૂર્વની રમત ગમતમાંથી મુક્ત કરી, નિશાળના નવીન કામને પૂર્વના કામ સાથે સંબદ્ધ કરી, પછીથી તેમાંજ વધારે આનંદ છે એમ દર્શાવી, સજ્જન કરી દેવાં-એ કામ પણ જેવું તેવું નથીજ, અને જેવા તેવાથી બને તેવું પણ નથીજ. સિવાય એ પણ ખરૂં છે કે જો વિદ્યાર્થીઓને પાયાનું શિક્ષણ પણ સારૂં અને તેની સ્વાભાવિક શક્તિઓનું સંકોચન નહીં પણ ફરફોટન થાય તેવી રીતે મળે છે, તે વિદ્યાર્થીઓ આગળ જતા આત્મપ્રયાસથી પણ શીખી શકે છે. આ પ્રમાણે આ કામ પણ મુશ્કેલ છે. અને તેને માટે પણ મુખ્ય શિક્ષકની જરૂર છે.

(અપૂર્ણ) કુસુમ

' વિદ્યાર્થીઓને બક્ષીસ નં. ૧ ' નું પરિણામ.

મેહેરબાન " કેળવણી " ના અધિપતિ સાહેબ,

વિ૦ વિ૦ " વિદ્યાર્થીઓને બક્ષીસ નં. ૧ " નામે આપને પત્ર લખી આપણા ગાયકવાડી રાજ્યના ઉંચા ધોરણના વિદ્યાર્થીઓ પાસે " હિંદુઓમાં ચાલતા ખરાબ રીવાજો, " વિષે નિબંધ લખી મંગાવ્યો હતો. પ્રથમ વખતે બહાર ગામનો ફક્ત એકજ નિબંધ આવેલો હોવાથી અમે આપને બીજો પત્ર લખી કેટલીક સૂચના કરેલી તેની મુદત પૂરી થતાં પરિણામ તુર્તજ તૈયાર કરી રાખ્યું હતું, પરંતુ અમારામાંના એક પર એવો અકસ્માત આવ્યો કે જેથી મુદતસર અમે એ લખાણ આપને પહોંચાડી શકયા નહી. બીજી વખત કેટલાક બીજા ઉપયોગી કાગળો સાથે એ લખાણ આપને પહોંચાડવા માણસ સાથે મોકલેલું, તે પણ આપની એક ચીઠીપરથી જણાય છે કે આપને મળી શકયું નથી. આમ ઉપરા ઉપરી બે વખત થવાથી પરિણામ જણાવવાને મુદત ઉપરાંત વધારે દિવસો વહી ગયા છે, તેને માટે અમે બહુ દિલગીર છીએ.

આવેલા નિબંધોનું પરિણામ ટૂંકામાં નીચે મુજબ છેઃ—

કુલ નિબંધો ૨૦ આવેલા હતા, (અગીઆર નિબંધો બીજી વખતની મુદત પણ વિતી ગયા બાદ આવેલ હોવાથી તે તપાસવામાં આવ્યા નથી. મોડા આવેલા ૧૧ અને મુદતસર આવેલા ૨૦ મળી કુલ ૩૧ નિબંધો આવ્યા હતા.) તેમાંનો એક નિશાળ બહારના એટલે ઉઠી ગએલા વિદ્યાર્થીનો હતો, તે જોકે પ્રમાણમાં સારો હતો, પરંતુ નિશાળમાંથી ઉઠી ગએલ હોવાથી તેને ઇનામ આપવાનું કમીટીના સદ્દસ્યોને યોગ્ય લાગ્યું નથી. આમ થતાં મોજે ચલાળા તા૦ ધારીના વિદ્યાર્થી ડાહ્યા માધવજી પહેલે નંબરે, તથા મોજે તવડી તા૦ નવસારીના રહીશ વનમાળી બીખા બીજે નંબરે ઇનામને લાયક કમીટીના સદ્દસ્યોના મત પ્રમાણે ઠર્યા છે. તેમાંના પહેલા નંબરનું ઇનામ વિ૦ ડાહ્યા માધવજીને 'ચલાળા ગુ. શાળા જ્ઞાનવર્ધક શાખા સભા'ની રૂબરૂ આપી દેવામાં આવ્યું છે; અને તવડીના રહીશ વિ૦ વનમાળી બીખાએ પોતાનું ઇનામ નીચેને શીરનામે ૦-૨-૬ ની ટીકીટો મોકલી મગાવી લેવા તજવીજ કરવી.

આ પરિણામ ઉપરથી કમીટીના સદ્દસ્યોએ પોતપોતાના વિચાર દર્શાવ્યા છે તે અને આ પ્રથમ વખતના અનુભવથી અમને પોતાને શો સંતોષ અથવા તો ખેદ થયો છે તે સારાંશ રૂપે જણાવવાના હતા; પરંતુ આ વખતે મૂળ કાગળોની અગવડતાને લીધે જણાવી શકતા નથી; પણ થોડાજ વખત પછી દ્વિતીય પ્રયત્નના પ્રારંભમાં અવશ્ય જણાવીશું.

આ ફક્ત વિદ્યાર્થીઓના હિતાર્થેજ આરંભાયલા કાર્યને મદદ કરવા ખાતર મહેરબાન નિબંધ તપાસનાર સદ્દગૃહસ્થ સાહેબોએ જે તસદી લીધી છે, તે બદલ અમે તેઓ સાહેબના પૂર્ણ આભારી છીએ. એજ તા૦ ૧-૧૧-૯૭.

(શીરનામું.)
જીવનલાલ અમરશી મહેતા.
" નૂતનવિલાસ પ્રેસ. "
વડોદરા.

આભારી સેવકો
દેવચંદ રામજી
અને
જીવનલાલ અમરશી મહેતા.

पुस्तकोनी पहोंच अने अवलोकन.

સચિત્ર બાળશિક્ષા.

વિશેષે કરીને બાળકોને ચિત્ર જોવાનો તથા વાર્તા સાંભળવા વાંચવાનો વિશેષ શોખ હોય છે, એ સર્વ કોઈના અનુભવમાં આવેલું છે જે નિશાળના શિક્ષક પોતાના શિખવવાના પાઠ રસિક કરવા ઇચ્છતા હોય તેમણે છોકરાંને પાઠની સાથે સંબદ્ધ કરીને એકાદ ઐતિહાસિક કે પછી કલ્પિત વાર્તા પણ તેમણે કહેવી. વાર્તાઓ સાંભળવાને છોકરાં એટલાં તો આતુર જોવામાં આવ્યાં છે કે તે માટે તેઓ પોતાનું રમવાનું તો શું, પણ વખતે ખાવાનું સુદ્ધાં ભુલવા રાજી છે. આ તત્ત્વ ઉપર વિચાર કરીનેજ પહેલાંના કેળવણી ખાતાના અધિકારીઓએ ચિત્રવિધાન, બાળકથા, શાકરની અને ઇસાપનીતિ જેવા વાર્તાના પુસ્તકો વાચનમાળા માટે પસંદ કર્યાં હતાં. ચોપડી પહેલી હાથમાં આવે એટલે છોકરાં પ્રથમ તેમાંનાં ચિત્રો જોઈ જાય છે, અને તે પછી વાંચતાં શીખેલાં છોકરાં તેમાંની વાર્તાના પાઠ જોઈ જાય છે, તથા કવિતાના શોખીન કવિતાઓ જોઈ જાય છે. આ ઉપરથી એ તો સ્પષ્ટજ છે કે બાળકોને ચિત્ર તથા વાર્તાઓ ઘણાં પ્રિય છે તથા તેમનું મન એકાગ્ર કરીને તેમાં બોધ કે શિક્ષણ ભરવું હોય તો સચિત્ર વાર્તાઓ જેવું બીજું સારું સાધન નથી.

પરમાર કુબેરસિંહ અભેસિંહ જમાદાર અને ગણપતરામ ડુંગરરામ વ્યાસ વગેરેએ મળી સચિત્ર બાળશિક્ષા નામનું એક વાર્તાનું નાનું સરખું પુસ્તક તૈયાર કર્યું છે તેની એક નકલ તેમણે અમારા તરફ મોકલી છે તેનો ઉપર કહેલા હેતુઓ માટે આનંદપૂર્વક સ્વીકાર કરીએ છીએ. આ પુસ્તક કેળવણી ખાતાએ ઇનામ તથા લાયબ્રેરી માટે મંજુર કરેલું છે, એ યથાયોગ્યજ થયું છે એ પુસ્તકની ગોઠવણી પણ સારી યુક્તિથી કરેલી છે પ્રત્યેક વાર્તાને મથાળે બનતા સુધી સુંદર ચિત્રો આપ્યાં છે અને તે પણ વાર્તાને અનુસરતાંજ છે. પ્રત્યેક વાર્તાને છેડે તે વાતમાંથી શી શીખામણ લેવાની છે તે સાર રૂપે આપેલી છે અને બહુધા વાતની પૂર્વે એકાદ બોધવચન આપી એકાદ વાક્યથી તેનું વ્યાખ્યાન કર્યું છે બધાં મળીને એવાં સાઠ બોધવચન અને છત્રીસ વાર્તાઓ છે પુસ્તકની ભાષા નાનાં છોકરાં સમજે તેવી સહેલી અને શુદ્ધ છે કીંમત રૂ ૦-૨-૦ છે. આવી જાતનો પ્રયત્ન જારી રાખવાને ગ્રંથકર્તાઓને અમારી ભલામણ છે

પ્રભાકર.

આ નામના માસિક ચોપાનિયાના પુસ્તક ૧ લાનો અંક ૫ મો તેના પ્રકાશકો તરફથી મળ્યો છે જે જોઈને અમને અતિ આનંદ થાય છે એ અંકમાનું લખાણ વાંચી જોતાં તે સારા કેળવાયેલા વિદ્વાનોને હાથે લખાયું હોય તેમ જણાય છે એમાંની કવિતા પણ સારી છે, લેખ પણ ઉત્તમ છે, ચિત્રો પણ ઉપયોગી છે. ભાષા પ્રૌઢ છતાં આડંબર વિનાની છે આવા સારા માસિકને પ્રજા તરફથી સારું ઉત્તેજન મળેલું જોવાને અમે ઇચ્છીએ છીએ

૧૧-૩-૦ આ. કન્યાઓને શેરડી કેળાં તથા રમકડાં વેહેચ્યાં. ૨૯ નવસારી સ. ગરાદીશાળા ૧-૨-૯૭ મે. હરિપંત કરંડેકર તરફથી ૦-૮-૦ ક. છોકરાઓને પાણી પીવા માટે. ૩૦ નવસારી સ. ઉર્દુ સ્કુલ આછામીયાંએ ખુશીથી ૧-૦-૦ ક. સદર. નવસારી સ. અંત્યજ બોર્ડિંગ ૯-૨-૯૭ મુંબાઇના શેઠ રૂસ્તમજી કાવસજી એમના તરફથી ૨-૦-૦ ક. છોકરાઓને મીઠાઇ વેહેંચી. ૩૨ મરોલી સ. ગુ. શાળા ૨૪-૨-૯૭ દેશાઇ રણછોડ તથા ડાહ્યાભાઈ રઘનાથ એમણે ખુશીથી ૦-૧૦-૦ ક. છોકરાઓને ખાંડ વેહેચી. ૩૩ તવડી ,, ૧૨-૨-૯૭ પારસી ગૃહસ્થો તથા એક બાઇએ મળીને ૩-૦-૦ ક. છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૩૪ પરથાણ ,, ગોવિંદભાઇ નથુભાઈએ ખુશીથી. ૦-૮-૦ ક છોકરાઓને સાકર વેહેચી. ૩૫ કોર ,, ૪-૨-૯૭ ગામના વકીલ મંગળ તથા સભ્ય ગૃહસ્થોએ ઇનામ મેળાવડા વખતે ૧૭-૬-૦ ક. છોકરાઓને પુસ્તકો તથા પતાસાં ને કન્યાઓને કપડાં વેહેચ્યાં. ૩૬ કઠોદરા ,, ૧૨-૨-૯૭ ગામ લોકોએ ઇનામ મેળાવડા વખતે ૬-૦-૦ ક. છોકરાઓને પુસ્તકો ને ખાંડ વેહેચી ૩૭ ધમડાછા ,, ૧-૨-૯૭ ડાહ્યા ગોવિંદ તથા દુર્લભરામ તથા સોની રણછોડ ગીરધર એમણે ૧-૧૨-૦ આ. છોકરાઓને પતાસાં વહેચ્યાં. ૩૮ બગુમરા ,, ૨૭-૨-૯૮ ગામના સદ્દગૃહસ્થોએ ઇનામ મેળાવડા વખતે ૩-૧૨-૦ આ. છોકરાઓને પુસ્તકો વેહેચ્યાં. ૩૯ સેખપુર ,, ૧૬-૨-૯૬ તલાટી ઇચ્છારામ સુંદરરામે ખુશીથી ૦-૮-૦ આ. છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૪૦ અમરેલી સ. ગુ. અંત્યજ બોર્ડિંગ ૨૪-૨-૯૭ રસોઇયા રામા દેસાએ ખુશીથી ૦-૪-૦ આ. છોકરાઓને ખાંડ વેહેચી. ૪૧ વાડીયા સ. ગુ. શાળા ૧૮-૨-૯૭ પટેલ દેવરાજ છગાએ ખુશીથી ૧-૦-૦ ક. છોકરાઓને સાકર વેહેચી. ૪૨ બાબાપુર ,, ૧૪-૨-૯૭ પ્રેમજી બેચર તથા જેરામ નાગજીએ પરીક્ષા વખતે ૧-૦-૦ ક સદર. ૪૩ ઢોલરવા ,, ૧૫-૨-૯૭ દેવશંકર કસનજીએ ખુશીથી ૦-૮-૦ ક. સદર. ૪૪ દામનગર ,, ૧૭-૧-૯૭ શેઠ જગજીવનદાસ તથા શેઠ જેઠાલાલ એમણે મેળાવડા વખતે ૪-૦-૦ ક. છોકરાઓને પતાસાં વેહેચ્યાં ૪૫ દામનગર સ. ગુ. કન્યાશાળા ૧૭-૨-૯૭ સદર. ૨-૦-૦ ક. કન્યાઓને પતાસાં વેહેચ્યા. ૪૬ ચાવંડ સ. ગુ. શાળા ૨૫-૨-૯૭ મેહેરબાન દામનગર મહાલના વહીવટદાર સાહેબે વીઝીટ કરીને ૦-૮-૦ છોકરાઓને પતાસાં વહેંચ્યાં. ૪૭ ચલાળા ,, ૧૫-૨-૯૭ મહેરબાન રા. બા. આસીસ્ટંટ જનરલ સાહેબે ૧-૦-૦ ક. છોકરાઓને પતાસાં વહેંચ્યાં. ૪૮ ચલાળા સ. ગુ. કન્યાશાળા ૨૨-૨-૯૭ દોસી ડાહ્યા પ્રાગજીએ ખુશીથી ૦-૮-૦ આ. કન્યાઓને સાકર વેહેંચી ૪૯ ખાંભા સ. ગુ. શાળા ૧૧-૨-૯૭ મે. ડાકટર સાહેબ તથા ગામલોકોએ ૩-૦-૦ ક. છોકરાઓને પતાસાં વહેંચ્યાં. ૫૦ કોડીનાર સ. ગુ. કન્યાશાળા ૨૫-૨-૯૭ ડાહ્યાભાઇ જેઠાલાલે ખુશીથી ૧-૦-૦ ક. કન્યાઓને સાકર વહેંચી. ૫૧ છારા સ. ગુ. શાળા ૬૦-૨-૯૭ શેઠ પ્રેમજી મુળજીએ ખુશીથી ૧-૦-૦ ક. છોકરાને સાકર વહેંચી. ૫૨ દ્વારકાં ,, ૪-૨-૯૭ ઠક્કર જેઠાભાઇ રતનશી તથા કાળીદાસ વ્રજલાલે ખુશીથી ૮-૮-૦ ક. સદર. ૫૩ દ્વારકાં સ. ગુ. કન્યાશાળા ૧૨-૨-૯૭ ગજ્ઞ નાગભાઇએ ખુશીથી ૧૧-૦-૦ આ. કન્યાઓને બોર તથા પતાસાં વહેંચ્યાં. ૫૪ દ્વારકાં સ. સંસ્કૃત પાઠશાળા શેઠ કાળીદાસ જીવા તથા ઠક્કર જેઠાએ ખુશીથી ૧-૦-૦ ક. છોકરાઓને સાકર વહેંચી. ૫૫ વરવાળા સ. ગુ. શાળા ૧૨-૨-૯૭ શે. બાબુજી રામજી તથા હરીદાસ

તથા લાલજીએ ખુશીથી ૧-૮-૦ રૂ છોકરાઓને સાકર વહેંચી ૫૬ ધ્રાસણવેલ ,,૧૦-૨ ૯૭ સુતાર વરજી કાનજીએ ખુશીથી ૦-૨-૦ રૂ સદર. ગોરીયાણી ,, મેહેરબાન કરીમ‍ગઈ સાહેબે ૦-૧૦-૦ રૂ સદર ૫૮ ચોરાપા સ ગુ રૂ કન્યાશાળા ૧૭-૨-૯૭ મણીશંકર પુરશોત્તમે ખુશીથી ૦-૪-૦ રૂ કન્યાઓને શેરડી વહેંચી ૫૯ ગાયકવાડ સ. ગુ. રૂ શાળા ૧૬-૨-૯૭ શેઠ ધીરચંદ કરમચંદે ખુશીથી ૧-૦-૦ રૂ. છોકરાઓને સાકર વહેંચી. ૬૦ પેટલાદ મ. ગુ કન્યાશાળા ૧૮-૨-૯૭ ડાકટર સેવકલાલ માણેકલાલ એમણે ખુશીથી ૨-૦-૦ ના છોકરાઓને પતાસા વહેંચ્યા ૬૧ પેટલાદ સ ગુ કન્યાશાળા ૨૨-૨-૯૭ મે ગોવીંદ કમીશનર ઓફીસના કારકુને ખુશીથી ૧-૦-૦ ના કન્યાઓને પતાસા વહેંચ્યા ૬૨ મોજીઆ સ ગુ શાળા ૨૭ ૨-૯૭ પટેલ કાશીભાઇ નારણદાસે ખુશીથી ૧-૮-૦ ના છોકરાઓને પતાસા વહેંચ્યા ૬૩ મોજીઆ મ ગુ કન્યાશાળા ૧૭-૨-૯૭ સદર ૧-૮-૦ ના સદર ૬૪ મ ગુ મોજીઆ કન્યાશાળા ૨-૨-૯૭ મેહેરબાન રા. બા મહાલાનીદાસ મરસુબા સાહેબ જાયસ મા ૧. આચ્યા સાહેબ તથા રા રા. પટેલ કાલાભાઇ વેહેરીભાઇ તરફથી ૯-૦-૦ ના કન્યાઓને ઠીક તથા મીઠાઇ વહેંચી ૬૫ મોજીઆ મ અંબેજ શાળા ૧૭-૨-૯૭ ગામલોકોએ ખુશીથી ૦-૮-૦ ના છોકરાઓને પતાસા વહેંચ્યાં ૬૬ નાર મ ગુ કન્યાશાળા ૧૫-૨-૯૭ મુખી કેશવભાઈ તથા પાનાચંદ એઓએ ખુશીથી ૦-૮-૦ ના કન્યાઓને પતાસા વહેંચ્યા ૬૭ ભાદરણ મ ગુ શાળા ૨૭ ૨ ૯૭ મેહેરબાન રા બા મહાલાનીદાસ સરસુબા સાહેબે એમણે પીરીટ કરીને ૧૦-૦-૦ ના છોકરાઓને પતાસા વહેંચ્યા ૬૮ ભાદરણ મ ગુ કન્યાશાળા ૨૭-૨-૯૭ સદર ૨-૦-૦ કન્યાઓને પતાસા વહેંચ્યા ૬૯ ડામર સ ગુ શાળા ૨ ૨-૯૭ પટેલ વરજભાઇ કીશોરભાઇએ ખુશીથી ૨-૦-૦ છોકરાઓને પતાસા વહેંચ્યા ૭૦ ચાગા મ ગુ કન્યાશાળા ૬-૨-૯૭ જુના આયુબે ખુશીથી ૦-૮-૦ ના કન્યાઓને ચારેકા આપી. ૭૧ ગાડા મ. ગુ શાળા ૨૪-૨-૯૭ પટેલ ભોડાભાઈ ભગવાનભાઇએ ખુશીથી ૧-૦-૦ ના છોકરાઓને પતાસા આપ્યાં ૭૨ વસો ,, મોતીલાલ તથા અમથીદાસ તથા રણછોડભાઇ તથા ગામ લોકોએ મળીને ૭-૦-૦ ના ૧૦-૦-૦ રૂ છોકરાઓને પુસ્તકો તથા પતાસા વહેંચ્યા. ૭૩ વસો મ. ગુ કન્યાશાળા ૪-૨-૯૭ સદર ૧૦-૦-૦ ના કન્યાઓને રેશમ વહેંચ્યા ૭૪ વસો સ. અંગ્રેજી શાળા ૪-૨-૯૭ સાધુ ભગવાન ગણેશદાસે ખુશીથી ૧-૦-૦ ના છોકરાઓને પતાસા વહેંચ્યા ૭૫ પીજ મ ગુ શાળા ૨૦-૨-૯૭ મે. દીપતીલ સાહેબે ખુશીથી ૨-૦-૦ રૂ છોકરાઓને સાકર વહેંચી ૭૬ ભાલેજ ,, ૨૮-૨-૯૭ ગામલોકોએ ઇનામ મેળાવડા વખતે ૦-૮-૦ ના. ૩-૪-૦ રૂ છોકરાઓને પુસ્તકો વહેંચ્યા ૭૭ ભેલ ,, ૨-૨-૯૭ પટેલ મોતીભાઈ એમણે ખુશીથી ૦-૮-૦ ના છોકરાઓને પતાસા વહેંચ્યા. ૭૮ ચાણસદ ,, ૨૦-૨-૯૭ પટેલ માધવ કુબેરે ખુશીથી ૧-૦-૦ ના સદર ૭૯ વડુ ,, ૨૫-૨-૯૭ પટેલ નાથાભાઇ પ્રભુદાસે ખુશીથી ૧-૦-૦ ના. સદર ૮૦ માણી ,, ૧૦-૨ ૯૭ આમિન દલસુખભાઇ મનુભાઇ ખુશીથી ૧-૮-૦ ના સદર. ૮૧ સેગાકુવા ,, ૧૮-૨-૯૭ પટેલ રણછોડ ઝવેરે ખુશીથી ૧ ૦-૦ ના સદર. ૮૨ ભાયલી સ ગુ શાળા ૧૮-૧-૯૭ પટેલ ગનુભાઇ મુગટભાઇએ ખુશીથી ૧-૮-૦ ના. છોકરાઓને પતાસા વેહેંચ્યાં ૮૩ વરણામા મ ગુ શાળા ૮-૨-૯૭ પટેલ દેસાઇભાઇ કહાનદાસે ખુશીથી ૧-૦-૦ સદર.

૪ ૩૧૫૬ સ. ગુ. શાળા ૨-૨-૯૭ બીહારીલાલજી ભગતપ્રસાદે ખુશીથી ૧-૦-૦ બા. છોકરાઓને સાકર વેહેચી. ૮૫ સાકોદ સ. ગુ. શાળા ૨૪-૨-૯૭ બાપુ પરતાપ તથા લલુ કચરા એમણે ઇનામ મેળાવડા વખતે ૩-૪-૦ બા. છોકરાંઓને પુસ્તકો વેહેચ્યાં. ૮૬ નડા સ. ગુ. શાળા ૨૭-૨-૯૭ ગામલોકોએ ઇનામ મેળાવડા વખતે ૦-૮-૦ બા. ૧-૧૧-૦ ક. સદર. ૮૭ સંખેડા સ. ગુ. કન્યાશાળા ૧૫-૨-૯૭ મેહેરબાન નામદાર વડોદરાના એ. ગવરનર સાહેબે વીઝીટ કરીને ૫-૦-૦ ક. કન્યાઓને છીંટ ને પતાસાં વેહેચ્યાં. ૮૮ શીનોર સ. ગુ. શાળા ૨૨-૨-૯૭ મે. ચીમનલાલ મોતીલાલ એમણે ખુશીથી ૨-૦-૦ બા. છોકરાંઓને પતાસાં વેહેચ્યાં. ૮૯ શીનોર સ. ગુ. કન્યાશાળા ૨૩-૨-૯૭ સદર ૧-૦-૦ કન્યાઓને પતાસાં વેહેચ્યાં. ૯૦ વડજ સ. ગુ. શાળા ૮-૨-૯૭ નામદાર માંડવા દરબાર સાહેબે ૬-૦-૦ બા. છોકરાઓને સાકર વેહેચી. ૯૧ સાવલી સ. ઉર્દુ સ્કુલ ૧૨-૨-૯૭ સ્કુલ કમેટીના મેમ્બરો તરફથી ૧૨-૮-૦ બા. છોકરાઓને સ્લેટો ને પતાસાં વેહેચ્યાં. ૯૨ બાકરોલ સ. ગુ. શાળા ૪-૨-૯૭ સોની પીતાંબર ઝવેર તથા શેક પરસોતમે ખુશીથી ૨-૦-૦ બા. કન્યાઓને સ્લેટો ને પતાસાં વેહેચ્યાં. ૯૩ રણોલી સ. ગુ. શાળા ૩-૨-૯૭ ગામના કેટલાક સદગ્રહસ્થોએ મેળાવડા વખતે ૪-૧૨-૦ બા. છોકરાંઓને ચોપડીઓ વેહેચી. ૯૪ કોરલ સ. ગુ. શાળા છગનલાલ તથા પંડ્યા પ્રભાશંકર એમણે ખુશીથી ૧-૦-૦ બા. છોકરાઓને મીઠાઇ વેહેચી. ૯૫ કરણ સ. ગુ. શાળા ૧૫-૨-૯૭ ગામના સદગ્રહસ્થો તરફથી મેળાવડા વખતે ૧-૦-૦ બા. ૭-૧૫-૧૧ ક. છોકરાઓને પુસ્તકો વેહેચ્યાં. ૯૬ ચોરંદા સ. ગુ. શાળા ૧-૨-૯૭ હાથીભાઇ તથા કાળીદાસ એમણે ખુશીથી ૧-૮-૦ બા. છોકરાંઓને મીઠાઇ વેહેચી. ૯૭ કોસીંદ્રા સ. ગુ. શાળા ૧૪-૨-૯૭ ગામના સદગ્રહસ્થોએ મેળાવડા વખતે ૩૦-૦-૦ બા. છોકરાંઓને પુસ્તકો લુગડાં તથા સાકર વેહેચી. ૯૮ પાછીયાપુરા સ. ગુ. શાળા ૫-૨-૯૭ શા. પીતાંબર રણછોડ એમણે ખુશીથી ૧-૧૫-૦ બા. છોકરાંઓને પુસ્તકો વેહેચ્યાં. ૯૯ ખેરડા ગુ. શાળા ૨૨-૨-૯૭ શીવાભાઈ મનોરભાઇએ મેળાવડા વખતે ૩-૪-૦ બા. સદર. ૧૦૦ ધાવટ સ. ગુ. શાળા ગામલોકો તરફથી પરીક્ષા વખતે ૨-૦-૦ બા. છોકરાંઓને પતાસાં વેહેચ્યાં. ૧૦૧ આસુરતુ સ. ગુ. શાળા ગામના આગેવાન લોકોએ ઇનામ મેળાવડા વખતે ૩-૧૨-૦ બા. છોકરાંઓને પુસ્તકો તથા સાકર વેહેચી. એકંદર ૧૨૫-૫-૦ બા. ૨-૦-૦ શી. ૧૬૦-૦-૨.

તૈયાર કરનાર — J. A. Dalal.
માણેકલાલ નાથાભાઈ પટેલ. — વિદ્યાધિકારી.

કલોલ વિભાગ-ફેબ્રુઆરી સન ૧૮૯૭.

૧. નાદરી તા. ૩ કલોલ ૩-૨-૯૭ કલોલના વકીલ ભોગીલાલ મોહનલાલ ૧-૮-૦ ક. ૦-૮-૦ પતાસાં ૦-૮-૦ પુસ્તકો છોકરાંને શાળામાં. ૦-૮-૦ ઘડીઆળ લાવવા રોકડો. (આગળ.)

देशी केळवणी खातानी मराठी शाळाओमां इनाममां आपवाने सारु नीचे जणावेलां मराठी पुस्तको मंजुर करवामां आवे छे.

अनुक्रम नंबर	पुस्तकनुं नाम	कर्ता अथवा प्रकट कर्ता	किंमत रु.	आ.	पै.	विशेष हकीकत
१९४	समाज सुधारणेच्या कित्येक बाजू	रा. राज. हरबर्ट बडोदा प्रोग्रेस प्रेस ऑफिस	१	०	०	
१९५	स्त्रियांचे कर्तव्य	रा. रा. नारायण भास्कर अने रावजी बापु धार गावकर	१	८	०	
१९६	कन्या शिक्षण	रामचंद्र गंगाधर बालकृष्ण पर्वतीय	०	६	०	
१९७	संस्कृत मराठी कोश	बाबा पदमजी	० ०	८ ६	० ०	कापडना पुठाना कागळना पुठाना.
१९८	सद्गुणी मूल	भानू ... दत्तात्रेय विश्वनाथ शास्त्री	०	१४	०	
१९९	... भा. २	हरी कृष्ण दामले	०	४	०	
२००	उपदेशपर मनोरंजक गोष्टी भा. १-२	... विष्णु ...	० ०	० १	९ ६	
२०१	पदार्थ वर्णन भा. १	बाळाजी प्रभाकर मोडक.	१	०	०	
२०२	निबंध ... चर्चा	गोविंद नारायण मराठे.	०	४	०	मराठी शाळाने मास्तरोने विद्यार्थी माटे
२०३	... मौलिक ...	जनार्दन हरेश्वर वैद्य	०	१२	०	मराठी कन्याशाळा माटे
२०४	बालोद्यान शिक्षण पद्धति	महादेव कृष्ण फाटक	०	१२	०	
२०५	प्राचीन भरतभूमी	गोविंद अमृत वैद्य	१	८	०	
२०६	निबंध मराठ्यांचा भा. १	रघुनाथ ... पुणे	०	३	०	
२०७	... विषय ...	महादेव नारायण जोशी	०	२	०	
२०८	रघुपति ...	रघुनाथ शास्त्री ... नारायणराव ...	०	५	०	संस्कृत शाळामाटे
२०९	... अथवा ...	श्रीधर ...	०	१	६	
२१०	गुजरात देशनो इतिहास	तुकाराम जावजी निर्णय सागरप्रेसना अधिपति.	१	४	०	

(अपूर्ण.)

દેશી કેળવણી ખાતાની ગુજરાતી શાળાઓમાં ઇનામમાં આપવાને સારૂ નીચે જણાવેલાં ગુજરાતી પુસ્તકો મંજૂર કરવામાં આવે છે.

અનુક્રમ નંબર.	પુસ્તકનું નામ.	કર્તા અથવા પ્રગટ કર્તા.	કિંમત. રૂ.	આ.	પૈ.	વિશેષ હકીકત.
૨૮૩	ઓખામંડળના વાઘેરોની માહિતી અને દ્વારકાં પ્રવાસ	દુર્લભજી જટાશંકર.	૦	૧૨	૦	
૨૮૪	પદ્મસંધ.	નગીનદાસ પુરૂષોત્તમદાસ.	૦	૮	૦	
૨૮૫	પ્રીન્સેસ એલીસનું ગુજરાતીમાં ભાષાન્તર.	બાઇ સુનાબાઇ દીનશાજી આરદેશર.	૫	૦	૦	
૨૮૬	ઝાંશીનાં માહારાણી લક્ષ્મીબાઇ સાહેબનું ચરિત્ર.	કૃષ્ણાલીંગ રામલીંગ.	૨	૦	૦	
૨૮૭	દુખ અને સહનશીલતા.	કાશીશંકર મુળશંકર.	૦	૩	૦	
૨૮૮	કાશીનાથ ત્રિંબક તેલંગનું જીવનચરિત્ર.	મોહનલાલ પ્રસાદરાય.	૦	૨	૦	
૨૮૯	હિંદુસ્તાનનાં ગામડાંની આરોગ્યતા.	ગુજરાત વર્નાક્યુલર સોસાયટી.	૦	૦	૩	
૨૯૦	સ્વામી શ્રી દયાનંદ સરસ્વતીનું જીવનચરિત્ર.	શ્રી આર્યોત્કર્ષક મંડળી અમદાવાદ.	૦	૧૪	૦	
૨૯૧	સચિત્ર બાળશિક્ષા.	રા. ગણપતરામ મુગટરામ વ્યાસ વડોદરે	૦	૨	૦	
૨૯૨	પંચોપાખ્યાન.	મણીશંકર હમીયાશંકર.	૧	૪	૦	
૨૯૩	નરસિંહ.	કાળીદાસ ચુનીલાલ તથા ગોરધનદાસ દામોદર.	૦	૪	૦	
૨૯૪	બાળકેળવણી.	ગીરધરલાલ હરગોવિંદ.	૦	૨	૦	
૨૯૫	દૃષ્ટાંતમાળા ભા. ૧	કેશવજી જેરામ.	૦	૪	૦	
૨૯૬	મુકુલ મર્દન.	કૃષ્ણરાવ ભોળાનાથ.	૦	૮	૦	ફક્ત છોકરાની શાળા ખાતે.
૨૯૭	તુકારામ ચરિત્ર.	કાશીનાથ રાવજી ઘોંગડે.	૦	૮	૦	
૨૯૮	નર્મ કવિતા ભા. ૧.	જયશંકર નર્મદાશંકર.	૦	૬	૦	
૨૯૯	બેન્જામીન ફ્રેંકલીન.	ગુ. વર્નાક્યુલર સોસાયટી.	૧	૦	૦	
૩૦૦	ઇશ્કંદર અને ઇંદુના.	રા. રા. અમદાવાદ યુનિયન પ્રિન્ટિંગ પ્રેસના મેનેજર.	૦	૧૨	૦	
૩૦૧	ઉદ્ધવકૃત રામાયણ.	ગુ. વર્નાક્યુલર સોસાયટી.	૧	૧૨	૦	

(અપૂર્ણ)

આર્યશાળાના શિક્ષકોને અગત્યની-સૂચના.

કેટલીક મુદત પર મહેરબાન ખા ખા વિદ્યાધિકારી સાહેબ તરફથી ઠરાવ થયું છે કે પ્રત્યેક આર્યશાળાના મેહતાજીએ કેળવણી ચોપાનિયું રાખવું આ ઉપરથી ઘણા આર્યશાળાના મેહેતાજીઓ આ તરફ તેનું વાર્ષિક લવાજમ તથા તે શી રીતે મોકલવું, વગેરે પૂછાવે છે તેમના ખુલાસા માટે નીચે હકીકત આપી છે, તે ઉપર તેઓ બરાબર ધ્યાન આપશે એવી આશા છે

સામાન્ય વાર્ષિક લવાજમ.	રૂ. ૨-૦-૦	પોસ્ટેજ રૂ. ૦-૩-૦
રૂ ૧૦) થી ઓછા પગારના મેહેતાજીઓ તથા વિદ્યાર્થીઓ માટે વાર્ષિક લવાજમ.	૦-૧૧-૦	પોસ્ટેજ માફ.
છુટક એક અંકની કીમત.	રૂ. ૦-૪-૦	પોસ્ટેજ માફ.

સંવત ૧૯૫૪ની સાલથી નવા થનાર ગ્રાહકોએ ચાલુ વરસ આસો સુદી ૧૫ સુધીમાં આવની સાથ કેળવણીના લવાજમના પૈસા ઉપર લખ્યા પ્રમાણે મોકલી આપવા કે જેથી તે હિસાબે કાર્તિક માસથી ચોપાનિયા છપાવવામાં આવે. એ મુદત વીત્યા પછી ગ્રાહકને અંકો સીલકે હશે તોજ મોકલી શકાશે

જૂના ગ્રાહકો પૈકી જેમના લવાજમના નાણા ૧૯૫૪ કારતક વદી ૧૦ સુધીમાં અમને નહિ પહોંચે, તો તેમના ચોપાનિયા બંધ કરવામાં આવશે, અને તેમના નામ ગ્રાહકના લીસ્ટમાંથી કમી કરવામાં આવશે

કોઇ મેહેતાજી વર્ષની અધવચ ગમે ત્યારે ગ્રાહક થઇને અધૂરા અંકો મંગાવી તેના પ્રમાણમાં લવાજમ આપવા ઇચ્છતા હશે, તો તેમ કરવામાં નહિ આવે.

ચોપાનિયા કોની મારફતે અથવા કઇ પોસ્ટમાં થઇને મોકલવાથી જલદી મળશે, એ વાત સ્પષ્ટ જણાવ્યા સિવાય ચોપાનિયું મોકલવામાં નહિ આવે.

જે માસનું ચોપાનિયું તે માસની પુનમ સુધીમાં ન મળે તો તે માસ પૂરો થતા અગાઉ અમને ખબર આપવા જોઇએ માસ વીત્યા પછી ખબર આપનારે પોતે તે અંક ખોઇ નાખ્યો છે એમ માની તેની પાસેથી ઉપર લખેલા છુટક અંકની કીમત લેવામાં આવશે. તા ૨૫-૮-૯૭

જેમણે ચાલુ સાલના પૈસા પૂરેપૂરા નહિ મોકલ્યા હશે, તેમનું ચોપાનિયું આવતા માસથી બંધ થશે.

મેનેજર—કેળવણી.

श्री.

संवत १९५४. पौष.

केळवणी

पुस्तक १० मुं. अंक ३ मो.

પ્રસિદ્ધકર્તા

છોટાલાલ નરભેરામ ભટ્ટ.

વડોદરા.

"વીરક્ષેત્રમુદ્રાલય" માં છાપ્યું.

ઈ. સ. ૧૮૯૭.

अनुक्रमणिका.

વિષય.	
૧. આ કોડો ચાલ્યો ગાળવે ...	૪૭
૨. સર વિલિયમ જોન્સ.	૪૮
૩ સુશિક્ષક	૫૦
૪. અભ્યાસીઓને સૂચના	૫૩
૫ શાળોપયોગી પત્રો.	૫૫
૬. માણસ કેટલે ઉંચે ચઢી શકે છે ?	૫૮
૭ ચર્ચાપત્ર.	૬૨
૮. ગાયકવાડ સરકારનું કેળવણીખાતું. (સરક્યુલરો.)	૬૩

પુસ્તકોની પહોંચ.

નીચે લખેલા પુસ્તકો તેમના કર્તા તરફથી અમને ભેટ મળ્યાં છે, જેનો સ્વીકાર કરતાં અતિ આનંદ થાય છે.

कल्याण मन्दिर स्तोत्र—ગદ્યપદ્યાત્મક ભાષાંતર સહિત રચનાર અને પ્રસિદ્ધ કરનાર હરજીવન રાયચંદ શાહ. કીંમત ચાર આના

श्रीभक्तामर स्तोत्र—સમશ્લોકી પદ્યાત્મક ભાષાન્તર તથા ગદ્ય ભાષાન્તર અને નોટ સહિત પ્રસિદ્ધ કરનાર હરજીવન રાયચંદ શાહ. કીંમત ચાર આના.

निर्णयसागर छापखानानी सने १८९८ नी रोजनिशी—પ્રસિદ્ધ કરનાર નિર્ણયસાગર પ્રેસના માલિક તુકારામ જાવજી. આ ડાયરી સુશોભિત પુઠાની અને સારા કાગળની છે. શરૂઆતમાં ૧૮૯૮ નું સંક્ષિપ્ત પંચાંગ આપી તે સાથમાં થનારા ગ્રહણો વિષે સવિસ્તર હકીકત આપી છે. પછી ટપાલ સંબંધી માહિતી, રેલવેસ્ટેશનોના મૈલ અને ભાડાના દર, વિવાહ તથા ઉપનીતના મુહૂર્ત, ખત તથા ફરિયાદીના સ્ટેમ્પની સમજ, અંગ્રેજી હિંદુસ્તાન સંબંધી માહિતી, પગાર ગણવાનો કોઠો, વગેરે હકીકત આપી છે

છપાઇ બહાર પડ્યું છે

સંગીત રામ રાવણ નાટક—બત્રીસ જુદા જુદા મેળના ગાયના (૬૦૦) ગાયનોથી ભરપૂર એક રમુજી ફારસ સાથે જેની મોટી નકલો ટુંક મુદતમાં ખપી છે. કીંમત ફક્ત આઠ આના. કર્તા પરવતસિંહ હમીરસિંહ. ઝીંઝુરી, પોસ્ટ ચમારડી.

નવીન મંજુર થયેલાં અતિ ઉપયોગી પુસ્તકો. મંગાવો અને ખાતરી કરો.

કિન્ડરગાર્ટનપદ્ધતિના ગુણદોષ લખાભાઇ લલુભાઇ પટેલ હે. મા. ગ્રા. શાળા પેટલાદ ૦-૮-૦. મળવા ઠેકાણું વેચનારની દુકાન ભાગ ૧ લો. ગણપતરામ મુગટરામ વ્યાસ કલાર્ક વિદ્યાધિકારી ઑફિસ વડોદરા ૦-૫-૦

સચિત્ર બાળશિક્ષા " " ૦-૬-૦

નિત્ય સુધ સુખ ભોગીલાલ ભીખાભાઇ ગાંધી હેડ માસ્તર ગુ. શાળા દડી ૦-૮-૦

કેળવણી.

अर्थ मळे वळी धर्म [illegible] मनमान वधारे;
नीति वधे [illegible] [illegible] धर्म अमारो.

પુસ્તક ૧૦ મું [illegible] સંવત ૧૯[illegible] અંક ૩ જો.

મહેટો નાનો માણસ!

— — —

ગીત.

([illegible])

મહેટો [illegible] [illegible],
મહેટીબાઇ [illegible] બહુ [illegible] મહેટો ૧
[illegible] કરી [illegible],
સારી રીતે [illegible], [illegible] સાહ્યોને [illegible]. મહેટો. ૨
[illegible] [illegible] [illegible] ગાલ [illegible],
વેપારીનો [illegible] [illegible] રહેવું [illegible]. મહેટો. ૩
ખાઇ પીને પતિ બેસતો રે, સુને આળસની સાથ,
લાલચ ને વળી લાભ તો, [illegible] નાશ. મહેટો ૪
નથી મોટું પેટ નાથજી રે, નથી કરવાનું નામ;
આવી રીતે નહિ આજથી, કરો સાહસ કામ. મહેટો. ૫
પતિ તમારી કેડ પાતળી રે, લેશ નો રે [illegible];

તંતુની પેર તુટી જશે, મોત વિના મરાય. મંકોડો. ૬
કંથજી પંથ કેમ કાપશો રે, ચાલતાં ના ચલાય;
હિંડતાં વળી તમે હાંફશો, મસ સંકટ માંય. મંકોડો. ૭
ચોંપે ગજું જોઇ ચાલતાં રે, સુખ મળશે સદાય;
માટે **ભવાની** માનીને, વળો થાઓ ન વિદાય. મંકોડો. ૮

(૨)

મંકોડો કહે સુણ માનુની રે, બોલે એવા શા બોલ;
થોડું ઘણું તેથી થાયછે, તારી બુદ્ધિનું તોલ. મંકોડો. ૧
હામ ધરીને જાઉં હોંશથી રે, લેવા લાખોનો લાભ;
ટકા સારૂં સમુદર તરૂં, ઉડી જાઉં હું આભ. મંકોડો. ૨
કોડથી જાઉં પહાડ કૂદીને રે, નદી નાળાંનાં નીર;
વન વટાવી જાઉં વેગથી, સબળ મારૂં છે શરીર. મંકોડો. ૩
ગોળ વિના ન ગળે ઉતરે રે ગળ્યો લાગેછે ગોળ;
ભોજન લૂખું ન ભાવતું, મ્હોમાં આવેછે મોળ. મંકોડો. ૪
કાંધે ધરીને લાવું કોથળો રે, ગાંઠે બાંધીને ગોળ;
માળવે મળે વિના મૂલનો, ખરી કીધી મેં ખોળ. મંકોડો. ૫
ખાતાં ખવાય એમ ખાઇને રે, વળી કરશું વેપાર;
વધતો નફો ખાઇ વેચશું, પછી ધનનો શો પાર. મંકોડો ૬
માટે મૂકી દે ને માનુની રે, તારી લૂખી આ તાણ,
માળવે જાતાં મને મળે, ખરી દોલત ખાણ. મંકોડો. ૭

सर विलियम जोन्स.

સર વિલિયમ જોન્સના નામથી અત્રેના થોડાજ વિદ્યાર્થીઓ અજાણ્યા હશે. જો કે આ નામીચા વિદ્વાનનું બાલપણ કેટલાએક છોકરાઓના જેવું અચરત સરખું નથી, તોપણ તે જાણવા જોગ હોવા સાથે તેમાંથી બીજા કેટલાક પાઠ મળે છે, જેથી તે અહિંયાં લખવાની વધારે જરૂર જણાય છે. આ વાત ઉપર દેશી છોકરાઓ કરતાં દેશી માતાઓએ અને દેશી શિક્ષકોએ વધારે ધ્યાન આપવું જોઇએ. આ વાત ઉપરથી જણાશે કે એક શીખેલી અને ચંચળ માથી એક બાળક બચપણથી કેવું કેળવાયછે, અને આગળ જતાં

કેવી પ્રખ્યાતિ મેળવે છે. તેમજ શિક્ષકોને જણાશે કે, શીખનાં છોકરાઓને રમત અને ગમત આપવાથી તેમના જ્ઞાનમાં કેટલો વધારો અને મગજમાં કેટલો સુધારો થાય છે.

સર વિલિયમ જોન્સ પૂર્વ તરફની ભાષાઓનો મોટો વિદ્યાર્થી થઈ ગયો છે, ને સાથે તે એક ગ્રંથ ધારા જાણનાર હતો, અને હિંદુસ્તાનમાં એક નામીચો અને બાહોશ ન્યાયાધીશ થઈ ગયો હતો.

સર વિલિયમ જોન્સ જ્યારે ત્રણ વરસનો હતો ત્યારે એનો બાપ મરણ પામ્યો હતો. એથી એની કેળવણીનો સઘળો આધાર તેની વિધવા માતા ઉપર આવી પડ્યો. વિલિયમનાં સારા ભાગ્યે તેની મા સારી કેળવાયલી, મહેનતુ અને સાવચેતીવાળી સ્ત્રી હતી; જેથી પોતાના આ નાના છોકરાને સારી પેઠે કેળવવા માટે મહેનત કરવા લાગી. આ ચંચળ માએ વિલિયમને થોડા વખતમાં એવો તો ચપળ કર્યો કે, તે ચાર વર્ષનો થયો એટલામાં તો તેના હાથમાં જે અંગ્રેજી ચોપડી આપે તે તે સહેલાઈથી અને ઝડપથી વાંચી જાય. એ પ્રમાણે વિલિયમને સારી પેઠે વાચતાં આવડ્યા પછી તેની સ્મરણ શક્તિ ખીલવવાને તેની બુદ્ધિ માએ તેને શેક્સપીઅર અને બીજાઓની બનાવેલી કથાઓમાંની કેટલીક રસીલી કથાઓ મોઢે કરાવી આ પ્રમાણે બાળપણથીજ તેની યાદ શક્તિ મજબુત કરવાથીજ તે મોટપણે ઘણી અને કઠણ ભાષાઓ શીખવાને અને કાયદાઓ જાણવાને શક્તિવાન થયો હતો.

એ પ્રમાણે નાનો વિલિયમ સાત વરસનો થયો ત્યારે તેની માએ ઘરમાં કેળવણી બાદ "હેરો" નામની સ્કૂલમાં મોકલ્યો અહીં તેણે બે વરસ સારી પેઠે અભ્યાસ કર્યો પછી કોઈ અકસ્માતથી તેનો પગ ભાંગી ગયો જેથી તેને નિશાળ છોડી એક વર્ષ સુધી ઘરમાં રહેવું પડ્યું. આ આખું વર્ષ વિલિયમે ઘરમાં આળસુપણામાં કાઢ્યું નહિ તેની સાબીતી એટલાજ ઉપરથી જણાશે કે જ્યારે તે નિશાળમાં પાછો આવ્યો, ત્યારે તે નિશાળમાં હોત અને જે વર્ગ ચડત, તે વર્ગમાં તેને બેસાડવામાં આવ્યો. એ પ્રમાણે કેટલાક વરસ ગયા પછી જ્યારે વિલિયમ બાર વરસનો થયો ત્યારે તેને મોટી નિશાળમાં મોકલવામાં આવ્યો અહીં તેની મજબુત સ્મરણ શક્તિનો ચળકાટ પહેલવહેલો નજરે પડ્યો એક દિવસે તેની સાથેના નિશાળીઆઓએ એવો ઠરાવ કર્યો કે તેઓએ પોતપોતામાં એક નાટક કરવું. તેનો વિચાર થતા વિલિયમે નામીચા શેક્સપીઅરના 'ટેમ્પેસ્ટ'નું નાટક કરવાની ભલામણ કરી તે બધાને પસંદ આવ્યું પણ તે ક્યાંથી લખી લાવવું તેનો વિચાર પડ્યો. પણ એ વિચારમાં નાના વિલિયમે તેમને વધારે વાર ગુંચવાવા દીધા નહિ વિલિયમની માએ તેને ઘરમાં શીખવની વેળાએ જે શેક્સપીઅરની કેટલીક વાતો મોઢે કરાવી હતી, તેમાં "ટેમ્પેસ્ટ"નું નાટક પણ કરાવ્યું હતું. તે તેને બરાબર મોઢે હોવાથી તે લખી આપવાને તેણે માથે લીધું, અને તે પ્રમાણે તે મોઢેથીજ લખી આપ્યું. એ નાટક કરતી વેળાએ "પ્રોસ્પેરો"નો ભાગ વિલિયમે પોતે ભજવ્યો અને સઘળો ખેલ મનમાનતી રીતે પાર ઉતર્યો.

એ સ્કૂલમાં તેણે પોતાનો અભ્યાસ ઘણો આગળ વધાર્યો અને થોડાક વખતમાં ગ્રીક ભાષાની સારી પેઠે માહિતી મેળવી, અને ગ્રીકની કેટલીક કવિતાનો તથા વારતાનાં કેટલાંક ભાગોનાં અનેકનો અંગ્રેજીમાં કવિતા રૂપે તરજુમો કર્યો. એ સિવાય

તો પણ તેને એકજ શાળામાં રાખી શકાય, અને તે પ્રમાણે દરેક શાળામાં તેવા શિક્ષકો પૂરા પાડી શકાય એ વસ્તુસ્થિતિમાં બને તેવું નથી.

સુધારણાનો બીજો ઉપાય એ છે કે, દરેક શાળામાં જે ઉપશિક્ષકો છે, તેનેજ ધોરણો સોંપવાં; અને મુખ્યશિક્ષકે માત્ર ઉપર ફરતું—તેની દેખરેખ રાખતું રહેવું. ઉપશિક્ષકોની શિક્ષણપધ્ધતિઓ તપાસવી; તેની ભૂલો તપાસવી; પદ્ધતિનો કોઇ સરસ નમુનો વખતો વખત બતાવતાં રહેવું; અને એમ દેખરેખ રાખતાં દરેક શિક્ષકોની પદ્ધતિઓ સુધારવી. આ ઉપાયથી પણ પદ્ધતિઓ અને શિક્ષકો સુધરી શકે તેમ છે, પણ વસ્તુ સ્થિતિમાં એ ઉપાય ચાલી શકે તેમ નથી; કારણ કે ધોરણો અને વિદ્યાર્થીઓ એટલા બધા હોય છે, અને શિક્ષકોની સંખ્યા એટલી થોડી હોય છે, કે જેથી મુખ્ય શિક્ષકોને અમુક વર્ગ રાખ્યા વગર છૂટકો થતોજ નથી. ત્યારે તેમ વર્ગ રાખતાં છતાં પણ સારું થઇ શકે કે નહીં ?

જ્યારે વર્ગ રાખવો એમજ નક્કી છે, ત્યારે પછી ઉંચો રાખવો કે નીચો રાખવો એ સવાલ પાછો આવી પડે છે.

જો વિદ્યાર્થીઓનું શક્તિપ્રસ્ફોટન કરવું એજ મુખ્ય કર્તવ્ય હોય, તો તો બેશક નીચોજ વર્ગ રાખવો, એ મુખ્ય શિક્ષકને માટે યોગ્ય છે. કારણ કે તેના સિવાય બીજો કોઈ પણ તે નહીં કરી શકે; પરંતુ ઉંચા ધોરણમાં જે ઉચ્ચતર જ્ઞાન આપવાનું છે, તે પણ તેના વગર બીજો કોઈ નહીં કરી શકે.

આમ દરેક રીતે બન્ને વર્ગમાં મુખ્ય શિક્ષકની જરૂર છે. પણ આપણે એકથી ચલાવ્યા વગર છૂટકો નથી. માટે હાલતો ઉપાય એજ છે કે, મુખ્ય શિક્ષકે ઉંચો વર્ગ રાખવો અને ઉંચા વર્ગમાં જે ઉચ્ચતર શિક્ષણ આપવાનું છે, તે આપતાં વચ્ચે વખત મેળવી, નીચેના વર્ગો તપાસતાં રહેવું. ઉંચા ધોરણોનું શિક્ષણ આપતાં વચ્ચે વખત નહીંજ મળી શકે એમ તો કંઇ કહેવાયજ નહીં. કારણ કે અભ્યાસના છ કલાકમાં જે જે શીખવવાનું આવે છે, તે તે બધામાં શિક્ષકને એક સરખીજ મહેનત લેવી પડે છે એમ કંઇ નથી. કેટલાક વિષય એવા છે કે જેમાં શિક્ષકે ખાસ લક્ષ આપવાનું છે; કેટલાક વિષય એવા છે કે જેમાં શિક્ષકે સહેજ સાજ લક્ષ આપવાનું છે; અને કેટલાક વિષય એવા છે કે જેમાં માત્ર ઉપર ઉપરથી દેખરેખ રાખવાની છે. અને જે વિષયોમાં ખાસ લક્ષ આપવાની જરૂર છે; તેમાં પણ હમેશાં કંઇ તેવું ને તેવું લક્ષ આપવું જોઇતું નથી. જો તેમ કરવું પડે તો તે શિક્ષકના શિક્ષણમાંજ ખામી છે; કેમકે જે વિષય પ્રથમ પુષ્કળ લક્ષથી શીખવાતો હોય, તે વિષય પાછળથી એટલો સરળ થાય છે કે વિદ્યાર્થીઓ પોતાની મેળે પણ શીખી શકે છે. આમ મુખ્ય શિક્ષકને પ્રથમના ભાગમાં કદાચ થોડી વધારે મહેનત પડશે, પણ પ્રથમ જો તે વિષયોને ક્રમવાર ગોઠવી પાયરી બંધ એવી રીતે શીખવશે કે પાછળનો ઘણોખરો ભાગ વિદ્યાર્થીઓ તેની મદદ વગર પણ કરી શકે, તો પછી તેને ઉંચું ધોરણ શીખતાં છતાં, અને શીખવતાં છતાં વખત પણ મળી શકશે; અને તે વખતનો ઉપયોગ બીજાં નીચેનાં ધોરણું ઉપર દેખરેખ રાખવામાં સુખેથી કરી શકાય.

વળી દેખરેખ રાખવામાં પણ મુખ્ય શિક્ષકને કંઇ દિવસના દિવસ નથી જોઇતા, કે અભ્યાસનો બધો વખત નથી જોઇતો; પણ માત્ર તેનો થોડો ભાગજ. હમેશાં તેવો થોડો ભાગજ મુખ્ય શિક્ષક દેખરેખની ખાતર રાખે, અને તેટલા વખતમાં બીજાં ધોરણોને

શીખવતા ઉપશિક્ષકોના શિક્ષણનું નિરીક્ષણ કરે, અને તેમાં યોગ્ય ફેરફાર સૂચવે, અથવા પ્રસંગોપાત કરી બતાવે તો તેથી પણ શિક્ષકોમાં અને શિક્ષણપદ્ધતિઓમાં ઘણો ફેરફાર થઇ જાય.

આ પ્રમાણે વિચારો જ્યારે પ્રવીણશંકર શિક્ષણપદ્ધતિશાળામાં હતો, અને જ્યારે જ્યારે પોતાના સહાધ્યાયીઓની સાથે, 'આપણે દરેક આપણને ભણવાની શાળા શી રીતે સુધારીશું ?' 'આપણું કર્તવ્ય શી રીતે બજાવશું ?' વગેરે પ્રશ્નો વિચારતો, ત્યારે ત્યારે કરતો; અને ઉપર પ્રમાણે નિશ્ચય પર આવતો. આજે તે નિશ્ચયનો ઉપયોગ કરવાનો સમય પાસે આવ્યો હતો.

પોતાનો વિચાર ઉપર પ્રમાણે ઉંચું ધોરણ રાખવાનો હતો, તોપણ હાલ તેની પાસે આવેલા ચોથા ધોરણને એકદમજ ફેરવી નાખવું, એ તેને અયોગ્ય લાગ્યું. અત્યાર સુધી જે જે ધોરણો જેની જેની પાસે છે, ને તેનું કામ કેવી રીતે ચલાવે છે, તે તપાસી લેવું, અને પછી તેમાં ફેરફાર કરવો, આમ નક્કી કર્યું. પણ એ પ્રમાણે થતા પહેલાં આસિ૦ બાળકરામ પોતાના હમેશના રિવાજ મુજબ છોકરાઓને બોલાવવા જવાને માટે રજા લેવા આવ્યા. તેમણે કહ્યું કે "મારી પાસે જે છોકરા છે તે બધા નાના નાના છે, જેથી બોલાવ્યા વગર કોઇ પણ દિવસ શાળામાં આવતા નથી, હમેશાં સવારમાં અને બપોરે પ્રથમ તો એજ કામ કરવું પડે છે લગભગ એક કલાક સુધી એ માટે આખા ગામમાં ફરી લીધા પછી નિશાળનું કામ ચલાવાય છે" મુખ્ય મેહેતાજી એ પ્રમાણે કરવાને બીલકુલ ખુશી ન હતા; કારણ કે તેઓ સમજતા હતા કે એવો રીવાજ રાખવાથીજ એ પરિણામ આવે-છે. જેથી નરભેરામને બોલાવી પૂછ્યું, તો તેમણે પણ તેવુંજ કહ્યું —

"આ ગામજ એવું છે કે જે છોકરાઓને બોલાવવા ગયા વગર મોકલતુંજ નથી. જો આપણે બોલાવવા જવાનું બંધ કરશું, તો છોકરાઓ આવવાજ મુશ્કેલ છે."

कुसुम.

अभ्यासीओने सूचना.

અમારા ગયા અંકમાં અમે અભ્યાસીઓને અભ્યાસ કરવાના સંબંધમાં કેટલીક સૂચનાઓ આપી ગયા છીએ, હવે આ માસમાં અભ્યાસીઓના વર્તન સંબંધે બે વાતો કહીશું તો તેમને ઉપયોગી થશે. જે માણસને કોઇ પણ ધંધામાં પ્રતિષ્ઠિત થવું હોય તે માણસે અમુક પ્રકારની સારી સારી ટેવોને આધીન થઇ જવું જોઇએ.

૧ સંતત પ્રયત્ન એ કાર્યસિદ્ધિ માટે બહુ ઉપયોગનો ગુણ છે કોઇ પણ કાર્યની પાછળ અનેક વિઘ્નો છતાં પણ હિમ્મતથી લાગી રહી પ્રયત્ન કરવો તેને સંતત પ્રયત્ન કહેવામાં આવે છે. જો તમારામાં આ ગુણ હોય, પણ તમે જો એકાદ બાબત હાથમાં લીધા

પછી તેથી કંટાળી જઈ તેને છોડી દો અને વળી બીજી બાબત હાથમાં લ્યો, તો તમારો આ ગુણ બેશક નાશ પામશે. એટલા માટે કોઈ કામ હાથમાં લીધું એટલે પછી આગ્રહ અને ઉત્સાહથી તે કામ પૂરૂંજ કરવું.

૨ સમય રક્ષણ એ પણ કાર્યસિદ્ધિને માટે અવશ્યનો ગુણ છે. નીમેલે સમયે નીમેલું કામ કરવાની ટેવને સમયરક્ષણ કહે છે. આ ગુણ માત્ર નોકરોને અને ધંધાદારીઓનેજ પોતાના કામપર વખતસર હાજર થવાને ઉપયોગી છે, એમજ નથી; પણ અભ્યાસીઓને દરરોજના કે અઠવાડિયાના અભ્યાસક્રમને પણ અતિ ઉપયોગી છે. અભ્યાસીએ દરરોજનું ટાઇમ ટેબલ કરી રાખવું, અને આગ્રહથી તેને વળગી રહેવું, તેથી આ ગુણ પ્રાપ્ત થશે.

૩ વેહેલા ઉઠવું આ ગુણ કાર્યસિદ્ધિ માટે જરૂરનો છે સવારમાં મનઃશક્તિ તાજી અને તીવ્ર હોય છે. આ ટેવ પાડવામા તમને ગમે તેટલી મુશ્કેલી પડે તોપણ આ ટેવ તો તમારે જરૂર પાડવી જોઇએ.

૪ મનની એકાગ્રતા આ ગુણ કાર્યસિદ્ધિ માટે અત્યંત આવશ્યક છે. ઘણું હઠાગ્રહ વિના આ ગુણ પ્રાપ્ત થઈ શકતો નથી. કાર્યસિદ્ધ કરનાર તથા કાર્યનાં નિષ્ફળ થનાર માણસો વચ્ચે જે મોટો તફાવત છે તે આ ગુણનો છે. જે કાર્ય ઉપર તમે તમારૂં મન ચોટાડવાનું ધાર્યું હોય તેના ઉપરથી ગમે તેવી ઉપાધિઓ છતાં પણ તેને ખસવા દેવું નહિ જો કોઈ કામ કરવા લાયક છે એમ તમને લાગે તો પછી તમે તે કરો, અને વળી સારૂં થાય તેમજ કરો; તમારી જેટલી શક્તિ હોય તેટલી બધી ખર્ચીને પણ તે સારૂંજ કરો.

૫ નિરીક્ષણ આ ગુણ પણ કાર્યસિદ્ધિ માટે કામનો છે તમને જે કોઈ મળે તેની પાસેથી તમે કાંઈ પણ શીખો. કોઈ મૂર્ખમાં મૂર્ખ માણસની પાસેથી અથવા દરરોજ બનતા તુચ્છ બનાવોમાંથી પણ તમે કાંઈ જાણવા જેવી વાત મેળવી શકશો.

૬ સૂક્ષ્મદૃષ્ટિ આ ગુણ પણ કાર્યસિદ્ધિ ઇચ્છનારે મેળવવા જેવો છે. શબ્દોના અને વાક્યોના અર્થનો નિશ્ચય કરવામા તેમજ સિદ્ધાંત અને સ્થાપિત તત્વોનો નિશ્ચય કરવામાં આ ગુણ વગર ચાલતુંજ નથી. જો તમારામાં આ ગુણ હશે. તો ઘણીવાર અનિશ્ચિતપણે આમ તેમ મનને અથડાવામાં જે વખત જાય છે તે બચશે. જો તમને કોઇ શબ્દના અર્થ વિષે કે જોડણી વિષે સંદેહ હોય તો એકદમ ઉઠો અને કોશ જુઓ. જો કોશની અનુકૂલતા તત્કાળ ન હોય તો તે શબ્દ તે દહાડે તો તમારી નોંધબુકમાં લખી રાખો. તમારે જો કોઇ પ્રમાણ જોઇતુ હોય તો જેમાંથી તે જડે તેમાં તરતજ જુઓ. પણ તે આમ કે તેમ હશે, એમ ઉપલક દૃષ્ટિથી અનિશ્ચિતપણે માની લેવામાં ખરૂં જ્ઞાન મળતું નથી, એટલુંજ નહિ, પણ નઠારી ટેવ પણ પડી જાય છે.

૭ પરિમિતતા એ પણ કાર્યસિદ્ધિમાં ઉપયોગી છે. ભોજન, કસરત, અને ઊંઘમાં પરિમિતપણું રાખવું એ વિદ્યાર્થીને તેમ બીજા બધાને ફાયદાકારક છે. બીજા લોકોના કરતાં ખાવા પીવામાં વિદ્યાર્થીઓ કાંઇક તુરંગી હોય છે. જેમને બેસીને કામ કરવાનું છે જેમના કામનો સ્વભાવ શરીરને વ્યાયામ આપે એવો નથી, તેમની ભોજનની રૂચિ સારી હોતી નથી; અને તેથી તેઓ રૂચિ ઉત્પન્ન થવાને ભોજનના અનેક પ્રકાર બનાવે છે, અને

તે પ્રકારો પરિણામે જઠરાગ્નિને મંદ કરીને વ્યાધિ ઉત્પન્ન કરે છે તથા અકાળમરણમાં પ્રવેશ પહોંચે છે.

૮ નિર્ણય શક્તિ આ શક્તિ અભ્યાસીઓની કાર્યસિદ્ધિમાં જરૂરની છે અમુકપંથ-વાત કે કોઈ બાબતના ખરા ખોટાપણા વિષે કે સંભાવ્ય અસંભવ-પણા વિષે જ્યાં સુધી તમે નિર્ણય કરી શકો નહિ, ત્યાં સુધી તમારું વાચન નકામા એકઠા કરેલા કચરા જેવું લાગશે. નિર્ણયશક્તિને કેળવવાથી તમારા એકઠાંસી પચન અને વૃદ્ધિ નાદ પામશે.

શાળોપયોગી પત્રો.

(ગયા વર્ષના પૃ ૧૭૦ થી ચાલુ)

પત્ર ૨ જો.

એક સારી શાળાનું ચિત્ર.

"વસંત પુર"

શુક્રવાર

(પ્રાતઃકાળ)

પ્રેમી પ્રિય પ્રાણ,

અહીં હું ગયા સોમવારે પહોંચ્યો છું રસ્તામાં કોઈ પણ જાતની હરકત વેઠવી પડી નહોતી, પણ તમને આપ સર્વનો વિયોગ યાદ આવતાં મન ગભરાતું હતું ખરું, પણ નવા ઉત્સાહને લીધે તુરતજ શાંત થતું હતું અને કામપર દાખલ થયા પછી તો તેવું ભાગ્યેજ બન્યું હશે

ભાઈ આ ગામ શહેર નથી, તેમજ ગામડું પણ નથી એવું મધ્યમ સ્થિતિનું છે. વ્યાપારી વર્ગ—ઊંચી કોમ કરતાં કણબી, ખેડૂ, કુંભાર, વગેરેની વસ્તી પ્રમાણમાં વધારે હોવાનું શાળાના વિદ્યાર્થી પરથી જણાય છે, પણ શાળાની સ્થિતિ ઘણી સારી છે. હાલ શાળામાં કુલ ૨૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ છે, એક મુખ્ય શિક્ષક, ૭ ઉપશિક્ષક, મળી કુલ સાત શિક્ષકો છે. એક પટાવાળો પણ છે. શાળાના પ્રમાણમાં મકાનની ઘણી અગવડ છે. શાળાની અન્ય બાહેરની સ્થિતિ કેટલીક તને જણાવવા જેવી છે, તે જણાવું છું

(૧) શિક્ષકો—મુખ્ય શિક્ષક ઉત્સાહી, ખંતી, ખાનમહેનતુ અને સતત ઉદ્યોગ કરનારા છે, તેની સાથે પોતાના ધંધા સબંધી પણ એમણે ઘણું સારું જ્ઞાન અને અનુભવ, એ બેઉ મેળવ્યાં છે. વિદ્યાર્થીઓપર, અને સહવાસમાં આવતા જન મંડળપર, અસર બેસાડવાની તેમની શક્તિ ઉત્કૃષ્ટ છે. કેટલાકને જ્ઞાનના પ્રભાવે, કેટલાકને સ્વભા-

ણુષ્યના પ્રભાવે, અને કેટલાકને " જરૂરને પ્રસંગે બનતી મદદ કરવી." આ વગેરે ગુણોના પ્રતાપથી તેમણે તાબાના શિક્ષકોની, ગ્રામ્યજનોની, અને વિદ્યાર્થીઓની પ્રીતિ સારી સંપાદન કરી છે. (વગેરે હકીકત મને એક આસિસ્ટંટે કહી હતી જે કેટલીકનો અનુભવ પણ કર્યો.) આ ઉત્સાહી શિક્ષકના ઉત્સાહથી ઉપશિક્ષકો પણ ઉત્સાહી થયા છે; તેમાં જો કે કેટલાએક મનમાં ને મનમાં કચવાતા હશે પણ ખરા; પણ માસ્તર સાહેબે પોતાના ગુણોની મદદ વડે તેમને એટલા બધા વશ કરી લીધા છે કે-તેઓ જાણે દરેક પુતળાંજ હોય (!) તેમ વર્તેછે.

(૨) હાજરી—સારી હાજરી અને તે પણ નિયમિત એ શાળાસુધારકનો મુખ્ય મદદગાર વિષય છે. શાળામાં હાજરી ન રહે તો શાળામાં જે જે વિષયો શીખવાય, તે તે તમામનું હાર્દ ગેરહાજર રહેનાર વિદ્યાર્થીઓ ન સમજે. વળી હાજરી સારી રહેતી હોય પણ તે નિયમિત ન હોય તો કશા લાભની નથી. એક વિદ્યાર્થી સાત વાગે આવે, એકાદ બે સાડાસાત વાગે આવે, અને એકાદ બે સાડાઆઠ વાગે આવે એ શા કામનું ? સાડાઆઠ સુધી અપાએલું શિક્ષણ સાડાઆઠ વાગે આવનાર વિદ્યાર્થીઓને ક્યાંથી મળે ? તેનું હાર્દ તેઓ ક્યાંથી સમજે ? આમ થાય ત્યારે એક વર્ગ ખરાબ થાય, ને તેજ નિયમે બધા વર્ગો-આખી શાળા-ખરાબ થાય. આ શાળામાં તેવું બનતું નથી. કારણ કે ટાઇમ પહેલાં અધા કલાક દરેક શિક્ષકો આવે છે. ' માસ્તર સાહેબ આવી ગયા હશે તો આપણે મોડા ગણાઇશું ' એવા હેતુથી વિદ્યાર્થીઓ વહેલા આવે છે. વહેલા આવવાના નંબરો પૂરાવવામાં આવે છે, એટલે નંબરની લાલચે પણ વહેલા આવે છે. વળી ટાઇમટેબલો એવી રીતે ગોઠવેલાં છે કે વિદ્યાર્થીઓને પ્રથમનો અર્ધો કલાક રમત ગમતનો-વિદ્યાર્થીઓને રસુજ પડે તેવા વિષયનો રાખેલો હોય છે, ને તેથી પણ વિદ્યાર્થીઓ શાળામાં વહેલા વહેલા આવે છે. પ્રસંગોપાત્ત એમ પણ કરવામાં આવતું જણાય છે કે આખા મહીનામાં જે છોકરો બધા દિવસ હાજર રહે તેને અમુક-કાગળ-પેનસિલ-અમુક ઉપયોગી-તેમની પસંદગીની-ચોપડી-વગેરે ઇનામ આપવામાં આવે છે. વળી દરરોજ હાજર અને ઉંચો નંબર (હાજર થવામાં) રાખનારને તેથી વધારે ઈનામ આપવામાં આવે છે. આ અને એના જેવી યુક્તિઓ સારી અને નિયમિત હાજરી રાખવામાં બહુ મદદ કરે છે. વખતે કોઇક વિદ્યાર્થી રહી ગયો હોય તો ટાઇમ પહેલાં અર્ધા કલાકથીજ બોલાવવાની તજવીજ કરવામાં આવે.છે, એટલે ટાઈમ થતાં અગાઉ જોઈતી હાજરી થઇ રહે છે.

(૩) વ્યવસ્થા.—

અ. વર્ગોની વ્યવસ્થા.—ટાઇમ થતાં પહેલાં દશ મિનિટે પહેલો ઘંટ વગાડવામાં આવે છે; ઘંટ થતાંજ તમામ વિદ્યાર્થીઓ વર્ગવાર કંપાઉન્ડમાં ઊભા રહે, એટલે દરેક શિક્ષકો પોતપોતાના વર્ગને કવાયત કરાવે છે. શ્રીમંત મહારાજા સાહેબના ગુણગાનની, ઇશ્વર પ્રાર્થનાની, વગેરે કવિતાઓ કવાયત થયા બાદ ટાઇમ થતાં સુધી બોલાવવામાં આવે છે. બરાબર ટાઇમે બીજો ઘંટ કરવામાં આવે છે. બીજો ઘંટ થતાં વિદ્યાર્થી હમેશના સ્વસ્થાનકે અનુક્રમે જઈ બેસે છે. દરેક વર્ગોની જગા નિયમિત છે એટલે બીલકુલ ગરબડ ન થતાં વર્ગો બરાબર ગોઠવાય છે. વર્ગો બેસાડવાની જગોએ વિદ્યાર્થીઓને વ્યવસ્થા શીખવવાની ખાતર ચૂનાની લીટીઓ દોરેલી છે. તે એવી રીતે કે, વિદ્યાર્થીને બેસવાની સામે એક લીટી, તેની સામે દફતર, પાટી, વગેરે સામાન મૂકવાને માટે એક

સીડી. આખી વિદ્યાર્થીઓની અને તેના સામાનની વ્યવસ્થા એવી મરમ સચવાય છે કે, તે જોઈ જોનારને આનંદ થયા સિવાય રહેજ નહી. બધાનો સરસામાન સીધી લીટીમાં એક સરખો રહે, વિદ્યાર્થીઓ ઊભા થાય ત્યારે તેમના પગની આંગળીઓ સામેના લીટીને બરાબર અડકીને રહે. પનટજુની હાર કરતા પનુ ઘણીજ વ્યવસ્થિત હારનો દેખાવ દેખાય; આ અને તે રીતે સાથે વાચતી વખતે ચોપડી કયા હાથમા ઝાલવી કેમ ઝાલવી, આંખથી કેટલી દૂર રાખવી, ચોપડીવાળો હાથ કેમ રાખવો, બીજો હાથ કેમ રાખવો, કેમ ઉભા રહેવું આ અને એના જેવી ઉપયોગી અનેક પદ્ધતિ આ શાળાના વિદ્યાર્થીઓને ટેવાઈ ગએલી હોવાથી દેખાવ તો એવો ખુબસુરત થાય છે, અને પ્રેક્ષકને એવો તો આનંદ લાગે છે કે બસ. આ બધો પ્રતાપ વ્યવસ્થાનોજ છે.

ઘ દફતરની વ્યવસ્થા—દરેક ઉપશિક્ષકોને પોતાને કરવાના દફતરી કામની વહેંચણી કરી આપેલી છે. ને તે સબંધનુ તમામ દફતર જે તે શિક્ષકો પાસેજ રહેવા માટે દરેક ઉપશિક્ષકોને અકેકી પેટી આપવામા આવી છે આમ કરવાથી કોઈ શિક્ષકને દફતરનો વધારે બોજો ન પડતા નિયમિત રીતે દફતરનુ કામ દરેક શિક્ષક હાલતુ પુરૂ કરે છે. બધા ઉપશિક્ષકોને દફતરી કામ બહુ આવડે એટલા માટે દર ત્રણ ત્રણ માસે દફતરની અદલા બદલી કરવામા આવે છે દરેક શિક્ષકોના દફતરના પેટીઓ એક અલગ છુટી ઓરડીમાજ રાખવામા આવે છે, કે જેથી કોઈ પનુ કાગળ, ચોપડા, વગેરે બહાર હોય તો રખડવુ ન રહે. અને મુખ્ય શિક્ષકને તપાસવાનુ ઠીક પડે

ચ. સ્વચ્છતાને માટે વ્યવસ્થા—શાળામા સ્વચ્છતા રાખવા સબંધનું ઘણું ખરૂં કામ પટાવાળાને સોંપવામા આવ્યુ છે પણ તેને માટે શિક્ષકો તદ્દન બેદરકાર ન રહે, તેટલા માટે જે વર્ગ જે જગોએ બસે છે. તેટલી જગામા સ્વચ્છતા રાખવાનું તે વર્ગના શિક્ષકને સોંપેલુ હોય છે શિક્ષક અને પટાવાળો આ બેના કાળજીથી શાળાની સ્વચ્છતા ઘણી ઉત્તમ પંક્તિની રહે છે. આખી શાળામા કોઈ પણ જગોએ થુંકો અથવા શાહીનો ડાઘ ભાગ્યે જોવામા આવતો નથી તેનુ કારણ પણ આજ છે વખતે કાંઈ વિદ્યાર્થી અજાણતાં શાહીનો ડાઘ પાડે તો તુરત પટાવાળા પાસે ધોવરાવી નાખવામા આવે છે. વિદ્યાર્થીઓ સવારે દાતણ કરી મોં નાહી, અને બપોરે નાહી, ધોઈ કપાળમા ધર્મ મુજબ ચાંદલો, વગેરે કરી, ધોએલા સ્વચ્છ ફાટ્યાતૂટ્યા વિનાના (ફાટેલા હોય તો સાંધીને) કપડાં પહેરી શાળામા આવે છે

છ. સંગ્રહસ્થાનની વ્યવસ્થા—સંગ્રહસ્થાનની વ્યવસ્થા ઘણી ઉત્તમ પ્રકારની છે અને કે સરકાર સબંધે સંગ્રહસ્થાનની સારી વ્યવસ્થાને માટે જોઈતો સામાન મળેલ નથી. તોપણ થોડા ખર્ચે જે વ્યવસ્થા રાખવામા આવી છે તે ઘણીજ ઉત્તમ છે એક ઓરડામા અભેરી (આગળના પાટીઆની) ગોઠવી તે પર સંગ્રહસ્થાનની તમામ ચીજો ગોઠવેલી છે તે એવી રીતે કે, દરેક ઉપર નજર ફેરવી, એકદમ ચીજ સહેલાઈથી ખોળી શકાય, જે વસ્તુ જે જગાએ મુકવામા આવી છે તે જગોએ તે વસ્તુના નામની ચીઠી સ્વચ્છ સાફ સુંદર અક્ષરે લખી–ચોડેલી છે તે એટલાજ માટે કે અમુક વસ્તુ લઈ પાછી મૂકતા જગા ખોળવામા વખત ગાળવો ન પડે. અને વળી જગા ફેર ન મુકાય અભેરીને જુદા જુદા રંગ બેરંગી કાગળો વડે સુશોભીત કરેલી છે, કે જેથી વિદ્યાર્થીઓના મન સહેજ તે તરફ આકર્ષાય અને શાળાની શોભામા વધારો થાય

૬. શિક્ષણના સહાયક સાધનોની વ્યવસ્થા—અહીં શિક્ષણને ઉપયોગી સાધનોની જેવી વ્યવસ્થા મેં જોઇ તેવી ઉચ્ચ વ્યવસ્થા આજસુધી જોઈ નહોતી. વાંચન પુસ્તકોમાં આવતા સુતર, રેશમ, ઉન, અને તેથી થતા દોરા, કપડાં, વગેરેના જુદા જુદા અનેક નમુનાઓ તકતાઓમાં ગોઠવી તેવા ઘણા તકતાઓ ભીંતિપર હારબંધ ગોઠવેલા છે, ને તેનો ઉપયોગ પણ હરવખત શિક્ષણ આપતી વખતે કરવામાં આવે છે. ખુબી એ છે કે વ્યવસ્થા સાચવવાની ખાતર તકતાઓ માટે જે ખુંટા ભીંતોમાં નાંખેલી છે તે પણ વ્યવસ્થિત ને એક સીધી લીટીમાં છે. **શ્રીમંત મહારાજા સાહેબ સયાજીરાવ બહાદુરની મોટી છબી–ફોટોગ્રાફ** શાળાદ્વારની સામેજ–શાળામાં આવનારને પ્રથમ દર્શન થાય, તેવીજ રીતે સુશોભિત બનાવી લટકાવેલી છે. ઇતિહાસમાં આવતા પ્રખ્યાત પુરૂષો સ્ત્રિઓ જેવાં કે, ટીપુ સુલતાન, હૈદરઅલી, લાર્ડ રીપન, છત્રપતિ શિવાજી મહારાજ, હિંદોદ્ધારક પૂજ્ય દાદાભાઇ નવરોજજી, કયસરે હિંદ મહારાણી વિક્ટોરિયા, ઝાંશીની રાણી, એ અને એવાજ અનેક મહાજનોના ફોટોગ્રાફો તેમનાં ટુંક જીવન ચરિત્રો સાથે લટકાવેલાં છે, તેથી વિદ્યાર્થીઓને એ ઈતિહાસનો વિષય ઘણોજ રમુજી થઇ પડે છે. ધર્મ–ફરજ–બાળકો સમજે એટલા માટે કેટલાંક પૌરાણિક ચિત્રો, શંકર, ગણપતિ, સરસ્વતી, કૃષ્ણ, વગેરે દેવતાઈ, યુરોપ, અમેરિકા, વગેરે સુધરેલા દેશોના રીતિ રીવાજો દર્શક, નવીન યંત્રો દર્શક, પદ્ધતિઓ દર્શક, એવા અનેક ફોટોગ્રાફો લટકાવવામાં આવ્યા છે. રંગની હકીકત શીખવવાની ખાતર એક રંગનો તકતો બનાવેલો છે, તે જોવાથી સાધારણ માણસ પણ કયા રંગના મેળાપથી કયો રંગ થાય છે, ને કયો રંગ કયા કયા બે રંગ મળીને થાય છે, એ ઝટ સમજી શકે તેવું છે. તેમજ વગર અને પહેલા ધોરણનો વર્ગ બેસે છે તે જગોએ ભીંતપર આકારનાં જુદાં જુદાં ચીત્રો કાઢેલાં છે. ને નકશો ચીતરનારને માટે નકશા ચીતરી પાટીઆપર ચોડી જે તે વર્ગના ઉપયોગને માટે જે વર્ગ જે જગોએ બેસે છે તે ઠેકાણે મૂકેલા છે.

ભાઇ, શિક્ષણના સાધનોની વ્યવસ્થા એ સારી અને નિયમિત હાજરીના જેવુંજ કામ કરે છે એમ મને આ શાળા પ્રથમ અનુભવ આપે છે. (અપૂર્ણ) जीवन.

माणस केटले उंचे चढी शके छे?

બાબીલનનો મિનારો બાંધવા માંડયો ત્યારથી તે આજ લગી માણસો ઊંચે સ્વર્ગ ભણી જવાનો સંતત યત્ન કરતા આવ્યા છે. છેલ્લાં કેટલાંક વરસથી નવી નવી શોધો કરવાના હેતુથી તથા વિદ્યા સંબંધી કેટલીક ચમત્કારિક માહિતી મેળવવાની ઇચ્છાથી આકાશ તરફ ગમન કરવાના પ્રયત્નો થયા કરેછે. આ પ્રયત્નો તેમની હિંમતને માટે વખાણવા જેવાછે; અને વિદ્યાના શોધને માટે તે વળી વધારે પ્રશંસાપાત્ર છે.

થોડુંક થયાં બર્લિન શેહેરમાંથી એક નાનું છડું બલુન ઉડાડવામાં આવ્યું હતું; અને તે, આજ સુધીમાં મનુષ્યો પોતાનાં સાધનો વડે ઘણામાં ઘણા જેટલે પહોંચી શકયા હતા તે કરતાં પણ વધારે ઉંચે પહોંચ્યું હતું. તે બલુનમાં કોઇ માણસ ચઢેલો

નહોતો, પણ તેમાં એક બારોમીટર અને થર્મોમીટર મુકવામાં આવ્યા હતા. એ બંન્ને યંત્રો એવી બનાવટનાં હતાં કે બલૂન કેટલે ઉંચે ચડયું છે તથા ત્યાં હવા કેટલી ઠંડી છે, તેનું માપ તેમાં એની મેળે રહી શકે. જ્યારે તે બલૂન પાછું પૃથ્વીપર આવ્યું, ત્યારે તેમાંના બારોમીટર ઉપરથી જણાવામાં આવ્યું કે તે બલૂન સાડા અગિયાર માઇલ ઉંચે ચડયું હતું; અને તેમાંના થર્મોમીટરનો પારો શૂન્યની નીચે ૭૫ અંશ ઉપર હતો.

પણ ઉંચે ચડવું એ મનુષ્યને માટે ઘણું ભયકર કામ છે. દરીઆની સપાટીથી ચાર મૈલ જેટલે ઉંચે ઘણા થોડા માણસોજ પહોંચી શકયા છે. એટલે ઉંચે પહોંચતા પહેલાં વચમાંજ હવાના પાતળાપણાને લીધે તથા અતિશય ઠંડીને લીધે જીવવું મુશ્કેલ થઈ પડે છે. એમ છતાં પણ વિદ્યા સબંધી શોધ કરનારા બહાદુર માણસો એવું સાહસ કરતાં અટકતા નથી.

પાછલાં થોડાંક વરસોમાં આકાશમાં ઘણી મુસાફરીઓ કરવામાં આવી હતી—તેઓ બલૂનમાં બેસીને સાડા પાંચ મૈલ જેટલે ઉંચે ચડયા હતા. આટલી ઉંચાઇએ ઉંચામાં ઉંચા જાતના તરતાં વાદળાંને સમસૂત્ર તેઓ જઇ પહોંચ્યા હતા. સને ૧૮૬૨ની સાલમાં અંગ્રેજી વાયુશાસ્ત્રીઓ કોકસવેલ અને ગ્લેશર ૨૯૦૦૦ ફીટ જેટલી ઉંચાઇએ ચડયા હતા; પણ ત્યાં તેઓ બેભાન થઈ ગયા હતા. અને તેઓ જે પાછળથી જીવતા રહ્યા એ કેવળ કુદરતી ચમત્કારજ માનવો જોઈએ. સને ૧૮૭૮ માં ત્રણ ફ્રેંચ શોધકો પણ લગભગ એટલી ઉંચાઇએ ચડયા હતા. તેમણે જો કે આક્સિજનનો જથ્થો પુષ્કળ સાથે રાખ્યો હતો, તથાપિ હવાની તંગીને લીધે તેમાંના બે મરણ પામ્યા હતા.

ઉંચે ચઢવાનો સૌથી આશ્ચર્યકારક પ્રયત્ન જે કરવામાં આવ્યો હતો તે છેક હમણાંનો છે. સને ૧૮૯૩ માં ડાક્ટર બર્સન બલૂનમાં બેસીને લગભગ ૭ માઇલ જેટલે ઉંચે ચડયો હતો. તે સ્થળમાં થર્મોમીટરનો પારો શૂન્યની નીચે ૫૪ અંશ જેટલો રહ્યો હતો. પૂરતા જથ્થામાં આક્સિજનનો શ્વાસ લેવાનું તેનાથી બની આવ્યું તેથી તેને કશી આપદા પડી નહોતી. આટલી ઉંચાઇએ આજ સુધીમાં માણસ ઘણામાં ઘણું ઉંચે પહોંચી શક્યું છે.

બલૂન ઘણું ઝડપથી ઉંચે ચઢે છે, અને તે વખતનો તેનો દેખાવ બહુધા મનુષ્યની ઉંચે ચઢવાની ધારતીમાં વધારો કરે છે. ગ્લેશર પચાસ મીનીટમાં પાંચ મૈલ ગયો હતો અને યુનાઇટેડ સ્ટેટ્સનો એચ. એ. હેજન પાંચમિનિટમાં એક મૈલ એ પ્રમાણે ઉંચો ચડયો હતો.

માણસો બલૂનની મદદથી જેટલી ઉંચાઇએ ચઢી શકે છે તેના કરતા પતંગ ઘણોજ ઓછો ઉંચે ચઢી શકે છે. યુનાઇટેડ સ્ટેટ્સના બોસ્ટન શેહેર પાસેની બ્લુહિલ નામની ડુંગરી પરની વેધશાળામાંથી એક પતંગ ચડાવવામાં આવ્યો હતો, તે ડુંગરી પરથી ૮૪૦ ફીટ જેટલે ઉંચે ગયેલો હતો. અને એમ કહે છે કે હજી સુધી પતંગ એથી વધારે ઉંચે ચડેલો હોય એમ જણાવામાં નથી.

પ્રશિયા અને ફ્રાન્સની લડાઇ વખતે એક માણસ બલૂનમાં બેસી, ઉંચે ચડી પારી-સની બહાર નીકળી ગયો હતો, તેણે પોતાની આકાશી મુસાફરીનો વૃત્તાંત લખ્યો છે તે

લગાર રમૂજી જાણી અહીં ઉતાર્યો છે. તે લખે છે કે, હું જેનું ઘણી ઘણી સંભાળથી જતન કરૂં છું તે ફક્ત કૂતરાની ચામડી છે-મોટા કાળા કૂતરાની ચામડી છે. પણ તે ચામડીની અંદર શું સમાયલું છે? ઘણી વખત માણસ જાતમાં જે પ્રેમભક્તિ અને અક્કલ માલુમ પડતી નથી, તે એવી કાળી કૂતરાની ચામડીની અંદર સમાયલી છે.

એક વાર લડાઈમાં જ્યારે હું જખમી થયો હતો અને કોઇ મારી મદદે આવે એમ નહોતું. તે વખતે એ કાળા કુતરાએ મારો પ્રાણ બચાવ્યો હતો. એ એકજવાર બચાવ્યો હતો એમ નહિ, એવા તો ઘણાએ પ્રસંગમાં તેણે મારી સેવા બજાવી હતી.

બીજો એક દાખલો આપું છું. એમ બન્યું કે એક વાર અમે પારીસમાં ગયા હતા. પ્રશિયન લશ્કરે તે વખતે પારીસ શેહેરને ઘેરો ઘાલ્યો હતો અને તેથી અમે પણ શેહેરમાં સપડાઇ ગયા હતા. જો અમારે શેહેરમાંથી બહાર નીકળી જવું હોત તો અમને પાસ મળવાનો સંભવ હતો, તથાપિ ગમ્મત જોવાની ખાતર પાસ બાસની દરકાર કરી નહિ. ગમ્મત જોવાનો મને એવો શોખ હતો કે અમને (મને અને મારા કૂતરાને) ભૂખ લાગી હતી, અને બિલાડીના માંસના એક ટુકડાના પાંચ શિલિંગ પડતા હતા (લડાઇ અને ઘેરાને લીધે એવી મોંઘવારી થઇ ગઇ હતી.) તથાપિ હું રોકાયો.

મારા વહાલા કૂતરાને હું મારી નજર આગળથી જરા પણ દૂર ખસવા દેતો નહોતો. કૂતરાના માંસનો ભાવ શેરના બે શિલિંગ જેટલો ચઢી ગયો હતો, અને તેના શિકારીઓ રાત દહાડો લાગ જોતા ફર્યાજ કરતા હતા.

એક વખત અમે પારીસની પ્રખ્યાત હોટેલ ડી વીલી-આગળ થઇને જતા હતા. શાંતિનો સમય હો કે લડાઇનો હો તથાપિ આ હોટેલ આગળ કાંઇ ને કાંઇ ગમ્મતની ધમાચકડી ચાલીજ રહેતી હતી. આ વખતે ત્યાં આગળ ફ્રેન્ચો એક બલૂનમાં ગ્યાસ ભરી રહ્યા હતા. કેમકે કેટલાંક અઠવાડીયાંથી ઘેરો પડેલો હતો તેથી બહારના લોકો સાથે વ્યવહાર ચલાવવાને તેમને એટલું એજ સાધન હતું.

તે જગોએ આસપાસ કેટલાક થાંભલા રોપી તે પર જાહેર ખબરો ચોડી દીધી હતી. તેમાંની એક જાહેર ખબર વાંચવાને હું રોકાયો. તે જાહેર ખબરમાં એમ લખેલું હતું કે કેટલાક અગત્યના લેખપત્ર તેજ રાત્રે બહાર મોકલવાની જરૂર છે; અને જે માણસ એ લખોટા બહાર લેઇ જવાનું માથે રાખશે તેને સારૂં ઇનામ આપવામાં આવશે.

મેં કૂતરા સામું જોયું અને કૂતરે મારા સામું જોયું. તેણે પૂંછડી હલાવી અને મેં માથું હલાવ્યું. પછી અમે ત્યાંથી ચાલ્યા અને તેની ઓફીસમાં ગયા. આ કામ સોંપવાને અમે પૂરતા વિશ્વાસ પાત્ર છીએ, એ વાતની ઓફીસના અમલદારોની અમે સહેલથી ખાતરી કરી આપી; માત્ર એક એજ વાત મુશ્કેલ હતી કે અમારા બેમાંથી એકે જણે પહેલાં બલૂનમાં બેશીને મુસાફરી કરી નહોતી.

પછી તે દિવસે બપોર પછી આખો વખત એક બલૂન સંબંધી માહિતી ધરાવનાર માણસની પાસે બેશી તે વિષે સારીપેઠે માહિતી મેળવી. આખા પારીસમાં પણ તે વખતે એટલો એજ માણસ બલૂન સંબંધી જ્ઞાનવાળો રહી જવા પામ્યો હતો.

સાંજ પડી એટલે ઓફીસરે મને દસ્તાવેજના લખોટા આપ્યા, અને મેં તે મારા

ગજવામાં મૂક્યા એ કાગળો મારા કૂતરાને આપ્યા હોત તો જેટલા સલામત રહેત તેના કરતાં મારી પાસે વધારે સલામત રહે એમ નહોતું, પણ તમે જોશોજ છો કે તેને ગજવાં નહોતાં.

રાત અજવાળી હતી, ફક્ત થોડાં વાદળાં હતાં. અમારો વિચાર એવો હતો કે એકાદ મોટું વાદળું આવીને ચંદ્રમા ઢંકાઇ જાય તે વખતે બલૂન છોડવું, કેમકે દુશ્મનો છૂપા અનુચરો દ્વારા અમારી છાની વાત જાણી ગયા હતા, અને આ હવાઇ વહાણ જેવું બારીમાંથી બહાર નીકળવાને ઉંચે ચઢે કે તરતજ તેનો નાશ કરવાને ઘણાક માણસો બંદુકમાં ગોળીઓ ભરીને તૈયાર થઇ તાકી રહ્યા હતા.

એક મોટું વાદળું આવ્યું, ચંદ્રમા ઢંકાઇ ગયો, અને અંધારૂં થયું કે તરતજ બલૂનની દોરીઓ છોડી દેવામાં આવી. અમે ઉપડ્યા ઉંચે ચડવા લાગ્યા ઉંચે-ઉંચે-ઉંચે ચાલ્યા. બલૂન પણ શરૂઆતમાં ધીમે ધીમે ચડવાને બદલે ક્ષણે ક્ષણે નવો નવો વેગ જાણે ઉત્પન્ન કરતું હોય તેમ ઝપાટાબંધ સડસડાટ ચાલ્યું ચાલ્યું તે ચાલ્યું, પછી અટક્યું જ નહિ. આ વખતે મારા મનને એક જાતની નાખુશકારક લાગણી ઉત્પન્ન થઇ આવી અને તેને ભૂલી જવા માટે મેં ટોપલામાંથી માથું બહાર કાઢી નીચે જોયું.

એક ક્ષણવાર આ મોટું શહેર મારી નીચે જાણે તરવા લાગ્યું, પછી શહેરની આસપાસ શત્રુઓના ઘેરામાં શને નાખવાને જે બળતા કર્યાં હશે, તે જાણે બળતાનું એક મોટું ચક્ર હોયની એમ મને ભાસવા લાગ્યું. મેં કેટલાક ઉપરા ઉપરી થતા અવાજ સાંભળ્યા અને મારી નીચે દૂર બળતાના ઝબકારા જોયા. તરતજ મેં મારૂં માથું પાછું ટોપલામાં ખેંચી લીધું.

હવે ટાઢ ઘણીજ વાવા લાગી. શ્વાસ પણ મહામુશ્કેલીથી લેવાવા લાગ્યો, એક ક્ષણમાં અમારી બેઠકમાંની દરેક વસ્તુ ભીની ભીની થઇ ગઇ. પેલા કાળા ભાઇબંધે અતિ શોકકારક અવાજથી રડવા માંડ્યું. કૂતરાનું એવું રડવું તમે કદી સાંભળ્યું પણ નહિ હોય, આ તેનો પહેલોજ અવાજ હતો. મેં તેને બે વાતો કહેવાનો યત્ન તો કર્યો પણ પવન અને ઠંડીને લીધે મારો અવાજ ઉડી ગયો. ફરીને હું તેને કાંઇક કહું છું, એટલામાં એક બીજો વેગવાળો ફુંકારો બલૂનને માર્યો અને સફેદ સ્વચ્છ ચકચકાટ અમારા મોઢા ઉપર પડ્યો.

તરતજ મારી ખાતરી થઇ કે જે કાળું વાદળું શહેર ઉપર તરતું હતું તેમાં થઇને અમે પસાર થતા છીએ, અને હજી પણ ઉંચેજ ચડતા જઇએ છીએ એ વિચાર મારા મનમાં આવ્યો, એટલે મારૂં માથું ભમવા લાગ્યું.

પછી બલૂનનું ઢાંકણું ઉઘાડવાને મેં દોરડું પકડ્યું અને ખેંચવા માંડ્યું. હું દોરડું ખેંચું છું એમ હું જાણતો હતો ખરો, પણ ઠંડીથી કે પછી કોણ જાણે શા કારણથી મારા હાથ એવા બહેર મારી ગયા હતા કે દોરડાનો સ્પર્શ મારા હાથને લાગતો નહોતો. ગમે તેમ, પણ બલૂનનું શું થયું તેની મેં કાંઇજ દરકાર કરી નહિ. હું એક વાર એક બાજુ અને પછી બીજી બાજુ એમ ઝોલા ખાવા લાગ્યો. કૂતરો હજી બુમો પાડતોજ હતો, પણ તે જાણે એક મૈલ ઉપર હોય એમ મને લાગતું હતું. મારા હાથ દોરડા પરથી ખસી પડે છે એ

મને સમજાતું હતું, પણ પાછા તેને ખસેડીને દોરડા પર મૂકવાનું મારા કાબુમાં રહ્યું નહોતું. પછી હું ઢગલો થઇને એકદમ નીચે પડી ગયો એવું મને ઝાંખું ઝાંખુ યાદ આવે છે.

ત્યાર પછી કેટલી વારે મેં મારી આંખ ઉઘાડી તેની મને ખબર નથી, પણ હું સારો સુદ્ધિમાં છું એમ મને લાગ્યું પછી હું કયી જગોએ છું તેનું મને સ્મરણ થયું. હું તરતજ ઉભો થયો. અમે એક ફળબાગ ઉપર તરતા હતા. ત્યાંથી પાસેજ એક ગામડું હતું. આ બધો બનાવ શી રીતે બન્યો તે જાણવાને મેં આસપાસ જોયું તો ટોપલાને એક છેડે મારો વહાલો ઘરડો કૂતરો બેઠેલો હતો; તે પોતાના પ્રિય પ્રાણુને માટે કમર બાંધી મેહેનત કરતો હતો. તે ઢાંકણાનું દોરડું દાંતમાં ઘાલીને તેની જેટલી શક્તિ હતી તે પ્રમાણે ખેંચતો હતો. એની રાતીચોળ થઇ ગયેલી આંખો ઉંચી થઇ અને મારા પર ઠરી, તથા એની પૂંછડીનો છેડો હલાવવાને તે મેહેનત કરતો હોય એમ મારા જોવામાં આવ્યું.

મેં લંગર નાખ્યું અને પછી અમે જમીન પર ઉતર્યા. તે વખતે એ કુતરો એટલો ખુશી થયો કે કાંઇ કહેવાની વાત નહિ. તે એક વાર ભરીને બહાર કૂદી પડયો અને જાણે સ્પષ્ટ શબ્દો બોલીનેજ કહેતો હોયની તેમ તેણે જણાવ્યું કે " શું તમે એમ નથી ધારતા કે આપણા બેમાંથી એક જણ પણ બલુન સંબંધી કાંઇક જ્ઞાન મેળવે, તે વગર આપણે ફરીથી બલુનમાં બેશીને ઉંચે ન ચઢીએ એજ ઠીક છે ? "

चर्चापत्र.

ડભોઇથી જમીઅતરામ મનસુખરામ પંડ્યા પૂછે છે કે,

૧ છઠ્ઠી ચોપડીના પાઠ ૭૫માં બીજા પેરિઆફની લીટી ૫ માં " છાપવાને સારૂ તૈયાર કરેલાં પરબીઆં સલ્લાનો થર પાથરી તેના પર તે બધો છાપો ઊતારી લેછે. " એમાં સલ્લા શબ્દ વાપર્યો છે તે શું હશે ?

૨ છઠ્ઠી ચોપડીના પાઠ ૭૮ માં પેહેલા છપ્પામાં છેલ્લી ટૂંકમાં " સદ વિદ્યાવિના પામર જન પ્રૌઢા પશુ " આ ઠેકાણે પામર માણસો મોટા પશુ માફક છે એમ અર્થ લેવાય છે કે શી રીતે ? " જો પ્રૌઢા જન પામર પશુ " આમ હોત તો મારા ધારવા પ્રમાણે કાંઇ વાંધા જેવું નથી. વળી પામર અને પ્રૌઢા એ શબ્દોની માત્રા પણ એક સરખીજ છે જેથી એમ લેઇ શકાય કે નહિ ?

૩ છઠ્ઠી ચોપડીમાં મનને ઉપદેશ કવિતા ૧૨૪ માંછે તેમાં " તું ગાને જરા જગદીશ તણા " આમ છે. મારા ધારવા પ્રમાણે જરા ને બદલે જશ હોયતો વધારે સારૂં. તો મૂળ એમજ હશે કે પ્રૂફનીજ ભુલ થઇ હશે ?

૪ " સલામ દીગર " એમાં દીગર શબ્દનો અર્થ શું હશે ?

જવાબ.

૧ ગાપાણુને પકવીને તૈયાર કરેલો ચૂનો, એવો અર્થ આ જગોએ સલ્લાનો લેવો.

૨ મનુષ્યના જ્ઞાનના પ્રમાણમાં મુક્ત, મુમુક્ષુ, વિષયી, અને પામર, એવા ચાર ભેદ વિદ્વાનોએ પાડેલા છે. પરલોક સંબંધી જ્ઞાન તો રહ્યું, પણ નિદાન સંસારના સુખભોગ પણ જે ભોગવી જાણતા નથી, પણ કેવળ ઢોરની પેઠે વૈતરૂંજ કરી જાણે છે અથવા એદીની પેઠે નિરર્થક આયુષ્ય ગાળેછે તેમને પામર કહેછે. એવા પામર જન મોટા પશુ જેવા છે. એમ કહેવાની કવિની મતલબ છે; તેને ફેરવવાની જરૂર નથી. તમારા ધારવા પ્રમાણે પશુનું વિશેષણ પામર થઇ શકે નહિ.

૩ પ્રૂફની ભૂલ છે. ' જશ ' શબ્દ ખરો છે.

૪ દીગર એટલે બીજું.

देशी केळवणी खातुं.

इनाम माटे मंजुर थएला मराठी पुस्तको

(पृ ११ थी आगळ)

अनुक्रम नंबर	पुस्तकनुं नाम	कर्ता अथवा प्रकट कर्ता	किंमत रु.	आ	पै	विशेष हकीकत.
२११	मराठीचा पद्यानंद ज्ञान-द्वार	जनार्दन महादेव गुर्जर	०	७	०	
२१२	पालकगुरु मित्र	गोविंद दामोदर दीक्षित	०	१	६	
२१३	नर्सीच आणि उद्योग	गणपतराव गणेश मजुमदार.	०	४	६	
२१४	डायमन्डज्युबिली एल्बम भा १	मोतीलाल नेमचंद मोदी				
२१५	शिवण कामाचें पुस्तक	बाई मेरन बाई व सत्राइमा	०	८	०	कन्याशाळा माटे.
२१६	लोकांचें पाणकाम भा १	बाई रुक्मणीबाई मजगांवकर	१	०	०	
२१७	सद्बोध मंदिर.	शंकर रामचंद्र हातवळणे.	१	०	०	

J. A. DALAL
विद्याधिकारी.

ઇનામમાં માટે મંજુર થયેલાં ગુજરાતી પુસ્તકો.

(પૃ આગલા મુજબ)

અનુક્રમ નંબર	પુસ્તકનું નામ.	કર્તા અથવા પ્રગટ કર્તા.	કિંમત રૂ.	આ	પૈ	વિશેષ હકીકત.
૩૦૨	મણિરત્ન મંદ.	રા. રા. દુર્લભ છગનલાલ.	०	૩	०	
૩૦૩	પશુદર્દ રક્ષક	ની. દાદી એદલજી કર્તા પ્રગટ કરનાર મુંબઇ અનાથ રક્ષક પાંજરાપોળ મંડળ ... ઘણી મંડળી	०	૨	०	
૩૦૪	વિદ્યાર્થીને અમલનો બોધ	રા. છગનલાલ મજમુદાર	०	૫	०	
૩૦૫	ઘરમાં રમવાની રમતો	રા. રા. ગોવિંદભાઇ હાથી ભાઇ દેસાઇ	०	૪	०	
૩૦૬	ગુજરાતી ગ્રંથ	હરગોવન મોહનલાલ	०	૧	०	
૩૦૭	માધ્યાન્હનો દીપક	મોટાભાઇ. શાપુરજી મોટા શાપુર.	०	૧૨	०	
૩૦૮	ગુજરાત તથા મારવાડ ઇતિ અને હિંદુસ્તાનની ભૂમિની નોંધ પ્રશ્નોત્તર રૂપે.	રા. રા. જીવનલાલ ભગનલાલ શાહ	०	૨	०	

J. A. DALAL
વિદ્યાધિકારી.

વટહુકમ નં. ૭.

અભ્યાસ કરવાને માટે છોકરાઓ રાતે શાળામાં કે શિક્ષકને ઘેર સુઈ રેહે છે એવી હકીકત જાણવામાં આવીછે. આ રીવાજ પસંદ કરવા લાયક નથી. આ બાબત ચાલુસાલની આ ખાતાના અધિકારીઓની કમિટીમાં પણ ચર્ચા ચાલી હતી, સબબ જણાવવાનું કે—શાળામાં કે શિક્ષકને ઘેર છોકરા અભ્યાસને માટે સુઇ ન રહે એવી તજવીજ દરેક શાળાના મુખ્ય મેહેતાજી તરફથી રેહેવી જોઇએ. તા. ૨૨ નવેંબર ૧૮૯૭.

J. A. DALAL.

દલસુખ. વિદ્યાધિકારી.

વટહુકમ નં. ૮ સન ૧૮૯૭—૯૮.

આ તરફથી વટહુકમ નં. ૫૯ તા. ૨૮—૩—૯૭ નો નાપાસ થએલા છોકરાઓને વર્ગ ચડાવવાની બાબતમાં કરવામાં આવેલો છે, તે બાબત ચાલુ સાલની આ ખાતાના અધિકારીઓની કમિટીમાં એમ જણવામાં આવ્યું કે—કેટલેક ઠેકાણે નાલાયક છોકરાઓને આ વટહુકમના આધારે મેહેતાજીઓને વર્ગ ચડાવવાની જરૂર પડે છે. આ પ્રમાણે બનતું હોય તો તે બરાબર નથી, સબબ તે અટકાવવાની જરૂર જાણી નીચે મુજબ ઠરાવવામાં આવે છેઃ—

૧ ઉપર જણાવેલા વટહુકમ નં. ૫૯ ની પેટા કલમ ૨ માં કોઈ પણ બે વિષય (હેડ)માં પસાર થએલા વિદ્યાર્થીને ઉપલા ધોરણમાં ચડાવવા લખેલું છે. આમાં કયા હેડ (વિષય) તેની વિગત આવી નથી, સબબ લેખન અને ઇતિહાસ ભૂગોળ એ બે વિષયમાં નાપાસ થએલાને ઉપલા ધોરણમાં લેવા હરકત નથી; પરંતુ ગણિત અને વાંચન એ બે વિષયમાં નાપાસ થનારને ઉપલા ધોરણમાં લેવા નહીં.

૨ છેક કાચા છોકરાને વર્ગ ચડાવવામાં આવતા તે અટકાવવાની ખાતર ઉપરનો વટહુકમ કરવામાં આવ્યો હતો. આ વટહુકમ પ્રમાણે હકીકત હોય તે છતાં ખાસ નાલાયકીના કારણે કોઈ વિદ્યાર્થીને ઉપલા ધોરણમાં ન લેવા જેવો જણાય તો તેમ કરવાની મુખ્ય મેહેતાજીને સત્તા છે. કેમકે શાળાના પરિણામની યત્રાએકંદર જવાબદારી તેમના ઉપર રહેલી છે.

જન [illegible] ઠરાવવામાં આવ્યું છે. તો તે પ્રમાણે તમામ શાળા- [illegible]ર નથી. તમારા [illegible] તા. ૨૨ માહે નવેંબર સન ૧૮૯૭

* ' જશ ' શબ્દ ખરો છે.

J. A. DALAL.
વિદ્યાધિકારી,

વટહુકમ નં. ૯.

જે કન્યાશાળાઓમાં પાઠશાળાઓનું અનુભવ સિદ્ધ જ્ઞાન એટલે પ્રત્યક્ષ [illegible] કરવા સંબંધી નિબંધમાળામાં ભાગ [illegible] ને શાળાઓની હેડમીસ્ટ્રેસ અગર હેડમાસ્તર [illegible] ન નહિ એમ થાય સા[illegible]ની આ ખાતાના અધિ[illegible] જણાવવાનું કે [illegible] ૧૮ [illegible] ૬ માસથી જે હોય તેમણે હાજર રહેવું [illegible] એમ કરવું જોઈએ. કદાપિ કોઈ કારણથી એકાદ વખતે હાજર ન રહેવાય તો પોતાના પહેલા આસિસ્ટંટને હાજર રહેવા કહેવું જોઈએ, અને તે બદલ પ્રાંતના રા. બા. એજ્યુ॰ ઈન્સ્પેક્ટર સાહેબને લખી ખબર આપવી. તા. ૨૨ માહે નવેમ્બર સન ૧૮૯૭

J. A. DALAL
વિદ્યાધિકારી.

દસ્તખત

વટહુકમ નં. ૧૦.

આ ખાતાના નિબંધ ભાગ ૨ જાની કલમ ૧૭૮ માં આખી નિશાળની દર ત્રણ મહિને તમામ વિષયમાં રીતસર પરીક્ષા લેવાનું જણાવેલું છે, તે પ્રમાણે તમામ શાળાઓમાં થતું નથી એમ થાણું સાહેબની અધિકારીઓની ફરિયાદમાં જણાવામાં આવેલું હતું. આ બાબત વિચાર થઈ સંબંધમાં ફરી વટહુકમ કરવાનું કરતા આ ખાતાની તમામ શાળાઓના મુખ્ય મેહેતાજીઓને નીચે મુજબ જણાવવામાં આવે છે—

1. ઉપર જણાવેલી કલમ પ્રમાણે ત્રૈમાસિક પરીક્ષા દરરોજથી બરાબર અમલ થવો જોઈએ અને વાર્ષિક પરીક્ષા વખતે પરીક્ષકે તે કામ થયા બદલ ખાત્રી કરવી જોઈએ
2. શાળાના સવખતના મેહેતાજી આખી પરીક્ષા વખતે રજા ઉપર જાય તો ઇન્ચાર્જ મેહેતાજીએ પરીક્ષા લેવી જોઈએ. કદાપિ એક ત્રિમાસિક પરીક્ષા થઈ ગયે બે માસ થઈ ગયા હોય તો મુખ્ય મેહેતાજીએ પરીક્ષા લેઈ રજા ઉપર જવું જોઈએ. અર્થાત એક પણ ત્રિમાસિક પરીક્ષા બાકી રહી જાય એવો પ્રસંગ ન આવવો જોઈએ
3. એકાદ ત્રિમાસિક પરીક્ષા વખતે મુખ્ય મેહેતાજીની બદલી થાય તો નવા આવનાર મેહેતાજીને તે બદલી સંબંધી સૂચના આપતા જવું જોઈએ

ઉપર પ્રમાણે ત્રિમાસિક પરીક્ષાના સંબંધમાં તકેદારી રાખવી.
તા. ૨૨ નવેંબર સન ૧૮૯૭.

J. A. DALAL
વિદ્યાધિકારી.

દસ્તખત

કમી થયો છે, કારણ કે મોટા ધોરણમાં ઉપર પ્રમાણે તે પૂરો ખીખરૂ નો છે.

૩ ધોરણ ૬ ના પ્રશ્ન [illegible] જની [illegible] કે સમા "[illegible]" [illegible] થઈ [illegible] ધણ થયા [illegible] છે તે [illegible] [illegible] દાખલ [illegible] છે. [illegible] માટે [illegible]

ઉપર પ્રમાણે [illegible] ને પી. ધન કલમ ૨ નો અમલ આવતી [illegible] દરેક [illegible] [illegible] મુજબ [illegible] પ્રમાણે લેવાને બાધ નથી. તા ૨૦-૧૧-૯૭ મુ ધોળા

J A DALAL.

દસ્કત ——— વિદ્યાધિકારી.

સરક્યુલર નં. ૧૬ સન ૧૮૯૭-૯૮.

આ ખાતાના નિબંધ ભાગ ૨ જાના કલમ ૫૬ મા નીચે પ્રમાણે લખ્યું છે:——

" નિશાળો ઉપર સામાન્ય દેખરેખ માટે સ્થાનિક અધિકારીઓ "
" તથા સભ્ય ગૃહસ્થો જેઓ નિશાળના કામમાં ઉમંગ ધરાવતા "
" હોય તેઓની એક સ્કૂલ કમિટી તાલુકાના વહિવટદારની ભ "
" લામણથી ડિરેક્ટરે નીમવી કમિટીમાં ત્રણથી ઓછા અને "
" પાંચથી વધારે મેમ્બર નીમવા નહીં કમિટીના મેમ્બરો "
" પૈકી રાજીનામું આપવાથી કે બીજા કારણથી જે કમી થાય "
" તેની જગા પૂરવા માટે મહેતાજીએ ઇન્સ્પેક્ટરને રિપોર્ટ કરવો, "
" ઇન્સ્પેક્ટરે વહીવટદારના અનુમતથી લાયક માણસ મુકરર "
" કરી કમિટીમાં દાખલ કરવા મંજુરી આપવી "

સદર કલમમાં સુધારો કરી તેને બદલે નીચે પ્રમાણેની દાખલ કરવામાં આવે છે—

" નિશાળો ઉપર સામાન્ય દેખરેખ રાખવા માટે સ્થાનિક "
" અધિકારીઓ તથા સભ્યગૃહસ્થો જેઓ નિશાળના કામમાં "
" ઉમંગ ધરાવતા હોય તેઓની એક સ્કૂલ કમિટિ તાલુકાના વહી- "
" વટદાર સાહેબની ભલામણથી ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પે- "
" ક્ટરે નીમવી કમિટીમાં ત્રણથી ઓછા અને પાંચથી વધારે "
" મેમ્બર નીમવા નહીં કમિટીના મેમ્બરો પૈકી રાજીનામું આ- "
" પવાથી કે બીજા કારણથી જે કમી થાય તેની જગા પૂરવા "
" માટે મહેતાજીએ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને રિપોર્ટ "
" કરવો; ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરે વહીવટદાર સાહે- "
" બના અનુમતથી લાયક માણસ મુકરર કરી તેને કમિટીમાં "
" દાખલ કરવા મંજુરી આપવી "

ઉપર પ્રમાણે સુધારો કરવામાં આવ્યો છે. અમલ તેને અનુસરી હવેથી લાગતા વળગતાઓ તરફથી અમલ થવા જોઇએ તા ૨ માહે નવંબર સન ૧૮૯૭ મુ ધોળા.

J A. DALAL

દસ્કત — વિદ્યાધિકારી

વટહુકમ નં. ૧૭

ચાલુ સાલે શાળાઓની તપાસણી કરતાં જણાયું છે કે છઠ્ઠા ધોરણના છોકરાઓ પણ વ્યાકરણ તથા અંકગણિતના વિષયમાં ઘણા કાચા રહે છે. ભાષા અને ગણિતના પેટા વિષયોના માર્કની ગોઠવણ જોતાં એમ જણાય છે કે પરીક્ષામાં કોઇ છોકરાને વ્યાકરણ અથવા અંકગણિતમાં અથવા બંનેમાં શૂન્ય માર્ક મળે તો પણ તેના બીજા પેટા વિષયોના માર્કનો સરવાળો તે મુખ્ય વિષયના કુલ માર્કનો એક તૃતિયાંશ થાય તો તે પાસ થઇ શકે છે; અર્થાત્ કોઇ છોકરાને બીજાથી છઠ્ઠા ધોરણ સુધીમાં માત્ર મોઢાનાં લેખાંજ સારાં આવડે અને અંકગણિત બિલકુલ ન આવડે તો પણ તે છઠ્ઠા ધોરણ સુધી દરેક ધોરણમાં પાસ થઇ શકે છે; તેજ પ્રમાણે વ્યાકરણ પણ ન આવડતા પાસ થઇ શકે છે.

૨ આ પ્રમાણે થવું યોગ્ય જણાતું નથી. સબબ ઠરાવવામાં આવે છે કે દરેક ધોરણના અંકગણિત તથા વ્યાકરણના પેટા વિષયોમાં જે વિદ્યાર્થીને એક ચતુર્થાંશ માર્ક ન મળે, તેને પરીક્ષક અધિકારીઓએ તે મુખ્ય વિષયમાં નાપાસ ગણવો.

૩ આ હુકમ હાલ તરત સર્વ પ્રકારની છોકરાઓની શાળાઓને લાગુ પાડવામાં આવેછે

૪ આ હુકમ પ્રસિધ્ધ થએ તેનો અમલ કરવાનો છે.

૫ આશા છે કે વ્યાકરણ તથા ગણિતના અભ્યાસ ઉપર હવે પછી વધારે સારૂં ધ્યાન અપાશે તા. ૨૭ નવેંબર સને ૧૮૯૭

J. A. DALAL.

દલસુખ —— વિદ્યાધિકારી.

વટહુકમ નંબર ૧૮.

વાર્ષિક પરીક્ષા વખતે નમુના નં. ૧૨ મુજબ વગર ધોરણના છોકરાંનું અભ્યાસ પત્રક લેવામાં આવે છે, તેમાં "દાખલ થતી વખતે અભ્યાસ" એવું આસન છે તેમાં ફેરફાર કરવા ચાલુ સાલની આ ખાતાની અધીકારીઓની કમિટીમાં વિચાર થયો તે ઉપરથી જણાવવાનું કે—સદર પત્રકમાં "દાખલ થતી વખતે અભ્યાસ" એવું આસન છે તેને બદલે "દાખલ થતી વખતનો અભ્યાસ અગર ગઇ વાર્ષિક પરીક્ષા પહેલાંનો વિદ્યાર્થી હોય તો "ગઇ પરીક્ષા વખતનો અભ્યાસ" એ પ્રમાણે દાખલ કરવું. વગર ધોરણમાં ઘણે ભાગે નવા વિદ્યાર્થી હોય છે એટલે તેમનો દાખલ થતી વખતનો અભ્યાસ પૂરવો અને જે જુના વિદ્યાર્થી ગઇ સાલના હોય તેમનો ગઇ પરીક્ષા વખતનો અભ્યાસ દાખલ કરવો તા. ૧ ડીસેંબર સને ૧૮૯૭.

J. A. DALAL.

દલસુખ —— વિદ્યાધિકારી.

વટહુકમ નંબર ૧૯.

કેટલાક મહેતાજીઓ પોતાની શાળાના આસિસ્ટંટ પાસેથી કરિયાણાનો સામાન ખરીદ કરી તેની પાવતી લે છે. એમ એક ઠામે જોવામાં આવ્યું છે. આવી રીતે આસિસ્ટંટ પાસેથી સામાન લેઇ તેની પાવતી લેવી એ ખરાબ રીતની છે. આવી રીતે સરકારી નોકરીમાં હોઇ ખાનગી ધંધો કરે છે એમ માનવાને કારણ મળે છે. આ રિવાજ જ્યાં ચાલતો હોય ત્યાં તુરત બંધ થવો જોઇએ. તા. ૮ ડિસેમ્બર સને ૧૮૯૭ મુ. વડોદરા.

J. A. DALAL.

દામોદર. ઓં. મ. —— વિદ્યાધિકારી.

જાહેરખબર.

રા. બા. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાનાં રચેલાં પુસ્તકોની નવીન આવૃત્તિઓ—

પ્રવીણ	૦— ૪—૦
દેશી કારીગરીને ઉત્તેજન ભા. ૧	૦— ૪—૦
દેશી કારીગરીને ઉત્તેજન ભા. ૨	૦— ૬—૦
અંધેરી નગરીનો ગર્ધવસેન ...	૦—૧૨—૦
ગલીવરની મુસાફરી.	૦— ૪—૦
બે બહેનો.	૦— ૮—૦
રાણી રૂપસુંદરી	૦— ૪—૦
* લઘુ વ્યાકરણ.	૦— ૧—૩
* નવું વ્યાકરણ	૦—૧૨ ૦
* નવું અંકગણિત.	૧— ૪ ૦
* ભૂતળવિદ્યા.	૦— ૭—૦
નીતિ અને વૈદિક ધર્મ.	૦— ૨—૩

* ચિન્હવાળાં પુસ્તક વડોદરામેં [illegible] મળશે અને બાકીનાં [illegible] છાપખાનામાંથી કે કર્તાને ત્યાંથી મળશે સુધારેલું નવું વ્યાકરણ અને નવેસરથી લખેલી ભૂતળવિદ્યા છપાયેથી થોડી કીમતે મળશે.

સોનેરી તક-કિંમતી ભેટ !!

મહાજન-મંડળ.

"મહાજન મંડળ" નામે [illegible] ગ્રંથ હાલમાં મારા તરફથી છપાઈને બહાર પડેલ છે જેમાં અંદર ભારતવર્ષના પ્રાચીન તથા અર્વાચીન લગભગ ૯૦૦ મહાત્માઓનો જેવા કે,—યતિઓ, પ્રવર્તકો, ગર્ધવો, મહાપંડિતો, ધર્મપ્રવર્તકો, મહાકવિઓ, મોટા ભક્તો, વૈદ્યો, સંગીત શાસ્ત્રીઓ, પરોપકારી જનો, નામાંકિત પુરુષો અને સાક્ષરો, મહાસતીઓ, વીરાંગનાઓ, વિદુષી બાનુઓ આપણા પંડિતો અને વિદેશી [illegible] પ્રવર્તકો [illegible] જીવનચરિત્ર વિસ્તારથી લખવામાં આવ્યાં છે. એ ગ્રંથ રોયલ આઠ પેજી ૧૫૦૦ પૃષ્ઠનો છે અને તેના મજબુત શોભિતા પુઠા સોનેરી [illegible] સાથે બિબાપત્રમાં તૈયાર કરાવી મંગાવેલા છે આ ગ્રંથ વિદ્વાન અને પ્રજાપ્રિય શ્રીમંત મહારાજા શ્રીસયાજીરાવ ગાયકવાડ સેનાખાસખેલ સમશેર બહાદૂરને તેમની ખાસ પરવાનગીથી અર્પણ કરવામાં આવ્યો છે તેમજ તેના અગ્રભાગે એ નામદારશ્રીની સુંદર છબી મૂકવામાં આવી છે. ગુજરાતીભાષામાં આવો મોટો અને ઉત્તમ ગ્રંથ આ પ્રથમજ છે, એવો ઘણા વિદ્વાનોનો અભિપ્રાય છે તેની ઘણી પ્રતો થોડાજ વખતમાં ખપી ગઈ છે અને તેની મહત્તાની પ્રતીતિ છે આ ગ્રંથની તમામ પ્રતો એટલે કે (૧૫૦) નકલો નું [illegible] પરમાનંદ [illegible] ખરીદી લીધાનું આવી છે. માટે એ ગ્રંથના ગ્રાહકો તેમના તરફ મુંબાઈ [illegible] દેવીદાસ એવે ગામે ઓર્ડરો [illegible] કિંમત સર્વને આઠ રૂ. ૫-૮-૦ પોસ્ટેજ માફ હવે મુજબ કેનો રહી છે, માટે સત્વર મંગાવી લ્યો કે "વહેલા તે પહેલા." આ ગ્રંથના પ્રકાશ [illegible] અનુક્રમણિકાનું ચોપાનીઉં [illegible] જોઈએ તેમણે [illegible] આનાની ટીકીટ મોકલી મંગાવી લેવું.

ઠે. ખાંભલીઆરા. } મગનલાલ નરોત્તમદાસ પટેલ
ઠે. ખાંભલીઆરા. }
પ્રેમાભુજ પોસ્ટ. } "[illegible]" [illegible] કર્તા

अनुक्रमणिका.

વિષય.

૧. મૃત્યુનો ભય.... ... ...
૨. સર એડમન્ડ સાન્ડરસ... ... ...
૩. સુશિક્ષક. ... ...
૪. નિબંધમાલિકા. ... ...
૫ શાળોપયોગી પત્રો. ... ...
૬. નોકરીમાં સાવચેતી, ...
૭ મરજીવા. ... ...
૮. ગાયકવાડ સરકારનું કેળવણીખાતું. (ઇનામ પત્રકો.) ... ...
૯. સરક્યુલરો. ... ...

સ્વીકાર.

બાળ મનન પોથી આ નામની ચોપડી તેના કર્તા તરફથી મળી છે નાનાં કરાને આંક વગેરે કેમ શીખવવા એ સબંધી એમા કેટલીક યુક્તિઓ બતાવી છે ઃ ધોરણ બહારના શિક્ષકો તેથી યુક્તિઓ કામે લગાડે તો સારું. આંકના કોઠા આવી રીતે જોડે તેના મનોયત્નો આપ્યા છે, તે પણ ઉપયોગી છે. વળી એક નીતિની વાત આ તે પણ નાનાં છોકરાને ઘણી અસર કરે તેવી છે. એકજ વાતમાં સાવચેતી, સ્પર્ધા, સંખંત, વગેરે અનેક ગુણો બતાવી આપ્યા છે, તે વખાણવા લાયક છે, છેવટે કોષ્ટકો વ આપ્યાં છે. શાળા ખાતાના શિક્ષકો એકાદ વાર આ પુસ્તક વાચી જશે તો તેમને તે ઉપયોગી થશે. કીમત રૂ. ૦-૨-૦ છે. મુંબાઇ, સુરત, વડોદરા, અમદાવાદ, વગેરે ઠેકા પ્રખ્યાત બુક સેલરો પાસેથી મળે છે.

અગત્યની સૂચના.

આજના અંક સાથે **શિવાજી** નૉવેલના જે હેન્ડબીલો વહેંચવામાં આવેલાં ના ઉપર અમારા ગ્રાહકોનુ પૂરતું ધ્યાન અમો ખેંચીએછીએ અને જણાવવામા ખુશ ઉપજે છે કે જાનેવારીની મુદતને બદલે નામ નોંધાવવાની મુદત એપ્રીલ આખર સુધીની ધારી છે મે વડોદરા ખાતે એજંટ મુકુન્દરાય પરમાનંદ મુનશી છે.

છપાઇ બહાર પડ્યું છે.

સંગીત રામ રાવણ નાટક—અષ્ટાંકી જુદા જુદા સેકડો રાગનાં (૬૦૦ ગાયનોથી ભરપૂર એક રમૂજી ફારસ સાથે જેની સેકડો નકલો ટુંક મુદતમા ખપી છે કીમત ફક્ત આઠ આના. કર્તા **પરવતસિંહ હમીરસિંહ.** અણોર, પોસ્ટ ચમારગામ.

નવીન મંજુર થયેલાં અતિ ઉપયોગી પુસ્તકો. મગાવો અને ખાતરી કરો

કિન્ડરગાર્ટનપદ્ધતિના મૂળતત્વો લખાભાઇ લલ્લુભાઇ પટેલ હે. મા. ગુ. શાળા પેટલાદ ૦-૮-૦. અકબર વેસુતારની દુકાન ભાગ ૧ લો. ગણપતરામ સુગટરામ વ્યાસ કનાર્ક, વિદ્યાધિકારી ઑફિસ વડોદરા ૦-૫-૦
અચિત્ર બાળશિક્ષા " " ૦-૨-૦
વિદ્યાકર ગ્રંથ ભોગીલાલ ભીખાભાઇ ગાંધી હેડ માસ્તર ગુ શાળા કડી. ૦-૮-૦

केळवणी.

अर्थ मळे वळी धर्म सधाये, ज्ञान मळे सनमान पमाये;
प्रीति वधे पसरे जश सारो, ए शिशुशिक्षण धर्म अमारो.

પુસ્તક ૧૦ મું. માઘ. સંવત્ ૧૯૫૪. અંક ૪ થો.

मृत्युनो भय.

શાર્દૂલવિક્રીડિત.

જો તું વિશ્વ અપાર જ્યાં ગ્રહગણો આવી રહ્યા વિસ્તરી,
ત્યાં છે વસ્તિ અનંતકોટિ, ગણના તેની શકે કો કરી ?
આ ભૂમંડલ અલ્પ ત્યાં અણુ સમું, ત્યાં લેખું તારૂં કશું ?
જીવે કે મરિ જાય તોય જગમાં ઊણું પડે ના તસુ. ૧
કાચો કુંભ જળે ભર્યો વપુસમો શી વાર લાગે કહે ?
એવી કાય, અપાય લાખ જગમાં, શી આશ તેની રહે ?
મારાં દેહ ધનાદિ ધામ ધરણી એવાં મમત્વે બધાં,
છોડીને સહુ એક બે પલકમાં કૈં કો નથી સંચર્યા ! ૨
ચાલે ત્યાં લગી દેહની જતનથી તું નિત્ય રક્ષા કરે,
આ પાસે અનિવાર કાળ જનને જો નિત્ય ભક્ષ્યા કરે;
માયા મો'બત માન મોહ મદને તું તો જમાવ્યા કરે,
તે આ ક્રૂર કુટીલ કાળ પળમાં સર્વે શમાવ્યા કરે ૩

ચાહ્યું જો કદિ તેં ચતૂર ચિતમાં લાંબા કરી તર્કને,
રાગી એક જિવાડવા બહુ દવા આણી ઘણા અર્કને;
ડાહ્યા શારિરશાસ્ત્રિઓનિ મદદે, બુદ્ધી બળે, જ્ઞાનથી,
વિદ્યાથી, અતિશે પ્રયોગબળથી, શે સિદ્ધ થાતું નથી ? ૪
માટે ધીરજ રાખ દાખ ન જરી તું દીનતા દેહમાં,
મૃત્યૂ હાય ! લઈ જશે, રહિ જશે માયા બધી ગેહમાં !
જ્યાં ત્યાં તો જગમધ્ય જીવન કરી થોડાંક વર્ષો લગી,
છેલ્લે જાવું જરૂર તો પછી કહે આ સૃષ્ટિ કોની સગી ! ૫
થા થા શૂર, ન દીન થા, મરણ તો સ્વાભાવિ છે મર્ત્યને,
ના બી'તો મરવાથિ જે મરિ ગયા તેમાં કરી સર્તને;
સોક્રેટીસ સિકંદરાદિ મનુ ને વ્યાસાદિએ ના રહ્યા,
તારા બંધુ પિતા પિતામહ અને માતામહો-ક્યાં ગયા ? ૬
તારાથી અધિકા ભયાર્ત્ત, ધનમાં તારાથિ શ્રીમંત જે,
તારાથી અતિ કોમળા, સુખિ નરો, તારાથિ ધીમંત જે;
તારાથી અધિકા કુટુંબિ સહુના આધાર જે એકલા,
તેઓ મૃત્યુમુખે પડ્યા, તવ હવે કાં બી'ક રાખે ભલા ! ૭
કોટી જીવ મરે દરેક પલકે તેની નથી કાળજી,
તું આ એક મલીન દેહ બચવા ઇચ્છા કરે છે હજી !
કે' કે' જીવિ કરીશ શો જગત તું, જાતાં રહી શું જશે !
માયાથી ભય મોહ થાય જનને વીચારથી તે ખસે. ૮
જીવ્યા જો દશ વીશ વર્ષ અદકાં તોએ ન તૃપ્તી થશે,
વૃદ્ધાપો વધશે, અપંગ બનશે, તો શે સુખે જીવશે ?
રોગે દુઃખિ થશે, સુતાદિ દમશે, આશા નહિ ખૂટશે,
મૃત્યુનો ભય તોય આજ સરખો છોડ્યો નહીં છૂટશે. ૯
છોડી એક અવાસ અન્ય સદને વાસો કરો છો તમો,
કાઢી જૂનું નવીન વસ્ત્ર ધરતાં ક્યારે ડરો છો તમો ?
છોડી 'બાળપણું' સુવાન બનિને નિત્યે વિલાસે રમો,
તો આ દેહ તજી નવીન ધરવો, એમાં ભયે શે ભમો ? ૧૦
આ તો જ્ઞાન કથા વૃથા, નથિ થતું ત્યાગી વિરાગી હજી,
ભ્રાતા, એમ ન માન, સત્ય કહું છું તે માનિ રે'જે સજી;
જ્યાં સૂધી નવ મોહ જાય મનથી ત્યાં સૂધિ આ ત્રાસ છે,
જાતાં મોહ ભયાદિ સર્વ શમશે જાણી પ્રભૂ પાસ છે. ૧૧

નીતીથી નિત્ય વર્તતાં ભવ વિષે, ભીતી તજી કાલ્યની,
બીતી માણસની નિહાળિ મરતાં, જોતા ગતી કાળની,
સેતાં 'શાંતિથિ વર્તમાન બનતું, સંતોષને સેવતા,
રેવું નિત્ય નિહાળિ કામ નબળાં જાણી જનોથી મતા. ૧૨

सर एडमंड सान्डरस.

બીજા ચાર્લ્સ પાદશાહના વખતમાં સર એડ્મન્ડ સાન્ડરસ નામે ઇંગ્લાંડની વડી કોરટનો એક વડો ન્યાયાધિશ થઇ ગયો છે આ નામીચા ન્યાયાધીશના બાળપણનો હેવાલ જોતાં આપણને ઘણું આશ્ચર્ય પેદા થાય છે અને જેઓ ગરીબાઇનું બાહાનું કરી પોતાની ખાટી હાલતમાં પડી રહેતા હો તેમને મોટી શિખ અને ભારે હિંમતગિરી પેદા થશે આ મુલ્કમાં કહેવત છે કે, " પૈસા મેળવવાનો રસ્તો બજારના જેવા ધોરી છે " વળી બીજી એવી પણ કહેવત છે કે " જ્યાં મરજી છે, ત્યાં રસ્તો છે " આ બે કહેવતનો આ નામીચા ન્યાયાધીશની જીંદગીના હેવાલ ઉપરથી ખરી પડે છે. ગરીબાઇને લીધે જેઓએ દુનિયામાં વધવાની તક ખોઇ હોય, તેઓએ આ વાત વાંચી ખાસ સમજુતી પકડવી જોઇએ છીએ, પણ જેઓએ એવી તક ખોઇ નહિ હોય, તેઓએ આ વાત પોતાના અંતઃકરણમાં ખૂબ યાદ રાખવી દુનિયાના ધોરી રસ્તા ઉપર આથડવું નહિ પણ ચઢીને દોડવું જોઇએ

સર એડ્મન્ડ સાન્ડરસ કે જેના નામની આગળ આપણે સર એવો માન ભરેલો ઇલકાબ જોઇએ છીએ. અને જેને આખા બ્રિટિશનમાંના સર્વે વડી કોરટોનો સર્વેથી વડો ન્યાયાધિશ જાણીએ છીએ, તે બાળપણમાં એવી ગરીબ હાલતમાં હતો કે તે આગળ જતાં આવે મોટે દરજ્જે પહોંચશે, એવું જો કોઇ તેનું ભવિષ્ય કહેત તો ખચીત તેને દિવાનાનો પાદશાહ કરીને કહેત સર એડ્મન્ડ જ્યારે નાનો છોકરો હતો, ત્યારે તે તદન વારસા વિનાનો તથા ઘરબાર વિનાનો અને ભીખારી હાલતમાં હતો તેના માબાપ કોણ હતાં, અને તેઓ ક્યારે મરણ પામ્યા તે તે પોતે કહી જાણતો ન હતો, તેમજ તે વિષે બીજું પણ કોઇ જાણતું નહોતું તેનું કોઇ નામ પણ નહોતું. જાણે કે સર એડમન્ડને આકાશ ઉપરથી કે કોઈ ટપકેલો હોય. તેમ તે બિચારો છેકજ નિરાધાર હતો તેનું પેટ ભરવાનો આધાર કેઇ લોકોની દયા ઉપરજ હતો નાનો એડમન્ડ એકવાર એક વકીલની ઓફિસમાં દાખલ થયો ત્યાં ત્યાંના કામનારા માણસો તેને જે કામ સોંપે તે તે કરતો, અને તેઓના સાથે તે પોતાની ગરીબાઇથી અને અતિશય નમ્રતાથી વર્તતો. તેના બદલામાં તે કામનારાઓ તેને જે કાંઇ આપતા તે ઉપર તે બિચારો પોતાનું ગુજરાન ચલાવતો. આ નાના છોકરાની આવી ગરીબાઇ અને નમ્રતાઇ જોઇને ઓફિસના સઘળા માણસોને તેની ઘણીજ દયા આવતી અને તેને જેથી ફાયદો થાય તેવું કરવાને તેઓ ઇચ્છતા. ગરીબ

એ વિચારજ કાઢી નાખવો; અને આપણે આપણી મેળે સાત વાગે, બે વાગે, અથવા અમુક વાગે નિશાળે જવાનું છે, આ વિચાર દાખલ કરી દેવો. ”

આ પ્રમાણે પ્રથમ ઉપર ઉપરનો પ્રતીકાર સૂચવ્યા પછી હવે ખરો પ્રતીકાર બતાવવા માંડયો:—

“ વળી છોકરાઓને જેમ બને તેમ વેહેલા હાજર કરવાનો ઉપાય ખરું પૂછાવો તો આપણાજ હાથમાં છે— આપણે જે શિક્ષણ આપીએ છીએ તે શિક્ષણમાંજ છે. તમે જે બાબતો છોકરાઓને શીખવોછો, તે બાબતમાં જો એવું કરી શકો કે છોકરાઓને તેમાં રસ પડે–તે શીખવાનું તેને ખાસ મન થાય; તો તેઓ પોતાની મેળેજ, પોતાનાજ ખરા ઉમંગથી, વગર બોલાવે અને તેઓના માબાપોના પણ કહેવા વગર, તમારા વખત પેહેલાં આવીને હાજર થશે. પણ ખરા શિક્ષકોનું શિક્ષણ જેમ છોકરાઓને કંટાળા રૂપ થઈ પડે છે; અને જ્યારે તે કંટાળો આપતું શિક્ષણ છોકરો નથી લેતો, ત્યારે પછી તેને માથે સોટી પડેછે; એટલે એવા શિક્ષણથી છોકરો ત્રાસ પામી ભયથી નિશાળમાં વહેલો આવવા અને વધારે રહેવા પસંદ નથી કરતો. જ્યારે છોકરાઓને એમ લાગે કે શીખવું એમાં પણ કંઇક આનંદની સાથે જાણવા જેવું છે; નિશાળમાં રહેવું તે કેદખાનામાં રહેવું નથી, પણ એક ઉત્તમ સોબતમાં રહેવું છે; તેમજ શિક્ષકના સંબંધમાં પણ શિક્ષકની પાસે રહેવું, તે કોઇ કાળમૂર્તિ પાસે રહેવું, એમ નહીં, પણ પોતાના પૂજ્ય–માબાપ તુલ્ય વડીલ પાસે રહેવું છે, એમ ગણે—” એવી ભાવનાઓ જ્યારે છોકરાઓના મનમાં ઉત્પન્ન થાય, ત્યારે છોકરાઓ હોંસે હોંસે નિશાળે આવે—કોઈ દિવસ ગેરહાજર રહે નહીં, તેમજ મોડા પણ થાય નહીં. ”

“ આ પ્રમાણે કરવા તમે ધારો, છોકરાઓને તમારા શિક્ષણમાં કંઇક છે એમ સાબીત કરી આપો, અને તમે પોતે પણ તેનાથી વધારે દૂરના દૈવી પુરૂષો છો એમ નહીં પણ તેના ઇષ્ટ મિત્રો–પૂજ્ય વડિલો અને તેના ઘરનાજ કોઇ મુખ્ય માણસ છો એમ રહો; તો અવશ્ય તે તમારી સંગતિ પસંદ કરશે; અને સાથેજ તમારૂં શિક્ષણ તેમને રસિક લાગશે; તો તે તમારી પાસે આવ્યા વગર રહેશેજ નહીં. એટલુંજ નહીં પણ નિશાળના વખત સિવાય પણ તમે જ્યારે કહેશો ત્યારે આવશે. ”

નરભેરામ અને બાળકરામ તો પાસેજ ઉભા હતા, પણ દૂર બેઠેલા બીજા બધા આસિસ્ટંટ મેહેતાજીનું આ ભાષણ સાંભળી રહ્યા હતા. તેમને પણ છોકરાઓને બોલાવવા જવું એ કંટાળા ભરેલું તો લાગતું; તો પણ તેઓને કોઈ દિવસ એમ નહોતું સૂઝ્યું કે તેમ ન કરવાનો ઉપાય પણ આપણાજ હાથમાં છે. આસિ૦ સેવકરામ ટ્રેનિંગમાં જઈ આવ્યો હતો. તેને આ બધું લક્ષમાં હતું; પણ તે સદવાસના પવને ભૂલાવી દીધું હતું. બે ચાર દિવસ તેણે એવી માથાકૂટ કરી હતી; પણ પછીથી ભૂલી જવું પડયું હતું; અને ગાડરીઆ પ્રવાહમાં તણાવું પડયું હતું. આજે પ્રવીણશંકરનું આવું ભાષણ સાંભળી તેને પણ પૂર્વનો અભ્યાસ યાદ આવ્યો, અને હવે પછી પોતાને વધારે આનંદ અને વધારે સારા વિચારો આ મેહેતાજીની પાસેથી મળી શકશે એમ સમજી તેમના તરફ માનની લાગણીથી જોવા લાગ્યો. આસિ૦ વિદ્યાશંકર પણ વિદ્યાનો સંસ્કારી હતો. જો કે તેનો અભ્યાસ છઠ્ઠા

ધોરણથી વધારે નહોતો, તો પણ તે સ્વાભાવિક રીતે શિક્ષક થવાને સરજેલો હતો. શિક્ષણ અથવા માનસશાસ્ત્રનું ઉત્તમ પ્રતિનું જ્ઞાન તે વધારતો. તોપણ આપણે છોકરાઓને કંઈક શીખવવાનું છે, આપણી પાસે તેઓ શીખવા આવે છે, તેને જે કંઈ કહેવાનું છે તે તેઓ સમજે તેમજ કહેવાનું છે. આ બધું તેના લક્ષમાં હતું. સિવાય તે પોતે પણ હમેશાં પોતાનું જ્ઞાન વધારવાને ઉમંગી હતો. કંઈક કંઈક પુસ્તકો વાંચવાનો તેને શોખ હતો. અને વાચવાના પુસ્તકોમાં પણ શિક્ષણનો વિષય વાંચવાને તે વધારે તત્પર રહેતો. કોઈ પણ પુસ્તકમાંથી મને શિક્ષણ સંબંધી કંઈક મળી શકે, અને હું કંઈક મારું કામ સારી રીતે કરી શકું એમ થઈ શકે, તેમ કરવા તે હમેશાં યત્ન કરતો. " કેળવણી પ્રકાર " અને " શિક્ષણ પદ્ધતિ " એ બે પુસ્તકો તેને મળ્યાં હતાં, ને તેની પોતાની શક્તિ પ્રમાણે વાંચી સમજી ગયો હતો. અને તેને કર્તવ્યમાં ઉપયુક્ત કરવાનું તેના ધ્યાનમાં હતું, પણ તડાકરામ માર્કના પ્રતાપી રાજ્યમાં જ્યાં સુધી નરભેરામ બાપુનો મગજ સૂર્ય તપતો હતો, ત્યાં સુધી કોઇનાથી એવી વાત કાઢી શકાતી નહીં. ત્યારે તો નરભેરામ કહે તેજ શિક્ષણપદ્ધતિ, અને તેજ નિશાળનો મુખ્ય નિયમ રાખવો પડતો. તો પણ વિદ્યાશંકર પોતાના વર્ગને શીખવવામાં પોતાના લક્ષણને છેકજ ચૂકી જતો નહીં. જ્યારે જ્યારે પાઠ સમજાવતો, ત્યારે ત્યારે તે જેમ બને તેમ સમજાવવાને વધારે પ્રયત્ન કરતો. આજ રોજ એ વિદ્યાશંકર મહેતાજીનું આ પોતાને રસિક લાગતું કથન સાંભળી અત્યંત સંતુષ્ટ થયો, અને હવે પછી મારો જ્ઞાનવૃદ્ધિનો ક્રમ ગ, અને તેમાં પણ શિક્ષણ સંબંધી જ્ઞાનની વૃદ્ધિ કરવાની ખાસ ઉમેદ એ આ મહેતાજી સાહેબ આગળથી ઘણી ખરી પૂરી પડશે સમજી આનંદિત થયો. (અપૂર્ણ)

કુસુમ.

निबंधमालिका.

(પૃષ્ઠ ૩૩ થી ચાલુ)

વિષય ૭ મો—જૂઠું બોલવું એ ખોટો વેપાર છે.

પ્રસ્તાવિક વ્યાખ્યા—ઘણા માણસો હમેશ અને કપટથી નીચ ફાયદો મેળવવા તાકે છે પણ આ રીત અનીતિની મોટી અને ખોટી છે.

૧. જૂઠું બોલવાથી આપણા પોતાની આબરૂ ગુમાવીએ છીએ
૨. પાડોશીઓને પણ એથી નુકશાન થાય છે.
૩. જૂઠું બોલવું એ જૂઠું બોલનારને પણ નુકશાનકારી છે
૪. જૂઠું બોલનાર સાચું બોલે તો પણ તે મનાતું નથી એનો વિશ્વાસ ઉઠી જાય છે.
૫. દુનિયામાં એવાં બીજાં કેટલાક પાપ છે કે જે દુનિયા ખમી શકે છે પણ જૂઠો હમેશ ધિક્કારને પાત્ર નીવડે છે.

૯. જુઠાનું અંતઃકરણ તેનેજ ફોલી ખાય છે,

દૃષ્ટાંત અને રૂપક—વાઘ આવ્યો, વાઘ આવ્યો, વાઘ આવ્યો, કરીને બૂમો પાડનારો છોકરો.

च કઠીઆરો અને દેવતા. જુઠા કઠીઆરાએ પોતાનો હતો તે પણ કુહાડો સોનાના કુહાડાની લાલચમાં જુઠું બોલ્યો તેથી ખોયો.

फ હંસની ચાલ ચાલનારો બગલો.

ड મોરનાં પીછાં ઘાલનારો કાગડો.

ह આપણા કુદરતી વાળ જેટલા ચોટાડેલા વાળ શોભતા અને બંધ બેસતા આવતા નથી.

फ એક કાચબાએ પક્ષીની પેઠે હવામાં ઉંચે ઉડવાનું ધારી નીચેની યુક્તિ કાઢી. તેણે એક ગરૂડને કહ્યું, કે તું મને તારી પીઠ પર બેસાડીને લઇ જાય તો હું એક કીમતી ખજાનો ખોળી આપું. તે બંને ઉંચી ઉંચાઇએ પહોંચ્યા પછી જુઠાણું પકડાઇ આવ્યું. જે ઉપરથી તે ગરૂડે તે કાચબાને પીઠ ફેરવી પાડી નાખ્યો અને જમીન પર નીચે એટલો બધો ફેંક્યો કે બિચારો પડતાં પડતાંજ મરી ગયો.

ઐતિહાસિક દૃષ્ટાંત— *

આંથિક દૃષ્ટાંત—જુઠાને પગ નથી પણ પાંખો છે.

च એક માણસ જુઠું બોલે છે તે જુઠને સાચું ઠરાવવામાં બીજા એકવીસ માણસોની જરૂર પડે છે.

વિષય ૮ મો—સૂર્ય પ્રકાશે ત્યારે ઘાસ સૂકવી લ્યો.

પ્રવેશક વ્યાખ્યા—સુકું ઘાસ વરસાદ અને ધુમાસથી બગડી જાય છે તેથી ચતુર ખેડુત સૂર્યના તડકાની તક જવા દેશે નહિ. આ વાત બધા વિલંબ કે ઢીલ કરનારા માણસોને લાગુ પડે છે. આવેલી તક જવા દેવી નહીં. સારા પ્રસંગ આવવા એ ઈંગ્લાંડમાંના વાદળની પેઠે અનિશ્ચિત છે માટે જે શુભ તક આવે તે પકડી લેવી જોઇએ.

च જીંદગી અનિશ્ચિત છે અને કાલે શું થશે તે કોઇ જાણતું નથી.

फ તંદુરસ્તીનો ભરોંસો નથી. આજ કોઈ માણસ શક્તિમાન્ અને આરોગ્ય હોય અને આવતી કાલે ઘણોજ અશક્ત થઇ જાય.

ड એક તક ખોઇ તો બીજી તક શાથી જાણ્યું કે આપણાથી ઝડપી લેવાશે?

ह હરિફાઇ એટલી બધી છે કે આપણે વિલંબ કર્યો તો ઘણા બાહોશ અને ચતુર હરીફો આપણને પછવાડે પાડયા વિના રહેવાના નથી.

फ બજારમાં મેળો ભરાયો હોય તે વખતે જવું જોઇએ તેને બદલે વિલંબ

૨૭. તમારા આખા દિવસના કામની નોંધ કરી તેનો નિયમિત વખત ઠરાવો; અને તે મુજબ-બરાબર ટાઈમ સર જે તે કામ કરતા રહો.

૨૮. બે આંખો બે કાન, સઘળાને સંસારમાં;
ધરે દ્વિગુણ મતિમાન, જ્ઞાનીને લોચન ઘણાં.

૨૯. બીજાની ચડતી જોઈ તેમાં ખલેલ કરવા યત્ન કરશો નહીં; પણ તેવા થવા સતત યત્નો કરવા મંડો.

૩૦. આત્મસ્તુતિ અભિમાની બનાવે છે, માટે આત્મસ્તુતિથી અલગ રહો.

૩૧. વિદ્યા વિનાનો માણસ અને પશુ એ બંને સરખી પંક્તિનાં પ્રાણી છે.

૩૨. વિદ્યા અને જ્ઞાન મેળવતી વખત તમારા કરતાં વિદ્વાન અને જ્ઞાની તરફ દ્દષ્ટિ કરો; તેની સાથે અજર અને અમર છો એમ માનતા રહેજો.

૩૩. સુખ દુઃખની વખતે તમારા કરતાં હલકી સ્થિતિના મનુષ્યં તરફ તમે દૃષ્ટિ કરો; ને તેના કરતાં તમે સુખી છો, એટલામાટે ઈશ્વરનો ઉપકાર માનો.

૩૪. દાન ધર્મ કરતી વખતે તમે અજર અને અમર છો એમ માનશો નહીં; પણ અત્યારેજ તમને કાળે પકડયા છે-તમારો આ દુનીઆપરનો છેલ્લો વખત છે, એમ માનજો.

૩૫. કોઈ પણ કામ પૂર્ણ પણે વિચાર કરીનેજ યોગ્ય લાગે તો શરૂ કરવું; પણ આરંભ્યા પછી પૂર્ણ કર્યા સિવાય રહેવું નહીં. (મતલબકે કોઇ પણ કામ શરૂ કરતાં અગાઉ વિચાર કરવો, ને શરૂ કર્યા પછી અધુરૂં છોડી દેવું નહીં.)

૩૬. જેમ બને તેમ ઓછાં વચન આપવાં; પણ આપવાં એટલાં તો અવશ્ય પાળવાં.

૩૭. સંગતિ શુદ્ધ, નમ્ર, અને સ્પષ્ટ હૃદયના માણસની કરવી.

૩૮. ઉડાઉ થતાં પહેલાં ન્યાયી થવું. (મતલબ, ઉડાઉ થવું નહીં.

૩૯. જુગાર કે સટ્ટો ખેલવો; નહીં; અને તેવાઓની સંગત પણ નજ કરવી.

૪૦. માદક પદાર્થોનું પાન કરવું નહીં. (અપૂર્ણ.)

મુસાફર.

नोकरीमां सावचेती.

(પૃષ્ઠ ૩૧ થી ચાલુ.)

આ વખત તેને પોતાનો મિત્ર મગનલાલ સાંભરી આવ્યો. તેના ઉપર પોતાની સ્થિતિનો પત્ર લખી ત્વર... મારફ઼ે કાસદ મોકલ્યો. કાસદે આવી મગનલાલને પત્ર આપ્યો, ને ત્રુરે ...ાલે લખ્યું છે કે, " શેઠજીએ મને હાલને હાલ મારૂં કામ ... ચતુર હરાકા આપણુન પછવાડ ...છે. પણ હવે હું કેવી રીતે જાઉં ! અત્રે સઘળું અવ્યવ... ...ને એમ છે. ગમે એટલી તાકીદ કરતાં પણ પતે... ફ બજારમાં મેળો ભરાયો હોય તે વખ... ગયા જેવી લાગે છે, સીલકે નાણાં પૂરતાં

કરનારા માણસ જ્યારે તેને વિખરાઇ જવાનો વખત આવે ત્યારે માત થઇને જાય

૧૫ક અને દૃષ્ટાંત—જ્યારે શિયાળ પાછળ શિકાર માટે પડવામાં આવે છે ત્યારે તે જરા પણ ઊભું રહેતું નથી તેથી તેને પકડવામાં બહુ મુશ્કેલી પડે છે, પણ એક સસલું જે વધારે ઉતાવળું દોડી શકે છે તે ઘણી સહેલાઈથી પકડાઇ જાય છે; કારણ કે તે શિકારીઓના અવાજ સાંભળવાને વારવાર અટકી પડે છે

ख સસલું અને કાચબાની વાત (ઇસપનીતિ)

क રોગની વખતસર દરકાર ન રાખીએ તો તે વધી જઇ હઠીલો થાય છે

ड તક—પ્રસંગ મેઘધનુષ્યના જેવા છે (થોડાજ અને થોડો વખત રહેનારા)

इ કસમુમાં વાવેલાં બી કદી ઊગી નીકળતાં નથી.

फ લોઢું ગરમ થાય છે ત્યારેજ વળી શકે છે પણ ઠંડુ પડે છે કે પાછું સખત થાય છે

ग એક મુસાફરે ખીલો આપ્યો નહિ અને પોતાના ઘોડાનો નાળ ખોયો; નાળ વખતસર નાખ્યો નહિ અને તેનો ઘોડો લુલો થયો તેણે લંગડાપણાની દરકાર કરી નહિ. ઘોડો ઠોકર ખાઇને પડ્યો અને મુસાફર મરણ પામ્યો

ઐતિહાસિક દૃષ્ટાંત—રોમન ઐતિહાસિક કહે છે કે જો હેનીબૉલ, કેનીની લડાઇ પછી તરતજ રોમ ગયો હોત તો તે એ શહેરનો ધણી થાત

ख ટોમસ હેમીલ્ટને કહ્યું છે કે—જે આજ થઇ શકે એવું છે તે કાલ ઉપર મુલતવી રાખવું નહિ

આંખિક દૃષ્ટાંત—લોઢું ગરમ થાય ત્યારે તેને ટીપો.

ख વિલંબ એ વખતનો ચોર છે (ડા યંગ)

क એક આજ તે બે કાલના બરોબર છે (ડા ફ્રાંકલીન)

मो मी गांधी.

शाळोपयोगी पत्रो.

(પૃષ્ઠ ૫૮ થી ચાલુ)

(૪) તનની કેળવણી.—શરીર કેળવવા માટે કસરતની જરૂર છે એકો એ-

દરિયાના જે તળિયામાં વિશેષે કરીને મોતીની સીપો મળી આવે છે તે 'તળિયું' ખડકવાળું હોય છે અને ઘણું કરીને તે ખડક પરવાળાંના હોય છે. ઉંડાણની આશ્ચર્યકારક ખુબીઓ આ જગોએથી મળી આવે છે.

ચોખ્ખા પાણીમાં ડૂબકી મારનારો પંદર વીસ ફૂટ સુધી પોતાની આસપાસ જોઈ શકે છે; એવી જગાએ દરિયાઈ પેદાશ એવી સુંદર હોય છે કે તેની જુદી જુદી આકૃતિઓ તથા ભભકા ભરેલા રંગનું સૌંદર્ય મારા જેવો માણસ વર્ણી શકેજ નહિ. જ્યારે એકાદ દશ બાર ફૂટ ઉંચી વાદળી (sponge) જોવામાં આવે છે, અગર પરવાળાના કે વાદળીના નાના મોટા અનેક પ્યાલા નજરે પડે છે તથા તેની આસપાસ દરિયાઈ રોપા ઉગેલા હોય છે, ત્યારે ઉપર કહ્યું તેવું સૌંદર્ય જોનારને આશ્ચર્ય પમાડે છે.

આ જગોએ વિલક્ષણ આકારનાં અને ઈંદ્રધનુષ્યમાંના સઘળા રંગોથી ચિત્રવિચિત્ર થયેલાં દરિયાઈ ફૂલ ધીમેધીમે આગળ પાછળ ડોલી રહ્યાં હોય છે, અને તેની ઉપર પતંગિયાંની પેઠે બદામી રંગની સુંદર ઝીણી ઝીણી લાખ્ખો માછલીઓ એક બીજીની પાછળ પડી દોડાદોડ કરી રહી હોય છે. આ જોઈને જોનાર આશ્ચર્યથી દિગ્મૂઢ બની જાય છે. કવિઓ જેમ કહે છે તેમ અહીં જળદેવતાનું રાજ્ય છે અને જલચર પ્રાણીઓ તેની પ્રજા છે. મારા જન્મારામાં આના જેવો દેખાવ મેં કદી જોયો નથી!

મોતીની સીપવાળી માછલી એકલીજ માલમ પડે છે. બે સીપો પાસે પાસે હોય એવું તો ક્વચિતજ જોવામાં આવે છે. કેટલીકવાર તો ડૂબકી મારનારો માઇલના માઇલ સુધી રખડે છે ત્યારે તેના હાથમાં બે કે ત્રણજ સીપો આવે છે. પણ જો જમીન ફળદ્રુપ હાથ લાગી જાય તો આખા દહાડામાં થઈને કેટલાંક સૈકાં એકઠાં થાય ખરાં. એક મરજીવાએ એક દિવસમાં અગિયારસેં મોતીની સીપો વીણી લીધી હતી એમ મારા જાણવામાં છે. એટલી સીપોનું વજન એક ટન કરતાં પણ વધારે થયું હતું અને દોઢસો પૌંડ જેટલી તેની કીમત ઉપજી હતી.

માણસ પોતાનું ગુજરાન એકલી મોતીની સીપો ઉપર ચલાવી શકતો નથી; કેમ કે ઘણું કીમતી મોતી ક્વચિત્જ મળી આવે છે. જે સાચાં મોતી ઘરેણામાં વાપરવાને કામ આવે છે. તે ફક્ત કાળુ માછલી કે મોતીની સીપવાળી એક જાતની બીજી માછલી થાય છે તેની સીપમાંથીજ નીકળે છે. બાકી બીજી બધી માછલીની સીપોમાંથી મોતી તો નીકળે છે, પણ તે ઘણાં હલકી કીમતનાં હોય છે.

મોતીની સીપો દરિયાને તળિયે કાદવના પાતળા પડમાં અરધી દટાયલી સ્થિતિમાં મળી આવે છે, તથા નીચેને પાસે સીપમાંથી કેટલાક ઝૂણીયાં જેવા રેસા નીકળેલા હોય છે તે વડે તે કાદવમાં ચોંટી રહેલી હોય છે. તેને ઉખેડી કાઢવાને લગાર જોરથી એકાદ આંચકો માત્ર મારવો પડે છે. પછી તેને મરજીવો પોતાની પાસેની ટોપળીમાં નાખે છે. બહાર કાઢયા પછી તેને ઉઘાડે છે, તેમાંથી મોતી શોધી કાઢે છે, તેને સાફ કરે છે, અને બજારમાં વેચવાને માટે તૈયાર કરે છે.

(અપૂર્ણ.)

નથી, ઘણી જાતનો માલ દુકાનમાં પડી રહ્યો છે દુકાનનું નામું પણ કેટલેક દરજ્જે ચોખ્ખુ નથી. અરે, હું જઇને શું મો દેખાડવાનો હતો ! ચાર દિવસથી મને અન્ન ભાવતુ નથી. હુ ઘણો ગભરાયેલ છુ. શુ કરવું તે મને સુઝતુ નથી. આ તો હુ આમા મારો પ્રાણ તજી દેવો યોગ્ય ધારૂ છુ. મારા ધણીના અપરાધ માફ કરશો અને મારા કુટુંબની બરદાશ રાખજો

મગનલાલ પત્ર વાંચી રહેતાજ બોલ્યો કે " હુ તેને કહેતોજ હતો કે, તું તારૂ આળસ તજી દે. એ આળસ તને કોઇ દહાડો ખરાબ કરશે જો કે શેઠનું બુરૂં કરવાની મતલબથી આ બન્યું નથી, પણ તેના આળસથીજ બન્યું છે પણ ફીકર નહિ, માણસની ભૂલ થાય છે એટલા સારૂ એણે આપઘાત કરવો ? નહીં, નહી આ માટે મારે શો ઉપાય યોજવો !

ઘણો વિચાર કરી, છગનલાલે હવે શી રીતે કરવુ, અને શી યુક્તીઓ કામે લગાડવી, વગેરે મતલબનો કાગળ લખી, બીડી, તે કાસદને આપ્યો, અને પોતાની તીજોરીમાંથી દશહજાર રૂપીઆ રોકડા કઢાવી, શેઠની કરાચીની દુકાન ખાતે હુંડીની થેલીઓ કરી, મોર છાપ લગાવી, બોટમા ચઢાવી. સાથે પોતાનો એક વિશ્વાસુ ગુમાસ્તો આપી પેલા કાસદને વિદાય કર્યો

બીજે દિવસે તેઓ છગનલાલ પાસે આવી પહોંચ્યા છગનલાલે મગનલાલનો પત્ર વાંચવા માંડ્યો. તેમા લખ્યું હતું કે "તમારો પત્ર વાંચી હુ બહુ ખેદ પામ્યો છુ પણ ગમે તેવી વિપત્તિ સમયે સુજ્ઞ માણસે ધીરજ રાખવી. પોતાના દેહ ઉપર તિરસ્કાર લાવવો એ કાયર મનુષ્યનુ કામ છે ભાઈ, એમા તમારી ભુલ છે તમે શેઠના વચન કેમ વીસરી ગયા ? શેઠે આપણને કહીને ચેતાવ્યા હતા. પણ કહી ન કહ્યુ હોય તો પણ શુ ? આપણે એટલુ સમજવાનુ નથી કે શેઠ આપણને ઓચિંતા બોલાવશે ? માટે આપણે સાવધ રહેવું જોઇએ !

" કોણ જાણે કાલે શુ થશે અને શી આપત્તિ આવી પડશે, તેની કાળજી રાખી નિત્યનું કામ નિત્ય કરવુ જોઇએ કોઇ પણ કામ આવતા વખતને માટે મુલતવી રાખવાનું બહુ ખોટું છે. આ પ્રત્યક્ષ ઉદાહરણ ઉપરથી તમારે એ કુટેવ તદન છોડી દેવી જોઇએ, અને હવેથી કોઇ પણ દિવસે આજ કરવાનુ કામ કાલ ઉપર નાખવા નહિ હાથે કરવાનુ કામ બીજાને સોંપવા નહિ જે સમય જાય છે તે પાછો આવતો નથી પણ આપણું આયુષ્યમાંથી ઓછો થાય છે હાથમા લીધેલો ગ્રાસ મોઢા આગળ ગયા છતાં તે લેવાતો નથી, અને દેહનો નાશ થાય છે, એવા નાશવંત દેહના આગળ ફલાણું કામ ફલાણે સમે કરીશું ! હમણાં શી ઉતાવળ છે, એવો વિચાર કરનારને કેવો મૂર્ખ ગણવો ? તમે રોજનું કામ રોજ કરતા ગયા હોત તો, આવો વખત આવત નહિ.

મે આ દશ હજાર રૂપીઆ મોકલ્યા છે તે આપણા શેઠની આબરૂને ખાતર લેણી-આત માત્રને તાકીદે ચુકવી આપજો જે માલ તમારે ત્યા પડી રહ્યો છે, તેમાંથી કેટલોક મારા તરફ અને કેટલોક મારો મુનીમ બતાવે તે પ્રમાણે, આપણા શેઠની બીજી પેઢીઓ તરફ મોકલી દેશો, અને બાકીનું કામ તમે અને આ મુનીમ મળી જલદી આટોપી લેશો, અને શેઠને જવાબ લખજો કે, આપના હુકમને આધીન થઇને હું એક બે માસમા આવીને હાજર થઇશ,

મેં તમને કાગળમાં અસભ્ય અને ઠપકાનાં વચન લખ્યાં છે તે ઉપરથી ખોટું લગાડવું નહિ. તમારા હિતને માટે અને તમે આળસમાંથી જાગૃત થાઓ, માટે મેં મિત્રદાવે લખ્યું છે. માટે તમે હવે સાવધ થાઓ, જેથી પરમેશ્વર તમને સુખી કરશે.

પોતાના મીત્રના આવા પત્રથી છગનલાલે બહુ ચાનક, ચીવટ, અને હિંમત રાખી, તે પ્રમાણે કર્યું, તેથી તે જય પામ્યો અને પેઢીના સારા સમાચાર સાંભળી, શેઠના મનમાં આવેલો ખરખરો પણ દૂર થયો, અને કેટલીક મુદતે બંને મિત્રો ભેગા થઈ પરમ સુખ અને આનંદ પામ્યા, આહા ! નોકરીમાં સાવચેતીનો કેટલો પ્રતાપ.

પ્રિય વાંચનાર, આ વિષય વાંચી તમારી વૃત્તિ એક બીજા અમૂલ્ય માર્ગે જવી જોઇએ.સકળ જગતનું મૂળ સ્વરૂપ જે પરમાત્મા તે પોતાના અંશ ભૂત જીવોને આ નરદેહ રૂપી પેઢીઓ ઉપર કારભાર કરવાને મોકલે છે. તે મોકલેલા જીવને એકદમ કયારે પાછો બોલાવી લેશે અને શો જવાબ માગશે, તે વાતથી આપણે તદન અજાણ્યા છતાં અજ્ઞાનતામાં, આળસમાં, કે સંસારીક વૈભવમાં ડૂબીને ઇશ્વરપ્રાપ્તિ સંબંધી કશા ઉપાય યોજતા નથી; પણ ઓચિંતો કાળ આવી પહોચશે અને આ હાથ આવેલો મનુષ્ય દેહ રૂપી હીરો ખોવાઇ જશે, માટે આ જીવતી મુક્તિને માટે પરમેશ્વરની ભક્તિમાં સદા સર્વદા અને પળે પળે સાવધ રેહેવું જોઇએ.

ગંગાશંકર હરગોવિંદ.

मरजीवा.

દરિયામાં ડૂબકી મારીને મોતી કાઢવાનું કામ કરનારને મરજીવા કહે છે. દરિયામાં જ્યાં જ્યાં મોતી નીકળે છે ત્યાં ત્યાં મોતી કાઢનારા વેપારીઓ પોતાના વહાણ તથા મરજીવાઓને સાથે લેઇને જાય છે, તથા ત્યાં આગળ વહાણને લંગરવાર કરે છે. મરજીવા શી રીતે મોતી કાઢે છે, તેની કેટલીએક હકીકત એક ડૂબકી મારનારે લખી છે, તે વાંચનારને રમૂજ સાથે તે સંબંધી માહિતી આપશે એમ જાણી અહીં ઉતારી છેઃ—

" હું કાણુ માછલીઓને પકડવા ગયો હતો. કાણુ માછલીની સીપો વિલાયતી સાબુની ગોટીઓ જેવડી થાય છે, અને તેમાંથી મોતી નીકળે છે.

મારે પહેલાં તમને કહેવું જોઇએ કે જ્યારે હું કાણુ માછલીની સીપો પકડવા તૈયાર થયો ત્યારે મારે ઘણો બેડોળ દેખાવનો પોશાક પહેરવો પડ્યો; એવો બેડોળ કે તે જોઇને તમને હસવું આવે, અથવા તમે ધારો કે આ કોઇ નવીન તરેહનું બેડોળ પ્રાણી છે. જેની અંદર પાણી પેશી શકે નહિ એવો એક પગથી માથા લગીનો આખો પોશાક તૈયાર કરેલો હતો. ગળા આગળ તેને બાકું હતું, તેમાં થઇને હું તેમાં ઉતર્યો એટલે મારા પગ પાટલૂનની બે બાંયોમાં ગયા તથા પેટ અને છાતીની આસપાસ ડગલાની પેઠે તે પોશાક બંધ બેઠો. બે હાથ બે હાથની બાંયોમાં પેઠા. મારું માથું અને ગળું ઉઘાડું રહ્યું.

गायकवाड सरकारनुं केळवणी खातुं.

इनाम पत्रको.

(પૃષ્ઠ ૪૬ થી ચાલુ)

૨ પાનસર તા. દેહેગામ, ૨૫-૨-૯૭ પરીક્ષા વખતે મેહેરબાન શામેશ્વર ઓધવજી-રામે ૧-૦-૦ રૂ છોકરાઓને આંકની ચોપડીઓ.

૩. મહુધા ૨૨-૩-૯૭ પરીક્ષા વખતે ગામ લોક તરફથી ૧-૦-૦ રૂ. છોકરાઓને પતાસાં.

Jeevanlal M „Gandhi.

પુનમચંદ બેહેચર. ——— ડે. એ ઇ વિ કડોલ

વડોદરા રાજ્ય—માહે માર્ચ સન ૧૮૯૭.

૧ કડોલ સ. ગુ શાળા ૩૦-૩-૯૭ મેહેરબાન પરમાનંદ ભોળાભાઇ મુનસફ સાહેબ ૨૪-૦-૦ તથા ગામના ગૃહસ્થોએ મળીને મેળાવડા વખતે ૨૭-૮-૦ ૪-૦-૦ આ ૪૭-૮-૦ રૂ. છોકરાઓને ચોપડીઓ તથા પતાસા વહેંચ્યા. ૨ કડોલ સ. ગુ. કન્યાશાળા ૩૦-૩-૯૭ સદર ૧૧-૦-૦ રૂ. કન્યાઓને ચોપડીઓ તથા પતાસા વહેંચ્યાં. ૩ દીસાક સ. ગુ. શાળા મેમ્બર જુગાભાઇ રઘુછોડદાસે ખુશીથી ૨-૦-૦ રૂ છોકરાઓને પાણી પાવા માટે ૪ ઘમડ „ અંબારામ નારાયણ ભગવાને ખુશીથી ૦-૮-૦ રૂ છોકરાઓને પતાસાં વહેંચ્યા. ૫ દેહગામ „ ૩૧-૩-૯૭ મે. આ. બા. કેશવરાવ ફરતમજી સર સેટલમેન્ટ કમીશનર સા ૫-૦-૦ રૂ સદર ૬ દેહગામ સ. ગુ. કન્યાશાળા સ્કુલ કમીટીના મેમ્બરો તરફથી ૧-૮-૦ રૂ કન્યાઓને પતાસા વહેંચ્યા ૭ હાથીજણ સ. ગુ. શાળા ૩૦-૩-૯૭ પટેલ મગનભાઇ દેશાઇભાઇએ ૧૨-૦-૦ રૂ છોકરાઓને લાડુ જમાડ્યા ૮ વિસનગર સ. ગુ. કન્યાશાળા ૧૦-૩-૯૭ વ્યાસ શીવશંકર કુબેરજીએ ખુશીથી ૦-૮-૦ રૂ. કન્યાઓને પેંડા વહેંચ્યા ૯ ગુંજા સ. ગુ. શાળા ગોકળદાસ લીલાચંદે ખુશીથી ૧-૦-૦ બા. છોકરાઓને પાણી માટે આપ્યા ૧૦ „ ૨૨-૩-૯૭ ભગવાન મુળજી તથા ગોવરધને ખુશીથી ૧-૦-૦ બા ૧૧-૪-૦ રૂ તથા શાળામાં ઘડીયાળ આપ્યું ૧૧ ભાન્ડુ „ ૨૫-૩-૯૭ છગનલાલ કહાનદાસે ખુશીથી ૧-૦-૦ શિ. છોકરાઓને સાકર વહેંચી ૧૨ બેરાણુ „ ૨૭-૩-૯૭ ઠાકરલાલ છગનલાલે ખુશીથી ૧-૮-૦ બા છોકરાઓને પતાસાં વહેંચ્યા ૧૩ બેરાણુ સ. ગુ. કન્યાશાળા ૨૭-૩-૯૭ સદર ૧-૦-૦ બા કન્યાઓને પતાસા વહેંચ્યા ૧૪ બેરાણુ ઉર્દુ સ્કુલ ૨૩-૨-૯૮ મુનસી અબદુલ કરીમે ખુશીથી ૦-૮-૦ બા. છોકરાઓને પતાસા વહેંચ્યા, ૧૫ સિદ્ધપુર સ. ગુ. કન્યાશાળા ૧૧-૩-૯૭ મેહેરબાન બા. બા. વિદ્યાધિકારી સાહેબે વીઝીટ કરીને ૩-૦-૦ બા. ૨-૦-૦ રૂ કન્યાઓને પતાસાં વહેંચ્યા ૧૬ સિદ્ધપુર સ. ઉર્દુ સ્કુલ ૧૫-૩-૯૭ આસિ. મહમદ ચાંદભાઇએ ખુશીથી ૧-૦-૦ બા. છોકરાઓને પતાસા વહેંચ્યાં ૧૭ સિદ્ધપુર સ. ગુ. ઉર્દુ કન્યાશાળા ૧૫-૩-૯૭ સદર ૦-૮-૦ બા. કન્યાઓને પતાસાં વહેંચ્યા ૧૮ ઉંઝા સ. ગુ. કન્યાશાળા ૨૩-૩-૯૭ મેહેરબાન બા. બા. વિદ્યાધિકારી સાહેબે વિઝીટ કરીને ૧-૦-૦ રૂ. કન્યાઓને ગોળધાણા વહેંચી ૧૯ ઉંઝા સ. આંબલીયા શાળા ૧૦-૩-૯૭ જેઠા ગોવિંદે ખુશીથી ૧-૮-૦ બા. છોકરાઓને પતાસા વહેંચ્યાં. ૨૦ ભાન્ડુ સ. ગુ. શાળા ૪-૩-૯૭ શા. પ્રતાપ માનચંદે

ખુશીથી ૦-૮-૦ શિ. છોકરાઓને ગોળધાણા વહેચ્યાં. ૨૧ વસાઇ ,, મોદી મગનલાલ દેવચંદે ખુશીથી ૧-૦-૦ શિ. છોકરાઓને સાકર વહેંચી. ૨૨ જગરાલ ,, ૧૫-૩-૯૭ સ્વાર હેદરખાં સુમેરખાંએ ખુશીથી ૦-૪-૦ બા. છોકરાઓને ખજુર વહેચ્યું. ૨૩ પાટણ સ. ગુ. કન્યાશાળા નં. ૨ ૬-૩-૯૭ મેમ્બરો તરફથી તથા મે. ખા. બા. વિદ્યાધિકારી સાહેબે મળીને ૩-૦-૦ બા. ૧-૦-૦ ક. કન્યાઓને પતાસાં વહેચ્યાં. ૨૪ સદર નં. ૧. ૧૫-૩-૯૭ મેહેરબાન ખા. બા. વિદ્યાધિકારી સાહેબે વિઝીટ કરીને ૧-૦-૦ ક. સદર. ૨૫ આજોલ સ. ગુ. શાળા ૧૦-૩-૯૭ છોટાભાઇ અમુલખે ખુશીથી ૨-૮-૦ ક. છોકરાઓને પતાસાં વહેચ્યાં. ૨૬ ચરાડા ,, ૧૦-૩-૯૭ સોની મહાજન તરફથી ૧-૦-૦ ક. સદર. ૨૭ વસાઇ સ. ગુ. શાળા ૩-૩-૯૭ પારેખમંડળ તરફથી ૧-૦-૦ ક. છોકરાઓને પતાસાં વહેચ્યાં. ૨૮ લાડોલ ,, ૧૨-૩-૯૭ આ. દરોગા બકુકશંકર ગીરધરલાલે ખુશીથી ૧-૦-૦ ક. છોકરાઓને સાકર વહેચી. ૨૯ વિજાપુર સ. ગુ ઉર્દુ સ્કુલ ૫-૩-૯૭ સદર શાળાના મુનસીએ ખુશીથી ૧-૦-૦ બા. છોકરાઓને વહેચ્યાં. ૩૦ વિજાપુર સ. ગુ. કન્યાશાળા ૫-૩-૯૭ વકીલમંડળ તરફથી ૧-૦-૦ ક. કન્યાઓને પેંડા વહેચ્યાં. ૩૧ વિજાપુર સ. ગુ. શાળા ૩-૩-૯૭ સદર ૨-૪-૦ ક. છોકરાઓને પતાસાં વહેચ્યાં. ૩૨ સ્વરૂજ ,, ૧૦-૩-૯૭ લવજી મગને ખુશીથી ૦-૮-૦ ક. સદર. ૩૩ થોળ ,, ૧-૩-૯૭ જેશંકર ઓઝાએ ખુશીથી ૦-૮-૦ ક. સદર. ૩૪ વેરમા ,, ત્રીભોવન પ્રાગજીવલવે ઇનામ મેળાવડા વખતે ૪-૦-૦ સદર. ૩૫ વેરમા સ. ગુ. કન્યાશાળા ૧૩-૩-૯૭ સ્કુલ કમેટીના મેમ્બરોએ મેળાવડા વખતે ૧-૦-૦ ક. કન્યાઓને પતાસાં વહેચ્યાં. ૩૬ મરોલી સ. ગુ. શાળા ૧૦-૩-૯૭ કાળી નાગરજી હાજીએ ખુશીથી ૦-૮-૦ ક. છોકરાઓને ખાંડ વહેચી. ૩૭ તવડી ,, ૧૫-૩-૯૭ શેઠ હોરમજજી હોરાબજી તથા જીવાઇ એમણે ખુશીથી ૪-૮-૦ ક. છોકરાઓને પુસ્તકો વહેચ્યાં. ૩૮ પોસરા ,, ૨૭-૩-૯૭ ગોપાળજી પ્રાગજીએ ખુશીથી ૧-૦-૦ ક. છોકરાઓને પતાસાં વહેચ્યાં. ૩૯ પરજણ ,, દાયાળજી મકનજીએ ખુશીથી ૦-૮-૦ ક. છોકરાઓને ખાંડ વહેચી. ૪૦ નાદોદ ,, ૨૬-૩-૯૭ શાહ ખુમાચંદ કસ્તુરચંદે ખુશીથી ૦-૪-૦ ક. સદર. ૪૧ સીમળગામ ,, ૧૫-૩-૯૭ દેશાઇ એદલજી બમનજી એ ખુશીથી ૧-૦-૦ ક. છોકરાંઓને પતાસાં વહેચ્યાં. ૪૨ કઠોર સ. ગુ. કન્યાશાળા ૩૧-૩-૯૭ કીસનલાલ ફુલચંદે ખુશીથી ૦-૪-૦ ક. કન્યાઓને સાકર વહેચી. ૪૩ વરીયાવ સ. ગુ શાળા ૧-૩ ૯૭ દલપતરામ દેવશંકરે ખુશીથી ૦-૮-૦ ક. સદર. ૪૪ કંટવા સ. ગુ. શાળા ૨૦-૩-૯૭ ગામલોકોએ ખુશીથી ૧-૪-૮ ક. છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૪૫ વડોદરા સ. અંત્યજ શાળા ૩૧-૩-૯૭ દાદા રેહેમાને ખુશીથી ૦-૩-૦ બા. સદર. ૪૬ વડોદરા સ. ગુ. કન્યાશાળા નં. ૨ ૧૭-૩-૯૭ મી. પાલમકોટ તથા તેમના બીએ ખુશીથી ૭-૦-૦ ક. કન્યાઓને પુસ્તકો વેહેચ્યાં. ૪૭ સરસીયા સ. ગુ. શાળા ૨-૩-૯૭ ડોસાસાવ તે તથા લલુભાઇ નરસીંહ એમણે ૦-૧૨-૦ ક. છોકરાઓને સાકર વેહેચ્યાં. ૪૮ ધારી સ. ગુ. શાળા ૧૩-૩-૯૭ ગામલોકોએ તથા તલાટી જગજીવનદાસે ખુશીથી ૨-૦-૦ ક. છોકરાઓને પતાસા વેહેચ્યાં. ૪૯ ધારી સ. બટાલીયનસ્કુલ ૧૧-૩-૯૭ મેહેરબાન લીન સાહેબે મેળાવડા વખતે ૫-૦-૦ છોકરાઓને પુસ્તકો વેહેચ્યાં. (અપૂર્ણ)

देशी केळवणी खातुं.

પરઠુકમ. જા. નં ૨૭

જે શાળાઓમાં ચિત્રનો વિષય ચાલેછે ત્યાંના વિદ્યાર્થીઓને દરેકને જ્ઞાન મંજુષા સીરીઝની બે ચોપડીઓ તથા નંબરવાળી એક પેનશીલ સરકાર-માંથી મફત આપવાનું ઠરાવ્યાથી તે બદલ રકમની પ્રાંતવાર વાટણી કરી જે તે પ્રાંતના શા. ખા. એજ્યુ ઇન્સ્પેક્ટર સાહેબ તરફ જણાવવામાં આવી ગયેલું છે તે તેમણે એ વિગતને જે શાળામાં ચાલેછે તે તે શાળા તરફ જણાવી પણ દીધુ છે પણ એ સામાન શાળામાં રાખવો કે વિદ્યાર્થીઓને તેમને ઘેર લેઈ જવા દેવો એવા પ્રશ્નો કેટલાક તરફથી આવેછે સબબ એક સરખો વહીવટ રહેવા માટે જણાવવા આવે છે કે, એ સામાન વિદ્યાર્થીઓને તેમને ઘેર નહીં લેઇ જવા દેતા શાળામાં રાખવો.

કોઇ છોકરો કે છોકરી ઉઠી જાય તો તેની ચોપડીઓ તથા પેનશીલ નવીન દાખલ થએલા છોકરા તથા છોકરીને આપવા તા. ૧૫ ડીસેંબર સ ૧૮૯૭.

J. A. Dalal.
વિદ્યાધિકારી.

દસ્તુખ

પરઠુકમ. જા. નં. ૬૨

રાત્રી શાળાઓમાં ફી લેવાનું ઠરવાથી તે સબંધમાં સરકયુલર જા. નં. ૫૬ તા ૭ એપ્રીલ સ ૧૮૯૭ નો કરવામાં આવ્યો છે તેમાં પુનઃ પ્રવેશક ફી લેવા સબંધે જે નિયમ છે તે નિયમ આ શાળાઓને પણ લાગુ છે એમ જણાવેલું છે પુન પ્રવેશક ફી. ફી આપનાર તથા સેંકડે ફીસ પ્રમાણે જે આવી હોય તે, જે માસમાં ઉઠી જાય તે માસની તા ૧ થી બાર માસની અંદર શાળામાં ફરી દાખલ થવા આવે તેની પાસેથી રૂ ૦—૪—૦ ચાર આના લેવા એ પ્રમાણે નિયમ છે તે પ્રમાણે લેવાની છે.

રાત્રી શાળાઓમાં જે માસથી ફી લેવાનું ઠરેલું છે તે માસથી ઉઠી જનાર છોકરાઓ પાસેથી પુન પ્રવેશક ફી ઉપરના નિયમ પ્રમાણે લેવી એમ સ્પષ્ટ ભાવ છે છતા એક પ્રાંતમાંથી ફી લેવા જે માસથી ઠર્યું તે પેહેલાનાં ઉઠી ગયેલા વિદ્યાર્થીઓ પાસેથી પુનઃ પ્રવેશક ફી લેવી કે કેમ એવો સવાલ આવેલો છે સબબ તેનો ખુલાસો થવાને એક સરખો વહીવટ રેહેવા માટે આ

વરહુકમથી ખુલાસો કરવામાં આવેછે કે, રાત્રી શાળાઓમાં જે માસથી ફી લેવાનું ઠરેલું છે તે માસથી જે વિદ્યાર્થીઓ ઉઠી જાય તે માસ બારની અંદર દાખલ થાય તેમની પાસેથી નિયમને અનુસરી પુનઃ પ્રવેશક ફી લેની જોઇએ. તે પ્રમાણે રાત્રી શાળાઓના મેહેતાજીઓએ અમલ કરવો તા. ૧૬ ડીસેંબર સન ૧૮૯૭.

J. A. DALAL.
દસ્તુખ વિદ્યાધિકારી.

વરહુકમ નં. ૨૨.

આ ખાતાના નિબંધ ભા. ૧ લાની ક. ૭૨ માં દરેક નિશાળની હેડમાસ્તરને પોતાની શાળાના આસિસ્ટંટો, સિપાઇ તથા કામાઠીને છ દિવસ સુધીની તથા ક. ૭૩ માં એક ગામે એક કરતા વધારે શાળાઓ હોય તો બીજી શાળાના મુખ્ય માસ્તરોને છ દિવસ સુધીની કેઝ્યુઅલ રજા આપવા અધિકાર છે તેમાં ફેર ફાર થઇ એટલે છ દિવસને બદલે રજાના નિયમ પ્રમાણે કેઝ્યુઅલ રજા આપવાનો અધિકાર આપવા ટીપણ નં. ૩૫ ના. ૧૩-૧૧-૯૭ નું કરેલું તે લગત નામદાર દિવાન બહાદુર દિવાન સાહેબની હજુરથી શેરો નં. ૭૨ તા. ૧૪-૧૨-૯૭ થી તે પ્રમાણેની મંજુરી થઇછે. સબબ લખવાનું કે સંદર હુ બે કલમમાં જે છ દિવસ સુધીની કેઝ્યુઅલ રજા આપવાનો અધિકાર મુખ્ય મેહેતાજીને છે તેને બદલે હવે તેમને ઉપરની મંજુરી અન્વયે રજાના નિયમમાં જણાવ્યા પ્રમાણે કેઝ્યુઅલ રજા આપવાનો અધિકાર આપવામાં આવેછે સબબ તે પ્રમાણે તેમણે અમલ કરવો. તા. ડીસેંબર સ. ૧૮૯૭.

J. A. DALAL.
દસ્તુખ વિદ્યાધિકારી.

વરહુકમ નં. ૨૩.

ગણદેવી મહાલમાં કેટલેક ઠેકાણે તથા તેની આસપાસ અને તળ વડોદરા વિગેરેમાં પ્લેગનો રોગ ચાલે છે. તેથી છોકરાંઓની સંખ્યા બરાબર હાજર રહી શકતી નથી. તેમ જે ભાગમાં પ્લેગનો રોગ ચાલતો હોય તે ભાગનાં છોકરાંઓને શાળાઓમાં આવતાં અટકાવવામાં આવે છે વળી કેટલાક લોક બહાર રેહેવા જવાથી તેમનાં છોકરાં શાળામાં આવી શકતાં નથી તેમાં જેમની ફી ન આવે તેમનાં નામ શાળામાંથી કમી કરવામાં આવે છે તેથી સંખ્યામાં ઘટાડો થાય છે ને તેમ થવાથી શાળાઓના ગ્રેડ ઉતારે છે તે નહીં ઉતારવા તથા એ કારણે ઉઠી ગયેલા છોકરા ફરી દાખલ થવા આવે

તેમની પાસેથી પુન પ્રવેશક ફી નહીં લેવા તથા શાળા બંધ કરવાની જરૂર પડે ગમે તેટલી મુદત બંધ રાખવાનો અધિકાર નબરા ટીપણુ નંબર ૫૩ તા ૧૫—૧૨—૯૭ નું કરેલું તે લગત શ્રીમત સરકાર મહારાજા સાહેબ એમનો હુજુર હુ નં ૧૬ તા. ૨૯—૧૨—૯૭ નો બે મહીનાની મુદત માટે નીચે પ્રમાણે થયો છે

" બે મહીના સુધી છોકરા ઓછા આવે અથવા શાળા બંધ રાખવી વિદ્યાધિકારી હુકમ આપે તો તેથી શાળાની ગ્રેડ કમી થશે નહીં બે મહીના સુધી વિદ્યાધિકારી શાળા બંધ રાખી શકશે. પણ બે મહીના કરતા વધારે મુદત એમ ચાલે અથવા બંધ રાખવાનો પ્રસંગ આવે તો ગ્રેડ પ્રમાણેજ કે કેવી રીતનો પગાર આપવો તે બદલ દિવાન સાહેબનો હુકમ મેળવવો. છોકરાઓ ઉઠી જઇ ફરી દાખલ થાય તો પુન પ્રવેશક ફી માફ થશે નહીં. "

ઉપર પ્રમાણે હુકમ થયેલો છે સબબ જણાવવાનું કે—એ હુકમ બે મહીનાને માટે છે ને મુદત ફેબ્રુઆરી સન ૧૮૯૮ આખરે પુરી થાય છે. સબબ સદરહુ કારણે સંખ્યા કમી થશે તો ફેબ્રુઆરી સન ૧૮૯૮ આખર સુધી ગ્રેડ કમી થશે નહીં સબબ તે પછી શાળાઓ જમે એમ તજવીજ રાખવી પરંતુ વધારે મુદત એ પ્રમાણે ચાલે તો જે તે માસ્તરે તુરત રિપોર્ટ તા. ૧૫—૪—૯૮ સુધીમા આ તરફ પોહોંચી જાય એ રીતે કારણ જણાવી મોકલી દેવા તા. ૧૮ જાનેવારી સન ૧૮૯૮

J A DALAL.

દસ્તખ ——— વિદ્યાધિકારી

સરક્યુલર જા. નં. ૨૮

જે કન્યાશાળામાં કટીજટની નિમનોક ૨ રૂ સુધી હોય તે શાળામાં રૂ ૨૫) ઉપરાંત અને જ્યાં રૂ ૩) કરતા વધારે નિમનોક હોય ત્યાં રૂ ૫૦) ઉપરાંત કટીજટની મિલક અહીં ની ખાસ પરવાનગી શિવાય નહીં રાખવા મ ન ૪૮ તા ૯—૨—૯૪ નો કરવામાં આવેલો છે તેનો અમલ એક સરખી રીતે થતો નથી એટલે કેટલીક કન્યાશાળાવાળા જ્યારે જ્યારે એ પ્રમાણે બનાવ બને છે ત્યારે ત્યારે અમલ કરે છે ને કેટલીક કન્યાશાળાવાળા વરસ આખરે અમલ કરે છે એમ જણાઇ આવ્યું છે સબબ જણાવવામાં આવે છે કે વર્ષના કોઇ પણ ભાગમાં એ પ્રમાણે રૂ ૨૫) અને રૂ ૫૦) ઉપરાંત કટીજટની મિલક થાયનો તે અહીંની પરવાનગી શિવાય કોઇ પણ કન્યાશાળાવાળાએ રાખવા નહીં તા. ૧૬ જાનેવારી સને ૧૮૯૮

J A DALAL.

દસ્તખ. ——— વિદ્યાધિકારી.

સરક્યુલર જા. નં. ૨૫.

તા. ૧૫ મી ફેબ્રુઆરી સ. ૧૮૯૮ ને રોજ ફળ, ફૂલ વિગેરેનું પ્રદર્શન થવાનું છે તેની જાહેર ખબરની ગુજરાતી નકલ મહેરબાન ગાર્ડન સુપરિટેંડેંટ સાહેબ તરફથી તેમના ઈંગ્રેજી નં. ૮૪૦ તા. ૧૫-૧૨-૯૭ ના લખાણ સાથે આવેલી આ સાથે પ્રસિદ્ધ કરવામાં આવી છે. સબબ જણાવવાનું કે—આઠમા વર્ગમાં જણાવેલી બાબતો પ્રદર્શનમાં મૂકવા શાળાના વિદ્યાર્થીઓ બનતો પ્રયત્ન કરે એમ યોગ્ય તે તજવીજ માસ્તરો કરશે. અને વર્ગ ૧ લાના જથામાં વિદ્યાર્થીઓ મેળવી શકે એવા થોડા ખર્ચવાળા છોડના સુકા નમુનાનો તેમજ તેમાંથી ઉત્પન્ન થતી ચીજોના નમુનાનો પણ સમાસ થાયછે એ બાબતની વિશેષ માહીતી અથવા સલાહની જરૂર જણાય તો મહેરબાન ગાર્ડન સુપરિટેંડેંટ સાહેબ તરફ પરબાર્યા લખ્યાથી તેમના તરફથી મળી શકશે. બીજા વર્ગો માટે પણ યત્ન થશે તો હરકત નથી તા. ૨૭ જાનેવારી સ. ૧૮૯૮.

J. A. DALAL.
વિદ્યાધિકારી.

દલસુખ.

फळ, फूलादीक प्रदर्शन.

વડોદરા—સને ૧૮૯૮.

શ્રીમંત સરકાર મહારાજા ગાયકવાડ સાહેબનો હેતુ બાગાયત કામને ઉત્તેજન આપવાનો હોવાથી હજુરની આજ્ઞાનુસાર વડોદરામાં ફળ, ફૂલ ઇત્યાદિનું વાર્ષિક પ્રદર્શન ઉઘાડવામાં આવનાર છે. તેથી બાગાયતી કામમાં ઉત્સાહ રાખનારા સર્વે ગૃહસ્થોને આ પ્રદર્શનમાં પોતાનાં ફળ, ફૂલ ઇત્યાદિના નમુના મોકલવાનું આમંત્રણ કરવામાં આવે છે.

પહેલું પ્રદર્શન સને ૧૮૯૭ ના ફેબ્રુવારી માસની તારીખ ૧૯ ને શનિવારના રોજ ઉઘાડવામાં આવે છે.

પ્રદર્શનમાં આવનારી ચીજોના વર્ગ નીચે મુજબ રાખેલા છે.

વર્ગ ૧ લો—કુંડામાં લગાડેલાં જાતુનાં ફુલઝાડ.

જથો-૧ ઓછામાં ઓછી દશ ઉત્તમ જાતનો પરચુરણ સંગ્રહ, દરેક જાતના બે કુંડાથી વધારે હોવા જોઇએ.

૨ ઉત્તમ અકલબેર (ઇંગ્રેજી નામ કેનાસ)

૩ ઉત્તમ ગુલબાવરી (ઇંગ્રેજી નામ ક્રીસેન્થીમમ) ૩ થી ઓછી જાત નહીં

૪ ઉત્તમ ગુલાબ (રોઝીસ) ૬ થી ઓછી જાત નહીં

૫ ઉત્તમ જાસુદી (હાયબીસ્કસ) ૪ થી ઓછી જાત નહીં.

૬ ઉત્તમ હજારીકણું (બીગોનીઆ) ૪ થી ઓછી જાત નહીં.

વર્ગ ૨ જો—કુંડામાં લગાડેલાં વર્ષાયુ ફુલઝાડો.

જથો. ૧ ઓછામાં ઓછી બાર ઉત્તમ જાતનો પરચુરણ સંગ્રહ; દરેક જાતના ત્રણ કુંડાથી વધારે હોવા જોઈએ નહીં.

૨ ઉત્તમ " સ્નેપડ્રેગન " (ઇંગ્રેજી નામ) ૭ કુંડાથી ઓછા નહીં.

૩ ઉત્તમ " મીનોનેટ " (ઇંગ્રેજી નામ) ૭ કુંડાથી ઓછા નહીં.

૪ ઉત્તમ " ફ્લોક્સ " ઇંગ્રેજી નામ) ૭ કુંડાથી ઓછા નહીં.

૫ ઉત્તમ ગુલમેંદી (બાલસમ) ૭ કુંડાથી ઓછા નહીં.

વર્ગ ૩ જો—ગાલાઓ ભરવાના કામમાં આવતાં ફુલો.

જથો.—૧ ઉત્તમ ગુલાબના ફુલ.

૨ ગાલા ભરવાના કામમાં આવતા ઉત્તમ ફુલનો સંગ્રહ.

૩ ફુલથી શણગારેલી ઉત્તમ જણસો, જેમકે ફુલદાની, કડાં, કલગી, વિગેરે

૪ સ્ત્રીઓનો બનાવેલો ટેબલ ઉપર ફુલપાનનો ઉત્તમ શણગાર.

૫ છોકરીઓનો બનાવેલો ટેબલ ઉપર ફુલપાનનો ઉત્તમ શણગાર.

૬ ફુલ વગેરેનો દેશી ઉત્તમ શણગાર, જેવા કે ફુલના હાર, તોરા, કલગીઓ, ગજરા, કડાં, વેણી, ધુપ વિગેરે

વર્ગ ૪ થો—સુશોભિત પાંદડાંવાળા છોડ.

જથો.—૧ ઓછામાં ઓછી બાર ઉત્તમ જાતના સુશોભિત પાંદડાંવાળા ઝાડનો પરચુરણ સંગ્રહ

૨ ઉત્તમ ખજુરી, નાળીએરી, તાડની જાતના છોડ

૩ ઉત્તમ ફર્ન (ઇંગ્રેજી નામ).

૪ ઉત્તમ ક્રોટનના ઝાડ.

૫ ઉત્તમ કોલીઅસ (ઇંગ્રજી નામ).

૬ ટાંગવાની ટોપલીઓમાં અથવા બેઠકો ઉપર ગોઠવેલા કુંડામાં રોપેલા ઉત્તમ છોડ.

૭ કોઈપણ જાતનો એક ઉત્તમ છોડ.

૮ કોઇપણ નવો,અને કવચિત જોવામાં આવતો છોડ.

વર્ગ ૫ મો—શોખી ગ્રહસ્થોએ માત્ર શોખની ખાતર ઘરઘરાઉ વાવેલી શાકભાજી.

જથો.—૧ દરેક વિલાયતી શાકભાજીના ઉત્તમ પ્રકારના નમુના.

૨ દરેક દેશી ઉત્તમ પ્રકારની શાકભાજીના નમુના.

૩ ઉત્તમ અજમુદર (સેલરી).

૪ ઉત્તમ કુંગળી.

૫ ઉત્તમ ટોમેટો.

૬ ઉત્તમ વટાણા.

૭ ઉત્તમ મરચાં.

૮ ઉત્તમ ગકાઇ.

વર્ગ ૬ ઠો—કાછીઆ, ખેડુત અને જેલ તરફથી વાવેલી શાકભાજી.

જથો.—૧ ઉત્તમ દેશી અને વિલાયતી શાકભાજીના નમુના.

૨ ઉત્તમ કંદ મૂળ જેવા કે બટાકા, સુરણ, રતાળુ વિગેરેના નમુના.

૩ ઉત્તમ જાતનો શીયાળુ પાકનો નમુનો.

૪ ઉત્તમ લીલું ઘાસ, ઘોડા વિગેરેને ખાવાનું, જેવું કે લુસર્ન, ગીની વિગેરેના નમુના.

૫ ઉત્તમ શેરડીના નમુના.

વર્ગ ૭ મો— ફળ (સર્વે માટે ખુલ્લું છે.)

જથો.—૧ ગુજરાતમાં થતા ફળ મેવાના ઉત્તમ પ્રકારના નમુના.

૨ ગુજરાતમાં નહીં થતા ફળ મેવાના ઉત્તમ પ્રકારના નમુના.

૩ ઉત્તમ સુકા ફળના નમુના.

૪ ઉત્તમ કેળાંના દરેક જાતના નમુના.

૫ ઉત્તમ ખાટાં લીંબુ, બીજોરા, ગધા લીંબુ વિગેરે.

વર્ગ ૮ મો—પરચુરણ.

જથ્થા.—૧ વેપારીઉપયોગી ઉત્તમ જાતનો સંગ્રહ જેમાંથી રસ્સી અથવા દોરડા બનાવવાના રેસા, રંગ, ઇમારતી લાકડું તેલ, દવા વિગેરે બને છે

૨ "હરબેરીયમ" યાને વનસ્પતિ સંગ્રહ માટે સુકવેલી વનસ્પતિ.

૩ પાકા રંગના વૉટર કલરના ઝાડના ચિત્રો, તેમજ છાપાની વેલબુટીઓ તથા કીનારીઓ

૪ બાગના શણગાર જેવા કે કમાનો, કુંડા મુકવાના સ્ટૅન્ડ, યા ઘડુચી વિગેરે.

શરતો

ઉપરના દરેક વર્ગ તથા જથ્થા માટે ઇનામો આપવામાં આવશે, બનતા સુધી બીજા તથા ત્રીજા નંબરના ઇનામો પણ આપવામાં આવશે

ઇનામોમાં રોકડ રકમ, ચાંદ, કારીગીરીની વસ્તુ, કાર્ડ, પ્રમાણપત્ર યાને સર્ટીફીકેટ ઇત્યાદી આપવામાં આવશે આ બાબત કમીટીમાં હજુ નક્કી કરવાની છે તે થયા બાદ યોગ્ય વખતમાં જાહેર કરવામાં આવશે

એકજ જાતની ચીજ એક કરતા વધારે જથ્થામાં આવતી હશે તો પણ ઇનામ એકજ જથ્થા માટે મળશે

સાધારણ નિયમ તરીકે કોઇ પણ ચીજ ફક્ત એકજ માણસ તરફથી આવી હશે અને તેનો મુકાબલો કરવા બીજા કોઇ તરફથી નહીં હશે તો તેનું ઇનામ મળશે નહીં, છતાં તેજ ચીજ ખરેખર ઉત્તમ પ્રકારની હશે તો તે બદલ ખાસ ઇનામ આપવાનું પરીક્ષકોને યોગ્ય જણાયેથી આપવામાં આવશે

વડોદરા રાજ્યના બાગોના સુપ્રિન્ટેન્ડેન્ટના તાબામાં સરકારી બાગો પ્રદર્શનમાં ચીજો ખુશીથી મુકશે પણ ઇનામ માટે હરીફાઇ કરશે નહી.

પ્રદર્શનમાં મોકલનાર ગૃહસ્થોએ પોતાની ચીજો તેમના ખર્ચથી પ્રદર્શનની જગો ઉપર લાવી તે સારૂ મુકરર કરેલી જગામાં ગોઠવી લેવીએ.

કુંડાવાળાં ઝાડ અને બીજી ચીજો પ્રદર્શનના આગલે દિવસે બપોરના ચાર વાગતાં સુધીમાં ગોઠવવાં જોઇશે. અને શાકભાજી તથા ફળાદિ

ચીજો પ્રદર્શનના દિવસે સવારના સાત વાગતાં સુધીમાં અને ગમલાસો ભરવાના ફુલો તથા ફુલથી શણગારેલી વસ્તુઓ બપોરના બે વાગતાં સુધીમાં ગોઠવાઈ તૈયાર થવું જોઇએ.

પ્રદર્શન માટે છાપેલી ટીકીટો તથા દાખલ થવાના ફૅારમો નીચે સહી કરનારને લખવાથી મળી શકશે. દાખલ થવાના ફૅારમો બરાબર સ્પષ્ટ રીતે ભરીને બનતી તાકીદે નીચે સહી કરનાર તરફ મોકલવા, અને તારીખ ૧૨ ફેબ્રુઆરી સને ૧૮૯૮ થી મોડા આવવા જોઇએ નહીં. વખતસર નહીં આવેલી ચીજો કદાચ સ્વીકારવામાં આવશે નહીં અથવા તેને સારૂ જગો કદાચ મળી શકશે નહીં.

પ્રદર્શનમાં મુકનાર ગ્રહસ્થોએ તારીખ ૨૦ ફેબ્રુઆરી ૧૮૯૮ ના સવારના કલાક દશ વાગતાં પહેલા તેમની ચીજો ઉપાડવી નહીં અથવા પ્રદર્શનની જગો ઉપર વેચી શકાશે નહીં.

પબ્લીક પાર્ક, વડોદરા. તા. ૨૬ નવેમ્બર ૧૮૯૭. { G. H. KRUMFIEGEL. સુપ્રિન્ટેન્ડેન્ટ, સ્ટેટ ગાર્ડન્સ,

---

૩ ઉત્તમ જાતોના તાવણું પાકનાં નમુના
૪ ઉત્તમ લીલું ઘાસ, ઘોડા વિગેરેને ખાવાનાં વિગેરેના નમુના.
૫ ઉત્તમ શેરડીના નમુના.

વર્ગ ૭ મો— ફળ (સર્વે માટે ખુલ્લું છે.

જથો.—૧ ગુજરાતમાં થતા ફળ મેવાના ઉત્તમ પ્રકારના નમુ
૨ ગુજરાતમાં નહીં થતા ફળ મેવાના ઉત્તમ
૩ ઉત્તમ સુકા ફળના નમુના.
૪ ઉત્તમ કેળાંના દરેક જાતના નમુના.
૫ ઉત્તમ ખાટાં લીંબુ. ઓરેન્જ, ગળા લીંબુ વિગે

જાહેરખબર.

રા. બા. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાનાં રચેલાં પુસ્તકોની નવીન આવૃત્તિઓ—

પાણીપત	૦–૪–૦
દેશી કારીગરીને ઉત્તેજન ભા. ૧.	૦–૪–૦
દેશી કારીગરીને ઉત્તેજન ભા. ૨.	૦–૬–૦
અંધેરી નગરીનો ગર્ધવસેન	૦–૧૨–૦
ગાદીપુરની મુસાફરી.	૦–૪–૦
બે બહેનો	૦–૮–૦
રાણી રૂપસુંદરી	૦–૮–૦
* લઘુ વ્યાકરણ.	૦–૧–૩
* નવું વ્યાકરણ	૦–૧૧–૦
* નવું અંકગણિત.	૧–૪–૦
* ભૂતળવિદ્યા.	૦–૩–૦
નીતિ અને વૈદિક ધર્મ.	૦–૨–૩

* ચિન્હવાળાં પુસ્તક વડોદરા સેન્ટ્રલ ડીપોમાંથી અને બાકીનાં વીરક્ષેત્ર મુદ્રણાલય છાપખાનામાંથી કે કર્તાને ત્યાંથી મળશે. સુધારેલું નવું વ્યાકરણ અને નવેમ્બરથી લખેલી ભૂગોળ વિદ્યા છપાવેથી કમી કીમતે મળશે.

સોનેરી તક–કિંમતી ભેટ !!

મહાજન-મંડળ.

“મહાજન મંડળ” નામે આશરે એક ગ્રંથ હાલમાં મારા તરફથી છપાઈને બહાર પડ્યો છે. જેની અંદર ભારતવર્ષના પ્રાચીન તથા અર્વાચીન લગભગ ૪૦૦ મહાત્માઓ જેવા કે—નૃપતિઓ, પ્રધાનો, મહર્ષિઓ, મહાપંડિતો, ધર્મપ્રવર્તકો, મહાકવિઓ, મોટા ભક્તો, વૈદ્યો, સંગીત શાસ્ત્રીઓ, પરોપકારી જનો, નામાંકિત પુરુષો અને સાધુઓ, મહાસતીઓ, વીરાંગનાઓ, વિદુષી બાઈઓ આદિ સ્ત્રીઓ, અને વિદેશી ધર્મપ્રવર્તકો ઇત્યાદિનાં જીવનચરિત્ર વિસ્તારપૂર્વક લખવામાં આવ્યાં છે એ ગ્રંથ રોયલ આઠપેજી ૧૫૦૦ પૃષ્ઠનો છે અને તેના મજબૂત બાઈન્ડીંગ ઉપર સોનેરી નામ છાપી વિલાયતમાં તૈયાર કરાવી મંગાવેલ છે. આ ગ્રંથ વિદ્વાન અને પ્રજાપ્રિય શ્રીમંત મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડ સેનાખાસખેલ સમશેર બહાદુરને તેમની પરવાનગીથી અર્પણ કરવામાં આવ્યો છે તેમજ તેના આરંભમાં એ નામદારશ્રીની સુંદર છબી મૂકવામાં આવી છે. શરૂઆતમાં આપેલ મોટી અને કિંમતી ગ્રંથ આ પ્રકારનો છે, એવો ઘણા વિદ્વાનોનો અભિપ્રાય છે જેની ઘણી પ્રતો પોતાના વખતમાં ખપી ગઈ છે એજ તેની મહત્તાની પ્રતીતિ છે. આ ગ્રંથની તમામ પ્રતો એટલે કે (૧૫૦) હતી તે મજકુર પરમાનંદ આદિવાળાને ભારી વેચાણ આપી છે માટે એ વિષય ઓર્ડર તેમના તરફ મુંબાઈમાં ભગવાનદાસ એન્ડ કંપનીમાં મોકલવા કિંમત અર્ધી માટે રૂ. ૭–૮–૦ પોસ્ટેજ સહિત હવે જુજ પ્રતો રહી છે, માટે સત્વર મંગાવી લ્યો કે “વાંચ્યા તે ખરેખર.” આ ગ્રંથની પ્રસ્તાવના તથા અનુક્રમણિકાનું ચોપાનીયું જેમને જોઈએ તેમણે અર્ધા આનાની ટીકીટ મોકલી મંગાવી લેવું.

મુ. અમદાવાદ.) મગનલાલ નરોત્તમદાસ પટેલ.
રૂપસુંદર પ્રેસ.) “સંસારચિત્ર માળાની” કાર્યાલયના કર્તા

પ્રસિદ્ધિપત્ર.

ખાસ કરીને વડોદરા કેળવણી ખાતાને ઉપયોગી થાય એ હેતુથી આ ચોપાન્યુ પ્રકટ કરવામા આવેછે તોપણ હરકોઇ રાજ્યમા શિક્ષકનુ કામ કરનાર તેમજ અન્ય લોકને પણ સામાન્યરીતે તે કામનુ થઇ પડે એવી ગોઠવણ કરીછે એનો દર નીચે પ્રમાણે છે

સામાન્ય વાર્ષિક લવાજમ.	રૂ. ૨-૦-૦	૦-૩-૦ પોસ્ટેજ.
રૂ ૧૦) થી ઓછા પગારના મેહેતાજીઓ તથા વિદ્યાર્થીઓ માટે વાર્ષિક લવાજમ.	૦-૧૧-૦	પોસ્ટેજ માફ.
છુટક એક અંકની કીમત.	રૂ. ૦-૪-૦	

મનીઆર્ડર મોકલનારે પોતાનુ સરનામુ તથા પૈસા શા બદલના છે તે કુપન ઉપર સ્પષ્ટ અક્ષરથી લખવુ ટિકેટો મોકલનારે દર રૂપિયે અરધા આનાની વધારે મોકલવી ટિકેટો પોસ્ટનીજ મોકલવી. નાણાની પહોચ જોઇતી હોય તેણે તે બદલ પોસ્ટેજ મોકલીને મગાવી લેવી

ઘણાક મેહેતાજીઓ શાળાના નાણા મોકલતા અમારા નામની વરાત કઢાવી મોકલે છે જેથી તેના નાણા મેળવવામા અમારો વખત ઘણો રોકાય છે માટે હવેથી કોઇએ અમારા નામની વરાત કઢાવી મોકલવી નહિ. કોઇ મોકલશે તો તે પાછી મોકલીશુ

કોઇ મેહેતાજી વર્ષની અધવચ ગમે ત્યારે ગ્રાહક થઇને અધૂરા અંકો મગાવી તેના પ્રમાણમા લવાજમ આપવા ઇચ્છતા હશે, તો તેમ કરવામા નહિ આવે

જે માસનુ ચોપાનિયુ તે માસની પુનમ સુધીમા ન મળે તો તે માસ પૂરો થતા અગાઉ અમને ખબર આપવી જોઇએ. માસ વીત્યા પછી ખબર આપનારે પોતે તે અંક ખોઇ નાખ્યો છે એમ માની તેની પાસેથી ઉપર લખેલા છુટક અંકની કીમત લેવામા આવશે

છાપવા મોકલેલુ લખાણ ચોખ્ખે અક્ષરે કાગળની એકજ બાજુએ લખવુ. અમુક માસમા છાપવા અગર ના પસંદ પડેલુ લખાણ પાછુ મોકલવા બંધાતા નથી. તેમ છતા જરૂર હોય તો મોકલનારે પોતાને ખરચે મગાવી લેવા તજવીજ કરવી આ ચોપાનિયાને અનુકૂળ એવા ખાસ વિષયો મોકલનારને તેમની ઇચ્છા હશે તો યોગ્ય જણાયે ઉત્તેજન તરિકે પૈસા આપવામા આવશે માટે તેમણે એ બાબત રિપ્લાઇ કાર્ડથી ખુલાસો મેળવવો આધુનિક શિક્ષણ સબંધી વિષયો ઉપર પ્રથમ ધ્યાન આપવામા આવશે

જાહેરખબરો છાપવાના ભાવ.

રૂ		લીટી
૧	...	૪
૨	...	૧૧
૩	...	૨૦

બાર માસ લગી લાગ લાગટ હશે તો પ્રથમ પૂરો ચાર્જ અને તે પછીના અગિયાર મહિના લગી પાએ ભાગે ચાર્જ પડશે બાર મહિનાથી ઓછી મુદત હશે તો પહેલે મહિને પૂરો ચાર્જ અને પછીને દર મહિને અરધો ચાર્જ લેવાશે

ચોપાનિયા સાથે હેન્ડબીલ વેહેચવાના હશે તો ... તોલા સુધીના રૂ૩) લેવામાં આવશે તે ઉપરાંત માટે પત્રથી ખુલાસો મેળવવો

મેનેજર—કેળવણી.

श्री.

संवत १९५४. फागण.

केळवणी

पुस्तक १० मुं. अंक ५ मो.

પ્રસિદ્ધકર્તા:

છોટાલાલ નરભેરામ ભટ્ટ.

વડોદરા.

[illegible] માં છાપ્યું.

ઈ. સ. ૧૮૯૮

केळवणी.

अर्थ मळे वळी धर्म सधाये, ज्ञान मळे सनमान पमाये;
प्रीति वधे पसरे जश सारो, ए शिशुशिक्षण धर्म अमारो.

પુસ્તક ૧૦ મું. શ્રાવણ. સંવત્ ૧૯૫૪ અંક ૫ મો.

ऋतुनुं चक्र.

શાર્દૂલવિક્રીડિત.

थाती देख वृथा तृषा नव मळी संतापनी रे रती,
शारैं दई वधायुं शोकज्वरनुं हेमन्त मूर्छी जनी,
वेठी टाढ विशोकनी शिशिरमां, शुद्धी वसन्ते हरी,
आवे ग्रीष्म त्वराथि मांद्य-शर-थी लूना प्रशाद्य भरी १
दुःमीने ऋतुचक्र नक्र सरखुं भासे मुमीषा खरे,
देखे ते तृण एक फेरु सरखुं जे दुर्बळाथी हरे;
शी रीते दिन एहना जइ शके अभ्यास आनंदमां,
कांई काळ कराळ काळ उदरे राखी गती मंदमा. २

ग. रा. भट्ट.

(નિસ્તાર)

ખોયાં વર્ષ પચીશ દીવસ ગયા તે સૌ દુખે ખેદમાં,

પામ્યા કાંઇ ફતેહ તેહ મહિં ના સંધી અને ભેદમાં;
આશા વારિ વિલોકવા જલદનું રાખી રહ્યા, તા અતી,
वीती देख वृषा तृषा नच मटी संतापनी रे रती. १

વારંવાર સુખેથિ હાય ભણતાં કાયા ઘટી ક્લેશથી,
પામ્યા કેવળ દુઃખ ડાઘ હૃદયે ચિંતા રૂપી મેશથી.
લેવા લાભ દિવાળિના દિવસનો આશા અગાડી હતી,
शर्दे दर्दे वधार्युं शोकज्वरनुं हेमन्त सूधो अती. २

જાણ્યું આગળ જોઇતું સુખ થશે એ રીત આશા ધરી,
वेठी टाढ विशोकनी शिशिरमां शुन्धी वसन्ते हरी;
ગાળ્યા એમ અનેક દીન દુખમાં અધાપિ તોયે હરી;
आवे ग्रीष्म त्वराथि भीष्म–शर–शी लूना झपाटा भरी. ३

વર્ષામાં ઘરમાં ગળે, શરદમાં તાવે બળે, હીમથી––
વેઠે દુઃખ શિશીરમાં, શરિરમાં શાંતી વસંતે નથી;
ઊનાળે પગમાં બળે, જળ વિના કે તે તૃષાએ મરે,
दुःखीने ऋतुचक्र नक्र सरखुं भासे भुमीमां खरे. ४

જેને સાધન હાથ હોય બળથી તે બાથ ભીડે સદા,
રાખી હિમ્મત આપદા ઝડપથી અંતે કરે તે અદા;
જે છે વિત્ત રહીત ભીત ભયથી, ને ચિત્તં ચિંતા ધરે,
देखे ते तृण एक मेरुसरखुं जे दुर्बळाथी डरे. ५

આવ્યો આ નરદેહ કાંઇ ન થયું, ચાલી વહી આ યુવા,
દીઠું ના જરિ સૂખ, આશ નથિ વા વૃદ્ધો વિષે પામવા;
એ રીતે મન શોક રાખિ દિન જે કાઢે છ આક્રંદમાં,
शी रीते दिन तेहना जइ शके अभ्यास आनंदमां ! ६

ઘેરે ભીષણ સર્વ પાસ નિરખી શી રીત નાશી જવું,
કૂડા આ અધિભૂત તાપથી તનૂ શી રીતથી રક્ષવું;
કોપ્યો દૈવ, કશું રહ્યું ન કરમાં, એ શોકના વૃંદમાં,
काढे काळ कराळ फाळ उदरे राखी मती मंदमां. ७

દેખી દુઃખ નિદાન દેહિ સહુનું છળ્યું, ચહે જે જવા––
આઘા આ દુનિયાંથી, ચાહ અથવા આયુષ્ય ટૂંકું થવા;
જો તેઓ શિર દુઃખ ડુંગર કદી આવી પડે આપથી,
शोचांवा तणुं काम तेह सतते शाणा नरोने नथी. ८

फरग्युसन.

ફરગ્યુસન નામે એક અંગ્રેજીનો તત્ત્વજ્ઞાની અને જ્યોતિષ શાસ્ત્રી થઈ ગયો છે. આ વિદ્વાનને નાનપણમાં કશી જાણવા લાયક ઊંચી કેળવણી મળી નહોતી, તો પણ તે વખતમાં તે પોતાની જાતિ મહેનત અને ચતુરાઈથી શીખીને આગળ જતાં દુનિયામાં એક મોટો માણસ થઈ ગયો. ફરગ્યુસન સ્કાટ્લંડ દેશના કીથ નામના એક નાના ગામડામાં ગરીબ માબાપને ઘેર જન્મ્યો હતો. તે સમજણો થયા પછી તેનો બાપ પોતાના મોટા છોકરાને વાંચતાં શીખવતો હતો, તેનું સાંભળીને પોતાની મેળે તે વાંચતાં શીખ્યો. ત્યાર પછી તેના બાપે તેને આશરે ત્રણ મહિના એક નિશાળમાં રાખી ઉઠાડી લીધો. ફરગ્યુસનને બરાબર નિશાળની કેળવણી જો કાંઈ પણ મળી હોય, તો તે માત્ર આ ત્રણ મહિનામાંજ હતી.

ફરગ્યુસન સાત વરસનો થયો ત્યારે તેના કુદરતી મગજનો પ્રકાશ બહાર દીસવા લાગ્યો. એટલામાં તેણે છરી અને એક લાકડાનો કકડો લઈ તેનો એક નાનો સંચો બનાવ્યો, તે સંચામાં યંત્રશાસ્ત્રનાં મૂળતત્ત્વો જોવામાં આવતાં હતાં. ફરગ્યુસનનો બાપ ઘણો ગરીબ હોવાથી તેને હવે ઝાઝો વખત રાખવો એ બાબત તેણે વિચાર કર્યો, અને ઉંમરે તેને એક પાસેના ખેડૂતને ત્યાં ચાકરીએ રાખ્યો. તે ખેડૂતે તેને પોતાનાં ઢોર ચારવાનું કામ સોંપ્યું. આ વખતમાં નાનો ફરગ્યુસન પોતાના ધણીની ચાકરી બરાબર બજાવવા બાદ તે પોતાના જાતિ શ્રમોથી ફુરસદે અભ્યાસ પાછળ પણ લાગ્યો હતો. દિવસે તે ઢોર ચારતી વખતે ઘડિયાળના સાંચાના જેવા સાંચા, અને એવું એવું કામ બનાવતો અને રાતે મેદાન ઉપર આવીને આકાશમાંહેના તારાઓનું સમગ્ર અવલોકન કરતો. થોડોક વખત આ ખેડૂતની ચાકરીમાં રહ્યા પછી ફરગ્યુસનને બીજા ખેડૂતને ત્યાં રહેવું પડ્યું. સારે ભાગ્યે તેને આ ખેડૂત ભલો મળ્યો, કારણ કે પાછળ લખેલા તેના અભ્યાસને અથવા વર્તનને જેમ બને તેમ તે ટેકો આપવા લાગ્યો. આથી કરીને ફરગ્યુસનને પોતાની ઇચ્છા પ્રમાણે કરવાને વધારે સ્વતંત્રતા મળી. રાતે તે તારાઓનું અવલોકન કરતો અને તેની ખરી નોંધ બીજે દહાડે સવારે કરતો. આ અવલોકન કરતી વખતે ફરગ્યુસન મેદાન ઉપર સૂતો રહેતો અને એક હાથ લાંબા દોરામાં નાના મણકા પરોવી, તેને પોતાની આંખ ઉપર ધરી તેની મદદથી તે તારાઓની જગા અને તેમની ગતિ મુકરર કરતો !

ફરગ્યુસનનું ધ્યાન વિદ્યાની શોધ પાછળ આવું લાગેલું જોઈ પેલા ખેડૂતે પોતાની પિછાનના એક ગૃહસ્થને તેને મદદ કરવાની ભલામણ કરી. તે ઉપરથી તે ગૃહસ્થે ફરગ્યુસનને પોતાના ઘરમાં રાખ્યો અને તેને થોડુંક ગણિત શીખવવાને તેના બટલેરને સોંપ્યો. એ બટલેરે તેને દશાંશ સુધી ગણિત, અક્ષર ગણિત અને થોડી ભૂમિતિ શીખવી, પણ માઠે ભાગ્યે ફરગ્યુસનને એ ઘર છોડવું પડ્યું, અને તેથી તે પાછો પોતાના બાપને ઘેર ગયો. ઘેર આવ્યા પછી એક ભૂગોળની ચોપડીના આધાર ઉપરથી એક લાકડાનો ગોળો બનાવી તેના ઉપર કાગળ ચોઢીને ઉપર પૃથ્વીનો નકશો પાડ્યો, અને તેમાંથી તેણે

પણું જ્ઞાન મેળવ્યું. પણ બિચારા નાના અને ચાલાક ફરગ્યુસનથી તેના બાપની ઘણી ગરીબ હાલતને લીધે વધારે વાર ઘરમાં પડી રહેવાયું નહિ, તેથી તેને કાંઈ ચાકરી ગોધી કાઢવાની જરૂર પડી, અને તે તેને મળી; પણ કમનસીબે તે એવા તો કામ મળી કે તેથી તેની તંદુરસ્તી વધારે બગડવા લાગી, તો પણ નાના ફરગ્યુસને તેનો ચાકરી બજાવતાં છતાં, પોતાનો પાછલો અભ્યાસ જારીજ રાખ્યો. આ વખતે એક ગોળું વાળવાનું તથા એક ગજવામાં રાખવાનું એવાં બે ઘડીઆળો અંદરથી એક વાર જોયા પછી, તેવાં તે લાકડાનાં બનાવવા મંડી ગયો અને તેમાં તે લગભગ પાર પડ્યો. આ વાતની ખબર પડ્યા પછી તેને ઘડીઆળો સાફ કરવા વગેરેનું કામ મળવા લાગ્યું એ સાથે વળી ફરગ્યુસન પોતાનીજ મેળે ચિત્રો કાઢતાં પણ શીખ્યો હતો અને તેથી ઓઓના ભાતના નમુના પણ તેને ચીતરવાને મળવા લાગ્યા. આ બે કામ તેના હાથમાં આવવાથી તેને એટલા પૈસા મળવા લાગ્યા કે તેમાંથી તે પોતાનું ગુજરાન કરવાને અને તે ઉપરાંત પોતાના બાપને કાંઈક મદદ કરવાને શક્તિમાન થયો. એ પછી તે દિવસે દિવસે ચિત્ર કાઢવાના હુન્નરમાં વધારો કરતો ગયો, અને થોડા વખતમાં તે માણસોનાં સરસ ચિત્રો ચીતરવા લાગ્યો. એથી કરીને તેને પોતાનું ગુજરાન ચલાવવાને ઘણી અનુકૂળતા થઈ, અને તે સાથે પોતાના જ્યોતિષ વિદ્યાના અભ્યાસમાં પણ વધારો કરવાને તેને સારી તક મળી. આખરે આગળ જતાં તે એક મોટો તત્વજ્ઞાની અને જ્યોતિષશાસ્ત્રી થયો અને ઘણું માન પામ્યો.

K. C.

निबंधमालिका.

પડે એમ મિત્રો ઉપર અસર થાય છે જેમકે, જો એક માણસ રડતો હોય કે હસતો હોય તો જે માણસો એવું જુએ છે તેમનામાં પણ એવી અસર થાય છે. કોઇ વીર રસનું કે કરુણા રસનું કાવ્ય બોલે છે તે સાંભળીને કેવા જોસ્સામાં ઉતરી જઇએ છીએ અથવા દયાર્દ્ર થઇએ છીએ!

ड મગજમાં નહિ આવેલા એવા કેટલાક દુર્ગુણો ખરાબ સોબતથીજ મગજપર ઘણીજ અસર કરે છે. નઠારા મિત્રો સિવાય મગજને ખરાબ વિચાર સૂઝતાજ નથી

૩૫૬ અને દૃષ્ટાંત—એક શાહીનું બિંદુ એક ચોખ્ખા પાણીથી ભરેલા પ્યાલામાં નાખીશું તો બધું પાણી બગડશે અને કાળું થશે

ब એક ઘેટું આડું ચાલે તેનું જોઇ આખું ટોળું આડું ચાલે

क રાતના અંધારામાં સૃષ્ટિના સુંદર પદાર્થો પણ દેખાતા નથી.

ड વિસુવિઅસ નામના જ્વાળામુખીની પડોશમાં આવ્યાથી હરક્યુલેનિયમ અને પોમ્પીઆઇ નામના મોટા શહેરો નાશ પામ્યાં

द પડોશીને ઘેર આગ લાગી હોય તો આપણને પણ ભય રહે છે

फ પડોશમાં કોલેરા કે મરકી ચાલે છે ત્યારે આપણને પણ ભય પેસે છે મુંબઇની મરકી.

ઐતિહાસિક દૃષ્ટાંત—(કહેવા)

સાંપ્રતિક દૃષ્ટાંત—ખરાબ માણસોની સોબત રાખશો તો તમે પણ ખરાબ કહેવાશો.

ब કાજળવાળી જગામાં જઇએ તો ખરડાયા વિના ન રહીએ.

क કોલસાના વેપારથી હાથ કાળાજ થાય.

ड ખરાબ વ્યવહાર સારી રીતભાતને બગાડે છે

द દુર્ગુણ ઝટ શીખી જવાય છે.

फ એક પાન સડતું હોય તો તેથી બધાં સડે

વિષય ૧૦ મો—ઉદ્યોગીપણું એ જીંદગીનું મીઠું છે,

પ્રસ્તાવિક વાક્ય—જેમ ખોરાકમાં મીઠું ગુણકારી છે તેમ તેમ સતત અને સારો ઉદ્યોગ મન અને શરીરપર સારી અસર કરે છે.

૧. મીઠું સાફ કરે છે, દુર્ગંધી ટાળે છે તેજ પ્રમાણે ઉદ્યોગ મનને સ્વચ્છ કરેછે, સુધારે છે.

૨. મીઠું લાંબા વખત સુધી અથાણાંને કે ખોરાકને બગડવા દેતું નથી તેવીજ રીતે સારો ઉદ્યોગ પ્રવૃત્તિ, અંતઃકરણ, મન અને શરીરને બગડતા અટકાવે છે

૩ મીઠું ખોરાક સ્વાદિષ્ટ કરે છે, મીઠા સિવાય ખોરાક ફીકો અને બેસ્વાદ લાગે છે, એવો ખોરાક પચતો પણ નથી. તેવીજ રીતે ઉદ્યોગ જીંદગીને મોહક આપનો છે, તે જીંદગીમાં રસ ઉપજાવે છે

૪. તંદુરસ્તી જાળવવા માટે ખોરાકમાં મીઠું જેમ બહુ જરૂરનું છે, તેમ ઉદ્યોગ પણ થોડો અગત્યનો નથી.

૫. મીઠું લોહીને સુધારે છે. ઉદ્યોગ પણ તંદુરસ્તી આણવાની અને આનંદ ઉપજાવનારી અમુલ્ય ઔષધિ છે.

૬. મીઠું બહુ ખવાય તો ઝાડો વગેરે થાય છે. તેમ ઉદ્યોગ હદ ઉપરાંત કરવામાં આવે તો શરીર અને મન બગડે છે.

૭. મીઠાથી ખોરાક ઉપર માંખો બેસતી અને ગણુગણતી અટકે છે, તેમ ઉદ્યોગી થવાથી ખરાબ આળસુ સોબતીઓ દૂર રહે છે. તેવા બેકાર અને આળસુ સોબતીઓ હરેક પાપ અને લાલચમાં નાખે છે.

૮. મીઠું જીંદગીને બહુ ઉપયોગી છે કેમકે તે સિવાય લોહી થતું નથી; અને મહેનત કે ઉદ્યોગ સિવાય પણ માણસ છવતો મુઓ કહેવાય છે.

રૂપક અને દૃષ્ટાંત—વહેતું પાણી સ્વચ્છ, મધુર અને તાજું હોય છે પણ સ્થિર પાણી ગંદું અને નુકસાનકર્તા હોય છે.

ય. પવનથી હવા આવ જા કરે છે તેથી તે ગુણકારી અને શ્વાસ લેવામાં ઉપયોગી જીવન તત્વ કહેવાય છે; પણ બંધિયાર જગોની હવા રોગિષ્ટ હોય છે અને તેનો શ્વાસ લેવાતો નથી.

ક. ખેડાણથી જમીન સારો પાક આપે છે પણ પડતર (ખેડાણ વિનાની) જમીન ઉપર વેલા અને ઝેરી વનસ્પતિ ઉગી નીકળે છે.

ચ. જ્યારે લોઢું વપરાય છે, ત્યારેજ ઉજળું રહે છે નહિ તો કટાઇ જાય છે.

દ. હાથ કામ કરવા, પગ ચાલવા, ઇંદ્રિઓ જાગૃતિમાં રહેવા, તર્કશક્તિ યુક્તિઓ ખોળી કાઢવા, ઈશ્વરે બક્ષેલી છે. જો તેઓ વપરાતી નથી તો ગરી જાય છે.

ફ. પૈસો ચાલતા વ્યવહારમાં દુનિયાનું એક મોટું ઉચ્ચાલન છે.

ઐતિહાસિક દૃષ્ટાંત—સર રિચર્ડ વ્હીટીંગટન છેક ગરીબ અવસ્થામાંથી માત્ર ઉદ્યોગી સ્વભાવને લીધેજ લંડનનો લોર્ડ મેયોર થવા પામ્યો.

ય. આર્કરાઇટ ઉદ્યોગથીજ મોટી પદો પામ્યો અને ત્રીજા જોર્જ રાજાએ નાઇટની ઉપમા આપી.

ક. કેનીંગ કહેતો કે 'હું શારીરિક નિયમોને અનુસરીશ.'

ચ. આલ્ફ્રેડ ધ ગ્રેટ તેના ઉદ્યોગીપણાને માટે બહુ વખાણાયો છે. તેણે દિવસના ત્રણ ભાગ પાડ્યા હતા; જેમાંનો એક અભ્યાસમાં, બીજો કામ કાજમાં અને ત્રીજો આરામમાં લેતો.

દ. પિટર ધ ગ્રેટ જ્યારે રૂશિયાની ગાદી પર બેઠો ત્યારે તેણે પોતાની પ્રજાને અજ્ઞાન, આળસુ અને મૂર્ખ જોઈ. એથી તેણે સઘળી મોજમઝા છોડી

ઉપયોગી કળાઓ શોધવા બહાર નીકળી પડયો. એવી આશાથી કે એ કળા-ઓમાં પ્રજાને રોકી ઉદ્યોગ કરી શકે. આ વિચારથી તેણે વિદેશમાં મુસા-ફરી કરી અને જુદાજુદા યાંત્રિક વ્યાપારોમાં તે માહિતગાર થયો, તથા ખંત-મહેનત અને સયુક્તિક શિક્ષણથી તેણે પોતાની પ્રજાને એટલી બધી સુધારી દીધી કે એનું નામ હજી સુધી આખી દુનિયામાં મશહૂર છે

क જ્યારે ઈશ્વરે આદમને બનાવ્યો અને ઈડન નામના બાગમાં મુક્યો ત્યારે તેને તે ખેડવાનું અને પાણી પાવાનું ફરમાવવામાં આવ્યું હતું

ભૌતિક દૃષ્ટાંત—પૈસાદાર લોકોને ઘણો ભાગે ભાગ રોગિષ્ટ અને કંટાળેલો રહે છે તેનું કારણ એજ છે કે તેઓ આળસુ અને એકજ જગોએ પડી રહે-નારા હોય છે

ख આળસુ માણસો મન અને શરીર એ બેમાંથી એકમાં પણ સારા હોતા નથી. તેઓ જરા જરામાં કંટાળો ખાય છે, ચીડાઈ જાય છે, રડવા બેસે છે, નિ-સાસા નાખે છે, શંકા ખાય છે અને શોચ કરે છે તેમની જીંદગી તેમને પોતાને દુઃખદાયી અને બીજાને બોજા રૂપ હોય છે તેમના મગજ મૂર્ખ કલ્પનાઓથી ભરેલા રહે છે.

ग આળસ એ મનનો કાટ, શરીરનું હાડકું, તામસી પશુની માતા અને દુઃખનું મૂળ છે એથી અનેક રોગ ઉત્પન્ન થાય છે જો મનને ઉદ્યોગમાં ન રોકયું તો તે નુકસાનના ખાડામાં નાખી છેવટ પસ્તાવો કરાવે છે

घ ઉદ્યોગ વિનાની જીંદગી નિરર્થક અને લુખી છે. (બેકન)

સમાપ્તિ—તેથી... ... .

મો. મી. ગાંધી.

શાળોપયોગી પત્રો.

૪૧. લાભ કરતાં નીતિને વધારે ચહાવી

૪૨ આપણે બધા એક પ્રભુ-પિતાના પુત્ર છીએ, એ મત્ર હમેશ લક્ષમાં રાખી, જનના મનો બધાનું સુખ વધારવા કરવા.

૪૩. વિદ્યા મેળવ્યા પહેલાં અન્ય સંપત્તિ મેળવવા દોડવું, એ હવામાં બાચકા ભરવા જેવું છે–મૂર્ખતા છે

૪૪ પોતાનીજ ફુરસે સિવાય ચાલ ચલગતને ભારી હાનિ પહોંચતી નથી.

૪૫ મોટા સાથે, સરખા સાથે, અને ન્હાના સાથે વર્તના હમેશાં સભ્યતા, વિવેક, અને માન લક્ષમાં રાખવું.

૪૬. આપણી નિંદા કરનાર તે આપણી નહીં પણ પોતે પોતાનીજ નિંદા કરે છે; એમ ગણી આપણે નિસ્પૃહ રહેવું.

૪૭ વિદ્યાસંપત્તિ, જ્ઞાનસંપત્તિ, અધિકાર, પૈસો, વગેરે જે કંઇ ઇચ્છિત હોય તે ઉદ્યોગથીજ મળી શકે છે. અથવા બીજા રૂપમાં કહીએ તો સતત ઉદ્યોગ, દૃઢ આગ્રહ, અને પ્રમાણિકપણાથી અસાધ્ય પણ સાધ્ય થઇ શકે છે.

૪૮. વખતસર અને નિયમિત કામ કરવાની ટેવથી ધારેલાં કાર્યો સહેલાઇથી પાર પડે છે.

૪૯. 'આપણને ઉત્પન્ન કરનાર–આ સઘળી સૃષ્ટિનો અધિષ્ઠાતા–કોણ હશે,' એવો પ્રશ્ન તમારા મનમાં આવે છે ? ન આવતો હોય તો લાવો; અને આપણા ઉત્પાદક જગન્નિયંતા સમર્થ પ્રભુને ઓળખાવા યત્ન કરો.

૫૦. માણસ જ્યારે વધારે વધારે ભણતો જાય છે, ત્યારે જાણેછે કે, 'માણસ કેટલું થોડું જાણે છે.''

૫૧. માણસ માત્રની ભૂલ તો થાય, પણ મૂર્ખ માણસ ભૂલને જાણ્યા પછી પણ તેને ચાલુ રાખે છે.

૫૨. જે કોઇ ખરેખરા સ્વતંત્ર થવાની આકાંક્ષા રાખતા હોય તેણે એક મહામંત્રનોજ પાઠ કરવો. તે મંત્ર એજ કે **"પોતાના ઉદ્યોગ ઉપરજ પોતાનો આધાર રાખવો."**

૫૩. જગતના માણસોને સાનુકૂળ કરી લેવા ઇચ્છતા હો તો તમે તમારા મનને દૃઢાગ્રહી બનાવો.

૫૪. મૂર્ખ લોકોને અસર કરવા માટે વિદ્વત્તાનો ડોળ કરી અત્યંત સૂક્ષ્મ પ્રયત્ન કરવો એ ચપ્પુથી પર્વતને કાપવાના પ્રયત્નની બરાબર છે.

(ખાસ તરૂણો માટેજ એક વિદ્વાનનું અનુકરણ.)

૫૫. જનમંડળના કલ્યાણનો આધાર જન સમુદાયના સ્વભાવ ઉપર છે.

૫૬. જનમંડળનો સ્વભાવ અરસપરસનાં અન્ય સાધનોથી–મુખ્યત્વેકરી બાલ્યાવસ્થાના શુભાશુભ સંસ્કારો–સહવાસોથી રચાય છે.

૫૭. જનમંડળનું કલ્યાણ એજ આત્મકલ્યાણ છે.

૫૮. મનુષ્યકર્તવ્યો સ્વાભાવિક રીતેજ મનુષ્યના પ્રેમને પાત્ર છે.

૫૯. મનુષ્યો અરસપરસ ભાઇઓ છે, ભાઇઓ પર પ્રેમ કરવો, બંધુઓના કલ્યાણના ઉપાયો યોજવા, એ માનવ જાતિનું મુખ્ય કર્તવ્ય છે.

૬૦. કર્તવ્ય પાલનાર્થેજ આ મનુષ્યસૃષ્ટિ છે.

૬૧. આ સ્થૂલ શરીર સ્વાર્થ નિમિત્ત નહીં, પણ પરમાર્થ નિમિત્ત છે.

૬૨. પોતે નીતિપરાયણ—સદ્ગુણ ધારક થવું એ પ્રથમ કર્તવ્ય; અને બીજાઓને તેવા કરવા, એ પછીનું—બીજું કર્તવ્ય છે.

૬૩. દેશોન્નતિ એ આત્મોન્નતિ–પરોન્નતિ–અને પરત્રોન્નતિ છે.

૬૪ ઉચ્ચ વ્યક્તિથી, ઉચ્ચ વ્યક્તિ પાસે કર્તવ્યોનો ઉપદેશ કરો, પણ તે પહેલાં તો પોતે કર્તવ્ય બજાવવામાં તત્પર થાઓ.

૬૫. જનસમુદાયના સુખ નિમિત્તે સ્વસુખનું બલિદાન કરો, અને લોકોને પ્રતિબદ્ધિનો ઉપદેશ કરો એક બીજાના કલ્યાણાર્થે કટિબદ્ધ રહો.

૬૬ જ્યાં સુધી તમે સ્વાર્થત્યાગ અને પરોપકારમાં કટિબદ્ધ રહેશો ત્યાં સુધી તમારા દેશનું જીવન અમર રહેશે

૬૭. હમેશાં યાદ રાખવું કે જ્યારે મનુષ્ય સ્વકાર્યમાં તત્પર રહે છે, ત્યારે તેનું જીવન તુચ્છ છે, અને જ્યારે સર્વ બંધુભાવ રાખે છે—પ્રાણી માત્રમાં પ્રીતિ રાખે છે—પરોપકારાર્થે પ્રાણ સમર્પણ કરવામાં પોતાનું અહોભાગ્ય સમજે છે—દુઃખીઓને આશ્વાસન અને દિલાસો આપે છે, અને એવી એવી રીતે જે મનુષ્ય મનુષ્યકર્તવ્ય સમજે છે તેનું જીવન શ્રેષ્ઠ છે

६८. "संपत्तौ च विपत्तौ च महतामेकरूपता ॥
समुद्रश्चैकरूपो हि सदा भाति धरातले" ॥ १ ॥

६९. परोपकाराय सतां विभूतयः

૭૦. મનુષ્યે જે કર્તવ્ય કરી મહત્ત્વ મેળવવાનું છે તે કર્તવ્ય કયું ? આપણા દેશનો ઉદ્ધાર—સત્ય ઉદ્દેશ

૭ શિક્ષા—આ શાળામાં શરીર શિક્ષાનો પ્રયોગ જવલેજ આવે છે મને દાખલ થયાં આજે ચાર દિવસ થયા છે. પણ તેટલી મુદતમાં શરીરશિક્ષા કરવાનો પ્રસંગ ભાગ્યેજ આવ્યો નથી ' શિક્ષણ સંબંધી શરીર શિક્ષા કરવામાંજ આવતી નથી, પણ વખતે અન્ય કારણ માટે કરવામાં આવે છે—તો તે પણ થોડુંજ ' એમ મારી સાથેના ઉપશિક્ષકને પૂછતાં જણાયું છે

૮ સભા—અઠવાડિયામાં એક વખત આ શાળાના અને આસપાસની નજીકની શાળાઓના શિક્ષકો અહીં સભાના રૂપમાં એકઠા મળે છે, અને આપણા ધંધાના સંબંધનાં ભાષણો કરી એક બીજાના જ્ઞાનની આપ લે કરે છે શિક્ષકોને શિક્ષણમાં પડતી હરકતોનું નિરાકરણ પણ વખતોવખત કરવામાં આવે છે આવી સભાથી શાળાને અને શિક્ષકોને ઘણોજ લાભ છે શિક્ષકોની બુદ્ધિ સુધરે છે, અને શંકાઓનું નિરાકરણ થાય છે, પોતાના ધંધા સંબંધી જ્ઞાન મળે છે, શીખવવાના વિષયો શીખવવાની પદ્ધતિ જણાય છે, અને વક્તૃત્વશક્તિ વધે છે. આ સભામાં બાળકોને પણ સભામાં કેમ બેસવું, કેવી રીતે વર્તવું, કેમ બોલવું, વગેરે જાણવા એની ખાતર બેસાડવામાં આવે છે, વખતે તેમને વિષયો પણ આપવામાં આવે છે. તેનો લાભ લઈ વિદ્યાર્થીઓ સામાન્ય જ્ઞાનના વિષયો સંબંધી ટીકા પણ કરે છે. આ બધું સભાની નોંધ વાંચતાં મને જણાઈ આવ્યું છે

બાકી, ઉપર મુજબ આ શાળાની સ્થિતિ છે આવી શાળા મને મળી છે તે બદલ હું ઈશ્વરનો પૂર્ણ આભાર માનું છું કારણ મને અહીંથી ઘણું નવું નવું શીખવાનું મળે

જોઇએ કે સરકાર રૈયત ઉપર જુલમ કરવાને માટે નહિ પણ તેમના ભલાને માટે બધા ઉપાયો કરે છે. અને જ્યારે એ પ્રમાણે તેમના સમજવામાં આવશે ત્યારે તેઓ સરકારના દરેક કાર્યમાં અંતઃકરણથી મદદગાર થઇ પડશે. કદાચ એકાદ કામ રૈયતને જુલમ તરીકે લાગે તો તે વાત સરકારે પડી મૂકવી જોઇએ પણ તે સખ્તાઇથી દાખલ કરી લોકોનાં મન દુખાવવાં નહિ. મ્યુનિસિપાલ સત્તાવાળાઓએ તથા બીજા અધિકારીઓએ પણ લોકો સાથે નરમાશથી તેમના સંબંધમા આવી તેમની અડચણો બનતી ત્વરાથી દૂર કરવી જોઇએ. શીતળાનો રોગ ચાલતો હોય તો ઠામ ઠામ શીતળા ડાક્ટરો ફરતા કરી શીતળા કઢાવવા એ ઉત્તમ રસ્તો છે, અને એમ કરવાથી ઘણું કરીને એ રોગ શાંત થાય છે. મરકીના વખતમાં પણ સરકારે ડાક્ટરોની મદદ લોકોને આપવાની ઘણી જરૂર છે. સરકાર તરફથી લોકોની સરવાર કરવાને ડાક્ટરો અને ઓષધોની મદદ મળે તે પ્રમાણે ખાનગી ડાક્ટરોએ પણ આવા વખતમાં પૈસાનો વિશેષ લોભ ન રાખતાં ગરીબ દુખિયારી પ્રજાનું દુઃખ મટાડી તેની આશિષ લેવા ઉપરજ લક્ષ રાખવું જોઇએ. મરકીનું સાંત્વન જેટલું ડાક્ટરો કરી શકે તેટલું બીજાથી ભાગ્યેજ બની શકે માટે તેમણે આવા વખતમાં પૂરતી મહેનત લેવી જોઇએ. પણ "પડે ઉગમણી બૂમ આપ આથમણા ધાએ" એ પ્રમાણે મરકી ચાલતી હોય ત્યાંથી પલાયન કરવાનો રસ્તો ન લેવો જોઇએ, કેમકે તેમણે તો ઉલટા લોકો ગભરાય નહિ માટે તેમને ધીરજ આપી ગભરાટ મટાડવો જોઇએ. ખોટો ગભરાટ એ પણ કેટલીક વખત ઘણું નુકશાન કરનારો છે માટે પ્રથમ રોગ ન આવે તેને માટે પૂરતી સાવચેતી રાખ્યા છતાં દૈવસંયોગથી આવી પડે તો પછી ગભરાટ કરવાથી વિશેષ નથી; પણ પૂરતા સાવચેત રહી તેને મટાડવાને તથા તે આવતો અટકાવવાને દરેક પ્રકારે કમર બાંધવી જોઇએ.

क. जे. पाठक.

मरजीवा.

(પૃષ્ઠ ૭૮ થી ચાલુ).

બધા ગરમ દેશોમાં જેમ પક્ષીઓ અને ફૂલો પોતાના તરેહવાર સુંદર રંગને લીધે પ્રસિદ્ધ હોય છે તેમ ગરમ દેશના દરિયામાની માછલીઓ પણ એવી એવી ભભકાદાર રંગવાળી હોય છે કે એક કરતાં બીજી ચઢિયાતી જોયાજ કરીએ છીએ. એકાદ માછલી ૭ આંગળ જેટલી લંબાઇની અને તેના ઉપર મેઘધનુષ્યમાંના સાતે રંગ જુદા જુદા સ્પષ્ટ માલમ પડી આવે એમ ચીતરાઇ રહેલા હોય એવું તો દરિયામાં ઘણીએ વાર દીઠામાં આવે છે.

એક વાર તેવી માછલીઓમાંથી એક માછલી મેં પકડી લીધી હતી. તેનું માથું

લીલું હતું, આંખો આસમાની હતી, પીઠ રાતી હતી, બીજું શરીર પીળું હતું, ઝાલર લીલી હતી, બે પાસા પર એક એક કાળો લીટો હતો, અને તેની પૂછડી પર ધોળા ધોળા ડાઘા હતા. આ માછલીને હું બહાર લાવ્યો, પણ હવામાં ખુલ્લી મૂકવામાં આવી કે થોડી વારમાં તેના ઉપરના તમામ રંગ જતા રહ્યા અને તે ઝાંખા ભૂરા રંગની થઇ રહી.

મોટી માછલીઓના ઉપર એટના બધા રંગ હોતા નથી. મોતિ કાઢવાની ભૂમિમાં જે માછલીઓ સામાન્યતઃ માલમ પડે છે તે શાર્ક, સૉર્ડફિશ, રૉકકૉડ, અને કાચબા હોય છે. એમાંના છેલ્લા બેમાંથી એકાદ જો સુભાગ્યે આપણા હાથમાં આવે તો તેનું ભોજન સરસ થાય છે, પણ પહેલાં બે તો માણસના દુશ્મનજ છે.

જ્યારે પહેલવહેલવા ડુબકી મારવાનો હું અભ્યાસ કરતો હતો ત્યારે જો એકાદ શાર્ક મારા જોવામાં આવે તો મને ઘણી બીક લાગતી અને હું મારા ખુલ્લા હાથ મારી છાતી આગળના વજનમાં સતાડી દેતો હતો. પછી મારા પગપને હું નીચેનો હાથ ઉખેડી પાણી એવું ડોહોળું કરી મૂકતો કે મારાથી કશું દેખી શકાય નહિ. અને તરત જોરથી દોરડું હલાવતો એટલે મને ખેંચી લેવામાં આવતો. પાણીમાં ચઢતા ચઢતા પણ મારા પગવતે જોરથી લાતો કે કરતો, કેમકે રખેને મને કોઇ માછલી પાછળ આવતો હોય એવી મને બીહીક રહેતી હતી. રૉક કૉડ પણ પહેલાં તો મને ઘણોજ બીહીવડાવતો હતો. કેટલાક રૉક કૉડ બમો કે ત્રણસો પોંડ વજનના હોય છે તથા તેમની આંખો અને મોં એવાં મોટાં હોય છે કે તેવા તમે કદી જોયા પણ નહિ હોય, પણ તેઓ માણસને ઈજા કરતા નથી.

જ્યારે હું તેમની આસિવાયથી વધારે વાકેફ થયો, ત્યારે તો પછી તેમને જોઇને હું મારી મેળે ખડકમાં સતાઇ જતો, અને એક લાંબા આંકડાને છેડે ગળાને ઠેકાણે રાતું ચીંથરું બાંધી તેમને પકડતો. તે આંકડાને એક દોરડું બાંધેલું રહેતું અને તેનો એક છેડો હોડીમાંના માણસો ઝાલી રહેતા. જ્યારે મચ્છ આંકડામાં સારી રીતે ભરાય ત્યારે હું તે દોરડું હલાવતો એટલે ઉપરના માણસો તેને ખેંચી લેતા અને હું નીચે બેઠો બેઠો તેના ઉપર ખેંચાવાની મઝા જોયા કરતો હતો. માણસે જ્યારે ડુબકી મારવાનો પોશાક પહેર્યો હોય છે ત્યારે તેના ઉપર મચ્છ હુમલો કરીને શાર્ક ઘણી ફાવતો નથી, અને પછી વખત જતાં માણસ તેનાથી માહિતગાર થઈ જાય છે, એટલે પછી ભય રહેતો નથી.

માછલીઓ ઘણી જીજ્ઞાસુ હોય છે. કોઇ કોઇ વાર હું નાની માછલીઓના સમુદાયની વચ્ચે સ્થિર થઇને દરિયાને તળિયે ઉભો રહેતો, તે વખત મારી આસપાસ માછલીઓનું બરાબર ગોળાકાર ચક્ર થઇ રહેતું. કેટલીક માછલીઓ મારી આંખોના કાચ જોયા કરતી અને કેટલીક મારી આંગળીઓ તપાસવા માંડતી, અને આ નવીન પ્રાણી કોણ છે એમ આશ્ચર્ય પામતી !

પણ એક વાર મેં દરિયામાં સ્વારી કરી હતી તેની હકીકત તમને કહેવી રહી જાય છે. એકવાર અમે 'બીગલ્સ બે' નામની જગોએ ડુબકી મારતા હતા, કેમકે તે વખતે તે જગોએ મોતીની સીપો અને કાચબા ઘણા હતા. એક મોટો કાચબો મળી આવે તો હોડીઆના બધા ખલાસીઓને ત્રણ ચાર દહાડા ભરપૂર ખોરાક મળી શકે, અને તેથી એકાદ તેવો કાચબો પકડી લાવવાની મને ઇચ્છા થઇ. ડુબકી મારવાનો ધંધો મેં થોડા વખતથીજ

કરવા માંડયો હતો તેથી કાચબા પકડવાની રીતથી હું માહિત નહોતો. આ ઉપરથી મેં મારા એક ભાઇબંધને તે વિષે પૂછ્યું. તેણે કહ્યું કે કાચબો પકડવામાં બહુ સાવચેત રહેવાની જરૂર છે, કેમકે તે ઝટ હાથમાં આવતો નથી, પણ કદાચ નુકશાન પણ કરી બેસે છે. કાચબાને તેના પાછલા ભાગ આગળથી કોટલું ઝાલી પકડવો અને તરતજ તેનું માથું ઉંચું રહે એવી રીતે આપણી છાતી તરફ ઉછાળવો, અને તરતજ પોતાને ઉપર ખેંચી લેવાની સૂચના કરવી. કાચબાઓનો એવો સ્વભાવ છે કે જે દિશામાં તેમનું માથું હોય તે દિશામાં તેઓ જલદીથી પોતાના મજબૂત પગના પાવડાવતી મેહેનત કરીને નાશી જવાને દોડશે. મતલબ કે તમે અને તેઓ જોડેજ દરિયાની સપાટી પર પહોચશો.

આ વાતને કેટલાક દહાડા થયા પછી એક વાર હું દરિયાને તળિયે કામ કરતો હતો તેવામાં એક મોટો કાચબો દરિયાઇ ઘાસ ખાતો મારી નજીક મારી નજરે પડયો. હું સાવધાનીથી તેની પાછળ ગયો, અને પછી એકદમ કુદકો મારીને મેં તેની પીઠ પર બે હાથ મૂકયા અને પછી તરતજ તેનું કોટલું પકડવાને મેં મારા હાથ પહોળા કર્યા. પણ હું જોઇએ તેટલી ઝડપ કરી શકયો નહિ: કેમકે હું તેને ધાર્યા પ્રમાણે પકડીને ઉછાળું તે પહેલાં તો તેણે મને પકડયો, અને પછી બન્યું તેટલી ઝડપથી મને લેઇને તે પાણીમાં તરતો તરતો દૂર ખેંચી જવા લાગ્યો.

અમે બન્ને ઘણે દૂર નીકળી ગયા. કાચબો મને પાછળ મૂકી દેવાનો યત્ન કરતો હતો અને હું મારા બધા જોરથી તેની પાછળ લટકી રહ્યો હતો; કેમકે સમુદ્રનું તળિયું નજરે ન પડે એટલે આઘે અમે ગયા હતા, તથા મારા પોશાકમાં હવા થોડીજ રહી હતી, તેથી મને ભય લાગ્યો કે રખેને હું એને મૂકી દઇશ તો પથરાની પેઠે એકદમ પડી જઇશ, અને તે કારણથી તેને છોડી દેવાની મારી હિમ્મત થતી નહોતી. છેવટે મારા દોરડાની હદ આવી રહી—મારી "આયુષ્ય દોરી" હવે આગળ વધી શકે એમ ન હોતું. એક સખત આચકો લાગ્યો અને કાચબો મારા હાથમાંથી છૂટી ગયો, તથા હું ઉંધે માથે પાણીમાં પડયો. સારે ભાગ્યે એક મોટી વાદળી ઉગી હતી તેમાં હું અફળાયો, તેથી નીચે પડતાં અટકયો પણ તેથી મને ખૂબ તરછોડ લાગ્યો અને ફરીથી કોઈ કાચબાને પકડવાની મારામાં શક્તિ આવવાને ઘણી મુદત લાગી.

स्वीडन बोर्ग

(અવલોકન)

સ્વીડનબોર્ગ, એ નામ કદાચ વાંચનારાઓને અપરિચિત લાગશે, એટલા માટે પ્રથમ મારે જણાવવું જોઇએ કે એ નામનો એક તત્વજ્ઞાની હતો; તેણે સ્વર્ગ નરક વિષે કાંઇક જાણવા જેવાં સત્યો જગતને જાહેર કર્યાં છે, તથા તે સ્વર્ગ નરકમાં શાં સુખદુઃખ છે અને તે કેવી રીતે પ્રાપ્ત થાયછે, તે પણ તે જાતે જોઇને આપણને કહે છે. 'જાતે જોઇને આપણને કહે છે' એ શબ્દો લગાર વિસ્મયકારક છે ખરા, પણ અહીં હવે તે સંબંધીજ ઉલ્લેખ કરવાનો છે, એટલે અધીરા થવાનું કારણ નથી.

સ્વીડનબોર્ગે "લગ્નસ્નેહ અને તેનાં વિશુદ્ધ સુખો" એ નામનું એક પુસ્તક લખ્યું છે. આ પુસ્તકનો સંક્ષેપ ડાકટર વ્હાઇટ નામે વિદ્વાને લખ્યો છે તથા તે ઉપર

ડા. વિલ્કિન્સનની ટીકા છે આ સઘળા ગ્રંથોને આધારે પ્રો. મણિશંકર રત્નજી ભટ્ટ એમણે પ્રસ્તુત ગુજરાતી પુસ્તક લખ્યુ છે

આ પુસ્તકમા અદૃશ્ય તત્વો અને માનસિક પદાર્થો વિષે બહુધા વિચાર કરેલા છે એ સૂક્ષ્મ વિચારોને યથાર્થ સમજીને તે વિષે અભિપ્રાય આપવો અથવા તેના ઉપર ટીકા કે વિવેચન કરવું, એ તેવાજ વિષયજ્ઞનુ કામ છે તથાપિ એ ગ્રંથમાં શો વિષય છે, અને શા માટે તે વિષયનો અભ્યાસ કરવો ઉપયોગી છે, એ બાબત કાંઇક યથામતિ દિગ્દર્શન અહીં કરવાનો ઇરાદો છે

ઘણાક માણસોના અભ્યાસ વશાત્ કે એવાજ બીજા કારણથી અમુક અમુક બાબતો વિષે મત સ્થાપિત થઇ ગયેલા હોય છે. અને તેમણે તત્સંબંધી પ્રમાણો પણ તૈયાર કરી રાખેલા હોય છે. પ્રમાણ ઉપરથી એકાદ મતનુ સ્થાપન કરવુ એ જુદી વાત છે, અને મતને સ્થાપન કરવાને પ્રમાણો શોધી આણવા એ જુદી વાત છે, એમ વિદ્વાનો સમજે છે, તથાપિ કોણ જાણે શા કારણથી અમુક માણસો અમુક મતના આગ્રહી હોય છે. એવા મતાગ્રહી પુરૂષો બીજાના વિરૂદ્ધ મતવિષે યથાર્થ નિર્ણય ભાગ્યેજ આપી શકે ગ્રંથકારે પ્રસ્તાવનામાજ એ વાત બીજે રૂપે કહી બતાવી છે વિશેષમા માર્ એમ પણ કહેવું છે કે આવા ગ્રંથોના તાત્પર્યનો સૂક્ષ્મ દૃષ્ટ્યા અભ્યાસ કર્યા પછીજ તે વિષે વિચાર બાંધવા-થી લાભ છે

પ્રસ્તાવનાના છેવટના ભાગમા આ ગ્રંથ લખવાનો હેતુ બતાવી ગ્રંથકાર એમ પણ કહે છે કે "પ્રસ્તુત સક્ષેપમા સુદ્ધા એવા કેટલાક બાબતો આવે છે કે જે હાલ હુ સમજી શકતો નથી. છતા એ બાબતો મે દૂર રાખી નથી તે એટલા માટે, કે તે બીજીની સાથે સંબદ્ધ હોવાને લીધે *છૂટી પાડી શકાતી નથી* " આ બાબત કદાચ બીજાને આશ્ચર્યકારક લાગશે, તથાપિ પ્રમાણાગોચર અદૃષ્ટ વસ્તુ વિષે બોલતા નિરભિમાની યથાર્થવક્તા એમ-જ કહી શકે.

સ્વીડનબોર્ગ પ્રથમ સ્નેહ, બુદ્ધિ અને સ્મૃતિની સત્તા સ્થાપન કરી તેને આધિદૈવિક સૃષ્ટિ કહે છે. "પિંડે તે બ્રહ્માંડે" એ કહેવત પ્રમાણે તે એમ પણ કહે છે કે "મનુષ્ય એ જગતના સક્ષેપ રૂપ છે" મનુષ્ય દેહનુ અને વિરાટ દેહનુ અથવા વ્યષ્ટિ અને સમષ્ટિનું સામ્ય વર્ણવ્યું છે તેના જેવુ આ કાંઇક લાગે છે મનુષ્ય મરે છે ત્યારે દેહાદિ દૃશ્યભૂતો (જેમને ગ્રંથકાર અશુદ્ધ તત્વો નામ આપે છે) નો ત્યાગ કરી કુદરતના શુદ્ધતર પદાર્થો (સૂક્ષ્મ ભૂત,ઇન્દ્રિયો, વગેરે હશે) રાખે છે અને એ શુદ્ધતર પદાર્થો તેના સૂક્ષ્મ શરીરનુ કામ કરે છે.

આપણે જેમ સાંખ્ય મતે માનીએ છીએ કે સત્તર (કે પછી વત્તા ઓછા) તત્વોનું સૂક્ષ્મ શરીર સ્થૂલ દેહમા છે, તે સુખદુઃખાદિ ભોગ જીવતા અને મૂઆ પછી પણ ભોગવે છે. તેના જેવીજ આ કલ્પના લાગે છે (સ્વીડનબોર્ગે તો આને અનુભવ કહેલો છે, એટલે પછી તેમને મતે 'કલ્પના' શબ્દ ઘટતો નથી).

વળી ગ્રંથકાર પરમાત્માથી આધિદૈવિક સૃષ્ટિનુ જીવન માને છે, અને આધિદૈવિ-કમાથી આધિભૌતિકનું જીવન માને છે આ માનવું કારણથી સૂક્ષ્મ, અને સૂક્ષ્મથી સ્થૂલ સૃષ્ટિ થવા જેવું પરિણામ વાદને મળતું જણાય છે

જેઓ સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ સૃષ્ટિનાં સ્વરૂપ સમજતા હશે તેમને સારી રીતે સમજાશે કે, આધિભૌતિક અને આધિદૈવિક સૃષ્ટિનાં સ્થળ કાંઇ જૂદાં નથી; તાત્પર્ય એમ સમજાય છે કે જે કાંઇ આ આધિભૌતિક સૃષ્ટિમાં છે, તે સઘળું આધિદૈવિક સૃષ્ટિમાં સૂક્ષ્મ રૂપે છે. આપણી કલ્પનાના પદાર્થોની પેઠે અથવા સ્વપ્નદૃષ્ટસૃષ્ટિની પેઠે આધિદૈવિક સૃષ્ટિ પણ જોવામાં અને અનુભવવામાં આવે છે. સ્વપ્નસૃષ્ટિમાં જેમ જાગ્રતનાં સ્થળ કાળ અને પ્રકાશનો સંભવ નથી તેમ આધિદૈવિક સૃષ્ટિમાં પણ નથી; તફાવત માત્ર એટલોજ છે કે સ્વપ્નસૃષ્ટિ કલ્પિત છે– જાગ્રતની અપેક્ષાએ તેનું અસ્તિત્વથી નથી, અને આધિદૈવિક સૃષ્ટિનું અસ્તિત્વ છે.

સ્વીડન બોર્ગનું સૂક્ષ્મ શરીર તેના સ્થૂલ દેહમાંથી નીકળીને આધિદૈવિક સૃષ્ટિમાં વસતા દેવ દેવીઓની મુલાકાત લેઈ આવતું. મનોવશીકારદ્વારા આ બધું સંભાવ્ય છે.

આધિભૌતિક સૃષ્ટિનો સંપૂર્ણ નમુનો આધિદૈવિક સૃષ્ટિ છે. ત્યાં ઘર છે, ગામ છે, નદી છે, વન છે, પર્વત છે, બધુંય છે. માત્ર તેનાં નામ જુદાં હશે કે એક, એ વિષે કાંઇ સ્પષ્ટ ઉલ્લેખ નથી.

સૂક્ષ્મ શરીરવડે સ્વર્ગ લોકની મુલાકાત લેવાની શક્તિ સ્વીડનબોર્ગમાં કુદરતી હતી, એટલે તેને ગર્ભયોગી કહીએ તો ચાલે. બીજાએ એ શક્તિ શી રીતે પ્રાપ્ત કરવી એ વિષે કાંઇ વિચારો આ ગ્રંથમાં કરેલા જણાતા નથી; માત્ર તે શ્વાસ રોકી શકતો હતો એમ લખ્યું છે. આ ઉપરથી પ્રાણાયામ જેવી કોઇ ક્રિયા તેને અવગત હોવી જોઇએ. શ્વાસનો મન સાથે કેવો સંબંધ છે તે અહીં ગ્રંથકારે ઘણી સ્પષ્ટતાથી બતાવ્યું છે.

સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરનારને આ હકીકત વાંચવાથી ઘણો ફાયદો છે. જો તેને પતંજલિ આદિ મુનિપ્રણીત યોગશાસ્ત્રના ગ્રંથો ઉપર અને ક્રિયાઓ તથા તજ્જન્ય ફળ ઉપર શ્રદ્ધા નહિ હશે તો આ પ્રકરણ વાંચવાથી તે પ્રાપ્ત થશે, અને ડગમગતી શ્રદ્ધા હશે તો દૃઢ થશે. સ્વીડનબોર્ગના આ ગ્રંથમાંથી જીવની આમુત્ર ગતિ વિષે જેઓ શંકાશીલ રહે છે તેમને ઘણી જાણવા જેવી વાત મળી આવશે. અને જો તેઓ તેને સત્ય કરીને સમજશે તો પછી આ સ્થૂલ દેહ છોડવાથી ઉપજતો ભય ઘણે દરજ્જે દૂર થઇ જશે; કેમકે ત્યારે તો તેઓ માનશે કે, એક ઘર છોડીને બીજા ઘરમાં જવું, અથવા એક કોટ ઉતારીને બીજું પહેરવું, તેના કરતાં એક દેહ છોડીને બીજા દેહમાં જવું એમાં કાંઇ વિશેષ નથી.

ઉપર કહેલો ગ્રંથ માત્ર ઉપોદ્દ્ઘાત છે. ગ્રંથનો મુખ્ય વિષય જે “ લગ્ન સ્નેહ અને તેનાં વિશુદ્ધ સુખો ” તે વિષે હવે આરંભ થાય છે. ખરો લગ્ન સ્નેહ કોને કહેવો જોઇએ, એ બાબત સમજવામાટે સ્વીડનબોર્ગના સ્વર્ગ નરકની, આધિ ભૌતિક અને આધિદૈવિક સૃષ્ટિની તથા આધિદૈવિક સૃષ્ટિની પોતે લીધેલી મુલાકાતોની પ્રથમ સમજ આપવી જરૂરની હોવાથી તદ્વિષયક ઉપોદ્દ્ઘાત કર્યો છે વિષય એવો સૂક્ષ્મ અને આકર્ષક છે કે ઉપોદ્દ્ઘાતમાં છે તેથી પણ વધારે સ્પષ્ટીકરણ જોવાની વાંચનારને ઇચ્છા થાય. પરંતુ ગ્રંથનો વિષય અન્ય હોવાથી અપ્રસ્તુત વિષયના વિસ્તારવાના હેતુથી સંક્ષેપ કર્યો છે. વળી પ્રો. ભટ્ટ એ વિષય ઉપર એક વિસ્તૃત અને સ્પષ્ટતર પુસ્તક લખવાની ઇચ્છા રાખે છે. એ જાણી વાંચનાર આનંદ પામશે. હવે ખરા લગ્નસ્નેહ વિષે ગ્રંથમાં શું લખ્યું છે, તે જોઇએ.

અપૂર્ણ.

દેશી કેળવણી ખાતું.

આ. જા. નં. ૨૧૩ સન ૧૮૯૭-૯૮.

અમરેલી પ્રાન્તની શાળાઓના તમામ મુખ્ય શિક્ષકો તરફ.

સલામ શિવાર લખવાનું કે, સરકારી ગુજરાતી કન્યા, ઉર્દુ, અને ફરતીઆળ શાળાઓનાં રજા પત્રક તથા વ્યવસ્થા પત્રકો તપાસતાં તેઓ નીચે પ્રમાણે ખામીઓવાળાં તથા અધુરી હકીકતનાં આવે છે હવે પછી નીચે જણાવ્યા પ્રમાણે ચોકસ તપાસી મોકલશો.

૧ નિમણુંક એક્ટિંગ કે, કાયમ હોય તે હોદ્દાની સાથે સ્પષ્ટ જણાવવી

૨ શાળામાં એક્ટિંગ વગેરે થવાથી અમુક કાયમના ઇસમની જગાએ કોઇ બીજો ઇસમ એક્ટિંગ કામ કરતો હોય અને કાયમનો હક તેની અસલની જગાએ હોય તો તે દરેક જગાએ કાયમના ઇસમ તથા એક્ટિંગ કામ કરનાર ઇસમ એમ બન્નેના કાયમ તથા એક્ટિંગ હકની રોક સાથે નામ આપવાં અને જે તે જગાએ જેટલા દિવસ કામ કર્યું હોય અથવા હક રખાયો હોય તે નંબર તારીખ સાથે સ્પષ્ટ બતાવવું હાલ તો માત્ર કામ કરનાર ઇસમનું નામ જણાવવામાં આવે છે તે બરાબર નથી

૩ ઉપરની જગાએ ઇસમ ન મળવાથી ખાલી રાખેલી હોય તો જગા રજા પત્રકમાં બતાવવામાં આવતી નથી એ બરાબર નથી. માટે હવે પછી હાલવણી પત્રકના નિમણુંકી આંકડા પ્રમાણે બરાબર નામો પગાર વગેરેની હકીકત આવવી જોઇએ

૪ મજુરી વગેરે હકીકત નહીં આવવાથી રજાપત્રકો લાંબી મુદત સુધી મોકલવામાં આવતાં નથી, તે પણ બરાબર નથી રજા પત્રકો તો મુદતસર રવાના કરવાંજ જોઇએ અને મજુરી મળવાથી નંબર તારીખ પુરાવા વખતો વખત રીપોર્ટ કરી સુધરાવવા લખવું

૫ તમામ શિક્ષકોને સમજ પડે માટે આ સાથે રજા પત્રકનો નમુનો આપ્યો છે. તે પ્રમાણે બરાબર પૂરેપૂરી હકીકત આવવી જોઇએ

૬ હવે પછી જેમના તરફથી બેદરકારી રખાશે તેમને માટે દીલગીરી સાથે સખત ઇલાજ લેવાની જરૂર પડશે. તારીખ ૧૫ માહે ફેબ્રુઆરી સન ૧૮૯૮ મુ કારકા

Nagindas Gokaldas

એજ્યુ૦ ઇન્સ્પેક્ટર અમરેલી પ્રાંત

મોજે દામનગર તાલુકે દામનગર પ્રાંત અમરેલીની સરકારી ગુજરાતી નિશાળના નોકરોનું રજાપત્રક માહે આગષ્ટ સન ૧૮૯૭.

અનુક્રમ નંબર	આ ખાતામાં દાખલ થયાની તારીખ.	રૂ. ૧૦) તથા તે ઉપરાંત પગાર થયાની તારીખ.	શિક્ષકનું નામ.	હોદ્દા.	પગાર		હાજર દિવસ.	રવિવાર.	તહેવાર.	તાત્કાલિક રજા.			હક્કની રજા.			માંદગીની નિમે પગારે રજા.			ખાનગી કામ સારૂ નિમે પગારે રજા.			અર્ધ પગાર કપાત રજા.		
					નિમણુંકી.	હાલ મળતો.				કઈ તારીખથી.	કઈ તારીખ સુધી.	કુલ દિવસ.	કઈ તારીખથી.	કઈ તારીખ સુધી.	કુલ દિવસ.	કઈ તારીખથી.	કઈ તારીખ સુધી.	કુલ દિવસ.	કઈ તારીખથી.	કઈ તારીખ સુધી.	કુલ દિવસ.	કઈ તારીખથી.	કઈ તારીખ સુધી.	કુલ દિવસ.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫
૧	૨૬-૧૦-૭૫	૧-૧-૮૧	હરગમજી કલ્યાણજી.	હેડમાસ્તર કાયમ	૨૫	૨૫	૨૫	૪	૨	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૨	૨૮-૧૨-૯૫	૧-૬-૯૫	ગંગાશંકર ગૌરીશંકર.	પે. ૧ આ. કાયમ	૧૦	૧૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
	૨૧-૧-૯	-૯૭	સ. ળ. ત્રીકમજી ધનજી.	,, એક્ટીંગ	,,	,,	૨૩	૪	૨	૨	૩	૨	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૩	,,	૦	ત્રીકમજી ધનજી.	બી. આ. કાયમ	૮	૮	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
,,	૧-૮-૯૭	૦	સ. ળ. મકનજી રાજારામ.	,, એક્ટીંગ	,,	,,	૨૫	૪	૨	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૪	૦	૦	ખાલી.	ત્રી. આ.	૭					૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦
૫	૧૫-૮-૯૭	૦	લક્ષ્મણ દેવશી.	સિપાઈ.	૮	૮	૧૦	૨	૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

* ટીપ–કપાતપગાર તથા બીજા પ્રકારની રજા લીધી હોય, તે પૈકી થોડી આગલા માસના રજાપત્રકમાં પુરાઇ ગઇ હોય પણ પાછળથી તે રજા

મહિનાના કુલ દિવસ	ચાલતા વર્ષમાં આ માસમાં રજા ભોગવી તે તથા તેના પાછલા માસોમાં રજાઓ ભોગવેલી તે મળીને કુલ ચાલતી સાલમાં કેટલી રજાઓ ભોગવી તેનો પ્રકાર										રજા કયા હુકમ નંબર તારીખથી ભોગવવાની આપેલી તે તથા કેટલી મુદત સુધી છે	૧ ૧૦) ને તે ઉપરાંતના નોકરે હક વિગેરે પ્રકારની રજા ભોગવવા માટી હોય તે પેહેલા ઉપરમાં છેલ્લી હક વિગેરેની રજા કયા નંબર તારીખના હુકમથી કઇ તારીખથી કઇ તારીખ સુધી કેટલી ભોગવેલી ને તે ભોગવ્યા પછી હકની રજા કેટલી શિલક રહેલી ને, ને ત્યાર પછી આ રજા * ભોગવતા પેહેલાની તારીખ સુધીમાં રજાનો હક કેટલો ચડાવી લીધો ને મળી કેટલો હક થયો તે જણાવવું	વિશેષ હકીકત.
	નૈમિત્તિક રજા	હકની રજા.		માંદગીની [illegible]		અગત્યના કામ સારુ નિમ પ્રમાણે		ખાસ કારણ માટે રજા					
	દિવસ	માસ	દિવસ	માસ	દિવસ	માસ	દિવસ	માસ	દિવસ				
૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮
૩૧	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦			
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦		વડોદરા કે કન્યાશાળા નં ૩ માં ઓર્ડીન મળેલો થયા છે	
૩૧	૨	૦	૦	૦	૦	૦	૦	૦	૦		મંત્રીના આ. નં ૧૬ તા ૧ ૮ હુકમથી મંજુર મે. રા આ સાહેબ સા આ. નં ૧ તા ૧-૮ હુકમાધારેની માયાએકટીંગ પેહેલા આસિ૦ ની જગ્યાએ એકટિંગ કામ કરે છે	
૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦			
૩૧												મે. રા સા ડેપ્યુટી એજ્યુ. સા તરફથી મંજુરી માગી છે આવેથી નંબર જણાવીશું
૧૩	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦		મે. રા સા ડેપ્યુટી સા ના નં ૪૫ના ૨૫-૮-હુકમથી તા ૧૯ થી ત્રણ માસ માટે એકટિંગ રાખવા મંજુરી મળી છે.	

ન પહોંચવાના કારણથી જે રજા જેમાં ગણવા હુકમ થયો હોય તેમાં આગલા મહિનામાં ભોગવેલી રજા ગણવા માટે બીજા માસના રજા

તૈયાર કરનાર તપાસનાર મહી મેહેતાજી મા. સ્કુલ શાળનનાર.

સરક્યુલર. જા. નં. ૨૬

રા. સા. ડેપ્યુટી એજ્યુ. ઈન્સ્પેકટરોને પોતાના વિભાગની શાળાઓના મુખ્ય માસ્તરો તથા રૂ ૧૦) ને તે ઉપરાંતના બીજા શિક્ષકોને નિયમ પ્રમાણે કેઝ્યુઅલ રજા આપવાનો અધિકાર ટીપણુ નં. ૩૬ તા. ૧૩-૧૧-૯૭ લગત નામદાર દિ. બા. દિવાન સાહેબના નં. ૭૫ તા. ૧૮-૧૨-૯૭ ના શેરાથી મંજુર થયો છે સબબ લખવાનું કે, સદરહુ અધિકાર પ્રાપ્ત થયા પ્રમાણે રા. સા. ડેપ્યુટી એજ્યુ. ઇન્સ્પેકટરોએ અમલ કરવો. તેમ શાળાના માસ્તરોએ પણ તે પ્રમાણે એટલે કેઝ્યુઅલ રજા મળવાના રિપોર્ટો તેમના તરફ કરવા. માસ્તરોને કેઝ્યુઅલ રજા આપવાના જે અધિકાર છે તે આથી રદ થતા નથી. તા ૨૭ જાનેવારી સ. ૧૮૯૮

J. A DALAL.
વિદ્યાધિકારી.

દલસુખ.

સરક્યુલર જા. નં. ૨૭

માસ્તરોની ફેર બદલીઓ થાય છે ત્યારે ચાર્જ આપ્યા લીધાનાં વિગતવાર પત્રકો આ તરફ આવે છે. તે પત્રકો માસ્તરોને ડુપ્લિકેટ કરવાં પડે છે. તેમાં એકેક નકલ શાળાના દફતરે રહેછે. આથી માસ્તરોને બમણું કામ કરવું પડે છે ને તે દરેક પત્રક આ તરફ પણ તપાસી જવું પડે છે. સબબ લખવાનું કે હવેથી એવી રીતે પત્રકો ન કરતાં ડેડસ્ટાક રજીસ્ટર, લાયબ્રેરી રજીસ્ટર, સંગ્રહસ્થાનના પત્રક, મોટો રોજમેળ, કંટીજંટ રોજમેળ ને દફતરની ફેરીસ્ત, વિગેરે દફતરોમાં ચાર્જ આપ્યા લીધાના એક બીજાએ શેરા કરવા અને તેમા જે જે ખામીઓ હોય તેટલાજ પુરતો રિપોર્ટ કરવો.

પુસ્તકનું પુઠું ફાટેલું છે, પાનું ચીરાયલું છે, ખુરશીને તડ પડી છે, ટેબલને ડ્રારો નથી, એવી એવી નજીવી બાબતો માટે લખવું નહીં. કોઇ પણ વસ્તુ ચાર્જમાં ન મળે તે બદલજ લખવું. ફાટયા તુટયા વિગેરે નજીવી બાબત બન્નેની સહીનો દાખલો ઈલાયદો દફતરમાં રાખવો. મહત્ત્વની ફાટતુટ વિષે લખવું.

ડેપોના ચાર્જ સંબંધે પણ ઇલાયદાં પત્રકો ન મોકલતાં દફતરમાંજ શેરા કરવા. ને કમી જાસ્તી બાબત ઇલાયદો રિપોર્ટ ડેપો દફતરે કરવો. તા. ૩૧ જાનેવારી સ. ૧૮૯૮

J. A. DALAL.
વિદ્યાધિકારી.

દલસુખ.

વરહુકમ નં. ૨૮

કસરત શિક્ષકોને કેઝ્યુઅલ તથા ભર પગાર રજા આપવા સંબંધે સરક્યુલર નં ૧૩ તા ૨૦-૧૧-૯૭ નો કરવામાં આવેલો છે કસરત શિક્ષકને કેઝ્યુઅલ રજા આપવામાં ને રજાનો હક તે કસરત શિક્ષકની જગાએ દાખલ થયો તે તારીખથી ગણવામાં કેટલીક ગરબડ થવાનો સંભવ છે. કેમકે એ જે શાળામાં ઉપશિક્ષક છે તે શાળામાંથી બીજી કોઈ શાળામાં કે જ્યાં કસરત શિક્ષકની જગા નથી તેવી શાળામાં તેની બદલી થાય ને પછી વળી જે શાળામાં કસરત શિક્ષકની જગા હોય તેવી શાળામાં બદલી થાય, ત્યારે તેની કેઝ્યુઅલ રજાનો હક પાછો એ ને એ જગાનો નવીન નોકર ગણી કરવો કે પ્રથમનો જુનો નોકર ગણી કરવો એ પ્રશ્ન રહે છે સબબ એ સંબંધે સરળતા ખાતર આ વરહુકમ કરવામાં આવેછે કે, તે ઇસમ ખાતાનો કંઇ નવીન નોકર નથી સબબ તેને ઉપશિક્ષક તરીકે જે રીતે કેઝ્યુઅલ રજા આપવામાં આવે છે તેજ રીતે કસરત શિક્ષક તરીકેની પણ તેમને કેઝ્યુઅલ રજા આપવી પરંતુ એ બંને જગાની કેઝ્યુઅલ રજા તેને જુદે જુદે વખતે ન આપવી જે વખતે એ કેઝ્યુઅલ રજા માગે તે વખતે બંને જગાની સાથેજ આપવી એજ પ્રમાણે નાઈટ શાળાના મેહેતાજી માટે પણ અમલ કરવો તારીખ ૫ ફેબરૂઆરી સન ૧૮૯૭

J A DALAL

દસ્તુખ વિદ્યાધિકારી

વરહુકમ નં. ૨૯

શાળાઓની ભેટ લેતાં જણાય છે કે છોકરાઓની સંખ્યા ગામની વસ્તીના પ્રમાણમાં બહુ કમી હોય છે દરેક મેહેતાજીનો તથા આસિસ્ટંટનો ધર્મ છે કે સંખ્યા વધારવી એ સ્થાનિક નોકરો જેટલું કરી શકે તેટલું ઉપલા અમલદારોથી થઇ શકે નહી છોડીઓની સંખ્યા તો કેવળ નજીવી હોય છે આ હેતુ પાર પાડવા સારૂ સંખ્યા વધારે તેને ઉત્તેજન મળવું વ્યાજબી છે, તથા બેદરકારી બતાવે તેને શિક્ષા થવી જરૂર છે માટે આ વરહુકમથી સર્વે મેહેતાજીઓને જણાવવામાં આવે છે કે હવેથી નીચે પ્રમાણે અમલ કરવામાં આવશે

૧ દરેક ગામે નિદાન પુરૂષ વસ્તીના સેંકડે ૮ ટકા પ્રમાણે તથા સ્ત્રી વસ્તીના સેંકડે ૨ ટકા પ્રમાણે સંખ્યા શાળામાં રેહેવી જોઇએ; જ્યાં આથી કમી સંખ્યા રહેશે ત્યાંના હેડમાસ્તર અથવા હેડમીસ્ટ્રેસને તે વિષે જવાબદાર ગણવામાં આવશે. અને તેમની બેદરકારી જણાય તો યોગ્ય તે પ્રમાણે શિક્ષા કરવામાં આવશે જ્યાં કન્યાશાળા જુદી ન હોય ત્યાં દરેક ઠેકાણે છોક-

રાઓની શાળાના મહેતાજીએ છોકરા તથા કન્યા બંનેની સંખ્યા બતાવવાની છે. જ્યાં આટલી સંખ્યા કમીમાં કમી ન હોય ત્યાંને માટે પરીક્ષક અધિકારીએ તુરત રિપોર્ટ કરવો.

૨ જ્યાં પુરૂષ વસ્તીના સેંકડે ૧૨ ટકા તથા સ્ત્રી વસ્તીના ૧૦ ટકા પ્રમાણે સંખ્યા હશે તે શાળાના મેહેતાજીનું કામ એ બાબત વિશે ઉત્તમ પ્રકારનું ગણવામાં આવશે. અને તેની પોતાની મેહેનતથી આવું ચડતું પરીણામ આવ્યું હશે તો ગ્રેડ પ્રમાણે તેને તે જગાએ ચડતા પગારથી કાયમ કરવામાં આવશે.

૩ જે મેહેતાજી એક વર્ષમાં પોતાની શાળાની સંખ્યામાં છોકરાનો સેંકડે ૨ બે ટકા જેટલો અને છોકરીઓનો સેંકડે ૨ બે ટકા જેટલો વધારો કરશે તેને ઇનામ રૂ ૨૦) મળશે. ફક્ત છોકરીઓનો સેંકડે ૨ ટકા જેટલો વધારો કરશે તો રૂ ૧૦) મળશે.

૪ આવાં ત્રણ ઇનામો જેને મળ્યાં હશે તેને ઉપલી ગ્રેડમાં બઢતી આપવામાં આવશે. તા. ૧૦ ફેબ્રુઆરી સ. ૧૮૯૮ મુ. ઊમરાટ

J. A. Dalal.
વિદ્યાધિકારી.

દલસુખ

વટહુકમ નં. ૩૦

આ તરફથી વટહુકમ નં. ૨૩ તા. ૧૮ જાનેવારી સ. ૧૮૯૮ નો સંવત ૧૯૫૪ ના માહા માસના કેળવણી ચોપાનિયામાં પ્રસિદ્ધ થયેલો છે. તેમાં છેવટમો પેરેગ્રાફ " ઉપર પ્રમાણે હુકમ થયોછે સબબ જણાવવાનું કે–" એ વાક્યથી શરૂ થાય છે, તે તમામ પેરેગ્રાફ છેવટ સુધી રદ કરી તેને બદલે નીચે પ્રમાણે પેરેગ્રાફ મૂકવામાં આવ્યો છે.

" ઉપરના હજુરના ફરમાન અન્વયે છોકરાંની સંખ્યા બે માસ સુધી ઉપરના કારણે કમી થશે તો તેટલી મુદત લગી તે શાળાનો ગ્રેડ કમી થશે નહીં. એ મુદત વિત્યા બાદ મૂળ ગ્રેડમાં શાળા આવી જાય એવી તજવીજ લાગતા વળગતા તરફથી રેહેવી જોઇએ. તેમ છતાં વધારે મુદત એ પ્રમાણે ચાલે તો પુરતી હકીકત સાથે મુદત વીતે તરત રિપોર્ટ આ તરફ કરવો જોઇએ."

ઉપર પ્રમાણે પેરેગ્રાફ સમજવો. તા. ૧૦ ફેબ્રુઆરી સ. ૧૮૯૮ મુ. ઊમરાટ.

J. A. DALAL.
વિદ્યાધિકારી.

દલસુખ

વટહુકમ નં. ૩૧

વટહુકમ નં. ૨૮ તા. ૪-૩-૯૭ નો કરવામાં આવેલો છે તેમાં પરીક્ષા પહેલાંની નિશાળમાં દાખલ થવાની તથા હાજરીની મુદત અમુક થવાની હોવાનું જણાવ્યું છે પરંતુ હાલ પ્લેગનો રોગ કેટલેક ઠેકાણે ચાલે છે તેથી એવે ગામોના લોકો પોતાના છોકરાઓને બીજે ગામ મોકલી દે છે ને તે ત્યાંની શાળામાં અભ્યાસ કરવા દાખલ થાય છે પરંતુ પરીક્ષા વખતે તે શાળામાંની તેના દાખલ થવાની તથા હાજરીની મુદત કમી હોય તો તેને પરીક્ષામાં બેસાડવા કે કેમ વિગેરે બાબત રા. સા. નવસારી પ્રાંતના ડેપ્યુટી એજ્યુ. ઇન્સ્પેક્ટર તરફથી લખાણું આવેલું તે ઉપરથી ઠરાવવામાં આવે છે કે, એવે પ્રસંગે બીજે ગામ જનાર વિદ્યાર્થીને હાલની શાળાવાળાએ ઉપર જણાવેલા સરક્યુલરમાં બતાવેલા નમુના પ્રમાણે દાખલો આપવો ને દાખલાના આધારે તે છોકરાને તે ધોરણમાં બીજી શાળાવાળાએ દાખલ કરવો ને પહેલાંની શાળાના જણાવેલા હાજર દિવસ પરીક્ષા પત્રકના ખાનામાં જણાવવા.

૨ પરીક્ષક અધિકારીએ સદર નં. ૩૮ તા. ૪-૩-૯૭ ના વટહુકમની કલમ અ. બ. પ્રમાણે નોંધ ન લેતાં તેને અનુસરી હાજરી હોય તો તેને પરીક્ષામાં બેસાડવો પરંતુ કોઇ વિદ્યાર્થી એકજ સાલમાં બે ઠેકાણે પરીક્ષા ન આપે એ ખાસ જોવું જોઇએ

૩ આ દાખલો પ્લેગનો રોગ ચાલતો હોય ને તે કારણે વિદ્યાર્થી જાય તો તેને આપવાનો છે

૪ આ વટહુકમ સરકારી તથા બાહ્યશાળા બંનેને લાગુ છે સબબ જે જે સરકારી શાળા સાથે જે જે બાહ્યશાળાનો સબંધ હોય તે તે સરકારી શાળાના માસ્તરે તે તે બાહ્ય શાળાના મહેતાજીને ખબર આપી દેવી. તા. ૧૧ ફેબ્રુઆરી સને ૧૮૯૮ મુ. ઉમરાઠ

J A DALAL
વિદ્યાધિકારી

દસ્તુખ
ડિ. જા. નં. ૩૬૭

સરક્યુલર.

'શિશુ શિક્ષણ' અને 'દેશી રમતો' આ પુસ્તકો રાત્રી અને સંસ્કૃત શાળા સિવાય દરેક શાળામાં આપવાની તજવીજ થએલી છે, અને તે પુસ્તકનો ઉપયોગ દરેક શાળામાં થવાની જરૂર છે. સબબ આ પ્રાંતની શાળામાં સદરે પુસ્તકોની પ્રત ન હોય તેમણે આ સરક્યુલર છપાવાની તારીખથી પંદર દિવસમાં પોતાના વિભાગના રા. સા. ડેપ્યુટી એજ્યુ. ઇન્સ્પેક્ટર સાહેબ મારફત રિપોર્ટ કરવો એટલે તે બદલ યોગ્ય તે તજવીજ કરવામાં આવશે. તારીખ ૨૮ માહે જાનેવારી સને ૧૮૯૮ મુકામ બરોડે.

Chhaganlal T Modi
એજ્યુ. ઇન્સ્પેક્ટર, વડોદરા પ્રાંત

केळवणी.

अर्थ मळे वळो धर्म सधाये, ज्ञान मळे सनमान पमाये;
प्रीति वधे पसरे जश सारो, ए शिशुशिक्षण धर्म अमारो

પુસ્તક ૧૦ મું   चैत्र संवत् ૧૯૫૪   અંક ૬ ઠ્ઠો.

शिक्षण—रत्न—मालिका.

[दृष्टान्तिक दोहरा]

(૧)

અનુચિત આડંબર વડે, ગુણીજન નહીં થવાય,
દૂધ વિનાની ગાય નહિ, ઘંટડિયે વેચાય

(૨)

ઉચ્ચ આસને બેસતાં, ગૌરવ પ્રાપ્ત ન થાય;
મ્હેલ શિખર પર કાગ ને, ગરૂડ કે'વાય ?

(૩)

ગુણીજન ખેદ ન પામતા, દેખી ગુણીનો દોષ,
કલંક ચંદ્ર વિષે છતાં, સુજન ગણે ન દોષ.

(૪)

દુર્જન મલિન પટે પડે, માનહાનિ કરનાર;
રુધિર મલિનથી અગ્નિપર, શુદ્ધ થઈ પડનાર.

શાળાની મુલાકાત.

હેડમાસ્તરની નોટબુક—ઘણી નિશાળોમાં હેડમાસ્તર શાળાનો વૃત્તાંત જણાવનારી "સારભૂત નોટબુક રાખે છે. જો નિશાળ મોટી હોય તો તેવી નોટબુક હેડમાસ્તરનેજ માર્ગદર્શક થઇ પડે છે. હેડમાસ્તરના દરરોજના કામની તેમાં સંક્ષિપ્ત નોંધ રાખી હોય તો વધારે સારૂં. એક શાળામાં હેડમાસ્તરે એવી નોંધ રાખી હતી અને તેમાં નીચે પ્રમાણે હકીકત દાખલ કરેલી હતી.—

સોમવાર—હાજરી નિયમિત રાખવા વિષે નિશાળમાં સૂચના કરવામાં આવી; ત્રીજા ધોરણમાં કવિત પાઠ અપાતો હતો તે ઉપર દેખરેખ રાખી. ચોથા ધોરણમાં અપૂર્ણાંક વિષે પાઠ આપ્યો, કેમકે છલ્લી ત્રિમાસિકમાં એ ધોરણનો એ વિષય કાચો હતો.

મંગળવાર—કોપી કાઢવાના વખતમાં દરેક વર્ગની મુલાકાત લીધી, કલમ બરાબર રીતે ઝલાવવા બદલ સૂચના કરી.

બુધવાર—ધોરણ પેહેલામાં કેટલોક વખત કાઢ્યો; આ વર્ગ ઘણો નબળો હતો. મોઢેથી ગણિત સંબંધી પાઠ આપ્યો.

આવી નોટબુકમાં દરેક અઠવાડિયાની આખરે અઠવાડિયાના મુખ્ય કામનો સાર નોંધવામાં આવે તોય ચાલે.

ત્રિમાસિક પરીક્ષાનું પરિણામ—આપણે અહીં ત્રિમાસિક પરીક્ષાઓ શાળામાં કરવામાં આવે છે ખરી, પણ તેનું પરિણામ બાગેજ શિક્ષકની નોટબુકમાં હોય છે,—ઘણું ખરું તો તે ફાઇલમાંજ રેહે છે. એક શાળામાં નીચે લખ્યું છે તે ત્રિમાસિક પરીક્ષાનું પરિણામ પાટિયાપર ચોઢી રાખ્યુ હતુઃ—

ધોરણ.	ગણિત.	લેખન.	વાચન.	મનગણતી.	વ્યાકરણ.	કવિતા વાચન.	અર્થ પ્રશ્ન.	અક્ષર લેખન.	ભૂગોળ.	ઇતિહાસ.
૪	કા.	ટી.	સા.	ટી.	બિ કા.	ન.	સા.	ઘ. સા.	ઘ ન.	ઉ.

ઉપર જે નિશાનીઓ કરી છે તેના અર્થ આ પ્રમાણે છે.—કા–કાચું. ટી–ઠીક. સા–સારૂં. બિ. કા.–બિલકુલ કાચું. ન.–નબળું. ઘ. સા.–ઘણું સારૂં. ઘ. ન–ઘણું નબળું. ઉ–ઉત્તમ ઇત્યાદિ.

કવિતા—ઘણીક શાળાઓમાં કવિતા બોલવાની પદ્ધતિપર ધ્યાન આપવામાં આવતુ નથી. એકજ છંદ બોલવાની ઘાટી જુદી જુદી શાળાઓ જુદી જુદી હોય છે. દુર્ભાગ્યે આપણી શાળાઓમાં ગાયનનો વિષય ચાલતો ન હોવાથી કવિતા કર્ણમધુર રાગથી શિક્ષ

કોઈ જ બોલી ન શકે તો બાળકોને શી રીતે શીખવી શકે ? કવિતા બોલવામાં તાલ, અને સ્વર બે જાણવાની જરૂર છે જો એકથા તાલ માત્ર સરખા રાખવામાં આવે તો કવિતા બોલવાની ઘાટી સરખી થાય ઉપેન્દ્રવજ્રા, અનુષ્ટુપ, આર્યા, ગીતિ, વગેરે છંદો બોલવામાં છોકરા સર્વત્ર સરખીજ ભૂલો કરતા જોવામાં આવ્યા છે. જૂના કવિઓની જે કવિતા છંદોબદ્ધ નથી, પણ પદ, ગરબા દેશી, ધોળ, કે સિતાવર વગેરે રાગમાં છે, તે તો છોકરા બરાબર બોલી શકતા નથી અથવા ગમતી જુદી જુદી ઘાટી કરીને બોલે છે સુભાગ્યે શાળા ખાતાના મુખ્ય અધિકારી ખા. બા. દલાલ સાહેબનું ધ્યાન આ તરફ ખેંચાયું છે, અને તેથી આશા રહે છે કે કવિતા અને પદ દેશીઓ બોલવાનું ધોરણ થોડા વખતમાં એક સરખું થશે. ગાયન શાળાના શિક્ષકો તરફથી એવી એકાદ સહેલી સંગીત લેખન પદ્ધતિ તૈયાર કરીને શાળાઓમાં આપવામાં આવે તો વધારે અનુકૂળતા થાય ખરી.

સાધારણ માહિતી વિષે પાઠ આપવા—ઘણીક શાળાઓમાં ઉપલા ધોરણના છોકરાઓને વ્યવહારની સાધારણ બાબતો વિષે પ્રશ્નો કરવામાં આવે છે તો તેમાં તેઓ અજાણ્યા માલમ પડે છે તેઓ અમેરિકા અને જાપાનની જૂની વાતો કહેશે, કેમકે તે પુસ્તકોમાં લખેલી હોય છે અને તે પુસ્તકો શાળાઓમાં ચાલતાં હોય છે પણ તેમને હાલની ચાલુ બાબતોનું જ્ઞાન થોડું જ હોય છે કેમકે તેઓમાંના ઘણા ન્યુસપેપર વાંચતા નથી હોતા. તેમને જે બાબતોની માહિતી નથી હોતી તેમાંની થોડીક અહીં નમુના તરીકે જણાવી છે:—

૧ રજીસ્ટર સ્ટાંપની શાહી ક્યાં મળતી હશે ?

૨ હિંદુસ્તાનમાં ગમે ત્યાં કાગળ મોકલવો હોય તો અરધા આનાની ટિકિટમાં કેટલું વજન જઈ શકે ?

૩ ટપાલમાં સોના રૂપાના દાગીના મોકલવા હોય અને કદાચ તે ખોવાય તો આપણને નુકસાન ન લાગે માટે શું કરવું ?

૪ પોસ્ટ ખાતા સંબંધી બીજા અનેક પ્રશ્નો.

૫ હાલની [illegible] અધિકારી અને તેમની સત્તા, તથા સ્થાનિક રાજ્યો અને સાર્વભૌમ [illegible] વિષે પ્રશ્નો.

૬ સી. પી., બી. બી. સી. આઈ., એમ. પી., વગેરે સાધારણ પરિચયમાં આવતા આદ્યાક્ષરોના અર્થ વિષે પ્રશ્નો.

૭ ચાલુ વખતના પ્રખ્યાત માણસોની તેમના કામને લીધે ઓળખ તથા હાલના વખતમાં થઇ ગએલા પ્રખ્યાત માણસોની હકીકત

૮ કાગળ કે ચીઠી લખવાની રીત, સરનામું કરવાની રીત, વગેરે

बेनिननो राजा ओवरामी.

(સ્કૂલ ન્યૂસપેપરમાંથી)

બેનિન દેશનો રાજા " ઓવરામી " હાલમાં કેદી તરીકે પકડાએલો છે તેના વિશે એક ટુંકી હકીકત મારા પ્રિય વાચકોના આગળ હું મુકું છું:—

એ તો સૌને યાદ હશે કે બેનિન એ આફ્રિકામાં નાઈજરકાંઠાના પ્રદેશમાંનો એક ભાગ છે. તે દેશમાં ત્યાંના રાજાની ઇચ્છા નહિ હોવાથી તેમજ લોકોની જંગલી રીતભાતને લીધે વેહેપાર રોજગાર ચલાવવાનું કામ ઘણું મુશ્કેલ છે.

સન ૧૮૯૭ ના જાન્યુઆરી માસની પેહેલી તારીખે કાંઠા તરફથી એક ગોરા લશ્કરની ટુકડી સલાહનું કહેણુ લેઈ બેનિન શહેર તરફ આવી. બેનિન લોકોના રાજાએ આખી ટુકડીની કતલ કરી નાંખી એવી ત્રાસદાયક ખબર એજ મહિનાની તા. ૧૧ મીને રોજ સાંભળવામાં આવી, પણ તેમ નહોતું.

તે ટુકડીમાંના બે અંગ્રેજો તેમાંથી બચીને નાશી ગયા હતા, તેમાંનો એક એ સંબંધી એવી હકીકત કહે છે કે જ્યારે અમે દેશી લોકોની બંદુકોના અવાજ પહેલ વહેલા સાંભળ્યા ત્યારે અમે ધાર્યું કે અમને સલામી અપાતી હશે અને તેથી તે મુબારકબાદીની નિશાની છે એમ અમે જાણ્યું. પણ એટલામાં તરતજ અમને માલમ પડ્યું કે આ કંઈક અમારી ઉપર હુમલો થયો હોય એવું છે અને તે ખરૂંજ હતું; કેમકે તેમાંના કેટલાએક અમારાં જે માણસો પાછળ રહ્યાં હતાં તેમના તરફ હથિયાર લુંટી લેવાના ઈરાદાથી ધસ્યા.

પેહેલ વેહેલાં તો અમારાં માણસોએ સારી પેઠે તેમના સામે ટક્કર લીધી, પણ પાછળથી તેમની પાસે કંઈ હથિયાર રહ્યાં નહિ ત્યારે તેમણે તેમનાથી બનતા પ્રયાસે તેમની પાસેની લાકડીયોથી પોતાનો બચાવ કર્યો. દેશીઓ અમારી નજીક આવવાને ઘણા નાખુશ હતા, પણ તેઓ ઝાડ પછવાડે સંતાઈ રહીને અમારા ઉપર પોતાની બંદુકોના અવાજ કરતા હતા.

તેમણે અમારામાંનાં કેટલાંએક માણસોને ઘાયલ કર્યા પછી બેનીન લોકોએ પાછળથી છાનામાના આવીને અમારા બે સિવાયના સઘળાઓને જીવથી મારી નાંખ્યા, અને અમે બે છાનામાના ઝાડીમાં નાશી ગયા. કેટલાએક દિવસ સુધી અમારી પાછળ પડનારાઓથી સંતાઇને જંગલમાં રખડ્યા પછી આખરે અમો એક નાની ખાઈમાં આવી પહોંચ્યા. અહીં અમોને અમારા સ્વદેશી ભાઇઓ મળ્યા. તેમણે અમને તેમની નાની હોડીઓમાં સંતાડ્યા અને હોડી હંકારી અમને બેનિન નદીમાં લેઈ ગયા. અમારી પાંચ દિવસની રખડપટીમાં અમારી પાસે, સવારમાં પાંદડાં ઉપર જે ઝાકળ પડતું હતું તેના પાણી સિવાય, બિલકુલ ખાવાનું કે પીવાનું કંઈ હતું નહિ. આ બેમાંના એક કહે છે કે હું ધારૂં છું કે એક દિવસ વધારે અમારે રખડવું પડત તો નિશ્ચય પાણી સિવાય અમારા બંન્નેના જીવ જતા રહેત.

જ્યારે બ્રિટિશ સરકારને આ કતલ વિષેની ખબર થઈ ત્યારે તેમણે બેનિનના રાજાને શિક્ષા કરવાને અને ગોરા લોકો જે સલાહ શાન્તિથી સંદેશો લેઇ તેમની મુલાકાતે

આવ્યા તેમને મારી નાંખવા નહિ જોઈએ એવું તેની પ્રજાને શીખવવા માટે એડમીરલ રૉસનને એક હથિયારબંધ લશ્કર આપી મોકલ્યો. આ લશ્કરની ટુકડી તા. ૧૦ મી ફેબ્રુઆરીને રોજ કુચ કરી તા. ૧૮ મીએ બેનિન શેહેરમાં આવી પહોંચી. જ્યારે લશ્કર રાજધાનીના મેદાનમાં આવી પહોંચ્યું ત્યારે દેશી લોકોએ તેમને ઘણી રીતે સતાવ્યા. પછી જ્યારે મુખ્ય ધોરી રસ્તા ઉપર તેઓ આવ્યા ત્યારે તેમને માલમ પડ્યું કે દુશ્મને દૃઢ નિશ્ચયથી અટકાવ કરવાને લશ્કર એકઠું કરેલું છે

ગોરા અને કાળા બન્ને લશ્કર વચ્ચે ઘણુંજ જુસ્સાથી લડાઈ ચાલી. અંગ્રેજોને આઠ કલાક સુધી સૂર્યની સખત ગરમીમાં અને તે પણ ઝાડીમાં વગર ફાવટની લડાઈ લડવી પડી હતી.

ઘણીજ ભયંકર લડાઈ ચાલી અને આખરે અંગ્રેજો જય પામ્યા. તેમને આખું શેહેર માણસના લોહીની નીકોમાંથી નીકળતી વરાળથી છવાયેલું માલમ પડ્યું. ઘણા માણસો ઝાડ ઉપર ચઢી ગયા હતા, તેમના મુડદા ત્યાંજ લટકતા હતા અને તેમાંથી લોહીની ધારાઓ વેહેતી હતી. રાજા અને તેના કેટલાક અમીર નાશી ગયા હતા, તેમની શોધને માટે કેટલીવાર સુધી તપાસ કીધી પણ કંઈ પત્તો લાગ્યો નહિ

રાજાને તેની રાજધાનીમાં પાછો આવતો અટકાવવાનો અને આવી રીતે જુલમથી તેને રાજ્ય નહિ કરવા દેવાનો વિચાર કરી એક દેશી સિપાઈના લશ્કરની ત્યાં છાવણી નાંખી અને એક ટુંકા વખતમાંજ અજાયબ જેવો ફેરફાર થઈ ગયો. મનુષ્યની જીંદગી અને મિલકતનું સંરક્ષણ પ્રથમ તે દેશમાં કોઈ વખતે નહિ થયેલું તેવી રીતે કરવામાં આવ્યું.

તારીખ ૫ મી આગસ્ટને રોજ રાજા પોતાની મેળે તાબે થઈ બેનિન શેહેરમાં આવ્યો અને તેની અને તેના સરદારોની આ બાબત તપાસ ચાલી છ સરદારોને ગુન્હેગાર ઠરાવ્યા પણ રાજા પોતે આ કતલમાં સામેલ હોય તેનું કાંઈ સાબીત થયું નહિ

જે છ સરદારો ગુન્હેગાર માલમ પડ્યા તે પૈકી એકનો તપાસ ચાલતાં પેહેલાંજ ગુજરી ગયો, બે જણે આપઘાત કર્યો, બેને ફાંસી દેવામાં આવી, અને બાકીનો એક જે રાજાની પાછીનીજ પદીનો હતો તેના વિષે હજી મુલતવી રાખવામાં આવ્યું છે. તે દરમિયાન રાજાને કબજે રાખવામાં આવ્યો હતો

હાલમાં તેને "આઈવી" આગબોટમાં બેસાડી "ઓલ્ડ કેલેબાર" લેઈ જવામાં આવ્યો છે. આ લેઈ જવાના માર્ગમાં આવતા જુદા જુદા ગામોના લોકોને તે રાજા અંગ્રેજના હાથમાં બરોબર સપડાયેલો છે એવું બતાવવાને આખી મુસાફરીમાં આ કાળા નિર્દય રાજાને આગબોટના તુતક ઉપર રાત દિવસ રાખવામાં આવ્યો હતો.

એક અંગ્રેજ વેપારી જે સોળ વરસ સુધી બેનિન ડિસ્ટ્રીક્ટમાં રહ્યો હતો અને જેણે ત્રણ વખત બેનિન શેહેરની મુલાકાત લીધેલી હતી તેમજ રાજા સાથે પણ ઘણીવાર વાતચિતના પ્રસંગમાં આવેલો હતો, તે એમ જણાવે છે કે આ કતલ શરૂ થઈ ત્યાં સુધી રાજાને તે વાતની ખબર હોય એમ તે માનતો નથી

હબશી રાજા તરીકે આ રાજા ઘણા ખુશનુમા ચેહેરાનો માણસ છે. તેની આંખો જો કે જરા નાની છે તથાપિ હસમુખા દેખાવની છે. તેની દાઢી ટુંકી અને ગુચ્છાદાર છે. અને બધાં રીતે જોતાં તેનો ચ્હેરો તે પોતે ઘણોજ બુદ્ધિમાન છે એવું સ્પષ્ટ જણાવે છે.

S. N. B.

सुशिक्षक.

(પાછળ પૃષ્ઠ ૯૯ થી ચાલુ).

આસિ.શાંતિરામના મનમાં તો શાંતિજ હતી; કારણ કે ત્યાં તો કોઇ પણ વખતે અમુક કર્તવ્યને માટે શું કરવું છે, કેવી રીતે કરવું છે, અથવા કંઇક પણ કરવું છે, એ વગેરે વિચારવાનો અવકાશજ નહોતો. જેમ આવ્યું તેમ કરી દેવું, કોઇક બતાવે તો તેમ; અગર તો પોતાની મેળે ગમે તેમ. પરંતુ તે યોગ્ય થયું કે નહીં એ વિચારવાનું કંઈ નહીં. એમ ગમે તે દોર ઉપર ચાલતા **શાંતિરામને** મહેતાજીના ઉપરના બોલવાથી કંઇ શોચ પણ થયો નહીં, તેમજ આનંદ પણ થયો નહીં. કારણ કે કોઇ પણ તેવી-પ્રવૃત્તિમાંથી મળતા આનંદને તે આનંદ માનતોજ નહોતો. તેને મન તો નિવૃત્તિ-શાંતિ એજ પરમ સુખ-આનંદ હતું.

આસિસ્ટંટ **નરસેરામ** અને **બાળકરામ** આ બન્નેને એની અસર જૂદીજ હતી. કારણ કે તે બન્નેને શિક્ષક તરીકેનો કશો પણ સંસ્કારજ નહોતો. છોકરાઓને બોલાવવા જવાની જરૂરજ નથી; જો આપણા શિક્ષણમાં રસિકતા હોય તો તેઓ તો એની મેળેજ આવે; આવું આવું સાંભળી તેઓ તો ચકિત થઇ ગયા. આપણું શિક્ષણ રસિક થાય, અને તેથી છોકરાઓ હોંસે હોંસે વહેલા આવે; આ બીના તેને મનતો હવામાં બાચકાં ભરવા જેવીજ લાગી. કેમકે તે બન્નેએ તેવો કોઇ પણ નમૂનો જોયોજ નહોતો; એટલુંજ નહીં પરંતુ તેવો કોઈ નમુનો હશે એમ વિચારમાં પણ આવ્યું નહોતું. તે તો એ રિવાજ કાઢી નાખવાથી પોતાના ખાનગી કામ થતાં અટકશે, અને હવે તે શી રીતે કરાવી શકાશે, એજ વિચારમાં પડ્યા હતા. આખર તેમણે પોતાના મનથીજ રસ્તો શોધી કાઢ્યો. ' હશે, આપણે હમણાં કંઇ બોલવું નહીં, મહેતાજીની આ યુક્તિથી કંઈ છોકરાઓ હાજર થઇ જશે નહીં, એટલે એની મેળેજ મહેતાજી ઠેકાણે આવશે ' આમ ધારી તેઓ છાનામાના પોતપોતાને ઠેકાણે જઈ બેશી ગયા.

પ્રવીણશંકર માનતો હતો કે મારા આ બોલવાનો કંઇક પ્રત્યુત્તર મળશે. પણ તેઓ ચુપચુપ ચાલ્યાજ ગયા, જોઈ તેઓએ મારા કહેવા ઉપર કંઈ વિચારજ કર્યો નથી-લક્ષજ આપ્યું નથી, એ સમજી ગયો. તેમણે વિચાર્યું કે-" હજી એમાં શિક્ષણીય સંસ્કારોજ નથી. માટે આપણે તેમની સાથે શિક્ષણનીજ વાતો કરવી: શિક્ષકનું અમુક કર્તવ્ય છે, અને તે આવી રીતે, આટલા માટે, કરવાનું છે, એ તેને પ્રસંગોપાત્ત તેની લાગ-

રીતે અમર કરે તેમ કહેવું; તેની સાથેજ ખાનગી વાતોમાં પણ ભાગ લેવો; અને તે વાતોમાં પણ શિક્ષણની વાતોને ભેળી દેવી હવે પછી એના પ્રત્યે એજ કર્તવ્ય છે "

" આજરોજ મેં એને છોકરાઓને બોલાવવા જવાની વાતો કહી, અને તેને માટે શિક્ષણમાં રસ આવવાની યુક્તિ બતાવી, પણ તેમાં હાલ હું સફળ થઇ શકીશ નહી કારણ કે હાલ તો તેમને પોતાને પણ શિક્ષકના ધંધામાં રસ પડતો હોય એમ જણાતું નથી તેમને ધંધામાં રસ લાગે, અને છોકરાઓને પણ રસભર લાવી શકે, તેમ થતાં તો હજી બહુ વાર લાગશે, પણ તે પ્રમાણે કર્યાં વગર છૂટકોજ નથી ધીરે ધીરે રહેતાં રહેતાં તેને શિક્ષણના વિચારો આપી શકીશ, તેના વિચારોને સુધારી શકીશ, અને તેની પદ્ધતિને ફેરવી શકીશ "

" વારુ; એ બધું ઠીક છે, હવે પછી કરીશું " કહી તે વખતે તો બંધ કર્યું અને પોતાનું ધોરણ તપાસવા માંડ્યું પ્રથમ તો બધો અભ્યાસ ઉપર ઉપરથી જોઇ લેવો, અને પછી નવો શરૂ કરવો આમ ધાર્યું પણ શું જુએ ? તડાકેરામભાઇએ શીખવ્યું હોય તો જુએ કે ! તેમનું શીખવવું કેવું અને ક્યારે કે જ્યારે પરીક્ષા આડા બે માસ રહે ત્યારે ભાઇ સાહેબ ખરેખર મંડે છોકરાને હોકારો, માસ્તરોને હોકારો, અને આખો દિવસ ગોખાગોખ પોતે પણ આખો દિવસ મચ્યા રહે, મોટી લઇ દરેકની પછવાડે લાગ્યા રહે; અને આપેલો પાઠ બરાબર ગોખાયો છે કે નહી તે તપાસ્યા કરે છોકરાઓ બિચારા ગોખી જાય; પાઠ કરી લખે, અને એવીજ રીતે દરેક વિષય કે જે ધીરે ધીરે સમજથી શીખવવા વર્ષ પણ ઓછું પડે, તે બે માસમાં તડાકેરામભાઇની અદ્ભુત શક્તિથી કડકડાટ આવડી જતો આ પ્રમાણે પરીક્ષા પહેલાંના બે માસમાં આખો દિવસ કામ ચાલ્યાજ કરતું, એટલુંજ નહી, પણ રાત્રિએ સુદ્ધાં ધમાધમ મચી રહેતી રાત્રિના સાતથી દશ સુધી છોકરાઓને " મેહેતાજીના ઓરડે " એ જવું પડતું અને ત્યાં પણ દિવસના જેમજ ધમાધમ મચી રહેતી આમ મોસમમાં ચાલતા કપાસ પીલવાના સંચાની પેઠે રાત્રિ દિવસ ધમધોકાર કામ ચાલ્યા કરતું —પરંતુ તે ઉપર કહી મોસમેજ,—સિવાયના વખતમાં તો ભાઇ સાહેબ નિરાંતમાં પડી રહે, તડાકા મારે, અમર તો ઉંઘી રહે છોકરાઓ પણ વખતે ભાઇ સાહેબને રાજી કરવા હજુરમાં બેસી તડાકામાં ભાગ લે, અમર તો ખાસ પોતાનુંજ મંડળ જાડું કરી તેમાં તડાકા મારે

એમ માસ્તરનું ચાલતું તેમજ આસિસ્ટંટોનું પણ ચાલતું. નરભેરામ ભાઇને તો એનું જ જોઇતું હતું. તે તો માસ્તરનાજ સહવાસી, અને માસ્તરનાજ દોસ્તભાઇ, તેની સાથે બેસી રહે, ગામગપાટા હાંક્યા કરે અને છોકરાઓ એની મેળે એના જેવું બન્યા કરે. આસિસ્ટંટોમાં જે કોઇ સારા હતા, તેમને પણ તેના જેવું થયું પડતું જો કે તેઓ તેમાં બધી રીતે ભાગ હમેશાં ભળતા નહી, તો પણ કેટલીકવાર ભળવું પડતું હતું, અને એમ આળસુ અને પ્રમાદીના સમાગમે રહી તેનો પણ કંઇક અસર લેવો પડતો એટલુંજ નહીં પણ આખરે તેઓમાં પણ

" સોબત તેવી અસર સંગ તેવો રંગ "

જેવું થયા વગર રહ્યું નહોતું અંતરથી તેઓ નાપસંદ હતા, તોપણ એ બધું ભૂલી ગયા હતા, અને ઉપર ઉપરથી ગમે તેમ ચલાવતા હતા.

૧

આ પ્રમાણે શીખવાડેલા કામમાં પ્રવીણશંકરને કંઇ પણ ન જણાય, એ સ્વાભાવિકજ હતું. અત્યારે તો પરીક્ષાને ગયે હજુ બેજ માસ થયા હતા એટલે અભ્યાસ કંઇ હોયજ શેનો ? હજુ તો અભ્યાસ પુસ્તકોમાં બે ચાર દિવસ થયાં છોકરાઓ પાસે આવ્યો હતો. છોકરાઓને પૂછવા માંડયું, પણ તેમણે પુસ્તકોજ ઉઘાડયાં ન હોતાં, પાછળનું પૂછવા માંડયું તો તેઓ ગોખેલું કંઇક તડાક તડાક બોલી ગયા. અને કંઇક તો બહુ ગોખેલું હોવાથી ભૂલીજ ગયા હોય એમ જણાયું. ઈતિહાસ વગેરેમાં અમુક રાજાના અમુક બનાવની પ્રથમની જરા હકીકત કહેતાં પાછળની ચોપડીમાં લખેલી લીટીઓ અક્ષરશઃ બોલી જતા; પણ જ્યારે પ્રથમ ભાગ કહ્યા વગર પૂછવામાં આવતું; ત્યારે ધબડક થતું. સિવાય તેમાં કંઈ બુધ્ધિ ચલાવવાનું પૂછવામાં આવતું તે તો તેમને વિચિત્રજ લાગતું. આખર એમાં અત્યાર સુધીમાં કંઇજ નથી એમ જોઇ લીધું. પણ ' હરકત નહીં. હજુ કંઇ ગયું નથી. ' કહી હિમ્મત ધરી. વખતપત્રક (ટાઈમટેબલ) હાથમાં લીધું, અને જોયું કે અભ્યાસ કયા ક્રમે શીખવાય છે; પરંતુ ત્યાં સુધ્ધાં અંધેર હતું. ત્રિમાસિક હપ્તો બદલાઈ ગયો હતો; પણ વખતપત્રક કરે કોણ ? તે પહેલાનું તો પરીક્ષાનો પ્રસંગ હતો, એટલે ચોડવું પડયું હતું. નહીંતર તો તેના સામું જુએજ કોણ ? બીજા વર્ગોમાં પણ પોતે જઈ જોઈ આવ્યા; તો ત્યાં પણ તેવું તેજ હતું. " ઠીક છે; તેની વાત દસ વાગ્યા પછી લઇશું " કરી હાલ કામ ચાલવા દીધું. અને પોતે બધાનું શી રીતે ચાલે છે; એ વખતપત્રકની કંઇ પણ ગરજ પડે છે કે નહીં; વર્ગ કેવી રીતે શીખવાય છે; વગેરે જોવા માંડયું. પરિક્રમણ કરી બધા વર્ગનું જોઇ લીધું, પણ કોઇને કશુંય કહ્યું નહીં.

(અપૂર્ણ.) कुसुम.

निबंधमालिका.

વિષય ૧૧ મો—નજીવી બાબતો મોટાં પરિણામ નિપજાવે છે.

પ્રસ્તાવિક વ્યાખ્યા—જેને આપણે નજીવું કારણ કહીએ છીએ અને ધ્યાન પર લેતા નથી તેજ કારણથી વખતે મોટાં પરિણામ નીવડે છે.

1. નકામી ગણાતી વસ્તુઓને ઘણી નાની વસ્તુ ઉપયોગી બનાવે છે. જેથી એક એકડો મીંડાને ઉપયોગમાં આણે છે. એકડા વિનાનાં સો મીંડાં નકામાં.
2. કોઈ સંખ્યાની હારમાં જો ઘણો નજીવો ઉમેરો કરીએ તો આગલી સંખ્યાની કિંમતના ગુણાકારમાં ઘણો મોટો ફેરફાર થઈ જાય છે. જેમ ૬ × ૭ એકમનો ગુણાકાર ૭૨૦ છે, પણ એક સંખ્યા જો ઉમેરીએ તો તેનો ગુણાકાર ૫૦૪૦ સુધી થઈ જાય છે.

× આ પ્રમાણે—૧×૨×૩×૪×૫×૬=૭૨૦
પણ—૧ × ૨ × ૩ × ૪ × ૫ × ૬ × ૭=૫૦૪૦

૩ પ્રસંગોજ બારીક બનાવ વખતે ભયંકર પરિણામ ઉપજાવે છે જેમ કે, દારૂગોળા દેવતાનો તણખો પડે તો પર્વતોનાય પાણી મૂકે છે

૪ એક નજીવા અને તાત્કાલિક બનાવ ઉપરથી ઘણી મુદતથી ધારેલી ધારણા ધૂળિભૂત થવાની આશા ભંગ થાય છે

૫ અકસ્માત્ બનાવ થોડી મુદતમાં પાયમાલી કરી નાખે છે કે સ્થિતિ સુધારી દે છે

૬ નાનું અને મોટું, ઉપયોગી અને નજીવું, એ સઘળું ઉપયોગ જાણનારાઓજ સમજી શકે છે રેલવેના પાટાની વચ્ચે એક મોટું લાકડું નાખવું એ એન્જીન સંબંધી માહિતી વિનાના માણસોને મન કાંઈ નથી, પણ જેઓ જાણે છે તેઓ તો સમજે કે તેથી મોટા અનર્થ નીપજે છે

દૃષ્ટાંત અને રૂપક—આંગળીમાંનો એક ફાંસો (Splinter) માણસને બહુ દુખ કરે છે અને જીંદગીને પણ વખતે જોખમમાં નાખે છે

ब વડનું બી સઘળાં બીજ કરતાં નાનું હોય છે પણ સઘળાં ઝાડ કરતાં તેનું ઝાડ બહુ મોટું થાય છે

क દેવતાનો એક તણખો સૂકા પાંદડાપર પડવાથી મોટામાં મોટું જ ગજબ કરે છે

ड સાગમાંનો કીડો આખા વહાણને ભાંગી નાખે છે હજારોના મોત આણે છે અને લાખોને શોક ઉપજાવે છે

ढ જરાક ઝેર પીવાથી મૃત્યુને વશ થવાય છે

ઐતિહાસિક દૃષ્ટાંત—એમ કહે છે કે નેપોલિયનને તેના બચપણના વખતના તેના મિત્રો તરફથી એક પિત્તળની તોપની ભેટ મળી હતી ને ઉપરથી બારમા વર્ષથીજ તેનામાં લડાઈની પ્રીતિના મૂળ રોપાયાં હતા

ब લંડનમાં ૧૭૮૬ ની સાલમાં જે મોટી આગ લાગી હતી તે એક નોકરથી બની હતી. તે નોકર પાસે મીણબત્તીનો તણખો બેદરકારીથી એક ઝુંપડી-પર પડ્યો અને બીજા સારી રાતના વખતમાં મોટી ભયંકર આગ લાગી.

क ઝાડ પરથી ફળ નીચે જમીન પર પડ્યું ને ઉપરથી સર ઐઝાક ન્યૂટનને ગુરૂત્વાકર્ષણનો તર્ક સૂઝ્યો

ધાર્મિક દૃષ્ટાંત—જીંદગી એ અકસ્માતનો ભારો છે.

ब નાનો તણખો મોટી આગ સળગાવે છે

क થોડી બેદરકારીથી મોટા અનર્થ નીપજે છે.

ड નજીવી બાબતો માણસના સુખમાં ઉમેરો કરે છે

સમાપ્તિ—આપણે આપણા તમામ વિચારોમાં સંભાળવું જોઈએ અને આપણા માર્ગ બરોબર બારીકીથી તપાસવા જોઈએ

મો. વી. ગાંધી.

इमारतने माटे वात.

તમારી ફરજ બજાવો.

દરેક વસ્તુ કહેવા કરતાં કરવી મુસ્કેલ છે. વાત કહેવી એ સહેલું છે, પણ તેને અમલમાં લાવવી એ અઘરૂં છે. માટે હમેશાં કંઈપણ કરી બતાવવા કરતાં કરી બતાવવાની ટેવ પાડવી એ જરૂરનું છે. એ બાબતમાં નીચે બતાવેલા એક નાના દૃષ્ટાંત ઉપરથી સહજ ધ્યાનમાં આવશે.

એક ગૃહસ્થને ત્રણ નાનાં નાનાં છોકરાં હતાં. તેને ત્યાં એક પોપટ અને એક પાળેલો કૂતરો હતો. આ બે જનાવર તે ત્રણે છોકરાંને બહુજ વ્હાલાં હતાં. પણ " બોલતું છોકરૂં સૌને વ્હાલું લાગે છે " તે પ્રમાણે પોપટને તે છોકરાંએ " તમારી ફરજ બજાવો, " એટલા શબ્દો સારી રીતે શિખવ્યા હતા. અને તેથી તે વારંવાર " તમારી ફરજ બજાવો " " તમારી ફરજ બજાવો, " એમ પાંજરામાં બેઠો બેઠો બોલ્યા કરતો હતો. તે ઉપરથી તે બધાને બહુજ વ્હાલો લાગતો હતો. કૂતરો એ મૂંગો પ્રાણી હોવાથી તે કંઈ બોલી શકતો નહોતો અને તેથી તેના ઉપર પોપટના કરતાં કંઈક ઓછું લક્ષ આપવામાં આવતું હતું.

એક દિવસ તે ત્રણે છોકરાં પોતાના ઘરની આસપાસ નજીકના એક મેદાનમાં રમવા ગયાં હતાં. ત્યા સાથે પોપટને લઈ ગયા, અને કૂતરો પણ તેમની પાછળ પાછળ ગયો. આ મેદાનમાં થઇને પાણીનો એક વહેળો પુષ્કળ જોરથી વહેતો હતો. ત્યાં આગળ રમતાં રમતાં તેમાંનું એક સૌથી નાનું છોકરૂં તેના કિનારા ઉપરથી ગબડી જઈ પાણીમાં પડ્યું અને તણાવા લાગ્યું. તે વખતે પોપટ ગભરાટમાં બોલ્યો કે " તમારી ફરજ બજાવો, " " તમારી ફરજ બજાવો, " " તમારી ફરજ બજાવો. " બેઉ છોકરાંને હવે શું કરવું તેની કંઈ સૂઝ પડી નહીં, અને બહુજ ગાભરાં બની ગયાં. પણ એટલામાં પાણીમાં ઓચિંતો એક ધબાકો સંભળાયો, અને તરતજ તેમણે કૂતરાને પોતાના મોંમાં છોકરાને પકડી કિનારા તરફ આવતાં જોયો. એક ક્ષણમાં બન્ને ભાઇઓએ કૂદકો મારી તેમના નાના ભાઇને પકડી લીધો, અને તે પળથી હવે કૂતરો તેમનો ઘણોજ માનીતો થયો તે કૂતરો " તમારી ફરજ બજાવો " એમ મોઢેથી કંઈ કહી શક્યો નહીં, પણ તેણે તે પ્રમાણે કરી બતાવ્યું, અને તેના આ ઉમદા કાર્યને લીધે તે ઘણોજ સ્તુતિપાત્ર થયો. તાત્પર્ય એ છે કે પોપટની પેઠે મિથ્યા ભાષણ કરવા કરતાં કંઈપણ કાર્ય કરી બતાવી તેમાં જય મેળવવો એ અતિ પ્રશંસનીય છે.

चर्चापत्रो.

૧

ગાડાનાં માસ્તર પ્રાણલાલ માણેકલાલ લખે છે કે—નીચેનું ચર્ચાપત્ર આપના કેળવણી ચોપાનીયામાં દાખલ કરી તેનો ખુલાસો તેના કર્તા મિ. છગનલાલ લલ્લુભાઇ મદદ તરફથી આપના ચોપાનીયાદ્વારા પ્રગટ થાય તેમ કરશો મહેરબાની થશે.

પૃષ્ઠ. ૨૧ મા કારતક વદી ૮ નો મેળ મળવા સારૂ જે રકમો આપી છે તેમા એક રકમ નિચે મુજબ છે —

બાબત.

" પા. લખુ લલ્લુને રૂપીઆ જોઈતા હતા તેથી પાછલા રૂ. ૨૨૪ાા ∽ હતા તે વાળી લઈ બાકીના રૂપીઆ આપી, રૂ ૨૫૫ાા ∽નુ નવુ ખત લખાવી લીધું." આવી રીતની હકીકત છે તેથી લખુ લલ્લુને ખાતે રૂ ૨૫૫ાા ∽ મધાળે ઉધારીને રોકડમા વીગત આવે અને જે જુના રૂ ૨૨૪ાા ∽ વાળી લીધા તે તેને નામે જમા કરવા જોઇએ તેને બદલે તેમ ન કરતા ફક્ત રૂ. ૭ાાા સદરે ઇસમને નામે ઉધારેલા છે, તો તે બદલ વિસ્તાર શાહનો શો ખુલાસો છે, કે જેથી ખરી હકીકત કારણ સહિત જાહેરમાં આવે અને શીખવનારની અડચણ દૂર થાય. ૨

પુનાસણ કન્યાશાળાના મેહેતાજી હરિશંકર મુળજી લખે છે કે, બીજી ચોપડીના તેત્રીશમા પાઠમાં " પશુ પખી નર નારને, જુઓ જન્મની વાર, પણ કરી ઘી દૂધ છે, એજ પ્રાણ આધાર. " એમ છે. હવે પશુ, નર અને નારીને તો ઘી દૂધનો આધાર ખરો, પણ પખી તો એકલો ચારોજ ખાય છે તથા તેમના માદાઓને થાન નથી, માટે તેમને ઘી દૂધનો આધાર કેમ મનાવે ?

ग्रंथावलोकन.

અનાચારનો અખાડો કિંવા કન્યાવિક્રયનો કોપ—કર્તા પ્રભાશંકર રતનજી ઉપાધ્યાય, પ્રકાશક પોપટલાલ વિ. હંસરાજ શેઠ, મોરબી શુભેચ્છક પત્રિકાના તંત્રી, ભાવનગર. આ પુસ્તક મોટે શુભેચ્છક પત્રિકાના ગ્રાહકોને ભેટ આપવામા આવ્યુ છે. કન્યાવિક્રય કરનારા કેવા નિંદ્ય છે તથા તેથી કેવી હાનિઓ અને અનાચાર ફેલાય છે, તે વિસ્તારથી એક વાર્તાદ્વારા વર્ણવ્યુ છે. વર્ણનશૈલી ઠીક છે શરૂઆતમા પિતા સાથે પુત્રી પોતાના સંબંધનો બળાપો કરી ઉપદેશ કરે છે એમ વર્ણવ્યુ છે, ત્યા પુત્રીને બદલે બીજુ કોઈ પાત્ર યોજ્યું હોત તો વધારે ઠીક થાત ઉત્તરના ભાગમા વાર્તાપ્રસંગ પણ ઠીક વર્ણવ્યો છે કન્યાવિક્રયના ભોગમા ફસાયેલા મનુષ્યોએ અવશ્ય વાંચવા યોગ્ય છે પૃષ્ઠ ૧૨૮ ની કીમત દશ આના છે

ઘરસંસાર—આ પુસ્તક રા. રા. મથુરભાઈ કાળિદાસ પટેલ, એમણે છપાવી પ્રસિદ્ધ કર્યું છે એમા બધા મળીને નવ પ્રકરણ છે પ્રથમ સ્ત્રીઓને કેળવણી આપવાની જરૂર છે, એ વિવિધ રીતે સિદ્ધ કર્યું છે બીજા પ્રકરણમા સ્ત્રીઓનુ કુટુંબ સાથે આચરણ કેવુ જોઈએ તે વિષે બોધ કર્યો છે કુટુંબમા છોકરા, સ્વામી, નણંદ, જેઠ, જેઠાણી, સાસુ સસરો, દિયર દેરાણી, દાસ દાસી, વગેરેનો વર્ગ જુદો જુદો કરી તે પ્રત્યે પ્રત્યેક સ્ત્રીના

શા ધર્મ છે તે બતાવ્યું છે. ત્રીજા પ્રકરણમાં રસોઇ સંબંધી અને ચોથામાં ઘરવ્યવસ્થા સંબંધી ઉપદેશ છે. તે પછીનાં પ્રકરણોમાં સ્ત્રીઓએ નવરાશનો વખત કેમ ગાળવો, ખર્ચ ખૂટણમાં કેમ વર્તવું, સંતતિને સારી શી રીતે કરવી, વગેરે વિષયનો બોધ કર્યો છે. પુસ્તક કેવળ બોધથી ભરપૂર છે. આવાં પુસ્તકો સ્ત્રીઓ વાંચે અને તેને અનુસરે તો તેમને બેશક લાભ થાય. પૃષ્ઠ ૭૦ કીમત રૂ૦-૬-૦ છે. કર્તા પાસેથી તથા વડોદરામાં બુકસેલર દોલતરામ મગનલાલ શાહ પાસેથી મળશે.

स्वीडन बोर्ग.

(પાછળ પૃષ્ઠ ૯૬ થી ચાલુ)

ખરું લગ્ન સ્નેહ શું છે એ બતાવવા માટે સ્વીડનબોર્ગે પોતે સ્વર્ગમાં જોયેલા એક લગ્નપ્રસંગનું વર્ણન આપ્યું છે. આપણને એ વાત જાણે સ્વપ્નમાં જોયેલી વાતનું કથન હોય એવી લાગે છે, એમ છતાં સ્વીડન બોર્ગને મતે એ વાત જાગ્રત સૃષ્ટિના જેટલીજ સત્ય છે. એ કથા ઉપરથી ફલિત એ થાય છે કે સ્વર્ગનાં લગ્ન વિશુદ્ધ હોય છે તથા ત્યાંની કુમારિકાઓ અશુદ્ધ સ્નેહથી સ્વભાવતઃ દૂર જાય છે.

ગ્રંથકાર અહીં આગળ બીજો એક એવો સિદ્ધાંત કરે છે કે આ લોકમાં જે સ્ત્રી છે તે સદાકાળ સ્ત્રીજ રહે છે, અને પુરૂષ છે તે પુરૂષજ રહે છે. આ બાબતનું સ્પષ્ટીકરણ પછીના પ્રકરણમાં પૃષ્ઠ ૩૩ માં જોવામાં આવે છે. ત્યાં લખે છે કે શરીરની ઉત્પત્તિ મનમાંથી છે; અને મન ઇચ્છાનું પરિણામ છે. મનુષ્યના સૂક્ષ્મ શરીરમાં સંસ્કાર સહિત મન બદલાતું નથી, એ વાત તો અધ્યાત્મવિદ્યા જાણનારાઓને માન્ય છે. હવે જો મનથી શરીરની ઉત્પત્તિ માનીએ તો ઉપર કહેલી વાત માનવા જેવીજ છે. પણ આ બાબતનો વિવાદ પ્રસ્તુત પ્રકરણને વિશેષ ઉપયોગી નથી માટે એ વિષે વિશેષ વિસ્તાર કરવાનું કારણ નથી.

સ્વર્ગનાં શરીરો સૂક્ષ્મ હોવાને લીધે તેમનાં લગ્નમાંથી બાળકો પરિણમતાં નથી. પણ તેમાંથી સ્નેહ અને જ્ઞાન પરિણમે છે અહીં એક શંકા થાય છે કે સ્નેહ અને જ્ઞાન લગ્નમાંથી પરિણામ પામે છે, ત્યારે લગ્ન પૂર્વે તેની ઉત્પત્તિ ન હોવી જોઇએ. વળી એ સ્નેહ અને જ્ઞાન પતિવ્યક્તિનાં ભિન્ન ભિન્ન હોવાં જોઇએ. વળી તે પરિણામજન્ય કાર્યરૂપ હોવાથી નશ્વર હોવાં જોઇએ. જો આ અંગમાં વપરાતા સ્નેહ અને જ્ઞાન શબ્દોની સ્પષ્ટતર વ્યાખ્યા આપી હોત, તો કદાચ આ શંકાઓને અવકાશ મળત નહિ.

" પ્રભુ આપણાં હૃદય સ્વર્ગમાં કે નરકમાં જ્યાં હોય ત્યાં આપણને પ્રકટ કરે છે " આ એક સ્વર્ગમાં વિશુદ્ધ લગ્ન સ્નેહ તથા સંબંધી સૂત્ર વચન છે. મનુષ્યની કોઇ કલ્પના નિષ્ફલ નથી—' કૃત નાશ ' થતો નથી—એ સિદ્ધાંતને લીધે મનુષ્યો પ્રકૃત્યનુસાર સ્વર્ગમાં જીવન ગાળે છે એ સયુક્તિક છે.

પૃથ્વીપરના સ્ત્રી પુરૂષોનો મૃત્યુ પછી સંબંધ થાય છે, એ બાબતનું હવે વિવેચન કર્યું છે. પણ જે વ્યક્તિઓને જે નામ રૂપથી આ લોકમાં આપણે ઓળખીએ છીએ તેજ નામ રૂપથી પરલોકમાં ઓળખીશું કે કેમ તેનો કાંઇ ઉલ્લેખ અહીં કર્યો નથી. સ્થૂલ દેહનો નાશ થવાની સાથે આ લોકના નામ રૂપ પણ નાશ પામી સ્વર્ગમાં નવાં નામ રૂપ પ્રાપ્ત થવાનું અર્થાત્જ સંભવ છે, એમ ધારી કદાચ એ બાબત વિશેષ નહિ લખ્યું હોય. અહીં કેવળ વિવાહિતની અને અવિવાહિતની સ્વર્ગમાં કેવી રીતે સ્થિતિ થાય છે તેજ બાબતનું નિરૂપણ કર્યું છે

આ પછીનું પ્રકરણ ખરા લગ્ન સ્નેહ સંબંધી છે લગ્ન સ્નેહનું ખરૂં કારણ ઇશ્વરી પ્રેરણા કે સત્ય જ્ઞાનનું પરસ્પર આકર્ષણ છે. તે ન સમજનારા, ખરા લગ્ન સ્નેહથી અજાણ્યા મનુષ્યો નાના પ્રકારના સ્વાર્થને કે જડાકર્ષણોને લગ્ન સ્નેહના કારણ માને છે ખરો લગ્ન સ્નેહ ચિરસ્થાયી અને ઐકાન્તિક છે જીવન અંત કરતા લગ્નની ગાંઠ પવિત્ર, દૈવી અને ન છૂટે એવી સંબંધ લોકો શા માટે માનતા આવ્યા છે તેનું કારણ આ ઉપરથી સ્પષ્ટ થાય છે ખરો લગ્નસ્નેહ વિયોગ સહન કરી શકતો નથી, અને તેથી, પ્રાચીન કાળમાં હિંદુ સ્ત્રીઓ સ્વામીની પાછળ બળી મરતી હતી તે ખરા લગ્ન સ્નેહનુંજ પરિણામ હતું, એમ અહીં આપણને સમજાય છે

સાધુના અને મહાત્માના સંયોગમાંથી લગ્નસ્નેહનો પ્રભવ થાય છે એ પ્રકરણ સમાર વિસ્તારથી લખેલું છે તેમાં પ્રથમ એમ બતાવ્યું છે કે સ્ત્રી સ્વભાવત પુરૂષને અનુસરનારી છે તેમનામાં જે ભેદ છે તે સ્વાભાવિક છે આ પુરૂષની સમાનતા માનવી એ ભૂલ છે. સેન્ટપાલ, મિલ્ટન, રૂસીયન, વગેરે વિદ્વાનો આ બાબતમાં સ્વીડનબોર્ગના મતને મળતા છે, તથાપિ સ્વીડનબોર્ગ યુક્તિવાદથી આ બાબત સાબીતજ કરી આપે છે મતલબ કે સધમાં લખ્યું છે તેમ પુરૂષ મસ્તિષ્ક છે અને સ્ત્રી પીઠ છે અથવા બીજી રીતે કહીએ તો પુરૂષ આધાર છે અને સ્ત્રી આધેય છે એજ બાબતની વિશેષ સ્પષ્ટતા આપણા શબ્દોમાં આ રીતે છે સ્નેહ એક તત્વ છે પુરૂષમાં તે બુદ્ધિરૂપે પરિણમે છે, અને સ્ત્રીમાં તે પુરૂષની બુદ્ધિના સ્નેહરૂપે પરિણમે છે આ વચનોએ સંબંધમાં જે આ પુરૂષનો સંબંધ વર્ણાવ્યો છે તે ખરેખર મનન કરવા યોગ્ય છે અમુક પુરૂષને અમુક સ્ત્રી ચહાય કે ન ચહાય તેના કારણો એ પછીના પ્રકરણમાં વિચાર્યાં છે

સ્ત્રી પુરૂષ સમાન નહિ છે તેઓ મનની શક્તિઓમાં પણ પુરૂષની સમાન છે તથા તેમને સમાન હક મળવા જોઇએ, ઇત્યાદિ વાદો ઉઠેલા આવવા માટે આ પ્રકરણમાં સ્વીડનબોર્ગે પૂર્વપક્ષીઓનું ખંડન કર્યું છે તે માટે પણ એ ભાગ જિજ્ઞાસુઓને વાંચવા જેવો છે.

વિશુદ્ધ, અશુદ્ધ અને નશુદ્ધ (વિશુદ્ધ નહિ કે અશુદ્ધ પણ નહિ), એવા ત્રણ પ્રકાર લગ્નસ્નેહના કહી તે વિશુદ્ધિ, અશુદ્ધિ તથા નશુદ્ધિનો શો અર્થ છે તે બતાવી સ્ત્રી પુરૂષના આત્મા અને મનના સંયોગ સંબંધી વર્ણન આ પ્રકરણમાં કર્યું છે, અને તેથી એમાં ઘણી નવીન જેવી બાબતો છે લગ્નસ્નેહની ઉત્તમતા બતાવવા સંપૂર્ણ યથાર્થ લાગે છે કે,

"લગ્ન સ્નેહમાં સરળતા, શાંતિ, આંતર મિત્રતા, પૂર્ણ વિશ્વાસ, અને એક બીજાનું બને તેટલું હિત કરવાની ઇચ્છા રહે છે; આ ઉપરથી સંતોષ સુખ અને ઉલ્લાસ ઉદ્ભવે છે, અને એ સર્વના નિરંતર ઉપભોગથી સ્વર્ગસુખની પ્રાપ્તિ થાય છે."

સ્વીડનબોર્ગ હવે પછીનાં પ્રકરણોમાં સાબીત કરે છે કે અવિવાહિત રહેવા કરતાં લગ્ન સંબંધથી જોડાવું એ સારૂં છે પ્રસંગોપાત તે પતિપત્નીનાં આભિમુખ્ય, હૃદયસંમેલન, સ્પર્શસુખ, ઇત્યાદિના ઘણા હૃદયંગમ ખુલાસા આપે છે. દંપતીની પરસ્પર સમક્ષ રહેવાની ઇચ્છા અને કોઇ વખત પણ છૂટાં ન પડવાની ઇચ્છાનું કારણ પણ ખરો લગ્નસ્નેહ છે, એ અહીં ઘણી સારી રીતે બતાવ્યું છે. ગ્રંથકાર આગળ વધીને એટલે સુધી કહે છે કે લગ્નસ્નેહ આખી સૃષ્ટિમાં વ્યાપ્ત છે કેમકે તે પરમાત્માનો પ્રવાહ છે; પૃથ્વીપરનાં લગ્નો વિશુદ્ધ નથી હોતા; ને સ્વર્ગમાં ઇશ્વરી પ્રેરણાથી લગ્ન થાય છે અને તે વિશુદ્ધ હોય છે.

બાકીના ગ્રંથમાં પતિપત્નીની વચ્ચે શૈત્ય અથવા અનાદર થવાનાં કારણો, લગ્નમાં બાહ્યસ્નેહ અને મિત્રતાનાં કારણો લગ્ન થયા પછી પતિપત્નીને ન બને તો છૂટાં પડવું હિતાવહ છે કે નહિ, બેમાંથી એકનું મરણ થતાં પુનર્લગ્ન કરાય કે કેમ, એક પુરૂષ અનેક સ્ત્રીઓ કરી શકે કે નહિ, લગ્ન સ્નેહમાં ઇર્ષ્યા જોવામાં આવે છે એ શું છે અને શાથી ઉત્પન્ન થાય છે, શિશુસ્નેહનો લગ્નસ્નેહ સાથે સંબંધ કેવા પ્રકારનો છે, ઇત્યાદિ વિષયો યથાસ્થિત વર્ણવ્યા છે. આ ગ્રંથમાંનું પ્રત્યેક વાક્ય એવા ગંભીર અર્થથી ભરેલું છે કે જેથી તેના અર્થનો સંક્ષેપ લખી વાંચનારને ગ્રંથના વિષયનું ભાન કરાવવું મુશ્કેલ છે. તથાપિ ગ્રંથના કેટલાક ભાગમાં જે વિષય સમાયલો છે તેનું દિક્પ્રદર્શન ઉપર કરાવ્યું છે તે ઉપરથી વાંચનારને ગ્રંથની ઉપયોગિતા સંબંધે કાંઇક ભાન થશે એમ આશા રહે છે. ગ્રંથના છેવટના ભાગમાં ઉપસંહાર કર્યા પછી દેવલોકનાં વૃત્તાંતો આપ્યાં છે તે પણ વાંચવા ને વિચારવા જેવાં છે.

પ્રો. મણિશંકર ભટ્ટે આ ગ્રંથ લખીને ગુજરાતી વાંચનારને એક અજ્ઞાત વિષયનું ભાન કરાવ્યું છે એટલુંજ નહિ, પણ તે સાથે ખરો લગ્નસ્નેહ શી વસ્તુ છે, તેનું સુખ કેવું છે, પરલોકમાં તે કેવું ફળ આપે છે, શામાટે અવિશુદ્ધ લગ્નસ્નેહ અનાદરણીય છે, વ્યભિચારથી વાસ્તવિક શી હાનિ છે, અનેક સ્ત્રીપરિગ્રહ શામાટે ન કરવો, પુનર્લગ્ન સશાસ્ત્ર અશાસ્ત્ર કરાવવા ઇચ્છનારે કયા તત્વો ઉપર વિચાર ચલાવવા, ઇત્યાદિ અનેક સમાજને અને વ્યક્તિને ઉપયોગી વિષયો વિચારવા માટે આપ્યા છે. મૂળમાં વિષય ઘણો સૂક્ષ્મ છે અને તે પાછો સંક્ષિપ્ત રૂપે લીધો છે, એટલે થોડા અક્ષરોમાં ઘણો અર્થ સમાવવા જેવું થયું છે. અને એ કારણથી સાધારણ વાંચનારને એ ગ્રંથ કઠણ લાગે અથવા કદાચ દુર્ગમ પણ લાગે, તથાપિ તેના ઉપયોગ તરફ લક્ષ રાખી ધીમેથી અભ્યાસ કરનારને કાંઇક નવીન સત્ય જડી આવશે એમ મારૂં માનવું છે છાપ વગેરે સુંદર છે પૃષ્ઠ ૧૦૩ કીમત આના દશ છે. વડોદરામાં નૂતનવિલાસ પ્રેસમાંથી મળી શકશે.

देशी केळवणी खातुं.

પરહુકમ ડિ. બા. નં. ૩૨

મે ૦ રા૦ આ૦ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબના પરહુકમ નંબર ૨૭ તા ૮-૬-૯૭ ના આધારે તા. ૧-૮-૯૭ થી મહાલ બજેટનામા ખરચે પાડવા માટે ડુપ્લીકેટ હુંડી નહિ મોકલતાં એક પ્રત મોકલવા ઠરેલું છે. અને તે પ્રત બજેટનામાથી હજુર એજ્યુકેશનલ ખાતે જાય છે. તેથી મહાલ બજેટનામા દફતર દાખલ જોવા ગમ રહેતું નથી, તો હાલથી મે૦ રા. આ. એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબના સરક્યુલર નંબર ૨૯ તા ૧૦-૭ ૯૭ આધારે આ ખાતાના સ. બા. નં ૨ તા. ૨-૮-૯ મુજબ 'લાસ્ટ પે સર્ટીફિકેટ' (છેલ્લ માસનો દાખલો) મગાવવા દરકાર આવે છે માટે તેવા અરજ અરજદારને બાબતી જે મુનસબ 'લાસ્ટ પે સર્ટીફિકેટ' મેળવવાનું હશે તેની તેમ માસના ખરચ પ રકા સાફ મોકલવાના પગાર પત્રક સાથેજ માગણી કરવી એટલે મુખ્ય લાસ્ટ પે સર્ટીફિકેટ મગાવવા દરકાર નહીં આવે. સબબ એ પ્રમાણે વર્તવું. દાખલ તા ૧૮ ફેબ્રુઆરી સન ૧૮૯૮

J. A DALAL.
વિદ્યાધિકારી.

આ પ્ર.

સરક્યુલર નંબર ૩૩

મોટી ઉર્દુ શાળાઓમાં રૂ. ૮૦ ના રોજના મુજના આપી કુરાનનું શિક્ષણ આપવા સંબંધે સાહેબ માસની આ ખાતાના અધિકારીઓની તનિકાલમાં પ્રશ્ન ઉઠતાં તે પર અમો થઈ સર્વેનુમતે ઠરેલું છે કે રોજના મુ ના આપી શાળાના દફતરમાં આ શિક્ષણ આપી શકાય નહી. ખાનગી મુનશી ખાનું શિક્ષણ ... બહાર આપવા રાજી હશે અને તે છોકરાના સંખ્યા વિગેરે જણાવી ... , અમલદારોના ગારૂડી આ તરફ મરજાનથી માટે માગવા હશે તો તે આ ત્રણ આગે આ શિક્ષણ મૈડિક સમજવાનું છે તા ૨૫ માહે ફેબ્રુઆરી સન ૧૮૯૮ મુ૦ ઉમરાઠ

J. A. DALAL.
વિદ્યાધિકારી.

કમળુજ મેરિડઆઠ.

સરક્યુલર નંબર ૩૪

નવીન અધિકારીથી શાળાના કમો થએલા દફતરની દરમ્યાન ગ. આ. પ્રાંતના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબ કે વિભાગના ... સા ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર મંજુર કરી શકે છે કેટલીક વખતે જોવું વિગેરે કામ ન ફના આ કામ માટે ઘણી વાર વેળાનું થઈ છે ને તેથી તેમના બીજા કામ માટે વખત થોડો પડે છે, એમ જણાયે થયુ આવું કમો થએલુ દફતર મંજુર કરવાને કરી શકે એમ નિયમ થવા સાહેબ માસની આ ખાતાના અધિકારીઓની તનિકાલમાં પ્રશ્ન નીકળતા તે પર ચર્ચા થઈ તે પરથી ઠરાવવાનું કે આવું કમી થએલુ દફતર મંજુર કરવાને કરી અને પાછું તે બદલ મંજુરી પરિગ્ર અધિકારીની લેવી. સબબ તે પ્રમાણે શાળાના શિક્ષકોએ અમલ કરવો. તા ૨૫ માહે ફેબ્રુઆરી સન ૧૮૯૮ મુ. ઉમરાઠ.

J. A. DALAL.
વિદ્યાધિકારી

કલમુખ.

સરક્યુલર નંબર ૩૫

શાળાના મકાનની આસપાસ સ્વચ્છ જોઈએ તેવી સ્વચ્છતા રહેતી નથી એમ સાહેબ માસની આ ખાતાના અધિકારીઓની તનિકી વખતે જાહેર થવા ઉપરથી ઠરાવવાનું કે શાળાના મકાનની આસપાસ સ્વચ્છતા રાખવી જોઈએ. મહોબરે દેખરેખ માસ નોકરોમાં કે સરકારી ખાતાના નોકરોમાં ભંગીઓની નિમણુક હોય છે. તેમનાથી આ કામ કરાવવા માગવું ને તજવીજ કરવી. જ્યાં આવી સગવડ નહીં હશે ત્યાં આ કામ કંટીજન્ટને ખર્ચે કરાવવા તજવીજ કરવા અડચણ નથી. તા ૨૮ માહે ફેબ્રુઆરી સન ૧૮૯૮ મુ ઉમરાઠ.

J. A DALAL.
વિદ્યાધિકારી.

કમળુજ

સરક્યુલર નંબર ૩૬.

ચાલુ સાલની આ ખાતાના અધિકારીઓની કમિટીમાં એક વખતની શાળા હોય ત્યારે એકજ વખતના નંબર પૂરવાનું રાખવા બદલ પ્રશ્ન નીકળતાં તે પર ચર્ચા થઈ તે ઉપરથી જણાવવાનું કે હમેશ કેટલોગમાં વિદ્યાર્થીઓના સાંજના અને સવારના એમ બે વખતના નંબરો પૂરવામાં આવે છે પણ ઉનાળાના વખતમાં કે શનિવારે અગર એવે બીજે પ્રસંગે જ્યારે શાળા માત્ર એકજ વખતની હોય ત્યારે સાંજના અને સવારના એમ જૂદા જૂદા બે વખતના નંબર ન પૂરતાં એકજ વખત પૂરવામાં આવે તો હરકત નથી. સબબ લાગતાવળગતાઓથી તે પ્રમાણે અમલ થવો. તા. ૨૮ માહે ફેબ્રુઆરી સ. ૧૮૯૮ મુ. ઉમરાટ.

J. A. DALAL
વિદ્યાધિકારી.

હસમુખ.

સરક્યુલર નંબર ૩૭

નિબંધ ભાગ ૨ જાની કલમ ૨૫૬ ની પેટા કલમ ૮ પ્રમાણે મેહેતાજીઓએ રૂ. ૧૦) અને તેની ઉપરના પગારના નોકરોએ ભોગવેલી રજાઓનું બારમાહી રજાપત્રક રાવબહાદુર પ્રાંતના ઇન્સ્પેક્ટર સાહેબ તરફ મોકલવાનું છે; તે પત્રક મોકલવાનું બંધ થવા ચાલુ સાલની આ ખાતાના અધિકારીઓની કમિટીમાં પ્રશ્ન ઉપસ્થિત થઈ ચર્ચા થયા ઉપરથી જણાવવાનું કે હવેથી મેહેતાજીઓએ આવું બારમાહી રજા પત્રક મોકલવાનું બંધ કરવું. તા. ૨૮ ફેબ્રુઆરી સન ૧૮૯૮ મુ ઉમરાટ.

J. A DALAL
વિદ્યાધિકારી.

હસમુખ.

સરક્યુલર નંબર ૩૮

રાવસાહેબ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરો તરફથી ગામ્ય શાળાના મેહેતાજીઓના રજા હક નિમણુક વિગેરેના દાખલા મોકલવા સંબંધી ચાલુ સાલની આ ખાતાના અધિકારીઓની કમિટીમાં પ્રશ્ન નીકળતા તે પર વિચાર થયા ઉપરથી જણાવવાનું કે રજા હક નિમણુક સંબંધી લખાણ મેહેતાજી તરફ જે તે વખતે મોકલવું. એટલે તે પરથી તે નિમણુક તથા રજાનો દાખલો ગામના મુખીને ત્યાં રહેતા ચાકરીઆત લોકના હાજરી પત્રકે રખાવશે. રા. સા મહાલના વહીવટદાર સાહેબ તરફ એકંદર દુમાહી દાખલો જે ગામમાં પગાર આપવાનો હોય તે મહીનાની તારીખ પાસેથી અંદર રા. સા ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરે મોકલવો. છ માહી હપ્તાપત્રક પણ હરકી મુન્ને મોકલી આપવાના છે તા. ૨૮ માહે ફેબ્રુઆરી સન ૧૮૯૮ મુ ઉમરાટ

J. A. DALAL
વિદ્યાધિકારી

હસમુખ.

સરક્યુલર નંબર ૩૯

નિબંધ ભાગ ૨ ની કલમ ૧૪૩ મા વાર્ષિક પરીક્ષા લેવાઈ રહી ઇનામ વહેંચાય કે બીજે દિવસથી નિશાળમાં ત્રણ દિવસ રજા આપવા રહેલું છે કેટલીક વખતે પરીક્ષા થઈ રહ્યા છતાં પણ ઇનામ આપવાને વિલંબ હોય છે. માટે આ કારણથી ઇનામ વહેંચવાનો આક્ષેપ ન લેતા પરીક્ષા પૂરી થયા પછી તરતજ પરીક્ષાની રજા આપવા નિયમ કરવા બાબત પ્રશ્ન ઉપસ્થિત થતાં તે પર વિચાર થયા ઉપરથી જણાવવાનું કે કંઈ કારણસર ઇનામ પાછળથી વહેંચવાનું હોય તો પરીક્ષા પૂરી થયા પછી તરતજ પરીક્ષાની ત્રણ દિવસની રજા આપવી. ઉપર જણાવેલી કલમનો ઇનામ વહેંચવાનો આક્ષેપ લેવો નહીં. તા. ૨૮ માહે ફેબ્રુઆરી સ ૧૮૯૮ મુ. ઉમરાટ.

J. A DALAL
વિદ્યાધિકારી

હસમુખ.

શબ્દાર્થ સાથે.
(૨૦) ड વ્યાકરણ સાદું પદચ્છેદ, નાના વ્યાકરણમાંથી (વાક્ય રચના સિવાય).
(૨૦) इ છુટા અક્ષરનાં લેખ પત્ર વાંચવા.

૧૦૦ ૬ ત્રીજો વિષય-લેખન.
(૨૦) अ વાંચન ચોપડીમાંથી ડિક્ટેશન પાંચ લીટીનું એમાંથી કોઇ પણ લિપિમાં.
(૨૦) ब ગુજરાતી અક્ષર લખેલી કોપી બુકના.
(૨૦) क બાળબોધ અક્ષર લખેલી કોપી બુકના.
(૨૦) ड ઇબારત ગોઠવણી. ઘરેણાંઉ ખત, વેચાણખત, વારસનામું, સાધારણ અરજી કરતાં.
(૨૦) इ નીતિ વાંચન ચોપડીમાંથી.

૧૦૦ ૬ ચોથો વિષય-ભૂગોળ, ઇતિહાસ.
(૫૦) अ ઇતિહાસ ભરતખંડના સરળ ઇતિહાસમાંથી મુસલમાની અમલ પુરો.
(૩૫) ब ભૂગોળ હિંદુસ્તાનની.
(૧૫) क નકશો હિંદુસ્તાનનો ચીતરવો.

ધોરણ સાતમું.

૧૦૦ ૯ વિષય પહેલો-ગણિત.
(૬૦) अ ગણિત દશાંશ, પાંતી, નફો તોટો, સોનરૈર, ક્ષેત્રફળ ને ઘનફળ.
(૨૦) ब દેશી હિસાબ પાછલાનું પુનરાવર્તન તથા છાપું વ્યાજ.
(૨૦) क દેશીનામું ચડતી જાતનું, ખાતાવહી ને રોજમેળ.

૧૦૦ ૯ બીજો વિષય-વાચન.
(૨૦) अ વાંચન ગુજરાતી સાતમી ચોપડીના પાઠ ૧૫૦. (ઇતિહાસ, ભૂગોળ તથા વનસ્પતિ શાસ્ત્રના પાઠ સિવાય).
(૨૦) ब વાંચેલા પાઠની મતલબ શબ્દાર્થ સાથે,
(૨૦) क વાંચેલા પાઠની તમામ કવિતાની સમજુતી શબ્દાર્થ સાથ ને તેમાંથી
૨૬ લીટી પાઠ ૩૯ ની
૩૨ લીટી પાઠ ૬૭ હિંદુસ્તાન પર ઇશ્વરના ઉપકાર વિશેની.
૧૮ લીટી પાઠ ૧૧૭ મરણના ભય વિશે.
૨૩ લીટી પાઠ ૧૨૩ મનઉપદેશી.
૧૮ લીટી પાઠ ૧૫૮ ઉપદેશ વિશે.
૧૧૭ લીટીનો મુખ પાઠ.
(૨૦) ड વ્યાકરણ આખું પદચ્છેદ નાના વ્યાકરણને આધારે.
(૨૦) इ હાથે લખેલા કાગળો વાંચવા.

૧૦૦ ૮ ત્રીજો વિષય-લેખન
(૨૦) अ ડિક્ટેશન વાંચન ચોપડીમાંથી પાંચ લીટીનું એમાંથી કોઇપણ લિપીમાં.
(૨૦) ब ગુજરાતી અક્ષર લખેલી કોપી બુકના.
(૨૦) क બાળબોધ અક્ષર લખેલી કોપી બુકના.

(૨૦) ઙ ગ્લેએસી કે સામગ્રેથી બાબત ઉપર ટૂંકો નિબંધ.
(૨૦) ઇ નીતિ, વાંચન ચોપડીમાંથી.
૧૦૦ ૮ ચોથો વિષય–ભૂગોળ, ઇતિહાસ
(૪૦) અ ઇતિહાસ ભારતખંડના સરળ ઇતિહાસમાંથી અકબરના સમયનો.
(૩૦) ચ ભૂગોળ એશિયા ને ગ્રેટબ્રિટન.
(૨૦) ક આરોગ્યવિદ્યા પૂરી.
(૧૦) ક હિંદુસ્તાનનો નકશો ચીતરવો અક્ષાંશ તથા રેખાંશ સાથે.

મું૦ ઉમરેઠ-તા-૨૮-૨-૯૮

J. A. DALAL.
વિદ્યાધિકારી.

પરિપત્રક નં. ૪૭

જે શાળાઓના મકાનમાં મેડાઓ હોય છે ત્યાં વર્ગની ફેરબદલી થતી વખતે તેમજ તે ઓરડામાં દાખલ થતી વખતે ગેર મશ્કરી થાય છે તે ન થવા દેવાથી બે ફાયદા થશે. એક તો એ કે ગેર રમત થશે નહિ ને બીજો કવાયત ને કસરતની બાબતમાં વર્ગની બહાર થતી મેહેનત લેવામાં આવે છે ને વર્ગની અંદર લેવાથી વધારે ફાયદો થશે. માટે મેડીની દરેક ઉપર નીચેની બેઠક ઉપર કેટલા છોકરાઓએ બેસવું તે માસ્તરે વિચાર નક્કી કરવું જોઇએ. પછી છોકરાઓને એવી રીતે કવાયત આપવી કે મેડી ઉપર પગથી જરા પણ શોર થવા વિના અને એકબીજા સાથે અથડાયા વિના સૌ પોત પોતાની જગાએ ઉભા રહી શકે તા. ૨૩ માર્ચ સન ૧૮૯૮ ઇસ્વી.

J. A. DALAL.
કેમ્પ   વિદ્યાધિકારી.

પરિપત્રક નં. ૪૮

એક તાલુકા સ્કુલની વિઝિટ કરતાં જણાયું કે એક શિક્ષકે લેહેજ એક પાઠ આપવાની દરમિયાન બે ચાર વસ્તુઓ તથા અર્થો ઘણા સારા કહ્યા પણ છોકરાઓ પાસે નોટબુકો ન હોવાને લીધે તેમનાથી લખી લેવામાં આવ્યા નહીં આવા થાય છે જે બને બદલ એક પ્રશ્ન એક બે વખત સાંભળવાથી છોકરાઓને કંઇ યાદ રહી શકે નહીં માટે જણાવવાનું કે, ચોથા ધોરણથી છોકરાઓ પાસે નોટબુકો રખાવવી, તેમાં એક સારી નોટબુકમાં શબ્દના વખતમાં પેનસલથી લખી લે ને ને સારી નોટબુકમાં ઘેરથી શાહીએ ઉતારો કરે અને શિક્ષકે તેમાંની અમુક અમુક દર અઠવાડીએ તપાસીને પોતાની દસ્તખત કરીને પાછી આપવી જો અઠવાડિઆમાં એકાદ દિવસ યા કે અમુક કલાક દરેકની નોટબુક તેના હાથમાં આપીને અથવા બાજુના છોકરાના હાથમાં આપીને શિક્ષક એક નોટબુકમાંથી ધીમેધી વાંચી જઇને સુધરાવે તોપણ બની શકે તેમ છે શિક્ષકે નોટ આપતી વખતે ધી મેથી કહીને દરેક પાસે ઉતરાવી લેવી જોઇએ કે જે એમ થવાથી નોટ પોતે આપશે તોપણ તેનું પરિણામ સંતોષકારક આવશે. તા. ૨૦ મે સન ૧૮૯૮ મુ કેમ્પ.

J. A. DALAL.
કેમ્પ.   વિદ્યાધિકારી.

પરિપત્રક નં. ૪૯

ગઇ સાલ મુંબઈની સરકારી ગાઝેટ સપ્લીમેંટ નં ૧૫ ના ૨૩ એપ્રીલ સન ૧૮૯૭ નો છપાવામાં આવ્યો છે તે છતાં પણ હજી કેટલીક શાળાઓની નોટ લેતા એ વાત શિક્ષકોના લક્ષમાં હોય એમ જોવાતું નથી મંડળની પરીક્ષક અધિકારીઓને સૂચના કરવામાં આવે છે કે—જો હજી એમાં સુધારો નહીં થશે તો "હરામખોરી સાથે સખ્ત ઉપાય લેવામાં આવશે. જે પ્રમાણે મૂળની કોપી છે તે પ્રમાણે શીખવવાનું બની શકે નહીં એમ

જાહેરખબર.

મ. બા. [illegible] રચેલાં પુસ્તકોની ન[illegible] —

[illegible]	૦— ૬—૦
[illegible] ભા. ૧.	૦— ૪—૦
[illegible] ભા. ૨.	૦— ૬—૦
[illegible]	૦—૧૨—૦
[illegible]	૦— ૪—૦
[illegible]	૦— ૮—૦
[illegible]	૦— ૪—૦
* [illegible]	૦— ૩—૬
* [illegible]	૦—૧૦—૦
* [illegible]	૧— ૪—૦
* [illegible]	૦— ૭—૦
[illegible]	૦— ૨—૬

* [illegible] અને [illegible]

સૌનેરી તક-કિંમતી ભેટ!

[illegible]-મંડળ.

"[illegible] મંડળ" [illegible] (૧૫૦) [illegible] "[illegible]" [illegible]

મુ. [illegible])
 [illegible])

[illegible] પરેલ.
"[illegible]" [illegible]

केळवणी.

धर्म मळे वळी धर्म सधाये, ज्ञान मळे सनमान पमाये;
प्रीति वधे पसरे जश भारो, ए शिशुशिक्षण धर्म अमारो.

પુ ૧૦ મું.   વૈશાખ   સંવત્ ૧૯૫૪.   અંક ૭ મો.

कवीश्वर दलपतरामनो स्वर्गवास अने गुणकीर्तन.

દોહરા.

કવિવર દલપતરામનો, સુણી સ્વર્ગમાં વાસ,
ગુર્જર કવિગણ મંદ પડિ, નાખે છે નિઃશ્વાસ. ૧
કવિગુરુમંડળના રવિ, જાતાં દલપતરામ;
તેજ રહિત કવિગણ થઇ, ઉચરે મુખ " રે રામ ! " ૨
ઉતરી નહિ મહાક્લેશની, વળી શોકની રેલ;
ખેદ જમળમાં શું ખડ્યો ભાળી ખોટો ખેલ. ૩
ખોટો ખેલ અરે કર્યો, કાળે જે આ વાર,
તે દેખી દિઙ્મુઢ બન્યો, ઉચરૂં શું ઉચ્ચાર ? ! ૪
કવીશ દલપતરામના, સુગુણોના ઉદ્ગાર;
ઉરમાં ઉછળે આ પળે, ગણુપતને નિર્ધાર ૫
પણ પદ ઘાયલ છે થયું, ને ચચરે છે ચિત્ત,
મુજે કર મન વ્યગ્ર છે, દાખું ગુણ શી રીત ? ! ૬

ગુણગણગણુના થાય નવ, દેખું એટલા દષ્ટ;
કષ્ટ વિષે જાતાં કળા, દાખું ગુણ શું સ્પષ્ટ ?! ૭
તો પણ તૂટ્યા મન થકી, ઊતારવા ઉરભાર;
કવિવર દલપતરામના ભાખું ગુણઉદ્દગાર. ૮

હરિગીત છંદ.

ઉદ્દગાર કવિઆભારના, આ વાર અત્ર કર્યું કશા,-
દલપત કવિ નર નાર, બાળ જુવાન વૃદ્ધ સુખે વશ્યા;
લીધો ભલો અહિં લા'વ, અતિ પ્રખ્યાત ગુજરાતે થયા,
કવિતા-કિરણ શુભ નીતિમાર્ગે, પ્રસારિ પરલોકે ગયા. ૧

રાગ પરજ.

ગયા કવિ દલપત એવા રે. થવા દુર્લભ છે તેવા; ટેક.
સન અઢારવિશ જાન્યુઆરિની, તારિખ વિશ ને એક,
વર્ધમાન નગરે જન્મ્યા કવિ, રાખણ ગુર્જરિ ટેક. ગયા૦ ૧
સામવેદિ બ્રાહ્મણ શ્રીમાળી, ડાહ્યાભાઇ ઘર દેહ,—
અમૃતબા ઉદરે ધરિ પ્રગટ્યા, અમર કીર્તિકર તેહ. ગયા૦ ૨
બાલ્યાવસ્થામાં બુદ્ધીબળ, અકળ જોઇ નરનાર;
સાંભળિ કવિતા બાળકવિની, રિઝતાં વારંવાર. ગયા૦ ૩
મૂળી ગામ[1] ગયા મામા સહ, બાળ કવી એક વાર;
સાધુ કવી દેવાનંદે ત્યાં, જોયા શુભ સંસ્કાર. ગયા૦ ૪
સંસ્કારી જાણી જોઇ પાણી, આણી સ્નેહ અપાર,—
કાવ્યકળા શીખવી અતિસ્નેહથી, દીપ્યા બહુ દરબાર. ગયા૦ ૫
સમસ્યાપૂર્તિ શીઘ્ર કવીતા, ચિત્રકાવ્ય ચમત્કાર;—
દાખવિ જન મન રંજન કીધાં, પામ્યા શુભ સત્કાર. ગયા૦ ૬
વિક્રમના વિશમા સૈકામાં, ઉદય પામિ અવિધાર;
સંવત ઓગણીશ ચારમાં ચળકયા, રાજનગર મોઝાર. ગયા૦ ૭
ગુજરાતને ગુણ કરવા શુભેચ્છુ, ભલપણનો ભંડાર;
આવ્યા વિલાયતથી ફાર્બસ, તેણે રાખ્યા ગુણઆગાર. ગયા૦ ૮
ગુજરાતનાં રાજસ્થાનોનો રચવા શુભ ઇતિહાસ;-
ફાર્બસને કવિ દલપત મળિયા, પૂરણ બુદ્ધિપ્રકાશ. ગયા૦ ૯
"બુદ્ધિપ્રકાશ"[2] તણો શુભ ઊદયજ, એ કવિરાજે કીધ;

---

૧ મૂળી ગામ કાઠિયાવાડમાં સ્વામીનારાયણનું ધામ છે. ૨ "બુદ્ધિપ્રકાશ" ચોપા-

વર્નાક્યુલર સોસાઇટિ જેથી, પુસ્તક થઇ સુપ્રસિદ્ધ. ગયા૦ ૧૦
કેળવણીનો લાભ સુધારી, રાખવા અવિચળ નામ;—
સાહેબ હોપને આપિ મદદ, નવાં પુસ્તક રચવા કામ. ગયા૦ ૧૧
વાચનમાળાનાં પુસ્તકમાં, એવી કવિતા કીધ;—
પાંચ વર્ષનું બાળક રીઝે, ભાવતું ભોજન દીધ ગયા૦ ૧૨
જુવાન વૃદ્ધ વાંચીને સમજે, તે ઉત્તમ ઉપદેશ;
બાળ મળે ઊતરી રહે મોંએ, કવિ કવિતા બહુ એશ ગયા૦ ૧૩
બાળકિયો માટે ગરબાવળિ, ચોખિ રચી અતિ મિષ્ટ;
પ્રસરી પાણી પેઠ તડાકે, સુણિ રીઝે જન શિષ્ટ ગયા૦ ૧૪
શાળામા શીખતી બાળાઓ એ ગરબા વળિ ગાય;
અભણ સ્ત્રિયો તેના બોલો લઇ ગાય અને હરખાય ગયા૦ ૧૫
એ ગરબાવળિ પછિ બીજી ગઇ બાળકિયોને કામ,
પણ શોધિ સૌ દલપતકૃતની, દોડ બમણી હામ ગયા૦ ૧૬
જૂના કવિઓની કવિતાનું, દોહન કરી શુભ રીત,
રંગ લગાડ્યો લોકોને—કવિતાનો પ્રેમ સદીત. ગયા૦ ૧૭
છંદ પ્રબંધ અનેક રચ્યા, રચિયા બહુ બેશ નિબંધ,
સાહિત્ય ગુર્જરિ કેરૂં વધાર્યું ધરિ યશકેરો ધંધ ગયા૦ ૧૮
કેળવણીના કમળનિ પૂરવી—માહિ કરી ગડ઼ભ,
'બીલચ્યું' સાહિત્ય ગુર્જરિ વાળિનું શાકશાક કરૂં હું વખાણું. ગયા૦ ૧૯
'લેખણ દળથકિ ખેડ કરી શુભ, વાવ્યાં સુધારા બીજ,
કવિતા અમૃતવારિવૃષ્ટિ કરિ ન કરી ખોટી 'ચીજ ગયા૦ ૨૦
ગંગાજળ શી નિર્મળ કવિતા, ગાતાં ઉપજે જ્ઞાન,
નહિ મહિ ગાઢો સરળ શુદ્ધ રચના, સમજે જન અજ્ઞાન ગયા૦ ૨૧
ગુજરાતી કવિતા કરતા થયા—પારસી મુસલમાન,
પ્રતાપ તે કવિ દલપતનો છે, અપૂર્વ મહિમાવાન. ગયા૦ ૨૨
કવિતાનો ફાંકો ધરનારા, બાના બહુ છે આજ,
પણ કવિ તેજ કવિગુણ તેમનું, એજ હતા કવિરાજ. ગયા૦ ૨૩
શાળામાં શીખતા કવિ-કવિતા, લાગ્યો મુજને રંગ
હું નહિ કવિ પણ કવિ કહેવાયો, વિના પ્રયાસ પ્રસંગ ગયા૦ ૨૪
ઉત્તમ કવિતાની[૧] સરસાઇમાં, દેખી મુજ ઉત્કર્ષ;

૧ બીજની સુધારાની વૃદ્ધિ કરવામાં વરમાદ જનારની આશી વિરલી જેવા ગારો ન કરું. ઇત્યાદિ. ૨ ભાગ. કવિતાની હરિફાઈનું " પાર્વતીકુંવર ચરિત્ર " નું (રૂ. ૪૦૦) સભાનો ઓફ્રકારનાનેશ આપનો કવીશ્વરનો પેતાને મળેલ એવા વર્ષ આપવા તા. ૪ થી ઓકટોબર સન ૧૮૬૦ મા કહ્યું હતું.

ઉચર્યા'તા કવિ નિજ સમ ગણવા—સુજને, આણી હર્ષ. ગયા૦ ૨૫
મોટું મન જન રંજન ગુણના, જશ જેના સૌ ગાય;
મરતાને મેર કહે નહિ કદિ, એવા એ કવિરાય. ગયા૦ ૨૬
ગુજરાતે સર્વે સ્થળમાં, પ્રસરાવી કીર્તિ પૂર્ણ;
નર નારી બાળક સુખ વસિયા, જોયો જશ સંપૂર્ણ. ગયા૦ ૨૭
સન અઢાર અઠ્ઠાણું માર્ચની, તારિખ પચિશ પ્રમાણ;
અગનાશી વર્ષે કવિ ઉપડચા, લઇ બહુ જશની લા'ણ. ગયા૦ ૨૮
પૈસો પુત્ર પ્રતિષ્ઠા મૂકી—ગયા એ ગુણની ખાણ;
તે જાતા ગુર્જર ભુમિને છે, અરે રે મોટી હાણ ! ગયા૦ ૨૯
સંસ્કૃત કવિ ભારત માર્તંડ, ગયા શુભ ગટ્ટૂલાલ;
તેમનિ ખોટ પડી'તી એવે, રાંડિ ગુર્જરિ હાલ ! ગયા૦ ૩૦
આ દશકામાં નરરત્નો, આ દેશ વિષેનાં સાર;
કાળે ગુમ કર્યાં છે કારમા, કયા કરવો પોકાર ! ગયા૦ ૩૧

દોહરા.

ગયા કવી દલપત, રહ્યા ગુણ જેના અભિરામ;
દેજો સુખ પ્રભુ તેમને, દિવ્ય તમારે ધામ;
ગમ્યું તમોને તે ખરૂં, ખપ ગણિ તેડયા દ્વાર;
તો ગણપત શાને કરે, મુખથી વ્યર્થ પુકાર. ૨

ગ. રા. ભટ્ટ.

मद्रास इलाकामां केळवणी.

મદ્રાસ ઈલાકાના સને ૧૮૯૭ ની સાલના કેળવણી ખાતાનો વિસ્તૃત રિપોર્ટ બહાર પડેલો છે, તેમા મદ્રાસ ઇલાકાની કેલવણી સબંધી ઘણી જાણવા લાયક અને વિગતવાર હકીકતો આપી છે મદ્રાસ ઇલાકામાં કેલવણી કેવા પ્રકારની આપવામાં આવે છે, તેની કેટલી શાખાઓ છે, કેટલા વિસ્તારમાં તે વધેની છે, તથા તે ઉપર સરકાર અને પ્રજા કેટલો ખરચ કરે છે, કેવા પ્રકારની તેની વ્યવસ્થા કરેલી છે, શિક્ષણ અને પરીક્ષણની શી વ્યવસ્થા છે, ઇત્યાદિ અનેક બાબતો તેમાં જાણવા જેવી છે, તેમાંથી કેટલીક સામાન્ય વિગત, અમારા વાંચનારા માટે અહીં આપીએ છીએ —

સને ૧૮૯૭ ના માર્ચની ૩૧ મી તારીખે મદ્રાસ ઇલાકામાં કેટલી શાળાઓ હતી અને તેમા કેટલા વિદ્યાર્થી ભણતા હતા, ને નીચેના કોષ્ટકથી માલમ પડશે

સંસ્થાનો વર્ગ.	શાળાઓની સંખ્યા.	વિદ્યાર્થીની સંખ્યા.
સરકારી.		
યુનીવરસીટી.	૪૩	૪૪૨૩
સામાન્ય શાળાઓ, બીજા દરજ્જાની, છોકરાની,	૫૪૧	૭૧૪૨૪
" " છોકરીઓની	૨૦૫	૧૫૧૮૬
પ્રાથમિક શાળાઓ, છોકરાઓની, ઉંચા દરજ્જાની	૪૫૬૭	૧૨૨૨૮૪
" " નીચા દરજ્જાની	૧૫૦૧૫	૪૬૧૯૮૦
" છોકરીઓની, ઉંચા દરજ્જાની	૩૭૧	૨૧૦૬૩
" " નીચા દરજ્જાની	૪૨૯	૧૨૮૫૯
ખાસ શાળાઓ, ટ્રેનીંગ સ્કૂલો, પુરૂષ શિક્ષકોની.	૬૪	૧૪૨૫
" " સ્ત્રી શિક્ષકોની	૧૯	૩૧૭
બીજી ખાસ શાળાઓ, છોકરાઓની	૩૦	૩૦૮૭
" " છોકરીઓની	૯	૫૫૩
	૨૧૭૦૫	૭૧૮૩૦૫
ખાનગી શાળાઓ.		
ઉંચા અભ્યાસવાળી, આરબી અને ફારસી, છોકરાની	૩૫	૨૨૮૦
" સંસ્કૃત. છોકરાની	૧૫૯	૧૭૬૭
શરૂઆતના અભ્યાસવાળી, દેશી કે મુખ્યત્વે દેશી.	૪૧૫૯	૭૪૧૬૯
કુરાન, છોકરાની	૭૩૩	૨૩૭૪૧
" છોકરીઓની	૪૮	૧૦૬૬
શાળાખાતાના ધોરણ પ્રમાણે નહિ શીખવનારી શાળાઓ	૧૩	૧૫૨૫
કુલ ખાનગી શાળાઓ.	૫૧૬૭	૧૦૪૫૪૮
કુલ શાળાઓ	૨૬૮૭૨	૮૨૨૮૫૩

ઉપરની શાળાઓમાંથી કેટલીક સરકારી વ્યવસ્થા હેઠળની છે અને કેટલીક ખાનગી વ્યવસ્થા હેઠળની છે, તે નીચે બતાવી છે

	શાળા	વિદ્યાર્થી
સરકારી વ્યવસ્થા હેઠળની શાળાઓ.		
સરકારી.	૪૧૪	૨૩૪૬૯
બોર્ડના તાબાની.	૩૨૬૧	૧૫૪૩૯૩
દેશી રાજ્યના તાબાની.	૧	૯૦
ખાનગી વ્યવસ્થા હેઠળની શાળાઓ.		
સરકારની મદદવાળી.	૧૧૪૧૦	૩૯૪૭૪૨
નહિ મદદવાળી	૬૬૧૯	૧૫૪૧૨૧
કેવળ ખાનગી.	૫૧૬૭	૧૦૪૫૪૮
એકંદર.	૨૬૮૭૨	૮૨૨૮૫૩

મદ્રાસ ઇલાકાની એકંદર વસ્તી ૩૫૬૩૦૪૪૦ પૈકી ૮૨૨૮૫૩ વિદ્યાર્થી ભણે છે. એ ઉપરથી માલમ પડે છે કે ૪૩ માણસે ૧ વિદ્યાર્થી ભણે છે. નીચેના કોઠા ઉપરથી

માલમ પડશે કે નિશાળે આવના લાયક છોકરાછોકરીઓ પૈકી કેટલાં છોકરા શાળાના શિક્ષણનો લાભ લે છે

નિશાળે આવવા લાયક ઉમરવાળા છોકરાની વસ્તી		શાળામા આવે છે		સે કડે સરાસરી.		કુલ વસ્તીના પ્રમાણમા સે કડે કેટલા ભણે છે.
છોકરા	છોકરીઓ	છોકરા	છોકરીઓ	છોકરા	છોકરીઓ	
૨૬૪૨૯૦૮	૨૭૦૧૯૫૭	૭૦૬૧૦૬	૧૧૬૭૪૭	૨૬ ૭	૪.૩	૧૫.૪

ઉપર બતાવેલી કેળવણી પાછળ એ ઇલાકામા કેટલો ખરચ થાય છે તેના એકંદર આંકડા નીચે બતાવ્યા છે

ખરચની બાબતો	કુલ ખરચ
યુનિવરસીટી	૮૫૨૬૬૫
બીજા દરજ્જાની શાળાઓ	૨૦૦૭૩૦૪
પ્રાથમિક શાળાઓ	૨૦૫૭૦૯૫
ટ્રેનીંગ વગેરે ખાસ શાળાઓ	૪૯૩૫૦૫
યુનિવરસીટીની વ્યવસ્થા	૧૭૧૮૬૮
ડિરેક્ટર અને ઇન્સ્પેક્ટરોના પગાર વગેરે	૪૫૫૧૬૬
શિષ્યવૃત્તિઓ	૭૬૯૪૫
મકાનો બંધાવવાનો તથા ખાસ બક્ષિસોનો.	૩૨૩૪૨૦
પરચુરણ	૨૪૯૧૫૬
એકંદર ખરચ	૬૬૮૭૧૨૪

એ ઇલાકાની પ્રાથમિક શાળાઓમા ઉપલા દરજ્જાની અને નીચલા દરજ્જાની એવા બે વર્ગ છે તે શાળાઓમા કિન્ડરગાર્ટન, વસ્તુપાઠ, આલેખન સૂચિકર્મ, ભૂગોળ, ગાયન, સાર્વજનિક આરોગ્યવિદ્યા ઇતિહાસ, કૃષિશાસ્ત્ર, અને માપકરણ, આ વિષયો ઐચ્છિક છે સૂચિકર્મ ફક્ત છોકરીઓની શાળામા શીખવવામા આવે છે, કિન્ડરગાર્ટન ફક્ત નીચલા દરજ્જાની શાળાઓમા ચાલે છે, અને ઇતિહાસ, કૃષિ, તથા માપકરણ ફક્ત ઉપલા દરજ્જાની શાળાઓમા ચાલે છે કૃષિ અને માપકરણ કન્યાશાળાઓમા ચાલતુ નથી.

સુશિક્ષક.

(પૃષ્ઠ ૧૦૬ થી ચાલુ)

ઉનાદ દમ થયા પછ થયો અને છોકરાઓને રજા આપી ત્યારે શિક્ષકોને ' જરા થોડીવાર આપણે વાત કરીએ ' કહી પ્રવીણે રોક્યા બધા પાસે આવી બેઠા, અને પાને વાત ઉપાડી

"માફ નરભેરામ, તમને હું ખરૂં કહું છું કે છઠ્ઠું ધોરણ નથી ઠીક પડતું. તમે મારી પાસેનું ચોથું રાખો, અને છઠ્ઠું મને આપો."

નરભેરામને તો છઠ્ઠું અને ચોથું બન્ને સરખા હતાં. તેમને મન તો છઠ્ઠા ધોરણમા જે શીખવવાનું, તેજ ચોથા ધોરણમા શીખવવાનું હતું એટલે તેમણે તો વગર વિચારે "બહુ ખુશીથી તેમ કરો." કહી વાળ્યું.

પ્રવીણે વાક્ય શરૂ કર્યું. "સેવકરામ, તમને પણ પાચમું અને પહેલું એ વધારે પડતું છે. તોપણ હાલ તો તે તમારી પાસેજ રાખવું સિવાય સરત નથી. તમને એ બાબતમા હું મદદ આપીશ, અને વધારે બોજો પડવા નહીં દઉં."

આમ સેવકરામને દિલાસો દઈ જરીક શાન્ત રહી બધાની મુખમુદ્રા તરફ જોઈ રહ્યો અને પછી આગળ વધ્યું. "પણ અત્યારે મેં તમને રોકવા તેનું ખાસ કારણ એક જુદુંજ છે તે એજ કે, તમે કંઈ પણ કામ ચલાવવાને માટે અમુક નિયમ રાખો છો કે નહીં? અમુક વિષય અમુક વખતે શીખવવો અને અમુક વિષય અમુકજ વખતે શીખવવો એ તમને પસંદ છે કે નહીં? આપણે તેવો નિયમ કરીએ તો શી હરકત?"

નરભેરામને એ પ્રમાણે કરવાનું પસંદ હતુંજ નહીં, કારણ કે તે માનતો હતો કે વખતપત્રક એ માત્ર અધિકારી સાહેબોને દેખાડવાને માટેજ કરવાનું છે. તે અત્યારે—આમ અભિપ્રાય આપવાને વખત કેમ છાનો રહે? પહેલોજ બોલી ઉઠ્યો.— "મેહેતાજી સાહેબ, વખતપત્રક પ્રમાણે કામ ચલાવવાનું આપણાથી બને તેવું નથી. એ તો ઉપરી સાહેબોને દેખાડવાને માટેજ કરવાનું છે આપણે આપણી મરજી પ્રમાણે ગમે તે વખતે શીખવીએ, ધોરણ પૂરૂ કરી દઈએ, અને પરીક્ષામા પાસ કરી દઈએ, તોપછી વખતપત્રકની શી જરૂર?"

પ્રવીણશંકર—"પણ રખતે આકસ્માત્ અધિકારી સાહેબ તપાસવા આવે ત્યારે શું જવાબ આપશો?"

નરભેરામ:—"ત્યારે વળી તે પ્રમાણે ચલાવીશું પણ હમેશા એમ તે કોને ઠીક પડે? આપણને હરકત પડે, વખત વધારે જાય, અને છોકરાઓને આવડે નહીં કંઈ પણ."

પ્રવીણશંકર:—(જરા દિલગીર ચેહેરે) "ના, ના, ના, ના, તેવું કંઈ એમાં નથી બનતું. કેમ સેવકરામ તમારો શો મત છે? બીજાઓ પણ બોલો. હું આમાં બધાનો મત માગુ છુ."

સેવકરામ:—"વખતપત્રકને હું નાપસંદ તો કરી શકતો નથીજ પણ એ પ્રમાણે શીખવતા બરાબર ધોરણ પૂરૂ કરી શકતું નથી એ વાત ખરી છે મેં વખત-પત્રક પ્રમાણે શીખવતી એક શાળા જોઈ છે અને તેમા પરિણામ એવુંજ આવ્યું છે. ત્યાં એમ બનતું કે તેઓ અર્ધો વખત પાઠોનુ તપાસવાને અને અર્ધો વખત નવું શીખ-વવાને રાખતા; પણ તે પ્રમાણે તેમનાથી કદાપિ પૂરૂ થતું નહીં એથી કામ નિયમિત થાય છે એ ખરૂં; પરંતુ અપૂર્ણ રહે—વર્ષ આખર ધોરણ પૂરૂ ન થાય તે શા કામનું? વળી અમુક વિષય શિખવતા તેનો વખત પૂરો થઈ જાય તો વિષય બંધ કરવો પડે અને એમ દરેક વિષયમા થાય એટલે બધા વિષયો અધુરા રહે."

વિદ્યાશંકરઃ—" એનું મુખ્ય કારણ મને તો એજ જણાય છે કે વખતપત્રકોની ગોઠવણુજ એવી થાય છે. અમુક વખતમાં અમુક એવો વિષય રખાય છે કે જે પાછલો તપાસાય અને નવો શીખવાય, ત્યાં તો તેનાકરતાં દોઢો વખત જાય છે; એટલે પછી વખત પત્રકના વખતને મૂકી દેવો પડે છે અને ગમે તેમ ચલાવવું પડે છે.

પ્રવીણશંકરઃ—પણ એ તકરાર તો વખતપત્રકની ગોઠવણ સારી થાય તો મટીજ જાય. હું તો એમજ કહું છું કે, તમે પોતે તમે જાતે મુકરર કરેલા અમુક વખત પ્રમાણે શીખવોજ છે। ના ? અથવા અમુક અમુક દિવસે અમુક વખતમાં તમે અમુક વિષયો તો શીખવોજ છે। ના ? તે વિષયો તો તમે ધાર્યા પ્રમાણે પૂરા કરી શકો છે। ના? ક્વચિતજ તેમાં ફેર પડતો હશે. ત્યારે તેવુંજ વખતપત્રક તમને મળે તો ?"

" તો કંઇ વાંધોજ ન આવે." સેવકરામ અને વિદ્યાશંકર બન્નેએ હા પાડી.

પ્રવીણશંકરઃ-"કેમ નરભેરામ ! તમને કેમ લાગે છે?"

નરભેરામઃ-" એ પ્રમાણે થાય તો અમારે કાંઇ વાંધોજ નથી. પણ એમ થશેજ નહીં."

પ્રવીણશંકરઃ-" પણ તે વિચાર તમારે કયાં કરવાનો છે ? તમે દરેક મને એવું એક લીસ્ટ કરી આપો કે અમે અમુક અમુક દિવસે અમુક વખતમાં આટલા આટલા વિષયો શીખવી શકીએ છીએ. તો પછી હું તેને વખતપત્રકના રૂપમાં ગોઠવી આપીશ. પછી તો તે પ્રમાણે કરી શકશો કે નહીં. !"

નરભેરામઃ-" તો ભલે કરીશું. એ કંઈ અમારા કામથી વિરૂદ્ધ નથી."

પ્રવીણશંકરઃ-" ત્યારે તમે આજે બપોરે આવો તે વખતે મને એ લીસ્ટ કરી આપજો. અને એમાં પણ લક્ષમા રાખજો કે ઘણા શિક્ષકોને એવી ટેવ હોય છે કે હમેશનાં છોકરાંઓને જેટલા વિષયો ચાલતા હોય તેટલા બધા તપાસવા; અને એમ દરરોજ બધા વિષયો ચલાવવા. તમે તે પ્રમાણે નહીં કરતા હો અગર હવેથી નહીં કરશો. કારણ કે એવી રીતે એક સાથેજ આખો લાડવો ખાવા જનાર જરા પણ ખાઈ શકતો નથી, અને ઉલટા દાંત પાડી દેછે. તમારા વર્ગમા ચાલતા બધા વિષયો હમેશાં ન શીખવાય પણ અમુક અમુક વિષયોજ અમુક દિવસે શીખવાય; એમ તમે રાખો તો તેથી દરેક વિષયપર તમે એટલું બધું ધ્યાન આપી શકશો કે તે દરેક તમે પકકો કરાવી શકશો. જ્યારે હમેશાં બધા વિષયો શીખવવા ધારો, ત્યારે ઉતાવળે ઉતાવળે બધા ઉકેલવા પડે છે; પણ જ્યારે દરરોજ ત્રણ ચાર વિષયોજ શીખવવાના હોય ત્યારે તેના પર વધારે ધ્યાન આપી શકાયજ. પહેલા ક્રમથી દરરોજ તપાસાય એ ખરું; પણ તે દરરોજ ઉતાવળે એટલે તેનાથી કૃતેહ કંઇ પણ થાય નહીં. આ બીજી રીતથી પણ અઠવાડીયામાં દરેક વિષયો ઓછામાં ઓછા બે વાર શીખવાનું તો તમને મળીજ શકશે. અને તે દરેકને માટે પેહેલાંના કરતાં એટલો બમણો વખત મળી શકશે કે જે સારી રીતે શીખવી શકાશે; અને તપાસી શકાશે. એટલા માટે એ ખાસ લક્ષમાં રાખજો કે દરેક વિષય પૂરતી રીતે શીખવવાને અને તપાસવાને માટે વખત પૂરો રહે છે કે નહીં. વિષય અઠવાડીયામાં વધારે વખત આવે તેને માટે વિચાર કરશોજ માં. પણ અમુક અઘરો વિષય તમને વધારે વખત સુધી શીખવવાનો મળે છે કે કેમ એ વિચાર કરજો અને એ પ્રમાણે બધી ગોઠવણ કરજો." -

"વળી હું તમારા કામની વહેંચણી કરવા ધારૂં છું. નિશાળનું કામ અને વિશેષે કરીને દફતરી કામ તમને બધાને આવડી શકે, અને દરેકને માથે બોજો સરખો પડે. કોઇને પણ કામ વધારે આવી જવાથી ત્રાસ થાય તેમ કરવાની મારી ઇચ્છા નથી. વખતે તમને સ્વતંત્ર રીતે શાળા ચલાવવાનું મળે તો પણ તે વખતે તમે ગભરાઇ ન જાઓ, અને કામની કસોટી વિશેષ માહિતી મળશે તેટલા માટે તમારે એ બધાં કામ જાણવાની જરૂર છે જેથી કયું કામ કોને કરવું. એ વગેરે હું આજે બપોરે ગોઠવી રાખીશ, અને તમને સૂચવીશ."

આ પ્રમાણે આસિસ્ટંટોને દાદ પાડી તેમજ કામમાં પણ નિયમિત થઇ જવાનું કહી પ્રવીણચંદ્રે ઘેર જવા સૂચવ્યું અને બધા સાથે પોતે પણ ગયા.

વિશ્વવિદ્યા.

ચણોઠી—ગુંજા.

એને હિંદુસ્થાનમાં ગુંગચી, રાતી ચિરમટી, સંસ્કૃતમાં ગુંજા, કૃષ્ણલ, કાકચિંચી, અને ફારસીમાં ચશ્મખુરોસ કહે છે. બંગાળીમાં એનું નામ ગુંજા છે.

સ્થાન—ચણોઠીનો વેલો થાય છે અને આ વેલો ઘણો સુંદર હોય છે. આ વનસ્પતિ ભરતખંડના સર્વ અરણ્યોમાં, હિમાલયના ૭૦૦૦ ફુટ ઉંચા પ્રદેશોમાં અને સિયામમાં થાય છે.

ડાક્તર સાહેબ એની ત્રણ જાતી ગણાવે છે—

પહેલી—કાળી આંખવાળી રાતી ચણોઠી. એનાં ફૂલ ગુલાબી રંગનાં થાય છે.

બીજી—ધોળી આંખવાળી કાળી ચણોઠી. એનાં ફૂલ કાળા રંગનાં થાય છે.

ત્રીજી—ધોળી ચણોઠી. એનાં ફૂલ પણ ધોળાંજ થાય છે.

એનો ઉપયોગ ઓસડિયાંમાં થાય છે. એન્સલી સાહેબ કહે છે કે એનાં મૂળનો ઉપયોગ જેઠીમધને ઠેકાણે થઇ શકે છે, અને કેટલેક ઠેકાણે એનાં મૂળીયાં જેઠીમધને બદલે વેચવામાં આવે છે. પરંતુ ડૉ. ગાઇડી કહે છે કે જેઠીમધ કરતાં એમાં મિઠાસ ઘણી થોડી છે અને તેથી તેને જેઠીમધને બદલે વાપરી શકાય નહીં.

ડૉ. મુદીન શેરીફ કહે છે કે "એનાં પાનાં ઘણાંજ સ્વાદિષ્ટ છે, અને આ પાનાંનો ઘણોજ ઉત્તમ પ્રકારનો અર્ક નિકળી શકે." એ પાનાં મીઠાં હોય છે.

સંસ્કૃત ગ્રંથકારો એનાં મૂળિયાંને ઝેરી ગણે છે, અને કહે છે કે એ ખાવાથી ઉલટી થાય છે.

મૂળિયાં ઉગ્ર જાતિ, ઘણી શાખાવાળાં હોય છે તેની છાલ પાતળી, અને રા

૨

ળી ચૂર્ણની હોય છે, અને તે સ્વાદે કડવાં પણ પાછળથી મીઠાં લાગે છે. લાકડું પીળું હોય છે અને બાગવાથી ચમત્કારિક વાસ આવે છે.

મૂળિયાં પરમિયામાં ઉપયોગી છે. રૉકસબર્ગ સાહેબ કહે છે કે "આશરે પાવશી ભાર લઇ તેને કૂટી રસ નીચોવી, તે રસ સાકર સાથે આપવો." પૂનામાં ધોળી ચણોઠી ઘણી ઉત્તમ ગણાય છે, અને તેનાં મૂળિયાંને જેઠીમધને બદલે વેચે છે.

મૂળીયાંનુ ચૂર્ણ કરી તેમાં સુંઠ કે કોઈ બીજા વાતઘ્ન પદાર્થો મેળવી તે ચૂર્ણ ખાંસી ઉપર અપાયછે. આપવાનું પ્રમાણ ૪ થી ૬ રતી સુધી. મૂળનો ટાઢો કવાથ શ્વેત પ્રદર ઉપર પણ અપાય છે. મૂળિયાંની છાલ અર્ધો ઔંસ લઈ તેનો ૧૦ ઔંસ પાણીમાં કવાથ કરી, તેમાં બીજા વાતઘ્ન પદાર્થો મેળવી ખાંસી ઉપર આપવું. ઔષધનું પ્રમાણ ૧થી બે ઔંસ સુધી. વળી આ કવાથ નાના છોકરાને કંઠરોગમાં સારો ફાયદો કરે છે.

ચણોઠીનાં પાનાંને ઊના રાઇના તેલમાં ડુબાવી તે તેલ સંધીવાથી દૂખતા ભાગો ઉપર લગાડવામાં આવે છે. શરીરનો કોઇ ભાગ સૂઝી ગવાથી દૂખતો હોય તો તેના ઉપર પ્રથમ ઊનું દીવેલ ઘસવું અને પછી ચણોઠીનાં પાનાંને ઊનાં કરી બાંધ્યાં હોય તો સોજામાં થતી કળતર અને બળત્રા મટી જાય છે. પાનાંનો રસ કાઢી કોઇ નરમ તેલ સાથે મેળવી દૂખતી જગા ઉપર લગાડવાથી આરામ થાય છે.

જ્ઞાનતંતુના વિકાર ઉપર બીયાં ખાવામાં આવે છે. અને ત્વચા, વ્રણ, કે કેશરોગ ઉપર ચોપડવામાં આવે છે. ચોપડવા સારૂં ચણોઠી, પારો, ગંધક, લીંબોળીનાં બીજ, ભાંગનાં પાન, અને કપાસની મીંજેનું ચૂર્ણ વપરાય છે. ચણોઠીનાં બીજ ઘણાંજ ખાધામાં આવે તો ઝેરી અસર થઇ ઝાડો થઇ જાય છે અને કોલેરાના જેવાં ચિન્હો થાય છે. એમ માનવામાં આવે છે કે આ ઝેરી ગુણ બીયાંના રાતા ફોતરામાં રહેલો છે.

બીયાંને દુધમાં ઉકાળી, તેમાં થોડી ઇલાયચી નાંખી, તે દૂધ પીવાથી, જ્ઞાનતંતુઓ મજબુત થઇ, ધાતુપૌષ્ટિક અસર થાય છે. દૂધમાં ઉકાળવાના ચૂર્ણનું પ્રમાણ ૧ થી ૩ ગ્રેન સુધી. બીયાંના ચૂર્ણને ઉકાળ્યા વગરજ પીવામાં આવે તો ઝાડો અને ઉલટી થાય છે. ધોળી ચણોઠીમાં બીજા પણ કેટલાક પદાર્થો મેળવી તેનો પાક બનાવે છે. મૂળીયાંનો પણ પાક બને છે. આ પાક ઘણો બળવર્ધક ગણાય છે.

ડૉકટર મુદ્દીન શેરીફ કહે છે કે "જો ચણોઠીના રંગ ઉપરથીજ તેની જાતો પાડવામાં આવે તો તેની દશ કરતાં પણ વધારે જાતો થઇ શકે. કેટલીક ચણોઠી બિલકુલ કાળી, ધોળી, પીળી, અથવા ગુલાબી હોય છે અને એવીજ જાતોનો ઉપયોગ ઔષધના કામ માં કરવામાં આવે છે. જે ચણોઠીઓ ઉપર બીજા રંગની આંખો છે તેઓ દવાના કામમાં વપરાતી નથી.

ધોળી ચણોઠી શોધક છે. એટલે શરીરના સ્વાભાવિક માર્ગોમાંથી મળને દૂર કરી તેમને ખુલ્લા કરે છે. પાણીમાં ઘસીને સોજા ઉપર લગાડવાથી બળત્રા કમી થઇ, સોજો ઉતરી જાય છે.

ચણોઠીનું ઝીણું ચૂર્ણ કરી સુંઘવાથી શરદીથી થએલી ગોઠી મસ્તક પીડા મટે છે. ચણોઠી જ્યારે લોહી સાથે મળે છે ત્યારેજ ઝેરી અસર ઉત્પન્ન થાય છે. અને તેથી ચમાર લોકો ઢોર મારવામાં, એનો ઉપયોગ કરે છે.

નીચેનું મિશ્રણ ચણોઠીનું ઝેર ઉતારવામાં ઉપયોગી છે ૨ ભાગ સરકો, ૩ ભાગ ખાંડ અને ૧ ભાગ કાગદી લીંબુનો રસ. એ મિશ્રણમાંથી ૬૦ ગ્રેન આપવું

ચણોઠીનાં બીયાં નેત્રસ્રાવ કરવાના કામમાં વપરાય છે એનું પાણી આંખમાં ભરવાથી, તેમાં બળતરા થઇ, પરૂ વગેરે વહેવા માંડે છે અને તેથી ડોળાને કે કીકીને કાંઇ પણ નુકસાન ન થતાં, દવા કર્યાં વગરજ ૧૦—૧૫ દિવસમાં આંખ સારી થઇ જાય છે માટે જ્યારે આંખનો સ્રાવ કરવાની જરૂર પડે ત્યારે ૧૫૫ ગ્રેન છાલ કાઢી નાખેલા બીજોના ભૂકાને ૧૦ ઔંસ ટાઢા પાણીમાં ૨૪ કલાક પલાળી રાખી, પછી તેને ગાળી લઇ તે દ્રાવણ વાપરવું

ખોરાક—એમ કહેવાય છે કે મિસર દેશમાં ચણોઠી ખોરાક તરીકે વપરાય છે એને ઉકાળીને ખાવાથી શરીર સારૂં થાય છે પણ ઘણી ખાવાથી માથું દુખે છે

શરીરમાં ગુંજાના રસની પિચકારી મારવાથી વિષ વ્યાપે છે. આ ઝેરી ગુણ ઉની કરવાથી નાશ પામે છે માટે જ્યારે એને પાણીમાં ઉકાળવામાં આવે છે, ત્યારે તેમાનું વિષ નિર્ગુણ થઇ જાય છે. અથવા જો માત્ર ખાવામાં આવે તો પેટમાંની ગરમી અને મિનાશથી એના ઝેરી ગુણનો નાશ થઇ જાય છે ૧૦૦° ઉષ્ણમાને એ ઝેરી ગુણ નિર્ગુણ થાય છે

ડૉક્ટર વૉર્ડેને અરધી ગુંજા પાણીમાં ઘસી તેની પીચકારી એક બિલાડાને મારી. તો તે બિલાડું ૨૪ કલાકમાં મરી ગયું એજ સાહેબે ચણોઠીમાંથી એક એસીડ કાઢ્યો છે તે अब्रिक एसिड કહેવાય છે, અને એવું સિદ્ધ કરેલું છે કે એ એસીડ ઝેરી નથી ચણોઠી એમની એમ ખાવાથી વિકારક છે રાંધીને ખાવાથી નથી

માલદાર અને ચમાર લોક ચણોઠીનો ઉપયોગ ઢોરને ઝેર દઇ મારી નાખવામાં કરે છે. એનો લોટ કરી તેમાં લોઢાની સોયને બોળી ઢોરના શરીરમાં દાખલ કરવાથી તે મરી જાય છે. વળી લોટનીજ સોયો બનાવી સૂકવી રાખે છે પછી ઢોરના શરીરમાં પ્રથમ છેદ પાડી તે છેદમાં પેલી લોટની સોય ખોસી દે છે આથી જનાવર મરણને પામે છે. જો ખેંચી કાઢીને સોયને કાઢી નાખે તો જનાવર બચે છે, નહી તો શરીરમાં બળતરા થઇ ને મરણ પામે છે. એક ડૉક્ટર લખે છે કે નાગ સાથે ચણોઠીના લોટ મેળવી કરેલી એક ગોળી તેણે એક મરેલી ગાયના મૂત્રમાર્ગમાંથી બહાર કાઢી હતી

ઉપયોગ—રાતી ચણોઠી તોલ કરવામાં કામ આવે છે એક ગુંજાનું વજન આશરે ૧.૭૫ ગ્રેન થાય છે. પંજાબમાં એક ચણોઠીનું વજન આઠ ખસખસની બરોબર થાય તો તેને ખરી ચણોઠી ગણે છે એમ કહેવાય છે કે જગતવિખ્યાત કોહીનૂર હીરાનું પ્રથમ વજન ગુંજાથીજ કરવામાં આવ્યું હતું ગુંજાને રતી કહે છે રતી શબ્દ ઉપરથી અરબી શબ્દ ‘ किरात ’ થયો. અને તે શબ્દ ઉપરથી ઇંગ્રેજી ‘ कॅरट ’ શબ્દ (સોનું રૂપું હીરા વગેરે મૂલ્યવાન જણસો તોળવાનું વજન બતાવનાર શબ્દ) થયો. એક કૅરટનું વજન ૩$\frac{1}{6}$ ગ્રેન એટલે લગભગ બે રતી થાય છે ગુંજાની માળાઓ અને કાનમાં પહેરવાના દાગીના વગેરે બનાવે છે. વળી નાની નાની પેટીઓ ટોપલીઓ ઉપર પણ ગુંજાને જડવાનું કામ કરવામાં આવે છે *

છ. રા. ત્રિવેદી.

રંગનો ઉપયોગ.

(ચલાળા જ્ઞાનવર્ધક સભામાં માણેકચંદ અમરશી મેહેતાએ આપેલું ભાષણ.)

રંગનું મહત્વ.

રંગ આ વસ્તુ લોહચુંબકના જેવી છે. જેમકે લોહચુંબકને દેખી લોઢું ખેંચાય છે, તેમજ રંગ આ ચીજ એવી છે કે, જેનો ઉપયોગ થવાથી માણસ માત્રનું મન તે તરફ આકર્ષાય છે. ને રંગ ઉપર દરેક માણસ ફીદા અગર આધીન હોય છે. જ્યારે આ પ્રમાણે છે ત્યારે આપણને તો નાનાં બાળકોનાં મન ખેંચવાને માટે આ શકિત અત્યંત ઉપયોગી થઇ પડશે ને આપણે આપણા કામમાં સફળ નીવડીશું. તો મિત્રો ! હવે આ અમૂલ્ય અગર ઘણીજ કામની ચીજ કયે કયે સ્થળે વાપરશું તે તરફ લક્ષ ધરીએ.

પ્રથમ આપણે નિશાળ તરફ વિચાર કરીએ કે, આ અમુલ્ય ચીજ કયાં કયાં વાપરવી. બાળકોનાં સાધનો તરફ જરા વિચાર કરીએ. બાળકોનાં મુખ્ય સાધનો, ભણવાની ચોપડીઓ, આંકવાને માટે આંકણીઓ કિંવા ચપાટિયાં, અને સ્લેટો તથા ચોપડીઓ, નાંખવાને દફતરો હોય છે. હવે તેમાં ધારે તો શિક્ષક રંગનો ઉપયોગ કરી શકે. મિત્રો હવે આપણે આગળ વિચાર કરીયે.

આંકવાનાં ચપાટીયાં, વાંચવાની ચોપડીઓ, તેમજ ચોપડીઓ નાંખવાનાં દફતરો પણ રંગીત કરવાં.

આંકવાનાં ચપાટિયાં રંગીત કરવાં, જેથી શોભિત લાગે ને વળી એક સરખો દેખાવ દેખાય જેથી બાળકો પણ ખુશી થાય. આપણે ઘણી વખત નાનાં બાળકોને ચોપડીઓ ફાડતાં કિંવા દફતર ઉપર લિટા લૂસતા જોઇએ છીએ. પણ તેને બદલે તેને સારી, સુશોભિત ચોપડી અગર સારાં રંગીત દફતરો આપ્યાં હોય તો તે ફાડવાને માટે અચકાશે. કારણ, આ તો સારી ચોપડી છે તેને કેમ ફડાય ? એવો વિચાર તરતજ આવશે. ને આથી ચોપડીઓ ફાડવાની અગર દફતરો બગાડવાની ટેવ જશે. તેમજ એક રંગનાં દફતરોથી વર્ગ પણ સુશોભિત લાગશે તથા ચોપડીઓ પણ સારી દેખાશે.

પહેરવાનાં કપડાંમાં પણ રંગનો ઉપયોગ કરવા ધારે તો સારી રીતે કરી શકે.

શિક્ષક ધારે તો બધા વિદ્યાર્થીના પોશાક એક રંગના અગર એકજ જાતના કરી શકે. જેમ કે, લાલ ટોપી, પીળું પાટલુન ને નારંગી કોટ. આ પ્રમાણે અગર આથી જુદા

---

* એ શિવાય શાર્દુ઼ન્દર કુષ્ટ રોગ ઉપર ચણોઠીનો ઉપયોગ કરવાનું કહે છે. માથા ઉપરથી કેશ જતા રહી તાલ પડી હોય તો તેના ઉપર ગુંજાનો લેપ કરે છે. (બા. ઠ.)

રંગનો પોશાક કરવા ધારે તો થાય; ને આ પ્રમાણે દરેક વિદ્યાર્થીના સરખા પોશાક કરવાથી કેટલોક ફાયદો પણ છે કારણ, નાનાં બાળકો નઠારી વસ્તુ જેને માને છે તેને ઝટ ભાગી નાખી કડકે કડકા કરે છે, તથા જેને સારી વસ્તુ માને છે તેને તો સાચવીને રાખે છે. જ્યારે આ પ્રમાણે છે ત્યારે તેને સારાં રંગીન કપડાં પહેરવાને કહ્યું હોય તો તે વધારે સાચવે કે મંદાં ફિકા મેલા કપડાં હોય તો તે વધારે સાચવે ? સારા કપડા માટે તે વધારે કાળજી રાખે. કારણ, તે જાણે છે કે આ સારાં છે માટે આપણે સાચવવાં જોઈએ. ને જો મંદાં કપડાં હોય તો તે એમ ધારે કે આ તો ઠીકજ છે હવે શું ? એ તો મેલાં છે, માટે એની ઉપર શાહીનો ડાઘો પડશે આવી રીતે કેટલીક વખત બાળકોને બોલતા પણ સાંભળીએ છીએ. માટે પોશાક રંગીન કરવાથી ઘણો ફાયદો છે બીજું આખા વર્ગનો પોશાક એક સરખો હોવાથી બહુ શોભા આપે છે, તથા બાળકો પણ પોતાનાં કપડાં સાચવવાને માટે કાળજી રાખે છે

કૉપીબુકમાં રંગનો ઉપયોગ થાય.

કૉપીબુકમાં પણ રંગનો ઉપયોગ બરાબર થાય, તેમજ રંગીન ચોકઠાં વગેરેમાં પણ તેનો ઉપયોગ કરી શકાય.

કૉપીબુક લખવાના ખડીઆ ઉપર પણ રંગનો ઉપયોગ થાય તથા ખડીઆ મૂકવાને માટે રંગીન કાંધી કરવા ધારે તો સારી રીતે થાય.

કૉપીબુક લખવાના ખડીઆ ઉપર પણ રંગીન પટીઓ નાંગ તેમજ નંબર સાથે કરી શકે, ને બધા ખડીઆ મૂકવાને માટે સુંદર રંગીન કાંધી કરવા ધારે તો કરી શકે. ને તે રંગીન કાંધી ઉપર ખડીઆ નીચેના ક્રમ મુજબ ગોઠવે, તો તેથી બેવડો ફાયદો છે જેમ કે, રાતો ખડીઓ, પછી નારંગી, ત્યાર પછી પીળો, એ ક્રમ મુજબ. બાળકોને આ પરથી કયે કયો રંગ મળી કયો રંગ થાય છે તે પણ બરાબર સમજાવી શકાય જેમ કે રાતો તથા પીળો મળીને નારંગી વળી આથી બાળકો ખબરદાર તેમજ પોતાના ખડીઆ ઉપર ડાઘ ન પાડવાને માટે પૂરતી કાળજી રાખે છે ને તે કાંધી ઉપર મૂકવાથી તે ઉપર બાળકો ખડીઆ બરાબર સાચવીનેજ મૂકે છે, કારણ ઢોળાવાની બીક રહે છે બીજું શાળામાં ખબ-સૂરત લાગે છે, જેથી બાળકોનું મન શાળા તરફ આકર્ષાય છે તો આ પ્રમાણે ખડીઆઓની ગોઠવણ દરેક શિક્ષક બંધુઓએ કરવી, એવી મારી ખાસ ભલામણ છે. વળી કોઈ એમ કહે કે, એ તો થાય નહિ પણ બંધુઓ મહેનત તથા દક્ષપણાથી દરેક કામ થાય છે

(અપૂર્ણ)

ચર્ચાપત્રો.

૧

બોથળીના મેહેતાજી મગનલાલ દલપતરામ જોશી લખે છે કે:—

૧ દીલ્હીમાં હસ્તિકૂળના અનંગપાળ તુંવરને ફક્ત બે પુત્રીઓ હતી. તેમાં મ્હોટીને A જમેરના સોમેશ્વર ચહુવાણ સાથે અને ન્હાનીને કનોજના રાઠોડના રાજા સાથે પરણાવી

મ્હોટીનો પુત્ર પૃથુરાજ ચહુવાણુ અને ન્હાનીનો પુત્ર જયચન્દ્ર રાઠોડ એ માશી માશીના થાય. જયચન્દ્રની પુત્રી સંયુક્તા સાથે તેની માશીનો પુત્ર પૃથુરાજ ચહુવાણુ પરણ્યો હતો, એમ ચરિત્રચંદ્રિકા, સતિમંડળ, પૃથુરાજ નાટક, તથા ભરતખંડનો હંટરકૃત, હિન્દનો ટુંકો, ભરતખંડનો સરળ, મુન્ત્સેસર હેવાલ, વગેરે ઈતિહાસો, વાર્તાઓમાં મારા વાંચવામાં આવ્યું છે તો એવી રીતે માશી માશીના નિકટ સંબંધમાં લગ્ન વ્યવહાર થાય એનું કારણ શું હશે? કેમકે એ બાબતનો આપણી હિન્દુ કોમમાં પ્રતિબન્ધ છે. કદાચ સ્વયંવરના કારણથી તેમ થયું હોય તો તે પણ લખી જણાવશો.

૨ બીજી બાબતની હકીકતો નીચે મુજબ છે, તેનો નિર્ણય થઇ શકતો નથીઃ—

૧ ભરતખંડના સરળ ઇતિહાસમાં—પૃથુરાજની હકીકત છે. તેમાં લખ્યું છે કે, શાહબુદ્દીન ઘોરીએ પૃથુરાજને પકડીને કેદ કર્યો અને પછી કતલ કરાવ્યો.

૨ પ્રતાપ નાટકમાં અકબર બાદશાહના વખતમાં દિલ્હી દરબારમાં પૃથુરાજ હતો તેણે પ્રતાપસીંહરાણા પર જંગલમાં પત્ર લખ્યો હતો તે એજ પૃથુરાજ હશે કે બીજો?

૩ ચરિત્ર ચંદ્રિકામાં શાહબુદીનના હાથે પૃથુરાજ પકડાયા પછી તેને આંધળો કરી તુરંગમાં નાંખ્યો હતો. એક દીવસ શાહબુદીન મેહેલ પર બેઠો હતો તે સમય ચંદ કવિએ કહ્યું કે,

ચાર વંશ ચોવીસ ગજ, અંગુળ અષ્ટ પ્રમાણ;
ઇતને પે સુલતાન હે, મત ચૂકે ચહુવાણ—૧.

આથી પૃથુરાજે બાણ મારીને સાત તવા લોઢાના છેદીને શાહબુદીનને માર્યો.

૪ ગહિપતરામ કૃત ઇતિહાસમાં, પૃથુરાજને શાહબુદીને રણક્ષેત્રમાં માર્યો હતો એ વગેરે હકીકતો મળી આવે છે તો એ સઘળી બાબતોમાંથી, પૃથુરાજને ઘોરીએ માર્યો તે, કે ઘોરીએ પૃથુરાજને માર્યો તે, કિંવા પૃથુરાજને આંધળો કર્યો તેથી શાહને પૃથુરાજે માર્યો તે, કે કેયી બાબત ખરી છે તે પૂર્ણ તપાસ કરી લખી જણાવી, શંકા દૂર કરશો.

૨

ગાવડકા ફરિજીઆત શાળાના મેહેતાજી ભવાન અમરશી લખે છે કે—

૧ લાલશંકર કૃત નાના અંકગણિત–મનોયત્ન ૧૭ નો દાખલો ૨૪ સૌર 'વર્ષે ૩૬૫ દીવસનું ગણીએ ત્યારેજ જવાબ મળે છે તો તેનું કેમ?

૨ વાંચનમાળામાં જનાવર વગેરેના વર્ણનમાં કેટલેક ઠેકાણે 'છટકી' શબ્દ લખેલો હોય છે, ને કેટલેક ઠેકાણે 'સટકી' હોય છે. (જુઓ ગુ૦ ચોથીનો પાઠ ૧૨૦ તથા બીજીનો પાઠ ૧૨). તો તેનો એકજ અર્થ કરવો કે કેમ?

૩ ગુ૦ ચોથી ચોપડીના પાઠ ૧૫૫ ને મથાળે 'ચડપ' શબ્દ લખેલો છે ને અંદર 'ઝડપ' શબ્દ આવે છે. તો એ મથાળાનો શબ્દ તે 'ઝડપ' ને અર્થે મૂકેલો હોવો જોઇએ કે શું!

૪ તેજ ચોપડીના પાઠ ૧૨૪ ને મથાળે 'વહેવારીઓ' શબ્દ મૂકેલો છે પણ તે અંદર નથી તે કારણથી તેને નિરર્થક ગણાવો કે શું?

૫ (સેન્સસ થયા પછીની—નવી આવૃત્તિની) મુબઈ ઈલાકાની ભૂગોળ—ભાગ ૧ લામાં પાન ૭ ઉપર આ રાજ્યની હકીકત—વસ્તિ ક્ષેત્રફળ વગેરે આંકડા ખોટા દાખલ છે, તે સુધરાવવા જોઈએ.

૩

૧ ગૌરીશંકર અને પૂંજાભાઈ લખે છે કે વાચન ચોથી ચોપડીના પાઠ ૧૭૬ની કવિતામાં ત્રીજી લીટીમાં " લોભે ભલો રહે નહિ ભાર " તથા ચોથી લીટીમાં " લોભે ભારે હળવો થાય. " એનો અર્થ એકજ મુદ્દા ઉપર હશે કે જૂદા ? જો જૂદા ઉપર હશે તો ખુલાસો કરશો

૨ પાઠ ૧૪૨માની " ભદ્ર " વિષેની કવિતામાં 'ભદ્ર' નો અર્થ 'કલ્યાણ' કરવો કે 'મહાન' !

૩ એજ 'ભદ્ર'ના વર્ણનમાં ' સ્વર્ગ નર્ક આ લોકના સઘળા રમ્યા સહેજ " એની આ સ્થળે શી જરૂર છે ? જો કદી જરૂર જણાતી હશે, તો તે ભદ્રના વર્ણનને લગતો ખુલાસો કરશો

૪

વાંકાનેર નિવાસી મ. જ. ઓઝા નીચેના પ્રશ્નોના ખુલાસા મેળવવા ઇચ્છે છે —

૧ મારા મિત્ર તરફથી એક પત્ર આવ્યો છે તેમાં એવું લખેલ છે કે, તમે બુંડા-માં બુડી ચીજ ભોગવશો. મા તો બુંડામા બુંડી ચીજ કઈ તે હું જાણતો નથી. માટે તે બુંડામાં બુંડી ચીજ કઈ તે લખી મોકલવા મે. કરશો.

૨ પેહેલું ધોરણ વગરમાં જે છોકરાઓ નવીન આવે, તેમને કેવી રીતથી શીખવવું કે લખતાં વેળાસર આવડે ?

૩ ચાલુ સાલના માગશર માસના કેળવણીમાં બાલગીત આપેલ છે, તેમા ૩–૫ ગીતમા નીચે 'શો અને સુધારો' એવુ લખેલ છે. ને ૪–૬ ગીતમા હ. શા. લખેલ છે. તેમાં એક ગૃહસ્થે મને પૂછ્યુ 'કે શો અને સુધારો' લખવાનું કારણ શું, ને ' હ.શા.'લખવાનું કારણ શું ! તેના જવાબમા મેં એટલુ જ કહ્યું કે શો અને સુધારો એટલે આ બાલગીતો આગળ કોઈએ બનાવેલાં હશે, તે ખોળીને તેમા સુધારો કર્યો હશે ને ૪–૬ નબરનું ગીત નીચે સહી કરી છે તેણે પોતેજ બનાવ્યા છે. તો આ કહેવુ મારું વ્યાજબી છે કે ખોટું તે પણ જણાવવા કૃપા કરશો

૪ ગાયકવાડી રાજ્યના ઇતિહાસમાં મહારાજા મલ્હારરાવ મહારાજને બે રાણી-ઓ હતી. તેમાં એક ઠેકાણે લક્ષ્મીબાઇ તથા મ્હાલસાબાઇ નામ આપેલ છે. ને એક ઠેકાણે પાર્વતીબાઇ નામ આપેલ છે. તો લક્ષ્મીબાઇ નામ ખરૂં કે પાર્વતીબાઇ નામ ખરું તે જણા-વવા મે. થશે.

૫

મોતીલાલ તુળજશીદાસ પરેખ. સ્કુલમાસ્તર—તા. પેટલાદ લખે છે કે મેહેરબાન સાહેબો—નિચેના પ્રશ્નોનું ખરું સ્વરૂપ સ્પષ્ટતાથી વિવેચન સહ જણાવશો

૧ ઋતુઓના સૃષ્ટિમાં ચાલતા ભિન્ન ભિન્ન વિકારોની પરીક્ષા કરી. કયી ઋતુ શ્રેષ્ટ, તે દર્શાવો?

૨ નીતિ એ કાળને આધીન છે કે કાળ નીતિને આધીન છે.!

૩ અતિલોભી એ શ્રેષ્ટ કે અતિ સંતોષી શ્રેષ્ટ?

૪ વાયુ (પવન) કોને આધીન છે. (સુધરેલા લોકોએ પવનચક્કી વગેરે બનાવ્યાં છે તે સિવાય)?

૫ કાવ્યરસોના સંબંધી અને વિરોધિ ભાવ દર્શાવો.

૬ પરોપકારી અને પરગજુ માણસમાં શો ભેદ છે.

૭ હોપપુસ્તકમાળાની પહેલી અને બીજી ચોપડી (ધો. ૧. અને ધો. ૨માં વાંચન વિષયમાં ચાલે છે તે) શા હેતુ પર રચેલી જણાય છે?

*** ઉપરનાં ચર્ચાપત્રો અને પ્રશ્નોના ખુલાસા કોઈ લખી મોકલશે તો તેમાંથી યોગ્ય હશે તે પ્રસિદ્ધ કરીશું.—એડીટર.

इबारतनेमाटे वात.

એડમીરલ કેમબેલ.

એડમીરલ એટલે દરિયાઈ લશ્કરનો સહુથી વડો સરદાર. કેમબેલ જ્યારે નાનો છોકરો હતો, ત્યારે તેને એનાં માબાપે સ્કાટલંડના કિનારા ઉપર ફરતા એક વહાણમાં કપતાનના હાથ તળે શીખવા માટે મૂક્યો હતો. એક વેળા દરિયામાં એવું બન્યું કે, તે વહાણને શત્રુની તરફના એક લડાઈના વહાણે પકડ્યું અને તે ઉપરના એક અમલદારે તેના વહાણ પર આવી, કપતાન અને નાના કેમબેલ સિવાય બીજા બધાઓને બંધીવાન કરી પોતાનાં વહાણમાં લઈ જવાનો હુકમ કર્યો. આ કમનશીબ બંધીવાનોમાં પેલા વહાણનો એક માણસ પણ હતો: તે બઇરાંછોકરાંવાળો હોવાથી પોતાપર આવી કમબખ્તી આવી પડેલી જોઇને નાનાં છોકરાંની માફક રડવા લાગ્યો. આ પ્રમાણે માણસને રડતો જોઈ નાના કેમબેલને એટલી તો દયા આવી કે, તે તરતજ પેલા અમલદાર પાસે ગયો, અને તેને હીમતથી કાલાવાલા કરીને કહ્યું, "સાહેબ! આ બિચારા માણસને બદલે મને પકડીને લઇ જાઓ તો સારું." આ નાના છોકરાની આવી દયા અને હીમત જોઇ પેલો અમલદાર એટલોતો ખુશી થઈ ગયો કે, તુરત તે વાત કબુલ કરી અને બોલ્યો; "હા છોકરા! હું તેમજ કરું છું. કારણ કે આવા બીકણ પુરૂષને પકડી લઇ જવા કરતાં તારા જેવા હીમતવાન છોકરાને લઇ જવાને હું વધારે પસંદ કરું છું." એમ કહી પેલો અમલદાર પેલા રડતા માણસને મેલી દઇ, બીજા બંધીવાનોની સાથે કેમબેલને પોતાના વડા અમલદારની આગળ ઉભો કરી તેની હીમતની વાત તેને કહી. તે સાંભળી પેલો વડો અમલદાર એટલો તો ખુશી થયો કે, તરતજ નાના કેમબેલને પોતાના વહાણમાં એક કામપર જગા આપી.

એ પ્રમાણે કેમબેલ સરકારી અને લશકરી ચાકરીમાં દાખલ થયા પછી, તે પોતાની હીમત અને ચંચળાઈથી આગળ ચાલતાં એટલો વધ્યો કે, છેલ્લે તે "રેડ સ્કવાડ્રનનો વાઇસ એડમીરલ" થયો, એટલે એક દરિયાઈ કાફલાનો વડો સરદાર થયો. K. C.

गायकवाडसरकारनुं केळवणी खातुं.

इनाम पत्रको.

(પૃષ્ઠ ૪૬ થી ચાલુ)

૭૭ સંખેડા ,, ૮-૩-૯૭ ગામના મહાજનસ્થોએ ૧-૪-૦ બા સદર ૭૮ સિહોર ,, ૨૦-૩-૯૭ પટેલ હરીભાઈ દાભાઈએ ખુશીથી ૦-૮-૦ છોકરાઓને સાકર વેહેંચી. ૭૯ સગસતપુરી , ૨૨-૩-૯૭ દરે કમાવકર શીવનારણે ખુશીથી ૦-૮-૦ બા છોકરાઓને પતાસા વેહેંચ્યા ૮૦ સાધી ,, ૧૬-૩-૯૭ ગામ લોકોએ ખુશીથી ૨-૮-૦ બા' છોકરાઓને પુસ્તકો વેહેંચ્યા ૮૧ આસર ,, ૨૭-૩-૯૭ પટેલ ગીરધર બીખાએ ખુશીથી ૦-૮-૦ બા છોકરાઓને પતાસા વેહેંચ્યાં ૮૨ કોયલી ,, ૩૧-૩-૯૭ ઠાર બાપુ પ્રભરે ખુશીથી ૨-૮-૦ બા સદર ૮૩ વરણામા ,, ૩૧-૩-૯૭ સદર ૧૪-૧૫-૦ છોકરાઓને પુસ્તકો વેહેંચ્યા ૮૪ નરસાળી ,, ૬-૩-૯૭ ગામ લોકોએ ખુશીથી ૪-૧૦-૩ બા. સદર ૮૫ કરાળી ,, ૨૨-૩-૯૭ પંડ્યા ગણપતરામ શીવરામે ખુશીથી ૧-૦-૦ છોકરાઓને પતાસા વહેંચ્યા ૮૬ દશરથ ,, ૨૨-૩-૯૭ ગોભાઈ નરસી હભાઈથી અગ્રાભાઈયોએ ખુશીથી ૦-૮-૦ છોકરાઓને ચણા વેહેંચ્યા ૮૭ પોર ,, ૨૨-૩-૯૭ સ્કુલ કમેટીના મેમ્બરોએ મેળાવડા વખતે ૪-૮-૦ છોકરાઓને પુસ્તકો વેહેંચ્યા ૮૮ અનીયાદી ,, ૫-૩-૯૭ ગામ લોકોએ મેળાવડા વખતે ૬-૪-૦ બા. સદર ૮૯ ચુણાવી ,, ૧૭-૩-૯૭ સદર ૨-૯-૬ બા. સદર ૯૦ ટીંબાર ,, ૧-૪-૯૭ સદર ૨-૮-૦ બા સદર. ૯૧ કુંડેલા ,, ૧-૪-૯૭ સદર ૦-૮-૦ બા છોકરાઓને સાકર વેહેંચી. ૯૨ સોનપુર સ ગુ. શાળા ૨૨-૩-૯૭ ગામ લોકો તરફથી ૪-૦-૦ બા. છોકરાઓને સુખડી આપી. ૯૩ માનંદા , ૨૨-૩-૯૭ મહાનકર લલુભાઈએ ખુશીથી ૫-૦-૦ ક છોકરાઓને પુસ્તકો વેહેંચ્યા ૯૪ શીનોર ,, ૨૬-૩-૯૭ પટેલ મોતીભાઈ રાવાભાઈએ ખુશીથી ૪-૮-૦ ક. સદર ૯૫ શીનોર સ ગુ કન્યા શાળા ૨૬-૩-૯૭ સદર. ૧-૦-૦ બા. કન્યાઓને પતાસા વહેંચ્યા ૯૬ કરનાળી સ ગુ શાળા ૩૧-૩-૯૭ શેઠ ચીકુંનદાસ હાનેરદાસ એમણે ૨૮-૦-૦ બા છોકરાઓને સુખડી વેહેંચ્યા ૯૭ કરનાળી સ અંગ્રેજી શાળા ૩૧-૩-૯૭ સદર ૭-૦-૦ બા સદર ૯૮ ડુંગાવ સ ગુ શાળા ૨૨-૩-૯૭ તલાટી કૃષ્ણાજીએ ખુશીથી ૨-૧૨-૦ બા છોકરાઓને પતાસાં વેહેંચ્યાં. ૯૯ પત્લોદ ,, ૧૧-૩-૯૭ શા નાથજી વલ્લભદાસ ખુશીથી ૦-૮-૦ બા સદર. ૧૦૦ સોખડા ,, ૩-૩-૯૭ સ્કુલ કમેટીના મેમ્બર ત ા ઉમેદભાઈએ ખુશીથી ૧-૦-૦ બા. સદર. ૧૦૧ દશરથ ,, ૩-૩-૯૭ શેઠ દામોદર ભુલાભાઈએ ખુશીથી ૦-૪-૦ બા. સદર ૧૦૨ વાઘોડીયા સ ગુ કન્યાશાળા ૩૧-૩-૯૭ આસિ સ્કુલમાસ્તર મોહનલાલે ખુશીથી ૦-૮-૦ બા કન્યાઓને પતાસાં વેહેંચ્યા ૧૦૩ ચોરંદા સ. ગુ શાળા ૪-૩-૯૭ ગામ લોકો તરફથી ૧-૦-૦ બા છોકરાઓને પતાસા વેહેંચ્યા. એકુણ ૧૦૨-૦-૯ બા. ૨-૮-૦ શિ ૩૪૩-૧૪-૩ ક

તૈયાર કરનાર કારકુન
સ્કુલ ઇન્સ્પેકટર નાથાભાઈ

J. A. DALAL.
વિદ્યાધિકારી.

વડોદરા વિભાગની ગ્રામ્યશાળાઓમાં વેહેંચાયલું ઇનામ.

માહે માર્ચ સન ૧૮૯૭.

૧ વડદલા ૬-૩-૯૭ દેશાઇ અમૃતલાલ ત્રીજભુખણદાસ બા. ૧-૦-૦ છોકરાઓને પુસ્તકો ગોરધન ગંગાદીન બા. ૦-૮-૦ મુખી કાળીદાસ નાથા ૦-૮-૦ નાથા અલીભાઇ ૦-૮-૦ બા. ૨ વડસાલા ૧૫-૩-૯૭ ગામ લોકો તરફથી ૩-૦-૦ બા. સદર.

માહે એપ્રીલ સન ૧૮૯૭.

૧ વેમાલી ૧૯-૪-૯૭ આદર બાઇજી ૦-૪-૦ બા. સદર મેહેતાજી ભોગીલાલ લલુભાઇ ૦-૮-૦ બા. લીલાધર ત્રીભોવન ૦-૪-૦ બા. સુખદેવસીંગ ગોરપસીંગ ૦-૪-૦ બા. ૨ કાટણા ૨૩-૪-૯૭ લોકો તરફથી ૧-૦-૦ ક સદર ૩ અકોટા ૨૬-૪-૯૭ ગામ લોકો તરફથી ૦-૮-૦ બા. સદર ૪ સીસવા ૨૯-૪-૯૭ ગામ લોકો તરફથી ૦-૧૫-૦ બા. સદર.

માહે મે સન ૧૮૯૭.

૧ હરણી ૧ ૫-૯૭ ગામ લોકો તરફથી ૧-૦-૦ બા. સદર ૨ છાણી કન્યાશાળા ૧૮-૫-૯૭ ગામ લોકો તરફથી ૨-૧૦-૦ બા. કન્યાઓને કાપડ.

Jeyshanker P. Joshi.
ડે. એ. ઇનસ્પેકટર વડોદરા વિભાગ.

કલોલ વિભાગની ગ્રામ્યશાળાઓમાં વેહેંચાયલું ઇનામ.

માહે માર્ચ સન ૧૮૯૭.

કડવાડ તા. દેહેગામ ૨૩-૩-૯૭ ભટ. નરસીરામ પિતાંબરે પોતાના છોકરાને નિશાળે બેશાડીને ૨-૦-૦ ક. ૧-૦-૦ રોકડો મેહેતાજીને ૧-૦-૦ છોકરાઓને પતાસાં

માહે એપ્રીલ સન ૧૮૯૭.

૧ પાનસર તા. કલોલ ૨૧-૪-૯૭ શા. કેવળદાસ ત્રિભોવનદાસ ૧-૦-૦ ક. છોકરાઓને પતાસાં ૨ કરોળી તા. દેહેગામ ૫-૪-૯૭ મેદરા તા દશક્રોઇના પા. મોતીભાઇ ગણેશજીએ પોતાના દિકરાના લગન પ્રસંગે ૧-૦-૦ બા. છોકરાઓને પતાસાં. ૩ સાંપા તા. દેહેગામ ૨૬-૪-૯૭ શા. બેહેચરદાસ દીપચંદ તથા તલાટિ લલુભાઇ રામચંદ્ર વિગેરે મળીને પરીક્ષા વખતે ૧-૮-૦ ક. છોકરાઓને પુસ્તકો તથા પતાસાં. ૪ ગિયોડ તા. દેહેગામ ૧-૪-૯૭ કપડવણજના ઇનામદાર બારોટ ગોપાળભાઇ જેઠાભાઇએ નિશાળ તપાસીને ૧-૦-૦ ક. છોકરાઓને પેહેલી ચોપડીઓ. મે ૧૮૯૭ ૧ વડવાસા તા. દેહેગામ પરીક્ષા વખતે હવાલદાર જુમ્માભાઇ જમાલભાઇ તથા મેહેતાજીએ મળીને ૧-૧૨-૦ ક ૧-૪-૦ કન્યાઓને છીંટ ૦-૮-૦ છોકરાઓને પતાસાં ૨ સાંપા તા. દેહેગામ ૫-૫-૯૭ મુખી કાળીદાસ ખુમાજીએ પોતાના છોકરાને નિશાળે બેસાડીને ૧-૮-૦ ક. છોકરાઓને ૦-૮-૦ પતાસાં ૧-૦-૦ ચોપડીઓ ૩ હાલોલ તા. આતરસુંબા પરીક્ષા વખતે ગામ લોકો મળીને ૨-૮-૦ ક. છોકરાઓને ૧-૮-૦ પુસ્તકો ૧-૦-૦ પતાસાં ૨૫-૫-૯૭ પીહીઝતા. પેટલાદના પા. ચતુરભાઇ ભગવાનદાસે પોતાની ખુશીથી ૧-૦-૦ છોકરાઓને પતાસાં

Jivanlal M. Gandhi.
ડે. એ. વિભાગ કલોલ.

પેટલાદ વિભાગ.

માહે ફેબ્રુઆરી સન ૧૮૭૭.

૧ સીંઆલી તાલુકે પેટલાદ તા. ૧૫ બાવાજી મનોરભાઇ વિગેરે બા. ૧ છોકરાંઓને મીઠાઇ. ૨ ભડેરજ તાલુકે પેટલાદ તા. ૨૮ ગામ લોકો બા. ૧ છોકરાંને ખારેકો. ૩ પોઇચા તાલુકે સાવલી તા. ૪ મોતીલાલ નાયજી વિગેરે બા. ૩-૬-૦ છોકરાંને પુસ્તકો. કુલ. ૫-૬-૦ બા.

માહે માર્ચ સન ૧૮૯૭.

૧ નવા ગામ તાલુકે પેટલાદ તા. ૩૧ મે. વલ્લભભાઇ રણછોડભાઇ બા. ૧

રાને પતાસા. ભડકદ તાલુકે પેટલાદ તા ૨૬ તળશીભાઇ ઝવેરભાઇ વિગેરે ખા ૧ છોકરાને પતાસાં. ૩ મરાદરા તાલુકે પેટલાદ તા. ૧૫ એહેચરભાઇ શભુદાસ ખા ૨ સદર. ૪ રીજુાવ તાલુકે પેટલાદ ગામ લોકો રૂ ૨-૮-૦ ખા ૧-૦-૦ પુસ્તકો તથા પતાસાં છોકરાંને કાણીસા તાલુકે પેટલાદ રગુહેદ સામળદાસ ખા ૧-૦-૦ છોકરાને પતાસા. ૬ ટીબા તાલુકે પેટલાદ તા ૨૬ નંદાભાઇ મોતીભાઈ મુખી રૂ ૧-૦-૦ છોકરાને પુસ્તકો કુલ. ૩-૮-૦ રૂ ૧-૦-૦ ખા

માહે એપ્રીલ સન ૧૮૮૭.

૧ બારૈણ તાલુકે પેટલાદ કન્યાશાળા તા ૯ દયા દરજી સાવલાના ખા ૧-૦-૦ કન્યાઓને ચોપડા તથા મેવો નાર તાલુકે પેટલાદ તા. ૧૪ મેહેતાજી જેસંગભાઈ કાશીભાઇ વિગેરે ખા ૧-૮-૯ છોકરાને પુસ્તકો તથા પતાસા સુણેજ તાલુકે પેટલાદ તા ૧૪ બાપુભાઇ સામળદાસ વિગેરે ૨ સદર મજુસર તાલુકે સાવલી તા. ૨૫ દાજીભાઇ દેવશંકર ખા ૧-૦-૦ છોકરાને પતાસા કુલ ૫-૮-૦ ખા

માહે મે સન ૧૮૮૭.

૧ વીરોલ તાલુકે પેટલાદ તા ૩૦ ગામ લોકો ૩-૮-૦ રૂ છોકરાને પુસ્તકો. ૨ લાલપુરા તાલુકે પેટલાદ તા ૨૬ સદર ૧-૦-૦ ખા છોકરાને પતાસા, કુલ ૩-૮-૦ રૂ ૧-૦-૦ ખા

માહે જુન સન ૧૮૮૭.

૧ બાકરોળ તાલુકે પેટલાદ કન્યાશાળા તા ૨૮ દેસાઈ જોરાભાઇ નરસીભાઈ ખા ૪-૦-૦ કન્યાઓને પુસ્તકો તથા પતાસા ૨ ભડકદ તાલુકે પેટલાદ તા ૯ પ્રભુદાસ રેવુભાઇ તથા ગામલોકો ખા ૫-૮-૦ મેહેતાજીને પાઘડી તથા છોકરાને પતાસા. ૩ રવેલી તાલુકે પેટલાદ તા. ૧૦ ગામ લોકો ૩-૮-૦ ખા મેહેતાજીને પાઘડી તથા છોકરાને સાકર કુલ ૧૩-૦-૦ ખા એકંદર કુલ ૭-૦-૦ રૂ ૭૦-૧૪-૦ ખા

તૈયાર કરનાર	તપાસનાર	Jethabhai G. Parikh
નાથાલાલ હરગોવિંદદાસ	ગિરધરલાલ હ શાહ	ડે એ ઇ પેટલાદ વિભાગ

માહે ઑક્ટોબર સન ૧૮૮૬.

૧ કડવાસ તાલુકે દેહગામ તા ૨૮ ગોર સોમનાથ રાજારામે પોતાના છોકરાને નિશાળે બેસાડીને ખુશી દાખલ રૂ ૧ ૮-૦ છોકરાઓને પતાસા

માહે નવેમ્બર સન ૧૮૮૬.

૧ શેરીસા તાલુકે કલોલ રાણા જવરજી તથા ચુનીલાલ છગનલાલ વિગેરે એ મળીને ૧-૨-૦ કલ્છોકરાઓને પતાસા કલોલ વિભાગ

માહે જુન ૧૮૮૬.

૧ વડસર તા૦ કલોલ તા ૧૨ પા જીવતા પીતાંબરે પોતાની ખુશીથી ૧-૦-૦ રૂ૦ છોકરાઓને પતાસા. ૨ બાલવા તા૦ કલોલ તા ૧૦ ગામ પંચો અને શા મકનું તારાચંદે મળીને ૧-૮-૦ રૂ૦ ૧-૦-૦ છોકરાઓને પુસ્તકો ૦-૮-૦ પતાસાં.

Jeevanlal M. Gandhi.

પુંજાભાઈ બેહેચર — ડે. એ ઇ વિ કલોલ

વડોદરા રાજ્યની દેશી કેળવણી ખાતાની શાળાઓમાં માહે એપ્રીલ સન ૧૮૮૭ ના માસમાં પરચુરણ વેહેંચાયેલા ઈનામનું પત્રક

૧ પાટણ સ ગુ શાળા ન. ૧ તા ૨૮ શેઠ લાલજીભાઇ કુવરજીભાઇએ ખુશીથી રૂ ૧૫-૭-૦ છોકરાઓને પુસ્તકો તથા પતાસા વેહેંચ્યા ૨ સદર ન ૨ તા ૩૦ સદર રૂ. ૧૦-૦-૦ સદર ૩ સદર નં ૩ તા ૩૦ સદર રૂ ૧૦-૦-૦ સદર. ૪ પાટણ. સ ગુ કન્યાશાળા નં. ૧ નામદાર વિજાનસાહેબ બહાદુરે તથા સહગૃહસ્થોએ ખા. ૩-૦-૦ કન્યાઓને પતાસા વેહેંચ્યાં. ૫ સદર નં ૨ તા ૨૮ શેઠ લાલજીભાઈ કુવરભાઇએ ખુશીથી રૂ ૧-૦-૦ છોકરાઓને પતાસા વેહેંચ્યા ૬ પાટણ મ. મરેઠ-

શાળા તા. ૩૦ સદર. રૂ. ૫—૦—૦ છોકરાઓને પુસ્તકો પતાસાં વેહેચ્યાં. ૭ મણુંદ સ. ગુ. શાળા જેશંગભાઇ મોરારભાઇ તરફથી. બા. ૩૦—૦—૦ છોકરાઓને પક્વાન જમાડયાં. ૮ જગરાલ. ,, તા. ૧૯ વાગડોદ થાણાના નાયબ ફોજદાર એમણે. બા. ૧—૦—૦ છોકરાઓને સાકર વેહેંચી. ૯ વસાઈ. ,,અમથાલાલ ગુલાબદાસે ખુશીથી. શિ, ૦—૮—૦ સદર ૧૦ ચોરંદા. ,, તા. ૫ જોરાભાઇ નથા ગુલાભાઇએ ખુશીથી. બા. ૦—૮—૦ છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૧૧ કણઝટ. ,, તા. ૧૭ શા. મોતી ધર્મદાસે ખુશીથી. બા. ૧—૦—૦ સદર. ૧૨ ધાયજ. ,, તા. ૬ ગામ લોકોએ મેળાવડા વખતે. બા ૨—૪—૦ છોકરાઓને પુસ્તકો વેહેચ્યાં. ૧૩ માસર. ,, તા. ૨૫ પટેલ મથુરભાઇ કાશીભાઇએ ખુશીથી. બા. ૧—૦—૦ છોકરાઓને પતાસાં વેહેચ્યાં ૧૪ વડજ. ,, તા. ૬ ગામના સદ્‌ગ્રહસ્થોએ ઇનામ મેળાવડા વખતે બા ૯—૮—૦ છોકરાઓને પુસ્તકો ને પતાસાં વેહેચ્યાં. ૧૫ બરકાલ ,, તા. ૨૦ પંડ્યા શંભુરામજી તથા પંડ્યા નરોતમ એમણે ખુશીથી. બા. ૩—૦—૦ છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૧૬ કલોલ. ,, તા. ૧૫ નારાયણ ગોપાળદાસે ખુશીથી. રૂ. ૨—૦—૦ સદર. ૧૭ સેરથા. ,, તા. ૫ ગામના સદ્‌ગૃહસ્થો તથા મેમ્બર ભાઇશંકર એમણે રૂ. ૨—૦—૦ છોકરાઓને સાકર વેહેંચી. ૧૮ ૧૮ મોટી આદરજ. ,, તા ૧૦ હરીલાલ પ્રભાશંકર. રૂ. ૦—૪—૦ સદર. ૧૯ સાંતેજ. ,, તા. ૨૬ નવાડી ડુંગરભાઈ કાશીશંકરે ખુશીથી. રૂ. ૦—૮—૦ સદર. ૨૦ વાનોલ. ,, સમજીભાઇ તથા સવજીભાઇએ ખુશીથી. રૂ. ૦—૮—૦ છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૨૧ ટીંટોડા. ,, તા ૧૧ ગામના મહાજન તરફથી મેળાવડા વખતે રૂ. ૨—૮—૦ સદર. ૨૨ ઇસંડ. ,, મુખી ઇશ્વર રત્નનાથે મેળાવડા વખતે રૂ. ૧—૦—૦ સદર. ૨૩ આતરસુંબા. ,, તા ૧૯ બાવા લાલદાસજી અમરદાસે ખુશીથી બા. ૧—૪—૦ છોકરાઓને બરફી વેહેચી. ૨૪ આતરસુંબા સ. ઉર્દુ. સ્કુલ તા. ૧૨ અબદુલ રસુલે ખુશીથી બા. ૦—૮—૦ છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૨૫ બહીયલ. સ. ગુ શાળા તા. ૧૫ શા. ગલાલચંદ રાયચંદે ખુશીથી બા. ૧—૦—૦ સદર. ૨૬ હાથીજણ. સ. ગુ. શાળા. તા ૨૩ પટેલ અંબઇદાસ ભાઇજીએ ખુશીથી રૂ. ૧૨—૦—૦ છોકરાઓને જમાડયા. ૨૭ રાજપુર. ,, તા. ૨૨ મેહેરબાન કડી માહાલના વહીવટદાર સાહેબે રૂ. ૧—૭—૦ છોકરાઓને પતાસાં વેહેચ્યાં ૨૮ થોળ. ,, તા. ૨૯ પા. મોતી બાવસંગે ખુશીથી શિ. છોકરાઓને સાકર વેહેચી. ૨૯ વામજ. ,, મેહેરબાન કડી વિભાગના નાયબ સુબાસાહેબે રૂ. ૦—૮—૦ સદર. ૪૦ વીડજ. ,, તા. ૩ બારોટ છોટાલાલ તથા પટેલ નથુદાસ એમણે રૂ. ૨—૦—૦ છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૩૧ અગોલ. ,, તા. ૧૦ મેહેરબાન કડીમાહાલના વહીવટદારસાહેબે રૂ. ૦—૮—૦ છોકરાઓને સાકર વેહેંચી. ૩૨ સુરજ. ,, તા. ૧ ગામના મહાજન તરફથી રૂ. ૨—૦—૦ છોકરાઓને પાણી પીવા માટે. ૩૩ ડાંગરવા. ,, તા. ૧૩ પટેલ મુળએ જીજીદાસે ખુશીથી રૂ. ૦—૮—૦ છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૩૪ ગોઝારીયા. સ. ગુ. કન્યાશાળા તા. ૧૫ જસુભાઇ ચીમનભાઇએ ખુશીથી રૂ. ૦—૬—૦ કન્યાઓને પતાસાં વેહેચ્યા ૩૫ જંત્રાલ. સ. ગુ શાળા. તા. ૩૦ શા. રેવા જેઠાએ ખુશીથી બા ૯—૬—૦ છોકરાઓને ગોળ વેહેચ્યો. ૩૬ ચરાડ. ,, ફત્તા સદા તથા ઉમેદરામ સુખરામે ખુશીથી રૂ ૧—૮—૦ છોકરાઓને ખાંડ વેહેંચી. ૩૭ કુકરવાડા. ,, તા. ૨ આ. મેહેસાણાને વિજાપુર માહાલના દરોગાસાહેબે રૂ. ૧—૦—૦ છોકરાઓને ખાંડ વેહેચી. ૩૮ ગવાડા. ,, તા. ૨૯ શા હીરાચંદ તલકચંદે ખુશીથી રૂ. ૧—૦—૦ છોકરાઓને સાકર વેહેચી. ૩૯ દેવરાસણ. ,, તા. ૮ શા છગન ગુલાબચંદે ખુશીથી બા. ૧-૮-૦ સાકર. ૪૦ પાંચોટ. ,, ગામના કેટલાક સદ્‌ગ્રહસ્થોએ મેળાવડા વખતે બા. ૨-૦-૦ સદર. ૪૧ બલોલ ,, તા. ૨૬ સદર. બા ૫-૦-૦ છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૪૨ છઠીઆરડા ,, તા. ૨૪ સ્કુલ કમીટીના મેમ્બરોએ ૧-૪-૦ બા. સદર ૪૩

ભઠ્ઠીયા ,, તા. ૨૬ મેરૂપુર છગનલાલ તથા મા. મનુ ગમાને ખુશીથી ૦—૭—૦ ખા સદર.
૪૪ ચાસ ,, તા ૧ મેહેરબાન દરબાર ગઢીરના કુંવરે આપવાને ૦—૮—૦ લિ. સદર ૪૫
ત્રિકમ સ. અંત્યજ શાળા તા ૨૪ મદનન તરફથી મેળાવડા વખતે ૨—૦—૦ ખા
સદર ૪૬ ઠરોડા સ ગુ શાળા તા ૨૮ મા મોતી પીતાંબર તથા નાનજી નાગરે
ખુશીથી ૨—૮—૦ ખા. છોકરાઓને સાકર વહેંચી ૪૭ છત્રાલ ,તા ૧ સરદાર દોલત
સંગજી કુબેરસંગજી તથા શા અમૃતલાલ તથા પટેલ ભોગાદાસ એમણે ૩—૮—૦ ખા
છોકરાઓને પુસ્તકો તથા પતાસા વહેંચ્યા ૪૮ પનીયડ , તા ૨૮ ગામ લોકોએ ઇનામ
મેળાવડા વખતે ૩—૮—૦ સદ . ૪ દેહગામ સ. ગુ કન્યાશાળા તા ૩૦ ક્લ્બ કમે-
ટીના મેમ્બરોએ ઇનામ મેળાવડા વખતે ખા ૧—૦—૦ કન્યાઓને પતાસા વહેંચ્યા
૫૦ દેહગામ સ ગુ શાળા તા ૩૦ સદર ખા ૧ ૫—૦ છોકરાઓને પુસ્તકો વહેંચ્યા
૫૧ વડોદરા સ ગુ શાળા નં ૩ તા ૨૨ આવિન વિઠ્ઠલદાસ આત્મારામ ખુશીથી ખા
૧—૮—૦ છોકરાઓને પતાસા વેંહેંચ્યા ૫૨ વડોદરા સ ગુ રાવપુરા ઉર્દુ સ્કુલ તા ૨૨
બાપુભાઇએ ખુશીથી ૦—૮—૦ ખા છોકરાઓને ચણા વહેંચ્યા ૫૩ ,, વાડી , તા.
૧૯ વડોદરાના આનંદમન ધખલાએ ખુશીથી ખા. ૫—૦—૦ છોકરાઓને રમકડાં આપી.
૫૪ વડોદરા સ ઉર્દુ કન્યાશાળા તા. ૧ મહેરબાન ખા ખા. અબ્બાસઅલી સાહેબે ખા
૧૨—૦—૦ કન્યાઓને મીઠાઇ વહેંચી ૫૫ છાણી સ ગુ શાળા તા ૧૩ છગનલાલ
તથા બાપુ તથા પ્રાગજીભાઇ એમણે ખુશીથી ખા ૨—૧૩—૦ છોકરાઓને ખારેકો વેંહેંચી
૫૬ કોયલી ,,તા ૨૧ દાજીભાઇ તથા લલુભાઇ તથા ગામના સદ્‌ગૃહસ્થોએ ખા ૮—૯—૦
છોકરાઓને ચોપડીઓ તથા પતાસા વહેંચ્યા ૫૭ બાજવા સ ગુ શાળા ગામ લોકોએ
ઇનામ મેળાવડા વખતે ખા ૧૧—૪—૦ છોકરાઓને ચોપડીઓ તથા પતાસા
વેંહેંચ્યા ૫૮ કરોડ ,, તા ૧૩ સદર ખા ૬—૮—૦ છોકરાઓને પુસ્તકો વેંહેંચ્યાં.
૫૯ કલાલી , તા. ૯ સદર ખા ૨—૮—૦ સદર ૬૦ ઇટોલા , કાળીદાસ ભગ-
વાને ખુશીથી ખા ૦—૮—૦ ક. ૧—૮—૦ સદર ૬૧ કરજણ તા ૧૩ રણ-
છોડલાલ હરીશંકરે ખુશીથી ખા ૦—૮—૦ છોકરાઓને ચણા વહેંચ્યા ૬૨ ડુભાલ ,,
તા. ૧૯ ગામ લોકોએ ઇનામ મેળાવડા વખતે ખા ૫—૧૨—૦ છોકરાઓને લુગડાં
તથા ચોપડીઓ વેંહેંચી ૬૩ પેટલાદ સ ગુ કન્યા શાળા તા ૨૧ હેડમીસ્ટ્રેસ સર-
સ્વતી જેઠારામે ખુશીથી ખા ૧—૦—૦ કન્યાઓને પતાસા વેંહેંચ્યા. ૬૪ નગાલી સ ગુ.
શાળા તા ૧૦ છોટાલાલ તથા નાનાભાઇ પ્રભુદાસે ખુશીથી ખા ૧—૦—૦ છોક-
રાઓને પતાસાં વેંહેંચ્યા. ૬૫ સીમરડા ,, તા ૧૦ બારોટ ઉમેદ ચતુરભાઇએ ખુ-
શીથી ખા ૦—૮—૦ સદર. ૬૬ મોગરી ,, તા ૩ આસિ મોતીલાલ વનમાળીભાઇ
એ ખુશીથી ખા. ૦—૮—૦ સદર ૬૭ મેહેલાવ ,, તા ૧૦ કહોઇ સનુ કીગોરે
ખુશીથી ખા. ૧—૦—૦ સદર ૬૮ પીજ સ અંત્યજ શાળા તા. ૨૩ રણછોડ સાભા
ભલાએ ખુશીથી ખા. ૦—૮—૦ સદર. ૬૯ વસો સ ગુ શાળા તા ૫ આસ
બાપુજી મગનજીએ ખુશીથી ખા. ૨—૦—૦ સદર ૭૦ વસો સ ગુ કન્યા શાળા
તા ૨૩ મેહેરબાન ખા. ખા વિદ્યાધિકારી સાહેબે વાજીટ કરીને ક ૧—૦—૦ કન્યા-
ઓને પતાસા વેંહેંચ્યાં ૭૧ નાર સ ગુ શાળા તા ૧૦ પટેલ પ્રભુદાસ શામળભા-
ઇએ ખુશીથી ખા ૨—૦—૦ છોકરાઓને પતાસા વેંહેંચ્યા. ૭૨ રૂપાજ ,, તા. ૧૯
પટેલ રણછોડ હીરાભાઇ તથા મેની દેવજીએ ખુશીથી ૧—૦—૦ સદર.
૭૩ ભાલેજ ,, તા. ૭ મરઘાભાઇ જુલામભાઇએ ખુશીથી ખા ૦—૮—૦ સદર
૭૪ મહેળાવ ,, તા. ૮ ગામ લોકો તરફથી ખા ૧—૮—૦ છોકરાઓને દૂધ પાયું.
૭૫ ઉત્તરસંડા સ ગુ શાળા તા ૨૦ પટેલ બાબરભાઇ ખુશાલભાઇએ ખુશીથી ખા.
૦—૮—૦ છોકરાઓને સાકર વેંહેંચી ૭૬ બામણગામ ,, તા. ૧૦ શંકરભાઇ
વલ્લભભાઇએ ખા ૦—૮—૦ છોકરાઓને પતાસાં વેંહેંચ્યાં ૭૮ ગોલકા ,, તા. ૯

ન ત્રીલોકનાથ પ્રમાનંદ મુનશી એમણે ક. ૫-૧૨—૦ છોકરાઓને પુસ્તકો વેહેંચ્યાં. ૭૯ સાવલી સ. ગુ. કન્યાશાળા તા. ૧૨ મેહેરબાન રા. બા. સરસુબા સાહેબ એમણે વીઝીટ કરીને બા. ૩—૦—૦ કન્યાઓને પતાસાં વેહેંચ્યાં. ૮૦ મધરોળ સ. ગુ. શાળા તા. ૧ મીજલાલ છગનલાલ તથા ત્રીકમભાઇએ ખુશીથી બા. ૧—૮—૦ છોકરાઓને પતાસાં વેહેંચ્યાં. ૮૧ દ્વારકા. તા. ૩૦ શેઠ કાળીદાસ જુઠાભાઇએ ખુશીથી ક. ૫૭—૭—૦ છોકરાઓને પુસ્તકો વેહેંચ્યાં. ૮૨ દ્વારકાં સ. ગુ. નાઇટશાળા. તા. ૩૦ શેઠ કાળીદાસ જુઠાભાઇએ ખુશીથી ક. ૧૦—૨—૦ સદર. ૮૩ દ્વારકા સ. ગુ. કન્યાશાળા તા. ૩૦ સદર ક. ૧૮—૧૨—૦ કન્યાઓને કાપડ વેહેંચ્યું ૮૪ દ્વારકાં. સ. ગુ. વેદશાળા સદર ક. ૫૬—૧૦—૦છોકરાઓને કાપડ વેહેંચ્યું. ૮૫ દ્વારકાં. સ. સંસ્કૃત પાઠશાળા તા. ૩૦ સદર ક. ૫૭—૧૦—૦ સદર. ૮૬ દ્વારકાં સ. મરેઠી શાળા તા. ૩૦ સદર ક. ૫૭—૬—૦ સદર. ૮૭ વરસડા. સ. ગુ. શાળા તા. ૩૦ ગામના સદગૃહસ્થોએ ખુશીથી ક. છોકરાને સાકર વેહેંચી. ૮૮ મોટા આંકડીયા ,, તા. ૩ શેઠ નરભેરામ નંદલાલ તથા શેઠ મુળજી એમણે ખુશીથી ક ૧—૮—૦ સદર. ૮૯ અમરેલી. સ. અંત્યજબોરડિંગ તા. ૨૮ અબદુલ ગફુરે તથા મેમણ મુસામહમદે ખુશીથી ક. ૨—૦—— સદર. ૯૦ ઇશ્વરીયા સ. ગુ. ફરજીયાત શાળા તા. ૨૨ કણબી. વાઘા હદાએ ખુશીથી ક. ૦—૧૨—૦ છોકરાઓને સાકર વેહેંચી.૯૧ સાગોડરી. ,, તા. ૧ પટેલ. કુવરજી જશાએ ખુશીથી ક. ૧—૦—૦ સદર. ૯૨ વીઠલપુર. ,, તા. ૧૨ પટેલ નથુ હરદાસે ખુશીથી ક. ૦—૮—૦ સદર. ૯૩ કામરેજ.,, તા. ૨૧ રા. મોહનભાઇ લલ્લુભાઇએ ખુશીથી ૧—૦—૦ છોકરાઓને પતાસાં વેહેંચ્યાં. ૯૪ કઠોર. સ. ગુ. કન્યાશાળા. તા. ૧૫ ગુલાબચંદ હરજીવને ખુશીથી ક. ૧—૦—૦ કન્યાઓને પેંડા વેહેંચ્યાં. ૯૫ ધલા. સ. ગુ. શાળા. ૧૫ સોની. ઉત્તમ ખુશાલે ખુશીથી. ક. ૦—૧૨—૦ છોકરાઓને ખાજુર વહેંચ્યું. ૯૬ ગડત.,, તા. ૨૦ પટવા ગોરધનદાસ દ્વારકાંદાસે ખુશીથી ક. ૧-૮-૦ છોકરાઓને ટોપી આપી. ૯૭ ડોલવાણ. ,, ગામના સદ્ગ્રહસ્થોએ મેળાવડા વખતે ક. ૧—૧૪—૦ છોકરાઓને સાકર વહેંચી ૯૮ બ્યારા. તા. ૧૩ આ. નવસારી પ્રાંતના સરફોજદાર ખુશીથી ક.૧—૦—૦ સદર. ૯૯ હથુરણ. સ. ઉર્દુ. સ્કુલ તા. ૨૮ મુનસી ગુરેબાજખાં ફતેહખાંએ ખુશીથી ક. સદર. ૧૦૦ સોનગઢ. સ ગુ. કન્યાશાળા તા. ૨૯ ધુળીયાના એજંટ જમસેદજી શેરીયાદજી એમણે ક. ૧—૦—૦ કન્યાઓને સાકર વેહેંચી. ૧૦૨ નવસારી સ. ઉર્દુ સ્કુલ તા. ૧૬ આછામીયાં તથા અબદુલ રેહેમાને ખુશીથી ક૦ ૨—૦—૦ છોકરાઓને પતાસા વહેંચ્યા ૧૦૩ નવસારી સ, ગુ. શાળા તા. ૧૬ વઇદ દીનમણી નરોત્તમે ખુશીથી ક૦ ૦—૧૨—૦ સદર. ૧૦૪ નવસારી સ. મરેઠી શાળા. તા. ૭ પાગેદાર તથા પાડુરંગ રાવજી તરફથી ક. ૫—૦—૦ છોકરાઓને પાણી માટે. ૧૦૫ રતનપુર શ ગુ. શાળા તા. ૨૯ શેઠ ખોડા દેવચંદે મેળાવડા વખતે ૫—૦—૦ છોકરાઓને સાકર વેહેંચી. ૧૦૬ કોડીનાર. ,, તા. ૧૬ મેહેરબાન રા. સા. અમરેલી પ્રાંતના ઇજનીયર સાહેબે ક. ૩—૦—૦ સદર.૧૦૭ દામનગર. ,, ડાકટર. પરસોતમ દયાશંકર તથા ફોજદાર છગનલાલ ઉમીયાશંકર તથા શેઠ જેઠાલાલ જીવન એમણે. છોકરાઓને પાણીની પરબમાં આપ્યા. ૧૦૮ ચુવાવી ,, તા. ૧૮ કલ્યાણદાસ તથા મુળજી કાશીરામે ખુશીથી બા. ૦—૧૨—૦ છોકરાઓને પતાસાં વેહેંચ્યાં. ૧૦૯ બહાદરપુર. ,, તા. ૨૮ આસિ. શંકરલાલ છગનલાલે ખુશીથી ૧—૦—૦ સદર. ૧૧૦ વાઘોડીયા. સ. ગુ. કન્યાશાળા. તા. ૧૯ મેહેરબાન રા બા. મહાલાનીહાય સરસુબા સાહેબ એમણે બા. ૧—૦—૦ છોકરાઓને પતાસાં વેહેંચ્યાં. ૧૧૧ વાઘોડીયા સ. ગુ. શાળા. તા. ૧૯ સદર. બા. ૨—૦—૦ છોકરાઓને પતાસાં વેહેંચ્યાં. એકંદર બા. ૧૪૦—૭—૦ શિ. ૧—૮—૦ ક૦ ૪૫૩—૧૨—૦

તૈયાર કરનાર કા.
માણેકલાલ નાથાભાઇ પટેલ.

J. A. DALAL.
વિદ્યાધિકારી.

સરક્યુલરો.

વરહુકમ નંબર ૫૩.

મોટી ઉમરની સ્ત્રીઓને ભણવા મળે તે માટે કેટલેક ઠેકાણે જનાના ક્લાસ કરેલા છે. મોટી ઉમરની સ્ત્રીઓને એક જગાએથી બીજી જગાએ જવાનું હોય તેમ કેટલેક પ્રસંગે બને ત્રણ ત્રણ માસ સુધી ગેરહાજર રહેવાનું તેમને થાય. સબબ એક માસ કરતાં વધારે મુદતની ગેરહાજરી થાય તો નામ કમી કરવા સ. નં. ૫૮ તા. ૧૨-૩-૯૭ નો કરવામાં આવેલ છે તે જનાના ક્લાસને લાગુ ન કરતાં તેમાં ત્રણ માસ કરતાં જેની વધારે મુદતની ગેરહાજરી થાય તેનું જ નામ કમી કરવું. તા. ૯ એપ્રીલ સ. ૧૮૯૮ મુ. વડોદરા J. A. DALAL.

ઉમેદસુખ વરહુકમ નંબર ૫૪ વિદ્યાધિકારી.

મુખ્ય શિક્ષણપદ્ધતિ પાઠશાળાના તા. ૩૧ માર્ચ સ. ૧૮૯૮ ને રોજ બંધ પડવાની છે તેથી ચાલુ સાલની પરીક્ષા મે માસમાં થશે. સબબ આ ખાતાના કોઈ પણ શિક્ષકને કોઈ પણ પરીક્ષા આપવી હોય તેમણે તુરત વરહુકમ નં. ૧૧ તા. ૨૨-૧૧-૯૭ ને અનુસરી મંજુરી મેળવી પરીક્ષાને માટે જરૂર પરીક્ષાની તારીખ મુકરર થયે જેમને મંજુરી મળી હોય તેમને તે તારીખ રા. રા. કળાભવનના પ્રિન્સિપાલ સાહેબ જણાવશે.

કોઈને કંઈ અભ્યાસ બાબત પૂછવું હોય તો તેમણે પરભાર્યું રા. રા. કળાભવનના પ્રિન્સિપાલ સાહેબને પૂછવું એટલે તેઓ તેમને તુરત પરભાર્યા જણાવશે.

રા. રા. પ્રાંતના એજ્યુકેશનલ સાહેબોએ જે શિક્ષકને પરીક્ષા આપવાની મંજુરી આપવામાં આવે તે લખાણ રા. રા. કળાભવનના પ્રિન્સિપાલ સાહેબની મારફતે ન મોકલતાં પરભાર્યું મોકલવું જોઈએ અને તુરત જ તે બદલની ખબર ઉપલા ઉપરી ભવનમાં આપવાનું કરવું જોઈએ કે જેથી પરીક્ષાની તારીખ તેઓ પરભાર્યા તે તરફ જણાવી દે. તા. ૧૧ એપ્રીલ સ. ૧૮૯૮ વડોદરા J A DALAL.

વરહુકમ હિ. જા. નં. ૫૫. વિદ્યાધિકારી

સ. નં. ૧૨ સન ૧૮૯૧-૯૨ મા જણાવેલી કે મંગાવવાનાં પુસ્તકો આપવાનાં ને નજીકની સબ ડેપોમાંથી તસ્દી ... નું ઠરવું હોવાથી ગમે તે વખતે પુસ્તકો મંગાવવા સબ ડેપો તરફ માગણી કરે છે તેથી ત્યાંના હેડમાસ્તરને ઘણું કામ પડે છે અને તેથી શાળાના કામમાં હરકત આવે છે એવું જણાયાથી ઠરાવવામાં આવે છે કે—જેને પુસ્તકો મંગાવવાનાં હોય તેમણે જે તે માસની તા. ૧૨ અને તા. ૨૭ ના રોજ મંગાવવા તજવીજ કરવી જોઈએ તા. ૧૩ માહે એપ્રીલ સને ૧૮૯૮ J A DALAL.

આ. પ્ર. વરહુકમ હિ. જા. નં. ૫૬. વિદ્યાધિકારી.

અહીંનું હિસાબીખાતું કમી થવાના કારણે વરહુકમ નંબર ૪૦ તા. ૨-૬-૯૭ ની કલમ ૨ થી પગારપત્રક વગેરેના નાણાં જેના તેને અદા કર્યાની ઉનારદી પાવતીઓ આ તરફ મોકલવાનું બંધ થયું છે એટલે ઉપલવદી પાવતી લેવાનું કારણ રહેતું નથી. માટે પાછળથી નાણાં અદા કરવાના હોય તો દફતરે રહેલી સ્થળ પ્રમાણે સહી લઈ નાણાં અદા કરવા.

બીજે સ્થળે નાણાં હુંડીથી કે મનીઓર્ડરથી અદા કરવામાં આવતી ઉપલવદી પાવતી લેવામાં આવી હરકત નથી તા. ૧. માહે એપ્રીલ સને ૧૮૯૮ J. A. DALAL.

આ. પ્ર. વરહુકમ નં. ૫૭. વિદ્યાધિકારી

કડી પ્રાંતમાં આગળ કલ્દારી નાણાંનું ચલણ હતું તે બંધ થઈ હવે બાબાશાઈ રૂપીઆ તથા બાબાશાઈ પૈસાનું સરકાર તરફથી ચલણ થયું છે પરંતુ તેનો વેપારી વગેરેમાં પુરેપુરો વહીવટ થયો નથી તેથી કેટલે ઠેકાણે મેહેતાજીઓ તરફથી કંટીનજંટ વગેરેના નાણાંનો હિસાબ કે કલ્દાર રૂપીઆમાં તથા કલ્દાર પૈસામાં ખરચ થયેલો લખવામાં આવ્યો છે ને રીવાજ બંધ કરેલા મનમાં મેં રા. બા. એકાઉન્ટન્ટ જનરલ સાહેબ તરફથી ઉપરનો નંબર ૧૯૦૫ તા. ૨૫ માર્ચ સન ૧૮૯૮ થી લખાઈ આવ્યું છે માટે આ વરહુકમ મળ્યા બાદ સરકારી દરેક નાણું બાબાશાઈ ગણ્યાં તે વિરૂદ્ધ કોઈના તરફથી આમલ નહીં થવા

રહેવી જોઇએ. અર્થાત બાબાશાઈ નાણામાંજ ખરચ કરવા રિવાજ રાખવો.
૧૩ માહે એપ્રીલ સને ૧૮૯૮.   J. A. DALAL.

અં. પ.   વટહુકમ હિ. જા. નં. ૫૮.   વિદ્યાધિકારી.

આ આફીસના સ. જા. નં. ૨૨ તા. ૧૦-૧-૮૯ થી સ. નં. ૧૨ સને ૧૮૮૧-૮૨ તથા સને ૧૮૮૨-૮૩ માં જણાવેલી કોમના છોકરાઓને પુસ્તકો આપવાનાં તે ડેપોમાંથી દરેક વખતે રૂ. ૧૦) સુધીનાં પુસ્તકો આપવાની છુટ છે પરંતુ તેથી કેટલેક ઠેકાણે છોકરાઓની સંખ્યા વધારે હોવાના કારણે હરકતો પડે છે માટે સદર સરકયુલરને અનુસરી દરેક વખતે રૂ. ૨૦) કરતાં વધારે નહી અને વરસ દહાડામાં રૂ. ૫૦) પચાસ કરતાં વધારે નહીં એવી ડેપો તરફ ચોપડીઓની માગણી કરવા છુટ છે અને તે પ્રમાણે ડેપોમાંથી ત્યાંના આઝમ હેડમાસ્તરે આપવા તજવીજ કરવી. તા. ૧૩ માહે એપ્રીલ સને ૧૮૯૮.

J. A. DALAL.

અં. પ.   વટહુકમ જા. ન. ૫૯.   વિદ્યાધિકારી.

છેવટ અદાનો દાખલો કોણે કેવી રીતે આપવો, તેમાં શું શું હકીકત લખવી તે બદલનો ખુલાસો નગદી હિસાબી નમુનાના પુસ્તક પૈકી સાધારણ નિયમની કલમ ૩૮ થી ૪૨ તથા નમુના નંબર ૨૧૧-૨૧૨ ના ખુલાસાની કલમ ૫ માં સ્પષ્ટ રીતે બતાવેલી તે પ્રમાણે કેટલેક ઠેકાણેથી તેવા દાખલા નહીં આવવાથી મે. રા. બા. એકાઉન્ટંટ જનરલ સાહેબનો વટ હુકમ નંબર ૨૬ તા ૨૪-૨-૯૮ નો આજ્ઞાપત્રીકા પાન ૪૮૨ ઉપર પ્રસિદ્ધ થયો છે તે આધારે આ ખાતાના માસ્તરો તથા અધિકારીઓને જણાવવામાં આવે છે કે હવેથી છેવટ અદાના દાખલા આપનાર સર્વ મહેતાજીઓ, હેડમાસ્તર તથા અમલદારોએ એવાં દાખલામાં નિયમમાં બતાવેલી પૂરેપૂરી સર્વ હકીકત દાખલ કરવી જોઇએ. એકાદ હકીકત કોઇ ઇસમના સંબંધે ન હોય તો તેના દાખલામાં તે હકીકત નથી એમ સ્પષ્ટ લખવું જોઇએ. તૈયારીની રજા આપવામાં આવી હોય અગર સરકારી લહેણું હોય તો તે હકીકત દાખલ કરવી જોઇએ પણ કોઇ ઇસમના બાબતમાં એ હકીકત ન હોય તો તેના દાખલામાં તૈયારીની રજા આપી નથી. સરકારી વિગેરે લહેણું નથી એ બાબતો સ્પષ્ટ લખવી જોઇએ. મતલબ કે છેવટ અદાના દાખલામાં જેટલી હકીકત લખવા ઠરેલું છે તે પ્રમાણે દરેક ઇસમના દાખલામાં લખવું જોઇએ. છેવટ અદાના દાખલા મહેતાજીઓને ખજીનામાંથી મળતા હતા પણ હવે આબોઆકટની એકજ નકલ મહાલમાં જવાથી તેવા દાખલા ખજીનામાંથી મળવા હરકત છે, એ બાબત લખાણ ચાલતાં છેવટ મે. રા. બા. એકાઉન્ટંટ જનરલ સાહેબે પોતાના શેરા નંબર ૨૪૧૯ તા ૪-૪ ૯૮ માં જણાવ્યું છે કે ફેરબદલીના કારણે મહેતાજીઓના છેવટ અદાના દાખલા નવા આવનાર ઇસમને આપવા અને દફતર ઉપરથી તે સંબંધની તમામ હકીકત દાખલ કરવી છેવટ અદાના દાખલામાં નિયમ પ્રમાણે સર્વ હકીકત નહીં હશે તો ખજીનાના અમલદાર પેમેન્ટ કરશે નહીં. તા. ૧૫ માહે એપ્રીલ સને ૧૮૯૮.   J. A. DALAL.

અં. પ.   વટહુકમ નં. ૬૦   વિદ્યાધિકારી.

કોઇ છોકરો વ્યાકરણના સબ હેડમાં નાપાસ થાય તો તેને ઉપલા ધોરણમાં ચઢાવવો નહીં એવું વટહુકમ નં. ૧૭ તા. ૨૭-૧૧-૯૭ માં જણાવવામાં આવ્યું છે. પણ હમણાં એક શાળાની વિઝિટ લેતાં પાંચમા ધોરણના વર્ગમાં કવિતામાંથી પાંચ શબ્દો પદચ્છેદ કરવાને આપ્યા તો એક છોકરાએ એક પણ શબ્દનું ખરું પદચ્છેદ કર્યું નહીં. અને ક્રિયાપદની જગાએ વિશેષણ એવી એવી ભૂલો કરી. તે ઉપરથી શિક્ષકના સંબંધે શક જતાં તે ધોરણના શિક્ષકને એ પાંચ શબ્દનું પદચ્છેદ લખવા કહ્યું તો તે પણ બીલકુલ ખોટું તેમણે લખ્યું. ક્રિયાપદનું પદચ્છેદ નામની માફક વિભક્તિ લગાડી કર્યું. અને બીજી જેવી સાધારણ બાબતમાં પણ ભૂલો કરી. તો પછી જ્યાં શિક્ષક શીખવી નહીં શકે ત્યાં છોકરાને શિક્ષા કરવી એ ઠીક કહેવાય નહીં, માટે આ સાલ એ પેટા વિષયમાં કોઈ છોકરો નાપાસ થાય તો તેટલાજ માટે તે છોકરાને ઉપલા વર્ગમાં ચઢાવવાને અટકાવવાની જરૂર નથી. શિક્ષકો વિષે હવે શું કરવું તે બાબત બીજો વટહુકમ કાઢવામાં આવશે. તા. ૧૮ એપ્રીલ સ. ૧૮૯૮ મુ. દેહગામ   J. A. DALAL.

દેશી કેળવણી ખાતાની ગુજરાતી શાળાઓમાં ઇનામમાં આપવાને સારૂ નીચે જણાવેલાં ગુજરાતી પુસ્તકો મંજૂર કરવામાં આવે છે.

અનુક્રમ નંબર	પુસ્તકનું નામ.	કર્તા અથવા પ્રકટ કર્તા	કિંમત રૂ	આ	પૈ.	વિશેષ હકીકત.
૩૦૯	વિજળી વિક્ટોરીઆ	બાઈ પુતળીબાઈ જહાંગીર કાબરાજી	૦	૪	૦	
૩૧૦	મહિપતરામની મુસાફરી.	રા. બા. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા	૦	૪	૦	
૩૧૧	દીર્ઘાયુષ્ય શી રીતે થવાય (ગુજરાતી લિપિમા.)	રા. બા. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ	૧	૦	૦	
૩૧૨	વચનામૃત અથવા બાળ માળા	રા. ચુનીલાલ [illegible] શાહ	૦	૬	૦	
૩૧૩	બાળ મનનપોથી	રા. મણીલાલ ચુનીલાલ ભટ્ટ	૦	૧	૦	
૩૧૪	મિત્ર લાભ	રા. રા. રસિકરામ [illegible] [illegible] ભાષાંતર	૦	૬	૦	ફક્ત સંસ્કૃત શાળાઓ માટે
૩૧૫	બીજી સંસ્કૃત બુક.	મદદ	૦	૪	૦	સદર
૩૧૬	ઘર સંસાર	રા. મથુરભાઈ કાશીરામ પટેલ	૦	૬	૦	,, કન્યાશાળાઓ માટે.
૩૧૭	શિશુ શિક્ષા	રા. મોહનલાલ [illegible] ભટ્ટ	૦	૧	૦	
૩૧૮	સાહિત્ય સંગ્રહ.	રા. કહાનજી ધર્મસિંહ	૨	૪	૦	
૩૧૯	ભારત વર્ષનો ઇતિહાસ	રા. [illegible]	૦	૬	૦	
૩૨૦	એશીઆ યુરોપ વગેરે ખંડમાંની મહાપ્રજાઓમાં જનસ્વભાવના સાદૃશ્ય દૃષ્ટાન્ત.	મેસર્સ એન એમ એન્ડ કંપની [illegible] મુંબઇ	૦	૨	૦	
૩૨૧	મહાજન મંડળ	રા. મગનલાલ નરોત્તમ પટેલ	૧	૦	૦	
૩૨૨	નીતિ શાસ્ત્રના મૂળતત્વ ભાગ ૧ લો.	રા. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ	૦	૪	૦	
૩૨૩	દીપોત્સવી અથવા દીવાળી.	રા. કહાનજી ધર્મસિંહ	૦	૦	૬	
૩૨૪	શાન્તિ સુધા	રા. મણીશંકર [illegible] ભટ્ટ	૨	૦	૦	,,
૩૨૫	[illegible] હિન્દ ભાગ ૫ મો.	રા. રા. ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ	૩	૦	૦	
૩૨૬	[illegible]	વે. શા. મ. ર. રા. [illegible]	૨	૮	૦	સંસ્કૃત શાળાઓ માટે.

૩૨૭	કર્તવ્ય.	ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી.	૧	૮	૦	
૩૨૮	સાઠ સંવત્સરી કુંડળીયા	રા. દેવજી ઉકાભાઇ મંકવાણા.	૧	૦	૦	
૩૨૯	પાક શાસ્ત્ર ભાગ ૧ લો.	રા. બા. છગનલાલ હાકોરદાસ, મોદી. ટ્રાન્સલેટર.	૦	૧૨	૦	કન્યા શાળાઓ માટે ખાસ કરી પાકશાસ્ત્ર જ્યાં ચાલતુ હોય ત્યાં
૩૩૦	સદરં ભાગ ૨ જો.	સદર.	૦	૧૦	[illegible]	
૩૩૧	યુનાઈટેડ્ સ્ટેટસ્‌ની લોક સ્થિતિ.	રા સુનીલાલ બાપુજી.	૧	[illegible]	૦	કન્યા શાળાઓ માટે
૩૩૨	સતિ સીતા.	સૌ બાઇ જેકોર હરિભાઇ.	૦	૪	૦	
૩૩૩	કલિવિડમ્બન શતક.	સુવિચારદર્શક મંડળી મુંબઈ.	૦	૨	૦	
૩૩૪	જનરલ જ્યૉર્જ વૉશિંગટનનું જીવન ચરિત્ર.	પ્રકાશક રા. દામોદર સાંવલેરામ.	૧	૮	૦	
૩૩૫	નીતિ નિપુણ નાતમલાલ.	રા હીરાચંદ મનજી.	૧	૦	૦	કાઠિયાવાડ તરફની શાળાઓ માટે.

J. A. DALAL.
વિદ્યાધિકારી.

देशी केळवणी खातानी मराठी शाळाओमां इनाममां आपवा सारु नीचे जणावेलां पुस्तको मंजुर करवामां आवे छे.

अनुक्रम नंबर.	पुस्तकनुं नाम.	कर्त्ता अथवा प्रकट कर्त्ता.	किंमत. रु.	आ.	पै.	विशेष हकीकत.
२१८	आरोग्य शास्त्र भा. १ लो.	रा. रा. बाळाजी प्रभाकर मोडक.	१	८	०	
२१९	सदर भा. २ जो.	सदर.	१	८	०	
२२०	ग्राम्य संस्था.		१	१२	०	
२२१	नीतिशास्त्राचें मूळतत्व.	रा. वासुदेव गणेश सहस्रबुधे.	०	१०	[illegible]	
२२२	शिक्षण मिमांसा.	सदर.				
२२३	धर्माची आवश्यकता आणि व्याख्या.	रा. जनार्दन मह[illegible]				
२२४	आर्य धर्माचा इतिहास.					
२२५	मुलांचे-चिमुकलें पुस्तकालय नीतिधर्म पाठ १ लो.					
२२६	पानपतची मोहिम.	प्रका[illegible]				
७	संतचरित्रें.	[illegible] रा. [illegible]				

...ચાધિકાર
... તેને ઉપલા ધોરણમાં ચઢાવ
... જણાવવામાં આવ્યું છે. પણ
... વર્ગમાં કવિતામાંથી પાંચ શબ્દો
... એક પણ શબ્દનું ખરું પદચ્છેદ કર્યું નહીં,
...ની એવી ભૂલો કરી. તે ઉપરથી શિક્ષકના સંબંધે
...ાંચ શબ્દનું પદચ્છેદ લખવા કહ્યું તો તે પણ બીલકુલ
...છેદ નામની માફક વિભક્તિ લગાડી દીધું. અને જાતી
... કરી. તો પછી જ્યાં શિક્ષક શીખવી નહીં શકે ત્યાં
...ી, માટે આ સાલ એ પેટા વિષયમાં કોઈ છોકરા
... ઉપલા વર્ગમાં ચઢાવવાને અટકાવવાની જરૂર
...ત બીજે વરઘુકમ કાઢવામાં આવશે. તા. ૧૮

J. A. DALAL.
વિદ્યાધિકારી.

જાહેરખબર.

રા. રા. હરગોવિંદદાસ કાન્હદાસ કંપનીવાળાનાં રચેલ પુસ્તકોની નવીન આવૃત્તિઓ—

પ્રાણજીવન	૦—૪—૦
હિંદી કારીગરીને ઉત્તેજન ભા. ૧	૦—૪—૦
હિંદી કારીગરીને ઉત્તેજન ભા. ૨	૦—૬—૦
અંધેરી નગરીનો ગર્ધવસેન	૦—૧૨—૦
મહોમુદના મુસાફરી	૦—૪—૦
બે બહેનો	૦—૮—૦
સતી રૂપસુંદરી	૦—૪—૦
* સત્યું વ્યાકરણ	૦—૧—૩
* નવું આરોગ્ય	૦—૧૨—૦
* નવું અંકગણિત	૧—૪—૦
* ભૂતળવિદ્યા	૦—૭—૦
નીતિ અને ધાર્મિક ધર્મ	૦—૨—૩

* ચિન્હવાળાં પુસ્તક વડોદરા સરકારે કેળવણી ખાતાના પ્રાઈઝ તથા લાઈબ્રેરી માટે મંજુર કરેલાં છે. બીજાં પુસ્તકો પણ ઇનામ આપવા માટે તથા લાઈબ્રેરીમાં રાખવા લાયક છે. [illegible]

સોનેરી તક-કિંમતી ભેટ!

મહાજન-મંડળ.

"મહાજન મંડળ" નામે મોટો ગ્રંથ દોલતના ભારે ખરચથી બહાર પાડ્યો છે. તેમાં ભારતવર્ષના પ્રાચીન તથા અર્વાચીન આશરે ૬૦૦ મહાજનોનાં જીવનચરિત્રો, પ્રભુઓ, મહર્ષિઓ, મહાત્માઓ, ધર્મપ્રવર્તકો, મહાકવિઓ, મોટા રાજાઓ, રાણીઓ, સંગીતશાસ્ત્રીઓ, પરોપકારી સ્ત્રીઓ, નામાંકિત પુરુષો અને સાધુઓ, મહાસતીઓ, [illegible] અને વિદેશી ધર્મપ્રવર્તકોનાં જીવનચરિત્ર વિસ્તારપૂર્વક લખવામાં આવ્યાં છે. એ ગ્રંથ [illegible] ૧૫૦૦ પૃષ્ઠનો છે અને તેમાં [illegible] નકશાઓ આપેલા છે [illegible] ગુજરાતમાં [illegible] પ્રગટ થયેલો છે. [illegible] મહારાજા શ્રી [illegible] સાહેબ [illegible] અર્પણ કરવામાં આવ્યો છે. [illegible] સુંદર છપાઈ [illegible] છે. ગુજરાતના [illegible] વિદ્વાનોનો અભિપ્રાય છે કે [illegible] તેની પ્રતીતિ છે. આ ગ્રંથની કિંમત [illegible] (૧૫૦) [illegible] રૂ. [illegible] કિંમત [illegible] માટે [illegible] ૦—૮—૦ પોસ્ટેજ સહિત [illegible] છે. માટે [illegible] "આ ગ્રંથની [illegible]" [illegible] ભેટ [illegible]

મુ. અમદાવાદ. |
[illegible] |

મગનલાલ નરોત્તમદાસ પટેલ.
"મહાજન મંડળ" ઓફિસ [illegible]

જાહેર ખબર

[illegible] વડોદરા કલાભવનને લગતી શિક્ષણપદ્ધતિ શાળાની છેવટની પરીક્ષા [illegible] મે ૧૮૯૮થી ભવનના મકાનમાં સવારના સાત વાગતાથી શરૂ થશે. ઉમેદવારોને પરિક્ષામાં બેસવાની પરવાનગી મળી હોય તેઓએ દાખલા સાથે લઈને વખતસર ભવનમાં હાજર થવું.

કલા ભવન }
વડોદરા, તા. ૧ ૪ ૯૮. }

RAOJI M PATEL,
પ્રિન્સિપાલ-કલાભવન

નીચેનાં પુસ્તકો તેના પ્રસિદ્ધકર્તા તરફથી આવ્યાં છે તે બદલ આભાર થયો છે.

કીમત રૂ. આ.

१ वृत्तार्णव तंत्रम्. ,,
२ आर्य समाजीय रहस्य. ,, ०—[illegible]
३ सन्ध्याकल्प ,, ०
४ अंग्रेजी योगज्ञान. ,,
५ शिल्पशास्त्रान्तर्गत आयतत्त्व. ,, ०—[illegible]
६ श्री सामवेदीय छान्दोगानाम् आन्हिकम् ,,

આ પુસ્તક વડોદરામાં પ્રસિદ્ધકર્તા સોમપુરા ત્રિવેદી [illegible] ભગવાનજી [illegible] મળશે

૭ નીતિ શાસ્ત્રનાં મૂળતત્ત્વ—અંગ્રેજી ઉપરથી તૈયાર કરનાર ગોવિંદભાઈ [illegible] દેસાઈ, બી. એ. એલ. એલ. બી. નાયબ પ્રાંત ન્યાયાધીશ વડોદરા. [illegible] નીતિ શીખવવાનું [illegible] પુસ્તક છે ભાષા શુદ્ધ અને સાદી છે તથા [illegible] કીમત ૦ ૪—૦ [illegible] કર્તા પાસેથી અથવા નૂતન વિલાસ પ્રેસમાંથી મળશે.

જાહેરખબર.

શિશુશિક્ષણ નીતિસાર—ગુજરાતી ભાષામાં તથા [illegible] (નીતિ [illegible]) [illegible] નીતિ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ૦—૨—૦

[illegible] ૧૧-૪-૯૮

[illegible] }
[illegible] }

પ્રસિદ્ધકર્તા
[illegible]
[illegible]

શ્રી

સંવત ૧૯૫૪ જ્યેષ્ઠ

કેળવણી

પુસ્તક ૧૦ મું અંક ૮ મો

પ્રસિદ્ધ કર્તા

છોટાલાલ નરભેરામ ભટ્ટ.

વડોદરા

"[illegible]" માં છાપ્યું

ઈ. સ. ૧૮૯૮

केळवणी.

दोधकवृत्त

अर्थ मळे वळी धर्म सधाये, ज्ञान मळे सनमान वधाये;
प्रीति वधे पसरे जश सारो, ए शिशुशिक्षण धर्म अमारो

પુસ્તક ૧૦ મુ   જેઠ   સવત્ ૧૯૫૪   અંક ૮ મો

નીતિવચન.

(ભર્તૃહરિનો અનુવાદ)

મનહર

શુ વિશેષ ?

ક્ષમા ગુણ હોય તો શુ વચનથી છે વિશેષ,
ક્રોધ હોય દેહમા તો શત્રુનુ શુ કામ છે ?
જ્ઞાતિ હોય લાતી તો શુ દેવતાનુ કામ કહો,
હોય સાચા સ્નેહી ત્યા શુ ઔષધનુ કામ છે ?
દુર્જન જો દેશમા તો સાપની જરૂર કશી ?
ધનનુ શુ કામ કશી વિદ્યામા વિશ્રામ છે ?
લાજ હોય તો શુ ભારે ભૂષણથી ભૂષણ છે ?
રાજ્યની વિસાત શી ? જો કવિતાનુ ઠામ જ   ૧
કોણ ભર્યો ?
દ્રવ્ય રખડુ પામો કોને નથી ગર્વ થયો ?

વિષયી થયો ને કોને આપદા નથી અડી?
સુંદરીએ કોનું મન ક્ષુભિત કરેલું નથી?
કોની દેહ કાળકેરા કરમાં નથી પડી?
રાજાનો સદાય કોણ વા'લેરો થઈને વસ્યો?
માગણ થઈને કોને મોટાઈ મોંઘી જડી?
દુષ્ટકેરી જાળમાં ફસાયેલો પુરૂષ કોણ
ક્ષેમ ને કુશળ રહી છટકયો છેલ્લી ઘડી? ૨

જીત.

મિત્ર જીત મેલ છોડી, શત્રુ જીત નીતિ જોડી,
લોભી જીત દામ તોડી, થોડી થોડી વારમાં;
વિપ્ર જીત માન આપી, નારી જીત પ્રેમ થાપી,
બંધુને સમાન માપી જીત તું વિચાર માં;
ક્રોધીને વખાણ કરી, ગુરૂને પ્રણામ કરી,
મૂર્ખનું લે ચિત્ત હરી વાતના વિચારમાં;
જ્ઞાની સાથ જ્ઞાન ગાઈ, રસીકને રસ પાઈ,
શીલથી સકલ ભાઈ જીતી લે સંસારમાં. ૩

પામે.

કામી તે કલંક પામે, ચઢયો તે નિપાત પામે,
માગણ લઘુતા પામે, એમાં શી નવાઈ છે?
લોભી અપકીર્તિ પામે, ના લડે તે હાર પામે;
દોષ દેખી પ્રીતિ પામે, મૂર્ખના જે ભાઈ છે;
નિર્ધન ઠગાઈ પામે, શોકથી ઉન્માદ પામે,
ચિંતાતુર શંકા પામે, ત્યાં શી ચતુરાઈ છે,
જુગારી તે દુઃખ પામે, દુર્વાક[1] અપ્રીતિ પામે,
નિશદિન શાંતિ પામે, જેનામાં ભલાઈ છે. ૪

ભૂષણ.

નીતિ તો ભૂમિપતિનું ભૂષણ ગણાય ભારે,
નમ્રતા સદૈવ છે ઘરેણું ગુણવાનનું;
લાજ અંગનાનું, ઘરબારીનું ઘરેણું દ્રવ્ય,
બ્રાહ્મણનું શાંતિ, ક્ષમા રૂપી બળવાનનું;
શરીરનું રૂપ, સ્મૃતિ મનનું ઘરેણું મોટું,
ઘરનું શિશુઓ ને કવિતા બુદ્ધિમાનનું;

---

૧ નઠારાં વેણ બોલનારો.

વાણીનુ ઘરેણુ વખણાય છે [1]પ્રસાદ રૂપી,
સજ્જનને વા'લુ છે, ઘરેણુ સનમાનનુ. ૫

નાશ.

કૃપણથી કીર્તિ નાશે, ગુણ નાશ ક્રોધ દેખી,
સત્ય નાશ છળ દેખી, કુલ નાશ કુલથી,
ધન નાશ વ્યસનોથી, સ્થિરતા વિપત્તિઓથી,
સિદ્ધિઓ પ્રમાદ દેખી નાસી ચાલી સે'લથી,
નીચતાથી કુલ નાશ મદથી વિનય નાઠો,
પુરૂષપણુ નાશ છે ખરાબ એવથી,
આદર દરિદ્રતાથી સુખ શાંતિ તૃષ્ણાથી,
આત્મજ્ઞાન નાશ જાય મમતાના મેવથી ૬

બળ

રાજાનુ પ્રતાપ બળ સ્ત્રીનુ બળ યૌવન છે,
માગણનુ બળ 'પૂઠે લાગવુ' પેખાય છે,
સજ્જનનું સત્ય બળ ડોળ તે અસજ્જનનુ,
સયમ જોગીનુ બળ જગમા વખાય છે,
કુટુંબનુ સપ બળ ધન છે સેવાનુ બળ,
ગુણ તે મહાબળ ઉન્નતિનુ કે'વાય છે,
થોડા ધનવાળાનુ છે સચય છે રૂડું બળ,
શાંતિકારી બળ તો વિવેક વખણાય છે ૭

શોભે છે

હાથી [2]મદમાથી શોભે, સર શોભે કમળથી,
રાત શોભે પુર્ણિમાના ચદ્રના પ્રકાશથી,
શીલથી ઘરૂણી શોભે, વેગથી તુરંગ શોભે,
સુરંગ [3]આગાર શોભે, નિત્યના ઉત્સવથી,
વાણી શોભે વ્યાકરણે હસ ચક્રવાકે નદી,
સભા શોભે શુભ સદા પંડિત સમાસથી,
સુપુત્રથી વશ શોભે, દેશ શોભે ભૂપતિથી,
ત્રણે લોક શોભે પરમેશ અવિનાશથી ૮

---

[1] નિર્મળતા [2] મદથી તોફાન કરનારો [3] ઘર

काळा पाटिया उपर आकृतिओ दोरवानी आवश्यकता.

શિક્ષક અને વિદ્યાર્થીઓને આનુભવિક સૂચના.

(વિકટર, એચ. એ. ના અંગ્રેજી લેખ પરથી).

(अ) શિક્ષકોને.

પાઠ આપતી વખતે જે વસ્તુ કે પ્રાણીનું વર્ણન પાઠમાં હોય તેની આકૃતિ કાળા પાટિયાપર દોરવાની ઘણી અગત્ય છે. પ્રથમથી સારી રીતે તૈયાર કરી આણેલું ચિત્ર ઘણું ઉપયોગી નથી, પણ બાળકોના દેખતાજ રૂપરેખાદર્શક ચિત્ર દોરવામાં આવે તે ઘણું જરૂરનું છે. બાળકોમાં ઉત્પાદક શક્તિ હોય છે એ વાત માનસિક શાસ્ત્રથી સિદ્ધ થયેલી છે, અને તેથી તેઓ કોઇ પણ વસ્તુ પોતાની નજર આગળ થાય તે જોવાને ઘણા આતુર હોય છે. તેમની નજર આગળ ચિત્ર દોરવાથી તેમની જિજ્ઞાસા જાગ્રત થાય છે, શીખવામાં તેમને રસ પડે છે, અને તેમની અવલોકન શક્તિ તથા ઉત્પાદક શક્તિ કેળવાય છે. જે છોકરા સારૂં ધ્યાન આપે તેના બદલામાં તેમને પ્રોત્સાહિત કરવાને પાઠ થઇ રહ્યા પછી તેમને પોતાની મેળે તેવી આકૃતિઓ દોરવાની પરવાનગી આપવી. જો તમે એમ કરશો તો તેઓ કેટલું ધ્યાન આપે છે તે જોઇને તમે આશ્ચર્ય પામશો.

હું હમેશા આ પ્રકારને અનુસરૂં છું. છોકરા પ્રથમ તેમની નોટબુકમાં પેનસિલથી ચિત્ર કાઢતા અને પછી તેમાં શાહી પૂરતા. શરૂઆતમાં આ પદ્ધતિથી તમને સારૂં પરિણામ નજરે નહિ પડે; પણ તેથી નાઉમેદ ન થતાં જો આ ક્રમ તમે ચાલુ રાખશો તો આગળ જતાં તમને કેટલો સુધારો થયો છે તે જણાઈ આવશે.

કેટલાક શિક્ષકોને સારાં ચિત્ર કાઢતાં ન આવડતાં હોવાથી તેઓ બેડોળ આકૃતિઓ પાટિયાપર કાઢતાં હાસી થવાના ભયથી બીહે છે અને તેથી જરૂર હોય ત્યાં પણ પાટીયાપર આકૃતિઓ કાઢવાનું બિલકુલ માંડી વાળે છે. પણ આ ખરેખરી ભૂલ છે; કેમકે આકૃતિ નજ કાઢવી, તેના કરતાં તે ગમે તેવી બેડોળ કાઢી હોય તો પણ ઠીક. પાટિયા ઉપર આકૃતિઓ કાઢવા માટે ચિત્રવિદ્યામાં કુશળ કારીગર થવાની કાંઇ જરૂર નથી. ટ્રેનિંગસ્કૂલોમાં હસ્તાવલેખનનો વિષય દાખલ કરવાથી શિક્ષકોની આ મુશ્કેલી હવે નાશ પામવાની આશા છે. શાળાઓમાં પણ આ વિષયનું શિક્ષણ આપવાની ગોઠવણ શાળાખાતાના અધિકારીઓ કરે એ ઇચ્છવા જેવું છે.

પાટીયાપર જે આકૃતિઓ કાઢવામાં આવે તેમાં સ્વચ્છતા અને પ્રમાણ ઉપર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. વાસ્તવિક પ્રમાણ ઉપર ધ્યાન ન આપવાથી બાળકોના મન ઉપર પદાર્થની આકૃતિની તેવી છાપ પડશે, અને પાછળથી તે છાપ ભૂસાવી મુશ્કેલ પડશે. શિક્ષકે આ કામ માટે દરરોજ થોડોક વખત આકૃતિઓ કાઢવાનો અભ્યાસ કરવો. આમ કરવાથી પ્રમાણ શુદ્ધ આકૃતિઓ કાઢવાની ઝડપ વધશે. વાચન પુસ્તકોમાં કેટલીક એવી રૂપરેખા દર્શક આકૃતિઓ કાઢેલી હોય છે તેની નકલ કરવાનો અભ્યાસ કરવાની અહીં ભલામણ કરવામાં આવે છે.

(આ) વિદ્યાર્થીઓ માટે.

આકૃતિલેખન એ વિદ્યાર્થીઓના અભ્યાસનો ઉપયોગી ભાગ છે પણ દુર્દૈવથી આ બાબત ઉપર જોઇએ તેટલું ધ્યાન આપવામાં આવતું નથી. ભૂગોળવિદ્યા શીખનારને નકશો દોરવો જેટલો ઉપયોગી છે, તેટલુંજ ઉપયોગી બીજી બાબતોને માટે આકૃતિ લેખન છે. શાળામાં અભ્યાસ કરનારા અથવા ખાનગી અભ્યાસ કરીને પરીક્ષામાં તૈયાર થનારા વિદ્યાર્થીઓ પોતાની નોટબુકોમાં તેવી તેવી આકૃતિઓ દોરવાનો અભ્યાસ કરે એ તેમને ઘણું ફાયદાકારક છે, પણ તેવી નોટબુકો કવચિતજ જોવામાં આવે છે એ ઘણું શોચનીય છે, ખરૂં પૂછો તો છોકરાઓના સ્વૈચ્છિક એવા કામ તરફ કેટલાક શિક્ષકો નાપસંદગી બતાવી તેમને તેમ કરતા અટકાવે છે. છોકરાને નકલ કરવાની ટેવ હોય છે. એ ટેવનો સદુપયોગ કરીને પાઠમાં આવેલી વસ્તુઓનું આકૃતિલેખન કરવાને તેમને ઉત્તેજન મળે તો તેઓ નોટબુકોમાં નકામાં ચિત્રો કાઢતા અટકશે અને શિક્ષણને મદદ મળશે.

ભૂગોળવિદ્યાનો પાઠ આપવાનો હોય ત્યારે વિદ્યાર્થીએ દેશ, ખંડ કે પ્રાંતના નકશાની હદ બતાવનારી લીટી પ્રથમ નોટબુકમાં ચીતરવી અને પછી ક્રમ જેમ તેમાંના નદી, પર્વત, કે ગામ શીખવામાં આવે તેમ તેમ તેમાં યોગ્ય જગોએ દાખલ કરતા જવું. પરીક્ષાને માટે તૈયાર થવાને નકશો જોઇને તેમાંનાં સ્થાન યાદ રાખવામાં આવે છે તે કરતાં આ રીતથી સ્થાન વધારે યાદ રહે છે. આવી રીતે એક નકશો પૂરો થાય એટલે ફરીને વગર જોયે બીજો નકશો કાઢવો અને તેમાં સ્થળાદિ લખવાં. પહેલા સાથે મેળવી જોતાં તેમાં ક્યાં ક્યાં ભૂલ થયેલી છે તે માલમ પડશે અને સુધારો કરવાનું બની આવશે. જો કોઇ રેલવે, દરિયા કિનારો, કે ખુશકીનો માર્ગ તમે શોધતા હો તો તેનો પણ નકશો ચીતરીને તમે અભ્યાસ કરો તો તે વધારે હિતકારક થશે.

ઇતિહાસના પાઠમાં આકૃતિલેખનનો ખાસ ઉપયોગ નથી તો પણ જો કોઈ લડાઈનાં સ્થળ કે એવીજ બીજી જગાઓ તેમાં આવતી હોય તો જરૂર નકશો કાઢીને પછી ઇતિહાસ વાંચવો, કે જેથી કયું લશ્કર ક્યાં હતું, ક્યાંથી ક્યાં ગયું, શત્રુઓ ક્યાં હતા, ક્યા લશ્કરને સ્થળનો કેવો લાભ મળી શકે તેમ હતું, ઇત્યાદિ ધ્યાનમાં આવશે. છાપેલા નકશાઓ સંક્ષિપ્ત હોય છે માટે આવે પ્રસંગે ઇતિહાસમાંના વર્ણન પરથી તે સ્થળનો નવીન વિસ્તૃત નકશો ઉપજાવી કાઢવાની જરૂર છે.

રસાયન, યંત્રશાસ્ત્ર, ભૂસ્તર, અને બીજી વિદ્યાઓ શીખનારની નોટબુકો આકૃતિઓથી ભરપૂર હોવી જોઇએ એ નક્કી સમજવું કે જો કોઇ વિદ્યાર્થી પુષ્કળ આકૃતિઓ કાઢ્યા સિવાય વિદ્યાનો અભ્યાસ કરે છે તે પરીક્ષામાં સારો દેખાવ આપી શકતો નથી.

પરીક્ષા વખતે લખાવેલા પ્રશ્નનો ઉત્તર કેવળ વર્ણનથીજે આપે છે, તેના કરતાં સ્વચ્છ આકૃતિ કાઢીને તે ઉત્તર સ્પષ્ટ સમજાય એમ આપ્યો હોય તો પરીક્ષક બેશક તેને વધારે દોકડા આપે છે.

काव्यदोष.

ઘણાક માણસોને કવિતા વાંચવાની પ્રીતિ હોય છે, અને તેથી તેઓ સારાં કાવ્યો ગુજરાતી ભાષામાં શોધે છે. કોઈ વખત તેઓ સારાંમાઠાં કાવ્યના ગુણદોષ પણ તપાસવાની ઇચ્છા કરે છે, પણ ગુજરાતીમાં તેવા સાહિત્યના ગ્રંથ વિરલ હોવાથી કવિતામાં દોષ કેવા કેવા પ્રકારના બની જાય છે, અને તેવા દોષને કયા લક્ષણથી ઓળખવા, એ વાત તેઓ જાણતા નહિ હોવાથી કપોલકલ્પિત ગુણદોષ માને છે, અને તેટલા ઉપરથી સંતુષ્ટ થાય છે. ઘણાક જણને ગુજરાતી કવિતાની પરીક્ષા કરવાની જરૂર પડે છે. તેમણે જો સંસ્કૃત ભાષાના સાહિત્યનું યથાવત્ અધ્યયન કર્યું હોય છે તો તો કવિતાના દોષ તદનુસાર પારખી કાઢે છે; પણ કેટલાક વિદ્વાનોને વિદ્યાની તે શાખા તરફ ઝાઝું લક્ષ આપવાની અનુકૂળતા નહિ બની આવવાથી તેવે પ્રસંગે જોઇએ તેટલી દક્ષતા એ કામમાં બતાવી શકતા નથી. કોઇ વિદ્વાન કહે છે તેમ સ્ત્રી અને કવિતાને અનેક રીતે સહજ દૂષણ લાગવાનો સંભવ છે, તથાપિ પતિવ્રતા સ્ત્રીની પેઠે કસોટીથી નિર્દોષ મનાયલી સ્ત્રી અને કવિતા પ્રત્યે કોણ માનની લાગણીથી નહિ જુએ ! અસ્તુ. સંસ્કૃત ગ્રંથોમાંથી ઉતારો કરી કેટલાક મહત્વના કાવ્યદોષ વાંચનારની માહિતી ખાતર અહીં આપીએ છીએ:

દોષનું લક્ષણ--કાવ્યદોષનું લક્ષણ વિદ્વાનો વિવિધ રીતે કરે છે. કેટલાક કહે છે કે "ગુણોનો અભાવ તે દોષ." કાવ્ય ગુણો ન હોય એટલે અર્થાત્ જે રહ્યું તે દોષમય છે, એ ઉપર કહેલી વ્યાખ્યાને નાપસંદ કરી બીજો વિદ્વાન કહે છે કે "ગુણોનું પ્રતિબંધજનકત્વ તે દોષ." અર્થાત્ જે વસ્તુ કવિતામાં હોવાથી કવિતાના ગુણો નાશ પામે છે કે જણાતા નથી, અથવા જે વસ્તુ કવિતામાં ન હોત તો જે રહેત તે ગુણજ રહેત, તે વસ્તુને કવિતાનો દોષ કહે છે. પણ એના કરતાં આ લક્ષણ વધારે સ્પષ્ટ છે:—**જે વસ્તુ શબ્દમાં કે અર્થમાં હોઇને તે ચિત્તમાં પ્રવેશ કરવાથી કવિતાની રમણીયતા ખંડિત થાય છે, તે વસ્તુને દોષ કહે છે.**

કેટલાક દોષ કવિતાના શબ્દમાં હોય છે, કેટલાક વાક્યમાં હોય છે અને કેટલાક અર્થમાં હોય છે. એ ઉપરથી આપણે કાવ્યદોષના **પદદોષ, વાક્યદોષ,** તથા **અર્થદોષ** એવા ત્રણ પ્રકાર પાડી અનુક્રમે ગુજરાતી ભાષાને બંધબેસતા મુખ્ય મુખ્ય દોષ સંક્ષેપમાં બતાવીશું.

પદદોષ.

૧ શ્રુતિકટુ—કાનને કઠોર લાગે એવા શબ્દ કે અક્ષરનો સમુદાય. ઘણુંકરીને અઘોષ મહાપ્રાણ અક્ષરો એવા હોય છે.

૨ અપ્રયુક્ત—વ્યાકરણના નિયમથી વિરૂદ્ધ. જેમ, "ગઈ છોકરી છોકરો હાથમાંથી." 'ગઇ' ને ઠેકાણે 'ગયાં' જોઇએ.

૩ અસમર્થ—જે કહેવાનું તાત્પર્ય છે તે વિષયના અર્થની પ્રતીતિ ઉપન્ન કરવાને અસમર્થ. જેમ, "લોક કરે છે કામ શું ?" અહીં કહેવાની મતલબ એ છે કે, "શું કરવા

જુએ છે ? " પણ લોક શબ્દનો પ્રચલિત અર્થ જુદો હોવાથી 'જોવાના' અર્થની પ્રતીતિ તેથી ઉત્પન્ન કરવામાં એ શબ્દ અસમર્થ થાય છે

૪ નિહતાર્થ—પ્રસિદ્ધ અર્થ વાચક શબ્દ મૂકીને અપ્રસિદ્ધ અર્થનું તિરોધાન[1] તે નિહતાર્થ. જેમ, રાતો રંગ કહેવો હોય ત્યાં 'શોણિત' શબ્દ મૂકવાથી, શોણિતનો અપ્રસિદ્ધ અર્થ જે રાતો રંગ તેનું, તેના પ્રસિદ્ધ અર્થ 'લોહી' વડે તિરોધાન થાય છે

૫ અનુચિતાર્થ—જે શબ્દ અનુચિત[2] અર્થનો બોધ કરે છે તે શબ્દને અનુચિતાર્થ કહે છે અર્થાત્[3]વર્ણનીય [4]પદાર્થમાં વિરૂપતાનો બોધ કરનાર વર્ણન તે અનુચિતાર્થ કહેવાય જેમ, " આ સ્ત્રી અદ્ભુત રસરૂપી ઝાડની ડાળો ઉપર ક્રીડારૂપી કૌતુક કરનારી વાનરી જેવી શોભે છે " અહીંઆ વાનરી એવું રૂપક મૂકવાથી આની વિરૂપતાની વ્યંજના થાય છે, માટે એ 'અનુચિતાર્થ' નામે પદદોષ છે

૬ નિરર્થક—જે શબ્દો માત્ર પાદપૂરણને માટેજ મૂક્યા હોય તે કવિતામાં કાંઇ વિશેષ ચમત્કારજનક ન હોવાથી નિરર્થક હોઇને દોષ રૂપ છે જેમ " આવોજ, બેસોજ, જાઓ પધારો " એમાં જ નિરર્થક છે, માટે તે દોષરૂપ છે

૭ અવાચક—જે ઉપસર્ગના યોગવડે જે ધાતુનો જે અર્થ થતો હોય તે અર્થમાં તે ધાતુ તે ઉપસર્ગ વિના વાપરવો, તે અવાચક નામે દોષ છે, કેમકે તેથી જે અર્થ આનાના લક્ષ્યમાં આવવો જોઇએ તે આવતો નથી જેમ કે, " શત્રુ સમૂળા નૃપ તે હરે છે " અહીં 'સંહરે છે' જોઇએ. તાત્પર્ય કે જ્યાં અધિક કહેવાની જરૂર છે ત્યાં ન્યૂન પ્રયોગ કરવો અથવા વિપરીત પ્રયોગ કરવો તે અવાચકત્વ કહેવાય છે

૮ અશ્લીલ—આ દોષ ત્રણ પ્રકારનો છે, લજ્જાજનક અશ્લીલ, જુગુપ્સાજનક અશ્લીલ. અને અમંગળ જનક અશ્લીલ. જેમ, " કાન્તાના નાશમાં વાયુ આનંદનો હેતુ કેમ થાય ! " એમાં કાન્તાનો વિરહ કહેવાને ઠામે નાશ કહ્યો છે, એ અમંગળ છે; વાયુ શબ્દથી અપાનવાયુ સમજાય એમ છે માટે એ જુગુપ્સા છે, અને હેતુ શબ્દ પુંલિંગ બોધક છે માટે લજ્જા દોષ છે.

આ દોષ અનિત્ય છે, માટે હાસ્ય અને કરૂણમાં તે દોષ નથી, પણ ગુણ છે

૯ સંદિગ્ધ—જે પદ કે વાક્યથી અનેક અર્થનો બોધ થતો હોય, અર્થાત્ જે પદથી અર્થમાં સંદેહ ઉત્પન્ન થતો હોય, તેને સંદિગ્ધ દોષ કહે છે. જેમ, " શેરીમાંહે વાતથી કીસ કંપે " એના બે અર્થ થઇ શકે. શેરીમાં જે વાત ચાલે છે તેથી મન કંપે છે, એ એક; અને શેરીમાં જે વાયુ વાય છે તેથી શરીર કંપે છે એ બીજો અહીં વાત તથા કીસ શબ્દોનો કયો અર્થ ગ્રહણ કરવો એ સંદેહ રહે છે માટે એ સંદિગ્ધ દોષ છે

શ્લેષરચનામાં આ દોષ ગણાય નહિ

૧૦ અપ્રતીત—જે અર્થ કોશ વગેરેમાં અપ્રસિદ્ધ હોઇને શાસ્ત્રમાંજ પ્રસિદ્ધ હોય—અર્થાત્ અમુક શાસ્ત્રની પરિભાષાનો શબ્દ યોજવો તે અપ્રતીત દોષ જેમ, 'વીતાગુમા' શબ્દ માત્ર ન્યાયશાસ્ત્રમાંજ પ્રસિદ્ધ છે, માટે એ શબ્દની કાવ્યમાં યોજના દોષ રૂપ છે. તેમજ 'આશય' શબ્દનો અર્થ યોગશાસ્ત્રમાં કહેલો છે તેજ લેવો, એ પણ અપ્રતીત દોષ છે ઇત્યાદિ (અપૂર્ણ)

---

૧ અદર્શ પણું. ૨ અઘટિત. ૩ વર્ણન કરવા યોગ્ય. ૪ શબ્દાર્થમાં

गणितनी युक्तिओ.

સરવાળા અને બાદબાકી.

ગણિતનો વિષય નાનાં છોકરાંને નીરસ લાગેછે. પણ જો તેમાં કેટલીક યુક્તિઓ કામે લગાડી હોય તો તેને રસમય કરી શકાયછે. સરવાળા અને બાદબાકીના સંબંધમ ઉદાહરણ તરિકે કેટલીક યુક્તિઓ અહીં બતાવીછે, જે નાનાં છોકરાંને સમજાવવાથી તેમને આનંદ થશે, એમ અમારૂં માનવું છેઃ-

૧. નાનાં છોકરાંને સમજાવવું કે ૧-૩-૫-૭ વગેરે આંકડા એકી સંખ્યા કહેવાય છે; અને ૨,૪,૬,૮, વગેરે બેકી કહેવાયછે.

૨. બે એકી આંકડાનો કે બે બેકી આંકડાનો સરવાળો બેકી આવેછે. ૪+૬=૧૦; ૫+૩=૮.

૩. એકી અને બેકી આંકડાનો સરવાળો એકી આવે છે. ૩+૪=૭.

૪. નવમાં કોઇ આંકડો ઉમેરીએ તો સરવાળાનો એકમ ઉમેરેલા આંકડા કરતાં એક ઓછો થાય છે. ૯+૮=૧૭. જવાબનો એકમ ૭ એ ઉમેરેલા ૮ કરતાં એક ઓછો છે.

૫. કોઈ બે પાસેના આંકડાનો સરવાળો, તેમાંના નાના આકડાની બમણાઇમાં એક ઉમેરિયે તેની બરોબર થાય છે. ૬+૭=૧૩ એટલે ૬×૨+૧=૧૩.

૬ એકીમાંથી એકી કે બેકીમાંથી બેકી બાદ કરતાં બાકી બેકી રહે છે. ૬-૪=૨; ૯-૭=૨.

૭. કોઇ સંખ્યામાંથી ૯ બાદ કર્યા હોય તો બાદબાકીનો એકમ બાધાંકના એકમ કરતાં એક વધારે આવે છે. ૧૭-૯=૮, અને તે ૧૭ માંના ૭ માં એક ઉમેરીએ તેની બરોબર છે.

૮. મોટી સંખ્યામાંથી નાની સંખ્યા બાદ કરતાં પ્રથમ નાની સંખ્યા ૧૦ માંથી બાદ કરી બાદબાકીમાં દશક ઉપરના આંકડા ઉમેરી દેવા. જેમ, ૧૫ માંથી ૮ બાદ કરવા હોય તો ૧૦-૮=૨, અને ૨ + ૫=૭. એજ પ્રમાણે ૧૯ માંથી ૮ બાદ કરવા હોય તો, (૧૦-૮) + ૯=૧૧.

शाळोपयोगी पत्रो.

(પૃષ્ઠ ૯૦ થી ચાલુ.)

પત્ર ૩ જો.

શિક્ષણની અસર ક્યા પ્રમાણમાં થાય છે?

"રાજનગર-" સોમવાર.

મિત્રમણિ 'મોહન,' (રાત્રીના દસ વાગે)

તારો પત્ર મળ્યો છે. તને સારી શાળા મળેલી જોઇ તને જેવો આનંદ થાય છે, તે-

રોજ ભણકે તેથી પણ વિશેષ મને આનંદ થાય છે કારણ, તને ત્યાં શિક્ષણના અનેક જાતના અનુભવો થશે ને તેનો લાભ મને મળશે. જેમ જેમ જેવા જેવા અનુભવો થાય, તેવા તેવા મને હરહમેશાં તું લખનો રહીશજ મને પણ થોડા વખત પછી તેવા અનુભવોનો ઉપયોગ કરવાનો—વિશેષ નવીન અનુભવો લેવાનો પ્રસંગ આવે તેમ છે, તે તું ક્યાં જાણતો નથી!

બાપુ, ગઈ કાલે રાત્રીના પાછલા ભાગમાં એકદમ ઉંઘ ઉડી ગઈ વાંચવા ઉઠવાનો વિચાર થતો હતો પણ ઉઠી શકાયું નહી. પાછી નિદ્રા આવી નહી—એમ ને એમ શયનપર પડયો રહ્યો. સ્થૂળ શરીર શયનપર અને બેશાકી મન જૂદા જૂદા તરંગો ભણી, એમ બન્ને વિભક્ત થઇ ગયા. મન અનેક તરંગોને મળી આવી પાછું "કેળવણીની અસર કયા પ્રમાણમા થતી હશે?" આ પ્રશ્નને ભેટયું તત્ સંબંધી અનેક વિચારો કર્યાં, તે હમેશાં યાદ રાખવા જોગ મને લાગે છે તે એજ કેઃ—

" ઘણીવાર માણસોને બીજની સાથે સરખાવવામા આવે છે જેમકે બીજમા જેમ આખું વૃક્ષ સમાયલું છે, તેમજ બાળકમા આખું મનુષ્ય સમાયલુ છે. પણ આ પ્રમાણે કહેવું વાજબી નથી. જેઓ આ પ્રમાણે સરખામણી કરે છે, તેઓનો હેતુ એમ હશે કે, 'બીજમાં જેમ અમુક ગુણો રહેલા હોય છે, તે ગુણો તેનો યોગ્ય ખોરાક મળે વૃદ્ધિ પામે છે; તેમજ મનુષ્યમા પણ અમુક અંશો સદગુણ વા દુર્ગુણના રહેલા હોય છે. કે જે તેને યોગ્ય ખોરાક મળેથી વૃદ્ધિગત થાય છે.' પણ આ સરખામણીમા એ તપાસવાનું છે કે, મનુષ્યમા અમુક અંશો ઉપરાંત ઇચ્છા, બુદ્ધિ, નીતિ, વગેરે શક્તિઓના અંશો રહેલા હોય છે, અને બીજમા તેવું કશું હોતુ નથી મનુષ્ય એ સામાજીક એટલે સમાજમા રહેનાર પ્રાણી છે, અને તેથી તેના પર દરેક મનુષ્યની અસર થાય છે બીજના ઉપર કાંઇ દરેક વૃક્ષની અસર થતી જણાતી નથી પણ મનુષ્યની અસર સબંધે પણ એમ પ્રશ્ન ઉઠે છે કે, 'મનુષ્યને સમાજથી —આસપાસની સ્થિતિથી જે અસર થાય છે, તે બધા મનુષ્યોને એક સરખી રીતે ન થતા કોઇને ઓછી, કોઇને વધારે એમ કેમ થતુ હશે! શું સમાજની અસર સમાજથીજ થાય છે કે મનુષ્ય બધી સ્થિતિઓમાંથી પોતાની યોગ્યતા પ્રમાણેજ અસર ગ્રહણ કરી લે છે! ખરું તો એ છે કે, મનુષ્ય પોતાની યોગ્યતા પ્રમાણેજ આસપાસની સ્થિતિમાંથી—સમાજમાંથી અસર—દુર્ગુણ વા સદ્ગુણ લે છે દાખલા તરીકે એકજ વર્ગમા સાથેજ શીખનારા વિદ્યાર્થીઓમા ઘણીવાર એવું બને છે કે, એકના એક શિક્ષકના તેના તેજ બોલોમાંથી કેટલાએક વિદ્યાર્થીઓ વાંચ્યો યાદ રાખે છે, કેટલાએક શબ્દોજ યાદ રાખે છે; કેટલાએક વિચાર કરીને યાદ રાખે છે, અને કેટલાએક તે ઉપર પોતાના આસપાસના—આગળ ઉપરના વિચારો સાથે મળેલા જ્ઞાનને સંબંધ કરીને તેમાથી યોગ્ય સાર ખેંચી લે છે એમ દરેક પોતાની શક્તિ—યોગ્યતા પ્રમાણે સારા વા નરસામાથી સાર ખેંચે છે. કંઇ સમાજ—આસપાસની સ્થિતિથીજ એ અસર મળે છે, એમ કહી શકાય નહીં. આસપાસની સ્થિતિ ભલે તેવી સારી હોય તો પણ મનુષ્ય—કે જેમાં જન્મથીજ ખરાબ અંશના ગુણો વધારે હોય તે ખરાબજ થઇ શકે છે એમ પણ બનેલુ છે, કે એકને એક સરખી સ્થિતિમાં ઉછરેલા બે બાળકો પણ સરખી સ્થિતિનાં નીવડતા નથી જ્યારે એક રાજ્ય ચલાવે છે ત્યારે બીજો તેનો

નાશ કરવાને મથે છે; એક જ્યારે નવી શોધમાં આગળ વધવાનો ઉત્સાહી છે ત્યારે બીજો જુની શોધોનો પણ નાશ ઇચ્છતો જણાય છે. એક જ્યારે વિદ્યાનો પ્રસાર કરવા ધારે છે ત્યારે બીજો તેનો તિરસ્કાર કરી અન્ય જનોને વિદ્યાથી દૂર રાખવા સતત ઉદ્યોગ કરતો હોય છે; એક જ્યારે પૈસાને સુખનું સાધન ગણે છે ત્યારે બીજો આબરૂ—કીર્તિ—ને સુખનું સાધન ગણે છે; એક જ્યારે ઉદ્યોગને ચાહે છે ત્યારે બીજો નિવૃત્તિને ઇચ્છે છે. આમ ઘણાના સંબંધમાં વિકૃતિ થતી દૃશ્ય થાય છે. આ ઉપરથી હવે એટલું તો સ્પષ્ટ થાય છે કે, મનુષ્યો—બાળકો પોતાની ઇશ્વરદત્ત બક્ષીસ પ્રમાણેજ આગળ ઉપર વધી શકે છે—યોગ્યાયોગ્ય ગ્રહણ કરી શકે છે, "

" હવે શંકા એ આવે છે કે, ' જ્યારે યોગ્યતા પ્રમાણેજ સંવૃદ્ધિ થઇ શકે છે; ત્યારે કેટલાએક સમર્થ શિક્ષકો કેટલાએક વિદ્યાર્થીઓ કે જે ઘણાં વર્ષ દુર્ગુણી રહેલા હોય —તેઓને પણ આગળ જતાં સદ્ગુણી કરી દેછે તે શાથી? જો યોગ્યતાનો પ્રતાપ હોય તો તેમાં ફેરફાર થાયજ કેમ ? ' આ શંકાનું સમાધાન એવી રીતે થઇ શકે છે કે, ' મનુષ્યમાં મૂળ કેટલાંએક બીજ હોય છે, એ તો નક્કીજ. બીજ શા પ્રમાણમાં સારાં યા નરસાં હોય છે, તેને શોધવું એ માનુષી શક્તિની બહાર છે, એટલે તેનો નિર્ણય આપણાથી કરી શકાય તેમ નથી; તો પણ તે પ્રમાણને જે પ્રમાણે આસપાસથી વિકાસ મળી શકે, તે પ્રમાણે તેનું પ્રસ્ફોટન થઇ શકે છે. જો સદ્ગુણના અંશોને વધારે વિકાસ મળી શકે, તો તેમાં જે દુર્ગુણના અંશો જન્મથી—મૂળથીજ મળેલા હોય છે તે દબાઇ રહે છે, અને મનુષ્ય સદ્ગુણી થઇ પડે છે. જો દુર્ગુણના બીજને વિકાસ મળી શકે તો મનુષ્ય દુર્ગુણી થઈ જાય; અને તેમાં જે જન્મથીજ સદ્ગુણનાં બીજ હોય તે પ્રચ્છન્ન થઇ જાય. તેજ પ્રમાણે જે માણસ સમર્થ શિક્ષકની પાસે સુધરી શકે છે, તે માણસના સંબંધમાં સમજી શકાય. કારણ કે તે માણસ જ્યાંસુધી સમર્થ શિક્ષકને મળ્યો નહોતો, ત્યાં સુધી તેનાં બીજાંજ બીજો વિકસ્યાં હતાં, જ્યારે સમર્થ શિક્ષકને મળ્યો ત્યારે યોગ્ય મનુષ્યત્વનાં બીજ વિકસતાં મૂળ વિકસેલાં બીજ કરતાં પણ નવા બીજનું પ્રમાણ વધી પડ્યું, તેથીજ તે સુધરી—સદ્ગુણી થઇ શક્યો "

" ત્યારે કેળવણી પર કેટલી શ્રદ્ધા રાખવી ? આ પ્રશ્ન દૃષ્ટિ મર્યાદા સામે ખડો થાય છે. માત્ર કેળવણીથીજ સારૂં થઇ શકે છે, ફક્ત કેળવણીજ ' જે કંઇ કરે છે ' તે કરી શકે છે; એમ કહેવું એ તો અતિશયોક્તિ જણાય છે. કારણ કે એવા પણ દાખલાઓ બનેલા છે કે, જે મૂળથીજ દુર્ગુણી હોય, તે કેળવણીથી પણ સુધરી શક્યા નથી. વળી કેટલાએક કેળવણીથી સુધરી શક્યાના પણ દાખલાઓ આપણે જોઈએ છીએ. પરંતુ બધા કેળવણીથીજ સુધરે છે, એમ કહેવું એ જરા ભારે પડતું ગણાય. મનુષ્યને સુધરવાનો આધાર તેની ઇશ્વરદત્ત યોગ્યતા ઉપર છે, એ વાત હમેશાં ધ્યાનમાં રાખવા જેવી છે. કેળવણીથી કંઇ થતું નથી એમ કહેવું એ પણ કેળવણી ઉપર આરોપ મૂક્યા જેવું થાય છે. કારણ, કેળવણી સારી યા નરસી જેવી મળે તેવી અસર કરી શકે છે. પણ સ્વાભાવિક યોગ્યતા કેળવણીથી નષ્ટ થઇ જાય છે, એમ કહી શકાય નહીં. "

(અપૂર્ણ.) મુસાફર.

રંગનો ઉપયોગ.

(પાછલા અંકથી ચાલુ.)

રમત રમવાના દડા પણ રંગીન કરવા.

બાળકોને રમવાના દડા રંગીન કરવાથી કેટલોક ફાયદો છે. આ પરથી આપણે બાળકોને રંગની પાકી પીછાની કરાવીએ છીએ. જેમ, રાતા રંગનો દડો જે છોકરા પાસે હોય તેવા ઉભા થાઓ ત્યારે બાળકો તરતજ પોતાનો દડો જોઇ ઉભા થશે ને આ મુજબ આપણે મૂળ તેમજ મિશ્ર રંગ બાળકોને રમતમાંજ શીખવી શકીશું ને તેમાં બીલકુલ મહેનત પડશે નહિ. માટે આ પ્રમાણે દરેક શિક્ષકભાઇઓએ કરવા ચૂકવું નહિ.

શાળામાં છોકરાઓને સીધા બેસવાને માટે રંગની લીટીઓ કાઢી આપી હોય તો તેથી ફાયદો છે. એથી છોકરાઓ સરખા બેસતા શીખે છે, તથા વ્યવસ્થાનો ગુણ સચવાય છે.

શાળાની ભીંતો તેમજ જમીન ઉપર રંગીન લીટીઓ તેમજ ચિત્રો કરવા પારે તો થાય.

બીજું, શાળાને શોભાયમાન તેમજ દીપાવટી કરવાને શાળાની ભીંતો ઉપર રંગબેરંગી ચિત્રો કરવા કિંવા સુશોભિત રંગ લગાડવો. જેથી શાળા દીપી નીકળે ને બાળકો પણ ચિત્રો જોવાની લાલચથી શાળામાં વહેલા વહેલા આવે. એથી હાજરી પણ સારી રહે. બીજું વધારે શોભા કરવાને માટે રંગબેરંગી શાહીથી બોધક વાક્યો, જેવા કે, 'સત્યમેવ જયતિ' 'સાચને આંચ નથી' 'ક્ષમા એ શૂરવીરોનું ભૂષણ છે.' 'પરોપકાર જેવું એકે પણ પુણ્ય નથી' 'અતિ લોભ તે પાપનું મૂળ' વગેરે લખવાં. કેમકે તે વાક્યો છોકરાઓ વાંચે ને તે પ્રમાણે વર્તતા શીખે તો ઘણો ફાયદો છે. દરેક શિક્ષક ભાઇઓએ પોતાની શાળામાં ગજા પ્રમાણે તકતાઓ અગર બોધક વાક્યોના પાટીયા અવશ્ય કરવા, એવી મારી ખાસ ભલામણ છે.

શાળામાં રંગનું એક નાનું સરખું સંગ્રહસ્થાન રાખવું.

શિક્ષક ધારે તો શાળામાં એક નાના સરખા રંગના સંગ્રહસ્થાનમાં બધી રંગની ચીજો મૂકી શકે. જેમકે, રંગીન દડા (ઊનના કિંવા દોરાઓ ગુંથેલા), ગુલાબનું ઝાડ તેમજ ફૂલ (રંગીન કાગળોનું), મેઘધનુષ્ય (મૂળ તેમજ મિશ્ર રંગનું બનાવેલું), રંગ પારખવાને માટે રંગીન ચકરડીઓ, તેમજ રંગીન ભમરડાઓ.

આ સંગ્રહસ્થાન પરથી આપણે નાના બાળકોને આ ફલાણો રંગ, તેમજ આ રંગ મળીને ફલાણો રંગ થાય છે એમ કહેવા કરતાં તેઓ પોતાની મેળે ઝડપથી ઓળખી શકશે.

પદ્ધતિ—આંખ તથા અજવાળાથી રંગ જોઇ શકાય છે.

રંગ શાથી જોઇ શકાય છે? એમ પણ વખતે પ્રશ્ન કરવો. કારણ કે આપણા

કોને આપણે વિચાર કરતાં શીખવીએ છીએ. આવો પ્રશ્ન પૂછી બાળકો પાસેથી જવાબ માગવો. પણ જો તેઓ જવાબ આપી શકે નહિ, ત્યારે સૂચક પ્રશ્નથી પૂછવું કે આ કયો રંગ છે? લાલ. તેને કહેવું કે તમારી આંખો બંધ કરો; પછી પૂછવું કે આ કયો રંગ છે?

આ પ્રમાણે તેની પાસેથી "આંખ તેમજ અજવાળાથી રંગ જોઇ શકાય છે" એમ સાબીત કરી બતાવવું. આવા પ્રશ્નો કરવાથી બાળકોને વિચાર કરવાની ટેવ પડે છે.

ઉંચા ધોરણ માટે—સૂર્યની અંદર દરેક જાતના રંગો રહેલા છે, આ વાત મેઘધનુષ્ય ઉપરથી શાબીત કરી બતાવવી. આ તથા આવું પરચુરણ જ્ઞાન ઊંચા ધોરણમાં આપવું.

રંગનું શિક્ષણ.

કેટલેક ઠેકાણે રંગોનું શિક્ષણ ફક્ત પોપટીયુંજ અપાય છે. જેમ કે, આ રાતો રંગ, આ પીળો, એમ શિક્ષક મોઢેથી કહી દઇ છોકરાઓ પાસે ગોખાવે છે. પણ ખરું જોતાં શિક્ષકે પ્રથમ સૂચક પ્રશ્નો પૂછવા ને તે પરથી મૂળ વાત ઉપર બાળકોને ઉતારવા. અને તેમ કરી આપણો હેતુ પાર પાડવો. આમ થાય તોજ બાળકોને બરોબર યાદ રહે છે, તથા રસ પડે છે.

પદ્ધતિ.

હવે સૂચક પ્રશ્નોવડે કેવી રીતે શીખવવું તે તરફ જરા વિચાર કરીએ. ધારો કે, બાળકોને આપણે લીલો, નારંગી, તેમજ જાંબુડિઓ, આ ત્રણે મિશ્ર રંગો શીખવવા છે. હવે આપણી પાસે ત્રણે રંગો છે, પણ બાળકો તેમનાં નામ જાણતા નથી.

આપણે પ્રથમ પ્રશ્ન કરવો કે, બાળકો! તમને આ ત્રણે રંગમાંથી કયો રંગ વધારે ગમે છે? બાળક—(આંગળથી બતાવીને) **પેલો.** તમે એ રંગ જેવું કંઇ દીઠું છે? હા, **પોપટ.** આ સામું શું છે? ઝાડ. ત્યારે તેનો રંગ કેવો છે? **આ રંગ જેવો.** તમને તેનું નામ કહું? **હાજી.** તે રંગનું નામ **લીલો** કહેવાય છે. કેમ? ત્યારે કયો રંગ તમને વધારે ગમે છે? **લીલો.** આ પ્રમાણે રંગની સમજ પાડવાથી તે કોઇ દિવસ પણ ભૂલશે નહિ.

પછી નારંગી રંગ તેના હાથમાં આપી પૂછવું કે, આ રંગ જેવી કોઇ ખાવાની વસ્તુ ભાળી છે? **હાજી નારંગી.** ત્યારે આ રંગનું નામ પણ તેજ છે. કારણ કે તેના જેવો છે. તો આ રંગ કયો? **નારંગી.** પછી જાંબુડાં (ખાવાનાં) ઉપરથી જાંબુડીઓ રંગ છે એમ નક્કી કરી બતાવવું.

इबारतने माटे वात.

એક શોખી છોકરો.

વેંટવર્થ વંશમાં એક અમીરને એક છોકરો હતો. તે જ્યારે નાનો હતો ત્યારે તે ગરીબોની ઘણી દયા રાખતો, તેમને લાડ લડાવતો અને તેમની ઘણીક અડચણો દૂર કરતો.

એમાં વધારે વખાણવા જેવું એ હતું કે તેમને લાડ લડાવવા માટે જે પૈસા જોઇએ તે પોતાના બાપ કે કોઇની પાસેથી લેતો નહોતો, પણ તેનો બાપ જે તેને ગજવા ખર્ચનું નાણું આપતો, તે બીજા છોકરાઓની માફક ન ઉડાવતાં તે ખર્ચમાં વાપરતો હતો. વળી તે જે ખર્ચ કરતો હતો તે એવી તો છૂપી રીતે કરતો કે તેની કોઇને ખબર પડતી નહિ. એક દિવસે એવું બન્યું કે તેની પાસેથી પૈસા ખૂટી ગયા અને બાપની પાસેથી નિયમ પ્રમાણે મળવાને વાર હતી. એવામાં તેને કેટલોક ખર્ચ કરવાની જરૂર પડી એથી એ શોખી છોકરાએ પોતાના ચાકર પાસે થોડાક ઉછીના પૈસા માગ્યા. તેના બાપની રજા વિના ઉછીના પૈસા આપવાનું ચાકરને ઠીક ન લાગવાથી તેને પૈસા આપવાનો વાયદો કરી તેણે નવરાશની વેળાએ તેના બાપને પૂછ્યું. એ સાંભળી તેનો બાપ આશ્ચર્ય પામીને બોલ્યો કે એને હું પૂરતા પૈસા આપું છું, તો પણ એ પૈસા વિનાનો કેમ થઇ ગયો! પછી તેણે ચાકરને પૂછ્યું કે તે છોકરો પોતાના પૈસા શામાં વાપરે છે, તેની તને ખબર છે? ચાકરે કહ્યું, ના. ત્યારે અમીરે તેને કહ્યું કે, તું છોકરા પાસે એવી કબુલત લે કે તે પૈસા શેમાં ખર્ચે છે તે જણાવે. જો તે એવી કબુલાત આપે તો તેને પૈસા ઉછીના આપજે અને તે શેમાં ખર્ચ્યા તેની ખબર તને મળે કે તુરત તે મને કહેજે.

પછી ચાકરે એ સરતે પૈસા ધીરવાને પેલા છોકરાને જણાવ્યું, તે તેને ઘણું અણગમતું લાગ્યું; પણ છેવટે ઘણીજ આનાકાનીથી તેમ કરવાનું કબુલ કર્યું. પછી જેવા તે ચાકરે તેને પૈસા આપ્યા કે તરતજ તે લઇને બહાર ચાલ્યો. તે પૈસા તેણે શેમાં ખર્ચ્યા તે ખરૂં કહેશે કે ખોટું, એવો ચાકરને શક પડવાથી તેણે છૂપી રીતે તપાસ કરવાનો ઠરાવ કર્યો. તે તેની પાછળ પાછળ ચાલ્યો, તો એવું માલુમ પડ્યું કે તે છોકરો ઘરમાંથી ગયો તેવોજ એક કાપડવાળાની દુકાને ગયો, અને પોતાની પાસે જેટલા પૈસા હતા તે સઘળાના બનુસ અને ફલાનેલ ખરીદ કર્યાં, અને તે સઘળાં કેટલીક ગરીબ સ્ત્રીઓ—જેમના અંગ ઉપર ધ્રુજાવનારા સખ્ત ટાઢના વખતમાં ઓઢવા પહેરવાના પૂરાં વસ્ત્ર પણ નહતાં તેમને પહોંચી આપ્યાં. આ વાતની ખબર ચાકરે તરત તેના બાપને કરી, તે સાંભળીને તે ઘણોજ ખુશી થયો. એક નાનો છોકરો પોતાના બીજા મોજશોખને વિસારી મૂકી આવાં ગરીબ માણસોની દયા મનમાં લાવે, અને તેમને કોઇ ન જાણે તેવી રીતે પોતાથી બને તેટલી મદદ કરે, તેવા સદ્ગુણી છોકરાના માબાપને ઘણો હર્ષ કેમ ન થાય? તેઓ પોતાને ઘેર એવાં છોકરાં જોઈ પોતાને ભાગ્યશાળી કેમ ન સમજે? ખરેખર! જે માબાપો ખરાં ભાગ્યશાળી હશે, તેમનેજ ત્યાં એવાં રૂડાં છોકરાં હશે. આ જોઈ અમીરે પોતાના પુત્રનાં ઘણાંજ વખાણ કર્યાં, અને ત્યારથી એવા ભલા કામોમાં તે જેટલા પૈસા માગે તેટલા તેને આપવા માંડ્યા.

किन्डरगार्टनपध्धति.

(રા. રા. ચુનીલાલ બાપુજી મોદી.)

કિન્ડરગાર્ટનનો હેતુ ત્રણથી આઠ વર્ષના બાળકોને કેળવણી આપવાનો અને તેમની

પણ બક્ષીસ.—ફ્રાબેલના એ શબ્દના ઉપયોગ ઉપર વાંચનારનું ધ્યાન ખેંચીએ છીએ, કારણ કે તેની મરજી એવી છે કે નિશાળના સરસામાનમાં કંઇ પણ ચીજ એવી નહિ જોઈએ કે તે ખડબચડી અને અટકાવ કરનારી હોય.

બક્ષીસ કે જેથી છોકરાઓને મોટામાં મોટું કામ મળે છે અને જેનો તેઓને કંટાળો આવતો નથી તે રંગેલા પટાનો કાગળ છે. જે કાગળ તેઓને નમૂનામાં વણવાને આપવામાં આવે છે. આ ગમ્મત કદી પૂરી થતી નથી.

બીજી બક્ષીસો જેનું સવિસ્તર વર્ણન કિન્ડરગાર્ટનની ચોપડીમાં આપેલું છે, તે બાળકોની કુદરતી શક્તિઓ ખીલવવાના વિચારથી જ્યાં સુધી ભૂમિતિની અને બીજી આકૃતિઓ ઉત્પન્ન કરવાને જે વસ્તુ વપરાય છે તે આવે ત્યાં સુધી ચાલુ રાખવી.

તે વસ્તુ પાણીની અંદર ભીંજાયલા વટાણાની બનેલી છે. તેઓને જ્યારે બરાબર નરમ થયા હોય ત્યારે પાતળા લાકડાના કકડા અથવા તાર જોડવામાં કામે લગાડે છે અને કુદરતી વસ્તુઓની આકૃતિ ઉત્પન્ન થાય છે.

ખુરસીઓ અને ભૂગોળ વિદ્યા સંબંધી, આકૃતિ એ તેઓનો ઘણો સાદો દાખલો છે. ટીપમાં છેલ્લી પણ નાનામાં નાની નહિ એવી બાબત નકલ કરવાની છે. અગાડી વધેલા વિદ્યાર્થીઓના ઉપયોગને વાસ્તે તે છે. તેના ઉપયોગો મનશક્તિ ખીલવવાને માટે એટલા બધા જાણીતા છે કે તે ઉપર વધારે વિસ્તારથી લખવાની જરૂર નથી. ફક્ત એટલુંજ કહેવું બસ છે કે સાધારણ અક્કલનો છોકરો નજીવી કીંમતના અને સાદા ઓજારોથી એવી તો સરસ નકલ કરશે કે જેથી ચિત્રકળાનો તેને શોખ વધશે અને છોકરાનું મન ઘણેજ દરજ્જે સુધરતું જશે.

આ પ્રમાણે નિયમસર ગોઠવેલાં રમત, ગાયન, અને નાચથી બાળકો સદા સુખી અને આનંદી રહે છે. બાળકો સમજી શકે એવા અને જોઇએ તે કરતાં વધારે લંબાણમાં નહીં લખેલા પાઠોથી તેઓને કેટલુંક શીખવાનું મળે છે. બક્ષીસો આંખને કેળવે છે, અને જેટલું તેઓ સમજી શકે તેટલું જ્ઞાન અને ચિત્રકળાનો શોખ તેઓના મગજમાં ઠસાવે છે. કાગળને વાળવાનું અને વણવાનું કામ, ઘન, લાકડીઓ, અને છેલ્લું નકલ કરવાનું કામ એ સઘળું આંગળીઓને ઝડપવાળી કરે છે. અખાડાની કસરતથી કેટલેક દરજ્જે બધાનાં શરીર સંગીન થાય છે; અને ઘણીવાર નિશાળોમાં થાય છે તેમ નબળા છોકરાઓ વધારે નબળા થતા અટકે છે, અને મોટપણે તેઓના વધારે દોસ્તદારોની સાથે રમતમાં ભાગ લઇ શકે છે.

गायकवाडसरकारनुं केळवणी खातुं.

इनामपत्रकों.

વડોદરા રાજ્યની દેશી કેળવણી ખાતાની શાળાઓમાં માહે જુન સન ૧૮૯૭ ના માસમાં પરચુરણ વેહેંચાયેલાં ઇનામનું પત્રક.

૧ બાલીસણા. સ. ગુ. શાળા. તા. ૨૯ મોતી શંકરભાઇ તથા બાવા કાનદાસ બા. ૪૨-૮-૦ છોકરાઓને જમાડયા, તથા પતાસાં વેહેચ્યાં. ૨ રણંજ. " તાજ-

મદ મહમદે ખુશીથી. આ ૧–૦–૦ છોકરાઓને પતાસા વેહેંચ્યાં. ૩ સંકેર. ,, ગામલોકોએ મેળાવડા વખતે. રૂ ૨–૦–૦ સદર. ૪ રૂપાલથી ,, તા ૧૮ શેઠ પ્રહલાદજી ભાઈએ ખુશીથી. રૂ ૧–૦–૦ સદર ૫ કલોલ સ ગુ કન્યાશાળા તા. ૧૪ શેઠ ગોરધનદાસ તથા શેઠ ચુનીલાલ એમણે રૂ ૧–૮–૦ કન્યાઓને પતાસા વેહેંચ્યા. ૬ નારદીપુર. ,, તા ૨૩ પટેલ લલ્લુ મગન તથા લલ્લુ છગન એમણે આ. ૧–૦–૦ સદર. ૭ સઈજ સ. ગુ શાળા. તા. ૬ ગામના સદ્ગૃહસ્થોએ મેળાવડા વખતે રૂ. ૧૧–૪–૦ છોકરાઓને પુસ્તકો તથા લુગડાં ને પતાસાં વેહેંચ્યાં. ૮ ટીંટોડા ,, જીવાભાઈ રણછોડ એમણે રૂ ૨–૦–૦ પાણીની પરબમાં આપ્યા ૯ આનતરસુબા સ. ગુ કન્યાશાળા તા. ૨૩ હેડકલાર્ક ભોગીલાલ છગનલાલે. આ. ૦–૮–૦ રૂ ૧–૦–૦ કન્યાઓને પતાસા વેહેંચ્યા ૧૦ અદીપલ સ. ગુ શાળા. તા ૩૧ શા અમથા મોતીચંદે ખુશીથી ૨–૦–૦ પાણીની પરબમાં આપ્યા ૧૧ પરાંતીજ. ,, તા ૨૫ જેસંગભાઈ ઉમાજીએ ખુશીથી રૂ ૧–૦–૦ છોકરાઓને પતાસાં વેહેંચ્યાં. ૧૨ વડુ ,, તા ૫ પટેલ ભાઈજીભાઈ તથા કેટલાક લોકોએ આ ૫–૨–૦ પાણીની પરબમાં આપ્યા. ૧૩ ડભાસા ,, શેઠ રણછોડદાસ તથા ગામલોકોએ આ. ૧–૦–૦ રૂ ૨–૦–૦ છોકરાઓને પુસ્તકો વેહેંચ્યા ૧૪ રણુજ ,, તા ૨૫ પટેલ તળશીભાઈ દાજીભાઈએ આ. ૧–૦–૦ છોકરાઓને પતાસા વેહેંચ્યા ૧૫ ચાલુસદ ,, તા ૫ ગામ લોકોએ પરીક્ષા વખતે ૭–૦–૦ સદર ૧૬ સિદ્ધપુર. ,, તા. ૨૪ મુખ્યામના ભાટીયાએ ખુશીથી. રૂ. ૨–૦–૦ છોકરાઓને પાઈઓ વેહેંચી ૧૭ ખેરવા ,, તા ૧૮ ગામના સદ્ગૃહસ્થોએ. પરીક્ષા વખતે. ૩–૦–૦ છોકરાઓને પતાસા વેહેંચ્યા. ૧૮ વિજાપુર સ. ઉર્દુસ્કુલ. તા. ૩૦ મુસલમાન સદ્ગૃહસ્થોએ પરીક્ષા વખતે રૂ ૦–૮–૦ છોકરાઓને પુસ્તકો વેહેંચ્યા ૧૯ ગોઝારીયા સ ગુ શાળા તા ૧૧ મહેતા નરોતમદાસજી જમનાદાસજીએ ખુશીથી રૂ. ૩–૦–૦ છોકરાઓને કેરીઓ આપી ૨૦ ગોઝારીયા સ ગુ કન્યાશાળા તા ૫ સદર. રૂ. ૨–૦–૦ કન્યાઓને પતાસાં વેહેંચ્યા ૨૧ વસાઈ સ ગુ શાળા તા ૧૯ ગામના સદ્ગૃહસ્થોએ પરીક્ષા વખતે ૩–૦–૦ છોકરાઓને પતાસા વેહેંચ્યા. ૨૨ સમાઉ ,, તા. ૨૦ શા. મુળચંદ માનચંદે ખુશીથી. ૦–૧૨–૦ સદર ૨૩ વિસનગર સ ગુ કન્યાશાળા તા. ૨૮ રેટ. રે. નારણલાલ નભેરામ તથા મે આ આ વાડીલાલજી સાહેબ તથા રા રા મહાસુખભાઈ એમણે રૂ ૧૩–૮–૦ કન્યાઓને પુસ્તકો તથા પેનો ને પતાસા વેહેંચ્યાં. ૨૪ ગુંજા. સ. ગુ. શાળા. તા. ૧ સ્કુલ કમેટીના મેમ્બરોએ ઈનામ મેળાવડા વખતે આ ૪–૦–૦ છોકરાઓને પુસ્તકો વેહેંચ્યા. ૨૫ વાલમ ,, તા ૪ પટેલ ખુમાલ બેચરજીએ ખુશીથી. આ ૩–૦–૦ છોકરાઓને કેરીઓ વેહેંચી. ૨૬ કડા. સ ગુ. શાળા. તા. ૬ બાની પ્રહલાદજી દેવચંદે ખુશીથી. રૂ. ૨૦–૦–૦ છોકરાઓને જમાડયા. ૨૭ ખેરાળુ ,, તા ૮ કેટલાક સદ્ગૃહસ્થોએ ઇનામ મેળાવડા વખતે આ. ૩–૧૦–૦ રૂ ૩–૦–૦ છોકરાઓને પતાસાં વેહેંચ્યાં. ૨૮ ખેરાળુ સ ગુ. કન્યાશાળા તા. ૮ કેટલાક સદ્ગૃહસ્થોએ મેળાવડા વખતે આ. ૩–૪–૦ કન્યાઓને છીટ આપી ૨૯ સિદ્ધપુર ,, તા. ૧૮ માજી સ્ટેશન માસ્તર હીરાલાલભાઈ એમણે રૂ ૧–૦–૦ કન્યાઓને પતાસાં વેહેંચ્યા. ૩૦ કુપેરા સ ગુ શાળા તા ૨૮ મહારાજ ગુલાબગર દુર્ગાગિર એમણે આ. ૦–૮–૦ છોકરાઓને સાકર વેહેંચી. ૩૧ કુજપુર ,, તા ૯ સ્કુલ કમેટીના મેમ્બરોએ આ ૧–૦–૦ સદર. ૩૨ બેજ ,, તા ૨૬ શા. છોટાલાલ ગુલાબદાસ તથા કેટલાક સદ્ગૃહસ્થોએ રૂ ૧–૧૦–૦ છોકરાઓને પુસ્તકો

વેહેચ્યાં. ૩૩ કરખડી ,, તા. ૨૬ પા. લલુભાઇ અંબઇદાસે ખુશીથી બા. ૨–૦–૦ છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૩૪ ડબકા ,, મેહેતાજી છોટાલાલ રામશંકર એમણે ક. ૧–૦–૦ છોકરાઓને પુસ્તકો વેહેચ્યાં. ૩૫ દરાપુરા ,, તા. ૧૦ ઉમેદભાઇ વેહેરીભાઇ એમણે બા. ૧–૦–૦ છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૩૬ કરજણ ,, તા. ૨૬ ડાકટર તથા ત્રીલોકનાથ પરમાનંદ મુનસી એમણે ક. ૪–૪–૦ છોકરાઓને પુસ્તકો વેહેચ્યાં. ૩૭ કંડારી ,, તા. ૫ વરધભાઇ કેસુરે ખુશીથી બા. ૨–૦–૦ છોકરાઓને સાકર વેહેચી. ૩૮ ઇટોલા ,, તા. ૨૮ પટેલ પ્રાગભાઇ દેસાઇભાઇએ ૧–૪–૦ સદર. ૩૯ રવાદ ,, તા. ૯ મોતીલાલ બેહેચર એમણે બા. ૧–૦–૦ સદર. ૪૦ ફીનખીલોડ ,, તા. ૩ ગામના સદ્‌ગૃહસ્થોએ ખુશીથી બા. ૧–૮–૦ છોકરાઓને પુસ્તકો વેહેચ્યાં. ૪૧ પીપળી ,, તા. ૩૦ પટેલ પરસોતમ જેઠાભાઇએ ખુશીથી બા. ૧–૦–૦ છોકરાઓને પતાસાં વેહેચ્યા. ૪૨ ભાદરણ સ. ગુ. કન્યાશાળા ગામના કેટલાક સદ્‌ગૃહસ્થોએ બા. ૫–૦–૦ કન્યાઓને છીંટ આપી ૪૩ ભાદરણ સ. ગુ. શાળા સદર બા. ૪–૦–૦ છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૪૪ બામણગામ ,, તા. ૨૮ મંગળભાઇ મીઠાભાઇએ ક. ૧–૧૩–૦ છોકરાઓને પુસ્તકો વેહેચ્યાં. ૪૫ વાલવોડ ,, તા. ૧૧ સ્કુલ કમેટીના મેમ્બરોએ બા. ૧–૮–૦ છોકરાઓને સાકર વેહેચી. ૪૬ સીસ્વા ,, તા. ૮ કાળીદાસ તથા દેવશંકર એમણે બા. ૧–૦–૦ છોકરાઓને પતાસા વેહેચ્યાં. ૪૭ રૂણજ ,, તા. ૧ પટેલ ડુંગરભાઇ છબાભાઇએ તથા કેટલાક ગૃહસ્થોએ બા. ૧૦–૦–૦ છોકરાઓને પુસ્તકો વેહેચ્યાં. ૪૮ નાર સ. ગુ. કન્યાશાળા તા. ૫ અનોપરામ તથા વૈદ વામનરાવ એમણે ૧–૮–૦ કન્યાઓને પતાસાં વેહેચ્યાં. ૪૯ મઘરોળ સ. ગુ. શાળા તા. ૨૩ મીજવલવ છગનલાલે ખુશીથી બા. ૧–૦–૦ છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૫૦ કાસર ,, તા. ૨૬ જોશી રેવાશંકર તથા મુખી હાથીભાઇ એમણે ૨–૦–૦ બા. સદર. ૫૧ ડભોઉ ,, તા. ૧૧ જેઠાભાઇ હરગોવિંદ એમણે બા. ૧–૮–૦ સદર. ૫૨ વસો સ. અંત્યજશાળા તા. ૧૬ મોતીભાઇ મથુરદાસ એમણે બા. ૦–૮–૦ સદર. ૫૩ વસો સ. ગુ. કન્યાશાળા તા. ૫ ભવાની દેવીપ્રસાદ તથા નારણભાઈ એમણે બા. ૩–૦–૦ કન્યાઓને પતાસાં વેહેચ્યાં. ૫૪ વસો સ. ગુ. શાળા તા. ૧૨ પટેલ નારણભાઈ જેઠાભાઇ એમણે બા. ૭–૦–૦ છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૫૫ પેટલાદ સ. ગુ. ફ્રેન્ચ શાળા તા. ૧૫ કાશીદાસ નારણદાસે બા. ૨–૦–૦ છોકરાઓને કેરીઓ વેહેચી. ૫૬ પેટલાદ સ. ગુ. કન્યાશાળા તા. ૧૫ સદર. બા. ૪–૦–૦ કન્યાઓને કેરીઓ વેહેચી. ૫૭ બાકરોળ સ. ગુ. શાળા તા. ૨૮ આપા સાહેબ તથા ગામ લોકોએ મેળાવડા વખતે બા. ૨–૦–૦ ક. ૯–૧૪–૦ છોકરાઓને પુસ્તકો વેહેચ્યાં. ૫૮ મોગરી ,, તા. ૨૬ શાળાના માસ્તરો તથા મેમ્બરોએ મળીને બા. ૫–૦–૦ સદર. ૫૯ મેહેલાવ ,, તા. ૧૨ ગામ લોકોએ મેળાવડા વખતે બા. ૨–૦–૦ છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૬૦ મેહેલાવ સ. ગુ. કન્યા શાળા તા. ૧૬ ભીખાભાઇ નાથાભાઇએ ૧–૦–૦ કન્યાઓને પતાસાં વેહેચ્યાં. ૬૧ ચાંગા સ. ગુ. શાળા તા. ૫ ગામ લોકોએ મેળાવડા વખતે ૧–૮–૦ છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૬૨ પાડગોળ ,, તા. ૩૦ સુથાર ડોસુભાઇ ફત્તેહભાઇએ બા. ૧–૦–૦ સદર. ૬૩ નવસારી ,, શેઠ મીજભુખણદાસ તથા છોટાલાલ તથા જીભોવન મળીને ક. ૧૨–૦–૦ પાણીની પરબમાં આપ્યા. ૬૪ નવસારી સ. ગુ. કન્યાશાળા તા. ૩ મે. ખા. બા. દલાલ સાહેબ એમણે ક. ૨–૦–૦ કન્યાઓને પતાસાં વેહેચ્યાં.

અપૂર્ણ.

देशी केळवणीखातुं.

કી. જા. નં. ૧૧૮૫.

ચકરહુકમ.

છુટા પીરસના બીજા વર્ગમાં તનારીના નમુના ચલાવવાના છે તે વિષયનું જે છાપેલું પુસ્તક હતું તે હાલના નવા નમુના પ્રમાણે હોવાથી " મુલકી હિસાબના નમુના " (ગામમહેસુલી) એ નામનું નવું પુસ્તક કનકારે કિંમત રૂ. ૧–૮–૦ નું તૈયાર કરાવેલું તે છપાઈને સરકારી મુખ્ય કિતાબખાનામાં આવેલું છે તે પુસ્તકની જરૂર પુરતી નકલો જેમને જોઈએ તેમણે પોતપોતાના તાબાના કિતાબખાના તરફ માગણી કરવી અને પેટા કિતાબખાનાના હેડમાસ્તરો તથા મેહેતાજીઓએ આ તરફ ખાસ માગણી કરવી એટલે આ તરફથી તેટલી બુકો મોકલવામાં આવશે.

પહેલા બીજા ને ત્રીજા એકની અને તેથીજ બીજી મોટી શાળાઓમાં જ્યાં કદાપિ તે ધોરણ ન ચાલતું હોય ત્યાં નિશાળ વાપરવામાં શિક્ષકોની માહેતી માટે જોઈએ તો જે શાળામાં કરીજન્ટ ખાતેથી તે પુસ્તક ખરીદ કરવાની સવડ હોય ત્યાં તે લેવા પ્રાંતના રા. બા. ઇન્સ્પેક્ટર સાહેબની મંજુરી મેળવી રોકડી કિંમતથી આ તરફથી મંગાવશે તો મોકલવામાં આવશે. તા. ૧૫ એપ્રીલ સને ૧૮૯૮ મું વડોદરા.

J. A. DALAL.
વિદ્યાધિકારી

ચકરહુકમ જા. નં. ૬૧ સ. ૧૮૯૭–૯૮.

ત્રીજા દરજ્જાની માટ-ઇન-એડ એટલે મદદ લેનારી ખાનગી શાળાઓને જે મદદ આપવાનું નિબંધ ૧ લા ની કલમ ૧૧૩ માં ઠરેલું તે કરતાં વધારે ગ્રાંટ આપવાની બાબતમાં આ તરફથી સરક્યુલર નં. ૪૬ તા. ૪–૧–૯૬ નો કરવામાં આવેલો તેના અમલની મુદત ગયા જાનેવારી માસમાં પૂરી થવાથી તે બદલ હજુરમાં ટીપણ નં. ૬૮ તા. ૨–૨–૯૮ નું રજુ કરવામાં આવેલું તે ઉપર શ્રીમંત સરકાર મહારાજા સાહેબનો હુજુર હુકમ નં. ૭૬ તા. ૨૫–૪–૯૮ નો થયેલો. તે અન્વયે જણાવવાનું કે—

૧ ત્રીજા દરજ્જાની મદદ લેનારી ખાનગી શાળાઓ પૈકી જેમાં વિદ્યાર્થીની સંખ્યા ૫૦ (પચાસ) ઉપરાંત હોય ત્યાં પચાસ કરતાં જાસ્તી દરેક છોકરા બદલ આઠ આના ભાભાગાહ પ્રમાણે મદદ આપવી, પરંતુ તે શાળાની મદદની એકંદર રકમ રૂ. (૧૦) દશ માબાસાહ કરતાં જાસ્તી ન થવી જોઈએ.

૨ ઉપર મુજબ પચાસ કરતાં દરેક વધુ વિદ્યાર્થી બદલ જે આઠ આના આપવાના તે બાર માસની સરાસરી સંખ્યા ઉપર ગણવું જોઈએ એટલે દરમાસે ભણી રહેલી વિદ્યાર્થીની સંખ્યાના બાર માસના આંકડાને સરવાળો કરી તેને બારે ભાગી જે આવી સંખ્યા આવે તે ઉપર આપવાનું રાખવું.

૩ ઉપરના હુજુર હુકમમાં બે વર્ષ પછી ફેરફાર કરવાનો કે કેમ તે સારૂ યોગ્ય માહીતી સાથે હકીકત હજુરમાં ફરી રજુ કરવાની છે માટે વટહુકમ નં. ૪૬ તા. ૪-૧-૯૬ માં માગેલી હકીકત સન ૧૯૦૦ ના જાનેવારી આખરે દરેક પરીક્ષક અધિકારી તરફથી આવવી જોઈએ.

૪ આ વધારો તા. ૧ મે સન ૧૮૯૮થી કાયમને માટે મંજુર થયેલો છે સબબ તેનો લાભ વધારે શાળાઓ લે એમ તજવીજ પરીક્ષક અધિકારીઓ તરફથી થશે.

ઉપર પ્રમાણે અમલ થવો જોઇએ. તા. ૪ મે સન ૧૮૯૮.

J. A. DALAL.
વિદ્યાધિકારી.

અં. પ્ર.

વટહુકમ નં. ૬૨ સન ૧૮૯૭-૯૮.

શાળાઓ વ ઓફીસોના ઉપયોગ સારૂ જેમના તાબામાં સરકારી મકાનો છે અને જે ઇમારતોની સાલ દરસાલ નળીયાં ચલાઇ તથા સાધારણ દુરસ્તી આ ખાતેથી થાય છે. તેવાં મકાનોની સદર ખરચ બદલ પાકી નિમનોક હુજુર હુકમ નં. ૨૮૯ તા. ૧૨-૪-૯૮ અન્વયે બાંધી આપવાની છે માટે આથી જણાવવાનું કે:—

૨ જેમના તાબામાં ઉપર જણાવ્યા મુજબ મકાનો હોય તેમણે પાછલી પાંચ સાલોમાં નળીયાં ચળાઇ તથા સાધારણ દુરસ્તી બદલ થયેલા ખરચના આંકડા નીચેના નમુનાના કોષ્ટકમાં ભરી, પોતાના પ્રાંતના રા. બા. એજ્યુ. ઇન્સ્પેકટર સાહેબ તરફ મોકલવા એટલે તેમના તરફથી એકત્ર થઈ પ્રત્યેક મકાન બદલ પાકી નિમનોકની રકમ નક્કી કરવામાં આવશે અને તે પછી પોતાના પ્રાંતની શાળાઓનાં મકાનોની હકીકત પત્રક રૂપે અભિપ્રાય સહ આ તરફ મોકલશો.

૩ સ્પેશીયલ ઇન્સ્ટીટ્યુશન વાળાએ સદરહુ હકીકત આ તરફ પરબારી મોકલવી.

શાળાનું નામ.	મકાનનું માપ.		પાંચસાલી ખરચના આંકડા					પાંચ સાલની સરાસરીનો આંકડો.	પાકી નિમનોક કેટલી થવી જોઇએ તે. રકમ કયા નાણામાં.	પ્ર. સા. નો અભિપ્રાય કેટલી રકમ બદલ છે તે.	સરાસરી કરતાં જાસ્તી હશે તો તેનું કારણ.
	લંબાઇ	પહોળાઇ.	૧૮૯૨-૯૩	૧૮૯૩-૯૪	૧૮૯૪-૯૫	૧૮૯૫-૯૬	૧૮૯૬-૯૭				

જે મકાનો પાંચ સાલ કરતાં ઓછી મુદતથી મળેલાં હોય તેનો ને શાળા બદલ મેર-ફેરી સાલ માટે સદરહુ જાતનો ખર્ચ [illegible] તેની અરજીનો ખરચ કલ્પીને, તેની સ-રેરાશ મંજુરી. દરમ્યાનની કેટલા વખતની જાતનો ખરચ બીલકુલ નહીં પડ્યો હશે તો તે સાલ ખાનામાં શૂન્ય મુકી, સરેરાશમાંથી તે સાલ બાતલ કરવી.

ટીપ—મકાન સરકારી નહીં હશે, પરંતુ સદર જાતનો ખરચ, જે મકાન પાછળ થતો હશે તેને સરકારી મકાન તરીકે ગણી હકીકત દાખલ કરવાની છે, તેમજ પાયખાનાનો ખરચ પણ દુરસ્તીમાં દાખલ કરવાનો છે

૫ સદરહુ બદલની હકીકત આ વરહુકમ પોહોચતા તુરત જે તે શાળાના મેહેતાજી તથા હેડમાસ્તરે તૈયાર કરી પ્રાંતના રા. બા. ઇન્સ્પેક્ટર સાહેબ તરફ મોકલવી ને રા. બા. ઇન્સ્પેક્ટર સાહેબે પોતાના પ્રાંતની હકીકત જેમ બને તેમ તાકીદે મંગાવી આ તરફ મોકલી દેવી. તા. ૬ ઠ્ઠી માહે મે સ. ૧૮૯૮ મુ. વડોદરા

J A DALAL.

વિદ્યાધિકારી.

વરહુકમ જા. નં. ૬૩.

જે મેહેતાજીઓ અગર હેડ માસ્તરો પોસ્ટનું કામ કરે છે, તેમણે સરક્યુલર જા. નં. ૪૬ તા. ૩૦મી માર્ચ સને ૧૮૯૫ પ્રમાણે અમલ કરવો જોઈએ. સદરહુ સરક્યુલરનો અમલ પુરેપુરો થતો નથી એવું એક ઠામે જણાઈ આવ્યું છે માટે આ વરહુકમથી સુચના કરવામાં આવે છે, કે સદરહુ વરહુકમ પ્રમાણે જેમના તરફથી અમલ થતો નથી એમ માલમ પડશે તેમને સખ્ત શિક્ષા કરવામાં આવશે તા. ૧૨ મી માહે મે સને ૧૮૯૮ મુ. વડોદરા

J A DALAL.

દામોદર. વિદ્યાધિકારી

વરહુકમ જા. નં. ૬૮.

એક મહેતાજીએ નામદાર દિ. બા. દિવાન સાહેબ તરફ ખાતાની નિમનોકો વિરૂદ્ધ ખોટી ફરિયાદ કીધી હતી અને તેમાં ખાતાના અધિકારીઓ વિશે ગેરરીતે ઘણા હલકા શબ્દો વાપર્યા હતા, તે સબબને લીધે કેટલીક તપાસ પછી પકડવામાં આવ્યો, પણ તેણે પોતાની કસુર કબુલ કરીને માફી માગી તે ઉપરથી તેને બારમાસ સુધી એક ગ્રેડ ઉતારવામાં આવ્યો છે. આવા કામને માટે આ પહેલ વહેલીજ શિક્ષા છે તેથી રહેમ નજરથી કસુરના

વટહુકમ નં. ૬૯.

ખા. સા. ઉર્દુ એકઝામિનરને ઉર્દુશાળાઓનાં દફતર તપાસણી વખતે કોઇ સામાન કે પુસ્તક કમી કરવાની સ્થિતિમાં જણાય તો તે કમી કરવા તથા તે હરાજ કરવાનો અધિકાર રા. સા. ડેપ્યુટી એજ્યુ. ઇન્સ્પેક્ટર જેટલો અધિકાર મળવા આ તરફથી ટીપણ નં. ૮૨ તા. ૧૮-૩-૯૮નું રજુ કરવામાં આવેલું તે લગત નામદાર દિ. બા. દિવાનસાહેબ એમના નં. ૨૦૭ તા. ૨૧-૪-૯૮ના શેરાથી મંજુરી મળી છે તે અધિકાર નિચે પ્રમાણે છેઃ-

> " નિરૂપયોગી ડેડસ્ટાક સામાન, પુસ્તકો, નકશા, ભરતકામ, તથા હરાજ કરવા લાયક થએલું દફતર, અનાજ, કપડાં, વગેરેની કોઇ પણ જીન્નસની રૂ. ૨૦) સુધીની હરાજી મંજુર કરવાનો તેમજ નિરૂપયોગી થએલી કે ખવાએલી કોઇ પણ રૂ. ૨૦) સુધીની એક જીન્નસ વ્યાજબી કારણ માલુમ પડેથી ખર્ચ ન લેતાં માફ કરવાનો તથા તે હિસાબમાંથી કમી કરવાનો અધિકાર."

ઉપર મુજબ અધિકાર ખા. સા. ઉર્દુ એકઝામીનરને આપવામાં આવ્યો છે માટે આ બદલ લાગતાવળગતાવાળાઓએ અમલ કરવો. તાઃ ૧૬ માહે મે સન ૧૮૯૮ મુ. વડોદરા.

J. A. DALAL.

દામોદર. વિદ્યાધિકારી.

શ્રી

ભાગ ૧૯૧૪ આષાઢ

[illegible]

પુસ્તક ૧૦ મું અંક ૯ મો

પ્રસિદ્ધકર્તા

છોટાલાલ નર્ભેરામ ભટ્ટ

વડોદરા

શ્રી [illegible] છાપ્યું

સન ૧૯૧૮

केळवणी.

दोधकवृत्त.

भणे भले वळी धर्म सधाये, ज्ञान वधे मनमान वधाये;
प्रीति वधे वधसे जश सारा, ए शिशुशिक्षण धर्म अमारो.

પુસ્તક ૧૦ મું. આષાઢ સંવત્ ૧૯૫૪ અંક ૯ મો.

शारदास्तुति.

નારાચછંદ.

અખંડ કીર્તિ જેહની જણાય સર્વ ખંડમાં,
પ્રચંડ જેહનો પ્રતાપ વ્યાપ્ત થાય પિંડમાં,
નિરક્ષરોની શત્રુ, સાક્ષરોની જેહ સંપદા,
સદાય તે થજો સદૈવ શુદ્ધ દેવી શારદા. ૧
અનેક શોકથોકના નિવારણે નિપુણ જે,
પવિત્ર જ્ઞાનદીપને પ્રદીપ્ત રાખનાર જે;
અપાય થાય અજ્ઞાને ન એવું આચરે કદા,
સહાય તે થજો સદૈવ શુદ્ધ દેવી શારદા. ૨
રહેમથી વહેમનો વિનાશ ક્ષિપ્ર જે કરે,
અમરવૃત્તિના તરંગ ચિત્તમાંહી જે ભરે,

સુઝાડનાર જે વિશુદ્ધ માર્ગનીજ છે સદા,
સહાય તે થજો સદૈવ શુદ્ધ દેવી શારદા. ૩
કવિત્વનાં સુતત્વ જે ઉદાર આપનાર છે,
મહા મરાડી મૂર્ખતા ભવાબ્ધિ તારનાર છે;
ઉપાય જે અનેકથી હરે હરેક આપદા,
સહાય તે થજો સદૈવ શુદ્ધ દેવી શારદા. ૪

કવિત.

ભક્ત અનુરક્ત તેને શક્ત તો બનાવી દીધા,
જ્ઞાનપાન પાસે મોટી સુધા તે મીઠી નથી;
ચતુર બનાવી ચતુરાનનને યોગ્ય કીધા,
દીધા લાભ લાખો તેની લખેલી ચીઠી નથી;
રાજા વરરાજાના સમાન માન વાળા કીધા,
જ્ઞાનથી પવિત્ર જેને ચઢેલી પીઠી નથી;
શારદાના જેવી વરદાન આપનારી દેવી,
દુનિયામાં આજ સુધી અમે તો દીઠી નથી. ૫
પ્રતાપી પ્રધાન કોઇ લોકને બનાવી દીધા,
કોઇનું કલ્યાણ કોડ રીતે જેણે કર્યું છે;
હજારો જનોને જેણે આનંદનું દાન દીધું,
હજારોના દારિદ્રનું દુઃખ જેણે હર્યું છે;
તિમિર વસેલું કોટિ સૂર્યથી ખસે ન એવું,–
ચિત્તથી ખસેડી ભલું તેજ જેણે ભર્યું છે;
જે દેવીને સેવીને સમસ્ત લોક સૌખ્ય પામે,
ધન્ય દેવી શારદા એ ધન્ય નામ ધર્યું છે. ૬

કાશીશંકર મૂળશંકર

शास्त्रोपयोगी पत्रो·

(પાછલા અંકથી ચાલુ)

"પણ આ ઠેકાણે વળી બીજો પ્રશ્ન ઉભો થાય છે કે 'મનુષ્ય પોતાના આચરણના સંબંધમાં-કેળવણીના સંબંધમાં શું સ્વતંત્ર છે?' જ્યારે આપણે એમ કહ્યું કે, 'યોજના પ્રમાણેજ કેળવણી આપી શકાય—કેળવણીની અસર થઇ શકે' ત્યારે કહેવાનો હેતુ શો છે? મનુષ્ય [illegible] પોતાના મનમાં આવે તેમ [illegible] શકે? પણ એ બે પ્રશ્નોમાં મનુષ્ય સ્વતંત્ર છે કે [illegible] તેનું વર્તન [illegible] અમુક નક્કી થઇ જાય છે? આના ઉત્તરમાં પણ મનુષ્ય સ્વતંત્ર [illegible] કહી શકાતું નથી. મનુષ્ય એમ ધારે કે મારે વડોદરે અથવા મુંબઇ જવું છે પણ જ્યાં સુધી તે ગયો નથી, ત્યાં સુધી તો તે એમજ ધારે કે હું એમાંના ગમે તે ગામ જઇ શકું. પણ તે જ્યારે અમુક ગામે ગયો, ત્યારે આપણને શું જણાય છે? તેણી તે [illegible] પસંદગી—ઇચ્છા—[illegible] કે તે સ્વાભાવિક યોજના પ્રમાણેજ થઇ શકત [illegible] નહિ [illegible] ત્યાં જવાનું તેની યોજનાનું વલણ [illegible] શું જણાયું? મનુષ્યના વર્તનનો આધાર સ્વેચ્છા પર નથી, પણ તેમાં જે યોજના રહેલી છે તેના સ્વાભાવિક વલણ પર છે."

"હવે કેળવણીના સંબંધમાં [illegible] યોજના ઉપર વધારે આધાર છે, ત્યારે કેળવણી આપનારાને નિરુત્સાહ થવાનો કંઇ સબબ [illegible] કે તેઓ ધારે કે આપણાથી આમાં—કેળવણીના કામમાં કંઇ થઇ [illegible] નથી, [illegible] થઇ શકે તેમ છે' આવી ધારણા પણ [illegible] પોતાનું કાર્ય કરી પણ શકે નહિ. ના, ના, એમ નથી. એનું સમાધાન નીચે પ્રમાણે છે—"

"કેળવણી પર અનિયમિત શ્રદ્ધા કે અનિયમિત અશ્રદ્ધા હોય એ બન્નેમાં ભૂલ છે. સામાન્ય શ્રદ્ધા હોવીજ જોઇએ. બધા મનુષ્યોમાં યોગ્યતા હોય છેજ. એવું કોઇ પણ મનુષ્યપ્રાણી નથી કે જેમાં મૂળથીજ—[illegible] સ્વાભાવિક યોજના ન હોય. જ્યારે દરેક મનુષ્યમાં ગમે તે [illegible] સ્વાભાવિક યોજના હોય છેજ, ત્યારે તેઓને—બધા મનુષ્યોને—અમુક કેળવણી આપી શકાયજ. હવે જ્યારે બધા મનુષ્યોને અમુક કેળવણી આપી શકાય છે, ત્યારે શિક્ષકોને નિરુત્સાહી થવાનો કશો સબબ નથી. તેમાં વળી પ્રાથમિક શિક્ષકોને તો આ શ્રદ્ધા [illegible] નથી; કારણ કે તેઓએ તો બાળકોની યોજના નક્કી કરી હોતી નથી—તે [illegible] મહત્વમાં એ [illegible] જોઇ-પારખી-શકે તેમ નથી. જોઇ શકાય પણ નહિ. [illegible] તેવી એ કંઇ [illegible] નથી; પણ ઘણા [illegible] પછી જ અનુભવે જાણી શકાય તેવી વાત છે. અને તેટલા માટે પ્રાથમિક શિક્ષકોએ તો—અમારા જેવાઓએ શ્રદ્ધાપૂર્વક યોજના જોઇ શકાય. તેથી યોજના ઉપર પ્રયત્ન કરતા રહેવું જોઇએ. કોઇ મનુષ્યમાં પણ યોજના નથી, એમ જ્યારે છેજ નહિ, ત્યારે પછી કેળવણી આપનાર શિક્ષકોને શ્રદ્ધા-ઉત્સાહ વિનાના થવાનું કંઇ પણ કારણ નથી."

"આવા આવા વિવાદો ફિલસુફો (તત્વજ્ઞો) કરે છે. સત્ય નિર્ણય શું થશે તે કોણ જાણે!"

વિચારો નવીન છે. હજુ શંકાશીલ પણ જણાય છે. પણ આવા વિચારો થાય છે, એ આગળ ઉપર કોઈ અમુક સત્ય—તત્વ શોધી શકશે ખરા. આપણો કેળવણીનો પ્રદેશ હજુ આપણને અપૂર્ણ જણાયો છે, તેથીજ વિચારો શંકાશીલ રહે છે. જેમ જેમ પ્રદેશની વિશેષ વિશેષ માહિતી મળતી જશે, તેમ તેમ શંકાશીલ વિચારોમાંથી સત્યસૂત્ર મળતું જશે.

ભાઈ, આ વિષય સંબંધી હજુ વધારે સવિસ્તર વિચારોની આવશ્યકતા છે; પણ તેમ કરવાને અત્યારે પત્ર અને વખત બેઉ ના પાડે છે. માટે અત્યારે આટલેથીજ પતાવું છું. નવીન વિચારોની નવીનતા જણાવજે. "બાળકોને કયા કયા પ્રકારની કેળવણીની આવશ્યકતા છે." આ બાબત તને તારી શાળાના અનુભવમાંથી જે જે યોગ્ય વિચારો આવ્યા હોય તે જણાવજે. મિત્રગણ બહુજ સંભારે છે. મિત્રમંડળ સરસ્વતી માતાના પ્રેમથી કુશળાનંદમાં છે. તારી કુશળતા જાણવાને અત્યંત ઉત્સુક છે. હાલ એજ.

નવી તરંગ ભૂમીમાં અનાયાસે જય ચડેલો તારો હિતકાંક્ષી—

લી.

"પ્રાણલાલ"

મુસાફર.

ગણિતની યુક્તિઓ.

કેટલાક આંકડાના ચમત્કારીક ગુણો.

એકી સંખ્યા.

ત્રણ પછીની બધી અવિભાજ્ય એકી સંખ્યામાં જો એક ઉમેરિયે કે બાદ કરિયે તો તેને ૬ એ નિઃશેષ ભાગી શકાશે. જેમ, ૧૩ એ અવિભાજ્ય સંખ્યા છે. તેમાંથી ૧ બાદ કરતાં ૧૨ રહે છે અને તેને ૬ થી નિઃશેષ ભાગી શકાય છે. તેજ પ્રમાણે ૫+૧=૬; ૭-૧=૬; ૧૧+૧=૧૨; ૧૭+૧=૧૮; ૧૯-૧=૧૮; ૨૩+૧=૨૪; ૨૯+૧=૩૦; ઇત્યાદિ.

ત્રણની સંખ્યા.

તમારી ઇચ્છામાં આવે તેવી કોઈ પણ બે સંખ્યાઓ લેશો, તો પણ તે બેમાંની એક સંખ્યા, અથવા તે બેનો સરવાળો, અથવા તે બેની બાદબાકી, ત્રણ કે ત્રણનો કોઈ પૂર્ણ ભાજ્ય થશે. જો તમે ૩ અને ૮ લેશો, તો તેમાંની પેહેલી સંખ્યા ૩ છેજ; જો તમે ૧ અને ૨ લેશો તો તેનો સરવાળો ૩ છેજ; જો તમે ૪ અને ૬ લેશો તો તેમાંની બીજી સંખ્યા ૩ નો ભાજ્ય છેજ; જો તમે ૪ અને ૭ લેશો તો તેની બાદબાકી ત્રણ છેજ; જો તમે ૨૦ અને ૨૫ લેશો તો તેમનો સરવાળો ત્રણનો ભાજ્ય થવાનો; જો ૧૫ અને ૨૨ લેશો તો પેહેલી સંખ્યા ત્રણનો ભાજ્ય છે; ૧૭ અને ૨૬ લેશો તો તેમની બાદબાકી ત્રણનો ભાજ્ય છે. અને એ રીતે ગમે તે બે સંખ્યા લેવાથી ઉપર પ્રમાણે ત્રણ કે ત્રણનો ભાજ્ય આવશે.

પાંચની સંખ્યા.

જો પાંચને તેજ સંખ્યાએ ગુણવામાં આવે, વળી તેના ગુણાકારને તે ગુણાકાર સાથે ગુણવામાં આવે, અર્થાત પાંચનો કોઇ પણ ઘાત કરવામાં આવે, તો ગુણાકારનો છેલ્લો આંકડો પાંચજ આવશે. જેમ, ૫×૫=૨૫, ૨૫×૨૫=૬૨૫, ૧૨૫×૧૨૫=૧૫૬૨૫, ઇ૦. જો એજ પ્રમાણે છનો પણ કોઇ ઘાત કરવામાં આવે તો છેલ્લો આંકડો હમેશાં છગડોજ આવવાનો

જો કોઇ આંકડાને પાંચે અથવા પાંચના કોઈ ઘાતે ભાગવાનો હોય, તો તે ફક્ત સાદા સરવાળાથી બની શકશે. જો પાંચે ભાગવા હોય તો ભાજ્યાંકને બમણા કરવા અથવા ભાજ્યાંકમાં તેજ ભાજ્યાંક ઉમેરવા અને તેનો છેલ્લો આંકડો જૂદો કાઢવો એ છેલ્લો આંકડો દશાંશ થશે અને તેની પહેલાના આંકડા પૂર્ણાંક થશે. જેમ ૨૬૧ ને પાંચે ભાગવા હોય તો, ૨૬૧+૨૬૧=૫૨૨, છેલ્લો આંકડો જૂદો કાઢતાં ૫૨ ૨ જવાબ આવશે.

જો કોઇ આંકડાને ૨૫ વડે ભાગવાના હોય તો ભાજ્યને ચારે ગુણીને છેલ્લા બે આંકડા કાપવા, એટલે કાપેલા આંકડા દશાંશ અને તેની પહેલાના પૂર્ણાંક થશે જેમ, ૨૬૧÷૨૫ એટલે ૨૬૧+૨૬૧+૨૬૧+૨૬૧=૧૦.૪૪ જો ૧૨૫ વડે ભાગવા હોય તો ભાજ્યને આઠે ગુણી છેલ્લા ત્રણ આંકડા કાપવા તે દશાંશ થશે જેમ ૨૬૧ ÷ ૧૨૫=(૨૬૧×૮=૨૦૮૮) ૨.૦૮૮. આ ઉપરથી એવી રીત નીકળે છે કે પાંચના જેટલા ઘાતે ભાગવાના હોય, તેટલા બાર બેના કરીને તે વડે ભાજ્યને ગુણી ઘાતપ્રકારક જેટલા આંકડા ગુણાકારમાં છેલ્લેથી ગણીને કાપવા.

નવનો આંકડો.

નવના આંકડાનો નીચેનો ચમત્કારિક સ્વભાવ સાધારણ રીતે બધા બ્યણતા નહિ હોય. —૯ × ૧ = ૯

૯	×	૨	=	૧૮	અને	૧	+	૮	=	૯
૯	×	૩	=	૨૭	,,	૨	+	૭	=	૯
૯	×	૪	=	૩૬	,,	૩	+	૬	=	૯
૯	×	૫	=	૪૫	,,	૪	+	૫	=	૯
૯	×	૬	=	૫૪	,,	૫	+	૪	=	૯
૯	×	૭	=	૬૩	,,	૬	+	૩	=	૯
૯	×	૮	=	૭૨	,,	૭	+	૨	=	૯
૯	×	૯	=	૮૧	,,	૮	+	૧	=	૯
૯	×	૪૫	=	૪૦૫						

ઉપરના કોઠાથી જોવામાં આવશે કે—

૧ નવને દરેક આંકડે ગુણવાથી આવેલા ગુણાકાર (૪૦૫) ના આંકડાનો સરવાળો ૯ થાય છે એટલે ૪+૦+૫=૯

૨. નવને ગુણનાર દરેક આંકડાનો સરવાળો (૪૫ ના આંકડાનો સરવાળો (૪+૫=૯) નવ થાય છે

૩ ગુણાકારના આંકડાઓનો સરવાળો ૯ થાય છે તે જમણા હાથના કોઠામાં કરી બતાવ્યો છે

૪. નવના ગુણાકારના સરવાળા (૪૦૫) ને નવે ભાગતાં જે (૪૫) આવે છે તેનો સરવાળો (૪+૫) પણ નવ થાય છે .

आजं मितिनी भूगोळ.

પશ્ચિમ આફ્રિકા.

(ટીચર્સએડમાંથી.)

આફ્રિકાનો નકશો જોતાં તેના મધ્યમાં રેતીનું મોટું મેદાન અને કિનારે કિનારે શેહેરો હોય એવું ભાસે છે. ભૂગોળના પુસ્તકમાં નદીઓ, નગરો અને પ્રાન્તોનાં થોડાંક નામ સિવાય આફ્રિકા સંબંધી વિશેષ માહિતી ભાગ્યેજ શિક્ષકો બાળકોને આપી શકે છે. હમણા કેટલાંક વર્ષથી યુરોપની પ્રજાઓ આફ્રિકામાં પણ પગપેસારો અને શોધ કરતી ચાલી છે તે ઉપરથી તે ખંડ વિષે કેટલીક વિશેષ માહિતી મળતી જાય છે. અમારા શિક્ષક બંધુઓની જાણ માટે પશ્ચિમ આફ્રિકા સંબંધી કેટલીક હકીકત અહીં લખીએ છીએ.

નાઈજર નદી.

નાઇજર કે ક્વોરા નદ સીએરાલિઓનની પાછળના કોંગ પર્વતની એક બખોલમાંથી નીકળે છે. ઉપલાણા ભાગમાં એ નદીનું નામ જોલિબા છે. એ નદી ૨૫૦૦ મૈલ લાંબી વહીને બાવીશ મુખથી ગીનીના અખાતમાં મળે છે. આ જગોએ જે ડેલ્ટા (ત્રિકોણ ભૂમિ) બને છે તે નાઇલ નદીના ડેલ્ટા કરતાં પણ મોટો છે, અને લગભગ આખા આયર્લાંડ દેશ જેટલો વિસ્તૃત છે. આફ્રિકાની મોટી નદીઓમાં આ નદી ત્રીજે નંબરે છે. એ નદીના માર્ગમાં કેટલીક જગોએ તેના કાંઠાનો દેખાવ વિલક્ષણ અને સુંદર છે. એ નદીનાં પાણી દશ લાખ ચોરસ મૈલ જેટલા પ્રદેશમાં ફરી વળે છે, અને તેથી તે પ્રદેશ શાક ભાજી અને વનસ્પતિથી ઉભરાઇ જાય છે, પણ નદીના ભેજવાળા કિનારાની હવા રોગીષ્ટ છે. નાઈજરના નીચલા ભાગના પ્રદેશને "નાઈજર ભૂમિ" અથવા "તેલિયા નદીની ભૂમિ" કહે છે. બેનૂ, સોકોતો અને ચાડા, એ ત્રણ નદીઓ નાઇજરને મળનારી નદીઓમાં મુખ્ય છે. સે, બૈસા, તિમ્બકતુ, લોકોજા, આસાબા, બેનિન, અને આકાસા, એ નાઈજરના કાંઠાનાં મુખ્ય શહેરો છે.

લાગોસ.

લાગોસ એ ગીનીના કાંઠા ઉપર અંગ્રેજી સંસ્થાન છે. તેની વસ્તી ૯૦૦૦૦ છે. તેમાં કાપડ અને કોપરેલ મુખ્યત્વે કરીને ઉત્પન્ન થાય છે. એ સંસ્થાનનો ઘણો વેપાર લીવરપૂલ સાથે ચાલે છે, અને તેથી તેને પશ્ચિમ આફ્રિકાનું લીવરપૂલ કહે છે. લાગોસ અને આબિયોકૂતા એ તેમાં મુખ્ય શેહેરો છે.

શેહેરો—૧ લાગોસ શેહેર દરિયા કિનારા પર છે. પણ ત્યાંનાં હવા પાણી સારાં નથી. પશ્ચિમનાં બીજાં શેહેરોમાં એ સૌથી મોટું છે. તેની વસ્તી ત્રીસ હજાર માણસની છે. સુતરેલ કાપડ, દારૂ અને તમાકુ, એ વસ્તુઓ એ દેશમાં આયાત કરવામાં આવે છે. લીવરપૂલથી એ શેહેર ૪૩૦૦ મૈલ દૂર છે.

૨. આબિઓકુતા એ ઓગન નદી ઉપર દરિયા કિનારાથી ૮૦ મૈલ છેટે આવેલું છે તેની પશ્ચિમના દાહોમીના રાજ્યની સરહદથી તે છેટુંજ પાસે છે ખ્રિસ્તી ધર્મ પસારનારા મિશનરીઓમાંના ઘણાક અહીં રહે છે અને તેથી ખરૂં જોતાં મિશનરીઓનું તે મથક છે. અને ૧૮૫૨ મા એક કોલકરાર કરવામાં આવ્યો હતો તેથી કરીને ગુલામનો વેપાર અને નરમેધ (જીવતા માણસનું બળિદાન આપવું) આ બે ઘાતકી કૃત્યો ત્યાંથી બંધ થયાં છે આબિઓકુતાથી ઈલાનગા ઈબેદિન કરીને શેહેર છે ત્યાં સુધી હમણાં રેલવે બાંધવાનું કામ ચાલુ છે

૩ લાગોસ એ શેહેર ઉત્તર અક્ષાંસ ૯ થી ૨૦ કે ૩૦ મૈલ દક્ષિણમાં આવેલું છે. સને ૧૮૮૯ મા અંગ્રેજ અને ફ્રેંચ વચ્ચે જે કરાર થયા તેમાં તે ઓળખાવેલું છે.

બુસા.

એ બોર્ગુના રાજ્યની રાજધાની છે અને ૧૮૯૫ મા એ રાજાને અંગ્રેજ સરકાર સાથે જે કરાર થયા તેમા એ શેહેર જણાવેલું છે આફ્રિકાનો મુસાફર મંગોપાર્ક સને ૧૮૦૬ મા આ શેહેરમાં મરી ગયો એ શહેર, ચાડા નદી નૈજરને મળે છે તે જગ્યાએથી ઉત્તરમાં ત્રણસે મૈલ છે, અને એક ખડકવાળા બેટ ઉપર વસેલું હોવાથી સ્વાભાવિક રીતે મજબુત છે. એ શેહેરની વસ્તી આશરે ૧૬૦૮૦ છે

ગોમ્બા.

ગુબીન નામે નદી નૈજરને જે જગ્યાએ મળે છે, તેને સામે કિનારે આ શહેર આવેલું છે મી. થોમ્સન નામે પ્રખ્યાત મુસાફર સોકોટો નામે ગામ તરફ આવતો હતો ત્યારે આ ગામની પડોશમા તેનો સરસામાન તથા મુસાફરીના નોંધો વગેરે કાગળો લુંટાયા હતા

નિક્કી.

આ શહેર વેપારનું મોટું મથક છે, અને લાગોસની રેલવે જે હાલ બંધાય છે તે પૂરી થશે ત્યારે આ શહેર વધારે આબાદ થશે એમ મનાય છે સને ૧૮૯૭ મા ગ્રેટબ્રિટન અને ફ્રાન્સ વચ્ચે આ શહેર માટે વાંધો પડ્યો હતો, કેમકે બોર્ગુના રાજા સાથે ૧૮૯૪ મા મેજર લુગાર્ડે જે કરાર કર્યા હતા તે આધારે અંગ્રેજો તેના પર દાવો કરતા હતા લાગોસથી ઉત્તરમા ૨૫૦ મૈલ અને નાઈજરથી પશ્ચિમમાં ૧૦૦ મૈલ પર આ શહેર આવેલું છે

નુપે.

નૂપેનું રાજ્ય નૈજરના ડાબા કાંઠા પર કે પૂર્વમા આવેલું છે દક્ષિણમા બેનૂ નદીનો સંગમ નૈજર સાથે થાય છે ત્યાંથી તે ઉત્તરમાં લગભગ ૧૦° ઉત્તર અક્ષાંસ આગળ બૌસા શહેર છે ત્યાં સુધી એનો વિસ્તાર છે. નૂપેનું જૂનું રાજ્ય સને ૧૮૨૫ મા નાશ કરવામા આવ્યું અને તે વખતથી ત્યાંના ઘણા લોકો જેઓ પહેલા મૂર્તિ પૂજક હતા તેઓ મુસલમાન થયા છે ત્યાંનો અમીર કે રાજા ગાન્દુના સુલતાનને વાર્ષિક ખંડણી આપે છે એ રાજ્યમા કાકિયા નામે જાતના લોકોનો ઘણો જુલમ હતો, તે અટકાવવાને સને ૧૮૯૬ માં એક સ્વારી કરવામાં આવી હતી, અને ૧૮૯૭ મા ત્યાંની રાજધાની બીડા કબજે કર્યું હતું.

રાજધાની—બીડા એ રાજધાની છે તે કિલ્લાબંધી શહેર હોઇને તેમા ૬૦,૦૦૦ માણસની વસ્તી છે.

ઈલેરિન.

ઈલેરિનના રાજ્યમાં ઇલોરિન એ મુખ્ય શહેર છે. બેનીનના અખાતથી ઇશાન ખૂણામાં તે ૧૫૦ માઇલ દૂર છે. તેના મુખ્ય રહેવાશીઓને યોરૂબાન કહે છે. મુખ્ય ધર્મ મુસલમાની છે. બજારોમ વેહેપાર ખૂબ ચાલે છે.

બેનિન.

બેનિનના રાજ્યની પૂર્વમાં નૈજર, ઉત્તરમાં બોરગુ, દક્ષિણમાં બેનિનનો અખાત, અને પશ્ચિમમાં દાહોમીનો મુલક છે. કિનારો નીચો અને સપાટ છે. મુલક ઘણો ફળદ્રુપ છે, અને વસ્તી ઘીચ છે કોપરેલ, મીઠું, ગુવામો, અને ચામડાં મોટા જથામાં દેશાવર ખાતે મોકલવામાં આવે છે. ચોખા, મકાઈ, રૂ, ખાંડ અને તંબાકુ, એ મુખ્યપેદાશ છે.

મુખ્ય શેહરો—બેનિન નદી ઉપર બેનિન નામે રાજધાનીમાં ૧૫,૦૦૦ ની વસ્તી છે. એ શહેરમાંથી હમણાં ગુલામનો વેપાર બંધ કરવામાં આવ્યો છે; તથાપિ હજી બીજો વેપાર પુષ્કળ ચાલે છે.

મુખ્ય જાતો.

૧. **નુપે**—યોરૂબા જાતની એક શાખા નૂપે કરીને છે. આ લોકો શાંત અને ઉદ્યોગી છે. તેઓ ઘણે ભાગે વેપારી, ખેડૂત, વણકર, લુહાર અને કુંભારનું કામ કરે છે.

૨. **એબ્બોસા**—યુરોબા જાતના લોકોમા આ શાખાના લોકો ઘણા છે. પેહેલાં આ લોકોની વસ્તી ઘણી હતી, પણ તેમની ઘણી સંખ્યા અમેરિકા ખાતે ખેતીવાડીનું કામ કરવાને ચહાવવામાં આવી છે. બાકી રહેલામાંના ઘણાકને ખ્રિસ્તી કર્યા છે; તથાપિ મોટો ભાગ મૂર્તિ પૂજક છે. તેઓ સુકુ કરીને એક બળવાન દેવને પૂજે છે તથા તે દેવ ગુફાઓમાં તથા આકાશમાં રહે છે એમ તેઓ માને છે. છેક હમણા સુધી તેઓ તેને મનુષ્યનુ–જુવાન છોકરીઓનું– બલિદાન આપતા હતા.

૩. **માન્દીગો**—આ જાતના લોકો ગ્નેલિબા તથા આટ્લાંટિકની વચમાં રહે છે. તેમાંના ઘણાખરા તો શુદ્ધ હબસી છે; બીજા હજી મૂર્તિપૂજક છે તથા તેમનામાં હલકી જાતનો સુધારો થયો છે. તેઓ અરધી સુધરેલી અને અરધી જ ગલી સ્થિતિમાં છે.

૪. **હોસા**—આ જાતના લોકો નૈજરની પૂર્વ તરફ વસે છે. તેઓ બધા હબસી છે અને ખેતીનો, ભરવાડનો કે બીજો ધંધો કરે છે.

૫. **ફોલા**—આ જાત મૂર લોકોના વંશની છે. તેઓ ધર્મે મુસલમાન છે. ઉષ્ણ કટીબંધમાં વસતી બીજી બધી જાતો કરતાં આ લોકો ઘણા ચંચળ છે.

અર્વાચીન ઇતિહાસ.

સને ૧૮૯૦ માં થયેલા કરારની રૂઈએ દાહોમી અને લાગોસની હદ દરિયા કાંઠાથી આરંભીને ઉત્તરમાં ઉત્તર અક્ષાંસ નવ સુધી લેઇ જવામાં આવી છે. તેની પેલી પારના મુલક વિષે હજી માહિતી મળી નથી.

એજ કરારની રૂઇએ ઉત્તરમાં સેથી બારૂવા સુધીની હદ સીધી લીટીમાં મુકરર કરી છે.

નવેંબર ૧૮૯૭ માં નિકીના સંબંધમાં તકરાર ઉપસ્થિત થઇ હતી.

જે દેશ ઉપર અંગ્રેજો પોતાનો દાવો કરે છે તેના એક ભાગમાં હમણાં નિગ્રી, કાબેશા અને ડેમાભા ફ્રેન્ચો થાણાં કરીને પડયા છે અંગ્રેજો એબુના અને બીરીમા તેમની માલીક પાયા છે નાઇજરની પાસે પાસે થાણાં પ્રાપ્ત કરવામાં ફ્રેન્ચોની મતલબ એવી છે કે તેમને નાઇજરને રસ્તે દરીઆમાં જવું આવવું નહિ પડે.

છોકરાઓમાટે નીતિપાઠ.

એક ઉડાઉ કવિ—ઓલિવર ગોલ્ડસ્મિથ.

પોતાની સ્થિતિ વિષે બેદરકાર અને ઉડાઉ માણસો ગમે તેટલા વિદ્વાન હોય તથાપિ દરિદ્રતાના દુઃખમાંથી છુટી શકતા નથી, એમ આપણે ઓલિવર ગોલ્ડસ્મિથના ચરિત્ર ઉપરથી જાણી શકીએ છીએ. ઓલિવર ગોલ્ડસ્મિથ એ પ્રખ્યાત અંગ્રેજી કવિ હતો તેનો જન્મ સને ૧૭૨૮ માં એક આયરિશ પાદરીને ઘેર થયો હતો એ નિશાળમાં જે બુદ્ધિશાળી માલુમ થઈ પડ્યો "ઓલિવર ગોલ્ડસ્મિથ સાથી અમર છે "વિકાર ઓફ વેકફિલ્ડ" અથવા ... એ નામના એક ... તેણે અંગ્રેજી ભાષામાં લખી છે. તે હજી પણ તે ... વખણાય છે ... ગુજરાતી ભાષામાં પણ તેનું ભાષાન્તર ... કર્યું છે. ... "શી સ્ટુપ્સ ટુ કોન્કર" એ નામનું એક હાસ્યરસનું નાટક તેણે રચ્યું છે તે હજુ ... આવે છે તેનું નાટક ચમત્કારિક ... ભરેલું છે તેણે "ડેઝર્ટેડ વિલેજ" ... એ નામે એક ... કાવ્ય રચેલું છે તેમાં ... આ કાવ્યને લીધે તે એટલો ... છે કે ... કવિઓમાં તે ... ગણાય છે આટલી બધી કવિત્વશક્તિ અને બુદ્ધિ છતાં પણ તેની ... દુઃખદાયક સ્થિતિમાં ગુજરી છે તે નિરંતર દરિદ્રતાની અધમ સ્થિતિમાંજ રહેવા પામ્યો હતો અને જ્યારે તે મરી ગયો ત્યારે પણ તે પોતે દેવાદાર હતો ... તેનું ... નહોતી

તે નિશાળમાં અભ્યાસ કરતો હતો ત્યારે પણ ... તેને દુઃખ દેવામાં કસર રાખી નહોતી. તેના મોઢા ઉપર શીતળાના ... ગયેલાં હતાં, તેની આકૃતિ બેડોળ હતી, અને તે સ્વભાવે ઘણો શરમાળ અને બીકણ હતો.

પાઠશાળા છોડ્યા પછી તેણે કેટલાક ધંધા કરી જોયા પણ કોઈમાં તેને ફતેહ મળી નહિ. તે શિક્ષક થયો, વકીલ થયો, ડાક્તર થયો, પણ એકેમાં તે ફતેહ મેળવી શક્યો નહિ. એક વાર લંડનની એક નિશાળમાં તે ... શિક્ષક તરીકે નોકરી કરતો હતો, ત્યારે કોઈ ... તેનો ... દયા આવી તેથી તેણે તેને કેટલાક પૈસા આપ્યા જેવા પૈસા આવ્યા કે તરતજ તેણે તે બધા પૈસાના એક ... ખરીદ કરી પોતાના ... મોકલ્યાં આ રીતે ઉડાઉપણામાં અને પોતાની સ્થિતિ સુધારવાને બેદરકારપણામાં તે દહાડા કાઢવા લાગ્યો. એક વખત તેના લેણદારોએ તેના ઉપર ફરિયાદી કરી, પણ તેમનું દેવું ચુકવવાને નાણાં તેની પાસે નહોતાં તેથી તે કેદમાં પડ્યો હતો આ કેદખાનામાંથી છૂટ

વાને તેણે પોતાની લખેલી "વિકાર ઓફ્ વેકફિલ્ડ" નામની ચોપડી ૬૦ પૌન્ડ માટે વેચી અને કરજ પતાવી દીધું. "શી સ્ટૂપ્સ ટુ કૉન્કર" એ નામના નાટકના તેને ૬૦૦ પૌન્ડ મળ્યા પૈસા પાસે આવ્યા કે તરતજ તેણે એક ઘર ખરીદ કર્યું. તેને સામાન સરજામથી શણગાર્યું, પોતાના મિત્રોને મિજબાનીઓ આપી, અને થોડોજ વખતમા હતો તેવો ને તેવો ગરીબ બની રહ્યો

સને૧૮૭૪ના એપ્રિલની ૪થી તારીખે તે લંડનમા પોતાના ઘરમાં મરી ગયો તેજ ઘરની પાસે થોડાક વારને અંતરે આ ઘણા બુદ્ધિમાન પણ બેદરકાર માણસના સ્મરણચિન્હ તરિકે એક સ્મૃતસ્તંભ ઊભો કરવામા આવ્યો છે, તે આજ પણ છે

श्रीमंत सरकार सयाजीराव महाराज गायकवाड एमना वंशनी पुण्यनामावळी.

સવૈયા એકત્રીસા છંદ.

શ્રીમંત સરકાર સેનાખાસખેલ સમશેર બહાદુર ગાયવાડ;
સયાજી મહારાજાજી રાજે વડોદરા ગાદીપર આજ. ૧
ફતેસિંહ યુવરાજ બિરાજે જયસિંહ છે ગુણવાન કુમાર;
શિવાજી ત્રીજા ગુણવંતા ને ધૈર્યશીલ ચોથા સુકુમાર. ૨
માતુશ્રી મહારાણી જમનાબાઈ ભૂપતિનાં નિરધાર;
રાયતણી મહારાણી ચીમનાબાઈને નમવું ધરિ પ્યાર;
કુમારિકા ઇંદિરા રાજા સદ્‌ગુણી છે સરવે પરિવાર;
સુખમાં રાખો સદા હરી તે થાજો દિન દિન જય જયકાર. ૩
મહારાજાના રાજ્યકુટુંબની નામાવળી ભણવી પાવન;
દિન દિન વૃદ્ધિ થાઓ એની શુક્લ વિધૂ સમ છે ધન્ય ધન્ય. ૪

હ બ. ગર્ગે ઈ. ગા. કામરેજ.

सुभाषित.

(આ સુભાષિતનો અર્થ શિક્ષકે છોકરાંને સમજાવવો તથા નિબંધ લેખનમાં તેનો ઉપયોગ કરાવવો.)

૧ નઠારો કારીગર હમેશા પોતાનાં ઓજારનો વાંક કાઢે છે

૨. ઘણ કરતાં નામ ભલું.
૩. વચન આપતાં ધીમા થવું, પણ પાળતાં ઉતાવળા થવું.
૪ દરેક દહાડો માપ ભરવામાં ઉમેરો કરે છે
૫. જે કોઈને 'ના' કહી શકતો નથી તે નક્કી ભિખારી થવાનો
૬. જે કામ તમારાથી જાતે થઈ શકે તે માટે બીજાને તસ્દી આપશો નહિ.
૭ કોઈનું ભલું કરવાથી કાંઈ નુકશાન થતું નથી.
૮ કુવો સકાય નહિ, ત્યાં સુધી, પાણીની કીમત આપણે જાણી શકતા નથી.
૯. તમારે જે ન જોઈએ તે તમે ખરીદો, એટલે ત્યારે જેના વગર ચાલે નહિ તે તમારે વેચવું પડશે
૧૦ વપરાતી કુંચી હમેશાં ચળકતી રહે છે.
૧૧. ન કરવા કરતાં મોડું કરવું તે ઠીક, પણ કોઈ દહાડો મોડું ન કરવું તે ઘણી તેથી ઠીક
૧૨ ખાલી કોથળી ભાગ્યે ઉભી રહી શકતી નથી
૧૩ જીંદગીએ ટૂંકી હોય છે, પણ તે બને છે નમાનની
૧૪ અજાણપણા કરતાં બેકાળજીપણું વધારે નુકશાન કરે છે
૧૫ પૈસાની કીંમત જાણવી હોય તો ઉછીના કરજે લઈ જો
૧૬. સતત યત્ન એ સફળતાની કુંચી છે.
૧૭. મહેનતુના બે હાથ કરતાં તેની આંખ વધારે કમાય છે

રંગનો ઉપયોગ.

(પાછલા અંકથી ચાલુ)

રંગ શીખવવામાં શિક્ષકોને સૂચના.

મિત્રો! જ્યાં સુધી રંગનું શિક્ષણ આ પ્રમાણે અપાતું નહિ ત્યાં સુધી બાળકોને રંગની ખરી ખાત્રી સુઝેજ નહિ ને તેઓ બરોબર રંગ ઓળખેજ નહિ તો ભાઇઓ! તમે રંગનું કિંવા કોઈ પણ શિક્ષણ આપો ત્યારે તમારે મોઢેથી કહી ન દેવું પણ બાળકોને મોઢેથી એ વાત કબુલ કરાવવી એમ થતાં તેઓ આપેઆપ શીખવેવું ગ્રાહક થશે

શાળામાં રંગનો ઉપયોગ થવાથી ફાયદો.

આ પ્રમાણે શાળામાં રંગનો ઉપયોગ થવાથી ફાયદો શો છે, તે જણાવ્યા પછી હું મારો વિષય પૂરો કરીશ. કે આપણા બગીચામાં જોઈ આપણને કિંમતી ફુલઝાડો, તેજ રંગીન બગીચામાં જોઈ આપણને આનંદ થાય છે " જો આનંદિત અને ખરાબ દહાડો જોઈ આપણને મિજાજ ખેદ થતો, તેજ દહાડો રંગીન અને ચોક્ક મરજીમાં જોવાથી

આપણને હર્ષ થાય છે. તથા બાળકો પણ ખુશી થાય છે."

'જે બાળકોના પોશાક જોવાથી આપણને સૂગ ચઢતી તે રંગીન અને ભભકા બંધ પોશાકથી આપણને કેટલો આનંદ થાય છે! તે વિચાર કરવો તમને સોંપુછું."

'જે કૉપી જોવાની આપણને ઇચ્છા ન થતી, તેજ કૉપીમાં રંગ આ એ અક્ષરવાળી વસ્તુ વાપર્યાથી આપણને તે જોવાની હોંસ થાય છે.'

'જે ખડીયા હાથમા લેવાથી આપણાં હાથ તેમજ કપડાં બગડતાં તેજ ખડીયા ઉપર લોહચુંબક જેવી વસ્તુ (રંગ) વાપર્યાથી આપણા હાથમાં બિલકુલ ડાઘ પડતો નથી તથા તે સુશોભિત લાગે છે.'

'જે દડાથી ફક્ત રમીનેજ ખુશી થતા તેજ દડા ઉપર રંગ વાપર્યાથી આપણે રમી, નજરને ખુશી કરી, રંગના પ્રકાર શીખીએ છીએ: આશું ઓછો ફાયદો?

રંગ આ વસ્તુ લોહચુંબકના કરતાં વિશેષ આકર્ષણ કરે છે.

'જે શાળાની ભીંતો તેમજ જમીન બીહામણી કિંવા ઉજડ જેવી લાગતી તેજ ભીંતો ઉપર અસારેનરંગ 'રાત' હોવાથી બધા માણસો તેને જોઈ માન આપે છે. ભણેલા માણસો સારી શીખામણ વાંચી ખુશી થાય છે તેમજ બાળકો જે ભીંત પાસે બેસવાને બીહીતા તે ભીંત પાસે હોંસે હોંસે અને પરાણે બેસે છે! મિત્રો! શું રંગ આ વસ્તુ લોહચુંબકના જેવી નથી? આ ભીંત ઉપરથી આપણને માલમ પડે છે કે બાળકોનાં મન ભીંત તરફ આકર્ષાય છે શાથી આકર્ષાય છે? ભીંત તો હતી તે તેજ છે; કંઇ નવી ભીંત નથી ચણી. પણ તેમા કયી વસ્તુનો ઉમેરો થયો? રંગનો તો મને ફરી એક વખત કહેવા દો કે, રંગ આ વસ્તુ લોહચુંબકના કરતાં વિશેષ આકર્ષણ કરે છે.'

રંગનું સંગ્રહસ્થાન રાખવાથી થતા ફાયદાઓ.

જે શાળાની અંદર રંગ કેટલા છે, રંગના પ્રકાર કેટલા છે, આવી આવી મોટી વાત ન આવડતી તેજ શાળામાં રંગનું સંગ્રહસ્થાન રાખવાથી દરેક બાળકને રંગ વિશે માહિતી થઇ છે. ને બધા વિદ્યાર્થી રંગ કેટલા છે, વગેરે શીખી ગયા છે આ શુ ઓછો લાભ છે?

છેવટની વિનંતી કિંવા 'સારો મત'.

આ બધી વાતો ઉપરથી નક્કી થાય છે. કે શાળામાં રંગનો ઉપયોગ કરવાથી ઘણોજ ફાયદો છે. તો દરેક શિક્ષક ભાઇઓ તરફ મારી છોટની વિનંતિ એટલીજ છે કે 'બધા ભાઇઓએ પોતાની શાળામા રંગ જેવી અમૂલ્ય ચીજનો ઉપયોગ કરવો. એમ થશે તોજ આપનો અમૂલ્ય રોકેલો વખત તથા વાંચવાને લીધેલો શ્રમ યોગ્ય ગણાશે. મિત્રો! કહેવા કરતાં કરી બતાવવું વધારે ઉત્તમ માની આજનો ટુંક નિબંધ લખ્યો છે તો તેની અંદરથી આપ સાહેબો ભૂલ ચૂક સુધારી ગરીબ સેવકને આભારી બનાવશો. એવી આશા રાખી હું મારો વિષય સમાપ્ત કરું છું, ને સભાસદો પાસેથી બેસવાની રજા લઉં છું.

परचुरण माहिती.

સ્કૂલ ન્યુસપેપર ઉપરથી:

તાર મારફતે ફોટોગ્રાફ મોકલી શકાય.

લખેલા સંદેશા તારમા હજારો ગાઉ સુધી મોકલવામા આવે છે એ સાલુ જમા-

નાની મોટરમાં મોટી શોધ છે; પણ તેના જ તાર મારફતે એવી તો બોલ જઈ શકે એ તેના કરતાં પણ વધારે આશ્ચર્ય ઉપજાવનારી શોધ છે. હમણાં તાર મારફતે છબીઓ મોકલવાનું યંત્ર શોધી કાઢવામાં આવ્યું છે. એ જાણીને વળી તેથી વધારે આશ્ચર્ય લાગશે. સંપૂર્ણ ફોટોગ્રાફ તાર મારફતે મોકલી આપવાને વીસ મિનિટ લાગે છે.

સીવતાં આવડવું આવશ્યક છે.

દરેક છોકરાને સોય વાપરતાં આવડવી જોઈએ. તેના ડગલાનું બટન તૂટી ગયું હોય, તેના કમખામાં ઉભાગ ફાટ્યું હોય, તેનું ખમીસ સમાર ચીરાયું હોય, તો તેને વખતસર ન સીવી લેવાથી થોડા વખતમાં તે લુગડું નકામું થઈ જાય છે. એવો સહજમાજ હોશ ભરતાં ન આવડવાથી ઘણીવાર છોકરા કપડાં ફાડી નાખે છે. બાળપણમાં ઘર આગળજ નહિ, પણ મોટપણે બહાર મુસાફરીમાં આ હુન્નરનો બહુ ઉપયોગ થાય છે. તમને જાણીને વિસ્મય લાગશે કે ફ્રેન્ચ લશ્કરીનો ઘણો ભાગ સીવવાના કામમાં ઘણો નિપુણ હતો. લંડનનો મુખ્ય ધર્મગુરુ સીવવાના કામમાં એક્કો હતો. પ્રગણામાં તો પાદરીઓ શું ગણતરી-માં એક્કો ગણાય છે.

છોકરાંએ રમત કરતાં સંભાળ રાખવી.

દુનિયામાં એવી ચીજો ઘણી હોય છે કે જે છોકરા છોકરીઓના રમવાના સાધન તરીકે કદી પણ વપરાતી નથી પરંતુ આ વાત છોકરા જલદી સમજી શકતા નથી. ઘણી ચીજો એવી છે કે તેમને બહુ સંભાળથી હાથમાં ઝાલવી પડે છે. ચપ્પુ સાથે રમનારા છોકરાઓનો કોઈ અવયવ કપાવાનું આપણે ઘણીવાર સાંભળીએ છીએ. એક છોકરો અને છોકરી બે જણ એક વાર રમતાં હતાં તેમાંના એકના હાથમાં બંદૂકનો દારૂ આવ્યો અને તેની સાથે રમવાનો ઠરાવ કર્યો. થોડોક દારૂ તેમણે બત્તી ઉપર ફેંક્યો અને તે બન્ને ઘણાંજ દાઝી ગયાં. એક છોકરી દિવાસળીની પેટી સાથે રમતી હતી, તેથી તેના લુગડાં સળગી ઉઠ્યાં, અને પરિણામે તે બિચારી મૃત્યુ પામી.

ફૅશન.*

પાત્રો.

ચંદુ--મોહન--ધીરજરામ--ગોપાળભટ (મોહનનો બાપ)--વિઠ્ઠલ

પ્રવેશ ૧ લો.

ચંદુ—કેમ મોહન પેલું શું છે કે!

મોહન—હા ખરું તો છે.

ધીરજરામ—ખરે ચંદુ, તું એની કેડે શું કરવા પડ્યો છે! એનાથી શું થવાનું છે! લે હું આ રૂપિયો લાવ્યો, ચાલો ઉપડીએ.

ચંદુ—યાદ રાખ મોહન, અમારી ગોઠી તોડવામાં લાગુ ફાવવાના નથી. કેમ ધીરજ, કાલે તારો હિસાબ ખરો કર્યો તેથી તારો નંબર બીજો આવ્યો નહોતો ? મોહનભાઇ છેલા ગયા હતા.

મોહન—હા. અને પછી છગન પાસેથી એ હિસાબ શિખ્યો હતો. કેમ ધીરજ, તમને એ હિસાબ આવડે છે કે ? આજ માસ્તર સાહેબ ફરીને એ હિસાબ લખાવવાના છે.

ધીરજરામ—અમારા ચંદુ કુશળ રહે. જ્યાં સુધી ભાઇ છે ત્યાં સુધી મારો હિસાબ ખોટો પડવાનો નથી.

મોહન—ચંદુ ન હોયતો ?

ધીરજ—તો-તો -બીજા મરી ગયા છે ? મરઘડો હશે ત્યાંજ વહાણું વાતું હશે.

મોહન—મેં રૂપીઓ તો માગ્યો હતો પણ બાપા કહે કે તારે શામાં વાપરવો છે તે કહું તો આપું.

ચંદુ—(ધીરજને) ચાલ જવા દે એ માથાકુટ. ચાલ વાલંમની ધર્મશાળામાં જઇએ. વિઠ્ઠલ આવીને વાટ જોતો હશે.

મોહન—બાપા રૂપિઓ આપશે તો હું પણ લઇને આવું છું.

ચંદુ—ઠીક (સર્વે જાય છે).

* આ અને બીજાં સંભાષણો વસો-એંગ્લો વર્નાક્યુલરના માસ્તર રા. રા. મગનભાઇ ચતુરભાઈ અમીન તરફથી મળેલાં છે. ઇનામ સમારંભ વખતે સભાસદોને રંજન કરવા માટે તથા બાળકોને નીતિના પાઠ મળવા માટે એ અતિ ઉપયોગી છે. આ સંભાષણો જે ગૃહસ્થોએ અને અમલદારોએ સાંભળ્યાં છે, તેમણે ઘણી ખુશી બતાવી વારંવાર સાંભળવા આતુરતા બતાવી છે. આવાં સંભાષણ શિક્ષકો ઇનામ સમારંભ વખતે જનરંજન માટે તૈયાર કરાવે તો ઇનામની સભાઓ લોકપ્રિય થતી જાય તેમ છે.

મેનેજર કેળવણી.

પ્રવેશ ૨ જો.

વિઠ્ઠલ—(ચંદુ અને ધીરજને આવતા જોઇને) કેમ ભાઇ હજુ પાંચ નહિ વાગ્યા હોય. ગાયકવાડી પાંચની વાર હશે હજુ.

ચંદુ—અરે, પેલા મોહન સાથે પંચાત ચાલી એટલે વાર લાગી.

ધીરજ—હેં હેં. લગાર બેસવું પડયું એમાં તપી ગયા. હજી તો મારે પચીશ ઠેકાણે જવાનું છે.

વિઠ્ઠલ—નવરા તો અમેજ તો !

ધીરજ—તારે ગરજ હશે તો બેઠો હઇશ.

વિઠ્ઠલ—ના ના, તારે માટે બેઠા હઇશું. ફૂતરું જાણે હુંજ ભાર બેંચું છું. બે હિસાબ જોવા હશે તો ચંદુભાઇ જોવા દેશે. મારે તારો શી ઓશિયાળી છે. ઓછો પટપટારો કરો.

ધીરજ—વિચારીને બોલ, વિ ઠ્ઠ. કોણે તને અહીં બોલાવ્યો છે ?

વિઠ્ઠલ—તારા બાપની ધર્મશાળા હશે. લાવો પાંચ રૂપિઆ આપ્યા છે. અમથી નથી થઇ.

ધીરજ—તે માટે તારા બાપની થઇ ગઇ, લાવ મારી ફિથ

વિઠુલ—આપી દીધેલા વિના આજ માગવા આવ્યો છે ! કેમ ચંદુ, તમે તો એવ જોતા હશો. મારે તો પૈસા લેવા જવાનુ છે. દયા બાપાનું પુન્ય કરાવે છે તમારી પેઠે નવરા નથી બેઠી રેવા. આ ચાલ્યા (જાય છે).

ચંદુ—ધીરજ તું તો તકરારી છે એની જોડે શું કરવા ટેય કરવી પડે

ધીરજ—જાય છે એનું નામ See this cap, cane and coat. (આ ટોપી, સોટી ને કોટ જો)

ચંદુ—વાહ, વિઠુલ કેવો મામદીઆ જેવો દેખાય છે આટલા દિવસો ગયે બુટ સ્ટાકિંગ દીઠા છે એને પગે ! કયા રાજા ભોજ ને કયા ગાંગો તેલી

ધીરજ—જવા દે એનું નામ (ટોપી હાથમાં લઇ માથું ખજોળતો) બાબર રાખ બાબર જેવા છે

ચંદુ—તમારે કેવા જોઇએ છીએ ?

ધીરજ—કટ (ચહેરો કાતરતા) કરેલા નથી આવડતું, જાણે પેટનું છીન કાતરતો હોય તેમ અમદાવાદથી રૂપીવાનુ હેર ઓઇલ લાવ્યો છું, ટોપી કેવી ફેશનવાળી છે, પણ (બાપે મૂછનો) જાણે મુળિયા ઉપર અંબાડી

ચંદુ—(હસી પડે છે) વાહ મીરજાજાન ! ગીલા હજામ પાસે ચેહેરો કરાવો, અદી કંઇ લાવ્યા છો ?

ધીરજ—જો આ મુખાના પૈસા જોઇ (રૂપીઓ દેખાડે છે) કહે, જે કરવું હોય તે

ચંદુ—આજ તો શિરાવી છે ગાંઠી લાવીશું ?

ધીરજ—રૂપીઆની બરફી લીધા ખાવામાં પૂરતી છે અડધા રૂપીઆની લઇ આવ. વધશે તેના ચોવ લાવીશું.

ચંદુ—ઠીક લાવ (લઇને જાય છે તે વખતે)

ધીરજ—પાન સોપારી ભૂલ નહીં દીવાસળીઓ તો છે બીડીઓ પણ લેતો આવજે. મિત્ર હોય તો વાતો કેવા હોંશે

ચંદુ—(થોડેક જઇ પાછો આવે છે) અરે, મોહન અને એનો બાપ ગોપાળજી આવે છે.

ગોપાળજી—કેમ અલ્યા, મોહન શા માટે રૂપીઓ માગે છે ?

ધીરજ—કંઇ નહીં કાકા એ તો કનું આજ શિરાવે છે, તે મેળામાંથી કંઇ રાખી લાવીએ.

ગોપાળજી—અલ્યે તહેવારને દહાડે આનંદ કરો જાવ, શું લાવવાનો વિચાર છે ?

ધીરજ—મોરા કોઇ લાલ મારો તો એમ વિચાર હતો કે મોહનને એક ફેશનદાર ટોપી અપાવું

ગોપાળજી—આ ટોપી કેવી છે ? કેવી ટકાઉ અને મજબૂત છે ?

ધીરજ—ફેશનદાર આ છે !

ગોપાળજી—અરે તમારી ફેશન દેશ બોળવા તો બેઠી છે ધારો કે એક રૂપીઆની નવી ટોપી ગોખની કે ફેશનની ખાતર રાખીએ. પરંતુ તેના સિવાય હાલની ટોપીથી મોહન, તને ચાલે કે ન ચાલે !

મોહન—ચાલે તો ખરૂં.

ધીરજ—અરફી લાવીએ ત્યારે ? આજ શીવરાત્રી છે.

ગોપાળજી—અરફી, જીભના એક ઘડીભર આનંદને માટે ! એક રાતની વાણીને માટે ! મૂર્ખ છોકરાઓ, જે રૂપીઓ ઘડીવારમાં ઉડાવી દઇ તમારા મનનેજ આનંદ આપો તેજ રૂપીઓ બીજી રીતે કેટલો કામમાં આવે તે જુઓ. જો તેના કોહરા રાખી તેની ઘેંસ કરી હોય ને ભૂખે ટળવળતાં તમારી ઉમરનાં બાળકોને વહેંચી હોય તો તમારી બરફીથી જેટલો આનંદ થાય તેટલો, અરે તેથી પણ વધારે આનંદ મરતાં બાળકોને નહીં થાય? જો તેની ડગલી ટોપી ને છેટી લાવી ગરીબ છોકરાને આપી હોય તો તેના બાર મહીના ન નીકળે ? ઊનાળામાં એક રૂપિઆની દોડાની ભાજી કે મહુડાંથી કેટલા બધા ગરીબોનું પોષણ થાય ! મોહનના કોટમાંથી એક રૂપિઓ બચાવીને અંત્યજ શાળાનાં બધાં છોકરાંને લુગડાંની એક એક ઢીંગળી આપી હોય તો તેમને શિયાળામાં પહેરવાની ફાટેલી ડગલીઓને કેટલી બધી આધારભૂત થાય ? મને લાગે છે કે સો છોકરાની ટાઢ ખાળવા માટે મોહન બાપ્પ પોતાના ડગલામાંથી બચાવ કરવા ના પાડશે નહીં. દવાની તંગીથી મરવા પડેલા એકાદ માણુસનો જીવ બચાવવા એક રૂપિઓ ખરચ્યો હોય તો તેથી તે આખા જન્મારાનો આભારી થશે. એક દોકડાના વ્યાજે એક રૂપીઓ મૂક્યો હોય તો સો વર્ષપર મારા પરિવારને આખું ગામ વેચાતું રાખી શકે એટલા રૂપીઆ થાય–એક લાખ રૂપીઆ થાય. એક રૂપીઆના લાકડાનો ટેકો હજાર રૂપીઆનું ઘર પડતું અટકાવે. એક રૂપીઆની માટી ફાટેલા વહેળા આગળ નાખી હોય તો આખું ગામ તણાતું બંધ રહે. એક રૂપીઆના શાકથી પાંચસો માણસની ન્યાતનું શાક થાય, અને એક રૂપીઆના મીઠાથી આખું ગામ જમે. છોકરાઓ હજી તમને રૂપીઓ શી રીતે કમાવાય છે, તે માલુમ નથી. પરંતુ જેમ જેમ મોટપણે તમને અનુભવ મળતો જશે તેમ તેમ જણાશે કે એવા ઘણા ઉપયોગ છે કે જેમાં રૂપીઓ વાપરવાથી જેટલા લાભ થાય તેટલા લાભ તમારા શોખમાં કે ફેશનમાં રહેતા નથી. આજથી તમે ફેશનને ઓળખતા થયા હો તો આગળ ઉપર તેના પંજામાં કેટલા ફસાશો ! (નિઃશ્વાસ નાખી) હાલનું કાળબળ એવુંજ છે ! ગૃહસ્થો, જુઓ આ કેળવણી, જુઓ આ વિલાયતીનો સહવાસ, ફેશને જો મૂળ ઘાલ્યું તો આપણે તેને દૂર કરી શકવાના નથી. બ્રિટન, તારા સહવાસથી અમો લાભ કરતાં હાનિમાં ઘણા આવીએ છીએ. શાથી ? અમારા અજ્ઞાનથીજ અમારે તારી પાસેથી જે ગ્રહણ કરવાનું તેથી ઉલટાજ ગુણ ગ્રહણ કરીએ છીએ. તારૂં શૂર, સ્વતંત્રતા, સાહસ, અમો લેતા નથી; પણ તારૂં વ્યસન, ફેશન અને સંસારી કુધારો લઈએ છીએ. ભલે તું વહેપાર અર્થે, તારા પેટ અર્થે, તારાં છોકરાંના ઉદ્યોગ કે પોષણ અર્થે, તારો માલ અત્રે મોકલે, પણ ફેશન મોકલીશ નહીં. કોઈ દિન અમે સુધરીશું, ઉદ્યોગી થઇશું, ખરી કેળવણી પામીશું; તારો વહેપાર, તારો માલ અટકાવી શકીશું; તારૂં શૂર, તારી સ્વતંત્રતા, તારૂં સાહસ ગ્રહણ કરીશું; પરંતુ અફસોસ ! તારી સાથે આવેલી ફેશન અમે અટકાવી શકનાર નથી. કેળવણીની કન્યા-સુધારાની સખી-વહેપારની વહુ-પૈસાની પુત્રી—અને આળસની અગ્રેસર એ ફેશન. બ્રિટનપુત્ર, એ ફેશન અમારે જોઈતી નથી. તારીજ કેળવણી અમને અમારી ભૂલ બતાવશે. સદ્‌ગૃહસ્થો, આ કુમળા મનનાં બાળકમાંજ–આ કેળવણીના અંકુરમાંજ તેણે કેવો મજબૂત પ્રવેશ કર્યો છે !

(અપૂર્ણ).

(પાછલા અંકથી ચાલુ)

૬૫ નડિયાદી સ. ઉર્દુ સ્કુલ ભણાવનાર મુલાજમીઓએ રૂ ૧-૦-૦ પાણીની પરબમાં આપ્યા ૬૬ વેરમાસ ગુ શાળા તા. ૧૪ રેવાની દુરબાર ઠાકર એમણે રૂ ૧-૦-૦ છોકરાઓને પતાસા વેહેંચ્યા ૬૭ વેરમાસ ગુ કન્યાશાળા તા ૧૪ સદર રૂ ૧-૦-૦ કન્યાઓને પતાસા વેહેંચ્યા. ૬૮ મરોલી સ ગુ શાળા તા. ૧૪ લોકલ કમેટીના મેમ્બરોએ રૂ ૨-૦-૦ છોકરાઓને ખાઉ વેહેંચી ૬૯ તવડી ,, તા. ૩૦ કેટલાક ગૃહસ્થોએ ઇનામ મેળાવડા વખતે રૂ. ૩-૦-૦ છોકરાઓને મીઠાઈ વેહેંચી ૭૦ ઉમરાઠ ,, તા ૧૫ સદર. ૭-૨-૦ કન્યાઓને ઓઢણીઓ આપી ૭૧ સંદલપુર ,, તા. ૫ ખુરશેદભાઇ જીવણજીએ રૂ ૧-૦-૦ છોકરાઓને પતાસા વેહેંચ્યાં ૭૨ પરબણ ,, તા ૧૪ શેઠ કેસરીચંદ ભીમાજીએ ખુશીથી ૧-૦-૦ છોકરાઓને ખાઉ વેહેંચી ૭૩ દેલવાડા ,, તા. ૫ લોકલ કમેટીના મેમ્બરોએ ખુશીથી રૂ. ૧-૮-૦ સદર ૭૪ ગણદેવી ,, તા. ૧૫ મુસલમાન ગૃહસ્થો તરફથી ૩-૦-૦ છોકરાઓને પતાસા વેહેંચ્યા. ૭૫ ગણદેવી. મ. ઉર્દુ શાળા. અંજુમન ઇસ્લામે ખુશીથી રૂ ૨-૦-૦ સદર ૭૬ ગણદેવી સ. ગુ કન્યાશાળા તા. ૧૮ નાની ગોપાળદાસ વ્રજજીવનદાસે ખુશીથી રૂ ૧-૦-૦ કન્યાઓને પતાસા વેહેંચ્યા ૭૭, પતરાળા સ ગુ શાળા પોપટ માસ્તર તથા બાપુભાઇ એમણે રૂ. ૩-૦-૦ પાણીની પરબમાં આપ્યા ૭૮ કઠોર. સ. ઉર્દુ સ્કુલ અરીસા મુલ્લાંજીએ ખુશીથી રૂ ૦-૧૨-૦ સદર ૭૯ ધનીયાવ મ. ગુ.શાળા ગામના સરદારોએ ખુશીથી રૂ ૧-૦-૦ છોકરાઓને પુસ્તકો વેહેંચ્યા ૮૦ મઢવાડ સ ગુ. શાળા. તા. ૪ શા રતનચંદ ખુશાલ ખુશીથી રૂ ૦-૮-૦ છોકરાઓને વેહેંચી ૮૧ બારડોલી ,, તા. ૨૦ મરચંદ ગલાલચંદે ખુશીથી રૂ ૦-૮-૦ છોકરાઓને સાકર વેહેંચી ઝરા. સ. ગુ. શાળા તા ૫ ગામના સરદારોએ ખુશીથી રૂ ૩-૦-૦ છોકરાઓને સાકર વેહેંચી. કોડીનાર મ. ગુ કન્યાશાળા તા ૩ કાશીનાથ તથા મહાદેવ એમણે ખુશીથી, રૂ. ૦-૮-૦ કન્યાઓને પતાસા વેહેંચ્યા ૮૪ મોટા ભાંડવા સ ગુ શાળા. તા ૨૩ ત્રીભુવન દેવચંદ એમણે ખુશીથી રૂ. ૦-૪-૦ છોકરાઓને ખાઉ વેહેંચી ૮૫ મોટા ભડારીયા સ. ગુ શાળા તા. ૧૯ ગામ લોકોએ મેળાવડા વખતે, રૂ ૧-૦-૦ સદર ૮૬ ફતેહપુરા ,, તા. ૧૪ પટેલ કુંવર દેવજીએ ખુશીથી રૂ. ૦-૮-૦ સદર ૮૭ સરસીયા સ ગુ શાળા. તા. ૩૦ શેઠ મોતીચંદ જેચંદે ખુશીથી રૂ ૦-૪-૦ સદર ૮૮ ડાભા સ ગુ કન્યાશાળા. તા ૨૫ નવેમ્બર. ભાઈચંદ અમરજીએ ખુશીથી ૦-૧૨-૦ કન્યાઓને પતાસા વેહેંચ્યાં ૮૯ બોડ. સ. ગુ શાળા. તા ૧૫ શ્રી રઘુનાથજી લક્ષ્મીદાસ એમણે રૂ ૧-૮-૦ છોકરાઓને કેરીઓ વેહેંચી ૯૦ બોડ સ ગુ કન્યાશાળા. તા ૧૫ સદર રૂ ૦-૧૨-૦ કન્યાઓને કેરીઓ વેહેંચી. ૯૧ બોડ. ફ મિશન કુમારશાળામાં સરકારી પાઠશાળા તા ૧૬ સદર રૂ ૨-૦-૦ છોકરાઓને કેરીઓ વેહેંચી ૯૨ વડોદરા. સ. ગુ કન્યાશાળા નં ૩ તા. ૧૯ સુથાર ભગવાન ભાઈજીએ ખુશીથી. બા ૧-૦-૦ કન્યાઓને પેંડા વેહેંચ્યા. ૯૩ વડોદરા. સ. રીડીંગ ઉર્દુ શાળા. અંજુમને ઇસ્લામ તરફથી બા ૬-૫-૩ છોકરાઓને ચોપડીઓ આપી ૯૪ વડોદરા સ. ગુ. કન્યા શા નં. ૧ ને વાગતે કન્યાના વર્ગ હેડ મી. ઝવેરભાઇથી ખુશીથી બા. ૧-૦-૦ કન્યાઓને પતાસા વેહેંચ્યા ૯૫ સખેડા સ ગુ. શાળા. મે. રા. મા. અમૃતલાલ દામોદરદાસ વહીવટદાર સાહેબે બા ૧-૦-૦ છોકરાઓને પતાસા વેહેંચ્યાં. ૯૬ બહાદરપુર સ. ગુ. કન્યાશાળા, તા ૧૯ કન્યાશાળા તથા મેમ્બરોએ ખુશીથી બા ૪-૭-૦ કન્યાઓને ચીટ આપી ૯૭ સેગવા સ. ગુ. ઉર્દુ સ્કુલ. અંજુમન ઇસ્લામ રૂ

એમણે ખુશીથી. ક. ૫-૦-૦ છોકરાઓને પુસ્તકો વેહેચ્યાં. ૯૮ બહાદરપુર. સ. ગુ. શાળા. તા. ૧૯ સ્કુલકમેટીના મેમ્બરોએ બા. ૩-૮-૦ પતાસાં વેહેચ્યાં. ૯૯ ડભોઇ. સ. ગુ. કન્યાશાળા. તા. ૨૦ ધરોલાના પટેલ કાળીદાસ નારણભાઈ એમણે બા. ૧-૦-૦ કન્યાઓને પતાસાં વેહેચ્યાં ૧૦૦ શુવાવી. સ. ગુ શાળા. તા. ૧ પટેલ. રાયજીભાઈ તથા બાપુ પુરશોતમ એમણે બા. ૧-૦-૦ છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૧૦૧ તીલકવાડા. ,, તા. ૨ દરજી મનસુખ બાપુએ ખુશીથી બા. છોકરાઓને ચણા વેહેચ્યા.કુલ બા. રૂ. ૧૬૧-૧૩-૩. સિક્કાઇ રૂ. ૧-૦-૦. કલદાર. ૧૭૩-૧૧-૯.

તૈયાર કરનાર કારકુન. J. A. DALAL.

માણેકલાલ નાથાભાઇ પટેલ. વિદ્યાધિકારી.

વડોદરા રાજ્યની દેશી કેળવણી ખાતાની શાળાઓમાં માહે જુલાઇ સન ૧૮૯૭ ના માસમાં પરચુરણ વેહેચાયેલાં ઇનામ.

૧ પાટણ. સ. ગુ. કન્યાશાળા. નં. ૧ તા. ૮ જડીયા. મણીલાલ નાનાલાલે ખુશીથી. બા. ૧-૦-૦ કન્યાઓને પતાસાં વેહેંચ્યાં. ૨ પાટણ. સ. ઉર્દુ સ્કુલ. તા. ૧૨ મુસલમાન સદગૃહસ્થોએ બા.૫-૮-૦ છોકરાઓને પુસ્તકો વેહચ્યાં. ૩ મણુંદ. સ. ગુ. શાળા. તા. ૨૭ શા. મોતીચંદ જેઠા તથા હરગોવિંદ એમણે બા. ૧-૦-૦ છોકરાઓને પતાસાં વેહચ્યાં. ૪ વાગડોદ. ,, તા. ૧ પટેલ. જીભાઇ ગલાએ ખુશીથી. ક. ૦-૮-૦ સદર. ૫ ચાણસ્મા. ,, તા. ૪ આસિ. મુળીદાસ પુંજાએ ખુશીથી. બા. ૧-૪-૦ સદર. ૬ ધીણોજ. ,, ગામના સદ્ગૃહસ્થોએ બા. પાણીની પરબમાં આપ્યા. ૭ ધીણોજ. સ. ગુ. કન્યાશાળા. તા. ૨૮ સીતારામ શરણુ રામશરણે ખુશીથી બા. ૧-૦-૦ કન્યાઓને પતાસાં વેહચ્યાં. ૮ કંબોઇ. સ. ગુ. શાળા. પટેલ પ્રભુદાસ અમીચંદે ખુશીથી બા. ૧-૮-૦ છોકરાઓને સાકર વેહેંચી. ૯ નવસારી સ. ઉર્દુસ્કુલ. અમછાગીયાં ગુલાગમીયાંએ ક. ૧-૦-૦ પાણીની પરબમાં આપ્યો. ૧૦ ટાટા કન્યાશાળા. પારસી ગૃહસ્થોએ ૫-૦-૦ કન્યાઓને મીઠાઇ વેહેંચી. ૧૧ આમલી સ. ગુ. શાળા. તા. ૧૬ નાગરજી ડાહ્યા તથા વસન ગોપાળ એમણે ક. ૦-૮-૦ છોકરાઓને પતાસાં વેહચ્યાં. ૧૨. તવડી. તા. ૩ પારસી ગૃહસ્થોએ ખુશીથી. ક. ૭-૬-૦ છોકરાઓને ચોપડીઓ આપી. ૧૩ વેસમા. ,, તા. ૨૦ શેઠ ફકીરભાઇ તથા શેઠ બાપુભાઇ એમણે ક. ૧-૦-૦ છોકરાઓને ખાંડ વહેંચી. ૧૪ પોંસરા. ,, તા. ૫ સદર શાળાના છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓએ ખુશીથી. ક. ૫-૪-૦ છોકરાઓને પતાસાં વેહચ્યાં. ૧૫ ડાભેલ ,, તા. ૧૯ શેઠ. ગાંડા બીખાજીએ ખુશીથી. ક. ૦-૮-૦ સદર. ૧૬ બાહ્ય. ,, તા. ૨૬ ગામના સદ્ગૃહસ્થોએ ક. ૨-૧૦-૦ છોકરાઓને સાકર વેહેંચી. ૧૭ વાવ. ગામ લોકોએ શાળા નવા મકાનમાં જવાથી. ક. ૨૬-૮-૦ સદર. ૧૮ કઠુરણ. સ. ઉર્દુસ્કુલ, તા. ૨૬ ગુરેબાજખાં ફતેહખાંએ ખુશીથી ક. ૦-૧૪-૩ છોકરાઓને ચોપડીઓ આપી. ૧૯ માંગરોળ. સ. ગુ. શાળા. તા. ૧૫ આજગ વાકલના ફોજદાર એમણે ખુશીથી. ક. ૧-૦-૦ છોકરાઓને સાકર વહેંચી. ૨૦ મહુવા સ. ધાણુકા બોર્ડીંગ સ્કુલ. તા. ૨૭ હેડમાસ્તર. જેશંકર છોટાલાલ એમણે ખુશીથી. ક. ૧-૦-૦ સદર. ૨૧ સોનગઢ. ,, તા. ૧૦ મેજદાર. ખાલપા પાંચીમા તથા બેચર વેણીદાસ એમણે ક. ૨-૦-૦ સદર. ૨૨ સોનગઢ. સ. ગુ. શાળા. સદર. ક. ૦-૧૨-૦ સદર. ૨૩ સોનગઢ સ. ગુ. કન્યાશાળા. તા. ૨૦ સદર. ક. ૦-૧૨-૦ કન્યાઓને ખાંડ વેહેંચી. ૨૪ શીનોર સ. ગુ. શાળા. તા. ૨૯ બાળાશંકર વિશ્વનાથ એમણે બા. ૧-૮-૦ છોક-

રાઓને પતાસાં વહેંચ્યાં. ૨૫ પાદરા. સ ગુ કન્યાશાળા માણેકલાલ મોતીલાલ એમણે ખુશીથી. આ ૦-૧૨-૦ કન્યાઓને પતાસાં વહેંચ્યાં ૨૬ માસી સ ગુ શાળા. તા ૧૬ મગનલાલ ખુશાલદાસ એમણે આ છોકરાઓને પતાસા વહેંચ્યાં ૨૭ નરસાલપુર. ,, તા. ૧૭ પટેલ ધર્મદાસ કહાનદાસ એમણે ખુશીથી. આ ૦-૪-૦ સદર ૨૮ ગોરવા. સ ગુ. શાળા તા. ૩૧ નેરાભાઈ મથુરભાઈ એમનું આ. ૦-૯-૦ છોકરાઓને પતાસા વહેંચ્યાં. ૨૯ કરોડ. સ. ગુ કન્યાશાળા. તા ૨ અમથાભાઈ તથા કેશાભાઈ તથા શેઠ. મોરધનદાસ એમણે રૂ. ૨-૪-૦ કન્યાઓને પતાસા વહેંચ્યા. ૩૦ કસેવ મ ઉર્દુકુલ તા ૧ મુસલમાન ગૃહસ્થોએ ખુશીથી. આ. ૩-૦-૦ છોકરાઓને પતાસા વહેંચ્યા ૩૧ નારદીપુર સ. ગુ કન્યાશાળા તા ૭ મા મોહનલાલ તથા છગનલાલ એમણે રૂ ૦-૧૨-૦ કન્યાઓને પતાસાં વહેંચ્યા ૩૨ સેદર. મ ગુ શાળા તા ૫ પટેલ ડુંગરભાઈ અદેકભાઈએ રૂ ૦-૮-૦ છોકરાઓને સાકર વહેંચી ૩૩ વેદગામ., તા ૧૫ મે જગભાઈ મથુભાઈ એમણે વીગેરે કરીને આ ૧-૦-૦ છોકરાઓને પતાસા વહેંચ્યાં ૩૪ વેદગામ સ ગુ કન્યા શાળા તા. ૧૫ સદર. આ ૦-૪-૦ કન્યાઓને પતાસા વહેંચ્યા. ૩૫ ઢેદેગામ મ ઉર્દુકુલ તા. ૧૫ સદર ૦-૪-૦ છોકરાઓને પતાસા વહેંચ્યા ૩૬ જાવા મ ગુ. શાળા તા. ૧૫ જીવરામ ખુશાલે ખુશીથી રૂ ૧-૦-૦ છોકરાઓને ખાઉ વેંચ્યો ૩૭ આનગઢભા ,, તા. ૩૧ આજમ ફોજદાર એમણે ખુશીથી આ ૪-૦-૦ છોકરાઓને પતાસા વહેંચ્યાં ૩૮ આતરસુંબા. સ ગુ. કન્યાશાળા. તા ૩૧ સદર આ ૧-૦-૦ કન્યાઓને પતાસાં વહેંચ્યાં. ૩૯ આનેલ. સ ગુ. શાળા તા. ૨૩ ભેમાભાઈ સાંકળચંદે ખુશીથી રૂ. ૦-૮-૦ છોકરાઓને સાકર વહેંચી. ૪૦ મસાણ ,, મોહન રૂપજીએ ખુશીથી રૂ ૨-૦-૦ પાઠ્ય પુસ્તકો પરભમાં આપ્યા. ૪૧ સાંગ ,, તા ૮ મા ધર્મા ભગતરામ તથા ભાઈ પુરૂષોત્તમ એમણે રૂ. ૧-૮-૦ છોકરાઓને સાકર વહેંચી. ૪૨ પ્રભુ ,, ૨૮ તલાટીજમાદાર કેશવલાલ કેવળદાસે, ખુશીથી રૂ છોકરાઓને ખાઉ વહેંચી. ૪૩ મેસ આકરૂંદ ,, તા. ૨૦ પટેલ લાલદાસ નારણદાસે ખુશીથી ૧-૦-૦ છોકરાઓને સાકર વહેંચી. ૪૪ કડી. સ ઉર્દુકુલ ગામના મહાજન તરફથી ૦-૧૨-૦ સદર. ૪૫ વાલમ. સ. ગુ. શાળા. તા. ૧ મંછારામ તથા શા ગોપીનાથ એમણે આ ૪-૦-૦ છોકરાઓને પતાસા વહેંચ્યા ૪૬ વડનગર સ. ગુ કન્યાશાળા તા ૨૬ શેઠ. કુબેરદાસ સોભાગચંદ એમણે. આ ૦-૮-૦ કન્યાઓને પતાસા વહેંચ્યા ૪૭ કરમટીયા સ ગુ શાળા. તા ૯ શીવરામ અમીચંદે ખુશીથી આ ૦-૪-૦ છોકરાઓને પતાસા વહેંચ્યાં ૪૮ સિદ્ધપુર સ. ઉર્દુકુલ. તા. ૨૬ વહોરા. અબદુલ રૂમનજીએ ખુશીથી આ ૧-૦-૦ સદર ૪૯ સિદ્ધપુર. સ ઉર્દુ કન્યાશાળા. તા ૫ મહાનભાઈ રૂસ્તમ ફકરભાઈએ ખુશીથી આ ૩-૦-૦ છોકરાઓને પુસ્તક વહેંચ્યાં ૫૦ ઉંઝા સ ગુ કન્યાશાળા તા ૨૫ સોની. નથુભાઈ તથા સોની હરજીવન એમણે આ. ૧-૪-૦ કન્યાઓને પતાસાં વહેંચ્યાં ૫૧ ગણોલી. સ. ગુ. શાળા તા ૨ માસ્તર ઈશ્વરલાલ મોતીરામજી એમણે. આ. ૧-૦-૦ છોકરાઓને સાકર વહેંચી. ૫૨ ડેસર. ,, લોકલ કમીટીના મેમ્બરોએ આ. ૧-૦-૦ છોકરાઓને પતાસાં વહેંચ્યાં. ૫૩ પીજ મ. અંગ્રેજી શાળા તા ૧ ગમાભાઈ તથા રણછોડ મીઠાએ આ. ૦-૧૨-૦ સદર. ૫૪ સોજીત્રા મ. ગુ. કન્યાશાળા. ગુલાબભાઈ તળશીભાઈએ. ૦-૮-૦ પાઠ્યપુસ્તકની પરભમા આપ્યો. ૫૫ પીજ મ ગુ શાળા લોકલ કમીટીના મેમ્બરોએ આ.

૩–૦–૦ છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૫૬ પીઝ. સ. ગુ. કન્યાશાળા. સદર. બા. ૪–૦–૦ કન્યાઓને છીટ આપી. ૫૭ વસો. સ. ગુ. શાળા. તા. ૧ પટેલ. ડુંગરભાઇ ઝવેરભાઇએ ૩–૦–૦ છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૫૮ ધર્મજ. ,, પા. નાગરભાઇ નરોતમે ખુશીથી બા. ૧–૮–૦ પાણીની પરબમાં આપ્યો. ૫૯ નાર. સ. ગુ. શા. તા. ૫ અનોપરામ દેવશંકરે ખુશીથી ૨–૮–૦ ઇનામ તરીકે આપ્યા. ૬૦ ગાના. સ. ગુ. શાળા. તા. ૭ મુલજીભાઇ બાપુભાઇએ બા. ૧–૦–૦ છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૬૧ ચાંગા. ,, તા ૨૪ ગોવિંદભાઈ તથા મોતીભાઇ એમણે ૧–૧૨–૦ સદર. ૬૨ સીમરડા. ,, તા. ૫ રામદાસ તથા કાશીભાઈ એમણે. ૩–૦–૦ સદર. ૬૩ કાવીઠા. ,, તા. ૧૯ શા. ઝવેર તથા રતનચંદ એમણે બા. ૨–૪–૦ સદર. ૬૪ કોયલી. ,, તા. ૧ પા. ભગવાનદાસ તથા લલુભાઈ એમણે બા. ૭–૮–૦ સદર. ૬૫ વરણામા ,, તા. ૫ નરોતમ તથા શા. ત્રીભોવન હરગોવિંદ એમણે બા. ૧–૮–૦ સદર. ૬૬ મકરપુરા. ,, તા. ૨૦ ગામલોકો તરફથી મેલાવડા વખતે બા. ૮–૪–૦ સદર. ૬૭ મકરપુરા. સ ગુ. નાઈટ શાળા. તા. ૨૦ સદર. બા. ૩–૦–૦ સદર. ૬૮ વડોદરા. સ. ગુ. શાળા નંબર ૫ તા. ૧ રા. રા. શ્રીનૃસિંહાચાર્યજીના છોકરાને શાળામાં બેસાડીને રા. સા. નર્મદાદાસ ગોકળદાસ ઇન્સ્પેક્ટર સાહેબ એમણે બા. ૩–૦–૦ સદર. ૬૯ વડોદરા. સ. અંત્યજ કન્યાશાળા અમૃતા કાશી તરફથી ખુશીથી. બા. ૦–૪–૦ કન્યાઓને પતાસાં વેહેચ્યાં. ૭૦ ચલાળા સ. ગુ. શાળા. તા. ૧૦ કેટલાક સદ્‌ગૃહસ્થોએ ખુશીથી. ક. ૩–૮–૦ છોકરાઓને પતાસાં વેહેચ્યાં. ૭૧ ચલાળા. સ. ગુ. કન્યાશાળા. તા. ૧ પારેખ. મેઘજી હંસરાજે ખુશીથી. ક. ૦–૮–૦ કન્યાઓને પતાસાં વેહેચ્યાં. ૭૨ દ્વારકાં ,, તા. ૨ હેડમાસ્તર નારણજી પ્રેમજી એમણે ક. ૦–૬–૦ કન્યાઓને પુસ્તકો વેહેચ્યાં. દ્વારકાં. સ. ગુ. શાળા. તા. ૫ શેઠ. વસનજી લક્ષ્મીદાસ તથા શેઠ માધવજી એમણે ક. ૭–૦–૦ કસરતના છોકરાઓને લંગોટ તથા જાંગીયા વેહેચ્યાં. ૭૪ કોડીનાર. સ. ગુ. કન્યાશાળા. તા. ૧ ડાહ્યાભાઇ જેઠાભાઇ એમણે ક. ૧–૪–૦ કન્યાઓને સાકર વેહેચી. ૭૫ બારા સ. ગુ. શાળા. તા. ૨૧ જાની ભાઈજી હીરજી તથા ભીમજી ધનજી એમણે ક. ૦–૪–૦ છોકરાઓને સાકર વેહેચી. ૭૬ ધારી. ,, તલાટી પ્રાણજીવનદાસ હરીવલ્લભ એમણે ક. ૦–૮–૦ સદર. ૭૭ કોડીનાર. ,, તા. ૫ શેઠ વલભ ગીરધરે ખુશીથી. ક. ૧–૦–૦ સદર. ૭૮ વરવાળા. ,, તા. ૨૮ ખારવા જેઠા જેરામ એમણે ખુશીથી. ક. ૦–૧૨–૦ સદર. ૭૯ નવાગામ. ,, તા. ૧૬ વોહોરા સંઘજી પ્રેમજીએ ખુશીથી. ક. ૦–૪–૦ છોકરાઓને ગોળ વેહેચ્યો. ૮૦ દેવળીયા. સ. ગુ શાળા. બ્રાહ્મણ નારણજી બેચરે ખુશીથી. ક. ૧–૦–૦ છોકરાઓને સાકર વેહેચી ૮૧ કણબીપુરા. સ. ગુ કરજીઆર્ત શાળા. વકીલ વીરજી સવદાગે બાપુજીએ ખુશીથી. ક. ૧–૧–૦ છોકરાઓને દરાખ વેહેચી. ૮૩ ચકગઢ. ,, કરજી ગીગા રામજીએ ખુશીથી. ક. ૦–૪–૦ છોકરાઓને સાકર વેહેચી ૮૪ લાલાવદર સ. ગુ. કે. કન્યાશાળા તા. ૫ માસ્તર છગનલાલ પીતાંબરદાસે ખુશીથી. ૦–૮–૦ કન્યાઓને સાકર વેહેચી. ૮૫ સોનગઢ સ. ગુ. કન્યાશાળા તા. ૧ સ્કુલ કમેટીના મેમ્બરોએ ઇનામ મેળાવડા વખતે ૨–૧૦–૦ કન્યાઓને ચોપડી તથા ખાંડ ને ચણીયા આપ્યા.

તૈયાર કરનાર. કારકુન. સં. પ્ર. J. A. DALAL
માણેકલાલ નાથાભાઇ પટેલ. વિદ્યાધિકારી.

દેશી કેળવણી ખાતાની શાળાઓમાં લાયબ્રેરીમાં રાખવા સારૂ નીચે જણાવેલાં ગુજરાતી પુસ્તકો મંજુર કરવામાં આવે છે.

અનુક્રમ નંબર	પુસ્તકનું નામ.	કર્તા અથવા પ્રકટ કર્તા	કિંમત રૂ	આ	પા	વિશેષ હકીકત
૨૩૫	હિંદુસ્તાનમાંના સાપ ભા. ૧ લો	વિષ્ણુ ગોવિંદ ચીપળોણકર	૨	૦	૦	કે. વડોદરા માણેકની પોળ આગળ
૨૩૬	ચરિત્ર મંદિર	કેશવલાલ વિશ્વનાથ ત્રિવેદી	૨	૮	૦	કે. અમદાવાદ રીચી રોડ. પુસ્તકવાળા પોળ.
૨૩૭	સીબોધ	રેવાશંકર પીતાંબર વ્યાસ કે. વડોદરા સત્યમુદ્રાલય પ્રેસ	૦	૦	૯	કન્યાશાળા માટે ખાસ.
૨૩૮	વિદુરનીતિસાર	સદર	૦	૦	૯	
૨૩૯	મનોરંજક સુબોધ	હરીશંકર દયારામ વ્યાસ	૦	૮	૦	કે. છગનલાલ મનસુખને ત્યાં અમદાવાદ
૨૪૦	બાળ વર્ધન ભા. ૧	પુસ્તક પ્રસારક મંડળી	૦	૧	૦	
૨૪૧	રાજધર્મ	છગનલાલ હરિદાસ મોદી ઓફીસ્યુ ઈ. વડોદરા પ્રાંત	૦	૧૦	૦	
૨૪૨	[illegible]	શાસ્ત્રી મણીશંકર ગોવિંદજી જામનગર	૨	૦	૦	
૨૪૩	ચેસ્ટરફિલ્ડનો પુત્ર પ્રતિ ઉપદેશ	[illegible] તથા મણીલાલ નથુભાઈ	૦	૧૨	૦	
૨૪૪	ભારતના મહારાણી શ્રી અહલ્યાબાઈ હો.નું ચરિત્ર.	કૃષ્ણલાલ રામચંદ્ર સાખરેકર વડોદરા	૨	૦	૦	કે. વડોદરા હજુરકામદાર કચેરી
૨૪૫	દુઃખ અને સહનશીલતા	કાશીશંકર મગરોકર.	૦	૩	૦	કે. વડોદરા. બાર-વાડામાં.
૨૪૬	ગોપાળગીતા.	[illegible]	૦	૧૦	૦	
૨૪૭	પ્રહ્લાદનું ચરિત્ર	સદર	૦	૨	૦	
૨૪૮	હિંદુસ્તાનના આમવર્ગની આરોગ્યતા.	ગુ. વ. સોસાયટી અમદાવાદ	૦	૦	૩	
૪૯	સ્વામી શ્રી દયાનંદ સરસ્વતીનું જીવનચરિત્ર	શ્રી આર્યોદ્ધારક મંડળી અમદાવાદ	૦	૧૪	૦	

૨૫૦	પચ્ચોપાખ્યાન.	મણીશંકર ઉમીયાશંકર ભટ્ટ	૧	૪	૦	ઠે. વડોદરા વાડી. દાળીયાપોળ.
૨૫૧	ઘરમાં રમવાની રમતો	ગોવિંદભાઇ હાથીભાઇ દેસાઈ. ના. પ્રાં. ન્યાયાધીશ વડોદરા.	૦	૪	૦	
૨૫૨	ગુજરાત તથા ગા૦ રા૦ ઈતિ. ની અને હિંદુસ્તાનની ભૂગોળની નોટ.	જીવણલાલ મગનલાલ. વડોદરા લીમડાપોળ	૦	૨	૦	
૨૫૩	મહીસુરની મુસાફરી.	હરગોવિંદદાસ દ્વારકાંદાસ કાંટાવાળા. વડોદરા લીમડાપોળ.	૦	૪	૦	
૨૫૪	સાહિત્ય સંગ્રહ.	કહાનજી ધર્મસિંહ	૨	૪	૦	ઠે. ગાદવાડી (કાંવેલ) ડોસાભાઈના માળામાં. મુંબાઇ.
૨૫૫	ભારતવર્ષનો ઈતિહાસ.	રેવાશંકર પ્રાણશંકર.	૦	૬	૦	ઠે. સુનામુથારની પોળ શાસ્ત્રીના ખાંચામાં અમદાવાદ.
૨૫૬	એશિયા યુરોપ વગેરે ખંડોમાંની મહા પ્રજાઓમાં જનસ્વભાવનાં લાક્ષણીક દ્રષ્ટાંત	એન. એમ. એન્ડ કંપની	૦	૨	૦	ઠે. કાલકાદેવીરોડ મુંબાઇ.
૨૫૭	મહાજન મંડળ.	મગનલાલ નરોત્તમદાસ પટેલ.	૦	૧૦	૦	ઠે. આંબલીઆરા. કપડવણજ પોષ્ટ.
૨૫૮	શ્રી યોગદર્શન અનુભવ	મનમોહનદાસ દયાળદાસ	૨	૦	૦	સુરત સનાતનધર્મ સભાના મંત્રી.
૨૫૯	નીતિ શાસ્ત્રનાં મુળતત્વ ભા. ૧	ગોવિંદભાઇ હાથીભાઈ દેસાઈ ના. પ્રાં. ન્યાયાધીશ વડોદરા.	૦	૪	૦	
૨૬૦	સદર ભા. ૨	સદર.	૦	६	૦	
૨૬૧	શાન્તીસુધા.	મણીશંકર ઉમીયાશંકર ભટ્ટ	૨	૦	૦	ઠે. વડોદરા. વાડી. દાળીયાપોળ.
૨૬૨	બૃહત કાવ્યદોહન ભા. ૫	ઈચ્છારામ સૂર્યરામ દેસાઇ	૩	૦	૦	ગૂ. પ્રીન્ટીંગ પ્રેસના મેનેજર કોટમાં મુંબાઇ.
૨૬૩	ઘર ખર્ચની આવડત અથવા કરકસર.	ડૉ. રતનભદ્ર મણીભદ્ર. સીવીલ. સરજન અમરેલી	૧	૦	૦	
૨૬૪	સહનશીલ સુંદરી.	બાઇ. બીખાઈજી લીમજી બાઇ. પાલમોટા તારદેવ મુંબાઇ.	૨	૦	૦	
૨૬૫	ઓખામંડળના વાઘેરોની ગાદીની. અને દ્વારકાં પ્રવાસ.	દુર્લભજી જટાશંકર મકોડી નેટીવ જનરલ લાયબ્રેરી મુ. દ્વારકાં.	૦	૧૨	૦	કાઠીયાવાડ માટે.
૨૬૬	સંસારી ચિત્ર.	બાઇ પારવતી વડોદરા.	૧	૪	૦	

૨૬૭	નવન મંમાતજી ભા. ૧	ધીમતરામ નરસરામ.	૨	૦	૦	આમ. હાથીભાઈ
	„ ૨		૨	૦	૦	પ્રગટે દસ્કોઈ.
	„ ૩		૧	૧૬	૦	ઉર્ફે અમદાવાદ.
	„ ૪		૧	૮	૦	
૨૬૮	શ્રી તુકારામચરિત્ર.	કાશીનાથ રાવજી ધોંગડે	૦	૮	૦	ગીરગામ પોષ્ટ. મુંબઈ ભારતીની છાપખાનાથી
૨૬૯	બેન્જામીન ફ્રેંકલીન	ગુ. વ. સોસાઈટી અમદાવાદ	૧	૦	૦	
૨૭૦	૪રકંદર અને છંદના	ધેલાભાઈ મોતીલાલ.	૦	૧૨	૦	અમદાવાદ યુનીયન પ્રીન્ટીંગ પ્રેસના મેનેજર.
૨૭૧	ઉદ્દવરૂત રામાયણ	ગુ. વ. સોસાઈટી અમદાવાદ	૧	૧૨	૦	
૨૭૨	પશુહકરાણ.	કાવસજી મેહેરવાનજી એ પોલો રાફીક ઓફ ફ્રૂટ મુંબાઈ	૦	૨	૦	જનાવરપર ઘાતકી પણું અટકાવનાર મંડળીના સેક્રેટરી
૨૭૩	વિદ્યાર્થીને આગતનો બોધ	છગનલાલ સતુભાઈ મેહેતાજી ગોધાવાલા	૦	૨	૦	
૨૭૪	શ્રી વસંતવિલાસીકા	ડોરાબજી જમશેદજી.	૦	૮	૦	ગુ. મીત્ર તથા ગુ. દર્પણના મેનેજર સુરત
૨૭૫	પતંજલ યોગદર્શન.	ગુ. વ. સોસાઈટી અમદાવાદ	૧	૦	૦	
૨૭૬	કૌમુદ.	સદર	૧	૮	૦	
૨૭૭	માહ સંવત્સરી કુંડળીયા	દેવજી કાળાભાઈ ભટ્ટાણા	૧	૦	૦	દેવી વાયુ મકરધ્વ શ્રી ગુ. સરધાર રાજકોટ થઈ
૨૭૮	યુનાઈટેડ સ્ટેટ્સની ભૌગોલિક સ્થિતિ	સુનીલાલ બાપુજી મોદી.	૧	૪	૦	અમદાવાદ આંદ્ર સુરજ મહોલ.
૨૭૯	સતી સીતા	કેશવ હરીભાઈ જોષી ઠે. મા મમજીદ બંદર મુંબાઈ	૦	૪	૦	કન્યાશાળા માટે.
૨૮૦	કવિ ચિત્રમૈત્રી શતક.	દરજીવન ગોકળદાસ મુંબાઈ	૦	૨	૦	
૨૮૧	જનરલ જોર્જ વૈશિંગ્ટનનું જીવન ચરિત્ર	દામોદર સાવળેરામ વડેદરા રાવપુરા	૧	૮	૦	
૨૮૨	નીતિ નિપુણ મોનમલાલ	હીરાચંદ મનજી મેહેતા ઠકાર એજન્ટ ઠે. કાઠીઆવાડ ઠે. રાજકોટ.	૧	૦	૦	કાઠીઆવાડમાં
૨૮૩	ગઝલ.	પ્રાણજીવન રણછોડ દવે	૦	૮	૦	ઠે. સ્કુલ માસ્તર. ગડડા (કાઠીઆવાડ)

૨૮૪	ગણિત સંગ્રહ	ગ હુલેરાય છગનલાલ ઠે લીમડી.	૦	૩

J A DALAL
વિદ્યાધિકારી

વટહુકમ જા. ન. ૬૮

શાળાઓમા વિદ્યાર્થીઓને કવિતા તાલ રાગ સાથે શીખવવામા આવે તો તે ફાયદાકારક છે કવિતાના રાગ વગેરે શિક્ષકોને માલમ હોય તો તે સારી રીતે શીખવી શકે, માટે પ્રથમ શિક્ષકોએ તે જાણવુ જરૂરનુ છે વડોદરા, પાટણ અને નવસારી એ ત્રણ ઠેકાણે હાલ ગાયનશાળાઓ છે તથા સાના શિક્ષકોને ગાયનનુ જ્ઞાન મેળવવા માર્ગ છે, પરતુ ગાયનશાળામા શાળાઓના વિદ્યાર્થી સિવાય બીજાઓ પાસેથી ફી લેવામા આવતી હોવાથી તેમાથી સાળાખાતાના રૂ ૧૨) અને તેથી કમી પગારના શિક્ષકોને મુક્ત કરવાની બાબતમા આ ખાતાના અધિકારીઓની ચાલુ સાલની કમેટીમા વિચાર થતા તે બાબત હજુરમા ટીપણ ન. ૧૧૪ તા ૧૭-૫-૯૮ નુ રજુ કરવામા આવેલુ તે ઉપર શ્રીમત સરકાર મહારાજા સાહેબની હજુરથી હુ હુ. નં. ૪૨ તા ૩૧-૫-૯૮ ને થયો છે તેમા અહીંની ભલામણ મજુર કરેલી છે, તેથી જણાવવાનુ કે- શાળા ખાતાના રૂ ૧૨) અને તેની અદરના પગારના શિક્ષકો જે તે સ્થળની ગાયનશાળામા અભ્યાસ કરવા દાખલ થાય તો તેમની પાસેથી ફી લેવી નહી

આ વટહુકમ પહોચ્યા બાદ લાગતા વળગતા તરફથી તેનો અમલ થવો જોઇએ.
તા ૬ જુન સને ૧૮૯૮

J A DALAL
વિદ્યાધિકારી

દામોદર

વટહુકમ જા. ન. ૬૯.

પાટણ વિભાગના રા. મા ડેપ્યુટી એજ્યુ ઇન્સ્પેકટર એમને પોતાના વિભાગની એક મરાઠી શાળાની ભેટ લેતા જણાયુ કે—મરાઠી શાળાઓમાં બીજા ધોરણની કોપી ત્રીજામા, ત્રીજાની ચોથામા, ચોથાની પાચમામા, અને પાચમાની છઠ્ઠામા, એ પ્રમાણે ચાલે છે આ રીત બરોબર ન હોવાથી એ બાબત બ દોબસ્ત થવા માટે પ્રકરણ આ તરફ મોકલાવ્યુ તે લગત ચારે પ્રાતના રા બા ઇન્સ્પેક્ટર સાહેબોનો મત લેતાં એક સરખા અભિપ્રાય થયો કે— " કોપીએ પર જે ધોરણ લખેલા છે તે કોપીનેજ ધોરણમા ચલાવવી જોઇએ વગેરે "—આ પ્રમાણે નીકાલ થતા આ રાજ્યની દરેક મરાઠી શાળાના આજમ હેડમાસ્તર તથા મેહેતાજીને જણાવવામા આવે છે કે પોતપોતાની શાળાની ચાલુ સાલની વાર્ષિક પરીક્ષા થઇ ગયા બાદ કોપી પર જે ધોરણો લખેલુ છે તે કાપી તેજ ધોરણમા ચલાવવા તજવીજ કરવી વ પરીક્ષક અધિકારીઓએ પરીક્ષા લખતે સદરહુનો અમલ થયા બાબત જોવુ આ પ્રમાણે થતા છઠ્ઠા ધોરણને માટે છાપેલી કોપી નથી, સબબ એ ધોરણમા પાચમા ધોરણની કોપી કરતા પોણા ભાગના કદના અક્ષરોની સાદી કોપી લખાવવા બીજો હુકમ થતા સુધી તજવીજ કરવી તા ૭ જુન સને ૧૮૯૮

J A DALAL
વિદ્યાધિકારી.

દામોદર

આ

સંવત ૧૯૬૪ શ્રાવણ

કેળવણી

પલ્લવ ૧૦ મું અંક ૧૦ મો

પ્રસિદ્ધકર્તા

છોટાલાલ નન્દિરામ ભટ્ટ

વડોદરા

[illegible] છપ્યું

સન ૧૯૦૮

दोधकवृत्त

अर्थ मळे वळी धर्म मघाले, ज्ञान मळे सनमान पमाये;
प्रीति वधे प्रसरे जश सारो, ए शिशुशिक्षण धर्म अमारो

પુસ્તક ૧૦ મું. શ્રાવણ સંવત ૧૯૫૪ અંક ૧૦ મો.

सज्जन थवा विषे बोध.

તોટક છંદ

કર તું નર સજ્જન સંગતને, ન થકે નબળો પછિ જગ તને;
ન અડીશ જુગારિની પંગતને, ન બગાડીશ તું સુવર્ણ મતને. ૧
પરકેરું વખાણ મુખે કરજે, નવ નિંદક વેણ ઉચાર રજે,
મધુરાં વચનો રૂપિ સાકર જે, વળી સત્ય સાથે નિત્ય વાપરજે. ૨
ગુરુ માતપિતા જનને નમજે, ગમજીશ ગુમાનવિષે ન મજે;
કટુ વાક્ય તેમનું તું ખમજે, સદ્ગુણિ સદા બનિને રમજે ૩
વ્યસની બનજે નિત્ય જ્ઞાન તણો, વ્યસનો નહિ જે હિતકારિ ઘણો,
રવિ શુભ્ર કરે તન તેજ-ઘણો, પણ જ્ઞાનવડે શુભ આપ ઘણો. ૪
નવ નિંદ્ય કમાયું તું આદરજે, જન બુંદ વદે નવ તું કરજે,
જગમાં જશ મેળવિને ફરજે, ગુણરૂપિ હિરા મણિ સંઘરજે. ૫
મનને વશ રાખિ બધું કરિયે, મનને વશ તે ન થવું જરિયે,

મનને વશ રાખિ સુખે ફરિયે, મનને વશ થાઇ દુખે મરિયે. ૬
ઘડિયે ઘડિયે હરિને ભજિયે, પ્રભુના પર પ્રીતિ સદા સજિયે;
સ્મૃતિ ઇશની ના મનથી તજિયે, કર ભક્તિ સમો ગુણ છે હજિયે. ૭

ફૅશન.

(પાછલા અંકથી ચાલુ.)

અરે એગનો વાંક ક્યાં કાઢું છું. હાજર થયેલા ગ્રહસ્થોમાં ફૅશને કોને નથી ફસાવ્યા ? જે અમદાવાદી બાસ્તો ને ગજીયું વાપરતા તેમનાજ પુત્રોને આજ જગનાથી ને મલમલ વગર ક્યાં ચાલે છે? ખંપડાંની છત્રી થઇ, પાઘડીની ટોપી થઇ, લાકડીની સોટી (સ્ટિક) થઇ, હુકાની બીડી થઇ, અફિણનો દારૂ થયો, નળીઆંનાં પતરાં થયાં, કોડીઆની ચીમની થઈ, દવાનું મેડિશિન થયું, બળદગાડીની ઘોડાગાડી થઇ; સીવવાનો સંચો વધ્યો, ધોબીનો ધંધો વધ્યો, અને સોનીનો ઘાટ વધ્યો. ગ્રહસ્થો, આમાં તમે કયું ગ્રહણ નથી કર્યું કે હું બાળકોનો વાંક કાઢવા જાઉં છું. અફસોસ ! જે ફૅશન અત્યારથીજ આટલી પ્રસરી છે તે આગળ બાળકોના વહિવટમાં શું નહીં કરે? ફૅશન, ફૅશન, અમે તને વધાવી લેતા નથી. યુરોપિયનો-અરે એકલા ઈંગ્રેજો-બ્રિટનપુત્રો તારૂં પોષણ કરવાને પૂરતા સમર્થ છે. ગ્રહસ્થો, આજના કાળમાં—આપણા બ્રાહ્મણોના કળિકાળમાં-વૈભવમાં, શોખમાં, મોજમાં, અંજાતા જઇએ છીએ. શું, હિંદુસ્તાનના ગ્રહયોગમાં લોટી, સોટી ને લંગોટીજ છે? ગૃહસ્થો, એ ગ્રહની શાંતિ કરવાને માટે સ્વદેશહિતનો હમેશ જપ કરો, સ્વાત્માર્પણનો હોમ કરો, વિદ્યાનું તપ કરો, અને સંપની દોરીથી ખાટલાને પાયે ગ્રહને બાંધી દો. ચાલો, તૈયાર થાવ અમારાં હિતનાં વચનો સાનમાં સમજી લ્યો. બાળકો, મારૂં કહ્યું તમારી સમજ શક્તિની બ્હાર છે, તોપણ સાર તો સમજ્યા હશોજ. કંઇ હરકત નહીં. જાઓ, આજ શિવરાત્રીના મેળામાં મઝા કરો. ત્યાં તમે ત્રણેને આ એક એક રૂપીઓ વાપરવા આપું છું. જાવ આનંદ કરો. મારા વસોના (જે ગામ હોય તે મૂકવું) ગુજરાતના, હિંદુસ્તાનના ભવિષ્યના હેતસ્વી પુત્રો, જાવ આનંદ કરો.

પ્રવેશ ૩ જો.

મોહન—કેમ ચંદુ, કાલે મેળામાં કેવી મઝા હતી ? વરઘોડાની સુખપાલની પાસેજ હું તો આડી ગયો હતો.

ધીરજ—ખરેજ, ગરીબ છોકરા એક બે પૈસાનું ચવાણું કે રમકડાં લઇને કેટલો આનંદ કરતા ! એમને મન તો જાણે રાજ્ય મળ્યું. રૂપીઓ આપણને વહાલો લાગેછે તેના કરતાં એક રૂપીઆના ચોસટ પૈસા છોકરાંને વહાલા લાગે છે. ગોપાળજી કાકા કહેતા

હતા ને ખરૂં જ છે. જોને મજુરો અને કારીગરો રોફબંધ ફાળિયાં બાંધીને કાને ફૂલના ગોટા કે ડમરાનાં છોગાં ખોસીને કેવા આનંદથી ફરતા હતા? તે વખતે મને તો એમજ લાગ્યું કે મારા રેશમદાર કેપ, કેન કે કોટ કરતાં એમની ભરત નાખીને ધોએલી ડગલી, ફાળીયું અને ડગોરો વધારે આનંદ આપતા હતા. એમના ગાયનના લલકારા તો આપણને આવડેજ નહીં.

ચંદુ—અરે ગોપાળજી કાકા આવ્યા.

ગોપાળજી—કેમ છોકરાઓ, શી વાતો કરો છો? કાલે મેળામાં કેવી મજા પડી હતી?

સર્વ સાથે—બહુજ સારી.

ગોપાળજી—કહો, હવે રૂપીઆનો તમે દરેકે શો ઉપયોગ કર્યો?

ધીરજ—મારા મનને તો ગરીબ છોકરાને આનંદ કરાવવાનું જ આવ્યું. એટલે ચગડોળ આગળ જઈને ચગડોળવાળાને રૂપીઓ આપી બેમાં ચઢવા છોકરાને બેસાડ્યા. તે વખતે તેમને જે આનંદ થયો તે જોઈ મને પણ એટલો આનંદ થયો કે પકવાન ખાવે તોપણ આટલો આનંદ ન થાય.

ચંદુ—મારી પાસે સાંકળ છોડવાનો કોયડો હતો. પેલા પિંપરવાળા ચોતરા ઉપર બેઠો હતો. જે છોકરો એ કોયડો છોડતો તેને એક એક આનો ઇનામ આપતો. જીતેલાને થતો આનંદ જોઈ મને પણ આનંદ થતો.

મોહન—હું તો પેલા ચોપડીઓ વેચનારના આગળ ઉભો હતો. એટલામાં એક ગરીબ છોકરો આવી પહોંચ્યો. પરમ દિવસેજ એ અમારી નિશાળમાં દાખલ થયો છે. ઘણો ગરીબ છે. માસ્તર સાહેબે તેને ગરીબ ગણ્યો છે. તેણે મને કહ્યું કે—શેઠજી, મારી પાસે ચોપડીઓ નથી. જો તમારી જૂની ચોપડીઓ આપો તો હું મારા જીવની માફક જાળવીશ, ને વરસ પૂરું થયે પાછી આપીશ. મેં એને રૂપીઆની ચોપડીઓ અપાવી. તે છોકરો મને સલામ કરી આનંદભર્યો ચાલતો થયો. તે વખતે મને ઘણી દયાની સાથે આનંદ થયો.

ગોપાળજી—છોકરાઓ, તમે તમારા રૂપીઆનો પ્રથમ ધારેલા કરતાં સારો ઉપયોગ કર્યો છે. ધીરજે એક ઘડીવારના આનંદમાં રૂપીઓ ખરચ્યો તોપણ તેમાં પરમાર્થ રહેલો છે માટે એ કામ સારૂં છે. ચંદુએ કોયડો છોડવામાં ખરચ્યો. એથી હોશિઆર, બુદ્ધિવાળા છોકરાઓને લાભ થયો. વિદ્યાને એટલું ઉત્તેજન મળ્યું છે. એ કાર્ય હું ધીરજ કરતાં ઉત્તમ ગણું છું. મોહને ગરીબ છોકરાને ચોપડીઓ લઈ આપી એને હું સર્વોત્તમ ગણું છું. વિદ્યાદાન એ સર્વથી શ્રેષ્ઠ દાન છે. તારો એક રૂપિયો ખર્ચેલો વખતે લાખ રૂપીઆનું કામ કરશે. જો છોકરો ભણશે તેનો આખો જન્મારો સુધરશે. પૈસાનું દાન કરવાથી માણસને ક્ષણિક લાભ મળે છે. પરંતુ કોણ નથી જાણતું કે—પૈસા જેટલા સારે માર્ગે વપરાય છે તેટલાજ બલ્કે તેથી વધારે ખોટે માર્ગે વપરાય છે? દાન લેનારના પૈસાનો લાભ નીચ માણસો લે છે. ચોરીમાં, બદફેલીમાં, કે નીચ વ્યસનમાં તે વપરાય જાય છે. પરંતુ વિદ્યાદાન—જે માણસોનો આખો જન્મારો સુધારે છે તે દાન કદી લુંટાતું કે ચોરાતું નથી. એના વડે માણસ પોતાનું પેટનું ચલાવે છે, એટલુંજ નહીં, પણ તેના સહવાસથી તેનું જોઇને બીજા વધારે ભણે છે, અને તેથી દેશમાં વિદ્યાનો વધારો થતો જાય છે. શ્રીમંત સરકાર મહારાજાના રાજ્યમાં નાત કોને જે વિદ્યાનો લાભ અપાય છે તે એવાજ ઉદ્દેશથી છે. ઠેકાણે ઠેકાણે શાળાઓ કાઢીને આપણને ભણાવવાનાં સાધન કરી આપ્યાં છે.

તો તે સાથે આપણી રૈયતની એટલીજ ફરજ છે કે તેનો જેમ બને તેમ વધારે લાભ લેવો—કેળવાવવો, એટલે બીજાઓને મદદ કરી ભણાવવા.

ધીરજ—દાદા, અમે આપના હિત વચન કદી ભુલનાર નથી. પ્રથમ અમે રૂપીઆ કુમાર્ગે ...નો ધારો હતો તેને અમે લોકોપયોગમાં વાપર્યો. ઉપયોગ પસંદ કરવામાં અમારી બાળકબુદ્ધિથી ભુલ થઈ છે, તોપણ અમારા હિતને માટે અમને જે શિખામણ મળી છે તે કોઈ દિવસ ભૂલનાર નથી.

ચંદુ—હું પણ ભૂલનાર નથી

મોહન—હું પણ ભુલનાર નથી. આપે પુત્રભાવથી દીધેલી શિખામણ હું પણ ભૂલનાર નથી.

ધીરજ—વારુ ત્યારે પેલી બાળકોને ભણાવવાની કવિતા બોલી ગૃહસ્થો પાસેથી રજા લ્યો

વૈદરણી વનમાં વસનારે, એ રાગ.

બાળ ભણાવો હેતથી, આશિષ દેશે સર્વ;
સુખથી જીવતર કાઢશે, મૂકી માન ને ગર્વ. બાળ૦ ૧
આપો પાઈ દીનને, ખૂશી થાશે વિશેષ;
દાન વિદ્યા દીધા થકી, કેમ રાખે કલેશ. બાળ૦ ૨
દાન દીધાથી વસૂ તણું, થાશે બાળ કુપાત્ર;
ઊડાવી દઈ દાન એ, થાશે દુઃખીજ માત્ર. બાળ૦ ૩
વિદ્યા કહો કેમ ખૂટશે, કરશે સફેલ કેમ;
લોહની માફક ચળકશે, કરશે ઉપયોગ જેમ. બાળ૦ ૪
ઋષિએ યત્ન કર્યો જુઓ, કેવો પ્રાચીનકાળ;
માટે ભવિષ્ય લખ્યાં ઘણા, પુસ્તક ભણવા બાળ. બાળ૦ ૫
આપનો પણ છે ધર્મ એ, ભણવા બાળને માટ;
સાધન આપો હેતથી, લઈ આશિષ ઘાટ. બાળ૦ ૬
ધર્મ ધનાઢ્ય ગણી કરે, વાવ કૂવા તળાવ;
(પણ) ધર્મ છે શ્રેષ્ઠ આ દાનનો, ચાલે જીવની નાવ. બાળ૦ ૭
ઈશ્વર પ્રસન્ન કરવાને, ધરવા અમર નામ;
બાળ રીઝાવો દઈ ઘણાં, ઘણા હેતે ઇનામ બાળ૦ ૮

મ. ચ.

शाळोपयोगी पत्रो.

(પાછલા અંકથી ચાલુ)

પત્ર, ૪ થો.

બાળકોનું અવલોકન.

“ચમનપુર”-ગુરૂની ગલી.

પ્યારા મિત્ર પ્રાણુલાલ,

તારો પત્ર મળ્યો. વાંચી વિચાર અનેક નવીનતાદર્શક નવીન વિચારોએ મનને ભમાવ્યું. કુદરતની માયાળુતાના શબ્દો ... કહેક તત્વ બાબતમાં વિચાર કરવાનું મન થતાં પાછું શાંત થતા ફરીને લખવા બેઠો છું.

ભાઈ, ‘બાળકોને કયા કયા પ્રકારની કેળવણી આપવી’ એ બાબતનો વિચાર કરવો—નિર્ણય કરવો, તે પહેલાં એક બીજી અગત્યની બાબત જાણવાની જરૂર છે. તે જો આધુનિક શિક્ષકો ધારે તો કરી શકે તેમ છે. તેને માટે હાલ બાળમાનસશાસ્ત્રવેત્તાઓએ લખવા માંડ્યું છે, પણ જેટલે અંશે થવું જોઈએ, તેટલે અંશે તે કાર્ય પૂર્ણ થયું નથી. કામ માત્ર અવલોકનનું છે જેથી ધારે તો માબાપ પણ કરી શકે પણ શિક્ષકો તો ખાસ કરી શકે; કારણ કે તેમનું જ એ કાર્ય અને વિશેષ કરીને તેમનાજ ઉપયોગનું કાર્ય છે. તે કાર્ય એજ કે ‘બાળકોનું અવલોકન કરવું.’

નાનું બાળક કયા ક્રમે મોટું થાય છે, તે દરેક બાબત કયા ક્રમે શીખે છે, પહેલો કયો અક્ષર શીખે છે; પછી કયો, પછી કયો; પહેલું કયું વાક્ય બોલતાં આવે છે, પછી કયું, પછી કયું, પહેલાં કઈ વસ્તુ ઉપર તેનો પ્રેમ થાય છે પછી કઈ ઉપર, પછી કઈ ઉપર, પહેલાં કઈ બાબત પસંદ પડતી નથી, પછી કઈ પછી કઈ, અને તેજ ક્રમે દરેક બાબતમાં નાનું બાળક પહેલું શું શું કરે છે પછી શું કરે છે, પછી શું કરે છે, અને તેમ થતાં થતાં છેવટ કઈ રીતે વધે છે આ બધું હમેશાં બાળકના સહવાસમાં રહેનારો માણસ ધારે તો જાણી શકે, અને જો જાણે તો બાળકોની માનસિક ઘટનાનું જ્ઞાન—શિક્ષણમાં જે કંઈ અગત્યનું છે તે—જાણી શકે, મેળવી શકે. પણ, પણ આ કાર્ય એકાદ બાળકના અવલોકનથી થઈ શકે તેવું નથી, પણ ઘણાં બાળકોનું અવલોકન કરે, તેવાં અવલોકનોની હમેશાં નોંધ રાખી તે ઉપર પૂર્ણ વિચાર કરે, વિચાર કરી દરેકની જુદી જુદી નોંધોને સંગ્રહ કરી યોગ્ય રૂપમાં ગોઠવે ત્યારે આ કાર્ય પાર પડી શકે તેવું છે. આમ થતાં તેમાંથી નીકળતા પરિણામો—પદ્ધતિઓ જો સમજી શકાય તો અત્યંત લાભ છે. આવા ઉત્તમ કાર્ય માટે ઉત્તમ જેવા સુધરેલા દેશમાં તો જો કોઈ માણસ એકાદ બાળકના અવલોકનની નોંધ રાખે તો તેને અત્યંત માન મળે છે, તેની માગણીઓ ઉપર ઉપયોગી થાય છે તેવું જ્યારે આપણા આર્યાવર્તમાં નથી, ત્યારે શિક્ષણ જેવા ઉત્કૃષ્ટ વિષયની ઉન્નતિનો ખરેખર અભ્યાસ થવા સિવાય ચાલેજ નહીં.

મિત્ર, અહીં હું એકાદ બે અવલોકનોની નોંધ આપું છું તેની સાથે અવલોકન

પરથી ઉદ્‌ભવતા વિચારો પણ આપવા ચૂકીશ નહીં. તું પણ વિચારજે કે તેથી અનહદ લાભ વિદ્વાનો માને છે તે માન્યતા અનુભવથી પણ ખરી ઠરે છે કે નહીં ?

" આપણે ધારીએ કે, હું આપણા ઘરના એક અંદરના ભાગમાં બેઠો છું; બહારના ભાગમાં તું એક સ્વરસ વાજીંત્ર લઈ બેઠો છે; વચ્ચેના ભાગમાં એક ઉભ, અને પગ વિનાનું એટલે બોલતાં ચાલતાં ન શીખેલું બાળક સ્વેચ્છા મુજબ રમે છે. બાળકની દૃષ્ટિ મારી તરફ પડી; મેં તેડવાની પેઠે લાંબા હાથ તેની સામે કર્યા ને જરા હસ્યો. હસતું હસતું અને લાંબા હાથ કરતું કરતું રમતું બાલક શરીર ઘસતું મારી પાસે આવવાના યત્નમાં પડ્યું. વચ્ચે ઉમરો આવ્યો; તે ઓળંગી અંદર આવવું, એ એક મહાભગીરથ કાર્ય તેને લાગ્યા જેવું તેના મો પરના દેખાવથી દેખાયું; જરા ત્યાં થોભ્યું. કંઇક વિચાર કર્યા જેવું કરી ઉમરો ઓળંગવા ઉદ્યોગ આરંભ્યો. પ્રથમ હાથવતી ઉમરાને ઝાલી એક પગ ઉમરાપર આણ્યો. પગ ફેરવીને મૂક્યો; અને ઉમરાની બેઠક કરી તેજ સ્થિતિમાં ઉમરાપર બેઠું પોતે ધારેલા કાર્યમાં કાંઇક સફળ થવા બદલ આનંદ બતાવતું હોય તેમ મારા તરફ જોઇ સ્મિત હાસ્ય કર્યું 'હમણા પડી જશે.' એ ભયથી હું તેડવા ઉઠવાનો વિચાર કરૂં છું, એટલામાં બીજો બાહેરનો પગ ધીમેથી ઉમરાપર લીધો; અને બેઉ પગ ઉમરાના અંદરના ભાગમાં લટકતા રાખ્યા. હાથ જમીનને અડકાડી નીચે ઉતરી મારી પાસે આવવાની તૈયારી કરવા લાગ્યું, પણ 'હવે તો ખચીત પડશે ને ગોં તથા કપાળમાં લાગશે. એ ભીતિથી હું ઉઠ્યો અને તેની પાસે ગયો; એટલામા ઇસારાથી મને સમજાવવા લાગ્યું કે, 'હું મારા યત્નમાં ફળીભૂત હવડેજ થઈશ.' મારી સામે દૃષ્ટિ કરી કે તુરતજ મેં તેને હેતથી તેડી ચુંબન કરી કેડ પર બેસાડ્યું; એટલે આનંદથી મને બાઝી પડ્યું અને નાનકડા પગ હલાવવા લાગ્યું. હું લખતો હતો એટલે કાને કાચનું હોલ્ડર મૂકેલું તે તરફ તેની ચકોર દૃષ્ટિ ગઇ, લાંબો હાથ કર્યો ખરો; પણ કાન સુધી પહોચી શક્યો નહી. કેડપર બેઠાં બેઠાં ઉંચું થતું હોય તેમ મને લાગ્યું; ચળવળાટપરથી હું સમજ્યો કે તેને હોલ્ડર જોઇએ છીએ. તુરતજ મે તેના હાથ આગળ ધર્યું; ઘણા હર્ષથી મારી આંખો સામે, દૃષ્ટિ કરતા કરતાં હોલ્ડર ઝડપથી ઉપાડી લીધું; ને જાણે કોઇ મહાન ફિલસુફ એક વસ્તુપર વિચારમાં મગ્ન થઇ ગયો હોય, અને ધારેલા વિચાર પૂર્ણ થયા બાદ સામાને તે સંબંધે કંઈ પૂછી ઉત્તરની આકાંક્ષાએ સામા તરફ એકી નજરે જોઇ રહે, તેમ જોઇ રહ્યું.

" હવે તેં તારૂં વાજીંત્ર વગાડવાનું શરૂ કર્યું; ઝીણો મધુર કોમળ સ્વર તેને કાને પડ્યો. મારા તરફ જોઇ રહેલું બાળક એકદમ ચપળ કરતું ફર્યું; જે તરફથી સ્વર આવતો હતો તે તરફ દૃષ્ટિ ગઈ. તને જોઇ શક્યું નહીં, પણ સ્વરની દિશા—તારી તરફ આવવાનો આગ્રહ કરતું હોય તેમ મારા હાથની આંગળીએ ઝાલી સ્વરની દિશા તરફ જવાની સૂચના કરવા લાગ્યું—મારો હાથ પોતાના હાથમાં લઇ તે તરફ ઇસારો કરીને 'સ્વર આવે છે ત્યાં ચાલો' એમ સૂચવ્યું. હું તુરતજ સમજી ગયો. તારી પાસે આવ્યો; એટલામાં આ .કની ચતુર દૃષ્ટિ ઘણી તરફ ફરી વળી; પણ સ્વરની દિશા ફેર થઇ નહોતી. તારી ામે આવ્યા. જે સ્વર દૂરથી ને ફક્ત કાનેજ સંભળાતો હતો, તે સ્વર પાસે અને વાજીંત્ર નજરે જોઇ, મનમાં ને મનમાં આનંદ માનતું હોય, તેમ તેના મોંપર આનંદ દૃષ્ટિગોચર

થતો હતો. હવે તેને મારી જરૂર ન હોય તેમ નીચે ઉતારવા યત્ન કરવા લાગ્યું. મેં તુરતજ નીચે મૂકી દીધું. વાજીંત્રપર હોલ્ડરવાળો હાથે ઝડપ મારી; ને તેડી લીધું. ખોળામાં બેસારી એક હાથ તેની પીઠ પકડાઇને થાતી ડાબા હાથને હાથવતી અને જમણા હાથને પેટ અને પડખાના ભાગવતી, એમ બેઉ હાથ અને કેટલોક શરીરનો ભાગ બંધનમાં લઇ લીધા. બીજે હાથે વાજીંત્ર ઝાલી હું વગાડવા લાગ્યો. બાળકનું મન અને દૃષ્ટિ બને તારા વાજીંત્રમાં એકાગ્ર થતાં તે અત્યારે વાજીંત્ર સિવાય બીજા કશાને જોતું નથી, ને તેથીજ તે તારા હાથના બંધનમાં પણ રહ્યું છે વાજીંત્રમાં તેનું મન મગ્ન થઇ ગયું પોતાને લેવાની ઇચ્છા પણ તારા બંધનમાંથી મુક્ત થવા યત્ન કર્યો, તે જરા વધારે બંધન કર્યું. તેણે વધારે યત્ન કર્યો. એના યત્ને તારા બંધનને હારી કાઢ્યું–પ્રબળ યત્ન થતા તે તારી મેળેજ બંધન છોડી દીધું. વાજીંત્રને પકડ્યું; પોતાને વગાડવાની, જોવાની ઇચ્છા થતી હોય તેમ જણાયા અને માગવાની સૂચના નિશાની હાથ કરવા લાગ્યું. મારું હોલ્ડર પાછું લેવા મેં માગણી કરી—વગર માગે ખેંચી લીધું, તોપણ વાજીંત્રમય થઇ પડેલું બાળક તેમાંનું કંઇ જાણી શક્યુંજ નહીં. પ્રથમ મેં માગ્યું ત્યારે હોલ્ડરવાળો હાથ સંઘરી રહેનારું તે અત્યારે હોલ્ડર ખેંચી લેતા છતા કંઇ બોલ્યું નહીં–તે તરફ દૃષ્ટિજ ગઇ નહીં, તેનું કારણ પણ તારું નવું જોએલું વાજીંત્રજ હતું. તેં વાજીંત્ર આપવા ના પાડી, તેનો હાથ તરછોડી નાખ્યો. વધારે આગ્રહ કરવા લાગ્યું, તે બીજી વાર પણ હાથ તરછોડી નાખ્યો મારી તરફ જોઇ રોવા લાગ્યું. મેં તેડી લીધું, તેની રમવાની હમેશની ચીજોમાંની અનેક ચીજો આપી, કાચનું હોલ્ડર પાછું આપ્યું, પણ અત્યારે તેમાંથી એક ચીજ તેને પસંદ પડી નહીં. જે જે આપવા લાગ્યો તે તેને હાથથી ફેંકી દેવા લાગ્યું. કેટલીક ચીજો મારા હાથમાં લેતાં પહેલાંજ તે લેવાની નાખુશી બતાવવા હાથ અને પગ વતી તેને તરછોડવા લાગ્યું. પગ પછાડતું પછાડતું રડવાનું લાગ્યું. હું તો ગભરાયો. (હું ગભરાયો કે કેમ તે જોવાનો મને અવકાશજ મળ્યો નહોતો.) કેમે કરતાં રડતું રહે નહીં, અને વાજીંત્ર અપાવવાનો આગ્રહ છોડે નહીં. ઉતરવાની એક યુક્તિ મને મળી. વાજીંત્ર જેવી એક ઘુઘરી પેટીપર નજરે પડી, તે લઇ તેના હાથમાં આપી. નજરથી તો એક વખત છેતરાયું. રડતું બંધ થયું, ડુસકાં ખાતું ખાતું હું જેમ વગાડતો હતો તેમ વગાડવા લાગ્યું; પણ ઘુઘરી તે શી રીતે વગાડે ? હવા અંદર રહે ત્યારે વગાડે ના ? છેવટે ઘુઘરી વાગી નહીં એટલે તેને પણ મારા પર ફેંકી દઇ પાછું રડવાનું અને પગ પછાડવાનું આરંભ્યું. ભાગ્ય યોગે તેની મા બાહેર ગયેલી તે આવી. ગમે તે કારણસર ગમે તેવું રડતું હોય, પણ માતા પાસે જઇ શાંત થતું બાળક આજ તેની વ્હાલી માતા પાસે પણ ન ગયું. તેની માતાએ ઘણા આગ્રહથી યુક્તિઓ અજમાવી; પણ બાળક એકનું બે થયું નહીં. આવો તાલ જોઇ તારું મન પણ થયું–ગભરાયું, બાળકની દયા આવી હોય તેમ થયું–લાગ્યું ત્યારે વાજીંત્ર તેં બાળકના હાથમાં મૂક્યું. બાળકે તારા મોં સામું જોઇ વાજીંત્ર લીધું, પ્રથમ ઘુઘરીથી છેતરાયલા બાળકે બીજી વખત ન છેતરાય એટલા માટે વાજીંત્રને નિહાળી જોયું, અને વગાડી પણ જોયું. જેવું વાગતું હતું, તેવુંજ વાગ્યું. એકદમ મનનો અને શરીરનો દેખાવ ફરી ગયો. અત્યાર પહેલાં જે રડતું હતું, પગ પછાડતું હતું, અને દિલગીર દેખાતું હતું, તે હવે આનંદિત દેખાવા લાગ્યું–પોતાની આનંદિત દૃષ્ટિ ચોમેર ફેરવવા લાગ્યું–પછીજ માતાને ઓળ-

શી જોઈ, હાથમાં વાજીંત્ર ગય પકડી માતા પાસે ગયું; અને વાજીંત્ર બતાવી જાણે ફરિયાદ કરતું હોય, અથવા પોતે જીત મેળવી છે એ સૂચવી આનંદ પ્રદર્શિત કરતું હોય, તેમ સ્તનપાન કરતાં કરતાં વાજીંત્રવાળો હાથ માતાના મોં આગળ ધરી કરવા લાગ્યું; અને પછી તે હાથ બીજા સ્તનપર રાખી શાંત મુદ્રાથી–સ્વસ્થ ચિત્તે સ્તનપાન કરતું કરતું નિદ્રાવશ થયું. નિદ્રાવશ થયા પછી પણ તેના મોં પર આનંદ ઝળકતો જણાતો હતો (અપૂર્ણ.)

मुसाफर.

क्यूबा.

હમણા અમેરિકા અને સ્પેનને ક્યૂબાના સંબંધમાં લડાઈ ચાલેછે, ત્યારે તે સંબંધી કાંઇ માહિતી શિક્ષકોને ઉપયોગી થઇ પડશે, એમ ધારી સંક્ષેપમાં હકીકત આપીએ છીએ. કારિબિયન સમુદ્ર તથા આટ્લાંટિક મહાસાગરની વચ્ચે આશરે ૧૦૦૦ ટાપુઓનો એક દ્વીપસમૂહ છે; તેના બાહામા, મોટા આન્ટીલીઝ, વગેરે ભાગ પાડ્યા છે, એ વાત ભૂગોળવિદ્યામાંથી જણાયલી છે. એમાંના મોટા આન્ટીલીઝમાં ક્યૂબા, હાયતી, પોર્ટોરિકો, અને જમેકા વગેરે દ્વીપો આવેલા છે. ક્યૂબા અને પોર્ટોરિકો સ્પેનને તાબે છે; હાયતી અને સાનડોમિંગોમાં સ્વતંત્ર પ્રજાસત્તાક રાજ્ય છે; અને જમેકા ગ્રેટબ્રિટનને તાબે છે.

ક્યૂબા બેટ સૌથી મોટો છે અને તે ફ્લોરિડાના દ્વિપકલ્પથી દક્ષિણમાં ૧૫૦ મૈલ દૂર છે તથાપિ યુનાઇટેડ સ્ટેટ્સના કીવેસ્ટ નામે બંદરથી ફક્ત ૫૦ મૈલજ થાય છે.

સ્પેનિયાર્ડ લોકો ક્યૂબાને આન્ટીલીઝનું રત્ન કહે છે. એ ૮૦૦ મૈલ લાંબો અને સરાસરી ૫૦ મૈલ પહોળો છે. તેનો કિનારો ખડકવાળો અને છીછરો છે તથા દરિયામાં પરવાળાના ખડકો છે તેથી વહાણને જવાને મુશ્કેલી પડે છે. તેની વચમાં પર્વતોની હાર લાંબી ને લાંબી ગયેલી છે. પર્વતની તળેટી આગળનું મેદાન ઘણું ફળદ્રૂપ છે. સોનું રૂપું, ત્રાંબું, લોહું, આરસ, વગેરે ખનીજની અને રોઝવૂડ, માહોગની, દેવદાર, વગેરે કીમતી લાકડાની પેદાશ ઘણી છે. નાળિયેર અને જંગલી નારંગીનાં ઝાડની પેદાશ ત્યાં એટલી બધી છે કે જાણે આખો બેટ એક બગીચા જેવો લાગે છે. ત્યાંથી ખાંડ, ગોળ, બીડીઓ, તંબાકુ, અને કાફી વગેરે માલ મોટા જથામાં પરદેશ ખાતે મોકલાય છે.

ક્યૂબાની રાજધાની હવાના બેટના વાયવ્ય ખૂણામાં દરિયા કાંઠે છે. તેની વસતી બે લાખની છે. અને વેપારમાં તેના કરતાં ફક્ત ન્યૂયોર્કજ ચડે છે. શેહેરની ઈમારતો પથ્થરની છે બંદરનું રક્ષણ કરવાને છ કિલ્લા બાંધેલા છે.

આ શહેર સ્પેનિયાર્ડોએ સન ૧૫૧૯માં વસાવ્યું હતું. કોલંબસને પ્રથમ સાનડોમીંગોમાં દાટ્યો હતો ત્યાંથી કાઢીને સને ૧૭૯૬ માં હવાનાના એક દેવળમાં આણ્યો હતો.

આખા બેટનો વિસ્તાર ૪૦૦૦૦ ચો. મૈલ છે, વસ્તી ૫૨૦૦૦૦ માણસની છે અને તે મુખ્ય કરીને સ્પેનિયાર્ડ તથા હબશી વગેરેની છે ૧૪૯૨ માં કોલંબસે અમેરિકાખંડ શોધી કાઢ્યો ત્યારથી એ બેટ સ્પેનને કબજે છે એમ છતાં ત્યાંના વતની લોકો ઘણીવાર સ્વતંત્ર થવાને ફાંફા માર્યા કરે છે.

" * મહેતાજી કૈસા હોના ચાહિએ. "

(લખનાર કરૂણાશંકર જયશંકર)

મારો આજનો વિષય " મહેતાજી કેવા હોવા જોઇએ " આ છે એ વિષયના નામ ઉપરથીજ સર્વ સાહેબોને ખ્યાલમાં આવ્યું હશેજ કે આજના નિબંધમાં મહેતાજીઓમાં કેવા ગુણ હોવા જોઇએ, તેની રીતભાત કેવી હોવી જોઇએ, વગેરે બાબતનો વિચાર આવશે. મહેતાજીના ગુણ વિષે કહેતાં તેમના બહારના દેખાવ કરતાં અંદરના સદ્ગુણોને હું વધારે વજન આપું છું; કેમકે શરીરે રૂપાળા હોવું અથવા વસ્ત્રો લુગડાં વગેરે પહેરીને શોભાયમાન થવું; આને મહેતાજીના ધંધા સાથે ઘણો થોડો સંબંધ નથી વળી બહારનો સારો દેખાવ આંતરીય સદ્ગુણો વગર ઘણી લાંબી મુદત ટકી શકતો નથી જેમકે એક મૂર્ખ માણસને વિદ્વાનનો પોશાક પહેરાવ્યો હોય અથવા એક કુતરાને વાઘનો વેશ કરાવ્યો હોય, તો આ બનાવ તેમને બોલવાનો પ્રસંગ ન આવે ત્યાં સુધીજ લાગ રૂપમાં ટકી શકે છે; માટે મહેતાજીના બહારના દેખાવ ઉપર વધારે લક્ષ ન આપતાં મહેતાજીમાં આંતરીય સદ્ગુણ કેવા હોવા જોઇએ તેનો પ્રથમ વિચાર કરીયે અને બહારના દેખાવ સંબંધે યોગ્ય વખતે જે વાત કહેવા સરખી હશે, તે સાથેજ આમાં કહેવનું રાખીશું કે જેથી વધારે અનુકૂળ થશે, એમ હું ધારું છું

મહેતાજીઓ પણ મનુષ્ય વર્ગમાંનાજ હોય છે તેથી દરેક મનુષ્યને જગતમાં સારા થઇ યશ મેળવવાને જે સદ્ગુણોની જરૂર છે તે સામાન્ય સદ્ગુણો પણ મહેતાજીમાં હોવા જોઇએ. પરંતુ આપણે તો ખાસ મહેતાજી વર્ગને ગાટેજ કહેવાનું છે. તેથી પ્રથમ તો ખાસ મહેતાજીમાં કયા કયા ગુણ જોઇએ, તે વિષે કહી પાછળથી સામાન્ય બાબતો વિષે વિચાર કરવાનું અનુકૂળ થશે.

મહેતાજીના ધંધાને અંગે ખાસ કરીને તેમનામાં નીચેના ચાર સદ્ગુણ હોવાની જરૂર છે ૧ જ્ઞાન, ૨ અનુભવ, ૩ ઉમંગ, ૪ ચતુરાઇ, આ ચાર સદ્ગુણો કેવી રીતે જોઇએ, તેનું ટુંકામાં વિવેચન કરવું ઉપયોગી થઇ પડશે.

૧ જ્ઞાન—મહેતાજી જ્ઞાની હોવા જોઇએ, એ તો સર્વના સમજવામાં સારી રીતે છે કેમકે મહેતાજીને પોતાને બીજાને જ્ઞાન આપવાનું છે તે આપણા લોકની સાધારણ કહેવત પ્રમાણે " કુવામાં હોય તો હવાડામાં આવે " એટલે મહેતાજી જ્ઞાની હોય તોજ બીજાને

---

* ગયે વર્ષે કડી પ્રાન્તમાં શિક્ષકસમાજ ભરાયો હતો, તે વખતે કેટલાક ઉત્તમ અને શિક્ષકોએ જાણવા લાયક ભાષણો થયા હતાં. આ ભાષણોમાંનાં ઘણાંક જો કે સારાં થયેલાં છે, તથાપિ તેનો લાભ સઘળા શિક્ષકોને મળે તે હેતુથી તેમાંનો ઉપયોગી ભાગ મે. આ. આ વિદ્યાધિકારી સાહેબ એમની ઇચ્છાનુસાર ક્રમે કરીને પ્રકટ કરવામાં આવ્યો છે. આશા છે કે શિક્ષકવર્ગ તેને વાંચી મનન કરી તેનો સદુપયોગ કરશે—મેનેજર, કેળવણી

ન હોય તો નેત્રો તે અરીસા નથી માટે જે જ્ઞાન આપણે છોકરાઓને આપવાનું છે તે છોકરાઓને પસંદ પડતા રૂપમાં મૂકાય અને તેથી જ્ઞાનનો મૂળ હેતુ સચવાય એમ કરવાને મહેતાજીમાં શોધક અને વિશાળ જ્ઞાનની ઘણીજ જરૂર છે અને એ પ્રમાણે મહેતાજીનામાં જ્ઞાન નહિ હશે તો તે પોતાની નિશાળ ઉત્તમ સ્થિતિમાં લાવી શકશે નહિ આ પ્રમાણે મહેતાજીએ જ્ઞાન મેળવવું, એ જરૂરનું છે એટલુંજ નહિ, પણ તે મેળવેલા જ્ઞાનને સાચવી રાખી તેને આગળ વધારતા રહેવું જોઈએ મહેતાજી થયા એટલે હવે શિખરે પહોંચ્યા અને જગતમાં હવે કંઈ કરવાનું રહ્યું નથી એમ જે મહેતાજી સમજે છે તે ભૂલ ખાય છે મહેતાજીએ પોતાની અવસ્થા હમેશાં વિદ્યાર્થીના જેવી રાખવી જોઈએ અને પોતાના જ્ઞાનમાં હમેશાં વધારો કર્યા કરવો જોઈએ એ ખાસ કરીને એમને માથે મોટી ફરજ રહેલી છે અને એ જ્ઞાન સિવાય પણ શીખવવાની કળા, વ્યવસ્થા રાખવાની યુક્તિ વગેરે બાબતનો અભ્યાસ મહેતાજીએ હમેશાં આગળ વધારતા રહેવું કેટલાક જૂના કે નવા મહેતાજીઓ ગામડાંમાં કે સાધારણ કસબામાં મહેતાજી હોય છે અને એટલામાં બીજા કોઈ તેવા ભણેલા ન હોય અને તેવા ગામડાંમાં નીચલા વર્ગો શીખવવાનો પ્રસંગ વિશેષ હોય છે, અને તેમાં વધારે જ્ઞાનની જરૂર ન પડવાથી પોતે મેળવેલું જ્ઞાન પણ પુષ્કળ છે એથી વધારે જ્ઞાની છું માટે હવે વધારે જ્ઞાનની શી જરૂર છે એવો પ્રમાદ ઘણી પોતાનામાં હોય તે પણ ઘાલી બેસે છે. તેથી આગળ ઉપલા ધોરણો શીખવવાના કે બીજી કોઈ તેવા પ્રસંગ આવે ત્યારે ખોએલા જ્ઞાનનો પસ્તાવો થાય છે માટે સારા મહેતાજીએ એવો પ્રમાદ કદી રાખવો નહિ

મહેતાજી અનુભવી હોવા જોઈએ, મહેતાજીનું કામ ઘણું ઝીણું અને ગુંચવણ ભરેલું છે તેમાં અનેક યુક્તિઓનો ખપ છે અનેક અડચણો આવી પડે છે. આ બધી અડચણો સમાધાનીથી ખમેલવી અને દરેક પ્રસંગે કાંઈ યુક્તિ શોધી કાઢી ફતેહમંદ ઉતરવું વગેરે બાબતોમાં મહેતાજીને લાંબા અનુભવની જરૂર છે. ઘણાં વર્ષોના અનુભવથી મહેતાજીને જે ગુણો તેને પ્રાપ્ત થાય છે મહેતાજીના ભાગ્ય ખુલ્યા આવવા એટલે હોશીઆર મહેતાજી થવું, એ દરેક માણસની ઈચ્છાને સ્વાધીન નથી. એ કાંઈ વસ્ત્ર નથી કે ગમે તે માણસ પહેરી ઓઢી રહે, પણ એ રીતે યોગ્ય મહેતાજી થવાને તો પ્રથમ મહેતાજીએ પોતાના ધંધાનું જ્ઞાન મેળવવું જોઈએ. તે પછી આ તે મેળવેલા જ્ઞાનનો પોતાના ધંધામાં વિચારપૂર્વક અનુભવ કરવો જોઈએ અને એ અનુભવમાં દિન પ્રતિદિન પોતાના બુદ્ધિચાતુર્યથી અમુક નિયમો ક્રમપૂર્વક નિરધારવા જાય ત્યારે તે સારો મહેતાજી થાય પાછલા વર્ષોમાં મહેતાજીએ જે અનુભવ મેળવ્યો હોય તે આગલા વર્ષોમાં મહેતાજીની યોજનાના ગુણમાં ઉપયોગ કરે છે ભૂમિતિની આગલી પ્રતિજ્ઞા જેમ પાછલી પ્રતિજ્ઞાની સાથે સંબંધ રાખે છે, અને ઘણીખરી વખત પાછલી પ્રતિજ્ઞા જાણ્યા સિવાય આગલી પ્રતિજ્ઞા સિદ્ધ થઈ શકતી નથી, તે ન્યાય મહેતાજીના અનુભવને ઘણે અંશે લાગુ પડે છે અનુભવી મહેતાજીએ તે ધંધા સંબંધી ઘણી અડચણો ઓળંગેલી હોય છે, તેથી તે એવી અડચણો ઝટ ખસેડી શકે છે પોતે શીખવા કરતાં બીજાને શીખવવું, એ કામ જરા વધારે અઘરૂં છે, પોતે શીખેલા માણસો બીજાને સંતોષકારક રીતે શીખવી ન શકે એવા પણ કેટલાક દાખલાઓ છે વળી બીજા ધંધાઓ સાથે મહેતાજીના ધંધાનો સરખાવો કરતાં તેમાં ઘણો ભેદ જણાય છે. તે એ કે બીજા ધંધાધારીઓનું સાહિત્ય જડ કરીને જડ હોય છે પણ મહેતાજીને જેના ઉપર કાર્ય કરવાનું છે તે, બાળકો ચૈતન્યવાળા છે, માટે તેમને પોતાની મરજી પ્રમાણે વર્તાવવાને મહેતાજીને કેટલાક અનુભવથી તેમના સ્વભાવ જાણી લેવાની જરૂર છે. અને તેથી

જ્ઞાન આપી શકે એ તો દેખીતુંજ છે. પણ વિશેષમાં એટલું યાદ રાખવું જોઇએ કે જેટલું શીખવવાનું હોય, તેનાથી મહેતાજીને વધારે આવડવું જોઇએ, કેમકે પોતાને શીખવવાની બાબત મહેતાજીએ પૂર્ણ રીતે સમજીને યાદ રાખી ન હોય તો, છોકરાઓના મનમાં સરળતાથી ઠસી જાય એવી ખુશકારક રીતે તેઓ શીખવી શકશે નહિ. આપણી હાલની વાંચનમાળામાં તથા બીજી મંજુર થએલી ટેક્સ્ટ બુકોમાં ડાક્ટરી વનસ્પતિ વગેરે સંબંધી અનેક શાખાઓના જુદા જુદા પાઠોનો સમાવેશ કરેલો છે. તો આ બધી શાખાઓનું મહેતાજીએ પૂર્ણ રીતે અધ્યયન કરવું, એ ન બની શકે એવું છે. તોપણ એટલું તો જરૂરનું છે કે મહેતાજીને જે વિષયો શીખવવાના છે તે બરાબર રીતે શીખવી શકાય, એ પ્રમાણે 'મહેતાજીએ તે મનન કરેલા હોવા જોઇએ અને તે વિષયો શી રીતે શીખવવા, એ જેમાં બતાવેલું છે. તે એટલે શિક્ષણશાસ્ત્ર એ બે બાબતનો તેણે પૂર્ણ રીતે અભ્યાસ કરેલો હોવો જોઇએ; કેમકે આ બેઉ બાબતો તેને મહેતાજીના ધંધામાં ઘણી ઉપયોગી છે. અને આટલા જ્ઞાન વિના તો મહેતાજી પોતાના કામમાં ફતેહમંદ થશે નહિ. આ બે બાબતોમાં જેમ મહેતાજીનું વધારે જ્ઞાન તેમ તેની લોકમાં અને નિશાળમાં પ્રતિષ્ઠા વધારે થવાની. નિશાળમાં અને લોકોમાં મહેતાજીનું વજન હોવાની ખાસ જરૂર છે, કેમકે તે વગર તેની શાળાની સુધારણા સંબંધી અનેક કોસિસો વ્યર્થ જાય છે, અને તેથી તે પોતાના કામમાં નિષ્ફળ નિવડે છે. માટે મહેતાજી નિશાળમાં અને ગામમાં પ્રતિષ્ઠિત ગણાવા જોઇએ અને એ પ્રતિષ્ઠા પાડવાનું મુખ્ય સાધન મહેતાજીનું જ્ઞાન છે. એટલે મહેતાજીમાં જ્ઞાન હશે તોજ તે લોકમાં સારા ગણાશે. મહેતાજીમાં જ્ઞાન છે કે નહિં તેની પરીક્ષા—જરા નવાઇ જેવું છે તો પણ ખરૂં છે કે એ પરીક્ષા-મહેતાજીના વિદ્યાર્થીઓજ કરે છે. મહેતાજીની શીખવવાની ઢબ ઉપરથી તથા તેમના રોજના કામકાજ ઉપરથી વિદ્યાર્થીઓ ઝટ પારખી કાઢે છે કે મહેતાજીનામાં આટલું જ્ઞાન છે માટે તેમની પરીક્ષામાં પાસ થવું, એજ મહેતાજીને પોતાના કામમાં જશ મેળવવાનું પહેલું પગથિયું છે, કેમકે મહેતાજીમાં જ્ઞાન છે, એમ વિદ્યાર્થીઓ.ઉપર છાપ પડવાથી તેઓ ગામમા પોતાનાં માબાપ ને સગાવહાલાં સ્નેહીઓને મોઢે અનેક રીતે ચર્ચા કરી મહેતાજીનું માન વધારશે અને એથી ઉલટું થશે તો મહેતાજીને એક પછી એક અનેક અડચણો આવી તેઓ પોતાના કામમાં આગળ વધવાને બદલે ઉલટા કંટાળશે. આવો પ્રસંગ બનતાં સુધી મહેતાજીએ આવવા દેવો નહિ. પણ કદાચ આવી જાય તો તે વખતે ગભરાવું નહિ. પણ હીમતથી પાછું પોતાની સારી પ્રતિષ્ઠા પાડવા ઝટ સાવચેત થઇ જવું અને જ્યાં ભૂલ થઇ હોય, તે સુધારી પાછી કુંચી હાથ કરવી. આ પ્રમાણે મહેતાજીનામાં શીખવવાના વિષયોનું અને શિક્ષણશાસ્ત્રનું જ્ઞાન હોવાની જરૂર છે. છોકરાઓને સમજણ પડે, તેને સારૂ વિષયને સાદા રૂપમાં મૂકવાની શક્તિ છોકરાઓને લક્ષ દેતાં કરવાની અને તેમની બુદ્ધિ ખીલવવાની શક્તિ, વાંચેલી બાબત વિશે અનેક રીતે ચર્ચા કરી શકાય, એ બધાને માટે મહેતાજીનામાં ચોક્કસ અને વિશાળ જ્ઞાનની જરૂર છે. તે નિરીક્ષણ, પરીક્ષણ, અને શિક્ષણ એ ત્રણના ભેદાભેદ સમજી શકવા સમર્થ જોઇએ. આપણે બજારમાં માલ લેવા જઇએ ત્યારે પ્રથમ જે ચીજ આપણે લેવી હોય, તે આપણને ગમવી જોઇએ અને તે માટે વેપારી લોકો જે સારા નમુના હોય છે તે ઉપર મૂકે છે. આથી ઘરાક તે ચીજ લેવા લોભાય છે. આવીજ યુક્તિ મહેતાજીને શીખવવાની જરૂર પડે છે. મહેતાજી એ જાણે એક વેપારી છે. વિદ્યા એ વેચવાના પદાર્થને ઠેકાણે છે અને છોકરાઓ એ તેમનાં ગ્રાહક છે; માટે મહેતાજીએ જે જ્ઞાન આપવાનું છે, તે હમેશાં આબ દેતું જોઇએ. જેમ વસ્તુ પસંદ નહિ પડવાથી તેનું કોઈ ઘરાક થતું નથી, તેમ છોકરાઓને જ્ઞાન રૂચતું

ન હોય તો તેઓ તે ખરીદતા નથી માટે જે જ્ઞાન આપણે છોકરાઓને આપવાનું છે તે છોકરાઓને પસંદ પડતા રૂપમાં મૂકાય અને તેથી જ્ઞાનનો મૂળ હેતુ સચવાય એમ કરવાને મહેતાજીમાં યોગ્ય અને વિશાળ જ્ઞાનની વધુ જરૂર છે અને એ પ્રમાણે મહેતાજીનામાં જ્ઞાન નહિ હશે તો તે પોતાની નિશાળ ઉત્તમ સ્થિતિમાં લાવી શકશે નહિ. આ પ્રમાણે મહેતાજીએ જ્ઞાન મેળવવું, એ જરૂરનું છે એટલું જ નહિ પણ તે મેળવેલા જ્ઞાનને સાચવી રાખી તેને આગળ વધારતા રહેવું જોઈએ. મહેતાજી થયા એટલે હવે શિખરે પહોંચ્યા અને જગતમાં હવે કંઈ કરવાનું રહ્યું નથી એમ જે મહેતાજી સમજે છે તે ખતા ખાય છે. મહેતાજીએ પોતાની અવસ્થા હમેશાં વિદ્યાર્થીના જેવી રાખવી જોઈએ અને પોતાના જ્ઞાનમાં હમેશાં વધારો કર્યા કરવો જોઈએ. એ ખાસ કરીને એમને માથે મોટી ફરજ રહેલી છે અને એ જ્ઞાન સિવાય પણ શીખવવાની કળા, વ્યવસ્થા રાખવાની યુક્તિ વગેરે બાબતનો અભ્યાસ મહેતાજીએ હમેશાં આગળ વધતા રહેવું. કેટલાક જૂના કે નવા મહેતાજીઓ ગામડામાં કે સાધારણ કસ્બામાં મહેતાજી હોય છે અને એટલામાં બીજા બહુ તેવા જાણકાર ન હોય અને તેવા ગામડામાં નીચલા વર્ગો શીખવવાનો પ્રસંગ વિશેષ હોય છે, અને તેમાં વધારે જ્ઞાનની જરૂર ન પડવાથી પોતે મેળવેલું જ્ઞાન બસ છે, હું જ સૌથી વધારે જ્ઞાની છું, માટે હવે વધારે જ્ઞાનની શી જરૂર છે એવો પ્રમાદ રાખી પોતાનામાં હોય તે પણ ખોઈ બેસે છે તેથી આગળ ઉંચા ધોરણો શીખવવાનો કે બીજો કોઈ તેવો પ્રસંગ આવે ત્યારે ખોયેલા જ્ઞાનનો પસ્તાવો થાય છે. માટે સારા મહેતાજીએ એવો પ્રમાદ કદી રાખવો નહિ.

મહેતાજી અનુભવી હોવા જોઈએ. મહેતાજીનું કામ ઘણું ઝીણું અને ગુંચવણ ભરેલું છે. તેમાં અનેક યુક્તિઓનો ખપ છે. અનેક અડચણો આવી પડે છે. આ બધી અડચણો સમાધાનીથી ખસેડવી અને દરેક પ્રસંગે કાંઈ યુક્તિ શોધી કાઢી કુનેહથી ઉતરવું વગેરે બાબતોમાં મહેતાજીને ઘણા અનુભવની જરૂર છે. ઘણા વર્ષના અનુભવથી મહેતાજીને એ ગુણો તેને પ્રાપ્ત થાય છે. મહેતાજીને યોગ્ય બુદ્ધિ આવવા એટલે હોશીઆર મહેતાજી થવું, એ દરેક માણસની ઇચ્છાને સ્વાધીન નથી. એ કાંઈ વસ્ત્ર નથી કે ગમે તે માણસ પહેરી ઓઢી રહે, પણ એ રીતે યોગ્ય મહેતાજી થવાને તો પ્રથમ મહેતાજીએ પોતાના ધંધાનું જ્ઞાન મેળવવું જોઈએ. તે પછીથી તે મેળવેલા જ્ઞાનનો પોતાના ધંધામાં વિચારપૂર્વક અનુભવ કરવો જોઈએ અને એ અનુભવમાં દિન પ્રતિદિન પોતાના બુદ્ધિચાતુર્યથી અમુક નિયમો સકારણ સિદ્ધાંતો બાંધે ત્યારે તે સારો મહેતાજી થાય. પાછલા વખતમાં મહેતાજીએ જે અનુભવ મેળવેલો હોય તે આગલા વર્ષના મહેતાજીના મેળવવાના ગુણમાં વધારો કરે છે. ભૂમિતિની આગલી પ્રતિજ્ઞા જેમ પાછલી પ્રતિજ્ઞાના સંબંધે મજબૂત બને છે, અને ઘણીખરી વખત પાછલી પ્રતિજ્ઞા જાણ્યા સિવાય આગલી પ્રતિજ્ઞા સિદ્ધ થઈ શકતી નથી, તે ન્યાય મહેતાજીના અનુભવને ઘણે અંશે લાગુ પડે છે. અનુભવી મહેતાજીએ તે ધંધા સંબંધી ઘણી અડચણો ઓળંગેલી હોય છે, તેથી તે એવી અડચણો જલદી ખસેડી શકે છે. પોતે શીખવા કરતાં બીજાને શીખવવું, એ કામ ઘણું વધારે અઘરું છે. પોતે શીખેલા માણસો બીજાને સંતોષકારક રીતે શીખવી ન શકે એવા પણ કેટલાક દાખલાઓ છે. વળી બીજા ધંધાઓ સાથે મહેતાજીના ધંધાની સરખામણી કરતાં તેમાં ઘણો ભેદ જણાય છે. તે એ કે બીજા ધંધાવાળાઓનું કામ ઘણું કરીને જડ હોય છે પણ મહેતાજીને જેના ઉપર કામ કરવાનું છે તે, બાળકો ચૈતન્યવાળાં છે, માટે તેમને પોતાની મરજી પ્રમાણે વર્તાવવાને મહેતાજીને કેટલાક અનુભવથી તેમના સ્વભાવ જાણવાની ઘણી જરૂર છે, અને તેથી

આ પ્રમાણે અનુભવી મહેતાજી હશે, તો તે વહેલો ફ્તેહમંદ થશે; માટે મહેતાજીએ પોતાના ધંધાનું જ્ઞાન મેળવી, તે જ્ઞાનનો ઉમંગથી અનુભવ કરતા રહેવું જોઇએ.

મહેતાજી ઉમંગી જોઇએ–ઉમંગી મહેતાજી હોય તેજ પોતાના કામમાં આગળ પડે છે. સાધારણ રીતે " રોતો જાય તે મુવાની ખબર લાવે " એ કહેવત પ્રમાણે જે મહેતાજી પોતાના ઉદરપોષણને માટે પરાણે પરાણે મહેતાજીનું કામ કરે છે, અને જે " આ કામ મારૂંજ છે અને તે કોઇ પણ પ્રકારે મારે સારી રીતે પૂરૂં કરવુંજ જોઇએ." એમ સમજીને કરે છે, એ બે મહેતાજીઓના કામમાં ઘણો તફાવત હોય, એ દેખીતુંજ છે. અને તે પ્રમાણે ઉમંગી મહેતાજીનું કામ આગળ પડતું આપણે જોઇએ પણ છીએ. બાળકોને શીખવવાનું અને તેમાં પણ વિશેષ કરીને નાના બાળકોને શીખવવાનું કામ ઘણું ગુંચવણ ભરેલું છે અને તેમાં ઘણી યુક્તિઓનો અને મહેનતનો ખપ છે. તેથી જે મહેતાજીના કામમાં અનેક વાર નાસીપાસ થયાના પ્રસંગ આવે છે, તો તેવે પ્રસંગે એક નહિ તો બીજી એમ જુદી જુદી યુક્તિથી તે કામ પાર ઉતારવાને મહેતાજી ખાસ કરીને ઉમંગી હોવો જોઇએ. અને તેની પાછળ મહેનત લઇ મંડ્યા રહેવાની ટેવ મહેતાજીએ રાખવી જોઈએ. પોતાની શાળા આબાદ કરવામાં વાસ્તવિક અભિમાનવાળો પરંતુ પોતાના કર્ત્તવ્યના અભિમાન વગરનો હોવો જોઇએ ઉત્સાહી મહેતાજી હોય તેજ બાળકોને વાસ્તવિક કેળવણી આપી તેમને દુનિયાદારીના કામમાં ઉપયોગી કરે છે અને એવા મહેતાજીથીજ દેશને ફાયદો છે. મહેતાજીએ આબરૂ મેળવવાની ખાતર કે લોકોમાં મહેનતુ દેખાવાની ખાતર ઉમંગનો ડોળ કરવાનો નથી. પણ વાસ્તવિક રીતેજ આપણો ધર્મ છે અને તે આપણે તન અને મનથી યથાર્થરીતે બજાવવો જોઇએ, એમ અંતઃકરણમાં નક્કી કરી તેની પાછળ મંડવું જોઇએ. આ ફરજ જેના મનમાં દૃઢ થઈ ગઇ છે, તેવા ઉત્સાહી મહેતાજીને ઉપરીના રોકાણની આવશ્યકતાજ નથી. પરંતુ માણસ માત્ર ભૂલને પાત્ર છે. આ નિયમ લક્ષમાં લઇએ તો ખરૂં ધારીને કરવા જતાં પણ ભૂલ થવાનો સંભવ છે, તો તેવે વખતે તે ભૂલને સુધારી યોગ્ય રસ્તે ચઢાવવા મમતાળુ ઉપરીનીજ જરૂર છે. મહેતાજીએ એમ ન સમજવું જોઇએ કે હું ફક્ત ૭ કલાકનો સરકારનો નોકર છું અને તેટલી મુદત મારે કામ કરવું જોઈએ. પછી છોકરાઓને ન આવડે તો તેમાં હું કાંઇ દોષિત નથી. આવો વિચાર રાખવાથી કંઈ ફળ નથી પણ ઉમંગી મહેતાજીએ તો માન મળો કે ન મળો, નોકરી ૭ કલાકની થાઓ કે ચોવીસ કલાકની થાઓ પણ જે કામ આપણે માથે લીધું છે તે તો આપણે સિદ્ધ કરવું જોઇએ એમ જોવાનું છે. હાલના વખતમાં કેટલાક મહેતાજીઓ ઉપરીના ડરથીજ અથવા બીજા કોઇ માણસનુ દબાણ હોય ત્યાં સુધીજ તેઓ પોતાનું કામ યથાર્થ કરે છે અને પછી ઉપરીની ગેરહાજરીમાં ખળતા વાપરે છે. બધાજ મહેતાજી આવા છે એમ હું કહેતો નથી તેમ ધારતો નથી. પણ મારી કહેવાની મતલબ એવી છે કે, સારા મહેતાજી થવા ઇચ્છનારે આ પ્રમાણે કદી કરવું નહિ. જો આપણે મહેતાજીનું કામ કબુલ કર્યું છે, તો પછી એ આપણું હમેશનું કર્ત્તવ્ય છે, એમ સમજીને યથાર્થ રીતે ઉમંગથી કરવું જોઇએ. ઉપરી સાહેબનું દબાણ હોય ત્યારે માણસ કામ કરે એમાં નવાઇ નથી, પરંતુ વગર દબાણે પોતાની ફરજ સમજીને સદાકાળ પોતાનું કામ ઉમંગથી કર્યા જવું, એવો મહેતાજીનો મુખ્ય ધર્મ છે. મહેતાજીએ સમજવું જોઇએ, કે કરેલા કામનો લાભ મળ્યા વગર રહેતો નથી. બે દિવસ વહેલો મોડો મળે અને એક વખત કદાચ ઉપરી અધિકારી સાહેબના જાણવામાં ન આવે તોપણ હમેશાં કાંઇ તે પ્રમાણે થતું નથી, માટે ઉમંગી મહેતાજીએ તો એજ ચિંતવન કરતા રહેવું કે આ બાળકો જેઓના સુખ દુઃખનો જન્મારા સુધીનો આધાર આપણી

કેળવણી ઉપર રહેલો છે, તેઓનું વધારેમાં વધારે હિત આપણાથી શી રીતે કરી શકાય? એનો વિચાર કર્યા કરવો ને વિચાર કર્યા કરવો એટલુંજ બસ નથી પણ એવો રસ્તો હાથ કરવાને અનેક પ્રયત્નો કરવા જોઇએ, અને કાર્ય એ પ્રયત્ન વશ હોવાથી એવા ઉમંગી અને ઉદ્યોગી મહેતાજીને કેળવણીની નવી નવી યુક્તિઓ પણ મળી આવે છે અને તેથી એ વધારે ફતેહમંદ નીવડી આગળ પડે છે. મહેતાજીએ નિશાળને કેદખાનાની જગ્યા માનવી નહિ જોઇએ પણ એ નિશાળ આપણું નિરીક્ષણ સ્થળ છે અને તેમાં નિરીક્ષ્ય પદાર્થ બાળકો છે, તેથી તેના મનની અને સ્વભાવની બરાબર નિરીક્ષા કરીને તેઓ કયે રસ્તે અને કયા સાધનથી આપણા કામમાં સામેલ થઇ જશે, એ માટે એક પછી એક એમ અનેક યુક્તિઓ ઉમંગથી અજમાવવી જોઇએ, ત્યારે ઉંચર તેમાં ફળીભૂત થવાય છે. આ પ્રમાણે મહેતાજી ઉમંગી હોવા જોઇએ એન માટે જેટલું કહીએ તેટલું ઓછું છે. ઉમંગી મહેતાજી પોતાના કામમાં દિન પ્રતિદિન જુસ્સાથી આગળ વધે છે અને તે પ્રમાણે તેનું ફળ પણ તેને મળતું જાય છે. (અપૂર્ણ)

वाचन पुस्तकोनी नोंध.

થોડું એક પણ શાસ્ત્રીય જ્ઞાન મેળવ્યા પછી કોઇ પણ વિચારવાન્ માણસને તેનો ઉપયોગ કર્યા વગર રહેવું ગમતું નથી. જ્ઞાન ગમે તેટલું મેળવાય, પણ જ્યારે તે જ્ઞાનનો વર્તમાન સ્થિતિમાં ઉપયોગ થાય, ત્યારેજ તે જ્ઞાનથી સર્વને લાભ થાય છે. ઘણા જણ જ્ઞાન મેળવે છે, અને તેજ જ્ઞાનના પાઠ્ય પુસ્તકો પણ લખે છે, અગર તો વક્તા થઇ ભાષણ પણ કરી શકે છે, અને ખરેખર એ બધું અસરકારક રીતે પણ કરી શકે છે પરંતુ તેજ જ્ઞાની ઉપયોગ કરવા બેસતાં ઘણી વાર નાહિંમત થઇ જાય છે. તેનું કારણ એજ છે કે કોઇપણ જ્ઞાન મેળવવું કે સમજી જવું તેના કરતાં તેને ઉપયોગમાં મૂકવું, એ કામ વધારે મુશ્કેલ છે; ઇંગ્લંડના ઇતિહાસમાંથી પાર્લામેન્ટની ઉત્પત્તિ શી રીતે થઇ, તે જાણવું અગર સમજવું, એ થોડું મુશ્કેલ છે. પણ તેવાજ પ્રકારનું કામ પોતાના સંબંધમાં કરી બતાવવું એ વધારે મુશ્કેલ છે. શિક્ષણશાસ્ત્રનું અધ્યયન કરી જવું, કે તેના સૂત્રો સમજી જવા, એ થોડું મુશ્કેલ છે પણ તેનો આધુનિક બાળકોના શિક્ષણમાં ઉપયોગ કરવો, એ વધારે મુશ્કેલ છે. હવે ખરું જોતાં તો જ્યાં સુધી જ્ઞાનનો ઉપયોગ કરી શકે, તેટલી શક્તિ સુધી કોઇ પણ જ્ઞાનને જાણે નહીં ત્યાં સુધી તે અપૂર્ણજ છે એટલે એવો અપૂર્ણ તે જ્ઞાની કહેવાયજ નહીં, કારણ કે તે જ્ઞાનના એક પાસામાંજ ભમે છે અને તેમણે જ્ઞાનની ખરી કીમત અનુભવીજ નથી, કેમકે જ્ઞાનનું ખરું સુખ, તે જ્ઞાનના પુસ્તકો વાંચવા માત્રથી નહીં, પણ તેનો કર્તવ્યમાં ઉપયોગ કરવાથી મળે છે. જ્ઞાનની અદ્ભુત શક્તિનો અનુભવ પણ ત્યાંજ થાય છે અને જેમ જેમ કર્તવ્યમાં જ્ઞાનનો વધારે ઉપયોગ થતો જાય, તેમ તેમ જ્ઞાનમાંથી નવી નવી ખૂબીઓ અને નવું નવું સુખ મળતું જાય છે.

આવા વિચારોથી એવું કંઇક આરંભવા ઉત્કંઠા થઇ છે. જો કે હું જે કામ આરંભું છું, તે કોઇ પણ શિક્ષક વિચાર કરે તો કરી શકે તેવું છે, પણ ઘણા શિક્ષકોને અવકાશ મળતો નથી, અને ઘણાને તેમ કરતાં અડચણો આવી પડે છે તેટલા માટે મારાથી જે કંઇ થાય તે કરીને હું જ શિક્ષક બંધુઓની સમક્ષ મૂકું છું. જે શિક્ષક બંધુઓ એને વાંચવા

ની તરફી લેશે, વિચારશે, અને યોગ્યાયોગ્યતા તપાસી મને સૂધારો વધારો કરવા જણાવશે, તો હું ઘણા ઉપકારની સાથે કબૂલ કરીશ.

કામનો પ્રકાર જણાવું તો બીજો કંઇ નથી, પણ આપણાં ધોરણોમાં ચાલતાં વાંચન પુસ્તકોમાં કયી કયી બાબતો શીખવવાની છે, તે બધી બાબતો દરેક પાઠવાર સ્પષ્ટ કરી આપવી; બાબતોમાં આટલું આટલું કરવાનું છે, તેટલા બધા વિસ્તારથી નહીં પણ મુખ્ય સૂચક મુદ્દા બતાવી આપવા, કે જે પરથી કોઇપણ મહેનતુ શિક્ષક પોતાને શોધ કરવાના પ્રયાસ વગર માત્ર શીખવવાની હોંસથી સારી રીતે શીખવી શકે. ટૂંકામાં અને શિક્ષણપદ્ધતિની ભાષામાં કહું તો દરેક પાઠની સંક્ષિપ્ત નોંધ કરી આપવી.

દરેક પાઠની નોંધમાં નીચે પ્રમાણે હકીકત નીચે જણાવેલા હેતુને ખાતર આપવાની છે:—

૧. **પ્રદર્શન**—એટલે એ પાઠને સમજાવવા માટે જે કંઇ સાધન જોઇએ તે. પ્રદર્શનનો ખરો ઉપયોગ કરવો, એ શિક્ષકોના હાથમાં છે તોપણ મારે કહેવું જોઇએ, કે કોઇપણ પ્રદર્શન બાળકોની પાસે લાવવાથીજ બસ સમજવું નહીં આપણે જે ચીજ પ્રદર્શન તરીકે બતાવવા ઇચ્છીએ છીએ; તે ચીજ કેટલીક વાર બાળકોએ જોયલી હોય છે, અને કેટલીક વાર નથી જોયલી હોતી તોપણ તેને એકલી બતાવવાથીજ બસ નથી. બતાવેલી ચીજ ઉપર શિક્ષકના તરફથી પાડવામાં આવેલી હકીકત ઉપરાંત પુષ્કળ વિવેચન થવું જોઇએ, કે જેથી બાળકોને તેમાં કંઇક રસ પડે. વળી કેટલીક ચીજ એવી હોય છે, કે જેને ઘણીવાર બાળકોએ જોયલી હોય છે, અને તેથી ' તેમાં શું બતાવવું ' એમ ઘણીવાર આપણને આળસ થઇ જાય છે. પણ એ ભૂલ છે. જે ચીજ બાળકે જોઈ છે, તે તેમાં અમુક જોવા જેવું છે એવી દૃષ્ટિથી જોઇ નથી; પણ માત્ર સામાન્ય દૃષ્ટિથી જોઇ છે જેથી પ્રદર્શન વખતે તો ખાસ વિશેષ દૃષ્ટિથી અને જે લક્ષણને માટે તે ચીજને પ્રદર્શનમાં લાવવામાં આવી હોય, તે લક્ષણ તેના લક્ષમાં આવે તેવી રીતે જોવરાવવી જોઇએ.

૨. **નવા શબ્દો**—એટલે એ પાઠમાં જે શબ્દો બાળકોના જૂના જ્ઞાન કરતાં વધારે આપ્યા હોય તે જૂના શબ્દોનું જ્ઞાન થઇ ગયેલું હોવાથી આ નવા શબ્દોનું સ્પષ્ટ જ્ઞાન આપવાની જરૂર છે. આમાં પણ ધ્યાનમાં રાખવાનું છે કે નવા શબ્દને બદલે બીજા કોઇ જૂના શબ્દ આપી દેવાથી તે શબ્દનું સ્પષ્ટ જ્ઞાન થઇ જતું નથી. વળી દીલગીરીની સાથે મારે નોંધ લેવી પડે છે કે ઘણીવાર તો પ્રચલિત પધ્ધતિમાં નવા શબ્દોના અર્થ આપતાં નવાને બદલે જૂના તો રહ્યા, પણ પાછા નવાજ આપવામાં આવે છે. આથી અર્થની સમજ જરા પણ ન આવતાં પરિણામે બાળકોનાં સમજ વગરના શબ્દોનું ભંડોળ એકઠું થાય છે. તેટલા માટે ખરો અર્થ સમજાવતાં તો તે શબ્દનો બીજાં વાકયો સાથે આગળ પાછળ સંબંધ બતાવી કેટલીક સમજણની હકીકત બાળકના મનપર લાવવી જોઇએ, અને કેટલાક દાખલા આપી તથા તેઓની પાસેથી લઈ તેને ખૂબ દૃઢાવવું જોઇએ.

કોઈ એમ શંકા કરે કે દરેક શબ્દનું એટલું બધું સ્પષ્ટ જ્ઞાન આપતાં તો આખા વરસમાં એક પણ ચોપડી પૂરી થાય નહીં, પણ મારા ધારવા પ્રમાણે તો આ શંકા અનુભવ વગરની છે. કારણ કે દરેક શબ્દનું મૂળથીજ જો સ્પષ્ટ જ્ઞાન અપાતું હોય, તો પ્રથમ કદાચ વધારે મહેનત પડે; પણ પાછળથી એટલું બધું સરળ કામ ચાલે કે જેમાં મહેનત થોડી અને આનંદ વધારે થાય. તેના કરતાં તમામ શબ્દોનું પોપટીઉં જ્ઞાન આપવાથી આપણને પ્રથમ કદાચ ઓછી મહેનત પડે; પણ બાળકોને તો એટલી બધી અને આપ-

બાને પણ પાઠ ઝાંખી—પરીક્ષામાં સારું પરિણામ લાવવા માટે—એટલી બધી મહેનત પડે, કે જેમાં વિચાર સિવાય બીજું પરિણામ અનુભવાય નહીં. વળી જે કોઇએ પ્રથમથીજ દરેક શબ્દનું સ્પષ્ટ જ્ઞાન આપવાનો અનુભવ કર્યો હશે, તેમને નાના અનુભવ એમ પણ માલૂમ પડ્યું હશે, કે છઠ્ઠી ચોપડીના શબ્દનું સ્પષ્ટ જ્ઞાન આપવાથી પ છઠ્ઠાથી સાતમી ચોપડીમાં આવ નવા શબ્દોજ શીખવાના બાકી રહે છે, "પણ ચોપડીઓ જ્ઞાન આપવાથી છઠ્ઠી ચોપડીમાં આવેલા ગયેલા શબ્દો પણ સાતમી ચોપડીમાં ફરી ગોખાવવા પડે છે " અને તેમજ દરેક ચોપડીમાં પાછળી ચોપડી વખતે જે સ્પષ્ટ જ્ઞાન માટે બહુ મહેનત કરી હોય છે, તે નકામી જતી નથી, પરંતુ ગોખણપટ્ટી મહેનત તદ્દન નકામી જાય છે વળી આ સ્પષ્ટ જ્ઞાન શીખવતા આ રીતે જ્ઞાનને મેળવનારા છોકરાઓના રસિક સવાલોના જવાબ આપતાં જે આનન્દ થાય છે તે તો જુદોજ. વિચાર ખુબીથી શબ્દનું જ્ઞાન આપનારને બીજો એક મોટો લાભ થાય છે, તે તો કદાચ થોડાનાજ લક્ષમાં હશે. સર્વ વિદ્વાન કબુલ કરે છે કે દરેક મનુષ્યે ભાષા સારી રીતે સમજવી જોઇએ; અને જે કોઇ ભાષાને પણ બરોબર સમજતો નથી, તેને મનુષ્ય તરીકે પણ ગણી શકાય નહીં, કારણ કે ભાષા એ સર્વ પ્રકારના વિચાર અને શાસ્ત્રને સમજાવનારી છે આ જે ભાષા—તેની શરૂઆત આપણાં વાચન પુસ્તકોથી થાય છે અને તેટલા માટે શરૂઆતથીજ તેને બાળક વિશેષ સમજે, તો તે તેને જીંદગી પર્યંત લાભકારક છે કોઇ પણ સારો શિક્ષક બાળકનો આ જીંદગી પર્યંતનો સંગીન લાભ કદાપિ ચૂકશે નહીં અને તેમ છતાં કોઇ સ્વાર્થનોજ વિચાર કરે તો તેને પણ ભાષાનું સ્પષ્ટ જ્ઞાન આપવું, એ નિરુપયોગી નહીં લાગે, કારણ કે ભાષાને બરાબર સમજનારો વિદ્યાર્થી બીજાં પણ પુસ્તકો—ગણિત—વ્યાકરણ—ઇતિહાસ—વગેરે ઘણી સારી રીતે સમજી શકે છે તેથી હાલનું ચોપડીઓ જ્ઞાન આપતાં જે વાચન ચોપડીઓના શબ્દો ગોખાવવાના સાથે ગણિતના આંતરાં (લીટીવાર) દાખલા બહુ સમજાવવા પડે છે, અને વ્યાકરણ તો ઘણી માથાકૂટ કરતાં છતાં પણ છોકરાઓ કલમોના કલમો ગોખ્યાજ જાય છે; અને તેમજ બીજાનાં પણ વિષયોને જે સમજાવવાની પુષ્કળ મહેનત કરવી પડે છે, તે તમામ બચે માટે પ્રથમથીજ સ્પષ્ટ જ્ઞાન આપવું, એ યોગ્ય તેમજ બાળકોને અને શિક્ષકોને પણ લાભકારક છે.

ઉપર જણાવેલા નવા શબ્દોમાં પણ પાછા બે વિભાગ પડે છે એક અર્થ સમજાવવા લાયક નવા શબ્દો અને બીજા જોડણી સમજાવવા લાયક નવા શબ્દો. ઘણાખરા શબ્દ એવા પણ નીકળશે કે જેમાં એ બન્ને કામ કરવાનાં હોય, પણ ચોક્કસ અમુક કામ કરવા જેવા પણ નીકળશે, તેથી તેને જુદા જુદા પેટામાં બતાવેલા છે જે શબ્દો જોડણી કરાવવા લાયક લખેલા હોય; તેની જોડણી સબંધે એ પાઠ વખતે વિવેચન કરી તે જોડણી બાળકના ધ્યાનમાં રહે તેમ કરવું જોઇએ

૩ સવાલો.—આખા પાઠની સમજણ પુછવાને માટે છેવટ કેટલાકએક સવાલો મોકલવામાં આવ્યા છે બનતા સુધી સવાલો એટલા મોકલ્યા છે, કે જે છોકરો એ બધા સવાલના જવાબ આપી શકે, તે ઘણું કરીને આખો પાઠ સમજ્યો હોય.

હવે એક વાત કહેવાની રહે છે, કે કોઇ એમ કહે કે આ લેખમાં સવાલો અને શબ્દો આપવામાં આવ્યા છે, પણ તેના જવાબો કે સમજણી આપેલી નથી, માટે તે નિરૂપયોગી છે. તો તેનો જવાબ એ છે કે આ લેખ શિક્ષકોને માટે છે, બાળકોને માટે નથી. મારો વિચાર આ લેખ બાળકના હાથમાં આપીને તેને કકડાટ મોઢે કરવાનો નથી પણ મારા શિ-

ક્ષકબંધુઓ પોતાને અવકાશના અભાવે દરેક પાઠ શીખવતી વખતે જે નોંધ કરી શકતા નથી, તે કંઇક મારાથી થાય તેવી રીતે કરી આપવાનો છે.

પ્રથમ આ પ્રકારની નોંધ હું છઠ્ઠી ચોપડીથી શરૂ કરૂં છું. આથી કોઇએ એમ ન ધારવું, કે છઠ્ઠી ચોપડી શીખવવાના પ્રથમ ક્રમને લાયક છે, અગર તો સરળ છે. માત્ર મારી સરળતાની ખાતર-મારી સ્થિતિને અનુકૂળ હોવાથી હું છઠ્ઠીથી શરૂઆત કરૂં છું.

(અપૂર્ણ.)

ચર્ચાપત્રોના ખુલાસા.

વૈશાખ માસમાં આપેલાં ચર્ચાપત્રોના ખુલાસા નીચે લખેલા ગૃહસ્થો તરફથી મળ્યા છેઃ—

૧. હરગોવિંદ હાથીભાઈ બારોટ—ઉભરાટ તા. નવસારીની શાળાના મહેતાજી.
૨. નર્મદાશંકર માણેકલાલ —કુંવરવાડા તા. ડભોઇના મહેતાજી.
૩. મોહનજી ગોકળદાસ ગઢીયા—દેવળિયા તા. અમરેલીના મહેતાજી.
૪. માધવરાવ નારાયણરાવ—ખરકાલ શાળાના વિદ્યાર્થી.
૫. મણિલાલ બકોરભાઈ—માંડવાના મહેતાજી.

ઉપરના ગૃહસ્થોએ મોકલેલા ખુલાસાઓ જો કે લગભગ સરખા અને ઠીક છે તથાપિ કેટલાક અતિશય વિસ્તારવાળા હોવાથી અત્રે આપી શકતા નથી. રા. મણિલાલ બકોરભાઈએ સંક્ષેપમાં આપેલા ખુલાસા દાખલ કર્યા છેઃ—

૧

૧ અનંગપાળ કુંવરને એમ લખ્યુ છે, તેને ઠેકાણે અનંગપાળ તુંવારને એમ જોઇએ. રજપુત કુળની તુંવાર નામે એક શાખા છે. રજપુતોમાં માના પીયેરના કોઈપણ સંબંધીની કન્યા લેવાનો ચાલ અદ્યાપિ પર્યંત છે.

૨ યદ્યપિ પૃથુરાયના મરણ સંબંધે જુદા જુદા લેખોમાં જુદું જુદું છે, પરંતુ બળવાન શત્રુને જીવતો રહેવા દીધાથી અનેક પ્રકારે ભય ઉપજવાનો સંભવ જાણી ક્રૂર શાહાબુદ્દીને પૃથુરાયને કતલ કરાવ્યો એમ માનવું વધારે સંભવિત છે.

૨ ઇ. સ ના અગિયારમા સૈકામાં મરણ પામેલા માણસનો ભ્રમ પંદરમા સૈકામાં કોઇ ગળતા નામના કારણને લીધેજ થાય એ હાંસીજનક છે.

૩ ચંદના રાસામાં " શાહાબુદીનને પૃથુરાયે તીર માર્યું ને પછી ચંદ તથા પૃથુરાય અન્યો અન્ય કપાઇ મુવા " એમ છે; પરંતુ ઘણા લેખોથી એમ માનવાને કારણ છે કે ભરતખંડ જીત્યા પછી શાહાબુદ્દીન સ્વદેશ ગયો અને પોતાના ભાઈના મરણથી શાહાબુદીન પાદશાહ થયો. એટલે શાહાબુદ્દીનને પૃથુરાયે માર્યો એમ માની શકાય નહિ.

૨

૧ હિસાબ ગણનારની ભૂલથી તેવું ગણી જવાબ લખાયલો હોવો જોઇએ.
૨ બન્ને શબ્દો એકજ અર્થના છે.
૩ ઝને બદલે " ચ " ભૂલથી મૂકાયલો હોવો જોઇએ.
૪ નિરર્થક જેવો છે.
૫ ગ્રંથકારને લખો.

(અપૂર્ણ.)

દેશી કેળવણી ખાતાની શાળાઓમાં લાઇબ્રેરીમાં રાખવા સારૂ નીચે જણાવેલાં મરાઠી પુસ્તકો મંજુર કરવામાં આવે છે.

અનુક્રમ નંબર	પુસ્તકનું નામ	કર્તા અથવા પ્રકાશકર્તા	કિંમત રૂ	આ	પૈ	વિશેષ હકીકત
२२८	औरंगजेब बादशाहचें चरित्र पूर्वार्ध	चिंतामण गंगाधर	१	८	०	
	सदर उत्तरार्ध	सदर				
२२९	डॉ बेनजामिन फ्रैंकलिनचें चरित्र	गोविंद नारायण टीपणीस	१	४	०	
२३०	निबंध मार्गदर्शी भा १	रघुनाथ बळवंत धुळे	०	१	६	
२३१	मराठी विद्या	नारायण हरी पनकी बडगाव	०	८	०	
२३२	श्रीमती देवी अहल्याबाई साहेब होळकर यांचे चरित्र	गणेश एकनाथ गोसावी रसलपूर जीला बेळगाव	०	१२	०	
२३३	कन्या शिक्षण	रा. गणपत बाळकृष्ण परब अने वडोदरा राज्यपुरा	०	६	०	
२३४	स मराठी चौथे कम्पटांना पु नि	कृष्णा नाना पद्मजी मुंबई मोरेश्वर ची भी कर धनकर वडोदरा	०	८	०	
२३५	स " बोलण्यास पुढीले	सदर	०	५	०	
२३६	धनशक्तीची मोहीम	दामोदर सावळेराम वडोदरा राज्यपुरा	३	८	०	
२३७	मन चरित्रें	महादेव अमाजी	०	१३	०	हे. वडोदरा वाडी गोविंदबाला पारे
२३८	हिंदुस्थानातील एतद्देशीय विद्यमान राजे संस्थाने व जहागिरी यांचा इतिहास पूर्वार्ध	कृष्णाजी बाळाजी गोडबोले व कुरंदकर	२	०	०	
२३९	श्रीरमती	दामोदर सावळेराम अने कंपनी वडोदरा राज्यपुरा	१	०	०	
२४०	ऋणनिषेध	लाड आणि कंपनी वडोदरा राज्यपुरा	०	६	०	
२४१	अर्थशास्त्र	दामोदर सावळेराम वडोदरा राज्यपुरा.	१	८	०	
२४२	पुष्पगुच्छ	मोरो गणेश लेले.	०	१	६	नागाव तालुका अंतर्गत जाला कोल्हापूर मराठी शाळाना शिक्षक.
२४३	ऐतिहासिक गोष्टी	सदर	०	१	०	
२४४	गणित आणि उपयोग	"	०	५	६	
२४५	उपदेशमाळ ३	"	०	१	६	

२४६	समाज सुधारणाचे कित्येक बाजु.	रा. राजे वडोदरा प्रांत सुवा ऑफीस.	१	०	०	प्रसिद्ध करनार खले आणि कपनी. वडोदरा.
२४७	समश्लोकी भगवद्गीता.	बाबाजी अनंत प्रभु तेंडुलकर मुंबई गीरगाव.	१	४	०	गणेश रामजींची वाडी हरीवरदा प्रीन्टींग प्रेसचे मालक.
२४८	स्त्रीयांचें कर्तव्य.	मि. नारायण भास्कर तथा बावण बापु कोरगांवकर.	१	८	०	ट्रान्सलेटर. हाइकोर्ट मुंबई.
२४९	इसापनीति भा. २	हरी कृष्ण दामले. पुना.	०	४	०	
२५०	उपदेशपर मनोरंजक गोष्टी भा. १–२	गणेश विष्णु साटे.	० ०	० १	९ ६	क्लार्क. डि. ओ प. इ. पुणा.
२५१	पदार्थ वर्णन भा. १.	बाळाजी प्रभाकर मोडक.	१	०	०	कोल्हापुर राजाराम कोलेजमां शास्त्री.
२५२	चीनचा इतिहास भा. १.	रामचंद्र महादेव तर्टे इदोर	०	८	०	
२५३	निबंध लेखनचर्चा.	दामोदर सावळेराम वडोदरा रावपुरा	०	४	०	
२५४	प्राचीन भरतभुमी.	गोविंदराव अमृत वैद्य. चर्हीवटदार.	१	८	०	
२५५	निबंधमार्गदर्शी.	रघुनाथ बळवंत घाटपाडे. धुळे. खोलगली.	०	३	०	
२५६	एकईलभाटि.	श्रीधर भीकाजी गोखले.	०	१	६	स्कुलमास्तर नेंवरे जिल्हे रत्नागीरी.
२५७	गुजरात देशनो इतिहास.	तुकाराम जावजी निर्णयसागरना अधिपति मुंबई.	१	४	०	
२५८	मराठ्यांचा पत्रबंध इति०	जनार्दन महादेव गुर्जर. बुकसेलर रामवाडी मुंबई.	०	७	०	
२५९	शाळागुरुमंत्र.	गोविंद दामोदर दीक्षीत. हे. मा. मराठीस्कुल धारवाड.	०	१	६	
२६०	नशीब आणि उद्योग.	तुकाराम जावजी निर्णयसागर प्रेसना अधिपति. मुंबई.	०	४	६	
२६१	वीणकामाचें पुस्तक.	महेरच बाई अब्राहाम मुंबाई फोकलेंड टेरेस ताडदेव.	०	८	०	कन्याशाळामां.
२६२	लोकरीचें वीणकाम भा. २.	रक्मिणीबाई संझगीरी.	१	०	०	सदर.
२६३	आरोग्यशास्त्र भा. १.	बालाजी प्रभाकर मोडक. कोल्हापुर. राजाराम कालेजमां शास्त्री.	१	०	०	
२६४	सदर भा. २.	”	१	८	०	
२६५	नीतिशास्त्रनां मुळतत्व.	वासुदेव गणेश सहस्रबुद्धे.	०	१०	०	ठे मुंबई. गीरगाम; गोरगावकर बील्डींग २२.
२६६	शिक्षणमिमांसा.	सदर.	१	४	०	”

J. A. DALAL.
विद्याधिकारी.

વરહુકમ નંબર ૭૦

આ રાજ્યની ઊર્દુ શાળાઓને માટે ફી કરેલી ન હોવાથી તે મુકરર થવા માટે હજુરમાં ટીપણ નં. ૮૮ તા ૫-૯-૯૮ નું રજુ કરવામાં આવેલું, તે ઉપર શ્રીમંત સરકાર મહારાજા સાહેબની હજુરથી હુકમ નં ૭૭ તા. ૧૯-૫-૯૮ નો થયો છે તે આધારે જ ણાવવાનું કે—સરકારી, ગુજરાતી તથા મરાઠી છોકરાઓની શાળાઓ માટે જે ફી મંજુર થએલ છે તે ફી ઊર્દુ છોકરાઓની શાળાઓને તા ૧ જુલાઈ સને ૧૮૯૮ થી લાગુ કરવામાં આવ્યા છે. કેટલીક જમાઓ ફી ના રદ એક વર્ષ લગી રાખવાની છે તે બાબત પ્રાંતોના ર. રા. એજ્યુ ઇન્સ્પેક્ટર સાહેબ તરફ લખવામાં આવ્યું છે. અમલ તેમના તરફથી જે પ્રમાણે લખાણ આવે તેને અનુસરીને શાળાના શિક્ષકોએ અમલ કરવાનો છે. તા. ૧૫ જુન સને ૧૮૯૮

J A DALAL

દામોદર. વિદ્યાધિકારી

વરહુકમ નં. ૭૧.

એક શાળાના મહેતાજીએ દીન જતની કેજ્યુઅલ રજાની માગણી કરી પરંતુ વધારે રજા ભોગવવાના ઈરાદે અહર દીન [illegible] ની તથા વધારે દિવસ ગેરહાજરીથી ગેરહાજર રહેલા તે દિવસોની પણ હાજરીપત્રકમાં ખોટી હાજરી પુરી તથા પોતાનો ગુન્હો છુપાવવા માટે કાગળોમાં ખોટી [illegible] નાખી આ બાબત તપાસ થતાં મેહેતાજી ગુન્હેગાર માલમ પડવાથી તેમની કસુર [illegible] તેમની નોકરી [illegible] ઉપર નજર રાખી હાલ તેમને મેહેતાજીના (રૂ. ૧૮) અસલની જગા ઉપરથી રૂ ૧૦) આસરની આસિસ્ટંટની જગા ઉપર ઉતારી મુકવામાં આવ્યા છે તથા તેમના આસિસ્ટંટ રોજ મેહેતાજીની ગેરહાજરી ખોટી પુરવાની આ [illegible] તે કારણે આસિસ્ટંટનો એક એક માસનો પગાર દંડ કરવામાં આવ્યો છે. અમલ આથી સુચવવાનું કે મેહેતા તરફથી આવો ગુન્હો થશે તો તેમને સખ્ત શિક્ષા થશે તા. ૧૮ જુન સન ૧૮૯૮ નું વડોદરા

J. A DALAL.

દામોદર વિદ્યાધિકારી.

વરહુકમ નંબર ૭૨.

આ ખાતાના રૂ ૧૦) ના કમી પગારના ઉપશિક્ષકોને એક વર્ષમાં વીસ દિવસની કેજ્યુઅલ રજા મળે છે તે ઉપરાંત વધારે મરજની રજા નિયમ બીજાનો કલમ ૭ પર મુ- જબ અર્ધ પગાર કપાતે આપવામાં આવે છે. પુરા પગારે વધારે દિવસની રજા આપવાની બાબતમાં હજુરમાં ટીપણ નં. ૩૫ તા ૨૦-૧૧-૯૭ નું રજુ કરવામાં આવેલું તે ઉપર શ્રીમંત સરકાર મહારાજા સાહેબની હજુરથી હજુર હુકમ નંબર ૪૭ તા ૧૪-૬-૯૮ નો હુકમ થયો તે આધારે લખવાનું કે—

૧ આ ખાતાના રૂ ૧૦) ની અંદરના પગારના ઉપશિક્ષકોને એક વર્ષમાં વીસ દિવસની કેજ્યુઅલ રજા મળે છે તેને બદલે હવેથી ત્રીસ દિવસની રજા પુરા પગારે મળશે આ રજાનું નામ "દેશી કેળવણીખાતાના નીચલા નોકરોની રજા" એવું રાખવામાં આવેલું છે.

૨ આ રજા એકી વખતે પંદર દિવસ સુધીની આપી શકાશે.

૩ કેજ્યુઅલ રજા આપવાને બીજા જે જે નિયમ છે તે આ રજાને લાગુ સમજવા.

૪ આવા નોકરોને આજસુધી કેજ્યુઅલ રજા આપવાનો જેમને અધિકાર છે તેમણે આ વટહુકમને આધારે રજા આપવાની છે; એટલે શાળાના મુખ્ય મહેતાજીઓ દસ દિવસ સુધીની રજા એકી વખતે આપતા તે હવે જરૂર પડે વધારેમાં વધારે એકી વખતે પંદર દિવસ સુધી આપી શકે. આવી રજા એક વર્ષમાં ત્રીસ દિવસ કરતાં જાદે થવી ન જોઈએ.

૫ નિબંધ ભાગ ૨ જાની કલમ ૩૫૨ માં " વીસ દિવસની કેજ્યુઅલ રજા " એવા શબ્દો છે તેને બદલે " ત્રીસ દિવસની રજા " એવા શબ્દો દાખલ કરી તે કલમનો અમલ કરવો.

ઉપર પ્રમાણેનો અમલ તા. ૧ અગષ્ટ સને ૧૮૯૮થી કરવો તા. ૨૪ જુન સને ૧૮૯૮.

J. A. DALAL,

દામોદર. વિદ્યાધિકારી.

વટહુકમ નં. ૭૪.

શાળાઓના કેટલાક શિક્ષકો જેમને વ્યાકરણનો વિષય શીખવવાનો હોય છે; તેમને પોતાનેજ વ્યાકરણ ખબર હોતું નથી. અને તેનું વાસ્તવિક કારણ એટલુંજ જણાય છે કે આજ સુધી વ્યાકરણના પેટા વિષયમાં પાસ થવાની આવશ્યકતા નહોતી અને તેથી વ્યાકરણનો એક અક્ષર જાણ્યા વગર પણ છઠ્ઠા ધોરણમાં પાસ થઈને કેટલાક નોકરી ઉપર લાગી ગયેલા છે. આવું તેમના પોતાના કહેવાથી, તેમજ પરીક્ષક અધિકારીઓના કહેવાથી જણાય છે. તો હવે એ વિષે શો બંદોબસ્ત કરવો તે માટે બધા પરીક્ષક અધિકારીઓના અભિપ્રાય મંગાવી નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવે છે.

૧. દરેક શાળામાં જે જે શિક્ષકો વ્યાકરણ ન જાણતા હોય તેમણે મુખ્ય મહેતાજીને તે વાત જાહેર કરવી તથા મુખ્ય મહેતાજીએ તે ઉપરથી વ્યાકરણનો વિષય યોગ્ય મુદતમાં સારી રીતે થઈ શકે એવો તેમની જોડે બંદોબસ્ત કરવો. પરીક્ષક અધિકારીઓનો એવો મત છે કે દર અઠવાડીએ જે જે શાળામાં જ્ઞાનવર્ધક સભા ભરાય છે, તેમાંજ કેટલીક મુદત સુધી આ વિષય ઉપર ભાષણ, સમજણ તથા ચર્ચા ચાલશે તો સારો ફાયદો થશે.

૨. જ્યાં આ પ્રમાણે ઉપરી શિક્ષકની સવડ ન હોય ત્યાંના મહેતાજીએ સવડ પ્રમાણે બંદોબસ્ત કરી લેવો તેમ પ્રાંતના રા. બા. એજ્યુ. ઇન્સ્પેક્ટર સાહેબે કોઈ મોટી શાળામાં તેની બદલી બીજી અડચણ વગર થઈ શકતી હોય તો તે પ્રમાણે બંદોબસ્ત કરી આપવો. છતાં એ ઉપરાંત કોઇ તેવા મહેતાજીની સૂચના આવશે તો તેને માટે બનતા સુધી વિશેષ બંદોબસ્ત કરી આપવામાં આવશે.

૩. આવતી સાલની પરીક્ષા વખતે દરેક શાળામાં પરીક્ષક અધિકારીએ ખાત્રી કરવી કે જે જે વર્ગમાં વ્યાકરણ શિખવાય છે તે તે વર્ગના શિક્ષકો પાસે એ પેટાવિષયમાં પાસ થવાનું સર્ટિફીકેટ છે કે નહીં અથવા તેઓએ વ્યાકરણનું સારું જ્ઞાન મેળવેલાનું શાળાના મુખ્ય મહેતાજીની સહીનું સર્ટિફિકેટ છે કે નહિ. જો આવું એક સર્ટિફિકેટ ન હોય તો પરીક્ષક અધિકારીએ પોતાની ખાત્રી માટે તેની ટુંકામાં વ્યાકરણની પરીક્ષા કરી જોવી અને તેનો તેને દાખલો આપવો.

૪ કોઈ પણ વર્ગની પરીક્ષા લેતાં વ્યાકરણના વિષયમાં છોકરાઓ સારું જ્ઞાન ન બતાવે અને શિક્ષકના જ્ઞાન બાબત શક જેવું લાગે તો ઉપરના ધોરણમાં ચઢાવ્યાં છતાં પણ પરીક્ષક અધિકારીએ તેની પરીક્ષા લેવી અને એ વિષયનું તેને જ્ઞાન ન જણાય તો તે વિભાગ તરફ લખાણ કરવું. આ જ્ઞાન ઊંચા ધોરણમાં શાસ્ત્રીય અગર સંપૂર્ણ હોવાની જરૂર નથી, પરંતુ સાધારણ રીતે છઠ્ઠા ધોરણ સુધી શીખવી શકે એટલું હોવું જોઈએ.

૫. વ્યાકરણ ન જાણવાથી જે શિક્ષક શીખવી ન શકે એવા જાહેર કરવામાં આવશે, તેમની બદલી જે ધોરણમાં વ્યાકરણ નહીં આવતું હશે તેવા ધોરણમાં કરવામાં આવશે અને જ્યાં સુધી તે વિષયનો [illegible] દાખવતાં ન બતાવે ત્યાં સુધી તેને ઉપલા ધોરણ માટે નાલાયક ગણવામાં આવશે.

ઉપર પ્રમાણે ધોરણસર અમલ આ હુકમ પહોંચ્યા બાદ લાગતા વળગતા તરફથી થવો જોઈએ. તા. ૨૭ જુન સન ૧૮૯૮

J A DALAL.
વિદ્યાધિકારી.

ઘરહુકમ નંબર ૭૫.

આ ખાતાની કન્યાશાળાઓ માટે હાલની સ્કૂલ કમિટીઓ તા. ૧-૮-૯૮ થી બંધ કરવાનો અને હવે પછી કન્યાશાળાઓના નવીન [illegible] તેમ માટે આવી કમિટીઓ નહીં નીમવાનો ઠરાવ નંબર ૩૬૨ તારીખ ૬-૭-૯૮ નો કરવામાં આવ્યો છે, સબબ લાગતાવળગતાઓએ તે મુજબ તજવીજ કરવી, અને જ્યાં સ્કૂલ કમિટીઓ હોય ત્યાંની કન્યાશાળાના મહેતાજી અગર હેડમિસ્ટ્રેસે આ બાબત કમિટીના દરેક મેમ્બરને લખી સૂચના આપી દેવી.

કન્યાશાળાઓ માટે સ્કૂલ કમિટી બંધ થવાથી નિબંધ ૨ જાની કલમ ૪૫૬-૪૫૭ માં નીચે પ્રમાણે ફેરફાર કરી તે મુજબ જેમને તેમણે અમલ કરવો —

કલમ ૪૫૬ માં—પહેલી લીટીમાં 'નિશાળ ઉપર સામાન્ય દેખરેખ રાખવી' ઇત્યાદિ તેને બદલે 'છોકરાઓની નિશાળ ઉપર સામાન્ય દેખરેખ રાખવી' એ પ્રમાણે લખવું.

કલમ ૪૫૭ ઈ માં—'મહેતાજીએ કમિટીના સભ્ય મેમ્બરોનો લેખી અભિપ્રાય લેવો' તેની પછી નીચે પ્રમાણે ઉમેરવું 'કન્યાશાળાઓ માટે તે ગામે ગુજરાતી શાળા હોય તેના મહેતાજી કે હેડ માસ્તરનો લેખી અભિપ્રાય લેવો'

ફ 'કમિટીના એક કે વધારે મેમ્બરની સમક્ષ આપી પત્રકમાં તેમની સહી કરાવવી.' તેની પછી નીચે પ્રમાણે ઉમેરવું —

'કન્યાશાળા માટે તે ગામે ગુજરાતી શાળા હોય તેના મહેતાજી કે હેડમાસ્તરની સમક્ષ સામાન આપી પત્રકમાં તેમની સહી કરાવવી'

આ કલમમાં જણાવેલા કામ બદલ ઉપરના ફેરફાર મુજબ તારીખ ૧-૮-૯૮ થી તજવીજ રાખવાની છે. તારીખ ૬ જુલાઈ સને ૧૮૯૮.

J. A. DALAL.
વિદ્યાધિકારી

પરહુકમ નંબર ૯૩.

વડોદરા દેશી કેળવણીખાતાના સુધારા વધારાની સૂચના કરવા નિમાયલી કમિટીના રીપોર્ટ ભાગ ૧ લામાં કલમ ૨૦૨ ની પેટા કલમ ૩ માં જણાવેલું છે કે સંગ્રહસ્થાનની ચીજો ગોઠવવામાં કંઈ નિયમ રાખવામાં આવતો નથી એટલે જોઈતી ચીજો કાઢવાને ઘણી અડચણ પડે છે. આ બાબતનો નિકાલ મે. ખા. બા. કેરશાસપજી સાહેબ તરફથી યાદી નં. ૧૯૩ તા. ૨૯-૪-૯૫ થી થયો છે તેમાં જણાવેલું છે કે સંગ્રહસ્થાનમાં કયી કયી ચીજો રાખવી તેની યાદી તૈયાર કરાવી તે ચીજો જથાવાર ગોઠવવાની તજવીજ થવી જોઇએ.

આ ઉપરથી ગુજરાતી, મરાઠી તથા ઉર્દુ શાળાઓ માટે ચાલતી વાંચનમાળામાં આવતી ચીજો જે સાધારણ રીતે બહાર છોકરાંઓના જોવામાં આવતી નથી તેવી જરૂરની ચીજો તથા પ્રાણીઓનાં ચિત્ર કે નમુના પસંદ કરી તેમને જથ્થાવાર ગોઠવી મોકલવા વડોદરા જ્ઞાનવર્ધક સભા તરફ લખતાં આ સાથેની યાદ પ્રમાણે ચીજો તથા નમુના ગુજરાતી, મરાઠી તથા ઉર્દુ શાળાઓ માટે જૂદા જૂદા પસંદ થઇ આવ્યા છે. સબબ દરેક શાળાના મુખ્ય શિક્ષકે એ જથ્થાને અનુસરીને જથ્થાવાર નામ નમુના નંબર ૨૪ ના પત્રકમાં લખવાનો રીવાજ રાખવો તથા ચીજો પણ જથ્થાવાર ગોઠવી રાખવી. તા. ૨૭ જુન સને ૧૮૯૮ મુકામ વડોદરા.

J. A. DALAL
વિદ્યાધિકારી.

मराठी शाळाओ माटे.

जथा १-लष्करी वाजा, वीणा, सारंगी, घड्याळ, सूक्ष्मदर्शक यंत्र, दुर्बीन, तस्वीर, वायुभारमापक यंत्र, उष्णतामापक यंत्र, वाफ्याची पेटी, आरसा, वाफेचे यंत्र, शींग, हंडी, ग्लास, पर्जन्यमापक यंत्र, होका यंत्र, दोन ओंसाचा काचेचा चंबु, काचेची नळी एक वार, हंडी रसायनांत उपयोगी पडेल अशी, काचेचा खलबत्ता, वायु धरण्याची काचेची नळी, हैड्रोजन काढण्या साठीं काचेचा चंबु, वाटल्या रुंद तोंडाच्या नंग ४, लोहचुंबक, पाणसळ यंत्र, काचेची पीचकारी, जलतरंग, मृदंग, वीणा, सारंगी, टेलीफोन, कागदाचे दोन नळ, कांस्याचे ध्वनीवाहक यंत्र, सतार, फोनोग्राफ, फोटोग्राफ, ब्रेक (गती रोधक यंत्र), तांबडें शींग, त्रिकोणी लोलक, दुंदुभी (नगारा), घड्याळ वीजेने चालणारें.

जथा २-तोळा, गुंज, शेर, पायली, पौन्ड, अधोली, चवली, पावली, दीडकी, कवडी, अधेली, चांदवडचा रुपया. चींचवडचा रुपया, भडोची रुपया, बडोदी रुपया, खंबायती रुपया, अमदावादी रुपया, फार्दिंग, गीनी, क्रौन, ग्राट.

जथा ३-बाजरी, तांदूळ, उडदाची डाळ, तुरीची डाळ, गहूं, पावटे, वाटाणे, मठ, हरबरा, मुगाची डाळ, चवळी, मसुर.

जथा ४–जिरें, खसखस, वेदाणा, चवामगीर, खडीसाखर, वेलदोड्याची पूड, पुखामखाण, नारळ, गूळ, खोबरें, लवंगा, हिंग, धणे, हळद, नीळ, दालचीनी, तमालपत्र, दगडफूल, कापी (धुंद), कस्तुरी, लाख, गंधक, तुरटी, शादेलोण, जायपत्री, सोरा, जायफळ, वेहडे, अक्रोड.

जथा ५–दोरखंड, चित्रविचित्र रंगाचा गालीचा, धोतर, चाबुक, टोपी, खोगीर, बुरुस, सतरंजी, घोंगडी, काकडा, गंडेरी पदरी साडी, जरीकाठी चोळी, शालजोडी, दुलई, कशीदाची चोळी, कुर्ता, झोळणा, सुत, झगडें, पीशवी, रुमाल, अस्पाक, लोकर सर्व जातींची, खादी, बनात, बनात, फ्लॅनेल, कापुस, मलमल, टेप (फीत), नाग, नरट, पोतें, काथ्या, रेशीम, मखमल, काकरी, चेंडु, तंबु, गोंदडी, विमान, पाराचुट (छत्री), मशाल, पायमोजे, हातमोजे, कंदिल.

जथा ६–तांबडा रंग, गुलाबी रंग, नारंगी रंग, नीळा रंग, काळा रंग, जांभळा रंग, करडा रंग, चुना, सफेता, अस्मानीरंग

जथा ७–भूगोल, खगोल, ∪ या आकृतीची नळीका, पटकोणी आकार, वर्तुळ, समभुज त्रिकोण, समद्विभुज त्रिकोण, विषमभुज त्रिकोण, काटकोन त्रिकोण, विशालकोन त्रिकोण, लघुकोन त्रिकोण, काटकोन चौकोन, चौरस, आयत, समभुज चौकोन, विषमभुज चौकोन.

जथा ८–टोळी, पाणकुत्र्या मासा, सांकुर्ती, पाकोळी, घार, बगळा, कावळा, टट्टू, वाघ, मरडा, मेंढी, घोडा, गाय, म्हैस, बैल, खचर, सर्प, मोर, रेशमाचा कीडा, बोकड, गाढव, पारवा, गीधाड, चिमणी, माजर, मृग, बेडूक, उंदीर, पोपट, लांडगा, कबुतर, कोंबडी, टोळ, पतंग, शेळी, बगळी, उंट, कासव, नक्र (मगर), सुसर, अजगर, हत्ती, सिंह, कोल्हा, कुत्रा.

जथा ९–घार, केळीचें पान, कोथींबीर, आवळे, हीरवे केळ, फणस, कोबीचा कांदा, काजु, द्राक्षें, माणीक, सुपारी, कोहळा, मेथ्या, तांबडा भोपळा, वांगें, कारलें, कच्चा अंबा, पीकलें केळें, खरबुज, सुरण, घोसाळें, शेवग्याची शेंग, अंबा पीकलेला, सीताफळ, नारींग, अंजीर, चहाचें झाड, सफरचंद, बी सर्व जातींचें, मकेचें कणीस, तरवडें, द्राक्ष, कमळाचें फूल, अंजीरुख, अननस, बदाम.

जथा १०–तीळ, तीळाचें तेल, एरंड्या, एरंड्याचें तेल, खोबरें, खोबऱ्याचें तेल, शेंगदाण्याचें तेल, अक्रोडाचें तेल.

આવૃત્તિ ૨ જી

सर्व्हेनी माहितीनुं पुस्तक.

ડાહ્યાભાઈ રણછોડજી કૃત

આ પુસ્તક પટેલ તલાટીની પરીક્ષાને માટે સરકારે ઇનામ છે એમાં માપણીનું કામ ઘણા પ્રકારની આકૃતિઓ સાથે પૂર્ણ આપીને બનાવેલું છે, સોઅર, કાયર અને પટેલ તલાટીની પરીક્ષા ઉપયોગી છે હરકાઇ ખાનગી માણસોને પણ તે બહુ જ ઉપયોગી છે રોના હદનિશાન સબંધી, ખેતરોના નંબર પાડવા સબંધી, માપણી ઓ સહિત આપેલી છે ટુંકામાં સુગમ રીતે માપણી કરવાનું કામ આ પુ શકે તેમ છે બારીકીથી વાંચી જોવાથી પોતાની મેળે જ માપણીનું કામ રચના રાખેલી છે વાંચી અનુભવ મેળવી જુઓ. પ્રથમ રૂ ૧—૪—૦ કી ઘટાડીને હાલ રૂ ૦—૧૨—૦ રાખી છે

ગુ. ચોથા ધોરણ-
ના વિદ્યાર્થીઓને
ઉપયોગી.

इतिहास भूगोळनी नोट.

એમા ગુજરાતનો તથા ગાયકવાડી રાજ્યનો ઇતિહાસ, હિ. અને હિંદુસ્તાનનો નકશો દાખલ કરેલો છે પાનું ૫૦નું ૬૬ છતાં આન-ઍ રાખી છે સામટી રાખનારને કીફાયતભાવે આપવામાં આવશે

खास जाणवाजोग बाबतो.

ઉપર લખેલાં પુસ્તકો સામટાં ખરીદનારને નીચે લખેલા લાભ પુસ્તકો નીચે લખેલી કીમતે મળશે.

મુલકી નિયમો	રૂ. ૦—૧૦—૦	૧	૬ની
પોલીસ ફોજદારી કાયદાની માહીતી. . . .	રૂ. ૦—૭—૦		કો ફક્ત રૂ.
સર્વ્હે (માપણી) ની માહીતીનું પુસ્તક. . .	રૂ. ૦—૬—૦		મળશે, ને
ચાર કાયદાનું એકીકરણ	રૂ. ૦—૫—૦		ચેમાં
ઇતિહાસ તથા ભૂગોળની નોટ	રૂ. ૦—૧—૦		

એ નીચે ૧૦ટકા ઓછા ભાવથી મળશે તે ઉપરાંત [illegible] વાળી આપવામાં આવશે ટપાલથી મંગાવનારને પોસ્ટ [illegible] આના ખર્ચ ફક્ત ચાર આના આપવા પડશે

જુઓ—આ પુસ્તકો અમે હવે ફરીથી છપાવનાર નથી. દરેકની જુજ પ્રત છે માટે તાકીદે નહી મગાવશો તો પાછળથી તેમની માગણી સ્વીકારી એ મુશ્કેલ છે આવો લાભ ચૂકશો તો પસ્તાવાનું કારણ થઇ પડશે કારણ કે હિસાબ બંધ કરવા માટે જ આ યોજના રાખી છે. મગાવનારે નીચેના

જીવણલાલ મગનલાલ ઠાકોર. લીમડા પાળ.

ઝવેરભાઇ ઉમેદભાઇ માસ્તર, યુનિયન પ્રીન્ટીંગ કંપની

अनुक्रमणिका.

विषय		पृष्ठ
१ પુસ્તકનું મહાત્મ્ય ...		... ૧૯૯
૨ ' મહેતાજી કેવા હોવા જોઈએ '	... ...	૨૦૧
૩ કાવ્યદોષ ...	..	. ૧૯૬
૪ ગાયકવાડ સરકારનું કેળવણી ખાતું	(અગ્રહ્યુક્તરે.)...	... ૭૧

ગ્રાહકોને સૂચના.

કેળવણીના પાછલા અંકો મિલક નથી, માટે ચાલુ સાલના પાછલા અંકો મંગાવવા કોઈએ તસ્દી લેવી નહિ હવે પછી જેમનું લવાજમ આવશે તે સં ૧૯૫૫ ની સાલ માટે જમા રાખવામા આવશે

જે ગ્રહાકોનું આવતી સાલનું લવાજમ આસો સુદી ૧૫ સુધીમાં આવશે તેમનેજ કેળવણી મળી શકશે ઉપલી મુદતમાં લવાજમ નહિ પહોચાડનાર જૂના ગ્રાહક હશે તથાપિ કાર્તિકથી તેમના તરફ ચોપાનિયું મોકલાતું બંધ થશે.

केळवणी.

दोधकवृत्त.

अर्थ मळे वळी धर्म सधाये, ज्ञान मळे सनमान पमाये;
प्रीति वधे प्रसरे जश सारो, ए शिशुशिक्षण धर्म अमारो.

પુસ્તક ૧૦ મું. ભાદ્રપદ. સંવત્ ૧૯૫૪ અંક ૧૧ મો.

पुस्तकनुं माहात्म्य.

કુંડળિયા.

પ્યારા નહિ કદી છોડશો, પુસ્તકને પળવાર,
પુસ્તક પર પરમેશ્વરે, રચ્યો સકળ સંસાર,
રચ્યો સકળ સંસાર, સારમાં સાર જ એ છે,
ચમત્કારિ કોઈનાં કારમાં કારજ એ છે,
ભૂત ભવિષ્ય જાણવા કાવ્ય આખ્યોના સાર,
કરે અકલથી જોઈ કોઈ કારીગર પ્યારા. 1

પોથી રૂપી કમળના અમળ દળ વિષે વાસ,
વસે સરસ્વતિ સાખવી, પૂરે મનની આશ,
પૂરે મનની આશ, રાસ શા દેખું તેના,
તેના વગર સુધર્યાં ધરામાં કારજ કેનાં?
સરવે શાસ્ત્ર લોક થોક તે એથી ઓથી,
વાંચો છે દિન રાત, નેમથી પ્રેમે પોથી. ૨

વાનો હોવાથી મહેતાજીનામાં અમલ ચલાવવાની શક્તિ હોવી જોઇએ. જે મહેતાજીમાં એ શક્તિ નથી હોતી તેમને બીજાના વિચાર ઉપર, અવલંબીને રહેવું પડે છે. તેથી તેવા મહેતાજીની નિશાળમાં મહેતાજીના ધારવા પ્રમાણે કોઇ કામ થતું નથી. આવા નબળા મનના મહેતાજીનો નિશાળમાં ભારબોજ પડતો નથી. આને માટે મહેતાજીના શરીરનો બહારનો દેખાવ પણ કેટલીક રીતે ઉપયોગી છે. ભવ્ય દેખાવ અને જુસ્સાદાર મહેતાજીને જોઇનેજ નિશાળીઆના મનમાં મહેતાજીનો સ્વાભાવિક દાબ બેશી જાય છે. તોપણ એટલું તો ખરૂં છે કે, અંદરના ગુણો વગર આવો ઉપરના દેખાવનો દાબ ઝાઝી મુદત ટકતો નથી. પણ મહેતાજી ગુણવાન હોય, અને તેની સાથે ભવ્ય અને જુસ્સાદાર હોય, તો તેનો દાબ શાળામાં સારી રીતે પડે છે. અહીં એટલું પણ કહેવાની જરૂર છે કે, મહેતાજી શરીરે કોઈ પણ જાતની ખોડવાળો ન જોઇએ; કેમકે એવા ખોડવાળા મહેતાજી હોવાથી તેનું નિશાળમાં વજન ન પડતાં મહેતાજી તરીકેનું કામ સારી રીતે ચલાવી શકતો નથી. આવાજ કારણથી મહેતાજીને યોગ્ય જ્ઞાન આપવાની ટ્રેનિંગ સ્કૂલમાં આવા ખોડવાળાને નહીં દાખલ કરવાનો કાયદો ઠરાવ્યો હશે એમ મને લાગે છે. અમલ ચલાવવાની શક્તિ કેટલાક મહેતાજીઓમાં સ્વાભાવિક હોય છે ખરી, તોપણ જેમનામાં એ ન હોય, તે મહેતાજીએ પ્રયત્નથી તે મેળવી લેવી જોઇએ. અને તે મેળવવા માટે મુખ્યત્વે કરીને મહેતાજી દૃઢ હોવો જોઇએ. કેમકે દૃઢ મનનો મહેતાજી હોય તો તે અમલ ચલાવી શકે દૃઢતા મેળવવા માટે મહેતાજીએ જે નિયમો ધ્યાનમાં રાખવા જેવા છે, તે શિક્ષણશાસ્ત્રના પ્રસિદ્ધ પુસ્તકોમાં આપેલા છે, તે મહેતાજીએ લક્ષમાં રાખવા જોઇએ. તે નિયમો અને તેનું વિવેચન આ સમાજના ઘણા સાહેબોના જાણવામાં છે તેથી તેનું ફરીથી પિષ્ટપેષણ કરવું હું દુરસ્ત ધારતો નથી. વળી તેમ કરવું એ કેટલીક રીતે મારા વિષયની બહાર જવા જેવું છે. તોપણ એ મુખ્ય ત્રણ નિયમો માત્ર યાદ કરાવી આગળ બોલવા ધારૂં છું.

૧ આજ્ઞા આપ્યાની પૂર્વે સારી પેઠે વિચાર કરવો; પણ એક વાર આજ્ઞા આપી તો પછી તે પળાવવીજ જોઇએ.

૨ જે હુકમ પળાવવાનો નિશ્ચય ન કર્યો હોય, તે હુકમ કદી તમારે કરવો નહિ

૩ જે હુકમ કર્યો હોય, તે મહેતાજીએ કદી ભુલવો નહીં.—આ ત્રણ નિયમો અને તેના વિવેચનનો વિચારપૂર્વક અમલ કરી દૃઢતા અને તે ઉપરથી અમલ કરવાની શક્તિ [illegible]જીએ મેળવવી જોઇએ.

મહેતાજીએ પોતાની નિશાળ ઉપર પૂર્ણ દેખરેખ રાખવી જોઇએ. મોટી સ્કૂલોમાં જ્યાં જૂદા જૂદા શિક્ષકોથી શીખવાય છે, ત્યાં મહેતાજી એમ ભરોંસો રાખે કે બધું યથાયોગ્ય ચાલેછે તો તે બરાબર નથી. મહેતાજી જાતે સતત ઉદ્યોગથી તજવીજ કર્યા કરે. તોજ તે બરાબર ચાલે છે. મહેતાજીને આળસુ થવું પાલવશે નહીં. પણ તેણે પોતાની નિશાળ અને નિશાળીઆ ઉપર પૂરતી દેખરેખ રાખવી જોઇએ. નિશાળરૂપી રાજ્ય ચલાવવાને મહેતાજીરૂપી રાજાને નિયમ શિવાય ચાલતું નથી. તો તેમાંના ઘણા નિયમો આપણા ખાતાના ઉપરી સાહેબોએ કરી આપ્યા છે તેને અનુસરીને કે બીજા અંતરવ્યવસ્થાને માટે કંઈ સહજ નિયમ કરવાની જરૂર લાગે, તો તે સાદા રૂપમાં, બધાને સમજાય એવા અને જેનો અમલ થઈ શકે એવા કરવા અને તે બધાને સ્પષ્ટતાથી સમજાવી તે પ્રમાણે પોતે પ્રથમ વર્તી દાખલો આપવો. અને પછી બીજાઓને તે પ્રમાણે ચલાવવું

પણાથી વર્તાવવા. મહેતાજીએ પોતાની નિશાળ આબાદ કરવી, એ તેની મુખ્ય ફરજ છે. અને આબાદ કરવી એટલે વિદ્યાર્થીઓની સંખ્યા વધે, અને શિક્ષણનું કામ ઉત્તમ રીતે ચાલે આ બેઉ વાના મહેતાજીની પૂરતી દેખરેખ વિના બની શકે એવાં નથી. મહેતાજીએ યાદ રાખવું કે, બધા શિક્ષકો કંઈ સરખા હોતા નથી. માટે તેને યોગ્ય કરવાને, અને તેમાં પણ નાનાં બાળકોને શીખવવા માટે યોગ્ય કરવાને મહેતાજીએ સદા તત્પર રહેવું જોઈએ

પોતે નાનાં છોકરાઓના વર્ગમાં શીખવી બતાવવું અને તે પદ્ધતિ ઉપશિક્ષકોને ભાવથી સમજાવવી. ઉપશિક્ષકોની અડચણો દૂર કરવી તથા તેમના મનની શંકાઓનું સમાધાન કરવું આવી રીતે યત્નશીલ મહેતાજી હશે તે પોતાની નિશાળને આબાદ કરી શકશે. ઉપશિક્ષકો બરાબર ભણાવે, પોતાની નિશાળના વિદ્યાર્થીઓ વગર કારણે ગેરહાજર ન રહે, વિગેરે બાબતો ઉપર પણ મહેતાજીએ પૂરતી દેખરેખ રાખવી જોઈએ. મહેતાજીએ સાદી અને સ્વાભાવિક રીતે વર્તવું જોઈએ,—કેટલાક મહેતાજીઓ મોટા ઓફીસરનો ડોળ કરી લોકોની સાથે વિશેષ દમામથી રહે છે આમ કરવાથી અણસમજુ લોકોમાં કદાચ પોતાનું કામ સાધી લેવામાં મહેતાજી ફાવી જાય, પણ સમજુ અને જ્ઞાની લોકોમાં એવા ખોટા ડોળથી મહેતાજીની હલકાઈ જણાય છે માટે મહેતાજીએ ખોટો ડોળ અને અયોગ્ય રીતભાત ન રાખતાં સાદી અને સ્વાભાવિક રીતે રહેવું જોઈએ લોકોમાં અધિકારી તરીકે રહેતાં કરતાં લોકોનું ભલું કરનાર તરીકે, પરંતુ એ સાર છે બધાની સાથે મિલનસાર સ્વભાવ રાખવો પરંતુ એટલું યાદ રાખવું કે, આમ કરવામાં હદથી બહાર નરમાશ બતાવી લોકોમાં પોતાની હલકાઈ દેખાડવી નહીં. પોતાના કામને અને સ્થિતિને અનુસરીને યોગ્ય સભ્યતાથી રહેવું અને છોકરવાદીપણું ન રાખતાં શાન્તતા અને ગંભીરતા રાખી સારા આબરૂદાર માણસોમાં વજન પડે એવી રીતભાત રાખવી મહેતાજીએ સોબત પણ મોટી ઉમરના ડાહ્યા અને આબરૂદાર માણસોની રાખવી છોકરા અને દુર્વ્યસની લોકોની સોબતમાં મહેતાજીએ રહેવું નહીં, કેમકે એથી યદ્યપિ તે એવા ન હોય તોપણ આથી લોકોનો મહેતાજી ઉપર ભાવ રહેતો નથી. મહેતાજીએ મોટું મન રાખી કોઈની હલકી અને ખાનગી બાબતોમાં વિશેષ ધ્યાન આપવું નહીં. ઉપશિક્ષકોથી કદાચ મહેતાજીની મરજીપસંદ ન થયું તો ઈર્ષ્યાથી તેના અહિતમાં પ્રવૃત્ત થવું નહિ, પણ ભાવથી તેને સુધારવા પ્રયત્ન કરવો. તેમણે જાણી જોઈનેજ એવું કર્યું અથવા ખોટા વિચારથીજ કર્યું એમ ધારવું નહીં, પણ બનતાં સુધી સવળે રસ્તે વિચાર કરવો ખાસ કારણ મળે તોપણ પ્રત્યક્ષ નજરે જોયા સિવાય વહેમ અને હલકા મનથી કોઈની સાથે બગાડવું નહીં

મહેતાજી સુનીતિવાન હોવા જોઈએ—કેમકે તેઓ પોતે સુનીતિવાન નહીં હશે તો તેમના હાથ નીચેના વિદ્યાર્થીઓ કદી સુનીતિવાન થવાના નથી કહેતાં કરતાં કરી બતાવ્યાની અસર વધારે થાય છે. પોપટના બે બચ્ચાની વાત પ્રમાણે સોબતની અસર થયાવિના રહેતી નથી માટે મહેતાજી અનીતિવાન હશે તો તેના હાથ નીચેનાં ભણનારાં બાળકો અનીતિવાન થવાનાં ને જમાનામાં આવા મહેતાજીઓની સંખ્યા વધારે હોય તો દુનિઆનો ઘણો ભાગ અનીતિવાન થવાની ધાસ્તી રહે માટે મહેતાજીએ પોતે સદાચારથી વર્તી પોતાના હાથ નીચેના ઉપશિક્ષકોને, વિદ્યાર્થીઓને સુનીતિવાન થવાનો પૂરતો દાખલો બેસાડવો જોઈએ બાળકોના સાહજીક સ્વભાવ પ્રમાણે તે બીજાનું જોઈ જોઈને તેવું કરવા યત્ન કરે છે કહ્યું છે કે, यद्यदाचरति श्रेष्ठ स्तत्तदेवेतरो जनः स यत् प्रमाणं कुरुते लोक स्तदनुवर्तते ॥ માટે મહેતાજીની વર્તણુક પરમનીય હોવી જોઈએ કે જેથી વિદ્યાર્થીઓ

શાન્તપણે જે કાર્ય થાય છે, તે બીજાને ગંભીર અને અસરકારક જણાય છે. માટે મહેતાજીએ બોલવાચાલવાની પદ્ધતિ શાન્ત રાખવી ઉચિત છે. નર્મદાશંકર કવિ એક ઠેકાણે કહે છે કે, ગુરૂ (મહેતાજી) એ ઇશ્વરજ્ઞાન, અનેક વિદ્યા, સારા વિચાર, ક્ષમા, વૈરાગ્ય, સંતોષ, વિવેક, ઉદારતા, અને ગંભીરતાનાં શોભિતાં કવચ પહેરવાં જોઇએ. કાયાયકી અંધકારને આઘો ખસેડીને તેઓએ ઇંદ્રિયોને જીતવી જોઇએ. દિન પ્રતિદિન વિદ્યામાં અને નિયમોમાં બહુ બહુ પ્રકારનો ફેરફાર થતો જાય છે, તે સર્વ લક્ષમાં લઈ તે પ્રમાણે પોતે ફેરફાર કરતા રહેવું જોઇએ. કૂડ કપટ અને આશા તૃષ્ણાનો ત્યાગ કરવો જોઇએ. પરધન અને પરસ્ત્રી જોઇને નજર બગાડવી નહીં. કોઈ વખત પોતાની ઈચ્છા પ્રમાણે ન બનેથી ક્રોધને કદાપિ વશ થવું નહીં. ગુરૂએ શંકા પૂછનારને રસ્તો બરોબર માવાથી બતાવવો જોઇએ. શત્રુ મિત્રને સરખા ગણવા. મહેતાજીએ સહજસાજ બાબતમાં નઠારી કલ્પના કરવી નહિ. પોતાના ઉપશિક્ષકોને તથા વિદ્યાર્થીઓને આપવાની શીખામણ પોતે અવશ્ય પાળવી. પોતાના શિષ્યોને તેણે પુત્ર સમાન ગણવા. જેટલી મર્યાદાથી બાપે છોકરા સાથે અને રાજાએ પ્રજા સાથે વર્તવું જોઇએ, તેથી વધારે મર્યાદાથી અને વધારે ભારમાં તથા માનમાં મહેતાજીએ પોતાના શિષ્યો સાથે વર્તવું જોઇએ. કેમકે બાપના કરતાં પણ મહેતાજી કેટલીક બાબતોમાં શ્રેષ્ઠ છે. તેના આપેલા જ્ઞાનથી શિષ્યો સંસારમાં સાવધાનીથી સન્માર્ગે ચાલી શકે છે. જો મહેતાજી પોતાનાં શિષ્યો અને ઉપશિક્ષકો ઉપર અસરકારક અને જાથુ રહે એવી સત્તા બેસાડવા ઇચ્છતા હશે, તો પ્રીતિ, માન, મુરાતબ, સત્યતા, નિષ્કપટપણું, મળતાવડાપણું, ન્યાય, ધૈર્ય, અને યથાર્થતા એ ગુણો તેના લક્ષણોમાં હોવા જરૂરના છે, એમ પણ એક પ્રખ્યાત માણસ કહે છે. તથાસ્તુ.

કરૂણાશંકર જયશંકર.
હેડમાસ્તર સ. ગુ. શાળા ચાણસ્મા.

काव्यदोष.

(પાછળ પૃષ્ટ ૧૪૧ થી ચાલુ.)

૧૧ શિથિલ—વિલક્ષણ વાક્યરચના એ શિથિલ દોષ છે. જેમ મહારાજાશ્રીના ચંદ્ર સમાન કાન્તિવાળા રૂપિયાની કીર્તિ દિગંતમાં નૃત્ય કરે છે." જ્યાં 'મહારાજાની કીર્ત્તિ' કહેવી જોઈએ ત્યાં રૂપિયાની કીર્તિ કહીને વિલક્ષણ વાક્યરચના કરી છે. એ શિથિલ દોષ છે.

૧૨ ગ્રામ્ય—ખેડૂત વગેરે અચતુર લોકોનેજ માત્ર ચમત્કાર ઉપજાવે તે ગ્રામ્ય સમજવું. જેમ 'કડ, ગાળ, મને નેડો લાગ્યો,' ઈત્યાદિ. આ દોષ અનિત્ય છે માટે વિદૂષકના મુખમાં તે દોષરૂપ નથી, તેમજ હાસ્યાદિ રસમાં તે ગુણરૂપ છે.

ક્લિષ્ટ—મોટી અર્થ પરંપરાવડે થોડા તાત્પર્યવાળા વિષયનાં અર્થની પ્રતીતિ થતી તે ક્લિષ્ટત્વ દોષ કહેવાય છે. જેમ "હરિપ્રિયાપિતૃવધૂપ્રવાહ જેવું તારૂં વચન છે." અર્થાત્ હરિની પ્રિયા લક્ષ્મી, તેના પિતા સમુદ્ર, તેની સ્ત્રી ગંગા, મતલબ કે ગંગાના પ્રવાહ જેવું તારૂં વચન છે. અહીં "ગંગાના પ્રવાહ જેવું વચન" કહેવાને બદલે જે લંબાણ કર્યું છે તે ક્લિષ્ટત્વ દોષ છે. એવી રીતે અર્થ ખેંચી કાઢવાને કલેશ પડે છે, માટે એ દોષ છે. આ દોષ સમાસાત્મક પદમાં જાણવો. (અપૂર્ણ.)

देशी केळवणीखातुं.

(પરહુકમ નં. ૬૩ની પુરવણી—પાછલા અંકથી ચાલુ.)

ગુજરાતી શાળાઓ માટે.

જથ્થો નંબર ૧ લો. યંત્ર, સંચા, વાહન જોવાના કામ વગેરે — ૧ ઘોડાગાડી ૨ હોડી ૩ વહાણ ૪ બળદ તમામ પ્રકારના ૫ ધર્માળા તમામ ચક્ર તથા ભાગ સહીત ૬ આગગાડી. ૭ હાંડી, ફરીદ. ને બીજોગી કામ ૮ સુક્ષ્મદર્શક યંત્ર, દુરબીન ને બીજાના કામ વગેરે ૯ ચીકણ ભરવાનો સંચો ૧૦ વણવા કાંતવાના સંચા ૧૧ હોકાયંત્ર ૧૨ બાર- મેડ ડેમ્પ ૧૩ પાલિકરાફ્રિએ. ૧૪ બંગ જોડને અંતર નોંધ કામ ૧૫ પવન ચક્કી ને જળ ચક્કી. ૧૬ લુગડાં ધોવાનો સંચો ૧૭ વીજળીની બેટરી.

જથ્થો નંબર ૨ જો. તમામ જાતના સિક્કા.

જથ્થો નંબર ૩ જો. (अ) મુખ્ય ધાન્ય ૧ શાળ/ગરો ૨ કાંગ ૩ ચણા. ૪ ડાંગર, બાજરી વગેરે તમામ જાતના દેશાવરના (ब) કઠોળ ૧ મઠર(क)ધાન્ય સબંધી પદાર્થ

જથ્થો નંબર ૪ થો. ગાંધીનો તમામ સામાન ૧ હીંગળકી ૨ હરડા ૩ બેડા.

જથ્થો નંબર ૫ મો.(अ)સુતર ને કાપડ તથા સુતરને તેને લગતા પદાર્થ ૧ ભમ- ની ૨ બાન્તો ૩ બળ ૪ ડેરા નંબુ (ब) ઉનનું કાપડ ને ઉન સબંધી પદાર્થ ૧ બરાન નમુ- ના ૨ શુધ્ધ સુતા નમુના (क) રેશમી કાપડ રેશમ ને તેને લગતા પદાર્થ ૧ રેશમના કીડા તથા કોશેટા સહીત તથા કોશેટામાંથી નીકળેલ ચીર અને તેના પર કારીગીરી થએલા તમામ ચીરની જાત (ड) બાલ ગંધ તથા તેને લગતી પદાર્થ

જથ્થો નંબર ૬ ઠો. રંગ તથા રંગ બનાવવામાં તેવા પદાર્થ.

જથ્થો નંબર ૭ મો. આકૃતિઓ દરેક જાતની ૧ ભૂમિતિની આકૃતિઓ.

જથ્થો ૮ મો. (अ)ચિત્ર નાગુના નકશા વગેરે એમાં ૧ પશુ ૨ પક્ષી ૩ જંતુ ૪ બીજાં ચિત્ર ૫ નકશા ૬ ચક્કીઓ ૨ ફુલનાંના ચિત્ર બચ્ચા સાથે ૩ ભંસો દરેક જાતની ૪ ગાયો ૫ પાડા ૬ બંધીબાનનો દેખાવ. ૭ કાઠીનો દેખાવ ૮ ભરવાડી વગેરે દેશાવર જાત પશ્મા લોકોના ભરી પ્રદેશોનો પહેરવેશ સાથે દેખાવ. ૯ વીંછી દરેક પ્રકારના શિકારી સ્થિતિ સાથે. ૧૦ પોપટ, મેના, ચુ. ૧૧ શહેર ગામડાં ને કરવાનો દેખાવ. ૧૨ કીલ્લાનો દેખાવ ૧૩ બાગના હોડાં ચિત્ર. ૧૪ માનપુરા ૧૫ ઘંડા તમામ જાતના. ૧૬ દરિયાઈ દેખાવ ૧૭ ઘેટા તમામ જાતના ૧૮ બકરાં ,, ૧૯ નદીનો દેખાવ મુખ તથા મૂળ સાથે ૨૦ પહા ડનો દેખાવ નદીના નિકાલ સાથે ૨૧ પહાડી કિલ્લાનો દેખાવ ૨૨ વહાણનો દેખાવ ૨૩ કબુતર દરેક જાતના. ૨૪ બિલાડા તમામ જાતના ૨૫ ઉંદર તમામ જાતના ૨૬ ચા- ટર તમામ જાતના. ૨૭ મહેલ તથા મંદીર વગેરે દરેક જાતના ૨૮ સર્પો જુદી જુદી જાતના નમુના. ૨૯ સિંહ ૩૦ શિયાળનું ચિત્ર, વાર, વરૂ વગેરે ૩૧ ચિત્તા તમામ જાત ૩૨ હાથીના તમામ ચિત્ર ૩૩ સુવર. ૩૪ માછલાં જાતવાર ૩૫ માંકડનું ચિત્ર. ૩૬ રેન્ડીઅર. ૩૭ ઊંટ ૩૮ ખજુરીના ચિત્ર. ૩૯ ફુલના ચિત્ર દરેક જાતના ૪૦ કેળ, ખજુરી, નાળીએરી વગેરે ફળ ઝાડોના ચિત્ર ૪૧ સારસી ૪૨ બાગ ૪૩ વનનો દેખાવ ૪૪ બીજ ૪૫ રણનો દેખાવ ૪૬ ચીલ, લક્કડખોદ, ગાય, સારસ, બતક વગેરે તમામ જાતના ચિત્ર. ૪૭ ચિડીયા ના દેખાવ સહ ૪૮ ગામનો દેખાવ ૪૯ માણસના અવયવો માલુમ પડે એવા ચિત્ર ૫૦ જુદા ૫૧ બંદરનો દેખાવ ૫૨ જ્વાળામુખી પર્વતનો દેખાવ. ૫૩ સાબર ૫૪ નારી તેના બચ્ચા સહ ૫૫ મેઘનો દેખાવ. ૫૬ ઘાડી ૫૭ નદાર. ૫૮ શ્રમજી [ચિત્ર ૫૯ કોલંબસનું ચિત્ર ૬૦ હરેગનું ચિત્ર. ૬૧ યરોપીના જુદા જુદા

પ્રકાર. ૬૨ સગણુનો ઉતરતી વખતનો દેખાવ. ૬૩ ઘુડ. ૬૪ બિવર. ૬૫ કોયલ. ૬૬ ગેંડી ૬૭ તીડનું ચિત્ર. ૬૮ વાઘનું શિકારી ચિત્ર. ૬૯ કાંગારૂ. ૭૦ મગર. ૭૧ બલુન છત્રી ચડતી પડતી વખતનો દેખાવ. ૭૨ વહેલનો શિકાર કરતી વખતનો દેખાવ. ૭૩ સૂરજ-માળાનો દેખાવ. ૭૪ પૃથ્વીની દૈનિક ગતિનો દેખાવ ૭૫ ચંદ્રની ક્ષયવૃદ્ધિ. ૭૬ ગ્રહણનો દેખાવ ૭૭ માણસનું હાડપીંજર. ૭૮ કસ્તુરી મૃગનો ડુંગો. ૭૯ મેઘધનુષ્યનું ચિત્ર. ૮૦ પાર્લામેંટનો દેખાવ. ૮૧ દીવાદાંડીનો નમુનો. ૮૨ ખગાખાવાળા દરિયાનો દેખાવ. ૮૩ તગલ, સીલ, દરિયાઇ ઘોડો, રસોય. જીષ્યા, જલઘોડો. સિંહ વગેરે ચિત્ર. ૮૪ લોહીનું ફરવું સમજાય એવું ચિત્ર. ૮૫ સાંઢો, પાટલાઘો, ચંદનઘો, વગેરે. ૮૬ ચંદ્રની કળાનો દેખાવ ૮૭ બામ માછલી, કાળુ માછલી. (च) પ્રાણીનાં રમકડાં માટીના અગર બીજા પદાર્થના. (क) પ્રાણીથી થતી નીપજના પદાર્થ. ૧ કાંડા દરેક જાતના ૨ ગોકળગાય.

જથો નવમો. વનસ્પતિ(अ) ઝાડના નમુના કે તેનાં ચિત્ર. ૧ ઘાસના જૂદા પ્રકાર. ૨ કપાસ તમામ જાતના. ૩ તમામ જાતના ઝાડનાં મૂળ ડાળાં વગેરે. ૫ ખસખસના છોડના ફળ સાથે દેખાવ ૬ ઝાડના જુદા જુદા રેસા, છાલ. તાડી, દારૂ, વગરે ૭ કપૂર, હિંગનું ઝાડ, ગુંદ, ચાહીના છોડનું ચિત્ર. ૮ સીડર લાકડું.(ब)ફળના નમુના કે તેનાં ચિત્ર. ૧ દ્રાક્ષ. ૨ બદામ. ૩ શેતુર ૪ દાડેમ. ૫ તજ, જાવંત્રી વિગેરે કરીઆતું.(क)ફુલ કે તેનાં ચિત્ર. (ड) કંદમાળના નમુના કે તેના ચિત્ર. (ह) દરેક જાતના બીજથી ફણગાં આવે તેવાં. ૧ સણના બી, ભીંડી, દોરી. ૨ શેરડીની ભીંડી ને બી ૩ કૌવચ.

જથો ૧૦મો. તેલી પદાર્થ, તથા તેનાં તેલ, ચરબી વગેરે સરસવ, કાજુ.

જથો ૧૧મો. (अ)લાકડકામ. ૧ હળ. ૨ ગાડું. ૩ ગાડી. ૪. માફો ૫. ડમણીયું. ૬ રેંકડો. ૭ રથ. ૮ બગી. ૯ એકકો. ૧૦ સગરામ ૧૧ છીપાના બીબાં ૧૨ સાગ, સુખડ વગેરેના નમુના. ૧૩ પારણું. ૧૪ પૃથ્વીના નાના ગોળા દરેક સ્કુલમાં અપાય તેવા તે બે ભાગ થાય તેવા (ब) ધાતુ તથા તેનું નામ. ૧ તાસક. ૨ ખાણમાંથી નીકળતી સ્થિતિની ધાતુઓ. ૩ મજાધરા ૪ કોષ્ટકોનાં વજન ૫ તોલ. ૬ બંદુકની ગોળી, છરા. ૭ શિરોઇ ૮ ચાંચવો ૯ જતરડો. ૧૦ લગડી. ૧૧ અડી. ૧૨ ટાંકણી તથા તેના અવયવ. ૧૩ ખરૂં લોઢું ૧૪ ફરશી, રંદો, આરી. ૧૫ છીણી, રેતરડી, કરવત, કટારી, તીર. ૧૬ ચમચા. ૧૭ છરીકાંટા. ૧૮ સંચારો ૧૯ નાળચું. ૨૦ ચહાદાની. ૨૧ છાપવાનાં બીબાં, સાધન વગેરે ૨૨ તારનું કાનસ (ડેવીડનદીવલ).

જથો ૧૨મો. (अ) પથ્થર તથા તેના પદાર્થ. ૧ ચકમકનો પથ્થર. ૨. આનેટ પથ્થર. (ब)માટી તથા તેના પદાર્થ માટી તમામ જાતની ૧ ચલાણું.

જથો ૧૩મો. દરીઆઈ પેદાશના પદાર્થ શંખલા વિગેરે તમામ દરિયાઇ પદાર્થ. શંખ, ચક્ર ગદા, પદ્મ. મોતીની છીપ.

જથો ૧૪મો સુગંધી તેલ, ભુકી તથા બીજા પદાર્થ.

જથો ૧૫મો ચામડાકામ તાજવાં ચામડાનાં, રંગારી તમામ પ્રાણીની, તાંત, મોચીનાં સાધિલ, જોડા તમામ જાતના, મીરાનછ, પીશોરી, ચંપલ, બુટ, દક્ષણી, સપાટ, લેડીશુઝ, પંજાબી, બરફ ઊપર ચાલવાના જોડા.

જથો ૧૬મો. પરચુરણ—ઉપરના જથામાં સમાસ ન થાય તેવા. ૧ હીરા, માણેક, રત્નો વિગેરે ૨ કાગળ તમામ જાતના ૩ પેન્સીલો ૪ કોહીનુરનો નમુનો ૫ સરખા કદનાં રબ્બર, સિસું, લાકડાના ગોળા નાના મોટા. ૬ આંધળાને વાંચવાની ચોપડી. ૭ બિસ્કોટ.

ઉર્દુશાળાઓ. માટે.

જથો નંબર ૧ લો. યંત્ર, સંચા, વાજીંત્ર જોવાના કાચ વગેરે. ૧ નગારૂં. ૨ સરણાઇ. ૩ ઢોલ. ૪ રેંટ. ૫ અસ્ત્રી લોઢાની લૂગડાં બેસાડવાની. ૬ કાટું. ૭ ઘાણી. ૮ ચરખો ૯ બિંગલ.

જથો નંબર ૨ જો તમામ જાતના સિક્કા. ૧ દરેક જાતના પૈસા. ૨ દરેક જાતના રૂપાના સિક્કા. ૩ સોનું. ૪ રૂપું. ૫ જસત. ૬ કલઇ.

જથ્થો નંબર ૩ જો (अ) મુખ્ય ધાન્ય ૧ ઘઉં દરેક જાતના ૨ ચોખા દરેક જાતના. ૩ ચણા ૪ બાજરી. ૫ કોદરા (ब) કઠોળ ૧ તુવેર ૨ ઊડદ. ૩ મસૂર (क) ધાન્ય સંબંધી પદાર્થ

જથ્થો નંબર ૪ થો ગાળીનો તમામ સામાન ૧ આબલી. ૨ બાદીઆન. ૩ સોફ (વરીયાળી) ૪ કરન ફુળ ૫ એલચી

જથ્થો નંબર ૫ મો. (अ) સુતરાઉ કાપડ તથા સુતર ને તેને લગતા લગતા પદાર્થ. ૧ અદેસો ૨ રેજાઇ ૩ જાજમ ૪ મલમલ ૫ દોરીઓ ૬ નેન ૭ શેલો ૮ કનાત. ૯ તંબુ ૧૦ જાજ. (ब) ઊનનું કાપડ ને ઊન સબંધીના પદાર્થ ૧ સાલ ૨ દોસાલો ૩ કામળી. (क) રેશમી કાપડ રેશમ ને તેને લગતા પદાર્થ ૧ મખમલ કે કિનખાબ (ड) બીજા રેસા તથા ને સંબંધી પદાર્થ

જથ્થો નંબર ૬ ઠ્ઠો રંગ તથા રંગ બનાવવાના પદાર્થો ૧ દરેક જાતના રંગ

જથ્થો નંબર ૭ મો આકૃતિઓ દરેક જાતની ૧ ઘાઘરો ૨ ગાગો ૩ પહાડ ૪ સુળી. ૫ હાથી. ૬ શેતરંજ ૭ ચોપાટ ૮ પાન-સુકલ ૯ બેડી ૧૦ નાક ૧૧ હાથકડી.

જથ્થો નંબર ૮ મો (अ) ચિત્ર પ્રાણીના નકશા, વગેરે એના ૧ પશુ, ૨ પક્ષી ૩ જંતુ, ૪ બીજા ચિત્ર. ૫ નકશા ૧ બકરી ૨ ગાય ૩ ભેંસ ૪ ઘેટા ૫ હરણ ૬ વાઘ. ૭ શિયાળ. ૮ ચીતો ૯ ઠીમરવો ૧૦ ઘુડ ૧૧ સાબર. ૧૨ ચીતલ ૧૩ બગલ ૧૪ હાથી. ૧૫ કુતરો ૧૬ ગીધ ૧૭ તીડ ૧૮ સસલું. ૧૯ માછલી ૨૦ દરિયાનો ઘોડો. ૨૧ ખિસકોલી ૨૨ ડુક્કર. ૨૩ ઉંદર ૨૪ કમઠ ૨૫ ઘુવડ ૨૬ નાપન ૨૭ કાગડો ૨૮ સિકરો. ૨૯ ચીલ ૩૦ નીલકંઠ ૩૧ તીતર ૩૨ ભમરો ૩૩ અબાબીલ ૩૪ તુગ્મતી ૩૫ બતા ૩૬ લુમત. ૩૭ વાદર ૩૮ શકરખોરા ૩૯ મકડી ૪૦ કદેરાઓ ૪૧ બટેર ૪૨ હવાસિલ ૪૩ કુલંગ ૪૪ બેહરી ૪૫ શુતરમુર્ગ ૪૬ રેશમના કીડા ૪૭ મધમાખ ૪૮ કાપના કીડા ૪૯ મગરમચ્છ ૫૦ ખબુતર ૫૧ ચકલી ૫૨ ઘોડો ૫૩ ઊંટ. ૫૪ બેટયા ૫૫ નેવલો ૫૬ સાપ ૫૭ છીપકલ ૫૮ હરયલ ૫૯ તિતલીવર ૬૦ કોયલ. ૬૧ હંસ ૬૨ મુર્ગાબી ૬૩ બાર બખોટી ૬૪ દેડકુ ૬૫ ગિરગટ ૬૬ મોર ૬૭ પોપટ. ૬૮ મરગટો.

જથ્થો નંબર ૯ મો વનસ્પતી (अ) ઝાડના નમુના કે તેના ચિત્ર ૧ આકડો. ૨ તુવેર. ૩ ઘાસ ૪ તાડ ૫ બાવળ ૬ સિ-સ ૭ કેળ ૮ શેતુર ૯ નારંગી ૧૦ પોસ્ત (ખસખસના ઝાડ) ૧૧ ગુલાબ ૧૨ સુખડ ૧૩ દેવદાર ૧૪ વાસ ૧૫ વડ ૧૬ પીપળો ૧૭ આંબો. ૧૮ લીમડો ૧૯ કપાસ ૨૦ શેરડી ૨૧ સેબ ૨૨ અકરોટ ૨૩ ખજુર ૨૪ નારીયેલ. ૨૫ એલચી ૨૬ આમલી ૨૭ દાડમ (ब) ફળના નમુના કે તેના ચિત્ર ૧ દરેક જાતના સુકા તથા લીલા ફળના નમુના (क) ફુલ કે તેના ચિત્ર (ड) શાકભાજીના નમુના કે તેના ચિત્ર. ૧ દરેક જાતના બી જેથી બગીચામાં આવે તેવા

જથ્થો નંબર ૧૦ મો. તેલના પદાર્થ તથા તેના તેલ ચરબી વગેરે ૧ તલ. ૨ મગફળી ૩ કપાસીઆ. ૪ કસુમ્બી ૫ દીવેલી ૬ સરસવ

જથ્થો નંબર ૧૧ મો (अ) લાકડા કામ ૧ ટાંગો ૨ બોક્સ ૩ ડોલી ૪ ચોકી ૫ ખુરસી ૬ ગાડી ૭ રથ ૮ હોડી ૯ કાસકી ૧૦ હળ ૧૧ ઘાણી (ब) ધાતુ તથા તેના નામ ૧ કટોરો ૨ તવો ૩ ચીપીયો ૪ પાનદાન ૫ ઉગાલદાન. ૬ પીકદાન ૭ અત્તરદાન ૮ ગીલ ૯ તોપ ૧૦ ભટ્ટા ૧૧ તેગો. ૧૨ નાલ ૧૩ ખુરપુ ૧૪ સિરોહી ૧૫ કુહાડી

જથ્થો નંબર ૧૨ મો. (अ) પથ્થર તથા તેના પદાર્થ ૧ બુત (મુર્તિ) ૨ ચકડી. (ब) માટી તમામ જાતની-માટી દરેક જાતની ૧ માટીના વાસણ

જથ્થો નંબર ૧૩ મો. દરિયાઇ પેદાશના પદાર્થ ૧ કોડી. ૨ શંખ ૩ મોતી ૪ ચીકુ દરેક જાતનું. ૫ દરીયાઇ નાળીએર ૬ મોતીના છીપ

જથ્થો નંબર ૧૪ મો. સુગંધી તેલ બુકી તથા બીજા પદાર્થ ૧ કપુર ૨ લોબાન ૩ અંબર ૪ કસ્તુરી ૫ અગર ૬ અત્તર ૭ અરક (સુખડ.)

જથ્થો નંબર ૧૫ મો આમડા કામ ૧ લગામ ૨ જીન ૩ ચાબુક ૪ કોસ. ૫ સુંદીયું કોસ. ૬ જોડા. ૭ તાસ્લો ૮ ૧ પાટીવાળુ ચામડું. ૯ તાત

જથ્થો નંબર ૧૬મો. પરચુરણ ઉપરના જથ્થામાં સમાસ ન થાય તેવા. ૧ હાથી દાંત. ૨ ઝવેરાત. ૩ કાગળ દરેક જાતના ૪ લાખ. ૫ સુરજનત. ૬ ટોકરી. ૭ આરસી. ૮ છત્રી. ૯ કાતર ૧૦ મોરછળ. ચામબર. ૧૨ હોકો દરેક જાતનો. ૧૩ આગગાડી. ૧૪ પંખો ૧૫ પાંજરું. ૧૬ આરી. ૧૭ બનેટી. ૧૮ રકાબી. ૧૯ ચમચો. ૨૦ મંદીરનો દેખાવ. ૨૧ સીડી. ૨૨ ઝુંપડીનો દેખાવ.

વટહુકમ નંબર ૭૬.

ઉર્દુશાળાઓને માટે નિબંધ ભાગ ૨ જામાં ધોરણો છપાયલાં છે તેમાં કેટલોક ફેરફાર કરી ધોરણો નક્કી કરવામાં આવ્યાં છે તે આ સાથે છાપવામાં આવેલાં છે તે પ્રમાણે ઉર્દુશાળાઓના મુનશીઓએ પોતાની શાળાઓમાં અભ્યાસ ચલાવવો.

સદરહુ વટહુકમનો અમલ તા. ૧ માહે ઑગસ્ટ સન ૧૮૯૮થી કરવો. તા. ૨૦ માહે જુલાઇ સન ૧૮૯૮ મુ. વડોદરા.

દામોદર

J. A. DALAL.
વિદ્યાધિકારી.

ઉર્દુ શાળાઓ માટે.

ધોરણ બહાર.

ટોકડા. કલાક.

૨૫ ૧૦ પહેલો વિષય—આંક ત્રીશ એકા સુધી.

૨૫ ૮ બીજો વિષય—ગુજરાતી મૂળાક્ષર તથા ઉર્દુ હરફ પૂરા.

આ ધોરણમાં નીચે પ્રમાણે ટુકડીઓ રાખવીઃ—

ટુકડી ૧ લી. આંક ૧ થી ૧૦૦ સુધી.

ટુકડી ૨ જી—એક એકાથી દાન સુધી આંક.

ટુકડી ૩ જી—અગીઆરાથી વીસા સુધી આંક તથા ગુજરાતી સ્વર પૂરા. ઉર્દુ હરફ અલિફથી ગેન સુધી.

ટુકડી ચોથી—આંક ત્રીસા સુધી. ગુજરાતી મૂળાક્ષર તથા ઉર્દુ હરફ પૂરા.

ટીપ—ગુજરાતી છોકરાના ધોરણ બહારની ટીપો લાગુ છે.

ધોરણ ૧ લું.

૫૦ ૧૨ પેહેલો વિષય—આંક એકત્રીસાથી ચાળીસા સુધી પાયા, અડધા, પોણા, સવાયાં, દોઢાં, અઢીયાં, એટલા આંક અનુક્રમે. દરેક આંક માત્ર ૨૦ સુધીજ ચલાવવા.

ટીપ—શિક્ષકો કદાપિ આંક આગળ શીખવે અથવા પુછે તથાપિ પરીક્ષામાં ૨૦ થી ઉપર આંક પૂછાશે નહિ.

૫૦ ૮ બીજો વિષય—વાંચન.

(૨૫) क ગુજરાતી પહેલી ચોપડી પૂરી.

(૨૫) ख ઉર્દુ કાયદામાંથી ૨૦ પૃષ્ઠ સુધી.

૨૫ ૪ ત્રીજો વિષય—લેખન.

ગુજરાતી બારાક્ષરી પૂરી વાચન ચોપડીમાંથી શબ્દનું ડિક્ટેશન માત્ર ગુજરાતીમાં. ઉર્દૂ સેહ હરફી લફ્ઝ તથા ખુશદસ્તાની મારીનની કોપી નં. ૧ લો

ટીપ—ગુજરાતી ધોરણ ૧ લાની ટીપ લાગુ સમજવી.

ધોરણ ૨ જું

૫૦ ૬ પહેલો વિષય—ગણિત.

(૩૦) क લાખ સુધી સંખ્યા પરિમાણના સરવાળા તથા બાદબાકી ને દશ હજાર સુધીની સંખ્યાને ત્રણ આંકડાથી ગુણતાં તથા બે આંકડાવડે ભાગતાં. ઉર્દૂ આંક ૧ થી ૧૦૦ સુધી

(૨૦) ख આંક બાકી રહેલા પૂરા, પરચુરણ ૨૦ સુધી ચલાવવા દેશીહિસાબ ભાગ ૧ લા માંહેની પાટો તથા રૂકા પૈસાના હિસાબ મોઢેથી.

૫૦ ૫ બીજો વિષય—ગુજરાતી વાચન.

(૨૦) क ગુજરાતી બીજી ચોપડી પૂરીનું વાચન

(૧૫) ख મતલબ તથા શબ્દાર્થ

(૧૫) ग કવિતા વાચન ચોપડીમાંથી બધીનો મુખપાઠ શબ્દાર્થ સાથે.

૫૦ ૫ ત્રીજો વિષય—ઉર્દૂ વાંચન.

(૨૦) क ઉર્દૂ પહેલી પૂરી

(૧૫) ख મતલબ તથા શબ્દાર્થ

(૧૫) ग કવિતા ઉર્દૂ પહેલીની નજ્મ (કવિતા) પૂરી અર્થ સાથે ભાગ ૭૨ લીટી મોઢે.

૫૦ ૫ ચોથો વિષય—લેખન.

(૧૫) क ગુજરાતી ડિક્ટેશન વાંચેલા પુસ્તકમાંથી શબ્દોનું.

(૧૫) ख ઉર્દૂ ડિક્ટેશન વાંચેલા પુસ્તકમાંથી નાના જુમલા.

(૧૦) ग ગુજરાતી કોપી ધોરણ ૨ જાની બાળબોધ વિના

(૧૦) घ ઉર્દૂ કોપી બુક ખુશદસ્તાની મારીન ભાગ ૨ જો

૫૦ ૩ પાંચમો વિષય—ભૂગોળ.

નકશા સાથે ગાયકવાડી રાજ્યની ભૂગોળની મુખ્ય મુખ્ય હકીકત તથા દિશાઓ શબ્દ પરિભાષાના જ્ઞાન સાથે.

ટીપ—ગુજરાતી છોકરાના ધોરણ ૨ જાની નીચલી ટીપ લાગુ સમજવી.

ધોરણ ૩ જું.

૫૦ ૬ પહેલો વિષય—ગણિત

(૨૫) क સાદા ગુણાકાર, ભાગાકાર, દેશી કોઠા અને ઇંગ્રેજી નાણાંનું, વજનનું, કાળમાનનું કોષ્ટક, વિવિધ સરવાળા, બાદબાકી ગુણાકાર અને ભાગાકાર

ટીપ—(સર્વના સહેલા હિસાબ)

(૫) ख રીતિજ્ઞાન—રીતોની સમજણ.
(૫) ग ઉર્દુ પા આનાથી રૂપીઆસુધીના હિંદસા.(વધારે નહિ).
(૧૫) घ દેશી હિસાબ—ભાગ ૨ જામાંથી શેર, મણ, અને કળશીનાં લેખાં આણુપાણુ વિનાનાં.

૫૦ ૫ બીજો વિષય—ગુજરાતી વાંચન.
(૨૦) क ગુજરાતી ચોથી ચોપડીના પાઠ ૧૦૦.
(૧૫) ख મતલબ તથા શબ્દાર્થ.
(૧૫) ग કવિતા નીચે જણાવેલા પાઠની ૮૦ લીટી મુખપાઠ અર્થ સાથે

પાઠ.	લીટી.	પાઠ.	લીટી.
૩	૮	૩૭	૬
૧૨-૧૩	૩૨	૫૭	૧૦
૨૦	૧૨	૭૫	૧૨

૫૦ ૫ ત્રીજો વિષય— ઉર્દુ વાંચન.
(૨૦) क ઉર્દુ બીજીનાં પૃષ્ઠ ૭૬ સુધી.
(૧૫) ख મતલબ તથા શબ્દાર્થ.
(૧૫) ग ઉર્દુ બીજીની નઝ્મ પૂરી. મુખપાઠ શબ્દાર્થ વગેરે.

૫૦ ૫ ચોથો વિષય— લેખન.
(૧૫) क ઉર્દુ ડિકટેશન વાંચેલા પુસ્તકમાંથી પાંચલીટીનુ.
(૧૫) ख ગુજરાતી ડિકટેશન વાંચેલા પુસ્તકમાંથી પાંચ લીટીનું.
(૧૦) ग ગુજરાતી કોપી ધોરણ ૩ જાની.
(૧૦) घ ઉર્દુ કોપી ગુલદસ્તાની ગારીન ભાગ ૩ જો.

ટીપ—મુસલમાનોનાં ૧૦૦ સહેલાં નામો લખતાં આવડે માટે મુનશીઓએ આવાં ૧૦૦ નામોની એક ટીપ શાળામાં બનાવી ચોટી રાખવી.

૫૦ ૩ પાંચમો વિષય—ભૂગોળ.
(૩૫) क મુંબાઇ ઇલાકાનુ સામાન્ય જ્ઞાન ગુજરાતના વિશેષ જ્ઞાન સાથે.
(૧૫) ख ગુજરાતનો નકશો ચિતરતાં.

ટીપ—ગુજરાતી ધોરણ ત્રીજામાં આપેલી ટીપ લાગુ સમજવી.

ધોરણ ૪ થું.

આ ધોરણમાં પાસ થયા પછી ઇંગ્રેજીમાં જવાશે.

૧૦૦ ૭ા પેહેલો વિષય—ગણિત.
(૫૦) क ગણિત-વ્યવહારી અપૂર્ણાંક તથા સાદી ત્રિરાશીના સહેલા હિસાબ. ઉર્દુ રકમ ૫૦ સુધી લખતાં આવડે.

ટીપ.-૧ ચાર રીતોનુ માત્ર સાદુ જ્ઞાન.
૨ કોષ્ટક સાથેના સંયુક્ત વ્યવહારી અપૂર્ણાંક નહિ.
૩ આણુપાણુના હિસાબ. ચારે રીતોનું માત્ર સાદુ જ્ઞાન. ગુરુક શાન્દ આણુપાણુ નહિ તેમજ બેથી વધારે આંકડા નહિ.

૪ કોષ્ટક સાથેના હિસાબ નહિ; માત્ર રૂપીયા આનાજ હોય
(૧૦) ख રીતિ ત્રૈન–રીતોની સમજણ
(૧૦) ग ઉર્દુ રકમ ૫૦ સુધીની
(૩૦) घ દેશી હિસાબ સોના રૂપાના તથા મુસારાના હિસાબના લેખાની કુ ચીની રીતે સ્લેટપર કરતા આવડે (મગજને બોજો નહિ, માત્ર રીતનુ જ્ઞાન આપવું.

૧૦૦ ૭॥ બીજો વિષય—ગુજરાતી વાચન.
(૨૦) क વાંચન ગુજરાતી પાચમીના પાઠ ૯૮ સુધી (ઇતિહાસ. ભૂગોળના પાઠ સિવાય.)
(૨૦) ख મતલબ તથા શબ્દાર્થ
(૨૦) ग કવિતા નીચલા પાઠોમાથી ૧૦૮ લીટી મુખપાઠ સમજુતી અન્વયાર્થ સાથે

પાઠ	લીટી	પાઠ	લીટી
૨૩	૨૪	૭૭ ૯૮	૪૯
૪૧–૪૨	૩૬	કુલ	૧૦૮

(૨૫) घ વ્યાકરણ–શબ્દના વર્ગ ઓળખના તથા નામને જાતિ વચન અને વિભક્તિ લગાડતા
(૧૫) ङ સારા અક્ષરે લખેલા કાગળ વાચના

૧૦૦ ૭। ત્રીજો વિષય–ઉર્દુ વાચન
(૨૦) क વાચન–ઉર્દુ બીજીના પૃષ્ટ ૮૩
(૨૫) ख મતલબ તથા શબ્દાર્થ
(૧૫) ग કવિતા ઉર્દુ કરીમાની ૭૪ લીટી અદલકીમિફત સુધી મુખ પાઠ.
(૩૦) घ રૂકાતે ઉર્દુમાથી બીજી ફસલના કાગળો વાંચના તથા દોસ્તોને અનેક મજમુનના કાગળો લખના

૧૦૦ ૫ ચોથો વિષય— લેખન
(૧૫) क ગુજરાતી ડિકટેશન વાચેલા ભાગમાથી ૫ લીટીનુ
(૧૫) ख ઉર્દુ ડિકટેશન વાચેલા ભાગમાથી ૫ લીટીનું
(૧૦) ग ગુજરાતી ધોરણ ૪ થાની કોપી
(૧૦) घ ઉર્દુ કોપી ખુશદસ્તાની આરીન ભાગ ૪ થો.
(૨૦) ङ ગુજરાતીમા ચીઠ્ઠીઓ તથા કાગળ લખતા.
(૨૦) च ઇનશામાથી ઉર્દુ ચીઠ્ઠીઓ તથા કાગળ લખતા.
(૧૦) छ હિંદુ મુસલમાનોનાં ૧૦૦ નામ ત્રીજા ધોરણમા નહિ આવેલા તેવા.

ટીપ—આવાં નામોની એક ટીપ શાળામાં રાખવી

૧૦૦ ૫॥ પાચમો વિષય ઇતિહાસ–ભૂગોળ.
(૫૦) क ગાયકવાડી રાજ્યનો ઇતિહાસ પૂરો
(૩૫) ख ભૂગોળ ત્રીજા ધોરણ ઉપરાંત હિંદુસ્તાનની ભૂગોળનું

સાધારણ જ્ઞાન નકશા સાથે.

(૧૫) ग હિંદુસ્તાનનો નકશો ચિતરતાં.

ધોરણ ૫ મું.

૧૦૦ પેહેલો વિષય—ગણિત.

(૫૦) क અંકગણિત—ત્રિરાશીના કઠિણ હિસાબ, સાદુવ્યાજ, પંચરાશી, દશાંશની ચાર રીતોનું જ્ઞાન, સહેલા હિસાબ કોષ્ટકના ઉપયોગ વિનાના.

(૧૦) ख રીતિજ્ઞાન—રીતોની સમજણ

(૧૦) ग ઉર્દુ રકમ ૧૦૦ સુધી.

(૩૦) घ દેશી હિસાબ—સેકડા, હજાર, વ્યાજ, લુગડાનાં સ્લેટ ઉપર કુંચીની રીતીએ.

૧૦૦ ૭॥ બીજો વિષય—ગુજરાતી વાંચન.

(૨૦) क ગુજરાતી વાંચન છઠ્ઠી ચોપડીના પાઠ ૧૦૧થી પુરી. ઇતિહાસ, ટિમેટ, ઈરાન, ઇલાકાના પાઠ સિવાય.)

(૨૦) ख મતલબ તથા શબ્દાર્થ.

(૨૦) ग કવિતા નીચલા પાઠોમાંથી ૧૦૦ લીટીનો મુખપાઠ સમજુતી અન્વયાર્થ સાથે.

પાઠ.	લીટી.	પાઠ.	લીટી.
૧૫૯	૨૪	૧૪૬	૩૬
૧૩૨	૪૦		કુલ.૧૦૦

(૨૫) घ વ્યાકરણ હ. કૃ. લઘુવ્યાકરણમાંથી સહેલું પદચ્છેદ તથા શબ્દની વ્યાખ્યાનું જ્ઞાન.

(૧૫) ङ ગુજરાતી કાગળ વાંચતાં.

૧૦૦ ૭॥ ત્રીજો વિષય—ઉર્દુ વાંચન.

(૨૦) क ઉર્દુ ચોથીનાં પૃષ્ઠ ૮૨ થી ૧૫૬ સુધી.

(૨૦) ख મતલબ તથા શબ્દાર્થ.

(૨૦) ग કવિતા મજમુએ સખુન પૃષ્ટ ૬ થી ૧૯ ની સારી રીતે સમજુતી અન્વય વગેરે.

(૨૫) घ વ્યાકરણ સર્ફ સગીરમાંથી પૃષ્ઠ ૧૦.

(૧૫) ङ ઉર્દુ કાગળ વાંચન.

ટીપ—દરેક મુદરીસે કોઇ પણ ૧૦૦ કાગળ અથવા કાર્ડ સંગ્રહ કરી તેમાંથી વંચાવવા તથા પરીક્ષા વખતે રજુ કરવા.

૧૦૦ ૫ ચોથો વિષય—લેખન.

(૧૫) क ગુજરાતી ડિકટેશન વાંચેલા ભાગમાંથી ૫ લીટીનું.

(૧૫) ख ઉર્દુ ડિકટેશન વાંચેલા ભાગમાંથી ૫ લીટીનું.

(૧૦) ग ગુજરાતી કોપી ધોરણ ૫ ની.

(૧૦) घ ઉર્દુ કોપી ગુલદસ્તાની ગારીન ભાગ-૫માની.

(૧૦) ङ ગુજરાતી ઇબારત,—ચરણીઉં ખત, વેચાણખત, તથા પાવતીઓ.

(૨૦) ઘ ઉર્દૂ ઈબારત-રૂકાને ઉર્દૂમાંથી ફુસલ ૧ લી તથા ૩ જી (બજુર્ગો તથા ખુર્દો [નાના] ને કાગળો લખવા).

(૧૦) છ મુસલમાનોના ૧૦૦ કઠણ નામો તથા વિરાધ્ધ લખવાની રીત ચોથા ધોરણમાં શીખવેલા શિવાયના

૧૦૦ પા પાંચમો વિષય– ઇતિહાસ–ભૂગોળ.

(૫૦) ક હિંદ ભાગ ૨ જો મોગલવંશ પૂરો

(૩૫) ખ ભૂગોળ એશીઆ પૂરો

(૧૫) ગ નકશો ચિતરવો–હિંદુસ્તાનનો. મુખ્ય મુખ્ય ભાગ, નદીઓ, પર્વતો, તથા શહેરો સાથે

ધોરણ ૬ ઠું.

૧૦૦ લા પેહેલો વિષય—ગણિત

(૫૦) ક અંકગણિત–ચક્રવૃદ્ધિ વ્યાજ બે વર્ષ સુધીના હિસાબની રીતિ લેણ, શેર, નફોતોટો, પ્રમાણભાગ, બીજે પ્રકારનું પત્રાણુ

(૫) ખ રીતિ ગ–રીતોની સમજણ

(૧૫) ગ દેશી હિસાબ–પાછલા ધોરણોનું પુનરાવર્તન, સ્લેટ પર કાચું હિસાબ

(૧૦) ઘ ઉર્દૂ રકમ–હજાર સુધીની રકમ મરોડથી લખવી શેર, મણ, તથા અધોગ લખવા, આગલા ધોરણોનું પુનરાવર્તન.

(૨૦) ઙ રોજમેળ તથા ખાતાવહી

૧૦૦ બા બીજો વિષય—ગુજરાતી વાચન.

(૨૦) ક ગુજરાતી સાતમી ચોપડીના પેહેલેથી પાઠ ૧૦૦ (કવિતા તથા પ્રાણીના પાઠો શિવાય)

(૨૦) ખ અનુસંધાન તથા શબ્દાર્થ

(૨૦) ગ કવિતા નીચલા પાઠોમાંથી ૯૦ લીટી મુખપાઠ તથા ૧૦૦ પાઠમાંથી પાઠ ૧–૨–૧૦ શિવાયના તમામ પાઠની કવિતા અન્વયાર્થ સાથે

પાઠ	લીટી	પાઠ	લીટી
૬૧	૪૦	૫૯	૧૮
૧૭	૩૨	કુલ	૯૦

(૨૫) ઘ વ્યાકરણ ન્હાનું પૂરું તથા અર્થ પદચ્છેદ

(૧૫) ઙ જીર્ણ અક્ષરનો કાગળ વાંચવા. ખરાબ અક્ષર ની પરીક્ષકે છૂટ આપવી

૧૦૦ ત્રા ત્રીજો વિષય– ઉર્દૂ વાચન.

(૨૦) ક ઉર્દૂ તાલીમનામ શુરૂ પૃષ્ઠ ૧થી ૯૬ સુધી પહેલી સાત ફુસલ પૂરી.

(૨૦) ખ અનુસંધાન તથા શબ્દાર્થ

(૨૦) ग કવિતા મજમુએ સખુન પૃષ્ટ ૨૬થી પર સુધી ભાત્ર સારી સમજુતી અન્વય સાથે.
(૨૫) घ વ્યાકરણ—સર્ફ સગીર પુરૂં.
(૧૫) ङ ઉર્દુ કાગળ વાંચત. મહતૂએ એહમદીમાંથી કાગળો વાંચતાં

૧૦૦ ૫ ચોથો વિષય—લેખન.
(૧૫) क ગુજરાતી ડિકટેશન પાંચ લીટીનું.
(૨૦) ख ઉર્દુ ડિકટેશન પાંચ લીટીનું.
(૧૦) ग ગુજરાતી કોપી બુક કારકુની અક્ષરે લખેલી ચોપડી બતાવવી.
(૧૦) घ ઉર્દુ કોપી ગુલદસ્તાની ગારીન ભાગ ૬.
(૨૦) ङ નિબંધ તથા રિપોર્ટ.
(૨૫) च ઉર્દુ ઇબારત—એનામા, રહેનનામા, રસીદ, અરજીઓ અને તમસ્સુક.

૧૦૦ ૫ા પાંચમો વિષય—ઇતિહાસ ભૂગોળ.
(૫૦) क કિસ્સે હિંદ ભાગ ૨. ધોરણ ૫મા ઉપરાંત પુરો.
(૩૫) ख ભૂગોળ—યૂરોપ તથા પૃથ્વીનું સાધારણ જ્ઞાન.
(૧૫) ग હિંદુસ્તાનનો નકશો પૂર્ણ રીતે કાઢતાં.

ટીપ. ઉર્દુ સ્કુલોમાં સાતમા ધોરણનો અભ્યાસ ચલાવવો હોય તો ગુજરાતી છોકરા માટે તે ધોરણનો જે અભ્યાસ મુકરર કર્યો છે તેને અનુસરીને ઉર્દુ એક્ઝામીનરે અભ્યાસક્રમ તૈયાર કરીને વિદ્યાધિકારીની મંજુરી મેળવવી. તા. ૨૦ માહે જુલાઇ ૧૮૯૮ વડોદરા.

દામોદર.

J. A. DALAL.
વિદ્યાધિકારી.

વટહુકમ નં. ૭૭.

હાલમાં એક ઠેકાણે એક ઉમેદવારે શાળાના પ્રમાણપત્રમાં તેની વિરૂદ્ધમાં થયેલા શેરાને પાણીથી કાઢી નાંખેલો જણાયો, તે જગાએ અસલ શું લખાણ હતું તે જાણવાની જરૂર જણાઇ તેથી જે શાળા મારફતે પ્રમાણપત્ર મળેલું હતું ત્યાંથી દાખલો મેળવવાની તપાસ કરી તો માલુમ પડ્યું કે ત્યાં પ્રમાણપત્રનું રજીષ્ટર રહેતું નથી. તો આ વટહુકમથી જણાવવામાં આવે છે કે હવેથી દરેક શાળામાં જે જે પ્રમાણપત્ર અપાય તેની નકલ અવશ્ય રહેવી જોઇએ અને તેને માટે શાળાના મુખ્ય શિક્ષકને જવાબદાર ગણવામાં આવશે. તારીખ ૩૦ જુલાઇ સને ૧૮૯૮ સુ. વડોદરા.

દામોદર.

J. A. DALAL.
વિદ્યાધિકારી.

સરક્યુલર નંબર ૧.

વિદ્યાધિકારીને યોગ્ય લાગે તે સ્થળની સરકારી શાળાઓમાંથી પેહેલા અને બીજા ધોરણના વર્ગો કમી કરી ખાનગી શાળાઓમાં આપવાની બાબતમાં નિયમ કરવામાં આવી સર્વેની જાણ માટે આ સાથે પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. આ નિયમોને "નોંધાયલી બાળશાળાના નિયમો" એવું નામ આપવામાં આવ્યું છે. તા. ૮ ઑગસ્ટ સન ૧૮૯૮

J A DALAL.
વિદ્યાધિકારી

નોંધાયલી બાળશાળાના નિયમો.

નામ. ૧ નીચેના નિયમ પ્રમાણે જે શાળાઓ નોંધવામાં આવશે તેને "નોંધાયલી બાળશાળા" એવું નામ આપવામાં આવશે.

ધોરણ. ૨ "નોંધાયલી બાળશાળાઓ"માં સરકારી શાળાઓ માટે ઠરેલા પહેલા ધોરણ અને બીજા ધોરણના વર્ગો રહેશે તે ઉપરાંતના ધોરણો તેમાં શીખવવા દેવામાં આવશે નહિ.

મેહેતાજી. ૩ આવી શાળાના મેહેતાજી જૂના અનુભવી સરકારી શાળા પ્રમાણે શિક્ષણ આપવાને લાયક હોય તેવા અગર છઠ્ઠા ધોરણ કે તેથી ઉપલા ધોરણમાં પસાર થએલ, અથવા ટ્રેનિંગ કૉલેજની પરીક્ષામાં પસાર થએલા હોવા જોઈએ.

શિક્ષણ. ૪ આવી શાળાઓમાં સરકારી ધોરણ પ્રમાણે અભ્યાસ ચલાવવો પડશે. રજા, આદર અને ... ઉપયોગ ધોરણ પ્રમાણે ... નહીં ... પ્રમાણે ... આપવા ... આપવામાં આવશે.

વખત. ૫ આવી શાળાઓમાં શીખવવાનો વખત અગર રજાઓ બાબત સરકારી નિયમો પાળવા આવશ્યક નથી, પરંતુ આ શાળા સરકારી શાળા મુજબ ... કલાક ... વખત ... જોઈએ તેથી ઓછો ... જોઈએ નહિ.

સંખ્યા. ૬ આવી શાળામાં વિદ્યાર્થીની સંખ્યા ૨૦ ની હોવી જોઈએ.

કન્યાઓ. ૭ આવી શાળામાં કન્યાશાળા ન હોય તો છોકરાઓ ભેગી નવ વર્ષની અંદરની ઉંમરની કન્યાઓ પણ દાખલ કરી શકાશે.

ફીમાફી. ૮ સરકારી શાળા માટે ઠરેલા દર કરતાં વધારે ફી લેવી નહીં, ... પ્રમાણે ... શિક્ષણ પણ આપવું જોઈએ ખુશીથી કોઈ ... આવેલ ... ફી, અથવા ... આપશે ... કરવા નથી પણ સરકારી ધારા વિરુદ્ધ કોઈ પણ માગણી કરશે તો ... બંધ કરવામાં આવશે અથવા યોગ્ય શિક્ષા કરવામાં આવશે.

કેટલીક જગ્યાએ. ૯ કડી, ... બારેજા, ... વીસનગર, ... ડભોઈ, ... વગેરે ... છોકરાઓને સરક્યુલર નંબર ૧૨ સન ૧૮૮૬–૮૬

પ્રમાણે મફત શિક્ષણ આપવું પડશે; પણ તેમને પુસ્તક સામાન સ્થાનિક હેડમાસ્તર અથવા મેહેતાજીની મારફત સરકારી શાળાઓની માફક સરકારથી આપવામાં આવશે. આવા દરેક છોકરા દીઠ ૧૨૦ દિવસની હાજરી હશે તો દરમહા અર્ધા આના કલદાર લેખે ફી સરકારથી મળશે.

ઇનામ. ૧૦ સો છોકરે પાંચ રૂપિઆ પ્રમાણે સેંકડે ૨૦ છોકરાંને સરકારથી ઇનામ આપવામાં આવશે.

મકાન. ૧૧ મકાન સ્વચ્છ, હવા અજવાળાવાળું ને સંખ્યાના પ્રમાણમાં છૂટવાળું હોવું જોઇએ. મકાન બદલ કાંઇ પણ રકમ સરકાર તરફથી મળશે નહિ.

સામાન. ૧૨ આવી શાળામાં શિક્ષકને માટે પૂરતો સામાન રાખવો જોઇએ. ખાસ કરીને નીચે પ્રમાણે સામાન દરેક શાળામાં હોવા જોઈએ.

૧ ઘોડી પાટીઉ. ૨ લખોટા યંત્ર ૩ રંગ આકારની પેટી. ૪ મૂળાક્ષરના નકશા ૫ ઝાલર ૬ ઘડીઆળ અગર કલાકની શીશી.

દફતર. ૧૩ છોકરાંની રોજ હાજરી પૂરવા માટે વર્ગવાર હાજરીપત્રક માસવાર રાખવાં જોઇએ અને તે બગડે નહીં અથવા ફાટી નજાય તેવી સંભાળ રાખવી. વર્ષ આખરે તે તમામ માસવાર અનુક્રમ મુજબ ભેગાં બાંધવાં. એનાં છાપેલા ફૉર્મ તે સ્થળની સરકારી શાળાના મેહેતાજી તરફથી મળશે.

ટીપ.— સરકારી કામકાજનું વર્ષ તા. ૧ ઑગસ્ટથી જુલાઇ આખર સુધીનું ગણવું.

૧૪ શાળાઓમાં દાખલ થનાર છોકરાંની હકીકત સમજવા માટે વાર્ષિકરજીસ્ટર રાખવું. સરકારી શાળામાં જે નમુના પ્રમાણે રહેછે તે પ્રમાણે રાખવું.

૧૫ એક માસનું માસિક પત્રક બીજા માસની પહેલી તારીખે તે સ્થળની સરકારી શાળાના મેહેતાજી તરફ મોકલવું માસિક પત્રકનાં છાપેલાં ફૉર્મ સરકારી શાળામાંથી મળશે.

ખાતા માટે હકીકત. ૧૬ શાળા સંબંધી વખતો વખત જે જે હકીકત પત્રક વગેરે ખાતાના અધિકારી માગે તે મોકલવી જોઇએ.

દેખરેખ.-૧૭ આવી શાળાની રીતસર પરીક્ષા વર્ષમાં નિદાન એક વાર લેવામાં આવશે. સ્થાનિક સરકારી શાળાના હેડમાસ્તર અગર મેહેતાજી મહિનામાં નિદાન એક વાર આ શાળાની ભેટ લેશે; અને શિક્ષણ વગેરે બાબતમાં જરૂર પુરતી લેખી સૂચના આપશે અગર જણાવવા જેવી હકીકત બદલ યોગ્ય અધિકારી તરફ લખશે.

તેહેવાર. ૧૮ આવી શાળામાં ગામડી રિવાજ પ્રમાણે વાર તેહેવાર પાળી શકાશે

સરકારી મદદ. ૧૯ આવી શાળામાં નીચે પ્રમાણે પરીક્ષાના પરિણામ ઉપરથી સરકાર તરફથી મદદ આપવામાં આવશે.

ક ધોરણ બહાર.—દરેક પસાર થયેલ છોકરા બદલ ચાર આના અને કન્યા બદલ પાંચ આના માથાશાઇ પ્રમાણે.

ખ પહેલું ધોરણ.—દરેક પસાર થયેલા છોકરા બદલ એક રૂપીઓ અને કન્યા બદલ સવા રૂપીઓ માથાશાઇ પ્રમાણે.

ટીપ ૧ જેની હાજરી ૧૫૦ દિવસની પૂરી નહિ હોય તેની પસાર થયા બદલ ગ્રાન્ટ ગણાશે નહિ.

ટીપ. ૨ એક વખત અમુક ધોરણમાં પસાર થયેલા વિદ્યાર્થીને તેજ ધોરણમાં ફરી પરીક્ષા આપવા બેસાડવો નહિ.

ગ વર્ષની સરેરાશ હાજરી ઉપર છોકરા દીઠ રૂ ૧ ના બાબાશાઈ આપવામાં આવશે.

ઘ ઉપરની રકમ ઉપરાંત આવી શાળાવાળા ગામમાં સાતથી નવ વર્ષની વયના બધા છોકરા પૈકી નિદાન સેંકડે ૮૦ ટકા અભ્યાસ કરેછે એવી પરીક્ષક અધિકારીની ખાત્રી કરી આપેથી આવી શાળાના મેહેતાજીને રૂ. ૧૦) થી રૂ ૨૦) બાબાશાઈ સુધી ઇનામ આપવામાં આવશે

પસાર થયેલાં છોકરાં. ૨૦ આવી શાળામાંથી પહેલા ધોરણમાં પસાર થતા છોકરાને સ્થળની સરકારી શાળામાંજ બીજા ધોરણમાં દાખલ કરાવવા જોઇએ આવાં છોકરા કોઇ બીજી શાળામાં દાખલ થતા દેવામાં આવશે નહિ

અરજી. ૨૧ સાથેના પરિશિષ્ટ ક ના નમુના પ્રમાણે આવી શાળા ઉઘાડવાની ઇચ્છા રાખનારે ઉમેદવારે અરજી વિદ્યાધિકારીને કરવી

૨૨ આવી શાળા માટે અરજી કરનારે પોતાની શાળા ચાલુ ચલાવવા બાબત તથા વગર પરવાનગીએ બંધ ન કરવા બાબત કરાર પરિશિષ્ટ ખ ના નમુના પ્રમાણે કરી આપવો પડશે, તેમાં કરાર પ્રમાણે આ રાજ્યનો લાયક જામીન રૂ ૧૦૦) નો આપવો પડશે.

૨૩ જે સ્થળે આવી શાખા શાળાઓ ઉઘાડવાની માગણી થશે તે જગ્યાની સરકારી શાળાની હાલની અને શાખાશાળા ઉઘાડ્યા પછીની સ્થિતિ ઉપર તથા એવીજ બીજી બાબતો ઉપર લક્ષ આપ્યા પછી યોગ્ય જણાશે તો પરવાનગી આપવામાં આવશે. કોઇ પણ સ્થળે આવી શાખાશાળા ઉઘાડવીજ જોઈએ એવી તકરાર સાંભળવામાં આવશે નહિ ખાતાના મુખ્ય અધિકારી તરફથી કોઇ પણ બાબત ઉપર છેવટ હુકમ થશે તેના ઉપર વિવાદ (અપીલ) રહેશે નહિ

૨૪ ખાસ કારણસર આ નિયમોમાં અપવાદ વિદ્યાધિકારી કરી શકશે.

મુ વડોદરા. તા ૮ માહે ઓગસ્ટ સને ૧૮૯૮

J A DALAL

વિદ્યાધિકારી.

અરજીનો નમુનો પરિશિષ્ટ ક.

મેહેરબાન આ. બા વિદ્યાધિકારી સાહેબની હજુર

વડોદરા.

સલામ સાથે વિનંતિ કરવાની કે મદદ લેનારી ખાનગી ગામ શાખા શાળા સંબંધી

પ્રસિધ્ધ થએલા તા ૮-૮-૯૮ ના નિયમોથી વાકેફ થઇ, મોજે - તાલુકે પ્રાંત ના ગામે ગુજરાતી બાળશાખાશાળા ઉઘાડવા આ અરજી સાદર કરવામાં આવે છે. તે સંબંધી હકીકત નીચે પ્રમાણે છેઃ—

નંબર.	બાબત.	ખુલાસો.
૧	ખાનગી બાળશાખાશાળા કરવાનુ ગામ, તાલુકો ને પ્રાંત.	
૨	ગામની કુલ વસ્તી.	
૩	કયી જ્ઞાતની શાળા કરવાની તે.	
૪	મેહેતાજી કે માલીકનું નામ બાપના નામ તથા અટક સાથે.	
૫	મેહેતાજી કે માલીકના વતનનું ગામ, તાલુકો અને પ્રાંત.	
૬	મેહેતાજી કે માલીકની જાત તથા ઉમર	
૭	મેહેતાજી કે માલીકનો અભ્યાસ કયા ધોરણ આખર સુધી? તે તેમા પાસ છે કે કેમ?	
૮	મેહેતાજી કે માલીકે કોઈ પણ પરીક્ષા પસાર કરી હોય ને તેનું પ્રમાણ પત્ર હોય તો તે અસલ મોકલવુ (તેની નકલ કરી લેઇ પરત મોકલવામાં આવશે.	
૯	શાળા બેસવા મકાનની કેવી સોઈ છે તે ખુલાસા વાર લખવું.	
૧૦	મેહેતાજી કે માલીક હાલ શો ધંધો કરે છે ને તેનું વાર્ષિક કે માસિક ઉત્પન્ન આશરે કેટલુ છે?	
૧૧	નિયમમા જણાવેલી તમામ સરતો કબુલ છે કે કેમ?	

ઉપર પ્રમાણે મારી હકીકત છે તે વિદિત થતાં ખાનગી બાળશાખાશાળા ઉઘાડવા મેહેરબાનીથી પરવાનગી મળે નિયમ મુજબ સ્થાપના કાયમ ઉપર કરાર લખી આપીશ તથા લાયક જામીન આપીશ. કરાર તથા લાયક જામીન આપ્યા બાદ શાળા સ્થાપન કરીશ.
તા. માહે સને.

સહી ______

પરિશિષ્ટ ખ

શ્રીમંત સરકાર ગાયકવાડ સેનાખાસખેલ સમશેર બહાદુર વિદ્યમાન વિદ્યાધિકારી સાહેબ.

હું ______ જાતે ______ રેહનાર
હાલ રહેનારી મોજે ______ તાલુકે ______ પ્રાંત ______
ના ગામનો તે આ કરાર લખી આપુ છું કે—મોજે ______ તાલુકે ______ પ્રાંત ______ ના ગામમાં સરકાર પરવાનગીથી મેં ખાનગી ગુજરાતી બાળશાખાશાળા તા. ______ થી સ્થાપન કરેલી છે. આ શાળાઓ ઉઘાડવા બદલ પ્રસિદ્ધ થએલા નિયમોને અનુસરી તમામ કામ બરાબર કરીશ અને આ શાળા નજુની કાયમ રાખીશ. સરકારની મંજુરી સિવાય બંધ કરીશ નહીં. ખાતાના અધિકારીઓના

હુકમાનુસાર મુજબ કામ ચલાવીશ તથા રૂકનદ રાખીશ અને જે જે પત્રકો વગેરે આપવામાં આવશે, તે વખતો વખત મોકલાવીશ. આ પ્રમાણે વર્તવામાં કસુર કરૂં તો રૂ ૧૦૦) અંકે રૂપીઆ સો ભરપાઈ સુધી હું મારી ખાનગી મીલકતથી ભરપાઈ આપીશ. એ બાબત મેં જામીન ______ રહેનાર ______ ને આપ્યો છે.

આ કરાર મેં મારી રાજી ખુશી તથા અક્કલ હુશીઆરીથી લખી આપ્યો છે તે કબુલ છે. તા. ______ માહે ______ સને ૧૮

સહી. ______ સાક્ષી ______

અમારી રૂબરૂ

(સહી) અમલદારની

હોદ્દો

હું ______ અને ______ ઉમર ______ વર્ષ ______ નો રહેનાર મોજે ______ તાલુકે ______ પ્રાંત ______ ના આ બાબતનો જામીન થઈ લખી આપું છું કે—ઉપરનું સખસે લખી આપ્યા પ્રમાણે તેના તરફથી વર્તણુક ન થાય તો અથવા ______ વિરુદ્ધ વર્તણુક થાય તો, તેનો અંદેશો ન લેતા, આ અંકે રૂ ૧૦૦) અંકે સો ભરપાઈ સુધી મારી મીલકતથી ભરપાઈ આપીશ. આ જામીન ખત મેં મારી રાજી ખુશીથી તથા અક્કલ હુશીઆરીથી લખી આપ્યું છે તે કબુલ મંજુર છે તા. ______ માહે ______ સને

સહી ______ સાક્ષી ______

અમારી રૂબરૂ

(સહી) અમલદારની

હોદ્દો

વરહુકમ નમ્બર ૨૦

પગારપત્રક વગેરે કાયમ નિમણુંક અર્જીના બીલો ઉપર જ્યોની પહોંચ બાકી કરવાનો રિવાજ બંધ કરવા સંબંધે મેહેરબાન રા. બા. એકાઉન્ટન્ટ જનરલ સાહેબ તરફથી વરહુકમ નમ્બર ૩૭ તારીખ ૨ જુલાઈ સન ૧૮૯૮ નો તા. ૭ જુલાઈ સન ૧૮૯૮ ની આજ્ઞાપત્રિકાના પાન ૭૨૧—૭૨૨ ઉપર પ્રસિદ્ધ થયેલો છે તેમાં નીચે પ્રમાણે જણાવ્યું છે—

"શ્રીમંત સરકાર મહારાજા સાહેબનો હજુરનો હુકમ નમ્બર ૭૮ તા. ૨૫ માહે એપ્રીલ સન ૧૮૯૮ નો થયા આધારે આ વરહુકમ કરવામાં આવે છે કે—કાયમ નિમણુંક માટે અર્જીમાં જે રકમ બજેટ પ્રમાણે મંજુર થાય છે તે રકમની હાલ વસુલી કચેરીદાર કરવામાં આવે છે પરંતુ કચેરીદાર કાયમપણામાં જેની રકમ પૂરી થયા બાદ જ્યારે ખુલાસો મળે ત્યારે પગારના બીલ મંજુરી મેળવવી પડે છે અને તે મંજુરી મેળવવામાં દિવસ ગત થાય છે અને નવો પગાર દિવસે ભરવા ઢીલ થાય છે. તે દરકાર દૂર કરવા પગારપત્રક વિગેરે કાયમ નિમણુંકી અર્જીના બીલો ઉપર જ્યોની પહોંચ બાકી કરવાનો રિવાજ બંધ કરવામાં આવે છે."

"મુનસફી તથા ન્યાયખાતાના અમલદારો જેઓનો પગાર અને પગાર મળ્યા છે અને જેઓને એક ઠેકાણેથી બીજે ઠેકાણે તેઓને બદલાતા પગારથી નિમવાને કારણ જોતું નથી, તેવા અમલદારોએ જે જગાએ તેઓની નિમનોક થઈ હોય તે જગાથી,

આ

સવત् १९६४ प्रथम श्रावण

वाणी

पुस्तक १० मुं अंक १२ मो

પ્રસિદ્ધકર્તા

છોટાલાલ નન્દિરામ ભટ્ટ.

વડે દરા

શ્રી ... આ છાપ્યુ

ઇ સ ૧૯૦૮

अनुक्रमणिका

વિષય.	પૃષ્ઠ.
	૧૯૭
૧. નિયમિત થવા વિષે ...	૧૯૮
૨. પરીક્ષા અને પરીક્ષક ...	૧૯૯
૩. વાંચન પુસ્તકોની નોંધ. ...	૨૦૨
૪. કાવ્યદોષ ...	૨૦૩
૫. એક નાના છોકરાની હીમત ...	૨ ૩
૬. સત્યવક્તા મોતી. ...	૨૦૫
૭. સંગ્રહસ્થાનની આવશ્યકતા વિષે...	૨૧૨
૮. ચર્ચાપત્રોના ખુલાસા ...	૭
૯. ગાયકવાડ સરકારનું કેળવણી ખાતુ. (સરક્યુલરો). ...	

અભ્યશાળાના મેહતાજીઓને સૂચના.

કેળવણીના પાછલા અંકો સિલક નથી. સબબ ચાલુ સાલનો પાછલા અંકો મંગાવવા કોઇએ તસ્દી લેવી નહિ. હવે પછી જેમનું લવાજમ આવશે તે સં. ૧૯૫૫ ની સાલ માટે જમા રાખવામાં આવશે.

જેમનુ આવતી સાલનું લવાજમ આસો સુદી ૧૫ સુધીમાં આવશે તેમનેજ કેળવણી મળી શકશે. ઉપલી મુદતમાં લવાજમ નહિ પહોંચાડનાર જુના ગ્રાહક હશે તથાપિ કાર્તિકથી તેમના તરફ ચોપાનિયું મોકલાતુ બંધ થશે. કેમકે કેળવણીના અંકો ગ્રાહક પૂરતાંજ છપાવવામાં આવે છે.

મેનેજર.

થોડા પૈસામાં ઘણો લાભ.

ધી ગુજરાત શિક્ષકાન્યોન્ય સહાયક મંડળી લીમીટેડ.

આ ઝીદેશીની વીમા કંપની વડોદરામાં સારા પ્રતિષ્ઠિત ડાયરેક્ટરોની દેખરેખ હેઠળ ઉભી થયેલી છે. ઉમ્મર અને વર્ગના પ્રમાણમાં ઓછામાં ઓછા રૂ. ૦-૪-૦ અને વધારેમાં વધારે રૂ. ૨-૦-૦ માસિક ફી રાખવામાં આવી છે. વીશ વર્ષે હયાતિમાં પણ નાણાં મળી શકે છે. ભરેલી રકમથી ઓછામાં ઓછી બમણી રકમ તો મળે છેજ. પ્રોસ્પેક્ટસ અને અરજીના ફોર્મ નીચે સહી કરનારને અરધા આનાની ટીકીટ મોકલવાથી મળશે. સબએજંટો જોઇએ છીએ. સારૂં કમીશન આપવામાં આવે છે.

એચ. સી. ની કંપની
પદ્દીયાળીપોળ—વડોદરા.

केळवणी.

दोधकवृत्त.

अर्थ मळे वळी धर्म सधाये, ज्ञान मळे सनमान वधाये;
प्रीति वधे पसरे जश सारो, ए शिशुशिक्षण धर्म अमारो.

પુસ્તક ૧૦ મું. આશ્વિન. સંવત્ ૧૯૫૪. અંક ૧૧ મો.

नियमित थवा विषे.

શાર્દૂલવિક્રીડિત.

વાયે વાયુપ્રચંડ, મેઘ વરસે, ફેલાય વિદ્યુત આ,
છાયું વાદળ ઘોર, કાંઈ ન દિસે, દીવા અવરામે થયા;
ઢાંચે વ્યોમ ઉગે ન સૂર સવિતા તારા તથા ચંદ્રમા,
તેને શું હશે સદા નિયમથી તે કોનિ રાખે તમા ? ૧
દુઃખી થાય કદાપિ આખિ દુનિયા પીડાય દુષ્કાળમાં,
જામે ઔરધિ ને લડાઇ જગમાં રૂડા બુરા હાલમાં,
એવા કાંઈ ઉપદ્રવો નિરખિને અંબુધિ ના આળસે,
ભર્તીઓટ કર્યા કરે નિયમથી, ના નીમથી તે ખસે. ૨
શીયાળો વહિ જાય કે તરત ત્યાં પૂઠે વસંતે પડે,
આવે ને પછિ ગ્રીષ્મ કે પછી વળી વર્ષાદ આવી અડે;
શાણી તેવિ શરદ્ ઋતુ ક્રમ કદી છોડાવિ છોડે નહીં,
વર્ષોમાં કદુંએ જુઓ અનિયમે દોડાવ્યું દોડે નહીં. ૩

એવાં એક નહીં અનેક પણ છે દષ્ટાંત આ લોકમાં,
નિત્યે જે નિયમે કરી વરતતા આનંદમાં શોકમાં;
એવો ત્યાં સુધિ આગ્રહી નવ બને અભ્યાસિ કો માનવી,
ત્યાં સૂધી કશું કામ સિદ્ધ કરવા આશા નહીં માનવી. ૪
માટે થા નિયમીત વીર સઘળે ઉદ્યોગ અભ્યાસમાં,
ભૂમીમાં, જળમાં, પ્રવાસપળમાં, બાહેર કે વાસમાં;
ખાવામાં, શુભ ખેલમાં, ખલકમાં તું સર્વ ખાતાં વિષે,
છોડીને નિયમીતતા ફલ કદી ધારેલું ના પામશે. ૫
ધાર્યું ધૂળ થશે, બધે પત જશે, વિશ્વાસ ઉઠી જશે,
મિથ્યા યત્ન જશે, લબાડિ બનશે, ફેરા નકામા થશે;
મે'ણાં સાંભળશે, જનાદિ હસશે, રસ્તો નહીં સૂઝશે,
પસ્તાશે પછી અંત, જે નિયમને છોડી સુખે વર્તશે. ૬

परीक्षा अने परीक्षक.

૧ પરીક્ષકોએ શિક્ષકો સાથે સભ્યતાથી ને છોકરાઓ સાથે નરમાશથી તથા વિવેકથી વર્તવું જોઇએ. પરીક્ષા લેતી વખતે તેણે પોતાનો મિજાજ પૂર્ણ રીતે કબજામાં રાખવો જોઇએ, અને છોકરાઓ સન્મુખ પ્રસન્ન વદને પોતાનું કામ કરવું જોઇએ.

૨ પરીક્ષા લેવામાં વિચારપૂર્વક વર્તવું જોઇએ કોઇ જાતનો ખોટો વિચાર મનમાં ન આવવા દેતાં પ્રમાણિકપણાથી ને ઉદાર દિલથી કામ કરવું જોઇએ.

૩ છોકરાઓ ન સમજે તેવી ભાષા પરીક્ષકે વાપરવી નહી. જે પ્રશ્નોના જવાબ પૂર્ણ રીતે આપી ન શકાય અથવા જે પ્રશ્નોના જવાબ પોતેજ ન દઇ શકે તેવું પૂછવું ન જોઇએ.

૪ કેળવણી એટલે શું અને તેનાથી શું ફળ થઇ શકે, તથા કેળવણી આપવાનો હેતુ શો છે, તેનો તેણે વિચારપૂર્વક અભ્યાસ કરેલો હોવો જોઇએ.

૫ પરીક્ષકે લાંબા વખત સુધી ફતેહમંદ રીતે નિશાળનું કામ કરી તે બાબત સંપૂર્ણ માહિતી મેળવવી જોઇએ, કે તેની કસાયલી આંખથી અને અનુભવી વિચારથી, નિશાળનાં સાહિત્ય અને તેનો ઉપયોગ કરવાની રીતના ગુણ દોષ ઝટ નજર તળે લઈ શકે.

૬ આ દેશમાં ચાલતી શિક્ષણની રીત અને બીજા સુધરેલા દેશની શિક્ષણ આપવાની ઉત્તમ પદ્ધતિઓથી તે સારો વાકેફગાર હોવો જોઈએ, કે તપાસવામાં આવતી શાળાઓમાં એ સંબંધી ખામીઓ જોઇ શકે, અને નિશાળોમાં જે જે સુધારાની જરૂર જણાય તે શિક્ષકોને બરાબર સૂચવી શકે.

૭ શાળાઓની પરીક્ષા વખતે અગર ભેટ વખતે નીચે જણાવેલી બાબતોપર પરીક્ષકનું ધ્યાન ખેંચાવું જોઇએ છીએ તથા તે ઝટ પકડી કાઢવાને તેનું મન ને આંખ કેળવાએલાં હોવાં જોઇએ છીએ.

૧ છોકરાંની વર્તણુક, વખતસર આવવું, સભ્યતા, શુદ્ધભાષા, પ્રમાણિકપણું અને સ્વચ્છતા.

૨ નીતિની કેળવણીના સંબંધમાં શાળામાં કેટલે દરજ્જે કામ થયેલું જણાય છે ?

૩ શાળાનો બંદોબસ્ત કેવો છે

૪ શાળાના મકાનની ને સામાનની સ્વચ્છતા ને ગોઠવણ કેવા પ્રકારની છે તેમજ છોકરાને આ સદ્ગુણ પળાવવામાં શિક્ષકોએ કેટલો પ્રયત્ન કર્યો છે?

૫ કેવળ પુસ્તકો ભણાવવાનોજ હેતુ સચવાયો છે કે છોકરાના લક્ષણ ઉપર કંઇ અસર કરવાનું થાય છે ?

૧ પોતાના કામમાં બરાબર ધ્યાન આપવાની ટેવ.
૨ બડબડાટ કર્યા સિવાય ચુપકીથી કામ કરવું.
૩ અપ્રમાણિકપણાથી દૂર રહેવાની ટેવ
૪ ભાષા શુદ્ધ બોલવાની ટેવ.
૫ શિક્ષકના હુકમને વગર ઢીલે તુરત અને બરાબર રીતે તાબે થવાની ટેવ.
૬ બીજા માણસોનું માન રાખવાની ટેવ
૭ પોતાના સાથીઓનું કે બીજાઓનું મન ન દુખાય એવી વર્તણુક.
૮ નિયમિત અને વખતસર આવવાની ટેવ.
૯ સભ્યતાથી બોલવાની ટેવ.
૧૦ અપશબ્દો અથવા વગડાના બોલ ન બોલવા

(અપૂર્ણ)

वाचन पुस्तकोनी नोंध.

(પાછલા અંકથી ચાલુ.)

પાઠ ૧ લો—ભણવામાં ઉદ્યોગ.

૧. + પ્રદર્શન—તીડનું ચિત્ર, મધમાખીનું ચિત્ર. (આ ચિત્રો તેની આકૃતિ સમજાવવાને માટે નહીં; પણ સહેજ જોવાને માટે. ચિત્ર પાસે રાખી આ બન્નેનું કામ સમજાવવું.)

+ આ પાઠમાં ૧. પ્રદર્શન, ૨ નવા શબ્દો. અને તેના પેટામાં ક સમજ માટે તથા ખ જોડણી માટે. અને ૩. અર્થ આ પ્રમાણે લખવામાં આવ્યું છે, પણ હવેના બીજા પાઠોમાં તે પ્રમાણે લાંબુ લાંબુ નહીં લખતાં માત્ર તેના અનુક્રમ અંક ૧: ૨: અને તેના પેટામાં ક. ખ તથા ૩. એ પ્રમાણે લખવામાં આવશે. જે પરથી આ પાઠમાં આપેલાં નામો તે તે ઠેકાણે સમજી લેવાં.

૨. નવા શબ્દો—

અ સમજ માટે—× ઉદ્યોગ, વિદ્યા, અમૂલ્ય, અભ્યાસ, નમનતાઇ(નમ્રતા) અપવાસી (ઉપવાસા) વિલાસ, ભવિષ્ય, અપરાધ, નિર્ધન.

બ જોડણી માટે—દુઃખી.

૩. સવાલો—આ પાઠમાં તીડનો દાખલો શા માટે લીધો છે ?

તીડ અને માખી ઉપરથી આપણે શી શી શીખામણ લેવી ?

આ વાત તો દાણા સંઘરવાની છે તેમાથી તમે (છોકરા) શું સાર લેશો ?—તમારે કંઇ દાણા સંઘરવા જવા છે ?

આ પાઠ શું સમજાવવા લખ્યો છે ?

માખીએ તીડને તરછોડી કહાડ્યું તે ખરું કર્યું કે ખોટું ? ખરૂં હોય તો કેમ ને ખોટું હોય તો કેમ ?

આળસુને મદદ કરવી તેમાં અપરાધ શું ?

જે શબ્દની પહેલાં " હર " અને " બેર " આવતા હોય તેવા શબ્દો ગણાવો.

વખતને નકામો ન કાઢવા માટે તમે શું કરશો ?

પાઠ ૨ જો-ફરીથી કરો.

૧. જાત મહેનતમાથી એકાદ બે ચરિત્ર કહેવાં.

૨. અ નામર્દ, નાહિંમત, નાદાની. આરંભ, પરિણામ, નિષ્ફળ, ઉમંગ, ઘટવુ, નિરાશા, ઉદાસ, તોલ (तुल्य.)

બ પરિણામ, ઉમંગ.

૩ ફરીથી કરો એટલે શું ?

એનો સારો ઉપયોગ કયો અને ખોટો કયો ? ચોપડી બહારના દાખલા આપો.

કેવા કામમા એનો ઉપયોગ કરવો ?

" જે તે કરતા આવડવું ઘટેછે તો તે પાર પાડવું પણ ઘટેછે." એટલે શું ?

હર કોઇ કામ શરૂ કરતા શું વિચાર કરવો ?

તમે હાલ જે જે કામ કરોછો તેમાંનાં કયાં કયાં કામ ફરી ફરીને કરવા જેવાં છે અને કયા કયા નથી ?

પાઠ ૩-૪. રેશમ.

૧. કિનખાબ, સાટિન, મશ્રુ, હીર, શેતૂર, ચેળ, રેશમના કારખાનાનો તખ્તો, મતગીઉં, સરેસ, કોગેટો, રૂટ, રવાંટી, રીરકી, ચીનનું સહજ જ્ઞાન મોઢેથી કહેવું.

૨. અ—આશ્ચર્યકારક, હીરાગળ, ઉત્પત્તિ, બાદશાહ, બેગમ, ખ્રિસ્તી, ગોસાંઈ, વંશ, પારદર્શક, પુખ્ત, ઉંધણસી, ચુસ્ત, સળંગ, વિલાયત, રવાટી, ફીરકી. માતબર, કારખાનાં, પુષ્કળ.

× જે શબ્દો મોટે અક્ષરે લખેલા છે તેની જોડણી પણ સમજાવવાની છે.

ઘ—કિનખાબ, સાટિન, શેતૂર, પૂર્વ, પશ્ચિમ, એશિયા, યૂરોપ, ઇટલી, દક્ષિણ, ખુરશી, હિંદુસ્તાન, ફ્રાન્સ, ઇંગ્લાંડ.

૩. રેશમને માટે તમે આગળ શું શીખી ગયા છો?
એની પ્રથમ ઉત્પત્તિ ક્યાં થઇ? ત્યાંથી યૂરોપમાં શી રીતે આવ્યું?
કીડો રેશમ શી રીતે બનાવે છે? મૂળથી માંડીને કહો.
રેશમની કોકડીનું વર્ણન કરો.
કોકડી પરથી રેશમને ઉકેલવાને શી શી યુક્તિ કરવી જોઇએ?
કીડા વગર પણ હાલ લાકડાના ગરમાંથી રેશમ બનાવવામાં આવે છે તેની હકીકત કહેવી.
આપણા દેશમાં રેશમ વધારવાને માટે શું શું કરવું જોઇએ?

પાઠ ૫-૬ ભોંય.

૧. કઠણ, નક્કર અને નરમ પથ્થર, કોઇક ભોંયમાંથી મળી આવેલો ખાર, ધાતુ, કોહી ગયેલું ખાતર, ભોંયમાંથી નીકળેલો કોલસો, ધરતીકંપથી થએલા કોઇ એક ગામનું ચિત્ર, જ્વાળામુખીનું ચિત્ર.

૨. અ—મુખ્ય, ભૂગોળવિદ્યા, દ્વીપ, મહાદ્વીપ, અનુકૂળ, વર્ણન, શોધ, કઠણ તથા નક્કર, ખડક, એકાએક, ચોકસાઈ, ઝરણું, ધડાકો, ખાર, ધરતીકંપ, ભયંકર, જ્વાળામુખી, સુરંગ, ગદા, છાળો, વિદ્વાન, ઉત્પન્ન, કોહી જવું, પરમેશ્વર, નાશ.
ઘ—પૃથ્વી, સમુદ્ર, કોલસો.

૩. ભોંય શેની શેની બની છે?
કઠણ અને નક્કર પથ્થરમાં શો ફેર?
નરમ પથ્થરની માટી શી રીતે થાય?
કઠણ અને નક્કર પથ્થરની રેતી શી રીતે થાય?
કઠણ અને નક્કર પથ્થર ક્યાંથી નીકળે?—કેવી રીતે?
ખેડવા લાયક ભોંય શી રીતે બને?
ભોંયમાં કોલસા ક્યાંથી?
ધૂળ, પથરા, કાંકરા, રેતી, ખાતરવાળી માટી, કોલસા, એ બધું શેમાં શેમાંથી થયું?
અનુક્રમ વાર ગણીને આપો.
આ બધું થવાથી આપણને શો લાભ? એ લાભ કોણે આપ્યો?
કોઇ પણ ચીજ મરી ગઈ એટલે શું?
જે બાબત તમે હમેશાં જોતા હતા અને જેને માટે કદી વિચાર નહોતા કરતા તેને માટે વિચાર કરવાથી કેટલું બધું જાણવાનું મળ્યું? આ ઉપરથી તમારે શો નિયમ રાખવો જોઇએ?
ધરતીકંપ અને જ્વાળામુખી પર્વતો હમેશાં આપણને લાભ આપે છે?
દુનીઆમાં જે કાંઇ થાય છે તે બધું આપણા સુખ માટેજ થાય છે?

પાઠ ૭. કરોળીઆ

૧. કરોળીઆની દેશી કે જાતનાં ચિત્ર, કરોળીઆની જાળ, મોટીનું ૫૦, કરોળી-

આનું પદ, ભમરીનું દર. ઉપરાંત કરોળીઓ જાળ કેવી રીતે બાંધે છે, તેનું ચિત્ર કહાડી બતાવવું.

૨. અ—જાળ, સુધડ, મધ્યભાગ, રોપા, અસ્તર; યુક્તિ, માદા, મચ્છરાદિક, બ—ચકરડું ઝાકળ, ટાંકણું બિલકુલ.

૩. કરોળીઓ કેટલી રીતે તાંતણા લટકાવે છે?

શા કારણને માટે તાંતણા લટકાવે છે?

જુદા જુદા કરોળીઆ કેટલે કેટલે ઠેકાણે રહે છે? અને ત્યાં કેવાં કેવાં ઘર કરીને રહે છે?

પાણીમાં ચાલતાં કરોળીઆ ત્યાં કેવી રીતે રહે છે?

કરોળીઓ તાંતણો કેવી રીતે કાઢે છે?

પાઠ ૮. પસ્તાવાનાં કામ કરવા વિષે.

૨. અ—હાલો, વેલા, પછી, પસ્તાવો, છાવરે, દુષ્ટના, ચૌટે ચકલે, તોફાની, ફૂલવું, કાંકરો, દેવાળું, ડૂલવું, જીવિકાવૃક્ષ; છોલવું, સુખદાતા, ભોગ, ધાટ, તરવું, ભાગવું પુંજી, પેખી, ધારણા, ધડો, ખત્તા, ખેદ, સ્નેહી તાજી બુદ્ધિ, તીખી, (तीक्ष्ण), ઉન્મત્ત, શિક્ષા, દિક્ષા,

બ—મૂર્ખ, મુછાળો, પીડા.

૩. પહેલી, ચોથી, નવમી અને બારમી કડીના અન્વય કરો.

ક્યાં ક્યાં કામ કરનાર ને પાછળથી પસ્તાવું પડે છે?

પસ્તાવો કયે વખતે થાય છે?

પસ્તાવો ન કરવો પડે તેને માટે શું ઉપાય કરવો?

काव्यदोष.

(પાછલા અંકથી ચાલુ.)

૧૪ અવિમૃષ્ટ વિધેયાંશ—જ્યારે વિધેય સમાસ વડે આચ્છાદિત હોય એટલે વિધેય એજ બીજા કોઈનું વિશેષણ થતું હોય, ત્યારે આ દોષ ઉત્પન્ન થાય છે. જેમ, "તીરસરખા કટાક્ષ કામી પુરૂષના હૃદયમાં પેસે છે." આ જગોએ પેસવારૂપ વિધિ છે, અને તે તીરની પેઠે પેસે છે એમ કહેવાનું તાત્પર્ય છે. 'તીર સરખા' એ વિધેય પદ છે. એ પદ સમાસવાળું થઈ જવાથી કટાક્ષનું વિશેષણ થાય છે, અને 'પેસે છે' નું વિશેષણ થતું નથી, માટે અહીં વિધેય સમાસથી આચ્છાદિત થયેલું છે. અને તેથી પેસવાના વિધિનું ઉદ્બોધન ન થતાં કટાક્ષની સમાનતા માત્રનું બોધન થાય છે, એવી રીતે વાક્યનો ચમત્કાર ભંગ પામે છે, માટે એ દોષ છે. 'તીરની પેઠે' લખ્યું હોત તો દોષ થાત નહિ.

૧૫ વિરૂદ્ધમતિકૃત્—મર્મના, વિષયના અર્થથી વિરૂદ્ધ અર્થનું જે બોધક થાય તે વિરૂદ્ધમતિકૃત્ સમજવું. જેમ હું "અપરાધીન છું." એ વાક્યમાં 'હું પરાધીન નથી' એમ કહેવાનો ઉદ્દેશ છે; તથાપિ 'અપર (બીજા) ને આધીન' એવો વિરૂદ્ધ અર્થ પણ તેમાંથી નીકળે છે, માટે એ 'વિરૂદ્ધમતિકૃત' દોષ છે. 'સંદેહ' દોષમાં વિરૂદ્ધતા હોતી નથી માટે આ દોષ સંદેહથી જુદો છે.

૧૬ અન્ય સંગત—જે પદ જેનું વિશેષણ હોવાનું લાગતું હોય, તે પદ તેનું વિશેષણ ન હતાં બીજાનું છે એમ પ્રતીતિ થાય ત્યાં અન્યસંગતત્વ જાણવું. જેમ,

" કાળા કુંમરે જોયા નભમાં મેઘ તડિત સહ દીસે "
" અંબુ મધરાત્ર આવુક ભર્યું હોય ભગવા રીસે. "

અહીં ' કાળા ' એ મેઘનું વિશેષણ હોવું છે, તે છતાં કુંમરનું વિશેષણ હોય એવો ભાસ થાય છે, તે અન્યસંગત નામે દોષ છે. (અપૂર્ણ)

एक नाना छोकरानी हिंमत.

સને ૧૭૮૮ માં જે વખતે તુરકી અને આસ્ટ્રીઆ વચ્ચે લડાઇ ચાલતી હતી ત્યારે એક દિવસે એવું બન્યું કે એક તુરકી પુરૂષ અને છોકરો એક ઘાસનું ગાડું ભરતા હતા, એવામાં આસ્ટ્રીઅન લશ્કરના કેટલાક માણસો અનાજ તથા ચારો શોધવાને અને મળે તે લુંટી લેવાને નીકળેલા હતા, તેઓ ત્યાં આવી પહોંચ્યા, અને તેમના ઉપર હુમલો કર્યો. એ જોઇને પેલો પુરૂષ તો ગભરાઇ ગયો, પણ છોકરો, જેની ઉમર માત્ર બાર વર્ષની હતી, તે તરતજ ગાડા ઉપર ચડી ગયો અને પોતાના હાથમાં બે પીસ્તોલ લઇ તેમની સાથે લડવા લાગ્યો. એ હીમતવાન છોકરો એવી તો બહાદુરીથી લડ્યો કે પેલા માણસોને ગાડાની પાસે આવવાજ દીધા નહિ; પણ એમ કરતાં તેની પાસેનો દારૂગોળો થઇ રહ્યો ત્યારે તે બહાદુર છોકરાએ પીસ્તોલો નાખી દઇ તરતજ હાથમાં પોતાનું દાતરડું લીધું અને તે વડે લડીને પોતાનો બચાવ કરવા લાગ્યો. પણ કમનશીબે તેના ગાડાને જોડેલા પેલા બળદો ભડકવાથી તે ગાડું ઉંધું વળી ગયું, અને તેથી તે બહાદુર છોકરો અને તેની સાથેનો પુરૂષ બંને જખ્મી થયા. આ વખતે પેલા સિપાઇઓનું ફાવવાથી તેઓએ તે બંનેને જખ્મીને પકડ્યા, અને પોતાની છાવણીમાં લઈ ગયા. અહીં તપાસ કરતાં માલમ પડ્યું કે તે ગાડા તળે દબાવાથી તે બંનેને સખત વાગ્યું હતું, અને તેમના પગ કચરાઇ ગયા હતા. આ જખમોની તપાસ કરતી વખતે તેઓને એટલું તો ભારે દરદ થતું હતું કે, પેલા પુરૂષની આંખમાંથી દડદડ આંસુ નીકળી પડ્યાં હતાં. પણ પેલા હીમતવાન છોકરાએ એટલું બધું ધૈર્ય રાખ્યું હતું કે પોતાને થએલી ઇજાનું નિશાન સુદ્ધાં માલમ પડવા દીધું નહિ. એટલું જ નહિ, પણ પોતાની સાથેના પુરૂષની આંખમાંથી આંસુ પડતાં જોઇ તેને કહ્યું કે " આ કુતરાઓની સામે આ પ્રમાણે નાહિંમતપણું બતાવવામાં તું ઘણુંજ ખોટું કરે છે "

K. C.

सत्यवक्ता मोती.

(સંભાષણ.)

પ્રવેશ ૧ લો.

મોહન—ચાલો ભાઇ! વિઠ્ઠલભાઇ ક્રિકેટ રમવા તો આવતાજ નથી !

ઝવેર—પરીક્ષા આવે છે એટલે એને તો ભરવાનો પણ વખત નહીં મળતો હોય.

વિઠ્ઠલ—બે મહિના મોસાળે ગયો હતો તેથી લેસન થયાં નથી, એટલે વાંચવામાં રોકાઉં છું, પણ કાલે તો જેઠા કાકાએ વ્યાજ કાઢવા બેસાડ્યો હતો.

મોહન—ઇંગ્રેજી ભણ્યો તો એ વ્યાજ કાઢવાનું રહ્યું હજુ !

મોતી—એટલે શું ? ભણ્યો એટલે ખાવાનું પણ નહીં જોઇતું હોય ! માબાપ આપણા હિત માટે ભણાવે તો તેમના કામમાં મદદ નહીં કરવી ?

ઝવેર—હા, ને તારી માફક ચારના ભારા લાવવા. આપણાથી તો એ નં બને.

મોતી—માબાપ આપણને શા માટે ભણાવતાં હશે ?

મોહન—ભણાવવાની તેમની ફરજ છે. માસ્તર સાહેબે ભાષણમાં કહ્યું હતું તે ભૂલી ગયો ?

મોતી—હા, અને સાથે છોકરાંએ માબાપની આજ્ઞામાં રહી તેમની સેવાચાકરી કરવી એ પણ નહોતું કહ્યું !

મોહન—મને તો મારા કાકાએ કહ્યું છે કે જે ખરચ થાય તે આપીશ, પણ ભણ-જે. ભણવાને બાને જે કહીએ તે હાજરા હજુર. એક દહાડો બંદાને એવીજ લહેર આવી કે બૂટ સ્ટૉકિંગ પહેરીએ. કાકાને કહ્યું કે માસ્તર સાહેબ બૂટ સ્ટૉકિંગ વગર નિશાળે પેસવા દેતા નથી. અત્યારે ને અત્યારે લાવી આપો. શનિવારે બંદા કેવા ભપકાથી આવ્યા હતા !

ઝવેર—મગાભર છે. મોટા થઈશું ત્યારે ઘણાંએ વેતરાં કરવાનાં છે.

મોહન—વેતરાં શા માટે કરવાં ? આ ઘોડા (પગ દેખાડે છે) આબાદ જોઇએ ઘડી બે ઘડી દુકાનમાં શેઠ સાહેબ થઇ આવ્યા પછી ટાઢા પહોરની લહેર લેવા રામ સરોવરે જઇએ. ગુમાસ્તાને ગરજ હોયતો આવે દોડતો દોડતો.

મોતી—તમારા જેવા મ્હોટા લોકને જેમ કરો તેમ પાલવે.

ધીરજ—અલ્યા, માસ્તર સાહેબે એકસરસાઈઝમાં પોતપોતાનાં નામ લખવાનાં કહ્યાં છે તે ભૂલી ગયા ?

ઝવેર—હા લાવો લખીએ.

(એક છોકરો ટેબલ પરથી કાચનું હોલ્ડર લે છે. છોકરા એક પછી એક નામ લખવા માંડે છે. એટલામાં મોતીના હાથમાંથી હોલ્ડર પડી જઇ ભાગી જાય છે. મોતી દિલગીર થાય છે.)

મોહન—એમાં એ એ શું કરે છે ? કાણે ભાગ્યું છે ? આપણે ક્યારે ભાગ્યું છે ! લાવ મૂકી આવું.

(મોતી ધીરજ સામું જૂએ છે.)

ધીરજ—એ તો એમજ. (મોતીને)

વિઠ્ઠલ—સોટિઓ ખાવાનું બને. હાથ પગ જોડી બેસો એટલે ભગવાન મદદ કરવા આવશે ! એમાં શા મહોટા મોર મારવાના હતા ? ક્યાં માસ્તર જોવા આવ્યા છે. તને પુછે તો ના કહેજે; અમે સાક્ષિ પુરીશું.

મોહન—અહીં તો ત્રણ ચાર છીએ, પણ આખું ગામ જોતું હતું કે પગીએ કોટવાળને માર્યો. સાહેબ પણ જાણતા હતા કે કોણે તોફાન કર્યું છે. પણ જુબાની હતરી નહિ,

ને તહોમતદારને દિલગિરી સાથે છોડી દેવો પડયો, વખત આવે સૌ પોઈ સ્હેશે, કમભાગ્ય તો પોતાના મહોં!

સર્વે—હા એમજ (મોતી વગર)

(બધા છોકરા જાય છે)

પ્રવેશ ૨ જો

માસ્તર—(વર્ગમાં આવે છે, છોકરા ઉભા થયા છે, ને સલામ કરે છે) Well sit down, Stand up, right, left, front, sit down Well Mohan go on. (બેશી જાઓ, ઊભા, ડાબા, જમણા, બેશી જાઓ. વારુ મોહન, વાંચવા માંડ.) મોહન પાસે ચોપડી નથી. તેમજ બીજા કેટલાક પાસે નથી ચોપડી નહી લાવવાનું કારણ દરેકને માસ્તર પૂછે છે, કોઈ કહે છે કે મને બાપા લાવી આપતા નથી, કોઈ કહે ગરીબ છું, કોઈ જૂની ચોપડી બતાવે છે ને પૂછે છે કે આ ચાલશે ? તો માસ્તર ના કહે છે અને ફેરિયામાંથી રાખવાનું કહે છે એક છોકરો બજારમાંથી ખરીદેલી નવી ચોપડી બતાવે છે તો તે પણ નામંજુર કરી ટેપોમાંથી લખવાનું કહે છે (પોતાને કમિશન મળે માટે. પછી છોકરા પાઠ વાંચવા માંડે છે, માસ્તર માર્ક આપે છે, ભૂલો પ્રમાણે નંબરની ચઢ ઉતર થાય છે, મોહ છોકરા ખરગાડે છે કે માસ્તરે (રૈકડા આપવામાં) વગ કરી વગેરે પાઠ વચાઇ રહ્યા પછી માસ્તર તે પાઠ સમજાવે છે કે—(પાઠ સાચું બોલવા વિષેનો છે)

" આજનો પાઠ ઘણો ઉપયોગી છે દરેક માણસે સાચું બોલવાની ટેવ રાખવી જો બધો સમાજ સત્ય પ્રમાણિક વ્યવહારમા પ્રવૃત્ત હોય તો કેટલા બધા વ્યર્થ પ્રયત્ન ઓછા થાય ? જૂઠું બોલનારને પોતાનું જૂઠું, સાચા રૂપમા બતાવવા પોતાની અમૂલ્ય અક્કલ ને વખત વાપરવો પડે છે સંબંધમા આવનાર પીને જૂઠાથી ફાયદો નથી માટે તેને પણ શુ હિસો ને વખતનો વ્યય કરવો પડે છે વાદિ નરક્ષાને પણ તેટલોજ બંદોબસ્ત રાખવો પડે છે સત્યયુગમા લોકો થોડી મહેનતે પણ કમાતા તેનું કારણ આજ છે. છોકરાઓ, તમે બધા જો પ્રમાણિક હોવ, તો તમારો પ્રપંચ શોધવા ને દેખરેખ રાખવામા મારો જે વખત જાય છે તે ન જાય ને તે વખત તમને અભ્યાસમા રોકાવ, તો આવાર કરતા તમને આગળું શિક્ષણ આપી શકુ. પણ જેમ પૂર્ણ ગરબબિંદુ નરક તીચ સ્થાને જવાને દરેક વસ્તુનું વલણ હોય છે તેથી વસ્તુ ઉચી લઇ જવામા મહેનત પડે છે. તેમ પ્રભુએ પોતાના સત્ય નિયમો એટલે ઉચ્ચ સ્થાને રાખ્યા છે કે તેને પહોંચવાનો પ્રયત્ન માણસ છોડી દઇ નીચ સ્થાનના વર્તનમાં ભળે છે. તમે પણ નાના છો, પણ સમજો છો ભિખારણુની વાતો મોટે કરી છે, છતાં ખોટે રસ્તે જતા વહેવા તત્પર થાઓ છો, એ સ્વાભાવિક છે પણ જૂઠું તે જૂઠુંજ છે તેનું ફળ પણ જૂઠુંજ છે તેટલા માટેજ શીખ મળની જરૂર છે પણ નહીં તો એકજ નિયમ થોડા દિવસ આનંદથી પાળજો, તો પછી તેના વિરુદ્ધ જવાને તમને લાલચ થશે નહીં. (એટલામાં ભાંગેલા હોકર ઉપર નજર પડવાથી) પણ આ હોકર કોણે ભાંગ્યું ? "

ઝવેર—અમે જાણતા નથી, સાહેબ

માસ્તર—કોણ રેખા પાસે આવ્યું હતું ?

ત્રણ ચાર છોકરા હારે—ના સાહેબ

માસ્તર—મગર કેમ મે નહીં આપ્યુવા મે તમને સખત મનાઈ કરી છે ચાલ મોહન, નહીં તો નાખીશ બાર માંથી જમો. "

૧

વિઠ્ઠલ—અમે તો બે કલાકથી વર્ગ બહાર હતા.

માસ્તર—(ગુસ્સે થઇને) બસ આખા વર્ગે આને માટે વેઠવું પડશે. કેમ બોલો છો કે નહીં? સિપાઈ, સોટી લાવ, ઉભા થાવ, ચાલો, માની દો, તમારી મેળે માની દો, નહીં તો ડબલ (બેવડી) શિક્ષા કરીશ.

મોહન—(બરબડે છે) શી રીતે ?

મોતી—(ધ્રુજતો ધ્રુજતો) સાહેબ—(કંઇ કહેવા જાય છે એટલામાં માસ્તર બોલી ઉઠે છે.)

માસ્તર—બસ, તમે મારૂં અપમાન કરો છો. આ વખતે તમને છોડનાર નથી. (થોડી વાર ચૂપ થઇને બેસી રહે છે) પછી—

મોતી—(હિંમત આવવાથી એકદમ ઉઠીને) સાહેબ, મેં ભાગ્યું.

માસ્તર—હજી તો તમારી ધ્યાનમાં નહીં આવતું હોય. કેમ મોહન, એણે ભાંગ્યું?

મોહન—ના સાહેબ.

માસ્તર—બીજા કોઇ જાણો છો ?

સર્વ છોકરા—મોતી તો ટેબલે અડકેલોજ નથી, સાહેબ!

માસ્તર—યાદ રાખ મોતી, મોંઢામોઢ મારૂં અપમાન, ચાલો ધરો હાથ (Hold up your hand).

મોતી—સાહેબ, હું સાચું કહું છું.

વિઠ્ઠલ—(બાજુપર) તેનીજ એ શિક્ષા.

માસ્તર—(ત્રણ ચાર સોટીઓ મારે છે.) જા, ચાલ્યો જા વર્ગ બહાર. જે છોકરા મારૂં અપમાન કરશે તેની એવી વલે. બોલ્યો નહીં ત્યારે માથે ચઢી વાગ્યા! જાઓ, કાલે તમારી વલે. Stand up, left, go one by one (ઉભા થાઓ, ડાબા, એક પછી એક જાઓ.)

છોકરા—(સલામ કરતા ને મનમાં હરખાતા હરખાતા જાય છે.)

(અપૂર્ણ.)

संग्रहस्थाननी आवश्यकता विषे.

સંગ્રહસ્થાન એટલે શું.

વાંચન ફરોમાં તથા બીજી ચોપડીઓમાં પ્રાણી અને પદાર્થોનાં નામો આવે છે. તેથી તથા બીજા રમૂજી અખતરા, સ્થાનિક નીપજ વગેરે પદાર્થોનો જમાવ કરી શાળામાં રાખવાં, એને સંગ્રહસ્થાન કહે છે. તેમાં કેટલાક પ્રત્યક્ષ પદાર્થ રાખવામાં આવે છે કેટલાકનાં ચિત્ર રાખવામાં આવે છે, કેટલાક નમુના એટલે લાકડા, માટી, પથ્થર કે ધાતુના આકાર કરી રાખવામાં આવે છે.

સંગ્રહસ્થાનની ગોઠવણ.

તેની ગોઠવણ એવી જાતની જોઈએ કે જ્યારે જોઈએ ત્યારે તુરત, તે વસ્તુ ચિત્ર કે નમુનો કહાડી શકાય, અને એટલા કારણસર તેના વર્ગ ઠરાવવામાં આવ્યા છે. જે વસ્તુ પ્રવાહી હોય ને બગડી જાય એવી હોય, તેને કાચની શીશીઓમાં ભરી મજબુત બુચ મારવા જોઈએ. કેટલીક વસ્તુઓ ડાબડીઓમાં ભરી શકાય એવી હોય તો તે તેમાં ભરવી જોઈએ અને કેટલીકને છુટી મુકવાની કે દોરડે બાંધી ટાંગવાની હોય તેને તેમ કરવું જોઈએ. દરેક વસ્તુ ઉપર શી વસ્તુ છે, તેની ચીઠ્ઠી ચોડવી, તેમજ નંબર નાખી નંબર વાર ગોઠવવી કે જ્યારે જોઈએ, ત્યારે તરત જડી આવે તેમ કોઈ વસ્તુ લીધી હોય, તે પાછી તેજ જગ્યાએ મુકી શકાય. એક હોલમાં વસ્તુઓનાં ચિત્ર, નકશા વગેરે હોય તો તે ભીંતે લટકાવી રાખવા અને કેટલાક નમુના ટાંગી શકાય એવા અને મોટા હોય, તે ખીંટીએ તેમજ છાપરામાં ટાંગી રાખવા, પણ એવી રીતે રાખવા કે દરેક જોનારથી બરાબર દેખી શકાય અને છેટેથી જોતાં પણ તેનો ભાવ મનમાં ઉતરે. જે નમુના નાના છે અને જે પદાર્થ શીશીઓમાં કે ડાબડીઓમાં ભરેલા હોય તે કબાટોની અંદર વ્યવસ્થાપૂર્વક ગોઠવવા કે દરેકના નામ અને નંબર દેખી શકાય અને તે પણ વર્ગવાર ગોઠવવા. એકજ ખાનામાં વધારે પદાર્થ ઓળંગી મુકવા હોય, તો આગળ આગળની ઓળ કરતાં પાછળની ઓળો ઊંચી જોઈએ, તે એટલી ઊંચી રાખવી કે શીશીઓમાં હોય તે શું છે તે જાણી શકાય અને ડાબડીઓમાં હોય તો, ચીઠ્ઠીઓ બરાબર જોનારની સાથે વાંચી શકાય, તેમજ બીજા નમુના હોય તે પણ શું છે, તે તુરત ધ્યાનમાં આવે. બનતા સુધી નિસરણીની પાયરીએ ગોઠવવામાં આવે તો રચના પણ સારી દેખાય અને થોડી જગ્યામાં સમાવેશ વધારે વસ્તુઓનો થાય, તેમજ તેના ઉપરના ભાગમાં પાટીઆમાં ખીંટીઓ મારીને અગર લાકડીએ બાંધીને બહુ વજનવાળા નહીં એવા નમુના બાંધવા અને તેની ગોઠવણ એવી કરવી કે સુશોભિત લાગે અને એટલા ઊંચા બાંધવા કે નીચેની વસ્તુઓની પેઠે તે દરેક દેખી શકાય અને કોઈ પણ વસ્તુ કે નમુના લેતાં બીજા પદાર્થોને ખસેડવાની જરૂર પડે નહીં. વનસ્પતિ, ધાન્ય વગેરેના નમુના જાડા પુઠા ઉપર ડાંખળીઓ તાંતણા વગેરે ગોઠવે છે તેમ બાંધી રાખી ગોઠવવા કે જે નમુનો લેવો હોય તે લઈ શકાય અને પાછો તે જગ્યાએ મુકી શકાય. એવા નમુનાના પુઠાં કબાટના કમાડે અંદરના ભાગમાં ચોડી શકાય અથવા ભીંતે પણ ટાંગી શકાય. કાપડ, સુખડ વગેરે જુગડાંના નમુના એક ચોપડી જેવું કરી દરેક પાનામાં ચોડવા કે જેથી ઘણા નમુના એકજ જુજમાં રહી શકે અને તે સારા રહે તેમજ જગ્યા થોડી રોકે. તે નમુના નીચે શું છે તે તથા અનુક્રમ નંબર નાખવો. દરેક જાતનું લાકડું ઓળખવાને તેના કકડા પણ કોઈ પણ આકારના સુશોભિત દેખાય તેવા ચોરસ ત્રિકોણ વગેરે આકૃતિના બનાવરાવી ગોઠવવા. પરંતુ બેડોળ કકડા ગોઠવવા નહીં. જેવી જાતની વસ્તુઓ હોય તે પ્રમાણે તેની યોગ્ય જગ્યા જોઈ રચના અને સોભાયમાન દેખાય તેમ ગોઠવવી.

સંગ્રહસ્થાન કેવી જાતનું જોઈએ.

સંગ્રહસ્થાન કેવી જાતનું જોઈએ તે સંબંધી ઘણા મતભેદ પડે છે. કેટલાકનું કહેવું એમ થાય છે, કે પાઠમાં તેમજ બીજી ચોપડીઓમાં આવતા બધા પદાર્થોનો સંગ્રહ કરવો. કેટલાકનું કહેવું એમ થાય છે, કે જે પદાર્થ હમેશાં જોવામાં આવે છે તેવા પદાર્થનો સંગ્રહ કરવાની જરૂર નથી પણ જે પદાર્થ નજરે પડતા નથી તેવાજ વધારે પદાર્થ એકઠા કરવા.

શું છે, તે બતાવ્યા સિવાય શીખવાનો કેટલોક વખત વ્યર્થ ગુમાવ્યા બરાબર છે; માટે સંગ્રહસ્થાન વગર કોઇ પણ શાળામાં ચાલી શકે જ નહિ અને તેથી આપણી શાળાઓમાં રાખવામાં તે આવ્યું છે અને તે સંબંધી સરક્યુલરો અને વટહુકમો થયા છે, તેમજ પરીક્ષા વખતે તે બાબત જોવામાં આવે છે.

સંગ્રહસ્થાનથી શાળાને કેવી અને કેટલી મદદ મળે છે.

કોઇ હકીકત સમજાવતાં અગર પાઠ આપતાં તેમાં આવેલા પદાર્થો અગર પ્રાણીઓ વિષે પ્રત્યક્ષ ચિત્ર કે નમુના દેખાડયા સિવાય સમજાવે તો તેમાં જેટલો વખત જાય તેના દશમા ભાગ કરતાં પણ ઓછા વખતમાં પ્રત્યક્ષ પ્રાણી અથવા પદાર્થથી સમજાવી શકાય-અને તે વળી બરાબર પાકું થશે. પહેલી રીતે સમજાવતાં વખત પુષ્કળ જાય તો પણ પાકું થશે નહિ, માટે સંગ્રહસ્થાન એ શિક્ષકને શિક્ષણના કામમાં અતિ ઉપયોગી સાધન છે. જેમ દાળ વગેરેમાં મીઠું છે તેમજ શિક્ષણમાં સંગ્રહસ્થાન (પ્રત્યક્ષ વસ્તુ) નો ઉપયોગ છે. કેટલીક વખત તો તેના વગર છોકરા અને શિક્ષક બન્ને નિરાશ થાય છે. છોકરા સમજતા નથી અને શિક્ષકનું સમજાવી સમજાવીને માથું પાકી જાય છે, એટલે બન્ને નિરાશ થઇ,ને પરિણામે છોકરાને શિક્ષા બીનચૂકે પામવાનો પ્રસંગ આવે છે. ભૂમિતિ શીખવવામાં પ્રત્યક્ષ પાટિયા ઉપર કૃતિ કરી બતાવ્યા વગર સમજણ પડતી નથી. તેમજ વસ્તુઓ પ્રત્યક્ષ જોયા વગર પાઠમાં સમજણ પડતી નથી; પણ હકીકત એવી છે, કે ભૂમિતિમાં છોકરાને સમજણ પડી છે કે નહિ, એટલે આવડી કે નહિ, એ જાણવાનું જેવું સાધન છે તેવું આમાં પ્રત્યક્ષ જણાતું નથી. એટલે તે સંબંધી જ્યારે ઊંડા ઉતરે ત્યારેજ માલમ પડે છે. માટે સંગ્રહસ્થાન એ શિક્ષણના કામને ઘણુંજ મદદકર્તા છે, એટલે બુધ્ધિની કેળવણીનો ધોરી માર્ગ છે. આવી રીતે ઘણી વસ્તુઓનું પ્રત્યક્ષ અવલોકન થવાથી તેના ગુણ વગેરે જાણવામાં આવેથી બીજી નવીન બાબતો વિષે પણ વિચાર ચલાવી શકાય છે. કેમકે જેણે ઘણાં યંત્ર જોયેલાં અને ગોઠવેલાં હોય, તે બીજી કોઇ નવીન રચના પણ કરે માટે સંગ્રહસ્થાન, એ શિક્ષકને ઉમંગી બનાવનાર તેમજ છોકરાંઓને રસવાળાં અને તાજાં મગજવાળાં કરનાર છે.

સંગ્રહસ્થાનની આવશ્યકતા.

ઉપરની એકંદર બાબતોથી ખુલ્લું છે કે શાળાઓમાં સંગ્રહસ્થાનની કેટલી આવશ્યકતા છે. સંગ્રહસ્થાન વગરની શાળા તે શાળાજ નથી, એમ કહેવાને કોઇ પણ જાતનો બાધ આવતો નથી. જો કે મુંબાઇમાં, અને વડોદરામાં જેવાં સંગ્રહસ્થાન છે એટલે દરેક શાળામાં થઇ શકે નહીં અને તેટલાની જરૂર પણ નથી. આપણી શરૂઆતની શાળાઓ કહી શકાય; પરંતુ સાત ચોપડીઓમાં જે જ્ઞાન છે તેટલું જ્ઞાન મેળવે, તો ઘણી અગત્યની બાબતો શીખી બુદ્ધિની કેળવણીનો ઉદય થાય અને જ્ઞાન સંપાદન કરી શકે. પણ એટલી સ્થિતિએ છોકરા પહોંચતા નથી તેનું ખાસ કારણ સંગ્રહસ્થાન અને તેના ઉપયોગની ખામી ગણી શકાય. કેટલાક પાઠો એવા છે કે દરેક ઉપરની ચોપડીમાં તેના સંબંધી વિશેષ વાતો આવે છે પરંતુ પ્રથમથીજ વસ્તુ પ્રત્યક્ષ વગર જ્ઞાન કાચું રહે છે, એટલે આગળ અંધારૂં રહે છે અને તેથી જે જ્ઞાન સંપાદન થવું જોઇએ તે થતું નથી; માત્ર છોકરાની સ્મરણશક્તિનોજ ઉપયોગ કરવામાં આવે છે એટલે ગોખાવી મારવામાં આવે છે. માટે દરેક પાઠ વખતે પ્રત્યક્ષ વસ્તુ કે પ્રાણી વગર

આગળ કાગળ ભરવું ન જોઈએ તેના અભાવે નમુના, તેના અભાવે ચિત્ર અને તેના અભાવે એને મળતો બીજા પ્રાણી કે વસ્તુનો નમુનો અગર ચિત્ર બતાવી સમજાવવું, પણ જ્યારે આમાનું કોઈ પણ સાધન મેળવી શકાય તેમ નજ હોય તો પછી વ્યાખ્યાન કરી સમજાવવું; પરંતુ ઉપરની દરેક રીતોમાં અનુક્રમે જ્ઞાન ઓછું મળવાનું અને મન ઉપર છાપ ઓછી બેસવાની. એ જાણુ સરખા જ્ઞાનવાળા હોય તો જોણું વિશેષ જોવું છું, તેજ આગળ પડી આવશે, તો પછી છોકરાની બુદ્ધિ તેના વગર જડ રહે એમાં કાંઈ શક જેવું નથી આગળ કહી ગયા કે સંગ્રહસ્થાન વગરની શાળા તે શાળાજ નથી; માત્ર છોકરાને પુરી રાખવાનું સ્થાન છે, માટે દરેક શાળામાં સંગ્રહસ્થાનની આવશ્યકતા છે.

હાલ શાળાઓમાં થતો સંગ્રહસ્થાનનો ઉપયોગ

દરેક જાણે જાણે છે કે હાલ શાળાઓમાં સંગ્રહસ્થાનનો કેવો ઉપયોગ થાય છે કેટલીક શાળાઓમાં એવું બને છે કે બસે, ચારસે કે પાંચસે વસ્તુઓ એકઠી કરી એટલે કૃતાર્થ થયા એ તો માત્ર સાચવી રાખવી. કોઈ વખત કબાટ ઉઘાડવું નહીં, કારણ તેમાં કચરો પડે અને વસ્તુ આઘી પાછી થઈ જાય તો વિઝિટ વખતે ઠપકામાં આવવું પડે આવું પણ કેટલીક શાળામાં બનતુ હશે. કેટલીક જગ્યાએ એમ બને છે કે શિક્ષકોને તે પદ્ધતિ પડી ગઈ હોય છે તેથી જુદી રીતે ભણવું અને ભરવું બરાબર થઈ પડે છે તેઓ એમ સમજે છે કે વળી છોકરાઓને વસ્તુઓ દેખાડવી એમાં તે શું? એ નવરી માથાકુટ શી? સાહેબ આવશે તે વખતે છોકરાઓને પુછશે માટે વખતે મરજીમાં આવે તો થોડી એક વસ્તુઓ આપવા જેવા તેમાં રાખો હોય તો બધી વસ્તુઓ તારવી કાઢી છોકરાને બતાવી જાય કે આ ફળ, આ ઝાડી, આ ફળાણું, એમ કરી પાછી મુકી આવે એ પ્રસંગો પણ કેટલીક જગ્યાએ ચાલુ હોવાજ જોઈએ. કોઈ ઉપયોગ કરવા ધારશે તો થોડા દહાડા કરશે અને પછી મુળની પદ્ધતિ પકડશે. ઘણી વખત એવું બને છે કે વસ્તુઓ બધી હોતી નથી વખતે હોય છે અને સંગ્રહસ્થાન રાખનાર પાસે માગે છે તો તેજ કાઢી આપવાને માટે કહેશે, નથી, અથવા બગડી ગઈ છે. આમ બને એટલે તેનો ઉત્સાહ ભાગી જાય વળી પાઠ આપવામાં વસ્તુ જોઈતી હોય તેનો આગલે દહાડે વિચાર કર્યો હોયજ નહીં. પછી જ્યારે પાઠ આપતાં ખપ પડે ત્યારે કહેશે કે ફલાણી વસ્તુ જોઈએ પણ તુરત મળી શકે નહીં એટલે ચલાવી લો. એમ કરતાં મન ઉપર આળસની છાપ પડી જાય. એકંદર જોતાં બરાબર ઉપયોગ થોડીજ જગાએ થતો હશે જોઈએ, કારણ એમાં કડાકુટ ઘણી પડે છે અને એવી માથાકુટ કરવાને કેટલાક શિક્ષકો રાજી હોતા નથી વળી તેજ વસ્તુનું સારૂ જ્ઞાન શિક્ષકને પણ હોતું નથી, વગેરે કારણોથી જોઈએ તેવો ઉપયોગ થતો નથી

ઉપસંહાર.

આ ઉપરથી જણાવવામાં આવ્યું કે શાળામાં સંગ્રહસ્થાનની આવશ્યકતા છે અને તે સારી રીતે વ્યવસ્થાવાળું જોઈએ. તેમજ બનતાં સુધી બધી વસ્તુઓ, નમુના કે ચિત્ર જોઈએ ને તે મુકવાની જગા સોઈવાળી પસંદ કરવી જો ક્લાસવાર સંગ્રહસ્થાન હોય, તો તે વધારે ઉત્તમ છે આ બધાની સાથે જો તેનો ઉપયોગ ન હોય, તો પછી તે કશા પણ ઉપયોગનું નથી, માટે દરેકે તેનો સારો ઉપયોગ કરવો, એ ઉત્તમ છે. એ શિક્ષક તથા છોકરાં

બન્ને ને ફાયદાકારક છે માટે દરેક જણુ જેમ વધારે ઉપયોગ થાય, એમ કરશે. હાલ દિવસે દિવસે ઘણી જગાએ ઊપયોગ થાય છે તોપણ જેમ વધારે ઉપયોગ થશે તેમ ફાયદાકારક નીવડશે.

કેશવલાલ છોટાલાલ.
હેડ માસ્તર, ઉંઝા.

ચર્ચાપત્રોના ખુલાસા.

(પાછલા અંકથી ચાલુ.)

૩

૧. એક વાકયોનો ભાવ એકજ જણાય છે, અને તેથી પુનરૂક્તિદોષ સંભવે છે.
૨. " ભદ્ર વિષે કવિતા " એ ઠેકાણે ભદ્રનો અર્થ મકાન છે. કવિતાની પહેલી લીટીમાં ભદ્ર શબ્દનો અર્થ કલ્યાણવાચક છે, અને " ભદ્ર દિસે ભયંકાર " ત્યાં ભદ્રનો અર્થ મકાન કરવાનો છે.
૩. ભદ્રની પાસે ત્રણ દરવાજા છે, તે દરેકથી જુદે જુદે ઠેકાણે જઈ શકાય છે; એટલે તે સ્થળોના ગુણ દોષના વર્ણન સાથે બોધક વાકય છે.

૪

૧. કેટલાએક માણસો અપદાર્થવાચક શબ્દોને પણ 'ચીજ શબ્દ જોડી વ્યવહરે છે, જો તમારા મિત્રે તેમ લખ્યું હોય તો 'તે " મોજ શોખ " નિમિત્ત આલસ્યાદિ કોઇ દુર્ગુણ હોવો જોઈએ તે જો કોઇ પદાર્થને ઉદ્દેશી લખ્યું હોય તો તે અનેક તરેહના વ્યસનોમાંની એકાદ હોવી જોઇએ.
૨ તેમને રગત લાગે તેવી રીતે.
૩ લખનાર ખુલાસો કરશે.
૪. લક્ષ્મીબાઇનું બીજું નામ પાર્વતીબાઈ હોવું જોઇએ.

૫

વિવેચનવાળાં ચર્ચાપત્રો પ્રસિધ્ધ થવા હરકત છે તેથી ટુંકામાં ખુલાસા લખ્યા છે.

૧. વિશ્વ વ્યવસ્થામાં સંકળાયલાં અંગોમાં અમુક અંગને " શ્રેષ્ઠ " એમ કહેવું બાધિત છે, તથાપિ એકાદને સ્પષ્ટ કહેવાનો જો આગ્રહ હોય તો અનેક રીતે વિચારતાં પણ " વર્ષાઋતુજ શ્રેષ્ઠ છે " એમ કહી શકાય.
૨. કાળ અને નીતિનો જો કે અન્યોન્યાશ્રય સંબંધ છે, તથાપિ " નીતિને આધીન કાળ છે " એમ સાધારણ રીતે માની શકાય
૩. કોઇ પણ ગુણનો એ અતિક્રમ થતાં તેમાં કેટલે અંશે દોષ વ્યાપે છે પણ પ્રશ્નનો ખુલાસો " અતિ લોભ તે પાપનું મૂળ " અને " સંતોષી તે સદા-સુખી " એ લોકોક્તિમાં સ્પષ્ટ છે
૪ (વધારે દૂર ન જતાં) ખરી રીતે કહીએ તો વિશ્વ વ્યવસ્થા-ઋતુ-કાળને આધીન છે.
૫ મન માનતો ખુલાસો કોઇ સારા કવિથી થઈ શકશે.
૬ બંન્ને શબ્દોમાં એક બીજાનો ભાવ છે; પણ અમુકનીજ ગરજ સારવાની પ્રવૃત્તિ કરનારને પરગજુ અને જનસમૂહના લાભને માટે સદા સર્વદા પ્રવૃત્તિમાં રહેનારને પરોપકારી કહી શકાય.
૭ મુખ્ય હેતુ અક્ષર જ્ઞાન થવાનો છે.

દેશી કેળવણીખાતું.

પરહુકમ નંબર ૩.

મરાઠી આંકમાં દરેકજાતની જે શાળાઓમાં પાંચમા અને છઠ્ઠા ધોરણનો અભ્યાસ ચાલતો હોય તેમાં એક વધારે ઉપશિક્ષક રૂ. ૭) માસનો આપવા હજુરમાં ટિપ્પણ રજુ કરવામાં આવેલ, તે પ્રમાણે શ્રીમંત સરકાર મહારાજા સાહેબ એમની હજુરથી મંજુરી મળેલી છે સબબ એવી જે શાળામાં વધારાના ઉપશિક્ષકની જરૂર હોય ત્યાંના મહેતાજીએ પુરતી હકિકત સાથે રિપોર્ટ પોતાના વિભાગના રા. રા. ડેપ્યુટી એજ્યુ. ઇન્સપેક્ટર તરફ કરવો એટલે તેમના તથા પ્રાંતના રા. બા. એજ્યુ. ઇન્સ્પેક્ટર સાહેબના અભિપ્રાય ઉપરથી યોગ્ય રીતે કરવામાં આવશે. તા. ૧૦ માહે ઓગષ્ટ સને ૧૮૯૮ મુ. વડોદરા.

દામોદર.

J. A. DALAL.
વિદ્યાધિકારી

પરહુકમ નં. ૪.

પેટા કિતાબખાનામાં કેટલાંક રદી થયેલા છાપેલા ફાર્મોનો કેવો ઉપયોગ કરવો તે સંબંધમાં મહેતાજીઓ તરફથી રીપોર્ટો આવે છે તેથી સર્વ ઠેકાણે એક સરખો વહીવટ રહેવા માટે જણાવવામાં આવે છે કે—છાપેલા ફાર્મો પૈકી જે ફાર્મો કમી થયાં હોય અથવા ઉપયોગ લેવાને બાધ થયા હોય તેવાં ફાર્મો રદ થયેલાં સમજી નીચે પ્રમાણે તેની વ્યવસ્થા કરવી —

૧ એક બાજુએ છાપેલા ફાર્મો હોય તેનો ઉપયોગ સરકારી કામને માટે પાકીટો બનાવવાના કામ તરફ કરવો.

૨ બીજી બાજુએ છાપેલા ફાર્મો હોય તેનો ઉપયોગ લાયબ્રેરીની ચોપડીઓને પૂઠાં કરાવવાના કામ તરફ કરવો.

૩. કલમ ૨ પ્રમાણે પૂઠાં કરતા ફાર્મો વધારે હોય તો તેની નિયમ મુજબ હરાજી કરવી.

ઉપર પ્રમાણે વ્યવસ્થા કરવી. તા. ૧૧-૮-૯૮.

દામોદર.

J. A. DALAL.
વિદ્યાધિકારી.

વટહુકમ નંબર ૫.

આ તરફથી સરક્યુલર નંબર ૫૫ તા. ૧૭–૫–૯૫ ને કન્યાશાળામાં સારી હાજરી રાખવા માટે દરેક શાળામાં રૂ. ૭) કલદાર સુધી ઇનામ આપવા ચયેલો છે. તેની હકીકતનાં પત્રકો પ્રાંતના રા. બા. એજ્યુ. ઇન્સ્પેકટર સાહેબો તરફથી અભિપ્રાય સહ આવેલાં છે તે જોતાં તેથી સંખ્યામાં તથા હાજરીની ટકાવારીમાં દેખીતો વધારો થયો હોય એમ જણાતું નથી. કેટલેક ઠેકાણે, જેમ કે દેહગામ, ગણદેવી, ઉંઝા, ડભોઇ, વિગેરે ઠેકાણે સંખ્યા તથા હાજરી કમી થયેની છે. તેમ રા બા. ઇન્સ્પેકટર સાહેબો પણ શક પડતો અભિપ્રાય જણાવે છે કે સદરહુ સરક્યુલરથી આબાદીમાં વધારો થયો છે કે કેમ તે કહી શકાતું નથી. આ બાબતમા દર સાલ થોડો ખર્ચ થાય છે તો પણ ખાસ વધારો ન થતો હોય તો પ્રત્યેક શાળામા આવી રકમ ખર્ચ કરવાની જરૂર નથી. સબબ થયેલો સરક્યુલર રદ કરી આ વટહુકમ કરવામા આવે છે કેઃ—

જે જે ઠેકાણે પ્રથમના વટહુકમનો અમલ થવાથી સંખ્યામાં તથા હાજરીની ટકાવારીમાં ખરેખરો વધારો થશે એમ વિભાગના રા. સા. ડેપ્યુટી એજ્યુ. ઇન્સ્પેકટરને અથવા પ્રાતના રા. બા. એજ્યુ ઇન્સ્પેકટર સાહેબને જણાય (મુખ્યત્વે કરીને નવી ઉઘડતી શાળાઓમા) તે તે શાળાઓમા ઇનામ આપવા માટે આ તરફની મંજુરી લેવા રિવાજ રાખવો. બનતા સુધી પોતાના વિભાગમાં અથવા પ્રાંતમાં એવી જેટલી શાળાઓ હોય તેનુ વર્ષમા જાન્યુઆરી તથા જુલાઇ આખર સુધીની મુદતનું સામટું બે હપ્તે પત્રક, પાછલી બે સાલોથી સંખ્યા તથા હાજરીની ટકાવારીમાં કેટલો કેટલો વધારો થાય છે તે જણાવી મોકલવાનો રિવાજ રાખવો કે જેથી લખાપઢીમાં વધારો થાય નહીં.

ઉપર પ્રમાણે જે જે શાળાઓ માટે આ તરફથી મંજુરી મળે તે તે શાળાઓમાં કયી કયી કન્યાઓને ઇનામ આપવું, તે પ્રાંતના રા. બા. એજ્યુ. ઇન્સ્પેકટર સાહેબે હાલ ચાલતા ધોરણ પ્રમાણે નક્કી કરી મંજુરી આપવી અને તે પ્રમાણે જેમને તેમને ઇનામ અપાયલુ છે કે કેમ તથા મંજુરી મેળવતી વખતે મેહેતાજીએ જણાવેલી હકીકત ખરી છે કે કેમ તે પરીક્ષક અધિકારીએ દફતર તપાસણી વખતે તપાસતા રહેવું. તા. ૨૯ ઑગષ્ટ સન ૧૮૯૮.

J. A. DALAL.
વિદ્યાધિકારી.

વટહુકમ નંબર ૬.

રા. બા એજ્યુ. ઇન્સ્પેકટર સાહેબોએ પોતાના પ્રાંતના ડેપ્યુટીઓ તથા મેહેતાજીઓની સભા ભરી શાળોપયોગી બાબતોનો બોધ કરવા સંબંધે વટહુકમ નં. ૫૮ તા. ૧ લી જુન સન ૧૮૯૫ નો કરવામાં આવેલો છે. એ બદલની મંજુરી ત્રણ વર્ષની હતી તે ૧૮૯૭–૯૮ આખરે પૂરી થવાથી આગળને માટે મંજુરી મળવા ટીપણ નં. ૧ તા. ૮–૮–૯૮ નું કરવામાં આવેલું. તે લગત નામદાર દિ. બા. દિવાન

સાહેબની મંજુરીથી હુ. નં ૧ તા. ૧૫-૮-૯૮ ના હુકમથી અહીંની દરખાસ્ત મંજુર થઈ છે. તે અન્વયે જણાવવાનું કે — એ કામ સંબંધી જેઓએ ખાસ ખર્ચ થવાનો તે નાયબ અધિકારી, મેદેવાઈ તથા તાબાના નોકરોની ફરમાવની વિગેરે માટે ખાસ ખાતાની રકમ ફરતા ખર્ચના તાબામાં છે તેમાં રૂ. ૪૦૦) ખાસ ઠરાવેલા છે તેની વહેંચણી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

૧૨૫ વડોદરા પ્રાંત ખાતે.	૭૫ નવસારી પ્રાંત ખાતે
૧૨૫ કડી પ્રાંત ખાતે.	૭૫ અમરેલી પ્રાંત ખાતે

કુલ રૂ ૪૦૦)

ઉપરની રકમને રૂ. ૪૦૦) ની વહેંચણી દર વર્ષે માટે કરવામાં આવી છે. ખર્ચ એ સંબંધી ઉપર જણાવેલા વહીવટી હુકમ નંબર ૫૮ તા. ૧-૬-૯૫ માં જણાવ્યા પ્રમાણે અમલ કરીને હુકમ થતાં સુધી જે તે પ્રાંતના રા. બા. એજ્યુ. ઇન્સ્પેક્ટર સાહેબ કરતા રહેશે તા. ૧ સપ્ટેમ્બર સન ૧૮૯૮.

J A. DALAL.
વિદ્યાધિકારી.

વહીવટી હુકમ નં. ૭.

રા. બા. નારાયણરાવ ભાસ્કર પંડિત કડી પ્રાંતના એજ્યુ. ઇન્સ્પેક્ટર સાહેબ એમના તરફથી “ શાળા ક્વાયત ભાગ ૧ લો ” એ નામનું નાનું પુસ્તક કિંમત રૂ ૦-૨-૦ ને આનાનું છપાવીને બહાર પાડ્યું છે. આ ખાતાની મંજુરીથી શાળાઓમાં ક્વાયત શીખવાય છે. કસરત તથા ક્વાયત શીખવવામાં આ પુસ્તક વધારે ઉપયોગી થઈ પડશે એમ જણાય છે સબબ શાળાઓના હેડ માસ્તરો તથા મહેતાજીઓને આથી સૂચના આપવામાં આવે છે કે જેમણે તેમણે પોતાની શાળાના કન્ટિન્જન્સીમાંથી સદર પુસ્તકની એક પ્રત શાળાના ઉપયોગ માટે ખરીદ કરવી. પુસ્તક તેઓ સાહેબ તરફથી મળશે. તા ૧ માહે સપ્ટેમ્બર સન ૧૮૯૮ મુ વડોદરા.

J. A DALAL.
વિદ્યાધિકારી.

કમેલર.

સૂચના ૮.

વહીવટી હુકમ નંબર ૧ તા. ૮-૮-૯૮ થી નોંધાયલી ખાનગી શાળાઓના નિયમો બંદ-બસ્તના ઉપયોગી સૂચનાઓના અંક ૧૧ મો પ્રસિદ્ધ થયો છે, તેમાં વધારો તથા સુધારો નીચે પ્રમાણે છે—

૩ ખાનગી શાળા શિક્ષણ આપનાર પોતે સ્થાપન કરી શકે, અગર નિયમોને અનુસરી શિક્ષકો રાખી શાળાના માલીક તરીકે કોઈ કમિટી અથવા ખાનગી ગૃહસ્થ સ્થાપન કરી શકે

ટીપ ૧ લીઃ—જે જગાએ કોઇ કમિટી અથવા ગૃહસ્થ આવી શાળા ચલાવવા માટે તૈયાર હશે તે જગાએ આ નિયમને લગતી સર્વે ગોઠવણ અને જવાબદારી તેમના ઉપર રાખી તે કમિટીના સેક્રેટરી અથવા તે ખાનગી ગૃહસ્થ સાથે પત્ર વ્યવહાર રહેશે. મહેતાજી વિગેરે તેના માલીકના ખાનગી નોકર તરીકે ગણવામાં આવશે અને મદદની રકમ વિગેરે આપવામાં આવશે.

ટીપ ૨ જીઃ—કોઇ કમિટી આવી શાળા સ્થાપન કરવા માગે તો કમિટીના બંધારણની પૂર્ણ હકીકત અરજી સાથે લખાઈ આવવી જોઇએ.

કલમ ૯ ના હેડીંગની બાબતમાં હેડીંગમાં "કોળી ભીલ" છે ત્યાં "કોળી ભીલ વગેરે" જોઇએ. સદર કલમમાં "સરક્યુલર નં. ૧૨ સને ૧૮૮૧–૮૨ પ્રમાણે" એ કાઢી નાખવામા આવે છે.

કલમ ૧૨ ની લીટી બેમાં "હોવા" ને બદલે "હોવો" વાંચવો.

કલમ ૧૫ માં "એક માસનું" છે ત્યાં "દરેક માસનું" જોઇએ.

કલમ ૧૬ માં "તે મોકલવી જોઈએ" છે ત્યાં તે "મોકલવાં જોઇએ" જોઇએ.

કલમ ૧૯ ની બાબતમા "સરકારી મદદ" છે ત્યાં "સરકાર મદદ" જોઇએ.

સદર કલમની નિશાની ઘ ની લીટી ચોથીમા "ઇનામ" શબ્દ છે તેની આગળ "ખાસ" શબ્દ ઉમેરવો.

કલમ ૨૧ મા "પસાર થતા છોકરાં" છે ત્યાં "પસાર થયેલાં છોકરાં" જોઇએ.

કલમ ૨૩ ની બાબત "કરાર" શબ્દ હેડીંગમાં વાંચવો.

ઉપર જણાવેલી કલમ ૩ દાખલ કરવાથી કલમના અનુક્રમમાં ત્રણથી એકેકનો વધારો સમજવો એટલે એકંદર ૨૫ કલમો સમજવી.

પરિશિષ્ટ क માં સુધારો.

અરજીના કોઠાના ખાસન ૨ મા નંબર ૫ માં "ગામા" છે ત્યાં "ગામ" જોઇએ અને નં ૭ મા "મહેતાજી કે માલીકનો" છે તેને બદલે "મહેતાજીનો" જોઇએ, તથા "સુધી" શબ્દની પછી પશ્નાર્થ ચિન્હ છે તે કાઢી નાખી "તે" ને બદલે "ને" વાચવો તથા નં. ૮ માં "મહેતાજી કે માલીક" છે તેને બદલે "મહેતાજીએ" જોઈએ.

બીજા પેરેગ્રાફમા "મહેરબાનીથી પરવાનગી મળે" છે તેને બદલે "મેહેરબાનીથી પરવાનગી આપશો. પરવાનગી મળે" એ પ્રમાણે વાંચવું. "કરાર તથા લાયક જમીન" છે ત્યાં "કરાર તથા જમીન" જોઇએ.

પરિશિષ્ટ ख માં સુધારો.

પેહેલી લીટીમાં "વિદ્યમાન વિદ્યાધિકારી" છે ત્યાં "વિદ્યમાન મેહેરબાન વિદ્યાધિકારી" જોઇએ. નવમી લીટીમાં "શાળાતાના" છે ત્યાં "શાળા ખાતાના" જોઇએ. બારમી લીટીમાં "સો બાબાશાઇ સુધી" છે ત્યાં "સો બાબાશાઇ" જોઇએ; તથા જમીનના લેખની ત્રીજી લીટીમાં "ગામનો" એ શબ્દ પછી "સદરહુનો" એટલું વધારે સમજવું.

ઉપર પ્રમાણે સુધારો વધારો સમજી અમલ કરવો. તા. ૭ સપ્ટેમ્બર ૧૮૯૮

J. A. DALAL.

વિદ્યાધિકારી.

देशी केळवणी खातानी शाळाओमां लायब्रेरी खाते राखवा नीचे जणावेलां मराठी पुस्तको मंजुर करवामां आवे छे.

अनुक्रम नंबर.	पुस्तकनुं नाम.	कर्ता अथवा प्रकटकर्ता	किंमत			विशेष हकीकत
			रु	आ	पै	
१	माउन्टस्टुअर्ट एल्फिन्स्टनचें चरित्र	रा. विष्णु वासुदेव नाडकर ह. मा. म्युनिसीपल शाळा नं. २ ठाणा	२	०	०	
	श्री शिवछत्रपति महाराज	रा. पुरुषोत्तम गोविंद नाडकर्णी	१	०	०	ठे. विविधज्ञान विस्तारचा मॅनेजर मुम्बाई
	हिंमत बहादर	सदर	१	०	०	सदर
	क्वायतीचें प्रायमर.	रा. रामकृष्ण माधवराव चोणकर	०	९	०	ठे. नं. ९ खेतवाडी मार्टिंड रोड मुम्बाई
	जवानमर्द ब्राह्मणभाई	जनार्दन महादेव गुर्जर	०	२	०	ठे. रामवाडी मुम्बाई

દસ્તુખ

J A DALAL
વિદ્યાધિકારી

દેશીકેળવણી ખાતાની શાળાઓમાં લાઇબ્રેરી ખાતે રાખવા સારૂ નીચે જણાવેલાં ગુજરાતી પુસ્તકો મંજુર કરવામા આવે છે.

અનુક્રમ નંબર.	પુસ્તકનું નામ	કર્તા અથવા પ્રકટકર્તા	કિંમત			વિશેષ હકીકત
			રૂ	આ	પૈ	
૨૮૫	પિંઢમેદ	મી. અલાદીનશરીફ માલે મહમદ નેશવાળા કાદીવાવાડ	૦	૧૨	૦	
૨૮૬	મોતીલાલ અથવા વકેલ છોકરો.	રા. મદનલાલ લલ્લુભાઇ મુનસફ ગીરગામ બેકરોડ મુંબાઇ	૧	૮	૦	
૨૮૭	મીરેશ પરશીયન ગ્રેમ્મર	મી. કામઅલી રહીમના નજીઆલી નડીયાદ.	૦	૯	૬	ઉર્દુ શાળાઓ માટે મંજુર
૨૮૮	તવારીખે નવસારી.	શે. સોરાબજી મંચેરજી દેસાઇ.	૨	૮	૦	દેસાઇ હોલ નવસારી.
૨૮૯	વનસ્નેહ (રવીકનગોર્ગ)	ભોજનાર મંજુલા કર રત્નજી ભટ્ટ.				મળવાનું ઠેકાણું. નૂતનવિલાસ પ્રિન્ટિંગ પ્રેસ, વડોદરા.

તોનમાં મુ	મી. દીનશાજી અરદેશર તાલેયારખાં. વડોદરા.	૧	૦	૦

J. A. DALAL.
વિદ્યાધિકારી.

देशी केळवणी खातानी शाळाओमां इनाममां आपवाने सारु नीचे जणावेलां मराठी पुस्तको मंजूर करवामां आवे छे.

अनुक्रम नंबर	पुस्तकनुं नाम.	कर्त्ता अथवा प्रकट कर्त्ता	किंमत. रु.	आ	पै.	विशेष हकीकत.
२२७	वीरमती.	रा. दामोदर सावळेराम अने कपनी वडोदरा.	१	०	०	
२२८	ऋण निषेध.	खळे आणि कपनी वडोदरा.	०	५	०	
२२९	शूरवीर रामराव धोरपडे नाटक.	रा. विष्णु धोंडदेव करवे. वडोदरा. मराठी शा. न. ४ आसिस्टट.	०	८	०	
२३०	अर्थशास्त्र.	रा. दामोदर सावळेराम अनि कपनी. वडोदरा	१	८	०	
२३१	पुष्प गुच्छ.	रा. मोरो गणेश लोंढे. ठे. नागाम. ता अलीबाग. जील्ला कोलाबा. मराठी शिक्षक	०	१	६	
२३२	ऐतिहासिक सगीत.	सदर.	०	१	६	
२३३	गरीब आणि उद्योग.	सदर.	०	५	६	
२३४	पुष्पमाला.	सदर.	०	१	६	
२३५	उपदेशमाला.	सदर.	०	१	६	
२३६	माउन्टस्टुअर्ट ॲलफिन्स्टनचे चरित्र.	रा. विष्णु वासुदेव नाटेकर हे. मा. म्युनीसिपाल शाळा नं. २ थाणा.	२	०	०	
२३७	श्री छत्रपति महाराज.	रा पुरुषोत्तम गोविंद नाडकर्णी विविधज्ञान विस्तारना मॅनेजर. मुंबाई.	१	०	०	
२३८	हिंमत बहादर.	सदर.	१	०	०	
२३९	कवाईतीचे प्रायमर.	रा. रामकृष्ण माधवराव चोणकर. न. ९ चेवुलवाडी मार्केट पोस्ट मुंबाई.	०	१	०	
२४०	विक्टोरिया राणी गीत.	गोविंद पांडुरंग टीलक.	०	४	०	स्कुलमास्तर कन्याशाळा हातकणगले. पेटा आळ्ते. इलाके कोल्हापुर.
२४१	मराठ्यांचा मर्दुमकी भा २	रा. जनार्दन वासुदेव गुजर बुकसेलर. रामवाडी मुंबाई.	०	३	०	

२४२	जवान्मर्द आत्मणभाइ मोमीन बापु	सदर...	०	२	०	(१२)
२४३	मराठ्यांच्या मर्दुमकी भा १.	सदर	०	२	०	
२४४	जवान्मर्द मराठे गडी	सदर	०	५	०	
२४५	मराठेशाही सुभेदार मल्हारराव होळकर.	सदर.	०	२	०	

J. A. DALAL.
વિદ્યાધિકારી.

દેશી કેળવણી ખાતાની શાળાઓમાં ઈનામમાં આપવાને સારૂ નીચે લખેલાં ગુજરાતી પુસ્તકો મંજૂર કરવામાં આવે છે.

અનુક્રમ નંબર	પુસ્તકનું નામ	ગ્રંથ અથવા પ્રેરક કર્તા	કિંમત રૂ	આ	પ.	વિશેષ હકીકત
૩૩૬	ઘરખર્ચની આવડત અથવા કરકસર.	ડા. રતનભાઈ મણીભાઈ સીવીલ સરજન અમરેલી	૧	૦	૦	
૩૩૭	વિદ્યાર્થીનો સાચો મિત્ર પ્રથમ માસનો સમાગમ	રા. છોટાલાલ જીવણલાલ આસિ. માસ્તર વડોદરા હા. સ્કુ	૦	૪	૦	
૩૩૮	નીતિ શાસ્ત્રનાં મૂળતત્વ ભાગ ૨.	રા. બા. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ વડોદરા.	૦	૬	૦	
૩૩૯	નાટક કથારસ ભા ૨.	રા. હરજીવન ગોકળદાસ બીડલવાડી મુંબાઈ	૦	૧૨	૦	
૩૪૦	શૂરવીર શિવાજી ચરિત્ર	રા. મગનલાલ જેઠારામ કારકુન વિદ્યાધિકારી કચેરી	૦	૬	૦	
૩૪૧	દલપતિ વિરહ વિલાપ.	રા. કાશીશંકર મૂળાશંકર દવે લાડવાડો વડોદરા	૦	૧	૦	
૩૪૨	વિશ્વભેદ.	મી. અલાઉદીન શરીફ સાહેબ મહમદ વેરાવળ કાઠીયાવાડ	૦	૧૨	૦	
૩૪૩ *	મોતીલાલ અથવા નટેલ છોકરો	રા. મદનલાલ મનુભાઈ મુનસફ ઠે. ગીરગામ બેકરોડ મુંબાઈ	૧	૮	૦	
૩૪૪	સીલેક્ટ પરશીયન ગ્રાન્ટ મેંટ	મી. કરમઅલી રહીમ નાનજીઆણી નડીઆદ.	૦	૯	૬	ઉરદુશાળાઓમાટે
૩૪૫	સુઘડ કળા.	બાઈ મેહેરબાઈ પેસ્તનજી નવરોજજી ડાક્ટર	૨	૦	૦	ઠે. ફેર ડીવરરોડ નું મેટીએ મુંબાઈ. (કન્યાશાળાઓમાટે)
૩૪૬	શારદા વિક્રમ વિજિયના. .	રા. ભોગીચંદ રવિશંકર જોશી મુ. ટીચર નવસારી ગ્ર. શાળા	૦	૧	૦	

श्री.

संवत् १९५६. — द्वितीयाश्विन.

केळवणी

पुस्तक १० मुं. — अंक ११ मो.

પ્રસિદ્ધકર્તા

છોટાલાલ નરભેરામ ભટ્ટ.

વડોદરા-

"શ્રી-સુધાવર્ષક" માં છાપ્યું.

ઈ. સ. ૧૮૯૯

માત તાત ને ગુરૂતણા કહ્યા વિષે રહે,
તેમનાં કઠોર વેણ તોય તે સદા સહે;
લોકલાજ લોપવાનિ વૃત્તિ પાછિ વાળજે,
એટલું કરી પછી તું ચાહ્ય તેમ ચાલજે. ૩
દીન દુઃખમાં પડેલ દેખિ ધારજે દયા,
તે થયા કૃતાર્થ દામ જે પરાર્થમાં ગયા;
માર્ગ આ પરોપકારનો પ્રશસ્ત ઝાલજે,
એટલું કરી પછી તું ચાહ્ય તેમ ચાલજે. ૫
કોઈ થાય ક્રોધિ તોય તું સદૈવ શાન્ત થા,
દુષ્ટ દુઃખદાયિ દેખિ દીલમાંહિ દાન્ત થા;
આદરે અનાડ તોય માફિ સાફ આલજે,
એટલું કરી પછી તું ચાહ્ય તેમ ચાલજે. ૬
સૌનિ સાથ આપનો સ્વધર્મ દીલ ધારજે,
મોટું પેટ રાખિને મનોવિકાર મારજે;
સભ્યતા ધરી અસભ્યતાદિ દોષ ટાળજે,
એટલું કરી પછી તું ચાહ્ય તેમ ચાલજે. ૭
શાસ્ત્રમાં કહેલું વેણ સાચું સદ્ય માનજે,
સાંચિ રાખ તેથકી તું હોય સત્ય જ્ઞાન જે;
ઇશમાંહિ પ્રીતિ ધારિ આણ તેનિ પાળજે,
એટલું કરી પછી તું ચાહ્ય તેમ ચાલજે. ૮

શાળાની હાજરી.

નિશાળના બધા કામનો આધાર હાજરી ઉપરજ છે કેટલાક શિક્ષકોને બોલતા સાંભળીએ છીએ કે અમે ઘણો પ્રયત્ન કરીએ છીએ, છતાં છોકરાની હાજરી સારી રહેતી નથી; તેમાં વિશેષે કરીને ધોરણબહારમાં તો બહુજ માથાકૂટ કરવી પડે છે. તેમ થવામાં [illegible] કરીને તેમનીજ કચાશ હોય છે અથવા મહેનત અવળે રસ્તે કરવામાં આવતી હોય [illegible] જણાય છે. તેથી એ પ્રમાણે હાજરી નહિ થવાનાં શાં કારણો છે અને કેવી રીતે તે કારણોનું મૂળ ઓછું થઈ ધીમે ધીમે હાજરીમાં ચોકસ વધારો અને સુધારો થઈ શકે: એવી એવી બાબતોનો વિચાર કરી તે ઉપરથી પરિણામતા કેટલાક નિયમોનું દિગ્દર્શન અત્ર કર્યું છે. જે સારા અને ઉમંગી શિક્ષકોના ઉમંગ અને યુક્તિમાં પુષ્કળ જોસ્સ આણી કેળવણીના વધારાને તથા સંગીનપણાને માટે લેવાતા ઉપાયોમાં એક અગત્યનો વધારો કરશે, એમ અમને લાગે છે.

હાજરી વધારવાની યુક્તિઓના જ્ઞાનને અભાવે અથવા હાજરી કેમ વધારવી, તેનો વિચાર કરવાના આળસથી ઘણા માણસો નિરુત્સાહ થયેલા જોવા જાણવામાં આવ્યા છે, અને ઘણા માણસોનું સારું શિક્ષણ અને પુષ્કળ મહેનત વ્યર્થ ગયેલાં જોયાં છે. આવાં આવાં અનિષ્ટ પરિણામો દૂર કરવામાં જો આ વિચારથી કંઈ પણ મદદ થાય, તો આ વિષયમાં નિયમો ખોળવામાં થયેલો પ્રયાસ અને મજૂરી સફળ થયા ગણાય. હું તો એથી વ્યક્તિ વ્યક્તિના ફાયદા ઉપરાંત સમગ્ર શિક્ષક-મંડળ અને આખા જનસમૂહને ફાયદો છે, એમ ખાત્રી-પૂર્વક માનું છું; તેથીજ ટુંકામાં અને હલકામાં હલકા ઉપશિક્ષકથી માંડી સર્વને સમજાય તેવા માર્ગસૂચક નિયમો જણાવું છું. પણ તે પહેલાં સારી હાજરી વિના શા શા માઠાં પરિણામ થાય છે તેમાંના કાંઈક જોઈ જઈએ તો તે જોતાંજ સારી હાજરીથી શું શું લાભ છે તે પણ જણાયા વિના નહિ રહે

સારી હાજરી વિના નિશાળ ધીમે ધીમે પાયમાલ થઈ જાય છે અને કોઈ કોઈ વાર તૂટી ભાગી પડે છે—તેના સર્વ શિક્ષકોના મહેનતનો ઘણો ભાગ એળે જાય છે. શિક્ષકોમાં મહેનત કરવાનો ઉત્સાહ રહેતો નથી તેથી કર્તવ્ય-વિમુખ થવાય છે, અને લોકો કે ઉપરીઓનો તેમ વિદ્યાર્થીઓનો પણ શિક્ષકો ઉપર ભાવ રહેતો નથી, નુકસાન વેઠવું પડે છે, ઠપકા ખાવા પડે છે અને મન ખિન્ન થઈ જઈ હમેશાં ઉદાસી કે અપ્રસન્નતા રહે છે. શીખવવાને માટે પહેરથી ઘણો વિચાર કરી સારી તૈયારીથી ઉત્સાહ અને જોસ-ભેર આવેલો શિક્ષક જ્યારે વર્ગમાંથી ઘણા છોકરાને ગેરહાજર જુએ છે ત્યારે તુરત તેનું મગજ નરમ થઈ જાય છે; તેથી શિક્ષણનો ઉત્સાહ મંદ પડી જઈ તેને ઠેકાણે દિલગીરી ને કંટાળો આવી સ્કુલ કે ખુરશી પર પડે છે. આમ થવાથી શિક્ષકોને, વિદ્યાર્થીઓને, ગામને અને આખા ખાતાને એમ ચો-તરફ નુકસાનજ થાય છે. સમજુ માણસોએ એવા નુકસાનને હલકું માનવું જોઈતું નથી અને શિક્ષકોએ તો એમજ માનવું જોઈએ છે કે અમારા બે-ચાર કે દશ જણની સહેજ નિષ્કાળજીથી કદલી બધી જગાએ અને કેવું કેવું નુકસાન થઈ જાય છે તથા તેની માઠી અસર ચેપી રોગની પેઠે કેવી બધે ફેલાય છે. એ નિષ્કાળજીથી તેમને પોતાને કે બીજા કોઈને કંઈ પણ ફાયદો થતો નથી. અને ઉલટા અધિકારી, ગામલોક વગેરેના અભાવ-પાત્ર થવાય છે. વળી જરા વધારે વિચાર કરે તો કોઈને પણ સહેજ જણાઈ આવે એવું છે કે, એવી નિષ્કાળજી અને એવું આળસ અથવા મનમોજીપણું જે પ્રકારની મનની ખુશાલી માટે રાખવામાં આવે છે, તે પ્રકારની ગમ્મત મનને મળવાનો માર્ગજ એથી તો બંધ થઈ જાય છે અને ઉલટા નિરુત્સાહી, દમ વગરના, ઉદાસ, અપ્રસન્ન અને હમેશને માટે નિર્માલ્ય થઈ જવાય છે તથા વિચાર અને ખંતથી કામ કરનાર જેવું તેજ અને બળ રહી શકતું નથી; માટે હાજરી સારી રાખવાનું લક્ષ અને તેની યુક્તિ ખોળી કાઢવાના વિચાર એ મારા શિક્ષકોનું કર્તવ્ય—અને તેમને માન તથા પ્રતિષ્ઠા અપાવનારું તથા કામ દીપાવનારું સાધન છે.

સંખ્યાની બાબતમાં નિશાળની આબાદી વધારવાના ઉપાયો પૈકીનો સારામાં સારો ઇલાજ "હાજરી ઉપરની દેખરેખ" છે જે હાજરી ઉપર સારી દેખરેખ રહી તે સારી થાય તો ઉઠવાનો સંભવ થોડોજ રહે છે માત્ર કોઈ ખાસ કારણે ઉઠે તેજ, એટલે નવા આવનારનો 'વધારો' તુરત દેખાઈ આવે છે, પણ દેખરેખ સારી ન રહેતી હોય તો ઉલટું, છોકરાઓ વધારે ઉઠવાથી સહજ થઈ આવેલો વધારો ઉઠી ગયાની 'ખોટ'જ પૂરી શકતો નથી એટલે વધારો ન થતાં ઉલટી 'ખાધ' આવી સંખ્યા આબાદ થતી નથી.

બીજ ઉપરના સંસ્કારથીજ લાભ છે. ઝાડને સારાં અને પુષ્કળ ફળ થવા સારુ તેના મૂળમાંજ પોષણ થવું જોઇએ. સમાજના સુધારા માટે દરેક વ્યક્તિએ સુધરવું જોઇએ. યુનિવર્સીટીઓના સારા પરિણામને માટે પ્રાથમિક-શિક્ષણ સંગીન મળવું જોઇએ. ઉપલાં ધોરણના સારા માટે હલકાં ધોરણમાં સારું કામ થવું જોઇએ, અને નીચલાં ધોરણ આશરે એકલું ધોરણબહારજ બરાબર, ખીચોખીચ, વધારેમાં વધારે બની શકે તેટલું ભરવું જોઇએ. ઉપલા પેરેગ્રાફમાં કહેલી વધઘટની વાત એ ધોરણબહારને વધારેમાં વધારે લાગુ પડે છે.

સારી હાજરી.

એ બાબતમાં નીચેની યુક્તિઓ ઉપયોગી થશેઃ—

(૧) ધોરણ બહારના છોકરાઓના રહેવાના મહોલ્લાવાર જથા પાડવા અને તે જથાનો કાગળ વર્ગમાં પાટીયાપર ચોઢી રાખવો. દરેક વર્ગમાં એ પ્રમાણે કરવામાં આવે તો તેથી વિશેષ લાભ થાય.

(૨) આખી નિશાળના છોકરાઓનું મહોલ્લાવાર એક લીસ્ટ (તેમાં પાછી વર્ગવાર વ્યવસ્થા થાય) મુખ્ય-શિક્ષકે પોતાની પાસે નોટબુકમાં રાખવું.

(૩) સારી હાજરી થતા સુધી અને જ્યાં બની શકે એમ હોય ત્યાં હમ્મેશાં ધોરણ બહારના છોકરાઓને જથાવાર પોતપોતાના મહોલ્લાવાળાઓની સાથે બેસાડવા કે જેથી તેઓ પોતાના મહોલ્લાના બધા સાથીઓને સારી રીતે જાણે, ઓળખે, અને હળી જાય.

(૪) આઠવાડીએ કે પખવાડીએ શાળાના વખત બહાર ચોગાનમાં કે બીજે અનુકૂળ ઠેકાણે આખી શાળાના બધા છોકરાઓને ભેગા કરી તેમને મહોલ્લાવાર ઉભા રાખવા જેથી ઉપલાં ધોરણના છોકરાઓ પણ જાણી શકે કે આપણા મહોલ્લાના બધા થઇને આટલા અને અમુક અમુક છોકરા નિશાળે આવે છે.

(૫) ધોરણ બહારમાં કરેલી વ્યવસ્થા મારેક દિવસ જથાવાર ચાલ્યા પછી તેમને સમજાવવું કે નિશાળમાં આવતી વખતે પોતાના મહોલ્લાના છોકરાઓને તેડતા આવે. સાંજે સાંજે મહોલ્લામાં એકઠા થાય અને આંક ગોખે, એમ થવા માટે એક બે મોટા હોય તેમને વડ નિશાળીઆ ઠરાવવા. તેમને રોજ ગઇ કાલની હકીકત પૂછતા રહી ઉત્સાહ આપવો. કોઈ કોઇ વાર હલકાં ને સાધારણ ઇનામ જેવાં કે કાગળ, પેન, પેન્સિલ, ચિત્રનો કાગળ, વગેરે આપવાં, જેથી તેઓ પોતાની મેળે બીજ સમજી પ્રસન્નતાથી એ પ્રમાણે કર્યા કરે.

ઉપલાં ધોરણના છોકરાઓને પણ સમજાવવું કે તમારા મહોલ્લાના છોકરાઓને બોલાવવા, રોકવા, ન આવતું હોય તે પૂછે તો બતાવવું ને શાળામાં આવે એવા તપાસ ને તજવીજ રાખવી.

ઉપલા ધોરણમાંથી જે આગ અમગ્ર હોય તેમાંના બબ્બે મહોલ્લાવાર નક્કી ઠરાવવા: અને શાળામાં નવા છોકરા લાવવા તથા ગેરહાજરને હાજર કરવાના તેમને સૂચન કરી તેઓનાં નામ લખી આપવાં, એટલે તે તેમની તજવીજ માબાપને જણાવે ને ભાંજે કદાચ બાળ તેડીને આવે. તેના કામ બદલ કંઇક લાભ આપવો. (અપૂર્ણ). ગો.

वस्तुपाठ.

સાઈકલ.

સાઈકલ એ અંગ્રેજી શબ્દ છે એનો સામાન્ય અર્થ ગોળાકાર પૈડું એવો થાય છે. પરંતુ પાછળથી બેજ પૈડાથી ચાલતા યંત્રને એ નામ આપવામાં આવ્યું છે

આશરે એક સૈકા ઉપર વિલાયતમાં એક જાતની પગે ચાલતી ગાડી વપરાતી હતી. એના લોકો તેને ડેલઘોડો કહેતા હતા ડેલઘોડાને આગળ પાછળ એમ બે પૈડાં હતાં અને તે બન્ને સરખાં હતાં. આ પૈડાંને ત્યમાં એક લાકડાના સળિયાથી જોડી દીધેલાં હતાં. બન્ને પૈડાંની બરોબર મધ્યે લાકડાના સળિયા ઉપર જીન મૂકવામાં આવતું હતું

આ ગાડી ચલાવવાની રીત ઘણી સાદી હતી જેમ ઘોડા ઉપર બેસે તેમ બેસનાર આ ગાડી ઉપર પહોળા પગ કરીને બેસતો હતો પછી જમીનની પાસે રહેલી જમણી તથા ડાબા પગે લાત મારે એટલે ગાડી ચાલવા લાગતી હતી એમ કરતાં કરતાં અમુક વેગ જ્યારે ગાડીને પ્રાપ્ત થાય, ત્યારે લાતો મારવી બંધ કરી ગાડીને જવા દેતો હતો, અને જ્યારે પાછો વેગ કમી થાય અટલે જમીનને ઠોકર મારી પાછો વેગ પ્રાપ્ત કરતો હતો

આશરે ૫૦ વરસ ઉપર એ જાતમાં સુધારો કરી એક નવી જાતની પગની ગાડી શોધી કાઢવામાં આવી તેને "કાળનો ઘોડો" કહેતા હતા એ ઘોડાને બે બાજુએ બે પગથાં હતાં, તે વારા ફરતી પગવડે દબાવવાથી તે ઘોડાની ધરી ફરતી હતી અને તેથી પૈડાંને ગતિ મળવાથી ગાડી ચાલતી હતી.

ત્યાર પછી વીશેક વરસે એક નવી જાતની ગાડીઓ બનાવવામાં આવી તેને 'બાઇસીકલ' કહે છે, કેમકે એને બે પૈડાં હોય છે જૂના ઘોડા કરતાં એમાં ઘણો સુધારો કરવામાં આવ્યો છે. પણ જ્યાં સુધી એનાં પૈડાંની વાટો ઇન્ડિયન રબરની કરવામાં આવી નહોતી ત્યાં સુધી તેનો વાપર ઘણો થતો નહોતો કેમકે રબરની વાટો હોવાથી ગાડી પરના સ્વારને ખડખડાટથી જમીન પર આંચકા લાગતા નથી પહેલાં તો એ વાટો નક્કર બનાવવામાં આવતી, પણ હમણાં તો તે પોલી બનાવે છે અને તેમાં પંપવડે વાયુ ભરે છે.

હાલના વખતના બાઇસીકલો બનાવતી વખતે તેમાં એક સુધારો ઘણો સરસ કર્યો છે તે એ કે, તે પૈડાંની કિનારી (પુઠીયું) ખરા લોઢાની કરી છે અને તેનાપર રબરની વાટ મજબૂત બેસાડી છે, અને તેના આરા પણ પાતળા લોઢાના તારના કરેલા છે આ જાતનું પૈડું એટલું હલકું તથા સુંદર અને તેની સાથે મજબૂત છે કે [illegible] તેથી કરીને બાઇસિકલ ઘણાજ વપરાવા લાગ્યા છે.

બીજો સુધારો એ કરવામાં આવ્યો છે કે બાઇસિકલનું આગલું પૈડું મોટું અને પાછલું નાનું કર્યું છે. અને મોટા આગળના એક ઘણા પ્રવીણ કરેલા બાઇસીકલના મેળા વાળો હાથો મૂક્યો છે

ત્રણ પૈડાંની એક ગાડી કરી છે તેને ટ્રાયસિકલ કહે છે એની બનાવટ પણ બાઇસિકલના જેવીજ છે, પણ બાઇસીકલ કરતાં એમાં પડવાનો ભય ઘણો ઓછો હોય છે; તથાપિ

બીજ ઉપરના સંસ્કારથીજ લાભ છે. ઝાડને સારાં અને પુષ્કળ ફળ થવા સારૂ તેના મૂળમાંજ પોષણ થવું જોઇએ. સમાજના સુધારા માટે દરેક વ્યક્તિએ સુધરવું જોઇએ. યુનિવર્સીટીઓના સારા પરિણામને માટે પ્રાથનિક-શિક્ષણ સંગીન મળવું જોઇએ. ઉપલાં ધોરણના સારા માટે હલકાં ધોરણમાં સારૂં કામ થવું જોઇએ, અને નીચલાં ધોરણ અથવા એટલું ધોરણબહારજ બરચક, ખીચોખીચ, વધારેમાં વધારે બની શકે તેટલું ભરવું જોઇએ. ઉપલા પેરેગ્રાફમાં કહેલી વધઘટની વાત એ ધોરણબહારને વધારેમાં વધારે લાગુ પડે છે.

સારી હાજરી.

એ બાબતમાં નીચેની યુક્તિઓ ઉપયોગી થશેઃ—

(૧) ધોરણ બહારના છોકરાઓના રહેવાના મહોલ્લાવાર જથા પાડવા અને તે જથાનો કાગળ વર્ગમાં પાટીયાપર ચોટી રાખવો. દરેક વર્ગમાં એ પ્રમાણે કરવામાં આવે તો તેથી વિશેષ લાભ થાય.

(૨) આખી નિશાળના છોકરાઓનું મહોલ્લાવાર એક લીષ્ટ (તેમાં પાછી વર્ગવાર વ્યવસ્થા વાળું) મુખ્ય-શિક્ષકે પોતાની પાસે નોટ બુકમાં રાખવું.

(૩) સારી હાજરી થતા સુધી અને જ્યાં બની શકે એમ હોય ત્યાં હમ્મેશાં ધોરણ બહારના છોકરાઓને જથાવાર પોતપોતાના મહોલ્લાવાળાઓને સાથે બેસાડવા કે જેથી તેઓ પોતાના મહોલ્લાના બધા સાથીઓને સારી રીતે જાણે, ઓળખે, અને હળી જાય

(૪) અઠવાડીએ કે પખવાડીએ શાળાના વખત બહાર ચોગાનમાં કે બીજે અનુકૂળ ઠેકાણે આખી શાળાના બધા છોકરાઓને ભેગા કરી તેમને મહોલ્લાવાર ઉભા રાખવા જેથી ઉપલાં ધોરણના છોકરાઓ પણ જાણી શકે કે આપણા મહોલ્લાના બધા થઇને આટલા અને અમુક અમુક છોકરા નિશાળે આવે છે.

(૫) ધોરણ બહારમાં કરેલી વ્યવસ્થા ગમેતે દિવસ જથાવાર ચાલ્યા પછી તેમને સમજાવવું કે નિશાળમાં આવતી વખતે પોતાના મહોલ્લાના છોકરાઓને તેડતા આવે. સાંજે સાંજે મહોલ્લામાં એકઠા થાય અને આંક ગોખે, એમ થવા માટે એક બે મોટા હોય તેમને વડ નિશાળીઆ ઠરાવવા. તેમને રોજ ગઇ કાલની હકીકત પૂછતા રહી ઉત્સાહ આપવો. કોઈ કોઇ વાર હલકાં ને સાધારણ ઇનામ જેવાં કે કાગળ, પેન, પેન્સિલ, ચિત્રનો કાગળ, વગેરે આપવાં, જેથી તેઓ પોતાની થતી બુજ સમજી પ્રસન્નતાથી એ પ્રમાણે કર્યા કરે.

ઉપલાં ધોરણના છોકરાઓને પણ સમજાવવું કે તમારા મહોલ્લાના છોકરાઓને બોલાવવા, રોકવા, ન આવતું હોય તો પૂછે તો બતાવવું ને શાળામાં આવે એવા તપાસ ને તજવીજ રાખવી.

(૬) ઉપલા ધોરણમાંથી જે આગ અગત્યના હોય તેમાંના બબ્બે મહોલ્લાવાર વડા ઠરાવવા; અને શાળામાં નવા છોકરા લાવવા તથા ગેરહાજરને હાજર કરવાના કામની તેમને સુચના કરી તેવાનાં નામ લખી આપવાં. એટલે તે તેમની તજવીજ કરે, તેમનાં માબાપને સમજાવે ને બીજે દહાડે ખાસ તેડીને આવે. આવા છોકરાઓને તેમના કામ બદલ કંઇક લાભ આપવો. (અપૂર્ણ). J.

હતા, તેમા પણ પ્રથમ રંગઆકારની પેટી વધારે ઉપયોગી હોવાથી તેની પ્રથમ શરૂઆત કરી હતી.

રંગઆકારની પેટી.

આ પેટીમા રંગ, આકાર, અને કક્કાના પત્તા એ ત્રણ ભાગનો હોયછે તેમા પ્રથમ શરૂઆત રંગની કરવાની છે, કેમકે બાળકોની અવલોકનશક્તિ પ્રથમ તીવ્ર હોય છે, તેથી સ્વાભાવિક રીતેજ તે રંગ ઉપર ઠરેછે, માટે પહેલું પગથીઉં રંગ શીખવવાનું છે જે પૂઠા ઉપર રંગનો કાગળ ચોડેલો છે, તેને મળતું એકાદ પત્તુ હાથમા લઇ તેવો રંગ પૂઠામા શોધાવવો આમ કરવાથી બાળકને પત્તાના ઢગલામા નજર ન રાખતા ઘેડામાથી શોધી કાઢવાનું મળેછે અને બાળકની અવલોકનશક્તિ કેળવાય છે મુખ્ય રંગના પછી મિશ્ર રંગના નામ પણ આપવા દરકાર નથી જેવા કે—લાલ, પીળો, વાદળી, લીલો, વગેરે, પણ બીજા રંગના નામ આપી ગુંચવાડામા નાખવા નહિ, કેમકે એથી તેઓ કંટાળી જઈ તેમા લક્ષ આપતા નથી, પછી એ રંગની બાજી વસ્તુઓના નામ આપી પૂઠા ઉપર રંગ બતાવી પત્તામાથી શોધાવવા.

રંગ પછી આકાર શીખવવાનો છે, તેમા ઉપરની સુચનાઓ ઘણે અંશે લાગુ પડે છે પ્રસિદ્ધ આકારનાં જેવા કે પૈડું ચક્ર, બીજનો ચંદ્ર, ભમરડો વગેરેના નામ આપવા. બાજી તેવી ચીજોના ઉદાહરણો લેતા આવા એ આકારનો સમજ તેમના મગજમા ઠસશે. અપ્રસિદ્ધ આકારના નામ આપવાની જરૂર નથી

આ પેટીમા કક્કાનાં પત્તા છે, તે કક્કો શીખવવાનો અને તે શીખ્યા પછી પાકો કરાવવાને કામના છે અલબત તેનુ એક પ્રદર્શન છે એમ કહીશુ તો તેમા કાંઇ ખોટું નથી. કક્કાના કાના માત્ર વગરના પત્તા એક જાતની રમત તરીકે ઓળખાતા થશે અને પછી એ પત્તા સાથે સાથે મુકી જુદા જુદા નામ કરાવવાથી તેમને ઘણી ગમ્મત પડશે અને કક્કો પાકો થશે, તેવા નામ—જેમ કે નગર, મગન, છગન, પગ, ઘર, ઇત્યાદિ. જુદા જુદા અક્ષરો સાથે સાથે મુકી આવુ નામ થશે, તે વાંચવાથી તેઓ એની મેળે ખુશીથી એ કરશે અને એથી કક્કાના અક્ષરો ઓળખી રાખવાને ઝાઝી મેહેનત પડશે નહિ

બાળ કવાયત.

આ કામ નિયમિત થવુ જોઈએ અને બધાએ એક સાથે કરવુ જોઇએ. શિક્ષકે આપેલો હુકમ વિદ્યાર્થીઓ બરોબર અમલમા મૂકે એ ઉપર શિક્ષકે ખાસ લક્ષ આપવું જોઇએ. જેમ કે ઉભા થાઓ, એમ શિક્ષકે હુકમ કર્યો, તો બધાએ સાથે તુરત ઉભા થવું જોઇએ. એક સાથે ઉભા થઇ શકશે નહિ, એમ લાગે તો પ્રથમ તેમને ઉભડક (અધુકડા) બેસાડવા, પછી ઉભા કરવા. ડાબા જમણા વગેરે વ્યવસ્થિત રીતે કરી શકે તે પહેલાં—પ્રથમ શરીરના ભાગો ઓળખાવવા કે ડાબો હાથ કયો ? જમણો હાથ કયો ? વગેરે. હાથ ઉંચા કરે તો બેઉ હથેળીઓ સામસામી રાખી આંગળાં સાથે રાખે, અને બરાબર સીધા ઉંચા કરાવવા જોઇએ આ કામ કરાવતા પ્રથમ હાથમાથી પેન વગેરે બધુ નીચે મૂકાવવુ.

આંક.

એરીથમેટીકન (લખોટા યંત્ર) એ એક આંક શીખવવાનું પ્રદર્શન છે. છોકરા નિશાળમા આવે તેમને શરૂઆતમા પ્રથમ એની મદદથી ગણતા શીખવવુ. લખોટા યંત્રમા

એક લખોટો જૂદો મૂકી ' એક ' એમ શિક્ષકે બોલવું અને તે છોકરાઓ પાસે બોલાવવું. શિક્ષકને બદલે જરા વધારે શીખેલો છોકરો ગણાવે તોપણ ચાલે. એમ પ્રથમ દશ સુધી અને પછી ધીમે ધીમે વધારે ગણતાં શીખવવું. દશ સુધીના આંકડાની સમજણ છોકરાઓના શરીરના ભાગો ઉપરથી તથા કચુકા, લખોટા વગેરેથી આપી શકાય. જેમ તમારે એક શું શું છે. માથું, નાક, જીભ, વગેરે. હાથ, પગ, વગેરે બે છે. ત્રણ શરીરના ભાગોમાં કાંઇ મળી શકતાં નથી તો લખોટા લઇ સમજાવવા. ઢોરને ચાર પગ, ને આંચળ હોય છે. હાથ પગને આંગળાં પાંચ હોય છે આગળ પછી લખોટા ઉપરથી સમજાવવા, અને ફરી ફરીને સમજાવવા. દશની અંદરના ટુંકા ટુંકા સરવાળા અને બાદબાકી પણ એ લખોટા યંત્રની મદદથી કરી શકાય. એ વખતે હંમેશાં સંયુક્ત સંખ્યા લેવી. જેમ ચીમન પાસે એક લખોટો છે, અને તારી પાસે બે છે, તો બધા થઇને કેટલા થયા ? વગેરે. ન આવડે ત્યાં ખાસ પ્રદર્શન કરી શીખવવું.

નાનું બાળક શરૂઆતમાં નિશાળે આવે ત્યારે તેને લીટા કરવાની ઘણી ટેવ હોય છે. એ ટેવ શિક્ષણના કામમાં ઉપયોગી કરી લેવાને એકડા લખાવવાની શરૂઆત કરાવતાં પહેલાં કિન્ડરગાર્ટનના નિયમ પ્રમાણે લીટા કઢાવવા, કે જે આંકડા બનાવવામાં ઉપયોગી છે.

* * * * * *

આંકડા ગણવાનો વિશેષ મહાવરો કરાવવાનો અને વિશેષ સમજણ આપવાને સાદાં રમવાનાં ગંજીફાનાં પત્તાંનો ઉપયોગ કરી શકાય. જેમ એક્કાનું પત્તું હાથમાં લઇ આમાં કેટલી ટીપકીઓ (દાણા) છે ? એક. દુરીનું પત્તું હાથમાં લઇ આમાં કેટલી છે ? બે. તેમાં પણ એક ઉપર અને એક નીચે. તીરીમાં ત્રણ છે અને તે એક ઉપર, એક નીચે, અને એક વચ્ચે છે. ચોકામાં બે ઉપર અને બે નીચે છે, અથવા બે ડાબા હાથ તરફ અને બે જમણા હાથ તરફ છે. આ પ્રમાણે આગળ પણ જૂદી જૂદી રીતે સમજાવી શકાય. વિશેષ કસોટીથી શીખવવાને પછી એમ પણ પૂછી શકાય કે આ દશ પત્તાંમાંથી ગમે તે બે જૂદાં જૂદાં પત્તાં લઈ દશ કરી આપો. જેમ કે, ૮+૨, ૯+૧, ૭+૩ વગેરે.

આગળ સો સુધીના આંક શીખવવાને અને તે પાકા કરાવવાને આકારની પેટીમાં એકડા બગડાનાં છૂટાં પત્તાં હોય છે, તેવાં વિશેષ તૈયાર કરી રાખવાથી બેતાળીસ કરવા હોય તો ૪ અને ૨ સાથે સાથે મૂકવા. આથી તેમને રમુજ પડશે અને પાકી સમજણ થશે. વળી તે ઉલટ સુલટ મૂકવાથી ૨ અને ૪ એટલે ચોવીસ થશે.

આગળ આંક શીખતાં ૨૪, ૩૬ વગેરે કયા કયા આંકમાં આવે છે, એમ પણ પૂછી પાકું કરાવાય. આંકનો ગડીઓ લખી આપવામાં પણ એક નીચે એક હારબંધ આવવું જોઇએ.

૨૬ ૧ ૨૬
૨૬ ૨ ૫૨
૨૬ ૩ ૭૮ ઇત્યાદિ.

આંકના ગડીઆ ઉપરથી થતા સેહેલા હિસાબ એરિથમેટીકની મદદથી આંકના ઉપયોગ તરીકે શીખવવા. જેમ એક પૈસાની ચાર પેનો આવે તો ત્રણ પૈસાની કેટલી લાવશો ? તમારે ત્યાં ૭ કેરીઓ આવી છે અને તમે ત્રણ ભાઇઓ છો તો દરેકને કેટકેટલી આવશે ? ઇત્યાદિ સહેલા ગુણાકાર, ભાગાકાર પણ એજ વખતે સમજણ સાથે શીખવવા જોઇએ.'

વાંચન.

વાંચન શીખવવામાં ઘણે ભાગે છોકરાઓ શીખેલા પાઠની મતલબ એક વાત તરીકે કહી શકતા નથી. આને માટે શિક્ષકે શરૂઆતથી છોકરાઓ સાથે ટુંકી ટુંકી વાતો, જેમકે, તમારે હાથ કેટલા ? ઘોડા અને ગાયમાં શો ફેર છે ? વગેરે વાતો તેમની પાસે કહેવરાવ-

વાણી તથા આકૃતી ગાનવખ બોલાતના પણ તે પોતાના શબ્દમાજ વાર્તાના રૂપના જોવે એમ ધ્યાન આપવાથી ઘણું કરીને આવી રે પડશે

આવી આવી અનેક બાબતો દાખલા દઈને અનેક રીતે સમજાવી હતી અને તેને વચ્ચે તથા ઉપર પણ પુષ્ટિ તરીકે આ વિભાગના ડે. એ. ઇન્સ્પેકટર રા. રા. ગોવર્ધનદાસભાઈ એમના તરફથી ઘણી ઉત્તમ સૂચનાઓ થઈ હતી. (આગળ ચાલુ)

काव्यदोष.

(ચાલુ પાછલા ભાગથી)

વાક્યદોષ.

૧. પ્રતિકૂલાક્ષર—રસાદિકમાં અનુચિત અક્ષરોના પ્રયોગ કર્યો તે પ્રતિકૂલાક્ષર દોષ કહેવાય છે જેમ શૃંગારમાં કોમળ અક્ષરોના પ્રયોગ કરવા જોઈએ અને વીરરસમાં કઠોર અક્ષરોનો પ્રયોગ કરવો જોઈએ ના કરતાં શૃંગારમાં કઠોર અક્ષરોનો પ્રયોગ કરવા અને વીરરસમાં કોમળ અક્ષરોનો પ્રયોગ કરવો તે પ્રતિકૂલાક્ષર દોષ કહેવાય. જેમ, હે અમદ, રણમાં ભીતિરહિત એવા ગરજતો તું જણાતો નથી " એ વાક્યને બદલે " હે અમદ, યુદ્ધમાં બળ કર એવા દુશ્મનોના તને ખબર નથી." એમ લખવું હોત તો દોષ ન કહેવાત

૨. હતવૃત્તત્વ—શાસ્ત્રીય દોષ ન છતાં પણ કાંઈ છંદોભંગ માલમ પડતો દોષ હોય તે હતવૃત્ત દોષ કહેવાય છે જેમ,- ' રમા છે કદી છંદ હલયસાથે " એમાં " હલયન " નો ' લ ' ગુરુ છતાં ' ય ' મા જોડી દેવા પડે છે

૩. ન્યૂન—અપેક્ષિત (જરૂરનું) વચન ન કહેવું તે ન્યૂનત્વ નામે દોષ કહેવાય છે જેમ, " તારા ખડ્ગથી ધોયેલા શત્રુની મુખ્યાથી આકાશ શોભી રહ્યું છે " આંહીં શત્રુને પુષ્પનું રૂપ આપ્યું ત્યારે ખડ્ગને લતાનું રૂપ આપવું જોઇતું હતું, તે ન હોવાથી ન્યૂનત્વ દોષ થયો છે.

૪. અધિક—અપેક્ષિત કરતાં અધિક કહેવું તે અધિકત્વ નામે દોષ કહેવાય છે જેમ " તારા શત્રુને અસિલતા રૂપી નાગણી ડસે છે " આંહીં ' લતા ' શબ્દનું કાંઈ પ્રયોજન નથી. ' અસિ નાગણી ' કહ્યું હોત તો ચાલત

૫. કથિત—એક વાર કહેલું વચન ફરીને કહેવામાં આવે તે કથિત નામે દોષ કહેવાય છે જેમ " શ્યામ કમળ સમાન શ્યામ નેત્રવાળી " એમ એકવાર ' શ્યામ ' શબ્દ આવેલો છે, એટલે ફરીને ' શ્યામ ' કહેવાની જરૂર નહોતી.

૬. પતત્પ્રકર્ષ—જે અનુપ્રાસ કે યમકનો આરંભમાં અંગીકાર કર્યો હોય અને આગળ જતાં તે અનુપ્રાસ કે યમકનો ત્યાગ કરી દેવો, તેને પતત્પ્રકર્ષ નામે દોષ કહે છે. જેમ,

વસંતતિલકા.

" આવ્યો [illegible] સત્વર [illegible], આવ્યો [illegible].
" આવ્યો [illegible] પ્રકાશ, [illegible] "

એમાં ગાઓ, જાઓ, ધાઓ, એવા પ્રાસ ત્રણ ચરણમાં અંગીકાર કર્યા પછી ચોથા ચરણમાં ' ઇચ્છો ' પદ મૂકીને તે પ્રાસનો ત્યાગ કર્યો છે તે પતત્પ્રકર્ષ દોષ છે. ત્યાં એમ લખ્યું હોત કે, " ન્હાઓ સુતીર્થ જળમાં કરિ ત્યાં નિવાસ ". તો દોષ થાત નહિ.

૭. સમાપ્ત પુનરાત્ત—એક વાકયનો અન્વય સમાપ્ત કર્યા પછી વિશેષ નહિ બતાવનારૂં વિશેષણ પાછળથી મૂકવું તે. જેમ " અમૃતનું પાત્ર અને નેત્રને આનંદ આપનાર હિમકિરણ (ચંદ્ર) ઉગે છે. એ સમુદ્રનો બાંધવ છે. " એમાં સમુદ્ર બાંધવતાં રૂપ વિશેષણ પાછળથી કહેવામાં આવ્યું, તેથી ચંદ્રના વર્ણનને કાંઇ વિશેષ ઉપકાર થયો નથી; પણ તેથી બીજો વાકયાર્થ હોય તેમ પ્રતીત થાય છે, માટે એ સમાપ્ત પુનરાત્ત નામે દોષ છે.

સંકીર્ણ—જ્યારે એક વાકય અથવા તે વાકયના શબ્દો બીજા વાકયમાં ભળી ગયા હોય, ત્યારે સંકીર્ણ દોષ કહેવાય છે. જેમ,

" મુખથી શોભે રાત્રિ, કાન્તા ચંદ્રેકરી અધિક શોભે. "

એમાં રાત્રીવાળા વાકયમાં કાન્તાવાળા વાકયમાંનો મુખ્ય શબ્દ મૂકયો છે, અને કાન્તાવાળા વાકયમાં રાત્રીવાળા વાકયમાંનો ચંદ્ર શબ્દ મૂકયો છે, તે પરસ્પર વાકયોના શબ્દોનું સંકીર્ણપણું બતાવે છે. માટે—

" ચંદ્રે શોભે રાત્રી, મુખથી કાન્તા જુઓ અધિક શોભે. "

એમ હોત તો સંકીર્ણ દોષ ન કહેવાત.

બીજું ઉદાહરણઃ—તારા યશના પુરથી ભરેલું આ બ્રહ્માંડ, હે રાજન્ સાંભળ, દૂધથી ભરેલા સોનાના ઘડા જેવું શોભે છે. " એમાં, " તારા યશના પૂરથી ભરેલું આ બ્રહ્માંડ દૂધથી ભરેલા સોનાના ઘડા જેવું શોભેછે. " એ એક વાકયમાં ' હે રાજન્, તું સાંભળ. એમ લખેલું છે તે વાકયનું સંકીર્ણપણું બતાવે છે.

અમતાર્થાન્તર—કોઇ પણ રસના વર્ણનમાં જે રસ તેનો વિરોધી હોય અથવા જે રસનું વર્ણન કરવાનું તે પ્રસંગ ન હોય, તેના ઉદ્દીપન વિભાવનું, અનુભાવનું કે વ્યભિચારી ભાવનું વર્ણન કરવું તે અમતાર્થાન્તર નામે દોષ કહેવાય છે. જેમ, શોક વિનાના અજ રાજાએ ઇંદુમતીના હૃદય પરથી હાથ કાઢીને તેનું આલિંગન કર્યું. " અજ રાજાની સ્ત્રી ઈંદુમતી મૃત્યુ પામી છે તેથી કરુણ રસ વર્ણ્ય છે; એમ છતાં શૃંગારનું વ્યંજક જે આલિંગન, તે અહીં મૂકવાથી વિરૂદ્ધ રસની વ્યંજના થઇ છે, માટે એ અમતાર્થાન્તર દોષ છે.

शिक्षकोनुं कर्त्तव्य.

દરેક મનુષ્યે પ્રથમ પોતાનું કર્ત્તવ્ય શું છે તે સમજવું જોઇએ; કારણ કે કર્ત્તવ્યના જ્ઞાનથી તેનો હેતુ બરાબર સમજાય છે, અને હેતુજ્ઞાનથી સાધનોનો બરાબર ઉપયોગ, ઇષ્ટાનિષ્ટ અને શકયાશકય કલ્પના કરી શકાય છે; અને શામાટે, તેમજ કેવી રીતે કરવું, તે સમજાય છે. વળી કર્ત્તવ્યની અજ્ઞાનતાથી કેટલાંક મનુષ્યો આત્મપ્રશંસામાં કિંવા સંતોષમાં લીન થઇ જીવનની કુશળતાના માર્ગે અયોગ્ય થઇ પડે છે.

શિક્ષણનો પ્રદેશ ઘણો વિસ્તીર્ણ છે, અને જનસમાજમાં ઘણીવાર તેનું સાધારણ

કલ્પનાથી ઓછું માન-માપ કરવામાં આવે છે, પણ તેમ કરવામાં વિચાર દોષ થાય છે આ વિસ્તીર્ણ પ્રદેશમાં ક્રિયા કરનાર ફક્ત શિક્ષકોનેજ ગણવાથી વિષયનું બંધારણ-સ્વરૂપ સંકોચન પામે છે; કારણ કે પ્રાથમિક કે બધા પ્રકારની પ્રત્યક્ષ શાળાઓના પાઠકો સિવાય પણ ઓછા વત્તા અંગે શિક્ષણના પ્રદેશમાં કામ કરનારો સમાજમાં હોય છે

"બાળકોના વિચાર કેટલા અને કેવા છે, તેમની શક્તિ કેવી અને કેટલી છે, કયે વખતે શું કરવા ઇચ્છા કરે છે અમુક વખતે અમુક રસ્તે દોરવાથી શું, કેવી રીતે (અને શા માટે તેવું) પરિણામ આવશે." આ પ્રમાણે બાળકોના મગજ અને હૃદય સંબંધી વિચાર કરનારા માનસ શાસ્ત્રીઓ શિક્ષણના પ્રદેશમાં પ્રથમ પદ ધારણ કરે છે ફિલસુફોએ પણ શિક્ષણના વિષયનું થોડું ઘણું નિરાકરણ કરવા મથન કરેલું અને કરે છે અને એ રીતે એ પ્રદેશમાંના ક્રિયા કરનારની ગણનામાં (તે પણ) આવી શકાય છે શરીરના અવયવો, ઇંદ્રિઓ વગેરેના બંધારણ, ઘટના અને વૃદ્ધિ સંકોચન સંબંધી વિચારો શારીરિક શાસ્ત્રીઓ કરે છે અને તેના સંકોચનમાંથી મુક્ત થવાના રસ્તા બતાવે છે, અને એ પ્રમાણે શિક્ષણના પ્રદેશ માં અમુક અંશે ભાગ લે છે ધર્મશાસ્ત્રીઓ પણ સિદ્ધાંત અને નીતિમૈરવ તેમજ તે મેળવવાના રસ્તા કેટલાક અંગે દર્શાવી ભાગ લે છે.

શિક્ષણશાસ્ત્રીઓ શિક્ષણના વિષયો શિક્ષકોના ગુણ, સ્વભાવ, કામ કરવાના રસ્તા-રૂપે બધને, કેવી રીતે કામ કરવું વગેરે વિચાર મેળવવાના મૂળતત્ત્વો શિક્ષણના વિષયની પદ્ધતિઓ વગેરે બાબતનું નિરૂપણ ફિલસુફો, માનસશાસ્ત્રીઓ, શારીરિક શાસ્ત્રીઓ, અને ધર્મશાસ્ત્રીઓ વગેરેના વિચાર સિદ્ધાન્ત અમલમાં કરે છે

વળી આ (શિક્ષણ) પ્રદેશમાં ભાગ લેનાર પ્રચલિત બંધારણ પ્રમાણે રાજ્યો, ખાતાના બંધારણ—ધોરણો અને નિયમો વગેરે ઘડનાર, ઉપયોગી સાધનો પૂરાં પાડનાર, ઉપયોગ કરવાની પદ્ધતિઓ મુકરર કરનાર, શિક્ષકોને લાયક કરનાર અને અનુકૂળતાઓ કરી આપનાર વ્યવસ્થાપકો, અને તેમના હાથ નીચેના ઉપવ્યવસ્થાપકો છે.

નાની વયમાં માતાપિતા, કુટુંબ પરિજન અને સમાજ બંધારણ તેમજ કુદરત શિક્ષણની શરૂઆત કરે છે, અને ત્યારપછી યોગ્ય વયે બાળકો પ્રાથમિક શાળાઓ સાથે તેના શિક્ષકોના સંબંધમાં આવી શકે છે, અને તે પછી પણ સમાજ બંધારણ અને કુદરત ઓછા વત્તા અંગે સંબંધમાં રહેછેજ

આ પ્રમાણે વિચાર કરતાં જણાય છે કે પ્રાથમિક શાળાઓના શિક્ષકો શિક્ષણના પ્રદેશમાં છેક છેવટની પાયરીએ આવે છે, અને ઉત્તરોત્તર શિક્ષણના પાઠકો તેમના કરતાં પણ વધારે દૂર રહે છે. આવી જાતની સ્થિતિ જાણી શિક્ષકોએ દિલગીર થવાનું કે "કંઇ કરવાનું નથી" એમ વિચારી નાઉમેદ થઇ બેસી રહેવાનું નથી, કેમકે શિક્ષણ પ્રદેશમાં શિક્ષકોનું સ્થિતિસ્થાન દૂર છે, પણ કામ કરવાનું પ્રમાણ તેટલું નથી.

"કહેવું સહેલ છે અને કરવું મુશ્કેલ છે" શિક્ષકોને કહેવાનું નથી, પણ કરવાનું છે. શિક્ષણ પ્રદેશમાંના બધા ક્રમકારોની યોજનાઓ સમજી ગમ્યાનુસાર યોગ્ય ઉપયોગ કરવાનો છે અને નવું ઉત્પન્ન કરવાનું નહીં પણ સંવર્ધન કરવાનું છે. માટે મૂળ સ્થિતિનો વાસ્તવિક અનુભવ,

† સમાજ બંધારણની અનુસ્યૂત સ્થિતિને લીધે બાલ્યાવસ્થાની ઘણી અયોગ્ય અધિકારિતાના કારણે સરળ રસ્તે કામ કરવાને વધારે હરકતો ભોગવવી પડે છે. તે, પણ વિચારવાનું છે [illegible] —— હોય રહેલ છે—કે હોય થયલ છે.

અર્થ જુદો હોય તો શી રીતે જુદો છે ?

૨. શીતળ નીરે નાહિ ઠારીને, નહિ નાહ્યું ને નેહરી
નેહરી શબ્દ કયા ભાગમાં બોલાતો હશે ? કયી ભાષાનો એ શબ્દ છે ને તે વસ્તુ કયી ?

૩. કુહેડિકાઓથી દિશાઓના પ્રાન્ત ઢંકાઇ જવા લાગ્યા
કુહેડિકાનો અર્થ ભાષા અને મૂળ ?

૪. દિવાભીતાદિ રજનીચર વિક્રમનો પરાપી તિમિરમય થઇ રહેલાં વૃક્ષોમાં વિરામ લેતાં પક્ષીઓને કંપકંપ કરી રહી રહીને બોલતા હતા. દિવાભીત એ પક્ષીઓમાં ઘુવડ સિવાય બીજા કોઇનો સમાવેશ થતો હશે.

૫. મૃ. કે બાવાઓના ગુરુના મુખ્યને જે શબ્દથી બોલાવવામાં આવે છે તે શબ્દ ગુજરાતીમાં ખરો કયો ગણશો ? મારા ધારવા પ્રમાણે એને માટે ગુજરાતના જુદા જુદા વર્ગમાં બે શબ્દ બોલાય છે અને તે શબ્દનું ખરું મૂળ ?

૬. નગારખાના નાદી લઇ, જાણે નોબતી કર્મ નોબતીકર્મ કોને કહે છે ?

૭. ઇશાન, વાયવ્ય નૈરૂત્ય અને અગ્નિ એ ખુણાઓના નામ શા ઉપર આધાર રહીને પડ્યાં હશે કે એમને એમ ? જો કશા આધારથી પડ્યા હશે તો તે શા ઉપરથી ?

૮. (૧) કયો પારો ખારો ભાવ (૨) વ્હાલો પ્રાણ થકીજ પ્રતાપ.
(૩) ફરી કર્મની રેખા રતી (૪) આવ રે વરસાદ ઘેબરીઓ પરસાદ;
ઉની ઉની રોટલી ને કારેલાનું શાક
(૫) પી જની આજ ને આજ, કાલ અભિમાની, જોર ભરી આવી ચુમાક ઉર
ચીરી કુલ જતી શોક કુહાડી
(૬) મધુ પીતાં પ્રતિબિમ્બ, હરિ મુખથી નિજ પાત્રમાં આવે;
ને પીતાં આરંભી, અપેક્ષિ જાય નિજ મગજ ડુંખાવે
(૭) ગુરુ આગ્રહ,ખડી શિશુ પાસ કરી- નથ રહોળ ઉગ્યો ન રવિ ન શશિ
આ વાક્યોમાં કોઇ ભૂલ હોય તે સુધારવા સાથે સ્પષ્ટ અર્થને સમજણ
(સાધારણ નહિ) વિદ્વાન નરો જણાવશે.

૯ ઘરું, કમસ્ત, ટીમણું, દાવડે, મનમ, કે નાડીવા, સ્નેહ, બ્હુદ શ્રમ સ્વાધ્યાયી, આ મોન ઘડિયા, લેક, તમ્બોલ, વિચક્ષિત, આવિરતતા, મોર ભવાની, ઉદયોગાયાકીકર, પિનિપાત, પાસુલ, આમુખિક, ઉપરના શબ્દોને વિવેચન વ્યુત્પત્તિ ને અર્થથી સમજાવો.

૧૦ ખગાસ એમાં ખનો અર્થ શો ? જો, ખનો અર્થ આકાશ માનીએ તો ખ-માગ એટલે આકાશમાં જવાનું થાય તો ખગ્રાસ પણ આકાશમાં ગ્રાસને થાય છે. તો ખગાસનો અર્થ શી રીતે સમજી લેશો ?

૧૧. ખડગ મદક પૂર્વ તરફથી લાગતા વિરો સમજાવો પૂર્વ તરફથી કેમ લાગે ? ગુજરાતના અર્થ, ખડ ખડકો લક્ષમાં રસાયક છતાં આ સવાલ ઉભો થયો છે.

૧૨. નાણું પર ચેકો તે ચોકીદાર જવાબ્દારી બોલ્યો. નાણું શબ્દનું ગામનું નામ કયું રહેશે ?

૧૩. નિરાળ, વિરાળ, તથા વનસ્પતિ એના અર્થ સમજાવશો ?

૧૪. ઉંબર શબ્દની વ્યુત્પત્તિ પ્રશસ્ત હોય તો એ અર્થ કેમ ? પૂછ અથવા હોય તો ઉપરનો અર્થ ?

इनाम पत्रको.

પેટલાદ વિભાગ.

માહે આગષ્ટ સન ૧૮૯૭.

૧ જાલુધ તાલુકે પેટલાદ તા ૧૮-૮-૯૭ દાભાઇ છવા બા ૧-૦-૦ છોકરાને પતાસા.

સપ્ટેમ્બર સન ૧૮૯૭.

૧ કુનપાડ તાલુકે સાનલી તા ૫-૯-૯૭ અમીન ભગુભાઇ નારણદાસ વિગેરે. બા ૧-૦-૦ છોકરાને પતાસા.

અકટોબર સન ૧૮૯૭.

૧ ભડકદ તાલુકે પેટલાદ તા. ૮-૧૦-૯૭ છગનલાલ જોઇતાભાઇ બા ૨-૦-૦ છોકરાને પતાસા

નવેમ્બર સન ૧૮૯૭.

૧ અરડી તાલુકે પેટલાદ તા ૧-૧૧-૯૭ રણછોડદાસ ગોપાળજી બા ૧-૦-૦ છોકરાને પતાસા ૨ ભડકદ તાલુકે પેટલાદ, તા ૧૨-૧૧-૯૭ મોતીભાઈ ગડબડભાઇ બા ૧-૦-૦ છોકરાને પતાસા ૩ નાટના તાલુકે પેટલાદ તા ૨૦-૧૧-૯૭ મેહેતાજી મથુરભાઇ ડુંગરભાઇ બા ૧-૦-૦ છોકરાને પતાસા ૪ વીરોળ તાલુકે પેટલાદ તા ૨૫-૧૧-૯૭ મેહેતાજી ઝવેરભાઇ ત્રીકમભાઇ બા. ૧-૦-૦ છોકરાને પતાસા ૫ બાલીંટા તાલુકે પેટલાદ ૨૫-૧૧-૯૭ દાદાભાઇ ઝવેરભાઇ વિગેરે બા ૧-૮-૦ છોકરાને પતાસા તથા સાકર

ડીસેમ્બર સન ૧૮૯૭.

૧ બોરિયા તાલુકે પેટલાદ તા ૫-૧૨-૯૭ સ્ટેશન માસ્તર-છોટાલાલ ગોપાળદાસ ક ૨-૦-૦ છોકરાને પુસ્તકો ૨ બોરીયા તાલુકે પેટલાદ તા ૫-૧૨-૯૭ નાનાભાઇ દાદાભાઇ વિગેરે બા ૧-૦-૦ છોકરાને પતાસા ૩ કથેલી તાલુકે પેટલાદ તા. ૩૦-૧૨-૯૭ છગાઇ જોરાભાઇ બા ૧-૦-૦ છોકરાને પતાસા ૪ પેટલી તાલુકે પેટલાદ તા ૧૫-૧૨-૯૭ તલાટી મહાશંકર આદિત્યરામ તથા મેહેતાજી પુરૂષોતમ છગનલાલ ક ૧-૦-૦ છોકરાને પુસ્તકો. ૫ સુંદરા તાલુકે પેટલાદ તા ૩૧-૧૨-૯૭ મે પેટલાદ તાલુકાના વહીવટદાર સાહેબ વિગેરે બા ૧-૮-૦ છોકરાને સાકર ૬ શીહાવ તાલુકે પેટલાદ તા ૧૫-૧૨-૯૭ જળસણના રાવજીભાઇ વસ્તાભાઇ બા. ૨-૦-૦ છોકરાને પતાસા.

જાનેવારી સન ૧૮૯૮.

૧ માલાવાડા તાલુકે પેટલાદ તા ૬-૧-૯૮ ઠકર જેઠાભાઇ ... પાતાના

મણીલાલ પ્રાણજીવનદાસ વિગેરે આ ૧૦-૮-૦ છોકરાંને પુસ્તકો. ૨ પેટલી તાલુકે પેટલાદ તા ૨૪-૧-૯૮ અભ્યાસના શિવશંકર આદિત્યરામ વિગેરે આ ૧-૦-૦ છોકરાને પતાસાં. ૩ પ્રધેલ તાલુકે પેટલાદ તા. ૨૫-૧-૯૮ પા. લખાભાઈ બેચરભાઇ ૨-૮-૦ આ. છોકરાંને પુસ્તકો ૪. ભાવીંહ તાલુકે પેટલાદ તા. ૭-૧-૯૮ દાદાભાઈ વરજભાઈ ૧-૦-૦ આ. છોકરાને સાકર ૫ ધીણજ તાલુકે પેટલાદ તા ૨૭-૧-૯૮ છોટાલાલ કપુરચંદ તથા દેસાઇભાઇ ખુશાલભાઇ ૨-૧૨-૦ છોકરાને સાકર ૬ સુણવ તાલુકે પેટલાદ ૨૩-૧-૯૮ ભારોટ ફુલજી જીભાઈ ૧-૦-૦ આ છોકરાને પતાસા. ૭ કુનપાડ તાલુકે સાજીત્રી ૧૫-૧-૯૮ ભારોથ રાભાઇ છતા ૧-૦-૦ આ. છોકરાંને પતાસા

તૈયાર કરનાર	તપાસનાર	Jeebhai G. Parikh.
નાગાલાલ હરગોવિંદદાસ	ગિરધરલાલ હ શાહ.	ડે. એ ઇ પેટલાદ વિભાગ

મેહેસાણા વિભાગ

માહે અક્ટોબર સને ૧૮૯૮

૧ બોરીસણા મા શાળા તાલુકે કડી તા ૨૨-૧૦-૯૭ રૂ ૧-૦-૦ મજકુરની મા. શાળાના મહેતાજી ગીરજાશંકર ભીખારામભાઇએ પોતાને પુત્ર જન્મ થયાની ખુશાલીમા એક રૂપિયા કલદારના પુસ્તકો તથા એક રૂપિયા બાબાશાઇની સાકર છોકરાઓને આપ્યા.

માહે નવેમ્બર સને ૧૮૯૮

૨ પામોલ મા. શાળા તાલુકે વીજાપુર તા ૮-૧૧ ૯૭ રૂ. ૧-૮-૦ વિજાપુરના રા. રા વકીલ ત્રીકમલાલ લલ્લુભાઇએ રૂ. ૧ના પુસ્તકો તથા આઠ આના કલદારની સાકર છોકરાંઓને વેહેંચી

માહે ડીસેમ્બર સને ૧૮૯૮

૩ પામોલ મા શાળા તાલુકે વીજાપુર તા. ૫-૧૨-૯૭ રૂ ૫-૦-૦ મ. શુભાના શા. વાડીલાલ ગલાલજી પોતાનું લગ્ન મજકુર ગામે કરવા આવ્યાની ખુશાલીમા પીતળના પવાલામાં સાકર ભરીને છોકરાઓને પાંચ રૂપિયા કલદારના આપ્યા.

માહે ફેબ્રુઆરી સને ૧૮૯૮

વીહાર મા. શાળા તાલુકે વિજાપુર તા ૨૬-૨-૯૮ રૂ ૧-૦-૦ મજકુર પુરગીતમ નરભેરામે એક રૂપિયા કલદારનાં પતાસા છોકરાંઓને આપ્યા.

માહે માર્ચ સને ૧૮૯૮.

૫ કૈયલ તાલુકે કડી તા ૩૦-૩-૯૮ રૂ ૨-૮-૦ મજકુરના ભાવા લાડલીદાસજી પરમહંસજીએ વાર્ષિક પરીક્ષા વખતે ખુશાલીમાં પાસ થયેલા છોકરા, છોકરીઓને રૂમાલ તથા કપડું અઢી રૂપિયા કલદારનું આપ્યુ.

છગનલાલ મોતીલાલ	Valabh N. Parekh
બી. કા.	ડે. એ ઇ મેહેસાણા વિભાગ.

વટહુકમ નં. ૧૩.

ચુકથી જાદે અદા થયેલા પૈસા વસુલ કરવા બદલ હુકમો થાય છે ને તે વસુલ કરવાની રકમ નાની હોય છે તેથી તેની હુંડી ન કઢાવતાં તેજ મહાલે પાકે ખાતે જમા કરાવવા સંબંધે મહેરબાન રા. બા. એકાઉંટંટ જનરલ સાહેબ તરફથી વટહુકમ નં. ૨૪ તા. ૨૨ ફેબરવારી સ. ૧૮૯૮ નો તા. ૩ માર્ચ સ. ૧૮૯૮ ની આજ્ઞાપત્રિકાના પાન ૪૮૧ ઉપર પ્રસિદ્ધ થયેલો છે તેમાં નીચે પ્રમાણે જણાવ્યું છેઃ—

> "ચુકથી જાદે અદા થયેલા પૈસા વસુલ કરવા બદલ હુકમો થાય છે તે ઘણું કરી વેપારી લોકો પાસેથી તથા સરકારી નોકરો પાસેથી વસુલ કરવાના હોય છે. વેપારી લોકો ઘણે ભાગે મહાલ તથા કચેરીની સ્થળ સીમમાં રહેનારા હોવાથી તેમનાથી વસુલ લેઈ જે તે મહાલમાં પરત જમા કરવાને હરકત આવતી નથી. કવચિત પ્રસંગે બીજા મહાલ અગર કચેરીના ઠેકાણે રેહેનારા હોવાથી વસુલ કરવા લખી મોકલવાનો પ્રસંગ આવે છે. તેમજ સરકારી નોકર જે તે મહાલ તથા કચેરીમાં કાયમ રહેલો હોય તો વસુલ કરવા હરકત આવતી નથી પણ તેની બદલી બીજા મહાલે અગર કચેરીમાં થયેલી હોય તો લખાણ કરવાનો પ્રસંગ આવે છે.
>
> એવાં લખાણો બીજા મહાલ અગર કચેરી તરફ જવાથી તે પૈસા વસુલ કરી જે તે મહાલની હુંડી ખાતે જમા કરી હુંડીઓ આપવામાં આવે છે. એવી આવેલી હુંડીઓ નાની નાની રકમોની એટલે એક પાઇ સુધીની ચાલુ સાલમાં માહે ડીસેંબર સુધી સુમારે ૪૪ અપાયલી છે; ને અપાયલી હુંડીઓના સામા મહાલે જમા ખર્ચ ન થવાથી પડી રેહેવાનાં કારણે અહીંથી નિકાલ કરવા બદલ લખાણો કરવાં પડે છે ને તેના તુમારો ચાલે છે. એવી રીતે હુંડીઓ સંબંધી કામ વધેલું આ તરફના દાખલા ઉપરથી જણાય છે.
>
> આ કામ કમી થવા એવાં લખાણો જેના તરફ આવે તેમણે જો સરકારી નોકરો પાસેથી પૈસા વસુલ કરવાના હોય તો તેમના પગારમાંથી તથા વેપારી પાસેથી વસુલ કરવાના હોય તો રોકડ વસુલ કરી પાકે ખાતે જમા કરવા, ને જેમના તરફથી લખાણ આવેલુ હોય તેમના તરફ લખી જણાવવું. આ પ્રમાણે ઠરાવવાથી ચુકથી જાદે અપાયલા ઠેકાણેના ખર્ચમાંથી રકમ કમી ન થતાં જે ઠેકાણે વસુલ કર્યા તે ઠેકાણે પાકે ખાતે જમા થયેલા એન. હિસાબે કાયમ રેહેશે, એટલી હરકત છે.
>
> ૪. ઉપર બતાવેલી હરકતની તુલના, હુંડીઓ સબંધી થયેલા કામ

ચાલે કરતાં હુંડીઓનું કામ બંધ થયેલું છે ને આવી બીજે ઠેકાણેથી વસુલ કરવાની રકમોની સંખ્યા જુજ છે માટે હવેથી એવા પૈસા વસુલ કરવા માટે એક કચેરી અગર ખાતામાંથી બીજી કચેરી અગર ખાતાઓમાં લખાણો આવે, ત્યારે તે પૈસા સરકારી નોકરો તરફથી વસુલ થવાના હોય તો તે જે તે ખાતાના પગારમાંથી તથા વેપારી પાસેથી વસુલ થવાના હોય તો તેની પાસેથી રોકડ વસુલ કરી પાકે ખાતે જમા કરવા. ને આ પ્રમાણે બંને ખાતાઓની રોકડ વસુલ કરેથી રકમોની ખબર લખાણ આવેલા ઠેકાણે લખી જણાવવી. "

ઉપર પ્રમાણે સરકાર વરહુકમમાં જણાવ્યું છે, સબબ જેમણે તેમણે એ વરહુકમ પ્રમાણે અમલ કરવો. તા. ૮ આક્ટોબર સન ૧૮૯૮

J. A. DALAL.

દસ્તુખ. અ. પ્ર. વિદ્યાધિકારી.

વરહુકમ નં. ૧૪ સને ૧૮૯૮

આ ખાતાના મહેતાઓ તથા અધિકારીઓ તરફથી જે તે ખાતાના બીલ આ તરફ મંજુર થવા આવે છે તે મંજુર કરી જેમના તેમના તરફ પરત મોકલવામાં આવે છે. તેઓ મંજુર થએલા બીલના નાણાં જે તે મહાલની તીજોરીમાંથી લઈ જઈને તેને જમા કરી તેની પાવતીઓ કેટલાક આ તરફ મોકલાવે છે અને કેટલાક બારોબાર એકાઉન્ટટ ખાતે મોકલે છે આથી એક સરખો વહીવટ રહેતો નથી. બીલની પાવતીઓ મોકલવા મે રા. રા. એકાઉન્ટટ જનરલ સાહેબ તરફથી જા. નં. ૭૫ તા. ૩-૧૦-૯૮ ના એક તુમારે લખાણ આવ્યાથી જણાવવામાં આવે છે કે, અહીંનું દિવાની ખાતું કમી થવાથી હવે જે તે ખાતાની પાવતીઓ બારોબાર મે રા. રા. એકાઉન્ટટ જનરલ સાહેબ તરફ મોકલવી. અને બીલ સાથેના સાધનીક કાગળો પણ બીલ સાથે સામેલ રાખી મોકલવા બીલ સાથે સામગ્રીના રીપોર્ટ અગર નાણાં આવ્યા પછી પાવતીઓ કે બીલ સાધનીક કાગળો એકાઉન્ટટ ખાતે મોકલવા કોઈના તરફથી રહી ન જાય તેની તજવીજ જેમના તેમના તરફથી રહેવી જોઈએ. તા. ૧૦ મી આક્ટોબર સને ૧૮૯૮

J. A. DALAL.

દસ્તુખ મે.રિ.ઘ.વ. અ. પ્ર. વિદ્યાધિકારી.

જાહેરખબર.

વડોદરા કલાભવનમાં ૧૮૯૮–૯૯ નાં વર્ષનું પૂર્વ સત્ર બુધવાર તા. ૧૬ નવેમ્બર ૧૮૯૮ થી શરૂ થાય છે; માટે દાખલ થનાર ઉમેદવારે તે તારીખે અગર તે પછી એક માસની અંદર આ તરફ આવી હાજર થવું જોઇએ. તે મુદત પછી દાખલ થવા આવનારને કોઇ ખાસ અને સબળ કારણ બતાવ્યા સિવાય દાખલ કરવામાં આવશે નહીં. ભવનમાં ચિત્ર, શિલ્પ, યંત્ર, રંગ, અને કૃષિ એ પ્રમાણે પાંચ જુદી જુદી શાળાઓ છે.

કૃષિશાળામાં ફક્ત આ રાજ્યના વતનીનેજ દાખલ કરવામાં આવે છે.

કોઇ પણ શાળામાં દાખલ થનાર વિદ્યાર્થીએ નિદાન દેશી કેળવણી ખાતાના છઠ્ઠા ધોરણ સુધી અગર ઇંગ્રેજી કેળવણી ખાતાના ત્રીજા ધોરણ સુધી અભ્યાસ કરેલો હોવો જોઇએ.

દાખલ થતી વખતે વિદ્યાર્થીની ઉમર તેર વર્ષ કરતાં ઓછી હોવી ન જોઇએ.

કલાભવનને લગતા નજરબાગ કારખાનામાં આખો દિવસ સુથારી, લુહારી, અગર વણાટનું કામ શીખવાની જેમની મરજી હશે તેમને કર્મકાર તરીકે દાખલ કરી તે કામ શીખવવામાં આવશે.

કારીગર વર્ગના તેમજ ઇતર વર્ગના ગરીબ અને નિરાધાર વિદ્યાર્થીઓ પાસેથી કાંઇ પણ ફી લેવામાં આવશે નહીં. તે સિવાયના વિદ્યાર્થીઓ પાસેથી ફક્ત દાખલ થતી વખતે એક રૂપીઓ બાબાશાઇ ફી લેવામાં આવશે. તે પછી માસિક ફી બીલકુલ લેવામાં આવશે નહીં.

દાખલ થયા પછી ત્રણ માસ સુધી જે વિદ્યાર્થીઓ અને કર્મકારો નિયમિત હાજર રહી પોતાના અભ્યાસથી શિક્ષકને સંતોષ આપશે તેમને યોગ્યતા પ્રમાણે શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

આ સિવાય જેમને અભ્યાસક્રમ સબંધી અગર બીજી કોઇ પણ પ્રકારની વિશેષ માહિતીની જરૂર હોય તેમણે અર્ધા આનાની ટિકિટ બીડી આ તરફ લખી જણાવવું; એટલે ભવનના બોધકપત્રકની છાપેલી એક નકલ મોકલી આપવામાં આવશે, અગર જરૂર જણાયે લેખી ખુલાસો મોકલવામાં આવશે.

કલાભવન
વડોદરા, તા. ૪–૧૦–૯૮.

RAOJI M. PATEL.
પ્રિન્સિપાલ—કલાભવન.